श्रीस्वामिनारायणो जयति ।

आध्यात्मिक तत्त्वाख्यानम् ।

स. पु. घनश्यामचरणदासविरचितम् ।

अद्भुतानन्दस्वामी–शोभारामशास्त्री संवादसमन्वितम् ।

शास्त्री हरिजीवनदासकृत–गुर्जरानुवादसहितम् ।

संपादक–संशोधक–प्रकाशक—

शास्त्री हरिजीवनदास. वडताल.

जैनानन्द–प्रीन्टींग प्रेस, दरीया महल, सूरत.

—संवत् २०२९...सन् १९७३—

कींमत रु. ८–५०

योऽसावाबाल्यतोऽभूद् विषयविषधरोच्छेदिवैराग्यभूमि.
विज्ञानालोकभानुर्भवति निरुपमो यश्च भक्त्येकसिन्धुः ।
यः साक्षात् स्वामिनारायणचरणसरोजातलब्धात्मसत्त्वः
सोऽयं श्रीमान् मुनीन्द्रो दुरितमपहरत्वद्भुतानन्दनामा ॥ १ ॥

૫૦૦) હીંમતલાલભાઈ જગજીવનભાઈ, વડોદરીયા. હા. જોગી
સ્વામી હરિકૃષ્ણદાસજી, મુ. **પાલીયાદ.**

પ્રકાશક : શાસ્ત્રી હરિજીવનદાસ, વડતાલ.
મુદ્રક : મોહનલાલ મગનલાલ બદામી, જૈનાનંદ પ્રિન્ટીંગ પ્રેસ, દરિયા મહેલ, સુરત.

ॐ

श्रीस्वामिनारायणो जयति ।

आध्यात्मिक तत्त्वाख्यानम् ।

स. पु. घनश्यामचरणदासविरचितम् ।

अद्भुतानन्दस्वामी-शोभारामशास्त्री संवादसमन्वितम् ।

शास्त्री हरिजीवनदासकृत-गुर्जरानुवादसहितम् ।

संपादक-संशोधक-प्रकाशक—

शास्त्री हरिजीवनदास. वडताल.

जैनानन्द-प्रीन्टींग प्रेस, दरीया महल, सूरत.

—संवत् २०२९...सन् १९७३—

कींमत रु. ८-५०

श्रीस्वामिनारायणो विजयतेतराम् ।

चिन्तयेऽहं रमाराधिकाधीश्वरं जीवमायेश्वरब्रह्मधामेश्वरम् ।
कालकर्मेश्वरं मुक्तिमुक्तेश्वरं ब्रह्मरुद्रेश्वरं स्वामिनारायणम् ॥ १ ॥

अद्भुतानन्दनामानं स्वामिनं परमं गुरुम् ।
घनश्यामाङ्घ्रिदासं च वन्दे दीक्षाप्रदं गुरुम् ॥ २ ॥

विज्ञापनम्

આ તત્ત્વ નિબન્ધમાં '**ज्ञानं च जीवमायेशरूपाणां सुष्ठु वेदनम्**' આ શિક્ષાપત્રી વાકયમાં ત્રણ તત્ત્વો (જીવાત્મા પરમાત્મા માયા) સારી રીતે સમજવાનાં કહ્યાં છે. અન્યત્ર ઇશ્વર (વૈરાજાદિ) અને બ્રહ્મ (નિવાસ સ્થાન, મુકતવૃંદ, અક્ષર પુરુષ) ને જાણવાનું કહ્યું છે. આ પાંચ અનાદિ તત્ત્વોનું આમાં સંનિરૂપણ સરસ છે.

'**तत्त्वमेको महायोगी हरिर्नारायणः परः**' આમાં કહ્યા મુજબ તત્ત્વોમાં પરતત્ત્વપણે મનાતા પરમપ્રાપ્ય **પરમાત્મા** કે જે '**एकोऽहं**' એમાં કહ્યા મુજબ હું શબ્દથી બોધ્ય, સર્વતો વ્યાપક, મહતો મહીયાન્ છે તેનું તથા તેમના સૃષ્ટિ આદિકમાં ઉપયોગી **જ્ઞાનાદિ** ૭ અને ભકતોપયોગી **કારુણ્યાદિ** બીજા અનેક ગુણો કે જે સ્વરૂપાનુબંધી મનાય છે તેનું નિરૂપણ છે. આ ઉપરાંત પરમાત્માનું દિવ્ય **રૂપ** જે પુરુષાકાર હોઈને હસ્ત પાદાદિ વિવિધ અવયવવાળું, મુકતસેવ્ય અક્ષરધામસ્થ છે તેનું તથા તે પર રૂપના જે સૌન્દર્યાદિ આકર્ષક આહ્લાદક **ગુણો** છે તેનું તથા તે દિવ્ય રૂપના જે **પર, વ્યૂહ, વિભવ, (અવતાર) અંતર્યામિ, અર્ચા,** ભેદો છે તેનું પણ તત્ત્વતઃ નિરૂપણ છે. સ્વરૂપ રૂપ અને તેના ગુણોનું પૃથક્પણે પ્રતિપાદન છે. વધુમાં પરમાત્માની મહાવિભૂતિપણે

વર્ણવેલા ક્ષરાક્ષરનું પણ નિરૂપણ છે. એમ પરમાત્મા સાથે ખાસ સંબન્ધ ધરાવનારી જ્ઞેય બધી બાબતો સપ્રમાણ છે.

બીજા નંબરમાં પ્રાપ્તા જીવાત્માનું અહમર્થ **સ્વરૂપ** અને તેના જ્ઞાનાદિ **ગુણો** અને તેને મુક્તિ દશામાં મળતા **દિવ્ય દેહ** વિગેરેનું સમ્યક્ વર્ણન છે.

ત્રીજા નંબરમાં **માયા** કે જે પરમાત્મા જીવાત્મા વચ્ચે આવરણ કરનારી હોઈને વિરોધિ હેય છે તેનું જડ સ્વરૂપ અને તેના સત્ત્વાદિ ગુણો અને તેનાં કાર્યોનું સવિસ્તર નિરૂપણ છે. આ ત્રણ તત્ત્વના પ્રતિપાદન પ્રસંગે બીજાં બે તત્ત્વોનું નિરૂપણ હોવાથી કશી ન્યૂનતા નથી.

પ્રાપ્ય પરમાત્માની પ્રાપ્તિના ઉપાયો—**સ્વધર્મ, આત્મજ્ઞાન, વૈરાગ્ય, માહાત્મ્યજ્ઞાન, પ્રપત્તિ** વિગેરે કહ્યા છે તેનું પણ સમ્યક્ નિરૂપણ છે. શાસ્ત્રોમાં તત્ત્વ હિત અને પુરુષાર્થપણે ત્રણ વસ્તુઓ વર્ણવી છે તેનું પણ નિરૂપણ આમાં આવી જાય છે. એમ **ઉપેય** (પ્રાપ્ય પરમાત્મા) અને **ઉપાય** (ધર્માદિ)નું નિરૂપણ યથાશાસ્ત્ર છે. આ તત્ત્વ નિરૂપણમાં પુષ્ટિ માટે અમુક **આખ્યાન** પણ આપેલું હોવાથી આ ગ્રંથનું **'આધ્યાત્મિક તત્ત્વાખ્યાન'** નામ આપ્યું છે તે યથા નામ તથા ગુણ છે.

ઉપર્યુક્ત તત્ત્વાર્થના ઉપપાદનમાં શ્રીહરિ માન્ય આઠ સચ્છાસ્ત્રો તથા રામાનુજીય સૂત્રભાષ્ય ગીતાભાષ્યો તેમજ સંપ્રદાયમાં મુખ્ય મનાતા શિક્ષાપત્રી, સત્સંગિજીવન, વચનામૃત વિગેરે પ્રબન્ધો અને બીજાં મહામુનિકૃત ભાષ્યો વિગેરેનાં પ્રમાણો તે તે વિષયની પુષ્ટિ માટે લીધેલાં હોવાથી સપ્રમાણ છે. કશી શંકાને સ્થાન નથી.

આવો આ સર્વ તત્ત્વાર્થ સંપૂર્ણ સર્વોપયોગી સદ્ગ્રંથ છે. પરંતુ ગીર્વાણ વાણીમાં ગુંથાએલો હોવાથી તેના જ્ઞાતાઓને જ તેનો લાભ મળે, પણ બીજાઓને મળે નહિ એમ અપૂર્ણતા જાણીને, તેનો ગુર્જરાનુવાદ પણ શાસ્ત્રાધારવાળો વિસ્તારથી મેં કર્યો છે.

આવા આ પ્રબન્ધમાં **અદ્ભુતાનંદ સ્વામી** (વક્તા) અને **શોભારામ** શાસ્ત્રી (શ્રોતા)નો મુખ્ય સંવાદ છે. વચ્ચે વચ્ચે **શતાનંદ** મુનિ અને અન્ય મુનિઓનો તથા અભય રાજા અને ઇષ્ટદેવ શ્રીહરિનો સંવાદ છે. આ નાના તત્ત્વપ્રધાન

પ્રબન્ધમાં ઉપાસ્ય ઇષ્ટદેવ શ્રીહરિના દિવ્ય જન્મકર્માદિ જીવન ચરિત્રનો અભાવ હોય એ સહજ છે. એમનું જીવન ચરિત્ર આલેખવા જતાં કદ વધી જતું હોવાથી અત્રે આપ્યું નથી. તો જીજ્ઞાસુએ તે માટે મુદ્રિત સ. જી. પ્ર. ૧ ના પ્રથમ આરંભમાંજ ગુજરાતી ભાષામાં સત્સંગિજીવનના આધારવાળું વિસ્તારથી મેંજ લખેલું છપાયું છે તે વાંચી લેવું. વળી શિક્ષાપત્રી ગુર્જરાનુવાદ સાથે સં. ૧૯૯૦ માં છપાઈ છે. તેમાં પણ મેં લખેલું શ્રીહરિચરિત્ર નાના પણ સુંદર ટાઈપોમાં સાથે છપાવ્યું છે તે વાંચી લેવું. શતાનંદ મહામુનિનું જીવન ચરિત્ર તો મુદ્રિત સ. જી. માં સંક્ષેપમાં આપ્યું છે તે વાંચી લેવું. એટલે અપૂર્ણતા જણાશે નહિ.

આના મુખ્ય વકતા તરીકે મુનિવર્ય **અદ્ભુતાનંદ** સ્વામી છે તેમનું જીવન ચરિત્ર કદ વધી જવાના ભયથી આમાં આપ્યું નથી. તેમનો વાર્તાગ્રંથ હાલમાં સુરતમાં મારા હસ્તક જ છપાયો છે તેમાં તેમનું અદ્ભુત જીવન ચરિત્ર વિસ્તારથી આપ્યું છે તે વાંચી લેવું.

શોભારામ શાસ્ત્રી તો વડોદરાવાસી હતા. તેમનો અને મુનિ મુખ્ય મુકતાનંદ સ્વામીનો સંવાદ રાજસભામાં થએલો. તેનું વર્ણન સ. જી. પ્ર. ૪ અ. ૩૪ આદિકમાં છે. તેમને શ્રીહરિ જ્યાં જ્યાં પધારતા ત્યાં પણ બોલાવતા. સુરતમાં શ્રીહરિ પધાર્યા ત્યારે તેમની સન્નિધિ ગ્રંથમાં જણાવી છે. આ શાસ્ત્રી સંપ્રદાય નિષ્ઠ મહા વિદ્વાન્ હતા એમાં સંશય નથી, **અભય** રાજા તો શ્રીહરિના સર્વોત્તમ અનન્ય ભકત દુર્ગપુરવાસી હતા તેમને તો સર્વ કોઈ જાણે છે.

આ ગ્રંથ ઘણા સમયથી લખેલો એમને એમ પડી રહેલો. હું સંપ્રદાયનાં મહત્ત્વનાં મોટાં પુસ્તકોના લેખન શોધનમાં પડેલો હોવાથી અવકાશને અભાવે મુદ્રાપણ થઈ શકયું નહિ. અર્થનો પણ અભાવ હતો. હાલમાં વૃદ્ધ વયની અશકિત છતાં છપાવવાની હીંમત કરી. મુદ્રાપણ મુંબઈમાં મહામોંઘુ પડવાને કારણે સુરતના **જૈનાનંદ** પ્રેસ કે જેમાં હાલમાંજ 'વચનામૃત ભૂમિકા' છપાઈ છે તેમાં આરંભ કરતાં આ પુસ્તક તૈયાર થયું છે.

આમાં જેમના સ્વરૂપ રૂપ ગુણ આદિકના વર્ણન માટે આ ગ્રંથ છે તે ઉપાસ્ય ઇષ્ટદેવ શ્રીહરિની સુંદર **મૂર્તિ** છાપી મૂકી છે. તેમજ ગ્રંથ કર્તા પુરાણીનું સંક્ષેપમાં જીવન ચરિત્ર અને તેમનો અસલ ફોટો પણ સમુચિત

वन्दे रामानुजाचार्यं रामानन्दगुरुं तथा ।
सद्गुरुं सहजानन्दं स्वेष्टदेवात्मकं परम् ॥१॥



अद्भुतानन्दनामानं वन्देऽहं परमं गुरुम् ।
घनश्यामाङ्घ्रिदासं च मम दीक्षाप्रदं गुरुम् ॥२॥

સમજીને મૂકયો છે. વળી સંક્ષેપમાં તત્ત્વાર્થ સમજવા માટે **વિષયાનુક્રમાણિકા** પણ નિવેશી છે. આ ગ્રંથ છપાવવામાં આર્થિક સહાય આપનારા ત્યાગી–સત્સંગિઓની ધન્ય **નામાવલી** પણ આપી છે. આમાં નિર્ણય સાગરનાજ સુંદર ટાઈપો લીધા છે અને બાઈંડીંગ પણ સુંદર સુદૃઢ કરાવ્યું છે. આ સઘળું તો જોવા ઉપરથી જણાશે જેથી વધુ વિવેચનની જરૂર નથી. આ પુસ્તક તત્ત્વજ્ઞાન ભરપુર છે અને સાવ નવું છે અને સંસ્કૃતના જ્ઞાતા ઓછા છે. જેથી આમાં ભ્રમવશાત્ કે પ્રેસદોષવશાત્ અશુદ્ધિ આવી છે તેને માટે **શુદ્ધિપત્રક** પણ આપ્યું છે. આમાં **घ–ध–प–ष–व–ब** વગેરે સમાન જેવા અક્ષરોની જે ભૂલ હોય તે સમજુએ સુધારીને વાંચવું. આ તત્ત્વ ગ્રંથના શોધનમાં શાસ્ત્રજ્ઞ શાસ્ત્રી **હરિબળદાસે** સહકાર આપ્યો છે તે બદલ તેમનો ઉપકાર માનવામાં આવે છે મહામોંઘવારી વધતી જતી હોવાથી આની પડતર કીંમત ૮–૫૦ રાખી છે. આના ૩૧ અધ્યાયો છે અને વૃત્તાનુસારી શ્લોકો ૨૭૦૮, છે. આ રીતે નિવેદન છે.

લી. શાસ્ત્રી. હરિજીવનદાસ. વડતાલ.

श्रीपतिं श्रीधरं श्रीकरं श्रीनिधिं श्रीप्रियं श्रीप्रदं श्रीसहायं श्रये ।
श्रीवधूं श्रीप्रभुं श्रीभगं श्रीहरिं स्वामिनारायणं श्रीनिवासं भजे ॥१॥



ॐ

श्रीस्वामिनारायणो विजयेतराम् ।

योऽन्तःस्थित्वाऽऽत्मवर्गं नियमयति यतः सर्वकामस्य सिद्धिः
यश्चाराध्यः समस्तैर्निगमनिगदितैः कर्मभिस्तत्तदात्मा ।
त्र्यन्ते श्रूयमाणः परमखनिलयो यः परंब्रह्म कृष्णो ।
विश्वाविर्भावहेतुः स जयतु भगवान् स्वामिनारायणोऽयम् ॥ १ ॥

स. पु. घनश्यामचरणदासजिनुं जीवनचरित्र–

આ તત્ત્વ પ્રબન્ધના પ્રણેતા પુરાણશ્રીનું જન્મસ્થાન, વડતાલથી ચાર ગાઉ ઉપર આવેલું, ગુજરાતના પાટીદારોમાં મોટા ગામ તરીકે મનાવાતુ **ઉત્તરસંડા** છે. પ્રયત્ન કરવા છતાં પૂર્વાશ્રમના માતા પિતા, નામ, આદિકનું ખરૂં ઓળખાણ મળી શકયું નહિ હોવાથી મૂકયું નથી. ફકત એટલી હકીકત તેમના કુટુંબી થકી મળી છે કે–તે **હરખજી**ભાઈની ખડકીમાં, વિઠ્ઠલદાસના થડીયામાં આવે છે. તેમાં અત્યારે પણ મૂળજીભાઈ રણછોડભાઈ તથા ચંદુભાઈ રણછોડભાઈ વિગેરે છ ભાઈઓ હયાત છે. (તે વખતે આવા સંગ્રહને માન અપાતું નહિ) આ ગામમાં સત્સંગીઓ હોઈને હરિમંદિર જૂનું છે. વડતાલ સાધુ થવા આવેલા હોવાથી સત્સંગીના કુટુંબમાં હશે એમ માની શકાય. તે પોતે કહેતા કે–'મેં અદ્‌ભુતાનંદ સ્વામીની પાંચ વર્ષ સેવા કરેલી' અ. સ્વામી સં. ૧૯૩૯ માં અક્ષરવાસી થએલા. આ હિસાબે આ પુરાણીશ્રી સં. ૧૯૩૪ માં ત્યાગી થવા આવેલા એમ સુખેથી કહી શકાય. તે સમયે ધ. ધુ. આ. ભગવત્પ્રસાદજી ગાદીએ વિરાજમાન હોવાથી તેમના થકી અ. ગુરુ દ્વારથી સાધુ દીક્ષાને પામેલા એમ પણ કહી શકાય.

આ વખતે સંતસેવા મુખ્ય માનેલી હોવાથી અ. સ્વામીની સેવા કરતા. અવકાશ મળતાં થોડો સંસ્કૃત અભ્યાસ કરેલો. અધિક અભ્યાસ તો પછીથી સંપ્રદાયના ત્યાગિ વિદ્વાનો પાસે કરેલો. તે વખતે રીતસરની સ્થાયી પાઠશાળા નહિ હોવાથી એવી પદ્ધતિ પ્રચલિત હતી. અ. સ્વામીના અક્ષરવાસ પછી મંડળ

તો એમના નામથી ચાલતું હતું. બીજા સાધુઓ તેમની સાથે સારી સંખ્યામાં હતાં.

સં. ૧૯૩૯ માં ધ. ધુ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ સામે ઉપસ્થિત થએલા ઝઘડામાં વસો પીજ, નડીયાદ, ડભાણ વિગેરે પાસેનાં ગામોમાં ફરવા જવું પડતું. મહુધાના અમીનો ચતુરભાઈ, હીમાભાઈ, મૂળજીભાઈ વિગેરે સાથે ગાઢ પ્રેમ સંબન્ધ હોવાથી બહુધા ત્યાં ફરવા જતા. તે વખતે એવા સદ્ગુરુઓને બહુધા ચરોતરનાં ગામોમાં ફરવા મોકલતા.

સં. ૧૯૫૬ માં ભયંકર દુષ્કાળ છતાં અમીનોના આગ્રહને લીધે ચૈત્રી સમૈયા સુધી **મહુધામાં** મંડળ સાથેરહેલા. (હું ધોળે લુગડે સાથે હતો) બીજા બધા ત્યાગીઓ વડતાલમાં જ રહેલા. આ વર્ષના ચોમાસામાં આણંદની ચીઠ્ઠી આવેલી. **બાંધણીમાં** શ્રાવણ માસ રહેલા, દશ સાધુઓ હતા. ભારતસારની લોકરંજની કથા કરતા. આખું ગામ સાંભળવા આવતું. (મને સાધુ દીક્ષા અપાવવા શ્રાવણ પૂર્ણિમાએ વૃષ્ટિપુરમાં વડતાલ લાવેલા. આણંદ ગાંના, મેઘવા વિગેરે ચીઠ્ઠીનાં બધાં ગામોમાં ફર્યા હતા. (એ વખતે એ જ પરા ગતિ હતી).

૧૯૫૭ માં એક વર્ષ માટે મંડળસહ **ધોલેરા** ગયેલા. ત્યાંના મંદિરના વહીવટ માટે પરસ્પર તાણાતાણી તીવ્ર હોવાથી વડતાલથી એક મંડળ મોકલતા. તે મંડળ ઘી, ગોળનો કોઠાર સંભાળે અને કથાવાર્તા કરે. એમ ત્રણ વર્ષ ચાલેલું. તે વખતે વૃદ્ધ સંતદાસજી, સ્વામી ધર્મનંદનદાસજી, કો. રૂપસંગભકત, કો; ખોડાભકત વિગેરે હતા. તે વખતે એક શાસ્ત્રીને ભણાવવા રાખેલા. તેમની પાસે મને ભણવાની શરૂઆત કરાવેલી. તે પછી ૧૯૫૮ માં **ગોધરાની** ચીઠ્ઠીમાં ચોમાસુ રહેલા. કોઠારી પીતાંબરભાઈ હતા. જાની પ્રભાશંકરભાઈને સત્સંગ કરાવેલો. આચાર્યશ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજ **ઠાસરા** ગામે દેરાતંબુ હાથી ઘોડા ત્યાગી વિગેરે રાજેશ્રી રસાલા સાથે પધારેલા. ત્યારે તેમની સંભાવનામાં આ પુરાણીશ્રીનું મંડળ કાર્યકર્તા હતું. મોટા મોટા હરિભકતોનો બહુ પ્રેમ હતો. કો. ગોરધનભાઈની મુખ્ય સન્નિધિ હતી. લગભગ એક માસ રહેલા. સં. ૧૯૫૮ માં મહુધાના અમીનોના સહકારથી અમદાવાદના દેવનાં દર્શન કરવા ગએલા. તે વખતે બન્ને ગાદીના સાધુઓ વચ્ચે ભોજન વ્યવહાર ન હતો. મહંતશ્રી મુકુંદજીવનદાસે વર્ણીને ત્યાંથી રસોઈ લાવીને જમાડ્યા હતા. એમાં હું પણ એક હતો. સં. ૧૯૫૯ માં મુંબઈમાં નવા મંદિરમાં લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા થઈ ત્યારે

લક્ષ્મીપ્રસાદજી આચાર્ય સાથે આ પુરાણીશ્રી ગએલા. વસોના અમીન હાથીભાઈ, ખુશાલભાઈ વિગેરેના પ્રેમવશાત્ ત્યાં પણ ફરવા ગએલા. નાના ગાદલા ઉપર અમીનો સામા બેસે અને પુરાણીશ્રી તેમની સામે બેસે. પરસ્પર જ્ઞાન ગોષ્ઠી સારી કર્યા કરતા. એ નજરે જોયું છે ત્યાં પુરાણીશ્રી માંદા થઈ જતાં, વડતાલથી આ. લક્ષ્મીપ્રસાદજીએ મોકલેલા મેનામાં વડતાલ આવેલા. તે વખતે વળાવવા માટે બધા જ સત્સંગીઓ બાઈ ભાઈઓ ભાગોળે આવેલા. સાથે રહેલા પુ. મોહન–પ્રસાદદાસે કથા કરેલી. તે પછી કેટલીક ચીઠ્ઠીઓમાં ફરેલા.

કાનમ દેશમાં મંડાળા, કંડારી વિગેરે ગામોમાં આ. લક્ષ્મીપ્રસાદજી મહારાજ દેરાતંબુ વિગેરે રાજેશ્રી ઠાઠમાઠથી ફરવા ગએલા. ત્યારે પુરાણીશ્રી સમંડળ સાથે હતા. અદ્ભુતાનંદ સ્વામીના નામનો ત્રણ ખંડનો મોટો પાલ હતો તેમાં મંડળના તથા બીજા સંતો ઉતરેલા. (હું પણ થોડા દિવસ સાથે રહેલો) તે સમયે ગયા શિયાળામાં આચાર્યોની બહુધા બહાર ફરવાની પ્રથા હતી.

સં. ૧૯૬૫ માં શ્રીપતિપ્રસાદજી મહારાજની આચાર્યપદે સત્સંગ સમાજ હસ્તક સ્થાપના થઈ. તે વર્ષે પુરાણીશ્રીની નિમણુંક થવાથી સમંડળ મુંબઈ ગએલા. એક વર્ષ રહેલા. સાધુ મંડળ ઘી, ગોળના કોઠારની વ્યવસ્થા અને કથા-વાર્તા કરે. પાળા કોઠારી દ્રવ્યાદિકનો વહીવટ કરે. તે વખતે શેઠશ્રી કરમશીભાઈ, લવજીભાઈ, રણછોડદાસ, રામદાસ વસનજી (જમનાદાસના પિતા) શાહ દામોદરભાઇ બાલુભાઇ, નરોત્તમભાઈ સુરતી, ગાંધી માણેકચંદભાઈ, હેમચંદભાઈ, કેશવલાલ, દમડી દામોદર, ચ્હાવાળા મંગળદાસ તથા વિઠ્ઠલદાસ વિગેરે વૃદ્ધો હતા. પુરાણીશ્રી ઉપર તેઓનો બહુ પ્રેમ હતો. પાછલી એક માળની ચાલીની નીચેની ઓરડીમાં ઉતારો હતો. ત્યાં પણ બેસવા આવતા. સંગ્રહનું વર્ષ હતું. શ્રીહરિલીલાની અદ્ભુત વાર્તાઓ કરતા. હું પણ સાથે હતો. ભણીને પહેલવહેલી સત્સંગિજીવન ગ્રંથની કથા શ્રાવણ માસમાં કરેલી. નોંદોદ રાજ્યની ચીઠ્ઠીનાં ભદામ સારસા અવિધા વિગેરે ગામોમાં ફર્યા હતા. તે વખતે કથાકર્તા હું તથા પુ. મોહનપ્રસાદદાસ હતા. કંડારીની ચીઠ્ઠીમાં પણ ફરવા ગએલા. કથાકર્તા પુ. મોહનપ્રસાદદાસ અને હું સાથે હતા. અમીન મગનભાઈ બાપા, ભીખાભાઈ, ભવાનભાઈ કો. દરૂભાઈ વિગેરે અગ્રેસર હતા તે વખતે ભરથાણામાં ગએલા. પુરાણીએ બાવાજીને સત્સંગ કરાવેલો જાણીતો છે. દોરાના ચીઠીમાં પણ ફરવા ગએલા. તે વર્ષે શિયાળામાં અણસ્તુ ગામમાં મંદિર બંધાવેલું. ત્યાં પણ નરસીંભાઈ નરસીરામ મુખ્ય હતા. ઈરાણાવ પિપળાવની ચીઠ્ઠીમાં પણ ફરવા ગએલા, ત્યારે મોરજ ગામમાં મંદિર

બંધાવેલું. એમ ત્રણી ચીઠ્ઠીઓમાં ફરેલા. તે વખતે એ જ પરા ગતિ હતી. (આમાં સંવતની સ્મૃતિ નથી.)

આ. શ્રીપતિપ્રસાદજી ત્યાગિમંડળ સાથે **દાસરા** પધાર્યા ત્યારે આ પુરાણીશ્રીનું મંડળ તેમની સંભાવનામાં મુખ્ય હતું. એ ગામમાં બાઈઓનું મંદિર એમણે બંધાવેલું. તે વખતે શેઠ ગોવિંદલાલ, શેઠ પ્રેમચંદભાઈ, વકીલ પ્રભુલાલ, પા. જેઠાભાઈ, કાશીભાઈ વિગેરે મુખ્ય હતા.

મહુધાના અમીનો તથા પરમ ભક્ત નાથજીભાઈ તથા ગોવિંદલાલ દેસાઈ, ઉત્સાહથી શ્રીપતિપ્રસાદજી અને અમદાવાદના આચાર્ય વાસુદેવપ્રસાદજી પધારેલા. સ્ટેશન ઉપરના તેમના ખેતરમાં દેરા તંબુમાં ઉતરેલા. ત્યાગીઓ પણ બન્ને દેશના સંયુક્ત હતા. બંગલામાં આચાર્યશ્રી રહેલા. બહુ દિવસ રહેલા ને ત્યાં પુરાણીશ્રીને તકીયો આપ્યો હતો. આ વખતે આ પુરાણીશ્રીને સમંડળ આગ્રહથી બોલાવેલા અને સંભાવનામાં નિયોજેલા. (દર્શન માત્રમાં હું પણ હતો)

સં. ૧૮૬૮ માં દાસરાની ચીઠ્ઠી હતી. ત્યાં પુરાણીશ્રીને લકવા થઈ જવાથી **ગોધરા** દવા માટે લઇ ગએલા. ત્યાંના વૈદ્ય રણછોડભાઈની દેશી દવાથી આરામ થએલો. ૧૯૬૯ માં ઉમરેઠની ચીઠ્ઠી હોવાથી ત્યાં ચોમાસું રહેલા. શ્રાવણ માસમાં મેં અને પુ. વાસુદેવચરણદાસે સત્સંગિઓના કહેવાથી સત્સંગિજીવન ગ્રંથનું પારાયણ માસિક કરેલું. તે પણ તેમણે સાંભળેલું. સમાપ્તિ ઉપર વડતાલ ગઢડા જૂનાગઢના મોટા મોટા સાધુ બ્રહ્મચારીઓ ઘણા આવેલા. સુરતથી સ્વામી ભક્તિપ્રિયદાસજી આવેલા. પુ. રઘુવીરચરણદાસ પણ હતા. સમાપ્તિ દિને જોષી અનુપરામે બ્રહ્મભોજન વિગેરે વિધિ કરાવેલો. શુકલનાથજીભાઈ પણ સરભરામાં હતા. તે પછી ત્યાં જ સમંડળ નિરાંતે રહેલા હરતા ફરતા અને કથામાં પણ બેસતા. અને લીલાની વાતો પણ થોડી કરતા. સં. ૧૯૬૯ ના આસો વદી ૧૩ (ધન તેરસે) સાંજે થોડો કંસાર માગીને પણ જમ્યા અને થોડી વારમાં સાવધ સ્થિતિમાં અક્ષરવાસી થયા. વડતાલમાં ભણવા રહેલા મને તાર કરવાથી હું સવારે ઉમરેઠ આવ્યો .અને મારા હસ્તક પા. મોતીભાઈ ઇચ્છાભાઈના નજીકના ખેતરના ખૂંણામાં અગ્નિ સંસ્કાર કર્યો. આ અંત્ય વિધિમાં સ્થાનિક હરિભક્તોએ બહુધા ભાગ લીધો હતો. આ રીતે તેમના જીવનનો ઈતિહાસ જાણવા મળ્યો તે અત્રે જણાવ્યો છે.

આ પુરાણીશ્રીની આંખે મોતીયો આવેલો, તે જૂનાગઢ જઈને ડોકટર પાસે ઉતરાવેલો. તે પછી સારી રીતે વાંચતા હતા. શરીરે ગૌર હતા. અને

સ્વભાવે ભોળા મૃદુ હતા, પગે જરા લંઘાતા હતા. બહુ અવસ્થા થઈ ન હતી. વડતાલમાં ભીંતે આસને જ રહેતા. બહુધા બહાર ગામોમાં જ ફરવાનું હતું. વડતાલમાં સમૈયા પુરતું આવવા રહેવાનું હતું. ત્યારે ત્રણ ખૂંણિયામાં નીચે પાણી ભરી મેલતા. તેથી સ્નાન કરાવતા. ખાડો તો પાસે જ પંચનો હતો. બીજો કશો પરિગ્રહ વિગ્રહ ન હતો. આવી સંકુચિત સ્થિતિ હતી.

અદ્‌ભુતાનંદ સ્વામીની થોડી વધુ સેવામાં રહેલા સંતો–સ્વામીનારાયણ વલ્લભદાસજી અતિ વૃદ્ધ (ખરડ) હતા. આ **સ્વામી** પુ. ઘન. ખાંધલીમાં ચોમાસામાં રહ્યા હતા ત્યારે માંદા હતા. ત્યારે હું ઉચિત સેવા કરતો. **સ્વામી** પ્રભુજીવનદાસજી (પલાણા) હતા તે વૃદ્ધ વયને લીધે બહુધા વડતાલમાં રહેતા અને મંદિરની સેવા કરતા. **સ્વામી** ધર્મતનયદાસજી (આણંદ) પવિત્ર હતા. આ તો પુ ઘન. ના તથા શાસ્ત્રી હરિજીના મંડળમાં ફરતા. અવકાશે ખાંધલી મેઘવા ગાંના લતીપરા ગોરીયાદ વિગેરેમાં રહેતા. શ્રીહરિની લીલાની વાતો સારી કરતા હોવાથી હરિભકતોને બહુ પ્રેમ હતો. વડતાલમાં અક્ષરવાસ થએલા. તેમના શિષ્ય તરીકે **સ્વામી** ભકિતસંભવદાસજી (નરસંડા) હતા. એકાદશી દિને કોઠારે રાજગરાનો લોટ લેવા ગયા. લઈને આસને આવીને ખાટલામાં બેઠા અને હાથમાં તો પોટલી રહી ગઈ છે અને તત્ક્ષણ અક્ષરવાસી થયા. આ બન્નેની સેવા મેં કરી કરાવેલી. પુ. ઘન. ના શિષ્ય તરીકે **સ્વામી** બાળમુકુંદદાસજી (સોજીત્રા) પ્રથમ હતા. કોઠારી તરીકે મંડળમાં કામ કરતા. તે સં. ૧૯૫૬ ના અંતમાં વડતાલમાં અક્ષરવાસી થયા. **સ્વામી** કૃષ્ણસ્વરૂપદાસજી (ઉત્તરસંડા) હતા. તે મંડળમાં કોઠારી તરીકે કામ કરતા. તેઓ એક જ વાર નિરસ જમતા. જાડાં ગજીયાં કપડાં પહેરતા. બહુ તપસ્વી છતાં અતિ શાંત હતા. બીજા નાના મોટા સાધુઓની બહુ સંભાવના રાખતા. પોતે જમે નહિ પણ બીજાને જોરથી જમાડે. ઇર્ષ્યાલેશ ન હતો. આ બધુ મેં પ્રત્યક્ષ જોયું છે.

સ્વામી કૃષ્ણજીવનદાસજી (ઉત્તરસંડા) હતા. તે મંડળમાં કોઠારી તરીકે કામ કરતા. તેમની સાથના **સ્વામી** ધર્મવલ્લભદાસજી (ડેમોલ) હતા. તે પુરાણીશ્રીની સેવા બહુધા કરતા. પુરાણીશ્રીના શિષ્ય તરીકે પુ. મોહનપ્રસાદદાસજી (ખરડ) હતા. તે મંડળમાં કથાવાર્તા કરવા આવતા. વડતાલમાં રહે ત્યારે વિદ્યાર્થીને કાવ્ય પણ ભણાવતા. મારી પહેલાંના તે હતા. **સ્વામી** બાળમુકુંદદાસજી (સોજીત્રા) હતા. મારી સાથે જ સાધુ થએલા. તેમણે આ. શ્રીપતિપ્રસાદજી મહારાજશ્રીના

આગ્રહથી બહુ વર્ષ વડતાલના ઘનશ્યામ મહારાજની સારી સેવા કરેલી. તેઓ સાધુ થયા ત્યારથી ઠેઠ સુધી એક વાર જમતા. અને આસન પાથરીને સૂતા. ગોદડી પણ ઓઢતા નહિ. કામળી ઓઢતા. હું ભરૂચ, વડોદરામાં કોઠારી તરીકે હતો ત્યારે તે બન્ને કોઠારને સંભાળતા. સુરતમાં હું કોઠારી તરીકે હતો ત્યારે શીલીકના કોઠારનું કામ કરતા અને ત્યાંના ઘનશ્યામ મહારાજની સેવા પણ કરતા. ત્યાં જ અક્ષરવાસી સં. ૨૦૦૪ માં થએલા. સ્વામી ગોવિંદચરણદાસજી (ખરડ)ના હતા. તે પરમ પવિત્ર વૃદ્ધ હતા, મંડળમાં ફરતા. સાધુ ભકિતસેવા-દાસજી (સોજીત્રા) હતા. આતો આ. વિહારીલાલજીના સેવક હતા પણ સાધુ થઈને પુરાણીશ્રી સાથે રહેલા. સાધુ કૃષ્ણપ્રિયદાસજી હતા. તે મંડળમાં ફરવા આવતા. સ્વામી ધર્મસ્વરૂપદાસજી (બંટુક) આતો જાણીતા છે. સાધુ હરિવલ્લભદાસ આ બન્ને ઉત્તરસંડાના હતા. એક સાધુ ધર્મપ્રિયદાસ (ઉત્તરસંડા) હતા તે સંસ્કૃત ભણતા હતા પણ નાની વયે અક્ષરવાસી થએલા. એમ શિષ્ય સંપત્તિ સારી સંખ્યામાં હોવાથી મંડળ ફેરવવામાં કશી મુશ્કેલી ન હતી. વળી અક્ષરવાસી કો. સ્વામી દેવપ્રસાદદાસજી પણ પુ. ઘન. તથા શા. હ. ના મંડળમાં ફરવા આવતા. સુરતમાં હું કોઠારી પદે હતો ત્યારે ઘી–ગોળના કોઠારનું કામ એ પ્રથમથી કરતા. વળી હુ વડતાલમાં મુખ્ય કોઠારી પદે હતો ત્યારે પણ ઘી–ગોળના કોઠારનું કામ સંભાળતા હતા. એમ મંડળની સ્થિતિ સદ્ધર હતી. આ રીતે પુરાણીશ્રી ચાર આચાર્યોના સેવા–સમાગમમાં આવેલા જણાય છે. આ રીતે પુરાણીશ્રીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર છે. અજ્ઞભાવ વશાત્ કંઈક અન્યથા હોય તો તે ક્ષંતવ્ય છે.

माधवं केशवं वासुदेवं शिवं यादवं सर्वदेवादिदेवं धवम् ।
सर्वविश्वोद्भवं धर्मरक्षाभवं धर्मदेवोद्भवं कृष्णदेवं दधे ॥ १ ॥

લી૦ શિષ્ય શાસ્ત્રી **હરિજીવનદાસ-વડતાલ.**



श्री स्वामिनारायणो जयति ।

निर्दोषानन्तकल्याणगुणगणनिधिः सर्वदा सर्वभूतव्रात-
स्याधार एकोऽप्रतिहतसकलव्यापिशास्तिश्च शेषी ।
सेव्यः सर्वान्तरात्मा च सकलफलदः सर्वकर्ताऽक्षरस्थः
श्रीकृष्णोऽस्मान्स पुष्णात्वनितरशरणान् स्वामिनारायणात्मा ॥ १ ॥

विषयानुक्रमणिका

અ. ૧—ગ્રંથકર્તા સ. પુ. ઘનશ્યામચરણદાસે ગ્રંથારંભમાં "**श्रीमानक्षर-नायकः**" ઇત્યાદિ ૭ શ્લોકથી શ્રીહરિના સ્વરૂપ, રૂપ, તેના ગુણો, વિભૂતિ વિગેરેના વર્ણનપૂર્વક કરેલું ઇષ્ટદેવ નમસ્કારાત્મક મંગલ, શ્રોતા **શોભારામ** શાસ્ત્રી અને વકતા **અદ્‌ભુતાનંદ સ્વામીનો** વૃત્તાલય મંદિરમાં મેળાપ કહેવાના પ્રસંગથી પવિત્ર **ભારત** ભૂમિ ઉપર આવેલા સમૃદ્ધ **ગુજરાત** દેશના મધ્યબિંદુમાં આવેલા **વૃત્તાલય** પૂરનું વર્ણન કરવાપૂર્વક કહેલું સર્વોપરી માહાત્મ્ય, આવા પુરમાં આવેલા મુખ્ય લક્ષ્મીનારાયણ મંદિરમાં દર્શનાર્થે આવેલા શોભારામ શાસ્ત્રીએ વાર્તા પ્રસંગથી અ. સ્વામીનો વિજ્ઞાનવૈભવ જાણીને, અધ્યાત્મજ્ઞાન વિષયના પૂછેલા વિવિધ પ્રશ્નો, સ્વામીએ સ્વયં ઉત્તર નહિ આપતાં, પૂર્વે મહામુનિ શતાનંદ અને બીજા મુનિઓ વચ્ચે પરસ્પર થયેલા આત્મજ્ઞાનવાળા સંવાદનો કરેલો અનુવાદ ॥ ૧ ॥

અ. ૨—મુનિઓના પૂછવા ઉપરથી શતાનંદ મુનિએ કથાના આરંભમાં કરેલું ઇષ્ટદેવ નમસ્કારાત્મક મંગલ, મુનિઓની કરેલી પ્રશંસા, કલિકાલમાં બીજાં તપાદિ સાધનો કરતાં ભગવત્કથાનો કહેલો મહામહિમા, પ્રસંગાત્ કહેલું ભાગવતોકત નારદ–વ્યાસ મુનિનું શુભ આખ્યાન ॥ ૨ ॥

અ. ૩—કથાના સમારંભમાં શતાનંદ મુનિએ કરેલું ઇષ્ટદેવ નમસ્કારાત્મક મહા મંગળ, મુનિએ પણ સ્વયં નહિ કહેતાં, દુર્ગપુરના અધીશ સર્વોત્તમ ભક્ત **અભય** રાજા અને ઇષ્ટદેવ **શ્રીહરિના** સંવાદવાળી અધ્યાત્મજ્ઞાન કથાનો કરેલો આરંભ, પ્રસંગાત્ રાજાએ કહેલો શ્રીહરિનો સર્વોપરી મહિમા, અભય રાજાએ પૂછેલા પ્રશ્નોમાં આત્મા પરમાત્માના જ્ઞાનની મુખ્યતા, તેમાં પ્રથમ શ્રીહરિએ જીવાત્માને દેહાદિક સર્વ થકી વિલક્ષણ જાણવાનો કહેલો શાસ્ત્રાધારી પ્રકાર ॥ ૩ ॥

અ. ૪—દેહ, ઇન્દ્રિયો, મન, પ્રાણ, બુદ્ધિ આદિક થકી જીવાત્માની અત્યંત વિલક્ષણતા જાણવાનો કહેલો પ્રવર પ્રકાર, આ પ્રસંગે અધિક સ્પષ્ટતા માટે તૈત્તિરીય ઉપનિષદમાં બ્રહ્માએ ઇન્દ્ર પ્રત્યે કહેલી દેહાદિક થકી આત્માને અત્યંત વિલક્ષણ જાણવાની રીતિનો કરેલો અનુવાદ ॥ ૪ ॥

અ. ૫—રાજાના પૂછવાથી શ્રીહરિએ બ્રહ્માએ ઇન્દ્ર પ્રત્યે કહેલા વિલક્ષણ આત્મજ્ઞાનનો કહેલો સવિસ્તર સયુક્તિ પ્રકાર, આ પ્રસંગે કહેલી ઉપનિષદની સવિસ્તર સત્ય કથા ॥ ૫ ॥

અ. ૬—રાજાના પૂછવાથી શ્રીહરિએ દેહાદિ વિલક્ષણ જીવાત્માની પણ સ્વતંત્રતા નહિ, પણ પરમાત્મ પરતંત્રતા જાણવાનો કહેલો શાસ્ત્રાધારી પ્રકાર, આ બાબતની પુષ્ટિ માટે, અસુરો સાથેના યુદ્ધમાં ભગવાનના બળથી વિજય પામેલા અગ્નિ, વાયુ, ઇન્દ્ર આદિક દેવો અને યક્ષ રૂપમાં અકસ્માત્ આવિર્ભવેલા ભગવાનના સંવાદરૂપ કથાનું નિરૂપણ, આ વખતે આવિર્ભવેલાં પાર્વતી દેવીએ દેવોને આપેલો પરમાત્મ પરતંત્રતાનો સદુપદેશ ॥ ૬ ॥

અ. ૭—આવા પણ દેહાદિ વિલક્ષણ વિશુદ્ધ આત્માને, દેહમાં આત્માપણાની દૃઢ બુદ્ધિ થવાનું કારણ પૂછતાં, શ્રીહરિએ કહેલું માયાનું પ્રાબલ્ય, આ પ્રસંગે શ્રીહરિએ કહેલી કૌરવ-પાંડવોની ગીતોક્ત કથા અને અર્જુન પ્રત્યે શ્રીકૃષ્ણે કહેલા વિશુદ્ધ આત્મજ્ઞાનનો કરેલો અનુવાદ. અને જીવને જે વારંવાર સંસરણ થાય છે તેમાં જે હેતુચક્ર છે તેનું કરેલું સવિસ્તર નિરૂપણ ॥ ૭ ॥

અ. ૮—રાજાના પૂછવાથી શ્રીહરિએ આવું શુદ્ધ જ્ઞાન મેળવવામાં જ્ઞાનદાતા ગુરુના સમાશ્રયની કહેલી પ્રથમાપેક્ષા. આ પ્રસંગે કહેલાં તેવા સદ્ગુરુઓનાં લક્ષણો. પુષ્ટિ માટે તેવા સંતોના સમાગમથી શુદ્ધ ભક્ત થએલી શબરી ભીલડી, માળી વિગેરેની કહેલી ચમત્કારી કથાઓ ॥ ૮ ॥

અ. ૯—શ્રીહરિએ કહેલા અધ્યાત્મજ્ઞાનને સાંભળીને, બહુ રાજી થએલા રાજાએ કરેલી શ્રીહરિની સવિસ્તર સ્તુતિ. રાજાના ફરી પૂછવાથી શ્રીહરિએ કહેલું સત્સંગનું સ્વરૂપ અને માહાત્મ્ય. આ પ્રસંગે **સત્** શબ્દના અને **સંગ** શબ્દના કહેલા ચતુર્ધા અર્થો ॥ ૯ ॥

અ. ૧૦—સત્સંગનો મહિમા સાંભળીને પ્રસન્ન થએલા રાજાએ તેમાં મહાવિરોધી અસત્સંગને પૂછતાં, તેનાં પણ કહેલાં ચતુર્ધા લક્ષણો. પ્રસંગોપાત્ કહેલી આઠ સચ્છાસ્ત્રોની સ્વાભીષ્ટતા, અંતે સ્વયં સત્ ભગવાન્, તેમના સદ્ભક્તો, તેમણે કહેલો સદ્ધર્મ અને એ ત્રણના આશ્રયવાળાં સચ્છાસ્ત્રો, આ ચારના સંગથી મોક્ષની પ્રાપ્તિનું નિરૂપણ ॥ ૧૦ ॥

અ. ૧૧—સત્સંગમાં મહાગુણો અને અસત્સંગમાં મહાદોષોને સાંભળીને, પ્રસન્ન રાજાએ ફરી પૂછતાં, શ્રીહરિએ કહેલી અનર્થદ સપત્નીક દંભાદિ અસુર સર્ગની ઉત્પત્તિ અને તે પ્રત્યેકનાં લક્ષણો, તેમાં પણ કામાદિ ૭ દોષોની મુખ્યતા કહેવાપૂર્વક કહેલાં તેનાં લક્ષણો ॥ ૧૧ ॥

અ. ૧૨—મોક્ષવિરોધી અધર્મસર્ગને સાંભળીને શોકાવિષ્ટ રાજાએ પૂછતાં, શ્રીહરિએ કહેલો સપત્નીક જ્ઞાનાદિ ધર્મસર્ગ અને તે પ્રત્યેકનાં લક્ષણો ॥ ૧૨ ॥

અ. ૧૩—મોક્ષપ્રદ ધર્મસર્ગનું સ્વરૂપ સાંભળીને પ્રસન્ન રાજાએ કળિમાં ધર્મરક્ષણાર્થે પ્રકટ થએલા ઇષ્ટદેવ શ્રીહરિની કરેલી પરાત્પરપણે સ્તુતિ–પ્રાર્થના. સ્તુતિ પ્રસન્ન શ્રીહરિએ કરાવેલી સમાધમાં પ્રદર્શાવેલું પોતાનું અક્ષરધામસ્થ મુક્તસેવ્ય દિવ્ય રૂપ અને પ્રસંગાત્ કરેલું તેનું સુંદર વર્ણન. સમાધિથકી બહાર આવેલા સુપ્રસન્ન રાજાએ ફરીથી કરેલી શ્રી હરિની પરાત્પરપણે સ્તુતિ ॥૧૩॥

અ. ૧૪—ઉપરોક્ત અભય રાજા અને શ્રીહરિનો અદ્ભુત અપૂર્વ સંવાદ અદ્ભુતાનંદ સ્વામી થકી સાંભળીને અતિશય પ્રસન્ન થએલા શોભારામ શાસ્ત્રીએ ફરીથી પૂછતાં અ. મુનિએ સ્વયં નહિ કહેતાં શતાનંદ મુનિ અને બીજા મુનિઓના સંવાદ રૂપથી કહેલા વર્ણો તથા આશ્રમોના ધર્મોનો કરેલો અનુવાદ ॥ ૧૪॥

અ. ૧૫—શ. મુનિએ બીજા મુનિઓ પ્રત્યે સવિજ્ઞાન જ્ઞાનની મોક્ષ માટે અવશ્યકતા કહેવા પૂર્વક, જ્ઞાનથી પ્રથમ જાણવા યોગ્ય પરમાત્માદિ ૭ દ્રવ્યો અને સત્ત્વાદિ દશ અદ્રવ્યોનું સલક્ષણ કરેલું શાસ્ત્રાનુસારી નિરૂપણ ॥ ૧૫ ॥

અ. ૧૬—મુનિઓના પૂછવાથી શ. મુનિએ કહેલો મતાંતરે તત્ત્વ ભેદ, તે પ્રસંગથી કહેલું શ્રીહરિમાન્ય વિશિષ્ટાદ્વૈત તત્ત્વનું નિરૂપણ અને વિશિષ્ટાદ્વૈત શબ્દનો કહેલો સદર્થ ॥ ૧૬ ॥

અ. ૧૭—મુનિઓના પૂછવાથી શ. મુનિએ કહેલું મોક્ષ વિરોધી માયાનું સ્વરૂપ અને તેના ત્રણ ગુણોનું કરેલું સવિસ્તાર નિરૂપણ ॥ ૧૭ ॥

અ. ૧૮—મુનિઓના પૂછવાથી શ. મુનિએ કહેલું માયાના જગદ્રૂપ વિશાળ કાર્યનું સવિસ્તર નિરૂપણ.

અ. ૧૯—૧૮ અધ્યાયના અંતમાં શ. મુનિએ 'માયાને બંધનકર્ત્રી જાણીને જાળમાં ફસાએલો પક્ષીજ જેમ એમ માયા જાળમાં ફસાએલા અસમર્થ જીવ પક્ષીએ તે જાળમાંથી છુટવા માટે પોતાની પાસેજ સદા રહેલા સાચા સખા પરમાત્માના શરણને પામીને તે બંધનમાંથી છૂટી જવાનો સદુપદેશ આપ્યો છે. આ ઉપરથી મુનિઓએ 'પક્ષી કોણ? અને માયા બંધન થકી છોડાવનાર સમીપે રહેલા સાચા સખા કોણ?' એમ પૂછવાથી શ. મુનિએ મુંડક ઉપનિષદમાં '**द्वा सुपर्णा सयुजा सखाया**' ઇત્યાદિ શ્રુતિઓમાં વર્ણવ્યા મુજબના રૂપકથી ગુરુરૂપ હંસ અને જીવરૂપ પક્ષીના સંવાદથી નિરૂપેલું અધ્યાત્મજ્ઞાન ॥ ૧૯ ॥

અ. ૨૦—મુનિઓના પૂછવાથી શ. મુનિએ મતાંતરના ખંડનપૂર્વક કરેલું માયા, જીવ, ઇશ્વિર, બ્રહ્મ, પરંબ્રહ્મ, આ પાંચ ભેદોનું સશાસ્ત્ર સવિસ્તર સંપ્રદાયાનુસારી નિરૂપણ ॥ ૨૦ ॥

અ. ૨૧—મુનિઓના ફરી પૂછવાથી શ. મુનિએ નિરૂપેલું ઉપાસ્ય પ્રાપ્ય પરમાત્મ સ્વરૂપ અને તેમના જ્ઞાનાદિ ગુણોનું સર્વથકી વૈલક્ષણ્ય ॥ ૨૧ ॥

અ. ૨૨—ગુણોમાં-સૃષ્ટિ આદિકમાં ઉપયોગી હોવાથી છ ગુણોની મુખ્યતા કહેવાપૂર્વક કહેલાં તેનાં લક્ષણો. તથા ભગવાનમાં ભક્તિ રસને ઉપજાવનારા બીજા કારુણ્યાદિ ગુણોનું સલક્ષણ નિરૂપણ ॥ ૨૨ ॥

અ. ૨૩—મુનિઓના પૂછવાથી શ. મુનિએ મતાંતરના ખંડનપૂર્વક, અક્ષરધામસ્થ, હસ્તપાદાદિ અવયવોવાળી, રૂપ, દેહ, આકાર, વપુ આદિક શબ્દથી વ્યવહરાતી દિવ્ય ભગવન્મૂર્તિનું કરેલું સપ્રમાણ સયુક્તિ પ્રતિપાદન, પ્રસંગાત્ '**एकोऽहं**' એમાં કહ્યા મુજબ હું શબ્દથી બોધ થતા અને વ્યવહરાતા પરમાત્મસ્વરૂપ થકી તે દિવ્ય રૂપની દ્રવ્ય ગુણાદિ પ્રકારથી વાસ્તવિક ભિન્નતાનું સપ્રમાણ નિરૂપણ. સ્વરૂપ રૂપ બન્નેની સહ ઉપાસનાથી મોક્ષની પ્રાપ્તિનું નિરૂપણ વગેરે ॥ ૨૩ ॥

અ. ૨૪—હસ્તપાદાદિ વિવિધ અવયવવાળી, વસ્ત્ર ભૂષણ આયુધ વિરાજીત, રાધાલક્ષ્મીસેવિત દિવ્યમૂર્તિના વર્ણન પ્રસંગથી ભગવાનનાં ઉપાસ્ય પર, વ્યૂહ, વિભવ, અંતર્યામી, અર્ચા, આ પાંચ રૂપોનું કરેલું સપ્રમાણ નિરૂપણ ॥ ૨૪ ॥

અ. ૨૫—ભક્તિ પ્રકરણમાં–મુનિઓના પૂછવાથી શ. મુનિએ મતાંતરના ખંડનપૂર્વક કહેલો જ્ઞાન, ધ્યાન, સેવા, ભજન આદિક બહુ શબ્દથી કહેવાતી ઉપાસનાનો પ્રકાર, ફરીથી પૂછવાથી જ્ઞાનભકિતની સિદ્ધિને કરનારાં યોગમાં નિરૂપેલાં યમ નિયમાદિ અષ્ટ અંગો ॥ ૨૫ ॥

અ. ૨૬—ભકિતપ્રકરણમાં–મુનિઓએ ઉપરોકત ઉપાસનાની દુષ્કરતા સમજીને, ફરીથી સુખસાધ્ય ઉપાયને પૂછતાં, શ. મુનિએ કહેલો **'मामेकं शरणं व्रज' 'श्रीकृष्ण त्वं गतिर्मम'** એમાં શ્રીમુખે કહ્યા મુજબનો, આશ્રય પ્રપત્તિ આદિક શબ્દથી કહેલો શરણાગતિરૂપ સુકર સદુપાય. આ પ્રસંગથી તેનાં ૭ અંગોનું કરેલું નિરૂપણ ॥ ૨૬ ॥

અ. ૨૭—ભકિત પ્રકરણમાં–મુનિઓના પૂછવાથી શ. મુનિએ કરેલું શ્રવણાદિ નવવિધ ભકિતનું નિરૂપણ, તે પ્રસંગે કહેલું ભકતવર્ય અંબરીષ રાજાનું ભાગવતોકત આખ્યાન ॥ ૨૭ ॥

અ. ૨૮—ભક્તિ પ્રકરણમાં મુનિઓના પૂછવાથી શ. મુનિએ કહેલું, ભકિતના મુખ્ય અંગભૂત વૈરાગ્ય વિગેરેનું નિરૂપણ ॥ ૨૮ ॥

અ. ૨૯—ભકિત પ્રકરણમાં–વળી મુનિઓએ પૂછવાથી શ. મુનિએ કહેલા, પરમ એકાંતિક ભકતોનાં તથા ભાગવત ધર્મોનાં લક્ષણો ॥ ૨૯ ॥

અ. ૩૦—મુનિઓના પૂછવાથી શતાનંદે કરેલું મુકતપ્રાપ્ય, ગોલોકાદિ બહુ શબ્દ વાચ્ય, અર્ચિમાર્ગ પ્રાપ્ય, **બ્રહ્મપુર** ધામનું સપ્રમાણ નિરૂપણ ॥ ૩૦ ॥

અ. ૩૧—ઉપરોક્ત આધ્યાત્મિક તત્ત્વાખ્યાનને સાંભળીને, અધ્યાત્મજ્ઞાન વિષયમાં નિઃસંશય થએલા સુપ્રસન્ન મુનિઓએ કરેલી શતાનંદ મુનિની પૂજા–પ્રશંસા. વકતા **અદ્‌ભુતાનંદ મુનિના** મુખથી આ અદ્‌ભુત તત્ત્વાખ્યાનને સાંભળીને બહુ પ્રસન્ન થએલા **શોભારામ** શાસ્ત્રીએ તે સ્વામીની કરેલી પૂજા–પ્રશંસા. અંતે અ. સ્વામીએ કહેલો પ્રગટ ઉપાસ્ય ઇષ્ટદેવ શ્રીહરિનો મહા મહિમા. અંતે કહેલો આ તત્ત્વાખ્યાનના શ્રવણાદિકનો મહિમા. ગ્રંથકર્તા સ. પુ. ઘનશ્યામ-ચરણદાસે કરેલું શ્રીહરિ સ્મરણાત્મક અંત્ય મંગળ વિગેરે ॥ ૩૧ ॥

આ રીતે ૩૧ અધ્યાયોની વિષયાનુક્રમણિકા છે.

धर्मदं चार्थदं कामदं मोक्षदं ज्ञान–वैराग्यदं भक्ति–माहात्म्यदम् ।
शर्मदं शान्तिदं धामदं ह्यात्मदं, स्वामिनारायणं वासुदेवं भजे ॥ १ ॥

લિ. **શાસ્ત્રી હરિજીવનદાસ. વડતાલ.**

निर्दोषानन्तकल्याणगुणगणनिधिः सर्वदा सर्वभूत-
व्रातस्याधार एकोऽप्रतिहतसकलव्यापिशास्तिश्च शेषी ।



सेव्यः सर्वान्तरात्मा च सकलफलदः सर्वकर्ताऽक्षरस्थः
श्रीकृष्णोऽस्मान् स पुष्णात्वनितरशरणान् स्वामिनारायणात्मा ॥१॥

ॐ

श्री स्वामिनारायणो जयति ।

आध्यात्मिकतत्त्वाख्यानम् ।

स. पु. घनश्यामचरणदासविरचितम् ।

अद्भुतानन्दस्वामी–शोभारामशास्त्रि संवाद समन्वितम् ।

शास्त्रि हरिजीवनदासकृत–गुर्जरानुवादसहितम् ।

श्रीमानक्षरनायको गुणनिधिर्योऽसङ्ख्यविश्वोद्भव-
स्थेमान्तादि निजेच्छयैव कलयन् धाम्नाऽस्तमायः सदा ।
सर्गादौ निगमं जगाद दयया स्वाज्ञात्मकं वेधसे
तं वन्दे निजबुद्धिदायकमहं श्रीस्वामिनारायणम् ॥ १ ॥

प्रथमोऽध्यायः ।

જે પરંબ્રહ્મ નારાયણ, **श्रीमान्**–'**विशेषज्ञप्तये भर्तुरभिगम्यत्वसिद्धये । समस्तमङ्गलाप्त्यै च प्रथमं श्रीरिहोदिता**' આ અભિયુક્તોક્તિમાં કહ્યા મુજબ, ભર્તા નારાયણનો ભવ બ્રહ્મા આદિક દેવોથકી વિશેષ જણાવવા માટે અને અભીષ્ટ ફળની સિદ્ધિ માટે અને સમગ્ર મંગળની પ્રાપ્તિ માટે પ્રથમ જ **શ્રી** લેવામાં આવ્યાં છે. તે **શ્રીનો** જેમને નિત્ય યોગ છે તે **श्रीमान्** કહેવાય. અર્થાત્ લક્ષ્મીપતિ છે. આથી "**श्रीमन्नारायणस्मृत्या**" એમાં કહ્યા મુજબ **શ્રીનો** નિત્ય યોગ નારાયણ સાથે જણાવ્યો. પરંબ્રહ્મ નારાયણને અપાતાં અનેક વિશેષણોમાં '**श्रीमान्**' આ મુખ્ય હોવાથી એનો પ્રથમ નિર્દેશ કર્યો છે વળી જે મુક્તપ્રાપ્ય ગોલોકાંતર્વર્તિ અક્ષર ધામના નાયક છે. વળી જે '**तदैक्षत**' આ શ્રુતિમાં કહ્યા મુજબ સ્વેચ્છાથી જ અસંખ્ય બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના સ્વતંત્રપણે કર્તા છે. આથી '**जन्माद्यस्य यतः**' આ વ્યાસસૂત્રમાં "**यतो वा इमानि भूतानि जायन्ते**" આ શ્રુતિના અનુરોધે પરંબ્રહ્મનું જગજ્જન્માદિ કારણત્વરૂપ અસાધારણ લક્ષણ કર્યું છે; તે અહીં જણાવ્યું. (જે જગત્કારણ હોય એ જ પરંબ્રહ્મ હોઈ શકે) આ બે બાબતથી ભગવાનની '**पादोऽस्य विश्वा भूतानि त्रिपादस्यामृतं दिवि**' આ શ્રુતિમાં નિરૂપ્યા મુજબ ક્ષર અક્ષર એ નામની બે વિખ્યાત વિભૂતિઓ જણાવી. આ એક પાદરૂપ સમસ્ત

જગતને **ક્ષર** વિભૂતિપણે અને ત્રિપાદરૂપ ગોલોક ધામાદિકને **અક્ષર** વિભૂતિપણે સાર્થક કહે છે. એક પાદ કરતાં ત્રણ પાદનું મહત્ત્વ સ્વત : સ્વયં આવે છે. એ બન્ને મહાવિભૂતિઓ ઉપર પરમાત્માનું સામ્રાજ્ય નિરંકુશ પ્રવર્તતું હોવાથી નિત્ય અનિત્ય બન્ને વિભૂતિઓના નાયકપણે શ્રીમન્નારાયણને સર્વ સચ્છાસ્ત્રોએ નિરૂપ્યા છે.

વળી જે જ્ઞાન શકિત બળ ઐશ્વર્ય વીર્ય તેજ, આ છ મુખ્ય **ગુણો** કે જે ભગવાનને જગત્સર્ગાદિકમાં ખાસ ઉપયોગી છે અને જે **કારુણ્ય સૌશીલ્ય વાત્સલ્ય** સૌલભ્ય ઔદાર્ય આદિક **ગુણો** કે જે ભકતોને ખાસ ઉપયોગી છે તેના નિધિરૂપ છે. **'गुणैकराशिः'** (**वि. पु.**) **'तेनाहं गुणपात्रेण'** (ભાગ.) **'गुणानामाकरो महान्'** (**रामा.**) ઈત્યાદિ વચનોમાં જેમને મંગળ ગુણોની ખાણપણે વર્ણવ્યા છે. વળી જે પોતે અસંખ્ય અંડોને સર્જીને, તેની અંદર આત્માપણે અખંડ નિરંતર પ્રવેશી રહ્યા છે, છતાં **'यत्र त्रिसर्गो मृषा. धाम्ना स्वेन सदा निरस्तकुहकं'** આમાં કહ્યા મુજબ તેના તેના દોષોએ સદા રહિત છે. **'गुणनिधिः' 'अस्तमायः'** આ બે પદથી ભગવાનનું ઉભયલિંગપણું કે જે **ભગવાન** શબ્દની પ્રવૃત્તિનું ખાસ નિમિત્ત છે તે જણાવ્યું. સર્વ દોષોએ રહિતપણું અને સર્વ ગુણોએ સંપન્નપણું એને ઉભયલિંગપણું કહે છે. કોઇમાં કોઈ દોષ ન હોય, પણ જો તેમાં ગુણ ન હોય તો કશો અર્થ નથી. કોઈમાં કોઈ ગુણ હોય, પણ જો તેમાં દોષ હોય તો તેનો પણ કશો અર્થ નથી. માટે ભગવાનને ઉભયલિંગપણે વર્ણવ્યા છે. લિંગ એટલે ચિહ્ન–લક્ષણ. આ તત્ત્વાર્થ **'न स्थानतोऽपि परस्योभयलिङ्गं सर्वत्र हि'** આ સૂત્રમાં સમર્થ્યો છે.

વળી જે પરમાત્મા, આ સર્ગના આદિ ભાગમાં **વેદો** કે જે **'श्रुतिस्मृतिर्ममैवाज्ञा'** આમાં કહ્યા મુજબ પોતાની આજ્ઞારૂપ મનાય છે તેને જીવોના મોક્ષાદિ પુરુષાર્થ માટે દયાવશાત્ **'तेने ब्रह्म हृदा य आदिकवये'** એમાં કહ્યા મુજબ બ્રહ્માને આપનારા છે. વળી જે સ્વ સ્વરૂપના વિજ્ઞાન વિષયની **'ददामि बुद्धियोगं तं'** એમાં કહ્યા મુજબ વિશુદ્ધ બુદ્ધિને આપનારા છે. એવા ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું વંદન કરૂ છું. આથી આરંભમાં ઇષ્ટદેવ નમસ્કારરૂપ મંગળ કર્યું. જેમને અક્ષર સ્થાનના નાયકપણે નિરૂપ્યા છે તેમને લક્ષ્મીપતિપણે અને જેને અક્ષરસ્થાનપણે વર્ણવ્યું છે તેને ગોલોકાંતર્વર્તિપણે નિરૂપ્યું છે. એવા શ્રીપતિ અક્ષરપતિનેજ જગતના જન્માદિ કારણપણે વર્ણવ્યા છે.

સર્વ વિશ્વમાં વ્યાપીને રહ્યા છતાં નિત્ય નિર્દોષપણે અને સર્વ કલ્યાણ ગુણપૂર્ણ ભગવાનપણે વર્ણવ્યા છે. એવા તે બીજા કોઈ નહિ પણ શ્રીકૃષ્ણ સ્વરૂપ સ્વામિનારાયણ ભગવાન છે. ઉદ્ધવ સંપ્રદાયનો આ મુખ્ય મુદ્દો તાત્ત્વિક મુખ્ય શાસ્ત્રોનો અનુસ્યૂત છે. તે આ પ્રથમ શ્લોકથી સૂચવ્યો છે ॥ ૧ ॥

योगीन्द्राः सततं यमेव परमं ध्यायन्ति चित्तेऽमले
भक्त्या बाह्यसमस्तवृत्तिविमुखा ह्यानन्दपूर्णान्तराः ।
भुक्तिं मुक्तिमपीह नैव मनसा वाञ्छन्ति सेवारसं
मुक्त्वा, तं हृदि चिन्तये तु सहजानन्दं प्रभुं स्वामिनम् ॥२॥

જે પરમાત્માને **'ध्यानावस्थिततद्गतेन मनसा पश्यन्ति यं योगिनः'** એમાં કહ્યા મુજબ મોટા મોટા યોગિઓ, ઇન્દ્રિયોની સમસ્ત બાહ્ય વૃત્તિઓને પાછી વાળીને (આત્માભિમુખ કરીને) અને અંતરમાં પરમાત્માના આનંદથી પૂર્ણ હોઈને નિર્મળ મનમાં પ્રેમથી પરમાત્માનું અખંડ ધ્યાન કરે છે અને જેઓ **'सेवामुक्तिश्च गम्यताम्'** એમાં કહ્યા મુજબ એક સેવાને જ ઇચ્છે છે. સેવા સિવાયની ભક્તિ કે મુક્તિને પણ ઇચ્છતા નથી. એવા યોગિધ્યેય મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામિનું હૃદયમાં હું નિત્ય ચિંતન કરૂં છું ॥ ૨ ॥

मणिमयमुकुटौघैरश्चितश्रीपदाब्जं प्रणमदमरवृन्दस्याऽऽ-
श्रितत्राणदक्षम् । पुरुसुखजननार्थं धर्मभक्त्योः प्रसादात्
प्रकटमिह हरिं तं वन्द आनन्दमूर्तिम् ॥ ३ ॥

અષ્ટાંગ પ્રણામને કરતા દેવવૃન્દોના મણિમય મુકુટસમૂહોએ પૂજાતું છે શ્રીપૂજીત પાદારવિંદ જેમનું અને આશ્રિતોના અભિરક્ષણમાં અતિચતુર અને પ્રિય માતા પિતા ભક્તિ ધર્મને નિરતિશય સ્વસુખ આપવા માટે પ્રસન્નતાવશાત્ આ લોકમાં દિવ્યમૂર્તિથી પ્રગટ થયેલા એવા આનંદમૂર્તિ શ્રીહરિનું હું વંદન કરૂં છું. આથી બ્રહ્માદિ દેવોની ભગવદ્દાસતા જણાવી ॥૩॥

सितमहसि विभान्तं नूत्नजीमूतकान्तिं सरसिजदलनेत्रं
नित्यकैशोररम्यम् । अभयदमणिमालाशोभिपाणिद्वयं
तं कमलरुचिरपादं श्रीहरिं कृष्णमीडे ॥ ४ ॥

શ્વેત મહાતેજમાં (અક્ષર બ્રહ્મના) વિરાજમાન, નવીન મેઘને તુલ્ય શ્યામ સુંદર શરીરકાંતિ જેમની છે, કમળદળ જેવાં વિશાળ પ્રફુલ્લિત

નેત્રો જેમનાં છે, નિત્ય કિશોર (૧૬ વર્ષ) વયથી રમણીય અને અભયને આપનારાં અને મણિમાલાવડે શોભાયમાન છે બે કરકમળ જેમનાં તથા કોમલ છે સુંદર ચરણાવિંદ જેમનાં, એવા શ્રીહરિકૃષ્ણની હું સ્તુતિ કરું છું. આથી ભગવાનની દિવ્યાકારતા જણાવી ॥ ૪ ॥

अतिरुचिरगुणाढ्यदिव्यमूर्तिर्निखिलसुरोत्तमवन्दिताङ्घ्रिपद्मः ।
शुभगुणनिलयोऽक्षराधिदेवः कलयतु नः कुशलं समाश्रितेभ्यः ॥५॥

અતિ મનોહર સૌન્દર્ય સૌકુમાર્ય લાવણ્ય યૌવન આદિક ગુણોથી પૂર્ણ દિવ્યમૂર્તિ જેમની છે, સમસ્ત સુરોત્તમોએ સેવાતું છે ચરણકમળ જેમનું, બીજા પણ સકળ શુભ ગુણોના સ્થાનભૂત, અક્ષર ધામના અધિદેવ એવા ભગવાન શ્રીહરિ, અમો આશ્રિતોના અખિલ કુશળને વિસ્તારો ॥૫॥

वाङ्मनश्चक्षुरादीनां प्रेरको यः परात्परः ।
ददातु विमलां बुद्धिं हृषीकेशो हरिः स नः ॥ ६ ॥

જે શ્રીહરિ, વાણી, મન અને ચક્ષુ આદિક ઈન્દ્રિયોના પ્રેરક (શક્તિ દાતા) છે, આનું અનુસંધાન '**श्रोत्रस्य श्रोत्रं मनसो मनो यद्वाचो ह वाचं**' આ શ્રુતિમાં છે. જે '**अक्षरात्परतः परः**' આ શ્રુતિમાં કહ્યા મુજબ પરાત્પર છે. તે **હૃષીકેશ** શબ્દવાચ્ય ઈન્દ્રિયેશ (ઈન્દ્રિયોને શક્તિ આપનારા) શ્રીહરિ, તે અમોને મોક્ષોપયોગી નિર્મળ બુદ્ધિને આપો. એવી પ્રાર્થના છે. ઈન્દ્રિયો સ્વકાર્યમાં અશક્ત હોઈને એમને તે તે શક્તિ આપવી એ એમના હાથની વાત છે. આ અર્થના અનુસંધાનમાં '**हृषीकाणीन्द्रियाण्याहुस्तेषामीशो यतो भवान् । हृषीकेशस्ततो विष्णुः ख्यातो देवेषु केशवः**' આવી નિરુક્તિ કરી છે ॥ ૬ ॥

अस्ति श्रीभारते वर्षे पुण्ये त्वार्यजनावृते ।
मण्डलं गौर्जरं नाम सर्वकामसमृद्धिमत् ॥ ७ ॥
स्वाध्यायाधीतिनो यत्र षट्कर्मनिरता द्विजाः ।
राजन्याः कीर्तिसम्पन्नाः प्रजापालनतत्पराः ॥ ८ ॥
विशश्च पण्यैर्जीवन्तो धनधान्यसमन्विताः ।
पज्जाश्च नानाशिल्पेषु व्यापृता द्विजसेवकाः ॥ ९ ॥

स्वधर्मनिष्ठाः सर्वे च दानादिश्रद्धयाऽन्विताः ।

भगवद्भक्तिसम्पन्नाः सन्त्यधर्मपराङ्मुखाः ॥ १० ॥

આ પૃથ્વી ઉપર પવિત્ર **શ્રીભારત** નામનો એક મહાખંડ વર્તે છે. જેમાં આર્ય–સજ્જનોનો બહુધા નિવાસ છે. જેમાં દેવતાઓ પણ **'यद्यत्र नः....तेनाजनाभे स्मृतिमज्जन्म नः स्यात्' 'अहो अमीषां...नृषु भारताजिरे...स्पृहा हि नः'** એમ જન્મને ઇચ્છેછે. આવા પુણ્ય ભરત ખંડમાં **ગુજરાત** નામનો સર્વેપ્સિત સમૃદ્ધિવાળો એક શુભ દેશ વર્તે છે. ॥ ૭ ॥ જે દેશમાં **બ્રાહ્મણો** સ્વાધ્યાય–વેદાદિકને ભણેલા અને સ્નાન સંધ્યા આદિક ષટ્ કર્મમાં નિષ્ઠાવાળા વર્તે છે. **ક્ષત્રિયો** પ્રજાપાલનમાં તત્પર હોઈને મહાકીર્તિને પામેલા વર્તે છે. **વૈશ્યો** ખેતી વણજવ્યાપાર વડે જીવનારા હોઈને ધન ધાન્યાદિકની સમૃદ્ધિવાળા વર્તે છે. **શૂદ્રો** નાના પ્રકારની શિલ્પ ક્રિયાઓમાં પ્રવર્તેલા હોઈને ત્રણ વર્ણની સેવાપરાયણ વર્તે છે. ॥ ૮–૯ ॥ આ ચારેય વર્ણના સર્વે જનો, પોતપોતાના ધર્મમાં દૃઢ નિષ્ઠાવાળા અને દાનાદિ દેવામાં બહુ શ્રદ્ધાવાળા અને ભગવદ્ભક્તિમાં પરા નિષ્ઠાવાળા અને તેના વિરોધી અધર્મસર્ગથકી તો વિમુખ રહેનારા છે. ॥ ૧૦ ॥

मध्यबिन्दौ तु तस्यास्य पुरं वृत्तालयाभिधम् ।
नानादिक्षु च विख्यातं पवित्रं परमं शुभम् ॥ ११ ॥
नानाऽऽरामवरैर्युक्तं मयूरादिमनोरमैः ।
नानातीर्थवरैर्युक्तं बकहंसादिसङ्कुलैः ॥ १२ ॥
आम्रैः रस्यफलैः स्निग्धैः क्षीरिकाभिश्च कोटिशः ।
उदुम्बरैः कपित्थैश्च वटैः प्लक्षैश्च पीलुभिः ॥ १३ ॥
अम्लिकाश्वत्थगुन्दैश्च नालिकेरैस्तृणद्रुमैः ।
किंशुकैश्च कदम्बैश्च बदरीकदलीद्रुमैः ॥ १४ ॥
बीजपूरकनारङ्गजम्बीराम्रातकैस्तथा ।
नागकेसरपुन्नागबकुलाशोकपाटलैः ॥ १५ ॥

पूगजम्बूमधुकाद्यैः पत्रपुष्पफलान्वितैः ।
प्रच्छायशीतलाभोगैर्दिगन्तव्यापिसौरभैः ॥ १६ ॥
पादपैर्विविधै रम्यैः प्रेक्षणं सर्वतोदिशम् ।
मालतीमल्लिकाद्याभिर्ललिताभिश्चोपशोभितम् ॥ १७ ॥
जलस्थकमलैश्चापि स्थलस्थकमलैरपि ।
संवासितं दृष्टिचित्तहारकं पश्यतां नृणाम् ॥ १८ ॥
सुमिष्टोदकविख्यातं सारक्षेत्रसमावृतम् ।
धनधान्यसमृद्धं च साक्षात् भगवतः प्रियम् ॥ १९ ॥
भगवच्चरणन्यासपरिपूतनिजान्तरम् ।
नानाप्रसादैर्भिर्व्याप्तं पश्यतां पापनाशनैः ॥ २० ॥

આવા મહાપવિત્ર મહાસમૃદ્ધ મહાગુજરાત દેશના મધ્ય બિંદુમાં (ચરોત્તર દેશ મધ્યે) વૃત્તાલય નામનું એક પુર વર્તે છે. જે પુર, સર્વ દિશાઓમાં વિખ્યાત અને પરમ પવિત્ર મહાશુભ છે. જે પુર, મોર કોયલ આદિક પક્ષિઓના મનને બહુ રંજન કરનારા નાનાવિધ બાગ બગીચાઓએ વિશિષ્ટ છે અને બગલા હંસ આદિકથી વ્યાપ્ત નાનાવિધ શ્રેષ્ઠ તીર્થોએ યુક્ત છે. વળી સ્વાદુ ફળો (કેરી) જેનાં છે એવા જાતજાતના સુંદર આંબાઓ, મિષ્ટ ફળવાળી અનેક રાણો, ઉમરડાઓ, કોઠીઓ, વડો, પિપલાઓ, પિલુડાઓ, આમલીયો, પિંપર્યો, ગુંદાઓ, નાલીયેરીઓ, તાડો, ખાખરાઓ, કદંબો, બોરડીઓ, કેળો, બીજોરીઓ, નારંગીઓ, લીંબુઓ, આમ્રાતક (એક જાતના આંબાઓ) નાગકેસર, પુંનાગ, બોરડીઓ, આસોપાલવો, રોહિડાઓ, સોપારી, જાંબુડા, મહુડા, ઈત્યાદિ જાતજાતના અનેક વૃક્ષો કે જે પત્ર પુષ્પ ફળવાળા અને ઘાટી શીતળ છાયાવાળા અને જેનો સુગંધ દિગંતમાં વ્યાપિ રહ્યો છે એવા વિવિધ રમણીય વૃક્ષોવડે ચારેય દિશામાં અતિ દર્શનીય છે. વળી જે પુર, માલતી, મલ્લિકા આદિક લલિત લતાઓએ કરીને સુશોભિત છે. વળી જળમાં થનારાં અને સ્થળમાં થનારાં વિવિધ કમળોવડેપણ સુવાસિત અને જોનારા જનોનાં નેત્રો તથા ચિત્તોને હરનારૂં અને અતિમિષ્ટ જળવડે વિખ્યાત અને સારાં ખેતરોએ આવરિત છે. વળી જે પુર, ધન ધાન્યની સમૃદ્ધિવાળું

અને ભગવાન્ શ્રીહરિને વૃન્દાવનવત્ બહુ પ્રિય છે. વળી ભગવાનના પાવન ચરણારવિંદના સ્પર્શથી જેની અંદરનો સમગ્ર પ્રદેશ પરમપાવન છે. અને શ્રીહરિની વિવિધ પ્રસાદી વસ્તુઓ કે જે દર્શન કરનારા જનોના પાપને નાશ કરનારી છે, તેનાથી પરિપૂર્ણ છે ॥ ૧૧-૨૦ ॥

वृत्तालयेऽस्मिन् यत्रैव राजतेऽद्य तु मन्दिरम् ।
तत्रासीद्बदरीवृक्षो महास्कन्धो महोन्नतः ॥ २१ ॥
नानाविधद्विजावासः शाखाव्याप्तदिगन्तरः ।
यन्मूलदेशः प्रच्छायशीतलश्चित्तशान्तिदः ॥ २२ ॥
प्रथितानुभवो ह्येष विशालायां यथा तरुः ।
तपस्विजनसंवासः प्रत्यक्षहरिदर्शकः ॥ २३ ॥

ઉક્ત અનેક ગુણ વિશિષ્ટ વૃત્તાલય પુરમાં, અત્યારે શિખરબંધી મંદિર વર્તે છે; તે શુભ સ્થળમાં એક મોટો બોરડીનો વૃક્ષ હતો. આ વૃક્ષ વિસ્તૃત મહા ડાળોવાળો અને અતિશય ઊંચો હતો. અને એમાં નાના પ્રકારના પક્ષિઓ સુખેથી રહેતા હતા. અને શાખાઓ દિગંતમાં પ્રસરી રહી હતી. જેનો મૂળ પ્રદેશ ઘાટી છાયાવડે અતિ શીતળ હોઈને ચિત્તમાં શાંતિને આપનારો હતો. જેમ બદરીકાશ્રમમાં પ્રખ્યાત બદરી વૃક્ષ છે એવો જ પ્રખ્યાત પ્રતાપી આ વૃક્ષ, તપસ્વી જનોના નિવાસને બહુ ઉચિત અને પ્રત્યક્ષ શ્રીહરિનાં દર્શનની સિદ્ધિને આપનારો હતો ॥ ૨૧-૨૩ ॥

पुण्ये मूले तरोरस्य देवदेवी सनातनी ।
तपोऽतप्यत वै लक्ष्मीः साक्षाद्विष्णोः प्रिया चिरम् ॥ २४ ॥
विष्णुवक्षःस्थलावासा शक्तिचक्रस्य नायिका ।
ऐश्वर्यसम्पदां कर्त्री स्निग्धापाङ्गविलोचना ॥ २५ ॥
हिरण्यवर्णा हेमाङ्गा हिरण्याभरणाम्बरा ।
माता सर्वस्य जगतो विष्णोर्नित्यानपायिनी ॥ २६ ॥

આવા મહાવિશાળ બદરી વૃક્ષના પવિત્ર મૂળમાં રહીને, '**आद्या शक्तिर्भगवतो लक्ष्मीर्देव्यस्ति नो मते ।** (સ. પ્ર. ૩) એમ સંપ્રદાય મતે માન્ય કરેલાં સનાતની દેવદેવી લક્ષ્મીજીએ પૂર્વે બહુ વર્ષ પર્યંત ઉગ્ર તપ કર્યું હતું. કેવાં લક્ષ્મીજી ? તો '**श्रीरस्याच्युतवल्लभा**' એમાં

કહેવા પ્રમાણે ભગવાન્ વિષ્ણુને બહુ જ વહાલાં, માટેજ **'पश्यतां सर्वदेवानां ययौ वक्षःस्थलं हरेः'** **'श्रीश्च यस्यास्ति वक्षसि'** એમાં કહ્યા મુજબ વિષ્ણુના વક્ષઃસ્થળમાં નિત્ય નિવાસવાળાં, **'अनन्तनामधेया च शक्तिचक्रस्य नायिका'** આમાં કહ્યા પ્રમાણે બ્રહ્માણી પાર્વતી આદિક શક્તિમંડળનાં નાયિકા, (પ્રધાના) **'लोकाशेषविभूतीनां कारणं यन्निरीक्षणम्'** એમાં કહ્યા પ્રમાણે બ્રહ્માદિ સર્વેને ઐશ્વર્ય અને સંપત્તિને આપનારાં, **'श्रीस्तस्य करुणाश्रया'** **'देव्या कारुण्यरूपया'** એમાં કહ્યા પ્રમાણે સ્નેહપૂર્ણ કૃપાકટાક્ષથી જોનારાં, **'हिरण्यवर्णां हरिणीं'** આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે સર્વનું હિત કરનારાં અને રમણીય હોવાથી હિરણ્ય વર્ણા નામથી નિરૂપેલાં, સુવર્ણ સદૃશ શરીર વર્ણવાળાં, સુવર્ણમય સર્વ આભરણો અને વસ્ત્રોને ધારી રહેલાં, **'मातरं जगतामेनामनाराध्य महत्कुतः'** **'नित्यैवैषा जगन्माता'** એમાં કહ્યા પ્રમાણે સમસ્ત જગતનાં સાચાં માતા તરીકે રહેલાં, **'विष्णोः श्रीरनपायिनी'** એમાં કહ્યા પ્રમાણે પોતે વિષ્ણુ થકી કારેય પણ વિખુટાં નહિ પડનારાં, (અવતારાદિ ભાવમાં પણ સીતા રુક્મિણી આદિક બીજા રૂપથી સહાય સાથે રહેનારાં) સુર નર મનુષ્ય મુનીન્દ્ર આદિક સર્વ કોઈએ સ્વાર્થે **लक्षणीया**—પ્રાર્થના કરવા યોગ્ય હોવાથી અથવા સર્વ ઐશ્વર્યમાં નિમિત્તભૂત જે દિવ્ય લક્ષણો (સામુદ્રિકમાં સૂચવેલાં) તેણે સંપન્ન હોવાથી **લક્ષ્મી** એવા સાર્થક નામથી નિરૂપેલાં છે. **'जगत्तया लक्ष्यमाणा सा लक्ष्मीरिति गीयते'** એવી પણ નિરુક્તિ કરી છે. સંપત્તિરૂપે પણ લક્ષ્મીજીજ રહેલાં છે ॥ ૨૪–૨૬ ॥

श्रीमन्नारायणप्रीत्यै जनानां हितकाम्यया ।
प्रीतश्चास्यै वरं प्रादान्नित्यवासं तयाऽत्र वै ॥ २७ ॥
यत्र स्थित्वाऽलिखत्स्वामी सहजानन्द ईश्वरः ।
शिक्षार्थं निजभक्तानां शिक्षापत्रीमनिन्दिताम् ॥ २८ ॥
यत्रैवाऽऽचार्यपीठे च स्थित्वाऽस्थापयदीश्वरः ।
सम्प्रदायप्रसिद्ध्यर्थं धर्मवंश्यगुरुश्रिते ॥ २९ ॥
लक्ष्मीनारायणस्यापि राधाकृष्णस्य यत्र च ।
स्वमूर्तेर्धर्मभक्त्योश्च प्रतिष्ठामकरोत्स्वयम् ॥ ३० ॥

પૂર્વોક્ત વિશિષ્ટ શુભ લક્ષણવાળાં લક્ષ્મીજીએ **'श्रीमन्नारायण-**

स्मृत्या' એમાં નિરૂપેલા શ્રીમન્નારાયણની પ્રસન્નતા મેળવીને તે દ્વારા-જનોનું આ લોક પેર લોકનું હિત કરવાની ઈચ્છાથી તીવ્ર તપ કરતાં, પ્રસન્ન થયેલા શ્રીપતિએ સાથે આ સ્થળમાં નિત્ય નિવાસ કરી રહેવાનો વર આપ્યો હતો (આ પૂર્વના અનુસંધાને વરતાલમાં મંદિર કરાવીને તેમાં મધ્ય મંદિરે લક્ષ્મીનારાયણ દેવની સ્થાપના થઈ છે. આ કથા હરિલીલામૃત ગ્રંથમાં છે) ॥ ૨૭ ॥ વળી જે પુરમાં વિરાજીને ભગવાન્ શ્રીસહજાનંદસ્વામીએ પોતાના ભક્તોને હિતતમ શિક્ષણ આપવા માટે જેમાં કોઈ પણ શબ્દથી કે અર્થથી દોષ નથી એવી **શિક્ષાપત્રી** લખી છે ॥ ૨૮ ॥ વળી જે પુરમાં પોતે વિરાજીને સંપ્રદાયની પ્રસિદ્ધિ માટે ધર્મવંશી ગુરુવાળી એ ગાદીઓની સ્થાપના કરી છે ॥ ૨૯ ॥ વળી જે પુરમાં લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ, પોતાની હરિકૃષ્ણ નામની અને માતા પિતા ભક્તિ ધર્મની મૂર્તિઓની પ્રતિષ્ઠા પોતે કરી છે ॥ ૩૦ ॥

यत्र साक्षात् द्वारिकेशो भक्तानुग्रहतत्परः।
गोमतीतीर्थमादाय सन्निधानं व्यधात्स्वयम् ॥३१॥
यत्र प्रवर्तितं चापि हरिदासत्वसूचकम् ।
तप्ताया हरिदिव्यास्त्रमुद्राया धारणं शुभम् ॥३२॥
यत्र श्रीहरिरागत्याकरोच्च सुमहोत्सवान् ।
लीला नानाविधाश्चापि तन्माहात्म्यमनन्तकम् ॥३३॥

વળી જે પુરમાં પૂર્વરૂપ દ્વારકાધીશ શ્રીકૃષ્ણ ભગવાન, સચ્ચિદાનંદ સ્વામીની આરાધનાથી પ્રસન્ન થઈને ભક્તોની ઉપર અનુગ્રહ કરવા માટે ગોમતી આદિક તીર્થોને સાથે લાવીને પોતાની નિત્ય સન્નિધિ આપી રહ્યા છે ॥ ૩૧ ॥ વળી જે પુરમાં 'આ હરિદાસ છે' એમ ઉઘાડું સૂચવ-નારૂં, ભગવાનનાં દિવ્ય સુદર્શનાદિક આયુધોની તપાવેલી **છાપો** (તપ્ત મુદ્રા)નું શુભ ધારણ પોતે પ્રવર્તાવ્યું છે ॥ ૩૨ ॥ વળી જે પુરમાં શ્રી હરિએ વારેવારે પોતે પધારીને પુષ્પદોલ પ્રબોધની જન્માષ્ટમી આદિક મોટા મોટા ઉત્સવો બહુ કર્યા છે. અને નાના પ્રકારની અદ્ભુત અલૌકિક દિવ્ય લીલાઓ પણ કરીછે. જેથી આ વૃત્તાલય પુરનું માહાત્મ્ય અનંત છે ॥ ૩૩ ॥

एवं माहात्म्यसम्पन्ने रम्ये वृत्तालये पुरे।
राजते मन्दिरं दिव्यं दृष्टिचित्ताषकर्षकम् ॥ ३४ ॥

व्योमचुम्बिविमानाढ्यं पताकाभिरलङ्कृतम् ।
शुद्धस्फटिकवद्दीप्तं हेमरत्नादिरञ्जितम् ॥ ३५ ॥
लक्ष्मीनारायणो देवो हरिकृष्णश्च सर्वदा ।
कुर्वाते सन्निधिं प्रीत्या यत्राभीष्टफलप्रदौ ॥ ३६ ॥

આવા અનેક પ્રકારના અપૂર્વ મહિમાએ સંપન્ન, રમણીય, વૃત્તાલય પુરમાં જોનારા જનોના દૃષ્ટિ ચિત્તને આકર્ષનારૂં એક દિવ્ય મંદિર વિરાજે છે. ॥ ૩૪ ॥ જે સુંદર મંદિર, ગગનચુંબી રમ્ય શિખરોએ સંપન્ન, ધ્વજ પતાકાદિવડે અલંકૃત, શુદ્ધ સ્ફટિકમણિ જેવું દેદીપ્યમાન અને સુવર્ણ રત્ન વિગેરે વડે રંજીત છે ॥ ૩૫ ॥ જે શિખરબંધ સુંદર મંદિરમાં ભક્તોને અભીષ્ટ ફળને આપનારા શ્રીલક્ષ્મીનારાયણદેવ અને શ્રીહરિકૃષ્ણ ભગવાન્ પોતાની સર્વદા સન્નિધિ આપી રહ્યાછે. સદા પ્રત્યક્ષ વિરાજે છે ॥ ૩૬ ॥

लक्ष्मीनारायणादीनां सेवार्थं तत्र चैकदा ।
शोभारामाभिधो विप्रो वृत्तालयमुपागतः ॥ ३७ ॥
वटपत्तनतो विद्वान् शब्दशास्त्रादिकोविदः ।
शुचिः श्रीहरिभक्तश्च प्राप्तवान् हरिनिश्चयम् ॥ ३८ ॥
विधिवद्गोमतीतीर्थे स्नात्वा देवस्य दर्शनम् ।
लक्ष्मीनारायणादेर्हि पापहृत् सर्वकामदम् ॥ ३९ ॥

આવા મહામહિમાવાળા વૃત્તાલય પુરમાં વિરાજમાન લક્ષ્મીનારાયણ આદિક પૂજ્ય દેવોની દર્શનાદિ સેવા માટે એક સમયે **શોભારામ** નામથી શોભિત વિપ્ર, પ્રસિદ્ધ વટપત્તનથકી વૃત્તાલય આવ્યા હતા. આ વિપ્ર, પોતે વિદ્વાન્, શબ્દશાસ્ત્ર (વ્યાકરણ) આદિકમાં કોવિદ, અતિ પવિત્ર, શ્રીહરિના પરમ ભકત અને શ્રીહરિના ભગવાનપણામાં દૃઢ નિશ્ચયવાળા હતા. આવા સુગુણસંપન્ન વિપ્ર પોતે પ્રથમ ગોમતી તીર્થમાં યથાવિધિ સ્નાન કરીને, લક્ષ્મીનારાયણ આદિક દેવોનાં પાપને હરનારાં અને સર્વ મનોરથોને પુરનારાં દર્શન કરીને પરમ આનંદને પામ્યા ॥ ૩૭–૩૯ ॥

अथायं बुधवर्योऽत्र देशिकेन्द्रं यथाविधि ।
त्यागिनश्चोपसङ्क्रम्य सत्समागमलालसः ॥ ४० ॥

अद्भुतानन्दनामानं मुनिवर्यमवैक्षत ।
सद्गुरूणां शिरोरत्नं मूर्तं तप इति स्थितम् ॥ ४१ ॥
अध्यात्मशास्त्रतत्त्वानां सारज्ञं भक्तमोदनम् ।
सदैव हरिवार्तायां तत्परं वीतरागकम् ॥ ४२ ॥
श्रीहरिध्याननिष्ठं च मुनिमेनमवेक्ष्य सः ।
प्रश्रयावनतः शास्त्री मुदितस्तमुपागतः ॥ ४३ ॥
ततो वार्ताप्रसङ्गेन स्वामिनो ज्ञानवैभवम् ।
अवगत्याकरोत् प्रश्नं तत्त्वजिज्ञासया स च ॥ ४४ ॥

પૂજ્ય દેવોનાં દુર્લભ દર્શન કર્યાં પછી, સત્સમાગમની બહુ લાલસાવાળા, વિદ્વદ્વર્ય આ વિપ્ર, પૂજ્ય આચાર્યવર્ય અને ત્યાગિઓને સમીપે જઈને તેમનાં દર્શન કરીને, મુનિવર્ય **અદ્ભુતાનંદ** સ્વામીને સમીપે દર્શને ગયા. કેવા મુનિ ? તો સદ્‌ગુરુઓમાં શિરોમણિ, જાણે મૂર્તિમાન્ તપ હોય એમ જણાતા, અધ્યાત્મ શાસ્ત્રોના તત્ત્વસારને જાણનારા, હરિભક્તોને કથા વાર્તાથી બહુ રાજી કરનારા, શ્રીહરિવાર્તામાં સદૈવ તત્પર, વિષય રાગે રહિત, શ્રીહરિધ્યાનમાં નિષ્ઠિત છે. આવા મુનિવર્યનાં દર્શન કરીને શોભારામ શાસ્ત્રી વિનય વિનમ્ર થઈને બહુ આનંદને પામીને તેમની પાસે બેઠા. તે પછી ચાલુ વાર્તાના પ્રસંગથી સ્વામીના જ્ઞાનવૈભવને જાણીને, તત્ત્વ જાણવાની ઈચ્છાથી આ પ્રકારે પૂછવા લાગ્યા ॥ ૪૦–૪૪ ॥

शोभाराम शास्त्री उवाच—

स्वामिन् ! श्रीहरिसन्निष्ठो भवान् ज्ञानिवरो मतः ।
भवतः श्रोतुमिच्छामि ज्ञानवार्तामहं मुने ! ॥ ४५ ॥
विशिष्टाद्वैतसिद्धान्तो हरिणा मानितोऽस्ति हि ।
तस्य सारं बुभुत्सामि तत्त्वं च परमं हितम् ॥ ४६ ॥
तत्त्वं श्रीहरिमाहात्म्यसहितां संहितां मुने ! ।
कथयाद्य महाप्राज्ञ ! ज्ञानविज्ञानवर्धिनीम् ॥ ४७ ॥

શોભારામ શાસ્ત્રી પૂછે છે–હે સ્વામિન્ ! તમો ભગવાન્ શ્રીહરિમાં પરા નિષ્ઠાવાળા અને જ્ઞાનિઓમાં શ્રેષ્ઠપણે મનાતા છો. તો હે મુને ! હું

તમારા થકી જ્ઞાનવાર્તાને સાંભળવા ઇચ્છું છું. શ્રીહરિએ **'मतं विशिष्टाद्वैतं मे'** એમ મુખ્ય ગ્રંથ શિક્ષાપત્રીમાં વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત સંમાન્ય કરેલો છે. તેનો સારાંશ તેમ જ બીજું જે કોઈ પરમ હિત તત્ત્વ હોય તેને પણ જાણવા ઇચ્છું છું. તો હે મુને ! શ્રીહરિના માહાત્મ્યે સહિત એવી તે શુભ સંહિતા કે જે જ્ઞાનવિજ્ઞાનને વધારનારી છે તેને હાલમાં કહો. તમે મહા પ્રજ્ઞાશાળી હોવાથી તેને કહેવા માટે સમર્થ છો ॥ ૪૫-૪૭ ॥

अद्भुतानन्द मुनिरुवाच—

भवान् विद्वान् स्वतो विप्रः कुलीनः सच्चरित्रवान् ।
ज्ञानवार्ताश्रुतौ तावदिच्छा समुचितैव हि ॥ ४८ ॥
विशिष्टाद्वैतसिद्धान्ततत्त्वज्ञानविवर्धिनीम् ।
हरिमाहात्म्यसंयुक्तां कथयामि कथां शुभाम् ॥ ४९ ॥
शतानन्दमुनेश्चापि मुनीनां च परस्परम् ।
संवादरूपां मोक्षाध्वदेशिनीमतिपावनीम् ॥ ५० ॥
तत्कथाश्रवणादेव हृदिष्ठाः सर्वसंशयाः ।
नश्येयुश्च परं ज्ञानं सिध्येद्विज्ञानसंयुतम् ॥ ५१ ॥
यद्यस्ति भवतः श्रद्धा शुश्रूषा च परा तथा ।
शृणोत्ववहितो मत्तः कथां तामद्य शंसतः ॥ ५२ ॥

અદ્ભુતાનંદ મુનિ કહે છે—હે શોભારામ શાસ્ત્રિન્ ! તમો સ્વતઃ વિદ્વાન્, વિપ્ર જાતિ, સત્કુળમાં જન્મ પામેલા અને સચ્ચરિત્રવાળા છો. જેથી તત્ત્વજ્ઞાન વાર્તામાં તમોને ઇચ્છા થઈ તે સમુચિત જ છે, તો વિશિષ્ટ દ્વૈત સિદ્ધાંત તત્ત્વજ્ઞાનને વિશેષતઃ વધારનારી અને શ્રીહરિના મહિમાએ યુક્ત એવી શુભ કથાને હવે હું કહું છું. જે કથામાં શતાનંદ મહામુનિ અને બીજા મુનિઓનો સંવાદ છે અને જે કથા સરલ સીધા મોક્ષમાર્ગને પ્રદર્શાવનારી અને શ્રોતા જનોને પરમ પવિત્ર કરનારી છે ॥ તે પવિત્ર કથાના શ્રવણમાત્રથી તમારા હૃદયમાં રહેલા સર્વ સંશયો નાશ પામશે અને વિજ્ઞાને યુક્ત જ્ઞાનની સિદ્ધિ થશે. તમોને કથામાં ઉત્કૃષ્ટ શ્રદ્ધા છે અને સાંભળવામાં પ્રબળ ઇચ્છા છે, તો તે કથાને કહેતા મારા થકી તમો સાવધ મન રાખીને હવે સાંભળો ॥ ૪૮-૫૨ ॥

शोभाराम शास्त्री उवाच—

सद्गुरो ! कथयत्वद्य पावनीं ज्ञानसंकथाम् ।
विद्वानपि भवादृग्भ्यो ज्ञातुं श्रोतुं समुत्सुकः ॥ ५३ ॥
बहुभ्यो बहुधा चैव श्रोतव्यं ज्ञानमुत्तमम् ।
इति शास्त्रविदः प्राहुर्ज्ञानं हि गहनं मतम् ॥ ५४ ॥
इति श्रुत्वा शुभं वाक्यं शास्त्रिणः परमादृतः ।
त्यागिभक्तसभायां तं सञ्जगाद मुनीश्वरः ॥ ५५ ॥

શોભારામ શાસ્ત્રી કહે છે—હે સદ્ગુરો ! તત્ત્વજ્ઞાનના વિષયવાળી અતિ પવિત્ર તે કથાને હવે તમો કહો ॥ વિદ્વાન હોવા છતાં તમારા જેવા જ્ઞાનિઓ થકી તત્ત્વજ્ઞાનને સાંભળવા સમુત્સુક છું. કેમકે જ્ઞાન એવું અત્યંત ગહન પરમોત્તમ છે કે તે બહુ જ્ઞાનિઓ થકી બહુ પ્રકારે પાકું કરવું જોઈએ, એમ શાસ્ત્રવિદોજ કહેછે. આ બાબત '**उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनः तत्त्वदर्शिनः**' એમ ગીતોપદેષ્ટા ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે. વળી આ બાબતને **न ह्येकस्माद्गुरोर्ज्ञानं सुस्थिरं स्यात्सुपुष्कलम् । ब्रह्मैतदद्वितीयं वै गीयते बहुधर्षिभि**' એમ બહુ ગુરુને કરનારા દત્તાત્રેય મુનિ સકારણ સુદૃઢ કરી આપે છે ॥ આવું શાસ્ત્રીનું શુભ વાક્ય સાંભળીને પરમ આદરવાળા મુનીન્દ્ર અદ્ભુતાનંદ સ્વામી મળેલી ત્યાગિ–હરિભક્તોની મહાસભામાં આ પ્રકારે બોલ્યા ॥ ૫૩–૫૫ ॥

अद्भुतानन्दमुनिरुवाच—

शतानन्दं मुनिवरं कृतपूर्वाह्णसत्क्रियम् ।
प्रणम्या मुनयः पूर्वं प्राश्रिता वाक्यमब्रुवन् ॥ ५६ ॥

અદ્ભુતાનંદ મુનિ કહે છે—હે શોભારામ ! દિવસના પૂર્વ ભાગમાં કર્તવ્યપણે કહેલાં સ્નાન પૂજન આહ્નિક સત્કર્મોને કરી પરવારેલા, સુખેથી બેઠેલા મુનિવર્ય શતાનંદસ્વામી પાસે જઈને, સર્વે મુનિઓ, પ્રથમ પ્રણામ કરીને, પ્રેમ વિનયથી આ પ્રકારનું વાક્ય બોલ્યા ॥ ૫૬ ॥ (અદ્ભુતાનંદ મુનિ પોતે પ્રત્યક્ષ નહિ કહેતાં, પૂર્વે શતાનંદ અને બીજા મુનિઓ વચ્ચે પરસ્પર થએલા સંવાદવાળી તત્ત્વકથાને કહે છે)

मुनय ऊचुः—

शतानन्द ! महाप्राज्ञ ! सतामानन्दवर्धन ! ।
भगवत्सहजानन्दपादपद्मालिमानस ! ॥ ५७ ॥

मुने ! वर्णय सङ्क्षेपाद्भगवत्कथयाऽन्वितम् ।
आख्यानं धर्मवैराग्यज्ञानभक्तिविवर्धनम् ॥ ५८ ॥

મુનિઓ કહે છે—હે મહાપ્રાજ્ઞ શતાનંદ મુને ! તમો સંતોને આનંદ વધારનારા અને ભગવાન્ શ્રી સહજાનંદ સ્વામિના ચરણારવિંદમાં ભમરાની પેઠે સદા આસક્ત મનવાળા છો. તો હે મુને ! તમો ભગવત્કથાના ખાસ સંબન્ધવાળા અને ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિને વધારનારા એવા તત્ત્વાખ્યાનનું સંક્ષેપમાં વર્ણન કરો ॥ ૫૭-૫૮ ॥

श्रवणात्कीर्तनाद्यस्य स्मरणात्पादसेवनात् ।
प्राणिनां जन्मसाफल्यं सर्वकामाप्तिरेव च ॥ ५९ ॥
यः स्वयं निर्भयः स्वामी भक्तानां भयनाशनः ।
स्वाज्ञाविभङ्गकर्तॄणां संसारभयकृत् प्रभुः ॥ ६० ॥
इष्टे विश्वस्य यो नित्यं परमात्मा सनातनः ।
नारायणो वासुदेवो हरिः श्रीपुरुषोत्तमः ॥ ६१ ॥
तस्य स्वरूपं च गुणा धाम चापि यथाविधम् ।
विभूतयश्च यास्तस्य यावन्त्यश्चाभिविश्रुताः ॥ ६२ ॥
प्रादुर्भावाश्च यावन्तस्तस्य ते यत्प्रयोजनाः ।
यदा यदा भवन्त्येते तत्त्वं तेषां च किं मतम् ॥ ६३ ॥

'यन्नामधेयश्रवणानुकीर्तनात्' એમાં કહ્યા મુજબ જે ભગવાનના સ્વરૂપ ગુણ ચરિત્ર નામ આદિકના કીર્તન શ્રવણથી, સ્મરણથી અને ચરણ-સેવનથી પ્રાણિઓના મહાદુર્લભ દેવપ્રાર્થિત મનુષ્ય જન્મની સફળતા અને ધર્માદિ સમગ્ર મનોરથોની પ્રાપ્તિ થાય છે ॥ વળી જે સર્વસ્વામી સ્વતઃ કાળ માયા આદિકના ભય રહિત હોઈને ભક્તોના તે ભયોને હરનારા અને પોતાની આજ્ઞાને ઉલ્લંઘનારાને તો જન્મ મરણરૂપ ભવ ભયને કરનારા મહાપ્રભુ છે ॥ વળી **'ईशः सर्वस्य जगतः'** આ શ્રુતિમાં કહ્યા મુજબ સર્વ વિશ્વનું નિયમન કરનારા છે. જેમને શ્રુતિ સ્મૃતિમાં સનાતન, પરમાત્મા, નારાયણ, વાસુદેવ, પુરુષોત્તમ, હરિ, ઈત્યાદિ સાર્થક નામથી નિરૂપ્યા છે ॥ આવા પરંબ્રહ્મ ભગવાનનું સ્વરૂપ, (રૂપ) તેમના ગુણો, તેમનું ધામ જેવું હોય તે, તેમની જેટલી અને જેવી વિભૂતિઓ પ્રખ્યાત હોય તે, તેમના જેટલા અવતારો થયા હોય અને જે પ્રયોજને થયા હોય

અને જેજે કાળે થયા હોય અને એમાં જે જ્ઞાતવ્ય તત્ત્વ હોય તે કહેવાને યોગ્ય છો ॥ ૫૯-૬૩ ॥

ये च धर्माः श्रुताः स्वामिन् ! क्षमास्तस्य प्रसाधने ।
तथापि सुकरो यस्तु योगः पापे कलावपि ॥ ६४ ॥
यच्चजी त्मनो रूपं स्वभावाश्चास्य ये मताः ।
संसारपदवीमेषोऽभीक्ष्णं व्रजति केन वा ॥ ६५ ॥
कथं वा मोक्ष्यते कृच्छ्रात् दुर्मोचात् भवबन्धनात् ।
ये चात्मनो गुणा यैस्तु संस्कृतः श्रेय आप्नुयात् ॥ ६६ ॥
ये चास्य कथिता दोषा यतो यान्त्यधमां गतिम् ।
यतश्चास्य गुणप्राप्तिर्दोषप्राप्तिस्तथायतः ॥ ६७ ॥
एतत्तत्त्वं समासेन हितं चापि परं नृणाम् ।
वक्तुमर्हस्यशेषेण श्रद्दधाना यतो वयम् ॥ ६८ ॥

વળી હે સ્વામિન્ ! તે પરમાત્મની પ્રાપ્તિ કરાવામાં સમર્થ એવા જે ધર્મો શાસ્ત્રોમાં કહ્યા હોય તે, વળી તેમાં પણ જે ઉપાયો, પાપમય આ કલિયુગમાં પણ સુખેથી સર્વકોઈએ થઈ શકે એવા હોય તે કહો ॥ વળી હે મુને ! જીવાત્માનું જેવું સ્વરૂપ (જ્ઞાનાનંદાદિ) અને સ્વભાવો (જ્ઞાનપણું વિગેરે) શાસ્ત્રસંમત હોય તથા કયાં કર્મો કરવાથી આ જીવાત્મા, દુઃખમય સંસારપદવીને વારેવારે પામ્યા કરે છે તે કર્મો તથા કયાં કર્મો કરવાથી આ જીવાત્મા ન છુટી શકે એવા મહાકષ્ટ રૂપ ભવબંધન થકી મુક્ત થાય તે, વળી તે આત્માના ગુણો તથા જે સદ્ગુણોથી સંસ્કારને પામેલો જીવાત્મા પરમશ્રેયને પામે એવા સદ્ગુણો, વળી જે દોષોએ કરીને અધમ ગતિને પામે એવા દોષો, તેમજ જેથી જીવાત્માને ગુણની પ્રાપ્તિ થાય અને જેથી દોષની પ્રાપ્તિ થાય તે, આ બધી બાબતોનું સંક્ષેપમાં તત્વ કે જે મનુષ્યોના પરમ હિતને કરનારૂ છે તે તમો, અમોને સમગ્રપણે કહેવાને યોગ્ય છો. કેમકે અમો સર્વે શ્રદ્ધાવાળા હોઈને તમારા વાક્યને નિષ્ફળ કરીશું નહિ ॥ ૬૪-૬૮ ॥

नहि गोप्यं सतामस्ति किञ्चित् स्वीयजनेषु तु ।
भवादृशो हि प्रथिताः साधवो दीनवत्सलाः ॥ ६९ ॥

भवांश्च सर्वधर्मज्ञः सर्वसच्छास्त्रतत्त्ववित् ।
हरिकृष्णप्रसादाद्वै सम्मतोऽस्ति हरिप्रियः ॥ ७० ॥
तदद्याऽऽख्यानमध्यात्मज्ञानगर्भं सुपावनम् ।
कथयाशेषदोषघ्नं भक्तिवैराग्यवर्धनम् ॥ ७१ ॥
पुण्ये श्रावणमासादौ यत्कथा सम्प्रशस्यते ।
विशेषतः पुण्यतमे मासि श्रीपुरुषोत्तमे ॥ ७२ ॥

હે મહામુને ! સંતોને સ્વીય જનોની સમક્ષતો કાંઈ પણ છાનું રાખવા યોગ્ય નથી. '**ब्रूयुः स्निग्धस्य शिष्यस्य गुरवो गुह्यमप्युत**' એમ પુરાણ કહે છે. તમારા જેવા ગુણ પ્રખ્યાત સાધુઓતો '**साधवो दीनवत्सलाः**' એમાં કહ્યા પ્રમાણે દીન જનો ઉપર બહુ વાત્સલ્યવાળા વર્તે છે. તેમાં પણ તમો તો શ્રીહરિકૃષ્ણના પ્રસાદથી સર્વ ધર્મોને યથાસ્થિત જાણનારા અને સર્વ શાસ્ત્રાર્થતત્ત્વને સંપૂર્ણ સમજનારા છો. અને શ્રીહરિને પરમ પ્રિય હોવાથી સર્વેને સંમાન્ય છો ।। તો હાલ સમસ્ત દોષોને નિવારનાર અને ભગવાનમાં ભકિત તથા તદિતર વિષયોમાં વૈરાગ્યને ઉપજાવનાર પરમ પાવન તે અધ્યાત્મજ્ઞાનગર્ભિત આખ્યાનને કહેવાને યોગ્ય છો. શ્રાવણ આદિક પુણ્ય માસોમાં જેની કથા બહુ પ્રશંસાપાત્ર બને છે. પુણ્યતમ શ્રીપુરુષોત્તમ માસમાંતો **વિશેષપણે પ્રશંસનીય થાય છે** ।। ૬૯-૭૨ ।।

अद्भुतानन्दमुनिरुवाच—

मुनिजनैरिति तत्त्वबुभुत्सया हरिकथाश्रवणोत्सुकमानसैः ।
अभिहितो मुनिराट् परया मुदा सदसि तानवदत् दृढसंयमान्॥७३॥

इति श्रीमदाध्यात्मिकतत्त्वाख्याने शतानन्दामुनिं प्रति मुनिगण-कृततत्त्वहितप्रश्ननिरूपणनामा प्रथमोऽध्यायः । १ ॥

અદ્દ્ભુતાનંદ મુનિ કહે છે—હે શોભારામ! શ્રીહરિકથાના શ્રવણમાં સમુત્સુક મનવાળા મુનિજનોએ આ રીતે તત્ત્વ જાણવાની ઇચ્છાથી પૂછેલા મુનિરાજ શતાનંદ સ્વામી, શ્રવણાદિકમાં સુદૃઢ સંયમવાળા તે મુનિઓ પ્રત્યે સભામાં પરમાનંદથી બોલ્યા ।। ૭૩ ।।

ઇતિશ્રી...શાસ્ત્રી હરિજીવનદાસકૃત–ગુર્જરાનુવાદે પ્રથમોઽધ્યાયઃ ।।૧।।

द्वितीयोऽध्यायः।

शतानन्दमुनिरुवाच—

योऽसावक्षरदिव्यधामनिलयः श्रुत्यन्तसंविश्रुतः
प्रोद्भूतं निखिलं चराचरमिदं यस्यैव वीक्षावशात्।
नावं यं गुरुकर्णधारमधिरुह्याऽनन्तदुःखाम्बुधेः
पारं विन्दति निर्भयं तमनिशं वन्दे विभुं श्रीहरिम् ॥ १ ॥

શતાનંદમુનિ કહેછે—જે ભગવાન્, **'योऽक्षरे परमे व्योमन्'** આ શ્રુતિમાં કહ્યા મુજબ અપ્રાકૃત અક્ષર ધામમાં દિવ્યમૂર્તિથી અક્ષર મુક્તો સહ અખંડ વિરાજમાન છે વળી, **'सर्वे वेदा यत्पदमामनन्ति' 'वेदैश्च सर्वैरहमेव वेद्यः' 'नारायणपरा वेदाः'** આમાં કહ્યા પ્રકારે વેદાંતમાં વિખ્યાતપણે વર્ણવ્યા છે. જે આ ચરાચર સમસ્ત વિશ્વ, **'तदैक्षत'** આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે જેના વીક્ષણવશાત્ ઉત્પન્ન થયું છે. જેમાં **'गुरुकर्णधारम्'** એમાં કહ્યા મુજબ ગુરુરૂપ કર્ણધાર છે, એવા નાવમાં (ભગવદ્રૂપ) બેસીને, જન્મ જરા મરણ આદિક અધ્યાત્મ દુરંત દુઃખરૂપ દરિયાના પારને નિર્ભય રીતે પામી જાય છે. એવા સમર્થ ભગવાન્ શ્રીહરિનું હું નિરંતર વંદન કરું છું ॥ ૧ ॥

यः स्वानुभावमहितः श्रुतिषु प्रसिद्धो
धाम्न्यक्षरेऽक्षरगणैः समुपास्यमानः।
तं सर्वभूतसुहृदं गुरुमादिमं च
ध्यायामि सन्ततमहं हरिमादिदेवम् ॥ २ ॥

જે ભગવાન્, પોતાના પ્રતાપે કરીનેજ પ્રખ્યાત છે અને શ્રુતિઓમાં સુપ્રસિદ્ધ છે, અક્ષરધામમાં અક્ષર મુક્તગણોએ સદા ઉપાસના કરાતા, સર્વ ભૂતોના સુહૃદ્, (હિતૈષી) સર્વના આદિ ગુરુ (હિતોપદેષ્ટા) એવા આદિદેવ શ્રીહરિનું હું નિરંતર ધ્યાન કરું છું. (એમ શતાનંદમુનિ મંગળ કરે છે) ॥૨॥

मुनयो धन्यजन्मानो यूयं येषां स्थिरा मतिः।
वासुदेवकथायां च तथाऽऽत्मज्ञानचिन्तने ॥ ३ ॥

भवादृशोऽस्य धर्मस्य प्रष्टारो विरला भुवि ।
परागर्थेषु धावन्ति लोका हि सुखकाम्यया ॥ ४ ॥

मृगतृष्णासमं भ्रान्त्या मन्यमानाः सुखं तु ते ।
तदर्थेष्वेव नितरां निष्ठां कर्मसु कुर्वते ॥ ५ ॥

आयास एव तेषां तु फलं किञ्चित् सुखं नहि ।
कामात्मनां मनस्येषां ज्ञानसङ्गस्य का कथा ॥ ६ ॥

હે મુનિઓ! તમો તમામ પુણ્ય ધન્ય જન્મવાળા થયા છો, કેમકે ભગવાન્ શ્રીવાસુદેવની પુણ્યકથામાં અને આત્મા પરમાત્માના ચિંતનમાં તમારી મતિ સ્થિર થઈ છે. આ ધર્મના પૂછનારા તમારા જેવા કોઈકજ વિરલા પૃથ્વી ઉપર છે, કારણ કે સર્વકોઈ લોકો વિષયસુખની ઇચ્છાથી દેહાનુબન્ધી બાહ્ય વિષયોમાં વ્યાસકત વર્તે છે॥ જેમ ઝાંઝવામાં જળ નથી તથાપિ અજ્ઞ લોકો 'જળ છે' એમ ભ્રાંતિથી માની બેસે છે અને લેવા દોડે છે તેમ જેમાં અલ્પપણ સુખ નથી, કેવળ દુઃખજ છે, છતાં ભ્રાંતિથી 'સુખ છે' એમ માની બેઠેલા અજ્ઞ લોકો, તેની સિદ્ધિ થાય એવાં કામ્ય કર્મોમાંજ દૃઢ નિષ્ઠાને કરે છે. (જેમ ધાવણા બાળકના મુખમાં આંગળી આપતાં તેને બચબચ કરે છે અને તેથી ફીણ જેવું જણાય છે તેને ભ્રાંતિથી દૂધ માની બેસે છે, પણ તેમાં દૂધ નથી. તેમ અજ્ઞાની લોકો દુઃખમાં સુખ માની બેઠા છે) લૌકિક કર્મમાં આસકત એવા તે જનોને કેવળ કલેશજ ફળ મળે છે, પણ બીજું કશું ફળ મળતું નથી. (જેમ કેવળ છોડાંને ખાંડનારાને તાંદુલ નહિ મળતાં, કેવળ કલેશજ મળે છે તેમ) સઘળો પ્રયાસ વૃથા થાય છે. લૌકિક વિષયોમાંજ જેઓનું મન રમે છે એવાઓના મનમાં જ્ઞાનસંગની વાતજ ક્યાં છે? તેઓની આગળ ધર્મ જ્ઞાનની વાતજ નથી ॥૩-૬॥

अहो सुदुर्लभं लब्धं मानुष्यं नाश्यते तु तैः ।
असत्सङ्गैरसल्लापैरसद्दृष्टैरसत्सुखैः ॥ ७ ॥

मानुष्यं यदवाप्तं तु साधनं ज्ञानधर्मयोः ।
तेनाधर्मं साधयंस्तु पुरुषः पशुरुच्यते ॥ ८ ॥

महता पुण्यपण्येन क्रीतेयं कायनौर्नृभिः ।
यावन्न भिद्यते तावद्यतितव्यं मनस्विभिः ॥ ९ ॥
भवाब्धितरणायैव कर्णधारवराश्रयात् ।
यदि चेद्भज्यते सेयं ध्रुवः पातो भवाम्बुधौ ॥ १० ॥

અહો ! મનુષ્યનો જન્મ કે જે અત્યંત દુર્લભ છે તેની પ્રાપ્તિ થઈ છે તેને પણ અસત્ સંગોમાં, અસત્ આલાપોમાં, અસત્ વર્તનમાં અને અસત્ સુખમાં નાશ કરી નાંખે છે. એ દુરંત દુઃખની વાત છે ॥ જ્ઞાન અને ધર્મની સિદ્ધિના ખાસ સાધનભૂત એવો જે આ મનુષ્ય જન્મ મળ્યો છે તેણે કરીને જેઓ અધર્મને સાધે છે તેઓતો પુરુષ છતાં પશુજ છે. પશુમાં અને એમાં અંતર નથી ॥ આ જે શરીરરૂપ નૌકા છે તે એમને એમ મળી નથી, પરંતુ પૂર્વસંચિત મોટાં સઘળાં પુણ્યોને આપી દઈને તેના બદલામાં મેળવી છે. આવી આ કાયનૌકા જ્યાંસુધી ભાંગી તુટી નથી ત્યાંસુધીમાં મનસ્વી મનુષ્યોએ ગુરુરૂપ શ્રેષ્ઠ કર્ણધારનો દૃઢ આશ્રય કરીને દુઃખરૂપ સંસારસાગરને તરી જવાનો પ્રયત્ન કરી લેવો. એમાં વાટ જોવી નહિ. જો આ નૌકા તેમ કરતા પહેલાંજ ભાંગી તુટી જાય તો તેનો નિશ્ચે સંસારસાગરમાં પાત થાય જ, એમાં લેશ શંકા નથી. દેહનૌકા મેળવવા માટે પૂર્વનાં પુણ્યો ખોઈ નાંખ્યાં અને મેળવેલી નૌકાનો કશો સદુપયોગ કર્યો નહિ. જેથી સર્વસ્વ નાશ જેવો ઉદ્યમ થયો. આ બાબતને ભગવાન્ શ્રીકૃષ્ણ, **'एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम्' 'अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व मां'** એમ સંક્ષેપમાં કહે છે ॥૭–૧૦॥

यूयं भाग्याधिका भोगान् प्राकृतान् दुर्भगान् धिया ।
त्यक्त्वा हरेस्तु शरणं पादमूलं यदाश्रिताः ॥ ११ ॥
भवतां प्रश्नवाक्यैस्तु स्मारितः श्रीहरेः पदम् ।
पुनर्युवेव संवृत्तस्तदनुध्याननिर्वृतः ॥ १२ ॥

હે મુનિઓ ! તમો સર્વે અધિક ભાગ્યવાળા થયા છો, કારણ કે–દુર્ભગ (જેમાં કાંઈ સાર નથી) એવા પ્રાકૃત તુચ્છ વિષય ભોગોને મનથી ત્યાગ કરીને, શ્રીહરિના નિર્ભય ચરણમૂળના સુદૃઢ શરણને પામ્યા છો ॥ તમારા પ્રિય પ્રશ્નવચનોએ ભગવાન્ શ્રીહરિના સ્વરૂપની મને સ્મૃતિ કરાવી છે, જેથી

શુભાશ્રય એમના ધ્યાનથી હું અત્યંત આનંદને પામીને, જાણે ફરીને યુવાન બન્યો હોઉં તેવો સ્ફુર્તિવાળો થયો છું ॥૧૧-૧૨॥

हन्त ! वोऽहं प्रवक्ष्यामि ज्ञानं माहात्म्यसंयुतम् ।
यत्सेवनादञ्जसा वो भवेत् स्वपरवेदनम् ॥ १३ ॥
विरक्तिर्मायिके भावे रक्तिश्च परमात्मनि ।
धर्ममार्गे प्रवृत्तिश्च निवृत्तिरसतोऽध्वनः ॥ १४ ॥
प्रत्यक्षं श्रीहरिं प्राप्ता अहं यूयं तथेतरे ।
लब्धस्वजनिसाफल्याः कृतकृत्याश्च साम्प्रतम् ॥ १५ ॥
प्रयोजनं यज्ज्ञानानां कर्मणां चैव सत्तमाः ।
तत्प्राप्तवन्तः सर्वे हि वयं श्रीहरिसंश्रयात् ॥ १६ ॥

આ બહુ હર્ષની બાબત છે-હવે હું તમોને માહાત્મ્ય જ્ઞાને સહિત એવું તત્ત્વજ્ઞાન કહું છું, તેને એકાગ્ર મન રાખીને શાંતિથી સાંભળો. જે જ્ઞાનના સેવનથી તમોને આત્મા પરમાત્માનું અપેક્ષિત જ્ઞાન તત્ત્વતઃ થશે અને માયિક વિષયોમાં વિરક્તિ (વૈરાગ્ય) અને પરમાત્મામાં રક્તિ (પ્રીતિ) થશે. આ અર્થ 'विषयतो विरतिश्च हरौ रतिः' આ વચનમાં વ્યક્ત છે. વળી ધર્મમાર્ગમાં પ્રવૃત્તિ અને અધર્મમાર્ગથકી નિવૃત્તિ થશે, એવું આ જ્ઞાનનું બહુ માહાત્મ્ય છે॥ હું, તમો અને આ બીજા બધાઓ પ્રત્યક્ષ શ્રીહરિને પામ્યા છીએ, જેથી બહુ પુણ્યથી મળેલા માનવ જન્મની સફળતાને પામ્યા અને તેથી હાલમાં કૃતાર્થ થઈ ગયા છીએ. કશું કરવાનું અવશેષ નથી ॥ હે સત્તમાઃ ! મહામહેનતે મેળવેલાં તત્વજ્ઞાનો અને શુભ કર્મોનું જે પ્રયોજન (ફળ) માન્યું છે તેને તમો સર્વે, કેવળ શ્રીહરિના સમાશ્રયણથી જ પામ્યા છો. તમારે હવે કાંઈ શ્રોતવ્ય જ્ઞાતવ્ય પ્રાપ્તવ્ય બાકી રહ્યું નથી ॥ ૧૩-૧૬ ॥

अथापि भवतां प्रश्नमनुरुध्य ब्रवीम्यहम् ।
प्रमोदनाय महतामध्यात्मज्ञानगर्भितम् ॥ १७ ॥
एतावदेव कर्तव्यं देहिनां त्वनुशिष्यते ।
यद्धरे राधनं साक्षात्तद्भक्तानां च तोषणम् ॥ १८ ॥

તથાપિ તમારા પ્રશ્નને અનુસારે મહાજનોના આનંદ માટે અધ્યાત્મજ્ઞાનગર્ભિત તે આ આખ્યાનને હવે કહું છું ॥ દુર્લભ મનુષ્ય દેહને પામેલા નરોએ અવશ્ય કરવાયોગ્ય તો આટલું જ બાકી રહે છે કે–સાક્ષાત્ શ્રીહરિનું સમારાધન કરી લેવું અને એમના પ્રિયતમ ભક્તોની પ્રસન્નતા મેળવી લેવી ॥ ૧૭–૧૮ ॥

आयुर्वेदो धनुर्वेदो वेदो गान्धर्व एव च ।
अर्थशास्त्रं तथा वार्ता दण्डनीतिश्च भूभुजाम् ॥ १९ ॥
चतुःषष्टिकला याश्च विस्तृता लोकविश्रुताः ।
नानाशब्दार्थवैचित्र्यचित्रिताश्चित्तरञ्जकाः ॥ २० ॥

આયુર્વેદ, (વૈદ્યક) ધનુર્વેદ, (શસ્ત્રઅસ્ત્રાદિ) ગાંધર્વવેદ (ગાયનજ્ઞાન) અર્થશાસ્ત્ર, (દ્રવ્ય કમાવાના ઉપાયો) વાર્તા, (ખેતી, વ્યાપાર વિગેરે વૃત્તિઓ) રાજાઓની દંડનીતિ, ચોસઠ કલાઓ કે જે લોકમાં વિવિધ રીતે વિખ્યાતિને પામેલી વિસ્તૃત છે. જે નાનાવિધ શબ્દો અને અર્થોની વિચિત્રતાથી ચિતરેલી હોઈને સકળ લોકોના ચિત્તને રંજન કરનારી છે ॥ ૧૯–૨૦ ॥

महाकविप्रणीताश्च प्रबन्धाः प्रथिता भुवि ।
नानाविज्ञानशास्त्राणि भौतिकानि महान्त्यपि ॥ २१ ॥
लोकयात्रोपयोगीनि त्रैवर्गिकफलानि च ।
सर्वाण्येतानि जानीध्वं वाचां विलसितानि वै ॥ २२ ॥

કાલીદાસ આદિક મહાકવિઓએ કરેલા પ્રબંધો પૃથ્વી ઉપર પ્રખ્યાત છે; તથા નાના પ્રકારનાં મોટાં મોટાં ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રો કે જે લોકોના પોષણમાં ઉપયોગી હોઈને ધર્મ અર્થ કામ આ ત્રણ ફળોના અનુસંધાનવાળાં છે. આ બધી જ બાબતો કેવળ વાણીના વિલાસમાત્ર છે મોક્ષમાં કશા જ ઉપયોગની નથી, એમ તમો નિશ્ચયથી સમજો ॥ ૨૧–૨૨ ॥

यत्रोत्तमश्लोककथा न बध्यते तत्पादपद्मप्रवणात्मनां वा ।
गङ्गेव लोकत्रयकल्मषाऽपहा कुकाव्यमाहुर्मुनिसत्तमास्तत् ॥२३॥
यस्मिंस्तु मात्रास्वरदोषदुष्टे वृत्तच्युतेऽप्यच्युतकीर्तिगाथा ।
निबध्यते भक्तिरसोपपादिका तमुत्तमं काव्यमुदाहरन्ति ॥२४॥

જે કાવ્યમાં સર્વોત્તમ કીર્તિશાળી ભગવાનની અને તેમના ચરણ-કમળમાં તત્પર મનવાળા મહાભક્તોની કથાનું ગ્રથન નથી. તેમજ જેમ ગંગાજી ત્રિલોકીને પાવન કરે છે તેમ ત્રિલોકીના પાપને હરનારી હરિ-કથાઓની ગુંથણી નથી. એવાને તો મુનિવર્યો કુકાવ્ય તરીકે તુચ્છ કહે છે. એનો મોક્ષમાં કશો ઉપયોગ નથી. જે કાવ્ય ભલે માત્રા (**'एकमात्रा भवेत् ह्रस्वः'** એમાં કહ્યા મુજબ) સ્વર (ઉદાત્ત અનુદાત્ત સ્વરિત) આદિક દોષોથી દૂષિત હોય (માત્રા સ્વરનું કશુંજ ઠેકાણું ન હોય) અને તેતે વૃત્તો (આર્યા ઉપજાતિ આદિક)થી ભ્રષ્ટ હોય (વૃત્તોનું કશુંજ ઠેકાણું ન હોય) તથાપિ જેમની કીર્તિ અચ્યુત-અખંડ છે એવા ભગવાનની દિવ્ય અદ્ભુત કથાઓ કે જે ભગવાનમાં ભક્તિરસને ઉપજાવનારી છે તેમનું વર્ણન હોય તેને જ ઉત્તમ કાવ્ય કહે છે ॥ ૨૩-૨૪ ॥

काव्यं हरिकथायुक्तं यन्मोक्षपथदेशिकम् ।
तस्याभ्यासी तु सततं ब्रह्मानन्दं समश्नुते ॥ २५ ॥

त्रिवर्गफलकग्रन्थव्यासङ्गस्तु श्रमाऽऽवहः ।
न शान्तिलाभस्तस्मात्तु पुंसोऽनर्थेषु धावतः ॥ २६ ॥

अत्रेममितिहासं च ब्रवीमि भवतः पुनः ।
श्रीमद्भागवतप्रोक्तं कृष्णद्वैपायनाश्रितम् ॥ २७ ॥

જે કાવ્ય, ભગવાન્ શ્રીહરિની દિવ્ય કથાના સંબન્ધવાળું હોઈને મોક્ષમાર્ગને બતાવનારૂં છે, તેનો સતત અભ્યાસી સુજન તો બ્રહ્માનંદને પામે છે ॥ ધર્મ અર્થ કામ, આ ત્રિવર્ગરૂપ ફળને નિરૂપનારા ગ્રંથો છે તેનો જે વ્યાસંગ છે તે તો કેવળ શ્રમને જ કરનારો છે. કશુંજ સ્થિર ફળ આપનારો થતો નથી. અનર્થરૂપ એ માર્ગમાં દોડયા કરતા પુરુષને તેનાથી કશીજ શાંતિ મળતી નથી. આ બાબતમાં એક ઇતિહાસ કે જે શ્રીમદ્ભાગવતમાં કહેલો વ્યાસમુનિના સંબંધવાળો છે તેને તમારી આગળ હવે કહું છું. ॥ ૨૫-૨૭ ॥

अष्टादशपुराणानां कर्ता नारायणांशकः ।
वेदानां व्यासकृच्चापि द्विजानुग्रहकाम्यया ॥ २८ ॥

भारतात्सूत्रजाताच्च श्रुत्यर्थस्थापको भुवि ।
कृतवानपि लोकस्य क्षेममार्गं कृपाकरः ॥ २९ ॥

नाध्यगच्छत्परां शान्तिं कृष्णद्वैपायनो मुनिः ।
कृतं मया महत् कर्म भविनां शं यथा भवेत् ॥ ३० ॥
अथापि मे मनःशान्तिर्न जातेति सुविस्मितः ।
अकृतार्थं स्वमात्मानं मन्यमानो व्यखिद्यत ॥ ३१ ॥

એ ઈતિહાસને હવે કહે છે—વ્યાસમુનિ કે જે પોતે અઢાર પુરાણોના પ્રણેતા છે, વધુમાં નારાયણના અંશ છે. દ્વિજાતિઓ ઉપર અનુગ્રહ કરવાની કામનાથી વેદોનો વિસ્તાર (ચાર વિભાગ) કરનારા છે ॥ વળી મહાભારત તથા સમગ્ર વ્યાસસૂત્રોમાં શ્રુતિપ્રોક્ત સદર્થના જગતમાં સ્થાપનારા પ્રથમ છે. કૃપાના ખાણરૂપ આ મહામુનિએ વળી લોકોના યોગક્ષેમ માટેનો માર્ગપણ પ્રવર્તાવ્યો છે. આ રીતે વ્યાસમુનિએ ભાવી લોકોને સુખ થાય એવું મહત્ કાર્ય કર્યું, તથાપિ તેમના મનમાં શાંતિને પામ્યા નહિ. મેં લોકોના સુખ સારૂં બહુ બહુ મહા કાર્યો કર્યાં તથાપિ મારાં મનમાં શાંતિ કેમ થતી નથી એમ વિચારીને અત્યંત વિસ્મયને પામી ગયા અને પોતાના આત્માને અકૃતાર્થ (મેં કાંઈ કર્યું નહિ) એમ માનીને બહુ ખેદ કરવા લાગ્યા ॥ ૨૮–૩૧ ॥

अत्रान्तरे च भगवान् नारदः प्रियदर्शनः ।
तदाश्रमपदं प्राप नादयन् बृहतीं शुभाम् ॥ ३२ ॥

આ અવસરે જેમનું દર્શન સર્વકોઈને પ્રીતિ ઉપજાવનારુ છે એવા ભગવાન્ નારદજી પોતાની **બૃહતી** નામની વીણાને મધુર સ્વરથી વજાડતા થકા દૈવયોગાત્ તે **શમ્યાપ્રાસ** નામના આશ્રમમાં આવ્યા ॥ ૩૨ ॥

दृष्ट्वा मुनिं नारदमादरेण सभाजयित्वा हरिदासवर्यम् ।
स्वान्तःस्थितं खेदमुदाजहार व्यासो मनस्तापहरा हि सन्तः ॥३३॥

સમસ્ત હરિદાસોમાં વર્ય મનાતા એવા આવતા નારદમુનિને જોઈને જ અતિશય આદરથી તેમની ઉચિત પૂજા સત્કાર આદિક કરીને, વ્યાસ-

મુનિ, પોતાના અંતરમાં અનુવર્તતા અતિખેદને કહેવા લાગ્યા, કારણ કે જે સંતો છે તે મનના સંતાપોને સંહરનારા છે ॥ ૩૩ ॥

प्रोवाच नारदो व्यासं त्रिलोकज्ञस्त्रिलोकगः ।
शृणुष्व मनसोऽशान्तेः कारणं बादरायण ! ॥ ३४ ॥

ત્રિલોકીમાં અંતરાય વિના સર્વત્ર વિચરનારા હોવાથી ત્રણ લોકના વૃત્તાંતને પૂરેપૂરુ જાણનારા નારદ મુનિ, વ્યાસમુનિના પ્રતિ બોલ્યા કે–હે બાદરાયણ! તમારા મનમાં અશાંતિ વર્તે છે તેનું ખરૂ કારણ કહું છું તેને સાંભળો ॥ ૩૪ ॥

सत्यं वहु कृतं ब्रह्मन् ! दुष्करं लोकसौख्यकृत् ।
परं नैश्रेयसः पन्था न सम्यक् विवृतस्त्वया ॥ ३५ ॥

હે બ્રહ્મન્! તમોએ સર્વ લોકોને સુખને કરનારાં બહુ બહુ કાર્યો કે જે બીજા કોઈથી પણ બની શકે નહિ એવાં કર્યાં છે એ બાબત સાવ સાચી છે. પરંતુ મોક્ષના માર્ગનું વિવરણ સારી રીતે કરવું જોઈતું હતું તે કર્યું નથી. ॥ ૩૫ ॥

त्रैवर्गिकपुमर्थार्थं संसारे भ्राम्यतां नृणाम् ।
भूयस्त्रिवर्गप्रावण्यं जनयन्ति भवद्गिरः ॥ ३६ ॥
आत्मघातप्रवृत्तस्य हस्ते निस्त्रिंशदानवत् ।
कामात्मभ्योऽनर्थकरं त्रैवर्गिकनिरूपणम् ॥ ३७ ॥
त्रिवर्गसाधनान्येव भवता विस्तृतानि हि ।
अशान्तेर्भवतो हेतुमिदमेवोपधारय ॥ ३८ ॥
अतो मोक्षैकफलदां संहितां कुरुताद्भवान् ।
त्रिवर्गोपरमो यस्याः सेवया देहिनां भवेत् ॥ ३९ ॥

ધર્મ અર્થ કામ આ ત્રણ પુરુષાર્થોના સંપાદન માટે સંસારમાં વારે વારે ભટકયા કરતા મનુષ્યોને ફરીથી એજ ત્રણ પુરાણાર્થમાંજ તત્પરતાને ઉપજાવે એવી આપની વાણીઓ જણાય છે, જેમ કોઈ મૂર્ખ માણસ પોતે આત્મઘાત કરવા પ્રવર્ત્યો હોય અને તેના હાથમાં કોઈ તરવાર આપે તો તે આત્મઘાત જરૂરથી કરે જ, એના જેવી આ સ્થિતિ બની છે. જેઓનું મન,

ત્રિવર્ગમાં વળગેલું છે એવા મૂઢોને તો આ જે આપે ત્રિવર્ગનું વિવરણ કર્યું છે. તેતો અનર્થકરજ નિવડયું છે ॥ આપે ત્રિવર્ગની સિદ્ધિ થાય એવાં જ સાધનો સવિસ્તર વર્ણવ્યાં છે. આપને આ જે અંતરમાં અશાંતિ વર્તે છે તેનું ખરું કારણ એજ છે એમ નિશ્ચયથી જાણો. (મોક્ષ માર્ગનો ઉપાય તો અતિ અલ્પ વર્ણવ્યો છે, તે પણ ત્રિવર્ગથી મિશ્રિત છે) એમ હોવાથી હવે તમો એક મોક્ષ ફળને જ આપનારી સંહિતાને કરો, કે જેના શ્રવણ કીર્તન આદિકના સેવનથી મુમુક્ષુ મનુષ્યો, ત્રિવર્ગ થકી નિવૃત્તિ પામીને મોક્ષ માર્ગે આવશે ॥ ॥ ૩૬–૩૯ ॥

इत्युक्त्वा स चतुःश्लोक्या देवर्षिर्नारदस्तदा ।
व्यासायोपादिशद्धीमान् श्रीमद्भागवतं शुभम् ॥ ४० ॥

આ રીતે સાચું કહીને બુદ્ધિમાન્ દેવર્ષિ મુનિએ એજ સમયે ચતુશ્લોકી (**'ज्ञानं परमगुह्यं मे'** ઇત્યાદિ ચાર શ્લોકોવાળા) શુભ ભાગવતનો વ્યાસમુનિને ઉપદેશ કર્યો ॥ ૪૦ ॥

वेदव्यासोऽपि भगवान् तदृच्छ्रुत्वा सुसमाहितः ।
पुण्ये सरस्वतीतीरे स्वाश्रमे नियमस्थितः ॥ ४१ ॥
महाभागवतं चक्रे संसार्युद्धारकाम्यया ।
धर्मज्ञानविरक्तीनां भक्तेश्च परिपोषकम् ॥ ४२ ॥
यस्य श्रवणमात्रेण हरिर्हृद्यवरुध्यते ।
तदा च भगवान् व्यासः शान्तोऽभूत् कृतकृत्यकः ॥ ४३ ॥

ભગવાન્ વેદવ્યાસ પણ નારદ ઋષિનું સુવાકય સાંભળીને, બહુ સાવધ થઈને, પવિત્ર સરસ્વતી તીર ઉપર આવેલા શમ્યાપ્રાસ સંજ્ઞાવાળા સ્વાશ્રમમાં નિયમતત્પર રહીને, સંસારી જીવોના ઉદ્ધારની ઉદાર કામનાથી મહાભાગવત પુરાણની રચના કરી. જે પુરાણ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિને સારી રીતે પોષનારું હોઈને, જેના શ્રવણ માત્રથી હૃદયમાં શ્રીહરિનો નિવાસ થાય છે. નારદ મુનિના કહેવા મુજબ કરવાથી ભગવાન્ વ્યાસમુનિ, પરમ શાંતિને પામ્યા અને કૃતાર્થ થઈ ગયા ॥ ૪૧–૪૨–૪૩ ॥

कलौ हरिकथैवैका नृणां कल्याणकारिका ।
अन्ये तु दुष्कराः प्रोक्ता उपाया अन्तिमे युगे ॥ ४४ ॥
एकतस्तु तपोध्यानयज्ञदानादिसाधनम् ।
एकतस्तु कथा विष्णोः प्रभावात् सा विशिष्यते ॥ ४५ ॥
यत्र सन्ति द्रवच्चित्तप्रेमाश्रुपुलकोद्गमाः ।
सेयं हरिकथा पुण्या पापसञ्चयनाशिनी ॥ ४६ ॥

આ કલિયુગ કે જે દોષોના નિધિરૂપ છે તેમાં હરિકથા જ એક નરોનાં કલ્યાણ કરનારી છે. કલિમાં એજ ગુણ અધિક માન્યો છે. બીજા બહુ ઉપાયો તપ ત્યાગ યોગ યજ્ઞ આદિક શાસ્ત્રોમાં કહ્યા છે પરંતુ કલિકાળમાં મનુષ્યોએ કરી શકાય એવા સહેલા નથી-બહુ કઠિન છે ॥ એક તરફ તપ ધ્યાન યજ્ઞ દાન આદિક સાધનોને મૂકીએ અને બીજી તરફ વિષ્ણુ ભગવાનની કથાને મુકીએ, તો તેમાં પ્રભાવમાં વિષ્ણુકથાની જ અધિકતા આવે છે. બીજાં બધાં સાધનો ગૌણ બને છે. જેમાં હૃદય દ્રવિત થઈ જાય, આંખોમાં પ્રેમનાં આંસુ આવી જાય અને શરીરમાં રોમ ઉભાં થઈ જાય એવી જે શ્રીહરિની પુણ્યકથા છે તે પૂર્વનાં સંચિત સમગ્ર ઉગ્ર પાપોને નાશ કરનારી નિશ્ચે થાય છે ॥ ૪૪-૪૬ ॥

न वेदराशेः परमस्ति शास्त्रं न वासुदेवात्परमस्ति दैवम् ।
न कृष्णमन्त्रात्परमोऽस्ति मन्त्रो न साङ्ख्यबुद्धेः परमस्ति शान्तम् ॥४७॥
न चास्ति यज्ञः परमो जपात्तु न भक्तियोगात् परमोऽस्ति योगः ।
न कृष्णसौख्यात्परमस्ति सौख्यं हरेः कथातो न पराऽन्यगाथा ॥४८॥

જેમ વેદરાશિ થકી અધિક કોઈ શાસ્ત્ર નથી-એજ એક સર્વાધિક છે, જેમ વાસુદેવથકી અધિક અન્ય કોઈ દેવ નથી-એજ એક સર્વાધિક દેવ છે, જેમ કૃષ્ણમંત્ર થકી પર બીજો કોઈ મંત્ર નથી-એજ એક સર્વશ્રેષ્ઠ છે, જેમ સાંખ્ય બુદ્ધિ થકી (આત્મવિચાર) થકી અધિક કોઈ શાંતિદાતા નથી-એજ એક અધિક શાંતિદાતા છે, જેમ જપયજ્ઞ થકી શ્રેષ્ઠ બીજો કોઈ યજ્ઞ નથી-એજ એક પરમ યજ્ઞ છે, જેમ ભક્તિયોગ થકી

ઉત્તમ બીજો કોઈ અધિક યોગ નથી–એજ એક ઉપાય પરમોત્તમ છે, જેમ શ્રીકૃષ્ણના સુખ થકી બીજુ કોઈ અધિક સુખ નથી–એજ નિરતિશય સુખ છે, તેમ હરિકથા થકી બીજી કોઈ કથા શ્રેષ્ઠ નથી-એજ એક સર્વ સાધનો કરતાં શ્રેષ્ઠ છે ॥ ૪૭–૪૮ ॥

अपहाय कथामन्यां तस्माच्छ्रीहरिसंश्रिताम् ।
मुमुक्षुजनसंसेव्यां परमार्थावबोधिनीम् ॥ ४९ ॥
ज्ञानवैराग्यमाहात्म्यबुद्धिभक्तिविवर्धनीम् ।
कथयामि कथां सद्यः श्रुतेः शान्तिसुखप्रदाम् ॥ ५० ॥

શ્રીહરિકથાનો આવો મોટો મહિમા હોવાથી બીજી કુકથાઓનો ત્યાગ કરીને, શ્રીહરિનાજ ખાસ સંબન્ધવાળી, મુમુક્ષુ મનુષ્યોએ સદા સેવવા યોગ્ય, પરમાર્થનો પ્રબોધ આપનારી, જ્ઞાન વૈરાગ્ય માહાત્મ્યજ્ઞાન અને ભક્તિને વધુ વધારનારી અને શ્રવણમાત્રથી તત્કાળ શાંતિ તથા સુખને આપનારી એવી હરિકથાને હું હવે કહું છું તેને સાવધ થઈને સાંભળો ॥ ૪૯–૫૦ ॥

पुराणन्यायमीमांसाधर्मशास्त्राङ्गमिश्रिताः ।
वेदाः स्थानानि विद्यानां धर्माणां च प्रकीर्तिताः ॥ ५१ ॥
एष्वात्मतत्त्वविज्ञानं धर्मजातं च भूरिशः ॥
प्रकीर्तितं नृणां भूत्यै चतुर्वर्गोपपादकम् ॥ ५२ ॥
एतेषां सतताभ्यासात् ज्ञानं संसाध्यते बुधैः ।
क्लेशोऽधिकतरस्त्वेभ्यस्तत्त्वज्ञानार्जने नृणाम् ॥ ५३ ॥
तत्सच्छास्त्रार्थसर्वस्वसङ्ग्रहात्मकमुत्तमम् ।
श्रोतव्यं श्रद्धयैवेदं मद्वचो मोक्षकाङ्क्षिभिः ॥ ५४ ॥

ઉપનિષદો સાથે વેદો, (છ અંગો સાથે) પુરાણો, ન્યાય શાસ્ત્ર, મીમાંસાશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, વિગેરે વિદ્યા મેળવવામાં અને ધર્મો જાણવામાં મુખ્ય મથકો માન્યાં છે. આ શાસ્ત્રોમાં અધ્યાત્મતત્ત્વનું જ્ઞાન તથા સમગ્ર ધર્મોનું જ્ઞાન તથા ધર્માદિ ચાર પુરુષાર્થને પ્રતિપાદનારૂં સમગ્ર જ્ઞાન કહ્યું

છે. આ શાસ્ત્રોનો સતત અભ્યાસ કરવાથી બુધ જનો ઉક્ત જ્ઞાનને સિદ્ધ કરે છે. તેમાં જે તત્ત્વજ્ઞાન છે તેના સંપાદનમાં તો નરોને અત્યધિક ક્લેશ પડે છે. એ જ્ઞાન બહુ ગહન હોઈને સાધવું બહુ કઠિન છે. માટે સમસ્ત સચ્છાસ્ત્રોના સર્વસ્વ અર્થોના સંગ્રહરૂપ સર્વોત્તમ જ્ઞાન હું કહીશ, તો આ મારૂં હિત વચન, મોક્ષની આકાંક્ષાવાળા સર્વ સુજનોએ શ્રદ્ધાથી સાંભળવું ॥ ૫૧–૫૪ ॥

चतुर्मुखाय यो दिदेश वेदशास्त्रसंहितां
समादिशच्च नारदाय पाञ्चरात्रसंहिताम् ।
अपाययत्सुबोधदुग्धमर्जुनं च यः पुरा
तमात्मबुद्धिदं गुरुं हरिं भजेम सन्ततम् ॥ ५५ ॥

इति श्रीमति आध्यात्मिकतत्त्वाख्याने शतानन्दमुनिकृताख्यान-कथनोपक्रमो नाम द्वितीयोऽध्यायः ॥ २ ॥

જે ભગવાને '**यो वै वेदांश्च प्रहिणोति तस्मै**' આ શ્રુતિમાં કહ્યા મુજબ, વેદ નામની શાસ્ત્રસંહિતાનો સર્ગના સમારંભમાં બ્રહ્માને ઉપદેશ આપ્યો હતો. તે પછી '**पाञ्चरात्रस्य कृत्स्नस्य वक्ता नारायणः स्वयं**' એમાં કહ્યા પ્રમાણે પ્રિય ભક્ત નારદજીને **પાંચરાત્ર** નામની મોટી સંહિતાનો ઉપદેશ આપ્યો હતો, તે પછી વળી શ્રીકૃષ્ણ સ્વરૂપથી પૂર્વે પ્રિય અર્જુનને **ગીતા** નામથી તત્ત્વજ્ઞાનામૃતનું પાન કરાવ્યું હતું. તે તત્ત્વજ્ઞાનને આપનારા, શાસ્ત્રયોનિ, આદિગુરુ, શ્રીહરિનું આપણે નિરંતર ભજન કરીએ ॥ ૫૫ ॥

ઇતિશ્રી. ગુર્જરાનુવાદે દ્વિતીયોધ્યાય ॥ ૨ ॥

(આત્મા–પરમાત્માને અધિકાર કરીને પ્રવર્તેલું જે તત્ત્વજ્ઞાન તે અધ્યાત્મ તત્ત્વજ્ઞાન કહેવાય. તે બન્નેનેજ આત્મતત્ત્વ તરીકે શાસ્ત્રોએ સંમાન્યાં છે.

तृतीयोऽध्यायः ।

शतानन्दमुनिरुवाच—

गोलोके स्वेऽक्षरे धाम्नि जुष्टं राधादिशक्तिभिः ।
नित्यमुद्भूतषाड्गुण्यं श्रीकृष्णं हृदि चिन्तये ॥ १ ॥
सहजानन्दतृप्तं तं निस्तरङ्गार्णवोपमम् ।
सर्वज्ञं सत्यसङ्कल्पं सहजानन्दमाश्रये ॥ २ ॥

શતાનંદમુનિ કહે છે—હે મુનિઓ ! ગોલોકના મધ્યને વિષે રહેલા પોતાના દિવ્ય અક્ષર ધામમાં, પત્નીભૂત રાધા લક્ષ્મી આદિક દિવ્ય શક્તિઓએ દિવ્ય ઉપચારો વડે સદા સેવાતા, (આ અર્થ વચ૦ ઉપોદ્‌ઘાતમાં તથા વર–૧૮ માં સ્પષ્ટ છે) જેમાં જ્ઞાન, શક્તિ, બળ, ઐશ્વર્ય, વીર્ય, તેજ, આ છ મુખ્ય ગુણો (ભગવચ્છબ્દવાચ્ય) નિત્ય પ્રકાશે છે. એવા **શ્રીકૃષ્ણ** ભગવાનનું હું હૃદયને વિષે ધ્યાન કરું છું. (શિક્ષા–૧ શ્લોકનું અનુસંધાન છે) ॥ ૧ ॥ **'सैषा आनन्दस्य मीमांसा भवति'** **'आनन्दो ब्रह्म'** ઇત્યાદિ શ્રુતિઓએ નિરવધિકાતિશયપણે વર્ણવેલો, **સહજ** સ્વાભાવિક (બીજાઓની પેઠે સાધને કરીને મેળવેલો નહિ) એવો જે **આનંદ** તેણે નિત્ય તૃપ્ત, (સ્વરૂપાનંદથી જ સદા સંતૃપ્ત) માટે જ તરંગોએ રહિત હોઈને નિશ્ચળ મહાસાગરની ઉપમા એમના સ્વરૂપને અપાય છે. (તાત્પર્ય એ છે કે– જેમ અમૃતનો તરંગરહિત અપાર સાગર ભર્યો હોય તેમ પરમાત્માસ્વરૂપ સ્વયંપ્રકાશ આનંદાનુભવથી પરિપૂર્ણ નિત્ય તૃપ્ત છે, જેથી એમને સ્વરૂપાનંદથકી બીજા ગુણરૂપ વૈભવ વગેરેના અનુભવાનંદની કશી અપેક્ષા નથી. અનુપમ અનુકૂળ સ્વરૂપાનંદની આગળ બીજા ગુણરૂપ વિભવાદિકના આનંદાનુભવની કશી ગણતરી નથી. ભગવાન નિરપેક્ષ સહજ સ્વરૂપાનંદથી નિત્ય તૃપ્ત છે. **'यःसर्वज्ञः सर्वचित्'** **'यो वेत्ति युगपत्सर्वं प्रत्यक्षेण सदा स्वतः'** ઇત્યાદિ શ્રુતિ–સ્મૃતિમાં **સર્વજ્ઞપણે** અને **'सत्यकामः सत्यसङ्कल्पः'** ઇત્યાદિ શ્રુતિઓમાં સત્યકામ–**સત્યસંકલ્પણે** વર્ણવેલા એવા શ્રી સહજાનંદ–સ્વરૂપથી આનંદમય હોવાથી **સહજ** શબ્દવાચ્ય સાધુજનોને **'एष ह्येवानन्दयाति'** આ શ્રુતિમાં કહ્યા મુજબ આનંદ આપનારા હોવાથી સહજાનંદ મંગળ નામથી વિખ્યાતિને પામેલા અને વૈષ્ણવી દીક્ષાના અંગભૂત નામસંસ્કારમાં ગુરુ રામાનંદ સ્વામીએ **'સહજાનંદ'** એવા

ગુણાનુગુણ નામથી નવાજેલા. એવા શ્રીહરિનો હું આશ્રય કરૂં છું. આથી શ્રીકૃષ્ણ શ્રીહરિની સ્વરૂપથી અભિન્નતા જણાવી ॥ ૨ ॥

दिव्यैः सेवोपकरणैर्ब्रह्मभूतात्मभिः सदा ।
सेव्यमानपदाम्भोजं घनश्यामं नमामि तम् ॥ ३ ॥

स्वयंप्रभं महानन्दप्रदं नित्यं सदक्षरम् ।
निर्गुणं चाप्रमेयं यद्धाम दिव्यं स्मरामि तम् ॥ ४ ॥

જેમનો આત્મા બ્રહ્મભૂત (શુદ્ધ) થએલો છે (પરંબ્રહ્મના સાધર્મ્યને પામેલા) દિવ્ય ભકતોએ ચંદન પુષ્પહાર આદિક સેવોપકરણોએ કરીને સદા સેવાતું છે ચરણકમળ જેમનું, એવા શ્રી **ઘનશ્યામ**ને હું કાય વાણી મનથી નમસ્કાર કરૂં છું. ભગવાનની મૂર્તિનો મૂળ વર્ણ ઘનસમાન શ્યામ હોવાથી **ઘનશ્યામ** નામથી નિરૂપ્યા છે. ઘન એટલે મેઘ. આનું અનુસંધાન **'नवीनजीमूतसमानवर्ण'** આ વાકયમાં છે ॥ ૩ ॥ જેમનું પરમ ધામ, સ્વયંપ્રકાશ, મહાઆનંદને આપનારૂં, નિત્ય (સદાકાળ રહેનારૂં) સત્, (કદાપિ વિકારને નહિ પામનારૂં) અક્ષર, (જેનો ક્ષર-નાશ નથી) નિર્ગુણ, (માયાના સત્વાદિ ગુણે વર્જીત) અપ્રમેય, (અમાપ) દિવ્ય (અપ્રાકૃત) છે. એવાં વિલક્ષણ વિશેષણોએ વિશિષ્ટ એવા પ્રકૃતિ પરં ધામના અધિપતિ શ્રીહરિનું હું સ્મરણ કરૂં છું ॥ ૩-૪ ॥

य आदौ प्रकृतिं चैव पुरुषं स्वेच्छया विभुः ।
आविश्याऽक्षोभयत् व्यक्त्यै तं महापुरुषं भजे ॥ ५ ॥

चतुर्विंशतितत्त्वेभ्यः संहतेभ्यो य इच्छया ।
ब्रह्माण्डमसृजद्धैमं हेमगर्भं नमामि तम् ॥ ६ ॥

જે વિભુ-પરમાત્મા **'बहु स्यां प्रजायेय'** આ શ્રુતિમાં કહ્યા મુજબ બહુરૂપે થવાની ઇચ્છા કરતાં પ્રથમ સ્વેચ્છાથી જ પ્રકૃતિ અને પુરુષમાં પ્રવેશ કરીને, જગતના વિસ્તાર માટે તેને ક્ષોભ પમાડે છે, તે **મહા-પુરુષ**ને હું ભજું છું. (કાર્યને ઉન્મુખ કરવું એ ક્ષોભ જાણવો) **'वेदाहमेतं पुरुषं महान्तं' 'महापुरुषशब्दं हि बिभर्त्येकः सनातनं' 'वन्दे महापुरुष ! ते चरणारविन्दम्'** એમાં કહ્યા પ્રમાણે **મહાપુરુષ** શબ્દ પરંબ્રહ્મનો વાચક છે.

પ્રકૃતિમાંથી અનુક્રમે ઉપજેલાં જુદાં જુદાં ચોવીશ તત્ત્વો પંચીકરણ પ્રક્રિયાએ પરસ્પર મળ્યાં ત્યારે તેમાંથી જે ભગવાન્ સ્વેચ્છાથી **હૈમ** (સુવર્ણના ગોળા જેવા) બ્રહ્માંડને સર્જે છે, તે **હેમગર્ભને** (હિરણ્યમય ગર્ભ જેનો છે એવા બ્રહ્મારૂપને) હું નમસ્કાર કરું છું ॥ ૫-૬ ॥

यो वै वैराजपुरुषः सहस्राक्षः सहस्रपात् ।
व्याप्य विश्वं स्थितः सर्वं विष्णुं तमभिवादये ॥ ७ ॥
गर्भोदके शयानस्य यस्य नाभिसमुद्भवे ।
पद्मे पद्मासनो जज्ञे पद्मनाभं तमाश्रये ॥ ८ ॥

'ततो विराडजायत सहस्राक्षः सहस्रपात्' આ શ્રુતિમાં વર્ણવ્યા પ્રમાણે જે સહસ્ર નેત્રોવાળા અને સહસ્ર ચરણવાળા (સહસ્ર શબ્દ અનંત અર્થમાં લેવો) વૈરાજ પુરુષ આ સર્વ વિશ્વમાં **'पातालमेतस्य हि पादमूलं'** આમાં કહ્યા મુજબ વ્યાપીને રહ્યા છે તે **વિષ્ણુને** હું અભિવંદન કરું છું. ગર્ભોદકમાં સુતેલા જે ભગવાનની નાભિથકી ઉપજેલા ચૌદ લોકાત્મક પદ્મ (કમળ) થકી પદ્માસન-બ્રહ્મા પ્રગટ થાય છે તે **પદ્મ-નાભનો** હું આશ્રય કરું છું. આ બાબત **'यस्याम्भसि शयानस्य योगनिद्रां वितन्वतः । नाभिह्रदाम्बुजादासीत् ब्रह्मा विश्वसृजां पतिः'** (ભાગ.) વચનમાં વ્યક્ત **છે** ॥ ૭-૮ ॥

चतुर्मुखेन सृष्टे च देहजाते चतुर्विधे ।
जीवेष्वन्तर्यामितया स्थितं स्तौमि फलप्रदम् ॥ ९ ॥
वाङ्मनश्चक्षुरादीनां स्वस्वशक्तिप्रबोधकम् ।
चक्षुराद्यनभिव्यक्तं हृषीकेशमुपास्महे ॥ १० ॥

ચતુર્મુખ-બ્રહ્માએ સર્જેલા ચાર (જરાયુજ-સ્વેદજ-અંડજ-ઉદ્ભિજ્જ) પ્રકારના તમામ દેહોમાં અને જીવોમાં અંતર્યામિપણે રહેલા, સર્વ કર્મ ફળદાતા, ભગવાનની હું સ્તુતિ કરું છું ॥ કેનોપનિષદમાં કહ્યા મુજબ વાણી મન ચક્ષુ આદિક ઈન્દ્રિયોને તેતે વદન મનન દર્શન આદિક શક્તિઓનો ઉદ્બોધ કરનારા અને પોતે તો ચક્ષુરાદિ ઈન્દ્રિયોના વિષયમાં નહિ આવનારા (અગોચર) એવા **હૃષીકેશનું** હું ઉપાસન કરુંછું. હૃષીક શબ્દ ઈન્દ્રિયોનો વાચક છે. તેના નિયંતા ભગવાન છે ॥ ૯-૧૦ ॥

स एव जीववर्गाणां क्षेमायर्षिमुखात्स्वयम् ।
धर्मं सनातनं श्रौतं व्यातनोच्च महीतले ॥ ११ ॥
य एव दैवसर्गाणां रक्षणाय महीतले ।
असुराणां च नाशायाऽबिभो रूपाणि भूरिशः ॥ १२ ॥
तं सर्वजगतां नाथमीश्वराणां महेश्वरम् ।
परं ब्रह्म परं देवं स्वामिनारायणं श्रये ॥ १३ ॥

પૂર્વોક્ત પ્રકારે વિવિધ નામ રૂપે વર્ણવેલા એ જ ભગવાન્ સર્વ જીવોના યોગક્ષેમ માટે નારદ મનુ આદિક ઋષિઓ દ્વારા શ્રુતિપ્રોક્ત સનાતન ધર્મોનો ભૂતળમાં વિસ્તાર કરે છે. જે ભગવાન્ દૈવી સંપત્તિવાળાઓના રક્ષણ માટે અને આસુરી સંપત્તિવાળાઓના વિનાશ માટે ભૂતળઉપર અનેકવિધ મત્સ્યાદિ-રામાદિ અવતારોને ધારે છે. એવા સમસ્ત જગતના નાથ અને ઈશ્વરોના ઈશ્વર એવા પરંબ્રહ્મ પરમદેવ **શ્રીસ્વામિનારાયણનો** હું આશ્રય કરૂં છું (આ રીતે શતાનંદ કૃત સ્તુતિ છે ॥ ૧૧-૧૩ ॥

भवद्भिर्यद्यदापृष्टं मयि तत्सर्वमेव तु ।
पृष्टं त्वभयराजेन साक्षात् श्रीहरिसन्निधौ ॥ १४ ॥
प्रसन्नो भगवान् तस्मै यत्तत्त्वज्ञानमुत्तमम् ।
उपादिशत्कृपापूर्णस्तद्युष्मभ्यं प्रकीर्तये ॥ १५ ॥
यस्य श्रवणतो यूयं जाताध्यात्मविनिश्चयाः ।
निःश्रेयसाय युक्ता वै भक्तिनिष्ठा भ विष्यथ ॥ १६ ॥

હે મુનિઓ! તમોએ જે જે પ્રશ્નો મારા પ્રત્યે પૂછ્યા તે સર્વે પ્રશ્નો **અભય** રાજાએ સાક્ષાત્ શ્રીહરિ પ્રત્યે પૂછ્યા હતા. પ્રશ્ન શ્રવણથી પ્રસન્ન થયેલા એ શ્રીહરિએ પૂર્ણ કૃપા કરીને અભય રાજાને ઉત્તમ તત્વજ્ઞાનનો ઉપદેશ કર્યો છે તે હું તમોને હવે કહુંછું. જેના શ્રવણથી તમો અધ્યાત્મજ્ઞાનના દૃઢ નિશ્ચયવાળા અને નિઃશ્રેયસ (મોક્ષ)ની યોગ્યતાવાળા અને ભગવાનની ભક્તિમાં પૂર્ણ નિષ્ઠાવાળા થશો. એવો આ જ્ઞાનનો મહિમા છે ॥ ૧૪-૧૬ ॥

राजा दुर्गापुराधीशोऽभयो नाम सुधार्मिकः ।
रक्षन् स्वविषयं नीत्या राजेत्वन्वर्थनामभाक् ॥ १७ ॥

आस्तिकाग्रेसरः श्रीमान् कृष्णाराधनतत्परः ।
सदाऽऽसक्तो भागवतकथासंश्रवणे भृशम् ॥ १८ ॥

દુર્ગપુર (ગઢડા)ના અધીશ એક **અભય** નામના રાજા પરમ ધાર્મિક હતા. પોતાના દેશનું સુનીતિથી સંરક્ષણ કરવાથી 'રાજા' એ નામ સાર્થક કરવાવાળા હતા. (પ્રજાઓને ઇષ્ટ પાપણ અને અનિષ્ટ નિવારણથી રાજી કરે તે **રાજા** કહેવાય). વળી આ શ્રીમાન્ રાજા આસ્તિકોમાં અગ્રણી અને પ્રથમથી શ્રીકૃષ્ણના આરાધનમાં તત્પર અને શ્રીમદ્ભાગવતની કથાના સંશ્રવણમાં સદાકાળ અત્યંત આસક્ત હતા. એવા બહુ ગુણવાળા હતા. ॥ ૧૭–૧૮ ॥

एकदा गुरुरूपेण चरन्तं पुरुषोत्तमम् ।
श्रीहरिं परमैश्वर्यजुष्टं सद्वृन्दवन्दितम् ॥ १९ ॥
क्षेमाय दैवभावानां श्रीकृष्णं प्रकटं विदन् ।
आकारेङ्गितचेष्टाभिर्योगैश्वर्यैश्च सर्वशः ॥ २० ॥
प्रणम्य विनतो भूत्वा परिपप्रच्छ सादरम् ।
स्तुत्वा सुपेशलैर्वाक्यैर्ज्ञानामृतपिपासया ॥ २१ ॥

એક સમયે ગુરુરૂપ (ઉપદેષ્ટા)થી પવિત્ર પૃથ્વી ઉપર વિચરતા, પરમેશ્વરપણાનાં સકળ ઐશ્વર્યોએ સંપન્ન, સંતનાં વૃન્દોએ વંદન કરાતા, "દૈવી જીવોના આત્યંતિક મોક્ષ માટે શ્રીકૃષ્ણ ભગવાનજ પુનઃ પ્રકટ થયા છે" એમ આકાર (ઉર્ધ્વરેખાદિ ચિહ્નો) ઇંગિત (હૃદયના શુભ અભિપ્રાયો) અને બીજી ચેષ્ટાઓએ કરીને, અને સર્વ યોગૈશ્વર્યો (સમાધિ, ધામદર્શનાદિ) ના પ્રત્યક્ષ દર્શનથી શ્રીહરિને પ્રકટ પુરુષોત્તમપણે જાણતા એવા અભય રાજા દંડવત્ પ્રણામ કરીને, વિનય વિનમ્ર થઈને, આદરથી સુમધુર વચનો વડે સ્તુતિ કરીને જ્ઞાનામૃતના પાનની મહેચ્છાથી પૂછવા લાગ્યા ॥ ૧૯–૨૧ ॥

अभयराजोवाच—

दुर्वासःशापमिषतो धर्मभक्तिसमुद्भवम् ।
नारायणमुनिं त्वां तु वेद्मि नारायणं प्रभुम् ॥ २२ ॥

અભય રાજા કહે છે—દુર્વાસા ઋષિના શાપમિષથી (શાપતો નિમિત્ત-માત્ર છે, સ્વેચ્છાજ કારણ છે) ધર્મ ભક્તિ થકી પ્રગટ થએલા, નારાયણ-મુનિ આપને તો 'સાક્ષાત્ મહાપ્રભુ નારાયણ છો' એમ નિશ્ચયથી જાણું છું ॥ ૨૨ ॥

स्वामिन् ! कृपाघन ! विभो ! शुभपुण्यकीर्तिं
सद्धर्मसाधुपरिपोषकृतेऽवतीर्णम् ।

दिव्यस्वकीयपरिवारयुतं च साक्षा-
ज्जानामि पूरुषमनुत्तममुत्तमं त्वाम् ॥ २३ ॥

હે સ્વામિન્! હે વિભો! શુભ પુણ્ય કીર્તિવાળા આપશ્રી પૂર્ણ કૃપા કરીને, પ્રિય સદ્ધર્મ અને સાધુ જનોના પરિપોષણ માટે પૃથ્વી ઉપર પોતાના દિવ્ય ધર્માદિ અને રાધાદિ પરિવારે સહિત પ્રગટ થયેલા, અનુત્તમ (જેનાથી કોઈ ઉત્તમ નથી) એવા પુરુષોત્તમ છો એમ અસંશય જાણું છું. શ્રુતિ–સ્મૃતિમાં પુરુષોત્તમપણે જેને નિરુપ્યાછે તે તમોજ છો ॥૨૩॥

प्रभूतेऽपि कलौ स्वीयान् रक्षितुं दैवसम्पदः ।
आसुरेभ्यस्तथा धर्मस्थापनायावनीतले ॥ २४ ॥

दिव्यैः स्वकीयैः परिवृतः पार्षदैश्च परिच्छदैः ।
सञ्जुष्टोऽति विचित्राभिर्दिव्याभिर्नैजशक्तिभिः ॥ २५ ॥

दिव्यं स्वकीयं संस्थानं स्वेच्छयैव नराकृति ।
अतीन्द्रियं प्रकुर्वाणो गोचरं मांसचक्षुषाम् ॥ २६ ॥

प्रादुर्भूतः स्वयं कृष्णस्त्वं वै श्रीपुरुषोत्तमः ।
हरिकृष्णो वासुदेवो घनश्यामस्तथैव च ॥ २७ ॥

भगवान् सहजानन्दस्वामी श्रीहरिरित्यपि ।
ख्यायमानो दिव्यनाम्ना स्वामिनारायणः प्रभुः ॥ २८ ॥

ईक्षणस्पर्शसञ्चारैः पुनानो जगतीतलम् ।
दिव्यैः स्वीयोपदेशैश्च स्वैश्वर्याणां प्रदर्शनात् ॥ २९ ॥

कुर्वन् संसारिणोऽप्यद्धा स्वाश्रितान् दैवसम्पदः ।
आनन्दयन्निजान् सर्वान् गुरुरूपेण राजसे ॥ ३० ॥

સંપૂર્ણ સ્વરૂપથી વ્યાપી ગએલા એવા પણ ઘોર કલિયુગમાં દૈવી સંપત્તિવાળા પોતાના જનોનું આસુરી જનો થકી રક્ષણ કરવા માટે તેમજ ભાગવત ધર્મના સ્થાપન માટે ભૂતળ ઉપર પોતાના દિવ્ય પાર્ષદો અને પરિચ્છદો (છત્ર ચામરાદિ)થી વિંટાયા થકા અને પોતાની અતિવિચિત્ર દિવ્ય શક્તિઓએ સેવાતા થકા પોતાનું મૂળ દિવ્ય રૂપ કે જે ઇન્દ્રિયોને ગોચર નથી તેને સ્વેચ્છાથીજ સજાતીય, દ્વિતીય નરાકૃતિ બનાવીને ચર્મચક્ષુવાળા જનોને પણ ગોચર કરતા થકા, સ્વયં શ્રીકૃષ્ણ પુરુષોત્તમજ તમો નિશ્ચે પ્રગટ થયા છો. પ્રગટ થએલા તમો હરિકૃષ્ણ, વાસુદેવ, ઘનશ્યામ, ભગવાન્, સહજાનંદ, શ્રીહરિ, પ્રભુ, સ્વામિનારાયણ, ઈત્યાદિક સાર્થક દિવ્ય નામોથી વિખ્યાતિને પામ્યા છો. એવા મહાપ્રભુ તમો પોતાની દિવ્ય મૂર્તિનાં દર્શન સ્પર્શન અને વિચરણ વિગેરેવડે ભૂમિતળને પાવન કરતા અને દિવ્ય ઉપદેશો તથા દિવ્ય ઐશ્વર્યોના દર્શનદાનથી સંસારી જીવોને પણ પોતાના આશ્રિત દૈવીસંપત્તિવાળા કરતા થકા અને સર્વ નિજજનોને આનંદ ઉપજાવતા થકા ગુરુરૂપથી વિરાજો છો. આ સઘળી પ્રવૃત્તિ કૃપાવશાત્ કેવળ આશ્રિતોના કલ્યાણ માટે કરી રહ્યા છો ॥ ૨૪-૩૦॥

त्वमेव सर्वं जानीषे भूतं भावि भवच्च यत् ।
त्वमेव त्वां च वेत्थान्यः को वा त्वां वेत्तुमीश्वरः ॥३१॥
जन्मान्तरसहस्रेषु चितोरुसुकृतैः पुनः ।
अस्माभिस्त्वं त्वधिगतोऽगम्यो योगदशामपि ॥ ३२ ॥

હે ભગવન્! આપશ્રી એકજ ભૂત ભવિષ્ય વર્તમાન આ ત્રણ કાળમાં બનતી બધી બાબતોને યથાસ્થિત જાણો છો. બીજા કોઈ જાણતા નથી. તમો પોતેજ પોતાને જેવા છો તેવા જાણો છો, બીજો કોઈ તત્ત્વથી જાણવા સમર્થ નથી. આ અર્થનું અનુસંધાન '**त्वमेव त्वां वेत्थ योऽसि सोऽसि**' '**स्वयमेवात्मनाऽऽत्मानं वेत्थ त्वां पुरुषोत्तम**" આ શ્રુતિ-સ્મૃતિમાં છે॥ આવા તમો, હજારો હજાર પૂર્વ જન્મમાં સંપાદન કર્યાં છે ઘણાં સુકૃતો જેમણે એવા અમોને તમો કે જે યોગીન્દ્રોને પણ અગમ્ય છો તે પ્રત્યક્ષ પ્રાપ્ત થયા છો, અમારાં અહોભાગ્ય છે॥ ૩૧-૩૨॥

पृच्छामि त्वां हितार्थाय तत्त्वं ज्ञातुं यथार्थतः ।
नहि ज्ञानादृते मुक्तिरिति वै वैदिकी श्रुतिः ॥ ३३ ॥
तज्ज्ञानं कीदृशं ज्ञेयं साधनं चास्य किं मतम् ।
किञ्च त्याज्यतया ज्ञेयमुपादेयतया च किम् ॥ ३४ ॥
सर्वमाचक्ष्व दयया श्रद्धधानाय मे हरे ! ।
येनाहं सुखितः स्यां तु विमुक्तः सर्वसंशयैः ॥ ३५ ॥

હે હરે! અમારા હિતાર્થે તત્ત્વને યથાર્થપણે જાણવા માટે હું તમોને પૂછું છું. '**ऋते ज्ञानान्न मुक्तिः**' આ વેદની શ્રુતિ, 'જ્ઞાન વિના મુક્તિ મળતી નથી' એમ કહે છે, તો તે જ્ઞાન મુક્તિ માટે અવશ્ય મેળવવું પડે. તો તે જ્ઞાન કેવું જાણવું ? અને તે જ્ઞાનસંપાદનનું સાધન કેવું જાણવું ? વળી ત્યાગ કરવા યોગ્ય અને સ્વીકાર કરવા યોગ્ય શું માન્યું છે? (કેનો ત્યાગ કરવો અને કેનો સ્વીકાર કરવો) આ બધી બાબતો દયા લાવીને શ્રદ્ધાવાળા મને કહો, જે જ્ઞાને કરીને હું સર્વ સંશયો થકી વિમુક્ત થઈને સુખી થાઉં ॥ ૩૩–૩૫ ॥

शतानन्दमुनिरुवाच—

राज्ञ इत्थं वचः श्रुत्वा स्मयमानमुखाम्बुजः ।
प्राहं तं परमं भक्तं सिञ्चन् वीक्षासुधारसैः ॥ ३६ ॥

શતાનંદમુનિ કહે છે—હે મુનિઓ! તત્ત્વજીજ્ઞાસુ અભય રાજાનું તાત્ત્વિક વચન સાંભળીને, મંદ મંદ હસતા મુખારવિંદવાળા શ્રીહરિ, પોતાના દર્શનામૃત રસથી પરમ ભક્ત અભયરાજાને સિંચન કરતા થકા બોલ્યા ॥૩૬॥

श्रीहरिरुवाच—

शृणु राजन् ! प्रवक्ष्येऽहं ज्ञानानां ज्ञानमुत्तमम् ।
नैःश्रेयसं सुदुर्गम्यं सुसूक्ष्मार्थं महामते ! ॥ ३७ ॥

શ્રીહરિ કહે છે—હે મહામતે રાજન્! જ્ઞાનો બહુ પ્રકારનાં માન્યાં છે, તેમાં જે પરમોત્તમ જ્ઞાન છે તે હું કહું છું. જે જ્ઞાન મોક્ષમાંજ એક ઉપયોગી થતું, અત્યંત દુર્ગમ, (તત્ત્વથી ન જાણી શકાય) એવું અને જેમાં બહુ સૂક્ષ્મ બાબતો રહી છે એવું ઉત્તમોત્તમ છે ॥ ૩૭ ॥

पुमर्थाः प्रथिता लोके चतुर्धा च शरीरिणाम् ।
धर्मार्थकाममोक्षाख्या यदर्थं त्वेव चेष्टते ॥ ३८ ॥

धर्मादित्रितयं तत्र त्रिवर्ग इति कथ्यते ।
अपवर्गस्तुरीयस्तु कथितः सर्ववर्जनात् ॥ ३९ ॥

तत्र पूर्वस्त्रिवर्गस्तु कर्मणैव प्रसिध्यति ।
अन्यस्तु कर्ममात्रेण ऋते ज्ञानान्न सिध्यति ॥ ४० ॥

कर्मसाध्यस्त्रिवर्गस्तु परिच्छिन्नोऽन्तवानपि ।
ज्ञानसाध्योऽपवर्गस्तु नित्यत्वेन व्यवस्थितः ॥ ४१ ॥

લોકમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, આ નામના ચાર પુરુષાર્થો પ્રખ્યાત છે. સર્વ શરીરિઓ જેને મેળવવા માટે વિવિધ ક્રિયાઓને કર્યા જ કરે છે ॥ ચારમાં જે ધર્માદિ ત્રણ છે તેને 'ત્રિવર્ગ' એવા નામથી કહે છે. ચોથાને અપવર્ગ નામથી કહે છે, કેમકે એમાં ત્રિવર્ગનું વર્જન (ત્યાગ) કરવાનું હોય છે ॥ તેમાં પ્રથમના ત્રિવર્ગની સિદ્ધિ તો કર્મો કરવાથી જ થાય છે.બીજા અપવર્ગ (મોક્ષ)ની સિદ્ધિ તો જ્ઞાન વિનાના કેવળ કર્મથી થતી નથી. જ્ઞાનથી જ મોક્ષ થાય છે ॥ તેમાં કર્મસાધ્ય જે ત્રિવર્ગ છે તે પરિચ્છિન્ન (માપવાળું) અને નાશવંત ફળ આપનારો છે. જે જ્ઞાનસાધ્ય મોક્ષ છે તેતો અપરિચ્છિન્ન (અમાપ) અને નિત્ય ફળને આપનારો છે. આ રીતે એ બન્નેમાં ફળથી અત્યંત ભેદ છે ॥ ૩૮–૪૧ ॥

धर्मं तु पृष्ठतः कृत्वा येऽर्थकामपरान्तराः ।
नास्तिकास्ते तु विज्ञेया तामसं भावमाश्रिताः ॥ ४२ ॥

ये तु धर्म्यावर्थकामावभिवाञ्छन्ति सेवितुम् ।
राजसास्ते तु विज्ञेयाः स्वस्वातन्त्र्याभिमानिनः ॥ ४३ ॥

જેઓ ધર્મને પાછળ (ત્યાગ) કરીને અંતરથી અર્થ કામ પરાયણ વર્તે છે તેઓને તામસ ભાવને આશરેલા હોવાથી **નાસ્તિકો** સમજવા. જેઓ ધર્મનો પ્રથમ સંબંધ રાખીને અર્થ કામના સેવનને ઇચ્છે છે. તેઓ તો પોતપોતાના સ્વતંત્રપણાના અભિમાનવાળા હોવાથી **રાજસ** સમજવા ॥ ૪૨–૪૩ ॥

ज्ञानं नराणामधिको विशेषो ज्ञानेन हीनः पशुभिः समानः ।
इतीरयन्त्यत्र परं विमृश्यं ज्ञानं पशोरस्ति न वेति सद्भिः ॥४४॥

तृणानि दृष्टवा परितः प्रधावन् पलायते दण्डधरं निरीक्ष्य ।
वत्सं च दृष्ट्वा स्वमनुप्रधावन् दृष्ट्वाऽन्यवत्सं तु करोति शृङ्गयोः ॥ ४५ ॥

પશુ આદિ કરતાં નરોમાં જે જ્ઞાન વર્તે છે એ જ અધિક વિશેષ છે. (આહાર નિદ્રા તો સર્વેને સમાન છે) જેમાં ખાસ જ્ઞાન જોઈએ તેમાં જો જ્ઞાન નથી તો તે પશુઓને સમાન માન્યા છે. એમ શાસ્ત્રોમાં ઉદ્ઘોષીને કહેવામાં આવ્યું છે. જ્ઞાનથી તારતમ્યતા છે. આમાં સજ્જનોએ 'પશુઓને જ્ઞાન છે કે નહિ?' એ બાબતનો ખાસ વિચાર કરવો ઘટે છે ॥ પશુજાતિ ગાય છે તે ઘાસને દેખીને ચોતરફ દોડાદોડ કરે છે, અને લાકડી લઈને આવેલા પુરુષને દેખીને તત્કાળ પલાયન કરી જાય છે. વળી ગાય પોતાના વાછરડાને દેખીને તેની પાછળ દોડે છે અને બીજી ગાયના વાછરડાને દેખે છે તો તેને શિંગડામાં ચઢાવે છે (મારે છે) આ પ્રત્યક્ષ પુરાવો છે ॥ ૪૪-૪૫ ॥

एवं यदिष्टानिष्टादिज्ञानं तत् प्राणिमात्रगम् ।
धर्माधर्मादिविज्ञानं नरस्याभ्यधिकं मतम् ॥ ४६ ॥

આ રીતે પ્રાણિમાત્રમાં 'આ ઇષ્ટ છે, આ અનિષ્ટ છે' એવું જ્ઞાન સામાન્યપણે વર્તે છે. નરોમાં જે 'આ ધર્મ છે આ અધર્મ છે' એવું વિજ્ઞાન વર્તે છે એ જ અધિકતા માટે માન્યું છે, ધર્માધર્મના જ્ઞાનથી જ મનુષ્યની અધિકતા શાસ્ત્રોએ માની છે. એમ હોવાથી મનુષ્યોએ જ્ઞાન માટે જ પ્રયત્ન કરવો ઘટે ॥ ૪૬ ॥

त्रिवर्गफलसक्तानां सदा यज्ञादि कुर्वताम् ।
धर्माधर्मादिविज्ञानमस्ति यद्यपि देहिनाम् ॥ ४७ ॥

तथापि तज्ज्ञानमिति ज्ञानिनो नाभिमन्यते ।
तत्कर्म यन्न बन्धाय सा विद्या या विमुक्तये ॥ ४८ ॥

आयासायापरं कर्म विद्याऽन्या शिल्पनैपुणम् ।
इति तत्त्वविदां धुर्यः पराशर उदाहरत् ॥ ४९ ॥
तदपवर्गार्थविज्ञानं यस्य सो नर उच्यते ।
तद्राहित्ये तु यज्ञादिकाम्यकारी पशुः श्रुतः ॥ ५० ॥

ધર્મ–અર્થ–કામરૂપ ફળમાં આસક્ત હોઈને સદા યજ્ઞાદિ કર્મોને કરનારા મનુષ્યોમાં યદ્યપિ ધર્માધર્માદિકનું જ્ઞાન વર્તે છે. પરંતુ તે 'મોક્ષમાં ઉપયોગી સાચું જ્ઞાન છે' એમ સાચા જ્ઞાનીઓ માનતા નથી, એ જ્ઞાનને ઉપયોગી જ્ઞાન તરીકે ગણતા નથી ॥ જે કરેલું કર્મ, જન્મ મરણરૂપ બંધન માટે થાય નહિ તે ખરું કર્મ જાણવું. સંપાદન કરેલી જે વિદ્યા મોક્ષને માટે થાય એજ ખરી વિદ્યા સમજવી. બીજાં બધાં કર્મો તો કેવળ પ્રયાસમાત્ર ફળવાળાં છે (એમાં પ્રયાસ સિવાય કશું ફળ નથી) અને બીજી બધી વિદ્યાઓ છે તે તો કેવળ શિલ્પ નિપુણતા છે. શિલ્પ (વિવિધ કારીગરી)માં મેળવેલી નિપુણતા જેવી વૃથા છે ॥ આ રીતે તત્ત્વજ્ઞાનિઓમાં ધુરંધરપણે મનાતા પરાશર મહર્ષિ ઉદ્ઘોષીને કહે છે ॥ તો જેને મોક્ષાર્થનું જ્ઞાન છે એને જ સાચો નર કહેવામાં આવે છે. એ જ્ઞાન જેનામાં નથી તે ભલે યજ્ઞાદિ કામ્ય કર્મોને કરે છે તથાપિ તે પશુ તરીકે માન્યો છે, કેમકે નરતા નિરર્થક થાય છે ॥ ૪૭–૫૦ ॥

अपवर्गार्थविज्ञानं द्विविधं तत्प्रकीर्तितम् ।
एकं जीवात्मविषयमपरं परमात्मनः ॥ ५१ ॥

હવે તે જ્ઞાનને કહે છે—મોક્ષ મેળવવા માટેનું જે વિજ્ઞાન છે તે બે પ્રકારનું શાસ્ત્રમાં કહ્યું છે, એક જીવાત્મા વિષયવાળું અને બીજું પરમાત્મા વિષયવાળું છે. આ બે જ જ્ઞાનો મોક્ષમાં ઉપયોગી છે, તેમાં આત્મજ્ઞાન પ્રથમ છે ॥ ૫૧ ॥

निजात्मानं पृथग्ज्ञात्वा मायातत्कार्यवर्गतः ।
स्वस्यापि स्वामिनं विद्याच्छ्रीहरिं परमं सुधीः ॥ ५२ ॥
एवं ज्ञानं यस्य नास्ति सोऽसत्कल्पः श्रुतीरितः ।
आत्महेति च विक्रुष्टो मोहान्धतमसाऽऽवृतः ॥ ५३ ॥

એ આત્મજ્ઞાન કેવું ? તો પોતાના આત્માને માયા અને તેનાં કાર્યભૂત દેહ ઇન્દ્રિયાદિ સર્વ વર્ગથકી સ્વરૂપ-સ્વભાવાદિ સર્વ પ્રકારે જુદો જાણવો. આ ઉપરાંત આ જે મારો આત્મા, તેના સ્વામી સાક્ષાત્ પરમાત્મા શ્રીહરિ છે, એમ જાણવું. જુદો જાણવાથી કશો અર્થ સરતો નથી, પણ **'दासभूताः स्वतः सर्वे ह्यात्मानः परमात्मनः' 'आत्मदास्य' हरेः स्वाम्यं स्वभावं च सदा स्मर ॥' 'ब्रह्माहं कृष्णदासोऽस्मि'** આમાં કહ્યા મુજબ આત્માનું પરમાત્મ દાસપણું પણ સ્મૃતિમાં રાખવું એમ બન્ને બાબતોને સમજે એ જ સુબુદ્ધિમાન માન્યો છે ॥ નિજાત્માનું દેહાદિથકી પૃથક્પણાનું અને પરમાત્મદાસપણાનું જ્ઞાન જેને નથી તે અસત્ તુલ્ય (છે જ નહિ) એમ શ્રુતિમાં કહ્યું છે, એનું અસ્તિત્વ જ નથી અને એને આત્મઘાતી તરીકે આક્રોશથી કહેવામાં આવ્યો છે. તેતો મોહાન્ધતમથી આવરિત છે. આ બાબત શ્રીહરિએ વચ-પ્ર. ૨૦માં સ્પષ્ટ કહી છે ।।૫૨-૫૩।।

आत्मा न देवो न नरो न पशुर्न च पादपः ।
शरीराकृतिभेदास्तु देवाद्याः कर्मयोनयः ॥ ५४ ॥

नात्मनोऽस्ति कुलं गोत्रमजातस्यामृतस्य च ।
न च रूपादिकं वास्याऽमूर्तस्यास्ति कदाचन ॥ ५५ ॥

शरीरं च कुलं चापि रूपं वित्तं श्रुतं तथा ।
सर्वं प्राप्नोति जीवस्तु तत्तत्कर्मानुसारतः ॥ ५६ ॥

આ જે આત્મા છે તે દેવ નથી, નર નથી, પશુ નથી, વૃક્ષ નથી, એની કોઈ નિયત જાતિ નથી, દેવ મનુષ્ય આદિક જે ભેદો જણાય છે તેતો શરીરની આકૃતિના છે, આત્માના નથી. એ ભેદોમાં પોતપોતાનું કર્મ જ કારણ છે ॥ જેનું જન્મ કે મરણ નથી એવા આત્માને કોઈ કુળ કે ગોત્ર નિયત નથી. આત્મા અમૂર્ત હોવાથી એનું કોઈ રૂપાદિક ક્યારેય નથી. જન્મ મરણ હોય તો આ કુળમાં અને આ ગોત્રમાં જન્મો મર્યો એમ કહેવાય. જો મૂર્ત હોય તો એનું આ રૂપાદિક છે એમ કહેવાય. ખરૂં જોતાં આત્મા અજ અમરણ અને અમૂર્ત છે ॥ જીવોને મનુષ્યાદિ શરીર, કુળ, રૂપ, વિત્ત, શ્રુત (શાસ્ત્ર જ્ઞાન) આ બધીજ બાબતો તેતે જીવોનાં

તે તે કર્મોને અનુસારે પ્રાપ્ત થાય છે. એમાં નવાઈ નથી. આ બધા ભેદોમાં સ્વકર્મજ ખરૂં કારણ છે ॥ ૫૪–૫૬ ॥

देहादयोऽनुवर्तन्ते यावत्कर्म महीपते ! ।
कर्मक्षये निवर्तन्ते ततोऽनित्याः प्रकीर्तिताः ॥ ५७ ॥

જે આ દેહ દૈહિક આદિક છે તે જ્યાં સુધી કર્મસંબન્ધ હોય ત્યાં સુધી જીવની પાછળ વર્તે છે, અને કર્મસંબન્ધ છુટી જાય છે ત્યારે વિખુટા પડી જાય છે, તેથી આ દેહાદિકને અનિત્યપણે કહ્યા છે. આમાં કશું જ નિત્ય નથી ॥ ૫૭ ॥

आत्मा न जायते नापि म्रियते वा कदाचन ।
शरीरयोगविश्लेषमात्राज्जनिमृतिपृथा ॥ ५८ ॥

'न जायते म्रियते वा' આ શ્રુતિમાં કહ્યા મુજબ આત્મા ક્યારેય જન્મતો નથી અને મરતો પણ નથી. આ જન્મ્યો, આ મર્યો એવી જે પૃથા લોકમાં ચાલે છે તેતો શરીરનો સંયોગ અને વિયોગ માત્ર છે. શરીરનો સંયોગ એ જન્મ અને વિયોગ એ મરણ કહેવાય છે. આત્માને જન્મ મરણ નથી. ॥ ૫૮ ॥

हृत्स्थोऽणुः सूक्ष्मश्चिद्रूपो ज्ञाता भोक्ता च विश्रुतः ।
देहेन्द्रियमनःप्राणबुद्धीनामपि चेश्वरः ॥ ५९ ॥

આત્મા કેવો છે ? તો **હૃત્સ્થ**–હૃદય પ્રદેશમાં વર્તતો. સ્વરૂપને નિરૂપ્યા વિના સ્થાનનું નિરૂપણ પ્રથમ કર્યું છે તે દેહથકી આત્મા ન્યારો છે એમ સૂચવવા માટે છે. જે દેહના એક દેશ હૃદયમાં રહ્યો હોય તે દેહજ આત્મા છે એમ કહી શકાય નહિ. આ બાબતમાં **'हृदि ह्ययमात्मा योऽयं विज्ञानमयः प्राणेषु हृद्यन्तर्ज्योतिः'** આ શ્રુતિ પ્રમાણે છે. **અણુ**–એનું પરિમાણ (માપ) અણું છે. **વિભુ, મધ્યમ અને અણુ** આ ત્રણ પરિમાણો મનાય છે. તેમાં જીવ અણુપરિમાણ છે. આ અંતિમ માપ છે. વાળના અગ્રભાગના શત ભાગ કર્યા હોય અને તેના શત ભાગ કર્યા હોય એવો જીવ અણુ છે. એમ શ્રુતિમાં દૃષ્ટાંતથી માપ સમજાવ્યું છે. આ અર્થમાં **'एषोऽणुरात्मा चेतसा वेदितव्यः'** આ શ્રુતિ પ્રમાણ છે. સૂક્ષ્મ–ત્યાં ત્યાં પ્રવેશતાં તેને વ્યાપ્ય વસ્તુઓ વડે પ્રતિરોધ થતો નથી. કેમકે આકાશા-

દ્વિવત અમૂર્ત દ્રવ્ય છે. '**सूक्ष्माणामप्यहं जीवः**' એમ જીવની સૂક્ષ્મતાને શ્રીકૃષ્ણ કહે છે. ચિદ્રૂપ, ચિત–ચૈતન્ય એજ એનું સ્વરૂપ છે, અર્થાત્ સ્વયંપ્રકાશમાન જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપતાને '**विज्ञानात्मा पुरुषः विज्ञाने तिष्ठन्**' ઈત્યાદિ શ્રુતિઓ પ્રતિપાદે છે. **જ્ઞાતા**–કેવળ જ્ઞાનસ્વરૂપ નહિ પણ જ્ઞાતા છે. 'હું આને જાણું છું' એવો સાર્વત્રિક વ્યવહાર છે. જ્ઞાતાપણું '**एष हि द्रष्टा श्रोता घ्राता**' '**अथ यो वेदेदं जिघ्राणीति स आत्मा**' ઈત્યાદિ શ્રુતિઓમાં સંવર્ણવ્યું છે. આત્માનું જ્ઞાતાપણું કહેવાથી **કર્તાપણું** પણ સિદ્ધ થાય છે. કર્તાપણું એ જ્ઞાતાનોજ ધર્મ છે. 'ચેતન હું કરૂં છું' એમ ચૈતન્ય અને કર્તૃત્વનો એક સાથે વ્યવહાર થાય છે. **ભોક્તા**–જે કર્તા હોય એજ ભોક્તા હોઈ શકે છે. કરે કોઈ અને ભોગવે બીજો એમ સંભવે નહિ, માટે જ '**भोक्ता भोग्यं प्रेरितारं च**' આ શ્રુતિમાં જીવને ભોક્તા શબ્દથી વર્ણવ્યો છે. આત્માની આ બધી બાબત શ્રુતિ સ્મૃતિમાં વર્ણવી છે. આ આત્મા દેહ, ઇન્દ્રિયો, મન, પ્રાણ, બુદ્ધિ, એ આદિક સમગ્ર તત્ત્વોનો **ઈશ્વર**–નિયંતા પ્રકાશક છે. કોઈ દેહને, તો કોઈ ઇન્દ્રિયોને, તો કોઈ મનને, તો કોઈ પ્રાણને, તો કોઈ વિજ્ઞાનને આત્મા માને છે. આથી તેતે વાદનું ખંડન થઈ જાય છે. આ અર્થ સંગ્રહથી રામાનુજે '**देहेन्द्रियमनःप्राणधीभ्योऽन्यः**' એમ જણાવ્યો છે. જડ દેહાદિક થકી ચેતન આત્માની વિલક્ષણતા સર્વથા સાધવા માટેનો આ સંગ્રહ છે ॥ ૫૯ ॥

स इमं देहमाविश्य प्रभया ज्ञानरूपया ।

कृत्स्नं प्रकाशयन्नास्ते ह्यापादतलमस्तकम् ॥ ६० ॥

એક દેશ હૃદયમાં રહેલો અણુ જ્ઞાનસ્વરૂપ આત્મા, આ દેહમાં જ્ઞાનરૂપ સ્વપ્રભાથી પ્રવેશીને મસ્તકને પ્રારંભીને પાદપર્યંત સમગ્ર દેહને પ્રકાશ કરતો થકો રહે છે. આ અર્થ ગીતામાં '**यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः । क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत**' આ રીતે **સૂર્ય** દૃષ્ટાંતથી સમજાવ્યો છે. '**एकदेशे स्थितो दीपः कृत्स्नं गेहं प्रकाशते**' એમ દીપ દૃષ્ટાંતથી પણ સમજાવ્યો છે. વ્યવહારની યોગ્યતાને પ્રકાશ કહે છે. '**ज्ञाता व्याप्याखिलां तनुम् । ज्ञानशक्त्या स्थितो जीवः**' એમ શિક્ષાપત્રી અનુવદે છે ॥ ૬૦ ॥

तद्व्यापया लक्ष्यते देहो चेतनावानिवाखिलैः ।
यथा धनञ्जयव्यापया लोहपिण्डोऽतिभास्वरः ॥ ६१ ॥
यदा जीवस्तु निष्क्रान्तो भवत्यस्माच्छरीरतः ।
तदा भवत्ययं घोरः काष्ठलोष्टादिवज्जडः॥ ६२ ॥
यथा हुतवहे शान्ते लोहः कृष्णोऽप्रकाशकः ।
आत्मा स्वतो विशुद्धोऽस्ति सर्वाशुचिमयं वपुः ॥ ६३ ॥

જ્યારે જીવાત્મા દેહમાં વ્યાપે છે ત્યારે દેહ જાણે ચેતનાવાળો હોય એમ સર્વેના જોવામાં આવે છે. જેમ લોઢાના ગોળામાં અગ્નિ વ્યાપે ત્યારે તે ગોળો અતિ પ્રકાશમાન ભાસે છે. તેમ જ્યારે જીવ આ શરીરમાંથી નીકળી જાય છે ત્યારે તે આ શરીર બહુ ભયંકર અને કાષ્ઠ લોષ્ઠાદિ જેવું જડ થઈ રહે છે. એમાં કશી ચેતનતા રહેતી નથી. જેમ લોહમાં પ્રવેશેલો અગ્નિ શાંત થતાં તે લોહ કાળું અને બીલકુલ પ્રકાશ વિનાનું થઈ રહે છે તેમ. આ દૃષ્ટાંત પ્રમાણે આત્મા તો સ્વતઃ શુદ્ધ છે. એમાં કશી અશુદ્ધિ નથી. શરીર તો સમસ્ત અશુદ્ધિનું પાત્ર છે. એમાં જ સઘળા મળી રહ્યો છે. આત્મા તો સ્વતઃ નિર્મળ છે ॥ ૬૧–૬૩ ॥

यथा घटे विभग्नेऽपि घटाकाशो न भज्यते ।
अमूर्तत्वाच्च सूक्ष्मत्वात्तथाऽऽत्मा न विनश्यति ॥ ६४ ॥

જેમ ઘડો ભાંગી જતાં તેમાં રહેલો અમૂર્ત સૂક્ષ્મ ઘટાકાશ ભાંગી જતો નથી. એમનો એમ જ રહે છે. તેમ આત્મા અમૂર્ત અને સૂક્ષ્મ હોવાથી દેહનો નાશ થતાં એનો નાશ થઈ જતો નથી ॥ ૬૪ ॥

य एनं मनुते हन्तु यश्चात्मानं हतं परैः ।
उभौ तौ न विजानाते नैनं हन्ति न हन्यते ॥ ६५ ॥

શરીર હણાતાં આ આત્મા હણાતો નથી એવી સ્થિતિ છે. છતાં દ્વેષથી કે મત્સરથી આને હણું છું એમ માને છે (સંકલ્પે છે) તે અને જે 'બીજાઓએ મને હણ્યો' એમ માને છે તે બન્ને જ આ આત્મરૂપને યથાસ્થિત જાણતા નથી. આ દેહમાં આત્માપણાના અભિમાનને લીધે એમ મનાય છે. આત્મા કોઈના હનનમાં કર્તા થતો નથી તેમ કર્મ પણ

થતો નથી. આ તો કેવળ પામર દૃષ્ટિનો પ્રસ્તાવ છે. ખરૂં જોતાં આ આત્મા કોઈને હણતો નથી અને કોઈથી હણાતો પણ નથી કેમકે આત્મા અવિનાશી છે. આ અર્થ **नैनं छिन्दन्ति शस्त्राणि'** ઇત્યાદિ વચનોથી ગીતામાં કહ્યો છે ॥ ૬૫ ॥

अजो नित्यः शाश्वतोऽयं न वृद्धयादिविकारवान् ।
देहस्य सन्ति षड्भावाः सत्तैव त्वात्मनः सदा ॥ ६६ ॥

આ આત્મા જન્મ રહિત હોવાથી **અજ** અને નાશ રહિત હોવાથી **નિત્ય** અને સદાકાળ એકરૂપ રહેતો હોવાથી **શાશ્વત** કહ્યો છે. આવો આત્મા વૃદ્ધિ વિગેરે વિકારવાળો થતો નથી. જે ષટ્ ભાવવિકારો છે, જન્મે છે, વધે છે, પરિણામે છે, ક્ષય થાય છે, નાશ થાય છે વગેરે કહેવાય છે. તેતો દેહના છે. એનો આત્માને બીલકુલ સ્પર્શ નથી. આત્માની સત્તા સદા (કાયમી) છે. શરીરના સંબન્ધને લીધે આત્મામાં વ્યપદેશાય છે પણ વસ્તુતઃ નથી ॥ ૬૬ ॥

यद्यत्कर्म कृतं पूर्वं साधु निन्द्यमथाऽपि वा ।
तत्तत्फलाय जीवोऽन्यच्छरीरं प्रतिपद्यते ॥ ६७ ॥
आत्मा देहं विनश्यन्तमनु नश्येद्यदि स्वयम् ।
अभुक्त्वैव कृतं सर्वं कर्माऽपार्थं प्रसज्यते ॥ ६८ ॥

આ જીવે પૂર્વ જન્મમાં સારાં કે નરસાં જે જે કર્મ કર્યાં છે તેનું તેનું ફળ ભોગવવા તે જીવ બીજા બીજા શરીરને પામે છે. કરેલાં કર્મો ભોગવ્યા વિના છુટકો થતો નથી. તેને માટે દેહ અવશ્ય ધરવો પડે છે. પોતે આત્મા જો વિનાશ પામતા દેહની પાછળ કરેલાં કર્મો ભોગવ્યા વિનાજ નાશ પામી જાય તો તે સર્વે કર્મો નિરર્થક થવાનો પ્રસંગ આવે. એમને એમ જ પડયાં રહે. એને ભોગવે કોણ? બીજા પાસે તો ભોગવવાય નહિ ॥ ૬૭-૬૮ ॥

यो वेदानित्यमात्मानं देहनाशे च नश्वरम् ।
उच्छृङ्खलप्रवृत्तिः स्याद्यद्भीर्न परलोकतः ॥ ६९ ॥

જો આત્માને અનિત્ય માને અને દેહનો નાશ થતાં એનો પણ નાશ માને તો પછી તે ઉચ્છ્રંખલ પ્રવૃત્તિવાળો થઈ જાય, (શાસ્ત્રની મર્યાદામાં

રહે નહિ) કારણકે એને પરલોક (યમાદિ)નો ભય પણ રહ્યો નહિ. જેથી ગમેતેમ આચરણ કરવા લાગે, એમ અનર્થ પરંપરા ચાલુ રહે ॥ ૬૯ ॥

नवे देहे नूतनश्चेज्जीव उत्पद्यते तदा ।
सोऽकस्मादेव दुःखं वा सुखं वा प्राप्नुयात् ध्रुवम् ॥ ७० ॥
न ह्यनेन कृतं कर्म सद्यो जातो यतस्त्वयम् ।
कर्तैव फलभोक्तेति नियमश्च विरुध्यते ॥ ७१ ॥

નવો દેહ આવતાં જો જીવપણ નવો જ નિપજતો હોય તો તે અકસ્માત્ સુખ કે દુઃખને નિશ્ચે પામે જ. નવા નિપજેલા જીવે પૂર્વે કર્મો તો કર્યાં જ નથી. કેમકે તે તો નવો જ નિપજેલો છે. આ સ્થિતિએ જે કર્મ કર્તા હોય એજ ફળ ભોકતા થાય એવો જે નિયમ છે તેમાં વિરોધ આવે છે. નિયમનો ચોખ્ખો ભંગ થાય છે. કર્મકર્તા બીજો અને ફળ ભોકતા બીજો બને એ વ્યાજબી ન કહેવાય ॥ ૭૦-૭૧ ॥

पूर्वपूर्वकृतं तस्माद्यत्कर्माऽस्य मुक्तये ।
जीवो नवं नवं देहमादत्ते तूत्तरोत्तरम् ॥ ७२ ॥
इत्यात्मा त्वविनाश्येव नाशवन्ति वपूंषि तु ।
श्रुतिश्च 'नित्यो नित्यानां' मित्युवाचात्मनित्यताम् ॥ ७३ ॥

આવી સ્થિતિ હોવાથી પૂર્વ પૂર્વ જન્મમાં જે જે કર્મો કર્યાં તે તે ભોગવવા માટે જ આ જીવ નવા નવા દેહને ઉત્તરોત્તર પામે છે. કર્મ ફળ ભોગવવા માટે જ દેહ ધારણ કરે છે ॥ આ રીતે વિચારતાં આત્મા તો અવિનાશી જ રહે છે. શરીરો જ નાશ પામે છે. આત્મા અવિનાશી અને શરીરો વિનાશી છે એ નિર્ણય છે. આ તો યુક્તિ ઉપપત્તિના બળથી નિરૂપણ છે. '**नित्यो नित्यानां चेतनश्चेतनानां**' આ શ્રુતિ આત્માની નિત્યતાને સ્પષ્ટપણે કહે છે. સર્વ કાળમાં વર્તવાપણું એ જ નિત્યપણું સમજવું ॥ ૭૨ ૭૩ ॥

यदेतद् दृश्यते मूर्तं करपादादिलक्षणम् ।
तज्जीवानां कर्मयोगक्षेत्रमाहुर्मनीषिणः ॥ ७४ ॥
योऽत्र स्थितः कर्मफलं भुङ्क्ते क्षेत्रं च कात्स्न्र्यतः ।
ममेदमिति जानीते तं क्षेत्रज्ञं प्रचक्षते ॥ ७५ ॥

આજે કર ચરણ મુખ મસ્તકાદિ રૂપ **મૂર્ત** જોવામાં આવે છે તે જીવોને કર્મનાં ફળ ભોગવવાનું ક્ષેત્ર છે એમ જ્ઞાનીઓ કહે છે. અને એ ક્ષેત્રમાં રહીને કર્મફળને ભોગવે છે અને તે સમગ્ર ક્ષેત્રને 'આ મારૂં છે' એમ જાણે છે તેને **ક્ષેત્રજ્ઞ** કહેવામાં આવે છે. આ અર્થ ગીતામાં '**इदं शरीरं कौन्तेय ! क्षेत्रमित्यभिधीयते । एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः**' આ રીતે સ્પષ્ટ કહ્યો છે ॥ ૭૪–૭૫ ॥

ज्ञातृत्वैकस्वरूपस्तु नात्मा सङ्घातलक्षणः ।

सङ्घातलक्षणो देहस्त्वज्ञाता घटकुडयवत् ॥ ७६ ॥

'હું જાણું છું' એમ જ્ઞાતાપણું એ જ એક જેનું ખરૂં સ્વરૂપ છે તે આત્મા કદાપિ દેહ, ઇન્દ્રિયો, મન, પ્રાણ, આદિકના સંઘાતરૂપ હોઈ શકે નહિ. દેહાદિકના સંઘાતરૂપ જે દેહ છે તેતો ઘટ કુડય (ભીંત) આદિકની પેઠે જ્ઞાતા નથી. એ જડ કશુંજ જાણતાં નથી ॥ ૭૬ ॥

क्षेत्रक्षेत्रज्ञयोरेवमन्तरं ज्ञानचक्षुषा ।

निरूप्य निपुणं धीमान् विद्यात्स्वं देहतः परम् ॥ ७७ ॥

विविक्तात्मस्वरूपस्तु सानुबन्धं कलेवरम् ।

विद्यात्त्याज्यतया स्वात्मकल्याणाय यतेत च ॥ ७८ ॥

ઉપર કહ્યા મુજબ ક્ષેત્ર ક્ષેત્રજ્ઞનું અંતર (જુદાઈ) જ્ઞાન દૃષ્ટિથી નિપુણતાથી નિરૂપીને જે પોતાના આત્માને દેહ થકી પર–વિલક્ષણપણે સમજે એજ બુદ્ધિમાન્ માન્યો છે॥ માટે આત્માને દેહાદિક થકી વિલક્ષણ પણે સમજીને અને સપરિવાર આ શરીરને ત્યાજ્યપણે સમજીને આત્મ કલ્યાણ માટે પ્રયત્ન કરવો એજ મુદ્દો સમજવાનો છે. આ મનુષ્ય માત્રનું અવશ્ય કર્તવ્ય છે. ॥ ૭૭–૭૮ ॥

शतानन्दमुनिरुवाच—

इति हरेर्वचनं सुधया मितं बहुविवेकपरं वपुरात्मनोः ॥

प्रमुदितः श्रुतवानिदमादरात्पुनरुवाच हरिं विनयान्वितः ॥७९॥

इति श्रीमति...अभयराजं प्रति श्रीहरिकृत देहात्मवैलक्षण्यनिरूपणं नाम तृतीयोऽध्यायः ॥ ३ ॥

શતાનંદમુનિ કહે છે— હે મુનિઓ ! શ્રીહરિનું ઉપર પ્રમાણેનું અમૃતતુલ્ય, આત્મા–અનાત્માના ચોખ્ખા વિવેકવાળું વચન આદરથી સાંભળીને બહુ આનંદને પામેલા અભય રાજા વિનયથી ફરી બોલ્યા ॥ ૭૯ ॥

ઇતિશ્રી...શાસ્ત્રી હરિજીવનદાસકૃતગુર્જરાનુવાદે તૃતીયોઽધ્યાયઃ ॥ ૩ ॥

चतुर्थोऽध्यायः ।

अभयराजोवाच—

वहुधा कीर्तितं वैलक्षण्यं देहात्मनोर्मिथः ।
अध्यात्मशास्त्रसंदृष्टं सर्वज्ञेन हरे! त्वया ॥ १ ॥

અભય રાજા કહે છે—હે હરે! સર્વજ્ઞ એવા આપે દેહ અને આત્માનું પરસ્પર વિલક્ષણપણું કે જે અધ્યાત્મશાસ્ત્રમાં સંપૂર્ણ વિચારેલું છે તે બહુ રીતે ન્યાય યુકિત પ્રમાણના સહકારથી સમ્યક્ કહ્યું. કાંઈ બાકી રાખ્યું નથી ॥ ૧ ॥

देहं व्याप्य स्थितो जीवोः ज्ञानशक्त्या स्वदेहतः ।
तादात्म्येन गृहीतश्च कथं ज्ञेयः पृथक्तया ॥ २ ॥
अहं स्थूलः कृशो वेति गौरो नीलोऽथ पिङ्गलः ।
देहधर्मानुबन्धेन तदभिन्नो हि दृश्यते ॥ ३ ॥

દેહમાં જ્ઞાનશકિતથી વ્યાપીને રહેલો આ જીવ, દેહથકી જુદો છે તથાપિ 'હું સ્થૂળ છું, હું કૃશ છું, હું ગૌર છું, હું કાળો છું, હું પીળો છું' એમ દેહધર્મોના અધ્યાસને લીધે જાણે દેહ એજ હું છું' એવું એકરૂપપણું મનાઈ ગયું છે. જુદાપણું જરાપણ જણાતુંજ નથી, તો દેહથકી આત્માની પૃથક્તા કેવી રીતે સમજવી તે વિવેચન કરીને કહેવાને યોગ્ય છો ॥ ૨–૩ ॥

शतानन्दमुनिरुवाच—

इति राज्ञा स्वभक्तेन पृष्टो मतिमता हरिः ।
कृपाकरः प्रसन्नात्मा प्रत्युवाच शुचिस्मितः ॥ ४ ॥

શતાનંદમુનિ કહે છે—હે મુનિઓ! ઉપર પ્રમાણે મતિમાન્ સ્વભકત અભય રાજાએ પૂછેલા કૃપાનિધિ ભગવાન્ શ્રીહરિ, મનમાં બહુ પ્રસન્ન થઈને મંદમંદ હસતા થકા રાજા પ્રત્યે બોલ્યા ॥ ૪ ॥

श्रीहरिरुवाच—

सत्यं पुमान् देहतोऽस्मादभिन्नः स्थूलदृष्टिभिः ।
प्रतीयते विवेकोऽस्य ततः कार्यो मनीषिभिः॥ ५ ॥

શ્રીહરિ કહે છે—હે રાજન્! આ આત્મા દેહથકી અભિન્ન (જુદો નહિ) છે એમ સ્થૂળ દૃષ્ટિવાળાઓને જણાયછે. એ તમારી વાત સાવ સાચી છે. માટેજ સૂક્ષ્મ દૃષ્ટિવાળાઓએ એનો વિવેક બરોબર કરવો ઘટે છે ॥ ૫ ॥

यथोदके निलीनं तु लवणं नेयते पृथक् ।
दृश्यते जलमित्येव तथाऽपि स्यात्पृथक् ततः ॥ ६ ॥
आचम्यमान उदके लवणस्य रसग्रहात् ।
रसनातो जलात्तस्य पृथक्त्वं ज्ञायते यथा ॥ ७ ॥
एवं पुमान् देहलीनो ग्राह्यो ज्ञानादिना पृथक् ।
न ज्ञानादिर्वपुर्धर्मो मृते देहे त्वदर्शनात् ॥ ८ ॥

તે વિવેકને હવે કહેછે— જેમ જળમાં લીન થએલું લવણ, જુદું જણાતું નથી. 'જળજ છે' એમ જણાયછે. તથાપિ જળથી લવણની જુદાઈ જાણી શકાયછે. જ્યારે જળને જીહ્વાવડે ચાખે છે ત્યારે તેના રસનું ગ્રહણ થતાં જળથકી લવણની જુદાઈ જાણવામાં આવેછે. બન્ને મિશ્રિત છતાં બન્નેનો ભેદ સમજાય છે. એ જ રીતે આ જીવ, દેહાદિક સાથે લીન જેવો જણાય છે પરંતુ અણુત્વ જ્ઞાનત્વ આનંદત્વ અમલત્વ આદિક ધર્મોએ કરીને ન્યારો છે એમ સમજી શકાય છે. જે આ જ્ઞાનાદિ ધર્મો છે તે શરીરના નથી, કેમકે મરેલા શરીરમાં તે જ્ઞાનાદિ ધર્મો કદાપિ જોવામાં આવતા નથી. આ રીતે સુવિચાર કરતાં જીવાત્મા દેહાદિકથકી અત્યંત જુદો છે એમ નિઃશંક જાણી શકાય છે ॥ ૬-૮ ॥

जागरे यच्च विज्ञानं जायते चक्षुरादिना ।
स्वप्ने च मनसा ज्ञानं न देहस्यात्मनोऽस्ति तत् ॥ ९ ॥

જાગ્રત્ દશામાં ચક્ષુ શ્રોત્ર આદિક ઇન્દ્રિયોવડે 'હું જોઉં છું, હું સાંભળું છું?' વિગેરે વિજ્ઞાન થાય છે. તેમજ સ્વપ્ન અવસ્થામાં મન વડે "હું રાજા થયો' વિગેરે વિજ્ઞાન થાય છે તે દેહનું નહિ, પણ આત્માનું જ છે. જડ દેહમાં એ જ્ઞાન હોઈ શકે નહિ, એ તો **અહમર્થ** આત્માનું જ છે ॥ ૯ ॥

जडानां पञ्चभूतानां देहः सङ्घात इष्यते ।
अचेतनः परार्थश्च शिरःपाण्यादिलक्षणः ॥ १० ॥
तत्राहमर्थ आत्मा किं पाणिः पादो मुखं नु वा ।
यद्वाऽऽत्मनो मुखादि स्यात् कोऽहमर्थो विचार्यताम् ॥ ११ ॥
करो यदि भवेदात्मा करच्छेदे निरात्मकम् ।
प्रसज्यते शरीरं तु तत्र ज्ञानादि नोदियात् ॥ १२ ॥

વસ્તુતઃ જડ એવાં પૃથિવી આદિક પાંચ ભૂતોનો જે સંઘાત (સમુદાય) બન્યો છે તેને જ **દેહ** શબ્દથી કહેવામાં આવે છે. દેહ એટલે શું? તો પાંચ ભૂતોનો સંઘ. હસ્ત પાદાદિ લક્ષણવાળો આ દેહ, અચેતન (જડ) અને પરાર્થ—પરને માટે જે સ્વતંત્ર નથી. જે જડ હોય તે પરને માટે સર્જાએલું છે. એને કશો સ્વાર્થ નથી, પરને અધીન એનો પ્રકાશ (વ્યવહાર) છે. પોતાનો વ્યવહાર પોતે સ્વતઃ કરી શકે નહિ॥ તે દેહમાં હું શબ્દથી જેનો બોધ અને વ્યવહાર થાય છે એવો આત્મા શું હાથ છે? કે પાદ? કે મુખ છે? અથવા આત્માના જ એ મુખ મસ્તકાદિ અંગો છે. આમાં **અહમર્થ** (હું શબ્દથી બોધ થતો) કોણ છે? તેનો સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરવો ઘટે॥ જો હસ્તને આત્મા માનવામાં આવે તો હસ્તનો છેદ થતાં, દેહતો આત્મા વિનાનું જ થઈ રહે. હસ્તનો છેદ થતાં આત્માનો ઉચ્છેદ થઈ ગયો. એમ થતાં એમાં જ્ઞાન આદિકનો ઉદયજ ન રહે—શરીર જ્ઞાનશૂન્ય થઈ રહે. એટલે દેહનો વ્યવહાર જ બંધ પડી જાય ॥ ૧૦–૧૨ ॥

एवं पादादिविच्छेदेऽप्यविच्छिन्नः पुमान् पृथक् ।
कृतपूर्वं कराद्यैस्तु स्मरन्नास्ते शुगादिभाक् ॥ १३ ॥

એજ રીતે પાદાદિકનો વિચ્છેદ થતાં પણ આત્માનો વિચ્છિન્ન ન થતાં તેનાથી જુદો જ જણાય છે. અને હસ્તાદિ વડે પૂર્વે જે જે ક્રિયાઓ કરી છે તેને સંભારતો અને શોકદુઃખાદિકને કરતો થકો રહે છે ॥ ૧૩ ॥

करो ज्ञाता शिरो ज्ञाता ज्ञाता पाद इतीर्यते ।
यदि जीवबहुत्वं तु स्यादेकस्मिन् शरीरके ॥ १४ ॥

तथा च नित्यकलहो देहेऽस्मिन् संप्रसज्यते ।
नानाधिकारिके ग्रामे कलहाविरतिर्यथा ॥ १५ ॥

જો હાથ જ્ઞાતા (જાણે છે) છે, મસ્તક જ્ઞાતા છે, પાદ જ્ઞાતા છે, એમ માનવામાં આવે તો એકજ શરીરમાં જીવોનું બહુત્વ આવે. એટલે એક શરીરમાં ઘણા અહુમર્થ જ્ઞાતા આત્માઓનું અસ્તિત્વ આવે. એમ થતાં પરસ્પર નિત્ય કલહનો પ્રસંગ એક શરીરમાં આવે, (એક કહેશે આમ કરવું છે ત્યારે બીજો કહેશે આમ કરવું નથી) એમ થતાં જે એક સંપથી શરીરનો વ્યવહાર અદલ ચાલે છે તેના ભંગનો પ્રસંગ આવે. જેમ અલગઅલગ અધિકારીઓમાં અલગઅલગ અભિપ્રાયો પડે છે તેમ આમાં પણ પડયા વિના રહે જ નહિ. જુદા જુદા અભિપ્રાયવાળા અધિકારીઓવાળા ગામમાં (પંચાયતમાં) 'એક કહેશે આમ કરવું છે ત્યારે બીજો કહેશે એમ કરવું નથી' એમ કજીયા ચાલ્યા જ કરે છે. ભલે થોડા દિવસ વિના વિરોધે વ્યવહાર ચાલે, કિંતુ કદાચિત્ રુચિભેદ થતાં વિરોધનો પ્રસંગ છેજ. એમ વિરોધ થતાં કાર્યની સિદ્ધિ ન થાય એ નિર્વિવાદ વાત છે. એમજ એકજ દેહમાં બહુ આત્માઓનું અસ્તિત્વ આવતાં કજીયા થયાજ કરે. એ મહાન્ દોષ આનવાર્ય આવે છે, માટે હસ્તવાદાદિકને જ્ઞાતા આત્મા તરીકે માની શકાય નહિ. ॥ ૧૪-૧૫ ॥

अतः करादियोगी तु पुमानन्यो व्यवस्थितः ।
आदत्ते यः कराभ्यां तु करच्छेदे च दुःख्यति ॥ १६ ॥
जङ्गम्यते च पादाभ्यां पङ्गुच्छेदे च पादयोः ।
व्याहरन् वल्गुवाचाऽयं मूको वाचोनिरोधने ॥ १७ ॥

આ વિકટ સ્થિતિએ કર, શિર, ચરણ, આદિકના યોગવાળો જ્ઞાતા આત્માતો તેતે અંગો થકી જુદો જ વ્યવસ્થિત રહેલો સાબીત થાય છે. જે પુરુષ હાથ વડે અમુક વસ્તુને ગ્રહણ કરે છે એજ હસ્તનો છેદ થતાં દુ:ખી થઈ જાય છે. જે પુરુષ પાદો વડે ચાલે છે એજ પાદોનો વિચ્છેદ થતાં પાંગળો (લૂલો) થઈ જાય છે. જે પુરુષ વાણીથી સુંદર બોલે છે પરંતુ વાણીનો નિરોધ થતાં મૂગો થઈ જાય છે. ॥ ૧૬-૧૭ ॥

रूपं पश्यति चक्षुर्भ्यां तद्धानावेति चान्धताम् ।
शृणोति शब्दान् श्रोत्राभ्यां बधिरस्तन्निरोधतः ॥ १८ ॥

एवं ज्ञानक्रियायोगी ज्ञानकर्मेन्द्रियैः पृथक् ।
आत्मा देहे स्थितो भुङ्क्ते फलं स्वादु तथेतरत् ॥ १९ ॥

એમજ પુરુષ ચક્ષુવડે રૂપને જુવેછે પરંતુ જ્યારે તે ચક્ષુને હાનિ પહોંચેછે ત્યારે **આંધળો** થઈ રહે છે. તેમજ શ્રોત્ર વડે શબ્દોને સાંભળે છે પરંતુ જ્યારે શ્રોત્રનો નિરોધ થઈ જાય છે ત્યારે **બહેરો** બની જાયછે. આ રીતે જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો વડે જ્ઞાન-ક્રિયાના યોગવાળો જે આત્મા તેતો દેહમાં જુદો જ રહીને સ્વાદુ કે કુસ્વાદુ કર્મ ફળોને ભોગવે છે ॥ ૧૮-૧૯ ॥

भोगावच्छेदकं चेदं शरीरं भोगसाधनम् ।
चक्षुरादि भवेद्भोक्ता पुमानन्यस्ततो मतः ॥ २० ॥

यथा करादिविच्छेदेऽप्यात्मा ज्ञाता न नश्यति ।
एवं देहे विशीर्णेऽपि ज्ञाता जीवो न नश्यति ॥ २१ ॥

ઉપર પ્રમાણે વિચારતાં આ જે શરીર છે તે ભોગો ભોગવવાનું એક સ્થાન છે અને ચક્ષુરાદિ ઇન્દ્રિયો છે તેતો ભોગો ભોગવવામાં **સાધન** છે. અને જે પુરુષ છે તે **ભોક્તા** છે. માટે તે ભોક્તા આત્મા, શરીર થકી ન્યારો માન્યો છે. જેમ હસ્ત આદિકનો વિચ્છેદ થતાં પણ જ્ઞાતા આત્મા નાશ પામતો નથી તેમજ દેહ વિદીર્ણ થતાં પણ જ્ઞાતા જીવ નાશ પામતો નથી. અવિનાશી જ રહે છે ॥ ૨૦-૨૧ ।.

स्वप्ने देहो न जानाति शायितः पिहितेन्द्रियः ।
तदा जीवस्तु संम्भुक्ते कामांश्चैव मनोगतान् ॥ २२ ॥

સ્વપ્નમાં ઈન્દ્રિયોને બંધ કરીને સૂઈ રહેલો દેહતો કશુંજ જાણતો નથી એ દેખીતી વાત છે. તે સમયે પણ જીવ તો મનમાં રહેલા ભોગોને ભોગવે છે ॥ ૨૨ ॥

स्वापेऽपि सूक्ष्मरूपेण त्वात्मनोऽस्ति प्रकाशनम् ।
एतावन्तं कालमहमस्वाप्सं सुखमित्ययम् ॥ २३ ॥

सुप्तोत्थितोऽनुसन्धत्ते भातं स्वापे स्वमात्मकम् ।
तदान्यत् भासकं नास्ति स्वयं स्वात्मा प्रकाशते ॥ २४ ॥

'अत्राय पुरुषो ज्योतिःस्वय'मित्याह वेदवाक् ।
इदं स्वयंप्रकाशत्वमजडत्वं निगद्यते ॥ २५ ॥

ગાઢ નિદ્રારૂપ સુષુપ્તિમાં આ જીવ જાયછે ત્યારે પણ સૂક્ષ્મ પ્રકારથી જ્ઞાતા આત્માતો સ્વયં પ્રકાશેછે. તે સમયે "હું આટલો બધો સમય સુખેથી સુઈ રહ્યો" એવું જ્યારે સુઈને ઉઠે છે ત્યારે સુષુપ્તિમાં પ્રકાશેલા આત્મસ્વરૂપનું અનુસંધાન કરે છે. સુષુપ્તિ સમયે અનુભવેલા સુખનો બહુ ઉત્સાહથી બીજા આગળ અનુવાદ કરેછે કે 'આજ તો બહુ સુખ આવ્યું" આ સુખનો વિમર્શ કરતાં આત્માના સુખનો જ કેવળ આ અનુભવ છે. એમાં કોઈ બીજો સાક્ષી નથી, પણ જ્ઞાતા આત્માજ છે, એજ અનુભવેલા સુખને અનુવદે છે. આ સમયે વિષયજન્ય સુખનો સંભવ નથી, કારણ કે ખાવું પીવું જોવું સાંભળવું વિગેરે સમગ્ર વિષયોના અનુભવનો અભાવ છે. જ્યારે મન ઇન્દ્રિયોની વૃત્તિઓનો સમગ્ર વ્યાપાર બંધ પડી જાયછે અને તે આત્મૈક સન્મુખ થઈ રહેછે ત્યારે જ સુષુપ્તિ દશા આવેછે. એ સ્થિતિમાં કશા જ વિષય સુખનો લેશથી સંબંધ નથી. કેવળ સુખનો જ અનુભવ છે. સૂઈને ઉઠેલો પુરુષ 'આજ તો બહુ દુઃખ પામ્યો' એવો અનુભવ કદાપિ કરતો નથી. જાગેલો સર્વકોઈ દુઃખ વિનાના કેવળ સુખનો જ અનુભવ બીજા આગળ કહેછે. નિદ્રામાં એવું સુખ આવે છે કે જો કોઈ તેને બળાત્કારથી જગાડે તો તેની ઉપર બહુ ક્રોધ ચઢી જાયછે. અને વળી સુઈ જવા માટે બીજી બધી આવશ્યકી ક્રિયાઓને પણ છોડી દેછે. એટલે એમાં કેવળ અનુકૂળત્વરૂપ સુખનો જ અનુભવ છે એમ અવશ્ય માનવું પડે. સુષુપ્તિમાં આત્મા સિવાય કોઈનો પ્રકાશ નથી. આ બાબતમાં કેવળ યુક્તિ નથી પણ '**अत्रायं पुरुषो स्वयंज्योतिर्भवति**' એવી વેદવાણી પણ છે. આવા સ્વયં પ્રકાશપણાને જ અજડપણું કહેવામાં આવે છે ॥ ૨૩-૨૫ ॥

सुखरूपतया चायं स्वापे भाति निरन्तरम् ।
अस्वाप्सं सुखमित्येवं परामर्शात्सुखत्वतः ॥ २६ ॥

इदं स्वापे सुखं भातं चेतनात्मस्वरूपगम् ।
नेदं वैषयिकं यन्न विषयानुभवस्तदा ॥ २७ ॥

अनुकूलतया भानात् स्वस्मै स्वात्मा सुखात्मकः ।
नित्योऽनुकूल आत्माऽतः स्वप्रकाशः प्रकीर्तितः ॥ २८ ॥

આ આત્મા, સ્વાપ સમયે સદા સુખરૂપપણે જ ભાસે છે. કેમકે સુઈને જાગેલો પુરુષ 'આજ હું સુખેથી સુઈ ગયો હતો' એમ સ્વાપ સમયના સુખનો પરામર્શ કરે છે. આ પરામર્શ કરનારો બીજો કોઈ નહિ પણ જે સ્વાપમાં ગયો હતો એજ આત્મા છે. એટલે નિદ્રા સમયે જે સુખનો અનુભવ થયો છે તે ચેતન આત્માના સંબન્ધવાળો નિશ્ચિત છે. આ સુખનો અનુભવ કોઈ વિષયના સંબન્ધવાળો કહેવાય તેમ નથી. કેમકે તે વખતે ખાવું પીવું જોવું સાંભળવું વિગેરે કોઈ વિષય હતો જ નહિ, ઇન્દ્રિયોના વિષયોના અનુભવનો તદ્દન ત્યાગ કરેછે ત્યારે જ ખરી નિદ્રા આવે છે ॥ તે વખતે પોતાનો આત્મા પોતાને અનુકૂળપણે જ સુખસ્વરૂપે જ ભાસે છે. 'હું સુખી' એમ સુખનો અનુભવ કેવળ આત્માને જ થાયછે. અનુકૂળ જ્ઞાનને સુખ કહેછે. પ્રતિકૂળ જ્ઞાનને દુઃખ કહેછે. સુખ કહો કે આનંદ કહો બન્ને એકાર્થ છે. માટે આત્મા પોતે પોતાને નિત્ય અનુકૂળ અને સ્વયંપ્રકાશ અને સુખરૂપ છે એમજ કહેવામાં આવે છે ॥ ૨૬–૨૮ ॥

आत्मनः सुखरूपत्वाद्धीरः कैवल्यमिच्छति ।
यद्यात्मा सुखरूपो न कस्तस्यानुभवो भवेत् ॥ २९ ॥

ઉપર પ્રમાણે આત્મા સદા સુખરૂપ હોવાથી ધીર પુરુષ કૈવલ્ય–આત્મસ્વરૂપને પામવા ઇચ્છેછે. જો આત્મા સુખરૂપ ન હોય તો તેનો અનુભવ કેવો થાય ? સુખનો અનુભવ ન મળતો હોય તો શા માટે પ્રયત્ન કરે ? મોક્ષના પ્રસ્તાવથી અળગો થઈ રહે ॥ ૨૯ ॥

देहस्तु सुखरूपो न नानादुःखाकरो यतः ।
न चायं स्वप्रकाशोऽस्ति ज्ञानेनैवावगम्यते ॥ ३० ॥

यद्ययं स्वप्रकाशः स्यात् स्वापे भायात् स्वतस्त्वयम् ।
न स्वापे देहभानं तु कस्यचित्स्वात्मसाक्षिकम् ॥ ३१ ॥

આ જે દેહ છે તે તો સુખરૂપ નથી, કેમકે નાનાવિધ દુઃખની ખાણરૂપ છે. અને વળી 'હું હું' એમ સ્વયં પ્રકાશતો નથી. પણ અહમર્થ આત્માના જ્ઞાનમાં વિષય થાય છે (હું આ દેહને જાણું છું

એમ) ત્યારે જ જણાય છે. 'હું' એમ કદાપિ ભાસતો નથી. એનો પ્રકાશ (વ્યવહાર) અહમર્થ આત્માને આધીન છે, સ્વતઃ નથી. જો દેહ સ્વયં પ્રકાશતો હોય તો સ્વાપસમયે સ્વતઃ પ્રકાશતો હોવો જોઈએ. તે તો છે જ નહિ. સ્વાપ સમયે દેહનું ભાન તો કોઈને પણ સ્વાનુભવ-સિદ્ધ નથી ॥ ૩૦–૩૧ ॥

वालाग्रशतभागस्य शतधा कल्पितस्य च ।
भागो जीवोऽणुरूपोऽसौ श्रुत्यन्तेष्वभिविश्रुतः ॥ ३२ ॥

देहः स्थूलो दृश्यते तु कीटहस्त्यादिलक्षणः ।
ज्ञानव्याप्त्याऽणुरूपोऽपि कृत्स्नदेहप्रकाशकः ॥ ३३ ॥

जैनास्तु देहमानत्वमात्मनां संप्रचक्षते ।
नैतद्युक्तं विकारादिप्रसक्तेरात्मनां तदा ॥ ३४ ॥

વાળના અગ્ર ભાગના સો ભાગ કર્યા હોય અને તે એક ભાગના સો ભાગ કર્યા હોય એના ભાગ જેટલો જીવ છે. એમ શ્રુતિઓમાં (શ્વેતા. ઉ.) કહ્યું છે. '**आराग्रमात्रो ह्यवरोऽपि दृष्टः**' એમ પણ કહ્યું છે. અણુપરિ-માણમાં તાત્પર્ય છે. કીટ હસ્તી આદિકરૂપ દેહતો સ્થૂળ જોવામાં આવે છે. અણુરૂપ એવો પણ આત્મા શક્તિભૂત જ્ઞાનની વ્યાપ્તિથી સમગ્ર દેહને પ્રકાશ કરેછે– વ્યવહારની યોગ્યતાને કરી આપે છે. જૈનો તો 'હું સ્થૂળ છું, હું કૃશ છું, મારા પાદમાં દુઃખ થાય છે, મારા મસ્તકમાં સુખ થાય છે' એમ સર્વ શરીરાવયવથી સ્થૂળત્વ દુઃખત્વ આદિકનો અનુભવ થાય છે. માટે આત્મા કર્માનુસારે જેજે દેહમાં જાય છે ત્યાં તેવડો થાય છે. એટલે કીટ શરીરમાં કીટ જેવો નાનો અને હાથી શરીરમાં હાથી માપનો મોટો આત્મા થઈ રહે છે. આ માન્યતા યોગ્ય નથી. કેમકે આત્મામાં વૃદ્ધિ હ્રાસ વિગેરે અનેક વિકારોનો પ્રસંગ આવે છે. એ તો યોગ્ય નથી. આ માન્યતામાં યુક્તિથી બાધ છે એટલું જ નહિ પણ '**अमृताक्षरं हरः**' '**आत्मा शुद्धोऽक्षरः**' '**एकं सदैकं**' '**कूटस्थोऽक्षर उच्यते**' '**अविकार्योऽयमुच्यते**' ઇત્યાદિ શ્રુતિ સ્મૃતિમાં આત્માને અક્ષર, અમૃત, શુદ્ધ, એકરૂપ, કૂટસ્થ, અવિકાર્ય, કહેવામાં આવ્યો છે તેનો પણ બાધ આવે છે. માટે આ માન્યતા કોઈ રીતે યોગ્ય નહિ હોઈને સ્વીકાર્ય નથી ॥ ૩૨–૩૪ ॥

जडदुःखात्मकाद्देहात्स्थूलात्सूक्ष्मोऽणुरूपकः ।
विविच्यते पृथक् देही त्विथं नयविचक्षणैः ॥ ३५ ॥

જડ (અહમર્થ નહિ) અને દુઃખમય એવા સ્થૂળ દેહ થકી અણુરૂપ સૂક્ષ્મ ચિદ્રૂપ આત્મા પૃથક્–સ્વરૂપ સ્વભાવથી પૃથક જ છે એમ ન્યાય યુક્તિ ઉપપત્તિથી વિચક્ષણ એવા જનો વિવેચન કરીને સમજે છે. દેહ આત્માની અત્યંત જુદાઈને જાણે છે. ॥ ૩૫ ॥

हंसो यथा क्षीरयुते च नीरे क्षीरं स्वशक्त्या विविनक्ति सारम् ।
एवं बुधः सात्मकदेहतोऽस्माद्विवेचयेत्सारतरं पुमांसम् ॥३६॥

જેમ હંસ (પક્ષી જાતિ) જળમાં મિશ્રિત થઈ ગએલા પણ દુધને પોતાની જ્ઞાન શક્તિથી પૃથક વિવેચન કરીને જુદુ પાડીને સારને ગ્રહણ કરે છે. એવી રીતે વિવેકી પુરુષો જેમાં આત્મા, તાદાત્મ્ય જેવી દશાએ રહ્યો છે એવા પણ દેહથકી આત્માને પૃથકપણે વિવેચનથી સમજીને સારતર એક આત્માનેજ ગ્રહણ કરે છે. આમાં વિવેકની જરૂર છે ॥૩૬॥

एवं पृथक् स्थितोऽप्यात्मा विविक्तो नैव गृह्यते ।
मन्दप्रज्ञैरहंबुद्धया शरीरं त्वेव गृह्यते ॥ ३७ ॥
सेयं भगवतो माया मायिनामपि मोहिनी ।
याऽहन्ताममताहेतुः पुंसो देहतदीययोः ॥ ३८ ॥

આ રીતે આત્મા વસ્તુતઃ દેહથકી અત્યંત જુદો છે. તથાપિ મંદપ્રજ્ઞ પુરુષો દેહમાંજ અહં બુદ્ધિ દૃઢ થઈ જવાથી શરીરને જ આત્મા તરીકે માની લે છે. જુદો જાણી શકતા નથી. આવા વિપરીત ભાવનું કારણ હવે કહે છે કે–'**दैवो ह्येषा गुणमयी मम माया दुरत्यया**'આમાં શ્રીકૃષ્ણભગવાને કહ્યા મુજબ જે ભગવાનની માયા (વિચિત્ર કાર્ય કરનારી) છે તે માયાને જાણનારાઓને પણ મોહ (વિપરીત ભાવ)ને ઉપજાવે છે. દેહમાં અહંતા (દેહ એજ હું) અને દેહના સંબંધી સ્રી પુત્રાદિકમાં મમતા (મારાં છે) ને ઉપજાવે છે. આ બાબત શિક્ષાપત્રીમાં શ્રીમુખે પણ કહી છે. આ બાબત '**समाने वृक्षे पुरुषो निमग्नः अनीशया शोचति मुह्यमानः**' આ શ્રુતિમાં સ્પષ્ટ છે. ॥ ૩૭–૩૮ ॥

इन्द्रियाणि पुनः केचिदात्मानमभिमन्वते ।
इन्द्रियाणामधिष्ठानात् मन आत्मेति चापरे ॥ ३९ ॥

प्राणमात्मानमितरे यद्भावादिङ्गते वपुः ।
विवेकरहितास्त्वेते पल्लवग्राहिबुद्धयः ॥ ४० ॥

દેહને આત્મા તરીકે માનનારાઓની વાત થઈ. વળી કેટલાક (તેથી જરા સુધરેલા) 'ઇન્દ્રિયોજ આત્મા છે' એમ અભિમાને છે. ચક્ષુરાદિ ઇન્દ્રિયો હોય તો જ રૂપાદિ જ્ઞાન થાય છે. ચક્ષુ જુએ છે, શ્રોત્ર સાંભળે છે, ઘ્રાણ સુંઘે છે, એવા પણ વ્યપદેશો થાય છે. ઇત્યાદિ કલ્પના કરીને ઇન્દ્રિયોને આત્મા માને છે. બીજા કોઈ **મનને** આત્મા તરીકે માનેછે. ઈન્દ્રિયો તો ભિન્નભિન્ન છે અને તેઓ પોતપોતાના નિયત વિષયોને જ પ્રકાશ કરનારાં છે, માટે તે આત્મા હોઈ શકે નહિ. મનતો એક છે. ચક્ષુરાદિ જે કરણો તેતો મનનાજ ઉપકરણ ભાવને પામે છે, ઇન્દ્રિયોને અધિષ્ઠાન કરીને રહેલું છે, માટે **મન** જ આત્મા છે એમ માને છે. કેટલાક પ્રાણને આત્મા માને છે. કેમકે તેના સદ્ભાવને લીધે શરીર ચેષ્ટાને કરે છે. તેમનું કહેવું એમ છે કે-દેહ, ઇન્દ્રિયો મન આદિકની જે જે પ્રવૃત્તિઓ થાય છે તે પ્રાણને અધીન છે. વળી '**प्राणोऽस्मि प्रज्ञात्मा**' એમ પ્રાણ આત્માને એકપણે કહે છે. વળી પ્રાણની સ્થિતિ હોય તો જીવ રહ્યો છે અને નીકળી જાય તો જીવ નીકળી ગયો એવો પણ વ્યવહાર થાય છે. ઇત્યાદિ કલ્પના કરીને પ્રાણને આત્મા તરીકે માનેછે. આ બધા વિવેક વિનાનાઓ વૃક્ષને નહિ પકડતાં તેના પલ્લવને પકડી રાખવાની બુદ્ધિવાળા અખતર ડાહ્યા છે ॥ ૩૯-૪૦ ॥

ज्ञातुः करणभूतानि त्विन्द्रियाणि मनस्तथा ।
करणानां कर्तृभावो ज्ञाने नैषां घटेत वै ॥ ४१ ॥

यथा हि दण्डचक्रादेर्न घटादिषु कर्तृता ।
कुलालस्यैव कर्तृत्वं दृष्टमिष्टं च तत्र तु ॥ ४२ ॥

મન તથા ઇન્દ્રિયો છે તેતો જ્ઞાતા આત્માનાં કરણભૂત (જ્ઞાનસંપાદનનાં સાધનો) છે. જે જ્ઞાનમાં કરણ (સાધન) થનારાં છે તે મન ઈન્દ્રિયોમાં કર્તૃભાવ (કર્તાપણું) ઘટેજ નહિ. કરણોને કર્તા કહેવાય નહિ, બન્ને જુદાજ

હોય છે. જેમ ઘટ આદિક બનાવવામાં દંડ ચક્રાદિ ઉપકરણો છે તેમાં કર્તાપણું નથી. કર્તાપણું તો કુંભકારનુંજ જોવામાં આવે છે. તેમાં તેનુંજ કર્તાપણું ઇષ્ટ છે ॥ ૪૧-૪૨ ॥

अपश्यं चक्षुषा पूर्वमन्धो जातस्तु सांप्रतम् ।
अहमासंस्त्वन्यमना तन्नापश्यं पुरःस्थितम् ॥ ४३ ॥
इति व्यक्तममीषां च करणत्वं प्रतीयते ।
इन्द्रियाणां बहूनां यद्यात्मत्वमभिमन्यते ॥ ४४ ॥
तदा नित्यं विसंवादो भवेदेकैकदेहके ।
यतो नाना प्रसज्यन्ते जीवा एकैकदेहके ॥ ४५ ॥

'હું પૂર્વે આંખ વડે દેખતો હતો પણ હાલમાં તો આંધળો થવાથી દેખી શકતો નથી.' એવો અનુભવ છે. વળી 'મારૂ મન બીજે હતું જેથી સમીપમાં રહેલી વસ્તુને પણ હું જોઈ શકતો નથી' એવો પણ સાર્વત્રિક અનુભવ છે. આ અનુભવમાં મન ઇન્દ્રિયોનું કરણપણું સ્પષ્ટ જણાય છે. કોઈનું કર્તાપણું જણાતું નથી '**अन्यत्रमना अभूवमदर्शमन्यत्रमना अभूवं नाश्रौषम्**' આ શ્રુતિમાં મનને કર્તાપણે નહિ પણ કરણપણે કહ્યું છે. '**अन्यत्रमनाः**' આ વ્યતિરેક નિર્દેશ અને 'સાવધ મનથી સાંભળો' આ નિર્દેશથી આત્માની જુદાઈને જણાવે છે. વળી જો ઇન્દ્રિયો કે જેનું બહુત્વ છે (એક નથી) તેને જો આત્મા તરીકે માનવામાં આવે તો એક એક દેહમાં નિત્ય પરસ્પર વિવાદનો પ્રસંગ આવે. એમ થતાં તેતે ઇન્દ્રિયોની ક્રિયા જે અદલ થાય છે તે થાય નહિ. પરસ્પર કજીયામાં પરિણામ આવે અને એક એક દેહમાં બહુ આત્માઓના સદ્ભાવનો પ્રસંગ આવે. આતો બીલકુલ અઘટિત છે. ॥ ૪૩-૪૫ ॥

चक्षुषा दृष्टमेवाद्य स्पृशामीदमहं पुनः ।
इति प्रतीयते त्वेक आत्मा ह्येकैकदेहके ॥ ४६ ॥

'જે વસ્તુને હું પ્રથમ ચક્ષુવડે જોતો હતો તે વસ્તુને હાલ હું ત્વચાથી સ્પર્શ કરું છું.' આજે દૃષ્ટાપણાના એકપણાનું પ્રત્યભિજ્ઞાન થાય છે તે એક એક દેહમાં એકજ આત્માને સાબિત કરી આપે છે. ઇન્દ્રિયોને જો આત્મા માનવામાં આવે તો દૃષ્ટા જુદો અને સ્પ્રષ્ટા જુદો

પડે છે. જેથી આ પ્રત્યભિજ્ઞાન ઘટતું આવે નહિ. વળી 'સર્વ ઇન્દ્રિયો વડે સર્વ વિષયોને હું એકલો અનુભવું છું" આવું જે સર્વેને અનુસંધાન થાય છે તે ઇન્દ્રિયોને આત્મા માનવામાં બિલકુલ ઘટે નહિ. ઇત્યાદિ અનેક અપરિહાર્ય દોષો આવેછે. જેથી ઇન્દ્રિયોને આત્મા માની શકાય નહિ ॥ ૪૬ ॥

प्राणोऽपि नात्मा वायुत्वाद्यथा व्यजनमारुतः ।
उपकारकमात्रोऽयं जाठराग्निप्रदीपकः ॥ ४७ ॥
अशैथिल्यस्य कर्ता च देहादेरिष्यते पुनः ।
नात्माऽविकारः प्राणोऽयं ह्रासवृद्ध्यादिभाक् यतः ॥ ४८ ॥

પ્રાણ પણ જીવાત્મા હોઇ શકે નહિ, કેમકે જેવો વીંજણાનો વાયુછે; તેવો જ એ એક વાયુ છે. જઠરાગ્નિને પ્રદીપન કરતો હોવાથી એને ઉપકારક તરીકે માન્યો છે. **'अहं वैश्वानरो भूत्वा'** આ વચનથી જમેલા પીધેલા આહારના પરિણામમાં પ્રાણ વ્યાપારનું હેતુપણું કહ્યુંછે. બહુ સૂક્ષ્મ પૃથ્વી જળ તેજના અંશથી ઉત્તેજીત થએલા, ઉદરમાં રહેલા વાયુને પ્રાણ કહે છે. એ કારણથી દેહાદિકમાં અશિથિલતાકર્તા તરીકે તેને માન્યો છે. પ્રાણ હોય તો દેહમાં શિથિલતા ન આવે. જે પ્રાણ છે તેતો વૃદ્ધિહ્રાસને પામનારો વિકારી છે. જેથી નિર્વિકાર આત્મા પ્રાણને કદાપિ કહી શકાય નહિ. જે દોષો દેહ ઇન્દ્રિયોને આત્મા કહેવામાં આવે છે તે બધા જ દોષો આમાં પણ આવે છે. **'एतस्माज्जायते प्राणः'** એમ પ્રાણની ઉત્પત્તિ પણ કહી છે. વળી **'मम प्राणाः'** એમ આત્માથકી પ્રાણની વ્યતિરેકપણે પ્રતીતિ થાય છે, માટે પ્રાણને આત્મા તરીકે માની શકાય નહિ. આ રીતે દેહ ઇન્દ્રિયો મન પ્રાણ થકી આત્મા જુદોજ છે એમ સિદ્ધ થાય છે ॥૪૭-૪૮॥

मनो वाक् प्राण इत्येत् त्रिकमात्मोपकारकम् ।
ससर्ज भगवानादाविति वाजिश्रुतौ श्रुतम् ॥ ४९ ॥
बुद्धीन्द्रियमनःप्राणान् जनानामसृजत् प्रभुः ।
मात्रार्थं च भवार्थं च ह्यात्मनेऽकल्पनाय च ॥ ५० ॥
इतीन्द्रियादि जीवस्य लोकयात्रोपपादकम् ।
प्रोचे शुको ब्रह्मभूतः देवराताय धीमते ॥ ५१ ॥

'त्रीण्यात्मनेऽकुरुत मनो वाचं प्राणम्' આ શ્રુતિ મન વાણી અને પ્રાણ આ ત્રિકને આત્માને જ્ઞાનસાધનમાં ઉપકારક તરીકે ભગવાને સૃષ્ટિના આદિ ભાગમાંજ સર્જ્યાં છે એમ કહે છે. વળી ભગવાને 'બુદ્ધિ ઇન્દ્રિયો, મન, પ્રાણને સર્જ્યાં છે. શા માટે તો વિષયભોગ અર્થે જન્મને અર્થે, લોકાંતરમાં જવાને અર્થે અને મોક્ષને અર્થે સર્જ્યાં છે. આ રીતે મન પ્રાણ ઇન્દ્રિયાદિક છે તે જીવને લૌકિક વ્યવહાર કરવામાં ઉપયોગનાં છે. આ રીતે બ્રહ્મભૂત શુકદેવજી બુદ્ધિમાન્ પરીક્ષિત રાજાને કહે છે. આ રીતે મન બુદ્ધિ ઇન્દ્રિયો પ્રાણ આદિકની ઉત્પત્તિ કહી હોવાથી તેને આત્મા કહી શકાય નહિ. આત્માતો ચિદ્રૂપ નિત્ય છે. ॥૪૯-૫૧

तैत्तिरीयब्रह्मवल्लयां देहादिभ्यः पृथक्तया ।
जीवो ज्ञाता विनिर्दिष्टस्तत्प्रकारं शृणुष्व च ॥ ५२ ॥

વળી તૈત્તિરીય ઉપનિષદની બ્રહ્મવલ્લીમાં દેહાદિકથી જ્ઞાતા જીવ જુદોજ છે એમ નિર્દેશ કર્યો છે તેનો પ્રકાર હવે હું કહું છું તે મન દઈને સાંભળો ॥ ૫૨ ॥

तत्राद्यः कथितः कोशो नाम्ना त्वन्नमयो नृप ! ।
देहोऽन्नरसपूर्णोऽयं तथोक्तः पुरुषाकृतिः ॥ ५३ ॥

द्वितीयः प्राणमयकः पञ्चप्राणप्रकाशकः ।
मनोमयस्तृतीयोऽस्ति ह्यन्तःकरणसङ्ग्रहः ॥ ५४ ॥

विज्ञानमयनाम्ना च तुरीयः प्रथितोऽस्ति यः ।
तत्रात्मा ज्ञानगुणकः कर्ता यज्ञादिकस्य च ॥ ५५ ॥

ब्रह्मरूपः स्वतः प्रोक्तो देवताभिरुपासितः ।
नित्योऽपहतपाप्मत्वप्रमुखैः संयुतो गुणैः ॥ ५६ ॥

आनन्दमयकोशस्तु परंब्रह्मणि निष्ठितः ।
यदानन्दघनं साक्षात् ब्रह्मभूतैरुपास्यते ॥ ५७ ॥

देहप्राणमनोभिन्नो जीवो ज्ञानस्वरूपकः ।
ज्ञाता च ब्रह्मभावार्हः कृष्णदास इतीरितः ॥ ५८ ॥

હે નૃપ! પાંચ કોશો કહ્યા છે-તેમાં પ્રથમ **અન્નમય** નામનો કોશ કહ્યો છે. અન્નરસથી પોષણ પામતો જે આ પુરુષાકાર દેહ એજ એ સમજવો. અર્થાત્ અન્નમય શબ્દથી દેહ જાણવો. અન્નમયથકી બીજો **પ્રાણમય** કોશ કહ્યો છે જે પાંચ પ્રાણોને પ્રકાશ કરનારો છે. પંચવૃત્તિની અધિકતાને લીધે એને **પ્રાણમય** શબ્દથી કહે છે. એ પ્રાણમય કોશ થકી ત્રીજો **મનોમય** કોશ કહ્યો છે. એમાં અંતઃકરણનો સંગ્રહ આવી જાય છે. મનોવૃત્તિનું આધિક્ય હોવાથી મનોમય કહેવાય છે. (પ્રચુર અર્થમાં મયટ્ પ્રત્યય આવે છે) એ પ્રાણમય કોશ થકી ચોથો **વિજ્ઞાનમય** નામનો કોશ કહ્યો છે, આતો પ્રખ્યાત છે. જે આત્મા છે તે જ્ઞાનગુણની પ્રચુરતાને લીધે વિજ્ઞાનમય શબ્દથી કહ્યો છે. અર્થાત્ જ્ઞાતા છે. અને **विज्ञानं यज्ञं तनुते कर्माणि तनुते च**' એમ યજ્ઞાદિ કર્મોના કર્તા તરીકે કહ્યો છે. '**विज्ञानं देवाः सर्वे ब्रह्मज्येष्ठमुपासते...शरीरे पाप्मनो हित्वा सर्वान् कामान् समश्नुते**' આ શ્રુતિમાં કહ્યા મુજબ દૈવી પ્રકૃતિવાળા જીવો સ્વતઃ બ્રહ્મરૂપ તરીકે ઉપાસના કરે છે. જેથી તે નિત્ય આત્મા અપહતપાપ્મા ઇત્યાદિ બ્રહ્મગુણોએ યુકત થાય છે વિજ્ઞાનમય પછી જે **આનંદમય** કોશ કહ્યો છે તેતો આનંદમય પરમાત્માના સંબન્ધવાળો છે. એમાં જીવનો સંબન્ધ નથી. જે આનંદઘન પરમાત્માને બ્રહ્મભૂત (શુદ્ધ) થયેલાઓ સાક્ષાત્ ઉપાસના કરે છે. એટલે પરમાત્મા-જીવાત્મા વચ્ચે ઉપાસ્ય ઉપાસક ભાવ વર્તે છે. આ પ્રકારે આ પ્રકરણમાં દેહ પ્રાણ અને મન થકી ભિન્ન પણે જીવને જ્ઞાનસ્વરૂપપણે અને જ્ઞાનગુણકપણે વર્ણવ્યો છે. પોતાને બ્રહ્મરૂપ સમજતાં બ્રહ્મભાવને લાયક થાય છે અને છેવટે મુકિતદશામાં ભગવાનના દાસ તરીકે કહેવાય છે. આ રીતે અન્નમય, પ્રાણમય, મનોમય, થકી વિજ્ઞાનમય (આત્મા)ની વિલક્ષણતા આ ઉપનિષદમાં સ્પષ્ટ શબ્દોમાં નિરૂપી છે ॥ ૫૩-૫૮ ॥

विज्ञानमात्रमात्मानं केचित्पण्डितमानिनः ।
मन्यन्ते न पुनर्ज्ञानगुणकं तु विमोहिताः ॥ ५९ ॥
ज्ञानं यन्नीलपीतादि विषयाणां प्रकाशकम् ।
उत्पत्तिमदिदं नूनं विनश्यच्च प्रतीयते ॥ ६० ॥
कथमेतद्भवेदात्मा त्वजो नित्यः सनातनः ।
तदेतेषां भवेदात्माऽऽधारो जीवो विलक्षणः ॥ ६१ ॥

કેટલાક (બૌદ્ધો) માયા વિમોહિત હોઈને પંડિતપણાના અભિમાન-વાળા તેઓ આત્માને 'વિજ્ઞાનમાત્ર છે' એમ માને છે. તેને જ્ઞાન ગુણવાળો જ્ઞાતા માનતા નથી. જ્ઞાનથી જ બધો વ્યવહાર ચાલે છે તો જ્ઞાતા અહમર્થને માનવાની શી જરૂર? એવી માન્યતા છે. આ માન્યતા ખોટી છે, કેમકે તમામ વ્યવહારો **જ્ઞાન જ્ઞાતા** અને **જ્ઞેય** આ ત્રણની અપેક્ષા-વાળા જોવામાં આવે છે. જેમ વ્યવહાર, વ્યવહર્તા અને વ્યવહાર્યની અપેક્ષા નહિ રાખીને સ્વસત્તાને પામતો નથી તેમજ તેનું મૂળભૂત વિજ્ઞાન પણ વિજ્ઞતા અને વિજ્ઞેયની અપેક્ષા નહિ રાખીને સ્વસત્તાને પામતું નથી. અર્થાત્ જેમ વ્યવહર્તા અને વ્યવહાર્ય હોય તો જ વ્યવહા-રની સિદ્ધિ થાય છે તેમ વિજ્ઞાતા અને વિજ્ઞેય હોય તો જ વિજ્ઞાનની સિદ્ધિ થાય છે. એકલા વિજ્ઞાનથી કાંઈ વળે નહિ. આ માટે જ્ઞાતા અહમર્થના ધર્મપણે જણાતા અને 'મને જ્ઞાન ઉત્પન્ન થયું' અને નષ્ટ થયું' એમ સ્ફુર્તિને પામતા વિજ્ઞાનમાત્રને કોઈ રીતે આત્મા તરીકે માની શકાય નહિ. જ્ઞાતા અહમર્થ જ આત્મા છે એ સિદ્ધાંત વાત છે. વળી 'આ નીલ છે–આ પીત છે' ઈત્યાદિ વિષયોને પ્રકાશ કરનારું જે જ્ઞાન છે તે તો ઉત્પત્તિ અને નાશ પામતું પ્રત્યક્ષ જોવામાં આવે છે એવા જ્ઞાનને આત્મા કેમ કહી શકાય? આત્માતો અજ, નિત્ય, સનાતન છે. એ સર્વેનો આધાર અને સર્વવિલક્ષણ જ્ઞાતા છે. જ્ઞાનસ્વરૂપ અને જ્ઞાતા બન્ને લક્ષણવાળો છે ॥ ૫૯–૬૧ ॥

ज्ञातुरस्य पुनर्ज्ञानरूपत्वं चेष्यते बुधैः ।
अहमित्यान्तरस्त्वात्मा सततं भासते यतः ॥ ६२ ॥
इदङ्कारस्य विषयः परागर्थोऽभिधीयते ।
अहङ्कारस्यास्पदं तु प्रत्यगात्मा व्यवस्थितः ॥ ६३ ॥

ઉપરનાં કારણોને લીધે બુધ જનો જ્ઞાતાપણ આત્માને જ્ઞાનરૂપ માને છે એટલે સ્વરૂપથી જ્ઞાન અને ગુણથી જ્ઞાતા માને છે. 'હું બન્ને વચ્ચે ગુણગુણિભાવ છે, જેમ પ્રભા અને પ્રભાવાન્ મનાય છે તેમ. આને જાણું છું' એમ જ્ઞાનના આધારપણે આત્માનો સદાય ભાસ થાય છે. જે '**इदं**' (આ) એમ વ્યવહારમાં આવે તે **પરાગર્થ** કહેવાય છે અને 'હું' એમ જેનો બોધ કે વ્યવહાર થાય તે '**પ્રત્યક્**' એમ કહેવાય છે ,એજ આત્મા છે. આવી વ્યવસ્થા છે. તાત્પર્ય એ છે કે, આ જીવાત્મા 'હું હું'

એમ સદા પ્રકાશે છે. કેમકે તે પ્રત્યક્ છે. 'આ પ્રત્યક્ છે આ પરાક્ છે એવો તત્ત્વવિવેક તો **અહં**બુદ્ધિ તથા **અહં**શબ્દ અને **ઈદં**બુદ્ધિ તથા **ઈદં**શબ્દથી થઈ શકે છે. '**अहमिदं जानामि**' ('હું, આને જાણું છું,) એવો આબાળ સર્વેને અનુભવ થાય છે, તેમાં 'હું' એવું જે ભાન થાય છે તે સ્વયં ચેતન આત્માનું છે. 'આ' એવું જે કોઈ વસ્તુનું ભાન થાય છે તે બહારના જડ વિષયનું છે. 'જાણું છું' એવું જે ભાન થાય છે તે જાણવા-રૂપ જ્ઞાનનું છે. આત્માનો જ્યારે જ્યારે અનુભવ કે વ્યવહાર થાય ત્યારે 'હું' એવી બુદ્ધિથી અને 'હું' એવા શબ્દથી થાય છે. 'હું' બુદ્ધિ કે હું શબ્દ વિના આત્માનો અનુભવ કે વ્યવહાર કોઈને પણ કયારેય પણ થઈ શકે નહિ. આ બાબત આબાળવૃદ્ધ સર્વેને સદા વિદિત છે. જેનો 'હું' બુદ્ધિથી અને 'હું' શબ્દથી વ્યવહાર ન થતાં 'ઈદં' બુદ્ધિથી અને 'ઈદં' શબ્દથી વ્યવહાર થાય તે **પરાક્** કહેવાય ઘટ પટ વિગેરે વસ્તુઓનો જ્યારે જ્યારે વ્યવહાર થાય છે ત્યારે 'ઈદં' બુદ્ધિ અને 'ઈદં' શબ્દથી જ થાય છે પણ 'હું' શબ્દથી કયારેય પણ થતો નથી. આ બાબત પણ સર્વ સુજન સુવિદિત છે. કેમકે ઘટપટાદિ પદાર્થો પરાક્ (જડ) છે. આવી તત્ત્વ પરિસ્થિતિ હોવાથી '**स्वस्मै स्वेनैव भासमानत्वं प्रत्यक्त्वं परस्मै भासमानत्वं पराक्त्वं**' એવું પ્રત્યક્-પરાક્નું પૃથક્ લક્ષણ કર્યું છે. જેનો '**અહં**' બુદ્ધિ તથા **અહં** શબ્દથી વ્યવહાર થાય એ જ પ્રત્યક્ અને જેનો **ઈદં** બુદ્ધિ અને 'ઈદં' શબ્દથી વ્યવહાર થાય તે **પરાક્** એવું ટુંકામાં તાત્પર્ય છે. ચેતનને જ પ્રત્યક્ અને અચેતનને પરાક્ કહેવાય. એ ખાસ મુદ્દો છે. પોતે પોતાને પ્રકાશ પામવારૂપ જે પ્રત્યક્પણું તે સ્વયં પ્રકાશત્વમાત્ર નહિ પરંતુ તે '**અહં**'બુદ્ધિ અને 'અહં' શબ્દથી વ્યવસ્થા કરેલું સમજવું ઘટે. આવું પ્રત્યક્પણું તો એક ચેતન આત્માને વિષે જ સંભવતું હોવાથી '**कश्चिद् धीरः प्रत्यगात्मानमैक्षत्**' આ શ્રુતિમાં પ્રત્યક્ શબ્દથી સંબોધ્યો છે. આત્મા પ્રત્યક્ હોવાથી 'હું હું' એમ જ સદા પ્રકાશે છે. આ રીતે દેહાદિકથકી આત્માની વિલક્ષણતા સાધી શકાય છે. અહંમર્થજ સ્થિર આત્મા છે એ બાબત એક અભિયુક્તિમાં "**प्रत्यक्त्वा-दुपलम्भतो मम सुखं भावीति मोक्षेच्छया मुक्तब्रह्ममुमुक्षुवेदवचसां सुप्तोऽहमित्युक्तितः । मां नाज्ञासिषमित्यपि स्वप्नपुराद्यज्ञानमात्राश्रयात् स्वाप्यप्राच्यनिजक्रियास्मरणतोऽप्यात्माहमर्थः स्थिरः** । આ રીતે સંગ્રહી છે. તાત્પર્ય એવું છે કે-એકતો આત્માનું પ્રત્યક્પણું (સ્વયંપ્રકાશપણા

રૂપ) છે તે અહંબુદ્ધિથી જ પરાગર્થ (ઇદં' બુદ્ધિથી બોધ્ય જડ અર્થ) પૃથક પડે છે. અહંબુદ્ધિના વિનાશમાં તો પ્રત્યક્‌પણુ સિદ્ધ થાય જ નહિ. માટે પ્રત્યકપણું તે અહમર્થનું જ સંભવિત હોવાથી એનું જ આત્માપણું છે. **બીજું**–'હું જ્ઞાતા છું' એમ અહંપણાની સાથે જ જ્ઞાતાપણાનો ઉપલંભ થાય છે. બન્નેનું એકાશ્રયપણું છે. એકએકનો ત્યાગ કરીને નહિ. એથી અહમર્થને આત્મા માનવો પડે. **ત્રીજું**–'મને નિરતિશય સુખ મળશે' એમ માનીને જ સર્વ કોઈને મોક્ષાકાંક્ષા થતી જોવામાં આવે છે. એથી અહમર્થ જ આત્મા અવશ્ય માનવો પડે. **'મને'** એ અહમર્થ છે. **ચોથું**–મુક્તાત્માનો વ્યવહાર **'अहमन्नमहमन्न'** **'अहं मनुरभवम्'** આ રીતે **અહં**શબ્દથી છે. પરમેશ્વરનો વ્યવહાર પણ **'हन्ताहमिमास्तिस्रो देवताः'** **'एकोऽहं बहु स्यां'** **'यस्मात्क्षरमतीतोऽहं'** **'अहं त्वां सर्वपापेभ्यः'** ઇત્યાદિ **અહં**શબ્દથી બહુધા છે. શ્રીહરિએ પણ સ્વાત્મસ્વરૂપને 'હું તો અનાદિ 'મુક્ત છું' 'હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ' એમ વ્યવહાર કર્યો છે. મુમુક્ષુઓનો વ્યવહારપણ **'अहं त्वमसि भगवो देवते'** **'मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये'** એમ અહંશબ્દથી પુષ્કળ છે. **'अहमेवा-धस्तात् अहं पुरस्तात्'** **'अहंब्रह्मास्मि'** ઇત્યાદિ બહુ છે. આ બધાં વેદોક્ત વચનો, જેમાં અવિદ્યાદિ દોષોનો સર્વથા અભાવ છે એવા મુક્ત બ્રહ્મ આદિકને વિષે **અહં** શબ્દનો પ્રયોગ કરેલો હોવાથી અહમર્થને આવિદ્યક આહંકારિક નહિ પણ આત્મા જ છે એમ માનવું પડે. **પાંચમું**–સૂઈને ઉઠેલો પુરુષ 'હું સૂઈ ગયો હતો' એમ બોલે છે. જો અહમર્થ અંતઃકરણ હોય તો સુષુપ્તિ સમયે તેનો અભાવ હોવાથી 'હું નાશ પામી ગયો' એવી જ પ્રતીતિ થાય. પણ 'હું સૂઈ ગયો હતો' એવી પ્રતીતિ નજ થાય. સુષુપ્તિ દશામાં અહમર્થ સ્થિર રહેતો હોય તો જ એવી પ્રતીતિ થાય, માટે આથી પણ અહમર્થને જ આત્મા માનવો પડે. **છઠ્ઠું**–જ્યારે સુષુપ્તિ દશામાં અહમર્થ પ્રકાશે છે તો **'મને** પણ હું જાણતો નથી.' એવી પ્રતીતિ કેમ થાય છે ? એનું કારણ એ છે કે–તે સમયે દેવત્વ મનુષ્યત્વ આદિક જે દેહાદિકની સાથે સંબંધ ધરાવે છે તેના તે તે વર્ણાશ્રમધર્મના અજ્ઞાનને લીધે તેવી પ્રતીતિ થાય છે. આત્મા તો અહમર્થ સદા પ્રકાશે છે. **સાતમું**–'મેં પૂર્વ દિવસે આ દેખ્યું હતું' ઇત્યાદિક સુષુપ્તિ પહેલાંના કાળની પોતાની બધી ક્રિયાઓનું સ્મરણ થાય છે–જરાપણ ભૂલી જતો નથી. આ વાત આબાળ વૃદ્ધ સર્વના અનુભવની છે. જો અહમર્થનો

સુષુપ્તિમાં લોપ થતો હોય તો પૂર્વેની સ્મૃતિ ન જ થાય. આ બધી નિર્બાધ બાબતો સૂક્ષ્મ બુદ્ધિથી પૂર્વાપરના અનુસંધાનથી વિમર્શ કરવામાં આવે તો અહમર્થ જ આત્મા સ્થિર સિદ્ધ થાય છે. આ બાબત હ. વા. સુ. માં 'देहेन्द्रियान्तःकरणदेवताविषयादितः' बोद्धव्यः पृथगात्मातु 'चतुर्विंशति-तत्त्वेभ्यः आत्मा ज्ञेयः पृथक् परः' આ રીતે સંગ્રહી છે. ॥ ૬૨–૬૩ ॥

अहङ्कारमिदं त्याज्यं प्राहुर्देहादिगोचरम् ।
स्वात्मनस्त्वहमाकारो व्यावृत्तस्य न दूषकः ॥ ६४ ॥
आत्मन्येष न दोषाय शब्दोऽहमिति यो नृप ! ।
अनात्मन्यात्मविज्ञानं शब्दो वा भ्रान्तिलक्षणः ॥ ६५ ॥

'હું દેવ છું હું મનુષ્ય છું" એમ દેહાદિકમાં જે અહંપણાનો ભાવ છે તેતો ત્યાજ્ય છે, કેમકે એમાં અહંબુદ્ધિ દેહાદિકમાં માની છે. દેહાદિક થકી વિલક્ષણ એવા આત્માનો જે હું એવો પ્રત્યય છે તે દોષ માટે નથી. એ તો ગ્રહણ કરવા યોગ્ય છે. આ બાબત વિ. પુ. માં 'હે નૃપ! આત્મામાં જે અહંશબ્દ છે તે દોષ માટે નથી. આનાત્માને વિષે જે આત્માપણાનું 'હું' એવું જ્ઞાન છે તેતો દેહમાં આત્મભ્રાંતિને લીધે છે. ॥ ૬૪–૬૫ ॥

एवं प्रत्यक्परागर्थविवेकं शास्त्रसम्मतम् ।
यो वेत्ति गुरुसेवातः सोऽमृतत्वाय कल्पते ॥ ६६ ॥
इदं सुसूक्ष्मविषयमध्यात्मज्ञानमुत्तमम् ।
प्रोक्तं शुश्रूषवे तुभ्यं श्रद्धाभक्तिमते हितम् ॥ ॥ ६७ ॥

હે રાજન્! આ સુરીતિએ પ્રત્યક્ અને પરાક્ વિવેક કે જે વેદાદિ સર્વશાસ્ત્ર સંમત છે તેને ગુરુસેવાના સહકારથી યથાસ્થિત સમજે છે તે અમૃત–મોક્ષ માટે કલ્પાય છે. હે રાજન્ ! આ પ્રકારે અત્યંત સૂક્ષ્મ વિષયવાળું ઉત્તમોત્તમ અધ્યાત્મજ્ઞાન, ભક્તિવાળા અને સાંભળવા ઇચ્છતા તમોને મેં હિતાર્થે કહ્યું ॥ ૬૬–૬૭ ॥

इदमाध्यात्मिकं तत्त्वं गोप्यानां गोप्यमुत्तमम् ।
प्रीतश्चिरं सेवया तु प्राहेन्द्राय पितामहः ॥ ६८ ॥

આ મેં જે આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન કહ્યું તે અત્યંત ગોપનીય (છાનું રાખવા જેવું રહસ્ય) ઉત્તમોત્તમ છે. આ જ્ઞાન બહુ લાંબા દિવસે સેવા કરવાથી પિતામહ બ્રહ્માએ ઇન્દ્રના પ્રત્યે કહ્યું હતું ॥ ૬૮ ॥

शतानन्दमुनिरुवाच—

सच्छास्त्रसारं त्विति देवगुह्यं जीवस्य तत्त्वं परमं गभीरम् ।
श्रुत्वा हरेः श्रीमुखतः प्रमोदं प्राप्तः पुनःप्राहः नृपस्तमीडयम् ॥६९॥

इति श्रीमदाध्यात्मिकतत्त्वाख्याने देहात्मविवेकप्रकारनिरूपणं नाम चतुर्थोऽध्यायः ॥ ४ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ! આ રીતે જીવનું તત્વ કે જે સર્વ સચ્છાસ્ત્રોના સારભૂત હોઈને પરમ ગુહ્ય અને ગંભીર છે તેને શ્રીહરિના શ્રીમુખથકી સાંભળીને પ્રમોદને પામેલા અભય રાજા ફરીથી સ્તુત્ય એવા શ્રીહરિ પ્રતિ બોલ્યા ॥ ૬૯ ॥

ઇતિશ્રી...શાસ્ત્રી હરિજીવનદાસકૃત–ગુર્જરાનુવાદે ચતુર્થોઽધ્યાયઃ ॥૧॥

पञ्चमोऽध्यायः ।

अभयराजोवाच—

कथं ब्रह्मा प्रत्यगात्मतत्त्वं प्रोचे मरुत्वते ।
कया शुश्रूषया चेन्द्रः प्राप्तवान् गहनं त्विदम् ॥ १ ॥
तन्मे ब्रूहि कृपासिन्धो ! स्वामिन् ! भक्तेषु वत्सल ! ।
न तृप्तिस्तत्वन्मुखाम्भोजात् पिबतो मधु जायते ॥ २ ॥
संसारार्णवमग्नानां विषयाक्रान्तचेतसाम् ।
त्वं साक्षात् पोतरूपोऽसि परतीरस्य लम्भकः ॥ ३ ॥

અભય રાજા કહેછે—હે સ્વામિન્! ભગવાને જેને પ્રથમજ વેદો ભણાવ્યા હતા એવા લોકગુરુ બ્રહ્માએ દેવોના રાજા ઇન્દ્રને પ્રત્યક્ આત્મ તત્ત્વ કેવીરીતે કહ્યું હતું. અને કેવી મોટી શુશ્રૂષા કરવાથી ઇન્દ્રે આવા

ગહન આત્મજ્ઞાનને પામ્યો હતો ? એ બે બાબત મને કહેવાને યોગ્ય છો. તમે કૃપાસિંધુ અને ભક્તવત્સલ છો. એટલે કહી શકો છો. તમારા મુખારવિંદ થકી નિકળતા જ્ઞાનામૃતને પાન કરતો હું તૃપ્તિને પામતો નથી. તો યોગ્ય એવા મને તે જ્ઞાનામૃતનું પાન કરાવો. અગાધ અપાર સંસાર સાગરમાં ડુબી ગયેલા અને વિષયોમાં વ્યાસક્ત ચિત્તવાળા એવા મનુષ્યોને સાગરમાંથી બહાર કાઢીને સામા કાંઠે પહોંચાડવામાં તમે સાક્ષાત્ નાવરૂપ છો. તમારા સિવાય બીજા કોઈ તેવા સમર્થ નથી. આ અર્થ **विषयविष-महोदधिं तरीतुं भवति तरीर्गुरुपादपद्ममेकम्**' આ અભિયુક્તિમાં વ્યક્ત છે ॥ ૧-૩ ॥

शतानन्द मुनिरुवाच—

इति राज्ञा प्रार्थितः श्रीहरिस्तं प्रत्यबोधयत् ।
यथा शतक्रतुः प्राप सूक्ष्मामाध्यात्मिकीं गतिम् ॥ ४ ॥

શતાનન્દ મુનિ કહેછે—હે મુનિઓ ! ઉપર પ્રમાણે અભયરાજાએ કહેલા ભગવાન શ્રીહરિ, જે રીતે ઈન્દ્રરાજાએ સૂક્ષ્મ અધ્યાત્મજ્ઞાન મેળવ્યું હતું તેનો જીજ્ઞાસુ રાજાને બોધ આપવા લાગ્યા ॥ ૪ ॥

श्रीहरिरुवाच—

शृणु त्वमौपनिषदमितिहासं सनातनम् ।
येन पूतान्तरात्मा त्वमात्मज्ञानमवाप्स्यसि ॥ ५ ॥

શ્રીહરિ કહેછે—હે રાજન્ ! છાંદોગ્યોપનિષદમાં કહેલો સનાતન એવો એક ઇતિહાસ હું આ બાબતમાં કહું છું; તેને એકાગ્ર મનથી સાંભળો. જે ઇતિહાસના શ્રવણથી પવિત્ર મનવાળા થતાં, તમો આત્મજ્ઞાનને પામશો ॥ ૫ ॥

इन्द्रः सुराणामधिपोऽसुराणां च विरोचनः ।
तत्त्वं जिज्ञासमानौ तावसेवेतां चतुर्मुखम् ॥ ६ ॥

तौ ह द्वात्रिंशतं वर्षाण्यूषतुर्ब्रह्मसद्मनि ।
अखण्डब्रह्मचर्येण धात्रनुग्रहकाङ्क्षिणौ ॥ ७ ॥

चीरं चीर्णव्रतावेतौ सुदीर्घश्मश्रुकेशकौ ।
लोमभिर्व्याप्तदेहौ च विकृतौ व्रतकर्शितौ ॥ ८ ॥

બ્રહ્માએ 'य आत्माऽपहतपाप्मा' ઈત્યાદિ વચનથી પરમાત્મવિદ્યાના અંગભૂત પ્રત્યગાત્મવિદ્યાનો ઉપદેશ છેવટે આપેલો. આ ઉપદેશ દેવો અને અસુરોએ કર્ણોપકર્ણે સાંભળેલો. સાંભળીને તે બન્ને પોત પોતાની સભામાં બોલ્યા કે, જે પ્રત્યગાત્માને શોધીને સર્વ કામોને પામે છે અને સર્વ લોકોને પામે છે. તે આત્માને આપણે ગુરુના ઉપદેશ થકી જરૂર જાણીએ; એવું સંમંત્રણ કરીને તત્કાળજ દેવોના રાજા ઈન્દ્ર અને અસુરોના રાજા **વિરોચન** આ બન્ને પરસ્પર અસૂયાને લીધે એક બીજાઓને પોતપોતાનો આશય જણાવ્યા વિનાજ, પોતાના ઘરથકી બધાં ઉપકરણોને ત્યાગ કરીને શિષ્યભાવને અનુકૂળ ભેટ સામગ્રીને હાથમાં લઈને. તત્વ જાણવાની ઈચ્છાથી બ્રહ્માની સમીપે સત્યલોકમાં જઈને રહ્યા આ બન્ને ઇન્દ્ર વિરોચન બ્રહ્માના અનુગ્રહની રાહ જોતા થકા બત્રીસ વર્ષસુધી બ્રહ્માના ઘરમાં બ્રહ્માના અનુગ્રહની આકાંક્ષાથી અખંડ બ્રહ્મચર્યવ્રતને પાળતા થકા રહ્યા. દીર્ઘવ્રતધારી આ બન્નેના દાઢીમુંછના કેશો બહુ વધી ગયા હતા. અને શરીર પણ રૂંવાડાંથી વ્યાપ્ત થઈ ગયું હતું. અને વ્રતોએ કરીને શરીર પણ કૃશ થઈ ગયું હતું અને તેથી બહુ વિકૃત (ભયંકર) દેખાતા હતા ॥ ૬-૮ ॥

अथ धाता प्रसन्नस्तावपृच्छत् व्रतिनावुभौ ।
किं वाञ्छन्तावुपासाते सुरासुरपती युवाम् ॥ ९ ॥

અનંતર તીવ્ર તપ અને દીર્ઘ બ્રહ્મચર્યવ્રત અને તદનુબન્ધિ નિયમોને જોઈને બહુ પ્રસન્ન થયેલા બ્રહ્મા સુરાસુરપતિ બન્ને પ્રતિ બોલ્યા કે–શી ઈચ્છાથી આટલાં બધાં વર્ષોથી શિષ્યભાવથી મારૂં ઉપાસન કરો છો? ॥ ૯ ॥

तौ होचतुर्विवित्सन्तावात्मतत्त्वमुपास्महे ।
ब्रह्मन्! यद्वेदनात् सर्वलोककामान् समश्नुते ॥ १० ॥

બ્રહ્માના પૂછવાથી તેઓ બોલ્યા કે–હે બ્રહ્મન આત્મતત્ત્વને જાણવાની વાંછાથી તમારું ઉપાસન કરીએ છીએ. જે કોઈ મહાત્માઓ **આપના અપહતપાપ્મા'** ઈત્યાદિ વચનને જાણે છે. તેમાં જેઓ આત્માને યથાસ્થિત જાણે છે તે સર્વ લોકો અને સર્વ કામોને પામે છે. એમ કહેવામાં આવ્યું છે. તે આત્માને જાણવાની ઈચ્છાથી અહીં આટલાં વર્ષો રાહ જોઈને રહ્યા છીએ ॥ ૧૦ ॥

इत्युक्तः परमेष्ठी तु स ताभ्यां कमलासनः ।
परोक्षमुपदेक्ष्यन् वै प्राह तौ बुद्धमानिनौ ॥ ११ ॥

ઉપર પ્રમાણે તે બન્નેએ કહેલા કમલાસન બ્રહ્માતો 'આ તો બુધ-પણાના અભિમાની છે' એમ જાણી જોઈને પરોક્ષપણે આત્મતત્ત્વને ઉપદેશ કરતા થકા આ રીતે બોલ્યા ॥ ૧૧ ॥

ब्रह्मोवाच—

अवेक्ष्योदशरावे स्वमात्मानं यदवेक्षितम् ।
तद्ब्रूतमथ वक्ष्येऽहं भवद्भ्यां यद्विवक्षितम् ॥ १२ ॥

બ્રહ્માજી અતિકૃપાથી તે બન્ને પ્રતિ બોલ્યા કે-ઉદશરાવ-આ જળથી પૂર્ણ ભરેલા શકારામાં(રામપત્તરત)મારા આત્માને જુવો તેમાં તમારા જોવામાં આવે તે મને કહો, પછી તેમાં જે કહેવાનું હશે તે હું કહીશ ॥ ૧૨ ॥

तौ दृष्ट्वोदशरावे च छायां स्वां विकृतां व्रतात् ।
आपृष्टावूचतुश्छायां विकृतां स्वां यथेक्षिताम् ॥ १३ ॥

બ્રહ્માના કહેવા પ્રમાણે બન્નેએ ઉદશરાવમાં જોયું તો પોતાની વ્રતને લીધે વિકૃત થઈગયેલી એવી છાયા (પ્રતિબિંબ) ને જોઈ (જળમાં પ્રતિબિંબ પડેછે) બ્રહ્માના પૂછવાથી બોલ્યા કે-અમોએ વ્રતને લીધે વિકૃત થઈ ગયેલી અમારી સમગ્ર છાયાને જ કેશને આરંભીને નખપર્યંત જોઈએ છીએ. આત્માની છાયાને આબેહુબ દેખીએ છીએ, બીજું કાંઈ નવીન દેખતા નથી ॥ ૧૩ ॥

अथ ब्रह्मा प्राह तौ तु कृतक्षौरौ परिष्कृतौ ।
सुस्नातौ भूषणैः साधु पश्यतं मण्डिताविति ॥ १४ ॥

પોતાના પ્રતિબિંબનેજ આત્મા તરીકે સમજી બેઠેલા તેઓના પ્રતિ તેવી અવળી બુદ્ધિને ટાળવા માટે બ્રહ્માજી ફરીથી બોલ્યા કે-હવે તમે મુંડન કરાવીને, સારી રીતે સ્નાન કરીને, સારાં વસ્રો વિભૂષણોથી સુશોભિત થઈને, તે ઉદશરાવમાં સારી રીતે જુવો, શું દેખાય છે તે મને કહો ॥૧૪॥

तथा कृत्वाऽऽचचक्षाते धातारं देवदानवौ ।
भगवो रमणीयं स्वं पश्यामः प्रतिबिम्बकम् ॥ १५ ॥

બ્રહ્માના કહેવા પ્રમાણે શરીરને સારીરીતે સમલંકૃત કરીને ઉદશરાવમાં જોઈને, તે બન્ને દેવ–દાનવો ધાતા પ્રત્યે બોલ્યા કે–હે ભગવન્ ! સુશોભિત આત્માના પ્રતિબિંબને બહુજ રમણીય જોઈએ છીએ ॥ ૧૫ ॥

एष आत्मेति होवाच ततस्तौ कमलासनः ।
ब्रह्माऽमृतोऽभयश्चैषो ध्येयो निःश्रेयसार्थिभिः ॥ १६ ॥

આમાંથી બ્રહ્માએ જાણ્યું કે–આતો પ્રતિબિંબનેજ આત્મા તરીકે સમજ્યા છે. હમણાં એમના અંતઃકરણના કષાયો પરિપકવ થયા નથી. જેથી કાળે કરીને આત્મોપદેશ આપવો યોગ્ય છે. એમ અવધારીને તેમને પાછા ઘરે મોકલતા થકા બોલ્યા કે–'એજ આત્મા છે, બ્રહ્મ છે, અમૃત છે, અભય છે, એજ મોક્ષાકાંક્ષાવાળાએ ધ્યાન કરવા યોગ્ય છે.' નિરતિશય સુખરૂપતાને **અમૃત** કહે છે. દુઃખના મિશ્રણે રહિતતાને **અભય** કહે છે. એનું જ્ઞાન અસંકુચિત થાય છે માટે **બ્રહ્મ** કહે છે ॥ ૧૬ ॥

इत्यात्मतत्त्वं गहनं परोक्षं समुपादिशत् ।
देहधर्मानुसारित्वात् छायाऽऽत्मा न पुमान् भवेत् ॥ १७ ॥
आगमापायिधर्मत्वान्नानादुःखाकरत्वतः ।
देहोऽपि नश्वरो नात्मा ततोऽन्यस्त्वान्तरोऽस्ति सः ॥ १८ ॥
अक्षिप्रसादतः सोऽयं गम्यते चेतनः परः ।
आन्तरश्चक्षुरादीनां चेतको जाग्रदन्वयः ॥ १९ ॥
इति हार्दं जगत्स्रष्टुर्ज्ञातुं तावप्रभू प्रभू ।
देवासुराणामात्मानमगृह्णीतां वपुः स्वकम् ॥ २० ॥

ઉપર પ્રમાણે બ્રહ્માએ બહુ ગહન એવા પણ આત્મતત્ત્વનો પરોક્ષપણે ઉપદેશ કર્યો. પરંતુ તેઓ બરાબર સમજ્યા નહિ. બ્રહ્માનો હાર્દ એ હતો કે–જે છાયા છે તેતો દેહના જેવા ધર્મો હોય તેને અનુસરનારી છે. માટે છાયા એ આત્મા કદાપિ હોય નહિ. જે દેહ છે તેનો પણ ધર્મ આગમાપાયિ (આવે ને જાય) છે. અને નાના પ્રકારનાં દુઃખોની આણરૂપ છે. એટલે નશ્વર એવો દેહ પણ આત્મા હોઈ શકે નહિ. આત્મા તો દેહ થકી જુદો આંતર પદાર્થ છે. બીજું નેત્રમાં જે પુરુષ દેખાય છે તે જો

નેત્ર નિર્મળ હોય તો તેથી પરપણે ચેતન આત્મા જાણવામાં આવે છે. આથી ચક્ષુરાદિકને ચેતન કરનારો જાગ્રત અવસ્થામાં રહેલો આંતર આત્મા સિદ્ધ થાય છે. તાત્પર્યાર્થ એવો છે કે–નેત્રમાં પુરુષની સ્થિતિની પરીક્ષા કરાય છે. જેની પરીક્ષા કરવામાં આવે છે તે તો દેહથકી અને ઇન્દ્રિયથકી જુદોજ આત્મા છે. એ અમૃત, અભય અને બ્રહ્મ છે. બ્રહ્માના આવા હાર્દને જાણવા માટે અસમર્થ એવા તે બન્ને દેવાસુરોના પ્રભુઓએ પોતાના શરીરનેજ આત્માપણે ગ્રહણ કર્યો–દેહનેજ આત્મા માની બેઠા બ્રહ્માએ બહુ બહુ પૃથક્ આત્મતત્ત્વ સમજાવવા માટે મહેનત લીધી પણ નિષ્ફળ ગઈ ॥ ૧૦–૨૦ ॥

विरोचनस्तामसत्वात् संप्रगृह्य यथाश्रुतम् ।
निश्चयं कृतवान् बुद्ध्या चासुरेभ्य उपादिशत् ॥ २१ ॥

आत्मा देहः स संपोष्यः स्नानपानादिना पुनः ।
नाऽतोऽतिरिक्त आत्माऽतो देहं कुर्यात् सुखोत्तरम् ॥ २२ ॥

शबदेहस्तु मुक्तात्मा महनीयः स आदरात् ।
स्त्रग्भूषाम्बरदानेन नानाबल्युपहारतः ॥ २३ ॥

इत्येषा चासुरी प्रोक्ता ह्यध्यात्मोपनिषत्पुरा ।
एतामद्यापि बहवो मन्यन्ते मन्दबुद्धयः ॥ २४ ॥

અસુરોનો અધિપતિ વિરોચન તો આસુર પ્રકૃતિવાળો હોવાથી જેવું સાંભળ્યું તેવું જ ઉપરછલું ગ્રહણ કરીને 'દેહ એજ આત્મા છે' એવો બુદ્ધિમાં નિશ્ચય કરીને, અસુરોને એ બાબતનો ઉપદેશ કરવા લાગ્યો 'આ દૃશ્યમાન દેહજ આત્મા છે, એજ વારેવારે ખાન પાન આદિક વડે સમ્યક્ પોષણ કરવા યોગ્ય છે. દેહથકી જુદો આત્મા નથી. માટે દેહને જેમ જેમ અધિકાધિક સુખ થાય તેમ કરવું. જે શબ દેહ છે એજ મુક્તાત્મા છે, એ તો અત્યાદરથી પુષ્પહાર, વસ્ત્ર, વિભૂષણો અને બીજા બલિદાન આદિક વડે પરમ પૂજ્નીય છે. (મરણનેજ મુક્તિ માને છે) આ રીતની આસુરી અધ્યાત્મોનિષદ્ પૂર્વે કહી હતી. હાલમાં પણ મંદમતિના બહુ લોકો આ આસુરી વિદ્યાને માને છે ॥ ૨૧–૨૪ ॥

दैवीप्रकृतिरिन्द्रस्तु भयमेतद्ददर्श ह ।
मध्येमार्गं विचारेण ततो निववृते पुनः ॥ २५ ॥
देहस्तु न भवेदात्मा यतो नानामलाकरः ।
विकृतो भूषणाद्यैस्तु भासते रमणीयकम् ॥ २६ ॥
अन्धः काणः कुष्ठको वा पङ्गुः स्रामश्च मुण्डकः ।
व्याध्यादिना च बहुधा दुःखरूपो भवत्ययम् ॥ २७ ॥
छायाऽपि न भवेदात्मा पारतन्त्र्यस्वरूपतः ।
बिम्बानुकारिधर्मत्वादनित्यत्वादपि ध्रुवम् ॥ २८ ॥
एवमश्रद्दधानो वै देहच्छायात्मनिश्चये ।
प्रपेदे च पुनर्धाम धातुस्तत्त्वबुभुत्सया ॥ २९ ॥

ઈન્દ્ર તો પ્રકૃતિથી જ દૈવી સંપત્તિએ સંપન્ન હોવાથી વારેવારે માર્ગમાં ઉદશરાવમાં દેખેલા છાયાપુરુષને વિચારતાં, દેવતાઓને નહિ પામીને જ પોતે અવધારેલી બાબતમાં ભયને દેખીને ત્યાંથી પાછો વળ્યો. મનમાં વિચારવા લાગ્યો કે–દેહતો આત્મા ન હોઈ શકે, કેમકે નાનાવિધ મળોની ખાણરૂપ છે. ગમે તેવો વિકૃત હોય પણ વસ્ત્ર વિભૂષણો વડે અલંકૃત કરવામાં આવે તો બહુ રમણીય દેખાય છે ॥ દેહતો આંધળો, કાણો, કોઢીઓ, પાંગળો, સદા મળ ભરેલો, મુંડો અને વિવિધ વ્યાધિ વડે બહુધા દુઃખરૂપજ છે ॥ એમાં કંઈ પણ ભોગ્ય નથી. છાયા પણ આત્મા ન હોઈ શકે, કેમકે એનું આખું સ્વરૂપ પરતંત્ર છે. જેવો પુરુષ સુરૂપ કે કુરૂપ હોય તેવી છાયા પડે છે. અને તે નિશ્ચે અનિત્ય પણ છે. એની કશી નિત્યતા નથી. એ રીતે દેહ અને છાયામાં આત્માના નિશ્ચયની શ્રદ્ધા નહિ બેસવાથી, ફરીથી આત્મતત્ત્વને જાણવાની ઇચ્છાથી, ધાતાના ધામે હાથમાં ભેટ લઈને પાછો આવ્યો ॥ ૨૫–૨૯ ॥

किमर्थमागतोऽसि त्वं तृप्तः सन्निर्गतस्त्वितः ।
इति धात्रा समादिष्टः शतक्रतुरुवाच ह ॥ ३० ॥

પાછા આવેલા ઈન્દ્ર પ્રત્યે બ્રહ્માએ કહ્યું કે–તું તો તૃપ્ત થઈને

અહીંથી ચાલી નિકળ્યો હતો. તો તું શા માટે પાછો આવ્યો? એમ બ્રહ્માએ પૂછતાં ઇન્દ્ર બોલ્યો ॥ ૩૦ ॥

इन्द्र उवाच—

नूनं स्नानानुपानाद्यैरात्मा सुखित ईयते ।
परं यदा भवेत्काणो बधिरो मूक एव वा ॥ ३१ ॥

आक्रान्तश्च महारोगैः परं दुःखं निगच्छति ।
नैवाहमत्र भोग्यं तु ब्रह्मन् ! पश्यामि किञ्चन ॥ ३२ ॥

आत्मनो दुःखरूपत्वं स्वभावो नैव सम्भवेत् ।
अतो जाग्रद्दशायोगि यद्रूपं समुदाहृतम् ॥ ३३ ॥

स्थूलाभिमानि नेदं स्यात्स्वभावः प्रत्यगात्मनः ।
अतो यदात्मनो रूपं वास्तवं तद्वद प्रभो ! ॥ ३४ ॥

ઇન્દ્ર કહે છે—હે બ્રહ્મન્! સ્નાન અનુપાન આદિક વડે પૂરું પોષણ આપેલો આત્મા સુખિત જણાય છે. પરંતુ તે જ્યારે કાણો, બહેરો, મુગો કે વ્યાધ્યાદિ વડે આક્રાંત થાય છે, ત્યારે તો બહુ દુઃખને પામે છે. આમાં હું કંઈ પણ ભોગ્યને જોતો નથી. આત્માનો સ્વભાવ દુઃખરૂપ કદાપિ સંભવે નહિ. માટે જાગ્રત્ દશાના યોગવાળું જે સ્થૂલાભિમાની રૂપ કહ્યું છે, તે પ્રત્યગાત્માનો સ્વભાવ નજ હોઈ શકે, માટે હે પ્રભો! આત્માનું જે વાસ્તવિક રૂપ હોય તેને કહો ॥ ૩૧-૩૪ ॥

श्रीहरिरुवाच—

इत्येवं प्रार्थितो धाता शतक्रतुमुवाच भोः ।
वसापराणि द्वात्रिंशद्वर्षाणि सुसमाहितः ॥ ३५ ॥

શ્રી હરિ કહે છે—હે રાજન્! આ રીતે પ્રાર્થના કરેલા બ્રહ્માજી ઇન્દ્ર પ્રત્યે બોલ્યા કે-બીજાં બત્રીશ વર્ષો સુસાવધ થઈને વસો ॥ ૩૫ ॥

इत्युक्तो भूय एवेन्द्रो ब्रह्मचर्यमुवास ह ।
ततः समुपपन्नं तं प्रजापतिरबोधयत् ॥ ३६ ॥

આ પ્રમાણે કહેલો ઇન્દ્ર, ફરીથી બત્રીશ વર્ષ બ્રહ્મચર્યવ્રત પૂરું થતાં

હાથમાં ભેટ સામગ્રી લઈને પાસે જતાં, બ્રહ્માએ આત્મતત્ત્વનો અવબોધ આપ્યો ॥ ૩૬ ॥

ब्रह्मोवाच—

योे देहस्यान्तरस्त्वात्मा ज्ञेयोऽक्ष्णोः संप्रसादतः ।
मयोक्तो बाह्यविषयभोक्ता जागद्दशान्वितः ॥ ३७ ॥

सोऽयं वैश्वानराभिख्य इन्द्रियैर्विषयांश्चरन् ।
एनमेव विविक्तं तु ज्ञापयिष्यामि साम्प्रतम् ॥ ३८ ॥

બ્રહ્મા કહે છે—મેં જે નેત્રોની નિર્મળતાને લીધે જાણવા યોગ્ય દેહની અંદર રહેલો આત્મા કહ્યો તેતો બાહ્ય શબ્દાદિ વિષયોનો ભોક્તા અને જાગ્રત દશાના સંબંધવાળો છે. તેતો ઇન્દ્રિયોવડે વિષયોને ભોગવતો હોવાથી વૈશ્વાનર નામથી કહેવાય છે, વિશ્વ—બાહ્ય દેવાદિ પ્રપંચને કર્માનુગુણ જેમ સંભવે તેમ હું હું એમ અભિમાને છે, તેથી નરાભિમાની એને વૈશ્વાનર કહે છે) એ જ આત્માને હાલ હું વિવેચન કરીને જણાવું છું ॥ ૩૫-૩૮ ॥

यत्रात्मा वासनारूढान् भुङ्क्ते रथगजादिकान् ।
राज्यच्छत्रादिकं चापि विमानाद्याधिरोहणम् ॥ ३९ ॥

तदिदं स्वाप्नरूपं त्वं तैजसं प्रविविक्तभुक् ।
नाडीस्थानेषु कण्ठे च चरन्तं विद्धि चेतनम् ॥ ४० ॥

જે અવસ્થામાં જીવાત્મા વાસનાવશાત્ રથ ગજ આદિક વિષયોને ભોગવે છે. તેમજ રાજ્યછત્ર આદિકને તેમજ શ્રેષ્ઠ વિમાન વિગેરે વાહનોમાં વિચરવું, વિગેરે વિષયોને પૃથક્ પૃથક્પણે ભોગવે છે. તેતો સઘળું સ્વપ્નનું સ્વરૂપ છે. બાહ્ય વિષયોથકી વિલક્ષણ સ્વાપ્ન અર્થોને ભોગવે છે. તેજોમય ચિત્તનો સંબન્ધ હોવાથી તેને તૈજસ સંજ્ઞાથી કહેછે. તે સમયે નાડી સ્થાનોમાં અને કંઠમાં વિચરતા ચેતનને જાણો. અર્થાત્ સ્વપ્ન દશામાં જે ઉપર પ્રમાણે સ્વાપ્નિક ભોગોને ભોગવેછે તેને ચેતન આત્મા જાણો ॥ ૩૯-૪૦ ॥

श्रीहरिरुवाच—

स्वाप्नमित्थं जीवरूपमधिगत्य पुनर्व्रजन् ।
मध्येमार्गं विचारेण भयस्थानमवैत् स तत् ॥ ४१ ॥

पुनरेव च देवेन्द्र उपासर्पत् प्रजापतिम् ।
अवोचच्च पुनर्धात्रा सम्पृष्टः त्रिदिवेश्वरः ॥ ४२ ॥

શ્રી હરિ કહે છે—હે રાજન્! ઉપર પ્રમાણે સ્વપ્ન અવસ્થામાં જે વર્તે છે તે જીવનું સ્વરૂપ છે; એમ સમજીને શાંતહૃદય થઈને ઇન્દ્ર સ્વર્ગ પ્રતિ જવા ચાલી નીકળ્યો. મધ્યમાર્ગે પહોંચતાં વળી વિચાર આવ્યો કે—આમાં પણ ભયસ્થાન છે, કેમકે એમાં પણ આયુધે રાજાવડે હણાયો, મારો પુત્ર મરી ગયો ઇત્યાદિ જોવામાં આવે છે. તેથી તેમાં પણ કાંઈ ભોગ્ય નથી. એમ ભયસ્થાન જણાતાં, દેવેન્દ્ર બ્રહ્માને સમીપે પાછો આવ્યો. બ્રહ્માએ કહ્યું કે—હૃદયમાં શાંતિ પામીને ગયો હતો અને વળી પાછો કેમ આવ્યો? એમ કહેતાં ઇન્દ્ર બોલ્યો ॥ ૪૧-૪૨ ॥

इन्द्र उवाच—

यद्रूपं भवता प्रोक्तं स्वाप्नस्थानं चतुर्मुख !।
नेदं स्वाभाविकं मन्ये रूपं वै प्रत्यगात्मनः ॥ ४३ ॥

यथा राज्याभिषेकादि स्वप्ने विन्दति मानवः ।
तथा पुत्रादिमरणं शिरश्छेदादि चात्मनः ॥ ४४ ॥

यत्प्रपश्यति जीवात्मा भयशोकप्रदं बहु ।
नानादेहाभिमानोऽपि तथा सन्ध्येऽस्त्यनर्थदः ॥ ४५ ॥

ઇન્દ્ર કહે છે—હે ચતુર્મુખ ! તમોએ જે સ્વપ્ન અવસ્થામાં વર્તતુ જીવાત્માનું સ્વરૂપ કહ્યું તેતો પ્રત્યગાત્માનું સ્વાભાવિક રૂપ છે એમ મને મનાતું નથી. કારણ કે, સ્વપ્નમાં તો કોઈ માણસ રાજ્યાભિષકને પામેછે. (એવું સ્વપ્ન આવે છે) કોઈને મારો પુત્ર મરી ગયો એવું પણ સ્વપ્ન આવે છે. વળી એમાં મારૂં મસ્તક છેદાઈ ગયું, વિગેરે ભય અને શોકને જણાવનારા બહુ બહુ પ્રસંગોને જીવાત્મા જુવે છે. છે. વળી એમાં (સ્વપ્નમાં) અનેક પ્રકારના દેહોનું અભિમાન કે જે અતિ અનર્થને આપનારૂં છે તે પણ આવ્યા

કરે છે. એટલે એમાં પણ હું કાંઈ પણ ભોગ્યને જોતો નથી ॥ ૪૩-૪૫ ॥

श्री हरिरुवाच—

इत्युक्तः प्रत्युवाचेन्द्रं वस द्वात्रिंशतं पुनः ।
स चापि श्रद्धया युक्तः प्रत्युवास यथोदितम् ॥ ४६ ॥

શ્રીહરિ કહે છે—હે રાજન્! ઉપર પ્રમાણે દેવેન્દ્રે કહ્યું, એટલે બ્રહ્માજી તેના પ્રત્યે બોલ્યા કે—ફરીથી બત્રીસ વર્ષ બ્રહ્મચર્યવ્રત સાથે રહો. એટલે ઇન્દ્ર પણ શ્રદ્ધાયુકત થઈને બ્રહ્માના કહેવા મુજબ રહ્યો.—પાછો પડ્યો નહિ ॥ ૪૬ ॥

ततः समुपसन्नाय रूपं सौषुप्तिकं विधिः ।
उपादिशन् मघवते निर्भयं शान्तिशर्मदम् ॥ ४७ ॥

प्राज्ञं हृदयसंस्थानं निवृत्तोर्वभिमानकम् ।
तच्छ्रुत्वेन्द्रः प्रसन्नात्मा स्वधामाभिमुखश्चलन् ॥ ४८ ॥

પૂર્ણ વર્ષો થતાં પોતાની પાસે ભેટ સામગ્રી લઈને આવેલા ઇન્દ્રને બ્રહ્માએ સુષુપ્તિ અવસ્થામાં વર્તતા આત્મસ્વરૂપનો ઉપદેશ આપ્યો. જે સ્વરૂપ, નિર્ભય શાંતિ સુખને આપનારૂં, હૃદય સ્થાનમાં રહેલું અને જેમાં લેશપણ અભિમાન નથી, જેને **પ્રાજ્ઞ** નામથી કહેછે. બ્રહ્માએ કહેલા સુષુપ્તિમાં વર્તતા સુખરૂપ આત્મસ્વરૂપને સાંભળીને મનમાં બહુ પ્રસન્ન થયેલો ઇન્દ્ર, પોતાના ધામને અભિમુખ ચાલી નિકળ્યો ॥ ૪૭-૪૮ ॥

मध्येमार्गं पुनर्भीतो धातुः पार्श्वं जगाम ह ।
धात्रा पृष्टोऽब्रवीदिन्द्रो विनीतः स्वमनोगतम् ॥ ४९ ॥

મધ્યમાર્ગે પહોંચેલો ઇન્દ્ર, મનમાં ઉંડો વિચાર કરતાં સુષુપ્તિસ્થ આત્માના વિષયમાં પણ ભય પામતાં ફરી પાછો બ્રહ્મા પાસે આવ્યો. બ્રહ્માએ પૂછ્યું કે—કેમ વળી પાછો આવ્યો? ત્યારે ઇન્દ્ર બહુ વિનયથી પોતાના મનમાં જે હતું તે કહેવા લાગ્યો ॥ ૪૯ ॥

इन्द्र उवाच—

भगवन्! यत् समुद्दिष्टं रूपं सौषुप्तिकं त्वया ।
निर्भयं च विशोकं च मानमोहादिवर्जितम् ॥ ५० ॥

स्वरूपसुखनिष्ठं तदूर्मिषट्कविवर्जितम् ।
अथापि नात्र जीवस्य भोग्यं किञ्चित्तु गम्यते ॥ ५१ ॥

यदज्ञानावृतो जीवो जडवद्वर्तते तदा ।
ज्ञानानन्दघनः क्वायं क्वेयं स्वापदशाऽस्य च ॥५२॥

अतो निष्कृष्टमेवास्य स्वरूपं वक्तुमर्हसि ।
ज्ञानानन्दघनं शुद्धं मुक्तसंसृतिहेतुकम् ॥ ५३ ॥

ઇન્દ્ર કહેછે—હે ભગવન્! તમોએ જે સુષુપ્તિ અવસ્થામાં વર્તતુ આત્મસ્વરૂપ કહ્યું તે જોવામાં તો ભયે રહિત, શોકે રહિત, માન મોહ વિગેરે દોષોએ વર્જીત, સ્વરૂપ સુખમાં નિષ્ઠાવાળું અને અશનાયા પિપાસા આદિક છ ઉર્મિઓએ વર્જીત છે. સુષુપ્તિ દશામાં આત્મા સુખરૂપ અને દુઃખરહિત જણાય છે. અથાપિ આમાં જીવને તો કિંચિત્ પણ ભોગ્ય જોવામાં આવતું નથી. કારણ કે-અજ્ઞાને આવરેલો જીવાત્મો તો સુષુપ્તિમાં જડ જેવો બની જાય છે. કશુંજ ભાન રહેતું નથી. જ્ઞાનાનંદઘન આત્મા ક્યાં? અને એની સ્વાપદશા ક્યાં? બન્ને વચ્ચે બહુ અંતર છે કશો મેળ ખાતો નથી. માટે સંસૃતિમાં હેતુભૂત કર્માદિ સમગ્ર દોષોથી મુક્ત, માટે શુદ્ધ, એવું જે જ્ઞાનાનંદઘન નિષ્કૃષ્ટ (ખરૂં) સ્વરૂપ હોય તેને કૃપા કરીને કહેવાને યોગ્ય છો ॥ ૫૧-૫૩ ॥

श्रीहरिरुवाच—

इति सम्प्रार्थितो ब्रह्मा प्राहेन्द्रं सात्त्विकं पुनः ।
वसापरं ब्रह्मचर्यं नियतो वर्षपञ्चकम् ॥ ५४ ॥

इत्यादिष्टो महेन्द्रस्तु न्यवसद्वर्षपञ्चकम् ।
ब्रह्मचर्यं समास्थाय प्रत्यक्तत्त्वबुभुत्सया ॥५५॥

अथ तुष्टस्तुर्यरूपं जीवस्य कमलोद्भवः ।
योग्यमिन्द्रं तु विज्ञाय ब्रह्मात्मकमुपादिशत् ॥ ५६ ॥

શ્રી હરિ કહેછે—ઉપર મુજબ ઇન્દ્રે સમ્યક્ પ્રાર્થના કરાતા બ્રહ્માજી સત્વગુણી ઇન્દ્ર પ્રત્યે ફરી બોલ્યા કે—હવે બહુ નહિ પણ પાંચ વર્ષ

બ્રહ્મચર્યવ્રતને નિયતપણે પાળતા થકા વસો ॥ આ રીતે આદેશ આપતાં ઇન્દ્ર તો બીજા પાંચ વર્ષો બ્રહ્મચર્યવ્રત ધારણ કરીને, પ્રત્યક્ આત્મતત્ત્વને જાણવાની પ્રબળ ઇચ્છાથી રહ્યો. (એમ ૧૦૧ વર્ષ પુરાં થયાં) સંતુષ્ટ થયેલા બ્રહ્માએ જીવના બ્રહ્માત્મક તુર્ય (ચોથુ) રૂપનો ઉપદેશ ઇન્દ્રને બરાબર લાયક સમજીને કર્યો. શિષ્યની પરીક્ષા બહુ વર્ષ સુધી આકરી કરી પણ ચલાયમાન થયો નહિ ॥ ૫૪–૫૬ ॥

ब्रह्मोवाच—

मघवन् ! तपसा तुष्टो ब्रह्मचर्यव्रतेन च ।
विशुद्धभावस्तपसा तत्त्वमर्हसि वेदितुम् ॥ ५७ ॥
स्थूलं सूक्ष्मं कारणं च वपुस्त्रेधाऽस्ति देहिनः ।
एतद्योगी भवेज्जीवः संसारपरिवृत्तिभाक् ॥ ५८ ॥
प्रबोधे स्थूलयोगेन भुनक्ति स्थूलभावकान् ।
स्वप्ने सूक्ष्मेण सूक्ष्मार्थान् स्वापेऽविद्यासमावृतः ॥ ५९ ॥

બ્રહ્મા કહેછે—હે મઘવન્ ! દીર્ઘ કાળ તપ અને બ્રહ્મચર્યના પાલનથી હું બહુ સંતુષ્ટ થયો છું. તપે કરીને તમારૂં અંતર બહુ શુદ્ધ થયું છે, માટે તત્ત્વ જાણવાની લાયકાતવાળા થયા છો, તો હું હવે કહું છું: દેહીને સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણે દેહો કહેવાય છે. એના સંબંધવાળો જીવ છે તે વારેવારે સંસારમાં પરિવર્તનને પામ્યા કરેછે. એનો પાર આવતો નથી. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓ દેહિમાત્રને પ્રાપ્ત છે. તેમાં જાગ્રતમાં સ્થૂળ શરીરના યોગથી સ્થૂળ ભાવના વિષયોને આ જીવ ભોગવે છે. સ્વપ્નદશામાં સૂક્ષ્મ સ્વાપ્નિક ભોગોને ભોગવે છે. અને સ્વાપદશામાં પણ અવિદ્યાવેષ્ટિત આ જીવ સ્તબ્ધ થઈ રહેછે. કશું જ્ઞાન હોતું નથી ॥ ૫૭–૫૯ ॥

ध्रुवश्च सशरीरस्य प्रियाप्रियसमागमः ।
अशरीरस्तु शुद्धोऽसौ प्रियाप्रियनिवृत्तिमान् ॥ ६० ॥
ज्ञानानन्दमयोऽयं तु दुःखाविद्यादिवर्जितः ।
षडूर्मिरहितः सत्यकामसङ्कल्पकस्तथा ॥ ६१ ॥

જ્યાં સુધી શરીરનો સંબંધ હોય ત્યાંસુધી પ્રિય અપ્રિય (સુખ–દુ:ખ) ની પ્રાપ્તિ થયાજ કરેછે. જ્યારે શરીરના સંબંધે રહિત થાયછે ત્યારે પ્રિય અને અપ્રિયની નિ:શેષ નિવૃત્તિ થતાં, આ આત્મા તદ્દન શુદ્ધ થાયછે–પછી એમાં કશો દોષ રહેતો નથી. જ્ઞાનાનંદમય આ આત્માતો દુ:ખ અવિદ્યાદિ દોષ વર્જીત, છ ઊર્મિઓએ રહિત અને સત્યકામ સત્યસંકલ્પ થાયછે–એના સર્વે મનોરથો સિદ્ધ થાયછે. એમાં એને સંકલ્પજ ફકત કરવો પડેછે. એમાં એને બીજો કશો પ્રયાસ નથી. આ અર્થનું અનુસંધાન **'न ह वै सशरीरस्य सतः प्रियाप्रिययोरपहतिरस्ति...अपहतपाप्मा... सत्यकामः सत्यसंकल्पः'** આ શ્રુતિઓમાં છે. (छां.उ.प्र.८) ॥ ૬૦–૬૧ ॥

स सर्वं धर्मभूतेन ज्ञानाख्येन स्वचक्षुषा ।
मायामयं च यत्किञ्चित् यच्च दिव्यं तदीक्षते ॥ ६२ ॥
ब्रह्मभूतः स सर्वांश्च कामान् भुङ्क्ते यथेच्छया ।
सर्वेषु चास्य लोकेषु कामचारोऽनिरोधकः ॥ ६३ ॥
एवं ब्रह्मात्मकं त्वास्ते ह्यात्मरूपं तु चिद्घनम् ।
आनन्दपूर्णं सर्वत्र व्याप्तं ज्ञानाख्यशक्तितः ॥ ६४ ॥

જ્યારે મોક્ષગતિને પામે છે ત્યારે આવો વિશુદ્ધ આત્મા, ધર્મભૂત-જ્ઞાન નામના પોતાના ચક્ષુથી માયામય યતકિંચિત્ સર્વને અને જે કાંઈક દિવ્ય છે તેને પણ દેખે છે. એને કશું આવરણ રહેતું નથી. અને અપ્રાપ્ય રહેતું નથી. બ્રહ્મભૂત થયેલો આ આત્મા ઇપ્સિત સર્વ કામોને ઇચ્છા મુજબ ભોગવે છે. સર્વ લોકોમાં એનો કામચાર (ઇચ્છા મુજબ વિચરણ) થાય છે. એમાં એને કોઈ રોકી શકે નહિ. આ રીતે બ્રહ્માત્મક (જેના ઉપરી આત્મા પરબ્રહ્મ છે) એવું આત્મતત્ત્વ તો સદા ચિદ્ઘન અને આનંદપૂર્ણ અને જ્ઞાન નામની શકિતથી સર્વત્ર વ્યાપી રહે છે. આનું અનુસંધાન **'परंज्योतिरुपसम्पद्य स्वेन रूपेणाभिनिष्पद्यते स उत्तमः पुरुषः स तत्र पर्येति जक्षत् क्रीडन् रममाणः'** આ શ્રુતિઓમાં છે ॥ ૬૩–૬૪ ॥

श्रीहरिरूवाच—

इति धात्रोपदिष्टं तदात्मतत्त्वं विबुध्य सः ।
कृतार्थस्तं प्रणम्याथ स्वं धामेन्द्रो जगाम ह ॥ ६५ ॥

देवेभ्यश्च महर्षिभ्य आत्मबोधं यथोदितम् ।
उपादिशदयं तस्मात्सम्प्रदायागतो भुवि ॥ ६६ ॥

શ્રી હરિ કહે છે—હે અભય રાજન્! ઉપર પ્રમાણે બ્રહ્માએ ઉપદેશ કરેલા તે આત્મતત્ત્વને કહ્યા મુજબ યથાર્થ સમજીને કૃતાર્થ થયેલો દેવેન્દ્ર, ગુરુ બ્રહ્માને પ્રણામ કરીને પોતાના ધામે (સ્વર્ગ) ગયો. સ્વધામે પહોંચીને દેવોને અને મહર્ષિઓને બ્રહ્માએ જે રીતે કહ્યો એજ રીતે આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો. તે ગુરુ પરંપરાએ એ આત્મબોધ ભૂમિ ઉપર આવ્યો. એમ આત્મજ્ઞાનની પરંપરા પ્રવર્તી છે ॥ ૬૫–૬૬ ॥

अयं शुद्धात्मबोधोऽत्र ब्रह्मक्षत्रादिषु स्थितः ।
सात्विकेष्वास्तिकेष्वेव श्रद्धानेषु मोक्षदः ॥ ६७ ॥

एकाधिकशतेनेत्थं वर्षैर्धातुरिदं परम् ।
आत्मज्ञानं मघवता लब्धं निःश्रेसप्रदम् ॥ ६८ ॥

ઉપરની પરંપરાએ આવેલો આ મોક્ષપ્રદ આત્મબોધ, આ લોકમાં શ્રદ્ધાયુક્ત એવા સાત્વિક અને આસ્તિક બ્રાહ્મણ ક્ષત્રિય આદિકમાં જ રહ્યો છે. આ રીતે ૧૦૧ વર્ષે પિતામહ બ્રહ્માથકી આ આત્મજ્ઞાન કે જે સર્વથી પર હોઈને મોક્ષને આપનારૂં છે, તે દેવેન્દ્રે મેળવ્યું હતું. આ રીતે દેહાદિક થકી વિલક્ષણ આત્મજ્ઞાન, જબરી મહેનતે મેળવાય છે–સાવ સહેલું નથી ॥ ૬૭–૬૮ ॥

इदमध्यात्मविज्ञानं पवित्रं परमं मतम् ।
सर्वशान्तिप्रद सर्वपापकर्मनिवर्तकम् ॥ ६९ ॥

इद ज्ञानमुपाश्रित्य भजन्ते पुरुषोत्तमम् ।
ये तत्सायुज्यमाप्यैते मोदन्ते नितरां दिवि ॥ ७० ॥

આ અધ્યાત્મ જ્ઞાન, પરમ પવિત્ર અને સર્વ શાંતિને આપનારૂં અને સર્વ પાપ કર્મોને નિવારનારૂં છે ॥ આવા અધ્યાત્મજ્ઞાનને મેળવીને જેઓ પર પુરુષોત્તમને ભજે છે તેઓ તે પુરુષોત્તમ નારાયણની સાથે સાયુજ્યને પામીને ધામમાં અત્યંત આનંદને પામે છે ॥ ૬૯–૭૦ ॥

शतानन्दमुनिरुवाच—

अध्यात्मविज्ञानमिदं दुरूहं ब्रह्मात्मतापादकमर्कतुल्यम् ।
मोहान्धकारस्य निवर्तने हरेः श्रुत्वा मुखात्प्राडेमुदंपनरेशः ॥ ७१ ॥

इति श्रीमदाध्यात्मिकतत्त्वाख्याने अभयराज-श्रीहरिसंवादे इन्द्राय चतुर्मुखोपदिष्टात्मतत्त्वनिरूपण नाम पञ्चमोऽध्यायः ॥ ५ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ! આ પ્રકારનું અધ્યાત્મજ્ઞાન કે જે કોઈને ઝટ સમજાય એવું નથી. અને બ્રહ્માત્મભાવને પમાડનારું અને મોહરૂપ અંધકારને નિવારવામાં સૂર્યસદૃશ છે. તેને ભગવાન્ શ્રીહરિના મુખ થકી સાંભળીને અભય રાજા પરમ આનંદને પામ્યા ॥ ૭૧ ॥

ઈતિશ્રી...પંચમોઽધ્યાયઃ ।

षष्ठोऽध्यायः ।

शतानन्द उवाच—

श्रुत्वा जीवात्मनस्तत्त्वं हरिकृष्णमुखान्नृपः ।
भूयः पपृच्छ जिज्ञासुर्भगवन्तं तमादरात् ॥ १ ॥

શતાનંદ મુનિ કહેછે—હે મુનિઓ! પૂર્વોકત પ્રકારે અભય રાજા, શ્રીહરિકૃષ્ણના મુખથકી જીવાત્મ તત્ત્વને સાંભળીને, વિશેષ જાણવાની ઇચ્છાથી ફરીથી તે ભગવાન પ્રત્યે આદરથી પૂછવા લાગ્યા ॥ ૧ ॥

अभयराज उवाच—

अविद्याया अन्तरे वर्तमानाः स्वयंधीराः पण्डितंमन्यमानाः ।
मोमुह्यन्ते रूपसम्पत्मदान्धा दम्भार्थं ये यज्ञदानादिनिष्ठाः ॥ २ ॥

અભય રાજા કહે છે—હે ભગવન્! કર્મનું સ્વરૂપ યથાસ્થિત વિચાર્યા વિના સ્વયંપંડિત થઈ પડેલા અને પરોપદેશ શ્રવણાદિકથી નહિ પણ સ્વયં ધીર (ઉહાપોહ બુદ્ધિવાળા) થઈ પડેલા, માટે જ અવિદ્યાના મધ્યમાં મગ્ન થએલા, રૂપ, વિદ્યા, સંપત્તિ, અભિજન આદિકના મદવડે અંધ બનેલા અને કેવળ દંભાર્થે જ (સાચી રીતે નહિ) યજ્ઞ દાન આદિક

કર્મોમાં નિષ્ઠાવાળા બહુ જનો, અતિશય મોહને પામી ગએલા જોવાય છે ॥ તેવા મૂઢ જનો, પોતાના આત્માને જ સર્વ શક્તિમાન્ માનીને, બહુધા પોતાની જ સ્વતંત્રતાને બકયા કરેછે. પાપમાં પ્રસક્ત હોવાથી તેઓ સર્વાત્મા સર્વકર્તા સર્વેશ્વરને તો બિલકુલ માનતા નથી ॥ ૨-૩ ॥

एवं नास्तिकभूयिष्ठे देशेऽस्मिन् कलिदूषिते ।
भवान् साक्षात् हरिः कृष्णो ज्ञानदीपप्रदीपकः ॥ ४ ॥

भवत्सङ्गाच्च बहवो वृत्ता भागवतोत्तमाः ।
यावज्जीवं त्यक्तसङ्गा नैष्ठिकं व्रतमास्थिताः ॥ ५ ॥

कलौ भक्तो नैष्ठिकस्तु न कश्चिदुपपद्यते ।
नैष्ठिका बहवो जाता अथापि भवदाश्रिताः ॥ ६ ॥

अतस्त्वां तत्त्वतो वेद्मि नरनारायणं प्रभुम् ।
त्रैलोक्यक्षोभकः कामो यद्भक्तक्षोभणेऽपि नेट् ॥ ७ ॥

योगेश्वरेश्वरं त्वां च श्रीकृष्णं भावयाम्यहम् ।
आप्नुवन्ति श्रिता योगं यत्त्वामकृतसाधनाः ॥ ८ ॥

પૂર્વોક્ત રીતે જેમાં નાસ્તિકોની અધિકતા છે એવા આ કલિકલુષિત દેશમાં ભગવાન્ હરિકૃષ્ણ તમો સાક્ષાત્ જ્ઞાનદીપને પ્રકટાવનારા છો-**જ્ઞાન-દીપથી** અજ્ઞાનરૂપ અંધકારને હરનારા છો ॥ તમારો સહજ સમાગમ થવા માત્રથી બહુ જનો ભાગવતોત્તમ થયા છે, અને સંસારનો સંગ સર્વથા ત્યજીને જીવનપર્યંત દુર્ધર નૈષ્ઠિક વ્રતને ધારી રહ્યા છે ॥ દોષ-નિધિ આ કળિકાળમાં કોઈ નૈષ્ઠિક ભકત હોઈ શકે નહિ. તથાપિ આપના આશ્રયના બળથી બહુ જનો નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતધારી થયા છે. આ કારણથી હું તમોને 'નરનારાયણ મહાપ્રભુ છો' એમ તત્ત્વથી સમજું છું. કારણ કે જે ત્રિલોકવાસી તમામને ક્ષોભ પમાડનારો છે તે કામ પણ તમારા ભકતોને ક્ષોભ પમાડવા માટે સમર્થ થતો નથી. એ આપનો પ્રખ્યાત પ્રભૂત પ્રતાપ છે. માટે તમો 'યોગેશ્વરોના પણ ઇશ્વર શ્રીકૃષ્ણ છો' એવી સુદૃઢ સંભાવના કરૂં છું ॥ જેમણે યોગનાં યમ નિયમાદિ સાધનો સાધ્યાં

નથી. એવા પણ સામાન્ય જનો, તમારા શુભાશ્રયને પામતાં યોગનિષ્ઠાને પામે છે. આ તમારો પ્રતાપ પ્રખ્યાત છે ॥ ૪–૮ ॥

त्वं सर्वैश्वर्यसम्पूर्णः साक्षादक्षरधामपः ।
अवतीर्णोऽसि भक्तान् स्वान् भूमावनुजिघृक्षया ॥ ९ ॥

वात्सल्यशेवधिस्त्वं करुणावरुणालयः ।
भवच्छ्रितस्य दासस्य हृद्गतं छिन्धि संशयम् ॥ १० ॥

जीवात्मा परतन्त्रो वा स्वतन्त्रो वा भवत्युत ।
अचेतनं परार्थं स्याच्चेतनस्त्वपरार्थकः ॥ ११ ॥

इति सम्भावना शक्या ततोऽहं संशयाकुलः ।
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥ १२ ॥

હે ભગવન્ ! તમો સર્વ ઐશ્વર્યે સંપૂર્ણ, અક્ષર ધામના અધિપતિ સ્વયં ભગવાન્ છો. આવા આપ, પોતાના ભક્તો ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાથી પૃથ્વી ઉપર 'साधूनां परित्राणाय' એમાં કહ્યા મુજબ પ્રકટ થયા છો. તમો ભક્તો ઉપર વાત્સલ્યના વારિધિ અને કરુણાના સાગર છો, તો આપના આશ્રિત આ દાસના હૃદયમાં રહેલા સંશયને છેદવાને યોગ્ય છો ॥ સંશયને કહે છે—આ જીવાત્મા, પરતંત્ર છે? કે સ્વતંત્ર છે? જ્યારે અચેતન (જડ દેહાદિ) પદાર્થ, પરાર્થ–પરતંત્ર છે તો જે ચેતન હોય તે અપરાર્થ–સ્વતંત્રજ હોવો જોઈએ એવી સહજ સંભાવના થઈ શકે છે, તેથી હું સંશયાકુલ બન્યો છું. તો મારા આ સંશયને નિવારો. ॥ જેના મનમાં સંશય રહી જાય તેને આ લોક કે પરલોક સુખકારી નિવડતો નથી–તેના મનમાં કશું સુખ આવતું નથી. માટે સંશયતો જે કોઈ રીતે નિવારવોજ જોઈએ એવી સ્થિતિ છે. 'संशयात्मा विनश्यति' 'न सुखं संशयात्मनः' એવું પણ ગીતાવચન છે ॥ ૯–૧૨ ॥

शतानन्द उवाच—

इति राज्ञा तु सम्पृष्टः प्राह तं श्रीहरिर्मुदा ।
जीवात्मतत्त्वयाथात्म्यं गुह्यं सच्छास्त्रसम्मतम् ॥ १३ ॥

શતાનંદમુનિ કહે છે : હે મુનિઓ ! ઉપર કહ્યા પ્રમાણે અભય

રાજાએ પૂછ્યું, એટલે શ્રીહરિએ આનંદથી શાસ્ત્રસંમત એવા ગુહ્ય આત્મતત્ત્વના યાથાત્મ્યને કહેવાનો આરંભ કર્યો ॥ ૧૩ ॥

श्रीहरिरुवाच—

चिच्छक्तिं च क्रियाशक्तिं चेतनानां पुराऽकरोत् ।
परमात्मा जगत्स्वामी नारायण उदारधीः ॥ १४ ॥

चिच्छक्तियोगाज्जीवस्तु जानीते साध्वसाधु वा ।
इष्टं-तत्साधनं वाऽपि द्विष्टं वाऽनुभयात्मकम् ॥ १५ ॥

यच्चेष्टसाधनं वेत्ति तदादातुं प्रवर्तते ।
यत्तु द्विष्टं तन्निवृत्तौ यतते च समन्ततः ॥ १६ ॥

यच्चानुभयरूपं तन्निरर्थकमुपेक्षते ।
हानोपादानयत्नौ तु क्रियाशक्तिनिबन्धनौ ॥ १७ ॥

શ્રીહરિ કહે છે—સૃષ્ટિના સમારંભમાં જ સર્વસ્રષ્ટા જગત્સ્વામી નારાયણ પરમાત્માએ ચેતનોને માટે ચિત્ શક્તિ અને ક્રિયા શક્તિ, ઉદાર બુદ્ધિથી સર્જી આપી ॥ પરમાત્માએ આપેલી ચિત્ શક્તિના યોગથી ચેતન જીવો તો 'આ સારૂ છે આ નરસું છે' એમ બરાબર સમજી શકેછે. અને ઇષ્ટ તથા તેનું સાધન તથા દ્વિષ્ટ (અનિષ્ટ) અને તેનું સાધન તથા ઇષ્ટ નહિ તેમ દ્વિષ્ટ પણ નહિ એવું અને તેનાં સાધનો, આ ત્રણ બાબતો જગતમાં નજરે જોવામાં આવે છે. 'આ ઇષ્ટ (વહાલું) છે અને તેને મેળવવાનું આ સાધન છે' એમ જો જાણેછે તો તેના ગ્રહણ માટે પ્રયત્ન કરેછે. 'આ દ્વિષ્ટ (નહિ ફાવતું) છે અને આ તેનું સાધન છે' એમ જો જાણેછે તો તો તેની નિવૃત્તિમાં ચોમેરનો પ્રયત્ન કરેછે. જેને ઇષ્ટ નહિ તેમ દ્વિષ્ટ નહિ એમ માનેછે તેને તો નિરર્થક માનીને ઉપેક્ષા કરી દેછે.—(જેમકે—કાષ્ઠ લોષ્ટ આદિક ગ્રહણનો કે ત્યાગનો પ્રયત્ન કરતો નથી.) ઉપેક્ષા સેવેછે. આ વ્યવહાર, વિશ્વભરમાં વિખ્યાત છે. કોઈ વસ્તુને વહાલી માનીને ગ્રહણ કરેછે અને કોઈ વસ્તુને નહિ વહાલી માનીને ત્યાગ કરેછે. આ બાબતમાં જે ક્રિયાશક્તિ છે તે કારણ છે—ક્રિયા શક્તિથી આ બધાં કામો થાયછે. એમ પરમ કૃપાળુ પરમેશ્વરે આપેલી બન્ને શક્તિનો ઉપયોગ જીવાત્માઓ પોતાની ઇચ્છા મુજબ કરેછે ॥ ૧૪-૧૭ ॥

चितिशक्त्यैव भोक्तृत्वं जीवानां सुखदुःखयोः ।
ज्ञानेच्छाकृतिभिः कर्ता भोक्ता चेतन उच्यते ॥ १८ ॥

इदमेव स्वतन्त्रत्वं परमात्मप्रसादजम् ।
जीवानां वर्तते काष्ठलोष्टादेर्न स्वतन्त्रता ॥ १९ ॥

ज्ञानेच्छाकृतयो यन्न काष्ठलोष्टादिकस्य तु ।
जीवेन प्रेर्यमाणं तु चेष्टते तद्यथातथा ॥ २० ॥

अतः कारकचक्रस्य प्रयोक्ता परिकीर्त्यते ।
कर्तेति जीवः स्वातन्त्र्यं कर्तृत्वं पाणिनिस्मृतम् ॥ २१ ॥

જીવોને સુખ:દુખમાં જે ભોકતાપણું છે તે ચિત્ શકિતને લીધે છે. તે ચિદ્રૂપ આત્માવિષેજ સંભવે છે. માટેજ '**भोक्ता भोग्यं प्रेरितारं**' આ શ્રુતિ, જીવોને ભોકતા તરીકે વ્યપદેશે છે, જ્ઞાનશકિત, ઇચ્છાશકિત અને કૃતિ (પ્રયન્ત) આ ત્રણના યોગને લીધે ચેતનને કર્તા–ભોકતા તરીકે વ્યપદેશે છે. જે કર્તા હોય એજ ભોકતા થાય છે, એવી અનાદિની વ્યવસ્થા છે. આ બાબતમાં જીવોનું સ્વતંત્રપણું છે. પરમાત્માએ પ્રારંભ કાળથી પક્ષપાત વિના સર્વેને સરખી રીતે આપ્યું છે. આવું પણ જે સ્વતંત્રપણું તે પરમાત્માના પ્રસાદના ફળરૂપ છે. સ્વતઃ નથી, જે કાષ્ઠ કે લોષ્ટ આદિક છે તેમને સ્વતંત્રતા નથી કારણકે–તેઓમાં જ્ઞાન, ઇચ્છા અને કૃતિ નથી. કાષ્ટ લોષ્ટ આદિક તો જીવો જેમ જેમ પ્રેરે તેમ તેમ ચેષ્ટાને કરે છે–સ્વતઃ નહિ, આવી વ્યવસ્થા વિભાગીય વર્તે છે, માટે આ કારકચક્રના (ક્રિયામાત્રના) પ્રયોકતા તરીકે જીવોનેજ કહેવામાં આવે છે, જેથી તેઓનુંજ સ્વતંત્રપણું સાબીત છે. પાણિની નામના મુનિ, '**स्वतंत्रः कर्ता**' આ સૂત્રથી કર્તા સ્વતંત્ર છે એમ સમર્થે છે ॥ ૧૮–૨૧ ॥

चितिशक्तिः क्रियाशक्तिस्तारतम्येन वर्तते ।
जन्तुवर्गे तत्र तत्र तत्तत्कर्मानुसारतः ॥ २२ ॥

यथा च तारतम्येन वर्तते जन्तुमात्रके ।
शक्ती ज्ञानक्रियाख्ये वै तत्प्रकारं निबोध मत् ॥ २३ ॥

આ જે ચિત્ શક્તિ અને ક્રિયા શક્તિ કહી તે જીવવર્ગમાં તાર-

તમ્યપણે વર્તે છે. તેમાં ખરૂં કારણ તો તેતે જીવોનાં વિચિત્ર કર્મો છે. જેનાં જેવાં શુભ કે અશુભ કર્મો હોય તે પ્રમાણે તે બે શક્તિની ન્યૂનાધિકતા વર્તેછે. એ તરતમ ભાવમાં પરમાત્મા અસાધારણ કારણ નથી. હવે જંતુમાત્રમાં જેવી રીતે તે બે શક્તિઓનું ન્યૂન–અધિકપણું વર્તેછે તેનો પ્રકાર હું સંક્ષેપમાં કહુંછું તેને તમે જાણો ॥ ૨૨–૨૩ ॥

जीवाः श्रेष्ठा ह्यजीवेभ्यस्ततः प्राणभृतः शुभाः ।
ततः सचित्ताः प्रवरास्ततश्चेन्द्रियवृत्तयः ॥ २४ ॥
तत्रापि स्पर्शवेतृभ्यः प्रवराः रसवेदिनः ।
तेभ्यो गन्धविदः श्रेष्ठा स्ततः शब्दविदो वराः ॥ २५ ॥
रूपभेदविदस्तत्र ततश्चोभयतो दतः ।
तेषां बहुपदास्तेभ्यश्चतुष्पात्तु ततो द्विपात् ॥ २६ ॥
तत्रापि वर्णाश्चत्वारो ज्ञानशक्त्याऽधिका मताः ।
पूर्वः पूर्वो गुरुस्तेषां पण्डितैः सम्प्रकीर्त्यते ॥ २७ ॥

જેમાં જીવ નથી એવા જે અચેતન (પૃથિવી આદિક) તેની અપેક્ષાએ જે જીવો (સર્ગથી પ્રલયકાળ પર્યંત જીવ શબ્દથી વાચ્ય સૂક્ષ્મ શરીરવાળા) છે તે શ્રેષ્ઠ છે. તેના કરતાં જેનામાં ચિત્તવૃત્તિ (જ્ઞાન) વર્તે છે તે પ્રવર છે. તેના કરતાં પણ જેમાં સ્પર્શનું જ્ઞાન અધિકછે તે ઉત્તમ છે. તેની અપેક્ષાએ જેમાં રસનું જ્ઞાન અધિકછે તે (સર્પ વિગેરે) શ્રેષ્ઠ છે. તેની અપેક્ષાએ પણ જેમાં રૂપનું જ્ઞાન અધિકછે તે (કાગડા વિગેરે) વરિષ્ઠ છે. તેની અપેક્ષાએ બન્ને બાજુ દાંતવાળા શ્રેષ્ઠ છે. તેના કરતાં પણ બહુ પગવાળા શ્રેષ્ઠ છે. તેનાં કરતાં જે ચાર પગવાળા (ગાયો વિગેરે) છે તે શ્રેષ્ઠ છે. તેના કરતાં જેને બે પગ છે તે (મનુષ્યો) શ્રેષ્ઠ છે. તેમાં પણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, આ ચાર વર્ણમાં સ્થિતિવાળા છે તે શ્રેષ્ઠ છે (જ્ઞાન શકિતને લીધે આધિકય માન્યું છે) ચાર વર્ણમાં પૂર્વ પૂર્વ કરતાં ઉત્તરો ઉત્તર કનિષ્ઠ છે. એટલે બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. એમ પંડિતો કહે છે ॥ ૨૪–૨૭ ॥

नृभ्योऽपि नाग–गन्धर्व–यक्षाद्या देवता वराः ।
शक्रः समस्तदेवेषु ततो देवगुरुः परः ॥ २८ ॥

प्रजापतय एतस्मातेभ्यो ब्रह्मा परः श्रुतः ।
योऽसौ वैराजपुरुषात् वेदान् जग्राह पद्मभूः ॥ २९ ॥

आब्रह्मस्तम्बपर्यन्ता जगदन्तर्व्यवस्थिताः ।
इत्थं प्रकृष्टाः सन्त्येते ज्ञानशक्त्योत्तरोत्तरम् ॥ ३० ॥

નરો કરતાં પણ નાગો, ગંધર્વો, યક્ષો, આદિક દેવતાઓ ઉત્કૃષ્ટ છે. સમસ્ત દેવોની અપેક્ષાએ તેમનો રાજા જે ઈન્દ્ર તે પ્રકૃષ્ટ છે. તેની અપેક્ષાએ બૃહસ્પતિ કે જે દેવોના ગુરુ છે તે શ્રેષ્ઠ છે. બૃહસ્પતિના કરતાં પ્રજાપતિઓ પ્રવર છે. તેમની અપેક્ષાએ બ્રહ્મા કે જે વૈરાજ પુરુષથકી વેદોને ગ્રહણ કરનારા છે તે પ્રવર છે. બ્રહ્માને આરંભીને સ્તંબપર્યંતના સમગ્ર જીવો કે જે જગતની અંદર વિભાગથી રહેલા મનાય છે. તેઓ ઉપર પ્રમાણે જ્ઞાન-શકિતની ન્યૂનાધિકતાને લીધે. ઉત્તરોત્તર ઉત્તમ મનાય છે. જીવોમાં ઉત્કર્ષ અપકર્ષ મનાયો છે તે જ્ઞાન શકિતની ન્યૂનાધિકતાને આભારી છે. જ્ઞાન શકિતની ન્યૂનાધિકતામાં તો પોતપોતાનાં શુભાશુભ કર્મો જ અસાધારણ કારણ છે ॥ ૨૮-૩૦ ॥

यथाकर्म च शक्त्योर्वै उन्मेषं तत्र तत्र तु ।
करोति भगवान् कृष्णः सर्वकर्मफलप्रदः ॥ ३१ ॥
स्मृतिर्ज्ञानं प्रमोषश्च मत्तो जीवस्य जायते ।
इत्याह भगवान् साक्षात् गीतायां स्वयमेव हि ॥ ३२ ॥

ઉપર ગણેલા સર્વ જીવોમાં તેમનાં તેમનાં શુભાશુભ કર્મોને અનુસારે જ્ઞાનશક્તિ અને ક્રિયાશકિતનો ઉન્મેષ (ઉદ્ભવ) થાયછે તે સર્વ-કર્મફળપ્રદાતા ભગવાન્ શ્રીકૃષ્ણ કરેછે. ગીતામાં-'**सर्वस्य चाहं हृदि सन्निविष्टो मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च**' આ વચનથી 'સર્વ જીવોને જે **સ્મૃતિ** (પૂર્વાનુભૂત વિષયવાળું, અનુભવ સંસ્કારમાત્રથી થતું જ્ઞાન) અને **જ્ઞાન** (ઇન્દ્રિયો, અનુમાન આગમ અને યોગથી થતો જે વસ્તુનો નિશ્ચય) અને **અપોહન** (આ જ્ઞાનની નિવૃત્તિરૂપ પ્રમોષ) વિગેરે થાયછે તે મારા થકી જ થાયછે. એમ ભગવાન્ શ્રીકૃષ્ણ શ્રીમુખે કહેછે. એ સઘળી સત્તા ભગવાનની છે ॥ ૩૧-૩૨ ॥

एवं भगवता दत्तज्ञानशक्तियुतः पुमान् ।
मन्यते स्वस्वतन्त्रत्वं बहुधाऽनर्थकारकम् ॥ ३३ ॥

सार्वभौमेन लब्धश्रीराधिकारिकमण्डले ।
नियुक्तस्तत्पारतन्त्र्यं मन्यमानो यथा नरः ॥ ३४ ॥

कल्पते तन्मनोवृत्तिमनुरुन्धान एव च ।
क्षेमाय च्यवते क्षेमादन्यथा भावयंश्च ना ॥ ३५ ॥

ઉપર પ્રમાણે ભગવાને જેને જ્ઞાનશક્તિ આપીછે એવો પુરુષ, પોતાના જ સ્વતંત્રપણાને અભિમાને છે. (હુંજ સ્વતંત્ર છું) તેતો બહુધા અનર્થને કરનારૂં નિવડેછે. જેમ પુરુષ, મહારાજાએ અધિકારિમંડળમાં નિયોગ કરતાં રાજ્યલક્ષ્મીને પામ્યો હોય અને તે જો રાજાની પરતંત્રતાને માનતો હોય અને તે રાજાની મનોવૃત્તિને સદા અનુસરતો હોય તોતે ક્ષેમ માટે કલ્પાયછે અને જે રાજાદત્ત અધિકારના આશ્રયે લક્ષ્મીને પામ્યો હોય અને તે જો રાજાની મનોવૃત્તિને નહિ અનુસરતાં, સ્વતંત્રતાને માનતો હોય, તો તે પુરુષ ક્ષેમથકી ભ્રષ્ટ થાયછે. આ ન્યાય લોકદૃષ્ટ છે ॥ ૩૩–૩૫ ॥

एवं भगवता दत्तज्ञानशक्तियुता नराः ।
सततं भावयन्तो वै पारतन्त्र्यं तु तं प्रति ॥ ३६ ॥

तदाज्ञास्वप्रमत्ताश्च लभन्ते क्षेममुत्तमम् ।
स्वतन्त्रं मन्यमानास्तु स्वात्मानं मानसंयुताः ॥ ३७ ॥

क्षेममार्गात्परिभ्रष्टा नानादुःखशताकुलाः ।
संसाराब्धौ निमज्जन्ति सततं तमसाऽऽवृताः ॥ ३८ ॥

ઉપરના દૃષ્ટાંત પ્રમાણે ભગવાનથકી જ્ઞાનશકિતને પામેલા જે સુજ્ઞ નરો, નિરંતર ભગવાનના પરતંત્રપણાની ભાવના રાખીને, તેમની શ્રુતિ-સ્મૃતિરૂપ આજ્ઞાવિષે ગાફલતાએ રહિત થઈને વર્તે છે. તેઓ સર્વોત્તમ ક્ષેમ (આ લોક પરલોકનું)ને પામે છે, અને જે અજ્ઞ નરો અભિમાનગ્રસ્ત હોઈને પોતાના આત્માને સ્વતંત્રપણે માનનારા છે તેઓતો તામસ સ્વભાવ-વાળા હોવાથી મોક્ષમાર્ગથકી પરિભ્રષ્ટ થઈને, નાનાવિધ સોએસો દુઃખોથી

વ્યાકુળ થઈને સંસારસાગરમાં સતત સંલગ્ન રહે છે–એમનો ઉદ્ધાર કદાપિ થતો નથી ॥ ૩૯–૩૮ ॥

केचन त्वन्यदासत्वं मन्यमाना निजात्मनि ।
दासत्वं नानुमन्यन्ते श्रीपतौ पुरुषोत्तमे ॥ ३९ ॥

केचिद्भार्यादिदासत्वं केचित्प्रभुषु दासताम् ।
केचिदिन्द्रादिदासत्वं केचिद्रुद्रस्य दासताम् ॥ ४० ॥

केचित्कर्मसु दासत्वं केचित् कालस्य दासताम् ।
मायाया दासतामन्ये मन्यन्ते रजसाऽऽवृत्ताः ॥ ४१ ॥

કેટલાક અજ્ઞો પોતાના આત્મામાં બીજા બીજા ક્ષુદ્ર પુરુષોના દાસપણાને માને છે (એમની સદા વેઠ કર્યા કરે છે) પરંતુ જે સ્વયં શ્રીપતિ હોઈને પુરુષોત્તમ ભગવાન છે તેમના દાસપણાને માનતા નથી. (જેમનું દાસપણું સ્વાભાવિક હોઈને રુવં ફળની લબ્ધિ માટે છે તેના દાસપણામાં જ અટકે છે) કેટલાક મૂર્ખાઓ તો ભાર્યા પુત્ર આદિકના દાસ (ગોલા) થઈ રહેછે. કેટલાક તો રાજા વિગેરેના દાસભાવને ભજી રહ્યાછે. કેટલાક સ્વાર્થીઓ તો ઇન્દ્રાદિ દેવોના દાસપણાને ભજેછે. વળી કેટલાક તો રુદ્રના દાસપણાને અભિમાનેછે. કેટલાક (કર્મઠો) તો કર્મોના દાસ થઈ રહ્યાછે. અને કેટલાક તો કાળના પણ દાસ થઈ રહ્યાછે. બીજા કેટલાક તો રજોગુણથી આવરિત હોઈને માયાના દાસ થઈ રહ્યાછે. એમ ક્ષુદ્ર બીજાઓનું દાસપણું માનવામાં અને તેમની સઘળી વેઠ કરવામાં શરમાતા કે સંકોચાતા નથી. પરંતુ જગત્પતિ શ્રીપતિ પુરુષોત્તમના દાસપણાને માનતા નથી. ત્યાં અટકેછે. શાસ્ત્ર તો 'आत्मदास्यं हरेः स्वाम्यं स्वभावं च सदा स्मर' એમ શ્રીહરિના દાસપણાને સદા સંભારવાનું કહેછે ॥ ૩૯–૪૧ ॥

कालो यस्य निमेषादिः कर्म सङ्कल्पलक्षणम् ।
यस्य शक्तिर्भवेन्माया सुराद्याश्च यदंशकाः ॥ ४२ ॥

यदीक्षावशतः सन्ति न सन्ति यदुपेक्षया ।
एते, देवः स एकस्तु स्वतन्त्रः पुरुषोत्तमः ॥ ४३ ॥

त्वद्दासत्वधियः सन्तस्तरन्ति भवमञ्जसा ।
भवार्णवे निमज्जन्ति त्वन्यदासत्वमानिनः ॥ ४४ ॥

કાળ કે જે સર્વનો સંહાર કરનારો મહા બળવાન્ છે તે '**ज्ञः कालकालः**' '**कालोऽस्मि**' આ શ્રુતિ-સ્મૃતિમાં કહ્યા મુજબ કાળ પણ ભગવાનના નિમેષાદિરૂપ છે. (કાળ પણ ભગવાનના કટાક્ષને અધીન છે) જે આ જગત્સર્ગાદિ **કર્મ** છે તે '**तदैक्षत**' આ શ્રુતિમાં કહ્યા મુજબ જે ભગવાનના સંકલ્પરૂપ છે. સંકલ્પમાત્રથી જગત્સર્ગાદિ થાયછે. **માયા** કે જે વિચિત્ર કાર્યને કરનારી છે તે '**मायिनं तु महेश्वरम्**' આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે માયાવી ભગવાનની શક્તિભૂત છે (કાર્યોપયોગિ અપૃથક્સિદ્ધ વિશેષણને **શક્તિ** કહેછે) **બ્રહ્માદિ** દેવો છે તે ભગવાનના અંશભૂત છે. (ભગવાનથી ઉપજેલા હોઈને પરતંત્ર છે) આ બધાઓ જેની દૃષ્ટિમાત્રથી છે અને જેમની ઉપેક્ષાથી નથી–દૃષ્ટિમાત્રથી જગત્ થાયછે અને નાશ પામે છે. આ રીતિએ બ્રહ્માદિ સ્તબપર્યંતનું સમગ્ર જગત્, પરમાત્માને પરતંત્ર છે. તેજ એક દેવ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે તે '**कृष्ण एकः स्वतन्त्रोऽस्ति सर्वेभ्यस्ततस्तु सः**' (હ. વા. સુ.) એમાં કહ્યા પ્રમાણે સ્વતંત્ર છે. જેમની બુદ્ધિમાં પરમાત્માનું દાસપણું વ્યવસિત છે એવા સંતોજ ભવસાગરને સુખેથી તરી જાયછે. અને જેઓ માયા આદિક અન્ય અન્યના દાસપણાના અભિમાનવાળા છે તેતો સંસાર સાગરમાં ખૂબ ડૂબેલા રહેછે. તેઓનો ક્યારેય ઉદ્ધાર થતો નથી ॥ ૪૨–૪૪ ॥

ये त्वन्यदेवताभक्तास्तत्तद्देवेज्यबुद्धयः ।
इष्टवा नानाविधैर्यज्ञैस्तत्तत्सायुज्यभागिनः ॥ ४५ ॥
स्वेज्यैर्देवैर्लयं यान्ति ते प्राप्ते प्रतिसञ्चरे ।
तथाऽन्यदेवताभक्ता विदन्ते च भयं बहु ॥ ४६ ॥
अहो ! मौढ्यं मनुष्याणां दारुणं रूढमूलकम् ।
यदन्यशेषतां स्वस्मिन् मन्यन्ते श्रीहरेर्न तु ॥ ४७ ॥

ગીતામાં કહ્યા મુજબ જેઓ તેતે અન્ય ઈન્દ્રાદિ દેવોવિષે પૂજ્ય બુદ્ધિવાળા થઈને તેઓના દૃઢ ભકત થઈને રહ્યા છે અને નાનાવિધ યજ્ઞો વડે તેતે દેવોનું યજન કરીને તે તે દેવોના સાયુજ્ય (સમાન ગુણયોગ)

ને પણ મહામહેનતે પામેલા છે. તેઓ તો જ્યારે પ્રલય થાય છે ત્યારે તે તે પૂજ્ય દેવોની સાથેજ લયને પામે છે-કોઈને સ્થિર સ્થાન મળતું નથી. તેમજ તે અન્ય દેવોના ભકતો, બહુ ભયને પામે છે એને કદાપિ ભય ટળતો નથી ॥ મનુષ્યોની ભયંકર અને રૂઢમૂળ થએલી મૂર્ખતાને તો જુઓ ? આશ્ચર્ય પામવા જેવી છે. શી ? તો બીજા ક્ષુદ્રોની દાસતાને પોતાવિષે માને છે, પણ પરંબ્રહ્મ ભગવાનની દાસતાને માનતા નથી. તેઓને મહાન્ અનર્થ **'योऽन्यथा सन्तमात्मानमन्यथा प्रतिपद्यते । किं तेन न कृत पापं चोरेणात्मापहारिणा'** આ રીતે જણાવ્યો છે. જીવો પરમાત્માને પરતંત્ર છે, છતાં તેને જો સ્વતંત્ર માને છે તો તે પરમેશ્વરનો ચોર છે. તેણે શું પાપ ન કર્યું કહેવાય ? તે દંડનેજ પાત્ર છે ॥૪૫-૪૭॥

यथा सुचारुवृत्ताऽपि धर्मिष्ठा सत्यवादिनी ।
असेवमाना भर्तारं निजं नारी विनिन्द्यते ॥ ४८ ॥

तथा विद्वान् धार्मिकश्च श्रद्धावानास्तिकोऽपि सन् ।
विनिन्द्यो हरिशेषत्वं नानुमन्येत चेत्पुमान् ॥ ४९ ॥

यथा सुगन्धयोगेन कुसुमं हृद्यमिष्यते ।
धुनोति चित्तं निर्गन्धमपि स्याद्रम्यदर्शनम् ॥ ५० ॥

तस्मात् श्रीहरिशेषत्वदिव्यामोदेन वासितः ।
हृद्यः कौस्तुभवद् विष्णोर्जीवात्मा कनकोज्ज्वलः ॥ ५१ ॥

જેમ કોઈ નારી, સારા વૃત્તવાળી હોય, ધર્મિષ્ઠ હોય અને સત્યવાદિની હોય, એમ સર્વ સદ્ગુણોએ સંપન્ન હોય, પણ જો પોતાના ભર્તાની સેવાને ન કરતી હોય તો તે લોકમાં નિંદાને પાત્ર મનાય છે. એની કશી કીર્તિ કહેવાતી નથી. તેમ ગમે તેવો મહાવિદ્વાન્ હોય, ધાર્મિક હોય, શ્રદ્ધાવાન્ હોય, આસ્તિક હોય, એમ માનવતાના સર્વ ગુણોએ સંપન્ન હોય, પણ જો ભગવાનના દાસપણાને માનતો ન હોય તો તે નિંદાને પાત્ર છે. એની કશી કીર્તિ કહેવાતી નથી. એના એ સમગ્ર ગુણો નિરર્થક છે ॥ જેમ સુગન્ધના યોગવાળું પુષ્પ, હૃદયને બહુ પ્રિય થાય છે અને જો તે ભલે ગમે તેવું દેખાવામાં સુંદર હોય (કાંટા શેરીયાનું) પણ તે સુગંધ વિનાનું હોય તો ચિત્તને અપ્રિય થાય છે ॥ માટે ભગવાન્ શ્રી

હરિની સેવારૂપ સુગન્ધથી વાસિત થએલો એવો જીવાત્મા, સુવર્ણ જેવો ઉજ્જવળ હોઈને જેમ કૌસ્તુભમણિ, ભગવાનના હૃદયને અત્યંત પ્રિય છે, તેમ તે ભક્ત ભગવાનને બહુ પ્રિય થાય છે ॥ ૪૮-૫૧ ॥

य आत्मनि तु शेषत्वं निश्चिनोति हरेः पुमान् ।
तदनुकूलवृत्तिश्च सर्वदेवैः स वन्द्यते ॥ ५२ ॥
प्रवर्तते तत्र तत्र तेनैवाहितशक्तिकः ।
तृणं वा चालितुं शक्यं न तेन हि विना क्वचित् ॥५३॥
तस्मात्तत्परतन्त्रत्वं जीवानां सर्वकर्मसु ।
बुद्धिपूर्वं प्रवृत्तत्वादेषां कर्मफलान्वयः ॥ ५४ ॥

જે પુરુષ, પોતાના આત્મામાં 'હું પરમાત્માનો દાસ છું' એવો સુદૃઢ નિશ્ચય કરીને, ભગવાનને જ અનુકૂળ અખિલ પ્રવૃત્તિવાળો થઈ રહેછે તે સર્વ દેવોએ વંદનીય થાયછે. એ બાબત પ્રહ્લાદ ધ્રુવ આદિક ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે ॥ સર્વશક્તિ પરમાત્માએ જેમાં જેમાં સ્વશક્તિનું આરોપણ કર્યું છે તેજ તેતે ક્રિયામાં પ્રવર્તે છે. એમની શક્તિ વિના તૃણને પણ ચલિત કરવા માટે કોઈપણ કયારેય પણ શક્તિમાન્ થતો નથી ॥ માટે જીવોની સમગ્ર ક્રિયાઓમાં પરમાત્મ પરતંત્રતા નક્કી છે. જીવો જ તેતે શુભાશુભ કર્મોમાં બુદ્ધિપૂર્વક પ્રવૃત્તિ કરતા હોવાથી તેના સુખ-દુઃખરૂપ ફળનો સંબન્ધ, જીવોને જ લાગુ થાયછે. પરમાત્માને તે નથી. આ બાબત '**वैषम्यनैर्घृण्ये न सापेक्षत्वात्**' ઇત્યાદિ વ્યાસસૂત્રોમાં સવિસ્તર સમજાવી છે ॥ ૫૧-૫૪ ॥

अत्रेममितिहासं च वक्ष्यामि हितकाम्यया ।
पारतन्त्र्यानुसम्बद्धं स्वातन्त्र्यमतिभञ्जकम् ॥ ५५ ॥
पूर्वं त्वग्न्यादयो देवा जितवन्तोऽसुरान् मृधे ।
देवेन्द्रप्रमुखा राजन्नभवन् गर्विता भृशम् ॥ ५६ ॥
सामर्थ्येन वयं स्वेन जितवन्तो महाबलान् ।
असुरान् पूजिता लोके स्वबलेनाभवाम च ॥ ५७ ॥

इति स्वकीयसामर्थ्याभिमानेन विदृप्यताम् ।
सुराणां प्रतिबोधाय यक्षरूपो हरिर्बभौ ॥ ५८ ॥

હે રાજન્! ઉપરોક્ત બાબતમાં તમારૂં હિત કરવાની કામનાથી એક ઉત્તમ ઇતિહાસને કહું છું. જે ઇતિહાસ, જીવોની પરમાત્મપરતંત્રાને સાબિત કરનારો અને જીવોની સ્વતંત્રપણાની મતિને ભંગ કરનારો સમ્યક્ છે. આ ઇતિહાસને જો સાંભળે તો પરમાત્માની સ્વતંત્રતા અને જીવોની પરમાત્મપરતંત્રતા સુદૃઢ થાય છે ॥ બહુ પૂર્વે દેવો અને અસુરોનો મોટો સંગ્રામ થયો હતો, તેમાં ભકત દેવો હારી જાય એવી સ્થિતિ જણાયાથી અંતર્યામિપણે અખંડ રહેલા ભગવાને દેવોમાં બળનું આધાન કરીને, તેમનો વિજય કરી આપ્યો. ભગવાને પોતાનું સામર્થ્ય આપીને કરી આપેલા વિજયમાં ઇન્દ્ર અગ્નિ વાયુ વગેરે દેવો ગર્વવેગથી બહુ બોલવા લાગ્યા કે અમારા સામર્થ્યથીજ મહાબલિષ્ટ અસુરોને જીત્યા છીએ અને અમારા બળથીજ લોકમાં પૂજિત થયા છીએ. આ રીતે બળદાતા અંતર્યામી પરમાત્માને નહિ ગણીને પોતાના સામર્થ્યનાજ અભિમાનથી બહુ ગર્વમાં આવી ગયેલા જાણીને તેમનું અભિમાન ટાળીને અનુગ્રહ કરવાની ઇચ્છાથી પરમાત્માએ દિવ્ય યક્ષનું રૂપ અપૂર્વ અદ્ભુત તત્ક્ષણ ધાર્યું ॥૫૫-૫૮॥

तं दृष्ट्वा तर्कयन्तस्ते कोऽयमित्येव ते सुराः ।
ज्ञात्वाऽऽयाहीति झटिति प्रोचुर्वै जातवेदसम् ॥ ५९ ॥
अतिष्ठच्च क्षणादग्रे तस्य त्वमितविक्रमः ।
तमेनमवदद्यक्षः कोऽसीति विगतस्मयः ॥ ६० ॥
जातवेदा भवाम्यग्निर्देवानां हुतवाहकः ।
इत्युक्तः पुनराहैनं किंसामर्थ्यं त्वयीति तु ॥ ६१ ॥
सर्वं दहेयं यत्किञ्चिदल्पं महदथापि वा ।
इत्याकर्ण्य वचस्तस्य तृणमग्रे निधाय तम् ॥ ६२ ॥
दहेदमिति सम्प्राह न दग्धुं प्राभवत् स तत् ।
एवं कुण्ठितसामर्थ्यो क्षणान्निववृते ततः ॥ ६३ ॥

યક્ષના અપૂર્વ રૂપમાં રહેલા ભગવાનને ભાળીને તે દેવો, બહુ

બહુ તર્કો કરવા છતાં પણ બરાબર જાણી શકયા નહિ. અજ્ઞાત દેવો તેને જાણવા માટે અગ્નિ પ્રત્યે બોલ્યા કે-'તું આ યક્ષરૂપમાં કોણ છે?' તેને બરાબર ઝટ જાણીને અમારી પાસે સત્વર આવી જા ॥ દેવોએ કહ્યું એટલે અમાપ પરાક્રમવાળો અગ્નિ તથાસ્તુ કહીને બ્રહ્મને અભિમુખ બળના ગર્વથી વેગથી દોડી ગયો. પાસે આવેલા તે અગ્નિ પ્રત્યે યક્ષરૂપ ભગવાન્ વિસ્મયે રહિત હોઈને બોલ્યા કે-'તું કોણ કેવો છું' એમ યક્ષરૂપે પૂછેલો અગ્નિ, વીર્યના અભિમાનથી વારેવારે પોતાના બહુ નામની પ્રખ્યાતિને ખ્યાપન કરતો થકો બોલ્યો કે-હું અગ્નિ છું, જાતવેદા છું, દેવોને હોમેલા પદાર્થનો પહોંચાડનારો હું છું. આવા અતિ પ્રસિદ્ધ મને નથી ઓળખતા?' આ પ્રકારે ગર્વિષ્ઠ ભાષામાં કહેવાથી ભગવાન્ તેના પ્રત્યે ફરી બોલ્યા કે-'આવા મહિમાને જણાવનારા તારા વિષે શું સામર્થ્ય છે? તે કહે' ત્યારે તે અગ્નિ ગર્વથી બોલ્યો કે-'નાનું હોય કે બહુ મોટું હોય, યત્કિંચિત્ સર્વને ક્ષણમાં બાળીને ભસ્મ કરી દઉં' આવું ગર્વભર્યું ઉદ્ધત વચન સાંભળીને યક્ષમૂર્તિ ભગવાન તેની આગળ એક તરખલું મૂકીને બોલ્યા કે 'જો તારૂં એવું બળ હોય તો આ તરખલાને બાળી દે' પછીથી ગર્વિષ્ઠ અગ્નિ, પોતાના સમગ્ર વેગથી તે તૃણને પામ્યો, પણ તેને જરા પણ બાળી શકયો નહિ. જેનું સામર્થ્ય કુંઠિત થયું છે અને જેનું માન ભગ્ન થયું છે એવો અગ્નિ 'આ યક્ષરૂપને હું સમ્યક્ જાણી શકયો નહિ' એમ મનમાં માનીને, શરમાઈ જવાથી ત્યાં ક્ષણ પણ ઉભો રહ્યો નહિ. પાછો આવીને દેવોને બધી હકીકત કહી ॥ ૫૯-૬૩ ॥

ततो वायुर्नियुक्तस्तु देवैर्यक्षविवित्सया ।
प्राद्रवद्यक्षपार्श्वं स पृष्टः स्वं नाम चाभ्यधात् ॥ ६४ ॥
अहं वायुर्देवलोके मातरिश्वा सदागतिः ।
सहोदितनक्षत्रग्रहमण्डलधारकः ॥ ६५ ॥
आददीयेदमखिलं स्थूलं सूक्ष्मतरं च यत् ।
इत्युक्तस्तृणमग्रे तु न्यस्यादत्स्वेति सोऽब्रवीत् ॥ ६६ ॥
आदातुमसमर्थः सन् भग्नमानो न्यवर्तत ।
अथ देवैर्नियुक्तस्तु देवेन्द्रस्तत्पुरो ययौ ॥ ६७ ॥

અગ્નિ પાછો આવી ગયા પછી દેવોએ વાયુનો નિયોગ કર્યો કે-

'આ યક્ષરૂપ શું છે? તે તું જાણીને જલદી પાછો આવ' પછી તે તથાસ્તુ કહીને યક્ષ પાસે દોડી ગયો, પાસે આવેલા વાયુ પ્રત્યે ભગવાને કહ્યું કે-તું વળી કોણ છું? પછી વાયુ અભિમાનમાં પોતાના નામની ખ્યાતિને જણાવતો થકો બોલ્યો કે-'હું દેવલોકમાં રહેનારો વાયુ છું; માતરિશ્વા છું, સદાગતિ (મારી ગતિ સદા સર્વત્ર વર્તે છે) હું એક સાથે ઉદય પામેલા નક્ષત્ર અને ગ્રહમંડળને ધારનારો છું' પછી ભગવાને કહ્યું કે-'તારામાં શું સામર્થ્ય છે? ત્યારે વાયુ ગર્વથી બોલ્યો કે-આ પૃથ્વી ઉપર જે કાંઈ સ્થૂળ (મોટું) કે અતિસૂક્ષ્મ (ઝીણું) છે તે તમામને પકડીને ઉડાડી મૂકું. પછી ગર્વભંજન ભગવાને તેની પાસે એનું એજ તૃણ મૂક્યું અને કહ્યું કે-'તું એવો બળીયો છે તો હવે આ તૃણને ઉડાડી દે' પછી ગર્વિષ્ટ વાયુ પોતાના સમગ્ર વેગથી તે તૃણને પામ્યો પણ તેને જરાપણ ઉડાડવા શક્તિમાન્ થયો નહિ ભગ્નમાન થવાથી ત્યાં ક્ષણ પણ નહિ. ઉભો રહીને પાછો વળી ગયો અને દેવોને કહ્યું કે-'આ યક્ષરૂપ કોણ છે?' તે હું જાણી શક્યો નહિ. પછી દેવોએ મળીને ઈન્દ્રને કહ્યું કે-'આ યક્ષરૂપ કોણ છે? તે તમે જાતેજ જાણી લાવો' પછી દેવેન્દ્ર તથાસ્તુ કહીને, ગર્વથી યક્ષ પાસે ઉતાવળો દોડી ગયો ॥ ६४-६७ ॥

सोऽन्तर्बभूव सहसा तद्विचित्रमदृश्यत ।
तत्स्थाने शोभमानां तु देवीं हैमवतीं स्थिताम् ॥ ६८ ॥
नारायणीं प्राह नम्रः कृष्णाधिगमकारिणीम् ।
हेमभूषाभ्राजमानां दिव्यां शम्भुप्रियां सतीम् ॥ ६९ ॥
कोऽयं देवि ! स्थितो यक्षो देवमानापहारकः ।
इत्युक्ता सा तदा प्राह देवेन्द्रं सुस्मितानना ॥ ७० ॥

જેમ અગ્નિ અને વાયુના માનનો ભંગ થયો તેમ દેવેન્દ્રનો ન થાય એમ કૃપાવશાત્ વિચારીને, એ યક્ષરૂપમાં રહેલા ભગવાન્ એકદમ ત્યાંજ વીજળીના ઝબકારાની પેઠે અંતર્ધાન થઈ ગયા. આવું અપૂર્વ આશ્ચર્ય જોઇને વિસ્મય પામેલો દેવેન્દ્ર, એજ પ્રદેશમાં અકસ્માત્ પ્રાદુર્ભવેલાં સ્વતઃ બહુ શોભતાં, હિમાચલનાં પુત્રી અને મહાદેવના પત્ની, સુવર્ણનાં ભૂષણોને ધારી રહેલાં, નારાયણપરાયણ, માટે જ તેમની પ્રાપ્તિને કરી આપનારાં, એવાં દિવ્ય દેવીને દેખીને તેમની સમીપે જઈને

વિનયથી પૂછ્યું કે-હે દેવી ! અમો દેવોના અભિમાનને હરનારા યક્ષરૂપ-ધારી કોણ હતા ?' આ રીતે ઈન્દ્રે પૂછેલાં દેવી મંદમંદ હસતાં થકાં દેવેન્દ્ર પ્રતિ આગળ કહેશે એ પ્રકારે બોલ્યાં ॥ ૬૯-૭૦ ॥

देवी उवाच—

परमात्मा परंब्रह्म सर्वशक्तिप्रबोधकः ।
वासुदेवो यक्षरूपोऽनुजिघृक्षुर्व आगतः ॥ ७१ ॥
यूयं वीर्याभिमानेन मा नष्टा भूत साम्प्रतम् ।
मानभङ्गं व्यधाद्देवो युष्माकं शुभकाङ्क्षया ॥ ७२ ॥
तेन त्वाहितसामर्थ्या जितवन्तो महासुरान् ।
न कश्चित् प्रभविष्णुर्वै तच्छक्त्याप्यायनादृते ॥ ७३ ॥
तस्मात्तत्परतन्त्रत्वं विभाव्य दिवि पूजिताः ।
प्राप्नुवन्तु परं श्रेयो यूयं विगतमानकाः ॥ ७४ ॥

દેવી કહે છે—હે દેવેન્દ્ર ! સર્વ જીવોને જ્ઞાનશક્તિનો પ્રથમ પ્રબોધ કરી આપનારા જે પરબ્રહ્મ પરમાત્મા વાસુદેવને સર્વ સચ્છાસ્ત્રોમાં વર્ણવ્યા છે. એજ તમારી ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાથી યક્ષમૂર્તિ થઈને આવ્યા હતા. વીર્યના અભિમાનથી ભ્રષ્ટ ન થાવ એમ ધારીને હાલમાં તમારું ભવિષ્યમાં શુભ કરવાની કાંક્ષાથી તમારા માનનો ભંગ કર્યો છે. બીજું કોઈ કારણ ખાસ નથી. તે પરમાત્માએ તમારે વિષે પોતાનું સામર્થ્ય ધારણ કરવાથી જ તમો મહાબળવાળા અસુરોને જીત્યા છો. તેમની શક્તિના પોષણ વિનાનો કોઈ પણ કંઈ પણ કરવા સમર્થ થતો નથી. એ બાબતતો તમોએ પ્રત્યક્ષ અનુભવી છે. એટલે વિશેષ કહેવાની જરૂર નથી. માટે હવે સ્વતંત્રપણાનો મિથ્યા મોહ મૂકીને 'તે પરમાત્માને અમો પરતંત્ર છીએ' એવી સુદૃઢ ભાવના કરીને, સ્વર્ગમાં સુખેથી સર્વેએ પરમ પૂજાતા થકા, તમો શ્રેયને પામો ॥ ૭૧-૭૪ ॥

श्रीहरिरुवाच—

इति देव्युपदेशेन ज्ञाततत्त्वाः सुरेश्वराः ।
व्यपेतमाना अभवन् महिता हरिनिष्ठया ॥ ७५ ॥

तस्मात् श्रीहरिशेषत्वं पारतन्त्र्यं च तस्य वै ।
स्वस्मिन् विभाव्य जीवात्मा शुभकारी सुखी भवेत् ॥ ७६ ॥

શ્રીહરિ કહે છે—ઉપર પ્રમાણે દેવીએ ઉપદેશ આપતાં, 'આ યક્ષ રૂપમાં આવેલા સ્વયં પરમાત્મા હતા' એવું તત્ત્વજ્ઞાન થતાં, એ ત્રણેય સુરેશ્વરો અભિમાને રહિત થઈ ગયા અને ભગવાનને વિષે પરિપક્વ નિષ્ઠાવાળા થવાથી સર્વ દેવો મધ્યે આ ત્રણ દેવો બીજાઓની અપેક્ષાએ વિશેષતઃ પૂજ્ય મનાયા, કેમકે એમને દિવ્યમૂર્તિ પરમાત્માનો સમીપ-ગમન સંવાદ દર્શન આદિક સંબંધ પ્રથમ થયો. દેવીના વચનથી ઇન્દ્રને અને ઇન્દ્રના વચનથી અગ્નિ તથા વાયુને બ્રહ્મનું જ્ઞાન થયું. બીજાઓએ તો પછીથી પરંપરાએ જાણ્યું. એ કારણથી આ ત્રણ દેવોની મહત્તા દેવવર્ગમાં મનાય છે. તેમાં પણ બ્રહ્મનું જ્ઞાન, ઇન્દ્રને પ્રથમ થવાથી સર્વ દેવો કરતાં તેની મહત્તા વધુ મનાય છે. આ રીતનો તાત્ત્વિક ઈતિહાસ છે. માટે 'હું પરમાત્મા શ્રીહરિનો જ એક દાસ છું' અને તેમને સદા પરતંત્ર છું' એવી સુદૃઢ ભાવના પોતા વિષે કરીને જે જીવાત્મા શુભ કર્મોને કરે છે તે જ આ લોક પરલોકમાં સુખી થાય છે. સ્વતંત્ર પણાના મોહવાળા તો સદા દુઃખી જ રહે છે. એમ હોવાથી શાસ્ત્રો **'आत्मदास्यं हरेः स्वाम्यं स्वभावं च सदा स्मर' 'स्वत्वमात्मनि सञ्जातं स्वामित्वं ब्रह्मणि स्थितम् । उभयोरेष सम्बन्धो न परोऽभिमतो मम ॥'** આ રીતે ઉદ્ઘોષીને સુસ્પષ્ટ કહે છે. સ્વામિ સેવકભાવ સમજવામાં તાત્પર્ય છે ॥ ૭૫-૭૬ ॥

शतानन्द उवाच—

इति हरिवचनं सुशास्त्रसारं त्वभिमतिनाशकरं परं निशम्य ।
व्यपगतविशयो नरेश्वरोऽयं मुदितमनाः पुनराह तं विनम्रः ॥७७॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! ઉપર પ્રમાણે શ્રીહરિનું સર્વ શાસ્ત્રોના સારભૂત, સ્વતંત્રપણાના અભિમાનને નાશ કરનારું, પરમ પવિત્ર એવું વચન સાંભળીને, જેના સર્વ સંશયો ટળી ગયા છે એવા અભયરાજા, મનમાં બહુ આનંદ પામીને નમ્રતાથી ફરીથી શ્રીહરિ પ્રત્યે બોલ્યા ॥ ૭૭ ॥

इतिश्री...अभयराज श्रीहरिसंवादे जीवस्य भगवच्छेषत्वपारतन्त्र्यनिरूपणं नाम षष्ठोऽध्यायः ॥ ६ ॥

ઈતિશ્રી...ષષ્ઠોઽધ્યાય

सप्तमोऽध्यायः

अभयराजोवाच—

ज्ञानानन्दमयस्त्वात्मा शेषो हि परमात्मनः ।
नित्यः शुद्धोऽक्षरः शान्तो निर्गुणश्चेति विश्रुतः ॥ १ ॥
तस्यैतस्य कथं बन्धो जातः केन कदाचन ।
नानाशोकप्रदः शश्वत् नानाऽज्ञानविमोहनः ॥ २ ॥
एतत्तत्वं समासेन विवित्सामि यथार्थतः ।
त्वत्तो दैवात् विनिर्दिष्टो यन्नस्त्वं ज्ञानदीपकः ॥ ३ ॥

અભય રાજા કહેછે—હે શ્રીહરે ! આ જીવાત્મા, જ્ઞાનાનંદમય, નિત્ય શુદ્ધ અક્ષર, શાંત, નિર્ગુણ અને પરમાત્માનો દાસ છે, એમ આપે પ્રતિપાદન કર્યું, આ બાબત મુખની નહિ, પણ શ્રુતિ-સ્મૃતિમાં બહુ વિખ્યાત છે ॥ આવાપણ શુદ્ધ જીવાત્માને બંધન કેમ થયું ? કેણે કર્યું ? અને કયારે થયું ? જે બન્ધન નિરંતર નાનાવિધ શોક-દુઃખને દેનારું અને નાનાવિધ અજ્ઞાનથી મોહ ઉપજાવનારૂં છે ॥ આમાં જે તત્ત્વ રહેલું હોય તેને હું તમારાથકીજ યથાર્થપણે સંક્ષેપમાં જાણવા ઈચ્છું છું, કેમકે તમોને જ્ઞાનના દીપકપણે દૈવેજ નિર્દેશ કર્યા છે-આ દુર્લભ યોગ દૈવેજ અમારા ભાગ્યવશાત્ મેળવી આપ્યો છે ॥ ૧-૩ ॥

शतानन्द उवाच—

इत्येवं हरिभक्तेन पृष्टो राजा च धीमता ।
प्राह प्रीतमना भूपं हरिकृष्णः कृपाकरः ॥ ४ ॥

શતાનંદમુનિ કહે છે—હે મુનિઓ ! ઉપર મુજબ બુદ્ધિમાન્ હરિભકત અભય રાજાએ પૂછતાં, મનમાં બહુ પ્રસન્ન થએલા શ્રીહરિકૃષ્ણ ભગવાન્, અપાર કૃપા કરીને રાજા પ્રત્યે બોલ્યા ॥ ૪ ॥

श्रीहरिरुवाच—

सत्यमात्मा स्वतः शुद्धः ज्ञानानन्दमयोऽक्षरः ।
ह्यद्यः कौस्तुभवद्विष्णोः तच्छेषत्वरसोचितः ॥ ५ ॥

अथापि प्रकृतेः सङ्गात् तिरोभूतस्वरूपकः ।
अनादिकालतः प्राप्तस्त्वज्ञानाद्भवबन्धनम् ॥ ६ ॥

देहे जडे परागर्थे नानादोषास्पदेऽशुचौ ।
प्रकृतौ विक्रियाणां च शिरःपाण्यादिलक्षणे ॥ ७ ॥

पञ्चभूतविकारेऽस्मिन् धृते प्राणेन वायुना ।
अहंबुद्धिं करोत्येष जन्तुरज्ञानसंवृतः ॥ ८ ॥

શ્રીહરિ કહે છે—હે રાજન્ ! આ જીવાત્મા, સ્વતઃ શુદ્ધ છે અને જ્ઞાનાનંદમય અને અક્ષર છે અને વિષ્ણુને જેમ કૌસ્તુભ મણિ બહુ વહાલો છે તેમ ભગવાનને બહુ વહાલો પણ છે અને ભગવાનના દાસપણારૂપ રસને ઉચિત પણ છે. એ બધીજ બાબત સત્ય છે. એમાં લેશ સંશય નથી ॥ પરંતુ માયાપર્યાય પ્રકૃતિના પ્રસંગથી એનું જે શુદ્ધ સ્વરૂપ તે આવરિત થઈ ગયું છે. આ બાબત આજ કાલની નથી પણ અનાદિકાળથી છે. અનાદિ અજ્ઞાનને લીધે આ સંસારબંધન પ્રાપ્ત થયું છે ॥ દેહ કે જે જડ પરાગર્થ (પરને માટે જ કલ્પાએલો) નાનાવિધ દોષોના સ્થાનભૂત અપવિત્ર અને વિકારમાત્રની પ્રકૃતિભૂત અને જેનું લક્ષણ, મુખ, મસ્તક, કર, ચરણ આદિક છે, એનો જે સંઘાત એને જ દેહ કહે છે ॥ પ્રાણવાયુએ ધારી રાખેલા, આ પંચ ભૂતોના વિકારમય દેહમાં અજ્ઞાને આવરેલો જીવાત્મા અહંબુદ્ધિને કરે છે—દેહ એજ હું એવી અત્યંત અવળી બુદ્ધિને કરે છે. 'દેહ થકી આત્મા પૃથક્ છે' એ તત્ત્વજ્ઞાનને તદ્દન ભૂલી ગયો છે ॥ ૫–૮ ॥

ततश्च दारपुत्रादौ क्षरदेहानुबन्धिनि ।
नश्वरेऽनर्थदे भावे ममत्वमभिमन्यते ॥ ९ ॥

अहंग्रहगृहीतात्मा ममतामानमोहितः ।
तद्रक्षाचिन्तयाऽऽविष्टो धनाद्यर्जनमीहते ॥ १० ॥
नीचसेवादिकं चैव कुरुते वित्ततृष्णया ।
न्यायतस्त्वात्मनो वृत्तिं यदा नैवाधिगच्छति ॥ ११ ॥
तदा चौर्यादिभिः पापैर्वृत्तिमात्मन इच्छति ।
असद्वृत्तिस्तु मनुजो निन्द्यते दण्डयतेऽपि च ॥ १२ ॥

વિવિધ અવયવવાળા જડ દેહમાં અહંબુદ્ધિ થતાં, ક્ષર દેહના સ્ત્રી પુત્રાદિ સંબન્ધિઓ કે જે નશ્વર અને અનર્થકર છે તેમાં 'મારાં છે' એવા મમત્વ દૃઢ બાંધી બેસે છે ॥ દેહમાં અહંગ્રહે ગ્રહેલો અને દૈહિકમાં મમતા માનથી મોહિત થએલો આ જીવાત્મા, દેહ દૈહિકના રક્ષણની ચિંતાએ વ્યાપ્ત થઈને ધનાદિ પદાર્થોના સંપાદન માટે અનેક પ્રયત્નો કર્યા કરે છે ॥ વિત્તની તૃષ્ણા વધતાં તો ન કરવા યોગ્ય નીચસેવા આદિકને પણ કરે છે. વળી જો ન્યાય-નીતિથી પોતાની જીવિકાવૃત્તિ પૂરી ન થાય તો ચોરી વિગેરે અનેક પાપોને કરીને પણ પોતાની વૃત્તિને પૂરી કરવા ઇચ્છે છે. એ રીતે અસદ્ વૃત્તિવાળો માણસ લોકમાં નિંદાપાત્ર થાય છે અને જ્યાં ત્યાં દંડાય છે. એમ અનેક અનર્થોને ભોગવે છે. એનો પારજ આવતો નથી ॥ ૯-૧૨ ॥

हन्त ! स्वार्थपरेष्वेव दारादिषु विमुग्धधीः ।
आबध्नाति दृढं पाशं दुच्छेद्यं धिषणासिना ॥ १३ ॥
यावन्त आत्मना सङ्गाः क्रियन्ते नाशिवस्तुषु ।
तावन्तश्च निखन्यन्ते हृदये शोकशङ्कवः ॥ १४ ॥
अहो ! बलवती जन्तोर्देहगेहादिवासना ।
यद्‍बलात् प्रेर्यमाणो हि कृत्याकृत्ये न जानते ॥ १५ ॥
परानुपदिशन्तोऽपि धर्मांस्तत्त्वानि चात्मनः ।
वर्तन्ते व्यवहारे स्वे पशुवत् नीचवृत्तयः ॥ १६ ॥
सम्मोहो वासनाभूम्ना जायते ज्ञानिनामपि ।
उपस्थिते कार्यकाले यशःश्रेयोविघातकः ॥ १७ ॥

આતો અત્યંત ખેદની વાત છે! કેવળ સ્વાર્થપરાયણ એવા પણ સ્ત્રી પુત્ર આદિ સંબન્ધિઓ વિષે મૂઢ બુદ્ધિવાળો પુરુષ, દૃઢ પ્રેમપાશથી એવો બંધાઈ જાય છે કે, પછી તે પ્રેમપાશ, જ્ઞાનરૂપ ખડ્ગથી પણ છેદી શકાતો નથી. એવું બંધન થઈ જાય છે કે પછી તે પ્રેમપાશમાંથી છૂટી શકતો નથી ॥ આ બદ્ધ જીવે, વિનાશિ વસ્તુઓમાં વગર વિચારે જેટલા સંગો કરાય છે તેટલા તે સંગો હૃદયમાં દુઃખ-શોકના જાણે ખીલાઓ ઉંડા ખોસ્યા હોય એમ અહર્નિશ ખૂંચ્યા કરે છે. લગાર પણ શાંતિ મળતી

નથી ॥ જે વાસનાના બળે પ્રેરેલો પુરુષ 'આ કરવા યોગ્ય છે, આ ન કરવા યોગ્ય છે' એવા વિવેકને સમજતોજ નથી. એવું વાસનાનું પ્રાબલ્ય છે ॥ બીજા કેટલાક સ્વયં ગુરુઓ બનીને બીજાઓને ધર્મો તથા આત્મતત્ત્વનો ઉપદેશ આપે છે, પરંતુ પોતે તો તેવા વ્યવહારમાં પશુઓની પેઠે પ્રવર્તે છે. તેતો નીચવૃત્તિવાળા છે. 'પરોપદેશે પાંડિત્ય' જેવું છે. વર્તનમાં કાંઈ નથી ॥ વાસનાના વેગથી જ્ઞાનિઓને પણ કાર્યપ્રસંગ આવે ત્યારે યશ અને શ્રેયને નાશ કરનારો સંમોહ (દેહઆત્માનું ઐક્ય) થઈજાય છે. વિવેક રહેતો નથી. જ્યારે જ્ઞાનિઓની પણ એવી દશા છે તો બીજાઓની તો વાતજ શી કહેવી ? ॥ ૧૩-૧૭ ॥

अत्रेतिहासं वक्ष्यामि महाभारतविश्रुतम् ।
तीर्णप्रतिज्ञै राजन्यैः पुरुवंशविवर्धनैः ॥ १८ ॥
नानाशास्त्रेषु निष्णातैः सत्यसन्धैर्जितेन्द्रियैः ।
धर्मात्मभिः लोकमान्यैरतुल्यैर्विक्रमे भुवि ॥ १९ ॥
कृष्णाश्रयैः कृष्णबलैः कृष्णनाथैश्च पाण्डवैः ।
बोध्यमानोऽपि सामाद्यैर्विहीनो ज्ञानचक्षुषा ॥ २० ॥
दुर्योधनस्त्वन्धपुत्रो दातुं नैच्छद्यदाऽणुकम् ।
तदा कृष्णसहायेन योद्धुं व्यवसिताः धिया ॥ २१ ॥

હે અભય રાજન્ ! આ વિષયમાં એક ઇતિહાસ કે જે મહાભારતમાં અતિ વિખ્યાત છે તેને સંક્ષેપમાં કહું છું. પાંડવો કે જે નાનાવિધ શાસ્ત્રોમાં નિષ્ણાત, સત્ય પ્રતિજ્ઞાવાળા, જીતેન્દ્રિય, ધર્માત્મા તરીકે વિખ્યાત, લોકોમાં બહુમાન પામેલા, પૃથ્વી ઉપર પરાક્રમમાં તો જેને કોઈ તુલ્ય નથી એવા પરાક્રમી, ભગવાન્ શ્રીકૃષ્ણનો જ દૃઢ આશ્રય જેમને છે, કૃષ્ણનું જ એક બળ જેમને છે, કૃષ્ણ જ જેમના નાથ (રક્ષક) છે, પુરુ વંશને વધારનારા, બાર વર્ષ વનમાં રહેવાની કરેલી પ્રતિજ્ઞામાંથી પણ ઉત્તીર્ણ થએલા, ઉચ્ચ ક્ષત્રિય જાતિમાં જન્મેલા; એમ સર્વ સદ્ગુણોએ સંપન્ન એવા પાંડવોએ સામ દાન ભેદ આદિક ઉપાયો વડે બહુ બોધ આપેલો, પરંતુ જ્ઞાનચક્ષુએ રહિત હોઈને તેને નહિ ગણનારો, અન્ધ ધૃતરાષ્ટ્રનો માનીતો પુત્ર એવો દુર્યોધન, પાંડવોને જ્યારે એક અણુપણ આપવાને

ઇચ્છયો નહિ ત્યારે ભગવાન્ શ્રીકૃષ્ણની સહાયથી તે પાંડવો યુદ્ધ કરવાના નિશ્ચય પર આવ્યા. બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. યુદ્ધ સિવાય હવે કોઈ બીજો ઉપાય નથી, એમ અવધારીને યુદ્ધમાં તત્પર થયા ॥ ૧૮-૨૧ ॥

धर्मक्षेत्रे कुरुक्षेत्रे व्यूह्य सेनां यथायथम् ।
सम्मुखे परपक्षस्य पाण्डवास्ते व्यवस्थिताः ॥ २२ ॥

तदा करुणया स्वीयसारथ्येऽवस्थितं हरिम् ।
जगतामीश्वरं साक्षाद्वेत्रप्रग्रहधारिणम् ॥ २३ ॥

सेनयोरुभयोर्मध्ये रथं स्थापयितुं प्रभुम् ।
प्रार्थयामास विजयः किरीटी वानरध्वजः ॥ २४ ॥

કુરુક્ષેત્ર કે જે ધર્મનું ક્ષેત્ર મનાય છે, તેમાં યથાયોગ્ય સેનાને ગોઠવ્યા બાદ, પરપક્ષ (દુર્યોધન)ની સેનાને સજ્જ જોઈને, ફક્ત પ્રહાર કરવાનો જ બાકી છે એવા સમયે કરુણાવશાત્ પોતાના સારથિ (હાંકેડુ નીચ) પદમાં રહેલા, હાથમાં ચાબુક અને રાશોને ધારી રહેલા, જગતના સાક્ષાત્ ઈશ્વર, એવા મહાપ્રભુ પ્રત્યે, બન્ને સેના મધ્યમાં યુદ્ધ સ્થલે રથને સ્થાપવા માટે, જેનું વિજય એવું સાર્થક નામ છે, જેને મસ્તકે કિરીટ છે, જેની ધ્વજામાં નીતિ પ્રવીણ હનુમાનજી છે એવા અર્જુને આગળ કહેશે એ પ્રકારે પ્રાર્થના કરી ॥ ૨૨-૨૪ ॥

तथाकृते तु हरिणा भक्ताधीनेन सोऽर्जुनः ।
स्वान् योद्धुकामान् सम्पश्यन् सेनयोरुभयोरपि ॥ २५ ॥

पुत्रान् बन्धून् गुरून् स्निग्धान् पितॄनथ पितामहान् ।
अचिन्तयत् शुचाऽऽविष्टो बन्धुस्नेहसमाकुलः ॥ २६ ॥

युद्धे प्राणपणे त्वस्मिन्नेतेषां मरणं ध्रुवम् ।
निहत्य बन्धून् सर्वांश्च कथं भोक्ष्यामहे महीम् ॥ २७ ॥

गुरूणां मारणे पापमपि स्यान्महदेव तु ।
तस्मान्न योत्स्य इत्युक्त्वा सीदन् चापं मुमोच ह ॥ २८ ॥

અર્જુનના કહેવા મુજબ, 'अहं भक्तपराधीनः' એમ શ્રીમુખે

કહ્યા પ્રમાણે ભક્તાધીન ભગવાને કરતાં, તે અર્જુન, બન્ને સેનાઓમાં યુદ્ધ કરવા તૈયાર થઈ રહેલા પોતાના પ્રિય પુત્રો, બન્ધુઓ, ગુરુઓ, સ્નેહિઓ, પિતાઓ. પિતામહો, વિગેરે એકએકને નિરખીને જોતાં જ બન્ધુઓ ઉપરના સહજ સ્નેહને લીધે બહુ વ્યાકુળ હોઈને શોકાવિષ્ટ થઈ ગયા અને મનમાં વિચારવા લાગ્યા કે 'આ જે યુદ્ધ છે તે હવે બંધ રહે તેમ નથી, આ તો પ્રિય પ્રાણનું પણ પણ (પ્રતિજ્ઞા) કરીને પ્રવર્તેલું અનિવાર્ય છે. માટે આમાં આ સર્વેનો પણ નિશ્ચે નાશ થવાનો છે. તો સમગ્ર વહાલા બન્ધુઓને તુચ્છ રાજ્ય પ્રાપ્તિ માટે હણીને તેવા રાજ્યને અમો કેમ ભોગવી શકીશું ? એમના વિના અમો ક્ષણ પણ જીવવા માગતા નથી. બીજું ભીષ્મ, દ્રોણ આદિક કે જે ગુરુઓ છે તેમને મારવામાં તો મોટું પાપ અપરિહાર્ય થશે, માટે 'હું યુદ્ધ કરીશ નહિ' એમ અસમયે શ્રીકૃષ્ણને કહીને, બહુ શોક કરીને હાથમાંથી ધનુષ બાણને નીચે મૂકી દીધાં ॥ ૨૫-૨૮ ॥

तमेवं देहमोहेन विषीदन्तं निहीनवत् ।
अस्थानस्नेहकारुण्यधर्माधर्मभयाकुलम् ॥ २९ ॥
धर्मतत्त्वमजानन्तं सूक्ष्मं धर्मज्ञमानिनम् ।
प्रपन्नं भगवान् कृष्णः प्राबोधयदरिन्दमम् ॥ ३० ॥

ઉપર પ્રમાણે દેહમાં આત્માપણાના મોહને લીધે ક્ષુદ્ર ક્ષત્રિયની પેઠે રણમાં બહુ ખેદ કરતા અને અસમયે ઉપજેલો બંધુઓમાં સ્નેહ કરુણા અને ધર્માધર્મના ભયને લીધે વ્યાકુળ બનેલા અને તેથીજ સૂક્ષ્મ ધર્મ-તત્ત્વને નહિ સમજતા, છતાં 'હું ધર્મજ્ઞ છું' એવું પણ અભિમાન ધરાવતા અને વળી છેવટે તો ભગવાનને શરણે આવેલા એવા શત્રુંજય અર્જુનને શ્રીકૃષ્ણ ભગવાન્ અવબોધ આપવા લાગ્યા ॥ 'આત્મજ્ઞાન વિના એનો મોહ ટળશે નહિ' એમ માનીને પ્રથમ આત્મબોધ આપવા મંડયા ॥૨૯-૩૦॥

न धर्मतत्त्वं जानीषे क्षत्रियाणाममित्रहन् ।
धर्मज्ञवद् भाषसे च विरुद्धं त्वयि लक्ष्यते ॥ ३१ ॥
प्रतिपक्षितया प्राप्तो गुरुर्देवोऽपि वा पुनः ।
क्षत्रियैः प्रतियोद्धव्यो धर्मस्य गहना गतिः ॥ ३२ ॥

હે અર્જુન! તું અમિત્રોને હણનારો છું. ક્ષત્રિયોનો શો ધર્મ છે? તેના તત્ત્વને બરોબર જાણતો નથી. અને વળી જાણે 'હું ધર્મજ્ઞ છું' એવા અભિનિવેશથી હાલમાં બોલું છું. માટે તારે વિષે આ બાબતો પરસ્પર વિરુદ્ધ દેખાય છે. કશો ઠા નથી. ખરી વાત એ છે કે ભલે ગુરુ હોય કે દેવ હોય, પણ જો તે પ્રતિપક્ષી તરીકે સામો ચઢી આવે તો તેની સામે ક્ષત્રિઓએ યુદ્ધ કરવું' એવી નીતિ છે. ધર્મની ગતિ (જ્ઞાન) બહુ ગહન છે. જાણવી સહેલી નથી ॥ ૩૧-૩૨ ॥

एते हता मरिष्यन्तीत्येवं भ्राम्य वृथैव मा ।
देहस्यैव विनाशोऽस्ति नात्मनस्तु कथञ्चन ॥ ३३ ॥

देहः सङ्घातरूपत्वात् स्थूलत्वान्नाश्यते परैः ।
आत्मातु सूक्ष्मोऽसङ्घातरूपो नाश्येत केन वा ॥ ३४ ॥

नाशको हि प्रविश्यान्तः सूक्ष्मरूपेण वष्मणः ।
नाश्यावयवशैथिल्यं सम्पाद्य कुरुते क्षयम् ॥ ३५ ॥

आत्मनस्तु निरंशत्वात् खवन्नाशो न संभवी ।
अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ॥ ३६ ॥

'આ મરી ગયો, આ મરી જશે' એવી વૃથા ભ્રમણાને તું પામીશ નહિ, કારણ કે વસ્તુ વિચાર કરતાં દેહનો જ વિનાશ થાયછે, પણ આત્માનો કદાપિ કોઈ પણ રીતે વિનાશ થતો નથી. એ તો અવિનાશી નિત્ય છે. જે દેહ છે તેતો પૃથ્વી જળ આદિક ભૂતોના સંઘાતરૂપ છે અને સ્થૂલ છે, માટે એને બીજાઓ નાશ કરે છે. જે આત્મા છે તેતો બહુ સૂક્ષ્મ છે અને એ કોઈના સંઘાતરૂપ નથી. (કોઈએ કશામાંથી બનાવેલો નથી) માટે કોણ શા વડે એને નાશ કરે? જે કોઈ નાશક વસ્તુ શસ્ત્રાદિક છે તે પ્રથમ તો તેની અંદર સૂક્ષ્મ રૂપથી પ્રવેશીને પછી નાશ્ય વસ્તુના અવયવોને શિથિલ કરીને પછીથી નાશ કરેછે. આત્મા તો નિરંશ (નિર્ભાગ) નિરવયવ હોવાથી તેમાં પ્રવેશ કરીને નાશ કરે એવી કોઈ વસ્તુ જ નથી. માટે આકાશનો નાશ જેમ અસંભવી છે તેમ આત્માનો નાશ સંભવે નહિ, શસ્ત્ર, અગ્નિ, જળ, વાયુ વિગેરે કોઈ વસ્તુને છેદે છે, કોઈને બાળે છે, કોઈને કોવરાવે છે, કોઈને સૂકવી નાંખે છે

તે તો પ્રથમ પ્રવેશ કરીને તેમ કરી શકે છે, આત્મા તો સૂક્ષ્મ નિરંશ હોવાથી એમાં શસ્ત્ર આદિકનો પ્રવેશ જ થઈ શકતો નથી. પ્રવેશ વિના શી રીતે નાશ કરી શકે ? માટે જ ગીતામાં આત્માને અચ્છેદ્ય, અદાહ્ય, અક્લેદ્ય અને અશોષ્ય કહ્યો છે. માટે જ આત્મા નિત્ય છે એમ સાબીત છે ॥ ૩૩-૩૬ ॥

युद्धे देहवियोगोऽपि नात्मनो दुःखकारणम् ।
धर्मयुद्धे मृतानां हि स्वर्गप्राप्तिरुदीर्यते ॥ ३७ ॥

इति साङ्ख्येन बीभत्सुं देहात्मभ्रान्तिमोहितम् ।
भगवान् प्रतिबोध्यैनं कर्मयोगे न्ययूयुजत् ॥ ३८ ॥

महतामेव मोहश्चेदेवं मन्दधियां किमु ।
वक्तव्यं तदहंमानो दुस्त्यजो वासनाहितः ॥ ३९ ॥

'યુદ્ધમાં દેહનો વિયોગ થાય છે' એ વાત સત્ય છે, પરંતુ તેમાં આત્માએ દુઃખ માનવાનું કશું કારણ નથી; કેમકે 'ધર્મ યુદ્ધમાં જે કોઈ મરે છે તેને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે' એમ શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે. જેમ કોઈને જુનાં વસ્ત્રો ઉતરાવીને નવાં પહેરાવે તેમાં તેને આનંદ થાય છે તેમ આનંદ માનવાનો છે, કેમકે આ ભૌતિક જીર્ણ શરીર જતું રહે છે અને સ્વર્ગીય દિવ્ય શરીર આવે છે. એટલે એ દુઃખ માટે નથી. હે રાજન્ ! આ રીતે સાંખ્યજ્ઞાન (આત્મવિચાર)થી દેહમાં આત્માપણાના ભ્રમથી મોહ પામેલા અર્જુનને અવબોધ આપીને ભગવાને નિષ્કામ કર્મ-યોગમાં જોડી દીધો ॥ મોટાઓને પણ આ રીતે મોહ ઉપજે છે, તો મંદમતિઓને મોહ ઉપજે એમાં કહેવાનું જ શું ? માટે અનાદિ વાસનાએ પ્રેરાતી જે દેહમાં અહંબુદ્ધિ તે દુસ્ત્યજ છે—ત્યાગ થઈ શકતી નથી. ॥૩૭-૩૯॥

संसारविषवृक्षस्य द्वे बीजे शाश्वते मते ।
देहेऽहंबुद्धिरथ च ममत्वमनुबन्धिषु ॥ ४० ॥

अहन्ताममतामोहात् कुर्वन् तत्तच्छुभाशुभम् ।
तमःप्रकाशबहुले प्रेत्य प्राप्नोति वै गती ॥ ४१ ॥

આ જે સંસાર તે એક વિષવૃક્ષ છે. (ઝેરનું ઝાડવું છે) એનાં બે

બીજો અનાદિનાં માન્યાં છે. તેમાં એકતો દેહમાં અહંબુદ્ધિ અને બીજું દેહના સંબંધિ સ્ત્રી–પુત્રાદિકમાં મમત્વબુદ્ધિ, એ બે બીજમાંથી આ સંસાર વૃક્ષ બીજાંકુર ન્યાયે (બીજમાંથી અંકુર અને અંકુરમાંથી બીજ) અનાદિથી ચાલ્યા કરે છે. અહંતા અને મમતાના મોહને લીધે તેતે શુભ અશુભ કર્મોને કરતો આ જીવાત્મા, મરીને જેમાં તમ તથા પ્રકાશ બહુ છે એવી બે ગતિ (નરક સ્વર્ગ) ને પામ્યા કરે છે ॥ ૪૦–૪૧ ॥

तत्तत्कर्मफलं भुक्त्वा तत्र तत्र शुभाशुभम् ।
कर्मणां भुक्तशिष्टेन पुनर्योनिषु जायते ॥ ४२ ॥
गर्भं जन्माथ बाल्यं च यौवनं स्थावरं तथा ।
मरणं नरकं चापि विन्दते स्थानसप्तकम् ॥ ४३ ॥

તે બે ગતિઓમાં તેતે શુભ–અશુભ ફળ (સુખદુઃખ)ને ભોગવીને, ભોગવતાં બાકી રહેલા કર્મે કરીને પાછો ચોરાશી યોનિઓમાં જન્મને પામે છે. તેમાં પ્રથમ, ગર્ભ, પછી જન્મ, બાલ્ય, યૌવન, વૃદ્ધ, મરણ, નરક, આ સાત સ્થાનને પામે છે ॥ ૪૨–૪૩ ॥

भुक्त्वा कर्मफलं जीवस्तत्र तत्र पुनर्भवी ।
मातुः कुक्षिं विशत्येव पुंसो रेतःकणाश्रयः ॥ ४४ ॥
षड्भिर्मासैस्तु संप्राप्तः सर्वाङ्गं वर्ष्म गर्भके ।
क्षुत्तृड्भ्यां च परीतात्मा शेते विण्मूत्रगर्तके ॥ ४५ ॥

તેતે યોનિઓમાં કર્મોનાં સુખદુઃખ આદિક ફળોને ભોગવીને, પુનર્જન્મને પામનારો જીવ, પુરુષના વીર્યકણના આશ્રયે માતાના ઉદરમાં પ્રથમ પ્રવેશે છે. છ માસ ગર્ભમાં રહેતાં, સર્વાંગ શરીરને પામે છે. તે પછી ક્ષુધા તૃષાથી ચોમેર વ્યાપ્ત હોઈને મળમૂત્રના ખાડામાં સૂઈ રહે છે ॥ ૪૪–૪૫ ॥

कटुतीक्ष्णोष्णलवणरूक्षाम्लादिभिरर्दितः ।
मातृभुक्तैर्मूर्च्छितश्च कृमिदंशादिनाऽसकृत् ॥ ४६ ॥
आस्ते कृत्वा शिरः कुक्षौ भुग्नपृष्ठशिरोधरः ।
अकल्पः स्वाङ्गचेष्टायां शकुन्त इव पञ्जरे ॥ ४७ ॥

सप्तमे लब्धबोधस्तु जन्मदुःखं परं स्मरन् ।
शरण्यं शरणं याति मनसा श्रीहरिं विदन् ॥ ४८ ॥

ગર્ભમાં માતાએ જમાતા કડવા, તીક્ષ્ણ, ઉષ્ણ, ખારા, રુક્ષ, (શોષ કરે એવા લૂખા) વિગેરે વિવિધ આહારોએ કરીને અપાર પીડાને પામતો અને વારેવારે કૃમિયા, ડાંસ, મચ્છર, વિગેરેની પીડાથી મૂર્છાને પામતો આ જીવ, મસ્તકને ઉદરમાં કરીને, વાંકો વળી ગયો છે પૃષ્ટ ભાગ તથા મસ્તક જેનું એવો થઈને રહે છે. અંગની ચેષ્ટા કરવામાં અસમર્થ હોઈને, જાણે પાંજરામાં પક્ષીને પૂર્યો હોય એવી દુઃખદ દશાને ભોગવે છે. (એમ ગર્ભમાં જીવની સ્થિતિ અતિદુઃખદ થાય છે) સાતમે માસે ભગવાને સ્મૃતિ આપતાં, જન્મ દુઃખને અતિ અસહ્ય જાણીને મનથી ભગવાનને શરણ્ય (શરણાગત રક્ષક) સમજીને શ્રીહરિને શરણે જાય છે ॥ ૪૬–૪૮ ॥

एवं संलब्धबोधं तु प्रसह्य शठमारुतः ।
बोधमावृत्य जातान्ध्यं गर्भान्निःसारयत्यहो ॥ ४९ ॥

सूतिमारुतसन्नुन्नः कृत्वाऽवाक्छिर आतुरः ।
विनिष्क्रामति कृच्छ्रेण निरुच्छ्वासो गतस्मृतिः ॥ ५० ॥

पतितो भुवि रक्ताक्तो कृमिवच्च विचेष्टते ।
रोरूयते गते ज्ञाने विपरीतां मतिं गतः ॥ ५१ ॥

ઉપર પ્રમાણે પ્રબોધને પામેલા પણ જીવને, ખર એવો જે વાયુ તે તેના બોધને આવરીને અંધતાને પામેલા તેને ગર્ભથકી બહાર કાઢે છે, એવી દુરંત દુઃખદ દશા દેખાય છે. તે પછી પ્રસૂતિના પવને પ્રેરેલો એ જીવ ઊંધું મસ્તક કરીને બહુ આતુરતાથી મહાકષ્ટે બહાર નિકળે છે. તે વખતે તેનો ઉચ્છ્વાસ બંધ થઈ જાય છે અને સ્મૃતિનો પણ નાશ થાય છે. પછી પૃથ્વી ઉપર પડેલો અને રુધિરથી ખરડાયેલો એ જીવ, કૃમિયાની પેઠે ચેષ્ટાને કરે છે. (ગંદા પદાર્થમાં પડેલા જીવડાની પેઠે સરવળે છે) જ્ઞાન જતું રહેતાં અત્યંત રડે છે અને વિપરીત મતિને પામી જાય છે ॥ ૪૯–૫૧ ॥

शैशवे च निजच्छन्दोऽजानता पोषितस्त्वसौ ।
अनभिप्रेतमापन्नः प्रत्याख्यातुमनीश्वरः ॥ ५२ ॥

नेशः कण्डूयनेऽङ्गानामासनोत्स्थानचेष्टने ।
शायितोऽशुचिपर्यङ्के दुःखमाप्नोति सन्ततम् ॥ ५३ ॥

બાલ્ય વયમાં પોતાની રુચિને નહિ જાણતા માતા વિગેરેએ પોષણ પમાડેલો આ જીવાત્મા, પોતાને ન ફાવતું હોય તો પણ તેને ના કહેવા માટે પણ અસમર્થ (બેસવું ઊઠવું અને અપેક્ષિત ચેષ્ટા કરવામાં અસમર્થ) એવો અને અપવિત્ર પર્યંકમાં સુવાડેલો આ જીવ, નિરંતર દુ:ખને પામે છે ॥ ૫૨–૫૩ ॥

युवत्वमथ सम्प्राप्तः कालेनायं कथञ्चन ।
अहंममेत्यसद्ग्राहगृहीतो देहदैहिके ॥ ५४ ॥

सह देहेन मानेन वर्धमानेन मन्युना ।
करोति विग्रहं कामी परेषु स्वार्थलोलुपः ॥ ५५ ॥

कुटुम्बभरभुग्नोऽयमनीशस्तस्य रक्षणे ।
नाप्नोति शर्म किञ्चिद्वै नानासङ्कल्पनामयः ॥ ५६ ॥

કાળે કરીને મહામહેનતે યુવા વયને પામેલો આ જીવ, દેહ-દૈહિકમાં **અહં** અને **મમ** એવા અસત્ ગ્રાહે (ઝુંડો) પકડેલો હોઈને, દેહની સાથે જ વધતા જતા માન અને ક્રોધને વશ થઈને, સ્વાર્થલંપટ હોઈને બીજાઓ સાથે વૈરને બાંધે છે. કુટુંબના પોષણમાં જ રાત્રિ–દિવસ વળગેલો આ જીવ, કુટુંબના પોષણમાં **અસમર્થ** હોઈને 'આમ કરવું છે આમ કરવું છે.' એમ નાના પ્રકારના સંકલ્પને વશ થઈને કિંચિત્ પણ સુખને પામતો નથી. સુખનો વારો આવતો નથી ॥ ૫૪–૫૬ ॥

अथ कालविपाकेन जरां यात्यतिगर्हिताम् ।
स्वात्मलौकैकविद्विष्टां चिन्ताव्याधिविवर्धिनीम् ॥ ५७ ॥

यैः पूर्वं बहु मानेन लालितोऽभूत् प्रियादिभिः ।
निर्भर्त्स्यमानस्तैरेव जरावान् व्यथते भृशम् ॥ ५८ ॥

એમ કેટલોક કાળ દુઃખી દશામાં જતાં વૃદ્ધાવસ્થાને પામે છે. જે અવસ્થા, અત્યંત નિંદિત અને આત્મીય જનોએ પણ તિરસ્કાર કરાતી અને ચિંતારૂપ વ્યાધિને વધારનારી છે. **'वृद्धस्तावच्चिन्तामग्नः'** એવી અભિયુક્તિ છે. વૃદ્ધ વયમાં ચિંતા વધે છે એ અનુભવની વાત છે. જે સ્ત્રી-પુત્ર આદિકે પૂર્વ વયમાં બહુ માનપૂર્વક લાડ લડાવ્યો હતો એના એ જ વહાલા માનેલા પત્ની પુત્રાદિકે જ બહુ તિરસ્કાર કર્યો થકો વૃદ્ધ વયમાં વધુ વૃથાને ભોગવે છે. જરા પણ સુખને પામતો નથી ॥૫૭-૫૮॥

वली पलिततुण्डश्च वलितश्मश्रुकेशकः ।
विकृतास्यः निमग्नाक्षः जुगुप्स्योऽस्ति नृणां सदा ॥ ५९ ॥

अथैनमकृतार्थं वै मृत्युर्ग्रसति वै क्षणात् ।
उत्क्रान्तिकाले दुःखं च विमना भूरि विन्दते ॥ ६० ॥

अथैनं तु त्यजन्त्यन्ये गृहक्षेत्रसुतादयः ।
कृतेन कर्मणैकेन गतिं तां तामुपाश्नुते ॥ ६१ ॥

दाराः पुत्रेषु संसक्ता पुत्राः पितृधनग्रहे ।
मात्राद्या रोदनाविष्टा कर्मैकं बन्धुरस्य वै ॥ ६२ ॥

द्रव्याणि भूमौ पशवो गोष्ठे भार्या गृहान्तरे ।
श्मशाने बन्धवो देहश्चितायामनुगं तु तत् ॥ ६३ ॥

વળી વપુમાં વળીયાં પડી જાય છે, મુખ ગળી જાય છે, દાઢી મૂછના કેશો પલિત થાય છે (પળીયાં આવી જાય છે) મુખતો સાવ વિકૃત થઈ જાય છે, આંખ્યો ઉંડી જતી રહે છે, એમ થતાં સર્વ નરોએ સદાય નિંદ્ય થઈ જાય છે. બધુજ વિપરીત ભાવને પામી જાય છે. અનંતર જેનો કોઇપણ મનોરથ સિદ્ધ થયો નથી એવા આ વૃદ્ધને ક્ષણમાં મૃત્યુ ગળી જાય છે. મરી જાય છે ॥ શરીરમાંથી નિકળવાને સમયે મનમાં બહુ વ્યાકુળ થઈને દુરંત દુઃખને પામે છે. પોતાના જે પત્ની પુત્ર ગૃહ ક્ષેત્ર આદિક હતા તેઓ તેનો ત્યાગ કરી દે છે-કોઈ સાથે જતા નથી. કરેલાં શુભ અશુભ કર્મોને અનુસારે તેતે ગતિને પામે છે. જે પત્ની હતી તે પુત્રોમાં આસકત થઈ ગઈ અને જે પુત્રો હતા તે પિતાના ધનના

ગ્રહણમાં આસક્ત થઈ ગયા. જે માતા આદિક હતાં તેતો રોદન પરાયણ થઈ ગયાં. એમ આ વિષમ વખતે કોઈ પણ એના સંબન્ધમાં રહ્યાં નહિ સૌ સૌને ઠેકાણે થઈ ગયાં. ફક્ત કરેલું જે કર્મ એજ એક બન્ધુ તરીકે રહ્યું. જે મહામહેનતે મેળવેલાં દ્રવ્યો હતાં તે ત્યાંનાં ત્યાંજ દાટયાં રહ્યાં. પ્રિય પશુઓ હતા તે તેની શાળામાંજ બાંધ્યાં રહ્યાં. ભાર્યા હતી તે ગૃહની અંદરજ રહી ગઈ. બીજા બંધુઓ હતા તે શ્મશાન સુધી જઈને પાછા વળી આવ્યા. અત્યંત વહાલો દેહ હતો તે ચિતામાં બળી ગયો. પાછળતો કોઈ ગયું નહિ. જે એનું કર્મ હતું તેજ તેની પાછળ ગયું. એમ અંતે કેવી અવદશા થાય છે તે સહુને પ્રત્યક્ષ છે ॥ ૫૬-૬૩ ॥

केवलेन त्वधर्मेण कुटुम्बभरणोत्सुकः ।
याति जीवोऽन्धतामिस्रं चरमं तमसः पदम् ॥ ६४ ॥
एवं पापस्य सर्वस्य निष्कृतिं प्राप्य नारके ।
पुनर्देहोपपत्त्यर्थं योनिमाप्नोति संसरन् ॥ ६५ ॥
अवस्थासप्तके चैवं क्लेशा वाचामगोचराः ।
आध्यात्मिकादि दुःखं च जीवस्यास्त्येव सन्ततम् ॥ ६६ ॥

કેવળ અધર્માચરણે કરીનેજ પત્ની પુત્ર વિગેરે પરિવાર જનોના પરિપોષણમાંજ ઉત્સાહવાળો એ જીવાત્મા, અંતે અંધતામિસ્ર નરક કે જે અંધકારનું જ સ્થાન છે તેને પામે છે ॥ એ રીતે તમામ પાપના પ્રાયશ્ચિતરૂપ પરાપીડાને નરકમાં ભોગવીને, પછીથી બીજા દેહની પ્રાપ્તિ માટે સંસારમાં યોનિને પામે છે. એ રીતે ઉપરોક્ત સાત અવસ્થામાં વાણીથી વર્ણવી શકાય નહિ એવા કિલષ્ટ કલેશો અને અધ્યાત્મ અધિભૂત અધિદૈવ એ ત્રણ પ્રકારનાં દુઃખો જીવોને માટે ભોગવવાનાં નિરંતર તૈયાર જ હોય છે ॥ ૬૪-૬૬ ॥

एतत्संसारचक्रं तु सप्तावस्थारसंयुतम् ।
शरीरनेमि कर्माक्षं मायानाभि मनोजवम् ॥ ६७ ॥
रोगादिप्रत्यरं कालवेगाद्दुःखात्मकेपथि ।
जीवाश्रितं समन्ताच्च सन्ततं परिवर्तते ॥ ६८ ॥

अविद्या कामकर्माणि वासना माययाऽन्वयः ।
इत्येतद्धेतुचक्रं तु संसारस्यास्त्यनादितः ॥ ६९ ॥
अविद्यादेर्देहयोगोऽविद्यादिर्देहयोगतः ।
अन्योन्यसंश्रयस्त्वेवं बीजाङ्कुरवदिष्यते ॥ ७० ॥

આ જે સંસાર તે એક ચક્ર છે. આમાં પૂર્વે કહી એવી જન્માદિ સાત અવસ્થાઓ તે આરાને ઠેકાણે છે. આ જે દૃશ્યમાન શરીર છે તે નેમિ (ચક્રનો ઘેરાવો) છે. ને શુભ-અશુભ કર્મો તે અક્ષ (રથ અથવા રથનું એક અંગ) છે. માયા તે નાભિને ઠેકાણે છે. જે મન છે તે વેગને ઠેકાણે છે. જે રોગાદિક છે તે પ્રત્યર (આરાઓને મજબુત માટેના અવાંતર આરાઓ) છે. કાળરૂપ વેગે કરીને દુઃખાત્મક માર્ગમાં તે ચક્ર, ભમ્યા જ કરે છે. એ સર્વેનો આશ્રય જીવ છે. આ ચક્ર ચારે તરફ નિરંતર ફર્યા કરે છે. અવિદ્યા, કામ્ય કર્મો, વાસના અને માયા સાથે તેનો ખાસ સબન્ધ છે. આ ચાર કારણવાળું આ સંસાર ચક્ર, અનાદિ કાળથી પ્રવર્તેલું છે. અવિદ્યાઆદિકને લીધે દેહયોગ આવેછે અને દેહયોગને લીધે અવિદ્યા આદિક દોષો ઉપજે છે એમ બન્નેને અન્યોન્ય આશ્રય છે. જેમ બીજ-માંથી અંકુરો થાય છે અને અંકુરોમાંથી વળી બીજ થાય છે. આ ન્યાયે આ ચક્ર ફર્યા જ કરે છે. સામગ્રી મળતી રહેતી હોવાથી કદાપિ બંધ પડતું નથી ॥ ६७-७० ॥

विरचितबहुमानः कामकर्मादिभिर्वै
जनिपथपरिवृत्तौ भ्राम्यमाणस्तु जीवः ।
अनिशमभित आशावेगतः सम्प्रधावन्
भजति विविधतापानश्रितः श्रीहरिं तम् ॥ ७१ ॥

इति श्री...अभयभूपति-श्रीहरि संवादे जीवस्य संसरण हेतुचक्रनिरूपणं नाम सप्तमोऽध्यायः ॥ ७ ॥

કામ્ય કર્માદિકે કરીને જેણે જગતમાં બહુ માન મેળવ્યું છે, પણ શ્રીહરિનો આશ્રિત ન થયો હોય એવો આ જીવ, '**पुनरपि जननं पुनरपि मरणं**' એ ન્યાયે સંસાર ચક્રમાં ભમતાં ભમતાં નિરંતર ચોતરફ વિવિધ આશાઓના વેગને લીધે અહીંતહીં દોડાદોડ કરતો થકો પૂર્વે-

વર્ણિત વિવિધ સાંસારિક તાપોને પામ્યા જ કરેછે. જરા પણ વિશ્રાંતિ મળતી નથી. જે ભગવાનનો આશ્રિત થાય છે તે તો આ તાપોમાંથી વિમુક્ત થઈ જાયછે એવું તાત્પર્ય છે ॥ ७१ ॥

ઇતિ શ્રી...સપ્તમોऽધ્યાયઃ ॥ ૭ ॥

अष्टमोऽध्यायः

शतानन्द उवाच—

हेतुचक्रं निशम्येत्थं संसारस्य त्वनादितः ।
प्रवर्तमानमनिशं भृशं भीतोऽब्रवीन्नृपः ॥ १ ॥

શતાનંદમુનિ કહે છે—હે મુનિઓ! ઉપર્યુક્ત પ્રકારે જન્મ-મરણરૂપ સંસારના અનાદિ કાળથી નિરંતર પ્રવર્તતા (ચાલ્યા કરતા) હેતુઓરૂપ ચક્રને સાંભળીને, બહુ ભયને પામેલા અભય રાજા, શ્રીહરિ પ્રતિ આ પ્રકારે બોલ્યા ॥ ૧ ॥

अभयराजोवाच —

संसारचक्रभ्रमणमविद्याकामकर्मभिः ।
जीवात्मनामविच्छिन्नं प्रवर्तत इतीरितम् ॥ २ ॥
साध्वसाधुक्रियायोगैः वासनावासितैः पुमान् ।
शुभाशुभानि कर्माणि प्राप्नुवानः पुनः पुनः ॥ ३ ॥
कुर्वीत तादृशान्येव वासनाबलचोदितः ।
तथा च विषयाभ्यासी कामात्मा काममोहितः ॥ ४ ॥
आत्मज्ञानोन्मुखो न स्यात्कल्पकोटिशतैरपि ।
अध्यात्मज्ञानवार्ताऽपि तस्यारण्यरुतं भवेत् ॥ ५ ॥
कथं कल्याणमार्गेऽस्य सङ्गे भवति देहिनः ।
परं स्थानं व्रजेद्यस्मान्मुक्तः संसृतिबन्धनात् ॥ ६ ॥

श्रीहरे ! वद मोक्षेच्छोद्भवे हेतुं शरीरिणः ।
बम्भ्रम्यमाणस्य भवारण्ये त्वं मार्गदर्शकः ॥ ७ ॥

અભય રાજા કહે છે – હે શ્રી હરે ! અવિદ્યા અને કામ્ય કર્મો કરવાથી જીવાત્માઓનું આ સંસારચક્રમાં ભ્રમણ અવિચ્છિન્ન ચાલ્યાજ કરે છે. એ ચક્ર ક્યારેય બંધ રહેતું નથી એમ તમોએ કહ્યું ॥ વાસના વાસિત એવા શુભાશુભ ક્રિયાયોગોએ કરીને શુભાશુભ એવાં શરીરને વારે વારે આ પુરુષ પામ્યાજ કરે છે–વિરામ નથી ॥ વળી વાસનાબળે પ્રેરેલો આ પુરુષ, તેવાંજ શુભાશુભ કર્મોને કર્યાજ કરે છે. કર્મોએ કરીને દેહ અને દેહે કરીને કર્મો એમ ચાલ્યાજ કરે છે. આ ચક્ર અટકતું નથી આ રીતે વિષયોનો જ અનાદિ અભ્યાસ જેને છે અને કામમાંજ મન જેનું છે અને વળી કામથી મોહિત બનેલો એવો પુરુષ, આત્મજ્ઞાનને અભિમુખ શતકોટિકલ્પે પણ નજ થાય. કોઈ એની આગળ અધ્યાત્મજ્ઞાનની વાર્તા કરે તે પણ વનમાં રુદન કર્યા જેવું વૃથા થાય છે. વનમાં કોઈ રુદન કરે તેને જેમ કોઈ સાંભળે નહિ તેમ તે જ્ઞાનવાર્તાને સાંભળેજ નહિ વિમુખજ થઈ રહે ॥ આવા અજ્ઞાની નરોને કલ્યાણ માર્ગનો સંગજ કેમ હોઈ શકે ? જ્યારે કલ્યાણમાર્ગોનો સંગજ એને ગમે નહિ તો પછી સંસાર બંધનમાંથી મુકત થઈને પરં સ્થાન જે મુકિત તેને કેમ પામે ? કદાપિ પામેજ નહિ ॥ માટે મોક્ષની આકાંક્ષા ઉદ્ભવે એવું જે કોઈ સમ્યક્ સાધન હોય તે કહેવાને યોગ્ય છો–શું કરવાથી મોક્ષની ઈચ્છા ઉદ્ભવે. ભવાટવીમાં અનાદિ કાળથી એમ તેમ ભટકયા કરતા એવા જીવોને મોક્ષમાર્ગને બતાવનારા તમોજ એક આ સમયમાં છો ॥ ૨–૭ ॥

शतानन्द उवाच—

शुश्रूषमाणेन सदा भूभृतेत्थं निवेदितः ।
उवाच मधुरं वाक्यं हरिकृष्णो मुदान्वितः ॥ ८ ॥

શતાનંદમુનિ કહે છે—હે મુનિઓ ! સદા શુશ્રુષાપરાયણ એવા અભય રાજાએ ઉપર પ્રકારે નિવેદન કરતાં, બહુ હર્ષને પામેલા શ્રીહરિકૃષ્ણ મધુર વચન બોલ્યા ॥ ૮ ॥

श्रीहरिरुवाच—

प्रश्नोऽतिगहनो ह्येष भवता योऽत्र कीर्तितः ।
विद्वांसोऽपि विमुह्यन्ति विषयेऽस्मिन् यतो नृप ! ॥ ९ ॥

भवाब्धौ नोद्यमानोऽपि कर्मवेगेन मानवः ।
यदा यादृच्छिकं किञ्चिद्विन्दते सुकृतं महत् ॥ १० ॥
श्रीहरेस्तत्सतां चैव भक्तानां वा हरेस्तथा ।
अबुद्ध्याप्याऽऽचरन् सेवामानुकूल्यं च दर्शयन् ॥ ११ ॥
तदा सर्वसुहृद्भूतः सर्वसाक्षी च सर्वदा ।
नारायणः सर्वशेषी भावयन् तत्कृतं शुभम् ॥ १२ ॥
जन्मकाले च तं जीवं वीक्षते सात्वतां पतिः ।
कारुण्यामृतवर्षिण्या दृष्टया निर्मलया स्वया ॥ १३ ॥
सेयं भगवतो वीक्षा कदाचिद्यस्य कस्यचित् ।
जायते सात्त्विकः सोऽयं न द्वेष्टयच्युतसत्कथाम् ॥ १४ ॥

શ્રીહરિ કહેછે—હે રાજન્ ! તમોએ આ જે પ્રશ્ન કર્યો તે અતિશય ગહન છે. આ વિષયમાં વિદ્વાનો પણ વિમોહ પામી જાયછે. ઉત્તર આપતાં મુઝવણમાં પડી જાયછે ॥ કર્મવેગે કરીને ભવસાગરમાં અથડાતા પણ પુરુષને જ્યારે યદૃચ્છાથી કોઈ મહત્ સુકૃત બની જાયછે અને શ્રીહરિ કે તેમના સંતો કે હરિ ભક્તોને અનુકૂળ વર્તતાં તેમની અજાણથી પણ સેવાને કરેછે. ત્યારે જે '**सुहृदं सर्वभूतानां**' એમ શ્રીમુખે કહ્યા મુજબ સર્વ ભૂતોના સાચા સુહૃત્ અને સર્વના સાક્ષી અને સર્વના સ્વામી નારાયણ છે તે પોતે તેણે કરાતા શુભ કર્મને ભાળીને, તે જીવ સામું કરુણામૃતને વર્ષાવનારી પોતાની નિર્મળ દૃષ્ટિથી જુવેછે. આ જે ભગવાનનું અમૃત નિરીક્ષણ તે કોઈ ભક્તને ક્યારેક થાયછે. આ નિરીક્ષણના બળથી પછી તે સાત્ત્વિક બની જાયછે. પછી તે ભગવાનની જે સત્કથાઓ છે તેમાં દ્વેષ કરતો નથી પણ અનુરાગવાળો થાયછે. આ પ્રથમારંભ છે. આ અર્થ '**जायमानं हि पुरुषं यं पश्येन्मधुसूदनः । सात्त्विकः स तु विज्ञेयः स वै मोक्षार्थचिन्तकः**' આ અભિયુક્તોક્તિમાં વ્યક્તછે ॥ ૯-૧૪ ॥

अद्वेषस्य प्रभावेन भवत्यभिमुखः स च ।
सद्वार्ताश्रवणे शश्वत् सङ्गत्यामपि साधुभिः ॥ १५ ॥

सतां वाक्यादुपश्रुत्य स्वरूपं स्वपरात्मनोः ।
आत्मश्रेयःसाधनं च ज्ञानं गुरुमुखार्जितम् ॥ १६ ॥

अग्रे कृत्वा साधुजनान् सदाचार्यं समाश्रयेत् ।
श्रेयोमार्गो भवत्यस्य विवृतो गुरुसंश्रयात् ॥ १७ ॥

ભગવાનની કલ્યાણકારી કથાઓમાં દ્વેષ નહિ કરવાના પ્રભાવથી પછી તે ભગવાનને સન્મુખ થાયછે. અને પછી સદ્વાર્તાના શ્રવણમાં અને નિરંતર સાધુઓના સમાગમમાં પણ શ્રદ્ધાવાન્ થાયછે. સંતોનાં શાસ્ત્રીય વચનોને સાંભળીને, આત્મા પરમાત્માનું સ્વરૂપ અને ગુરુમુખથી સંપાદેલું આત્મ કલ્યાણના સાધનરૂપ જે જ્ઞાન તેને સાંભળીને તે સાધુજનોને આગળ રાખીને સદાચાર્યનો સમાશ્રય કરે. ગુરુના સમાશ્રયથી મોક્ષમાર્ગ ખુલ્લો થાય છે. પછી એને કોઈ અંતરાય આવતો નથી ॥ ૧૫–૧૭ ॥

रूपं हरेर्गुरुं विद्यात् करुणावरुणालयम् ।
संसाराब्धौ निमग्नानुद्धरन्तं शास्त्रपाणिना ॥ १८ ॥

गुकारस्त्वन्धकारः स्याद्रुशब्दस्तन्निरोधकः ।
अन्धकारनिरोधित्वात् गुरुरित्यभिधीयते ॥ १९ ॥

पितरौ द्वौ तु निर्दिष्टौ जनको ब्रह्मदश्च वै ।
तयोराद्यात् ब्रह्मदाता गरीयान् पूज्य उच्यते ॥ २० ॥

आद्योऽस्य देहं कुरुते दुःखशोकामयप्रदम् ।
द्वितीयो ज्ञानजन्माऽस्य करोति सुखदं हि यत् ॥ २१ ॥

કરુણાના સાગરસમા ગુરુને શ્રીહરિનું રૂપ સમજે, કારણ કે તે સંસાર સાગરમાં ડૂબેલા જનોને જ્ઞાન શાસ્ત્રરૂપ હસ્તથી પકડીને ઉદ્ધાર કરેછે. ગુ શબ્દનો અર્થ અંધકાર છે, રુ શબ્દનો અર્થ, અંધકારનો નિરોધ કરવો તે છે, અજ્ઞાનરૂપ અંધકારનો નિરોધ (નાશ) કરેછે માટે ગુરુ નામથી યથાર્થ કહેવાય છે. આ ગુરુ શબ્દની વ્યુત્પતિ છે. જનક (જન્મ આપનાર પિતા) અને બ્રહ્મદાતા (બ્રહ્મનો બોધ આપનાર) આ બન્નેને પિતા તરીકે નિર્દેશ કર્યાછે. પ્રથમના જે જનક છે તેના કરતાં બ્રહ્મદાતા

જે ગુરુ છે તે શ્રેષ્ઠ પૂજ્ય કહ્યા છે. કારણ કે પ્રથમના જે જનક છે તે તો દુઃખ, શોક, રોગને આપનારા દેહને ઉત્પન્ન કરે છે અને બીજા જે છે તેતો જ્ઞાનરૂપ જન્મ કે જે નિત્ય સુખને આપનાર છે તેને આપેછે. એમ અત્યંત અંતર છે. આ રીતે ગુરુનો મહિમા સમજીને તેમનો આશ્રય કરે ॥ ૧૮-૨૧ ॥

मायां विद्याद्बन्धिकां स्वगुणैः सत्त्वादिकैर्नृप ! ।
मायाध्यासितदेहादिभावं स्वं च ततः पृथक् ॥ २२ ॥
चैतन्यरूपं ज्ञातारं सर्वस्यापि निरञ्जनम् ।
ब्रह्मात्मकं कृष्णदासं सच्चिदानन्दलक्षणम् ॥ २३ ॥
ब्रह्मात्मकस्वात्मसेव्यं भवबन्धविमोचकम् ।
निर्गुणं षड्गुणं विद्यात् श्रीहरिं च गुरोर्मुखात् ॥ २४ ॥
गुरूपदिष्टमार्गेण हरिसेवामथाऽऽचरन् ।
तद्भक्तांश्चानतो नित्यं मुच्यते भवकिल्बिषात् ॥ २५ ॥

હે રાજન્ ! 'જે માયા છે તે પોતાના સત્ત્વ રજ તમ આ ત્રણ ગુણોએ કરીને જીવોને મોહ ઉપજાવવા દ્વારા બંધન કરનારી છે' એમ જાણે અને એ માયાના અધ્યાસને લીધે આત્મામાં 'હું દેહ છું" એવા વિપરીત ભાવને પામેલા આત્માને તે દેહાદિકથકી જુદો જાણે ॥ કેવી રીતે ? તો આત્મા ચૈતન્ય જે જ્ઞાન તે રૂપ છે (એનું સ્વરૂપ જ્ઞાન છે) અને દેહાદિ સર્વેનો પણ જ્ઞાતા (જાણનારો) છે. જ્ઞાનસ્વરૂપવાળો અને જ્ઞાનગુણવાળો છે. આઅર્થ '**चिद्रूपो ज्ञाता**' એમ શિક્ષાપત્રીમાં પ્રતિપાદ્યો છે. વળી '**निरञ्जनः**' આ શ્રુતિમાં કહ્યા મુજબ માયાના અંજને રહિત છે. એવો પણ આત્મા બ્રહ્માત્મક છે (એનો આત્મા પરમાત્મા છે) માટે જ એ આત્મા શ્રીકૃષ્ણ પરમાત્માનો સદા દાસ છે અને એનું ખરૂ લક્ષણ (સ્વરૂપ) સદ્ ચિત્ અને આનંદરૂપ છે. આ રીતે આત્માના યથાસ્થિત સ્વરૂપને સમજે ॥ અને જે પરમાત્મા શ્રી હરિ છે તે બ્રહ્માત્મક એવો જે પોતાનો આત્મા તેણે '**ब्रह्माऽहं कृष्णदासोऽस्मि**' એમાં કહ્યા મુજબ સદા સેવ્ય છે અને એજ સંસાર બંધનમાંથી છોડાવનારા અને માયાના સત્ત્વાદિગુણે રહિત હોવાથી નિર્ગુણપણે અને જ્ઞાન, શકિત, બળ, ઐશ્વર્ય,

વીર્ય, તેજ, આ છ ગુણો કે જે ભગવાન્ શબ્દની પ્રવૃત્તિના નિમિત્ત છે તેણે યુક્ત હોવાથી **ષડગુણમયપણે** શાસ્ત્રોમાં નિરૂપ્યા છે આ રીતે બન્ધનકારી માયા, તેનાથી જુદો આત્મા અને તેનાથી જુદા પરમાત્મા, આ ત્રણ તત્ત્વોને ગુરુના મુખથકી સમજે ॥ અનંતર ગુરુએ ઉપદેશેલી રીતિને અનુસારે શ્રીહરિની સેવાને કરતો થકો તેમના ભક્તોને નિત્ય નમતો રહેછે તો તે ભક્ત, જન્મ મરણરૂપ પાપમાંથી પ્રમુક્ત થાયછે. આજ મોક્ષમાર્ગ સરલ સીધો સર્વોત્તમ છે ॥ ૨૨–૨૫ ॥

अभिजातः श्रियं दैवीं जन्मकाले हरीक्षया ।
विशुद्धसत्वो ज्ञातार्थो देशिकेन्द्रप्रसादतः ॥ २६ ॥

मुमुक्षुर्यतमानश्च भवेद्यो धार्मिकः पुमान् ।
तेनानिशं तु सम्प्रार्थ्यः सद्भिः सङ्गे महात्मभिः ॥ २७ ॥

सङ्गस्तु दुस्त्यजः प्रोक्तो योगिभिः देहिनां सदा ।
स चेद्विधीयते सत्सु सअतिप्रापको भवेत् ॥ २८ ॥

पुत्रागारकलत्रादौ दैहिकेऽनर्थदे पुनः ।
क्रियमाणस्तु सततमधोऽधः पातयेन्नरम् ॥ २९ ॥

પૂર્વના કોઈ પુણ્યવશાત્ ભગવાને કૃપાથી જન્મ સમયે નિરીક્ષણ કરતાં દૈવી સંપત્તિને પામેલો, એથી જ જેનું સત્ત્વ–અંતઃકરણ શુદ્ધ થયું છે અને ગુરુના અનુગ્રહથી જેને સર્વ અર્થો જાણવામાં આવ્યા છે અને મોક્ષને માટે પ્રયત્ન કરતો હોય એવા ધાર્મિક પુરુષે **'नित्यं सन्तोऽभिगन्तव्याः'** એમાં કહ્યા મુજબ મહાત્મા સંતોનો સમાગમ નિરંતર કરવો. જે સંગ છે તે યોગિઓએ પણ ન ત્યાગ થાય એવો છે એવો સંગ કર્યા વિના કોઈથી પણ રહેવાય તેમ નથી. તો તે સંગ જો સત્પુરુષોનો કરવામાં આવે તો સદ્ગતિને નિશ્ચે પમાડનારો થાયછે. દેહાનુબંધી પુત્ર કલત્ર ઘર ખેતર આદિક કે જે અનર્થને આપનારા છે તેમાં રહેલો જે સંગ છે તે તો નરને નિરંતર નીચી નીચી ગતિને આપનારો થાયછે. માટે અસત્ એવો દેહ અને તેના અનુબંધી પુત્ર કલત્ર આદિકમાંથી સંગને છોડીને સત્પુરુષોનો સમાગમ સદા કરવો. આ બાબત **'प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः । स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम्'** **'ततो**

दुःसङ्गमुत्सृज्य सत्सु सज्जेत बुद्धिमान्' 'त एते साधवः साध्वि ! सर्वसङ्गविवर्जिताः । सङ्गस्तेष्वथ ते प्रार्थ्यः सर्वसङ्गहरा हि ते' 'આ ભાગવત વચનોમાં વર્ણવી છે ॥ ૨૫-૨૯ ॥

सन्तः कारुणिका नित्यं क्षमावन्तस्तपोधनाः ।
मायिकेष्वर्थजातेषु विरक्ताः सङ्गवर्जिताः ॥ ३० ॥

श्रुतिस्मृत्यादिसच्छास्त्रपरिशीलनतत्पराः ।
श्रीकृष्णार्थे सम्प्रक्लृप्तमनोवाक्कायवृत्तयः ॥ ३१ ॥

परोपकारनिरता हिंसातो भीरवः सदा ।
परस्वादिष्वगृध्नन्तः समलोष्टाश्मकाञ्चनाः ॥ ३२ ॥

वचःपारुष्यरहिताः प्रियसत्यप्रभाषिणः ।
अचलाः स्वेषु धर्मेषु श्रीहरेः प्रियकाम्यया ॥ ३३ ॥

સમાગમ કરવા યોગ્ય સંતોનાં લક્ષણ કહે છે-આશ્રિતો ઉપર કરુણાવાળા, નિત્ય ક્ષમાવાળા, તપ એજ ધન જેમને છે, માયિક પદાર્થમાત્રમાં વૈરાગ્યવાળા, સર્વ અસત્ સંગોએ વર્જીત, શ્રુતિ સ્મૃતિ આદિક સચ્છાસ્રોના પરિશીલનમાં તત્પર, દેહ વાણી અને મનની સમગ્ર વૃત્તિઓને **'कृष्णसेवापरैः प्रीत्या'** એમાં કહ્યા મુજબ ભગવદર્થેજ કરી રાખનારા, પરોપકારપરાયણ, હિંસાથી સદા ભય પામનારા, પરધનાદિકના ગ્રહણની ઈચ્છાએ રહિત, જેમને લોષ્ટ પથ્થર અને કાંચનના ગ્રહણમાં તુલ્ય ભાવ છે, વાણીની કઠિનતાએ રહિત, પ્રિય અને સત્યનેજ બોલનારા, ભગવાનને પ્રસન્ન કરવાની ઈચ્છાથી પોતાના ધર્મોથકી કયારેય ચલિત નહિ થનારા ॥ ૩૦-૩૩ ॥

परिग्रहात् परावृत्ता वर्णसङ्करकारकात् ।
यदृच्छालाभसन्तुष्टा द्वन्द्वातीता विमत्सराः ॥ ३४ ॥

आत्मारामा आत्मरताः सन्तुष्टाश्चात्मनैव तु ।
ऐकात्म्यं भावयन्तश्च सर्वभूतेषु सादराः ॥ ३५ ॥

त्यक्तलज्जाः सदोद्युक्ता भगवत्कीर्तनादिषु ।
ब्रह्मानन्दानुभावेनोन्मत्तवच्चारिणः क्वचित् ॥ ३६ ॥

सर्वभूतसुहृद्भूताः प्रशान्ताः शान्तदर्शनाः ।
दम्भमायाविरहिताः स्निग्धा भागवतेषु च ॥ ३७ ॥

भगवत्सेवया पूर्णाः सन्तुष्टाश्च तयैव तु ।
पवित्रीकृतभूभागाः वहन्तः श्रीहरिं हृदा ॥ ३८ ॥

વળી કેવા સંતો! તો વર્ણસંકરપણાને કરનારા પરિગ્રહથકી તો પાછા વળેલા, (એવો પરિગ્રહ નહિ કરનારા) દૈવેચ્છાથી જે મળે તેમાં સંતોષ માનનારા, સુખ દુઃખ આદિક દ્વન્દ્વોએ રહિત, (તેને નહિ ગણનારા) મત્સરે રહિત, આત્માવિષેજ આરામ રાખનારા, આત્માવિષેજ પ્રીતિવાળા, આત્માથીજ સંતોષ માનનારા (પણ વિષય વિગેરેથી નહિ) સર્વ ભૂતોવિષે એકાત્માપણાની (મારે વિષે જે રહ્યા છે તેજ ભગવાન્ સર્વ ભૂતોવિષે રહ્યા છે) ભાવના કરીને તેને વિષે ભગવાન જેવો આદર રાખનારા, ભગવાનની કથા વાર્તા વિગેરે વિષે લજ્જાનો ત્યાગ કરીને સદા ઉદ્યમી રહેનારા, બ્રહ્માનંદના અનુભવથી કયારેક તો ઉન્મતની પેઠે વર્તનારા, સર્વભૂતો ઉપર સુહૃદ્ભાવ રાખનારા, શાંત સ્વભાવવાળા, જેમના દર્શનથી શાંતિ મળે એવા, દંભ માયા (કપટ) આદિક મહાદોષે રહિત, ભગવાનના ભકતો ઉપર બહુ સ્નેહ રાખનારા, ભગવાનની સેવાથીજ પૂર્ણપણું માનનારા અને એ સેવાથી જ સંતુષ્ટ રહેનારા, શ્રીહરિને હૃદયમાં ધારીને વિચરણથી ભૂભાગને પવિત્ર કરનારા ॥ ૩૪–૩૮ ॥

एवंलक्षणसम्पन्नाः सन्तो ये श्रीहरिप्रियाः ।
एषां सङ्गस्तु सेवादिरूपः कार्यो मनीषिभिः ॥ ३९ ॥

अज्ञातांशान् ज्ञापयेयुरेते ज्ञेयेऽर्थपञ्चके ।
अत्यल्पमस्थिरत्वं च दुःखभूयस्त्वमित्यपि ॥ ४० ॥

दोषजातं प्रदर्श्यैते वैराग्यं वर्धयन्ति च ।
अनन्तं महिमानं च श्रीहरेरवबोध्य तु ॥ ४१ ॥

भक्तिवृद्धिं च कुर्वन्ति स्वाश्रितानां हरौ पराम् ।
स्खलितांश्च विबोध्यैव सद्धर्मे स्थापयन्त्यपि ॥ ४२ ॥

પૂર્વોક્ત શુભ લક્ષણોએ સંપન્ન એવા સત્પુરુષો કે જે શ્રીહરિને પરમ પ્રિય છે તેમનો સેવાદિરૂપ સંગ તો સુજ્ઞોએ સદા કરવો. તે સંતો શું કરે છે? તો જાણવા યોગ્ય પાંચ તત્ત્વમાં જે અજ્ઞાત અંશ તે શિષ્યોને જણાવે છે અને એમાં જે અત્યલ્પપણું અસ્થિરપણું અને દુઃખનું અધિકપણું વિગેરે દોષ માત્રને બતાવીને વિષયોમાં વૈરાગ્યને વધારે છે. વળી શ્રીહરિના અનંત મહિમાનો બોધ આપીને આશ્રિતોને શ્રીહરિ વિષે પરમ ભકિતમાં વધારો કરે છે **'विषयतो विरतिश्च हरौ रतिः'** એમ બન્ને કરેછે. વળી જે ધર્માદિકથી સ્ખલિત થયેલાઓને ઉપયોગી અવબોધ આપીને પુનઃ સદ્ધર્માદિકને વિષે સ્થાપન કરેછે. એમ ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિને ઉપજાવે છે. મુમુક્ષુના મોક્ષ માટે આવી બહુ જ કાળજી રાખે છે. માટે સંતોનો સમાગમ અવશ્ય કરવો ॥ ૩૯–૪૨ ॥

परमात्मा वासुदेवो विष्णुर्नारायणोऽच्युतः ।
हरिः कृष्णो घनश्यामो भगवान् पुरुषोत्तमः ॥ ४३ ॥
परं तत्त्वं परंज्योतिः परंब्रह्म परंतपः ।
पवित्रं परमं चैव मङ्गलानां च मङ्गलम् ॥ ४४ ॥
ईश्वराणां परेशश्च देवानां परदेवता ।
निरस्तनिखिलावद्यो नित्यमङ्गलसद्गुणः ॥ ४५ ॥

જે આત્માઓના આત્મા હોઈને જેનો કોઈ ઉપરી આત્મા નહિ હોવાથી **પરમાત્મા** નામથી પ્રથમ નિરૂપ્યા છે. (વ્યાપક, ધારક, નિયામક, અને શેષી હોય તે આત્મા કહેવાય) જે યત્કિંચિત્ સર્વમાં સ્વતઃ વસેછે અને સર્વેને પોતા વિષે વાસેછે માટે **વાસુદેવ** અર્થવત્ નામથી નિરૂપ્યા છે. જે ચિદચિદાત્મક સર્વ વિશ્વમાં આત્માપણે પ્રવેશેછે માટે **વિષ્ણુ** નામથી સર્વ **શાસ્ત્રો**માં નિરૂપેલા છે. જે **નાર** શબ્દથી વાચ્ય જે નિત્ય ચિત્ અચિત્ વસ્તુઓ તેમાં અંતર્યામિપણે રહ્યા હોવાથી **'अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः'** આ શ્રુતિમાં નિરૂપ્યા મુજબ અસાધારણ **નારાયણ** નામથી સર્વ શાસ્ત્રોમાં સાર્થક પ્રતિપાદ્યા છે. આ ચાર નામો યત્કિંચિત્

સર્વમાં વ્યાપકરૂપ અર્થને પ્રતિપાદનારાં હોવાથી મુખ્યપણે માન્યાં છે સ્વરૂપ સ્વભાવ વિગેરેથી કદાપિ લેશથી પણ પ્રચ્યુતિને નહિ પામનાર અથવા જેને પામીને ભક્તો પ્રચ્યુતિને પામતા નથી, અથવા જન્માદિ વિકારોએ વર્જીત હોવાથી **'शाश्वतं शिवमच्युतं'** એમ **અચ્યુત** નામથી નિરૂપ્યાછે. ભક્તોનાં દુઃખ તથા પાપને સ્મરણ માત્રથી હરનારા હોવાથી હરિ નામથી કહ્યાછે. પોતે આનંદમય હોઈને ભક્તોને આનંદ આપતા હોવાથી **કૃષ્ણ** નામથી નિતરાં નિરૂપ્યા છે. શરીરનો વર્ણ ઘન જે મેઘ તેને સમાન શ્યામ હોવાથી **ઘનશ્યામ** નામથી નિરૂપ્યા છે. **'ज्ञानशक्तिबलैश्वर्यवीर्यतेजांस्यशेषतः । भगवच्छब्दवाच्यानि विना हेयैर्गुणादिभिः'** (વિઃ પુ.) આમાં કહ્યા પ્રકારે જ્ઞાનાદિ છ ગુણોએ યુક્ત હોવાથી **ભગવાન્** નામથી બહુધા નિરૂપેલા છે. ક્ષર અક્ષર પુરુષો થકી સ્વરૂપ સ્વભાવ વિગેરે સર્વ પ્રકારે ઉત્તમ હોવાથી **પુરુષોત્તમ** નામથી પ્રતિપાદ્યા છે. **'तत्त्वं नारायणः परः'** **'तत्त्वमेको महायोगी हरिर्नारायणः परः'** **'नास्ति विष्णोः परं तत्त्वं'** ઇત્યાદિ શ્રુતિ-સ્મૃતિમાં **પરમ તત્ત્વપણે** પ્રતિપાદેલા, **'परंज्योतिरुपसम्पद्य'** **'तं देवा ज्योतिषां ज्योतिः'** **'दिवि सूर्यसहस्रस्य भासस्तस्य महात्मनः'** ઇત્યાદિ શ્રુતિ-સ્મૃતિમાં પ્રતિપાદ્યા પ્રમાણે સ્વયં પ્રકાશ હોઈને સૂર્યાદિ સર્વેને પ્રકાશ કરાવનારા હોવાથી **પરંજ્યોતિપણે** નિરૂપેલા, સ્વરૂપ સ્વભાવ વિભૂતિ વિગેરે સર્વ રીતે સર્વથી મોટા હોવાથી **પરબ્રહ્મપણે** પ્રતિપાદેલા, **'स तपोऽप्यत स तपस्तप्त्वा इदं सर्वमसृजत'** આ શ્રુતિમાં કહ્યા મુજબ નિયમનરૂપ આલોચનથી સર્વેને તપાવનારા હોવાથી **પરંતપપણે** પ્રતિપાદ્યાછે. **'पवित्राणां हि गोविन्दः पवित्रं परमुच्यते'** આમાં કહ્યા મુજબ એક પરમાત્માજ સ્વયં નિત્ય શુદ્ધ હોઇને પોતાના સંબન્ધમાં આવનારાને શુદ્ધ કરે છે માટે **પરમ પવિત્રપણે** પ્રતિપાદ્યા છે. **'पवित्राणां पवित्रोऽसौ मङ्गलानां च मङ्गलं'** આમાં કહ્યા પ્રકારે સુખ માટે ઇચ્છવા યોગ્યને **મંગલ** કહેછે લોકમાં કામદુઘા પુષ્પમાલા આદિક જેજે મંગલ પદાર્થો મનાય છે તે તમામને ભગવાને મંગલપણું આપેલું હોવાથી ભગવાનને **મંગળોના મંગળ** તરીકે સંનિરૂપ્યા છે. **मङ्गलायतनं हरिः'** એવું વચન છે. **પવિત્ર** શબ્દ, પાપના અપહરણપર અને **મંગળ** શબ્દ, સન્નિધિમાત્રથી અતિ સમૃદ્ધિમાં હેતુભૂત કલ્યાણ વસ્તુપર સમજવો. એવો અર્થભેદ થતાં પુનરુકિત ન આવે. ભવ બ્રહ્મા આદિ ઈશ્વરોના **પરમ ઈશ** અને બ્રહ્માદિ દેવોના **પરમ દૈવત** છે. આ અર્થ **'तमीश्वराणां परमं महेश्वरं तं देवतानां परमं च दैवतम्'** આ

શ્રુતિમાં વ્યક્ત છે. સમસ્ત દોષે રહિત અને કારુણ્યાદિ મંગળ ગુણોએ સંપન્ન છે ॥ ૪૩–૪૫ ॥

दिव्यमूर्तिर्दिव्यधामा दिव्यभूषादिमण्डितः ।
सततं सेव्यमानश्च राधालक्ष्म्यादिशक्तिभिः ॥ ४६ ॥
दिव्योपचारैः सम्पूज्यो दिव्यैरक्षरपूरुषैः ।
स्वेच्छाकृतजगज्जन्मस्थितिसंहृतिरव्ययः ॥ ४७ ॥
अनन्तैश्वर्यसम्पन्नो योऽनन्तः परिकीर्तितः ।
सर्वस्वामी सर्वधाता बन्धमोक्षफलप्रदः ॥ ४८ ॥
तस्य माहात्म्यमधिकं सन्मुखादेव बुध्यते ।
तस्यावताररूपाणां ध्येयानां च मुमुक्षुभिः ॥ ४९ ॥
दिव्यत्वं महदैश्वर्यमपि तेभ्योऽवगम्यते ।
सङ्गे हरौ च नवधा तेषां सङ्गाद्विवर्धते ॥ ५० ॥

ઉપર પ્રમાણે સ્વરૂપ અને સ્વરૂપ સાથે સંબંધ ધરાવનારા જ્ઞાનાદિ ગુણોથી વર્ણવેલા ભગવાનની જે મૂર્તિ (રૂપ) છે તે દિવ્ય છે, એમનું ધામ કે જે નિવાસસ્થાનભૂત છે તે દિવ્ય (અપ્રાકૃત) છે, આ મૂર્તિ, દિવ્ય વસ્ત્રો વિભૂષણો વિગેરે વડે શોભાયમાન છે, રાધા લક્ષ્મી આદિક દિવ્ય શક્તિઓએ સદા સેવા કરાતા છે, દિવ્ય અક્ષરમુક્તોએ દિવ્ય વિવિધ ઉપચારો વડે સદા પૂજા કરાતા છે. આ વિવિધ વિચિત્ર જગતની ઉત્પત્તિ સ્થિતિ સંહૃતિને સ્વેચ્છામુજબ કરનારા, છતાં સ્વરૂપ સ્વભાવથી જેમનો વ્યય (હ્રાસ) નહિ થતો હોવાથી **અવ્યયપણે** નિરૂપ્યા છે. અનંત ઐશ્વર્યાદિ ગુણોએ સંપન્ન હોવાથી **અનંત** નામથી **'महद्गुणत्वात् यदनन्तमाहुः'** એમ નિરૂપ્યા છે. સર્વના **સ્વામી** અને સર્વના **ધાતા** અને સર્વને કર્માનુસારે બંધરૂપ તથા મોક્ષરૂપ ફળને વિભાગથી આપનારા છે. ઉપર પ્રમાણે સ્વરૂપ રૂપ ગુણ વિભૂતિથી વર્ણવેલા ભગવાનનું સર્વાધિક જે માહાત્મ્ય, તે સંતોના મુખ થકીજ જાણવામાં આવે છે. ભગવાનના જે રામ કૃષ્ણ આદિક અવતારો કે જે મુમુક્ષુઓએ મોક્ષ માટે ધ્યેય પૂજ્ય છે તેમનું **'जन्म कर्म च मे दिव्यं'** એમાં કહ્યા મુજબ દિવ્યપણું અને એમનાં મોટાં

કલ્યાણકારી ઐશ્વર્યો તેપણ સંતોના મુખ થકી જાણવામાં આવે છે. ભગવાનને વિષે શ્રવણાદિ નવધા ભક્તિરૂપ જે સંગ છે તે પણ સંતોના સંગ થકી જ વૃદ્ધિને પામે છે ॥ એમ હોવાથી '**कार्यः सङ्गोऽन्वहं सतां**' આ શિક્ષાવચન મુજબ નિત્ય સંતોનો સંગ કરવો ॥ ૪૯-૫૦ ॥

हरिवद्गुरुवच्चैतान् सतः सम्पूजयेत् सदा ।
श्रेयःकामस्त्वात्मनो ना जीवलोकोपकारकान् ॥ ५१ ॥

सिध्यन्ति च गुणा वेदवेदान्तेष्वभिविश्रुताः ।
सतां सङ्गात्तु मोक्षार्हो भवेद्यैरेव संस्कृतः ॥ ५२ ॥

પોતાના નિઃશ્રેયસની ઇચ્છાવાળો મુમુક્ષુ પુરુષ, જેમ શ્રીહરિને અને ગુરુને પૂજે તેમજ સત્પુરુષો કે જે જીવલોકોના ઉપર અકારણ ઉપકાર કરનારા છે તેમને સદાય સમ્યક્ પૂજે ॥ વેદો અને વેદાંતમાં જે ગુણો મુમુક્ષુઉપયોગી વર્ણવ્યા છે તે સર્વે સંતોના સમાગમથી સિદ્ધ થાય છે. જે ગુણો વડે સંસ્કૃત થએલો પુરુષ, મોક્ષને લાયક થાય છે. અધિકારી થાય એવા સર્વે ગુણો નિષ્કામત્વાદિ સિદ્ધ થાય છે ॥ ૫૧-૫૨ ॥

अपि चेत् सुदुराचारः कृतघ्नो नास्तिकः पुरा ।
मुक्तियोग्यो भवेत् जीवो हरितद्भक्तवीक्षया ॥ ५३ ॥

पुंसामघौघविध्वंसि प्रत्यक्षहरिदर्शनम् ।
कल्याणदं यतः प्राप श्रमण्यपि परां गतिम् ॥ ५४ ॥

પહેલાં ગમે તેવો દુરાચારી કે કૃતઘ્ની કે નાસ્તિક હોય, પરંતુ તે જો શ્રીહરિ અને તેમના ભકતોનાં દર્શન કરે અથવા ભગવાન અને તેમના ભકતોની દૃષ્ટિ તેની ઉપર પડે તો મોક્ષને લાયક થાય છે. પ્રત્યક્ષ શ્રીહરિનું જે દર્શન તે પુરુષોના પાપૌઘનો નાશ કરીને કલ્યાણને કરનારું થાય છે. એમાં આ દૃષ્ટાંત છે-નીચ જાતિમાં જન્મેલી **શબરી** (ભીલડી) પણ ભગવાન અને એમના ભક્ત મતંગ ઋષિનાં દર્શન તથા સેવાથી પરં ગતિને પામી ગઈ છે. આ બાબત લોક શાસ્ત્રમાં સુપ્રસિદ્ધ છે ॥૫૩-૫૪॥

श्रीरामचन्द्रं सह लक्ष्मणेन सीतापतिं दण्डकमावसन्तम् ।
श्रुत्वा तदीक्षाविहितादराऽभूत् प्रतीक्षमाणा शबरी तदागमम् ॥५५॥

तपस्विनी सा गुरुदेवसेवापरायणा धर्मपरा च नित्यम् ।
आस्वाद्य सुस्वादु फलानि तस्मै ररक्ष सम्पाद्य समर्पणार्थम् ॥५६॥

ઉક્ત વાતને વિસ્તારથી કહે છે—'સીતાપતિ શ્રીરામચંદ્રજી ભગવાન્ ભ્રાતા લક્ષ્મણજી સાથે દંડક વનમાં આવી રહ્યા છે' એમ સાંભળતાંજ તેમનાં દર્શન કરવામાં બહુ આદરવાળી થઈને તેમના આગમનની વાટ જોઈ રહેલી એવી **શબરી** કે જે પોતે તપસ્વિની, ગુરુદેવની સેવાપરાયણ અને ધર્મપરાયણ હતી. તે પોતે બોરડીનાં સુસ્વાદુ ફળોને ચાખી ચાખીને શ્રીરામને ભેટમાં સમર્પણ કરવા માટે સંગ્રહી રહી હતી ॥૫૫-૫૬॥

रावणेन हृतां सीतां श्रुत्वा गृध्रजटायुषः ।
गृध्रराजं च तं दग्ध्वा गतप्राणं शुचा युतः ॥ ५७ ॥

लक्ष्मणेन सह भ्रात्रा शबर्याश्रममागमत् ।
अनुग्रहं विधातुं वै तस्या भक्तिप्रतोषितः ॥ ५८ ॥

सा चैनमागतं वीक्ष्य देहः प्राणमिवागतम् ।
उत्थाय प्रणिपत्यैनमानर्च च सहानुजम् ॥ ५९ ॥

राजीवलोचनः श्रीमान् रामचन्द्रः प्रतोषितः ।
तपसा चैव भक्त्या तामपश्यत्करुणादृशा ॥ ६० ॥

तत्कृपावीक्षणात् सद्यो वीतसर्वाशुभा शुभा ।
अजरं स्थानमापासौ गुरवो यत्र चासते ॥ ६१ ॥

સીતાની શોધ માટે વનમાં વિચરતા શ્રીરામચંદ્રજી ભગવાન ગૃધ્રરાજ જટાયુથકી 'સીતાને રાવણ હરિ ગયો છે' એમ સાંભળીને, જેના પ્રાણ ગયા છે એવા તે ગૃધ્રરાજને પુત્ર જેમ પિતાનો સંસ્કાર કરે એમ સવિધિ દહન સંસ્કાર કરીને, શોકે યુક્ત અને શબરીની ભક્તિથી તેની ઉપર બહુ પ્રસન્ન થએલા એવા શ્રીરામચંદ્રજી ભગવાન્ ભ્રાતા લક્ષ્મણજી સાથે તેણી ઉપર અનુગ્રહ કરવા માટેજ તેણીના આશ્રમ પ્રત્યે પધાર્યા ॥ પધારેલા શ્રીરામચંદ્રને જોઈને જ દેહમાં પ્રાણ આવતાં દેહજ જેમ એકદમ ઉભો થઈ જાય તેમ તે શબરી એકદમ સામી ઉઠીને પ્રણામ કરીને,

નાનાભાઈ લક્ષ્મણજી સાથે શ્રીરામચંદ્રની પૂજા કરવા લાગી ॥ તેણીની ભક્તિ અને તપથી પ્રતોષને પામેલા, રક્ત કમળના જેવાં લોચન જેમનાં છે એવા શ્રીમાન્ રામચંદ્રજી ભગવાન્ તેણીને કૃપાદૃષ્ટિથી જોઈ રહ્યા. ભગવાનના કૃપાપૂર્ણ નિરીક્ષણથી તત્કાળ જેનાં સમગ્ર અશુભો નષ્ટ થયાં છે, માટેજ સર્વ રીતે શુભાસ્પદ થએલી શબરી અજર અમર એવા દિવ્ય સ્થાનને પામી ગઈ. જે સ્થાનમાં મહાત્મા મુક્તો રહે છે ॥૫૭-૬૧॥

श्रीकृष्णदेववीक्षातस्तथा संशुद्धमानसाः ।
मालाकारादयोऽबिन्दन् परां भागवतीं गतिम् ॥ ६२ ॥
प्रत्यक्षस्य हरेर्वापि तद्भक्तानां वा शुभेक्षणात् ।
जीवोऽपहतपाप्मेत्थं श्रेयोयोग्यो भवेत् ध्रुवम् ॥ ६३ ॥
यं यं स्पृशति पाणिभ्यां यं यं पश्यति चक्षुषा ।
स्थावराण्यपि मुच्यन्ते किं पुनर्बान्धवो जनः ॥ ६४ ॥

એજ રીતે દેવદેવ શ્રીકૃષ્ણના નિરીક્ષણથી જેનાં અશુદ્ધ હૃદયો પણ શુદ્ધ થયાં છે એવો માલાકાર, ગોપીઓ, કુબ્જા આદિક પણ પરાત્પર ભાગવતી ગતિને પામી ગયાં છે. તો બીજા ભક્તો પરમ ગતિને પામે એમાં કહેવું જ શું? પ્રત્યક્ષ શ્રીહરિ અને તેમના ભક્તોની કૃપાદૃષ્ટિ થતાં આ જે જીવ છે તે ઉપર પ્રમાણે સર્વ દોષોએ રહિત થઈને મોક્ષને લાયક નિશ્ચે થાય છે. એમાં સંશય નથી ॥ શ્રીહરિ તથા તેમના ભક્તો જેનો જેનો હસ્તથી સ્પર્શ કરે છે કે જેને જેને ચક્ષુથી જુવે છે તે ભલે જાતિથી સ્થાવરો હોય તો પણ મુક્તિને પામે છે. તો બન્ધુ જનો મોક્ષને પામે એમાં કહેવું જ શું? ॥ ૬૨-૬૪ ॥

नह्यम्मयानि तीर्थानि न देवा मृच्छिलामयाः ।
ते पुनन्त्युरुकालेन दर्शनादेव साधवः ॥ ६५ ॥
इत्थं शुको ब्रह्मभूतो वेदव्यासादयोऽपि च ।
हरितद्भक्तवीक्षाया महत्त्वमवदन् बहु ॥ ६६ ॥
इत्थं संसारचक्रेऽस्मिन् भ्राम्यतां मुह्यतामिह ।
निःश्रेयसकरं त्वेकं हरितद्भक्तवीक्षणम् ॥ ६७ ॥

उक्तमेतत्समासेन श्रद्धानाय ते मया ।
यथाकल्याणमार्गाप्तिः संसाराध्वनि सीदताम् ॥ ६८ ॥

જળમય ગંગા વિગેરે તીર્થો તથા મૃત્તિકા-શિલામય દેવો, સેવનારાઓને પવિત્ર કરે, પણ તે બહુ કાળે કરે છે અને જે સાધુઓ છે તે તો દર્શન માત્રથી જ પવિત્ર કરે છે. શ્રીહરિ અને તેમના ભક્તોના દર્શનનું મહત્ત્વ, બ્રહ્મભૂત શુકદેવજી તથા વેદવ્યાસ વિગેરે મુનિઓ પૂર્વે કહી ગયા છે. (ભાગ. સ્કં. ૧૦ અ. ૪૮) આ રીતે આ સંસાર ચક્રમાં અનાદિ કાળથી ભમતા અને મોહ પામતા એવા જીવોને શ્રીહરિ અને તેમના ભક્તોનું જે દર્શન છે એજ એક કલ્યાણ કરે છે, એમ નિશ્ચયથી જાણો ॥ હે રાજન્! આ રીતે શ્રીહરિ અને તેમના ભક્તોનું માહાત્મ્ય, આસ્તા-શ્રદ્ધાવાળા તમને મેં સંક્ષેપમાં કહ્યું. જે સંસાર માર્ગમાં અનાદિથી દુરંત દુઃખને વારેવારે ભોગવ્યા કરતા જીવોને જે રીતે કલ્યાણ માર્ગની પ્રાપ્તિ થાય તે જણાવનાર છે ॥ ૬૪-૬૮ ॥

शतानन्द उवाच—

इति हरिगदितं सुशास्त्रसारं मुदितमना नृप आदरान्निशम्य ।
स्तुतिमकुरुत चार्थ्यगीर्भिरीडयं प्रकटहरिं तमवेत्य भक्तिनम्रः ॥६९॥

इति श्री...अभयराज-श्रीहरिसंवादे जीवात्मनां निःश्रेयसपथप्रापणयोत्पत्तिहेतुनिरूपणं नामाष्टमोऽध्यायः ॥ ८ ॥

શતાનન્દ મુનિ કહેછે—હે મુનિઓ ! ઉપરોક્ત પ્રકારે શ્રીહરિએ કહેલા સચ્છાસ્ત્રસારને આદરથી સાંભળીને, મનમાં મહા આનંદને પામેલા અભય રાજા, 'આ સાક્ષાત્ ભગવાન્ છે' એમ સમજીને ભક્તિનમ્ર થઈને, સ્તુતિ યોગ્ય એવા શ્રીહરિની સાર્થક વાણીવડે સ્તુતિ કરવા લાગ્યા ॥ ૬૯ ॥

ઈતિશ્રી...અષ્ટમોઽધ્યાય

नवमोऽध्यायः ।

अभयराजोवाच—

स्वामिन् ! श्रीहरिकृष्ण ! तावकवचः सच्छास्त्रसारं परं
मन्येऽहं निखिलं यथार्थमनिशं श्रेयस्करं देहिनाम् ।
त्वं वै साधुजनांश्च धर्मनिवहं सच्छास्त्रजातेरितं
संरक्षन्नवतीर्ण आसुरभयच्छेदाय पापे कलौ ॥ १ ॥

प्रत्यक्षस्य हरेर्यदा नु भविता तद्भक्तलोकस्य वा
वीक्षा तर्हि भवेद्विमुक्तिरुचिमान् दैव्या युतः सम्पदा ।
सत्यं चैतदवैमि यत्तव कृपादृष्ट्या सुरत्वं नराः
प्राप्ताः साम्प्रतमस्तदोषनिचयास्त्वद्भक्तिभावान्विताः ॥ २ ॥

जीवः कर्मगतिं प्रपन्न उरुधा सम्भ्राम्यमाणोऽध्वनि
प्राप्तो दुःखगणं भवस्य बहुधा तापार्दितः सन्ततम् ।
यस्येक्षावशतः शुभार्ह इह सञ्जातो यदीयस्य वा
तं त्वां पद्मविलोचनं शुभगुणं वन्दे हरिं स्वामिनम् ॥ ३ ॥

અભય રાજા સ્તુતિ કરે છે—હે હરિકૃષ્ણ સ્વામિન્ ! તમારું વચન સચ્છાસ્ત્રોના પરમ સારરૂપ હોઈને સર્વ રીતે યથાર્થ છે અને જીવોના નિરંતર શ્રેયને કરનારૂં છે એમ હું નિશ્ચયથી માનું છું. તમો, સાધુજનો અને સચ્છાસ્ત્રમાત્રમાં કહેલા સમગ્ર ધર્મોના રક્ષણ માટે અને આસુરભયના ઉચ્છેદ માટે પાપમય કલિયુગમાં પ્રગટ થયા છો એમ પણ નિશ્ચયથી જાણું છું. ॥ આ જીવ ઉપર જ્યારે પ્રત્યક્ષ શ્રીહરિની અને તેમના ભક્તોની કૃપાદૃષ્ટિ થાય ત્યારે તે દૈવી સંપદાએ યુક્ત થઈને મુક્તિમાં રુચિવાળો થાય છે, એ બાબતને પણ સત્યપણે હું સમજું છું; કે તમારી કૃપાદૃષ્ટિ થતાં ઘણા મનુષ્યો દૈવી ભાવને પામીને હાલમાં સમસ્ત દોષોએ રહિત હોઈને તમારે વિષે ભકિતભાવવાળા થયા છે ॥ આ જીવ, કર્મગતિને અનુસારે સંસારમાર્ગમાં અહીંતહીં બહુ પ્રકારે ભટકતો થકો દુરંત દુઃખને પામે છે અને સંસારના જે બહુ પ્રકારના તાપો જન્મ

મરણાદિ નરકાદિ અને અધ્યાત્માદિકે કરીને નિરંતર પીડાને પામતો રહે છે. જરા પણ સુખ મળતું નથી. આ દુઃખમય સ્થિતિમાં જેની અથવા જેના ભક્તોની દૃષ્ટિમાત્રથીજ આ લોકમાં સર્વ રીતે શુભ-મોક્ષલાયક થઈ જાય છે. એવા કમળલોચન, શુભગુણનિધિ તમો શ્રીહરિ સ્વામીને હું વંદન કરૂં છું ॥ ૧-૩ ॥

सकलजनभवाब्धिमज्जनेक्षोत्थितकरुणावशगो निजेच्छयैव ।
धृतनृतनुरहो त्वमेव कृष्णः भवसि भुवि स्वयमेव धर्मसूनुः ॥४॥

जयजय निजभक्तसौख्यकारिन् ! प्रचुरदयोदय ! पूर्णकाम ! विष्णो !
सकलसुरनरेन्द्रसेविताङ्घ्रे ! सकलमनोरथदानदक्ष ! जिष्णो ! ॥५॥

સકળ જનોને સંસારસમુદ્રમાં ડૂબેલા દેખવાથી ઉપજેલી કૃપા (પર દુઃખે દુઃખી થવું અને તેનું દુઃખ ટાળવું એ દયાનું લક્ષણ છે)ને વશ થઈને પોતાની ઇચ્છાથી જ ધર્મદેવના પુત્રપણે પૃથ્વી ઉપર નરતનુને ધારી રહેલા તમો સ્વયં શ્રીકૃષ્ણ ભગવાનજ છો, અહો-આ આશ્ચર્ય જેવી વાત છે ॥ નિજ ભક્તજનોને મહાસુખને કરનારા, સમધિક દયાને વિસ્તારનારા, પૂર્ણકામ એવા હે વિષ્ણો ! તમો જય જય-જયકારી પ્રવર્તો. સકળ સુરેન્દ્ર નરેન્દ્રોએ સેવાતું છે ચરણારવિંદ જેમનું અને સકળ મનોરથોને આપવામાં બહુ ચતુર અને સર્વત્ર વિજય જેમનો છે એવા હે ભગવન્ તમો જયકારી પ્રવર્તો. ભક્તો અસમર્થ હોઈને ભગવાનનો જય સાધી શકતા નથી. ભગવાનનો જય તો સ્વતઃ છે. પરંતુ સ્વભૂત ભક્તોએ પોતાના સ્વામીનો જય ઇચ્છવો જોઈએ એ દૃષ્ટિએ આ જય કહેવામાં આવે છે ॥ ૪-૫ ॥

सद्धर्मरक्षार्थगृहीतवर्ष्मा स्वतेजसोन्मूलितदैत्यभावः ।
पाषण्डतो रक्षितजीवलोकस्त्वं वै परेशः प्रशमस्वरूपः ॥ ६ ॥

क्षमादयाब्धिश्च मनोज्ञमूर्तिर्विभुः सदैकान्तिकधर्मधर्ता ।
प्रवर्तितक्षेमदसाङ्ख्ययोगस्त्वमस्य लोकस्य परागतिर्वै ॥ ७ ॥

महामुनिर्योगकलाप्रवीणो योगेश्वरोऽनन्तकलाश्रयस्त्वम् ।
नृणां वराभीतिदपाणिपद्मो मुमुक्षुसेव्याङ्घ्रिसरोजयुग्मः ॥ ८ ॥

कामादिदोषस्य निरासकस्त्वं त्वज्ञानविध्वंसनबोधकर्ता ।
पापौघविद्रावणनामधेयः सद्भाग्यतोऽस्माभिरुपागतोऽसि ॥ ९ ॥

हरिप्रसादाभिधधर्मपुत्रः भक्त्याख्यमूर्त्यां प्रकटः परेशः ।
प्रशस्तदिव्याचरणः स्वतन्त्रः तपःस्थितो लौकिकशिक्षणाय ॥१०॥

સદ્ધર્મની રક્ષા માટે નરશરીરને ધારી રહેલા, પોતાના પ્રતાપથી જ લોકોમાં રહેલા દૈત્યભાવને નિઃશેષ નાશ કરનારા, પાખંડ માર્ગથકી જીવ લોકોનું રક્ષણ કરનારા તમો જ પ્રશાંતસ્વરૂપ પ્રત્યક્ષ છો ॥ ક્ષમા દયાના સમુદ્રરૂપ, મનોહર મૂર્તિ જેમની છે, સદા એકાંતિક ધર્મ (ધર્મજ્ઞાન વૈરાગ્ય ભક્તિરૂપ)ને ધારી રહેલા, યોગક્ષેમને આપનારા સેશ્વર સાંખ્ય યોગને આશ્રિતોમાં પ્રવર્તાવનારા એવા મહા સમર્થ તમો જ આ લોકના પરમગતિરૂપ છો. આત્મ મનનશીલ હોવાથી મહામુનિ તરીકે વિખ્યાતિને પામેલા, સમગ્ર સુદુર્લભ યોગકલાઓમાં મહાપ્રવીણ, માટે જ યોગેશ્વરપણે પ્રખ્યાતિને પામેલા, અનંત કલાઓના આશ્રયરૂપ, નરોને બે કરકમળો વડે વર અને અભયને આપનારા, અને મુમુક્ષુઓએ સેવવા યોગ્ય છે ચરણકમળ યુગલ જેમનું એવા તમો જ એક આશ્રય કરવા યોગ્ય છો. ન નિવૃત્ત થાય એવા કામાદિ દોષોને નિવારનારા તમો છો. અજ્ઞાનને નાશ કરે એવા સરળ સરસ સચોટ બોધ કરનારા છો. પાપમાત્રને નાશ કરનારાં છે **સ્વામિનારાયણ** આદિક દિવ્ય નામો જેમનાં એવા તમો સ્વયં ભગવાન્ અમારા ભાગ્યવશાત્ આ સમયમાં પ્રત્યક્ષ પ્રાપ્ત થયા છો ॥ હરિપ્રસાદ જેમનું અપર નામ છો. એવા ધર્મદેવ થકી ભક્તિ જેનું બીજું નામ છે એવાં મૂર્તિને વિષે પ્રકટ થએલા તમો સાક્ષાત્ પરમેશ્વર છો. પ્રશસ્ત દિવ્ય આચરણોવાળા છો અને સ્વતંત્ર હોવા છતાં લોકોને શીખવવા માટે તપમાં સ્થિતિવાળા છો ॥ ૯-૧૦ ॥

तवजगदुदयावनान्तहेतोः स्थिरचरदेहभृतात्मनो मुकुन्दः !
प्रकृतिघनतमःपरे स्वधाम्नि स्थितवत एव सदा नुतौ क ईशः ॥११॥

श्रीस्वामिनारायण ! देशिकेन्द्र ! प्रकाशमूर्ते ! भगवन्नमस्ते ।
प्रबोधय स्वाश्रितमेनमीडय ! श्रितेषु वात्सल्यमहोदधे ! त्वम् ॥१२॥

હે મુકુન્દ (મોક્ષદાતા) તમો આ વિવિધ વિચિત્ર વિશ્વની ઉત્પત્તિ,

સ્થિતિ અને પ્રલયના કારણ અને સ્થાવર જંગમ સર્વ દેહધારિઓના આત્મા (વ્યાપક ધારક નિયામક અને સ્વામી) છો. પ્રકૃતિના ગાઢ અંધકાર થકી પર એવા પોતાના અક્ષર ધામમાં નિત્ય દિવ્ય મૂર્તિથી વિરાજમાન એવા આપની સ્તુતિ કરવા માટે કોણ સમર્થ થાય ? કોઈપણ થાય નહિ પ્રશાંત મૂર્તિ જેમની છે અને આચાર્યોના આચાર્ય એવા હે સ્વામિનારાયણ ભગવન્ ! તમોને નમસ્કાર છે. સ્તુતિ યોગ્ય એવા હે શ્રીહરે ! આ આપના આશ્રિતને (મને) પ્રકૃષ્ટ બોધ આપો. કેમકે તમો આશ્રિતો વિષે વાત્સલ્યના વારિધિ છો. ॥ ૧૧-૧૨ ॥

सत्सङ्गस्य स्वरूपं च माहात्म्यं भक्तभावन ! ।
विस्तराद्वर्णय ब्रह्मन् ! शर्मदं देहिनां विभो ! ॥ १३ ॥

यज्ज्ञात्वा भगवन् ! श्रद्धाभक्तियुक्तः कृपाकर ! ।
सत्सङ्गिमुख्यो भूयासं सत्सङ्गस्य च पुष्टिकृत् ॥ १४ ॥

ભક્તોની સંભાવના કરનારા હે બ્રહ્મન્ ! સત્સંગનું સ્વરૂપ અને તેનું માહાત્મ્ય કે જે જીવોને મહાસુખને આપનારૂં છે તે હે વિભો ! વિસ્તારથી વર્ણન કરો ॥ જેનું જ્ઞાન પામીને હે ભગવન ! હે કૃપાનિધે ! હું શ્રદ્ધા ભક્તિવાળો થઈને સત્સંગિઓમાં મુખ્ય અને સત્સંગની પુષ્ટિ કરનારો થાઉં, એજ એક માંગું છું ॥ ૧૩-૧૪ ॥

शतानन्दमुनिरुवाच—

इति राज्ञा प्रार्थितः श्रीहरिः प्राह प्रसन्नधीः ।
सात्त्विकं वैष्णवं भक्तं नृपतिं तं सभाजयन् ॥ १५ ॥

શતાનંદ મુનિ કહેછે—હે મુનિઓ ! ઉપર પ્રમાણે અભય રાજાએ પ્રાર્થના કરતાં, અંતરથી પ્રસન્ન થયેલા શ્રીહરિ, સાત્ત્વિક વૈષ્ણવ ભક્ત તે રાજાને બહુ વખાણતા થકા બોલ્યા ॥ ૧૫ ॥

साध्वी बुद्धिः कृता राजन् । सत्सङ्गमहिमश्रुतौ ।
क्षेमदा शोकमोहघ्ना प्राणिनां दुलभा भुवि ॥ १६ ॥

सत्सङ्गस्य च माहात्म्यं वक्तुं वर्षशतैरपि ।
नहि शक्येत कार्त्स्न्येन समासात्तत् ब्रवीमि भोः ॥ १७ ॥

હે રાજન્! સત્સંગનો મહિમા સાંભળવામાં તમોએ જે આ બુદ્ધિ કરી છે તે બહુ સારી છે. કેમકે મોક્ષને આપનારી અને સાંસારિક શોક મોહને નિવારનારી છે. આ લોકના જીવોને એવી બુદ્ધિ પ્રાપ્ત થવી બહુ દુર્લભ છે. સત્સંગનો મહિમા સો વર્ષે પણ સમગ્રપણે કહી શકાય નહિ એવા વિસ્તારવાળો છે. તેને હે રાજન્! હું હવે સંક્ષેપમાં કહું છું ॥ ૧૬-૧૭ ॥

पुंसां गुणाश्च दोषाश्च सदसत्सङ्गतो नृप! ।
भवेयुस्तत्सतां सङ्गः कार्यो नैवासतां क्वचित् ॥ १८ ॥
अधर्मादेर्भवेन्मूलमसतां तु समागमः ।
अहन्यहनि धर्मादेर्योनिः साधुसमागमः ॥ १९ ॥

હે રાજન્! પુરુષોમાં ધર્માદિ ગુણો અને અધર્માદિ દોષો આવવામાં મૂળ કારણ તો સત્સંગ અને અસત્સંગ છે. સંતને સેવે તો સંત અને અસંતને સેવે તો અસંત થાય છે શ્વેત વસ્ત્રને જેવા રંગમાં બોળે તેવો તેમાં રંગ ચઢે છે. માટે સંતોનો સંગ કરવો પણ અસંતોનો સંગ ક્યારેય નજ કરવો. અસંતોનો જે સંગ છે તે મોક્ષવિરોધી અધર્માદિકનું મૂળ છે અને દિન દિન પ્રત્યે સંતોનો જે સંગ છે તે મોક્ષોપયોગી ધર્માદિગુણોની યોનિ-ઉત્પત્તિસ્થાન છે. આ બાબત દુનિયામાં દેખીતી જ છે ॥ ૧૮-૧૯ ॥

सत्यं शौचं दया मौनं बुद्धिः श्रीर्ह्रीर्यशः क्षमा ।
शमो दमो भगश्चापि नश्यन्त्यासुरसङ्गतः ॥ २० ॥
अप्रशान्तेषु मूढेषु खण्डितात्मस्वसाधुषु ।
सङ्गं न कुर्याच्छोच्येषु योषित्क्रीडामृगेषु च ॥ २१ ॥

જે અસંતોનો સંગ કરવાથી યથાર્થ ભાષણરૂપ સત્ય, બે પ્રકારનું આશૌચ, નિષ્કારણ દયા, યથોચિત ભાષણરૂપ મૌન, જીવોનું હિત કરવાની બુદ્ધિ, અકાર્યમાં લજ્જા, સદ્ગુણાદિ જન્ય શ્રી, કીર્તિ, અપરાધિઓ ઉપર ક્ષમા, શમ-અંતઃકરણ નિગ્રહ, દમ-બાહ્ય ઇન્દ્રિયોનો નિગ્રહ, ભગ-દેશાધિ-

પત્યાદિ ઐશ્વર્ય, આ બધાજ ગુણો ક્ષય પામી જાય છે. માટે વિષયોમાં વૈરાગ્યે રહિત, દેહમાં આત્મ બુદ્ધિવાળા, માટેજ મૂઢ, સ્ત્રીઓના ક્રીડામૃગ તુલ્ય (રમકડારૂપ) થઈ રહેલા, માટેજ વિવેકિઓએ શોચનીય એવા અસાધુઓનો સંગ કદાપિ કરવો નહિ. ॥ ૨૦-૨૧ ॥

चोरपापिव्यसनिनां कृतघ्नानां च कामिनाम् ।
सङ्गं न कुर्याल्लुब्धानां जनवञ्चनकारिणाम् ॥ २२ ॥
भक्तिं वा ज्ञानमालम्ब्य स्त्रीद्रव्यरसलोलुभाः ।
पापे प्रवर्तमाना ये तेषां सङ्गं च वर्जयेत् ॥ २३ ॥

પરધન હરનારા ચોરો, પ્રાણીપીડાદિ કરનારા પાપીઓ, મૃગયા આદિક અઢાર અને ભાંગ આદિક બીજાં વ્યસનોને કરનારા, કર્યા કૃતને નહિ ગણીને ઉલટો અપકાર કરનારા કૃતઘ્નીઓ, પરસ્ત્રી કામુકો, અતિ લોભીઓ, સ્વાર્થ સાધવા સારૂ લોકોને છેતરવાનું કામ કરનારા, એવા નરોનો સંગ-મૈત્રી-સહસ્થિતિ આદિક સંબન્ધ રાખવો નહિ ॥ વળી ભક્તિ કે જ્ઞાનનું વાણીમાત્રથી આલંબન લઈને (પોતે જ્ઞાનભક્તિમાં નિષ્ઠાવાળા નથી) સ્ત્રી દ્રવ્ય રસાસ્વાદમાં અતિ લોભીયા હોઈને પાપમાં વિશેષતઃ પ્રવર્તેલા હોય તેના સંગનો પણ ત્યાગ કરવો. અર્થ એવો છે કે-પોતામાં જ્ઞાન કે ભક્તિ નથી. તથાપિ ભગવાનની ભકિત અને આત્મજ્ઞાનનું માહાત્મ્ય વાણીમાત્રથી બતાવીને, પોતે તો તેતે પાપમાં પ્રચ્છન્ન રીતે પ્રવર્તમાન હોય તેવાઓનો સંગ તો વિશેષપણે ત્યાગ કરવો ॥ ૨૨-૨૩ ॥

यादृशां यस्य सङ्गः स्यात् शास्त्राणां वा नृणामपि ।
बुद्धिः स्यात्तादृशी तस्य कार्योऽतो नासतां तु सः ॥ २४ ॥
संसर्गजा गुणा दोषा भवन्तीति विदुर्विदः ।
तस्मात्कुर्वीत सत्सङ्गमसत्सङ्गं विवर्जयेत् ॥ २५ ॥
बुद्धिश्च हीयते पुंसां नीचैः सह समागमात् ।
मध्यमैर्मध्यतां याति श्रेष्ठतां पुनरुत्तमैः ॥ २६ ॥

જે પુરુષને જેવાં શાસ્ત્રો અને જેવા પુરુષોનો સંગ થાય છે તેની બુદ્ધિ તેવી થાય છે. (બુદ્ધિપ્રમાણે ક્રિયા કરે છે) માટે અસચ્છાસ્ત્રો અને

અસત્પુરુષોનો સંગ કરવો નહિ. જેવો પુરુષોનો સંગ પ્રબળ છે તેવોજ શાસ્ત્રોનો પણ છે. લોકમાં ગુણોની તેમજ દોષોની જે પ્રવૃત્તિ થાય છે તે સંસર્ગથી થાય છે એમ વિદ્વાનો વદે છે. માટે સત્સંગ કરવો અને અસત્સંગ ત્યજવો એ નિર્ણયજ છે. નીચ નરોનો સંગ કરવાથી સંગકર્તાની બુદ્ધિ નીચ થાય છે, મધ્યમ નરોનો સંગ કરવાથી મધ્યમ થાય છે અને ઉત્તમ નરોનો સંગ કરવાથી ઉત્તમ થાય છે, એવો પણ નિર્ણય જ છે. માટે ઉત્તમ પુરુષોનો જ સંગ કરવો ॥ ૨૪–૨૬ ॥

सत्सङ्गः दुर्लभः प्रोक्तः सर्वसङ्गापहारकः ।
बहूनां जन्मनामन्ते सुकृती तं तु विन्दति ॥ २७ ॥
प्राहुर्मुक्तिपथद्वारं सत्सङ्गं ब्राह्मणोत्तमाः ।
तेनैव मुक्तिदे कृष्णे मतिर्भवति नान्यदा ॥ २८ ॥

જે સત્સંગ છે તે દુર્લભ કહ્યો છે. કેમકે સંસારમાં મનુષ્યોને જે અનાદિ સંગ છે તેને નિવારનારો થાય છે. જે તે કોઈને એ સત્સંગ મળતો નથી. પરંતુ બહુ જન્મને અંતે કોઈ સુકૃત શાલીનેજ મળે છે. એમ સુદુર્લભ છે ॥ મુક્તિ માર્ગનું દ્વાર સત્સંગ છે એમ બધા બ્રાહ્મણોત્તમો કહે છે. સત્સંગે કરીને જ મુક્તિદાતા ભગવાનને વિષે ભક્તિરૂપ બુદ્ધિ ઉદ્ભવે છે, બીજા કોઈ પ્રકારથી નહિ ॥ ૨૭–૨૮ ॥

सतां प्रसङ्गाद्धरिवीर्यमिश्रिताः भवन्ति कर्णामृतरूपसत्कथाः ।
यत्सेवयाऽद्धा भगवन्महत्त्वं ज्ञात्वा नरो विन्दति भक्तिमीशे ॥२९॥

સંતોનો પ્રસંગ થવાથી ભગવાનના ગુણ ચારિત્રના સંબન્ધવાળી, કર્ણામૃતરૂપ સત્કથાઓમાં પ્રવૃત્તિ થાય છે. તેના સેવનથી ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થાય છે અને તે પછી ભગવાનમાં ભક્તિને પામે છે. એવો ક્રમ છે. એમાં સત્સંગ પ્રથમ છે ॥ ૨૯ ॥

महत्त्वं भगवानह सत्सङ्गस्य सविस्तरम् ।
शृणु तद्वच्मि भूपेन्द्र ! श्रद्धाभक्तिविवर्धनम् ॥ ३० ॥
"यथोपश्रयमाणस्य भगवन्तं विभावसुम् ।
शीतं भयं तमोऽप्येति साधून् संसेवतस्तथा ॥ ३१॥

निमज्जयोन्मज्जतां घोरे भवाब्धौ परमायणम् ।
सन्तो ब्रह्मविदः शान्ता नौर्दृढेवाऽप्सु मज्जताम् ॥ ३२ ॥
अन्नं हि प्राणिनः प्राण आर्तानां शरणं त्वहम् ।
धर्मो वित्तं नृणां प्रेत्य सन्तोऽर्वाग् बिभ्यतोऽरणम् ॥ ३३ ॥
सन्तो दिशन्ति चक्षुंषि बहिरर्कः समुत्थितः ।
देवताः बान्धवाः सन्तः सन्त आत्माऽहमेव च ॥ ३४ ॥

હે રાજન્! ભગવાન્ શ્રીકૃષ્ણે ભક્ત ઉદ્ધવજી પ્રત્યે સત્સંગનો મહિમા સવિસ્તર (ભાગ. ૧૧) કહ્યો છે. શ્રદ્ધા ભક્તિને વધારનારા તે મહિમાને હું કહું છું તેને એકાગ્રમને સાંભળો ॥ જેમ પૂજ્ય એવા **સૂર્યનો આશ્રય** કરનારા પુરુષને શીત, અંધકાર અને તજ્જન્ય ભય નિવૃત્ત થાય છે તેમ સાધુઓનો સમાગમ કરનારા પુરુષને પણ અજ્ઞાનરૂપ તમ અને તેના સંબંધથી આવતો સંસૃતિભય પણ ટળી જાય છે. સૂર્યના દૃષ્ટાંતથી એ વાતને સમજાવે છે. બીજું-ઘોર સંસારસાગરમાં ડૂબકાં ખાતા-અર્થાત્ ઉચ્ચ નીચ યોનિને પામતા પુરુષોને બ્રહ્મજ્ઞાની શાંત સંતોજ સમુદ્રમાં ડૂબતા જનોને દ્રઢ નૌકાજ જેમ એમ પરમ શરણ (આશ્રય) છે. સંસારસિંધુને તારનારા સંતોજ છે ॥ વળી જીવવા ઇચ્છતા જનોને જેમ અન્નજ જીવન છે. (અન્ન વિના જીવી શકે નહિ) આર્ત-ત્રિવિધતાપથી પીડા પામતા જનોને તો હું પરમેશ્વરજ જેમ શરણ-રક્ષિતા છું. મરીને પરલોકમાં જનારા જનોને અહીં આચરેલો ધર્મજ જેમ શરણ છે, આ લોકના જનોને ધન જેમ શરણ છે. તેમ સંસાર થકી ભય પામેલા પુરુષને સંતોજ શરણ છે. તેઓ સાક્ષાત્ શરણ નથી પણ જ્ઞાનદ્વારા છે એમ હવે કહે છે-સંતો આત્માપરમાત્માના જ્ઞાનરૂપ ચક્ષુને આપે છે. તેથી સઘળું શુભાશુભ જોઇ શકે છે. સૂર્યતો ઉદય પામીને બાહ્ય ચક્ષુને આપે છે. (એથી સંતોનો વિશેષ છે) માટે સંતોજ દેવતા અને બન્ધુઓ છે. તેની પેઠે પૂજ્ય અને ઉપકાર કરવા યોગ્ય છે. કિં બહુના-સંતો-મારા આત્મભૂત છે. '**ज्ञानी त्वात्मैव मे मतं**' એવો મારો અભિપ્રાય છે. માટે હુંજ સંત છું—મારી દૃષ્ટિથી તે સેવવા યોગ્ય છે ॥ ૩૦-૩૪ ॥

प्रायेण भक्तियोगेन सत्सङ्गेन विनोद्धव! ।
नोपायो विद्यते सध्रयङ् प्रायणं हि सतामहम् ॥ ३५ ॥

હે ઉદ્ધવ! સત્સંગથી પ્રાપ્ત થતા ભક્તિયોગ વિના મારી પ્રાપ્તિનો સમ્યક્ ઉપાય પ્રાયઃ છેજ નહિ એજ એક ઉપાય છે, કેમકે હુંજ સંતોનો પ્રાયણ-ઉપાય-ઉપેય છું. સંતોને પ્રાપ્ય અને પ્રાપક હુંજ છું બીજું કોઈ નથી ॥ ૩૫ ॥

"न रोधयति मां योगो न साङ्ख्यं धर्म एव च ।
न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणा ॥ ३६ ॥
व्रतानि यज्ञच्छन्दांसि तीर्थानि नियमा यमाः ।
यथावरुन्धे सत्सङ्गः सर्वसङ्गापहो हि माम् ॥ ३७ ॥
इति सत्सङ्गमाहात्म्यं प्रोक्तं बहुमुखं नृप ! ।
कृष्णदेवेन भक्ताय ह्युद्धवाय महात्मने ॥ ३८ ॥

હે ઉદ્ધવ! મને, **યોગ**-વર્ણાશ્રમોચિત કર્મયોગ અથવા પ્રાણાયામ રૂપ યોગ, **સાંખ્ય**-પ્રકૃતિ વિલક્ષણ આત્માનું ઉપાસન, **ધર્મ**-અહિંસારૂપ, **સ્વાધ્યાય**-વેદાધ્યયન રૂપ, **તપ**-અનશનાદિરૂપ, **ત્યાગ**-સામાન્યતઃ દાનરૂપ, **ઈષ્ટ**-યાગાદિ વૈદિક કર્મ અને **પૂર્ત**-સ્માર્ત કર્મ, **દક્ષિણા**-યજ્ઞાદિકની સદ્ગુણતા માટે અપાતું દાન, **વ્રતો**-એકાદશી ઉપવાસાદિ, **યજ્ઞ**-પાંચ મહા યજ્ઞો, **છંદો**-રહસ્ય મંત્રો, ગંગાદિ **તીર્થો**, શૌચ-આચમનાદિ **નિયમો**, અહિંસાદિ **યમો**, આ સારી રીતે આચરણ કરેલા સર્વે, જેવો સત્સંગ મને વશ કરે છે તેવી રીતે વશ કરી શકતા નથી. કેમકે સત્સંગ છે તે તો મારા થકી વ્યતિરિક્ત વિષયોમાં મનનો જે રાગ છે તેને ટાળી નાખીને મારે વિષે જ સંગને સંપાદન કરી આપે છે. યોગાદિક એવું કામ કરી શકતા નથી માટે સત્સંગ શ્રેષ્ઠ છે. હે રાજન્! આ રીતે શ્રીકૃષ્ણ દેવે મહાત્મા ભક્ત ઉદ્ધવજીને સત્સંગનું માહાત્મ્ય બહુ રીતે કહ્યું છે. (સ્કંધ ૧૧) ॥ ૩૬-૩૮ ॥

जातोऽप्यासुरवंशे स्याद्देवः साधुसमागमात् ।
यथा कायाधवो भक्तो जातो नारदसङ्गमात् ॥ ३९ ॥
यथा वा रक्षसां मध्ये जातो वै रावणानुजः ।
नाम्ना विभीषणो भक्तो रामदूतप्रसङ्गतः ॥ ४० ॥

गुहश्च कपयश्चापि शबरी च विभीषणः ।
गोप्यः कुब्जा तुलाधारो धर्मव्याधादयस्तथा ॥ ४१ ॥
सत्सङ्गस्य प्रभावेग प्रथिताः श्रेयसाऽन्विताः ।
ययातिर्नहुषश्चापि मानेन मुनिहेलनात् ॥ ४२ ॥
स्वर्गतो महदैश्वर्याद्भ्रष्टः सत्सङ्गतः पुनः ।
स्वर्गं च महदैश्वर्यं प्राप्त इत्यनुशुश्रुम ॥ ४३ ॥

ભલે આસુર વંશમાં અવતર્યો હોય તેપણ સાધુઓના સમાગમથી દૈવી થાય છે. જેમ કયાધુના પુત્ર પ્રહ્લાદજી આસુર વંશમાં જન્મ્યા હતા પણ નારદ મુનિના સમાગમથી ભક્તરાજ થઈ ગયા. જેમ રાવણના નાનાભાઈ વિભીષણ કે જે રાક્ષસ કુળમાં જન્મ્યા હતા પણ રામદૂત હનુમાનજી આદિકના પ્રસંગથી મહાભક્ત થઈ ગયા. એ જ રીતે ભીલ્લ જાતિ ગુહ રાજા, વાનરો, શબરી, વિભીષણ, ગોપીઓ, કુબ્જા, તુલાધાર (ભારત પ્રસિદ્ધ વણિક) ધર્મવ્યાધ ઈત્યાદિ બહુ જનો સત્સંગના પ્રભાવ વડે મારા પદને પામેલા લોક પ્રસિદ્ધ થયા છે ।। યયાતિ અને નહુષ રાજા પણ માનદોષને લીધે મુનિઓનો અપરાધ થતાં સ્વર્ગમાંથી પડી ગયા અને મહાઐશ્વર્યથકી ભ્રષ્ઠ થયા હતા પરંતુ ફરીથી સત્સમાગમ થતાં સ્વર્ગ અને મહદૈશ્વર્યને પામ્યા હતા. આ બાબત ઇતિહાસથી જાણવા સાંભળવામાં આવે છે ।। ૩૯–૪૩ ।।

विष्णुभक्तिपरो देवो विपरीतस्तथाऽसुरः ।
इत्याहुर्मुनयः सन्तस्तद्देवत्वकरा मताः ॥ ४४ ॥
तस्माच्छीघ्रं प्रकर्तव्यो गुणिना साधुसङ्गमः ।
धर्माश्चाचरणीया वै सहसा मृत्युभीतितः ॥ ४५ ॥

વિષ્ણુભક્તિપરાયણ થાય તે દેવ અને તેથી વિપરીત થાય તે અસુર જાણવા, એમ મુનિઓ કહે છે. માટે દેવપણું કરનારા સંતોજ માન્યા છે સંતોના સંગથી દેવપણું આવે છે. આવી સ્થિતિ હોવાથી ગુણી નરે સાધુ સમાગમ વિશેષતઃ ઝટ કરવો અને મૃત્યુનો ભય સમીપમાં માનીને સહસા ધર્મોનું આચરણ કરવું. એમાં વિલંબ કરવો નહિ ।। ૪૪–૪૫ ।।

पुम्भिः स्त्रीभिस्त्यागिभिश्च सर्वैरेव मदाश्रितैः ।
स्वस्वधर्मस्थितैर्नित्यं सङ्गः कार्यः सतामिह ॥ ४६ ॥

घोरे कलौ युगे चास्मिन् जीवान् संसृतिबन्धनात् ।
सद्यो मोचयितुं शक्ताः सन्त एवामलाशयाः ॥ ४७ ॥

ऐहलौकिकमैश्वर्यं स्वर्गाद्यं पारलौकिकम् ।
कैवल्यं भवगत्प्राप्तिः सतां सङ्गादसंशयम् ॥ ४८ ॥

આ રીતનો સત્સંગ મહિમા હોવાથી મારા આશ્રિત સર્વકોઈ સ્ત્રી પુરુષોએ અને ત્યાગિઓએ પોતપોતાના ધર્મમાં સ્થિતિવાળા હોઈને નિત્ય સંતોનો સમાગમ કરવો. આ ઘોર કળિયુગમાં જીવોને સંસૃતિ બન્ધન થકી તત્કાળ મુકાવા માટે નિર્મળ આશયવાળા સંતોજ સમર્થ છે. આ લોકનું રાજ્યાદિ ઐશ્વર્ય, પારલૌકિક સ્વર્ગાદિ ઐશ્વર્ય, કૈવલ્ય મુક્તિ અને ભગવત્પ્રાપ્તિ, આ સર્વે સંતોના સંગથકી મળે છે. એમાં સંશય નથી ॥ ૪૬-૪૮ ॥

यं यं लोकं मनसा संविभाति विशुद्धसत्त्वः कामयते यांश्च कामान् ।
तं तं लोकं जयते तांश्च कामान् तस्मादात्मज्ञं ह्यर्चयेद्भूतिकामः ॥४९॥

इति मुण्डके श्रुतौ वै सकलफलप्रद आत्मविज्ज्ञसङ्गः ।
उरुभूतिमिच्छताऽतः कार्यः सङ्गोऽत्र सद्भिरात्मज्ञैः ॥ ५० ॥

વિશુદ્ધ અંતઃકરણવાળો પુરુષ, જે જે લોકને કે જે જે કામોને મનથી મેળવવાનો સંકલ્પ કરે છે તેતે લોકને અને તેતે કામોને પામે છે. માટે સત્યસંકલ્પરૂપ મહિમા શાલી હોવાથી આત્મજ્ઞ-આત્મસાક્ષાત્કારને પામેલા પુરુષને પોતાના ઉદયને ઇચ્છતો પુરુષ પૂજે આ રીતે મુંડક ઉપનિષદ્‌માં આત્મજ્ઞાનીનો જે સંગ છે તે સર્વ ફળને આપનારો કહ્યો છે માટે પોતાનો મહોદય ઇચ્છતા પુરુષે આત્મજ્ઞાની સંતોનો સંગ આ લોકમાં અવશ્ય કરવો ॥ ૪૯-૫૦ ॥

सत्सङ्गस्येति माहात्म्यं विस्तराद्वर्णित मया ।
अथो सत्सङ्गिशब्दार्थं वच्मि शुश्रूषवे नृप ! ॥५१ ॥

હે રાજન્! આ રીતે મેં **સત્સંગનું** માહાત્મ્ય વિસ્તારથી વર્ણવ્યું. હવે **સત્સંગી** શબ્દનો અર્થ સાંભળવા ઇચ્છતા તમોને કહું છું ॥ ૫૧ ॥

सच्छब्दार्थास्तु चत्वारो वर्ण्यन्ते विबुधैर्वरैः ।
तेषु सङ्गस्तु सम्प्रार्थ्यो जनेनात्महितेच्छुना ॥ ५२ ॥

सच्छब्दो मुख्यवृत्त्या तु वाचकः परमात्मनः ।
यः सदैवैकरूपस्तु स्वरूपगुणभूतितः ॥ ५३ ॥

यस्तु कालान्तरेणापि नान्यसंज्ञामुपैति वै ।
परिणामादिसंभूतां स सन्नित्यभिधीयते ॥ ५४ ॥

स चैकः परमात्मैव सदाऽप्रच्युतरूपकः ।
'सत्यस्य सत्य'मित्येवं श्रुतोऽयं सत्यमित्यपि ॥ ५५ ॥

સત્ શબ્દના ચાર અર્થો વર વિબુધોએ વર્ણવ્યા છે. તે ચારેયનો સંગ તો આત્મહિતની ઇચ્છાવાળા સુજને સમ્યક્ પ્રાર્થના કરવા યોગ્ય છે ॥ **સત્** શબ્દ મુખ્ય વૃત્તિએતો પરમાત્માનો વાચક છે. એક પરમાત્માનેજ **સત્** શબ્દથી કહી શકાય, કારણકે જે સ્વરૂપ ગુણ વિભૂતિ વિગેરે સર્વપ્રકારે સદાય એકરૂપ રહે તેને સત્ કહેવામાં આવે છે. જેતો પરિણામ વૃદ્ધિ આદિક વડે ઉદ્ભવતી અન્યસંજ્ઞાને કાલાંતરે પણ કદાપિ પામે નહિ તેજ **સત્** એમ કહેવામાં આવે છે. તેવા તો એક પરમાત્માજ છે. કેમકે એમનું સ્વરૂપ સ્વભાવાદિ સર્વે સદાય અપ્રચ્યુત રહે છે. '**एकः सदैकं परमः परेशः स वासुदेवो न यतोऽन्यदस्ति**' એમ વિ. પુ.માં કહ્યું છે. '**सत्यस्य सत्यं**' આ શ્રુતિએ એક પરમાત્માનેજ સત્યના સત્યપણે નિરૂપ્યા છે. '**सदेव सोम्येदमग्र आसीत्**' આ શ્રુતિમાં સત્ શબ્દથી સંબોધ્યા છે ॥ ૫૨-૫૫ ॥

अपक्षयविनाशाभ्यां परिणामर्धिजन्मभिः ।
वर्जितः शक्यते वक्तुं यः सदाऽस्तीति केवलम् ॥ ५६ ॥

तस्याक्षरात्मरूपस्य सत्त्वं स्याद्यदिच्छया ।
सोऽयं सत्यस्य सत्यं वै सदा सर्वेश्वरो हरिः ॥ ५७ ॥

तस्मिन् सङ्गस्तु विद्वद्भिः कथितो नवधा पुनः ।
श्रवणाद्या भक्तिरेषा परभक्तेः प्रसाध्निका ॥ ५८ ॥
या वै व्रजे गोपिकानां जाता कृष्णात्मनां नृप ! ।
स्वधर्मज्ञानवैराग्यसंस्कृतेयं तु मुक्तिदा ॥ ५९ ॥

અપક્ષય, વિનાશ, પરિણામ, વૃદ્ધિ જન્મ વિગેરેએ વર્જીત જે હોય એજ સદા **અસ્તિ** (છે) એમ કેવળ કહી શકાય છે, તેવા અક્ષરાત્મરૂપનું સત્યપણું પણ જે પરમાત્માની ઇચ્છાએ કરીને છે, તે આ સર્વેશ્વર શ્રીહરિજ સદાય સત્યના સત્ય છે. એવા સચ્છબ્દવાચ્ય પરમાત્માનો નવ પ્રકારે સંગ રાખવાનો વિદ્વાનોએ કહ્યો છે. '**श्रवणं कीर्तनं विष्णोः**' આ વચનમાં કહેલી શ્રવણાદિક જે નવધા ભક્તિ તે પરાભક્તિને સિદ્ધ કરનારી છે. જે પરાભક્તિ, શ્રીકૃષ્ણને વિષે જ મન જેમનું છે એવી વ્રજવાસી ગોપિઓને વિષે પ્રગટ થઈ હતી. આવી ભક્તિ જો સ્વધર્મ, આત્મજ્ઞાન અને વૈરાગ્યના સંસ્કારવાળી થાય તો મોક્ષને આપનારી થાય છે. આ રીતે પરમાત્માનો જે સંગ તે પ્રથમ સત્સંગ કહ્યો છે ॥ ૫૬-૫૯ ॥

स्वधर्मादिषु निष्ठा वै येषां सङ्गात् दृढा भवेत् ।
ते भक्ताश्च सदित्युक्ताः साधुभावान्वयाद्धरेः ॥ ६० ॥
यस्तु नेश्वरविज्ञाता सोऽसन्निति निगद्यते ।
ब्रह्मज्ञानेन रहितो विक्रुष्टस्त्वात्महेति च ॥ ६१ ॥
ये परंब्रह्म जानन्ति ते सन्त इति तु श्रुतिः ।
तच्चित्तास्तद्गतप्राणास्तद्भक्तास्तत्परायणाः ॥ ६२ ॥
तत्कर्मनिरताः शश्वत्कृतार्थास्तत एव च ।
परोपकारनिरताः सन्तस्ते लोकपावनाः ॥ ६३ ॥
लक्ष्म तेषां तु साधूनां त्रिंशद्विधमुदाहृतम् ।
एषु सङ्गप्रकारस्तु सेवाऽर्चा तद्वचःस्थितिः ॥ ६४ ॥

જેનો સંગ કરવાથી સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ભક્તિ આદિકમાં દૃઢ નિષ્ઠા થાય તેવા ભકતો **સત્** શબ્દથી કહ્યા છે. કેમકે શ્રીહરિના સદ્ભાવનો

એમાં અન્વય છે. મુખ્ય સત્ શબ્દવાચ્ય ભગવાનનો એમને સર્વ રીતે અખંડ સંબન્ધ છે. તેથી **સત્** શબ્દથી સંબોધ્યા છે. જેને ઇશ્વરનું જ્ઞાન નથી તેને 'અસત્' એમ કહેવામાં આવે છે. જે બ્રહ્મજ્ઞાને રહિત છે તેને તો 'આત્મહા' એમ આક્રોશથી કહેવામાં આવે છે 'જે પરંબ્રહ્મને જાણે છે તે સન્ત છે' એવી તો શ્રુતિ '**असन्नेव स भवति असद्ब्रह्मेति वेद चेत् । अस्ति ब्रह्मेति चेद्वेद सन्तमेनं ततो विदुः**' છે. શ્રીહરિ વિષેજ જેનું ચિત્ત છે. શ્રીહરિ વિષેજ જેના પ્રાણ છે, ભગવાન્ વિના આત્મધારણને નહિ પામનારા, ભગવાન વિષેજ જેમને ભક્તિ છે, સદાકાળ ભગવત્પરાયણ રહેનારા, ભગવાનના સંબંધવાળાં કર્મોમાંજ સદા પ્રીતિવાળા, તેથીજ નિરંતર કૃતાર્થતાને માનનારા, પરોપકાર પરાયણ, એવા જે સંતો છે તે લોકોને પાવન કરનારા છે. તે સાધુઓનાં લક્ષણતો '**कृपालुरकृतद्रोहः**' ઈત્યાદિ વચનથી શ્રીકૃષ્ણે ઉદ્ધવજી પ્રત્યે ત્રીશ પ્રકારનાં કહ્યાં છે. એવા સંતોનો સંગ તો તેમની-સેવા-ચંદન પુષ્પાદિવડે પૂજા કરવી અને અન્ન વસ્ત્રાદિ વડે પરિચર્યા કરવી અને તેમના વચનમાં વર્તવું એજ માન્યો છે ॥૬૦-૬૪॥

प्रशस्तं कर्म चैवापि सदित्येव प्रभाष्यते ।
तच्च कर्म सतां ज्ञेयं धर्मजातमनिन्दितम् ॥ ६५ ॥
नित्यं नैमित्तिकं चैव स्वस्ववर्णाश्रमोचितम् ।
साधारणं भागवतमिति तत्कर्म भिद्यते । ॥ ६६ ॥
तत्र साधारणो धर्मस्त्रिंशल्लक्षणको मतः ।
धर्मा भागवताश्चापि कृष्णदीक्षावतां स्मृताः ॥ ६७ ॥
नित्यनैमित्तिकाद्याश्च श्रुतिस्मृतिसमीरिताः ।
एषु सङ्गः श्रद्धयेहा मतोऽत्यागो विपद्यपि । ६८ ॥

'**प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ युज्यते**' આ ગીતામાં કહ્યા મુજબ પ્રશસ્ત (શ્રેષ્ઠ) કર્મને પણ **સત** શબ્દથી કહેવામાં આવે છે. તે કર્મ બીજા કોઈનું નહિ પણ સંતોનું જ સમજવું ઘટે. જેમાં અનિન્દિત ધર્મ માત્રનો સમાવેશ છે. નિત્ય નૈમિત્તિક કે જે પોતપોતાના વર્ણ આશ્રમને ઉચિત છે તે સાધારણ અને ભાગવત એ વિભાગથી કહેવાય છે, તેમાં જે સાધારણ ધર્મ છે તે શ્રી ભાગવતમાં નારદજીએ યુધિષ્ઠિર રાજા પ્રત્યે

'सत्यं शौचं' ઇત્યાદિકથી કહેલો ત્રીશ લક્ષણવાળો જાણવો. ભાગવત ધર્મો પણ શ્રીકૃષ્ણ દીક્ષાવાળાઓને માટે કહ્યા છે. નિત્ય નિમિત્તિક ધર્મો કે જે શ્રુતિ સ્મૃતિમાં કહ્યા છે તે પણ જાણવા. આ **સત્** શબ્દ વાચ્ય સદ્ધર્મનો સંગ તો તેનું શ્રદ્ધાથી આચરણ જાણવું અને આપત્કાળમાં પણ તેનો ત્યાગ ન કરવો તે જાણવું ॥ ૬૫-૬૮ ॥

एवं सच्छब्दनिर्दिष्टं त्रयं यत्र निरूपितम् ।
तच्छास्त्रमपि विज्ञातं सदिति ब्रह्मदर्शिभिः ॥ ६९ ॥

श्रवणं पठनं प्रीत्या पाठनं श्रावणं तथा ।
प्रवर्तनं चेति सङ्गः सच्छास्त्रेषु सतां मतः ॥ ७० ॥

नैष्कर्म्यस्थितिमाप्यापि न सच्छास्त्राणि सन्त्यजेत् ।
सच्छास्त्रवर्जनान्नूनं धियो जाडयं व्रजन्ति यत् ॥ ७१ ॥

"योगात्स्वाध्यायमासीत स्वाध्यायाद्योगमानमेत् ।
स्वाध्यायध्यानयोगाभ्यां परमात्मा प्रकाशते ॥ ७२ ॥

इति स्वाध्यायनित्यत्वं मुनिराह पराशरः ।
तपस्वी मौद्गल्य ऋषिः स्वाध्यायं तप ऊचिवान् ॥७३॥

ઉપર પ્રમાણે સત્ શબ્દથી નિર્દેશ કરેલી ત્રણ બાબતો (ભગવાન્, ભક્તો અને સદ્ધર્મ) જેને વિષે નિરૂપણ કરી હોય એવું સચ્છાસ્ત્ર પણ બ્રહ્મદર્શિઓએ **સત્** શબ્દથી જણાવ્યું છે. તે સચ્છાસ્ત્રોનો સંગ તો–તેનું શ્રવણ, પઠન, પાઠન, શ્રાવણ અને પ્રવર્તન પણ સમજવું. એ જ એનો સંગ સમજવો ॥ જ્ઞાનસ્થિતિ પ્રાપ્ત થઈ હોય તો પણ શાસ્ત્રોના શ્રવણાદિકનો ત્યાગ ન કરવો. કેમકે સચ્છાસ્ત્રના વર્જનથી બુદ્ધિમાં જડતા જરૂરથી આવી જાય છે. ધ્યાન યોગમાંથી સ્વાધ્યાયમાં બેસે અને સ્વાધ્યાયમાંથી ધ્યાન યોગમાં બેસે, કારણ કે સ્વાધ્યાય અને ધ્યાનયોગે કરીને પરમાત્મા પ્રકાશિત રહે છે. આ રીતે સ્વાધ્યાયની નિત્યતાને પરાશર ઋષિ કહે છે. તપોનિષ્ઠ મૌદ્ગલ્ય ઋષિ તો સ્વાધ્યાયને તપ તરીકે કહે છે. વેદાદિ સચ્છાસ્ત્રોના શ્રવણાદિકને સ્વાધ્યાય કહે છે. જ્ઞાનસ્થિતિ પ્રાપ્ત થઈ હોય તો પણ સચ્છાસ્ત્રના અભ્યાસને કર્યા કરે એ તાત્પર્ય છે ॥૬૯–૭૩॥

सच्छब्दवाच्येषु चतुर्षु सङ्गं यथोदितं यस्तु करोति नित्यम् ।
सत्सङ्गिमुख्यः कथितः स एव प्रेत्याक्षरं गच्छति कृष्णधाम ॥७४॥

इति श्री...मदाध्यात्मिकतत्त्वाख्याने अभय नृप श्रीहरि संवादे सत्सङ्ग-निरुक्तिमाहात्म्य वर्णनं नाम नवमोऽध्यायः ॥ ९ ॥

હે રાજન્ ! સત્ શબ્દથી કહેલી ચાર બાબતોનો કહ્યા પ્રમાણે જે નર નિત્ય સંગ કરે છે તેને સત્સંગીમાં મુખ્ય માન્યો છે. એ જ સત્સંગી, શ્રીકૃષ્ણના અક્ષરધામને પામેછે. આ રીતે અક્ષરધામની પ્રાપ્તિના મુખ્ય ઉપાય તરીકે સત્સંગને કહેછે ॥ ૭૪ ॥

ઇતિ શ્રી...નવમોઽધ્યાયઃ ॥ ૭ ॥

दशमोऽध्यायः ।

शतानन्द उवाच—

इति श्रीहरिणा गीतं माहात्म्यमतुलं नृपः ।
सत्सङ्गस्य स्वरूपं च श्रुत्वा प्रीतस्तमब्रवीत् ॥ १ ॥

શતાનંદમુનિ કહે છે—હે મુનિઓ ! ઉપર પ્રમાણે શ્રીહરિએ કહેલું સત્સંગનું સ્વરૂપ અને સર્વોત્તમ મહાત્મ્ય સાંભળીને બહુ પ્રસન્ન થએલા અભય રાજા બોલ્યા ॥ ૧ ॥

नृप उवाच—

श्रीहरे ! त्वं कृपापूर्णो ब्रह्मण्यो भक्तवत्सलः ।
निजानुशिक्षणार्थाय सत्सङ्गविहितादरः ॥ २ ॥

न हेतुं लक्षये कञ्चित् लोकानुग्रहमन्तरा ।
सद्धर्मपूगकर्तुस्ते परेशस्य कृतात्मनः ॥ ३ ॥

અભય રાજા કહે છે—હે શ્રીહરે ! તમો પૂર્ણ કૃપાવાળા અને ભક્તોવિષે પૂર્ણ વત્સલતાવાળા અને **બ્રહ્મ**શબ્દવાચ્ય વેદોએ પ્રતિપાદિત અથવા **બ્રહ્મ**શબ્દવાચ્ય બ્રાહ્મણોના હિતકર્તા હોવાથી બ્રહ્મણ્ય એવા તમો, જે આ

પૂર્વોક્ત સત્સંગપદાર્થ ઉપર અતિશય આદર રાખો છો તે કેવળ લોકાનુ-ગ્રહ માટે છે. એમાં બીજો કોઈ હેતુ જણાતો નથી. કેમકે તમો સદ્ધર્મ માત્રના કર્તા, પૂર્ણકામ, પરમેશ્વર છો. તમારે એની કાંઈ અપેક્ષા નથી. તમારી જે કોઈ ધર્માચરણ ક્રિયા છે તે લોકોને શિખવવા માટે છે ॥૨-૩॥

अधर्मप्रभवं यत्तु त्याज्यत्वेन प्रकीर्तितम् ।
दोषजातमसत्सङ्गमूलं तद्वक्तुमर्हसि ॥ ४ ॥

असतां लक्षणं चैव चतुर्णां कीर्तय प्रभो ! ।
यत्सङ्गतो हितभ्रष्टो जीवात्मा सम्प्रणश्यति ॥ ५ ॥

तवावतार एषोऽस्ति मुमुक्षूणां परा गतिः ।
अधर्मसर्गच्छेदाय धर्मसर्गोच्छ्रयाय च ॥ ६ ॥

भाग्याधिक्यादधिगतस्त्वं दुःखध्वंसको मया ।
सुधासदृशैः श्रीवाक्यैस्तापार्तं सिञ्चयाधुना ॥ ७ ॥

અધર્મથી ઉદ્ભવતો જે દોષમાર્ગ છે તેનું મૂળ અસત્સંગ છે. માટે તેનો ત્યાગ કરવો એમ તમોએ કહ્યું છે તો તેને હવે વિસ્તારથી કહેવાને યોગ્ય છો ॥ વળી હે પ્રભો! ચાર પ્રકારના અસંતો કહ્યા છે તેનું પણ લક્ષણ કહો. જેના સંગથી હિતમાંથી ભ્રષ્ટ થએલો આ જીવાત્મા અંતે નષ્ટ થાય છે મોક્ષને યોગ્ય રહેતો નથી ॥ તમારો જે આ અવતાર સાધુરૂપમાં છે તે મુમુક્ષઓની પરાગતિરૂપ હોઈને અધર્મસર્ગના ઉચ્છેદ માટે અને ધર્મસર્ગના ઉત્કર્ષ માટે છે. સંસૃતિ દુઃખને નાશ કરનારા તમો, પૂર્વ જન્મના ભાગ્યની અધિકતાને યોગે મને હાલમાં મળી આવ્યા છો તો હાલમાં અમૃતતુલ્ય શ્રીવાક્યોનું સિંચન, સંસાર તાપથી પીડા પામેલા મારી ઉપર કરો ॥ ૪-૭ ॥

शतानन्द उवाच—

अभ्यर्थितो नृपतिना वचोभिरिति पेशलैः ।
हरिकृष्णो मुदाऽऽविष्टो प्रहसन् प्राह तं नृपम् ॥ ८ ॥

શતાનંદમુનિ કહે છે- હે મુનિઓ ! ઉપર મુજબ સુમધુર વચનો

વડે રાજાએ પ્રાર્થના કરતાં શ્રીહરિકૃષ્ણ આનંદાવિષ્ટ હોઈને મંદ મંદ હસતા થકા રાજા પ્રત્યે બોલ્યા ॥ ૮ ॥

श्रीहरिरुवाच—

राजन् ! प्रवक्ष्ये भक्ताय प्रीयमाणाय तेऽनघ ! ।
इदं गोप्यं शास्त्रसारमसत्सु न निवेदयेत् ॥ ९ ॥

सच्छब्दवाच्याश्चत्वारो निर्दिष्टा तत्त्वदर्शिभिः ।
असन्तश्च चतुर्धा वै सत्प्रतिद्वन्द्विनो मताः ॥ १० ॥

इयं हि सृष्टिर्लोकानां शंसिता वै गुणैस्त्रिभिः ।
प्राकृतैर्बन्धकैः शश्वदुद्भवाभिभवान्वितैः ॥ ११ ॥

શ્રી હરિ કહે છે—હે નિષ્પાપ રાજન્! પ્રીતિપાત્ર ભક્ત એવા તમોને અત્યંત ગુહ્ય એવો શાસ્ત્રનો સાર જે કહીશ તે તમારે અસત્પુરુષોને કહેવો નહિ. તત્ત્વદર્શિઓએ જેમ સત્ શબ્દથી ચારનો નિર્દેશ કર્યો છે. તેમ સત્‌ના પ્રતિદ્વન્દ્વી એવા અસંતો પણ ચાર પ્રકારે નિર્દેશ કર્યા છે. આ જે વિવિધ વિચિત્ર સૃષ્ટિ છે તે પ્રકૃતિજન્ય અને બંધક એવા ત્રણ ગુણો કે જે નિરંતર ઉદ્‌ભવ અને અભિભવને પામ્યા કરતા છે તેણે કરીને થઈ છે. અર્થાત્ આ સૃષ્ટિ ત્રિગુણાત્મિકા છે ॥ ૧૧ ॥

सत्त्वं रजस्तमश्चेति प्रकृतेस्ते गुणास्त्रयः ।
जीवानाक्रमते सङ्गादनादेः प्रकृतेः सदा ॥ १२ ॥

न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः ।
यदेभिस्तु विनिर्मुक्तं सत्त्वाद्यैः प्राकृतैर्गुणैः ॥ १३ ॥

यथा शीतस्य तोयस्य तेजःसङ्गत उष्णता ।
तथा गुणान्वयो जीवे निर्गुणे चामलात्मनि ॥ १४ ॥

સત્ત્વ, રજ અને તમ, આ ત્રણ ગુણો પ્રકૃતિના છે. પ્રકૃતિ એ જડ દ્રવ્ય છે તેમાં આ ગુણો વર્તે છે. (ગુણ ગુણિભાવ છે). પ્રકૃતિનો અનાદિ સદા સંબન્ધ હોવાથી જીવો ઉપર એ ગુણો આક્રમણ કરે છે. જીવોને રુચિદ્વારા પોતાના વશમાં વર્તાવે છે. પૃથ્વી ઉપર મનુષ્યાદિક અને

સ્વર્ગમાં દેવાદિકો કે જે પ્રકૃતિના સંસર્ગવાળા બ્રહ્માદિ સ્થાવર પર્યંતના જીવો છે તે પૈકી કોઈ પણ પ્રાણી આ પ્રકૃતિના સત્ત્વાદિ ગુણોએ નિર્મુક્ત હોય એવો નથી. સર્વે સંસારિઓ, ત્રણ ગુણોને વશ વર્તનારા છે. જેમ શીતલ જળને તેજનો સંગ થતાં તેમાં ઉષ્ણતા આવેછે તેમ પ્રકૃતિના ગુણોએ રહિત અને નિર્મળ સ્વરૂપ જેનું છે એવા પણ જીવમાં ગુણોનો સંબન્ધ લાગુ થાય છે ॥ ૧૨-૧૪ ॥

तत्र केचित्तामसास्तु राजसा अपरे नृप ! ।
मिश्रसत्त्वाश्च सन्त्यन्ये स्वस्वकर्मानुसारतः ॥ १५ ॥
राजसास्तामसास्तत्र स्वगुणानुगुणान् नृप ! ।
राजसान् तामसांश्चैव श्रद्धया पर्युपासते ॥ १६ ॥

હે નૃપ ! તેમાં પોતપોતાના પૂર્વ કર્મોને અનુસારે કેટલાક તમોગુણ પ્રધાન, તો બીજા કેટલાક રજોગુણ પ્રધાન, તો બીજા કેટલાક રજતમ મિશ્રિત સત્ત્વગુણવાળા છે એમ ગુણોની તારતમ્યતાને લીધે સૃષ્ટિમાં ભેદ મનાય છે, તેમાં જે રાજસ તામસ જનો છે તે પોતાના ગુણોને અનુગુણ (મળતા) આવે એવા રાજસ તામસ દેવોનું શ્રદ્ધાથી ઉપાસન કરે છે. જેવા ગુણવાળા પોતે છે તેવા ગુણવાળા દેવોને ભજે છે. ગુણોથી મળતાપણું આવી જાય છે ॥ ૧૫-૧૬ ॥

यजन्ति सात्त्विका देवान् यक्षरक्षांसि राजसाः ।
भूतप्रेतगणांश्चैव यजन्ते तामसास्तथा ॥ १७ ॥
त एते कर्मवशगान् ब्रह्मादीन् पर्युपासते ।
मिश्रसत्त्वास्तु ते प्रोक्ता गुणतत्त्वविशारदैः ॥ १८ ॥
ए वै सर्वान्तरात्मानं भगवन्तमधोक्षजम् ।
देवतान्तरसाम्येन पश्यन्तस्तं च सेवते ॥ १९ ॥

આ બાબતને સ્પષ્ટ કહે છે—જેઓ સાત્ત્વિક છે તે દેવોને ઉપાસે છે. જેઓ રાજસ છે તે યક્ષ રાક્ષસ વિગેરેને ઉપાસે છે, જેઓ તામસ છે તે ભૂત પ્રેતગણોને ઉપાસે છે. એમ જેવા ગુણવાળા પોતે છે તેવા ગુણવાળા દેવોને ભજે છે. આ વિભાગ ગીતામાં કહ્યો છે॥ તે આ સર્વે જનો

સ્વકર્મને વશ વર્તનારા બ્રહ્માદિ દેવોને ઉપાસે છે. ગુણ તત્ત્વના વિવેચકોએ જેમને મિશ્ર સત્ત્વગુણવાળા માન્યા છે તેઓ તો સર્વાન્તરાત્મા ભગવાન્ અધોક્ષજ (ઇન્દ્રિયોને અગોચર) છે તેમને પણ બીજા દેવોને સમાન માનીને ભજે છે. સર્વાન્તરાત્માને બ્રહ્માદિ દેવોથકી પૃથક્ અધિકપણે માનતા નથી ॥ ૧૭-૧૯ ॥

विशुद्धसत्त्वनिष्ठा ये ते पुनर्निर्गुणं विभुम् ।
वासुदेवं परात्मानं सर्वाधिकमुपासते ॥ २० ॥
एते विशुद्धसत्त्वस्थाः निर्गुणाः परिकीर्तिताः ।
निर्गुणस्य हरेः सङ्गात्तत्क्रियाद्याश्च निर्गुणाः ॥ २१ ॥

જેઓ વિશુદ્ધ સત્ત્વમાં નિષ્ઠાવાળા વર્તે છે તેઓ તો માયાના ગુણોએ રહિત હોવાથી નિર્ગુણપણે નિરૂપેલા, સર્વવ્યાપક, વાસુદેવ પરમાત્મા નારાયણને સર્વ દેવોની અપેક્ષાએ અધિકપણે માનીને ભજે છે. પરમાત્મા નારાયણનું પારમ્ય માને છે. તે આ વિશુદ્ધ સત્ત્વગુણી જનોને નિર્ગુણપણે કહ્યા છે. કેમકે નિર્ગુણ શ્રીહરિના સંબન્ધને લીધે તેમની ક્રિયા વિગેરે સર્વે નિર્ગુણ થાય છે. શિક્ષાપત્રીમાં આ બાબત વિવેચી છે ॥ ૨૦-૨૧ ॥

ये चैव राजसान् देवान् तामसांश्चाप्युपासते ।
ते ते तत्तत्पदं प्राप्य प्रच्यवन्ते पदक्षये ॥ २२ ॥
यदा तत्तद्देवतानां क्षयित्वं कर्महेतुकम् ।
तदा तत्सेवकानां तत्कैमुत्यन्यायतो भवेत् ॥ २३ ॥

જે જનો રાજસ કે તામસ દેવોને ઉપાસે છે તેઓ તેતે દેવોના પદને પામીને પણ તે પદનો પ્રક્ષય થતાં પ્રચ્યુતિને પામે છે. સ્થિર રહેતા નથી. '**क्षीणे पुण्ये मर्त्ये लोकं विशन्ति**' એવી અભિયુક્તિ છે. જ્યારે તેતે દેવતાઓનુંજ કર્મકારણને લીધે ક્ષયિપણું નિશ્ચિત છે તો પછી તેના સેવકોની એવી ક્ષયગતિ થાય તે તો કૈમુત્ય ન્યાયસિદ્ધ છે. એમાં કાંઈ કહેવાનું નથી. થાયજ. સ્વામીની એવી ગતિ થાય તો સેવકોની પણ થાય જ ॥ ૨૨-૨૩ ॥

वासुदेवं प्रपन्नानां न च्यवोऽस्ति कदाचन ।
यतोऽच्युतः स निर्दिष्टस्त्वनन्तश्च श्रुतीरितः ॥ २४ ॥
नान्येषां मोक्षदाने तु देवानां शक्तिरस्ति वै ।
भगवन्तं वासुदेवं पुण्डरीकाक्षमन्तरा ॥ २५ ॥

વાસુદેવ ભગવાનના શરણને જેઓ પામ્યા છે તેમની કદાપિ પ્રચ્યુતિ નથી. કારણ કે એમને **'शाश्वतं शिवमच्युतं' 'सत्यं ज्ञानमनन्तं'** ઈત્યાદિ શ્રુતિઓમાં અચ્યુત અને અનંતપણે નિરૂપ્યા છે. **यद्गत्वा न निवर्तन्त तद्धाम परमं मम'**, એમ ભગવાને કહ્યું છે મોક્ષદાનમાં બીજા ભવ બ્રહ્માદિ દેવોની શકિત નથી. એ શકિત તો **'कप्यासं पुण्डरीकमिव अक्षिणी'** આ શ્રુતિમાં કમળનયનપણે નિરૂપેલા ભગવાન વાસુદેવનીજ છે. **'वरं वृणीष्व भद्रं ते ऋते कैवल्यमद्य नः । एक एवेश्वरस्तस्य भगवान् विष्णुरव्ययः ।** એમ એ દેવોએજ કહ્યું છે ॥ ૨૪–૨૫ ॥

ये च कर्मवशा देवास्तेऽसन्तो भववर्धनाः ।
अनुपास्या मुमुक्षूणामिति व्यासादिसम्मतम् ॥ २६ ॥

જે કર્મ પરવશ દેવો છે તેતો **અસત્** શબ્દથી કહ્યા છે તે તો જન્મમરણરૂપ ભવને વધારનારા છે–નિવારનારા નથી. માટે મુમુક્ષુઓએ તે દેવોનું ઉપાસન ન કરવું એમ વ્યાસાદિક મુનિઓ કહે છે ॥ ૨૬ ॥

अथासतां लक्षणानि पुरुषाणां ब्रवीम्यहम् ।
राजसीं तामसीं ते वै प्रकृतिं मोहिनीं श्रिताः ॥ २७ ॥
सर्वभूतान्तरात्मानं श्रीहरिं नाभिजानते ।
ज्ञात्वाऽपि द्वेषमधिकं कुर्वन्ति च हिरण्यवत् ॥ २८ ॥

હવે અસત્ પુરુષોનાં લક્ષણોને કહું છું. (જેથી એમનું ઓળખાણ પડે) રાજસી (અસુરસંબન્ધી) અને તામસી (રાક્ષસસંબન્ધી) મોહિની પ્રકૃતિ (સ્વભાવ) ને આશરેલા તેઓ સર્વભૂતોના અંતરાત્મા શ્રીહરિને જાણતા નથી. જાણે તથાપિ હિરણ્યકશિપુનિ પેઠે અધિક દ્વેષને કરે છે. **'अवजानन्ति मां मूढाः** એમ ભગવાનજ કહે છે. આ પ્રથમ લક્ષણ છે ॥ ૨૭–૨૮ ॥

कृतघ्ना नास्तिका मूढा दम्भमानमदान्विताः ।
धर्मबुद्ध्या प्रसक्ताश्च पापाचारेषु भूरिषु ॥ २९ ॥
कालं कर्म यदृच्छां वा कामं वा क्षुद्रदेवताम् ।
जगत्सृष्टयादिमूलं तु मन्यमाना विकत्थनाः ॥ ३० ॥

વળી તે અસંતો કૃતઘ્ની, નાસ્તિક, મૂઢ (વિપરીત જ્ઞાનવાળા) અને દંભ, માન, મદ એ આદિક દોષોએ ભરેલા હોય છે. 'આજ ધર્મ છે' એવી બુદ્ધિથી પાપચારોમાં પુષ્કળ પ્રસકત હોય છે. અને આ જગતની સૃષ્ટિ આદિક થાય છે તેમાં કાળ, કર્મ ઈચ્છા, કામ અને ક્ષુદ્ર, દેવતાઓને મૂળ તરીકે કહે છે. તેઓ જ સૃષ્ટિ આદિકના કર્તા છે એમ માનીને અનાદિ પરમેશ્વરને નકારે છે. એમ માનીને એવી જ લવરી કર્યા કરે છે. એજ અસંતનું લક્ષણ છે. ॥ ૨૯–૩૦ ॥

सन्ततं हरिभक्तेभ्यो द्रुह्यन्तः साधुहिंसकाः ।
ज्ञानोपदेशभजनमिषतो लोकवञ्चकाः ॥ ३१ ॥
परस्त्र्यादिप्रसक्ताश्च वर्णसङ्करकारकाः ।
स्त्रीस्त्रैणकृतमैत्राश्च मद्यमांसादिलोलुभाः ॥ ३२ ॥
निन्दन्तो वैदिकं धर्मं पाषण्डागमसंश्रिताः ।
असन्तः कथिताः सद्भिरेते तत्त्वार्थदर्शिभिः ॥ ३३ ॥

વળી કેવા? તો નિરંતર હરિભક્તોનો દ્રોહ કરનારા, સાધુઓની હિંસા કરનારા, જ્ઞાનોપદેશ અને ભજનના મિષથી ભોળા લોકોને છેતરનારા, પરસ્ત્રીસંગ આદિકમાં આસક્તિવાળા, વર્ણસંકરપણાને કરનારા, સ્ત્રી તથા સ્ત્રી લંપટની સાથે મૈત્રી રાખનારા, મદ્ય માંસ આદિક અભક્ષ્યમાં બહુ લોલુપતાવાળા, પાખંડ શાસ્ત્રોનો આશ્રય લઈને વૈદિક ધર્મોને નિંદનારા, ઈત્યાદિ કુલક્ષણવાળા હોય તે અસંત છે એમ તત્ત્વદર્શી સંતો કહે છે ॥ ૩૧–૩૩ ॥

एतेषां सङ्गतो बुध्धेर्नाशो भवति देहिनाम् ।
पापकर्मप्रवृत्तिश्च निरयद्वारमन्वहम् ॥ ३४ ॥

अधर्मसर्गपूगश्च वर्धतेऽसत्समागमात् ।
ततश्च राजसीं योनिं तामसीं वा प्रपद्यते ॥ ३५ ॥
वरमग्नौ सम्प्रवेशो वरं पञ्जरसंस्थितिः ।
वरं क्रुध्यदहिक्रीडा नासतां तु समागमः ॥ ३६ ॥

આવા અપલક્ષવાળા અસંતોનો સંગ કરવાથી જીવોની બુદ્ધિનો નાશ થઈ જાય છે અને એ કારણે તેની નિરંતર નરકદ્વારભૂત પાપ કર્મોમાં પ્રવૃત્તિ થાય છે. એટલું જ નહિ પણ પછી અસત્સમાગમથી અધર્મસર્ગનો સમુદાય વધતો જાય છે. નરમ પડતો નથી. તે પછી મરણ પામતાં, રાજસી (આસુરી) તામસી (રાક્ષસી) યોનિને પામેછે. એમ ઉત્તરોઉત્તર અધો અધોગતિને પામે છે, માટે અગ્નિમાં પ્રવેશ કરવો એ સારો છે અને પાંજરામાં બંધાઈ રહેવું એ સારૂં છે. અને ક્રોધાક્રાંત સર્પ સાથે ક્રીડા કરવી સારી છે પરંતુ અસંતોનો સમાગમ બિલકુલ સારો નથી. કેમકે સર્વથી સમધિક અનર્થ એમાં છે ॥ ૩૪-૩૬ ॥

असच्छास्त्रस्वरूपं च वक्ष्यामि हितकाम्यया ।
यत्सेवनान्नरो भ्रष्टस्तमोऽन्धं प्रतिपद्यते ॥ ३७ ॥
यन्नास्तिकैः प्रणीतं यत्पाषण्डैः परिकल्पितम् ।
तद्ग्रन्थजातं विद्वांसो न सदित्यभिचक्षते ॥ ३८ ॥

હે રાજન્! હવે તમારૂં હિત કરવાની ઈચ્છાથી અસચ્છાસ્ત્રોનું સ્વરૂપ કહું છું. જેના શ્રવણાદિ સેવનથી સુજ્ઞ મનુષ્ય પણ ભ્રષ્ટ થઈને અંધતમ નરકને પામે છે. નાસ્તિકો (વેદમાં વિશ્વાસે વર્જીત તેમજ પાખંડો (વેદ ધર્મનું ખંડન કરનારા) તેમજ દેવતાંતરનું પારમ્ય પ્રતિપાદનારા) એમણે પરિકલ્પેલા સમગ્ર ગ્રંથો છે તે 'અસત્ છે' એમ વિદ્વાનો કહે છે ॥ ૩૭-૩૮ ॥

अनादिनिधना या वै पुराणी ब्रह्मसंज्ञिका ।
वेदवाक् पद्मनाभस्य मुखपद्माद्बभौ स्वतः ॥ ३९ ॥
तद्विरुद्धार्थका ग्रन्था धर्माभासनिरूपकाः ।
असन्त इति विज्ञेया दृष्टार्था अपि साधुभिः ॥ ४० ॥

જેની ઉત્પત્તિ કે નાશ નથી એવી અને જેનું 'બ્રહ્મ' નામ છે એવી જે વેદવાણી ભગવાનના મુખ થકી સ્વતઃ પ્રાદુર્ભવી છે. તેનાથી વિરુદ્ધ એવા અર્થોને પ્રતિપાદનારા જે ગ્રંથો છે તે બધા જ ધર્માભાસને નિરૂપનારા હોઈને 'અસત્ છે' એમ સમજવું. ભલે પછી તે ગ્રંથો સાધુઓએ સ્વાનુભવ જ્ઞાનથી કરેલા હોય ॥ ૩૯-૪૦ ॥

अन्यस्य यत्र पारम्यं वर्ण्यते श्रीहरिं विना ।
यच्चानीश्वरवादाढ्यमसत्तदिति भावय ॥ ४१ ॥

दिव्यरूपगुणस्थानविभूतिमहिमादिकम् ।
हरेर्निषिध्यते यत्र तच्चासच्छास्त्रमिष्यते ॥ ४२ ॥

नीरूपं निर्गुणं ब्रह्म जीवात्माभिन्नमीर्यते ।
यत्राऽसत्तदिति ज्ञेयमपि प्राज्ञजनैः कृतम् ॥ ४३ ॥

જેમાં શ્રીહરિ વિના અન્ય દેવોનું પારમ્ય (પરપણું) વર્ણવ્યું હોય, જેમાં ઈશ્વરનું અસ્તિત્વજ સ્વીકારવામાં ન આવ્યું હોય તેને પણ 'અસત્' શાસ્ત્ર સમજો. જેમાં પરમાત્માના દિવ્ય રૂપ, ગુણ, ધામ.વિભૂતિ આદિકના મહિમાનો નિષેધ કરવામાં આવ્યો હોય તે પણ અસત્ શાસ્ત્ર છે એમ સમજો. જેમાં પરમાત્માને નિર્ગુણ ગુણશૂન્ય) અને નિરાકાર (આકારે રહિત) અને તે જીવાત્મા થકી જુદા નથી (એક જ છે) એમ પ્રતિપાદન કર્યું હોય, પછી તે ભલે પ્રાજ્ઞ જનોએ કરેલું હોય તો પણ તે અસત્ છે એમ જાણો ॥ ૪૧-૪૩ ॥

कृष्णकृष्णावताराणां खण्डनं यत्र युक्तिभिः ।
क्रियतेऽसन्ति तान्यद्धा नोपजीव्यानि सात्त्विकैः ॥ ४४ ॥

या वेदबाह्याः स्मृतयो याश्च काश्च कुदृष्टयः ।
सर्वास्ता निष्फलाः प्रेत्य तमोनिष्ठाः मनूदिताः ॥ ४५ ॥

જેમાં પરંબ્રહ્મ કૃષ્ણ અને તેમના અવતારોનું યુક્તિથી ખંડન કરવામાં આવ્યું હોય તે પણ અસચ્છાસ્ત્રો છે એમ જાણીને સાત્વિકોએ તેને ઉપયોગમાં લેવાં નહિ. ત્યાગ કરવા યોગ્ય છે. જે સ્મૃતિઓ વેદમૂળક નહિ હોઈને વેદબાહ્ય છે અને જે કોઈ કુદૃષ્ટિ–અસત્ તર્કો જેમાં મૂળ

છે એવાં વેદ વિરુદ્ધ ચાર્વાકાદિ દર્શનો છે. તે સર્વે પરલોક માટે નિષ્ફળ છે, કેમકે તેનું ફળ અંતે નરક પ્રાપ્તિ છે એમ મનુએ કહ્યું છે ॥ ૪૪–૪૫ ॥

राजसस्य तु पारम्यं कीर्त्यते तामसस्य वा ।
यत्र देवस्य तच्छास्त्रं राजसं तामसं तु वा ॥ ४६ ॥

सत्त्वमूर्तेर्भगवतो माहात्म्यं श्रीहरेः श्रुतम् ।
यत्र तत्सात्त्विकं ज्ञेयमुपजीव्यं च सात्त्विकैः ॥ ४७ ॥

धर्मा निरूपिता यत्र कृष्णभक्तिविनाकृताः ।
सा वा धर्मपथापेता न सच्छास्त्रं भवेत्तु तत् ॥ ४८ ॥

धर्मेण सहिता कृष्णभक्तिः कार्या निरन्तरम् ।
इति सच्छास्त्रतात्पर्यं धर्मतत्त्वविदो विदुः ॥ ४९ ॥

જેમાં રાજસી તામસી દેવોનું પારમ્ય પ્રતિપાદ્યું હોય તે શાસ્ત્ર રાજસ તામસ સમજવું. જેમાં સત્ત્વમૂર્તિ ભગવાન્ શ્રીહરિનું માહાત્મ્ય (પારમ્ય) પ્રતિપાદ્યું હોય તે શાસ્ત્ર સાત્ત્વિક સમજવું. સાત્ત્વિકોએ એનો જ ઉપયોગ મોક્ષાર્થે કરવો. '**सात्त्विकैः सेव्यते विष्णुः**' '**सत्त्वस्यैव प्रवर्तकः**' '**सत्त्वं नारायणात्मकं**' ઇત્યાદિ વચનોએ નારાયણને સત્ત્વ ગુણના પ્રવર્તકપણે નિરૂપ્યા હોવાથી સાત્ત્વિકોએ શ્રીનારાયણ વિષ્ણુનું ઉપાસન કરવું. એમાં ભૃગુ ઋષિની કથા ભાગવતોક્ત છે ॥ જેમાં કૃષ્ણભક્તિ વિનાના ધર્મો નિરૂપ્યા હોય અથવા એ ભક્તિ, ધર્મે રહિત નિરૂપી હોય તે પણ સચ્છાસ્ત્ર ન સમજવું. ધર્મે સહિત કૃષ્ણભક્તિ નિરંતર કરવી એવું સચ્છાસ્ત્રોનું પરમ તાત્પર્ય છે એમ ધર્મતત્ત્વને જાણનારા કહે છે ॥ ૪૬–૪૯ ॥

वेदवेदान्ताविरुद्धा तत्त्वधर्मा यतस्ततः ।
ग्राह्या भ्रमरनीत्या तु सारभूता विपश्चिता ॥ ५० ॥

असच्छास्त्रेषु सङ्गेन बुद्धिर्भ्रश्येद् ध्रुवं सती ।
तस्मादसच्छास्त्रसङ्गं दूरतः परिवर्जयेत् ॥ ५१ ॥

असच्छास्त्रेषु ये प्रोक्ताः श्रौतधर्मविरोधिनः ।
सुरामांसमयाः क्षुल्लदेवताराधनादयः ॥ ५२ ॥
यच्चाभिचारिकं कर्म प्राणिहिंसात्मकं बहु ।
व्यभिचारादिगर्भं च शाक्ताद्युक्तमसत्तु तत् ॥ ५३ ॥

વેદ અને વેદાંત સાથે વિરોધને નહિ લાવનારા જે જે તત્ત્વધર્મો હોય તે જ્યાંથી ત્યાંથી ભ્રમર નીતિએ સારભૂત તરીકે વિચક્ષણોએ ગ્રહણ કરવા. ભમરો જેમ પુષ્પોમાંથી સારને ગ્રહણ કરે છે તેમ સારભૂત ધર્મો જ્યાંથી ત્યાંથી પણ ગ્રહણ કરવા. એમ દત્તાત્રેય મુનિ કહે છે. અસચ્છાસ્ત્રોનો શ્રવણાદિ સંગ કરવાથી સદ્બુદ્ધિ પણ નિશ્ચય નાશ પામી જાય છે માટે અસત્ શાસ્ત્રોનો સંગ તો દૂરથી ત્યાગ કરવો. એનું શ્રવણ પઠન ન કરવું ॥ જે અસત્ શાસ્ત્રોમાં શ્રુતિપ્રોક્ત ધર્મો થકી વિરોધી સુરામાંસમય ક્ષુદ્રદેવતારાધન આદિક ધર્મો કહ્યા છે. સુરામાંસથી દેવોનું આરાધન કહ્યું હોય અને જેમાં પ્રાણીહિંસા રહેલી હોય એવું આભિચારિક કર્મ પણ વર્ણવ્યું હોય અને શાકત આદિકે કહેલું વ્યભિચારાદ ગર્ભિત વર્ણવ્યું હોય તેપણ અસત્ શાસ્ત્ર સમજવું ॥ ૫૦–૫૩ ॥

दम्भमानकलिक्रोधहिंसालोभस्मरादिभिः ।
समान्विताः क्रियाः सर्वा धर्माभासाः प्रकीर्तिताः ॥ ५४ ॥
असत्स्वेषु चतुर्षु स्याद्यस्य सङ्गोऽविवेकिनः ।
कुसङ्गी कथितः सोऽयं सानुबन्धो विनश्यति ॥ ५५ ॥
तस्मात्सर्वात्मना सङ्गोसद्भिस्त्याज्यो मुमुक्षुणा ।
सतां चतुर्णां सङ्गात्तु श्रेयः प्राप्नोति नासताम् ॥ ५६ ॥

જે ક્રિયાઓમાં દંભ માન કલિ ક્રોધ હિંસા લોભ કામ આદિક દોષોનો સમન્વય હોય તે સર્વે ધર્માભાસ કહી છે. એમાં કહેવા માત્ર ધર્મ છે. વસ્તુતઃ નથી. **અસદ્** શબ્દથી કહેલા આ ચારનો જે અવિવેકીને સંગ થાય તેને **કુસંગી** કહ્યો છે. તેતો અનુબન્ધી જનો સાથે પોતે નાશ પામે છે. કશું શ્રેય પામતો નથી. માટે મુમુક્ષુ મનુષ્યે અસત્ જનોનો સંગ સર્વ પ્રકારે (નવ પ્રકારે) ત્યાગ કરવો. કશોજ સંબન્ધ રાખવો નહિ. **સત્**

શબ્દથી કહેલા ચારનો સંગ કરવાથી તો શ્રેયની પ્રાપ્તિ થાય છે. અસંતોના સંગથી શ્રેયની પ્રાપ્તિ થતી નથી ॥ ૫૪-૫૬ ॥

नारायणमुखोद्भूतो वेदो नारायणात्मकः ।
तन्मूलाश्चाविरुद्धाश्च स्मृतयो मुनिकल्पिताः ॥ ५७ ॥

मीमांसावेदवेदान्तवाक्यार्थाणां विचारिका ।
साक्षान्नारायणप्रोक्तः पाञ्चरात्रागमस्तथा ॥ ५८ ॥ ३

इतिहासो पुराणानि सात्त्विकानि तथैव च ।
यच्चैषामनुकूलं च सच्छास्त्रं तत्प्रकीर्तितम् ॥ ५९ ॥

નારાયણના મુખથકી ઉદ્ભવેલો જે વેદ તે નારાયણને પરપણે નિરૂપનારો હોવાથી નારાયણાત્મક કહ્યો છે, '**नारायणपरा वेदाः**' એવું વચન છે. વેદો મૂળ જેમાં છે એવી અને વેદ થકી વિરુદ્ધ નહિ એવી જે સ્મૃતિઓ યાજ્ઞલ્કયાદિ મુનિઓએ રચેલી છે તથા વેદ અને વેદાંતનાં વાક્યોના અર્થોના વિચારરૂપ જે પૂર્વોત્તર મીમાંસા છે. તથા સાક્ષાત્ નારાયણે કહેલો પાંચરાત્રાગમ છે તથા મહાભારત ઇતિહાસ છે તથા ભાગવતાદિ સાત્ત્વિક પુરાણો છે એ સર્વે પણ સચ્છાસ્ત્રો છે. આ શાસ્ત્રોને જે અનુકૂળ-મળતું આવે તે પણ સચ્છાસ્ત્ર કહ્યું છે. તેનું જ શ્રવણ પઠન કરવું ॥ ૫૭-૫૯ ॥

यत्र श्रीवासुदेवस्य साकारत्वविशुद्धते ।
दिव्यरूपगुणैश्वर्यविभुत्याद्यनुवर्णितम् ॥ ६० ॥

श्रीहरेरवताराणां दिव्यत्वं यत्र कीर्त्यते
तथाऽवतारचरितान्यघौघक्षालनान्यपि ॥ ६१ ॥

જેમાં શ્રીવાસુદેવનું સાકારપણું અને સર્વ અવસ્થામાં નિત્ય નિર્દોષપણું અને ભગવાનના દિવ્ય રૂપ, ગુણ, ઐશ્વર્ય વિભૂતિ આદિકનું વાસ્તવિકપણું વર્ણવ્યું હોય, શ્રીહરિના અવતારોનું દિવ્યપણું તથા પાપપુંજને નાશ કરનારાં અવતારચરિતોનું પણ દિવ્યપણું વર્ણવ્યું હોય તેપણ સચ્છાસ્ત્ર સમજવું ॥ ૬૦-૬૧ ॥

धर्मज्ञानविरक्त्यङ्गो भक्तियोगश्च मुक्तिदः ।
यत्र भागवताश्चापि धर्माः सङ्कीर्तिता नृप ! ॥ ६२ ॥
सक्षेपाद्विस्तराद्वाऽपि सच्छास्त्रं तद्विबुद्ध्यताम् ।
ममाभीष्टानि तान्यत्र कथयामि निबोध मे ॥ ६३ ॥

જેમાં મુકિતદાતા કેવળ ભકિતયોગ નહિ પણ ધર્મ જ્ઞાન વૈરાગ્ય-માહાત્મ્યજ્ઞાન આદિક સાધનોએ સહિત (સાંગ) વર્ણવ્યો હોય અને જેમાં ભાગવત ધર્મોનું નિરૂપણ હોય તે સચ્છાસ્ત્ર સમજવું. તે ભલે સંક્ષેપમાં હોય કે વિસ્તારથી હોય પણ તેને જ સચ્છાસ્ત્ર માનવું. ઉપર્યુકત સચ્છાસ્ત્રોમાં મને જે અભીષ્ટ છે તેને હવે કહું છું તેને મારા થકી જાણો ॥ ૬૨–૬૩ ॥

वेदाश्च व्याससूत्राणि श्रीमद्भागवताभिधम् ।
पुराणं भारते तु श्रीविष्णोर्नामसहस्त्रकम् ॥ ६४ ॥
तथा श्रीभगवद्गीता नीतिश्च विदुरोदिता ।
श्रीवासुदेवमाहात्म्यं स्कान्दवैष्णवखण्डगम् ॥ ६५ ॥
धर्मशास्त्रान्तर्गता च याज्ञवल्क्यऋषेः स्मृतिः ।
एतान्यष्ट ममेष्टानि सच्छास्त्राणि भवन्ति हि ॥ ६६ ॥

વેદો, તેની પેઠે વ્યાસસૂત્રો, શ્રીમદ્ભાગવત પુરાણ, શ્રીવિષ્ણુનામ સહસ્ત્ર, ભગવદ્ગીતા અને વિદુરનીતિ, (આ ત્રણ ભારતમાં આવેલાં) સ્કંદ પુરાણના વિષ્ણુખંડમાં આવેલું શ્રી વાસુદેવમાહાત્મ્ય, ધર્મશાસ્ત્રોની અંદર ગણાતી યાજ્ઞવલ્ક્યઋષિકૃત સ્મૃતિ, આ આઠ સચ્છાસ્ત્રો મને ઇષ્ટ–પ્રીતિપાત્ર છે. પ્રીતિ પ્રદર્શનથી કોઈ કોઈ વિશેષ કહેવા ઇચ્છયો જણાય છે, એ ઉપરથી બીજાં શાસ્ત્રો પ્રમાણ નથી એમ નહિ, એમ મનાય તો વિષ્ણુ પુરાણ વિગેરે જે સાત્ત્વિક શાસ્ત્રો છે તેની પણ અપ્રમાણતા આવે. તેમાં જે વેદો છે તે કોઈ પુરુષે રચેલા નહિ હોઈને તેમાં પુરુષના સંબંધવાળા ભ્રમ વંચના વિગેરે દોષોનો અવકાશ નથી. માટે તે અપૌરુષેય અને સ્વતઃ પ્રમાણ મનાય છે. એમાં આત્મસ્વરૂપને જાણતો હોય કે ન જાણતો હોય એ સર્વેનું શુભ કરવાપણું અને માતાની પેઠે પ્રિયહિતનું કરવાપણું એ વિશેષ છે. એ કારણથી વેદોની મુખ્ય ઈષ્ટતા છે. વેદોજ મૂળ હોવાથી

તેની પેઠે બીજાં શાસ્ત્રોની પ્રમાણતા છે. સમગ્રવેદોના તાત્પર્યવિષયભૂત પરબ્રહ્મનો નિર્ણય કરી આપવો એ વ્યાસસૂત્રનો વિશેષ છે. એને બ્રહ્મમીમાંસા કહે છે. બ્રહ્મપ્રાપ્તિના ઉપાયભૂત જે ભક્તિ તેના પ્રકાશનની પુષ્કલતા અને ભાગવત ધર્મનો બોધ એ ભાગવતમાં વિશેષ છે. વળી ભાગવત ધર્મના નહિ નિરૂપણને લીધે વ્યાસજીને શોક ઉપજ્યો હતો એ બાબત ભાગવતનાં આરંભમાંજ જણાવી છે. ધર્માદિ સમગ્ર પુરુષાર્થને સંપાદનાર સ્વાદુતમ લઘુતર ઉપાયનું પ્રદર્શન એ વિષ્ણુનામસહસ્રમાં વિશેષ છે ભગવાનના નામરૂપ જે અમૃત છે તે અત્યંત સ્વાદુ છે અને સુકર ઉપાય છે એ બાબત સર્વ શાસ્ત્રોમાં સુપ્રસિદ્ધ છે. એકતો ભગવાનના મુખારવિંદ થકી નિકળેલી છે અને સર્વોત્કૃષ્ટ શરણાગતિ ઉપાયને પ્રદર્શાવનાર છે એ ગીતામાં વિશેષ છે. વકતા સાત્ત્વિક છે અને નીતિ ધર્મપરા છે એ વિદુર નીતિમાં વિશેષ છે. વાસુદેવ માહાત્મ્યમાં તો પરબ્રહ્મભૂત પુરુષોત્તમ અક્ષરાધિપતિ પ્રકટ દેવતાવિશેષની પ્રતિપત્તિ એ વિશેષ છે. યાજ્ઞવલ્કય સ્મૃતિમાં બીજી સ્મૃતિઓની અપેક્ષાએ અધ્યાત્મવિચારની અધિકતા અને યાજ્ઞવલ્કય પોતે બ્રહ્મજ્ઞાનિઓમાં અગ્રેસર હતા એ વિશેષ છે. આવા વિશેષને લીધે શ્રીહરિએ પ્રીતિ પ્રદર્શાવી છે. એ ઉપરથી બીજાં અપ્રમાણ છે એમ ન સમજવું. હિતનું અનુશાસન કરે તે **શાસ્ત્ર** કહેવાય. પ્રમાણરૂપ હોવાથી એને સચ્છાસ્ત્ર તરીકે કહે છે ॥ ૬૪-૬૬ ॥

तत्राचारव्यवहृतिनिष्कृतानां च निर्णये ।
ग्राह्या मिताक्षरोपेता याज्ञवल्कयस्य तु स्मृतिः ॥ ६७ ॥
श्रीमद्भागवतस्यैषु स्कन्धौ दशमपञ्चमौ ।
सर्वाधिकतया ज्ञेयो कृष्णमाहात्म्यबुद्धये ॥ ६८ ॥
दशमः पञ्चमः स्कन्धो याज्ञवल्कयस्य च स्मृतिः ।
भक्तिशास्त्रं योगशास्त्रं धर्मशास्त्रं क्रमेण मे ॥ ६९ ॥

તે સચ્છાસ્ત્રો મધ્યે નિત્ય નૈમિત્તિકાદિ સદાચાર, ઋણાદાનાદિ વ્યવહાર અને પાપ વિશોધનરૂપ પ્રાયાશ્ચત, આ ત્રણનો નિર્ણય કરવામાં કેવળ મૂળ કે બીજી ટીકાઓ નહિ પણ વિજ્ઞાનેશ્વર પંડિતે કરેલી મિતાક્ષરા નામની ટીકાયુક્ત ગ્રહણ કરવી. ધર્મશાસ્ત્રો પૈકી યાજ્ઞવલ્કય સ્મૃતિમાં આદર

દર્શાવ્યો છે, એ ઉપરથી ધર્મનિર્ણયમાં તેનું પ્રામાણ્યતો સિદ્ધ છે. પરંતુ તેના અર્થના નિશ્ચયમાં બીજી વ્યાખ્યાઓની અપેક્ષાએ મિતાક્ષરાનોજ આદર કરવો એમ જણાવ્યું છે. ત્રણ બાબતોજ શબ્દથી કહેલી હોવાથી તેમાંજ તેનું પ્રામાણ્ય સમજવું પણ તેમાં જે અધ્યાત્મ પ્રકરણ છે તેમાં પ્રમાણ્ય સમજવું નહિ અધ્યાત્મ પ્રકરણમાં જે જીવ બ્રહ્મની એકતાપર વ્યાખ્યાન છે તે અંશમાં અનાદર જાણવો એ અર્થ સિદ્ધ થાય છે ॥ શ્રી મદ્‌ભાગવતના બાર સ્કંધો મધ્યે **દશમ** અને **પંચમ** આ બે જે સ્કંધો તે શ્રીકૃષ્ણનું અક્ષરપરત્વાદિ માહાત્મય જાણવા માટે સર્વશાસ્ત્રોની અપેક્ષાએ અધિક જાણવા, કેમકે એ બે સ્કંધોથી અનાયાસથીજ માહાત્મ્યજ્ઞાનની સિદ્ધિ થાય છે. દશમમાં વૃંદાવનાદિ સ્થાનોમાં કૃપાથી સ્થાવર પશુ પક્ષી આદિક જીવોનો ઉદ્ધાર કર્યો છે જેથી ભગવાનનું કર્મબંધ મોચનરૂપ સામર્થ્ય વિગેરે મહિમા દર્શાવ્યો છે, એજ રીતે આખા સ્કંધમાં એવી કથાઓ બહુ છે. એજ રીતે પંચમ સ્કંધમાં પણ જાણી લેવું. તેમાં ભગવાનના ઉપાસકોનો મહિમા વર્ણવવા દ્વારા ભગવાનનો મહિમા મોક્ષ પ્રદાન પર્યંતનો વિશેષપણે વર્ણવ્યો છે. તાત્પર્ય એ છે કે-શ્રુતિઓમાં ભગવાનના આનંદાદિ દિવ્ય ગુણો વર્ણવ્યા છે. કિંબહુનાપરંબ્રહ્મ સ્વરૂપથી અને ગુણોથી અનવધિકાતિશય અને કલ્યાણ ગુણ પરિપૂર્ણ છે એમ પણ વર્ણવ્યું છે તથાપિ સર્વથી સમુત્કૃષ્ટ સૌશીલ્યગુણ કે જે આશ્રયણમાં અત્યંત ઉપયોગી છે તે તો શ્રુતિઓએ નહિ પણ દશમ સ્કંધેજ વર્ણવ્યો છે માટે માહાત્મ્ય જ્ઞાનમાં અત્યંત ઉપકારક દશમસ્કંધ અધિકપણે જાણવો ॥ મહાન્-સર્વોત્કૃષ્ટ આત્મા-સ્વરૂપ જેનું છે તે મહાત્મા કહેવાય, તેનો ભાવતે માહાત્મ્ય કહેવાય.

શ્રીમદ્ ભાગવતનો જે દશમ સ્કંધ તે ભક્તિશાસ્ત્ર છે. જે પંચમ સ્કંધ છે તે યોગશાસ્ત્ર છે. જે યાજ્ઞવલ્કય સ્મૃતિ છે તે ધર્મશાસ્ત્ર છે એમ જાણવું. તાત્પર્ય એવું છે કે-યાજ્ઞવલ્કય સ્મૃત્તિ છે તેતો ધર્મશાસ્ત્ર છે એ તો પ્રસિદ્ધ અર્થ છે. ભક્તિના આશ્રય શ્રીકૃષ્ણ છે, તેમનું વર્ણન દશમ સ્કંધમાં પ્રત્યેક અધ્યાયમાં છે. વળી ગોપીઓએ કરેલી નિરતિશય પ્રેમ રૂપ જે ફળ ભક્તિ તેનું આમાં જ સવિસ્તર નિરૂપણ છે. આ કારણથી તેને ભક્તિશાસ્ત્ર તરીકે કહી શકાય. અથવા ભગવાનમાં નિરતિશય સ્નેહ એને ભક્તિ કહે છે. ભગવાન્ વ્રજ, મથુરા, દ્વારકા, હસ્તિનાપુર, આ ચાર સ્થાનોમાં બહુધા રહ્યા છે. શ્રીકૃષ્ણ વિષે તે તે સ્થાનના સ્ત્રી

પુરુષોનો સર્વાધિક સ્નેહ આ સ્કંધમાં નિરૂપ્યો છે. માટે ભક્તિશાસ્ત્ર તરીકે કહી શકાય. યોગશાસ્ત્રનો જે સિદ્ધાંત છે તે પંચમ સ્કંધમાં પ્રિયવ્રત ભરત વિગેરે યોગિઓનાં ચરિત્રોના નિરૂપણથી વારંવાર પ્રતિપાદ્યો છે. તેથી યોગશાસ્ત્ર તરીકે તેને કહી શકાય. આ અમારો પોતાનો મત છે. એમાં સંપ્રદાયની અપેક્ષા નથી ॥ ૬૭–૬૯ ॥

शारीरकाणां भगवद्गीतायाश्चावगम्यताम् ।
रामानुजाचार्यकृतं भाष्यमाध्मात्मिकं मम ॥ ७० ॥

પૂર્વોક્ત પ્રમાણોમાં વ્યાસસૂત્રો અને ગીતાના અર્થનો નિર્ણય લેવામાં શાંકર કે બીજું તત્સોદર ભાષ્ય સ્વીકારવું નહિ, પરંતુ શ્રુતિ તાત્પર્ય સિદ્ધ જે વિશિષ્ટાદ્વૈત, તત્પરપણે પ્રવર્તેલું ભાષ્યજ ગ્રહણ કરવું એમ હવે કહે છે. આ સમગ્ર જગત્ જગદીશનું શારીર છે, માટે શારીર શબ્દથી પરમાત્મા લેવા. જીવ તો તેવો નથી, કેમકે તે તો કર્મને લીધે નિયમિત એક શરીરવાળો છે. માટે **શારીર** શબ્દ પરમાત્માં જ અસાધારણ પ્રવર્તે છે, તેના પ્રતિપાદન પર હોવાથી એ સૂત્રોને શારીરક સંજ્ઞાથી કહે છે. એનો 'શારીરક મીમાંસા' એવો પણ પ્રયોગ થાય છે. વ્યાસે રચેલાં હોવાથી 'વ્યાસ સૂત્રો' એમ કહેવાય છે. તે અને પરંબ્રહ્મ ભગવાન્ વાસુદેવે કહેલી જે ગીતા આ બે શાસ્ત્રો ઉપર રામાનુજાચાર્ય કે જેમનું અપરનામ લક્ષ્મણાચાર્ય છે તેમણે રચેલું જે ભાષ્ય તે અમોએ માનેલું આધ્યાત્મિક શાસ્ત્ર છે. જે સર્વાત્મા છે તેને અધિકાર કરીને પ્રવર્તેલું તે આધ્યાત્મિક કહેવાય. અધ્યાત્મશાસ્ત્ર પ્રતિપાદ્ય એવો જે હું તે મારો આ અભિપ્રાય છે. આ ભાષ્યમાં સ્વાભિમત જે ભગવાનનું સાકારપણું તેનું વિસ્તારથી પ્રતિપાદન હોવાથી આજ અમારૂં અધ્યાત્મજ્ઞાન શાસ્ત્ર છે એમ તમારે સર્વેએ સમજીને તેનું અધ્યયન શ્રવણ કરવું ૭૦ ॥

धर्माविरुद्धन्यायानां व्यवहारोपयोगिनाम् ।
सेव्यानां राजभिश्चापि ज्ञप्तिर्विदुरनीतितः ॥ ७१ ॥

कर्मज्ञानविरक्त्यङ्गयुता माहात्म्यसंयुता ।
कृष्णभक्तिः परा प्रोक्ता गीतायां हरिणा स्वयम् ॥ ७२ ॥

पारमैकान्त्यधर्माणां वर्णाश्रमवृषस्य च ।
श्रीवासुदेवमाहात्म्यात् व्यक्तिर्भवति निर्मला ॥ ७३ ॥

ધર્મ સાથે વિરોધ ન આવે એવા વ્યવહારમાં ઉપયોગી ન્યાયો (નીતિઓ) જે રાજાઓએ પણ ગ્રહણ સેવન કરવા યોગ્ય છે તેનું જ્ઞાન વિદુર નીતિ થકી થાય છે. કર્મ જ્ઞાન વૈરાગ્ય આ ત્રણ અંગવાળી અને માહાત્મ્ય જ્ઞાને યુક્ત એવી જે પરાભક્તિ તે સ્વયં શ્રીકૃષ્ણે ગીતામાં કહી છે. તે તે થકી જાણવી. આ બાબત રામાનુજાચાર્યે ગીતાર્થ સંગ્રહમાં **स्वधर्मज्ञानवैराग्यसाध्यभक्त्येकगोचरः । नारायणः परंब्रह्म गीता शास्त्रे समीरितः'** આ એક પદ્યમાં સંગ્રહી છે. પારમૈકાંતિક ધર્મો અને વર્ણાશ્રમ ધર્મનું નિર્મળ જ્ઞાન શ્રીવાસુદેવમાહાત્મ્ય થકી થાય છે તે જાણવું ॥ ૭૧–૭૩ ॥

विष्णोर्नामसहस्त्रं तु सर्वेप्सितफलप्रदम् ।
रोगशोकादिपीडानां शामकं जप्यमुत्तमम् ॥ ७४ ॥

एतेषु यानि वाक्यानि श्रीकृष्णस्य वृषस्य च ।
अत्युत्कर्षपराणि स्युस्तथा भक्तिविरागयोः ॥ ७५ ॥

तान्यभीष्टानि नितरां ममेति त्वं विभावय ।
स्वहितेच्छुभिरेतानि सदा सेव्यानि देहिभिः ॥ ७६ ॥

વિષ્ણુ નામ સહસ્ર તો સમગ્ર ઇપ્સિત ફળને આપનારૂં અને રોગ શોક આદિક પીડાને હરનારૂં હોવાથી એનો જપ કરવો એ ઉત્તમ છે ॥ આ શાસ્ત્રોમાં જે વચનો શ્રીકૃષ્ણ ભગવાન્, ધર્મ, ભક્તિ અને વૈરાગ્યના અતિ ઉત્કર્ષને કહેનારાં હોય તે મને અત્યંત અભીષ્ટ છે એમ તમો સમજો. પોતાનું હિત ઇચ્છતા સર્વ કોઈ મુમુક્ષુ જીવોએ પૂર્વોક્ત જ્ઞાન-જનક સચ્છાસ્ત્રોનું શ્રવણ–શ્રાવણ, પઠન–પાઠન આદિક પ્રકારથી સદાય સેવન કરવું. આ અંત્ય તાત્પર્ય છે ॥ ૭૪–૭૬ ॥

सच्छास्त्रसतताभ्यासी सद्धर्मी साधुसेवकः ।
भजते यो हरिं भक्त्या त्विहामुत्र स शर्मभाक् ॥ ७७ ॥

इदं नैःश्रेयसं ज्ञानं ज्ञानानामुत्तमं परम् ।
सर्वार्थदं सर्वदुःखप्रणाशकमुदीरितम् ॥ ७८ ॥

गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत्परं फलम् ।
कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः ॥ ७९ ॥

સત્ શબ્દથી કહેલાં સચ્છાસ્ત્રોનો સતત અભ્યાસ કરનારો **સત્** શબ્દથી કહેલા ધર્મોમાં નિષ્ઠાવાળો, **સત્** શબ્દથી કહેલા સાધુઓની સેવા કરનારો જે પુરુષ, મુખ્ય **સદ્** શબ્દ વાચ્ય શ્રીહરિને સાંગ ભક્તિથી ભજે છે તે આ લોકમાં અને પરલોકમાં પણ સુખને પામે છે ॥ આ જે જ્ઞાન તે નિઃશ્રેયસને કરનારૂં હોવાથી જ્ઞાનમાત્ર મધ્યે પરમોત્તમ માન્યું છે. સર્વ અર્થને આપનારૂં અને સર્વ દુઃખને સમાવનારૂં કહ્યું છે. આ જ્ઞાનમાં આવો વિશેષ છે. બુદ્ધિ વિગેરે ગુણવાળા પુરુષોના ગુણોનું એજ ઉત્કૃષ્ટ ફળ સમજવું- શું ? તો કૃષ્ણમાં ભક્તિ અને તેને સિદ્ધ કરનાર સત્સંગ, આ બેજ સર્વ ગુણોનું પરમ ફળ સમજવું. જો આ બે ગુણો ન આવે તો બીજા ગુણો નિષ્ફળ છે. ગમે તેવા વિદ્વજ્જનો હોય તો પણ અધઃ- મનુષ્ય થકી નીચી યોનિને પામે છે. તાત્પર્ય એ છે કે–કલ્યાણ માટે તો ભગવાનમાં ભક્તિ અને તેને સંપાદનાર સત્સંગ એ બેજ સાધનો માન્યાં છે. તે બે વિના બીજા જ્ઞાન વિજ્ઞાનાદિ ગુણોથી કશો. વિશેષ નથી પરંતુ અધઃપતન છે. યદ્યપિ વિપ્ર છે અને શ્રુતાદિ ગુણ પૂર્ણ છે પરંતુ કૃષ્ણ થકી વિમુખ છે અને તેમની ભક્તિ સંપાદક સત્સંગ થકી વિમુખ છે તો તે સંસૃતિને પામે છે ॥ ૭૭–૭૯ ॥

सतां प्रसङ्गाद्भगवत्प्रसङ्गात्तथैव सच्छास्त्रनिषेवणाच्च ।
सद्धर्मसङ्गाच्च सदा शरीरिणां गुणप्रवाहोपरमो न चान्यथा ॥८०॥

इति श्रीमदाध्यात्मिकतत्त्वाख्याने अभयभूपति श्रीहरि संवादे असत्सङ्गत्याज्यता निरूपणं नाम दशमोऽध्यायः ॥ १० ॥

ભગવાનના પ્રસંગથકી, તેમના ભક્તોના પ્રસંગ થકી સદ્ધર્મના સંગ થકી તથા સચ્છાસ્ત્રના સેવન થકી જીવો ગુણમય સંસાર પ્રવાહમાંથી નિવૃત્તિને પામે છે, બીજા ઉપાયથી નહિ આવો શાસ્ત્રીય સતસિદ્ધાંત છે ॥ ૮૦ ॥

ઈતિશ્રી...દશમોઽધ્યાય ॥ ૧૦ ॥

एकादशोऽध्यायः ।

शतानन्दमुनिरुवाच—

इति श्रीहरिणा गीतान् गुणदोषान् निशम्य सः ।
सदसत्सङ्गयोः प्रीतः पुनरेवाभ्यभाषत ॥ १ ॥

શતાનંદમુનિ કહે છે—હે મુનિઓ ! ઉપર પ્રમાણે શ્રીહરિએ કહેલા સત્સંગમાં અને અસત્સંગમાં રહેલા ગ્રાહ્યત્યાજ્ય ગુણદોષોને સાંભળીને રાજી થએલા અભય રાજા ફરીથી બોલ્યા ॥ ૧ ॥

अभयनृप उवाच—

सत्प्रमाणैकसंवेद्यः सद्धर्मेज्यः सनातनः ।
सतामानन्दनः साक्षात्त्वं हरिर्वै सतां गतिः ॥ २ ॥

त्वन्मुखाद्विश्रुत भूमन् ! सदसत्सङ्गज फलम् ।
सद्भिः सङ्गस्य कार्यत्व त्याज्यत्वमसतां तथा ॥ ३ ॥

અભય રાજા કહે છે—હે હરે ! સચ્છાસ્ત્ર પ્રમાણથી જ એક જાણવા યોગ્ય, (બીજાં અનુમાનાદિકથી નહિ) સદ્ધર્મથી એક પૂજવા યોગ્ય, સનાતન, સંતોને આનંદ આપનારા એવા સાક્ષાત્ તમોજ સંતોની સદ્-ગતિરૂપ છો. હે ભૂમન્ ! તમારા મુખ થકી સત્સંગ થકી અને અસત્સંગ-થકી થતું ફળ (સુખદુઃખાદિ) સાંભળ્યું. તેમજ સત્સંગ કરવો અને અસત્સંગ ત્યજવો એમ પણ સાંભળ્યું ॥ ૨–૩ ॥

समागतः काष्ठदण्डः प्राप्नोति लवणात्मताम् ।
वेधकस्वर्णसंसर्गाल्लोहश्च कनकात्मनाम् ॥ ४ ॥

दुग्धं च फणिसंसर्गाद्विषभावं प्रपद्यते ।
गवादिसङ्गादुग्धत्वं प्राप्नोति च तृणादिकम् ॥ ५ ॥

सङ्गस्वभाव एतादृक् संदृष्टो गुणदोषकृत् ।
सत्सङ्गजा गुणा ये स्युर्दोषाश्चासत्समागमात् ॥ ६ ॥

दैवानेतानासुरांश्च गुणान् दोषान् सविस्तरम् ।
श्रद्धावतेऽनसूयाय वक्तुमर्हसि मेऽनघ ! ॥ ७ ॥

કાષ્ટનો દંડપણ ક્ષારજળમાં રાખવાથી લવણભાવને પામી જાય છે. વેધક સુવર્ણના સંસર્ગથી લોહપણ કનકભાવને પામી જાય છે. દૂધ પણ સર્પના સંસર્ગથી વિષભાવને પામી જાય છે. તૃણાદિકપણ ગાય આદિકના સંગ થકી દૂધ ભાવને પામી જાય છે. સંગનો સ્વભાવજ આવો ગુણદોષને કરનારો જગતમાં જોવામાં આવે છે. સત્સંગથી જે થાય તે ગુણો અને અસત્સંગથી જે થાય એ દોષો એમ વ્યપદેશાય છે. આ દૈવી ગુણો અને આસુરી દોષોને સવિસ્તર શ્રદ્ધાવાળા અને અસૂયાએ રહિત (દોષાવિષ્કારે વર્જીત) એવા મને કહેવાને યોગ્ય છો. તમો અનઘ-નિર્દોષ છો ॥૪-૭॥

शतानन्दमुनिरुवाच—

इत्येवं प्रार्थितो राज्ञा धर्मात्मा धर्मनन्दनः ।
प्राह प्रसन्नवदनो धर्मकृत् धर्मवत्सलः ॥ ८ ॥

શતાનંદમુનિ કહે છે—હે મુનિઓ ! ઉપર પ્રમાણે અભયરાજાએ પ્રાર્થના કરતાં, ધર્માત્મા, ધર્મનંદન, ધર્મકર્તા, ધર્મવત્સલ શ્રીહરિ પ્રસન્ન મુખથી બોલ્યા ॥ ૮ ॥

श्रीहरिरुवाच—

दैवा धर्मा सम्भवन्ति दैवप्रकृतिसङ्गमात् ।
आसुरा आसुरैः सङ्गात्सङ्गः इत्थंगुणो मतः ॥ ९ ॥
तत्र दैवगुणावाप्तिः कल्पते मुक्तिवर्त्मने ।
आसुरीयस्वभावाप्तिः कल्पते भववर्त्मने ॥ १० ॥
धर्ममूला धर्मफला दैवा धर्माः प्रकीर्तिताः ।
येषामुद्बोधकृत्प्रोक्तः सद्भिः सह समागमः ॥ ११ ॥

શ્રીહરિ કહેછે -હે રાજન્ ! દૈવી પ્રકૃતિવાળા પુરુષના પ્રસંગથી દૈવી ધર્મો (અભયાદિ) ઉદ્ભવે છે અને આસુરી પ્રકૃતિવાળા પુરુષના પ્રસંગથી આસુરી ધર્મો (દંભાદિ) ઉદ્ભવે છે એમ સંગમાં ગુણ માન્યો છે. તેમાં જે દૈવી ગુણોની પ્રાપ્તિ છે તે મોક્ષમાર્ગ માટે કલ્પાય છે.

અને આસુરી સ્વભાવની પ્રાપ્તિ છે તે સંસાર માર્ગમાં કલ્પાય છે. એવો વિવેક સમજવો. તેમાં ધર્મજ મૂળ જેમાં છે અને ધર્મજ ફળ જેનું છે એવા ધર્મો દૈવી કહ્યા છે. આ ગુણોને ઉદ્બોધન કરનારો સત્સમાગમ કહ્યો છે. સત્સંગથી મોક્ષહેતુ દૈવી ધર્મો પ્રવર્તે છે ॥ ૮–૧૧ ॥

अधर्ममूलकाः प्रोक्ता अधर्मफलकास्तथा ।
आसुराः प्रोद्भवन्त्येते त्वसद्भिः सह सङ्गमात् ॥ १२ ॥
अधर्मसर्गं तत्रादौ देहिनां भवभीतिदम् ।
वच्मि सद्भिस्तु विद्विष्टमसद्भिर्मायया श्रितम् ॥ १३ ॥

અધર્મજ મૂળ જેમાં છે અને અધર્મજ ફળ જેમાં છે એવા ધર્મોને આસુરી કહ્યા છે. આ દોષોને ઉદ્બોધ કરનારો અસત્સમાગમ છે એવી વ્યક્તિ છે. તેમાં અધર્મસર્ગ કે જે જીવોને ભવભયને આપનારો હોઈને સંતોએ નિંદેલો અને અસંતોએ માયાથી આશરેલો છે તેને પ્રથમ કહું છું ॥ ૧૨–૧૩ ॥

ब्रह्मा ह्यजो नाभिसरोरुहाद्धरेः पुंसो विरिञ्चः कमलासनः पुरा ।
जातः ससर्जेदमनन्तरूपकं वैराजयोगोत्थमतिश्चतुर्विधम् ॥ १४ ॥
अचिन्तितं तस्य तु पृष्ठतः पुराऽविद्यात्मकः प्रादुरभूदधर्मः ।
जरामृतिप्रापक आत्मनां वै दुःखस्य योनिर्निरयप्रदश्च ॥ १५ ॥

પૂર્વે આદિપુરુષ વિષ્ણુના નાભિ કમળ થકી જેનું અજ કમલાસન વિરંચિ નામ છે એવા બ્રહ્મા પ્રગટ થયા. પ્રજાસર્ગમાં સમર્થ ન થતાં વૈરાજની ધારણા કરતાં મળેલી બુદ્ધિ શક્તિથી તેમણે અનંતરૂપવાળું ચાર પ્રકારનું જગત્ સર્જ્યું, તે બ્રહ્માના પૃષ્ઠ ભાગ થકી અવિદ્યાત્મક અધર્મ અચિંતત ઉત્પન્ન થયો. અધર્મનો અભિમાની હોવાથી એને અધર્મ કહે છે. આ અધર્મ, જગતમાં પોતાના અંશથી વ્યાપીને જીવોને જન્મ મૃત્યુને આપનારો અને સદાય દુઃખના કારણભૂત અને નરકને આપનારો નિવડ્યો ॥ ૧૪–૧૫ ॥

मृषाऽसूया च चिन्तेर्ष्या तृष्णाऽऽशा ममता तथा ।
अहन्ता चेति विख्याता दुर्जयास्तस्य शक्तयः ॥ १६ ॥

दम्भो लोभो मत्सरश्च कामः क्रोधो रसो मदः ।
दर्पो मोहश्च पारुष्यं स्नेहो मानोऽनृतं कलिः ॥ १७ ॥
द्रोहोऽशौचमविश्वासश्चौर्यं पानं तथाऽदया ।
द्यूतं गर्वश्च नास्तिक्यं प्रमादः पैशुनं स्पृहा ॥ १८ ॥
रागो द्वेषो भयं दुःखमज्ञानं व्यसनं तथा ।
दुरुक्तिर्निकृतिर्हिंसा पापं मृत्युश्च यातना ॥ १९ ॥
इत्यधर्मस्य वंशोऽयं प्राधान्येन प्रकीर्तितः ।
एते भवन्त्यासुरीं नुरभिजातस्य सम्पदम् ॥ २० ॥

આ અધર્મની મૃષા અસૂયા, ચિન્તા, ઈર્ષ્યા, તૃષ્ણા, આશા, મમતા, અહંતા, આ નામની વિખ્યાત દુર્જય, શક્તિઓ છે. દંભ, લોભ, મત્સર, કામ, ક્રોધ, રસ, મદ, દર્પ, મોહ, પારુષ્ય, સ્નેહ, માન, અનૃત, કલિ, દ્રોહ, અશૌચ, અવિશ્વાસ, ચૌર્ય, પાન, અદયા, દ્યૂત, ગર્વ, નાસ્તિક્ય, પ્રમાદ, પૈશુન, સ્પૃહા, રાગ, દ્વેષ, ભય, દુઃખ, અજ્ઞાન, વ્યસન, દુરુક્તિ, નિકૃતિ, હિંસા, પાપ, મૃત્યુ, યાતના, આ સઘળો અધર્મનો વંશ પ્રધાનપણે કહ્યો છે. આસુરી સંપત્તિને અભિમુખ વર્તતા પુરુષમાં આ સઘળા દોષો ઉદ્ભવે છે ॥ ૧૯–૨૦ ॥

नृप उवाच—

एतेषां यत्स्वरूपं तु विविक्तं तद्वद प्रभो ! ।
यद्विज्ञानात् त्याग एषां प्रवृत्तिर्घटतेऽञ्जसा ॥ २१ ॥

અભયરાજા કહેછે—હે પ્રભો ! ઉક્ત દોષોનું જે સ્વરૂપ (લક્ષણ) તે જુદું જુદું કહો. જેનું તત્વતઃ જ્ઞાન થવાથી એ દોષોના ત્યાગમાં સુખેથી પ્રવૃત્તિ ઘટતી આવે. દોષો જાણે તો તેનો ત્યાગ કરવાનો પ્રયત્ન કરી શકે ॥ ૨૧ ॥

श्रीहरिरुवाच—

असत्यभाषणं मिथ्याऽसूया दोषत्वधीर्गुणे ।
चिन्ता परानर्थदेहाचिन्तनं परिकीर्त्यते ॥ २२ ॥

तृष्णाऽयोग्यस्पृहा चेर्ष्या परोत्कर्षासहिष्णुता ।
आशा लब्धादसन्तोषो ममता दैहिके मता ॥ २३ ॥
देहेऽहन्ता त्वहंबुद्धिरित्यधर्मस्य शक्तयः ।
असत्स्वकीयोत्कर्षादेः ख्यापनं दम्भ इष्यते ॥ २४ ॥
मत्सरस्तु परे द्वेषस्तदुत्कर्षादिवेदनात् ।
कामः शब्दादिभोगेषु रुचिरत्युत्कटा स्मृतः ॥ २५ ॥
क्रोधो विघाते कामस्य तद्धेतौ चित्तविक्रिया ।
जिह्वा लौल्यं रसः प्रोक्तोऽभक्ष्यादौ भक्षणादिकृत् ॥ २६ ॥

શ્રીહરિ કહે છે—અસત્ય ભાષણને **મૃષા** અને પર ગુણોમાં દોષારોપણને **અસૂયા** કહે છે. પરનું અનર્થ કરવાનો જે વિચાર એને **ચિંતા** કહે છે. ન મળી શકે એવા અથવા અયોગ્ય વિષયમાં સ્પૃહા એને **તૃષ્ણા** કહે છે. સામાનો ઉત્કર્ષ સહન થઈ શકે નહિ તે **ઈર્ષ્યા** કહી છે. મળે તો પણ અધિક અધિક ઈચ્છા એને **આશા** કહી છે. દૈહિક સ્ત્રી પુત્રાદિકમાં મારાપણાનું અભિમાન એને **મમતા** કહે છે. દેહને વિષે અહંપણાનું અભિમાન એને **અહંતા** કરે છે. આ રીતે અધર્મની શક્તિઓ છે. હવે એના વંશને કહે છે. પોતામાં વિદ્યા વૃત્ત વિગેરે ગુણોનો ઉત્કર્ષ નથી તથાપિ ઉત્કર્ષ ખ્યાપિત કરવો એને **દંભ** કહે છે. સામાનો ઉત્કર્ષાદિ દેખીને તેનો દ્વેષ કરવો તેને **મત્સર** કહે છે. શબ્દાદિ વિષયોના ભોગમાં જ અતિ ઉત્કટ અભિરુચિને **કામ** કહે છે. ઈચ્છાનો વિઘાત થતાં તેના કરનારા ઉપર થતો જે ચિત્ત વિકાર તેને **ક્રોધ** કહે છે. અભક્ષ્ય આદિકમાં ભક્ષણાદિ પ્રવૃત્તિને કરાવનારી જે જીવ્હાની લોલુપતા તેને **રસ** કહે છે ॥ ૨૨–૨૬ ॥

धनादिप्रभवः प्रोक्तः परावज्ञाकरो मदः ।
बलेनान्यस्थ पीडाकृद् दर्पश्चित्तसमुन्नतिः ॥ २७ ॥
विपरीतपरिज्ञानं मोह इत्यभिधीयते ।
जीवोद्वेगकरं वाक्यं क्रूरं पारुष्यमिष्यते ॥ २८ ॥
स्नेह आसक्तिरधिका देहदैहिकवस्तुषु ।
स्वोत्कृष्टत्वाभिमानस्तु मान इत्यभिधीयते ॥ २९ ॥

करणत्रयतो मिथ्या वर्तनं त्वनृतं मतम् ।
कलिस्तु कलहाधानं द्रोहोऽन्याभीष्टनाशनम् ॥ ३० ॥
अशौचं शुद्ध्यभावस्तु करणत्रयतो मतम् ।
हितैषिण्यप्यविश्वासः प्रत्ययाभाव उच्यते ॥ ३१ ॥

ધનાદિકે કરેલો, પરની અવજ્ઞામાં કારણભૂત જે ચિત્તવિકાર તેને **મદ** કહે છે. બળાદિકે કરેલો, પરને પીડા કરનારો જે ચિત્તવિકાર તેને **દર્પ** કહે છે. વિપરીત જ્ઞાનને **મોહ** કહે છે. જીવોને ઉદ્વેગ થાય એવું ક્રૂર વચન બોલવું તેને **પારુષ્ય** કહે છે. દેહ દૈહિક વિગેરે વસ્તુઓમાં અધિક પડતી આસક્તિને **સ્નેહ** કહે છે. પોતાની જ ઉત્કૃષ્ટતાનું અભિમાન તેને **માન** કહે છે. દેહ વાણી મનથી મિથ્યા વર્તવું તેને **અનૃત** કહે છે. કજીયો કરવો એને **કલિ** કહે છે. પરનું અભીષ્ટ નાશ કરવાનો સ્વભાવ તેને **દ્રોહ** કહે છે. ત્રણ કરણથી (મન, વચન અને કર્મથી) શુદ્ધિનો અભાવ એને **અશૌચ** કહે છે. હિતૈષી ગુરુ વિગેરેમાં પણ પ્રત્યયનો અભાવ એને **અવિશ્વાસ** કહે છે ॥ ૨૭-૩૧ ॥

चौर्यं परस्वहरणं प्रत्यक्षं वा परोक्षकम् ।
मद्यादिसेवा पानं तु द्यूतं सपणदेवनम् ॥ ३२ ॥
गर्वोऽनम्रस्वभावत्वं महत्स्वपि निगद्यते ।
नास्तिक्यं युक्तिवादेन सच्छास्त्रार्थस्य खण्डनम् ॥ ३३ ॥
कृत्येष्वनवधानं तु प्रमाद इति कथ्यते ।
सूचनं चान्यरन्ध्राणां पैशुनं परिकीर्तितम् ॥ ३४ ॥
स्पृहाऽलभ्येषु लोलुप्त्वं स्वाशक्यक्रियवस्तुषु ।
रागद्वेषावानुकूल्यप्रातिकूल्यमती मतौ ॥ ३५ ॥
आगामिदुःखचिन्ताजं दुःखं भयमुदीर्यते ।
दुःखं स्वदुःखफलकप्रवृत्त्येकस्वभावता ॥ ३६ ॥

ધણીની પ્રત્યક્ષતા કે અપ્રત્યક્ષતામાં પરધન હરવાના સ્વભાવને **ચૌર્ય** કહે છે. સુરા મદ્ય આદિકના સેવનને **પાન** કહે છે. પણ પૂર્વકની

રમતને **દ્યૂત** કહે છે. પોતા થકી મોટાઓ આગળ પણ **અનમ્ર** (અક્કડતા) સ્વભાવને **ગર્વ** કહે છે. યુક્તિવાદથી સચ્છાસ્ત્રાર્થનું ખંડન એને **નાસ્તિક્ય** કહે છે. કરવાનાં કાર્યોમાં સાવધાનતા ન રાખવી તેને **પ્રમાદ** કહે છે. સામાનાં છિદ્રો જે બીજા આગળ સૂચવવાં તેને **પૈશૂન** કહે છે. ન મળી શકે એવાં પદાર્થોમાં પણ લોલુપતા તેને **સ્પૃહા** કહે છે. અનુકૂળપણાની બુદ્ધિને **રાગ** અને પ્રતિકુળપણાની બુદ્ધિને **દ્વેષ** કહે છે. ભવિષ્યમાં આવનારા દુઃખની ચિંતાને **ભય** કહે છે. જેનાથી પોતાને જ દુઃખ થાય એવી પ્રવૃત્તિ કર્યા કરવાના સ્વભાવને **દુઃખ** કહે છે ॥ ૩૩–૩૬ ॥

कृत्याकृत्याद्यविज्ञानमज्ञानं परिकीर्तितम् ।
व्यसनं तु परस्त्र्यादिव्यासङ्गः कथ्यते बुधैः ॥ ३७ ॥

उद्वेगजनकं वाक्य दुरुक्तिः परिकीर्त्यते ।
निकृतिर्वञ्चनं हिंसा प्राणिनां पीडनं तथा ॥ ३८ ॥

निषिद्धाचरणं पापं मृत्युर्मृत्युप्रदक्रिया ।
यातना निरयः प्रोक्त इत्यधर्मान्वयस्थितिः ॥ ३९ ॥

साध्यसाधनरूपेण प्रवर्तन्ते यथायथम् ।
परीक्षितोपेक्षितस्तु कलिरेषु प्रतिष्ठितः ॥ ४० ॥

अत्रैकैकोऽप्यधर्मेण समवीर्योऽस्ति सन्मतेः ।
तस्मात्कस्यापि न छिद्रं दधाद् धीरो विचक्षणः ॥ ४१ ॥

કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય કાર્યોનો વિવેક જ નહિ એને **અજ્ઞાન** કહે છે. પરસ્ત્રી આદિકમાં વ્યાસક્તિને બુધ જનો **વ્યસન** કહે છે. સર્વ જનોને ઉદ્વેગ ઉપજે એવું વચન બોલવું તેને **દુરુક્તિ** કહે છે. પરને ઠગવારૂપ શઠતાને **નિકૃતિ** કહે છે. પ્રાણિઓને પીડા કરવી તેને **હિંસા** કહે છે. નિષિદ્ધ આચરણને **પાપ** કહે છે. મૃત્યુ થાય એવી ક્રિયા કરવી એને **મૃત્યુ** કહે છે. નરકને **યાતના** કહે છે. ઈત્યાદિ અધર્મવંશ વર્ણવ્યો છે. સાધ્ય–સાધનરૂપથી એકબીજામાં યથાયથં પ્રવર્તે છે. પરીક્ષિત રાજાએ ઉપેક્ષા કરેલો કલિ, આ અધર્મવંશમાં પ્રતિષ્ઠા પામી રહ્યો છે. હે સન્મતે ! ઉક્ત અધર્મવંશમાં એક એક પણ (પ્રત્યેક દોષો) અધર્મને

સમાન વીર્યવાળો છે. માટે ધીર વિચક્ષણ પુરુષ કોઈને પણ અવકાશ આપે નહિ. વંશે સહિત પરિકરે સહિત આ અધર્મનો સર્વથા પરિત્યાગ કરે ॥ ૩૭–૪૧ ॥

कामक्रोधौ लोभमोहौ मदमत्सरते तथा ।
एतेषु मुख्याः षड् दोषा यत्कुक्षौ गर्भिताः परे ॥ ४२ ॥
काम ऐन्द्रियिकार्थेष्वनुबुभूषोत्कटा मतः ।
आन्ध्यं वितनुते ह्येष सदसत्सु शरीरिणः ॥ ४३ ॥
कामाभिभूतो निर्लज्जो पशुवत्तु विचेष्टते ।
न चानर्थमिहामुत्र कामान्धः परिपश्यति ॥ ४४ ॥
कामेन परदारेषु प्रसक्तो दण्डयते नरैः ।
परत्र नरके घोरे कुम्भीपाके प्रपच्यते ॥ ४५ ॥
अपि लोकेऽप्रतिद्वन्द्वस्त्रैलोक्यविजयी भवेत् ।
स दैन्यं विन्दते कामजितो सीमन्तिनीषु वै ॥ ४६ ॥

પૂર્વોક્ત દોષોમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આ છ દોષો મુખ્ય માન્યા છે. એના ઉદરમાં બીજા બહુ દોષો જીતવા યોગ્ય રહેલા છે. ઇન્દ્રિયોના વિષયોને ભોગવવાની જે ઉત્કટ ઇચ્છા (ભોગવ્યા વિના રહી શકે જ નહિ) તેને **કામ** કહે છે. આ દોષ તો જીવોને સત્ અસત્માં અન્ધપણાને વિસ્તારે છે. સત્ અસત્નું ભાન ભુલાવી દે છે. કામે પરાભવ પમાડેલો પુરુષ, નિર્લજ્જપણે પશુની પેઠે ચેષ્ટાને કરે છે. કામાન્ધ પુરુષ, આ લોક કે પરલોકમાં થતા અનર્થને જોતો નથી. કામ–વેગને લીધે પરદારામાં આસકત તેને બીજા નરો દંડ કરે છે. આ અનર્થ આ લોકનો છે. અને પરલોકે ઘોર કુંભીપાક નરકમાં રંધાય છે. ભલે આ લોકમાં તેને તુલ્ય કોઈ ન હોય અને ત્રિલોકીને જીતી રહ્યો હોય (અદ્વિ-તીય હોય) તો પણ કામે જીતેલો પુરુષ સ્ત્રીઓ આગળ દીનપણાને પામી જાય છે ॥ ૪૨–૪૬ ॥

पुरा त्रैलोक्यविजयी रावणो लोकरावणः ।
कामस्य वशमापन्नः सान्वयश्च व्यपद्यत ॥ ४७ ॥

चिरं कामप्रसक्तश्च त्वैलो नाम महीपतिः ।
अतृप्तः कामभोगेन निर्वेदं समवाप्तवान् ॥ ४८ ॥

न जातुकामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णात्मेव भूय एवाभिवर्धते ॥ ४९ ॥

महाशनो महापाप्मा दुष्पूरश्चानलोपमः ।
योगमार्गाद् भ्रंशयते कामोऽयं करणैर्निजैः ॥ ५० ॥

तस्माद्विवेकी पुरुषः कामदोषान् विचिन्तयन् ।
कामवेगं निरुन्ध्यात्तु श्रेयोऽर्थी श्वभ्रपातनम् ॥ ५१ ॥

કામમાં રહેલા દોષોને કહે છે— પૂર્વે ત્રિલોકીને જીતી ગએલો હોઈને લોકોને રડાવનારો રાવણ, કામને વશવર્તી થતાં વંશે સહિત વિનાશને પામ્યો હતો. ઐલ નામનો રાજા, બહુ કાળ કામમાં આસક્ત થયો હતો. કામ ભોગથી તૃપ્તિને નહિ પામતાં અંતે નિર્વેદને પામ્યો હતો. જે કામ છે તે તેના ઉપભોગથી નિવૃત્ત થતો નથી. અગ્નિમાં ઘી હોમતાં જેમ અગ્નિ વધતો જાય છે તેમ કામ પણ ઉલટો વધતો જાય છે. એ કામને બહુ જ ભોગ્ય (ખાવાનું) જોઈએ. જેથી તેને **મહાશન** કહે છે. એજ કામ ક્રોધરૂપે પરિણમતાં ગુરુહત્યાદિ મહા પાપમાં પ્રવર્તાવનારો હોવાથી **મહાપાપ્મા** કહે છે. **तृष्णाखनिरगाधेयं दुष्पूरा केन पूर्यते**' એમાં કહ્યા મુજબ એનું પૂરું થાય જ નહિ, જેથી તેને **દુષ્પૂર** કહે છે અથવા અલંબુદ્ધિ–પર્યાપ્તિ નહિ થતી હોવાથી **અનલ** કહે છે. અથવા અનલ શબ્દ–અગ્નિપર્યાય લેવો. અગ્નિને જેમ વિષય વિભાગ નથી અને પર્યાપ્તિ નથી તેમ જાણવું, આ રીતે આ કામ મહાવૈરી છે. આવો કામ પોતાનાં ઇન્દ્રિયો મન બુદ્ધિ આદિ કરણોએ કરીને જીવોને યોગમાર્ગ થકી ભ્રષ્ટ કરે છે માટે મોક્ષાર્થી વિવેકી પુરુષ કામમાં રહેલા દુરંત દોષોને વિચારીને, નરકરૂપ ઉંડા ખાડામાં નાખનારા કામ વેગને રોકે–તેને વશવર્તી ન થાય ॥૪૭–૫૧॥

यच्चापि रसलोलुप्त्वं जिह्वाकाम इति श्रुतम् ।
रसं प्राज्ञो जयेत्तं च सद्धर्ममतिनाशनम् ॥ ५२ ॥

रसास्वादो महान् दोषः त्यागिभिश्चापि दुस्त्यजः ।
अभक्ष्यभक्षहेतुश्च ज्ञानविज्ञाननाशनः ॥ ५३ ॥

रसास्वादात्तपोभ्रंशमृष्यशृङ्गोऽन्वपद्यत ।
तस्मिन् जिते जितं सर्वमजिते त्वजितं भवेत् ॥ ५४ ॥

રસમાં રહેલા દોષોને કહે છે—રસાસ્વાદમાં જે લોલુપતા–અતિ તૃષ્ણા એને જીહ્વાકામ તરીકે કહે છે. પ્રાજ્ઞ પુરુષ સદ્ધર્મમાં વર્તતી બુદ્ધિને નાશ કરનારા તે રસાસ્વાદને અવશ્ય જીતે. રસાસ્વાદ એ સ્વલ્પ દોષ નથી પણ મહાન્ છે. ત્યાગિઓથી પણ ત્યાગ થઈ શકે નહિ એવો છે. અભક્ષ્ય વસ્તુઓના ભક્ષણમાં પ્રવર્તાવનારો અને જ્ઞાન વિજ્ઞાનને નાશ કરનારો પ્રબળ છે. રસાસ્વાદના વેગને લીધે ઋષ્યશૃંગ ઋષિ પણ તપમાંથી ભ્રષ્ટ થયા હતા એવી પોરાણિકી કથા છે. રસના ઇન્દ્રિયને જીતે તો બીજી બધી ઇન્દ્રિયો જીતાય છે. એને ન જીતે તો બીજી ઇન્દ્રિયો જીતાય નહિ. '**जितं सर्वं जिते रसे**' એમ ભાગવતમાં કહ્યું છે ॥ ૫૧–૫૪ ॥

कामानुजातः क्रोधोऽपि व्याघ्रवत् भीषणो नृणाम् ।
अन्धभावं गतोऽनेन कृत्याकृत्ये न पश्यति ॥ ५५ ॥

क्रोधान्धः कुरुते मौर्ख्यात् परस्य परिपीडनम् ।
स्वेप्सितं च निहन्त्येष पश्चात्तापं प्रपद्यते ॥ ५६ ॥

हितकारिष्वपि नरः क्रोधान्धः स्वेष्टघातकः ।
अहिताचरणे सक्तः परत्रेह च दण्डयते ॥ ५७ ॥

क्रोधं तपःसुकृतयोर्नाशनं कवयो विदुः ।
क्रोधेनैव पराभूता पुरा दक्षादयो नृप ! ॥ ५८ ॥

હવે ક્રોધમાં રહેલા દોષોને કહે છે—કામની પાછળ ઉપજનારો ક્રોધ પણ વ્યાઘ્રની માફક નરોને બહુ ભય ઉપજાવનારો છે. ક્રોધથી અંધ ભાવને પામેલો પુરુષ, કૃત્ય અકૃત્યને જોતો જ નથી. ક્રોધાન્ધ નર મૂર્ખતાને લીધે પર પીડાને કરે છે. આ ક્રોધ પોતાના અભીષ્ટને પણ નાશ કરે છે. અને પછી પશ્ચાત્તાપને પામે છે ॥ પોતાના જ ઇષ્ટને ઘાત કરનાર ક્રોધાન્ધ મનુષ્ય હિતકારી મનુષ્યના પણ

અહિતાચરણમાં આસક્ત થઈને આ લોક પરલોકમાં દંડાય છે. જે ક્રોધ છે તે તપ અને સુકૃતને નાશ કરનારો છે એમ કવિઓ કહે છે. **क्रोधितस्य वृथा भवेत्**' એવી સ્મૃતિ છે. હે નૃપ! પૂર્વે ક્રોધથી જ દક્ષ, દુર્વાસા વિગેરે પરાભવને પામ્યા હતા. એમની કથાઓ પુરાણમાં પ્રસિદ્ધ છે ॥ ૫૫-૫૮ ॥

लोभश्चापि महान् दोषः सुकृतानां निरोधनः ।
लोभश्चिन्ताज्वरकरोऽशर्मदश्च शरीरिणाम् ॥ ५९ ॥
लोभेन बुद्धिश्चलति लोभो जनयते तृषाम् ।
तृषार्तो दुःखितो नित्यमिहामुत्र च मानवः ॥ ६० ॥
आशा तु परमं दुःखं निराशा तु परं सुखम् ।
निराशस्य च सम्भान्ति सर्वाः सुखमया दिशः ॥ ६१ ॥
लुब्धो न स्वस्य नान्यस्य कृते च कुरुते व्ययम् ।
दरिद्रवद् धनी लुब्धो दुःखमस्य त्वनन्तकम् ॥ ६२ ॥
भोगदानविहीनस्य धनमन्ये तु भुञ्जते ।
यथा मधु जनो भुङ्क्ते लोके मधुकरार्जितम् ॥ ६३ ॥

લોભનિષ્ઠ દોષોને કહે છે—**લોભ** પણ મોટો દોષ છે. તે સુકૃત માત્રનો નિરોધ કરનારો છે (લોભને લીધે કોઈ સુકૃત થાય નહિ) આ લોભ, જીવોને ચિંતારૂપ જ્વરને લાવનારો અને અસુખને કરનારો છે. લોભથી બુદ્ધિ ચળી જાય છે. 'લોભે લક્ષણ જાય' એવી કહેવત છે. **'लोभमूलानि पापानि'** એવી અભિયુક્તિ છે. લોભ છે તે તૃષ્ણાને ઉપજાવે છે. જે તૃષાતુર માનવ **છે** તે આ લોક પરલોકમાં નિત્ય દુઃખી રહે છે. જે આશા છે તે પરમ દુઃખ છે અને જે નિરાશા છે તે પરમ સુખ છે. નિરાશ નરને સમસ્ત દિશાઓ સુખમય જ ભાસે છે. લોભી નર પોતા માટે અને બીજા માટે કશો ખર્ચો કરતો નથી. દરિદ્રને જેમ દુઃખ જ છે. તેમ લોભી ધનીને પણ અનન્ત ઘણું દુઃખ છે. દરિદ્ર અને કૃપણ ધનીમાં કશો ભેદ નથી. બન્નેને ખર્ચો નથી. બન્ને નિસ્તેજ છે. બન્નેનું કુટુંબ દુઃખી હોય છે. બન્ને સરખા છે. જે પોતાને માટે કે દાનાદિ માટે ધનને

વાપરતો નથી, તેના ધનને બીજાઓ ખાઈ જાય છે. જેમ લોકમાં મધુ મક્ષિકાએ મહામહેનતે મેળવેલા મધને બીજા લોકો જ જાણે અમે જ બનાવ્યું છે એમ માનીને ખાઈને ખૂબ ખુશી થાય છે તેમ ॥ ૬૦–૬૩ ॥

पूर्वपुण्यव्ययात्प्राप्तं धनमित्यवधारय ।
धनं सुपात्रसात्कृत्य पुण्यं प्रत्यानयेत्पुनः ॥ ६४ ॥
तस्माल्लोभं परित्यज्य सदर्थेऽर्थं नियोजयेत् ।
तस्यामुत्रेह शान्तिश्च सुखं कीर्तिः प्रवर्धते ॥ ६५ ॥
पुरा सुयोधनो लोभाद् दायादेभ्योऽणुमात्रकम् ।
अप्ययच्छन् पाण्डवेभ्यो निधनं सान्वयो ययौ ॥ ६६ ॥
पुरा देवासुरनरान् कामक्रुल्लोभसंयुतान् ।
प्रपन्नांश्च हितार्थाय प्रजापतिरबोधयत् ॥ ६७ ॥
देवान् दमयतेत्येवं दान्ता भवत चासुरान् ।
दत्तेति मनुजांश्चापि धनगर्जितरूपतः ॥ ६८ ॥

ધન એ વિના પ્રયત્ને મળતું નથી. મહાકષ્ટે મેળવેલાં પૂર્વનાં પુણ્યોને આપી દઈને તેના બદલામાં ધન મેળવ્યું છે એમ સમજો. એવા મહામોઘા ધનને સુપાત્રોમાં દાન કરીને ફરીથી પુણ્યને પાછું લાવે. જે પુણ્યે કરીને વળી પાછું ધન મળે. એમ હોવાથી લોભને પરિત્યજીને સત્કાર્યોમાં ધનનો ઉપયોગ કરે, એમ કરવાથી માલિકને આ લોક પર-લોકમાં સુખ શાંતિ મળે અને કીર્તિ વધે. પૂર્વે દુર્યોધન, લોભવશ થઈને ભાગીદાર એવા પણ પાંડવોને અણુમાત્ર પણ ધનને નહિ આપીને વંશે સહિત વિનાશને પામ્યો છે. પૂર્વે કામ ક્રોધ લોભના વશમાં વર્તતા દેવો, અસુરો, નરો ઉપદેશ લેવા શિષ્યભાવથી બ્રહ્માને શરણે આવ્યા. બ્રહ્મચર્ય વ્રત તત્પર તેઓના હિતાર્થે બ્રહ્માએ ઘન ગર્જના રૂપથી અવબોધ આપ્યો. દેવોને 'ઇન્દ્રિયોને દમો' એમ કહ્યું. અસુરોને 'દયા રાખો' એમ કહ્યું. મનુષ્યોને તો 'દાન આપો' એમ કહ્યું. એમ ત્રણ ટકોરા કહ્યા. એ ઉપરથી ત્રણેય જણાઓ પોતાના ગુણોને અનુસારે ભાવાર્થને સમજી ગયા અને એ પ્રમાણે વર્તન પરાયણ થયા. આમાં મનુષ્યો માટે દાન ધર્મ કહ્યો છે. (આ કથા બૃ. ઉ. માં છે) ॥ ૬૪–૬૮ ॥

मोहो नाम महान् दोषः कामक्रोधादिसम्भवः ।
येनाभिभूतो नात्मानमन्यंवा वेत्ति तत्त्वतः ॥ ६९ ॥
मोहो मृत्युरिति प्रोक्तः ऋषिभिः क्रान्तदर्शिभिः ।
मोहेनानर्थमन्विच्छन्त्यबुधाः शलभा यथा ॥ ७० ॥
आब्रह्मस्तम्बपर्यन्तं मोहितं विष्णुमायया ।
मोहमेनं निरुन्ध्यात्तु ज्ञानाञ्जनशलाकया ॥ ७१ ॥
मायया मोहिताश्चैव दुरमर्षा महाबलाः ।
पराभूतिमविन्दन्त पूर्वदेवाः सुरद्विषः ॥ ७२ ॥
मोहेनैव हरिं साक्षादवतीर्णं निजेच्छया ।
अवजानन्ति मूढा वै तद्भक्तांश्चाप्यलौकिकान् ॥ ७३ ॥

મોહ એ મહાન્ દોષ છે. તે કામ ક્રોધ આદિક દોષો થકી ઉપજનારો છે. જે મોહથી પરાભવ પામેલો પુરુષ, પોતાને અને બીજાને પણ તત્ત્વથી જાણતો નથી. વિપરીત જ્ઞાનને મોહ કહે છે. મોહ એ એક પ્રકારનો મૃત્યુ છે' એમ કાન્તદર્શી ઋષિઓ પૂર્વે કહી ગયા છે. મૂર્ખ જનો મોહે કરીને પોતાને માટે અનર્થને ઇચ્છે છે. જેમ પતંગીયાઓ મોહવશાત્ અગ્નિમાં પડીને મરે છે. પોતાને થતા અનર્થને પણ જાણતો નથી. બ્રહ્માને આરંભીને સ્તમ્બ પર્યંતનું સમસ્ત જગત્ વિષ્ણુની માયાથી મોહ પામેલું છે. આવા મોહને જ્ઞાનરૂપ અંજન શલાકાથી રોકે. જેમ શળીથી અંજન આંજવાથી નેત્રના રોગ રોકે છે તેમ તત્ત્વ જ્ઞાને કરીને મોહને રોકે છે. માયા વડે મોહ પામેલા અને બહુ અમર્ષવાળા અને બહુ બળવાળા પણ દેવદ્વેષી અસુરો પરાભવને પામ્યા હતા. એ બાબત પુરાણ પ્રસિદ્ધ છે. મૂર્ખ જનો મોહને લીધે જ સ્વેચ્છાથી લોકહિતાર્થે પ્રગટ થએલા સાક્ષાત્ શ્રીહરિને અને તેમના અલૌકિક વર્તનવાળા ભક્તોની પણ 'अवजानन्ति मां मूढाः' એમાં કહ્યા મુજબ અવજ્ઞાને કરેછે ॥૬૯-૭૩॥

मदश्च सुमहान् दोषो धनाद्युत्कर्षसम्भवः ।
श्रेयोविघाती कुरुते नृणां महदतिक्रमम् ॥ ७४ ॥

विद्यामदो धनमदस्तथाऽभिजनजः श्रुतः ।
मदा एतेऽवलिप्तानामेते एव सतां दमाः ॥ ७५ ॥

कुलादयो भवन्त्येते यावत्कर्मानुवर्तिनः ।
कर्मक्षये निवर्तन्ते ततोऽनित्येषु को मदः ॥ ७६ ॥

दैवेन सत्कुलीनत्वं वित्तं रूपं श्रुतं त्वपि ।
प्राप्तः प्रशान्ततेजाः स्यान्न माद्येत्तु कदाचन ॥ ७७ ॥

महाकुलप्रसूतोऽपि सुशीलः स्यात्सदा गुणी ।
अन्यथा स्वस्य वृत्त्या तु दूषयेत्स्वकुलं महत् ॥ ७८ ॥

મદ પણ અલ્પ દોષ નથી પણ મહાન્ છે. એ દોષ, ધન અભિજન વિદ્યા વિગેરેના ઉત્કર્ષથી ઉપજનારો ઉદ્ધત છે. નરોના શ્રેયને નાશ કરનારો અને મોટાઓનો અતિક્રમ કરનારો છે. વિદ્યામદ, ધનમદ અને અભિજન મદ, કહેવાય છે. આ જે ત્રણ છે તે ગર્વનિષ્ઠોને મદ કરનારા પણ સજ્જનોને તો દમરૂપ છે. મદ અને દમ એમ અવળા અક્ષરો લેતાં દુર્જનોને દોષરૂપ અને સુજનોને ગુણરૂપ થાય છે. જે આ કુલાદિક છે તે કર્માનુસારે મળનારા છે. કર્મનો ક્ષય થતાં નિવૃત્ત થનારા છે. તો આવા અનિત્ય કુલાદિકને કારણે શો મદ કરવો? દૈવને અનુસારે સત્કુલીનપણું, વધુ વિત્ત, સુંદર રૂપ, અધિક વિદ્યા વગેરે મળે છે, તેને પામીને શાંત ચિત્તવાળો થાય. કયારેય મદને ન કરે. મહાકુળમાં જન્મ્યો હોય તોપણ સુશીલ અને સદા ગુણી થાય. નહિ તો પોતાના અન્યથા (વિપરીત) વર્તનથી પોતાના મોટા કુળને પણ કલંકિત કરે છે ॥ ૭૪-૭૮ ॥

धनेन किं यो न ददाति नाश्नुते वीर्येण किं यो न रिपून् प्रबाधते ।
श्रुतेन किं यः कुरुते न धर्मं कुलेन किं यो न गुणी न शीली ॥७९॥

જે પોતે ભોગવતો નથી અને સત્પાત્રોને આપતો નથી એવા ધનથી શો અર્થ છે? નિરર્થક છે. જે શત્રુઓને પરાભવ કરતો નથી તો તેવા વીર્યથી શો અર્થ છે? અપાર્થક છે. જો સ્વધર્મને પાળતો નથી તો વિદ્યાથી શો અર્થ છે? કશો પણ નથી. જો ગુણી કે શીલવાન થતો નથી તો કુળથી શું છે? કશું ફળ નથી. નિરર્થક છે ॥ ૭૯ ॥

महाकुलेऽपि सञ्जातः कुलमानेन मोहितः ।
हरिभक्तमवज्ञाय निहीनं चान्त्यजो भवेत् ॥ ८० ॥
मूर्धाभिषिक्ता राजन्या वयमित्यभिमानिनः ।
कौरवा बलदेवायाभिद्रुह्य क्लेशमाप्नुवन् ॥ ८१ ॥
सुदर्शनाभिधानश्च कश्चिद्विद्याधरः पुरा ।
श्रिया स्वरूपसम्पत्त्या विमानेन चरन् दिशः ॥ ८२ ॥
ऋषीन् विरूपानाङ्गिरसः प्राह सद्रूपदर्पितः ।
क्रोधाविष्टैस्ततस्तैस्तु सर्पत्वं प्रापितः क्षणात् ॥ ८३ ॥
मदेन मोहिता एवं कृत्वा महदतिक्रमम् ।
तिर्यक्त्वं स्थावरत्वं च प्राप्नुवन्निति शुश्रुम ॥ ८४ ॥

મહાકુળમાં પ્રસૂતિને પામેલો હોય, પરંતુ જો કુલાભિમાનથી મોહિત થઈને કનિષ્ઠ હરિભક્તની અવજ્ઞા કરે છે તો તે અંત્યજ થાય. 'અમો તો અભિષેકથી રાજ્યાસનને પામ્યા છીએ' એવું અભિમાન ધરાવનારા કૌરવો, બળદેવજીનો દ્રોહ કરવાથી મહા ક્લેશને પામ્યા હતા. એ વાત પુરાણમાં પ્રસિદ્ધ છે. પૂર્વે સુદર્શન નામનો કોઈ વિદ્યાધર, શ્રી અને રૂપસંપત્તિથી દિશાઓમાં વિમાનથી વિચરતો હતો. રૂપના ગર્વથી કુરૂપ એવા આંગિરસ ઋષિઓને જોઈને હસવા લાગ્યો. તેના આ કૃત્યથી કોપાવિષ્ટ થએલા તે ઋષિઓએ ક્ષણમાં સર્પપણાને પમાડી દીધો. ઉપર પ્રમાણે મદથી મોહ પામીને મોટાઓનો અપરાધ કરીને પશુ પક્ષી કે વૃક્ષ ભાવને ઘણા જનો પામી ગયા છે એમ સાંભળવામાં આવે છે ॥ ૮૦-૮૪ ॥

मत्सरत्वं तथावद्यं कलहाधायकं मतम् ।
पापप्रवृत्तिमूलं च साध्ववज्ञाकरं तथा ॥ ८५ ॥
मात्सर्यतो विगृह्यैव मिथो राजन्यकाः क्षितौ ।
अर्थत्यागं तथा नाशं बहवः प्रतिपेदिरे ॥ ८६ ॥

मात्सर्यतश्च श्रीकृष्णे कृतद्वेषानुबन्धनाः ।
निधनं समनुप्राप्ताः पौण्ड्रकाद्या इति श्रुतम् ॥ ८७ ॥

नास्तिक्यमेषां दोषाणां मूलं श्रेयो विघातकृत् ।
सच्छास्त्रविधिमुत्सृज्य येन सीदन्ति मानवाः ॥ ८८ ॥

तस्मात्कामादिकं दोषं निरुन्ध्याद् बलवत्तरम् ।
सत्सङ्गादिप्रभावेन श्रेयःकामो दृढव्रतः ॥ ८९ ॥

મત્સર નામનો મહા દોષ છે તે તો બહુ કલહને કરાવનારો નિવડયો છે. (પરનો ઉત્કર્ષ સહન ન થાય એને મત્સર કહે છે) તેમજ પાપ પ્રવૃત્તિમાં મૂળ અને સાધુઓની અવજ્ઞા કરનારો છે. પૂર્વે પૃથ્વી ઉપર ઘણા રાજાઓ મત્સરતાને લીધે પરસ્પર વિગ્રહ કરીને રાજ્ય થકી ભ્રષ્ટ થઈને નાશ પામી ગયા છે. મત્સરભાવને લીધે ભગવાન્ શ્રીકૃષ્ણ વિષે દ્વેષાનુબંધ બાંધીને પૌંડ્રક વિગેરે વિનાશને પામી ગયા છે એમ સાંભળવામાં આવે છે. ઉપર્યુક્ત બધા દોષોનું મૂળ નાસ્તિકપણું છે. એજ શ્રેયનો વિઘાત કરનારૂં છે, જેણે કરીને માનવો સચ્છાસ્ત્ર વિધિનો ત્યાગ કરીને દુઃખી થાય છે. માટે નાસ્તિકપણાનો પ્રથમ ત્યાગ કરીને બહુ બળવાળા ઉક્ત કામાદિ છ દોષોને સત્સંગ આદિક સાધનોના પ્રભાવ વડે શ્રેયની ઇચ્છાવાળો પુરુષ દૃઢ વ્રતધારી થઈને રોકે. એ દોષોને અવકાશ ન મળે એમ સાવધ વર્તે ॥ ૮૫-૮૯ ॥

शतानन्द उवाच—

इति विस्तरशो हरीरितं समुपश्रुत्य च धर्ममासुरम् ।
भयदुःखभवाब्धिवर्धकं नृप ऊचे हरिमेव तं पुनः ॥ ९० ॥

इतिश्रीमदाध्यात्मिकतत्त्वाख्याने अभयभूपतिश्रीहरिसंवादे धर्मसर्ग-
विस्तारनिरूपणं नामैकादशोऽध्यायः ॥ ११ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! ઉપર પ્રમાણે શ્રીહરિએ કહેલો આસુર સર્ગ કે જે ભય, દુઃખ અને ભવ સાગરને વધારનાર છે તેને સાંભળીને અભયરાજા શ્રીહરિ પ્રત્યે ફરીથી બોલ્યા ॥ ૯૦ ॥

ઇતિ શ્રી...એકાદશોऽધ્યાયઃ ॥ ૧૧ ॥

द्वादशोऽध्यायः ।

राजोवाच ।

अधर्मसर्गं विततं भवता वर्णितं विभो ! ।
निशम्य कश्मलं प्राप्तोऽधर्मभीत्याऽहमाकुलः ॥ १ ॥
एते त्वधर्मसर्गा वै दुर्जेया देहिभिः प्रभो ! ।
कथमेते विजेतव्या यतः श्रेयः समाप्नुयात् ॥ २ ॥
अधर्मसर्गच्छेदाय धर्मसर्गावनाय च ।
भवान् कृष्णोऽवतीर्णोऽस्ति साक्षाद्वै धर्मभक्तितः ॥ ३ ॥
तद्भवान् प्रवदत्वत्र सदुपायं कृपाकर ! ।
न हि त्वदन्यो धर्माणामुपदेष्टाऽस्ति साम्प्रतम् ॥ ४ ॥

અભયરાજા કહે છે—હે વિભો ! તમોએ અધર્મસર્ગનું વર્ણન વિસ્તારથી કર્યું. તેને સાંભળીને અધર્મના ભારે ભયને લીધે હું બહુ આકુળ થઈને મૂર્છા તુલ્ય શોકને પામ્યો છું. હે પ્રભો ! તમોએ જે હાલમાં અધર્મસર્ગ કહ્યો તે જીવોએ જીતી શકાય એવો સહેલો નથી. કયા ઉપાયથી એને જીતવો કે જેના જયથી શ્રેયની પ્રાપ્તિ સુખેથી થાય. એ અધર્મસર્ગના સમુચ્છેદ માટે અને ધર્મસર્ગના રક્ષણ માટે તમો સાક્ષાત્ શ્રીકૃષ્ણજ ધર્મભકિત થકી હાલમાં પ્રગટ થયા છો. તો તમો જ તેને જીતવાના સદુપાયને કૃપા કરીને કહો. હાલના સમયમાં તમોજ ધર્મોના ઉપદેષ્ટા છો. તમારા થકી બીજો કોઈ ધર્મનો ઉપદેશ કરવા સમર્થ નથી. માટે તમો જ કહો ॥ ૧-૪ ॥

मुनिरुवाच—

इति राज्ञा प्रार्थितश्च भीरुणाऽधर्मसर्गतः ।
श्रीहरिः कृपया प्राह धर्मसर्गं सविस्तरम् ॥ ५ ॥

શતાનંદમુનિ કહે છે—હે મુનિઓ ! ઉપર પ્રમાણે અધર્મસર્ગ થકી ભય પામેલા અભય રાજાએ પ્રાર્થના કરતાં, શ્રીહરિ કૃપા કરીને

ધર્મસર્ગ કે જે અધર્મસર્ગના વિજયમાં સદુપાયભૂત છે તેને સવિસ્તર કહેવા લાગ્યા. ॥ ૫ ॥

श्रीहरिरुवाच—

सत्यमेतेऽधर्मसर्गा दुर्जेयास्त्वकृतात्मभिः ।
एतेषां विजयोपायं वक्ष्ये शृणु समाहितः ॥ ६ ॥

अनेनाधर्मसर्गेण पीडयमाना निजाः प्रजाः ।
वीक्ष्य तासां हितं दध्यौ विधाता सुसमाहितः ॥ ७ ॥

कथं प्रजानां सर्वासां शर्म स्यात् विह्वलात्मनाम् ।
इति चिन्तयतश्चित्तप्रसादोऽभूत् हरीच्छया ॥ ८ ॥

अथ सत्त्वतनोस्तस्य हृदयाद्भाहरिचेतसः ।
ऋष्याकृतिः स्वयं धर्मो बभौ नारायणात्मकः ॥ ९ ॥

विद्याशक्तिप्रधानोऽसौ प्रजाभ्यः सुखदायकः ।
स्वर्गापवर्गयोर्मार्गोऽधर्मसर्गस्य नाशकः ॥ १० ॥

શ્રી હરિ કહે છે—હે રાજન્ ! આ અધર્મસર્ગ, અજીત ચિત્તવાળાઓએ દુર્જય છે એ ખરું છે. તેના વિજયના ઉપાયને હું કહું છું તેને સાવધાન થઈને સાંભળો. આ દુર્જય અધર્મસર્ગે પીડા પમાડેલી પોતાની પ્રજાને જોઈને, વિધાતા બહુ સાવધ થઈને પ્રજાઓના હિતનો વિચાર કરવા લાગ્યા. વિહ્વળમનવાળી સમસ્ત પ્રજાઓને શું કરવાથી અભીષ્ટ સુખ થાય એનો વિચાર કરતાં, હરીચ્છાથી તેમના શુદ્ધચિત્તમાં મહાન પ્રકાશ થઈ આવ્યો. અનન્તર રજ તમના નિકળી જવાથી સત્ત્વમય શરીર જેમનું થયું છે અને શ્રીહરિમાં ચિત્ત જેમનું છે એવા વિધાતાના પ્રકાશમાન હૃદય થકી ઋષિમૂર્તિ સ્વયં ધર્મ પ્રગટ થયા. નારાયણમાં સ્થિતિ હોવાથી અથવા નારાયણ ધર્મનિષ્ઠને સુગમ હોવાથી તેને નારાયણાત્મક કહે છે. વિદ્યા (જ્ઞાન) શકિત પ્રધાન હોવાથી પ્રજાઓને સુખને આપનારો અને સ્વર્ગમોક્ષના માર્ગભૂત ને ધર્મ, સપરિવાર અધર્મસર્ગને જીતવા માટે સમર્થ થયો ॥ ૯–૧૦ ॥

श्रद्धा शान्तिर्दया मेधा तुष्टिः पुष्टिस्तथा गतिः ।
मैत्री तितिक्षा लज्जा च बुद्धिर्मूर्तिः क्रियोन्नतिः ॥ ११ ॥

इत्याद्याः शक्तयस्तस्याभवन् तत्सेविकाः सदा ।
तस्य वंशे तु बहवो जाताः सुरगणप्रियाः ॥ १२ ॥

શ્રદ્ધા, શાંતિ, દયા, મેધા, તુષ્ટિ, પુષ્ટિ, ગતિ, મૈત્રી, તિતિક્ષા, લજ્જા, બુદ્ધિ, મૂર્તિ, ક્રિયા, ઉન્નતિ, ઈત્યાદિક શક્તિઓ ધર્મની સદા સેવિકાઓ હતી. તેના વંશમાં તો સુરસમૂહોને પ્રિય એવા બીજા ઘણા ઉત્પન્ન થયા ॥ ૧૧-૧૨ ॥

ज्ञानं वैराग्यमैश्वर्यमभयं चार्जवं तपः ।
सत्यं शौचं सुखं क्षेमः स्थैर्यं धैर्यं च मार्दवम् ॥ १३ ॥

सन्तोषो निग्रहस्त्यागो योगो यज्ञः शमो दमः ।
उपासना चोपरतिरास्तिक्यं च क्षमा धृतिः ॥ १४ ॥

तेजः प्रसादश्च शुभं स्वाध्यायः प्रश्रयश्च मुद् ।
ध्यानं सा यं ब्रह्मविद्या लाभः सामार्थ उद्यमः ॥ १५ ॥

अदर्पप्रमुखास्तद्वत् श्रवणाद्या भजेर्भिदाः ।
एते धर्मान्वये मुख्याः सात्त्विकानामतिप्रियाः ॥ १६ ॥

જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, અભય, આર્જવ, તપ, સત્ય, શૌચ, સુખ, ક્ષેમ, સ્થૈર્ય, ધૈર્ય, માર્દવ, સંતોષ, નિગ્રહ, ત્યાગ, યોગ, યજ્ઞ, શમ, દમ, ઉપાસના, ઉપરતિ, આસ્તિક્ય, ક્ષમા, ધૃતિ, તેજ,પ્રસાદ, શુભ, સ્વાધ્યાય, પ્રશ્રય, મુદ્, ધ્યાન, સામ્ય, બ્રહ્મવિદ્યા, લાભ, સામ, અર્થ, ઉદ્યમ, તેમજ પ્રથમ જે દર્પાદિક કહ્યા તેણે રહિતપણારૂપ જે અદર્પાદિક તે સર્વે પણ ધર્મ સર્ગમાં જાણી લેવા. વળી ભક્તિના શ્રવણાદિ નવ ભેદોને પણ ધર્મ-સર્ગમાં જાણવા. આ સર્વે ધર્મવંશમાં મુખ્ય માન્યા છે. જે સાત્ત્વિક જનોને અતિપ્રિય થાય છે ॥ ૧૩-૧૬ ॥

विश्वं निजौजसा व्याप्य जित्वा सर्गमधर्मजम् ।
सुखयामासुरखिलान् लोकानेते निजाश्रितान् ॥ १७ ॥

हरितद्भक्तसङ्गेन गुणान् धर्मान्वयान् भजन् ।
अधर्मसर्गं दुर्जयममरैरपि निर्जयेत् ॥ १८ ॥

यथा कृष्णाश्रयाद्भूपा धार्मिकाः पाण्डवाः पुरा ।
अधार्मिकान् जयन्ति स्म महाबलयुतानपि ॥ १९ ॥

ઉપર જણાવેલા ધર્મસર્ગીય જ્ઞાનાદિ ગુણો, પોતાના પ્રતાપથી વિશ્વમાં વ્યાપીને, અધર્મસર્ગીય દોષોને જીતીને પોતાના આશ્રિત (પાળનારા) બનેલા સર્વ લોકોને સુખ આપવા લાગ્યા ॥ શ્રીહરિ અને તેમના ભક્તોનો સમાગમ કરીને, ધર્મવંશીય જ્ઞાનાદિ ગુણોને સંપાદીને દેવોએ પણ દુર્જય એવા અધર્મસર્ગનો પરાભવ કરે. જેમ પૂર્વે શ્રીકૃષ્ણના આશ્રયબળથી ધાર્મિક પાંડવાદિ રાજાઓ મહાબળવાળા પણ અધાર્મિક દુર્યોધનાદિકને જીતી ગયા હતા તેમ ધર્મસર્ગના બળથી અધર્મસર્ગને પરાભવ પમાડે ॥ ૧૭–૧૯ ॥

शतानन्दमुनिरुवाच—

इति धर्मान्वयं धार्मिहरिकृष्णप्रकीर्तितम् ।
श्रुत्वा प्रसन्नधीर्भूपः पुनरेवाभ्यभाषत ॥ २० ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! ઉપર મુજબ ધર્માત્મજ શ્રી હરિકૃષ્ણે કહેલા જ્ઞાનાદિ ધર્મવંશને સાંભળીને, પ્રસન્ન બુદ્ધિવાળા રાજા ફરીથી બોલ્યા ॥ ૨૦ ॥

नृप उवाच—

हरिकृष्ण ! कृपासिन्धो ! धर्मसर्गं भवन्मुखात् ।
अधर्मनाशकं श्रुत्वा निर्वृतात्माऽभवं हरे ! ॥ २१ ॥
निरुक्तानां स्वरूपं च विविक्तं ब्रूहि मे भवान् ।
विज्ञायैतानुपादद्यां सकलान् सुसुखं यथा ॥ २२ ॥

અભય રાજા કહે છે—હે કૃપાસિંધો હરિકૃષ્ણ ! તમારા મુખ થકી ધર્મસર્ગ કે જે અધર્મસર્ગને નાશ કરે એવો છે તેને સાંભળીને હે હરે ! હું બહુ સુખીયો થયો છું ॥ જેનો નામથી નિર્દેશ કર્યો છે એવા તે જ્ઞાનાદિક ગુણોનું સ્વરૂપ જુદું જુદું મને તમે કહો. જેથી એ સર્વે ગુણોને તેનાં તેનાં લક્ષણોથી જાણીને તે ગુણોને હું સુખેથી મેળવી શકું ॥ ૨૧–૨૨ ॥

शतानन्दमुनिरुवाच—

इति राज्ञा प्रार्थितस्तु धर्मश्रद्धावताऽऽदरात् ।
धर्मव्याख्यां हरिर्धार्मिरकरोद् धर्मवत्सलः ॥ २३ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! ઉપર પ્રમાણે ધર્મમાં સુદૃઢ શ્રદ્ધાવાળા રાજાએ આદરથી પ્રાર્થના કરતાં, ધર્મપુત્ર ધર્મવત્સલ શ્રીહરિ પોતે ધર્મસર્ગના જ્ઞાનાદિ ગુણોનું અલગ અલગ લક્ષણ કહેવા લાગ્યા ॥ ૨૩ ॥

श्रीहरिरुवाच—

अधर्मसर्गः स्वल्पोऽपि निरोद्धव्यः प्रयत्नतः ।
धर्मसर्गः स्वल्पकोऽपि न त्याज्योऽपि प्रमादतः ॥ २४ ॥

धर्मानुबन्धिनां रूपं वक्ष्यामि हितकाम्यया ।
एतेषु मुख्यानपि ते विष्णोः प्रीतिविवर्धनान् ॥ २५ ॥

શ્રીહરિ કહે છે—હે રાજન્ ! ભલે અધર્મસર્ગ સ્વલ્પ હોય તો પણ પ્રયત્ન કરીને રોકવા યોગ્ય છે. ધર્મસર્ગસ્વલ્પ હોય તો પણ પ્રમાદને લીધે પણ ત્યાગ કરવો નહિ. હવે ધર્મ સાથે સંબન્ધ ધરાવનારા સર્ગનું સ્વરૂપ તમારૂં હિત કરવાની ઈચ્છાથી કહું છું એમાં જે ભગવાનમાં પ્રીતિને વધારનારા મુખ્ય છે તેને પણ કહું છું ॥ ૨૪–૨૫ ॥

श्रद्धा शास्त्रीय आस्तिक्यपूर्वा प्रोक्ता त्वरा बुधैः ।
मनसो निग्रहः शान्तिः परदुःखासहिष्णुता ॥ २६ ॥
दया, धारणसामर्थ्यं मेधा, तुष्टिस्तु तृप्तता ।
बलं पुष्टिः मानसं च, गतिः साधनशीलता । ॥ २७ ॥
मैत्री भूतेषु सौहार्दं, तितिक्षा तु सहिष्णुता ।
ह्रीर्लज्जा पापचेष्टायां, बुद्धिर्निश्चयलक्षणा ॥ २८ ॥

मूर्तिरर्चास्वादरस्तु क्रिया तत्परता वृषे ।
श्रेयोधारोन्नतिः प्रोक्ता त्विति धर्मस्य शक्तयः ॥ २९ ॥

ધર્મની શક્તિઓનાં લક્ષણ કહે છે—શાસ્ત્રીય શ્રેયઃ સાધનમાં આસ્તિક્તા વિશ્વાસ પૂર્વક જે ત્વરા તેને બુધ જનો **શ્રદ્ધા** કહે છે. મનના નિગ્રહને **શાંતિ** કહે છે. પરનું દુઃખ સહન કરી શકાય નહિ એને **દયા** કહે છે. તત્ત્વના અવધારણ સામર્થ્યને **મેધા** કહે છે. તૃપ્તિ સ્વભાવને **તુષ્ટિ** કહે છે. માનસિક બળને **પુષ્ટિ** કહે છે. શ્રેયઃ સાધનોના અનુષ્ઠાનનો સ્વભાવ એને **ગતિ** કહે છે. સર્વભૂતો ઉપર સુહૃદ્ભાવ રાખવો એને **મૈત્રી** કહે છે. શીતોષ્ણાદિ દ્વન્દ્વની સહનશીલતાને **તિતિક્ષા** કહે છે. પાપાચરણમાં લજ્જા પામવી એને **હ્રી** કહે છે. શાસ્ત્રોક્ત શ્રેયઃ સાધનોમાં નિશ્ચય એને **બુદ્ધિ** કહે છે. અર્ચાવતારમાં આદરને **મૂર્તિ** કહે છે. શાસ્ત્રીય ધર્માનુષ્ઠાનમાં તત્પરતાને **ક્રિયા** કહે છે. ઉત્તરોત્તર શ્રેયઃ સાધનોની પ્રગતિને **ઉન્નતિ** કહે છે. આ રીતે ધર્મની શક્તિઓનું સ્વરૂપ છે ॥ ૨૬-૨૯ ॥

ज्ञानं याथात्म्यविज्ञानं तत्त्वानां परिकीर्तितम् ।
अरुचिर्मायिके भावे वैराग्यं समुदाहृतम् ॥ ३० ॥
त्रिगुणावश्यतैश्वर्यं, भयाभावोऽभयं मतम् ।
ऋजुत्वमार्जवं प्रोक्तं करणत्रयतोऽपि हि ॥ ३१ ॥
उपवासादिना कायक्लेशनं तप उच्यते ।
सत्यं भूतहितं प्रोक्तं यथार्थवचनं बुधैः ॥ ३२ ॥
देहादिशुद्धिः शौचं तु धर्मकर्मान्वयो यतः ।
सुखमात्मानुसन्धानजनितानन्द इष्यते ॥ ३३ ॥
क्षेमः शास्त्रीयरक्षोक्ता, स्थिरता दृढनिश्चयः ।
धैर्यमापत्सु धीरत्वमक्रौर्यं मृदुता स्मृता ॥ ३४ ॥

હવે ધર્મવંશીય ગુણોનાં લક્ષણોને કહે છે—આત્મા પરમાત્મા આદિક તત્વોના યથાર્થ વિજ્ઞાનને **જ્ઞાન** કહે છે. માયિકવસ્તુ માત્રમાં અરુચિને **વૈરાગ્ય** કહે છે. માયાના ત્રણ ગુણોને વશ ન વર્તવું એને **ઐશ્વર્ય** કહે છે

સમસ્ત બ્રહ્માત્મક છે એવા અનુસંધાનથી ભયના અભાવને **અભય** કહે છે. કાય વાણી મન આ ત્રણ કરણુની એકરૂપતા રૂપ સરળતાને **આર્જવ** કહે છે. વ્રતોપવાસાદિ વડે કાયને કલેશ આપવો એને **તપ** કહે છે. ભૂતોનું પ્રિય હિત થાય એવું યથાર્થવચન એને **સત્ય** કહે છે. ધર્મકર્મમાં યોગ્યતા આવવા માટે દેહાદિકની જે શુદ્ધિ તેને **શૌચ** કહે છે. આત્માનુભવથી આવતા આનંદને **સુખ** કહે છે. શાસ્ત્રીય કર્મના રક્ષણુને **ક્ષેમ** કહે દૃઢનિશ્ચયને **સ્થિરતા** કહે છે. આપત્તિમાં પણ ધીરજતા ધારવી એને **ધીરત્વ** કહે છે. સર્વ કોઈ સુખેથી સેવન કરી શકે એવી અક્રુરતાને **માર્દવ** કહે છે ॥ ૩૦-૩૪ ॥

यदृच्छालाभतस्तोषः सन्तोष इति कथ्यते ।
कर्मेन्द्रियाणां नियमो निग्रहः परिकीर्त्यते ॥ ३५ ॥

त्यागः कर्मफलानां तु, योगोऽष्टाङ्ग उदाहृतः ।
वैश्वदेवादिको यज्ञ उपासा परमात्मनः ॥ ३६ ॥

भोगेच्छाविरतिः प्रोक्तोपरतिर्धर्मवेत्तृभिः ।
श्रुतिस्मृत्यादिकथिते विश्वासः प्रत्ययो दृढः ॥ ३७ ॥

अपराधसहत्वं तु क्षमोपकृतिचिन्तनम् ।
स्मृतिः, पराभिभवने सामर्थ्यं तेज ईर्यते ॥ ३८ ॥

દૈવેચ્છાથી જે મળે તેમાં અલંબુદ્ધિ રાખવી તેને **સંતોષ** કહે છે. કર્મેન્દ્રિયોના નિયમનને નિગ્રહ કહે છે. કર્મનો સ્વરૂપથી ત્યાગ અઘટિત હોવાથી તેના ફળની ઈચ્છા ન રાખવી તેને ત્યાગ કહે છે. અષ્ટાંગ યોગના અભ્યાસને યોગ કહે છે. વૈશ્વદેવઆદિકને **યજ્ઞ** કહે છે. પરમાત્માની ભક્તિને **ઉપાસન** કહે છે. ભોગેચ્છાના વિરામને ધર્મવેત્તાઓ ઉપરતિ કહે છે. **શ્રુતિ** સ્મૃતિમાં કહેલા ધર્મોમાં દૃઢ પ્રત્યયને **વિશ્વાસ** કહે છે. કોઈ અપરાધ કરે તે પણ સહન કરવો તેને **ક્ષમા** કહે છે. સામાએ કરેલા ઉપકારને ભૂલી ન જવું તેને સ્મૃતિ કહે છે. સામાને પરાભવ કરવાના સામર્થ્યને **તેજ** કહે છે ॥ ૩૫-૩૮ ॥

नैर्मल्यं विरजस्कत्वं प्रसादस्त्वात्मनो मतः ।
शुभं शोभनशीलत्वं सच्छास्त्राभ्यास आदरात् ॥ ३९ ॥

स्वाध्यायो विनयः प्रोक्तः प्रश्रयो नम्रतात्मकः ।
विशोकत्वं मुदित्युक्तं, ध्यानमीश्वरचिन्तनम् ॥ ४० ॥
समत्वचिन्ता भूतेषु समता परिकीर्त्यते ।
ब्रह्मविद्या गुरोः प्राप्ता लाभः सत्सङ्ग उच्यते ॥ ४१ ॥
परप्रियकरोक्तिस्तु साम, धर्मार्थसञ्चयः ।
अर्थः, कल्याणकार्याणामारम्भोत्साह उद्यमः ॥ ४२ ॥
श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥ ४३ ॥

રજોગુણે રહિતપણારૂપ મનની નિર્મળતાને **પ્રસાદ** કહે છે. શોભન શીલપણાને **શુભ** કહે છે. આદરપૂર્વક સચ્છાસ્ત્રોનો અભ્યાસ કરવો તેને **સ્વાધ્યાય** કહે છે. નમ્રતા જેનું સ્વરૂપ છે એવા વિનયને **પ્રશ્રય** કહે છે. શોકે રહિતપણાને **મુદ** કહે છે. ઇશ્વરચિંતનને **ધ્યાન** કહે છે. સર્વભૂતોમાં સમપણાના વિચારને **સમતા** કહે છે સદ્‌ગુરુથકી મેળવેલી વિદ્યાને **બ્રહ્મવિદ્યા** કહે છે. સત્સંગની પ્રાપ્તિને **લાભ** કહે છે. '**को लाभो गुणिसङ्गमः**' એવી અભ્યુક્તિ છે. પરને પ્રિય લાગે એવું બોલવું એને **સામ** કહે છે. ધર્માર્થે કરેલા દ્રવ્ય સંચયને **અર્થ** કહે છે. કલ્યાણ કાર્યોના આરંભમાં ઉત્સાહને **ઉદ્યમ** કહે છે.

ભક્તિના નવ ભેદોનું લક્ષણ કહે છે–ધર્મભક્તિનિષ્ઠ પુરુષ થકી ભગવાનના સ્વરૂપ રૂપ ગુણ વિભૂતિ વિગેરે પરીક્ષિત રાજાની પેઠે સદા સાંભળવું તેને **શ્રવણ** કહે છે. ભગવાનના નામ ગુણ ચરિત્રો વિગેરેનું શુકાદિકની પેઠે ગાયન કરવું તેને **કીર્તન** કહે છે. પરમાત્માના નામ ગુણ ચારિત્ર આદિકનું પ્રીતિપૂર્વક પ્રહ્‌લાદની પેઠે ચિંતન કરવું તેને **સ્મરણ** કહે છે. પરાપ્રીતિથી પરમાત્માના પાદપદ્મની પરિચર્યા લક્ષ્મીજીની પેઠે કરવી તેને **પાદસેવન** કહે છે. ગાઢ અનુરાગથી ભગવન્મૂર્તિની વિશુદ્ધ ચંદનાદિ ઉપચારો વડે પૃથુરાજાની પેઠે પૂજા કરવી તેને **અર્ચન** કહે છે. ભગવાનને સાષ્ટાંગ કે પંચાંગ પ્રણામ અક્રુરજીની પેઠે કરવા તેને **વંદન** કહે છે. હું પરમાત્માનો દાસ છું એવા અનુસંધાનથી દાસપણું હનુમાજીની પેઠે કર્યા કરવું તેને **દાસ્ય** કહે છે. જેને એક ક્રિયારૂપ મિત્રતા

કહે છે તેવા સખાભાવથી સદાય અર્જુનની પેઠે વર્તવું તેને **સખ્ય** કહે છે. આત્મા આત્મીય સર્વસ્વનું સમર્પણ અંબરીષ બલિ રાજાની પેઠે કરવું તેને **આત્મનિવેદન** કહે છે ॥ ૩૯-૪૩ ॥

इत्येषा नवधा भक्तिरिति धर्मान्वया मताः ।
दर्पाद्यासुरभावानामभावश्च तथेरितः ॥ ४४ ॥

गुणैर्दोषान् विजित्यैतैर्यो भक्तिं कुरुते हरौ ।
स्वेप्सितं स परं सौख्यं विन्दते नापरो जनः ॥ ४५ ॥

विजेतव्याः प्रयत्नेन दोषा एवारयस्ततः ।
गुणानेतान् समाश्रित्य त्यक्तग्राम्यसुखेषणैः ॥ ४६ ॥

किं करिष्यन्ति मां दोषाः सुस्वान्तं हरिभक्तकम् ।
इति प्रमादो मा कार्यो दुःखदोऽल्पोऽप्यरिर्यतः ॥ ४७ ॥

આ રીતની નવધા ભક્તિ, આ સર્વે ધર્મના વંશ જ માન્યા છે. તેમ જ પૂર્વે જે દર્પાદિ આસુરભાવ કહ્યો છે તેનો જે અભાવ-એટલે અદર્પાદિ, તે પણ ધર્મવંશજ સમજવા. આ જે ઉપર ગુણો કહ્યા તેણે કરીને ઉક્ત દર્પાદિ દોષોને જીતીને જે ભગવદ્ ભક્તિને કરે છે તે સ્વેપ્સિત પરમ સુખને પામે છે. દોષોને નહિ જીતનારો બીજો નર સુખને પામતો નથી. આ જે દોષો છે એ જ મોક્ષમાર્ગમાં શત્રુઓ છે. માટે પૂર્વોક્ત ગુણોનો આશ્રય કરીને, ગ્રામ્ય સુખની ઇષણાનો ત્યાગ કરીને પ્રયત્નથી તેમને જીતવા. 'હું તો શુદ્ધ હૃદયવાળો હરિભક્ત છું" તે મને આ દોષો શો અનર્થ કરી શકવાના છે? એમ માની પ્રમાદ કરવો નહિ. કેમકે અલ્પ પણ અરિ, દુઃખને દેનારો થાય છે. આ બાબત એમ જ છે. એમાં કોઈનું ચાલે તેમ નથી. માટે નિયમમાં વર્તવું એજ સુખાવહ છે ॥ ૪૪-૪૭ ॥

क्षमया शामयेत् क्रोधं कामं सङ्कल्पवर्जनात् ।
सत्वस्य सेवनात् प्राज्ञो निद्रां चैवातिवर्जयेत् ॥ ४८ ॥

अप्रमादाद्भयं छिन्द्याद्दुःखं साङ्ख्यविवेकतः ।
इच्छां द्वेषं च कामं च धैर्येण विनिवर्तयेत् ॥ ४९ ॥

अज्ञानं च त्रिप्रकारं तत्त्वज्ञानान्निवर्तयेत् ।
लयं विक्षेपकं चैव ज्ञानाभ्यासान्निवर्तयेत् ॥ ५० ॥

दैहिकांश्च तथा रोगान् हितजीर्यमिताशनात् ।
लोभं जयेत्तु सन्तोषाद्विषयान् दोषदर्शनात् ॥ ५१ ॥

ક્ષમા રાખવાથી ઉપજેલા ક્રોધને શમાવે, કામને તો સંકલ્પના ત્યાગથી શમાવે (સંકલ્પ ન કરે તો કામ જીતાય છે) પ્રાજ્ઞ નર. સત્ત્વગુણના સેવનથી નિદ્રાને જીતે. અપ્રમાદે કરીને ભયને જીતે, આત્મવિચારે કરીને દુઃખને છેદે, ઇચ્છા દ્વેષ અને કામને ધૈર્યથી નિવારે, ત્રણ પ્રકારના અજ્ઞાનને તત્ત્વજ્ઞાને કરીને નિવૃત્ત કરે, નિદ્રા અને સંકલ્પ વિકલ્પોને તત્ત્વજ્ઞાનના અભ્યાસથી નિવારે, દૈહિક રોગોને હિતકારી, પચે એવા અને અલ્પ આહારથી નિવારે, લોભને સંતોષથી જીતે, વિષયોને તેમાં રહેલા દોષોના વિચારથી જીતે ॥ ૪૮–૫૧ ॥

अनुक्रोशादधर्मं चायत्याऽऽशां चैव वर्जयेत् ।
आसङ्गं त्यागतस्तृष्णां जह्याच्च परितोषतः ॥ ५२ ॥

अनित्यत्वेन च स्नेहं वितर्कं निश्चयाज्जयेत् ।
कारुण्येनात्मनो मानं तन्द्रीमुद्यमतो जयेत् ॥ ५३ ॥

मौनेन बहुजल्पं च मात्सर्यं च सुहृद्भावतः ।
मदं विवेकात्साम्याच्च मोहं सत्सङ्गतोऽपि च ॥ ५४ ॥

एवं गुणैर्धार्मिकैस्तु दोषान् जित्वा त्वधार्मिकान् ।
धर्ममेवाचरेत्प्राज्ञो नापद्यपि च तं त्यजेत् ॥ ५५ ॥

હિંસાદિ અધર્મને દયાથી ત્યાગ કરે, આયતિ–ભવિષ્યકાળના કે પરિણામના વિચારથી આશાનો ત્યાગ કરે. આસંગને ત્યાગથી જીતે, તૃષ્ણાને તો સંતોષથી જીતે, અનિત્યપણાના જ્ઞાનથી સ્નેહને જીતે અને વિતર્કને નિશ્ચયથી જીતે, કારુણ્યથી પોતાના માનને જીતે. (કારુણ્ય હોય તો દુઃખીની સેવા કરવામાં માનહાનિ ન લાગે) આળસને ઉદ્યમથી જીતે, બહુ બોલવાપણાના સ્વભાવને મૌનથી જીતે, મત્સરતાને સુહૃદ્ભાવથી જીતે, મદને વિવેકથી જીતે, સમતા અને સત્સંગથી મોહને જીતે, આ રીતે

ધર્મવંશીયગુણોએ કરીને અધાર્મિક દોષોને જીતીને પ્રાજ્ઞ જન ધર્મનુંજ આચરણ કરે. આપત્તિમાં પણ ધર્મનો ત્યાગ કરે નહિ ॥ ૫૨-૫૫ ॥

धर्म एव हतो हन्ति धर्मो रक्षति रक्षितः ।
मृतं त्यजन्ति पुत्राद्याः धर्मस्त्वेकोऽनुवर्तते ॥ ५६ ॥

अर्थकामप्रदो धर्मस्तथा मोक्षसुखप्रदः ।
इति धर्मस्य सेव्यत्वं मुनयः प्रत्यबूबुधन् ॥ ५७ ॥

धर्मे वृद्धे विवर्धन्ते भूतानि कुशलानि तु ।
तस्मिन् ह्रसति हीयन्ते तस्मात् धर्मं समाचरेत् ॥ ५८ ॥

લોકમાં કોઈ કેને હણતો નથી તેમ કોઈ કેને રક્ષતો નથી. 'આ મને હણે છે, આ મને રક્ષે છે' આવો કેવળ વૃથાજ પ્રવાહ પ્રવર્ત્યો છે, ખરી વાતતો એ છે કે-પુરુષે ત્યજેલો ધર્મજ ત્યજનારને હણે છે અને રક્ષેલો ધર્મજ તેનું રક્ષણ કરે છે, માટે ધર્મનું આચરણ કરે. મરેલા પિતા આદિકને પુત્રાદિકો ત્યાગ કરે છે. જે પાળેલો ધર્મ છે એજ એને સહાયી તરીકે સાથે જાય છે. અર્થ અને કામને આપનારો પણ ધર્મ છે અને મોક્ષ સુખને પણ દેનારો ધર્મ છે, ધર્મથીજ સર્વ અર્થની સિદ્ધિ છે, એ કારણથી ધર્મના અવશ્ય સેવનનો મુનિઓ પ્રબોધ આપે છે. સર્વ ભૂતો (દેવાદિકો પણ) અને સર્વ પ્રકારના કુશલ સુખો પણ ધર્મની વૃદ્ધિ થતાં વૃદ્ધિ પામે છે અને ધર્મને નહિ પાળવાથી ધર્મનો ક્ષય થતાં ક્ષયને પામે છે. માટે ધર્મને આચરે ॥ ૫૮ ॥

धत्ते भूतानि भूतैर्वै धार्यते चेति धार्मिकाः ।
धर्मस्य लक्षणं प्राहुर्धार्यो धर्मस्ततस्त्वसौ ॥ ५९ ॥

धर्मानुष्ठानतः श्रैष्ठ्यं प्राप्नोति मनुजो भुवि ।
अनाचरंस्ततो धर्मं पशुभिः सदृशो मतः ॥ ६० ॥

यज्ञदानतपोहोमव्रतध्यानार्चनादयः ।
धर्माः श्रुत्यादिकथिताः प्रशस्ता आर्यसज्जनैः ॥ ६१ ॥

सकामस्तान् प्रकुर्याच्चेत्तं तं कामं प्रपद्यते ।
निष्कामस्तान् हरेः प्रीत्यै कुर्याच्चेन्मोक्षमाप्नुयात् ॥ ६२ ॥

જે આ ધર્મ છે તે બ્રહ્માદિ ભૂતોને ધારે છે અને સર્વે ભૂતો ધર્મને ધારે છે, એ ધર્મનું લક્ષણ છે, એમ ધાર્મિકો કહે છે. **ધર્મ** શબ્દ ધારકપણે અને ધાર્યપણે કરીને વેદવિહિત અર્થમાં પ્રવર્તે છે. આ બન્ને બાબત લોકોની અપેક્ષાએ છે એટલે ધર્મ લોકોને ધારે છે માટે ધારક અને લોકો ધર્મને ધારે છે માટે ધાર્ય થાય છે. ધર્મના ધારકપણામાં **'धर्मो विश्वस्य जगतः प्रतिष्ठा'** આ શ્રુતિ છે. તાત્પર્ય એ છે કે-જે બ્રહ્માદિ સર્વ લોકોને ધારે છે અને જેને બ્રહ્માદિ સર્વે લોકો સદા ધારે છે તે ધર્મ જાણવો ॥ લોકમાં મનુષ્ય ધર્માનુષ્ઠાનથીજ શ્રેષ્ઠતાને પામે છે. બીજા કુળ જાત્યાદિકથી નહિ. માટે ધર્મને નહિ આચરનારો નર તો પશુઓને તુલ્યપણે માન્યો છે એની કશી ગણના નથી. શ્રુતિ વિગેરેમાં કહેલા જે યજ્ઞ દાન તપ હોમ વ્રત ધ્યાન પૂજન વિગેરે ધર્મો એજ આર્ય-સજ્જનોએ શ્રેષ્ઠપણે માન્યા છે. આ ધર્મોને જો સકામપણે પાળે તો તે ઇપ્સિત કામને પામે છે અને જો નિષ્કામપણે પરમેશ્વર પ્રીત્યર્થે પાળે છે તો મોક્ષને પામે છે, એમ ધર્માનુષ્ઠાનથી સર્વ અર્થની પ્રાપ્તિ કહી છે ॥ ૫૯-૬૨ ॥

अङ्गं सप्तविधं प्रोक्तं शुभदेशादिलक्षणम् ।
श्रद्धा च नियमश्चैव मुख्याङ्गेऽत्र मते बुधैः ॥ ६३ ॥

देशः काल उपायश्च द्रव्यं श्रद्धा तथैव च ।
पात्रं त्याग इति प्रोक्तं धर्ममूलं च सप्तकम् ॥ ६४ ॥

विहितः शास्त्रतो योऽसौ देशः कालस्तथैव च ।
इतिकर्तव्यतोपायः स्नानादिर्नियमस्तथा ॥ ६५ ॥

न्यायार्जितधनाद्युक्तं द्रव्यं श्रद्धोक्तलक्षणा ।
कुलविद्यावृत्तशुद्धं सत्पात्रं परिचक्षते ॥ ६६ ॥

त्यागोऽकार्पण्यमित्युक्तं धर्मतत्त्वविचक्षणैः ।
सतामेषां तु सङ्गेन सद्धर्मस्त्वसतामसन् ॥ ६७ ॥

પૂર્વોક્ત ધર્મમાં મૂળ સાત સાધનો શુભ દેશાદિક કહ્યાં છે. તેમાં **શ્રદ્ધા** અને **નિયમ** આ બે મુખ્ય અંગો બુધ જનોએ માન્યાં છે. દેશ, કાળ, ઉપાય, દ્રવ્ય, શ્રદ્ધા, પાત્ર, ત્યાગ, આ સાતને ધર્મના મૂળ તરીકે કહ્યાં છે. શાસ્ત્રમાં જે પુણ્ય તીર્થ ક્ષેત્રાદિ કે બ્રહ્માવર્તાદિક કહ્યો છે તેને શુભ **દેશ** જાણવો. સંક્રાંતિ વિગેરે અને સાત્ત્વિક બ્રાહ્મ મુહૂર્તાદિરૂપ કહ્યો છે તેને શુભ **કાળ** જાણવો. ઇતિકર્તવ્યતાને **ઉપાય** કહે છે. (શાસ્ત્રોક્ત વિધિને નહિ ઉલ્લંઘીને તે તે કર્મો જેમ કરવાનાં કહ્યાં છે તેમજ કરવાં તે અને સ્નાનાદિક નિયમો) ન્યાયથી મેળવેલું ધન ધાન્યાદિ તેને **દ્રવ્ય** જાણવું. આસ્તિકપણાના સંસ્કારવાળી ત્વરાને **શ્રદ્ધા** કહે છે. કુળ વિદ્યા વૃત્ત વિગેરેથી જે શુદ્ધ હોય તે **પાત્ર** કહ્યું છે. દ્રવ્ય વાપરવામાં અકૃપણતા તથા મમત્વ અભિમાને રહિતપણું તેને **ત્યાગ** કહે છે. ધર્મતત્ત્વને જાણનારાઓએ આ સાત સાધનો ધર્મનાં મૂળ (સાધનારાં) કહ્યાં છે. આ સાત જો સત્ શુદ્ધ હોય તો ધર્મ શુદ્ધ ફળદાયક થાય અને જો અસત્ અશુદ્ધ હોય તો ધર્મ પણ અસત્ અશુદ્ધ વિપરીત ફળને આપનારો થાય છે. માટે શુભ દેશાદિક સાતનું સેવન કરવું પણ અશુભ દેશાદિકનું સેવન કરવું નહિ ॥ ૬૩–૬૭ ॥

अश्रद्धया हुतं तप्तदत्तं चापि निरर्थकम् ।
श्रद्धा सर्वस्य जननी तस्मात् श्रद्धान्वितो भवेत् ॥ ६८ ॥

श्रद्दधानोऽपि नियममुल्लङ्घ्य यदि वर्तते ।
प्रमादालस्यतो धर्मे फलं नैवाप्नुयान्नरः ॥ ६९ ॥

असिधाराव्रतं ह्येतत् पुंसां नियमशीलनम् ।
दुष्करो नियमः प्रोक्तो रागलोभाकुलात्मभिः ॥ ७० ॥

श्रद्धया नियमोपेतं धर्मं सच्छास्त्रदेशितम् ।
कुर्वाणो मोदते धीर इहामुत्र सुखी नरः ॥ ७१ ॥

શ્રદ્ધા વિના કરેલાં હોમ, તપ, દાન વિગેરે સમસ્ત સાધનો વ્યર્થ થાય છે. કશું ફળ થતું નથી. જે શ્રદ્ધા છે તે ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિ આદિક સર્વની જનની (જનિતા) છે. માતાજ જેમ આરંભથી અંત સુધી પ્રિયહિતને કરનારી છે. માટે શ્રદ્ધા સંપન્ન થવું. શ્રદ્ધાવાળો હોય પણ

જે પ્રમાદ કે આળસને લીધે નિયમને ઉલ્લંઘીને ધર્મમાં વર્તે છે તો તેવા શિથિલ ચિત્તવાળો નર કાંઈપણ ફળને પામતો નથી. માટે કહેલા નિયમો પાળવા. પુરુષોએ ઉકત નિયમો પાળવા તે તો તલવારની ધાર ઉપર ચાલવા જેવું અતિ કઠિન છે. રાગ લોભ આદિક દોષોએ વ્યાકુળ ચિત્તવાળા પુરુષોએ નિયમ ધારવો તે અતિ દુષ્કર છે. શ્રદ્ધા અને નિયમ યુકત એવા સચ્છાસ્ત્રદર્શિત ધર્મને પાળનારો ધીર પુરુષ સદા સુખી આનંદી રહે છે. એને દુઃખ નથી. માટે જે જે ધર્માદિ આચરવું તે શ્રદ્ધા અને નિયમધારી થઈને કરવું ॥ ૬૯-૭૧ ॥

अहिंसा ब्रह्मचर्यं च कारुण्यं च क्षमा तथा ।
शमस्तपस्तथा ध्यानं सत्यमित्यष्टकं त्विदम् ॥ ७२ ॥
हरेरति प्रीतिकरं मुनिभिः परिकीर्तितम् ।
विवेकधैर्य निर्वर्त्यं मोक्षद्वारमनिन्दितम् ॥ ७३ ॥
न चैतेषामुपादाने धनधान्यव्ययो महान् ।
केवलं मानसं त्वेव बलमत्र ह्यपेक्षितम् ॥ ७४ ॥

ધર્મોમાં પણ અહિંસા, બ્રહ્મચર્ય, કારુણ્ય ક્ષમા, શમ, તપ, ધ્યાન, સત્ય, આ આઠ ધર્મો છે તે ભગવાનની નિરતિશય પ્રીતિને કરનારા છે એમ સર્વે મુનિઓએ કહ્યું છે. આ ધર્મો વિવેક અને ધૈર્યથી સાધવા યોગ્ય અને મોક્ષના મુખ્ય દ્વારભૂત છે અને એમાં કાંઈ નિન્દિત નથી. આ ધર્મો પાળવામાં ધનનો કે ધાન્યનો મોટો ખર્ચો થતો નથી, આમાં તો કેવળ માનસિક બળની જરૂર છે ॥ ૭૨-૭૪ ॥

नास्ति हिंसासमं पापं नास्त्यहिंसासमो वृषः ।
अहिंस्रः सर्वभूतानामिहामुत्र न हिंस्यते ॥ ७५ ॥
यदाह भीष्मः शान्तनवो धर्मात्मा धर्मवित्तमः ।
धर्मं जिज्ञासमानाय धर्मपुत्राय तच्छृणु ॥ ७६ ॥
सर्वकर्मस्वहिंसां हि धर्मात्मा मनुरब्रवीत् ।
कामकाराद्धि हिंसन्ते बहिर्वेद्यां पशून्नराः ॥ ७७ ॥

तस्मात्प्रमाणतः कार्यो धर्मः सूक्ष्मो विजानता ।
अहिंसा सर्वभूतेभ्यो धर्मेभ्यो ज्यायसी मता ॥ ७८ ॥

હિંસાને સમાન કોઈ પાપ નથી. તેમ જ અહિંસાને સમાન કોઈ ધર્મ નથી. સર્વ ભૂતોની હિંસાને નહિ કરનારા પુરુષની હિંસા આ લોક પરલોકમાં કોઈ પણ કરતો નથી. બીજાની હિંસા કરે તો બીજો તેની હિંસા કરે. **द्रोग्धुर्वै परतो भयम्** એ ચોક્કસ છે.

અહિંસા ધર્મની મહત્તા, શંતનું રાજાના પુત્ર ભીષ્મપિતામહ કે જે પોતે ધર્માત્મા હોઈને ધર્મવિદોમાં ઉત્તમ છે તેમણે ધર્મ જાણવાની ઇચ્છાવાળા ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજા પ્રત્યે કહી છે તેને હું સંક્ષેપમાં કહું છું તેને સાંભળો. સર્વ કર્મોમાં અહિંસા ધર્મજ મુખ્ય છે એમ ધર્માત્મા મનુ કહે છે. કેટલાક નરો, પોતાની કામનાને વશ થઈને વેદી (યજ્ઞ) થકી બહાર પશુઓની હિંસા કરે છે. માટે ધર્મનું તત્ત્વ અતિ સૂક્ષ્મ હોવાથી તેને સમજી વિચારીનેજ પ્રમાણથી કરવા યોગ્ય છે. વગર વિચારે દેખાદેખી કરવા જેવું નથી. સર્વ ભૂતોની હિંસા ન કરવી એ સર્વ ધર્મો થકી બહુ શ્રેષ્ઠ માની છે. અહિંસા જેવો બીજો કોઈ ધર્મ શ્રેષ્ઠ નથી. આ ધર્મ, સર્વજન સાધારણ છે ॥ ૭૫-૭૮ ॥

त्रैगुण्यविषया वेदा राजसांश्चैव तामसान् ।
अधिकृत्य क्वचिद्यज्ञे हिंसां नियमयन्ति तु ॥ ७९ ॥
परोक्षवादो वेदोऽयं बालानामुपलालनम् ।
अहिंसायां च तात्पर्यमेतेषां निश्चितं बुधैः ॥ ८० ॥

જે વેદો છે તે ત્રિગુણ પુરુષના વિષયવાળા છે. તેઓ રાજસ તામસ જનોને અધિકાર કરીને યજ્ઞમાં કવચિત્ હિંસાને કહે છે પરંતુ તેતો ધીમે ધીમે તેમાંથી નિવૃત્તિ માટે કહે છે, ખાસ વિધિ નથી. જે આ પરોક્ષવાદ ગર્ભિત વેદ છે તે બાળકો કે જે હિતાહિતને નહિ જાણનારા પ્રિયૈક પરાયણ છે તેઓના ઉપલાલન (બહારથી પ્રિય લાગે અને અંદર હિત ગર્ભિત વચન છે) માટેજ છે. પરોક્ષવાદ એટલે પોતાના તાત્પર્યરૂપ હિત જે અહિંસા તે અપ્રત્યક્ષ-છે-પ્રત્યક્ષપણે કહેતો નથી. વેદોનું પરમ તાત્પર્ય અહિંસામાંજ વર્તે છે એવો બુધ જનોનો નિર્ણય છે ॥ ૭૯-૮૦ ॥

ब्रह्मचर्यं परब्रह्मप्राप्तौ मुख्यं तु साधनम् ।
ब्रह्मचर्येण दीर्घायुर्योगसिद्धीश्च विन्दति ॥ ८१ ॥

જે બ્રહ્મચર્ય છે તે પરમાત્માની પ્રાપ્તિમાં મુખ્ય સાધન માન્યું છે, બ્રહ્મચર્યથી દીર્ઘ આયુષ અને યોગની સિદ્ધિઓને પામે છે માટે શાસ્ત્રોમાં તેની બહુધા પ્રશંસા કરવામાં આવી છે અને બહુ ઋષિ રાજાઓએ ગુરુ પાસે જ્ઞાન લેવા જતાં બહુ કાળ સુધી તે વ્રત પાળ્યું છે ॥ ૮૧ ॥

दया तु दुःखितं दृष्ट्वा स्वान्ते दैन्यं परस्य यत् ।
दयालुः परदुःखानां निवृत्तौ परिचेष्टते ॥ ८२ ॥
न चैवाभयदानेन समो धर्मोऽस्ति कश्चन ।
दयालुः सर्वभूतेभ्यस्त्वभयं सम्प्रयच्छति ॥ ८३ ॥

કોઈપણ દુઃખી જીવને દેખીને બીજાના અંતરમાં જે દીનપણું આવે છે તેને દયા કહે છે. જે દયાળુ છે તે પારકાં દુઃખોને ટાળવા માટે સઘળા પ્રયત્નો કરે છે. અભય દાનને તુલ્ય કોઈપણ ધર્મ નથી. જે દયાળુ છે તે તો સર્વ ભૂતોને અભય આપે છે, માટેજ દયા એ ધર્મનું મૂળ છે એમ કહેવાય છે ॥ ૮૨-૮૩ ॥

अपराधसहत्वं तु क्षमा नाम परो गुणः ।
क्षमया याति चैश्वर्यं क्रोधेन तु परिक्षयम् ॥ ८४ ॥
शमो नाम गुणः सोऽयं योगाङ्गं मुख्यमुच्यते ।
शान्तः सुखेन सम्पन्नस्त्वशान्तस्य कुतः सुखम् ॥ ८५ ॥
शान्तं निषिद्धकृत्येभ्यः सुशान्तस्वान्तकं नरम् ।
प्रीणाति भगवान् विष्णुर्भक्तिं तस्मै प्रयच्छति ॥ ८६ ॥

પરે કરેલા અપરાધોને સહન કરવા તેને ક્ષમા કહે છે. આ ગુણ શ્રેષ્ઠ કહ્યો છે. ક્ષમાએ કરીને ઐશ્વર્યને પામે છે. ક્રોધે કરીને તો પરિક્ષયને પામે છે ॥ શમ નામનો જે ગુણ છે તે યોગના અંગ તરીકે માન્યો છે. જે શાંત છે તે સદા સુખ સંપન્ન રહે છે. અશાંતને તો સુખ ક્યાંથી હોય ? ન જ હોય. શાંતિમાં જ સુખ છે ॥ શાસ્ત્રનિષિદ્ધ કૃત્યો

થકી શાંતિને પામેલો અને સુશાંત અંતઃકરણ જેનું છે એવા નરની ઉપર વિષ્ણુ ભગવાન્ બહુ પ્રસન્ન થાય છે અને તેને પોતા વિષે ભક્તિને આપે છે. એમ શમમાં ઘણા ગુણો કહ્યા છે ॥ ૮૪–૮૬ ॥

तपसा तु सुचीर्णेन ध्वस्तपातकसञ्चयः ।
सर्वान् कामानवाप्नोति ब्रह्मनिष्ठां च विन्दति ॥ ८७ ॥
तपश्च त्रिविधं प्रोक्तं कार्यं वाक्कायमानसैः ।
निवृत्तरागैस्तदिदं कार्यं धीरैर्गृहेष्वपि ॥ ८८ ॥
वनेऽपि दोषा बहुधा प्रसज्यन्ते तु रागिणाम् ।
वीतरागस्य सद्वृत्तेर्गृहमेव तपोवनम् । ॥ ८९ ॥

સુરીતે કરેલા તપથી જેનો પાપસંચય નષ્ટ થયો છે એવો નિષ્પાપ પુરુષ, ઇચ્છિત સર્વ મનોરથોને પામે છે. અને બ્રહ્મનિષ્ઠાને પામે છે. તે તપ, કાય વાણી મન, એમ ત્રણ પ્રકારે કરવાનું કહ્યું છે. દેવ દ્વિજ ગુરુ પ્રાજ્ઞનું પૂજન, તીર્થ સ્નાનાદિક શૌચ, ત્રણ કરણીની સરળતા રૂપ આર્જવ,યથાયોગ્ય બ્રહ્મચર્ય, પ્રાણિઓને પીડા ન કરવા રૂપ અહિંસા, સ્વાધ્યાયનો અભ્યાસ, આ સર્વેને **શારીરિક** તપ તરીકે કહે છે. સામાને ઉદ્વેગ ન થાય એવું અને સત્ય હિત પ્રિય એવું જે વાકય તેને **વાણીમય** તપ કહે છે. મનનો ક્રોધાદિકે રહિત-પણા રૂપ પ્રસાદ, મનમાં સામાનું હિત થાય એવા અભિપ્રાયરૂપ સૌમ્ય-પણું, મનથી વાક્ પ્રવૃત્તિના નિયમરૂપ મૌન, મનની વૃત્તિને ધ્યેય મૂર્તિમાં સ્થાપવા રૂપ આત્મવિનિગ્રહ, આત્મા થકી વ્યતિરિકત વિષયના વિચારે રહિતપણા રૂપ ભાવસંશુદ્ધિ, આ સર્વને માનસ તપ કહે છે. આ રીતે ત્રિવિધ તપનું લક્ષણ છે. જેના વિષયરસો નિવૃત્ત થયા છે એવા ધીર નરોએ ગૃહમાં રહીને પણ એવું તપ કરવું. જેના રાગો નિવૃત્ત થયા નથી એવાને તો વનમાં પણ દોષો થવાનો બહુધા પ્રસંગ છે. રાગથી નિવૃત્ત અને સદ્વૃત્તિવાળાને ગૃહ જ તપોવન તુલ્ય કહ્યું છે ॥ ૮૭–૮૯ ॥

ध्यानं नाम हरेश्चिन्ता सततं कथिता बुधैः ।
गच्छन् तिष्ठन् स्वपन् कुर्वन् हरिमेव विचिन्तयेत् ॥ ९० ॥
हरिमेव सदा ध्यायन् ध्वस्तपातकसञ्चयः ।
तन्मयो वै भवेद्द्धा कीटः पेशस्कृत यथा ॥ ९१ ॥

मुहूर्ते चाप्यतिक्रान्ते हरिध्यानविवर्जिते ।
चौरापहृतसर्वस्व इव क्रोशेत्तु विह्वलः ॥ ९२ ॥
यन्मुहूर्तं क्षणं वाऽपि वासुदेवो न चिन्त्यते ।
सा हानिस्तन्महच्छिद्रं सा भ्रान्तिः सा च विक्रिया ।९३।

શ્રીહરિના નિરંતર-ચિંતનને બુધ જનો ધ્યાન કહે છે. ચાલતાં, ઉભા રહેતાં, સૂતાં, ક્રિયા કરતાં સદાય શ્રીહરિનું ચિંતન કરવું. શ્રીહરિના સતત ધ્યાનથી જેનાં સમગ્ર પાતકો નાશ પામ્યાં છે એવો પુરુષ નિશ્ચે તન્મય થાય છે. તેની ચિત્તવૃત્તિ સદાય ભગવાનમાં રહે છે. જેમ ઇયળ ભમરીના અખંડ સ્મરણથી તદાકાર ભમરી થઈ જાય છે તેમ. જો એકપણ મુહૂર્ત શ્રીહરિના ધ્યાન વિના વીતે છે તો ચોરોએ જેનું સર્વસ્વ હરિ લીધું છે એવો પુરુષજ જેમ વિહ્વળ થઈને આક્રોશ—આક્રંદન કરે છે તેમ આક્રંદન કરવાનું છે, સદા શોકજ કરવાનો છે. જે મુહૂર્ત કે ક્ષણ પણ વાસુદેવનાં ચિંતન વિનાનો જાય છે તે તેને મહાન્ હાનિ છે, અને તે મોટું છિદ્ર છે અને એજ એને ભ્રાન્તિ છે અને એજ એને વિક્રિયા છે. માટે ભગવાનનું સતત ચિંતન કરવું. ક્ષણ પણ વિસારવા નહિ ॥ ૯૦-૯૩ ॥

सत्येन लोकान् जयति सत्येनानन्त्यमृच्छति ॥ ९४ ॥
सत्यं च सुखहेतुः स्यात्सत्यं कीर्तिविवर्धनम् ।
सत्येन लभ्यते विष्णुर्नासत्येन कदाचन ॥ ९५ ॥

सत्यधर्मात्परो धर्मो न भूतो न भविष्यति ।
सत्यधर्माद्धर्मपुत्रः सदेहस्त्रिदिवं ययौ ॥ ९६ ॥

સામાનું પ્રિય હિત કરનારૂં જે યથાર્થ વચન તેને **સત્ય** કહે છે. સત્યથી ઇચ્છિત લોકોને પામે છે, સત્યથી અનંત ફળને પામે છે. જે સત્ય છે તે સુખમાં હેતુ છે અને લોકમાં કીર્તિને વધારનારૂં છે. સત્યથી ભગવાન્ વિષ્ણુની પ્રાપ્તિ થાય છે. અસત્યથી ક્યારેય પણ નહિ. સત્ય ધર્મથકી પરમ ધર્મ બીજો કોઈ થયો નથી અને થશે પણ નહિ. એજ સર્વશ્રેષ્ઠ ધર્મ છે. સત્ય ધર્મે કરીને ધર્મપુત્ર યુધિષ્ઠિર સદેહે સ્વર્ગમાં ગયા હતા. એ વાત પ્રસિદ્ધ છે. માટે યથોક્તલક્ષણ સત્ય બોલવું ॥ ૯૫-૯૭ ॥

अहिंसासत्यनिरतः प्रमाणं भवति द्विजः ।
अहिंसासत्यनिरतो नम्यते हरिणाऽपि च ॥ ९७ ॥
अहिंसाप्रमुखं त्वेतदष्टकं समुपाश्रितः ।
स्वधर्मनिरतः कृष्णं भजमानो विमुच्यते ॥ ९८ ॥

અહિંસા તથા સત્યમાં નિષ્ઠાવાળો દ્વિજ પુરુષ, લોકમાં પ્રામાણિક મનાય છે. અહિંસા-સત્યમાં દૃઢ સ્થિતિવાળા પુરુષને તો ભગવાન્ શ્રીહરિ પણ નમસ્કાર કરે છે. એવો અહિંસા સત્યધર્મનો મહિમા લોકશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. અહિંસા આદિક જે આઠ ગુણો સલક્ષણ કહ્યા તેને દૃઢપણે પાળનારો પુરુષ, સ્વધર્મમાં નિષ્ઠાવાળો થઈને જો ભગવાનને ભજે છે તો તે વિમુક્તિને પામે છે ॥ ૯૭-૯૮ ॥

न चलति निजधर्मवर्त्मतो यः सममतिरात्मसुहृद्द्विपत्सु नित्यम् ।
न हरति न च हन्ति कृष्णभक्तः स भवति भागवतप्रधान इड्यः ॥ ९९ ॥

જે હરિભક્ત, પોતાના ધર્મમાર્ગ થકી ક્યારેય ચલાયમાન થતો નથી અને પોતાના સુહૃદ્ હોય કે દ્વેષી હોય એ સર્વેમાં સદા સમાન બુદ્ધિને રાખે છે અને કોઈનું કાંઈ હરતો નથી અને કોઈને હણતો નથી તે સર્વેએ સ્તુતિ કરવા યોગ્ય ભાગવતપ્રધાન કહ્યો છે. આવા સુલક્ષણ-વાળાને મહાભક્ત કહ્યો છે ॥ ૯૯ ॥

शतानन्दमुनिरुवाच—

इति हरिवचनामृतं निशम्य मुदितमना नृपतिः प्रणम्य धार्मिम् ।
स्तुतिमकुरुत धर्मरक्षणार्थं प्रकटितरूपमवेत्य कृष्णमेव ॥ १०० ॥

इतिश्रीमदाध्यात्मिकनरनारायणाख्याने अभयराजश्रीहरिसंवादे धर्मसर्ग-निरूपणं नाम द्वादशोध्यायः ॥ १२ ॥

ઉપર પ્રમાણે શ્રીહરિના અમૃતતુલ્ય વચનને સુણીને મનમાં પ્રમોદ પામેલા અભયરાજા, ધર્મપુત્ર શ્રીહરિને પ્રણામ કરીને, શ્રીકૃષ્ણજી ધર્મ રક્ષણાર્થે પૃથ્વી ઉપર હાલમાં પ્રગટ થયા છે એમ સમજીને સ્તુતિ કરવા લાગ્યા. ॥ ૧૦૦ ॥

ઈતિશ્રી...બારમોઽધ્યાય ॥ ૧૨ ॥

त्रयोदशोऽध्यायः ।

अभयराज उवाच ।

त्वं साक्षात्परमः पुमांस्तु विदितो मायापरे चाक्षरे
नित्योद्भासिनि शान्तभूरिसुखदे नित्ये स्वधाम्नि स्थितः ।
गोलोके प्रियवंशवादनरतो राधादिशक्त्यान्वितः
नित्यानन्दघनश्च नन्दयसि तान् ब्रह्मात्मभूतान् निजान् ॥ १ ॥

અભય રાજા સ્તુતિ કરે છે—હે હરે! તમો સાક્ષાત્ પરમપુરુષ પરમાત્મા શ્રુતિસ્મૃતિમાં વિદિત છો. તે તમો માયાથકી પર, સ્વયંપ્રકાશમાન, શાંત મહાસુખને આપનારા, નિત્ય, એવા સ્વધામ અક્ષરમાં દિવ્યમૂર્તિથી વિરાજમાન છો. ગોલોકમાં અતિપ્રિય વંશી વાદનમાં રસિક અને રાધારમાદિ શક્તિઓએ સહિત એવા તમો સ્વયં નિત્ય આનંદઘન હોઈને પોતાના બ્રહ્માત્મભૂત મુક્તોને અખંડ આનંદ આપી રહ્યા છો ॥ ૧ ॥

यस्यानन्दमनन्तमाकलयितुं नित्यानवद्या परा
पारं तस्य न पारयन्त्यपि सदा बद्धोद्यमा वीक्षितुम् ।
युक्तामाह निवृत्तिमेव वचसां स्वान्तैः सहाम्नायगीः
स त्वानन्दनिधिस्त्वमेव सहजानन्दाभिधः श्रीहरिः ॥ २ ॥

જેના નિરવધિકાતિશય આનંદનું માપ કાઢવા માટે 'આટલો જ છે એમ' તથા જોવા માટે ઉપનિષદો સાથેની વેદવાણી કે જે નિત્યા નિર્દોષ અને પરા છે તે સદા ઉદ્યમપરાયણ હોવા છતાં તેના પારને બીલકુલ પામી શકી નહિ. કેમકે અવધિનો અસંભવ છે. છેવટે થાકીને '**यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह**' આ શ્રુતિમાં કહ્યા મુજબ જ્યાં મન વાણી પહોંચી શકતાં નથી એવું ઉચિત કહેવું પડયું. '**सैषा आनन्दस्य मीमांसा भवति**' ઇત્યાદિ શ્રુતિઓમાં આનંદની મીમાંસા–પરાકાષ્ઠા કહેલી છે. તેવા નિરવધિ આનંદના નિધિરૂપ તમો જ હાલમાં સહજાનંદ નામના શ્રીહરિ છો ॥ ૨ ॥

सर्वज्ञत्वबलेश्वरत्वसुमहावीर्यातितेजोऽन्वितो
नानाशक्तियुतः करोषि जगतां सृष्टिं स्थितिं चाप्ययम् ।
त्वं ज्ञानं परमं ददासि गुरुवर्यात्मा हितं चात्मनां
धर्मं च प्रथयस्यहो ! गुरुकृपातन्त्रः स्वतन्त्रो विभुः ॥ ३ ॥

યત્કિંચિત સર્વને સદા સ્વતઃ એક સાથે પ્રત્યક્ષવત્ જાણવારૂપ **જ્ઞાન**, અઘટિત ઘટના સામર્થ્યરૂપ નાનાવિધ શક્તિ, વિશ્વને ધારવાના સામર્થ્યરૂપ **બળ**, નિયમન સામર્થ્યરૂપ ઐશ્વર્ય, હેતુ છતાં વિકારે રહિતપણારૂપ **વીર્ય**, પરને પરાભવ કરવાના સામર્થ્યરૂપ **તેજ**, આ જગત્સૃષ્ટિમાં ઉપયોગી સ્વરૂપાનુબંધી છ ગુણોએ યુક્ત હોઈને અનેક જગતોની સૃષ્ટિ સ્થિતિ અને પ્રલયને તે તે સમયે કરો છો.

હાલમાં અવતાર રૂપમાં આવેલા તમે ગુરુવર્યરૂપથી આત્માઓના પરમ હિતકારી જ્ઞાનને આપો છો અને ધર્મને વિસ્તારો છો. આ આશ્ચર્યમય છે. ગુરુ (રામાનંદ સ્વામી)ની કૃપાના તંત્રમાં છો છતાં તમો સ્વતંત્ર મહાસમર્થ છો ॥ ૩ ॥

सद्धर्मप्रथनाय जन्म भवतो दिव्यं त्विदं धर्मतो
भक्त्यां जातमधर्मसर्गनिवहध्वंसाय चास्मत्प्रभो ! ।
भक्तानां त्वदनन्यमानसधियां रक्षां विधत्सेऽञ्जसा
तं त्वां नौमि भवाम्बुधिप्लववरं फुल्लारविन्देक्षणम् ॥ ४ ॥

ધર્મ ભક્તિ થકી થએલો તમારો આ દિવ્ય જન્મ તો ધર્મના સ્થાપન માટે અને અધર્મ સમૂહના નાશ માટે થયો છે. હે અમારા પ્રભો ! તમારે વિષે જ અનન્ય મન બુદ્ધિ જેમની છે એવા ભક્તોની તમે સારી રીતે રક્ષા કરો છો. ભવસાગરના દૃઢ નૌકારૂપ અને પ્રફુલ્લિત કમળના જેવાં નેત્રવાળા એવા તમોને હું નમસ્કાર કરૂં છું ॥ ૪ ॥

धर्मग्लानिमधर्मवृद्धिमभितो गुर्वादिरूपासुरैः ।
हिंसाऽसत्यमयीं तथैव कदनं धर्मात्मकानां सताम्

पश्यन् श्रीभगवज्जनेरवसरं ध्यायन् विजानेऽधुना ।
धर्मत्राणकृतावतारमवनौ त्वां कृष्णदेवं परम् ॥ ५ ॥

ગુરુ, વૈરાગી વિગેરેના રૂપમાં રહેલા અસુરોએ ચોતરફ કરાતી ધર્મગ્લાનિ અને હિંસા અસત્ય ભરપુર અધર્મ વૃદ્ધિને જોઈને, તેમ જ ધર્માત્મા સંતોની અસુરો તરફથી થતી પીડાને જોઇ ને 'ભગવાનના જન્મનો આજ અવસર છે' ('**यदा यदा हि**' એમાં કહ્યા મુજબ) એમ ચિન્તવન કરી રહેલો હું, હાલમાં ધર્મરક્ષણ માટે અવતાર ધારી આવેલા તમો જ પરંબ્રહ્મ શ્રીકૃષ્ણદેવ છો એમ નિશ્ચયથી જાણું છું ॥ ५ ॥

श्रीकृष्णो बलभद्रमाह सुमहावीर्यं निजं जन्म यत्
भक्तानां परिरक्षणार्थमभितो भूभारविध्वंसकम् ।
अन्यच्चापि भजामि जन्म समयेऽधर्माविले तद्वचः
सत्यं सोऽद्य भवान् विभाति भुवि यत् सद्धर्मरक्षाकरः ॥६॥

શ્રીકૃષ્ણ ભગવાને પોતાના મોટાભાઈ બળદેવજી પ્રત્યે કહ્યું કે, આ જે અત્યંત મહા વીર્યવાળો અવતાર છે તે ભક્તોના સંરક્ષણ માટે અને ભૂમિના ભારભૂત અસુરોના નાશ માટે છે. ભવિષ્યમાં અધર્મની અભિવૃદ્ધિનો સમય આવતાં બીજા પણ જન્મને ધારણ કરીશ, આ જે પ્રતિજ્ઞા વચન તેને સત્ય કરવા માટે તેજ તમો સદ્ધર્મની રક્ષા કરવા માટે પૃથ્વી ઉપર પ્રગટ થયા છો એમ જણાય છે. '**अन्योऽपि धर्मरक्षायै देहः संभ्रियते मया**' (ભાગ. સ્કં. ૧૦ અ. ૫૦ શ્લો. ૧૦) આ સંપ્રદાય-માન્ય શ્લોકના અનુસંધાનથી આ વર્ણન છે ॥ ६ ॥

कृष्णस्येव तवाद्भुतं सुचरितं सर्वार्थसंसाधकम्
सर्वाघप्रशमं मुदा कथयतां संशृण्वतां ध्यायताम् ।
स्वैश्वर्यं च महाद्भुतं प्रथयसे गोलोकधामादिगं
सद्योयोगविधानतस्त्वमसि तत्सर्वेश्वरः श्रीहरिः ॥ ७ ॥

તમારૂં જે પવિત્ર ચરિત્ર છે તે શ્રીકૃષ્ણના જેવું અદ્ભુત છે. અને ધર્માદિ સર્વ અર્થને સાધનારૂં છે. તેને પ્રીતિથી કહેનારા, સાંભળનારા અને ચિંતન કરનારા જનોનાં સર્વ પાપોની શાંતિને કરનારૂં છે. ગોલોકા-

દિક ધામોમાં જે પોતાનું મહાઅદ્‌ભુત ઐશ્વર્ય છે તેને આ લોકમાં સત્વર સમાધિ કરાવી પ્રખ્યાત કરો છો–સહુને પ્રત્યક્ષ બતાવો છો. માટે તમો સર્વેશ્વર શ્રીહરિ છો ॥ ૭ ॥

नैवेषा भवतो जनिस्तु सहजानन्दस्य हेयान्विता
जीवस्येव जडात्ममायिकवपुर्धृत्यात्मिका कर्मजा ।
भक्तेष्टप्रतिपादनाय तु पुनर्जातो मुकुन्दो भवान् ।
एकान्ताभिधधर्मरक्षणकृते शर्मप्रदो देहिनाम् ॥ ८ ॥

જેમ જીવનો જન્મ, જડાત્મક માયિક દેહના ધારણરૂપ કર્મજન્ય હેય છે તેમ સહજાનંદરૂપ તમારો આ જન્મ તો કર્મજન્ય હેય નથી. પરંતુ "**जन्म कर्म च मे दिव्य**" એમાં કહ્યા મુજબ દિવ્ય છે. ભકતોની ઇચ્છાને પૂર્ણ કરવા માટે અને એકાંતિક જેનું નામ છે એવા ધર્મના રક્ષણ માટે જીવોના સુખપ્રદાતા તમો ફરીથી પૃથ્વી ઉપર મોક્ષદાન માટે પ્રગટ થયા છો ॥ ૮ ॥

राजन्यादिषु जन्म चेत्तव भवेदैश्वर्यतेजोबला-
ल्लोकानां ननु दुर्लभा त्वदुपसंसत्तिः प्रसज्येत वै ।
तत्त्वं गूढनिजेश्वरत्व इह नः प्राप्तोऽसि भक्तप्रियः
स्वेच्छातो धृतसौम्यदेशिकतनुः शीलस्तवैषोऽतुलः ॥ ९ ॥

જો ક્ષત્રિયાદિ કુળમાં તમારો અવતાર થયો હોત તો ઐશ્વર્ય તેજ બળ આદિકના વેગને લીધે લોકોને તમારો મેળાપ થવાનો પ્રસંગ દુર્લભ થાત. મેળાપ જ થાત નહિ. એમ જાણીને તમો પોતાનાં ઐશ્વર્યને ગૂઢ (છાનાં) રાખીને સંતાડીને આ લોકમાં અમોને ભકતપ્રિયતાવશાત્ પ્રાપ્ત થયા છો. સ્વેચ્છાથી જ સૌમ્ય આચાર્યતનુને ધારી રહ્યા છો. તમારૂં જે સૌશીલ્ય છે તે કોઈને પણ તુલ્ય નથી. તમારે વિષે જ વર્તે છે. પોતાની મોટપને નહિ ગણીને મંદોને પણ નિષ્કપટ મેળાપ આપવો એને સૌશીલ્ય ગુણ કહે છે ॥ ૯ ॥

सद्धर्मावनदीक्षितो भुवि सुरामांसादिना सन्ततं
धर्मामासमधर्ममासुरजनैर्जुष्टं च हिंसात्मकम् ।

उन्मूल्याशु निजौजसा प्रथयसे सन्तं मखं वैष्णवं
शस्तं साधुभिरादृतं शुभफलं निर्दोषकं मोक्षदम् ॥ १० ॥

સદ્ધર્મના રક્ષણની દીક્ષા (વ્રત) જેમણે લીધી છે એવા તમો ભૂમિ ઉપર આસુર જનોએ દેવદેવીઓને નિરંતર સુરા માંસ મદ્ય આદિક ભક્ષ્યના નિવેદન મિષથી પ્રવર્તાવેલા હિંસાત્મક ધર્માભાસને પોતાના પ્રતાપથી મૂળમાંથી ઉખાડી નાખીને વૈષ્ણવ યાગ, કે જે સુજનોએ સ્વીકારેલો અને શુભ ફળને આપનારો અને જેમાં કોઈ દોષ નથી અને મોક્ષ ફળને આપનારો પ્રશસ્ત છે તેને લોકમાં પ્રખ્યાપિત કરો છો ॥ ૧૦ ॥

दम्भार्थं च यजन्ति ये परधनस्त्र्यादिप्रसक्तास्तथा
भक्तिं श्रीपुरुषोत्तमे प्रकटयन्त्यद्धा जगद्वञ्चकाः ।
ते सर्वे गुरुशब्दभाज उरुधाऽधर्मे प्रवृत्ता लयं
सम्प्राप्ता हरिकृष्णतेजसि तव त्वर्के तमिस्रा यथा ॥ ११ ॥

હે હરિકૃષ્ણ ભગવાન્ ! જગતમાં જેઓ પરધન અને પરસ્ત્રીમાં આસક્ત હોઈને દંભાર્થે યાગાદિકને કરનારા છે અને જેઓ ઉપરથી ભગવાનમાં કેવળ ખોટો ભક્તિનો આટાટોપ કરનારા હોઈને ભોળા લોકોને છેતરનારા છે તે બધા બહુધા અધર્મમાં પ્રવર્તેલા ગુરુ નામધારીઓ તમારા તેજમાં લય પામી ગયા છે. જેમ ઉદય પામેલા સૂર્યમાં રાત્રિ લય પામી જાય છે તેમ ॥ ૧૧ ॥

जन्मेदं तव नैव पुण्यवशतो नैवापराद्धा विभो !
स्वेच्छामात्रत आश्रितार्थमवनौ प्रादुर्भवन् श्रीहरे ! ।
बिभ्राणो जगतां शमाय परमं सद्ब्रह्मचर्यं व्रतं
भक्ताभीतिवरप्रदो विजयसे सत्यं कलौ वर्तयन् ॥ १२ ॥

હે વિભો ! શ્રીહરિ ! તમારો આ જન્મ, પુણ્ય વશતાથી કે બીજા કોઈ કારણથી નહિ, પરંતુ સ્વેચ્છા માત્રથી આશ્રિતોના રક્ષણ માટે જ થયો છે. જગતની શાંતિ માટે દૃઢ નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતને ધારીને, ભક્તોને અભય અને વરને આપતા એવા તમો કલિમાં સત્યયુગને પ્રવર્તાવતા થકા સર્વોપરી વિરાજો છો ॥ ૧૨ ॥

औदार्यं तव विश्वविश्रुतमहोऽनन्यादृशी त्वत्क्षमा
सौलभ्यं परमं दया च परमा दीनेषु दीनार्तिहन् ।
अद्रोहः समता समेषु परमं वात्सल्यमप्याश्रिते
स त्वं मङ्गलमङ्गलं शुभगुणः सर्वेष्टसंसाधकः ॥ १३ ॥

તમારૂં ઔદાર્ય વિશ્વમાં વિખ્યાત વર્તે છે. તમારી ક્ષમા કોઈને પણ તુલ્ય નહિ એવી અનુપમા છે. તમારૂં સૌલભ્ય પરમ છે. દીનોની પીડાને હરનારા તમારી દીનજનો ઉપર દયા પરમા છે. સર્વને વિષે અદ્રોહ અને સમતા તથા આશ્રિતો ઉપર પરમ વાત્સલ્ય પણ વર્તે છે. આ ગુણો અહો–આશ્ચર્યજનક છે. તમો મંગળોના મંગળકારક, શુભ ગુણશાળી અને સર્વેનું ઇષ્ટ સાધી આપનારા છો ॥ ૧૩ ॥

सम्पत्तिश्च दरिद्रता प्रियमपि द्वेष्यं शुभं चाशुभं
मैत्री शात्रवमार्जवं कुटिलता धर्मोऽप्यधर्मस्तथा
स्वर्गोऽथो निरयो भवश्च विलयो मोक्षस्तथा संस्कृतिः
भावास्ते जगतां भवन्ति नियता इच्छावशात्साक्षिणः ॥१४॥

લોકમાં કોઈને ધનાદિ સંપત્તિ તો કોઈને દરિદ્રતા, કોઈને પ્રિય તો કોઈને અપ્રિય, કોઈને શુભ તો કોઈને અશુભ, કોઈને મિત્રતા તો કોઈને શત્રુતા, કોઈને સરળતા તો કોઈને કુટિલતા, કોઈને ધર્મ તો કોઈને અધર્મ, કોઈને સ્વર્ગ તો કોઈને નરક, કોઈને ભવ (જન્મ) તો કોઈને વિલય (નાશ) કોઈને મોક્ષ તો કોઈને સંસ્કૃતિ, આ બધા જે વિવિધ વિચિત્ર ભાવો નિયતપણે પ્રવર્તે છે. તે સર્વના સાક્ષિભૂત આપની ઇચ્છાનુસારે પ્રવર્તે છે, તમારી ઇચ્છા વિના કોઈપણ ભાવો જગતમાં પ્રવર્તતા નથી ॥ ૧૪ ॥

जन्मान्येव विचेष्टितानि भवतोऽनन्तानि दिव्यान्यहो ।
प्रोच्यन्ते परमर्षिभिः शुभगुणव्रातानि नामान्यपि ।
ऐश्वर्याणि तथा श्रुतानि भवतो धामानि रूपाण्यपि
स्तोतुं के वयमीश्वरेश्वरममी भूमानमत्यद्भुतम् ॥ १५ ॥

તમારાં જન્મો તથા ચરિત્રો અનંત અને દિવ્ય આશ્ચર્યરૂપ જ છે એમ પરમર્ષિઓ કહે છે. 'जन्म कर्म च मे दिव्यं' એમ પોતે શ્રીકૃષ્ણે કહ્યું છે. તમારા શુભ ગુણગણો, નામો, ઐશ્વર્યો, શાસ્ત્રપ્રતિપાદિત અક્ષરાદિ ધામો અને રૂપો પણ અનંત અને દિવ્ય છે. આવા ઈશ્વરેશ્વર સુખનિધિ અદ્ભૂતમૂર્તિ આપની સ્તુતિ કરવા માટે અમો શા હિસાબમાં છીએ. સ્તુતિ કરવાનું સામર્થ્ય અમારૂં અલ્પ પણ નથી ॥ ૧૫ ॥

चित्तं मे तव सौम्यदिव्यवपुषश्चिन्तापरं स्यात्सदा
वाग्वृत्तिस्तव दिव्यभव्यविहृतेः सङ्कीर्तने तत्परा ।
नेत्रे चेक्षणतत्परे तव तथा त्वद्भक्तसङ्घस्य मे
त्वत्सेवानिरता सदाऽस्तु भगवन्! सर्वाङ्गवृत्तिः प्रभो! ॥ १६ ॥

હે ભગવન્! મારૂં ચિત્ત, તમારા સૌમ્ય દિવ્ય રૂપના ચિંતનમાં સદા કાળ તત્પર રહો. (અન્યત્ર નહિ) મારી વાણી, તમારા દિવ્ય ભવ્ય ચરિત્રો અને મંગળ નામોના ઉચ્ચારણમાં તત્પર રહો. મારાં નેત્રો, તમારાં દર્શન તથા તમારા ભક્તસંઘનાં દર્શન કરવામાં તત્પર રહો. મારા સર્વ અંગોની વૃત્તિ, તમારી સર્વવિધ સેવામાં તત્પર રહો. એવી પ્રાર્થના છે॥ ૧૬ ॥

त्वदधीनसमग्रजीवनस्तव दासत्वरसोत्सुको हरे! ।
प्रियभक्त! वराक्षरस्थितं तव रूपं तु दिदृक्ष ऐश्वरम् ॥ १७ ॥
यदि दिव्यभव्यपररूपदर्शने तव मेऽधिकारमनुपश्यसि प्रभो! ।
अथ दुर्लभं तव वपुस्त्वभक्तैस्त्वदनन्यचेतस इहाशु दर्शय ॥१८॥

હે હરે! હું તમારે અધીન સમગ્ર જીવનવાળો અને તમારા દાસપણાના રસમાં ઉત્સાહવાળો છું. તમોને ભક્તો બહુ જ પ્રિય છે. તો પરાત્પર અક્ષર ધામમાં રહેલા તમારા દિવ્ય પરમેશ્વરસંબંધિ રૂપનાં દર્શન કરવા ઈચ્છું છું ॥ હે પ્રભો! જો તમારા દિવ્ય ભવ્ય પર રૂપના દર્શનમાં મારો અધિકાર માનતા હો તો, તમારૂં દિવ્ય રૂપ કે જે અભક્તોને તો અત્યંત દુર્લભ છે તે તમારા થકી અન્યત્ર જેનું ચિત્ત નથી એવા એકાંતિક મને હાલ તત્કાળ બતાવો ॥ ૧૮ ॥

शतानन्द उवाच—

इति राज्ञा स्वभक्तेन प्रार्थितः करुणाकरः ।
हरिकृष्णस्तमर्हं वै त्वमन्यत निजेक्षणे ॥ १९ ॥

अथ चैनं भक्तराजं प्राणनाडी निरोध्य च ।
समाधियुक्तमकरोत् हरिर्योगेश्वरेश्वरः ॥ २० ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! ઉપર પ્રમાણે પોતાના અનન્ય ભક્ત અભય રાજાએ સ્તુતિ પ્રાર્થના કરતાં, કરુણાની ખાણરૂપ એવા શ્રીહરિકૃષ્ણે, રાજાને પોતાના દિવ્ય રૂપનાં દર્શન દેવામાં નિશ્ચે લાયક છે એમ માનીને, અનંતર ભક્તરાજ અભય રાજાને યોગેશ્વરોના ઈશ્વર શ્રીહરિ-હોવાથી નાડી પ્રાણનો નિરોધ કરાવીને સમાધિયુક્ત કરી દીધા ॥૧૯–૨૦॥

तत्रादौ प्रकटं रूपं भुवि स्वं समदीदृशत् ।
मुनिवृन्दैः सेव्यमानं घनश्यामं सितप्रभम् ॥ २१ ॥

पौष्पैर्हारैस्तथाऽऽपीडैः शोभितं कर्णभूषणैः ।
स्मयमानमुखाब्जं च दयार्द्रमृदुलेक्षणम् ॥ २२ ॥

कमलोपरितो रिङ्खद्भ्रमरालिनिभभ्रुवम् ।
ऊर्ध्वपुण्ड्रश्रिया दीप्यल्ललाटं चारुनासिकम् ॥ २३ ॥

कम्बुग्रीवं महोरस्कं वृत्तायतभुजद्वयम् ।
पीनोन्नतांसं केयूरकटकादिविभूषितम् ॥ २४ ॥

जीवाभयदमालाढयरक्तपाणितलान्वितम् ।
वलित्रयलसद्दिव्योदरनाभिसरोरुहम् ॥ २५ ॥

તેમાં પ્રથમ પૃથ્વી ઉપર વિરાજમાન પોતાના પ્રકટ રૂપનાં દર્શન આપ્યાં. કેવું એ રૂપ ? તો મુક્તવૃન્દોએ સેવા કરાતું, મેઘસમાન કાંતિવાળું, છતાં '**श्यामं सितं**' એમાં વર્ણવ્યા મુજબ ઉજ્જ્વળ પ્રભાવાળું, વિવિધ પુષ્પોના હારો, તોરાઓ અને કર્ણભૂષણો (ગુચ્છો) વડે શોભાયમાન, મંદમંદ હસતા મુખારવિંદવાળું, દયાથી ભીની કોમળ દૃષ્ટિવાળું, કમળો

ઉપર હિચકતા ઝુલતા ભમરોની પંક્તિને તુલ્ય ભ્રકુટિવાળું, સચંદ્રક ઊર્ધ્વપુંડ્રની શોભાવડે શોભિત લલાટવાળું, સુંદર નાસિકાવાળું, શંખ સદૃશ ગ્રીવાવાળું, લાંબા ગોળ બે હસ્તવાળું, સ્થૂળ ઉન્નત ખભાવાળું, બાજુબંધ કડાં વિગેરે વિભૂષણો વડે વિભૂષિત, જીવોને અભય આપતી તુલસીમાળા વડે શોભિત રક્ત હસ્તતળવાળું, ત્રિવળિથી શોભિત દિવ્ય ઉદર નાભિ કમળવાળું ॥ ૨૫ ॥

आनाभिलग्नविमलोपवीतातिमनोहरम् ।
कटिप्रदेशसंलग्नसितकौशेयवाससम् ॥ २६ ॥
रम्भोरुं चारुजङ्घं च गुल्फाभ्यां सुमनोरमम् ।
पवित्रीकृतभूभागपादपद्मयुगान्वितम् ॥ २७ ॥
अरुणाभनखज्योतिर्विद्योतितदिगन्तरम् ।
सद्धर्मपोषणोद्युक्तं वर्णिवेषं प्रशान्तकम् ॥ २८ ॥
नानालीलाकरं भक्तनन्दनाय जगद्धितम् ।
प्रकटं दर्शयन्नित्थं स्वरूपं भक्तिनन्दनः ॥ २९ ॥

વળી કેવું? તો નાભિ પર્યંત લાંબી વિમળ ઉપવીતથી સર્વના મનને હરનારૂં, કટિપ્રદેશમાં શ્વેત રેશમી વસ્ત્રને ધારી રહેલું, કેળના સ્તંભ જેવા જાડા સાથળવાળું, સુંદર જંઘાવાળું, બે ઘુંટીઓ વડે સુમનોહર, ભૂભાગને પવિત્ર કરી રહેલા યુગલ ચરણારવિંદવાળું, અરુણ વર્ણની નખકાંતિથી ચારે દિશાઓને પ્રકાશિત કરતું, સદ્ધર્મના પોષણમાં સદા ઉદ્યમી, વર્ણિવેષ રમણીય, સર્વને શાંતિ આપનારૂં, ભક્તોને આનંદ આપવા અવતરેલું, આ પ્રકારનું પ્રકટરૂપ, ભક્તિનંદન શ્રીહરિએ અભય રાજાને દર્શાવ્યું ॥ ૨૯ ॥

परोक्षं मुक्तवृन्दैश्च जुष्टं तस्मा अदर्शयत् ।
गोलोक एवाक्षरे स्वे धाम्नि नित्यं स्थितं स्वकम् ॥ ३० ॥
सर्वावताररूपाणां प्रभवं सर्वकारणम् ।
दिव्यमाल्याम्बरधरं दिव्यभूषणभूषितम् ॥ ३१ ॥

स्फुरत्किरीटनिःक्षिप्तबर्हिपिच्छातिरम्यकम् ।
श्रीवत्सलक्ष्मसंयुक्तश्रीमद्वक्षोविराजितम् ॥ ३२ ॥

पद्मानने पद्मकरं पद्मपत्रनिभेक्षणम् ।
पद्मनाभं पद्मपादं नित्यजुष्टं च पद्मया ॥ ३३ ॥

श्रीकृष्णं राधिकाजुष्टवामपार्श्वं शुचिस्मितम् ।
कैशोरवयसा रम्यं घनश्यामं सितप्रभम् ॥ ३४ ॥

वादयन्तं कराब्जाभ्यां वेणुं न्यस्य निजाधरे ।
रूपाद्यैर्मुक्तवृन्दानि नन्दयन्तं सदैव च ॥ ३५ ॥

તે પછી તત્ક્ષણ દિવ્ય રૂપધારી અક્ષરમુક્ત વૃંદોએ દિવ્ય ઉપચારો વડે પરિચર્યા કરાતા દિવ્ય અદ્ભુત રૂપનાં દર્શન આપ્યાં, એ રૂપ કેવું ? તો પોતાના ગોલોકાંતર્વર્તિ અક્ષરધામમાં નિત્ય વિરાજમાન, સર્વ અવતારોના મૂળભૂત, સર્વ કારણોના કારણ, દિવ્ય પુષ્પો અને દિવ્ય પીતાંબરને ધારી રહેલું, દિવ્ય ભૂષણો વડે વિભૂષિત, ચળકતા મુકુટમાં ધારેલાં મોરપિચ્છો વડે અતિ રમણીય જણાતું, શ્રીવત્સના ચિહ્ન યુક્ત શોભિત વક્ષ:સ્થળવાળું, પ્રફુલ્લિત મુખવાળું, કમળને સદૃશ હસ્તવાળું ॥ લક્ષ્મીએ સદા સેવા કરાતું, વામભાગમાં રાધિકાએ સેવા કરાતું, મંદમંદ હાસ્યવાળું, કિશોર (સોળ વર્ષ) અવસ્થાએ રમણીય, મેઘ સમાન શ્યામ શરીરવાળું, શ્વેત ઉજ્જવળ કાંતિવાળું, ઓઠ ઉપર ધારીને કરકમળથી વાંસળીને મોહક મધુર સ્વરે વજાડતું ॥ ૩૦–૩૪ ॥ અને પોતાના રૂપ આદિક વડે મુક્તોને સદાય આનંદ પમાડતું ॥ ૩૫ ॥

निजायुधैर्मूर्तिमद्भिश्चक्राद्यैः सेवितं सदा ।
अणिमादिभिरैश्वर्यैस्तत्त्वैश्च निजशक्तिभिः ॥ ३६ ॥

ब्रह्मभूतैर्महामुक्तैस्तत्तत्सेवानियोजितैः ।
सेव्यमानं सदा स्निग्धैः परमानन्दनिर्भरैः ॥ ३७ ॥

ब्रह्मभावं प्रपन्नैश्च मुक्तवृन्दैरकल्मषैः ।
दिव्यैः पूजोपकरणैरर्च्यमानपदाम्बुजम् ॥ ३८ ॥

तस्य तस्याभीप्सितं शं प्रयच्छन्तं महाविभुम् ।
प्रहर्षयन्तं मुक्तौघं कान्त्येन्द्वयुततुल्यया ॥ ३९ ॥

શંખ, ચક્ર, ગદા, પદ્મ, આ ચાર મૂર્તિમાન આયુધો કે જેમાં પોતાના જેવી અદ્ભુત અપાર શક્તિઓ આરોપી છે તેમણે સદા સેવાતું, અણિમા લઘિમા આદિક ઐશ્વર્યો અને પોતાની શક્તિભૂત તત્વોએ સેવાતું, તે તે છડી છત્ર ચામર વિગેરે પ્રકારની સેવામાં વ્યવસ્થાથી રહેલા સ્નેહાસ્પદ પરમાનંદપૂર્ણ બ્રહ્મભૂત મહામુક્તોએ સેવાતું, વળી બ્રહ્મભાવને પામેલા નિર્દોષ મુક્તવૃન્દોએ દિવ્ય પૂજોપચાર ચંદન પુષ્પાદિ વડે પૂજાતું છે ચરણાવિંદ જેમનું, વળી તે તે મુક્તને ઇપ્સિત સર્વવિધ સુખને આપવામાં મહાસમર્થ, દશહજાર (અસંખ્ય) ચંદ્રને તુલ્ય ઉજ્જવળ કાન્તિ વડે મુક્તસંઘને પ્રહર્ષ પમાડતું ॥ ૩૬-૩૯ ॥

सङ्कर्षणादिरूपैश्च जगद्व्यापारकारकम् ।
अनेकब्रह्माण्डपतिस्तूयमानात्मवैभवम् ॥ ४० ॥

नारायणं वासुदेवं महाविष्णुं सनातनम् ।
स्वामिनं जगतामेकं नित्यषाड्गुण्यविग्रहम् ॥ ४१ ॥

ज्ञानानन्दघनं पूर्णमनन्तं पूरुषोत्तमम् ।
जगत्पतिं जगन्नाथं वैकुण्ठमपराजितम् ॥ ४२ ॥

देवानां परमं देवमीश्वराणामधीश्वरम् ।
मायापुरुषकालादेर्नियन्तारं परं बृहत् ॥ ४३ ॥

વળી વાસુદેવ સંકર્ષણ અનિરુદ્ધ પ્રદ્યુમ્ન, આ ચાર દિવ્ય રૂપોએ કરીને જગતના સૃષ્ટિ આદિક વ્યાપારને કરતું, અનેક બ્રહ્માંડના અધિપતિ ભવ બ્રહ્માદિ દેવોએ સ્તુતિ કરાતો છે દિવ્ય વૈભવ જેમનો, શ્રુતિ સ્મૃતિઓમાં નારાયણ વાસુદેવ મહાવિષ્ણુ આદિક સાર્થક સંજ્ઞાથી સંબોધાતું, સનાતન, જગતના સ્વામિભૂત, એક-અદ્વિતીય, નિત્ય, જ્ઞાનાદિ છ નિત્ય ગુણોને પ્રકાશ આપતું દિવ્ય રૂપ જેમનું છે, જ્ઞાનાનંદઘન પૂર્ણ, સ્વરૂપ રૂપ ગુણ વિભવ વિગેરેનો અંત-અવધિ ન હોવાથી 'અનંત' પદથી કહેવાતું.

ક્ષરાક્ષરવિલક્ષણ હોવાથી પુરુષોત્તમ એવી અસાધારણ આખ્યાથી વિખ્યાતિને પામેલું, જગતના પતિ, જગતના એકનાથ, વિકુંઠ નામથી વ્યપદેશાતું, કોઈથી પણ પરાજયને નહિ પામનારું (અજીત) દેવોના પરમ દેવભૂત, ઇશ્વરોના અધીશ્વર (અનન્યેશ્વર) માયા પુરુષ કાળ એ આદિકના નિયમનને કરનારું, મહતો મહીયાન્ હોવાથી પરંબ્રહ્મ તરીકે પ્રતિપાદેલું ॥ ૪૦-૪૩ ॥

एकमेवाद्वितीयं च पवित्रं मङ्गलं परम् ।
स्तब्धमात्मानुभावेन निस्तरङ्गार्णवोपमम् ॥ ४४ ॥

अपरिच्छेद्यविभवं हरिं श्रीकृष्णमच्युतम् ।
गोविन्दमरविन्दाक्षं हृषीकेशं श्रियःपतिम् ॥ ४५ ॥

तं समाधौ समीक्ष्यैव स्थितप्रज्ञः स भक्तराट् ।
व्यस्मरल्लीनवृत्तिस्तु स्वात्मानमपि निर्वृतः ॥ ४६ ॥

ब्रह्मानन्दमिह प्राप्तो ब्रह्मीभूतो महीपतिः ।
हरिकृष्णेच्छया भूयः समुत्तस्थौ समाधितः ॥ ४७ ॥

'**एकमेवाद्वितीयं**' આ શ્રુતિમાં નિરૂપ્યા પ્રમાણે સજાતીય દ્વિતીય રહિત પણે નિરૂપેલા, '**पवित्रं मङ्गलं परं**' આ સ્મૃતિમાં પ્રતિપાદ્યા પ્રમાણે પરમ પવિત્ર પરમ મંગળપણે નિરૂપેલા, જ્ઞાનાનંદ સ્વાત્માનુભાવથી પૂર્ણ સ્તબ્ધ-નિશ્ચળ હોવાથી તરંગ વિનાના સમુદ્રની ઉપમા જેને છે એવા સ્વરૂપવાળા, જેના વૈભવનો માપ નથી, જેના સ્વરૂપ સ્વભાવની પ્રચ્યુતિ નહિ હોવાથી અચ્યુતપણે નિરૂપેલા, શ્રીહરિકૃષ્ણ નામ સાર્થક સંજ્ઞાવાળા, ગોવિંદ નામથી બહુધા નિરૂપેલા, **कंप्यासं पुण्डरीकमिवमक्षिणी**' આ શ્રુતિમાં કહ્યા મુજબ કમળના પત્ર સરખાં નેત્રોવાળા, સર્વનાં ઇન્દ્રિયોમાં તેતે શ્રવણાદિ શકિતને આપનારા હોવાથી હૃષીકેશ મંગળ નામથી નિર્દેશાતા, લક્ષ્મીના પતિ એવા મૂળ દિવ્ય શ્રીકૃષ્ણ સ્વરૂપને સમાધિમાં સંપૂર્ણ નિહાળીને, સ્થિતપ્રજ્ઞ ભકતરાજ અભયરાજા, ઇન્દ્રિયોની સમગ્ર વૃત્તિઓ વિલીન થઈ જતાં, એવા મહા-સુખને પામી ગયા કે પોતાના આત્માની પણ સ્મૃતિ રહી નહિ. પછી

આ લોકમાંજ બ્રહ્માનંદને પામેલા બ્રહ્મભૂત રાજા, શ્રીહરિકૃષ્ણની ઇચ્છાથી ફરીથી સમાધિમાંથી જાગ્રત થયા ॥ ૪૪-૪૭ ॥

दृष्ट्वा समाधौ हरिरूपमाद्यं परात्परं योगिजनैकगम्यम् ।
सर्वस्य धातारमनाद्यनन्तं क्षराक्षरातीतमभूत् प्रहृष्टः ॥ ४८ ॥

अग्रे स्थितं श्रीहरिकृष्णदेवं परात्परं तं प्रसमीक्ष्य योगे ।
भक्त्यातिनम्रः प्रणमन्नभीक्ष्णं तुष्टाव भूयः परमेशमीड्यम् ॥ ४९ ॥

સમાધિમાં શ્રીહરિનું દિવ્ય મૂળરૂપ કે જે આદ્ય, પરાત્પર, યોગિજનોએજ એક વિજ્ઞેય, સર્વનું ધાતા, અનાદિ, અનંત, ક્ષરાક્ષરાતીત છે તેનાં દર્શન કરીને બહુ હર્ષને પામેલા રાજા, પોતાની આગળ પ્રત્યક્ષ રહેલા પરાત્પર શ્રીહરિ કૃષ્ણદેવને સમાધિમાં નિહાળીને ભક્તિથી અતિ નમ્રપણે વારે વારે પ્રણામ કરીને, સ્તુતિ કરવા યોગ્ય એવા પરમેશ્વર શ્રીહરિની ફરીથી સ્તુતિ કરવા લાગ્યા ॥ ૪૮-૪૯ ॥

राजोवाच—

त्वं वै परेशः परमः पुमांश्च क्षराक्षरातीत उरुक्रमश्च ।
नादिं न मध्यं न पुनस्तवान्तं पश्यामि भूमन् ! महिमार्णवस्य ॥५०॥

રાજા સ્તુતિ કરે છે—હે ભૂમન્ ! (અપરિમિત સુખવાળા) તમે પરમ પુરુષ પરમેશ્વર ક્ષરાક્ષરાતીત છો. ઉરુક્રમ (બહુ વિક્રમવાળા) તમારો મહિમા સમુદ્ર, અગાધ અને અપાર છે. તેના આદિ અંત અને મધ્યને હું જોતો નથી. કેમકે અનંત છે ॥ ૫૦ ॥

स त्वं हरे ! सत्यगुणः श्रुतो वै सत्यप्रमाणस्त्वथ सत्यरूपः ।
सत्याश्रयः सत्यपथैकगम्यः सत्यात्मकश्चासि हि सत्यसत्यम् ॥५१॥

श्रुतं परंब्रह्म परंतपश्च ज्योतिश्च तत्त्वं परमं परायणम् ।
परं पवित्रं परमं च मङ्गलं परात्परस्त्वं परमः परात्मा ॥ ५२ ॥

ब्रह्मात्मभिः सेवितपादपद्मस्त्वं ब्रह्मधामा श्रुतिभिर्विमृग्यः ।
निजाश्रितानां च बृहत्स्वदाता वेद्यः परंब्रह्म पराख्यविद्यया ॥५३॥

सहस्रमूर्धा च सहस्रबाहुः सहस्रपादश्च सहस्रचक्षुः ।
सहस्ररश्मिश्च सहस्रशक्तिः महान् पुमांस्त्वं च सहस्रकर्णः ॥५४॥

હે હરે ! તમારે વિષે જે જ્ઞાનાદિ તથા કારુણ્યાદિ ગુણો વર્તે છે તે ઉપાધિથી નહિ પણ ખરેખર સત્ય છે. આ અર્થ **'सत्यान् कामान्'** આ શ્રુતિમાં સિદ્ધ છે. તમે શ્રુત્યાદિ પ્રમાણથી સત્ય છો. તમારી પ્રમાણતામાં શંકા નથી. સત્ય છે. તમારૂં જે દિવ્યરૂપ છે તે સત્ય છે. કાલ્પનિક માયા જન્ય નથી. સત્યના આશ્રય તમો છો. જેને સત્ય માર્ગ તરીકે કહેવામાં આવે છે એવા ધર્માદિકે કરીને જ એક પ્રાપ્ય છો. (બીજા અસત્ય માર્ગે કરીને નહિ) તમો સત્યાત્મક છે. તમારૂં સ્વરૂપ રૂપ ગુણ વિગેરે સમસ્ત સત્ય છે. અસત્ય નથી. તમો સત્યના સત્ય છો. **'सत्यस्य सत्यं'** આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે સત્ય શબ્દવાચ્ય જે જીવો તેના પણ સત્ય હોવાથી સત્ય સત્ય કહ્યા છો. એ પ્રમાણે તમારૂં સર્વસ્વ સત્ય છે. પણ મિથ્યા કાલ્પનિક અસત્ય નથી. બીજાઓનું બધુ જ અસત્ય છે. સ્વરૂપ સ્વભાવ વિગેરે સર્વ પ્રકારે મોટા હોવાથી શ્રુતિમાં પરંબ્રહ્મપણે નિરૂપ્યા છો. તમો પરં-તપ–સર્વને નિયમનરૂપ તપમાં રાખતા હોવાથી પરંતપ કહ્યા છો. તમો પરં જ્યોતિ **'परं ज्योतिरुपसम्पद्य' 'ज्योतिषां ज्योतिः'** આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે સ્વયં પ્રકાશમાન હોઈને અન્ય સર્વને પ્રકાશ કરનારા જે પર તત્ત્વપણે શ્રુતિ સ્મૃતિમાં નિરૂપ્યા છે તે તમો છો. મુમુક્ષુઓને પરમ પ્રાપ્ય પણે કહ્યા છે તે તમો છો. પરમ પવિત્ર અને મંગળના મંગળ પણે નિરૂપ્યા છે તે તમો છો. પરાત્પરપણે પ્રતિપાદ્યા છે તે તમો જ છો. જેનાથી પર કોઈ નથી એવા પરમાત્મા જે કહ્યા છો તે તમો જ પ્રત્યક્ષ છો, બ્રહ્મભૂત મુક્તોએ સેવ્યાં છે ચરણકમળ જેમનાં અને જેમનું નિવાસસ્થાન બ્રહ્મધામ છે. અને શ્રુતિઓએ સદા શોધવા યોગ્ય છો. નિજાશ્રિતોને બૃહત્પણું (સાધર્મ્ય સુધીની મોટાઈ) આપનારા **'अथ परायया तदक्षर-मधिगम्यते'** આમાં કહ્યા પ્રમાણે પરા નામની વિદ્યા વડે પરંબ્રહ્મપણે જાણવા યોગ્ય, **'वेदान्तवेद्यः प्रभुः'** એવી સ્મૃતિ છે. વળી કેવાતો પુરુષ સૂકતમાં વર્ણવ્યા મુજબ તમો સહસ્ર મસ્તકવાળા, સહસ્ર હસ્તવાળા, સહસ્ર ચરણવાળા, સહસ્ર ચક્ષુવાળા, સહસ્ર કાનવાળા, સહસ્ર કિરણોવાળા, સહસ્ર શક્તિવાળા મહા પુરુષ છો. વિશ્વાત્મા હોવાથી આ સઘળું ઘટતું આવે છે. સહસ્ર શબ્દ અસંખ્ય અર્થપર લેવો. (હજાર જ એવો અર્થ નહિ) એટલે અસંખ્ય મસ્તક હસ્ત ચરણ ચક્ષુ કાનવાળા છો. મસ્તક બાહુ

પાદ શબ્દથી કર્મેન્દ્રિયો અને ચક્ષુ કર્ણ શબ્દથી જ્ઞાનેન્દ્રિયો ઉપલક્ષણથી લેવી. એમ સઘળી ઇન્દ્રિયો સમજી લેવી. '**अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः**' આ શ્રુતિનું અનુસંધાન લેતાં ઇન્દ્રિયો દ્વારા થતી જ્ઞાન ક્રિયાનું સામર્થ્ય ઉપલક્ષણથી લેવું. નિર્ગલિતાર્થ એ છે કે— ભગવાન્ સહસ્રમૂર્ધા, સહસ્રબાહુ, સહસ્રપાદ છે. એટલે અનંત ક્રિયા કરવાના સામર્થ્યવાળા છે. ભગવાન્ સહસ્રચક્ષુ, સહસ્રશ્રવા છે એટલે અનંત જ્ઞાન સામર્થ્યવાળા છે. એમના જ્ઞાનનું અને ક્રિયાનું સામર્થ્ય અનંત છે. એનો અવધિ નથી. એમની જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ નિરવધિ સર્વવ્યાપક છે. આ અર્થ **विश्वतश्चक्षुरुत विश्वतो मुख**' આ શ્રુતિમાં સ્પષ્ટ છે. તાત્પર્ય એ છે કે જેમ આપણે એક ચક્ષુથી પરિમિત જોઈએ છીએ. એક શ્રોત્રથી પરિમિત સાંભળીએ છીએ એક બાહુથી એક પાદથી એક મસ્તકથી પરિમિત ગમનાદિ ક્રિયાને કરીએ છીએ. તેમ પરમાત્માને નથી. તે તો ઇન્દ્રિયો વિના પણ અપરિમિતને જુએ છે, સાંભળે છે, ચાલે છે, બોલે છે અને ગ્રહણ કરે છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો માન્યાં છે. પરમાત્મા તો ઇન્દ્રિયો વિના પણ જ્ઞાન-ક્રિયાવાળા છે. એમનું જ્ઞાન અને ક્રિયા આપણી પેઠે ઇન્દ્રિયાધીન નથી. એવા ગૂઢાશયથી વેદાદિ સર્વ શાસ્ત્રોમાં પરમાત્માને આ રીતે વર્ણવવામાં આવ્યા છે. એમની દિવ્ય મૂર્તિમાં એવી તેજ સ્વરૂપ ઉજ્જવળતા ચંદ્ર ચંદ્રિકા જેવી છે. તેમાંથી હજારો કિરણો છૂટે છે. અને એમનામાં અનંત શક્તિઓ નિત્ય રહી છે. તેથી સહસ્ર રશ્મિ અને સહસ્ર શક્તિપણે વર્ણવ્યા છે. આપણા કરતાં ભગવાનની જ્ઞાનક્રિયામાં આ રીતે વિલક્ષણતા હોવાથી ભગવાનની સર્વ થકી વિલક્ષણતા શાસ્ત્રોએ આ રીતે નિરૂપી છે ॥ ૫૧-૫૪ ॥

त्वमस्य धाता जनकोऽविता प्रभो ! हर्ताऽऽत्मतन्त्र परमः सुहृच्च ।
अन्ये तु मायापुरुषादयो विभो ! त्वच्छक्तिरूपा न पृथक् यतस्ते
॥ ५५ ॥

हे देवदेवेश ! पराङ्मुखान् ते पदाब्जयोर्भीमभवार्णवे नून् ।
क्षिपस्यजस्रं त्वयि भक्तिभाजो दिव्याध्वना प्रापयसि स्वधाम ॥५६॥

हरे ! प्रसादं तव पुण्यरूपं त्वत्कोपमेवाहुरथो नु पापम् ।
जानन्निदं त्वां न भजेत धीरः कथं स्वकल्याणनिबद्धबुद्धिः ॥५७॥

હે પ્રભો ! તમો આ વિવિધ વિચિત્ર વિશ્વના ધાતા-(સ્રષ્ટા) પિતા, રક્ષિતા અને હર્તા છો. આ બધી બાબતમાં તમે સ્વતંત્ર છો. પરતંત્ર નથી. '**सुहृदं सर्वभूतानां**' એમાં કહ્યા મુજબ સર્વના સાચા સુહૃદ્-હિતૈષી છો. હે વિભો ! બીજા જે માયા પુરુષ આદિક છે તેતો તમારી શક્તિરૂપ હોઈને તમારા થકી પૃથક્ નથી. અપૃથક્સિદ્ધ વિશેષણને **શક્તિશબ્દથી** કહે છે ॥ હે દેવદેવેશ ! જેઓ તમારા ચરણારવિંદથકી વિમુખ નરો છે તેઓને ભયંકર ભવસાગરમાં વારંવાર નાખો છો. અને જેઓ તમારી ભક્તિને કરનારા છે તેઓને દિવ્ય અર્ચિમાર્ગે કરીને સ્વધામે પહોંચાડો છો ॥ હે હરે ! તમારો પ્રસાદ એજ પુણ્યરૂપ છે અને તમારો કોપ એજ પાપરૂપ છે. એમ મહાજનો કહે છે ॥ (પુણ્યપાપની એજ ખરી વ્યાખ્યા છે) એમ જાણનારો હોઈને પોતાના કલ્યાણ માટે જ જેણે બુદ્ધિમાં નિશ્ચય કર્યો છે એવો કયો ધીર પુરુષ તમોને ન ભજે ? સર્વ કોઈ ભજેજ ॥ ૫૫-૫૭ ॥

त्वया यदाविष्कृतमात्मयोगाद्दिव्यं निजं रूपमचिन्त्ययोग ! ।
तेनास्मि पूर्णात्ममनोरथोऽहं दयां सदैवं तव देव ! याचे ॥ ५८ ॥

यदेव देवेश ! मयाऽपराद्धं सखेति मत्वा प्रणयात्प्रमादात् ।
एतत्क्षमासागर ! भक्तबन्धो ! सर्वं क्षमस्वाश्रितवत्सलस्त्वम् ॥५९॥

તમોએ આત્મૈશ્વર્યથી જે આ પોતાના દિવ્યરૂપનો આવિષ્કાર કર્યો છે તેના દર્શનાદિકથી હું સંપૂર્ણ મનોરથવાળો થયો છું. હે દેવ ! એવી રીતનો હું તમારી દયાને સદાકાળ યાચું છું. બીજું કાંઈ યાચતો નથી ॥ હે દેવેશ ! 'આ મારા સખા છે' એમ માનીને મોહરૂપ પ્રમાદ કે ચિર પરિચયરૂપ પ્રણયથી જે કોઈ અપરાધો અજાણથી થયા હોય તે સર્વની ક્ષમા કરો. તમો ક્ષમાના સાગર છો અને ભક્તોના બન્ધુ છો. અને આશ્રિતો વિષે વત્સલ ભાવવાળા છો. એટલે અપરાધોની ક્ષમા કરવાના ગુણવાળા છો. તમારી ક્ષમા આગળ કોઈપણ અપરાધ રહી શકતો નથી.

જન્મોજન્મ અપરાધ કરનારા શિશુપાળને પણ સાયુજ્ય મુક્તિ આપી હતી એ વાત શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે ॥ ૫૮-૫૯ ॥

मुनिरुवाच—

इति स्तुवन्तं राजानं करुणार्द्रदृशा हरिः ।
घनश्यामो महाराजः प्राह सिञ्चन् कृपामृतम् ॥ ६० ॥

શતાનંદ મુનિ કહે છે—ઉપર પ્રમાણે સ્તુતિને કરતા અભય રાજા પ્રતિ ઘનશ્યામ મહારાજ શ્રીહરિ દયા દૃષ્ટિથી કૃપામૃતને સિંચન કરતા થકા બોલ્યા ॥ ૬૦ ॥

श्रीहरिरुवाच—

यस्यावताररूपाणि समर्चन्ति दिवौकसः ।
पररूपमपश्यन्तः श्रीकृष्णः प्रकटोऽस्म्यहम् ॥ ६१ ॥

सुदुर्दर्शमिदं रूपं ब्रह्मधाम्नि परं मम ।
तेजोमण्डलमध्यस्थं सिताभं श्यामसुन्दरम् ॥ ६२ ॥

राधालक्ष्म्यादिसञ्जुष्टं ब्रह्मभूतैरुपासितम् ।
यद्दृष्टवांस्त्वं देवा अप्यस्य दर्शनकाङ्क्षिणः ॥ ६३ ॥

જે પરમાત્માનાં અવતાર રૂપોને દેવો સમ્યક્ પૂજે છે. કેમકે તેઓ પર રૂપને જોઈ શકતા નથી. એજ શ્રીકૃષ્ણ હું શ્રીહરિ રૂપથી આ લોકમાં હાલમાં પ્રકટ થયો છું ॥ બ્રહ્મધામમાં સદા વિરાજમાન આ મારૂં પરાત્પર દિવ્ય રૂપ કોઈથી પણ જોઈ શકાય એવું નથી. કેવું રૂપ ? તો તેજો મંડળના મધ્યમાં રહેલું, 'શ્યામં સિતં' એમાં કહ્યા મુજબ શ્વેત કાંતિવાળું અને મેઘ સરખું શ્યામ સુંદર છે. રાધાલક્ષ્મી આદિક શક્તિઓએ સેવાતું અને બ્રહ્મભૂત મુક્તોએ ઉપાસના કરાતું છે. આવા દિવ્ય રૂપના દર્શનને દેવો પણ ઇચ્છે છે પરંતુ દર્શનને પામતા નથી. એવા દિવ્યરૂપનાં સુદુર્લભ દર્શનને તમો પામ્યા છો. માટે મહાભાગ્યશાળી છો ॥ ૬૧-૬૩ ॥

परोक्षं ब्रह्मधामस्थमिदं मे रूपमुत्तमम् ।
भक्त्या त्वनन्यया शक्यं द्रष्टुं नान्येन केनचित् ॥६४॥

परोक्षं ब्रह्मधामस्थं प्रत्यक्षं च महीगतम् ।
दिव्यमैक्येन मे रूपं विभाव्यं तत्त्वदर्शिभिः ॥ ६५ ॥

एवं ध्यायन् सेवमानो धर्मेणैकान्तिकेन माम् ।
सत्सङ्गनिरतो नित्यं धाम यास्यसि मेऽक्षरम् ॥ ६६ ॥

બ્રહ્મધામમાં રહેલું જે આ મારૂં સર્વોત્તમ રૂપ છે તે પરોક્ષ કહેવાય છે. તેનાં દર્શન તો અનન્ય ભક્તિથી જ થઈ શકે છે. બીજા કોઈ દાન યાગાદિકે કરીને થતાં નથી ॥ બ્રહ્મધામમાં વિરાજમાન રૂપને પરોક્ષ કહે છે અને પૃથ્વી ઉપર અવતાર ભાવથી વિરાજમાન રૂપને પ્રત્યક્ષ કહે છે. આ બન્ને રૂપો દિવ્ય અને એક છે એવી સંભાવના તત્વદર્શિઓએ રાખવી. એમાં ભેદ ન સમજવો ॥ આ રીતે બન્ને રૂપોની એકપણે ભાવના કરીને એકાંતિક ધર્મે કરીને મારી સેવા કરતા થકા સત્સંગમાં નિત્ય પ્રીતિવાળા થતાં મારા અક્ષરધામને પામશો. એમાં સંશય નથી ॥ ६४-६६ ॥

मुनिरुवाच—

इति श्रीहरिकृष्णेन देवेन प्रतिबोधितः ।
ऐक्यं विभावयन् भक्त्या श्रीकृष्णहरिकृष्णयोः ॥ ६७ ॥

तदर्पितमनोबुद्धिदेहेहः स महीपतिः ।
तदर्पितात्मसर्वस्वो धामान्ते प्राप्तवान् हरेः ॥ ६८ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! ઉપર પ્રમાણે શ્રીકૃષ્ણદેવે સદ્બોધ આપેલા અભય રાજા, શ્રીકૃષ્ણ શ્રીહરિનું સ્વરૂપથી ઐક્ય સમજીને ભક્તિથી તે શ્રીહરિ વિષે જ મન, બુદ્ધિ, દેહ અને તેની તમામ ચેષ્ટાઓને અર્પણ કરીને, તેમ જ તેમને પોતાનું સર્વસ્વ પણ બલીરાજાની પેઠે સમર્પણ કરીને, દેહને અંતે શ્રીહરિના અક્ષરધામને પામ્યા ॥ ६७-६८ ॥

इति श्रीहरिकृष्णस्य गुरुमूर्तेः परात्मनः ।
राजर्षेश्चैव संवादं यः पठेच्छृणुयादपि ॥ ६९ ॥

मायिकेषु विरागत्वं साङ्ख्यज्ञान तथा हरौ ।
प्रत्यक्षरूपे भक्तिश्च धर्मनिष्ठाऽस्य सिध्यति ॥ ७० ॥

मोहान्धतमसा रुद्धदृष्टीनामयमुत्तमः ।
ज्ञानालोको विनिर्दिष्टः शोकमोहभयार्दनः ॥ ७१ ॥

सर्वसच्छास्त्रसारोऽयमध्यात्मज्ञानसंयुतः ।
जुषतां शान्तिसुखदः सेव्यो धीमद्भिरन्वहम् ॥ ७२ ॥

ગુરુમૂર્તિ પરમાત્મા શ્રીહરિકૃષ્ણ અને અભય રાજર્ષિના ઉપરોક્ત સંવાદને જે કોઈ પઠન કરે કે શ્રવણ કરે તેને માયિક વિષયોમાં વૈરાગ્ય ઉપજે અને આત્મજ્ઞાનની સિદ્ધિ થાય અને પ્રત્યક્ષ શ્રીહરિ વિષે ભક્તિ અને સ્વધર્મમાં નિષ્ઠાની સિદ્ધિ થાય છે. ધર્મ, આત્મજ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની સિદ્ધિ થાય ॥ મોહરૂપ ગાઢ અંધકારને લીધે જેની જ્ઞાનદૃષ્ટિ રોકાઈ ગઈ છે એવા જનોને માટે શોક, મોહ અને ભય ટાળનારો આ તત્ત્વજ્ઞાનરૂપ પ્રકાશનો નિર્દેશ કર્યો છે. વિપરીત જ્ઞાનને મોહ કહે છે ॥ અધ્યાત્મ જ્ઞાને યુક્ત એવો આ સર્વ સચ્છાસ્ત્રોનો સાર કહ્યો છે તેના પઠન શ્રવણાદિક વડે સેવન કરનારા જનને શાંતિ-સુખને આપનારો છે. માટે બુદ્ધિશાળી જનોએ આ સારનું સેવન પ્રતિદિન કરવું ॥ ૬૯-૭૨ ॥

आविद्यतिमिरहारी जनहृत्कमलप्रबोधकार्यनिशम् ।
भास्वानयं पृथिव्यां प्रभावितो येन तं हरिं वन्दे ॥ ७३ ॥

જે ભગવાને અવિદ્યારૂપ અંધકારને હરનારો અને નિરંતર સુજનોના હૃદય કમળમાં પ્રબોધ દેનારો આ જ્ઞાનરૂપ સૂર્ય પૃથ્વી ઉપર પ્રકટાવ્યો છે તેવા શ્રીહરિને હું વંદન કરું છું ॥ ૭૩ ॥

इति श्रीमदध्यात्मतत्त्वाख्याने अभयराजकृतश्रीहरिकृष्णभगवत्स्तुतिर्नाम त्रयोदशोऽध्यायः ॥ १३ ॥

ઈતિશ્રી...શાસ્ત્રી હરિજીવનદાસકૃત-ગુર્જરાનુવાદે ત્રયોદશોઽધ્યાયઃ ॥ ૧૩ ॥

चतुर्दशोऽध्यायः ।

धर्म्यं संवादमभयभूपश्रीहरिकृष्णयोः ।
शतानन्देन मुनिना कथितं मुनिसंसदि ॥ १ ॥

श्रुत्वाऽद्भुतानन्दमुनेः शोभारामाभिधो बुधः ।
अप्राक्षीत्पुनरेवैनं सद्गुरुं प्राज्ञसम्मतम् ॥ २ ॥

શતાનંદ મહામુનિએ મુનિ મંડળની સભામાં કહેલા અભય ભૂપ અને શ્રીહરિકૃષ્ણ ભગવાનના ધર્મ સંબન્ધી સંવાદને અદ્ભુતાનંદ મુનિ થકી સાંભળીને શોભારામ નામના શાસ્ત્રી, ફરીથી પ્રાજ્ઞ પુરુષોએ માનનીય એવા સદ્ગુરુ શ્રી અદ્ભુતાનંદ મુનિને પૂછવા લાગ્યા ॥ ૧-૨ ॥

शोभारामशास्त्र्युवाच—

सद्गुरो ! पावनं त्वेतद्भवता परिकीर्तितम् ।
संवादगर्भमाख्यानं श्रुत्वा प्रमुदितोऽभवम् ॥ ३ ॥

भक्तं त्वभयभूपालमुद्दिश्य हरिणा स्वयम् ।
साङ्ख्यज्ञानं जीवलोकहितमेतत्प्रकीर्तितम् ॥ ४ ॥

शतानन्दमुनेश्चापि मुनीनामपि विश्रुतम् ।
संवादमपरं चापि ज्ञातुमत्युत्सुकस्त्वहम् ॥ ५ ॥

भगवत्तत्त्वमहिमज्ञानवैराग्यसंश्रितम् ।
सत्प्रसङ्गेषु सुलभं विज्ञानं ह्यमृतायितम् ॥ ६ ॥

इति शास्त्रिवचः श्रुत्वा मुनिवर्यो महामतिः ।
उवाचैनं बुधश्रेष्ठं हरिध्यानेन संयुतः ॥ ७ ॥

શોભારામ શાસ્ત્રી કહે છે—હે સદ્ગુરો ! તમોએ કહેલા સંવાદ ગર્ભિત પાવનકારી આખ્યાનને સાંભળીને હું બહુ આનંદને પામ્યો છું ॥ ભક્તરાજ અભય ભૂપતિને ઉદ્દેશીને સ્વયં શ્રીહરિએ આ જીવ

લોકના હિતને કરનારૂં સંખ્ય (સાંખ્યા-બુદ્ધિથી ધારવા યોગ્ય આત્મા પરમાત્માનું) જ્ઞાન કહ્યું છે ॥ શતાનંદ મુનિ અને બીજા મુનિઓનો પણ જે કોઈ બીજો સંવાદ પ્રસિદ્ધિમાં થયો હોય તેને પણ હું તત્ત્વથી જાણવા માટે બહુ ઉત્સુક છું ॥ ભગવાન તત્ત્વનો મહિમા, જ્ઞાન અને વૈરાગ્યના આશ્રયવાળું અમૃત તુલ્ય વિજ્ઞાન, સંતોના પ્રસંગમાં સુલભ હોય છે, આવું શોભારામ શાસ્ત્રીનું વચન સાંભળીને મહામુનિ અદ્ભુતાનંદ મુનિવર્ય, વિદ્વદ્વર્ય શોભારામ પ્રત્યે શ્રીહરિનું ધ્યાન ધરીને બોલ્યા ॥ ૪-૭ ॥

अद्भुतानन्दस्वाम्युवाच—

बुधवर्य ! शृणुष्वाद्य पुनः सच्छास्त्रसम्मतम् ।
संवादं मुनिभिः सार्धं शतानन्दमुनेः परम् ॥ ८ ॥

प्रकटस्य हरेः श्रुत्वा संवादं भूभृता समम् ।
मुनयो भूय एवाहुः शतानन्दं महामुनिम् ॥ ९ ॥

અદ્ભુતાનંદ સ્વામી કહે છે—હે પંડિતવર્ય ! હવે ફરીથી મુનિઓ સાથે થયેલા શતાનંદ મુનિના શાસ્ત્ર સંમત સંવાદને સાંભળો ॥ પ્રકટ શ્રીહરિના અભય રાજા સાથે થએલા સંવાદને સાંભળીને મુનિઓ ફરીથી શતાનંદ મહામુનિને કહેવા લાગ્યા ॥ ૮-૯ ॥

मुनय ऊचुः—

श्राविता भवता स्वामिन् ! शतानन्द महामुने ! ।
आख्यानं श्रीहरे राज्ञा संवादात्मकमुत्तमम् ॥ १० ॥

आनन्दनिर्भरा जाता निपीय वचनामृतम् ।
भवन्मुखेन्दुनिष्यन्दि तापदुःखनिवर्तकम् ॥ ११ ॥

भूयः कथयतु ब्रह्मन् ! परमैकान्तिना स्वयम् ।
सेव्यं धर्मं भागवतं विस्तरात्मुक्तिदं परम् ॥ १२ ॥

भवन्मुखाब्जसम्भूतं पिबन्तो वाङ्मयं मधु ।
न तृप्तिमधिगच्छामो हरिमाहात्म्यसंयुतम् ॥ १३ ॥

મુનિઓ કહે છે—હે સ્વામિન્! શતાનંદ મહામુને! તમોએ શ્રીહરિ અને અભયરાજાના સંવાદાત્મક સર્વોત્તમ આખ્યાન કહી સંભળાવ્યું ॥ તમારા મુખ ચંદ્ર થકી નીકળતા અને આધ્યાત્મિકાદિ ત્રિવિધ તાપ અને સર્વ દુઃખને નિવારનારા વચનામૃતનું પાન કરીને અમે સર્વે મુનિઓ આનંદ ભરપૂર થયા છીએ ॥ માટે હે બ્રહ્મન્! પરમ એકાંતિકે સ્વયં સેવવા યોગ્ય, પરમ મુક્તિને આપનારા ભાગવત ધર્મને હવે વિસ્તારથી કહેવાને યોગ્ય છો. ॥ તમારા મુખારવિંદ થકી નીકળતા શ્રીહરિના મહિમાવાળા વાણીમય અમૃતનું પાન કરતા અમો મુનિઓ તૃપ્તિને પામતા જ નથી. તો તમો કહેવાને યોગ્ય છો ॥ ૧૦-૧૩ ॥

शतानन्दमुनिरुवाच—

मुनयो बत यूयं वै धन्यात्मानः सुधार्मिकाः ।
यद्युष्माकं मतिः शश्वत् सद्वृषश्रवणोत्सुका ॥ १४ ॥

स्वधर्मज्ञानवैराग्यमाहात्म्यज्ञानपूर्विका ।
कृष्णे त्वखण्डा देवेशे भक्तिः श्रीपुरुषोत्तमे ॥ १५ ॥

धर्म एकान्तिकः प्रोक्तस्तथा भागवताभिधः ।
नित्यमेनं सेवामानो ब्रह्मभूयाय कल्पते ॥ १६ ॥

भक्तेरङ्गानि धर्माः स्वज्ञानं वैराग्यमेव च ।
हरिमाहात्म्यविज्ञानमस्याः सम्पोषकं परम् ॥ १७ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ! તમો સર્વે સુધાર્મિક હોઈને ધન્યભાગી છો. આ બહુ હર્ષની બાબત છે. કારણ કે તમારી બુદ્ધિ નિરંતર સદ્ધર્મના શ્રવણમાં બહુ ઉત્સાહવાળી વર્તે છે ॥ સ્વધર્મ, આત્મજ્ઞાન, વૈરાગ્ય અને મહાત્મ્યજ્ઞાને યુક્ત એવી દેવદેવ શ્રીપુરુષોત્તમ શ્રીકૃષ્ણમાં અખંડિત ભક્તિને એકાંતિક ધર્મ તથા ભાગવત ધર્મ એ રીતે કહેવામાં આવે છે. આવા એકાંતિક ધર્મને સેવનારો નર, બ્રહ્મના સાધર્મ્યને પામે છે ॥ ૧૪-૧૬ ॥

प्रवृत्तं च निवृत्तं च द्विविधं कर्म कीर्तितम् ।
आद्यं सकामं विज्ञेयमकामं तु परं स्मृतम् ॥ १८ ॥

कामनां मायिकैश्वर्येष्वभित्यज्य सुधीर्नरः ।
नियतं कर्म कुर्वीत मुमुक्षुर्हरितोषणम् ॥ १९ ॥

સ્વધર્મ, આત્મજ્ઞાન, અને વૈરાગ્ય ભક્તિના અંગો છે અને શ્રીહરિનું માહાત્મ્ય જ્ઞાન, ભક્તિને પરમ પોષણ આપનારું છે. પ્રવૃત્ત અને નિવૃત્ત, એમ બે પ્રકારનું કર્મ કહ્યું છે. કર્મમાં બે વિભાગો માન્યા છે. સકામ કર્મને **પ્રવૃત્ત** જાણવું અને નિષ્કામ કર્મને **નિવૃત્ત** જાણવું ॥ માયિક સમગ્ર ઐશ્વર્યોની કામનાનો અત્યંત ત્યાગ કરીને બુદ્ધિમાન્ મુમુક્ષુ મનુષ્યે એક ભગવાનની પ્રસન્નતાના ઉદ્દેશથીજ નિયત નિત્ય (પ્રકૃતિના સંસર્ગવાળાને સ્વભાવથી પ્રાપ્ત) એવું કર્મ અવશ્ય કરવું. ॥ ૧૭-૧૯ ॥

स्ववर्णाश्रमसद्धर्मा निष्कामाः साध्वनुष्ठिताः ।
चित्तशुद्धिं वितन्वन्तो ज्ञानभक्ती प्रकुर्वते ॥ २० ॥

अधर्माचारतश्चित्तं मलिनं रजसाऽऽप्लुतम् ।
तमसा च पराग्वृत्ति ज्ञानभक्तिनिरोधकृत् ॥ २१ ॥

પોતપોતાના જે વર્ણાશ્રમ ધર્મો છે તે તો તેનું નિષ્કામપણે રૂડીરીતે અનુષ્ઠાન કરવાથી ચિત્તની શુદ્ધિને કરીને (તે દ્વારા) જ્ઞાન ભક્તિને સિદ્ધ કરી આપે છે. એ રીતે નિષ્કામ કર્મોનો ચિત્ત શુદ્ધિ દ્વારા જ્ઞાન-ભક્તિમાં ઉપયોગ થાય છે. અધર્માચરણથી તો ચિત્ત, મલિન થઇને રજોગુણથી તથા તમોગુણથી વ્યાપ્ત થતાં બહારવૃત્તિવાળું થઈને, જ્ઞાન ભક્તિને રોકનારું થાય છે. અધર્માચરણને લીધે મલિન થએલું ચિત્ત, જ્ઞાન ભક્તિમાં વિરોધ કરનારું થાય છે. માટે નિષ્કામપણે સ્વધર્માચરણ અવશ્ય કરવું ॥ ૨૦-૨૧ ॥

विशुद्धधर्मसम्भूतपुण्येनाघानि नाशयन् ।
विशुद्धसत्त्वो ज्ञाने च भक्तौ चाधिक्रियां व्रजेत् ॥ २२ ॥

भक्तेन च निजः कायो विशुद्धाहारसेवया ।
पृथक्कार्योऽशुचेः कायाद्विवेकोऽयं प्रकीर्त्यते ॥ २३ ॥

विशुद्धं तद्वदन्त्यन्नं हरये यत्समर्पितम् ।
जात्याश्रयनिमित्ताद्यैरदुष्टं सत्त्ववर्धनम् ॥ २४ ॥

વિશુદ્ધ ધર્મના અનુષ્ઠાનથી ઉપજેલા પુણ્યે કરીને પાપોનો નાશ થતાં, જેનું અંતઃકરણ શુદ્ધ થયું છે એવો સાત્વિક પુરુષજ જ્ઞાનભક્તિનો અધિકારી થાય છે ॥ હરિના ભક્તજને, પોતાના શરીરને વિશુદ્ધ આહારના સેવનથી અશુદ્ધ શરીરથકી પૃથક (જુદુ) કરવું એને વિવેક કહેવામાં આવે છે. જાતિ આશ્રય અને નિમિત્ત વગેરેથી દૂષિત ન હોય એવું શુદ્ધ ભગવાનને નિવેદન કરેલું જે અન્નાદિ તેને વિશુદ્ધ માનવામાં આવે છે. અને તે સત્ત્વગુણને વધારનારું છે કલંજ ગૃંજન પલાંડુ વિગેરેને **જાતિદુષ્ટ** કહે છે. શાપિત પતિત ચંડાળ આદિકનું જે અન્નાદિ તે **આશ્રયદુષ્ટ** કહેવાય છે. ઉચ્છિષ્ટ અને કેશ કીટ આદિકના સંસર્ગવાળું જે અન્નાદિ તે **નિમિત્તદુષ્ટ** કહેવાય છે. આ ત્રણ પ્રકારના દોષે રહિત એવા આહારના ફળભૂત વિશુદ્ધિને વિવેક શબ્દથી કહેવા ઇચ્છી છે. દૂષિત આહારથકી સાત્વિક આહારનું વિવેચન કરવું એને વિવેક શબ્દથી કહેવા ઇચ્છયું છે. આ અર્થ "**आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवा स्मृतिः**' આ શ્રુતિના અનુસંધાનથી વર્ણવ્યો છે. ॥ २२-२४ ॥

यज्ञशिष्टाशनं चैतन्न प्रसिद्ध्यत्यकर्मणः ।
स्नानसन्ध्यादिरहितो ह्यनर्हः सर्वकर्मसु ॥ २५ ॥

तस्माद् यन्नित्यकर्मोक्तं स्नानसन्ध्यादिकं तथा ।
नैमित्तिकं च कुर्वाणो विशुद्धः पूजयेद्धरिम् ॥ २६ ॥

हरिप्रसादिभक्ताद्यैर्वर्धितात्मेन्द्रियः पुमान् ।
विशुद्धचेता ज्ञानं च भक्तिं विन्दति केशवे ॥ २७ ॥

'**यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः**' એમ જે ગીતામાં કહેવામાં આવ્યું છે તે યજ્ઞશિષ્ટાશન ઉપર જણાવ્યું તેજ છે. કર્મોને નહિ કરનારાને તે સિદ્ધ થતું નથી, સ્વકર્મો કરવાં જોઈએ ॥ સ્નાન સંધ્યા આદિક કર્મોને નહિ કરનારો પુરુષ, સર્વ કર્મોમાં અયોગ્ય માન્યો છે માટે સ્નાન સંધ્યા આદિક જે નિત્ય] કર્મો કરવાનાં કહ્યાં છે તે અવશ્ય

કરવાં; તેમજ નૈમિત્તિક પ્રાયશ્ચિત્ત શ્રાદ્ધાદિ કર્મો કરવાં. ઉકત કર્મો કરવાથી વિશુદ્ધ થએલો મુમુક્ષુ પુરુષ, શ્રીહરિનું પૂજન કરે ॥ ભગવાનના પ્રસાદભૂત અન્નાદિકથી શરીર-ઇન્દ્રિયોનું પોષણ કરનારો પુરુષ, ચિત્તની શુદ્ધિ પામતાં આત્મજ્ઞાન અને ભગવાનમાં ભકિતને પામે છે ॥ ૨૫-૨૭ ॥

ब्रह्मज्ञानप्रवृत्तानां न कार्यं कर्मणेति वै ।
केचिदाहुर्न तत्सम्यग् धर्मो यज्ज्ञानभक्तिकृत् ॥ २८ ॥

'कुर्वन्नेवेह कर्माणि' ब्रह्मज्ञानी जिजीविषेत् ।
'क्रियावान् ब्रह्मवित् श्रेष्ठ' इत्यपि श्रूयते श्रुतिः ॥ २९ ॥

तपः कर्म प्रतिष्ठा च विद्यायाः श्रूयते तथा ।
कर्मणैव च संसिद्धा ज्ञानिनो जनकादयः ॥ ३० ॥

બ્રહ્મજ્ઞાનમાં પ્રવર્તેલા પુરુષોએ કર્મો કરવાં નહિ, કેમકે કર્મો કરવાથી કાંઈ ફળ મેળવવાનું નથી. એ તો ઉલટાં વિરોધી છે એમ કેટલાક કહે છે તે સમ્યક નથી કેમકે જે કર્મો છે તે જ્ઞાન ભક્તિને સાધનારાં માન્યાં છે ॥ **'भक्तिः सिध्यति धर्मेण' 'धर्मो मद्भक्तिकृत्प्रोक्तः'** એવી સ્મૃતિ છે ॥ જે બ્રહ્મજ્ઞાની છે તે સ્વકર્મોને કરતો થકો જીવવાને ઇચ્છે. આ અર્થમાં **'कुर्वन्नेवेह कर्माणि जिजीविषेत् शतं समाः'** એવી ઇશાવસ્ય શ્રુતિ છે. વળી "જે બ્રહ્મજ્ઞાની હોઇને ક્રિયાવાન્ છે તે શ્રેષ્ઠ જ છે" એવી પણ શ્રુતિ છે. **क्रियावानेष ब्रह्मविदां वरिष्ठः'** આ શ્રુતિનું અનુસંધાન છે ॥ વળી જે તપ અને કર્મ છે તે બ્રહ્મવિદ્યાની પ્રતિષ્ઠા હેતુ છે. એવી પણ શ્રુતિ છે. **'तस्यै तपो दमः कर्मेति प्रतिष्ठा'** એવી કેનોપનિષદ્દ શ્રુતિનું અનુસંધાન છે. વળી જનકાદિક જ્ઞાનિઓ કર્મથી જ મોક્ષસિદ્ધિને પામ્યા છે. આ અર્થમાં **'कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः'** આ ભગવદ્વચન છે. આથી બ્રહ્મ જ્ઞાનિઓને પણ સ્વકર્મો કરવાની આવશ્યકતા જણાવી. ॥ ૨૮-૩૦ ॥

त्यागस्तु फलमात्रस्य गीतो भगवता स्वयम् ।
कर्मस्वरूपत्यागश्च तामसत्वेन निन्दितः ॥ ३१ ॥

अतो यावद्देहभानं स्वस्वधर्मे स्थितैः सदा
कृष्णभक्तिः प्रकर्तव्या साङ्गा सङ्गभयापहा ॥ ३२ ॥

જે ત્યાગ કહ્યો છે તે ફળમાત્રનો છે એમ સ્વયં ભગવાને ગીતામાં કહ્યું છે. કર્મનો સ્વરૂપથી જે ત્યાગ છે તેતો તામસ છે એમ કહીને તેને તો બહુ નિન્દ્યો છે. આ બાબત, ભગવાને ગીતા-અ-૧૮ "**यज्ञदान तपः कर्म न त्याज्यं कार्यमेव तत् । यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥ ५ ॥ एतान्यपि च कर्माणि सङ्गं त्यक्त्वा फलानि च । कर्तव्यानीति मे पार्थ ! निश्चितं मतमुत्तमम् ॥ ६ ॥ नियतस्य च सन्न्यासः कर्मणो नोपपद्यते । मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः** ॥ ७ ॥ વગેરે વાક્યો વડે વર્ણવી છે ॥ માટે જ્યાં સુધી દેહ ક્રિયાનું ભાન રહે ત્યાં સુધી સ્વસ્વધર્મમાં સદા સ્થિતિ રાખીને ભગવાનની ઉકત ચાર અંગોએ સહિત ભકિત કરવી. એવી ભકિત સર્વદુઃ-સંગોના ભયને હરનારી થાય છે ॥ ૩૧-૩૨ ॥

सुरूपाऽपि यथा नारी वस्त्रालङ्कारवर्जिता ।
न शोभते तथा भक्तिर्धमादिरहिता स्मृता ॥ ३३ ॥
देशकालस्वभावादेः क्वचिद्वैषम्यसम्भवे ।
धर्मादिरहिता भक्तिस्तिरोधत्ते तडिद्यथा ॥ ३४ ॥
युक्ता धर्मादिभिः सा तु क्वापि विघ्नैर्महापदि ।
अचला नाभिभूयेत ह्यासारैरद्रिराडिव ॥ ३५ ॥
स्वधर्मज्ञानवैराग्यभूषाजुष्टां तु ये हरौ ।
अनन्यभक्तिं साध्वीवत्कुर्युरेकान्तिकास्तु ते ॥ ३६ ॥
सच्छास्त्राणां रहस्त्वित्थं स्वाम्यस्माकं समादिशत् ।
धर्मादिसहितां भक्तिं सहजानन्द ईश्वरः ॥ ३७ ॥

જેમ નારી ગમે તેવી રુપાળી હોય, પરંતુ તે ઉચિત વસ્ત્રો અને અલંકારો પહેર્યાં ન હોય તો શોભતી નથી તેમ ધર્મ-જ્ઞાનાદિ સાધનોએ રહિત એવી ભક્તિ પણ શોભતી નથી ॥ કારણ કે-કવચિત

દેશ, કાળ, સ્વભાવ, એ આદિકની વિષમતા આવતાં, ધર્માદિ અંગે રહિત એવી ભકિત, વીજળીની પેઠે તિરોહિત થઈ જાય છે ॥ ધર્માદિ અંગોએ યુકત એવી ભક્તિ તો કયારેય પણ મહાઆપત્તિમાં પણ વિઘ્નોથી પરાભવ નહિ પામતાં, જેમ ગમે એટલી વૃષ્ટિની ધારાઓ પડે પણ પર્વતરાજ અચળ રહે છે તેમ અચળ (સ્થિર) રહે છે ॥ સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, એ રૂપ ઘરેણાંએ યુકત એવી અનન્ય ભક્તિને જે નરો પતિવ્રતાની પેઠે ભગવાનમાં કરે છે તેને જ **'એકાંતિક'** સંજ્ઞાથી સંબોધવામાં આવે છે ॥ સર્વ સચ્છાસ્ત્રોનું ગૂઢ રહસ્ય, ધર્માદિકે સહિત ભક્તિ જ છે એમ સર્વેશ્વર ઈષ્ટદેવ શ્રી સહજાનંદસ્વામીએ આશ્રિતોને ઉદ્દેશીને શિક્ષાપત્રીમાં **'धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्रहः'** ઈત્યાદિ વચનોથી કહ્યું છે ॥ ૩૬-૩૭ ॥

धर्माचारविहीनस्तु भक्तिकार्यपि वै नरः ।
अधर्मे सम्प्रसक्तः स्यात् कुर्वद्रूपस्वभावतः ॥ ३८ ॥

अधर्मेषु प्रसक्तश्च पापेन मलिनाशयः ।
बुद्धिक्षयाद्भक्तियोगप्रभ्रष्टो नश्यति ध्रुवम् ॥ ३९ ॥

ધર્માચરણે વર્જીત એવો પુરુષ, ભલે ભકિતને કરતો હોય તો પણ અનુલોમ સ્વભાવને લીધે અધર્મમાં અત્યાસકત થઈ જાય છે, અધર્મને વિષે આસકત અને પાપથી મલિન આશયવાળો તે પુરુષ બુદ્ધિનો ક્ષય થતાં ભક્તિ યોગ થકી ભ્રષ્ટ થઈને નષ્ટ જેવો થઈ જાય છે ॥ ૩૮-૩૯ ॥

अनिवृत्तो दुराचारादशान्तात्माऽसमाहितः ।
यो नरो भगवद्भक्तिस्तच्चित्ते न विधीयते ॥ ४० ॥

अतो यमं तु योगाङ्गं योगज्ञाः सम्प्रचक्षते ।
नियमं च तथा प्राहुस्तद्विधाः शृणुतानघाः ॥ ४१ ॥

પરદારહરણ પરદ્રવ્યહરણ આદિક દુરાચાર થકી નહિ નિવૃત્ત થએલો, જેનો કામ ક્રોધનો વેગ શાંત થયો નથી, નાનાવિધ વ્યાપારોને લીધે જેનું ચિત્ત સાવધ નથી એવો જે પુરુષ છે તેના ચિત્તમાં ભગવદ્ ભકિત ઉપજતી નથી ॥ આ અર્થ **'नाविरतो दुश्चरितात् नाशान्तो नासमाहितः'** આ કઠ શ્રુતિમાં વર્ણવ્યો છે ॥ આ કારણથી જ યોગજ્ઞ જનો

યમ તથા નિયમને ઉપાસનાના અંગ તરીકે કહે છે. હે નિષ્પાપ મુનિઓ! હવે હું તે યમ-નિયમના ભેદોને કહું છું. તેને સાંભળો ॥ ૪૦-૪૧ ॥

अहिंसा सत्यमस्तेयमसङ्गो ह्रीरसञ्चयः ।
आस्तिक्यं ब्रह्मचर्यं च मौनं स्थैर्यं क्षमाऽभयम् ॥ ४२ ॥
इति द्वादशधा प्रोक्तो यमश्च नियमस्तथा ।
शौचं जपस्तपो होमः श्रद्धाऽऽतिथ्यं च पूजनम् ॥ ४३ ॥
तीर्थाटनं परार्थेहा तुष्टिराचार्यसेवनम् ।
शौचमत्र द्विधा ज्ञेयं बाह्यमान्तरमेव च ॥ ४४ ॥
अधर्माणां परित्यागो यमः प्रोक्तः समासतः ।
धर्माचारश्च नियमो योगहेतुरुदीरितः ॥ ४५ ॥

ભૂતોના દ્રોહનો વિચાર ન કરવા રૂપ **અહિંસા**, હિતકારી વચન રૂપ **સત્ય**, મનથી પણ પર દ્રવ્યના અગ્રહણરૂપ **અસ્તેય**, કોઈને વિષે પણ અનાસક્તિરૂપ **અસંગ**, અકાર્યમાં લજ્જારૂપ **હ્રી**, આવતી કાલની ચિંતા નહિ રાખીને યથોચિત પરિગ્રહરૂપ **અસંચય**, શાસ્ત્રાર્થમાં વિશ્વાસ રૂપ **અસ્તિક્ય**, અષ્ટધા સ્ત્રીસંગ ત્યાગરૂપ બ્રહ્મચર્ય, વૃથાલાપ વર્જનરૂપ **મૌન**, અચપલતારૂપ સ્થૈર્ય, તિતિક્ષારૂપ **ક્ષમા** (દુઃખ સહન) પોતાથકી બીજાઓને ભય નહિ ઉપજાવારૂપ **અભય**, આ રીતે **યમો** બાર પ્રકારના કહ્યા છે. એ જ રીતે બાર નિયમો કહ્યા છે—બાહ્ય, આંતર, એવા ભેદથી બે પ્રકારનું **શૌચ**, (સ્નાનાદિકથી કરવામાં આવે તે **બાહ્ય** અને મનઃશુદ્ધિ આદિકને **આંતર** શૌચ કહે છે) મન્ત્રોની આવૃત્તિરૂપ **જપ**, શાસ્ત્રીય કાય ક્લેશરૂપ **તપ**, પંચયજ્ઞાદિવિધિરૂપ **હોમ**, કર્તવ્યાર્થમાં ત્વરારૂપ **શ્રદ્ધા**, અતિથિભોજનરૂપ **આતિથ્ય**, ભગવદારાધનરૂપ **અર્ચન**, **તીર્થાટન**, પરોપકારરૂપ **પરાર્થેહા**, યદૃચ્છાલાભથી અલંબુદ્ધિરૂપ **તુષ્ટિ**, શીઘ્રપણે ગુરુનું વચન ધારવાપૂર્વક તેમની પરિચર્યામાં તત્પરતારૂપ **આચાર્યસેવન**, તેમાં શૌચ આન્તર અને બાહ્ય એમ બે પ્રકારનું છે. આ રીતે બાર **નિયમો** કહ્યા છે. અધર્મોનો જે પરિત્યાગ તેને સંક્ષેપમાં **યમ** કહેવામાં આવે છે. અને ધર્માચારને **નિયમ** કહેવામાં આવે છે ॥ આ યમ-નિયમો યોગના હેતુ તરીકે કહ્યા છે. (એથી ઉપાસનની સિદ્ધિ થાય છે) ॥ ૪૨-૪૫ ॥

अहिंसा सत्यमस्तेयं ब्रह्मचर्यं तथैव च ।
अपरिग्रह इत्युक्तं समासाद्यमपञ्चकम् ॥ ४६ ॥

वर्तमानमिति ख्यातं सम्प्रदाय इहोद्धवे ।
यमाश्च नियमा एते यथेप्सितफलप्रदाः ॥ ४७ ॥

यमांश्च नियमानेतान् पालयन्मतिमान् नरः ।
हरितोषाय कर्माणि स्वानि शक्त्या समाचरन् ॥ ४८ ॥

परमात्मनि संरक्तो विरक्तोऽपरमात्मनि ।
मुकुन्दं भजमानस्तु श्रीहरिं विन्दति ध्रुवम् ॥ ४९ ॥

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ, આ પાંચ યમો સંક્ષેપમાં કહ્યા છે, જેને આ ઉદ્ધવસંપ્રદાયમાં 'વર્તમાન' એવી સંજ્ઞાથી સંબોધવામાં આવે છે યથાવિધિ પાળેલા આ યમો અને નિયમો, પાળનારા પુરુષોને આ લોકમાં ઇપ્સિત–અભ્યુદય અને પરલોકમાં મોક્ષને આપનારા થાય છે ॥ (ઉપરની બધી બાબત ભાગ-સ્કંધ ૧૧ અ-૧૯ માં શ્રીકૃષ્ણ ભગવાને કહી છે)॥ જે મતિમાન્ નર, આ યમો તથા નિયમોને પાળવાપૂર્વક પોતપોતાનાં કર્મોને યથાશક્તિ શ્રીહરિની પ્રસન્નતા માટેજ સમાચરે છે અને પરમાત્માથકી ભિન્ન બીજા વિષયોમાં વિરકત થઈને પરમાત્મામાં અતિ રકત (આસકત) હોઈને મુકુંદ (મોક્ષદાતા) ભગવાનને ભજે છે તે શ્રીહરિને નિશ્ચય પામે છે ॥ ૪૬–૪૯ ॥

वर्णाश्रमाणां धर्माश्च श्रुतिस्मृतिसमीहिताः ।
कीर्तिता हरिणा सम्यक् शिक्षापत्र्यां च गीतयोः ॥ ५० ॥

श्रीवासुदेवमाहात्म्ये स्कान्दे वैष्णवखण्डगे ।
निरूपितांश्च तान् धर्मान् समासाद्वर्णयामि वः ॥ ५१ ॥

આ વર્ણાશ્રમોના ધર્મો, શ્રુતિ-સ્મૃતિમાં વિસ્તારથી કહ્યા છે. શ્રીહરિએ શિક્ષાપત્રીમાં તથા હરિગીતામાં તથા નારાયણગીતામાં સમ્યક્ કહ્યા છે તેમજ સ્કંદ પુરાણના વિષ્ણુ ખંડમાં આવેલા શ્રીવાસુદેવ-

માહાત્મ્યમાં કહ્યા છે. આ ગ્રંથોમાં નિરૂપેલા તે ધર્મોને હું તમારી આગળ સંક્ષેપમાં વર્ણવું છું ॥ ૫૦-૫૧ ॥

मुखबाहूरुपज्जाता ब्रह्मणो ब्राह्मणादयः ।
समासमासु योषासु चैषां जाता अनेकशः ॥ ५२ ॥

आनुलोम्यप्रातिलोम्यसङ्कराच्च सहस्रशः ।
द्व्यन्तरः सङ्करस्तत्र निन्दितः स्पर्शनादिके ॥ ५३ ॥

एवं नाना जातयस्तु सम्प्रवृत्ता महीतले ।
आद्यास्त्रयोऽत्र वर्णास्तु द्विजन्मानः प्रकीर्तिताः ॥ ५४ ॥

'**ब्राह्मणोऽस्य मुखमासीत् बाहू राजन्यः कृतः । ऊरू तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रोऽजायत ।**' આ શ્રુતિમાં કહ્યા મુજબ બ્રહ્મા (વૈરાજ પુરુષ)ના મુખથકી બ્રાહ્મણ, બાહુથકી ક્ષત્રીઓ, સાથળથકી વૈશ્યો અને પાદથકી શૂદ્રો ઉત્પન્ન થયા ॥ આ ચાર વર્ણોની સમવિષમ-સ્વવર્ણ પરવર્ણની સ્ત્રીઓમાં અનેક નરો ઉત્પન્ન થયા. આનુલોમ્ય (ઉચ્ચ બ્રાહ્મણાદિ થકી નીચ ક્ષત્રિયાદિસ્ત્રી) પ્રાતિલોમ્ય (નીચ શૂદ્રાદિથકી ઉચ્ચ વૈશ્યાદિસ્ત્રી) તથા સંકર યોનીઓથકી હજારો જાતિઓ ઉત્પન્ન થઈ છે. તેમાં જે બે જાતિથી આંતરવાળી સંકર જાતિ છે તેને સ્પર્શાદિકમાં નિન્દિત ગણી છે આ રીતે નાનાવિધ જાતિઓ ભૂતળ ઉપર પ્રવર્તી છે તેમાં જે પ્રથમના ત્રણ વર્ણો છે તેમનો 'દ્વિજાતિ' નામથી વ્યવહાર થાય છે ॥ ૫૨-૫૪ ॥

आद्या पित्रोर्जनिस्त्वन्या ब्रह्मणो गुरुतः स्मृता ।
उपनीतो द्विजो वेदमधीयेत गुरोर्मुखात् ॥ ५५ ॥

स्वाध्यायाध्ययने चैषामग्न्याधाने च कर्मणि ।
श्रौतेऽधिकारो निर्दिष्टो ऋषिभिर्धर्मकोविदैः ॥ ५६ ॥

इज्याध्ययनदानानि धर्माः प्रोक्ता द्विजन्मनाम् ।
याजनाध्यापने चैव ब्रह्मवृत्तिः परिग्रहः । ॥ ५७ ॥

'**मातुर्यदग्रे जायन्ते द्वितीयं मौञ्जीबन्धनात् । ब्राह्मण-क्षत्रिय-विशस्तस्मादेते द्विजाः स्मृताः ॥**' આ સ્મૃતિના અનુસંધાને શુદ્ધ માતા

પિતાથકી જે જન્મ તે પ્રથમનો કહ્યો છે અને ગુરુથકી યજ્ઞોપવીતાદિક જે સંસ્કારો થાય છે તે બીજો જન્મ કહ્યો છે, એ કારણથી ત્રણ વર્ણનો દ્વિજ શબ્દથી વ્યવહાર થાય છે. યથાવિધિ ઉપવીત સંસ્કારને પામેલો આ દ્વિજ, ગુરુના મુખ થકી વેદનો અભ્યાસ કરે. આ દ્વિજોને સ્વાધ્યાયના અધ્યયનમાં અને અગ્ન્યાધાન (અગ્નિહોત્ર) આદિક શ્રૌતકર્મમાં અધિકાર ધર્મકોવિદ ઋષિઓએ કહ્યો છે. યજ્ઞો કરવા, વેદો ભણવા અને દાન દેવું, આ ત્રણ ધર્મો દ્વિજાતિઓએ કરવાના માન્યા છે, તેમાં યજ્ઞો કરાવવા અને વિદ્યા ભણાવવી અને દાનાદિકનો પરિગ્રહ કરવો, આ ત્રણ બ્રાહ્મણોની વૃત્તિઓ (જીવિકાસાધન) માની છે ॥ ૫૫–૫૭ ॥

गोविप्र–धर्मरक्षा च नीत्यैव परिपालनम् ।
राज्ञां धर्मो विनिर्दिष्टस्तथा दण्डयस्य दण्डनम् ॥ ५८ ॥

करादानादि नृपतेरविप्राद्वृत्तिरीरिता ।
दमयित्वा रिपून् तेभ्य उत्कोचग्रहणं तथा ॥ ५९ ॥

ગાયો વિપ્રો અને ધર્મની રક્ષા કરવી, નીતિ પ્રમાણે પ્રજાઓનું પરિપાલન કરવું, જે દંડવાયોગ હોય તેનો દંડ કરવો, આ રાજાઓનો ધર્મ કહ્યો છે ॥ વિપ્ર વિના બીજાઓ થકી કર ગ્રહણ કરવો વિગેરે રાજાઓની જીવિકાવૃત્તિ કહી છે. તેમજ શત્રુઓનું દમન કરીને તેમના થકી ધનનું ગ્રહણ કરવું એ પણ વૃત્તિ માની છે ॥ ૫૮–૫૯ ॥

कृषि–वाणिज्य–गोरक्षा तुरीयं वृद्धिजीवनम् ।
विशो वृत्तिरियं प्रोक्ता धर्म्या पूर्वानुसारिणः ॥ ६० ॥

ખેતી કરવી, વણજ વ્યાપાર કરવો, ગાયો વિગેરે પશુઓની રક્ષા કરવી અને વ્યાજ વટાનો ધંધો કરવો, આ ચાર વૃત્તિઓ પૂર્વ–પુરુષ(વર્ણ)ને અથવા કુલ પરંપરાને અનુસરતા વૈશ્યને માટે ધર્મ્ય માની છે ॥ ૬૦ ॥

शूद्रो जीवेद् द्विजातीनां सेवालब्धधनेन च ।
द्विजसेवैव शूद्रस्य मुख्यो धर्मोऽपि सम्मतः ॥ ६१ ॥

अन्यासामपि जातीनां धर्मः स्यात्स्वकुलागतः ।
वृत्तिश्च नाना शिल्पाद्यैर्वर्णिता वै महर्षिभिः ॥ ६२ ॥

જે ચોથો શૂદ્ર વર્ણ છે તે ત્રણ વર્ણની સેવાથી પ્રાપ્ત થતા ધન વડે જીવિકાને કરે. દ્વિજોની સેવા કરવી એજ મુખ્ય ધર્મપણ એમને માટે માન્યો છે. બીજી પણ જાતિઓનો જે કુળપરંપરાગત હોય તે ધર્મ માન્યો છે. તેમની જીવિકાવૃત્તિ તો અનેક પ્રકારની શિલ્પ ક્રિયાઓ કરવી એજ મહર્ષિઓએ માની છે. આ રીતે ચારેય વર્ણના ધર્મો અને જીવિકાવૃત્તિઓ સંક્ષેપમાં જણાવી છે ॥ ૬૧-૬૨ ॥

निषिद्धानां परित्यागः सत्याहिंसादिकं तथा ।
समानमेषां सर्वेषां स्त्रीणां धर्ममथो ब्रुवे ॥ ६३ ॥

શાસ્ત્રે જે જે બાબતનો નિષેધ કર્યો છે તેનો ત્યાગ કરવો તે અને સત્ય અહિંસા આદિક છે તે સર્વ વર્ણોનો સામાન્ય ધર્મ માન્યો છે. હવે સ્ત્રીઓના ધર્મને કહું છું તેને સાંભળો ॥ ૬૩ ॥

स्त्रीणां तु पतिशुश्रूषा धर्म एको निरूपितः ।
न चोपनयने त्वासां स्वाध्यायादावधिक्रिया ॥ ६४ ॥

केवलं पतिसेवातः पतिलोकं जयन्त्यमूः
अपि भर्तारमुद्वृत्तं सती सन्तारयत्यहो ॥ ६५ ॥

पातिव्रत्यात् द्योतते तु दिवि तारा ह्यरुन्धती ।
पातिव्रत्याद्वन्द्यते च द्रौपदी तु यशस्विनी ॥ ६६ ॥

अनसूयाऽत्रिपत्नी च पातिव्रत्याद्विशिष्यते ।
यस्या अपत्यं सञ्जातास्त्रयस्ते भुवनेश्वराः ॥ ६७ ॥

સ્ત્રીઓનો તો ધર્મ, પતિની પરિચર્યા કરવી એજ મુખ્ય માન્યો છે. આ સ્ત્રીઓને તો ઉપવીત ધારણમાં અને વેદાદિકના અધ્યયનમાં અધિકાર નથી ॥ કેવળ પતિની સેવા કરવાથીજ પતિલોકને મેળવે છે, ભલે ભર્તા અવળે માર્ગે વર્તનારો હોય તો પણ તેને સતી નારી ઉદ્ધારે છે. આ એક આશ્ચર્ય છે ॥ પતિવ્રત્યના બળે દ્યુલોકમાં અરુન્ધતી તારા રૂપમાં પ્રકાશે છે પાતિવ્રત્યને લીધે દ્રૌપદીજી યશસ્વિની હોઈને

સર્વવન્દનીય થઈ છે. અત્રિ ઋષિની પત્ની અનસૂયાજી પાતિવ્રત્યને પ્રતાપે સર્વશ્રેષ્ઠ મનાય છે. જેના બાળક તરીકે ત્રિભુવનોના ઈશ્વરોને (ભવ બ્રહ્મા વિષ્ણુ) થવું પડયું હતું. આવો અદ્ભુત પ્રતાપ પાતિવ્રત્યનો વર્તે છે ॥૬૪-૬૭॥

स्त्रियः शूद्राश्च सेवातः श्रेयो विन्दन्ति शाश्वतम् ।
अत्रेतिहासं कथये पुराणे वैष्णवे श्रुतम् ॥ ६८ ॥

लोके साधुः क इत्येवं विमृशन्तो महर्षयः ।
व्यासाश्रममुपाजग्मुः पावनं लोकवन्दितम् ॥ ६९ ॥

स्नान्तं नद्यां सरस्वत्यां वेदव्यासं महामुनिम् ।
प्रतीक्षमाणास्तत्तीरमध्यूषुः सम्मुखा मुनेः ॥ ७० ॥

સ્ત્રીઓ તથા શૂદ્રો, સેવા કરવાથીજ શાશ્વત શ્રેયને પામે છે. આ બાબતમાં વિષ્ણુ પુરાણમાં વર્ણવેલા એક ઇતિહાસને કહું છું, તેને સાંભળો ॥ લોકમાં **સાધુ** તરીકે કોને કહેવો? એ બાબતનો વિચાર કરતા મહર્ષિઓ જેને લોકો વંદે છે એવા પવિત્ર વ્યાસાશ્રમ પ્રત્યે આવ્યા ॥ તે સમયે સરસ્વતી નદીમાં સ્નાન કરતા મહામુનિ વેદવ્યાસની રાહ જોતા થકા તે નદીના કાંઠા ઉપર મુનિની સન્મુખ બેઠા ॥ ૬૮-૭૦ ॥

वेदव्यासस्तु भगवान् महर्षीणां मनोगतम् ।
जानन् स्नानान्तरेऽवोचदुन्मज्जंश्च पुनःपुनः ॥ ७१ ॥

साधुः शूद्रो, कलिः साधुः, स्त्री साध्वी, चेति तान् मुनीन् ।
एषां हार्दं तु वचसां न व्यजानन् महर्षयः ॥ ७२ ॥

अथ चैनं कृतस्नानमुपविष्टं निजाश्रमे ।
हार्दं वाचां तु विज्ञातुं वेदव्यासं व्यजिज्ञपन् ॥ ७३ ॥

ભગવાન્ વેદવ્યાસ તો મહર્ષિઓના મનમાં રહેલી બાબતને જાણીને, વારંવાર ડૂબકી ખાતા થકા, સ્નાનને અંતે બોલ્યા ॥ શું બોલ્યા? તો જે **શૂદ્ર** છે તે સાધુ છે, જે કલિ છે તે સાધુ છે, અને જે પતિવ્રતા **સ્ત્રી** છે તે સાધુ છે. એમ મુનિઓ પ્રતિ બોલ્યા, આ વ્યાસવચનોના મહાહાર્દને

તો મહર્ષિઓ સમજી શક્યા નહિ ॥ અનંતર સ્નાન કરીને પોતાના આશ્રમમાં બેઠેલા વ્યાસમુનિને તેમના વચનોના હાર્દને જણાવવા માટે વિજ્ઞાપના કરી ॥ ૭૧–૭૩ ॥

महर्षय ऊचुः—

साधुः शूद्रः कलिः साधुः स्त्री साध्वीति प्रकीर्तितम् ।
एतत् हार्दं वदास्मभ्यं वेदव्यास ! तपोनिधे ! ॥ ७४ ॥

મહર્ષિઓ કહે છે—હે તપોનિધિ વેદવ્યાસ! **શૂદ્ર** સાધુ છે, **કલિ** સાધુ છે, સાધ્વી **સ્ત્રી** સાધુ છે? એમ તમોએ કહ્યું તેનું હાર્દ અમોને કહી સંભળાવો ॥ ૭૪ ॥

वेदव्यास उवाच—

मुनयो विदितं हार्दं यदर्थं मामुपाश्रिताः ।
सुलभं श्रेयसो द्वारं सङ्क्षेपात्कथितं मया ॥ ७५ ॥

सर्वाशुचिनिधानस्य कलेरेको महान् गुणः ।
पुण्यं शीघ्रं फलत्यत्र दुष्कृतं पच्यते चिरात् ॥ ७६ ॥

ध्यानाध्ययनपूजाद्यैर्वित्तसाध्यैश्च दुष्करैः ।
यदाप्यते हरेर्नामकीर्तनादेव तत्कलौ ॥ ७७ ॥

अतः कलिः साधुरिति निर्दिष्टो हेतुदर्शनात् ।
साधुत्वं यत्स्त्रियाः प्रोक्तं तत्र हेतुं निबोधत ॥ ७८ ॥

વેદવ્યાસ કહે છે—હે મુનિઓ! જે માટે તમો મારી પાસે આવ્યા છો તે હાર્દ મારા જાણવામાં આવ્યું છે. શ્રેયનાં અનેક દ્વાર (માર્ગ) છે. તેમાં જે સુલભ છે તે મેં સંક્ષેપમાં તમોને કહ્યું છે॥ કલિ કે જે સમગ્ર દોષોનું સ્થાન છે. તેમાં એક મહાન્ ગુણ છે, કયો? તો આ કલિમાં કરેલું જે પુણ્ય છે તે તત્કાળ ફળ આપે છે. (વિલંબ નથી) અને પાપ છે તે બહુ કાળે ફળને આપે છે. આ એક મોટો ગુણ છે. ધ્યાન, અધ્યયન પૂજા આદિક છે તે બહુધા દ્રવ્યસાધ્ય છે અને તેથી બહુ દુષ્કર છે. તેના અનુષ્ઠાનથી

જે ફળની પ્રાપ્તિ થાય છે તે કળિયુગમાં ભગવાનના નામ કીર્તનથી થાય છે આ દૃષ્ટ હેતુઓને લીધે કળિયુગ શ્રેષ્ઠ છે એમ મે કહ્યું છે. આ અર્થ 'कृते यद्ध्यायतो पुंसस्त्रेतायां यजतो मखैः। द्वापरे परिचर्यायां कलौ तद्धरिकीर्तनात्॥ कलेर्दोषनिधे राजन्नस्ति ह्येको महान् गुणः। कीर्तनादेव कृष्णस्य मुक्तबन्धः परं व्रजेत्॥' આ વચનોમાં વ્યક્ત છે. હવે સ્ત્રીઓના શ્રેષ્ઠપણામાં કારણ કહું છું તેને સાંભળો ॥ ૭૫-૭૮ ॥

यज्ञाध्ययनदानादि सुकृतं यत्करोति ना ।
अर्थायासादिसाध्यं तत्फलार्धं लभते सती ॥ ७९ ॥

પુરુષ, (પતિ) દ્રવ્ય અને પ્રયાસથી સાધ્ય એવું જે કોઈ યજ્ઞ, અધ્યયન અને દાનાદિ સુકૃતને કરે છે તેના અર્ધા ભાગને સતી નારી પામે છે. આ કારણથી સાધ્વી સ્ત્રીને શ્રેષ્ઠ માની છે ॥ ૭૮ ॥

शूद्रो निश्छद्मना सेवां द्विजातेराचरन् मुदा ।
इह लोके परत्रापि शर्म विन्दति निश्चितम् ॥ ८० ॥

महत्युत्पद्यते चापि कुले सेवाप्रभावतः ।
अनायासेन चेत्थं वै श्रेयो विन्दति पादजः ॥ ८१ ॥

अतः स साधुर्निर्दिष्टो धर्मज्ञेन महार्षयः ! ।
क्षेमं विन्दति वै स्थानं स्वधर्ममनुवर्तयन् ॥ ८२ ॥

હે મહર્ષિઓ શૂદ્ર પણ જો ત્રણ વર્ણની નિષ્કપટપણે ઉત્સાહથી સેવા કરે તો આ લોકમાં પણ નિશ્ચે મહાસુખને પામે છે ॥ એટલું જ નહિ પરંતુ સેવાના પ્રતાપથી મહત્કુળમાં પણ ઉત્પન્ન થાય છે. આ રીતે અનાયાસથીજ શૂદ્ર, મહાશ્રેયને પામે છે ॥ આ કારણથી ધર્મતત્ત્વને જાણનારા મેં શૂદ્રને સાધુ (શ્રેષ્ઠ) કહ્યો છે. સ્વધર્મ પ્રમાણે વર્તનારો હરકોઈ પુરુષ, ક્ષેમસ્થાનને નિશ્ચે પામે છે. આ બાબત શાસ્ત્રોમાં કહી હોવાથી શંકાને સ્થાન નથી ॥ ૮૦-૮૨ ॥

शतानन्दमुनिरुवाच—

इति व्यासवचोहार्दं विज्ञाय मुनयो गताः ।
धर्मतत्त्वं प्रशंसन्तो मुदा परमया युताः ॥ ८३ ॥

अतः श्रेयान् स्वधर्मस्तु विगुणोऽपि सुखप्रदः ।
सगुणोऽपि परो धर्म इहामुत्र भयावहः ॥ ८४ ॥

धर्म एव हतो हन्ति धर्मो रक्षति रक्षितः ॥
अतो वृत्त्यर्थमपि ना स्वधर्मं न त्यजेत्सुधीः ॥ ८५ ॥

आपत्कालेऽन्यधर्मेण जीविकां वर्तयेत्पुनः ।
अतीतायां विपत्तौ च स्वधर्मस्थो भवेन्नरः ॥ ८६ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ! વ્યાસવચનના ઉકત હાર્દને યથાસ્થિત સમજીને મહર્ષિઓ ધર્મતત્ત્વને વખાણુતા થકા પરમ આનંદને પામીને સ્વસ્થાને ચાલ્યા ગયા ॥ એવી સ્થિતિ હોવાથી ભલે પોતાનો ધર્મ, કોઈ અંશે વિગુણ હોય તો પણ તે શ્રેષ્ઠ હોઈને સુખને આપનારો થાય છે. ભલે પરધર્મ, સર્વગુણ સંપન્ન હોય તોપણ આ લોક-પરલોકમાં ભયાવહ થાય છે. સુખને આપનારો થાય નહિ. માટેજ "**स्ववर्णाश्रमधर्मो यः स हातव्यो न केनचित्**" એમ શ્રીમુખે શિક્ષાપત્રીમાં કહ્યું છે ॥ '**श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात्। स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः** ॥' આ ગીતા વચનના અનુસંધાનથી છે.

હણેલો ધર્મ, ધર્મને હણનારાને હણે છે. અને જો ધર્મને રક્ષે છે તો તે રક્ષેલો ધર્મ ધર્મ રક્ષકનું રક્ષણ કરે છે ॥ એવી સ્થિતિ હોવાથી જીવિકા માટે પણ ધર્મનો ત્યાગ જે નર ન કરે તે બુદ્ધિમાન્ મનાય છે ॥ આપત્કાળ આવતાં બીજાના ધર્મથી પોતાની જીવિકા ચલાવવી પડે એ ઠીક છે. પરંતુ આવેલા આપત્કાળની નિવૃત્તિ થતાં તો પોતાના ધર્મમાં વર્તે એ જ સાચો નર મનાય છે ॥ ८૩-८૬ ॥

वर्णधर्मा समासेन वर्णिता वस्तपोधनाः ।
आश्रमाणामथो धर्मान् वक्ष्याम्येव समासतः ॥ ८७ ॥

તપ એ જ જેમને ધન છે એવા હે મુનિઓ! ઉપર પ્રમાણે તમારા પ્રતિ વર્ણધર્મોનું વર્ણન મેં કર્યું. હવે આશ્રમધર્મોને પણ અતિ સંક્ષેપમાં કહું છું તે તમો સાંભળો ॥ ८૭ ॥

वेदपाठो गुरोः सेवा वर्णिनां धर्म उच्यते ।
तपोमखाश्च मुन्यन्नैर्वानप्रस्थस्य कीर्तितः ॥ ८८ ॥

विष्णुपूजोङ्कारजपाववर्षास्वनिकेतनम् ।
न्यासिनां कथितो धर्मो नित्यश्चैवापरिग्रहः ॥ ८९ ॥

भिक्षाचर्यं वर्णिनां च न्यासिनां च प्रकीर्तितम् ।
ब्रह्मचर्यं त्रयाणामप्येतेषां परमं स्मृतम् ॥ ९० ॥

વેદોનું અધ્યયન કરવું અને વિદ્યાગુરુની સેવા કરવી એ વર્ણિનો શ્રેષ્ઠ ધર્મ કહ્યો છે. તપ કરવું અને મુનિઓના અન્ન તરીકે મનાતા સામો નમાર આદિક વડે યજ્ઞો કરવા એ વાનપ્રસ્થનો ધર્મ કહ્યો છે ॥ વિષ્ણુ ભગવાનની પૂજા કરવી અને ઓંકાર મંત્રનો જપ કરવો અને વર્ષાઋતુ સિવાય કોઈ સ્થાનમાં નિયતપણે રહેવું નહિ અને નિત્ય અપરિગ્રહ રાખવો એ સંન્યાસીનો મુખ્ય ધર્મ કહ્યો છે॥ વર્ણિઓ અને સંન્યાસીઓને ભીક્ષા માગીને પોતાનો દેહનિર્વાહ કરવો. વર્ણિ સંન્યાસી અને વાનપ્રસ્થ, આ ત્રણેયને બ્રહ્મચર્ય વ્રત મુખ્ય માન્યું છે ॥ ૮૯-૯૦ ॥

अधीत्य वेदं तु गुरोः कुले वसन् प्रतोष्य तं दक्षिणया च जुष्टया ।
गृहेषु सक्तः परिणीय कन्यकां कुल्यां सुशीलां निजधर्ममाचरेत्
॥ ९१ ॥

सर्वाश्रमाणां प्रभवं गृहित्वं समामनन्त्यार्यजना वरिष्ठम् ।
सुखेन कामो गृहिभिर्विजेयः सुदुर्जयो दुर्मद आन्तरोऽरिः ॥९२॥

पञ्चापि यज्ञाः गृहिभिस्तु नित्य सूनागसां वै विनिवर्तनाय ।
कार्याः सुपूज्या भगवत्प्रियाश्च स्वशक्तितो दानमपि प्रकुर्युः ॥९३॥

હવે ગૃહસ્થના ધર્મોને કહે છે—ગુરુકુળમાં વસીને સ્વવેદને ભણે. અને ગુરુને ઉચિત દક્ષિણા તથા સેવા વડે સંતોષ પમાડીને, ગૃહસ્થ આશ્રમમાં પ્રવેશતાં, કુલીન સુશીલ કન્યાને પરણીને સ્વધર્મને આચરે ॥ બ્રહ્મચર્ય આદિક જે આશ્રમો છે તે ગૃહસ્થાશ્રમને આશ્રયે વર્તે છે. (જીવે છે) જેમ માતાને આશ્રયે સર્વ કોઈ જંતુઓ જીવે છે તેમ, આ

કારણથી ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે એમ આર્યજનો કહે છે ॥ ગૃહસ્થોએ જે કામરૂપી અન્તઃશત્રુ સુદુર્જય અને દુર્મદ છે તે સુખેથી જીતી શકાય છે ॥ ગૃહસ્થોએ પાંચેય યજ્ઞો (બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, ભૂતયજ્ઞ, પિતૃયજ્ઞ અને અતિથિ યજ્ઞ) પાંચ સૂનાદોષની નિવૃત્તિને માટે નિત્ય કરવા. (ખાંડણીયો, ઘંટી, ચૂલો, પાણીઆરૂં, સાવરણી, આ ચાર સૂનાઓ—હિંસા થવાનાં સ્થાનો માન્યાં છે. આ પાંચ દોષોની નિવૃત્તિ માટે પાંચ યજ્ઞો નિત્ય કરવા. ભગવાનને બહુ વહાલા એવા ભક્તોની સારી રીતે પૂજા કરવી અને યથા-શક્તિ ધનાદિક પદાર્થોનું દાન પણ કરે ॥ ૯૧-૯૩ ॥

कार्या अहिंसाः क्रतवश्च पूर्तं कूपादि लोकोपकृतिर्यतः स्यात् ।
तीर्थादियात्रा गृहिभिर्धनाढ्यैः क्षेत्रेषु दानानि च शास्त्रदृष्ट्या ॥९४॥
सद्धर्मनिष्ठो भगवत्परायणः गृही भवाब्धिं कुरुते च गोष्पदम् ।
विमुक्तसङ्गो जनकाम्बरीषवद्यमादियोगाङ्गनिषेवकः स्यात् । ॥९५॥

ગૃહસ્થોએ અહિંસામય યજ્ઞો કરવા તથા કૂવા, તળાવ વિગેરે પૂર્ત કાર્યો કરવાં, કે જેથી લોકોપકાર થાય છે ॥ તીર્થક્ષેત્રોની યાત્રા કરવી તથા ધનાઢ્યોએ ક્ષેત્રોમાં શાસ્ત્ર દૃષ્ટિ પ્રમાણે વિવિધ દાનો દેવાં ॥ જે ગૃહસ્થ, સદ્ધર્મમાં નિષ્ઠાવાળો હોઈને ભગવત્પરાયણ વર્તે, તે ભવસાગરને ગાયના પગલાની પેઠે અનાયાસથી તરી જાય છે ॥ વિષય સંગોનો ત્યાગ કરીને જનક-અંબરીષ રાજાની પેઠે યમનિયમાદિ યોગાંગોને સેવનારો થાય. આ રીતે વર્તનારો ગૃહસ્થ પણ નિઃશ્રેયસને નિશ્ચય પામે છે ॥૯૪-૯૫॥

इत्येते कथिता धर्मा आश्रमाणां समासतः ।
सर्वाश्रमस्थो लभते ब्रह्मनिष्ठः परां गतिम् ॥ ९६ ॥
स्नानं ध्यानं हरेः पूजा जपो नाम्नां प्रकीर्तनम् ।
सत्सङ्गश्चेति सर्वेषां षट् कर्माणि दिने दिने ॥ ९७ ॥
स्वधर्ममनुरुन्धानो जीविकां स्वस्य साधयेत् ।
न भ्रष्टः स्याज्जीविकार्थमिति सच्छास्त्रसङ्ग्रहः ॥ ९८ ॥

एवं स्वधर्मनिष्ठः सन्नकामश्चात्मकामकः ।
हरिं भजेत यो ज्ञानी स भागवत इष्यते ॥ ९९ ॥

હે મુનિઓ ! ઉક્ત પ્રકારે આશ્રમોના આ ધર્મો મેં સંક્ષેપમાં કહ્યા. હરકોઈ આશ્રમમાં રહીને જે પરબ્રહ્મમાં નિષ્ઠાવાળો થાય તે પરાગતિને પામે છે ॥ સ્નાન, શ્રીહરિનું ધ્યાન તથા પૂજા, મંત્રાદિકનો જપ, અને હરિ નામોનું કીર્તન અને સત્સમાગમ, આ ષટ્ કર્મો સર્વેએ દિને દિને કરવાં ॥ પોતાની જીવિકાને સ્વધર્મને અનુસારે સાધે-મેળવે. જીવિકા અર્થે સ્વધર્મ થકી ભ્રષ્ટ ન થાય. આ રીતે સચ્છાસ્ત્રોનું સત્ય રહસ્ય છે ॥ હે મુનિઓ ! ઉક્ત પ્રકારે સ્વધર્મમાં નિષ્ઠાવાળા બનીને ફળની ઇચ્છાને નહિ રાખી કેવળ પોતાના મોક્ષ માટે જ શ્રીહરિને ભજે છે તે જ્ઞાની અને ભાગવત કહેવાયછે ॥ ૯૯ ॥

वर्णाश्रमाणां कथिता वृषाश्च वै पुण्याश्चतुर्वर्गफलप्रदाः शुभाः ।
निजे वृषे यो निरतो नरो हरिं भजेत स श्रेष्ठतमो हरेर्भवेत् ॥१००॥

હે મુનિઓ ! ઉપર પ્રમાણે ચાર વર્ણો અને ચાર આશ્રમોના ધર્મો, કે જે ધર્મ, અર્થ કામ મોક્ષ, આ ચાર પુરુષાર્થ સંપાદનારા પુણ્યકારી શુભ છે તે સંક્ષેપમાં કહ્યા. જે મુમુક્ષુ નર પોતાના ધર્મમાં દૃઢ નિષ્ઠાવાળો થઈને ભગવાનને ભજે છે તે ભગવાનને અત્યંત પ્રિય થાય છે. આ અર્થ **'तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते । प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं सच मम प्रियः ॥'** આ ગીતા વચનમાં વર્ણવ્યો છે ॥ ૧૦૦ ॥

इति श्रीमदाध्यात्मिकतत्त्वाख्याने मुनिगणशतानन्दस्वामिसंवादे वर्णाश्रमधर्मनिरूपणं नाम चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

ઇતિશ્રી...શાસ્ત્રિહરિજીવનદાસકૃત-ગુર્જરાનુવાદે ચતુર્દશોઽધ્યાયઃ ॥ ૧૪ ॥

पञ्चदशोऽध्याय ।

शतानन्दमुनिरुवाच—

अतः परं प्रवक्ष्यामि ज्ञानं विज्ञानसंयुतम् ।
यज्ज्ञात्वा भूय एवान्यज् ज्ञातव्यं नावशिष्यते ॥ १ ॥

यद्वस्तु यादृशं तस्य तादृक्त्वेन प्रवेदनम् ।
ज्ञानमाहुर्बुधा अन्यदज्ञानं सम्प्रचक्षते ॥ २ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ! અતઃ પર હું વિજ્ઞાને સહિત જ્ઞાનને કહું છું. જ્ઞાનમાં રહેલા વિશેષોને **વિજ્ઞાન** શબ્દથી કહે છે. જેને જાણ્યા પછી ફરીથી બીજું કાંઇપિણ જાણવાનું બાકી રહેતું નથી ॥ જે વસ્તુ, જેવા સ્વરૂપ-સ્વભાવવાળું હોય તેને તેવાપણે યથાસ્થિત પ્રમાણથી જાણવું તેને બુધ જનો, જ્ઞાન કહે છે બીજું બધું જ અજ્ઞાન છે એમ પણ કહે છે **'यथावस्थितव्यवहारानुगुणं ज्ञानं प्रमा'** એમ જ્ઞાનનું નિષ્કૃષ્ટ લક્ષણ કર્યું છે તે મળતું આવે છે. ॥ ૧-૨ ॥

अन्यथा मतिमान् लोके विपरीतमतिस्तथा ।
संशयात्मा च पुरुषो न ज्ञानीति हि कथ्यते ॥ ३ ॥

कलधौतमतिः शुक्तौ धीर्विपर्ययलक्षणा ।
शङ्खपीतादिबुद्धिश्चान्यथा ज्ञानं निगद्यते ॥ ४ ॥

स्थाणुर्वा पुरुषो वेति विशयोऽनवधारणम् ।
ज्ञानानुदय इत्येवमज्ञानं स्याच्चतुर्विधम् । ५ ॥

લોકમાં જે અન્યથા મતિમાન હોય, જે વિપરીત મતિમાન્ હોય અને જે સંશયાત્મા હોય, એવા પુરુષને જ્ઞાની કહેવાય નહિ. છીપમાં આ રૂપું છે એવું જે ભ્રાંતિથી જ્ઞાન થાય છે તેને **વિપરીત જ્ઞાન** કહે છે. આમાં ધર્મી છીપમાં રૂપાનું જ્ઞાન થાય એ સાવ વિપરીત જ્ઞાન કહેવાય છે. શંખ સ્વતઃ શ્વેત છે તથાપિ તેમાં ભ્રાંતિથી 'પીળો છે' એવું જ્ઞાન થાય

છે તેને **અન્યથાજ્ઞાન** કહે છે આમાં જે શંખનો શ્વેત ધર્મ છે તેમાં પીત ધર્મનું ભ્રાંતિથી જ્ઞાન થાય છે જેમાં ધર્મીનો વિપર્યાસ થાય તેને વિપરીત જ્ઞાન અને જેમાં ધર્મનો વિપર્યાસ થાય તેને અન્યથા જ્ઞાન કહે છે. એવો ભેદ સમજવો. કોઈ ઊંચી ચીજને જોઈને 'આ થાંભલો હશે ? કે પુરુષ હશે ? એવું ભ્રાંતિથી જ્ઞાન થાય છે. તેને **સંશય** કહે છે. આમાં કશોજ નિશ્ચય થતો નથી ॥ તેમજ જ્ઞાનનો બીલકુલ ઉદયજ થાય નહિ આ રીતે ચાર પ્રકારનું અજ્ઞાન માન્યું છે. આવું જેને અજ્ઞાન હોય તેને આ જ્ઞાની છે એમ કહી શકાય નહિ એવો નિર્ણય છે. ॥ ૩-૫ ॥

देहादावात्मबुद्धिश्च विपरीतमतिर्मता ।
देहादिव्यतिरिक्तेऽसौ स्वतन्त्र इति चान्यथा ॥ ६ ॥

अस्वतन्त्रः स्वतन्त्रो वेत्येवं धीः संशयात्मिका ।
ब्रह्माहमस्मि कृष्णस्य दास इत्येव धीः सती ॥ ७ ॥

દેહાદિકમાં 'હું આત્મા છું' એવી જે બુદ્ધિ થાય છે તેને **વિપરીત** બુદ્ધિ કહે છે. દેહાદિકથકી વિલક્ષણ એવો જે આ આત્મા તે 'સ્વતંત્ર છે' એવી જે બુદ્ધિ થાય છે તેને **અન્યથા** બુદ્ધિ કહે છે. (આત્મા પરમાત્માને પરતંત્ર છે. છતાં તેને સ્વતંત્ર કહે છે એ અન્યથાબુદ્ધિ માની છે) આત્મા, સ્વતંત્ર હશે ? કે પરતંત્ર હશે ? એવી બુદ્ધિને સંશયાત્મિકા કહે છે. પૂર્વોક્ત ત્રિવિધ અજ્ઞાનને આત્મતત્ત્વના અજ્ઞાનમાં આ રીતે નિદર્શન તરીકે ઘટાવ્યું છે **'ब्रह्माहं कृष्णदासोऽस्मि'** આ મહામંત્રમાં નિરૂપ્યા પ્રમાણે 'હું શ્રીકૃષ્ણ પરમાત્માનો દાસ છું' એવી જે બુદ્ધિ તેજ શ્રેષ્ઠ માની છે ॥ ૫-૭ ॥

इदं च तत्त्वविज्ञानमात्मनः सम्प्रसिद्ध्यति ।
याथातथ्येन वस्तूनां परिज्ञानात्प्रमाणतः ॥ ८ ॥

प्रत्यक्षं चानुमानं च स्मृतिः शाब्दं तथैव च ।
ज्ञानं चतुर्विधं प्रोक्तं यथार्थं मानवेदिभिः ॥ ९ ॥

प्रत्यक्षेणाग्रहितस्य सिद्धिः स्यादनुमानतः ।
अनुमानादसिद्धानामपि सिद्धिस्तु शास्त्रतः ॥ १० ॥

पूर्वकाले गृहीतस्य स्मृतिः कालान्तरे पुनः ।
व्यवहारं प्रयुञ्जीत वस्तुनश्चेति निश्चितम् ॥ ११ ॥

આવું જે તત્ત્વજ્ઞાન તે આત્માને પ્રમાણ પૂર્વકના વસ્તુઓના યથાવસ્થિત જ્ઞાનથી સમ્યક્ સિદ્ધ થાય છે. જ્ઞાન સિદ્ધિમાં પ્રત્યક્ષાદિ પ્રમાણોની અપેક્ષા છે. **પ્રત્યક્ષ અનુમિતિ સ્મૃતિ** અને શબ્દ (વેદાદિશાસ્ત્રજન્ય) આ ચાર જ્ઞાનપ્રમાણને જાણનારા મોટાઓએ યથાર્થ જ્ઞાન માન્યાં છે. ત્રણ પ્રમાણોમાં સ્મૃતિનો અંતર્ભાવ માનીને ત્રણ પ્રમાણોને કેટલાક કહે છે, એમાં **प्रत्यक्षमनुमानं च शास्त्रं च त्रिविधागमम् । त्रयं सुविदितं कार्यं धर्मसिद्धिमभीप्सुभिः** આ મનુસ્મૃતિ પ્રમાણ છે. વાસુદેવમાહાત્મ્યમાં પણ ત્રણ પ્રમાણોનો પરિગ્રહ કર્યો છે. **પ્રમા** (જ્ઞાન) ઉપજવામાં જે **કરણ** (સાધન) થાય તેને **પ્રમાણ** તરીકે કહેવામાં આવે છે. સાક્ષાત્ જ્ઞાનમાં જે સાધન (ઇન્દ્રિયાદિ) થાય તેને **પ્રત્યક્ષ** પ્રમાણ કહે છે. **અક્ષ** શબ્દ ચક્ષુરાદિ ઇન્દ્રિયોનો વાચક છે. 'હું **સાક્ષાત્** કરૂં છું" એવો જે આત્માની સાક્ષીવાળો કોઇક જ્ઞાનનો જે સ્વભાવવિશેષ તેને **પ્રત્યક્ષ** જ્ઞાન કહે છે. સાક્ષાત્ કહો કે પ્રત્યક્ષ કહો બન્ને એકાર્થમાં છે.

'જ્યાં જ્યાં ધૂમાડો વર્તે છે ત્યાં ત્યાં અગ્નિ હોય છે' એમ બન્નેની સહવ્યાપ્તિનો નિશ્ચય થાય છે. એમાં વારેવારે એવા સાહચર્યના દર્શનની અપેક્ષા આવતી હોવાથી અનુમાનમાં પણ પ્રત્યક્ષ પ્રમાણની જરૂર આવતી હોવાથી પ્રત્યક્ષ પછી અનુમાન પ્રમાણ આવે છે. '**पर्वतो वह्निमान् धूमात्**' એવું એક અનુમાન જ્ઞાન થાય છે. તેમાં જ્યાં જ્યાં ધૂમ છે, ત્યાં ત્યાં અગ્નિ છે. એવું એ બન્નેનું સાહચર્ય જ્ઞાન વારેવારે થાય છે. આ હેતુથી 'પર્વતમાં અગ્નિ છે' એમ સિદ્ધ થાય છે. આને **અનુમાન પ્રમાણ** કહે છે. જે અર્થ, પ્રત્યક્ષ પ્રમાણ (ઇન્દ્રિયાદિક)થી ગ્રહણ થતો નથી તેની સિદ્ધિ, અનુમાનથી થાય છે. જે બાબત અનુમાનથી પણ સાધી શકાતી નથી તેની સિદ્ધિ શાસ્ત્ર પ્રમાણથી થાય છે. તે શાસ્ત્રો વેદાદિક કહ્યાં છે. ત્રણમાં શાસ્ત્રોની મુખ્યતા માની છે. પૂર્વ કાળમાં ગ્રહણ કરેલા અર્થની સ્મૃતિ, કાળાંતરમાં ફરીથી થાય છે તેને **સ્મૃતિ** કહેવામાં આવે છે. હરકોઈ વસ્તુઓનો વ્યવહાર કરવામાં આ ચાર પ્રમાણોનો પ્રયોગ કરવો પડે એ નિશ્ચે છે. પ્રમેય (જ્ઞાતવ્ય અર્થ)નો નિર્ણય કરવામાં ખાસ આવશ્યકતા હોવાથી પહેલાં પ્રમાણોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. 'આ

વસ્તુ તે આ છે' આવો જે યથાસ્થિત વ્યવહાર થાય છે તેમાં ઉપયોગી થતું જે જ્ઞાન તેને **પ્રમા** શબ્દથી કહે છે અને તેની સિદ્ધિમાં જે સાધન (પ્રત્યક્ષાદિ) તેને **પ્રમાણ** શબ્દથી વ્યવહરે છે ॥ ૮-૧૧ ॥

ज्ञानग्राह्यं द्विधा वस्तु द्रव्यमद्रव्यमेव च ।
संयोगवद्भवेद्द्रव्यमद्रव्यं द्रव्यसंश्रितम् ॥ १२ ।

शब्दस्पर्शौ रूपरसौ गन्धः संयोग एव च ।
सत्त्वं रजस्तमः शक्तिरित्यद्रव्यभिदा मता ॥ १३ ॥

ઉપર્યુક્ત પ્રત્યક્ષાદિ જ્ઞાનથી ગ્રહણ કરવા યોગ્ય બે વસ્તુ છે. તેમાં એક **દ્રવ્ય** અને બીજું **અદ્રવ્ય** છે. તેમાં જે સંયોગવાળું હોય તે **દ્રવ્ય** કહેવાય. દ્રવ્યનો જ સંયોગ સંભવે એવો નિયમ છે. અથવા અવસ્થાના આશ્રયવાળું તે **દ્રવ્ય** કહેવાય. આગંતુક હોઈને અપૃથક્સિદ્ધ (જુદો નહિ) એવા ધર્મને **અવસ્થા** કહે છે પ્રકૃતિ, કાળ આદિકમાં પણ મહત્વ–ક્ષણિત્વ વિગેરે આગંતુક અપૃક્સિદ્ધ ધર્મો વર્તે છે. મુક્તોમાં પણ તાદાત્મિક સેવા સંકલ્પ ભેદ વિગેરે અવસ્થા વર્તે છે. ઈશ્વરમાં પણ સ્થૂળ સૂક્ષ્મ ચિત્અચિત્ના નિયમનરૂપ અવસ્થા વર્તે છે. ધર્મભૂત જ્ઞાન જે ગુણરૂપે અને દ્રવ્યરૂપે પણ માનેલું છે તેમાં પણ ઇચ્છાત્વ, દ્વેષત્વ વગેરે અવસ્થાઓ હોય છે. અક્ષર બ્રહ્મ નામની નિત્ય વિભૂતિમાં પણ મુક્તો તથા ઈશ્વરની ઇચ્છાને અનુસારે તાત્કાલિક અપ્રાકૃત ભોગ્ય ભોગોપકરણ ભોગસ્થાનાદિ પરિણામરૂપ અવસ્થા વર્તે છે. એટલે લક્ષણનો સમન્વય થાય છે, કશો દોષ આવતો નથી. દ્રવ્યના આશ્રયે જે રહેલું હોય (ગુણ) તે **અદ્રવ્ય** કહેવાય. અથવા સંયોગે રહિત હોય તેને **અદ્રવ્ય** કહેવાય. અદ્રવ્યમાં સંયોગ સંભવે નહિ ॥ **અદ્રવ્યમાં દશ પ્રકારને કહે છે**— આકાશના ગુણભૂત **શબ્દ**, વાયુના ગુણભૂત **સ્પર્શ**, તેજના ગુણભૂત **રૂપ**, જળના ગુણભૂત **રસ**, અને પૃથ્વીના ગુણભૂત **ગંધ**, એમ પાંચ ભૂતોના પાંચ ગુણોને અદ્રવ્ય તરીકે કહે છે. **સંયોગ** એ છઠ્ઠું અદ્રવ્ય છે. માયાના સત્વ **રજ** અને **તમ**, આ ત્રણ ગુણો અને અપૃથક્સિદ્ધવિશેષણભૂત **શક્તિ**, મળીને દશ પ્રકારનાં અદ્રવ્યો કહ્યાં છે. યદ્યપિ પ્રકૃતિ આદિકમાં અવસ્થા ભેદો-વિવિધ વિચિત્ર હજારો વર્તે છે. તથાપિ લોકશાસ્ત્રના વ્યવહારમાં ઉપયોગી મુખ્ય અદ્રવ્ય ભેદો દશજ વિવેચન કર્યા છે. દશમાં જે

અનુકુલ્ય = ઈચ્છા થકી।
અવસ્થા = સ્થિતિ
આગંતુક = આવે અને જાય

સંયોગ અને શક્તિને અદ્રવ્ય તરીકે કહ્યા છે તે સામાન્ય ગુણો સમજવા કેમકે જ્યાં સુધી દ્રવ્ય હોય ત્યાં સુધી તે ગુણો વર્તનારા છે. બીજા તો વિશેષ ગુણો કહેવાય છે. એવો વિવેક સમજવો ॥ શક્તિ તો તે તે કાર્યને ઉત્પન્ન કરવાના સામર્થ્ય રૂપ જાણવી કેમકે તે તે પદાર્થોમાં પ્રતિનિયત કાર્યોની ઉત્પત્તિ થતી જોવામાં આવે છે. માટે અનુમાનથી જાણી લેવી. કારણપણાને નિર્વાહ કરનારો જે અતીન્દ્રિય ધર્મ તેને **શક્તિ** તરીકે કહે છે ॥ ૧૨-૧૩ ॥

क्रियामेकादशीं केचिदद्रव्ये वर्णयन्ति च ।
तत्राद्यं गुणषट्कं तु प्रत्यक्षं स्यात्क्रियाऽपि च ॥ १४ ॥

सत्त्वादिकं चतुष्कं चातीन्द्रियं शास्त्रवर्णितम् ।
भावान्तरमभावं तु न पृथक् मन्वते बुधाः ॥ १५ ॥

કોઈ તો દશ ઉપરાંત અગીઆરમી ક્રિયાને અદ્રવ્યમાં વર્ણવે છે. દશ પૈકી જે છ ગુણો શબ્દાદિકને તો પ્રત્યક્ષ (ઇન્દ્રિયગ્રાહ્ય) કહે છે અને ક્રિયાને પણ પ્રત્યક્ષ કહે છે. સત્વાદિ ચાર ગુણોને અતીન્દ્રિય (ઇન્દ્રિયગ્રાહ્ય નહિ) કહે છે. આવું શાસ્ત્રમાં વર્ણન હોવાથી એમ કહે છે. કોઈ (નૈયાયિકો) અભાવને પદાર્થ તરીકે માને છે. તેતો ભાવાંતરરૂપ હોવાથી તેને બુધ જનો પૃથક પદાર્થ તરીકે માનતા નથી ॥ ૧૪-૧૫ ॥

संस्थानान्नातिरिक्तं तु सामान्यमुपलभ्यते ।
संस्थानात्यन्तसारूप्यादेकाकारमतिर्मता ॥ १६ ॥

जातिः संस्थानतो व्यङ्ग्या नातोऽन्या सम्प्रसिध्यति ।
विशेषोऽप्यतिरिक्तो न तत्तद्व्यक्तित्वतो भवेत् ॥ १७ ॥

सम्बन्धो द्रव्यगुणयोरपृथक्सिद्धिशब्दितः ।
समवायो नातिरिक्तः काणादोक्तस्तु गृह्यते ॥ १८ ॥

સંસ્થાનથકી જુદો કોઈ **સામાન્ય** નામનો પદાર્થ ઉપલબ્ધ થતો નથી. સંસ્થાનના અત્યંત સારૂપ્યને લીધે એકાકાર મતિ રૂપ જાતિને-સામાન્યને પૃથક્ માનવાની જરૂર નથી. સંસ્થાન થકી જુદી જાતિ કોઈ વ્યંજીત

થતી નથી સંસ્થાન એજ જાતિ છે ॥ વિશેષનામનો પદાર્થ પણ પૃથક્ સિદ્ધ થતો નથી. તે તે વ્યક્તિ એજ વિશેષ છે. દ્રવ્યગુણનો જે સંબંધ કે જે અપૃથક્સિદ્ધ શબ્દથી કહેવાય છે એજ સમવાય કહેવાય છે. જુદો સમવાય કાણાદમુનિએ કહ્યો છે તે સાબિત થતો નથી. આ ન્યાય શાસ્ત્રની પ્રક્રિયા છે ॥ તે માટે ઉપર પ્રમાણે દ્રવ્ય અદ્રવ્યની સંખ્યા કહી છે તેજ વ્યાજબી છે ॥ ૧૬–૧૮ ॥

माया कालः प्रत्यगात्मा परमात्मा तथैव च ।
चितिर्नित्यविभूतिश्च द्रव्यमित्थं तु षड्विधम् ॥ १९ ॥

માયા, કાળ, જીવાત્મા, પરમાત્મા ધર્મભૂત જ્ઞાન અને નિત્યવિભૂતિ, (ધામાદિ) આ છ દ્રવ્યો માન્યાં છે ॥ ૨૦ ॥

मायाऽत्र प्रकृतिः प्रोक्ता त्रिगुणा च जडात्मिका ।
कालोऽखण्डः सखण्डश्च जडो ज्ञेयः क्षणादितः ॥ २० ॥

આમાં **માયાશબ્દથી** પ્રકૃતિ કહી છે. વિચિત્ર કાર્યકારિણી હોવાથી એને **માયાશબ્દથી** કહે છે એનો 'મિથ્યા' એવો અર્થ નથી. '**मायां तु प्रकृतिं विद्यात्**' એવી શ્રુતિ છે. એમાં સત્ત્વ, રજ, તમ, આ ત્રણ ગુણો રહેલા હોવાથી **ત્રિગુણા** કહેવાય છે. એનું ખરૂ સ્વરૂપ જડ છે. જે કાળ છે તે અખંડ છે. ક્ષણલવાદિ ભેદથી સખંડ પણ છે. એવો કાળ પ્રકૃતિની પેઠે જડ છે. આ કાળ **अनादिर्भगवान् कालो नान्तोऽस्य द्विज उच्यते**' આમાં કહ્યા પ્રમાણે અનાદિ અને અનંત છે.

प्रत्यग् आत्मा स्वप्रकाशो नित्योऽणुश्चेतनाश्रयः ।
बद्धो मुक्तो नित्य इति त्रिविधोऽयं प्रकीर्तितः ॥ २१ ॥
जीव ईशो ब्रह्म चेति प्रत्यग् आत्मा त्रिधा तथा ।
प्रकारान्तरतः प्रोक्तः सम्प्रदाय इहोद्धवे । २२ ॥
चतुर्विधास्तु देवाद्या जीवत्वेन प्रकीर्तिताः ।
वैराजाद्या ईशसंज्ञाः सृष्टिस्थित्यन्तकारकाः ॥ २३ ॥

मुक्ताश्च नित्यमुक्ताश्च ब्रह्मशब्देन कीर्तिताः ।
यतस्तेषां ब्रह्मरूपमाविर्भूतं श्रुतीरितम् ॥ २४ ॥

જે જીવાત્મા છે તે '**स्वयं ज्योतिः**' આ શ્રુતિમાં કહ્યા મુજબ સ્વયંપ્રકાશ છે. '**नित्यो नित्यानां**' આ શ્રુતિમાં કહ્યા મુજબ નિત્ય છે. '**एषोऽणुरात्मा**' આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે સ્વરૂપથી અણુપરિમાણ છે. અને હું જાણું છુ" એવા જ્ઞાનનો આશ્રય છે. જ્ઞાનસ્વરૂપ અને જ્ઞાનગુણક છે. એમાં **બદ્ધ**, **મુક્ત** અને **નિત્ય** એવા ત્રણ ભેદો માન્યા છે. સંસારને વશ વર્તનારાને **જીવ** કહે છે. ચૌદ ભુવનરૂપ અંડકટાહમાં વર્તનારા બ્રહ્મા આદિ જેમાં છે અને કીટ અંતે જેમાં છે એવા ચેતન વિશેષોને જીવ વર્ગમાં ગણ્યા છે. ભક્તિ કે પ્રપત્તિની સિદ્ધિ થતાં અર્ચિ માર્ગે કરીને '**यद्गात्वा न निवर्तन्ते**' આમાં કહ્યા પ્રમાણે ભગવાનને પામ્યા હોય તેને **મુક્ત** કહે છે. સંસારમાં ક્યારેયપણ નહિ આવેલા હોઈને જ્ઞાન સંકોચના પ્રસંગે રહિત એવા જે શેષ ગરુડ વિશ્વકસન વિગેરે તેને **નિત્યમુક્તો** કહે છે. તેમના અધિકાર વિશેષો તો પરમેશ્વરની નિત્ય ઇચ્છાથીજ અનાદિપણે વ્યવસ્થિત કરેલા છે ॥ આ બધાનોજ જીવોમાં સમાવેશ સમજવો ઘટે. અણુ હોઈને ચેતન હોય તેને આત્મા કહેવાય આ લક્ષણ ત્રણેયમાં વ્યાપ્ત છે. આ ઉદ્ધવસંપ્રદાયમાં **જીવ**, **ઈશ્વર**, **બ્રહ્મ**, એમ પ્રત્યગાત્માને ત્રણ પ્રકારે પ્રકારાંતરે માન્યો છે. દેવ, મનુષ્ય, તિર્યક્ (પશુપક્ષી) સ્થાવર, આ ચાર યોનિઓમાં વર્તનારા સર્વેને **જીવપણે** કહ્યા છે એથી ઉપરના જે વૈરાજાદિક તેને **ઈશ્વર** સંજ્ઞાથી કહ્યા છે. એમને સૃષ્ટિ સ્થિતિ અને અંતને કરનારા માન્યા છે. એમનો પણ અંતે જીવ વર્ગમાં સમાવેશ કર્યો છે. **બ્રહ્મ** શબ્દથી મુક્તો અને નિત્ય મુક્તોને માન્યા છે. કેમકે તેમને '**परंज्योतिरुपसम्पद्य स्वेन रूपेणाभिनिष्पद्यते**' આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે સ્વસ્વરૂપનો આવિર્ભાવ વર્તે છે. તાત્પર્યાર્થમાં ફરક નથી. કેમકે પરમાત્માને વિભુપણે અને બીજા બધાને સ્વરૂપથી અણુપણે પ્રતિપાદ્યા છે ॥ ૨૧-૨૪ ॥

परमात्मा वासुदेवः परंब्रह्म परात्परः ।
स्वामी नारायणः कृष्णः श्रीहरिः पुरुषोत्तमः ॥ २५ ॥

જેનો પર-ઉપરી આત્મા કોઈપણ નહિ હોવાથી પરમ એવા આત્માને **પરમાત્મા** કહે છે. અર્થાત્ '**अन्तः प्रविष्टः शास्ता जनानां**

सर्वात्मा' આ શ્રુતિમાં અને **'परमात्मेत्युदाहृतः'** આ સ્મૃતિમાં કહ્યા પ્રમાણે પરમાત્માપણે સાર્થક પ્રતિપાદ્યા છે. સર્વેમાં વ્યાપીને સર્વના ધારક નિયામક શેષીપણે રહે તેને **આત્મા** કહેવામાં આવે છે. સર્વમાં વ્યાપક હોઈને જગતની ઉત્પત્ત્યાદિરૂપ ક્રીડાને કરતા હોવાથી **વાસુદેવ** શબ્દથી નિરૂપ્યા છે. સર્વથી સ્વરૂપ સ્વભાવાદિ સર્વપ્રકારે મોટા હોવાથી **પરંબ્રહ્મ**પણે શ્રુતિ સ્મૃતિમાં નિરૂપ્યા છે. **'अक्षरात्परतः परः'** આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે પરાત્પરપણે પ્રતિપાદન કરેલા છે. સર્વેના નિયંતા ધણી હોવાથી **સ્વામી** શબ્દથી નિરૂપ્યા છે. આનંદમય હોવાથી **કૃષ્ણ** નામથી નિરૂપેલા છે. સર્વેનાં દુઃખ અને પાપોને હરનારા હોવાથી **હરિ** નામથી નિરૂપ્યા છે. **'यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः। अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः।'** આમાં કહ્યા પ્રમાણે ક્ષર અક્ષર થકી, સ્વરૂપ સ્વભાવ આદિક સર્વ પ્રકારે વિલક્ષણ હોવાથી **'પુરુષોત્તમ'** એવી સાર્થક સંજ્ઞાથી નિરૂપ્યા છે. એવા ભગવાનને જાણવા. ॥ ૨૫ ॥

चितिर्ज्ञानं भवेद्धर्मो जीवात्मपरमात्मनोः ।
यद्योगाद्विषयान् वेत्ति बहिष्ठानान्तरः पुमान् ॥ २६ ॥

यथा प्रभा भास्करादेर्गुणभूता व्यवस्थिता ।
प्रसारादिक्रियायोगात् द्रव्यरूपा च संमता ॥ २७ ॥

तथा धीरात्मतन्त्रत्वात्तद्गुणत्वेन निष्ठिता ।
विकासह्रासयोगेन द्रव्यरूपा च सम्मता ॥ २८ ॥

ચિતિ શબ્દથી જ્ઞાનરૂપ ધર્મ કહ્યો છે. તે ધર્મભૂત જ્ઞાન આત્મા-પરમાત્મા બન્નેમાં સાધારણપણે વર્તે છે. જેના યોગને લીધે દેહમાં રહેલો આત્મા, બહારના વિષયોને જાણે છે ॥ જેમ સૂર્યાદિકની જે પ્રભા છે તે તેના ગુણપણે મનાય છે. અને એમાં પ્રસાર આદિક ક્રિયાનો યોગ હોવાથી દ્રવ્ય રૂપાપણ મનાય છે. એમ પ્રભાને દ્રવ્યપણે અને ગુણપણે મનાય છે. એજ રીતે જે ધર્મભૂત જ્ઞાન છે તે આત્માને પરતંત્ર હોવાથી તેના ગુણપણે સ્થાયી છે અને એમાં વિકાસ અને સંકોચનો યોગ હોવાથી દ્રવ્યરૂપપણ માની શકાય. એટલે જે ધર્મભૂત જ્ઞાન છે તેને દ્રવ્યરૂપ અને ગુણરૂપ એમ બન્ને પ્રકારે કહી શકાય. ॥ ૨૬-૨૮ ॥

ज्ञानावस्थाविशेषाश्च प्रत्यक्षत्वादयो मताः ।
इच्छा द्वेषः सुखं दुःखमित्याद्यपि तथा मतम् ॥ २९ ॥
अन्तःकरणवृत्त्या च जन्यत्वादौपचारिकम् ।
अन्तःकरणधर्मत्वमेतेषां परिकीर्त्यते ॥ ॥ ३० ॥
सप्रभोऽर्कादिकस्तेजस्तेजस्वीति यथोच्यते ।
तथाऽऽत्मा ज्ञानवान् ज्ञानं ज्ञाता चेति निगद्यते ॥ ३१ ॥

પ્રત્યક્ષત્વ આદિક જે કહેવાય છે તે પણ એક પ્રકારની જ્ઞાનની અવસ્થાઓ છે. ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, એ આદિક પણ એ જ રીતે જ્ઞાનની એક પ્રકારની અવસ્થાઓ છે. આ ઇચ્છાદિ ધર્મો, અંતઃકરણ વૃત્તિથી ઉપજનારા હોવાથી તેમને અંતઃકરણના ધર્મપણે કહેવાય છે તે તો ઔપચારિક છે. વસ્તુતાએ એ ધર્મો આત્માના છે ॥ જેમ પ્રભાવાન્ સૂર્યાદિકને **તેજ** અને **તેજસ્વી** એમ બન્ને પ્રકારે કહેવાય છે તેમ જ્ઞાનવાન્ આત્મા, **જ્ઞાન** અને **જ્ઞાતા** એમ બન્ને પ્રકારે કહી શકાય છે. એ રીતે ધર્મભૂત જ્ઞાનનું નિરૂપણ છે ॥ ૨૯–૩૧ ॥

प्रोक्ता परा तु प्रकृतिः शुद्धसत्त्वाऽक्षराऽजडा ।
अक्षरब्रह्मनाम्नी च निर्गुणा तमसः परा ॥ ३२ ॥
हरिधामादिरूपेण वर्तमाना निरन्तरम् ।
चिदाकाशाऽभिधा नित्यभूतिर्मुक्तिपदं मता ॥ ३३ ॥

નિત્ય વિભૂતિને નિરૂપે છે–આને પરાપ્રકૃતિ, પ્રકૃતિના ત્રણ ગુણો થકી વિલક્ષણ શુદ્ધ સત્વગુણ વર્તતો હોવાથી શુદ્ધસત્ત્વા, નહિ નાશ પામતી હોવાથી અક્ષર, જડ પ્રકૃતિ થકી વિલક્ષણ હોવાથી અજડા, માયાના ગુણોએ રહિત હોવાથી નિર્ગુણા અને **'तमसः परस्तात्'** આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે તમ થકી પરપણે વર્તનારી અને અક્ષરબ્રહ્મ નામથી પણ ગુણયોગને લીધે કહેવામાં આવી છે. આવા બહુ નામથી વ્યવહરેલી આ પરા પ્રકૃતિ, શ્રીહરિના ધામાદિરૂપથી નિરંતર વર્તે છે, એને **ચિદાકાશ** નામથી પણ કહી છે. આ નિત્ય વિભૂતિને **'तद्विष्णो परमं पदम्'**

આ શ્રુતિમાં નિરૂપ્યા પ્રમાણે મુક્તિના સ્થાન તરીકે પણ કહે છે. આ રીતે ગુણવિશેષને લીધે અનેક નામોથી શ્રુતિ સ્મૃતિમાં વ્યવહરી છે, પણ તત્ત્વ તરીકે તો એક જ છે ॥ ૩૨-૩૩ ॥

अक्षरं ब्रह्म च द्वेधा सच्चिदानन्दलक्षणम् ।
वर्णितं सम्प्रदायेऽस्मिन् मूर्तं चामूर्तमेव च ॥ ३३ ॥

मूर्तं दिव्याकृति ज्ञेयं हरिसेवासु तत्परम् ।
मुक्तवृन्दममूर्तं तु श्रीहरेर्धाम कीर्तितम् ॥ ३४ ॥

अक्षरब्रह्मसंज्ञोऽन्यो महापुरुष उच्यते ।
सिसृक्षया हरेः सोऽयं प्रकटस्तदधिष्ठितः ॥ ३५ ॥

सर्जने द्वाररूपोऽयं मायादिप्रेरकः स्मृतः ।
मायापुमादिरूपः सन् परमात्मैव कारणम् ॥ ३६ ॥

આ સંપ્રદાયમાં અક્ષર બ્રહ્મને સચ્ચિદાનંદ લક્ષણ કહેવાપૂર્વક, તેને **મૂર્ત** અને **અમૂર્ત** એવા ભેદથી બે પ્રકારે વર્ણવ્યું છે. તેમાં જે **મૂર્ત** છે તે દિવ્યાકૃતિ હોઈને શ્રીહરિની સેવામાં તત્પર રહે છે. એને જ મુક્ત-વૃન્દ તરીકે કહે છે. એટલે **મૂર્ત** શબ્દથી મુક્તોને જાણવા. જે અમૂર્ત છે તે તો શ્રીહરિના નિવાસ સ્થાનરૂપ ધામ તરીકે કહ્યું છે. વળી અક્ષર બ્રહ્મ સંજ્ઞાથી બીજા **મહાપુરુષ** પણ કહ્યા છે. જ્યારે ભગવાનને સૃષ્ટિ કરવાની ઇચ્છા થાય છે ત્યારે તે મહાપુરુષ પ્રકટ હોઇને ભગવાનના અધિષ્ઠાનથી સૃષ્ટિમાં દ્વારભૂત બને છે. એને માયા આદિકના પ્રેરક તરીકે માન્યો છે. માયા પુરુષાદિ રૂપે હોઈને ખરી રીતે તો પરમાત્મા જ પરમ કારણ છે, અક્ષર પુરુષ તો ફક્ત દ્વારભૂત છે; અક્ષરબ્રહ્મ શબ્દથી આ ત્રણ બાબતો કહેવા ઇચ્છી છે, પ્રકરણને અનુસારે અર્થ ઘટાવવો ઘટે ॥ ૩૩-૩૬ ॥

एतेषामस्ति साधर्म्यं वैधर्म्यं च परस्परम् ।
तद्विज्ञानाद्विविक्तात्मपरमात्ममतिर्भवेत् ॥ ३७ ॥

गुणो रूपादिको ज्ञेय एकैकेन्द्रियगोचरः ।
तद्द्रव्यं तु तद्भिन्नं द्वीन्द्रियग्राह्यमिष्यते ॥ ३८ ॥

આ તત્ત્વોનું પરસ્પર કોઈ અંશે સાધર્મ્ય છે અને વૈધર્મ્ય પણ છે. તેના સત્ય વિજ્ઞાનથી આત્મા અને પરમાત્માના જ્ઞાનનો વિવેક (સ્પષ્ટતા) પ્રાપ્ત થાય છે ॥ રૂપ રસાદિકને ગુણો જાણવા. અને તે એક એક ઇન્દ્રિયથી ગ્રહણ થાય છે. જેમકે આકાશનો ગુણભૂત શબ્દ, શ્રોત્ર ઇન્દ્રિયથી ગ્રહણ થાય છે. વાયુનો ગુણભૂત સ્પર્શ, ત્વગિન્દ્રિયથી ગ્રહણ થાય છે. તેજના ગુણભૂત રૂપ, ચક્ષુ ઇન્દ્રિયથી ગ્રહણ થાય છે. જળના ગુણભૂત રસ, જીહ્વા ઇન્દ્રિયથી ગ્રહણ થાય છે. પૃથ્વીના ગુણભૂત ગંધ, ઘ્રાણેન્દ્રિયથી ગ્રહણ થાય છે. ગ્રહણ પ્રકાર એવો છે કે, આત્મા પ્રથમ મન સાથે જોડાય છે, મન ઇન્દ્રિયો સાથે જોડાય છે, ઇન્દ્રિયો અર્થ જે વિષયો તેની સાથે જોડાય છે. એમ સંબન્ધ થતાં 'આ ઘટ છે આ પટ છે' એવું એક જ્ઞાન થાય છે. દ્રવ્યના ગ્રહણમાં સંયોગ એ સંબંધ માન્યો છે. હવે દ્રવ્યનિષ્ઠ રૂપાદિકના ગ્રહણમાં સંયુક્તાશ્રયણ સંબંધ માન્યો છે. તે તે ગુણયુક્ત જે દ્રવ્ય છે. તે ગુણથી જુદુ છે અને તે તો બે ઇન્દ્રિયથી ગ્રાહ્ય માન્યું છે. જેમકે ગંધ ઘ્રાણથી ગ્રહણ થાય છે અને ગંધવતી પૃથ્વી ઘ્રાણ અને ચક્ષુ વગેરે વડે ગ્રહણ થાય છે એમ રસ વિગેરેનું પણ જાણવું. ॥ ૩૭-૩૮ ॥

संयोगो विप्रयोगश्च सतोरेव पदार्थयोः ।
सुखदुःखादिहेतुश्च बन्धमोक्षकरस्तथा ॥ ३९ ॥
शक्तिः शक्तिमतो भिन्ना कार्योन्नेया त्वतीन्द्रिया ।
शक्तिमानिन्द्रियग्राह्यो भिदेत्थं शक्तितद्वतोः ॥ ४० ॥

જે પદાર્થ વિદ્યમાન હોય તેનો જ સંયોગ અને વિયોગ કહી શકાય. જે પદાર્થ જ વિદ્યમાન ન હોય તેને માટે તે બે કહી શકાય નહિ. સંયોગ અને વિયોગ સુખ દુઃખાદિકમાં કારણ છે તેમ જ બંધ મોક્ષને કરનાર છે. જે શક્તિ છે તે શક્તિમાન્ થકી જુદી છે. એ શકિતને કાર્ય ઉપરથી જાણી શકાય છે. અર્થાત્ તે શકિત, ઇન્દ્રિય ગોચર નહિ હોઈને અનુમાનથી જ જાણી શકાય છે અને જે શકિતમાન હોય તે તો ઇન્દ્રિયોથી ગ્રહણ થાય છે. (જાણી શકાય છે) આ રીતનો ભેદ, શક્તિ અને શકિતમાન્ વચ્ચે સમજી લેવો ॥ ૩૯-૪૦ ॥

द्रव्याद्रव्यविभेदोऽयं वैधर्म्यात्समुदाहृतः ।
द्रव्येषु च मिथो भेदं वैधर्म्याद्वच्मि साम्प्रतम् ॥ ४१ ॥

હે મુનિઓ! દ્રવ્ય અદ્રવ્યનો આ ભેદ, વૈધર્મ્ય (પૃથક્ પૃથક્ ધર્મો વડે) મેં કહી સંભળાવ્યો. હવે દ્રવ્યોને વિષે જે પરસ્પર ભેદ છે તેને જુદા જુદા ધર્મોથી કહું છું તેને સાંભળો ॥ ૪૧ ॥

माया सकार्या त्रिगुणा जडा सततविक्रिया ।
कालो जडो निर्गुणस्तु मायायां विक्रियाकरः ॥ ४२ ॥

માયા અને તેનાં મહદાદિ તમામ કાર્યો, ત્રણ ગુણના સંસર્ગવાળાં છે. સર્વેમાં માયાના ગુણો રહ્યા છે. એવી માયા ચેતન નહિ પણ જડ છે અને તેમાં સતત વિવિધ વિચિત્ર વિકારો થયા જ કરે છે. જેનો પાર નથી ॥ જે કાળ છે તે પણ માયાની પેઠે જડ છે અને તે નિર્ગુણ છે અને માયા માટે વિવિધ વિકારોને કરનારો માન્યો છે. કાળે કરીને માયામાં ક્ષોભ થતાં અનંત વિકારો થાય છે ॥ ૪૨ ॥

जीवोऽगुणो निर्विकारो नित्यो ज्ञाता स्वयंप्रभः ।
मायया मुह्यमानस्तु भुङ्क्ते भावांश्च मायिकान् ॥ ४३ ॥

જે જીવ છે તે માયાના ગુણોએ રહિત અને તેના વિકારોએ રહિત છે અને તે સદાકાળ વર્તનારો નિત્ય છે અને સ્વયં જ્ઞાતા તથા સ્વયં-પ્રકાશ છે '**अनीशया शोचति मुह्यमानः**' આ શ્રુતિમાં કહ્યા મુજબ માયાએ કરીને મોહ પામતો તે માયિક ભોગોને ભોગવે છે ॥ ૪૩ ॥

जीवोऽस्वतन्त्रः सुखदुःखभाजनं मुह्यन्नजानन्निजरूपमज्ञः ।
मायानिगूढो निजकर्मकृष्टश्चोच्चावचान् विन्दति योनिभेदान् ॥४४॥

જે આ જીવ છે તે સ્વતંત્ર નહિ હોઈને સુખદુઃખનો પાત્ર બને છે. માયાએ કરીને મોહ પામતાં અજ્ઞ બનેલો જીવ, પોતાના શુદ્ધ સ્વરૂપને સમજતો નથી. માયાએ વ્યાપ્ત બનેલો અને પોતાનાં કર્મોએ આકર્ષેલો આ જીવ, ઉચ્ચ નીચ એવી વિવિધ યોનિયોને પામીને સુખદુઃખને ભોગવે છે ॥ ૪૪ ॥

मायया मुह्यतां शश्वत् पुरुषाणां प्रशोचताम् ।
शरण्य एको देवस्तु पुरुषोत्तम उच्यते ॥ ४५ ॥

માયાએ કરીને મોહ પામેલા અને તેથીજ નિરંતર શોક કરતા એવા જીવોને દેવદેવ એવા એક પુરુષોત્તમ ભગવાનજ શરણ્ય–રક્ષણકર્તા કહ્યા છે ॥ '**मामेकं शरणं व्रज**' એમ પોતે ભગવાન્ કહે છે ॥ ૪૫ ॥

देवः स्वतन्त्रो विमलो विशोकः स्वतेजसा क्षिप्तगुणत्रयः सदा ।
ज्ञानादिषाड्गुण्यनिधिः परेशस्तयोर्हि भेदो न तु शक्यशङ्कः ॥ ४६ ॥

જે દેવાધિદેવ પુરુષોત્તમ છે તે તો સ્વતંત્ર છે, દોષે રહિત અને શોક રહિત છે અને પોતાના તેજથીજ માયાના ત્રણ ગુણોને સદા નિરસ્ત કરી રહ્યા છે. જ્ઞાન શક્તિ બળ ઐશ્વર્ય વીર્ય તેજ આ છ મુખ્ય ગુણોના નિધિ હોઈને સર્વેના પરમેશ્વર કહ્યા છે. આવા પરમેશ્વર અને જીવોનો જે ભેદ છે તે કોઈ રીતે શંકા કરવા જેવો નથી. કોઈ રીતે ઐક્ય સંભવે નહિ ॥ ૪૬ ॥

जीवः कथञ्चित्सुकृतातिभूम्ना सत्सङ्गतो ज्ञातनिजस्वरूपः ।
जानाति सर्वस्य पतिं परेशं देवाधिदेवं निजधाम्नि दीप्तम् ॥४७॥
उपासको जीव इतीरितो हरेः श्रेयोऽभिलाषी भवसिन्धुमग्नः ।
उपास्यपादाम्बुज आप्तकामः स्वामी हरिः श्रीपतिरिष्टदाता ॥४८॥

આ જીવ, કદાચિત્ સુકૃતના અતિશયથી મળેલા સત્સંગથી પોતાના શુદ્ધ સ્વરૂપને સમજવાપૂર્વક, સર્વના પતિ અને અક્ષરધામમાં દિવ્ય–મૂર્તિથી વિરાજમાન એવા દેવાધિદેવ પરમેશ્વરને જાણે છે. શ્રીહરિ થકી કલ્યાણની અભિલાષાવાળો અને સંસારમાં નિમગ્ન એવો જે ઉપાસક તે જીવ કહેવાય છે અને જેનાં ચરણકમળ ઉપાસના કરવા યોગ્ય છે એવા સ્વામી શ્રીહરિ છે તે તો ઇષ્ટ ફળ પ્રદાતા, લક્ષ્મીના પતિ અને આપ્ત-કામ છે ॥ ૪૭–૪૮ ॥

प्रसादकोऽयं भगवान् प्रसाद्यः सर्वेश्वरः सर्वदृगात्मतन्त्रः ।
तस्य प्रसादादयमञ्जसा परं पारं भवाब्धेरधिगच्छति ध्रुवम् ॥४९॥

આ રીતે ભગવાનની પ્રસન્નતા મેળવવા ઇચ્છતો આ જીવ તે પ્રસાદક કહેવાય છે અને તેણે પ્રસન્ન કરવા યોગ્ય એવા સર્વદ્રષ્ટા સ્વતંત્ર સર્વેશ્વર ભગવાન તે પ્રસાદ્ય કહેવાય છે. એમ જીવાત્મા ઉપાસક

અને પરમાત્મા ઉપાસ્ય બને છે. એમ સ્વામિસેવકભાવ સિદ્ધ થાય છે. એમ થતાં તે પરમાત્માના પ્રસાદથી સંસાર સમુદ્રના પરં પારને સુખેથી પામે છે ॥ ૪૯ ॥

सलोकतामस्य भजन्ति केचिद्भक्ताः सरूपत्वमथापरे हरेः ।
सार्ष्टिं च सामीप्यमथो परे हरेः सायुज्यमापुः कृपया न तत्त्वम्
॥ ५० ॥

તેમાં કોઈક ભક્તો સાલોક્ય તો કોઈ ભક્તો સારૂપ્ય તો કોઈ ભક્તો સાષ્ટિ તો કોઈ ભક્તો સામીપ્યને ભજે છે. કોઈ ભક્તો કૃપાથી સાયુજ્યને પામે છે. એમાં જે સાલોક્ય આદિક કહી તે અવાંતર મુક્તિઓ છે. સાયુજ્યને કે જે સાધર્મ્ય કહેવાય છે એજ મુખ્ય મુક્તિ માની છે '**सायुज्यं प्रतिपन्ना ये तीव्रभक्तास्तपस्विनः । किङ्करा मम ते नित्यं भवन्ति निरुपद्रवाः**' એમાં કહ્યા પ્રમાણે જેઓ સાયુજ્ય મુકિતને પામ્યા છે તેમને જ ભગવાનની સેવા રસના અનુભવની યોગ્યતા છે. માટે સેવા ગર્ભિત જે સાયુજ્ય એજ મુખ્ય મોક્ષ માન્યો છે. માટેજ ભાગવતમાં '**सालोक्यसार्ष्टिसमीप्यसारूप्यैकत्वमप्युत । दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः**' એમ સેવારહિત સાયુજ્યનો અસ્વીકાર કર્યો છે. માટે '**कृष्णसेवा मुक्तिश्च गम्यताम्**' એવી સેવારૂપ મુકિતની મુખ્યતા માની છે. પરંતુ તત્ત્વં-ભગવાનની સાથે સ્વરૂપૈક્યતો કોઈ પામતાજ નથી ॥ ૫૦ ॥

स्वयंप्रकाशं हरिधाम दिव्यं ब्रह्माक्षरं यत्तमसः परस्तात् ।
तत्प्राप्नुवन्त्यच्युतसेवकाः पथा दिव्येन मुक्ताः भवबन्धतोऽस्मात्
॥ ५१ ॥

प्रसादतो धाम हरेः प्रपद्य निजं चिदानन्दमयं प्रदीप्तम् ।
प्रादुर्भवद्ब्राह्मगुणास्ततस्ते तां ब्रह्मभूता परिभुञ्जतेऽनिशम् ॥ ५२ ॥

ભગવાનના સેવકો માયાના ત્રિગુણ બંધનથકી મુક્ત થઈને, અર્ચિ માર્ગે કરીને '**तमसः परस्तात्**' આ શ્રુતિમાં વર્ણવ્યા પ્રમાણે તમોગુણાત્મક પ્રકૃતિથકી પાર વર્તતા એવા અક્ષરબ્રહ્મ નામના સ્થળે પ્રકાશમાન દિવ્ય શ્રીહરિ ધામને પામે છે. ત્યારબાદ શ્રીહરિની પ્રસન્નતાથી તે ચિદાનંદમય સ્વયં-

પ્રકાશ શુદ્ધ નિજ સ્વરૂપને પામીને બ્રાહ્મગુણોના (અપહતપાપ્મત્વાદિ) પ્રાદુર્ભાવને પામેલા બ્રહ્મભૂત મુક્તો, તે પરમાત્માને નિરંતર સાક્ષાત્ અનુભવે છે. કશો અંતરાય રહેતો નથી. તેમ કશી અપૂર્ણતા રહેતી નથી ॥ ૫૧–૫૨ ॥

ये सूरयो नित्यमनाप्तबन्धना दिव्येऽक्षरे धाम्नि तु दिव्यरूपाः ।
हरेः सदा सेवन उद्यता मुदा चानन्दपूर्णा प्रथमे पुराणाः ॥५३॥

अनादिमुक्ताः परिकीर्तितास्ते हरीच्छया नित्यमकुण्ठबोधाः ॥
निजे नियुक्ताः परिचारकृत्ये कृष्णैकभोगास्तमुपासते सदा ॥५४॥

सर्वार्थविज्ञानमथो विरक्तिर्हरीतरेषु प्रचुरा विभूतिः ।
धर्मो हरिप्रीणनदासवृत्तिश्चतुष्टयं नित्यमुपन्त्यमीषाम् ॥ ५५ ॥

'**सदा पश्यन्ति सूरयः**' આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે જે સૂરિઓ કદાપિ ભવબંધનને નહિ પામેલા હોઈને દિવ્ય અક્ષરધામમાં દિવ્યરૂપથી ભગવાનની સદા સેવામાં ઉત્સાહથી તત્પર હોઈને આનંદથી પરિપૂર્ણ છે. '**यत्र ऋषयः प्रथमजाः पुराणाः**' આ શ્રુતિમાં કહ્યા મુજબ તે પ્રથમ અને પુરાણો (બહુ જુના) અનાદિમુક્તો તરીકે કહ્યા છે. એમને જ **નિત્યમુક્ત** સંજ્ઞાથી કહે છે. હરિની ઇચ્છાથી નિત્યમુક્તપણે રહેલા તેઓ સદા અકુંઠિત બોધવાળા વર્તે છે. તેમનો બોધ ક્યારેય કુંઠિત થતો નથી. પોતાના પરિચાર કાર્યમાં ભગવાને નિયોજેલા તેઓ ભગવાન જ એક ભોગ જેમને છે એવા થકા તેમને સદા ઉપાસે છે. આવા નિત્યમુક્તોને બધી બાબતનું અખંડિત જ્ઞાન, ભગવાનથકી અન્ય સર્વમાં વૈરાગ્ય અને સર્વાધિક વિભૂતિ અને શ્રીહરિની પ્રસન્નતાવાળી દાસવૃત્તિરૂપ ધર્મ, આ ચાર બાબતો આ નિત્યમુકતોને નિત્ય વર્તે છે ॥ ૫૩–૫૫ ॥

नित्यानां मुक्तानां बृहत्त्वतो ज्ञानशक्तितोऽनवधेः ।
ब्रह्मेत्याख्या प्रोक्ता ब्राह्मगुणानां तथोद्भवाच्चैव ॥ ५६ ॥

ब्रह्मात्मनां समस्ति ज्ञानानन्दादितो हरेः साम्यम् ।
शेषत्वपारतन्त्र्यनियाम्यत्वादिस्त्वथापि नियतोऽस्ति ॥ ५७ ॥

स्वामित्वं स्वातन्त्र्यं चात्मत्वं विश्रुतं हरौ नियतम् ।
स्वत्वं परतन्त्रत्वं शरीरता चापि नित्यमुक्तानाम् ॥ ५८ ॥

આ નિત્ય મુક્તોને જ્ઞાન શક્તિથી અનવધિ બૃહત્ત્વ (મોટાપણું) તેમજ બ્રહ્મસંબંધિ ગુણોનો આવિર્ભાવ છે, આ બે કારણથી તેમની **બ્રહ્મ** એવી આખ્યા (નામ) સાર્થક વર્તે છે. શુદ્ધ આત્મસ્વરૂપને તેમજ પરમાત્માને **બ્રહ્મ** શબ્દથી નિરૂપાય છે. એનામાં આત્મા તથા પરમાત્માના ગુણોનો અવિર્ભાવ થાય છે. આ અષ્ટ ગુણો '**अपहतपाप्मा... सत्यकामः सत्यसङ्कल्पः**' આ શ્રુતિમાં નિરૂપ્યા છે ॥ બ્રહ્માત્માઓને જ્ઞાન આનંદાદિ ગુણોએ કરીને ભગવાનની સાથે સામ્ય છે. '**निरञ्जनः परमं साम्यमुपैति**' એ શ્રુતિનું આમાં અનુસંધાન છે. એમ છતાં પણ તેઓમાં પરમાત્માની અપેક્ષાએ શેષપણું પરતંત્રપણું અને નિયામ્યપણું વિગેરે નિયત છે. અને પરમાત્મામાં સ્વામિપણું, સ્વતંત્રપણું અને સર્વાત્માપણું વિગેરે મુખ્ય ગુણો જે શ્રુતિ-સ્મૃતિ સિદ્ધ છે તે કાયમ રહે છે. તેમજ નિત્યમુકતોમાં પરમાત્માની અપેક્ષાએ સ્વત્વ, પરતંત્રત્વ અને શરીરત્વ વિગેરે ધર્મોપણ કાયમ રહે છે, એટલે એ બન્ને વચ્ચે સ્વામિ-સેવકભાવ સ્થિર રહે છે. આ અર્થ '**स्वत्वमात्मनि सञ्जातं स्वामित्वं ब्रह्मणि स्थितम्**' '**आत्मदास्यं हरेः स्वाम्यं स्वभावं च सदा स्मर**' '**दासभूताः स्वतः सर्वे ह्यात्मानः परमात्मनः**' '**पारतन्त्र्यं परे पुंसि**' '**यस्यात्मा शरीरं**' ઈત્યાદિ શ્રુતિ-સ્મૃતિમાં સ્ફુટપણે વર્ણવ્યો છે ॥ ૫૬-૫૮ ॥

तद्देहाद्यतिरिक्तं निजं स्वरूपं विभाव्य सुधिया तु ।
ब्रह्मात्मकं, परं तद् ब्रह्मोपास्यं विदुर्हरिं कृष्णम् ॥ ५९ ॥

पृथगेव तु देहादेरात्मानं स्वात्मनः परं कृष्णम् ।
ज्ञात्वोपास्ते यो, हरिस्तस्मै तुष्टो ददाति परां मुक्तिम् ॥६०॥

આવી સ્થિતિ હોવાથી પોતાના આત્મસ્વરૂપને સુબુદ્ધિ વડે દેહાદિક થકી વિલક્ષણ બ્રહ્માત્મકપણે ભાવના કરીને તે પરંબ્રહ્મ શ્રીહરિકૃષ્ણને જ એક ઉપાસ્યપણે માનેલા છે. જે જનો આત્માને દેહાદિકથી પૃથક્ સમજીને તથા આત્મા થકી પર ભગવાનને જાણીને ઉપાસે છે તેની ઉપર ભગવાન્ પ્રસન્ન થઈને **પર** મુક્તિને આપે છે. આ અર્થ '**निजात्मानं ब्रह्मरूपं**

देहत्रयविलक्षणम्। विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा' આ વચનના અનુસંધાનથી છે ॥ ૫૯-૬૦ ॥

अहमेव परंब्रह्मेत्येवं जानन्ति ये श्रुतेर्हार्दम् ।
अज्ञत्वान्न च मुक्तिं प्राप्नुयुरेते विपर्ययज्ञानात् । ॥६१॥
मुक्तादीनां रूपस्थानादिविचित्रविविधपरिणामि ।
दिव्यं चाक्षरमुक्तं जुष्टं ब्रह्मात्मभिर्हरेर्धाम ॥ ६२ ॥

જે મૂઢો, 'હુંજ પરંબ્રહ્મ છું' એમ શ્રુતિના હાર્દને જાણે છે તે અજ્ઞાનિઓ વિપરીત જ્ઞાનને લીધે મુક્તિને પામતા નથી. સંસારમાં ભટકયા કરે છે. મુક્તો આદિક માટે ભોગ્ય, ભોગોપકરણ, ભોગસ્થાનાદિ બહુ વિચિત્ર વિવિધ પ્રકારે પરિણામ પામી રહેલું જે શ્રીહરિનું અક્ષર ધામ કહ્યું છે તે બ્રહ્મભાવને પામેલા મુક્તોથી સદા સેવાયેલું છે. તેઓની પુનરાવૃત્તિનમી ॥ ૬૧-૬૨ ॥

विवेकं तु पदार्थानामित्थं शास्त्रानुसारतः ।
बुद्ध्वा हरिं सेवमानस्तत्पदं याति शाश्वतम् ॥ ६३ ॥

હે મુનિઓ ! જે વિવેકી જનો, ઉપર કહ્યા પ્રમાણે દ્રવ્ય-અદ્રવ્ય પદાર્થોને શાસ્ત્રાનુસારે સમજીને ભગવાન્ શ્રીહરિને સેવે છે તે તેમના શાશ્વત (નિત્ય) પદને પામે છે. ॥ ૬૩ ॥

माया-काल-पुमांसः प्रभवः स्वे स्वे यदीक्षया कृत्ये ।
ब्रह्मात्मभिर्निषेव्यं त्वक्षरधामाधिपं भजामस्तम् ॥ ६४ ॥

इति श्रीमदाध्यात्मिकतत्त्वाख्याने मुनिगण-शतानन्दस्वामिसंवादे ज्ञाननिरूपणे पदार्थविवेकनिरूपणं नाम पञ्चदशोऽध्यायः ॥ १५ ॥

માયા, કાળ, પુરુષ આદિક સર્વ કોઈ, પોતપોતાના નિયત કર્મમાં **'तदैक्षत'** આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે જેના ઈક્ષણ (સંકલ્પરૂપ)થી સમર્થ થાય છે. બ્રહ્મરૂપ મુક્તોએ પણ સદા સેવવા યોગ્ય એવા બ્રહ્મધામાધિપતિ શ્રીહરિકૃષ્ણને અમો ભજીએ છીએ ॥ ૬૪ ॥

ઇતિશ્રી...શાસ્ત્રી હરિજીવનદાસકૃત ગુર્જરાનુવાદે પંચદશોઽધ્યાયઃ ॥ ૧૫ ॥

षोडशोऽध्यायः ।

मुनिरुवाच—

पदार्थानां विवेकोऽयं भवता परिकीर्तितः ।
सच्छास्त्रसिद्धो मोहघ्नः सद्गुरो ! मुनिसत्तम ! ॥ १ ॥

મુનિઓ કહે છે—હે મુનિવર્ય સદ્ગુરો ! તમોએ સચ્છાસ્ત્રોના સિદ્ધાંતને અનુસારે મોહને નિવારતો દ્રવ્ય–અદ્રવ્ય પદાર્થોનો જે આ વિવેક કહ્યો છે તે અમોએ જાણ્યો ॥ ૧ ॥

क्वचिदेकं तत्त्वमुक्तं क्वचिद् द्वैतं तथैव च ।
क्वचित्त्रिकं पञ्चकं च क्वचित् षट्कं च सप्तकम् ॥ २ ॥

क्वचित् षोडशधा तत्त्वं पञ्चविंशतिधा क्वचित् ।
क्वचित् षड्विंशतिश्चैव सप्तविंशतिरेव च ॥ ३ ॥

एवं नानाविधा सङ्ख्या तत्त्वानां कथिता बुधैः ।
एतत्तत्त्वं कथं ज्ञेयं तदाचक्ष्व महामुने ! ॥ ४ ॥

કોઈ પ્રબન્ધમાં એક, તો કોઈમાં બે, તો કોઈમાં ત્રણ, તો કોઈમાં પાંચ, તો કોઈમાં છ, તો કોઈમાં સાત, તો કોઈમાં સોળ, તો કોઈમાં પચીશ, તો કોઈમાં છવીશ, તો કોઈમાં સત્તાવીશ, એમ તત્ત્વોની સંખ્યા નાનાવિધ વિદ્વજ્જનોએ કહી છે. એમાં ખરું તત્ત્વ કેવી રીતે સમજવું ? તે હે મહામુને ! અમો જીજ્ઞાસુઓને કહેવાને યોગ્ય છો ॥ ૨–૪ ॥

शतानन्दमुनिरुवाच—

गुण–प्रधानभावेन पदार्थानां व्यवस्थितेः ।
प्रोक्ता सङ्ख्या पदार्थेषु तत्त्वविद्भिस्तथा तथा ॥ ५ ॥

अन्तर्भाव–बहिर्भावविवक्षातः पृथक् पृथक् ।
तत्त्वानां गणनं प्रोक्तं युक्तिमत् सर्वमेव च ॥ ६ ॥

ગૌણ અને પ્રધાન ભાવથી પદાર્થોની વ્યવસ્થા રહેલી હોવાથી તત્ત્વજ્ઞોએ પદાર્થોની સંખ્યા તેમ તેમ કહી છે. કોઈનો અંતર્ભાવ તો કોઈનો બહિર્ભાવ કહેવાની ઇચ્છાથી તત્ત્વોની ગણના અલગ અલગ કરી છે, એ વિવિધ પક્ષોમાં કોઈની કોઈ યુક્તિઓ રહેલી હોવાથી બધું જ યોગ્ય છે. કોઈનું કહેવું ખોટું નથી ॥ ૫–૬ ॥

अद्रव्यान्यविवक्षित्वा द्रव्यान्तर्भावतः पृथक् ।
द्रव्यमेव पदार्थं तु तत्त्वमेकं प्रचक्षते ॥ ७ ॥

અદ્રવ્યોનો દ્રવ્યોમાં અંતર્ભાવ માનીને, તે અદ્રવ્યોને અલગ કહેવાની ઇચ્છાને નહિ રાખીને એક દ્રવ્યને જ તત્ત્વ પદાર્થ તરીકે કોઈ તત્ત્વજ્ઞો કહે છે. દ્રવ્યોને આશ્રયે રહેલાં હોવાથી અદ્રવ્યોનો અંતર્ભાવ માનીને દ્રવ્યને જ પ્રધાન માને છે. આ દૃષ્ટિએ એક તત્ત્વને કહે છે ॥૭॥

स्वतन्त्रं परतन्त्रं च द्वेधा तत्त्वमथाऽपरे ।
स्वतन्त्रो भगवानेको विष्णुर्नारायणो हरिः ॥ ८ ॥
तदन्यत्परतन्त्रं तु सर्वं स्थावरजङ्गमम् ।
तत्त्वं द्विविधमन्ये तु चिदचिच्चेति मन्वते ॥ ९ ॥

બીજા કોઈ તત્ત્વજ્ઞો, સ્વતંત્ર અને પરતંત્ર, એમ બે પ્રકારના તત્ત્વને કહે છે. સ્વતંત્ર તો '**तत्त्वमेको महायोगी हरिर्नारायणः परः**' આમાં કહ્યા પ્રમાણે ભગવાન્ વિષ્ણુ નારાયણ શ્રીહરિજ એક છે એમ કહે છે એક ભગવાનને જ પ્રધાન તત્ત્વ માનીને બીજાઓને અપ્રધાન કહે છે. સ્વતંત્ર વિષ્ણુ નારાયણ થકી બીજા સ્થાવર જંગમ સર્વેને '**पारतन्त्र्यं परे पुंसि**' એમાં કહ્યા મુજબ પરતંત્રપણે કહે છે. આ અર્થ '**जीवानां पारतन्त्र्यं च स्वतन्त्रत्वं परात्मनः** (इ. वा सु) '**एवं हि मातः सर्वेऽपि परतन्त्रा भवन्ति हि । कृष्ण एक स्वतन्त्रोऽस्ति सर्वेभ्यस्ततस्तु सः**' (સ. જી.) આ વચનોમાં વ્યક્ત છે ॥ બીજા કોઈ તત્ત્વજ્ઞો તો ચિત્ અને અચિત્ એમ બે તત્ત્વોને કહે છે ॥ ૮–૯ ॥

अचिज्जडमिति प्रोक्तं न स्वतो भाति यत्पुनः ।
अजडं चिदिति प्रोक्तं स्वप्रकाशं तु निर्मलम् ॥ १० ॥

यद्वा चिच्चेतनः प्रोक्तो ज्ञानाधारो मनीषिभिः ।
यज्ज्ञानरहितं वस्तु प्रोच्यतेऽचित्तु तत्पुनः ॥ ११ ॥
चेतनो द्विविधः प्रोक्तः परमात्मा तथाऽपरः ।
अनन्ता अवरात्मानः परमात्मैक एव तु ॥ १२ ॥

ચિત્ અચિત્ બે તત્ત્વો કહ્યાં તેમાં જે અચિત્ છે તેને **જડ** કહે છે. કેમકે તે 'હું' એમ સ્વયં પ્રકાશતું નથી. જે ચિત્ છે તેને **અજડ** કહે છે, કેમકે તે નિર્મળ હોઈને 'હું' એમ સ્વયં પ્રકાશે છે ।। જે 'હું' એમ ન વ્યવહરે તે અચિત્ અને જે 'હું' એમ વ્યવહરે તે ચિત્, એવું ટૂંકામાં લક્ષણ છે. અથવા-ચિત્ એટલે ચેતન કહ્યો છે. કેમકે તે જ્ઞાનનો આધાર છે. જે જ્ઞાને રહિત વસ્તુ છે તેને તો અચિત્ કહે છે ।। તેમાં જે ચેતન છે તે બે પ્રકારનો તત્ત્વજ્ઞોએ માન્યો છે. એક પરમાત્મા અને બીજો જીવાત્મા. તેમાં જે પરમાત્મા છે તે તો '**एकमेवाद्वितीयं**' આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે એક જ છે. અને જીવાત્મા છે તેતો અનંત (અસંખ્યાત) છે. આ અર્થ, '**नित्यो नित्यानां श्चेतनश्चेतनानामेको बहूनां**' આ શ્રુતિમાં સ્પષ્ટ છે ।। ૧૧-૧૨ ।।

प्रत्यक्त्वं चाप्यहंत्वं च सममात्मपरात्मनोः ।
पराक्त्वं चानहंत्वं च ज्ञानशून्ये व्यवस्थितम् ॥ १३ ॥
आत्मा परात्माऽपि तथा स्वप्रकाश उदीर्यते ।
स्वप्रकाशमनात्मापि ज्ञानं धामाऽक्षरं तथा ॥ १४ ॥

પ્રત્યક્પણું અને અહંપણું એ બે તો આત્મા-પરમાત્માને તુલ્ય છે બન્ને પ્રત્યક્ છે અને સ્વસ્વરૂપને '**एकोऽहं**' '**ब्रह्माहं**' એમ હું શબ્દથી વ્યવહરે છે. જે પરાક્પણું અને અનહંપણું તે તો જે જ્ઞાનશૂન્ય છે તેમાં વ્યવસ્થિત છે. આત્મા અને પરમાત્માને પણ સ્વયંપ્રકાશપણે કહેવામાં આવ્યા છે. ધર્મભૂત જ્ઞાન અને નિવાસસ્થાનભૂત અક્ષર, આ બન્ને અનાત્મા છે, (અહંમર્થ આત્મા નથી) છતાં તે બન્નેને સ્વયં પ્રકાશપણે માન્યા છે. તાત્પર્ય એ છે કે પોતાને પોતાની મેળે જ (અન્યની અપેક્ષા રાખ્યા વિના) પ્રકાશે તેને **પ્રત્યક્** કહે છે. એ જ સ્વયં-

પ્રકાશપણું માન્યું છે લોકમાં સર્વ કોઈ પદાર્થોનો વ્યવહાર થાય છે તેમાં જ્ઞાનગોચરપણું અપેક્ષિત છે. જે કોઈ ઘટ પટ આદિક પદાર્થો છે તે જો જ્ઞાનમાં ગોચર ન થાય તો તેનો વ્યવહાર થતો નથી એ જાણીતી વાત છે. પરંતુ જ્યારે જ્ઞાનમાં વિષય થાય છે ત્યારે જ 'આ ઘટ છે' એવો વ્યવહાર થાય છે. માટે ઘટાદિકનો વ્યવહાર કદાચિત્ થાય છે. એટલે આ સર્વેતો પર જે જ્ઞાન તેને અધીન વ્યવહારવાળા માન્યા છે, જે જ્ઞાન સુખ આદિક છે તે તેના જેવા નથી, પરંતુ જ્યારે જ્ઞાન કે સુખ થાય ત્યારે તત્ક્ષણ વ્યવહારમાં આવે છે. કોઈ પણ જીવ, જ્ઞાન કે સુખ થતાં ઘટાદિકની પેઠે સંશય કરતો નથી. જ્ઞાન થયું કે સુખ થયું તેને 'હું જાણું છું', હું સુખી છું" એમ વ્યવહાર કર્યેજ રહે છે. આ વ્યવહાર ગોચરતાના સંપાદન માટે જ્ઞાનગોચરતા નિરૂપણ કરવી પડતી નથી. તેમજ બીજા જ્ઞાનની અપેક્ષા પણ પડતી નથી. માટે 'હું ઘટને જાણું છું" એ જ્ઞાનમાં જેમ ઘટ વિષય થાય છે તેમ પોતે જ્ઞાનપણ વિષય થાય છે. આનું નામજ સ્વયંપ્રકાશપણું છે. એવું ન હોય તે અસ્વયંપ્રકાશ કહેવાય. વ્યવહારની અનુગુણતા (યોગ્યતા) ને પ્રકાશ કહે છે. આવું સ્વયંપ્રકાશરૂપ પ્રત્યક્પણું તે આત્મા-પરમાત્માનુંજ કહી શકાય, બીજા કોઈનું નહિ. ધર્મભૂત જ્ઞાન અને સ્થાનરૂપ અક્ષર ધામ એ બન્ને અહમર્થ આત્મા નથી. (પોતાનો વ્યવહાર હું શબ્દથી કરી શકતા નથી) તથાપિ તે સ્વયંપ્રકાશ તરીકે માન્યું છે. ધર્મભૂત જ્ઞાનનું લક્ષણ 'પરાક્ હોઈને અજડ હોય' એમ કર્યું છે. એટલે તે સ્વયંપ્રકાશ હોવા છતાં તેનો જે પ્રકાશ (વ્યવહાર) તે પર જે અહમર્થ આત્મા તેને થતો હોવાથી તેને **પરાક્** કહે છે, પરને ભાસે તે પરાક્ કહેવાય. ધર્મભૂત જ્ઞાનનું જે સ્વયંપ્રકાશપણું તે વિષય પ્રકાશ સમયે પોતાનો આશ્રય જે અહમર્થ આત્મા તેને સ્વયં પ્રકાશે છે, અહમર્થ આત્મા અને ધર્મભૂત જ્ઞાનના સ્વયંપ્રકાશપણામાં આવો ભેદ સમજવો. 'હું જાણુ છુ" એવો વ્યવહાર સાર્વજનિક થાય છે, તે અહમર્થ આત્માનો છે. તેમાં તેને બીજા કોઈની જરૂર પડતી નથી એ જાણીતી વાત છે. સદા સ્વયંપ્રકાશ હોવાથી આત્મામાં કદાપિ 'હું છું કે નહિ' એવો સંદેહ ઉપજતો નથી. જે અહમર્થ આત્મા છે તે પ્રત્યક્પણે અનુકૂળપણે અને એકપણે સ્વયં પ્રકાશે છે, માટેજ સ્વાત્મામાં એક અનેકનો સંદેહ કે 'હું અનહં છું" એવો પણ સંદેહ કદાપિ ઉપજતો નથી. આત્માનો જ્યારે જ્યારે વ્યવહાર થાય ત્યારે 'હું' એમજ પ્રકાશે છે. કેમકે તે પ્રત્યક્ છે.

'આ પ્રત્યક્ છે આ પરાક્ છે' એવો તત્ત્વવિવેક કરવામાં અહંબુદ્ધિશબ્દ અને ઇદં (આ) બુદ્ધિશબ્દ ઉપયોગી છે. જે 'હું' એમ વ્યવહરે તે પ્રત્યક્ અને જે 'હું' એમ ન વ્યવહરે તે પરાક્ સમજવું. આત્મા 'હું એમ વ્યવહરે છે માટે તે પ્રત્યક્ અને ઘટાદિક પદાર્થો 'હું' એમ વ્યવહરતા નથી માટે તે પરાક્ કહેવાય, એ એનું ખરૂં લક્ષણ છે. ધર્મભૂત જ્ઞાન અને સ્થાનરૂપ અક્ષર તે પોતાના સ્વરૂપને હું શબ્દથી વ્યવહાર કરી શકતા નથી માટે તે પણ **પરાક્** કહેવાય. પર જે આત્મા તેને માટે પ્રકાશે છે 'હું ઘટને જાણું છું' આ જે ઘટ પટાદિક વિષયોના સંબંધવાળું જ્ઞાન છે તે તો અહમર્થના ધર્મપણે જણાય છે માટે તે આત્મા ન કહેવાય. પરંતુ સવિષય જ્ઞાનનો આશ્રય જે અહમર્થ એજ ધર્મીપણે જણાતો આત્મા કહેવાય. જે અહમર્થ એજ આત્મા છે. એ તો પોતાને પોતાની મેળે પ્રકાશે છે. 'જ્ઞાતા હું છું' એમ સદાય જણાય છે, 'મને નિરતિશય સુખ થશે' એમ મોક્ષની ઇચ્છા થાય છે, '**अहमन्नमहमन्नं**' ઇત્યાદિ વૈદિક મુક્તવચનો વર્તે છે. '**हन्ताहमिमास्तिस्त्रो देवताः**' '**एकोऽहं बहु स्यां**' '**यस्मात्क्षरमतीतोऽहं**' ઇત્યાદિ પરમેશ્વર વચનો વૈદિક છે. '**अहंमनुरभवं**' ઇત્યાદિ વૈદિક મુમુક્ષુ વચનો છે, '**सुप्तोऽहं**' એવું સૂઈને ઉઠેલાનું વચન છે. 'મેં પૂર્વદિને આ જોયું હતું' એવી સૂતાં પહેલાંની પોતાની ક્રિયાનું સ્મરણ થાય છે, માટે અહમર્થ આત્મા સ્થિર છે. આવું અહમર્થપણું અને પ્રત્યક્પણું, આત્મા, પરમાત્મા બન્નેનું તુલ્ય છે. બન્ને પ્રત્યક્ અને અહમર્થ છે ॥ ૧૩-૧૪ ॥

अस्वप्रकाशौ कथितौ मायाकालावचेतनौ ।
अवान्तरविभेदास्तु प्रोक्ताश्चिदचितोरिति ॥ १५ ॥

માયા તથા કાળ, આ બન્ને અચેતન હોઈને અસ્વપ્રકાશ છે. એમ મળીને છ દ્રવ્યો કહ્યાં છે. ચિત્ અચિત્ના અવાંતર વિભાગો આ રીતે કહ્યા છે ॥ ૧૫ ॥

सत्येवावान्तरे भेदे त्वसङ्ख्याते मनीषिभिः ।
प्राधान्यतो द्विधा तत्त्वं चिदचिच्चेति कीर्त्यते ॥ १६ ॥
चिदचिच्चेश्वरश्चेति त्रेधा तत्त्वं तथा परे ।
ईश्वरः परमात्मा तु हरिरेको महेश्वरः ॥ १७ ॥

ईश्वरत्वं हरावेव मुख्यत्वेन समन्वितम् ।
अन्येषां तत्प्रसादाद्धि कादाचित्कं तदा तदा ॥ १८ ॥

અવાંતર ભેદો તો અસંખ્યાત હોવા છતાં, તત્ત્વજ્ઞાનીઓ પ્રધાનપણે ચિત્ અને અચિત્ એમ બે પ્રકારનાં તત્ત્વો કહે છે. બીજાં બધાંનો આ બેમાં સમાવેશ છે ॥ બીજા કોઈ તો **ચિત્ અચિત્** અને **પરમેશ્વર** એમ ત્રણ પ્રકારનાં તત્ત્વોને વિજ્ઞેય કહે છે. '**भोक्ता भोग्यं प्रेरितारं च मत्त्वा सर्वं प्रोक्तं त्रिविधं ब्रह्ममेतत्**' '**स कारणं करणाधिपाधिपः**' '**प्रधानक्षेत्रज्ञपतिर्गुणेशः**' '**भूमिरापोऽनलो वायुः**' '**अपरेयमितस्त्वन्यां...जीवभूतां**' '**यस्मात्क्षरमतीतोऽहं**' ઇત્યાદિ શ્રુતિ સ્મૃતિ વચનોનું અનુસંધાન છે. **ઈશ્વર** શબ્દથી કહેલા પરમાત્માતો '**तमीश्वराणां परमं महेश्वरम्**' આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે મહેશ્વર શ્રીહરિ એક જ છે. **ચિત્** શબ્દથી જીવો જાણવા અચિત્ શબ્દથી માયા જાણવી ॥ સર્વ નિયંતારૂપ ઈશ્વરપણું તો એક ભગવાન્ શ્રીહરિને વિષે જ મુખ્યપણે સમન્વિત ઘટિત છે. બીજાઓમાં તો તેમના પ્રસાદ થકી પ્રાપ્ત થએલું કાદાચિત્ક અને અલ્પસ્ય તે તે સમયે વર્તે છે. ખરી રીતે અને સદાકાળ નહિ ॥ ૧૭-૧૮ ॥

समाने वर्तमानेऽपि चित्त्वे जीवपरात्मनोः ।
प्राधान्यतः पृथक् प्रोक्तश्चिद्भ्यः सर्वेश्वरो हरिः ॥ १९ ॥
द्रव्यत्वादेः समानत्वेऽप्यबादेः पृथिवीभिदा ।
यथा तथा समे चित्त्वे जीवभेदः परात्मनः ॥ २० ॥
जीवेभ्यो विसजातीयः परमात्मा विभुः श्रुतः ।
स्वतन्त्रः सत्यसङ्कल्पः सर्वज्ञश्च सदा स्वतः ॥ २१ ॥

જીવાત્મા પરમાત્મા બન્નેમાં ચિદ્રૂપપણું સમાનપણે વર્તે છે. બન્નેને ચિદ્રૂપપણે શ્રુતિ-સ્મૃતિમાં વર્ણવ્યા છે. પરંતુ ચિદ્રૂપ જીવાત્માઓ થકી સર્વેશ્વર શ્રીહરિ પરમાત્માનું પ્રધાનપણું માનીને જુદા કહ્યા છે. જેમ જળ આદિકમાં દ્રવ્યત્વ વિગેરે સમાન છે. (સર્વેને દ્રવ્ય કહે છે) તથાપિ જળથી પૃથ્વી ભિન્ન માની છે તેમ જ ચિદ્રૂપપણું આત્મા પરમાત્માનું સમાન હોવા છતાં પરમાત્મા થકી જીવો જુદા છે. જીવો થકી સ્વરૂપ-સ્વભાવે કરીને વિલક્ષણ એવા પરમાત્માને '**महान्तं विभुमात्मानं**' ઇત્યાદિ

શ્રુતિઓમાં વિભુપણે વર્ણવ્યા છે. જે તમામ તત્ત્વોમાં સ્વરૂપાદિ સર્વ પ્રકારે વ્યાપીને રહે તેને વિભુ કહે છે. જીવોનું સ્વરૂપતો '**एषोऽणुरात्मा**' એમ અણુપરિમાણ વર્ણવ્યું છે. સ્વરૂપથી જ મહાન્ ભેદ છે. પરમાત્મા તો સદા સ્વતઃ સ્વતંત્ર; સત્યસંકલ્પ અને સર્વજ્ઞ છે. એમ ગુણોથી મહાન્ છે ॥ ૧૯-૨૧ ॥

यद्ययं जीवजातीयो नार्थोऽनेनास्ति कश्चन ।
प्रधानपुम्भिरेव स्याल्लोकयात्रा तथा सति ॥ २२ ॥

जीवेष्वेवातिशयितज्ञानशक्त्यादिकः पुमान् ।
ईश्वरः कश्चनेत्याहुः केचित्तन्न श्रुतेर्मतम् ॥ २३ ॥

જો ઇશ્વર, જીવ જાતિની અંદરના જ હોય તો તેનાથી કશો જ અર્થ સરતો નથી. એવાનું કાંઈ પ્રયોજન નથી. લોકયાત્રા સાધવાની છે તે તો પ્રધાન પુરુષથી પણ સાધી શકાય છે. એને માટે એવા ઈશ્વરને માનવાની કશી જરૂર નથી. જીવોમાંનો કોઈ સર્વાતિશાયી જ્ઞાન શક્તિવાળો પુરુષ છે એ જ ઇશ્વર છે એમ કેટલાક માને છે, પણ તે શ્રુતિનો મત નથી. શ્રુતિઓનો મત તો સર્વથકી વિલક્ષણ સર્વજ્ઞ સર્વશક્તિ પરમાત્માને માનવાનો છે ॥ ૨૨-૨૩ ॥

आधारत्वनियन्तृत्वशेषित्वप्रमुखैर्गुणैः ।
जीवेभ्यस्त्रिविधेभ्यश्च पृथगेवेश्वरः श्रुतः ॥ २४ ॥

स्वतो निरस्तनिखिलहेयः शुभगुणाकरः ।
पतिर्विश्वस्य विश्वात्मा भगवान् पुरुषोत्तमः ॥ २५ ॥

શ્રુતિઓમાં તો સર્વાધારપણું, સર્વનિયતાપણું, સર્વશેષિપણું, સર્વ વ્યાપકપણું વિગેરે ગુણોએ કરીને, બદ્ધ, મુક્ત, નિત્યમુક્ત, આ ત્રણ પ્રકારના જીવો થકી પરમેશ્વર તો અત્યંત પૃથક્ છે એમ વર્ણવ્યા છે. સ્વતઃ માયાના સમસ્ત હેય ગુણોએ રહિત અને સ્વતઃ જ્ઞાનાદિ સમગ્ર શુભ ગુણોના નિધિપણે વર્ણવ્યા છે. વિશ્વના પતિ અને વિશ્વના આત્મા અને જ્ઞાનાદિ છ ગુણોએ સંપન્ન હોવાથી ભગવાન્ અને ક્ષર અક્ષર થકી સ્વરૂપ સ્વભાવાદિ સર્વ પ્રકારે ઉત્તમ હોવાથી પુરુષોત્તમપણે વર્ણવ્યા છે.

આ અર્થનું અનુસંધાન 'पृथगात्मानं प्रेरितारं च मत्वा' 'समस्तहेयरहितं' 'समस्तकल्याणगुणात्मकोऽसौ' 'पतिं विश्वस्य आत्मेश्वरं' 'ज्ञानशक्तिबलैश्वर्यवीर्यतेजांस्यशेषतः। भगवच्छब्दवाच्यानि विना हेयैर्गुणादिभिः' 'यस्मात्क्षरमतीतोऽहं...अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः' ઇત્યાદિ શ્રુતિ-સ્મૃતિમાં છે ॥ ૨૪-૨૫ ॥

इदमेव त्रिधा तत्त्वं शिक्षापत्र्यां समादिशत् ।
गुरुरूपधरः स्वामी सहजानन्द ईश्वरः ॥ २६ ॥
जीवो मायेश्वरश्चेति विज्ञेयं तु मुमुक्षुभिः ।
कालो मतिर्निभ्यभूतिरित्येतत्त्रितयं पुनः ॥ २७ ॥
मायायां जीव ईशे च विशेषणतया मतम् ।
पृथक् विवक्षितं नैव त्वन्तर्भावविवक्षया ॥ २८ ॥

આ ઉપરોકત ત્રણ તત્ત્વો, શિક્ષાપત્રીમાં ગુરુરૂપધારી સર્વેશ્વર સહજાનંદ સ્વામીએ ઉપદેશ્યાં છે ॥ 'ज्ञानं च जीवमायेशरूपाणां सुष्ठु वेदनम्' આ રીતે જીવ માયા અને એ સર્વેના ઇશ્વરને મુમુક્ષુઓએ રૂડી રીતે જાણવા એમ કહ્યું છે. આ ઉપરાંત કાળ, ધર્મભૂત જ્ઞાન અને નિત્યવિભૂતિ (અક્ષરધામાદિ) આ ત્રણ તત્ત્વો કહ્યાં છે. તેતો માયા, જીવ, ઇશ્વરમાં વિશેષણપણે માન્યાં છે. તેમનો તો અંતર્ભાવ કહેવાની ઇચ્છાથી જુદાં તત્ત્વો તરીકે કહેવાની ઇચ્છા રાખી નથી ॥ ૨૬-૨૮ ॥

भोक्ता भोग्यं प्रेरितेति श्वेताश्वतरके श्रुतम् ।
जीवादित्रितयं चेदं शिक्षापत्र्यां प्रकीर्तितम् ॥ २९ ॥

"भोक्ता भोग्यं प्रेरितारं च मत्वा' આ શ્વેતાશ્વતર શ્રુતિમાં ભોકતા-જીવ, ભોગ્ય-માયા, અને પ્રેરિતા ઇશ્વર, આ ત્રણ તત્ત્વો કહ્યાં છે. એજ ત્રણ તત્વો શિક્ષાપત્રીમાં 'ज्ञानं च जीवमायेशरूपाणां सुष्ठु वेदनम् ।' આ વચનથી કહ્યાં છે. આ બાબતમાં રામાનુજાચાર્યના મત સાથે મળતાપણું છે ॥ ૨૯ ॥

अन्तर्भावप्रकारं च कालादीनां वदाम्यहम् ।
असत्त्वशङ्का कालादेस्तन्न कार्या त्वकीर्तनात् ॥ ३० ।

કાળ, ધર્મભૂત જ્ઞાન અને નિત્યવિભૂતિ, આ ત્રણનો જે અંતર્ભાવ પ્રકાર છે તેને હવે હું કહું છું. જેથી કહ્યાં નથી એ ઉપરથી તે તત્ત્વો છે જ નહિ એવી અસત્યપણાની શંકા કરવી નહિ ॥ ૩૦ ॥

कालो हि क्षोभको मायागुणानामीश्वराश्रितः ।
सर्गकाले सम्प्रसक्ते ततः सर्गः प्रवर्तते ॥ ३१ ॥

मायिकानां पदार्थानां कालगत्यनुसारिणः ।
उत्पत्तिस्थितिनाशाश्च ज्ञायन्तेऽक्षागमादिभिः ॥ ३२ ॥

सोऽयं कार्यस्य सर्वस्य निमित्तं मायिकस्य च ।
लवक्षणाद्यात्मकोऽयं भूतादिव्याहृतेः पदम् ॥ ३३ ॥

विशेषणतयाऽर्थस्य शब्दादेर्मायिकस्य च ।
गृह्यतेऽयं क्षणाद्यात्मा न स्वतन्त्रः कदाचन ॥ ३४ ॥

अखण्डः शास्त्रवेद्यश्च शक्तिः प्रोक्तो हरेरयम् ।
मायादिषु प्रकारस्यास्यान्तर्भावो विवक्षितः ॥ ३५ ॥

કાળ એ એક પૃથક્ પદાર્થ છે. આ કાળ, જ્યારે સૃષ્ટિનો સમય પ્રવર્તે છે ત્યારે પરમેશ્વરના અધિષ્ઠાનથી માયાના સત્ત્વાદિ ગુણોને ક્ષોભ (સમ-વિષમ)ને કરનારો થાય છે. તે પછી મહદાદિ સર્ગની પ્રવૃત્તિ થાય છે. માયિક પદાર્થોની જે ઉત્પત્તિ સ્થિતિ અને વિનાશ થાય છે તે કાળની ગતિને અનુસારે થાય છે. આ બાબત પ્રત્યક્ષ તથા અનુમાનાદિ પ્રમાણો વડે જાણવામાં આવે છે ॥ આવો આ કાળ, માયિક સર્વ કાર્યમાં નિમિત્ત થાય છે. લવ, ક્ષણ વિગેરે રૂપથી રહેલો આ કાળ, ભૂતોના તમામ વ્યવહારમાં નિમિત્ત થઈ રહે છે. ક્ષણ, લવ આદિકરૂપ જે કાળ છે તે માયિક શબ્દાદિ અર્થના વિશેષણપણે જ ઇન્દ્રિયો વડે વેદ્ય થાય છે. સ્વતંત્ર-પણે ગ્રહણ કરાતો નથી. શાસ્ત્રવેદ્ય જે આ અખંડ કાળ છે તે ભગવાનની શક્તિ

છે. અપૃથક્‌સિદ્ધ વિશેષણને શક્તિ તરીકે કહે છે. તે શક્તિભૂત (પ્રકાર-ભૂત) એવા આ કાળનો માયા આદિકમાં અંતર્ભાવ કહેવાને ઇચ્છયો છે. માયા જેમ જડ છે તેમ કાળ પણ એક જડ તત્ત્વ છે. તાત્પર્ય એમ છે કે—**'इदमग्र आसीत् तदानीं तम आसीत्'** આ શ્રુતિમાં આવેલા **'अग्र'** **'तदानीं'** આ શબ્દથી કાળને જ કહ્યો હોવાથી સૃષ્ટિ પહેલાં કાળનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. આ બાબત **'अनादिर्भगवान् कालो नान्तोऽस्य द्विज विद्यते'** **'यः कालः पञ्चविंशकः'** ઇત્યાદિ વચન સિદ્ધ છે. **'सदा पश्यन्ति सूरयः'** આ શ્રુતિ ઉપરથી અક્ષર વિભૂતિમાં પણ કાળનો સદ્‌ભાવ સિદ્ધ થાય છે. પરંતુ **'न कालस्तत्र वै प्रभुः'** **'न यद्विभूतेः परिणामहेतुः'** એમાં કહ્યા મુજબ નિત્ય વિભૂતિમાં પરિણામરૂપ કાર્ય કરી શકતો નથી. નિત્ય વિભૂતિમાં વર્તતો હોવાથી તેને ત્રણ ગુણે રહિત અને વિભુપણે માન્યો છે. **'सर्वे निमेषा जज्ञिरे...कला-मुहूर्त-काष्ठा...... सर्वेशः'** આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે નિમેષ-કાષ્ઠા-કલા-મુહૂર્ત-દિવસ-પક્ષ-માસ-ઋતુ-અયન-સંવત્સર આદિક વ્યપદેશમાં હેતુ થાય છે. ક્ષણ લવાદિ પરિણામોએ કરીને આ કાળ, પ્રાકૃત કાર્યોમાં હેતુ હોઈને તેના વિશેષણપણે પ્રત્યક્ષ પણ થાય છે. 'હાલમાં ઘટ છે, હાલ અહીં રક્ત રૂપ છે, હમણાં મધુર રસ છે, હાલમાં સુરભિ ગંધ છે હમણાં આ ઉષ્ણ સ્પર્શ છે, હમણાં શબ્દ મંદ છે, હાલમાં મને સુખ વર્તે છે.' આ રીતે આ કાળ છ ઇન્દ્રિયો વડે જાણવામાં આવે છે. આ બાબત મીમાંસકોએ **'न सोऽस्ति प्रत्ययो लोके यत्र कालो न विद्यते'** એવો કોઈ પ્રત્યય (જ્ઞાન) નથી કે જેમાં કાળનો સદ્‌ભાવ ન હોય. સર્વમાં કાળનો પ્રત્યય આવે છે. તેથી જ બધો વ્યવહાર ચાલે છે. આવો કાળ ભૂત ભવિષ્ય વર્તમાન એવા ભેદથી ત્રણ પ્રકારનો માન્યો છે. નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃત, અને આત્યંતિક, એવા ભેદથી પણ કહેવાય છે. પરમાણું આદિ જેમાં છે અને દ્વિપરાર્ધ અંતે જેમાં છે એમ કાળની ગણના કરી છે ॥ ૩૧-૩૫ ॥

ज्ञानं प्रकारभूतं तु नित्यं जीवपरात्मनोः ।

तदन्तर्भावतश्चेदं न पृथक्त्वेन गण्यते ॥ ३६ ॥

જ્ઞાનસ્વરૂપ આત્મા-પરમાત્માના ધર્મભૂત જે નિત્ય શાસ્ત્રસિદ્ધ જ્ઞાન છે તેનો અંતર્ભાવ તેમનામાં જ માન્યો છે. જેથી તેની

પૃથક્‌પણે ગણના કરી નથી ॥ જ્ઞાનગુણનો તેના આશ્રયભૂત જ્ઞાનસ્વરૂપમાં આત્મો–પરમાત્મામાં અંતર્ભાવ થાય એ સમુચિત છે. બન્ને જ્ઞાનગુણક છે ॥ ૩૬ ॥

अक्षरं च परं धाम लक्षणं परमात्मनः ।
अक्षरैः सेव्यमानस्याऽक्षरस्थस्याक्षरप्रभोः ॥ ३७ ॥

अक्षराधिपतिः साक्षात् श्रीहरिः पुरुषोत्तमः ।
स्वामी नारायणः कृष्णो वासुदेवः परं बृहत् ॥ ३८ ॥

असाधारणलक्ष्मत्वाद्देवदेवस्य तस्य वै ।
न पृथक् गण्यते धामाऽक्षरं तस्य विशेषणम् ॥ ३९ ॥

એક તો પરમાત્માનું લક્ષણ અક્ષર પર ધામ છે, કારણ કે અક્ષર મુક્તોએ સદા સેવન કરાય છે, પોતે અક્ષર ધામમાં અખંડ વિરાજમાન છે અને અક્ષરધામના પ્રભુ છે. અક્ષરાધિપતિ સાક્ષાત્ શ્રીહરિ પુરુષોત્તમ છે, જેમને સ્વામી, નારાયણ, કૃષ્ણ, વાસુદેવ, પરંબ્રહ્મ આદિક સાર્થક નામો વડે શ્રુતિ–સ્મૃતિમાં નિર્દેશ્યા છે ॥ અક્ષરધામ, તે દેવાધિદેવ શ્રીહરિનું લક્ષ્મ (ચિહ્ન) છે ॥ જેથી તેની પૃથક્ ગણના કરવામાં આવી નથી. અક્ષરધામ તો પરમાત્માના એક વિશેષણ તરીકે માન્યું છે. વિશેષ્ય તો પરમાત્મા છે. આ ધામને ગોલોક વૈકુંઠ પરમપદ ચિદાકાશ બ્રહ્મપુર આદિક અનેક નામોથી શ્રુતિ–સ્મૃતિમાં સંવર્ણવ્યું છે ॥ ૩૭–૩૯ ॥

मायादित्रयपक्षोऽयं भवद्भ्यः समुदाहृतः ।
तत्त्वपञ्चकपक्षोऽथ वक्ष्यते वः समासतः ॥ ४० ॥

सत्सङ्गिजीवनादौ यः सम्प्रोक्तो ह्यौद्धवाध्वनि ।
माया जीवेश्वरौ ब्रह्म परंब्रह्मेति पञ्चकम् ॥ ४१ ॥

यथा कणादमुनिना पदार्थाः सप्त कीर्तिताः ।
अक्षपादो मुनिवरः षोडशाऽऽह पदार्थकान् ॥ ४२ ॥

सप्तस्वन्तर्गतानेव प्रस्थानान्यत्वसिद्धये ।
तथा पञ्च विनिर्दिष्टाः सम्प्रदाय इहौद्धवे ॥ ४३ ॥

चिदचिच्चेश्वरश्चेति त्रितयान्तर्गता इमे ।
प्रस्थानभेदज्ञप्त्यै च त्याज्यप्राप्यविविक्तये ॥ ४४ ॥

अन्तर्भावोऽत्र पक्षेऽपि कालादेः पूर्ववन्मतः ।
यथोत्तरं प्रकर्षोऽस्ति जीवादित्रितयेऽत्र च ॥ ४५ ॥

જીવ, માયા અને ઈશ્વર, આ ત્રણ તત્ત્વનો પક્ષ, તમારા પ્રતિ મેં કહ્યો. હવે પાંચ તત્ત્વનો પક્ષ, તમોને સંક્ષેપમાં કહું છું ॥ કે જે આ ઉદ્ધવ સંપ્રદાયમાં સત્સંગિજીવન આદિક ગ્રંથોમાં કહેવામાં આવ્યો છે. માયા, જીવ, ઈશ્વર, બ્રહ્મ, પરંબ્રહ્મ, આ રીતે પાંચ તત્ત્વો કહ્યાં છે ॥ જેમ કાણાદ મુનિએ સાત પદાર્થો કહ્યા છે અને ગૌતમ મુનિવરે સોળ પદાર્થો કહ્યા છે. બન્ને એકજ ન્યાય શાસ્ત્રના પ્રવર્તકો છે. 'પ્રસ્થાન અન્ય છે' એની સિદ્ધિ માટે સાતમાં અંતર્ગત જે સોળ તે જ કહ્યાં છે. એજ રીતે આ ઉદ્ધવ પ્રવર્તિત સંપ્રદાયમાં પાંચ તત્ત્વનો નિર્દેશ કર્યો છે, આતો ચિત્ અચિત્ ઈશ્વર, આ ત્રણમાં અંતર્ગતજ છે. પ્રસ્થાનભેદ જણાવવા માટે અને ત્યાજ્ય-પ્રાપ્યના વિવેચન માટે એમ કહ્યું છે. આ પંચક પક્ષમાં પણ કાળ આદિકનો અંતર્ભાવ પૂર્વની પેઠે માનવો. જીવ, ઈશ્વર, બ્રહ્મ, આ ત્રણ કહ્યા છે તેમાં ઉત્તરોત્તર ઉત્કર્ષ રહ્યો છે, તે હવે હું કહું છું. ॥ ૪૦-૪૫ ॥

जीवेभ्य ईश्वराः श्रेष्ठा ज्ञानैश्वर्यादियोगतः ।
श्रेष्ठं तेभ्योऽक्षरं ब्रह्म मुक्तमात्मस्वरूपकम् ॥ ४६ ॥

कालमायापारवश्यं जीवानां वर्तते सदा ।
जीवानामीश्वराणां च प्रोक्ताऽक्षरविभूतिता ॥ ४७ ॥

જીવોની અપેક્ષાએ ઈશ્વરોનું જ્ઞાન ઐશ્વર્ય આદિક ગુણોના યોગને લીધે શ્રેષ્ઠપણું કહ્યું છે. તેમ જ તે ઈશ્વરોની અપેક્ષાએ અક્ષરબ્રહ્મ કે જે શુદ્ધ આત્મસ્વરૂપભૂત મુક્તવર્ગ છે તેનું શ્રેષ્ઠપણું કહ્યું છે. જે જીવો છે તે

નિરંતર કાળ માયાને વશ વર્તનારા છે. અને જે જીવો તથા ઇશ્વરો છે તેઓ અક્ષરબ્રહ્મની વિભૂતિ તરીકે માન્યા છે ॥ ૪૬-૪૭ ॥

यश्चैष जीवभावोऽयं वर्तते प्रत्यगात्मनाम् ।
कर्ममूलो नैजबोधशक्त्यानन्दोपरोधकः ॥ ४८ ॥

ब्राह्मरूपं यत्तु नैजं ज्ञानानन्दमयं परम् ।
परब्रह्मोपासनातः तदेव प्राप्यमक्षरम् ॥ ४९ ॥

વસ્તુતઃ સ્વયંપ્રકાશ શુદ્ધ આત્માઓનો જે આ જીવભાવ વર્તે છે તે કર્મમૂળક છે, કર્મોને લીધે જીવભાવ આવ્યો છે. એ કર્મકારણેજ સ્વાભાવિક જે જ્ઞાન, શક્તિ, આનંદ, આદિક ગુણો હતા તેનો ઉપરોધ થયો છે, રોકાઈ ગયા છે. યથાસ્થિત પ્રકાશમાં આવતા નથી. પોતાનું જે સ્વાભાવિક બ્રાહ્મરૂપ છે તેતો જ્ઞાનાનંદમય પર (વિલક્ષણ) છે. પરાત્પર પરબ્રહ્મની ઉપાસના કરીને એજ અક્ષરબ્રહ્મ (મુક્તરૂપ)ની પ્રાપ્તિ સાધવાની છે. આ અર્થ, **परंज्योतिरूपसम्पद्य स्वेन रूपेणाभिनिष्पद्यते 'ब्राह्मेणतु' मिनिः'** આ શ્રુતિ-સૂત્રમાં વર્ણવ્યો છે. આ રીતે જીવોની અપેક્ષાએ ઇશ્વરોની અને ઇશ્વરોની અપેક્ષાએ અક્ષર મુક્તોની શ્રેષ્ઠતા સમર્થી છે ॥ ૪૮-૪૯ ॥

जीवात्मनां गतिभिदामिति शास्त्रदृष्टां ज्ञात्वा पुनर्जनिमृतिप्रदकर्मजातम् ।
ऐश्वर्यसाधकमपि प्रविमुच्य धीरो नैजस्वरूपपरिसिद्धिकृतादरः स्यात् ॥ ५० ॥

माया त्याज्या मायिकं यत्प्रसक्तं भोगैश्वर्यं तच्च सर्वं क्षरं नु ।
नैजं ब्राह्मं रूपमीप्सुर्विवेकी ध्यायेन्नित्यं श्रीहरिं पूर्णकामम् ॥५१॥

ઉપર પ્રમાણે જીવાત્માઓની શાસ્ત્રોમાં વિચારેલી ભિન્નભિન્ન ગતિને જાણીને, તેમજ વારે વારે જન્મ મરણને આપનારાં સમગ્ર કર્મો છે એમ પણ જાણીને, તે કર્મો ભલે ઐશ્વર્યને સાધી આપનારાં છે તથાપિ તેનો નિઃશેષ ત્યાગ કરીને, જે ધીર પુરુષ છે તે પોતાના જ્ઞાનાનંદૈક સ્વરૂપની પ્રાપ્તિ માટેજ આત આદરવાળો થાય ॥ ત્રિગુણાત્મા બંધક જે માયા

તે ત્યાગ કરવા યોગ્ય છે. તેમજ માયિક જે જે ભોગૈશ્વર્ય છે તે પણ નાશવંત હોઈને ત્યાગ કરવા યોગ્ય છે. એમાંનું કશુંય સ્વીકારવા જેવું નથી. માટે પોતાના સ્વતઃસિદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપને પામવાની ઈચ્છાવાળો વિવેકી પુરુષ, પૂર્ણકામ ભગવાન્ શ્રી હરિનુંજ નિરંતર ધ્યાન કરે, '**ध्येयो नारायणः सदा**' એમ સદા કરે ॥ ૫૦-૫૧ ॥

इति सम्बोधनार्थं तु पदार्थाः पञ्च कीर्तिताः ।
औद्धवे सम्प्रदायेऽस्मिन् ज्ञेयाः श्रीहरिणा स्वयम् ॥ ५२ ॥

ઉપરોક્ત તત્ત્વ અર્થને જણાવવા માટેજ આ ઔદ્ધવ સંપ્રદાયમાં ભગવાન શ્રી હરિએ પોતે પાંચ પદાર્થો જાણવા યોગ્ય કહ્યા છે ॥ ૫૨ ॥

प्राप्यस्य ब्रह्मणो रूपं प्राप्तुश्च प्रत्यगात्मनः ।
प्राप्त्युपाय फलं प्राप्तेस्तथा प्राप्तिविरोधि च ॥ ५३ ॥
इत्यर्थपञ्चकं प्राहुस्तत्त्वं वेदान्तपारगाः ।
मुमुक्षुभिर्विवेकेन ज्ञातव्यं मुक्तिसिद्धये ॥ ५४ ॥

પરમ પ્રાપ્ય પરબ્રહ્મનું સ્વરૂપ, તેને પામનારા પ્રત્યગાત્માનું સ્વરૂપ, પરંબ્રહ્મની પ્રાપ્તિમાં શરણાગતિ અથવા ધર્મ જ્ઞાનાદિ ઉપાયો, પ્રાપ્તિમાં મળતું અક્ષર ધામમાં ભગવત્કૈંકર્ય રૂપ ફળ અને તે પરંબ્રહ્મની પ્રાપ્તિમાં વિરોધકારી જે અજ્ઞાન અધર્માદિના મૂલરૂપ માયા આ પાંચ બાબતોને જાણવાયોગ્ય તત્ત્વ તરીકે વેદાંતપારીણો કહે છે. તો મોક્ષની આકાંક્ષાવાળાએ મુક્તિની સિદ્ધિ માટે આ પાંચ બાબતો વિવેકથી સમજવી. આ રીતે પણ પંચકને કહે છે ॥ ૫૩-૫૪ ॥

हेयं तद्धानिहेतुश्च प्राप्यं तन्साधनं तथा ।
इत्यर्थानां चतुष्कं तु तत्त्वमाहुस्तथाऽपरे ॥ ५५ ॥

હેય-ત્યાજ્ય માયા વિગેરે, તથા હેય-માયાને ત્યજવાના હેતુઓ તથા પ્રાપ્ય જે પરમાત્મા અને તેમની પ્રાપ્તિમાં સાધન-શરણાગતિ આ ચાર બાબતો પણ જ્ઞેય તત્ત્વ તરીકે કોઈ તત્ત્વજ્ઞો કહે છે ॥ ૫૫ ॥

पञ्चविंशतितत्त्वानि कथयन्ति तथाऽपरे ।
चतुर्विंशतितत्त्वानि मायिकानि पुमान् परः ॥ ५६ ॥
पञ्चविंशः समाख्यातो विभुश्चैतन्यरूपकः ।
नानानिर्लेपकस्त्वेष बुद्धेर्योगात्प्रबध्यते ॥ ५७
एते तु कापिला ब्रह्म परं कृष्णं न मन्वते ।
केचित्तु तं मन्यमाना षड्विंशं सम्प्रचक्षते ॥ ५८ ॥
मायाऽन्तर्भावतो जीवान् पृथक्त्वेनाऽनिरुच्य तु ।
पञ्चविंशं परात्मानं केचित् साङ्ख्याः प्रचक्षते ॥ ५९ ॥

બીજા કોઈ તત્ત્વજ્ઞો, પચીશ તત્ત્વોને કહે છે. તેમાં માયાનાં ચોવીશ તત્ત્વોને ગણીને તેથી પર જે પુરુષ, તેને પચીશમો કહે છે. તે પુરુષ વિભુ અને ચૈતન્ય સ્વરૂપ છે. અને તે નાના (અનેક) અને નિર્લેપ છે. બુદ્ધિના યોગથી બન્ધનને પામ્યો છે ॥ આ રીતે કથનારા કાપિલો તો પરંબ્રહ્મ પરમેશ્વરને માનતા નથી. માયા અને જીવ વર્ગથી લોકવ્યવહાર પૂર્ણ માને છે. એમાં ઇશ્વરની કાંઈ જરૂર પડતી નથી. કોઈ તો તે પરમાત્માને તત્ત્વ તરીકે માનતા થકા તેમને છવીશમા કહે છે. જીવ માયા અને પરમેશ્વર એમ મનાય છે. કેટલાક સાંખ્યવેત્તાઓ જીવોનો માયામાં અંતર્ભાવ ગણીને તેનો પૃથક્પણે પરિગ્રહ નહિ કરીને પરમાત્માને પચીશમા કહે છે. જીવોનો માયામાં અંતર્ભાવ આવતાં પચીશમા પરમાત્માજ આવે ॥ ૫૬-૫૯ ॥

पञ्चविंशस्तु जीवात्मा षड्विंशः काल उच्यते ।
सप्तविंशः परात्मेति तत्त्वमाहुस्तथाऽपरे ॥ ६० ॥

બીજા કોઈ તો, જીવાત્માને પચીશમો માનીને, છવીશમા કાળને કહે છે અને પરમાત્માને સત્તાવીશમા તત્ત્વ તરીકે કહે છે ॥ ૬૦ ॥

इति नाना प्रसङ्ख्यानं समासव्यासरूपतः ।
विवक्षाभेदतः प्रोक्तं विदुषां किं न शोभनम् ॥ ६१ ॥

ઉપર કહ્યા પ્રકારે કહેવાની ઇચ્છાના ભેદને લીધે સમાસ અને વ્યાસરૂપથી નાના પ્રકારે તત્ત્વોની ગણના કરી છે. તત્ત્વવેત્તાઓને ન શોભે એવું શું છે? બધુ જ શોભે છે. ઘટે છે. સંક્ષેપમાં કહેવું હોય ત્યારે ન્યૂન સંખ્યામાં અને વિસ્તારથી કહેવું હોય ત્યારે અધિક સંખ્યાને કહે છે. એમાં કોઈને અસત્ય કહેવાનું તાત્પર્ય નથી. સર્વ પક્ષોમાં કોઈની કોઈ યુક્તિ રહેલી છે. આ બાબત (ભાગવત-સ્કંધ ૧૧ અ. ૨૨)માં કહી છે. ॥ ૬૧ ॥

एकमेवाद्वितीयं च ब्रह्मेत्युपनिषद्गिरा ।
समाभ्यधिकशून्य तु प्रधानं ब्रह्म बोध्यते ॥ ६२ ॥

सदा समस्तचिदचिद्विशिष्टः परमः पुमान् ।
एक एव परं तत्त्वमिति तु श्रुतिसम्मतम् ॥ ६३ ॥

'**एकमेवाद्वितीयं ब्रह्म**' એવી ઉપનિષદ્ વાણી વર્તે છે. આમાં જે જે બ્રહ્મ કહ્યા તેને સમાન કે અધિક બીજો કોઈ નથી. એક બ્રહ્મ જ પ્રધાન છે એમ કહેવાનું તાત્પર્ય છે. '**न समोऽनेन कश्चन**' **न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यः**। આ વચનમાં એ અર્થ સ્પષ્ટ છે. જે પરમ પુરુષ છે તે સર્વદા સમસ્ત ચિતો અને અચિતે વિશિષ્ટ (યુક્ત) વર્તે છે. તેથી એક જ અદ્વિતીય તત્ત્વ છે એવું કથન શ્રુતિસંમત છે. બીજુ કાંઈ નથી કે મિથ્યા છે એમ કહેવાનું શ્રુતિનું તાત્પર્ય નથી ॥ ૬૨-૬૩ ॥

यथा हि सार्वभौमोऽस्ति मह्यामेकोऽद्वितीयकः ।
इति तत्तुल्यनृपतिनिषेधप्रवणं वचः ॥ ६४ ॥

न त्वमात्यादिकाङ्गानां निषेधस्तेन गम्यते ।
यथा च देवदत्तोऽस्ति गृहे त्वेकोऽद्वितीयकः ॥ ६५ ॥

इत्युक्त्याऽन्यस्य सद्भावः पुंसस्तत्र निषिध्यते ।
न पुनस्तु तदङ्गादेर्निषेधस्तत इष्यते ॥ ६६ ॥

यथा चकास्त्यद्वितीयो भास्वरो भास्करो दिवि ।
इत्युक्त्या न निषिध्यन्ते सावित्रा रश्मयः स्फुराः ॥ ६७ ॥

આ તત્ત્વ બાબતને લોક–ઉદાહરણથી સમજાવે છે–"આ પૃથ્વી ઉપર સાર્વભૌમ, (ચક્રવર્તી) રાજા તો આ એક જ અદ્વિતીય છે" આવું વચન કોઈએ કહ્યું. આ વચન તો 'તેને તુલ્ય બીજો કોઈ રાજા નથી' એમ કહેવા પર છે. આ વચન ઉપરથી તે રાજાનાં જે સ્રી–પુત્ર અમાત્ય આદિક અંગો છે. તેનો નિષેધ સાબીત થતો નથી. અમાત્યાદિ અનેક અંગો હોવા છતાં તે રાજાને તુલ્ય બીજો કોઈ નથી એવા અભિપ્રાયથી એ વચન પ્રવર્તે છે. બીજાના નિષેધમાં તાત્પર્ય નથી. વળી જેમ 'આ ઘરમાં તો આ દેવદત્ત, એકજ અદ્વિતીય છે' એમ કોઇએ કહ્યું. એ ઉપરથી ઘરમાં રહેલા બીજા પુરુષના સદ્ભાવ (વિદ્યમાનપણું) નો નિષેધ થાય છે પરંતુ તે પુરુષના અંગભૂત બીજાં પદાર્થોનો નિષેધ સાબીત થતો નથી. વળી જેમ આકાશમાં 'આ પ્રકાશમાન સૂર્ય એક અદ્વિતીય પ્રકાશે છે' એમ કહેવા ઉપરથી સૂર્યના કિરણો કે જે સ્પષ્ટ દેખવામાં આવે છે તેનો નિષેધ થઈ જતો નથી. સૂર્ય અને તેના કિરણો પણ વર્તે છે. સૂર્ય જેવો બીજો કોઈ પ્રકાશતો નથી એમજ કહેવાનું તાત્પર્ય આવે છે ॥ ६४–६६ ॥

एवमस्त्यद्वितीयं तु ब्रह्मैकमिति यद्वचः ।
तद्ब्रह्मसदृशं नान्यत् किञ्चनास्तीति बोधयेत् ॥ ६८ ॥

न तु ब्रह्मगुणीभूतं चेतनाचेतनात्मकम् ।
निषेध्येत जगत्कृत्स्नं शक्तिरूपं परात्मनः ॥ ६९ ॥

सर्वं शक्तिरिति प्रोक्तं परस्य ब्रह्मणः सदा ।
न चास्ति शक्तिः स्वाधारात्पृथक् सोऽपि न तां विना ॥७०॥

यथा पृथिव्यां गन्धादिगुणा अन्तर्गता मताः ।
तथा सर्वाणि तत्त्वानि परस्मिन् ब्रह्मणि ध्रुवम् ॥ ७१ ॥

ઉપરોક્ત ઉદાહરણો પ્રમાણે '**एकमेवाद्वितीयं ब्रह्म**' આ જે વેદ વચન છે તે બ્રહ્મને સદૃશ બીજું કોઈ પણ સ્વરૂપ સ્વભાવાદિકે કરી નથી. એમજ બોધ આપી શકે છે. પણ બ્રહ્મના ગુણભૂત–વિશેષણભૂત જે આ ચેતનાચેતનાત્મક સમસ્ત જગત્ કે જે '**परस्य ब्रह्मणः शक्तिस्तथेदमखिलं जगत्**' આમાં કહ્યા મુજબ પરંબ્રહ્મની શક્તિરૂપ સદા છે તેનો

નિષેધ કરી શકે નહિ. જે શક્તિ છે તે પોતાનો જે આધાર (પરમાત્મા) તે થકી પૃથક્ (જુદી) હોઈ શકે નહિ. તેમજ જે શકિતમાન છે તે શકિત વિના એકલા હોઈ શકે જ નહિ. જેમ ગંધાદિ ગુણો ગુણી પૃથિવીમાં અંતર્ગત માન્યા છે તેમજ તમામ જીવાદિ તત્ત્વો પરબ્રહ્મમાં અંતર્ગત માન્યાં છે. એ બાબત નિશ્ચિત છે ॥ ૬૮-૭૧ ॥

वियद्वायुस्तेजः सलिलमवनिश्चेति यदिदम्
विकाराणां या च प्रकृतिरथ ये जीवनिचयाः ।

परं यद्धामैतत् सकलमपि नित्यं तनुतया
प्रकारीभूयाऽऽस्ते परमपुरुषस्याऽक्षरपतेः ॥ ७२ ॥

આકાશ, વાયુ, તેજ, જળ, પૃથ્વી વગેરે વિકારભૂત જે તત્ત્વો છે અને જે સમગ્ર વિકારોની પ્રકૃતિભૂત માયા છે અને જે બધા જીવસમૂહો છે અને જે આ પર અક્ષરધામ છે એ સર્વે પણ '**यस्यात्मा शरीरं**' '**यस्य प्रकृतिः शरीरं**' '**यस्याक्षरं शरीरं**' '**तत्सर्वं वै हरेस्तनुः**' આ શ્રુતિ-સ્મૃતિમાં નિરૂપ્યા પ્રમાણે અક્ષરપતિ પરમપુરુષ પરમાત્માના નિત્ય શરીરપણે પ્રકારભૂત થઈને જ રહે છે. કોઈપણ પૃથક્પણે રહેતું નથી. સઘળું જ પરમાત્માના વિશેષણપણે હોઈને પોતે એક જ વિશેષ્ય છે ॥ ૭૨ ॥

अनन्तैः स्वैकान्तैरखिलचिदचिद्धर्मनिचयैः
विशिष्टं ब्रह्मैकं भवति परमं नान्यदधिकम्

अतो नाना नेति श्रुतिशिरसि जोघुष्यत इदं
विशिष्टाद्वैतं तन्नहि गुणविभागं न सहते ॥ ७३ ॥

જેનો અંત-સંખ્યા નથી એવા જે પોતાના અસાધારણ સમગ્ર ચિત્ અચિત્ ધર્મો (ગુણો) તેણે કરીને વિશિષ્ટ એવું બ્રહ્મ તો એક જ છે તેથી અધિક અન્ય કોઈપણ નથી. માટે જ '**नेह नानास्ति किञ्चन**' આ શ્રુતિમાં આ બાબત બહુ ઉદ્‌ઘોષીને કહેવામાં આવી છે. આવું જે આ વિશિષ્ટાદ્વૈત તે ગુણભૂત ચિત્ અચિતને ન સહન કરે એવું નથી. પરંતુ સહન કરે જ છે. અર્થાત્ શરીરભૂત ચેતન અચેતન સમસ્ત તત્ત્વો સુસિદ્ધ રહે છે. કાંઈ પણ નથી એમ સાબીત થતું નથી ॥ ૭૩ ॥

तत् सर्वचिदचिज्जातविशिष्टं परमं मतम् ।
तत्त्वमेकं परंब्रह्म वासुदेवसमाह्वयम् ॥ ७४ ॥

दिव्यरूपगुणैश्वर्यधामनामविभूतिभिः ।
विशिष्टं चिदचिद्वृन्दैः स्थूलसूक्ष्मस्वरूपकैः ॥ ७५ ॥

अपृथक्सिद्धिभिस्तत्त्वैरेकं तत्त्वं परं हरिः ।
समाभ्यधिकराहित्यादेकत्वं तस्य वर्ण्यते ॥ ७६ ॥

આ પ્રમાણે પરિસ્થિતિ હોવાથી સમગ્ર ચિત્ અચિતે વિશિષ્ટ એવું એક જ પરંબ્રહ્મ તત્ત્વ માન્યું છે. જેને વાસુદેવ એવી સાર્થક સંજ્ઞાથી સંનિરૂપ્યા છે. આ અર્થ **'वासुदेवः सर्वमिति'** **'सर्वत्रासौ समस्तं च वसत्यत्रेति वै यतः । ततः स वासुदेवेति विद्वद्भिः परिपठ्यते'** 'વિગેરે વચનોમાં વ્યક્ત છે. દિવ્ય એવાં રૂપો, ગુણો, ઐશ્વર્યો, નામો અને વિભૂતિઓ અને સ્થૂળ સૂક્ષ્મ રૂપમાં રહેલાં ચિદચિત્વૃંદોએ વિશિષ્ટ (યુક્ત) એક પરંબ્રહ્મ છે. પરમાત્મા થકી કયારેય પૃથક્ સિદ્ધિને નહિ પામનારાં આ તમામ તત્ત્વોએ વિશિષ્ટ એક તત્ત્વ બીજા કોઈ નહિ પણ પરંબ્રહ્મ શ્રીહરિ છે. એ પરમાત્માને, સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ વિગેરે વડે કરીને બીજું કોઈ પણ તુલ્ય કે અધિક નથી એવા કારણને લીધે તેમને એકપણે સર્વ શાસ્ત્રો વર્ણવે છે.પરંતુ બીજું ચિત્ અચિત્ આદિક મિથ્યા છે એવા અભિપ્રાયથી નહિ. સમસ્ત તત્ત્વોને અપ્રધાન માનીને એક પરમાત્માને જ પ્રધાન માનવાનો પરમાશય છે। **'न त्वत्समोस्त्यभ्यधिकः कुतः स्यात्'** આ ગીતા વાકયમાં ઉક્ત અભિપ્રાય સ્ફુટ વર્ણવ્યો છે॥ ૭૪-૭૬॥

सर्वप्रकारवान् सर्वव्यावृत्त परमो मतः ।
सविशेषः परब्रह्म श्रीहरिः पुरुषोत्तमः ॥ ७७ ॥

विशिष्टस्याद्वैतमिति समासश्च विवक्षितः ।
एकं तत्त्वं विशिष्टं च श्रुत्यन्तेषु विवक्षितः ॥ ७८ ॥

विशिष्टाद्वैतमेतच्च निगमान्तविवक्षितम् ।
रामानुजस्वामिना तु विविक्तं श्रीहरेर्मतम् ॥ ७९ ॥

ચિત્ અચિત્ આદિક સર્વે, જેના પ્રકારો-વિશેષણો છે અને જે તમામ તત્ત્વો થકી સ્વરૂપ, રૂપ ગુણ વિભૂતિ વગેરેએ કરીને વિલક્ષણ છે એવા સવિશેષ પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિ પુરુષોત્તમ છે. એવા બીજા કોઈપણ નથી. એવી તત્ત્વ સ્થિતિ હોવાથી **विशिष्टाद्वैत**' આ શબ્દનો '**विशिष्टस्य अद्वैतम्**' એવો સમાસ સંગત કહેવા ઇચ્છયો છે. અર્થાનુરોધે સમાસ થવો સમુચિત છે ॥ ચેતન અચેતને વિશિષ્ટ એવું એક જ તત્ત્વ છે. એમ વેદાંતમાં કહેવાની ઇચ્છા છે. વેદાંતોમાં નિરૂપવા ઇચ્છેલું આવા પ્રકારનું જે વિશિષ્ટાદ્વૈત, તેનું વિવેચન શ્રીરામાનુજાચાર્યે વિસ્પષ્ટ કર્યું છે. આજ વિશિષ્ટાદ્વૈત મત '**मतं विशिष्टाद्वैतं मे**' આ આશ્રિત શિક્ષાર્થ વચનથી માન્ય કર્યો છે. અને રામાનુજકૃત સૂત્રભાષ્ય–ગીતાભાષ્યને અધ્યાત્મશાસ્ત્ર તરીકે સ્વીકાર્યાં છે ॥ ૭૭-૭૯ ॥

नानाभूतानि तत्वानि सम्प्रोक्तानि पुमांस्तु यः ।
वासुदेवात्मकान्येव पश्येत् ज्ञानी स वै मतः ॥ ८० ॥

નાના પ્રકારનાં જે કોઈ તત્વો શ્રુતિ–સ્મૃતિમાં કહ્યાં છે તે તમામ '**इन्द्रियाणि मनो बुद्धिः सत्त्वं तेजो बलं धृतिः। वासुदेवात्मकान्याहुः क्षेत्रं क्षेत्रज्ञमेव च**' આમાં કહ્યા મુજબ વાસુદેવાત્મક 'સર્વ તત્વોના આત્મા વ્યાપક ધારક નિયામક શેષી પરમાત્મા છે) એમ જે તત્ત્વથી જાણે તેને જ સત્ય જ્ઞાની તરીકે માન્યો છે. એમ નહિ જાણનારો તો જ્ઞાની કહેવાય જ નહિ ॥ ૮૦ ॥

सच्छास्त्रसारं परमं विशिष्टमेकं परंब्रह्म मतं तु तत्वम् ।
स वासुदेवो भगवान् प्रदद्यात् धियं विशुद्धां हरिकृष्णदेवः ॥८१॥

इतिश्रीमदाध्यात्मिकतत्त्वाख्याने मुनिगण–शतानन्दस्वामिसंवादे ज्ञानप्रकरणे विशिष्टाद्वैततत्त्वप्रतिपादनं नाम षोडशोऽध्यायः॥१६॥

સર્વ સચ્છાસ્ત્રોનો પરમ સાર એ છે કે એક ચિદચિદ્વિશિષ્ટ પરંબ્રહ્મ પરમ તત્ત્વ છે, એ બીજા કોઈ નહિ પણ ભગવાન્ વાસુદેવ દેવદેવ શ્રીહરિ કૃષ્ણ છે. તે અમને વિશુદ્ધ બુદ્ધિને આપો ॥ ૮૧ ॥

ઇતિશ્રી...શાસ્ત્રી હરિજીવનદાસકૃત ગુર્જરાનુવાદે સોળમોઽધ્યાયઃ ॥ ૧૬ ॥

सप्तदशोऽध्यायः ।

मुनय ऊचु—

मायां दैवी दुर्विलङ्घ्यां त्रिगुणां मोहिनीं पराम् ।
विवित्सामो हरेः शक्तिं भवबन्धनकारिणीम् ॥ १ ॥

तस्याः स्वरूपं च गुणान् विकारांश्च महामुने ! ।
प्रकीर्तय तथा तस्या लङ्घनोपायमेव च ॥ २ ॥

મુનિઓ કહે છે—હે મહામુને ! માયા કે જે દેવાધિદેવ ભગવાનેજ પ્રવર્તાવેલી હોવાથી દૈવી, તેથીજ કોઈએ પણ ન ઉલ્લંઘન થાય એવી અને સત્ત્વાદિ ત્રિગુણોના આશ્રયભૂત અને સર્વ કોઈને મહામોહને ઉપજાવનારી અને ભગવાનની શક્તિભૂત હોઈને સંસાર બંધનને કરનારી છે. એવી માયાને અમો જાણવા ઇચ્છીએ છીએ, તો તે માયાનું સ્વરૂપ અને તેના ગુણો અને તેના વિકારોને કહો. તેમજ તે માયાને ઉલ્લંઘવાના જે ઉપાયો હોય તેને પણ કહો. આ અર્થ **'दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया, मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते'** આ ગીતા વચનમાં વ્યક્ત છે ॥ ૧-૨ ॥

शतानन्दमुनिरुवाच—

त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः ।
जीवस्य चाहंममताहेतुर्माया प्रकीर्तिता ॥ ३ ॥

માયાનું સ્વરૂપ કહે છે—આ જે માયા તે ત્રિગુણાત્મા છે-એમાં સત્ત્વ, રજ, તમ, આ ત્રણ ગુણો રહ્યા છે. ત્રણ ગુણોનો સમુદાય એ જ માયા એમ નહિ, પણ જેમાં ત્રણ ગુણો વર્તે છે એવી ગુણાશ્રયા છે. આ અર્થ **'अजामेकां लोहितशुक्लकृष्णाम्'** આ શ્રુતિમાં જણાવ્યો છે. આ ત્રણ ગુણો જેમાં સમપણે રહ્યા છે એવી મૂળ માયાને **तमः** શબ્દથી કહી છે. આ માયા સ્વતંત્ર નથી પણ પરમાત્માની શક્તિરૂપ હોઈને પરતંત્ર છે. જીવોને દેહમાં 'હું છું' એવા અહંપણાને અને દૈહિક સ્ત્રી પુત્ર

ધનાદિકમાં 'મારાં છે' એમ મારાંપણાને ઉપજાવનારી છે. આ અર્થ "**अनात्मन्यात्मबुद्धिर्या अस्वे स्वमिति या मतिः**' આ વચનમાં વ્યક્ત છે. આવા સ્વરૂપ સ્વભાવવાળી માયા જાણવી ॥ ૩ ॥

विद्याविरोधिनी सेयमविद्या परिकीर्तिता ।
नानाविकारजातोपादानत्वात्प्रकृतिर्मता ॥ ४ ॥

विचित्रानन्तकार्याणां कर्त्री मायेति चोदिता ।
जडत्वात्तम इत्युक्ता सूक्ष्मावस्थान्वयादपि ॥ ५ ॥

ઉપરોક્તા માયા, વિદ્યા જે જ્ઞાન તેમાં વિરોધી હોવાથી એણીને **અવિદ્યા** શબ્દથી કહી છે. તેમજ વિવિધ વિકારોને ઉપજાવવામાં મૂળ કારણ હોવાથી **પ્રકૃતિ** શબ્દથી કહી છે. વિવિધ વિચિત્ર કાર્યોને કરનારી હોઈને સર્વેને વિસ્મય કરનારી હોવાથી એણીનો **માયા** શબ્દથી નિર્દેશ કર્યો છે. આથી વિસ્મનીય બીજુ કોઈ નથી. બ્રહ્માંડ ભાંડની અંદર પ્રકૃતિનું બધું કાર્ય વિચિત્ર અને વિસ્મયકારી છે. **માયા** શબ્દની વ્યુત્પત્તિ આશ્ચર્ય અર્થમાં છે પણ મિથ્યા અર્થમાં નથી. '**मायां तु प्रकृतिं विद्यात्**' આ શ્રુતિ માયાને પ્રકૃતિ તરીકે રહે છે. માટે માયા શબ્દનો મિથ્યા એવો અર્થ કોઈ કરે છે તે તદ્દન ખોટું છે આ માયા, સ્વરૂપથી જડા હોવાથી **તમઃ** શબ્દથી વ્યપદેશી છે. વળી સૂક્ષ્મ અવસ્થાનો એમાં સંબંધ હોવાથી પણ **તમઃ** શબ્દથી કહી છે મહદાદિ સમગ્ર પરિણામોના મૂળભૂત જેમાં ત્રણ ગુણો સમાન છે (ન્યૂનાધિક નહિ) તરંગ વિનાના સમુદ્ર જેવું કારણાવસ્થામાં રહેલું એવું પ્રધાન તે **તમ**: શબ્દથી કહેવા ઇચ્છ્યું છે, કેમકે '**महानव्यक्ते लीयते अव्यक्तमक्षरे लीयते अक्षरं तमसि लीयते**' આ શ્રુતિ, તમને લયની પર્યવસાન ભૂમિ તરીકે કહે છે. '**तदानीं तम आसीत्**' આ શ્રુતિ, સૃષ્ટિ પહેલાં તમની સ્થિતિને વર્ણવે છે. ગાઢ અંધકારમાં રહેલાનીજ જેમ એમ પ્રલયસમયે પ્રકૃતિમાં લીન થએલા જીવોને જડ જેવી અવસ્થા થતાં, નામ રૂપનું વિવેચન (આ તે આ છે) નહિ થઈ શકતું હોવાથી તમઃશબ્દથી કહી છે. '**प्रकृतेर्गुणसाम्यं**' એવું મૂળ માયાનું લક્ષણ કર્યું છે. મૂળ માયામાં ગુણોની ન્યૂનાધિકતા નહિ પણ સમ અવસ્થા વર્તે છે ॥ ૪-૫ ॥

यथा प्रविष्टास्तमसि विविच्येरन्न भेदतः ।
पदार्था एवमस्यां हि संश्लिष्टा जीवराशयः ॥ ६ ॥

तिलेषु तैलं काष्ठेषु वह्निरस्ति यथाऽपृथक् ।
जीववर्गास्तथैतस्यां निगूढा अविभागतः ॥ ७ ॥

વિવેચનથી કહે છે—જેમ ગાઢ અંધકારમાં પહેલા પદાર્થો, 'આ તે આ છે' એમ ભેદથી વિવેચન કરી શકાતા નથી તેમજ જીવરાશિઓ માયામાં સંવિષ્ટ–નિમગ્ન થઈ રહ્યા છે. અને જેમ તિલમાં તૈલ અપૃથક્ (જુદું નહિ) રહ્યું છે અને કાષ્ઠમાં અગ્નિ અપૃથક્ રહ્યો છે તેમજ જીવ-વર્ગો આ મૂળ માયામાં વિભાગ વિના નિગુઢપણે રહ્યા છે. 'આ તે આ છે' એવો વિભાગ થઈ શકતો નથી. આ પ્રલય અવસ્થાની બાબત છે ॥૬–૭॥

अजाऽनन्ता च सेयं वै प्रोक्ता सततविक्रिया ।
विकारैश्च गुणैश्चापि मोहयन्त्यात्मनोऽनिशम् ॥ ८ ॥

समष्टि–व्यष्टिरूपा च सदसद्रूपिणी तथा ।
व्यक्ताव्यक्तस्वरूपेयमेका नानाविधा मता ॥ ९ ॥

'अजामेकां' આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે નિત્ય હોવાથી **અજ**શબ્દથી કહેલી, એનો **અંત**–અવધિ નહિ હોવાથી અનંતપણે નિરૂપેલી, પડખે અને નીચે અનંતપણું જાણવું, કેમકે **'तमसः परस्तात्'** આ શ્રુતિમાં નિત્યવિભૂતિનું તમ થકી પરપણું કહ્યું છે. ઉપર **નિત્ય**વિભૂતિ અને નીચે પ્રકૃતિનું અનંત-પણું છે, નીચે નીચે તેમજ અડખે પડખે અવધિ નથી. **तदनन्त 'संख्यातं'** એમ અનંતપણું કહ્યું છે, સતત પરિણામશાલી હોવાથી સમ વિષમ પરિણામો ભિન્ન ભિન્ન કાળમાં અને ભિન્ન ભિન્ન દેશમાં કરનારી છે. પોતાના વિવિધ વિચિત્ર વિકારો અને સત્ત્વાદિ ત્રણ ગુણોએ કરીને ચિદ્રૂપ આત્માને પણ નિરંતર મોહને ઉપજાવ્યા કરે છે. આ બાબત **'अनीशया शोचति मुह्यमानः' 'सर्वे विमोहितधियस्तव माययेमे । ब्रह्मादयस्तनुभृतो बहिरर्थभावाः'** આ વચનોમાં વિશદ છે ॥ સમષ્ટિ અને વ્યષ્ટિરૂપે એ એકજ રહી છે. બ્રહ્મા સુધીની સૃષ્ટિને **સમષ્ટિ** અને તે પછીની સર્વ સૃષ્ટિને

વ્યષ્ટિ કહે છે. "**स एवेदं ससर्जाग्रे भगवानात्ममायया । सदसद्रूपया चासौ गुणमय्याऽगुणो विभुः**" આમાં કહ્યા પ્રમાણે સત્ અસત્ રૂપે નિરૂપી છે. વ્યષ્ટિ ચેતન અચેતનોનો વિલય થયો હોવાથી સત્ અસત્ એમ કહે છે. અનિર્વચનીયા નહિ, કારણાવસ્થામાં અસત્ અને કાર્યાવસ્થામાં સત કહી છે. વળી સ્થૂળ રૂપમાં રહેલી હોવાથી **વ્યક્ત** અને સૂક્ષ્મ રૂપમાં રહેલી હોવાથી **અવ્યક્ત** કહે છે. આ અર્થ '**प्रकृतिर्या मयाऽऽख्याता व्यक्ताव्यक्तस्वरूपिणी**' આ વાક્યમાં વ્યક્ત છે ॥ મૂળ સ્વરૂપથી એકા હોઈને અનંત કાર્યરૂપ થતી હોવાથી નાનાવિધા કહી છે ॥ ૮–૯ ॥

कालकर्मस्वभावैश्च हरीच्छावशतस्तथा ।
परिणामा भवन्त्यस्याः शतशश्च सहस्रशः ॥ १० ॥

सेयं शास्त्रेषु मिथ्येति कथिता तत्त्ववेदिभिः ।
नैकरूपा स्थिरा यस्मात् सततं विक्रियान्विता ॥ ११ ॥

सुखदुःखकरी चैषा परार्था प्रत्यगात्मनाम् ।
भोग्य–भोगोपकरण–भोगस्थानादिरूपिणी ॥ १२ ॥

શ્રી હરિની ઇચ્છાના વશપણામાં રહીને (સ્વતંત્રપણે નહિ) કાળ, કર્મ અને સ્વભાવે કરીને, માયા થકી સો એ સો અને હજારો હજાર પરિણામો થાય છે, જેની ગણનાજ નથી. આ માયાને તત્ત્વવેદિઓએ '**મિથ્યા**' એમ કહી છે, કારણ કે તે એકરૂપા અને સ્થિર નથી. અને સતત વિવિધ વિચિત્ર વિક્રિયાને કર્યા કરે છે. આ કારણથી એને મિથ્યા કહે છે. પણ એ કોઈ નિત્યસિદ્ધ વસ્તુ નથી એમ નહિ. જીવોને સુખ-દુઃખને દેનારી પણ એજ માયા છે. એણીને પોતાને કશો સ્વાર્થ નહિ હોવાથી તે પરાર્થા છે. જીવાત્માઓ માટે ભોગ્ય, ભોગોપકરણ, ભોગસ્થાન આદિક બહુરૂપે થઈ રહી છે વિષયોને ભોગ્ય કહે છે, ચક્ષુ આદિક ઇન્દ્રિયોને અને ભોગનાં બીજાં સાધનોને ભોગોપકરણ કહે છે. બ્રહ્માંડાન્તવર્તી ચૌદ ભુવનોને ભોગસ્થાન કહે છે. એમ બહુ વિસ્તારને પામેલી વિભુ છે ॥ ૧૦–૧૨ ॥

अजामेकां लोहितशुक्लकृष्णां बह्वीः प्रजाः सृजमाना सरूपाः ।
मायामेतां जुषमाणाः विमूढा नानादुःखं भुञ्जतेऽजाः पुमांसः ॥ १३ ॥

આ માયા કેવી છે? તો સૂક્ષ્મ રૂપથી એણીનું સદાય વિદ્યમાનપણું હોવાથી **અજા** કહી છે. એવી બીજી કોઈ નહિ હોવાથી **એકા** કહી છે. **લોહિત**શબ્દથી રજ, **શુકલ** શબ્દથી સત્ત્વ, કૃષ્ણશબ્દથી તમ, એમ ત્રણ ગુણો લેવા અર્થાત્ ત્રિગુણાત્મા છે. એવી હોઈને પોતે જેવી છે એવીજ બહુ પ્રજાઓને સર્જે છે. આવી માયાને જેઓ સેવનારા છે તે ભલે અજ અને પુરુષ છે છતાં નાનાવિધ દુઃખોને ભોગવ્યા કરે છે. આ બધો માયાનો પ્રભાવ છે ॥ ૧૩ ॥

यथोपाधिर्जपादिस्तु स्फटिकादेर्विभास्वरम् ।
रूपमाच्छाद्य नैजं तु रूपमारोपयत्यसत् ॥ १४ ॥
तथेयमात्मजातस्य ज्ञानानन्दादिसद्गुणम् ।
आच्छाद्य स्वगुणांस्तेषु ह्युपरञ्जयतेऽनिशम् ॥ १५ ॥

સ્ફટિક મણિ શ્વેત છે અને જપા પુષ્પ રકત છે. બન્નેનો સહયોગ થતાં સામી ઉપાધિ રૂપ જપા પુષ્પ છે તે સ્ફટિક મણીના શુદ્ધ શ્વેત રૂપને ઢાંકી દઇને પોતાના રક્તરૂપથી તેને રંજી નાંખે છે. આ સ્ફટિક મણી રક્ત છે એવો ખ્યાલ કરાવે છે. એ જ રીતે આ ત્રિગુણા જડા માયા, ચેતન સ્વરૂપ જીવોના સ્વતઃસિદ્ધ જ્ઞાન, આનંદ આદિક સદ્ગુણોને આચ્છાદીને, પોતાના સત્ત્વાદિ ગુણોથી આત્માઓને રંજી નાખે છે. આત્માના ગુણોને ઢાંકી દઇને પોતાના ગુણોને પ્રકાશે છે. એમ વિપરીત ભાવને ઉપજાવે છે ॥ ૧૪-૧૫ ॥

सत्त्वं रजस्तमश्चेति प्रकृतेः सहजा गुणाः ।
तत्सङ्गान्निर्गुणो ह्यात्मा सगुणो भवति त्रिधा ॥ १६ ॥
यथा शीतलस्वभावं तु जलं सङ्गाद्धविर्भुजः ।
परितप्तं भवत्येवं जीवो मायागुणान्वयात् ॥ १७ ॥

प्रकृतेर्गुणसंसर्गात्कामं लोभं च मोहकम् ।
प्राप्नोति मायासम्बद्धो निरयद्वारमात्मनः ॥ १८ ॥

माया बन्धनकर्त्री स्यात् स्वगुणैरात्मनां यतः ।
तद्गुणानां गुणत्वं तु सूत्रवद्बन्धकत्वतः ॥ १९ ॥

સત્ત્વ, રજ, તમ, આ ત્રણ ગુણો પ્રકૃતિના સ્વાભાવિક છે. તેના સંસર્ગને લીધે નિર્ગુણ (માયાના ગુણે રહિત) એવો પણ આત્મા, સાત્ત્વિક, રાજસ, તામસ, એમ ત્રણ પ્રકારનો બની જાય છે. જેમ જળનો સ્વાભાવિક ગુણ શીતળ છે છતાં અગ્નિનો સંગ થતાં ઉષ્ણ થઈ જાય છે. એ દેખીતી વાત છે. તેમજ જીવો પણ માયાના ગુણોનો સંબંધ થતાં માયા જેવા થઈ જાય છે. પ્રકૃતિના ગુણોનો સંસર્ગ થતાં પોતાના માટે નરકના દ્વારભૂત એવા કામ, લોભ અને મોહને પામી જાય છે. આવી માયા, પોતાના સહજ સત્ત્વાદિક ગુણોએ કરીને જીવોને બાંધી દે છે. એજ ગુણોનું ગુણત્વ છે. ગુણ શબ્દ, સૂત્ર (દોરી)નો વાચક છે. દોરી જેમ બીજાને બાંધી દે છે તેમ માયા પણ પોતાના રજ્જુરૂપ ગુણોવડે જીવોને બાંધી દે છે. તેથી જ તેણીને બંધનકર્ત્રી કહી છે ॥ ૧૬–૧૯ ॥

मायागुणानामेतेषां स्वभावांश्चाथ वो ब्रुवे ।
यथा बन्धकरा ह्येते भवागारे चिदात्मनाम् ॥ २० ॥

હવે આ માયાના સત્ત્વાદિ ગુણોના જે સ્વભાવો છે તે તમોને કહું છું. જન્મમરણ રૂપ સંસાર ઘરમાં ચિદ્રૂપ એવા પણ આત્માઓને આ સ્વભાવો કેવી રીતે બાંધી રાખે છે તે પણ કહું છું ॥ ૨૦ ॥

सत्त्वं लघु प्रकाशकममलं रागात्मकं रजश्चलनम् ।
गुरु मोहनं च जगतां तम इत्युक्तं गुणस्वभावज्ञैः ॥ २१ ॥

सत्त्वं सुखेषु पुरुषं शब्दादिभवेषु सञ्जयत्यनिशम् ।
नानाक्रियासु सङ्गं प्रजनयति रजो तु जीवलोकस्य ॥ २२ ॥

मोहं निद्रां तन्द्रां कुरुते पुंसां तमः प्रमादं च ।
एतेऽन्योन्यसहाया नानावस्थाकरा गुणाः पुंसः ॥ २३ ॥

તેમાં જે સત્ત્વ ગુણ છે તે લઘુ-સ્ફુર્તિમાં કારણ અને પ્રકાશક છે. વસ્તુઓના યથાસ્થિત જ્ઞાનને **પ્રકાશ** કહે છે. જે રજોગુણ છે તે રાગમાં હેતુભૂત હોવાથી રાગાત્મક કહે છે. સ્રી પુરુષોને પરસ્પર તથા વિષયોમાં સ્પૃહા થાય છે તેમાં **રાગ** કારણ છે. ચલન સ્વભાવને કારણે તે દરેક પ્રવૃત્તિનું પ્રેરક બને છે. જે તમોગુણ છે તે જીવોને મહામોહને ઉપજાવનાર છે. વિપરીત વિષયજ્ઞાનને **મોહ** કહે છે. એમાં સ્તબ્ધતારૂપ ગુરુતા રહી છે. આ ગુણોના સ્વભાવને જાણનારાઓ આ રીતે ગુણોના સ્વભાવને કહે છે ॥ જે સત્ત્વ છે તે પુરુષોને શબ્દાદિ વિષય જન્ય સુખોમાં નિરંતર જોડી રાખે છે અર્થાત્ સુખમાં હેતુભૂત છે. જે રજ છે તે જીવવર્ગને નાનાવિધ ક્રિયાઓમાં જોડી રાખે છે, જે તમ છે તે મોહ જે વિપરીત જ્ઞાન તેને કહે છે. તેમજ નિદ્રા જે સર્વ ઇન્દ્રિયોની ઉપરતિરૂપ સ્વપ્ન અને મનની પણ ઉપરતિરૂપ સુષુપ્તિ તેને ઉપજાવે છે અર્થાત્ એમાં હેતુભૂત છે. વળી તન્દ્રા-આળસ (જેને અનવધાન કે સ્તબ્ધતા કહે છે, અને પ્રમાદ કે જેને વિપરીત જ્ઞાન કહે છે તેને પણ ઉપજાવે છે. એ સર્વેમાં હેતુ છે ॥ આ ત્રણેય ગુણો પરસ્પર એક બીજાને સહાય આપીને વિવિધ અવસ્થાઓને કરનારા થાય છે ॥ ૨૧-૨૩ ॥

मायागुणैर्विमूढा मायिकभावेषु सुखधिया नितराम् ।
धावन्ति जीवनिचया अवशा नियता निजप्रकृत्या तु ॥२४॥

मायिकसुखसम्मूढाः परं सुखं च विदन्ति नैव जनाः ।
परमं श्रीहरिनिष्ठं सुखं कथं तेऽबुधा विजानीयुः ॥ २५ ॥

પૂર્વોક્ત માયા ગુણોએ કરીને અત્યંત મૂઢ બની ગએલા એવા જીવસમૂહો, જાણે 'આમાં સુખ છે' એવી બુદ્ધિથી માયિક શબ્દાદિ વિષયોમાં માયા પરવશપણે પોતાની સાત્ત્વિકાદિ પ્રકૃતિને અનુસારે નિરંતર દોડ્યા કરે છે. વિષયોમાં સુખ માનીને ભોગવ્યા કરે છે॥ આ રીતે માયિક વિષય જન્ય સુખમાં અત્યંત મૂઢ બનેલા જનો, પરંસુખ જે આત્માનું છે તેને જાણતા જ નથી. તો સુખમૂર્તિ શ્રીહરિમાં રહેલા નિર-તિશય સુખને તો તે મૂર્ખાઓ ક્યાંથી જાણી શકે? નજ જાણી શકે ॥ ૨૪-૨૫ ॥

सत्त्वं सुखतद्धेतुप्रकाशकं तेन तत्र संसक्ताः ।
रजसाऽऽयासप्रायानल्पसुखान् वै प्रकुर्वते यत्नान् ॥२६॥

नानायासश्रान्तास्तमसा मोहं प्रपद्यमानास्तु ।
असुखे सुखमानास्ते दुःखशतानि प्रभुञ्जते त्ववशाः ॥ २७ ॥

उन्मज्जन्ति निमज्जन्त्यनिशं जीवा गुणप्रवाहेऽस्मिन् ।
यावन्नोपलभन्ते गुरुकर्णधारं हरिप्रपोतं तु ॥ २८ ॥

સત્ત્વ ગુણ કે જે સુખ અને તેના હેતુઓને પ્રકાશ કરનારો છે. તેના સંગથી માયિક વિષયોમાં અત્યાસકત થએલા એવા મૂઢ જનો, રજોગુણના સંગથી જેમાં કેવળ અતિ આયાસજ છે અને અલ્પ સુખ છે એવા સાંસારિક પ્રયત્નોને કરતા જ રહે છે. નાના પ્રકારના પ્રયાસો કરીને થાકી ગએલા એવા જીવો, તમોગુણના સંગથી મોહને પામી જાય છે. અને કશુંજ સૂઝતું નથી. જેમાં લેશ સુખ નથી એવા વિષયોમાં સુખને માની બેઠેલા તે નરો, પરવશપણે સોએ સો દુઃખોને ભોગવ્યા જ કરે છે. દુઃખનો પાર આવતો નથી ॥ આવા મૂઢ જનો આ ત્રિગુણ પ્રવાહમાં વારેવારે ડૂબકાં ખાય છે અને પાછા બહાર નીકળે છે. એમ ચાલ્યા જ કરે છે. જ્યાં સુધી ગુરુરૂપી કર્ણધાર (નાવિક) અને ભગવદ્રૂપી વહાણનો આશ્રય ન લે ત્યાંસુધી એમનું એમ જ ચક્ર ચાલ્યા જ કરે છે ॥ ૨૬–૨૮ ॥

क्षेत्रक्षेत्रज्ञसंयोगात् यानि जातानि सन्ति वै ।
तानि सर्वाणि युक्तानि गुणैः सत्त्वादिभिः सदा ॥ २९ ॥

उद्भवाभिभवैरेते गुणाः पर्यायवृत्तयः ।
कदाचित्सत्त्वमुद्रिक्तं रजश्चैव तमस्तथा ॥ ३० ॥

एते त्वतीन्द्रिया ज्ञेया गुणा वृत्तिभिरञ्जसा ।
प्रकाशश्च प्रवृत्तिश्च मोह इत्येवमादिभिः ॥ ३१ ॥

ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સંયોગથી જેજે સ્થાવર જંગમ જંતુઓ જન્મ્યા છે તે તમામ માયાના સત્ત્વાદિ ગુણોએ સંયુક્ત છે. ક્ષેત્ર–ક્ષેત્રજ્ઞના સંયોગ

વિના કોઈની પણ ઉત્પતિ નથી. તેમ આ સત્વાદિ ગુણો ન હોય એવો પણ કોઈ પ્રાણી નથી. સર્વેમાં એ ગુણો રહ્યા જ છે ॥ આ ત્રણેય ગુણો, ઉદ્ભવ અને અભિભવ એવા પ્રકારથી વારાફરતી પ્રવર્ત્યા જ કરે છે. કોઈ વખત સત્ત્વની અધિકતા થાય તો તેણે.કરીને રજ-તમનો પરાભવ રહે છે. અને કયારેક રજની અધિકતા થાય તો બીજા બે ગુણો દબાયલા રહે છે અને કયારેક તમનો વધારો થાય તો બીજા બે દબાયેલા રહે છે. એમ વારાફરતી ઉદ્ભવ અને અભિભવ ચાલ્યા જ કરે છે. ત્રણેયને પરસ્પર ધક્કાધક્કી ચાલતી જ રહે છે ॥ આ ગુણો અતીન્દ્રિય-ઇન્દ્રિયોને ગોચર થતા નથી. પણ તેની જે વૃત્તિઓ પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ તેણે કરીને જાણવામાં આવે છે ॥ સત્ત્વ ગુણનું કાર્ય પ્રકાશ છે, રજનું કાર્ય પ્રવૃત્તિ છે અને તમનું કાર્ય મોહ છે. આ અર્થ ગીતામાં સમ્યક્ ગાયો છે ॥ ૨૯-૩૧ ॥

शमो दमस्तितिक्षा ह्रीस्तपः सत्यं दया स्मृतिः ।
तुष्टिस्त्यागोऽस्पृहा श्रद्धा धीरेते सात्त्विका गुणाः ॥ ३२ ॥

काम ईहा मदस्तृष्णा स्तम्भ आशीस्तथाऽसुखम् ।
उत्साहश्च यशः प्रीतिरित्याद्या राजसा गुणाः ॥ ३३ ॥
क्रोधो लोभोऽनृतं हिंसा याञ्चा दम्भः क्लमः कलिः ।
शोको मोहो भयं निद्राऽलस्यं चेति तु तामसाः ॥ ३४ ॥

બાહ્ય ઇન્દ્રિયોના નિયમનરૂપ **શમ**, અંતઃકરણ નિયમનરૂપ **દમ**, શીત ઉષ્ણતાદિ દ્વન્દ્વની સહનતારૂપ **તિતિક્ષા**, અકાર્યમાં **લાજ**, વિહિત ભોગમાં સંકોચરૂપ તપ, યથાર્થ વચનરૂપ **સત્ય**, પરદુઃખે દુઃખી થવા રૂપ **દયા**, પૂર્વાનુસંધાનરૂપ **સ્મૃતિ**, યથાલબ્ધથી સંતોષ માનવારૂપ **તુષ્ટિ**, વિષયોની સ્પૃહાએ રહિતપણારૂપ **અસ્પૃહા**, શાસ્ત્રાર્થમાં વિશ્વાસરૂપ **શ્રદ્ધા**, જ્ઞાનરૂપ ધી, આ સાત્ત્વિક ગુણો કહ્યા છે. આ ગુણો વર્તે ત્યારે જાણવું કે સત્ત્વ ગુણ વર્તે છે. વિષયોની વાંછારૂપ **કામ**, લૌકિક ક્રિયાઓની ચેષ્ટારૂપ **ઈહા**, ધનાદિકના ગર્વરૂપ **મદ**, અધિક તૃષ્ણા, માનથી અટંટ રહેવાપણા રૂપ સ્તંભ, આશી-ફલેચ્છાઓ, સુખે રહિતપણારૂપ **અસુખ**, ઉત્સાહ-કીર્તિમાં પ્રવૃત્તિ, માયિક પદાર્થોમાં પ્રીત્યતિશય, વિગેરે ગુણો કહ્યા છે. આ ગુણો

પ્રવર્તે ત્યારે જાણવું કે રજની અધિકતા વર્તે છે. ક્રોધ, લોભ, અસત્ય, હિંસા, યાચના, દંભ, કલમ-થાક, કજીયા કરવારૂપ કલિ, શોક, ઈષ્ટ વસ્તુ નાશ જન્ય દુઃખ, વિપરીત જ્ઞાનરૂપ મોહ, ભય, નિદ્રા, આળસ, આ તામસ ગુણો માન્યા છે. આ ગુણો પ્રવર્તે ત્યારે જાણવું કે તમોગુણની અધિકતા છે. આ રીતે કાર્યો ઉપરથી તે તે સત્ત્વાદિ ગુણોની અધિકતા સમજી લેવી ॥ ૩૨-૩૪ ॥

यदेतरे जयेत्सत्त्वं धर्मज्ञानादिभाक् तथा ।
यदा रजस्तदा दुःखकर्मविक्षेपभाक् पुमान् ॥ ३५ ॥

यदा तमस्तदा शोकमोहनिद्रादि विन्दते ।
प्रबोध-स्वप्न-निद्राश्च सत्त्वादेः क्रमतो मताः ॥ ३६ ॥

જ્યારે સત્ત્વ ગુણ, રજ તમને જીતે ત્યારે પુરુષ, ધર્મ જ્ઞાનાદિકને ભજનારો થાય-એનામાં આ સદ્ગુણો પ્રવર્તે. જ્યારે રજોગુણ, સત્ત્વ તમને જીતે ત્યારે પુરુષ, દુઃખ, કર્મ અને વિક્ષેપને ભજનારો થાય. એનામાં આ ગુણો પ્રવર્તે. જ્યારે તમ, સત્ત્વ રજને જીતે ત્યારે પુરુષ શોક મોહ નિદ્રા, ઈત્યાદિકને પામે છે. સત્ત્વગુણનો પ્રબોધ, (જ્ઞાન) રજોગુણનો સ્વપ્ન, તમોગુણનો નિદ્રા, આ એક એક ગુણ માન્યો છે ॥ ૩૪-૩૬ ॥

सर्वेन्द्रियाणां मनसः प्रसादोऽसङ्ग एव च ।
अभयं च देहेऽस्मिन् तत्सत्त्वं तत्त्वदर्शनम् ॥ ३७ ॥

नानाक्रियासु वृत्तिश्चाऽशान्तिश्चित्तादिकस्य च ।
अस्वास्थ्यं चैव देहेऽस्मिन् तद्रजो भ्रान्तिदर्शनम् ॥ ३८ ॥

अर्थग्रहासमर्थं च सीदच्चित्तं तमोयुतम् ।
प्रमादालस्यमित्येतत् तमो मोहैकलक्षणम् ॥ ३९ ॥

ચક્ષુરાદિ સમગ્ર ઇન્દ્રિયો અને મનની નિર્મળતા અને વિષયોનો અસંગ અને અભય જ્યારે આ દેહમાં વર્તે તેને સત્ત્વગુણનું પ્રધાનપણું કહેવાય છે અને તે તત્ત્વદર્શનને આપનારો થાય છે **'सत्त्वं यद्ब्रह्मदर्शनम्'** એવી અભિયુક્તિ છે. તત્ત્વભૂત આત્મા-પરમાત્માના દર્શનમાં

ઉપયોગી થાય છે. નાના પ્રકારની ક્રિયાઓમાં પ્રવૃત્તિ અને મન ચિત્તાદિકની અશાંતિ અને અસ્વસ્થપણું આ દેહમાં પ્રવર્તે ત્યારે રજોગુણ પ્રધાન હોય છે, તે ભ્રાન્તિ દર્શનને કરાવનારો થાય છે. એમાં યથાર્થ જ્ઞાન હોતું નથી. વિષયોના ગ્રહણમાં સમર્થ થાય નહિ, ચિત્તમાં ખેદ વર્તતો હોય અને પ્રમાદ આળસ એ દોષો દેહમાં વર્તતા હોય ત્યારે તમોગુણ પ્રધાન હોય છે, તે મોહૈક લક્ષણવાળો છે, એમાં કેવળ મોહજ હોય છે. વિપરીત જ્ઞાનને મોહ કહે છે ॥ ૩૭–૩૯ ॥

ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्था मध्ये तिष्ठन्ति राजसाः ।
जघन्यगुणवृत्तिस्था यान्त्यधस्तामसा जनाः ॥ ४० ॥

सत्त्वोद्रेके मृता यान्ति स्वर्लोकममलं शुभम् ।
नरलोकं रजोवृद्धौ तमोलीनास्तु नारकम् ॥ ४१ ॥

પૂર્વોક્ત પ્રકારે જેઓ સત્ત્વગુણમાં વર્તે છે તે ઊર્ધ્વ લોકને પામે છે. અનુક્રમે સંસાર બન્ધન થકી મોક્ષને પામે છે. જેઓ રજોગુણમાં વર્તે છે તે મધ્યે રહે છે-એટલે જે રજ છે તે સ્વર્ગાદિફળ લાભને કરનાર છે, જેથી રાજસ લોકો ફળસાધનભૂત કર્મને કરીને અને તેનું ફળ સ્વર્ગાદિકને અનુભવીને ફરીથી પાછા આ લોકમાં જન્મ પામીને તેનાં તેજ કર્મોને કરે છે. એ કારણથી મધ્ય લોકમાં રહે છે એમ કહેવામાં આવે છે. એતો પુનરાવૃત્તિરૂપ હોવાથી દુઃખપ્રાયજ છે. જેઓ તમોગુણમાં વર્તનારા છે તેઓ તો ઉત્તરોત્તર કનિષ્ઠ એવી (તમોગુણ વૃત્તિમાં રહેલા હોવાથી) અધોગતિને પામે છે, એટલે અંત્યજપણાને, પછીથી પશુપક્ષ્યાદિ જન્મને, પછીથી કૃમી કીટાદિ જન્મને, પછી સ્થાવર જન્મને, તેથી પણ કનિષ્ઠ ગુલ્મ લતાના જન્મને, તેથી પણ કનિષ્ઠ શિલા કાષ્ઠ લોષ્ટ તૃણાદિભાવને, એમ નીચી નીચી ગતિને પામે છે ॥ અંત સમયે સત્ત્વગુણની વૃદ્ધિ થતાં જેઓ મરણને પામે છે તેઓ અચળ શુભ સ્વર્ગલોકને પામે છે. અંતકાળે અધિક રજોગુણ પ્રવર્તતાં દેહનો ત્યાગ કરનારા છે તે નરલોકને પામે છે અને અંત સમયે તમોગુણની વૃદ્ધિ વર્તતાં મરણ પામે તે તો નારકી લોકોને પામે છે ॥ ૪૦–૪૧ ॥

केवलं तामसं विद्यात् भूतप्रेतादियाजिनम् ।
केवलं राजसं विद्यात् देवतान्तरयाजिनम् ॥ ४२ ॥

सात्त्विकं तु विजानीयात् सर्वात्महरियाजिनम् ।
तमोयुक्तः सात्त्विकस्तु हिंसाद्यैर्हरिसेवकः ॥ ४३ ॥

रजोयुक्तः फलाकाङ्क्षी विज्ञेयो हरिसेवकः ।
मोक्षकाङ्क्षी विशुद्धश्च सात्त्विको हरिसेवकः ॥ ४४ ॥

अनाशी हरिसेवी तु निर्गुणो ब्रह्मभावभाक् ।
सात्त्विकाद्राजसात्सोऽयं तामसाच्च विशिष्यते ॥ ४५ ॥

ભૂત પ્રેતાદિકનું યજન (પૂજન) કરનારાને તામસ જાણવો. અન્ય દેવોનું યજન કરનારાને રાજસ જાણવો અને સર્વાત્મા શ્રીહરિનું યજન કરનારાને સાત્ત્વિક જાણવો. હિંસાદિકે કરીને શ્રીહરિને સેવનારો તે તમો-યુક્ત સાત્ત્વિક સમજવો. ફળની ઇચ્છાથી શ્રીહરિને સેવનારો તે રજોયુકત હરિસેવક સમજવો. મોક્ષની આકાંક્ષાવાળો હોઇને જે વિશુદ્ધ છે તે હરિ-સેવકને સાત્ત્વિક સમજવો ॥ જે કોઇપિણ ફળની ઇચ્છા નહિ રાખીને શ્રીહરિની સેવા કરનારો છે તે નિર્ગુણ હોઈને બ્રહ્મભાવને પામનારો થાય છે ॥ આ તો સાત્ત્વિક રાજસ તામસ થકી વિશિષ્ટ માન્યો છે. એની સર્વ થકી શ્રેષ્ઠતા છે ॥ ૪૨-૪૫ ॥

तामसो रावणो ज्ञेयः कुम्भकर्णश्च राजसः ।
विभीषणः सात्त्विकश्च लक्ष्मणादिस्तु निर्गुणः ॥ ४६ ॥

धार्तराष्ट्रास्तामसाश्च द्रोणाद्या राजसास्तथा ।
सात्त्विका फाल्गुनाद्यास्तु निर्गुणा गोपिका मताः ॥ ४७ ॥

લૌકિક ઉદાહરણથી ગુણભેદ અને ફળભેદને સમજાવે છે. રાવણને તામસ જાણવો. તેના ભાઈ કુંભકર્ણને રાજસ જાણવો, વિભીષણને સાત્ત્વિક સમજવો અને લક્ષ્મણજી આદિકને નિર્ગુણ સમજવા ॥ ધૃતરાષ્ટ્રપુત્ર દુર્યોધનાદિકને તામસ. જાણવા દ્રોણાચાર્ય આદિકને રાજસ જાણવા, અર્જુન આદિકને સાત્ત્વિક જાણવા અને અનન્ય ભકત ગોપિકાઓને નિર્ગુણ જાણવી ॥ ૪૬-૪૭ ॥

सात्त्विकानां फलं शुद्धं ज्ञेयं शान्तिसुखं परम् ।
राजसानां फलं दुःखं तामसानामधोगतिः ॥ ४८ ॥
सत्त्वादीनां समुद्रेको देहिनां पूर्वकर्मतः ।
वर्तमानक्रियायोगादाहारात्त्रिविधादपि ॥ ४९ ॥

સાત્ત્વિકોને જે ફળ મળે છે તે શુદ્ધ હોઇને પરમ શાંતિ સુખને આપનારૂં થાય છે. રાજસોને જે ફળ તે કેવળ દુઃખરૂપ મળે છે અને તામસોને તો અધોગતિરૂપ અનિષ્ટ ફળ મળે છે ॥ દેહિઓમાં સત્ત્વાદિ ગુણોની જે અધિકતા થાય છે તે કાં તો પૂર્વ કર્મોને લીધે, કાં તો વર્તમાન ક્રિયા યોગને લીધે અને અથવા ત્રણ પ્રકારના આહારના સેવનથી થાય છે. એમ ત્રણ કારણો કહ્યાં છે ॥ ૪૮–૪૯ ॥

पथ्यं पूतमनायस्तमाहार्यं सात्त्विकं मतम् ।
राजसं चेन्द्रियप्रेष्ठं तामसं त्वार्तिदाशुचि ॥ ५० ॥
जात्यादिभिरदुष्टं तु सात्त्विकं हरयेऽर्पितम् ।
अनिन्दितं तु भुञ्जानो निस्त्रैगुण्यो भवेत् पुमान् ॥ ५१ ॥

પથ્ય (પચે એવું) પવિત્ર અને અનાયાસથી મળેલું એવું જે જમવાનું તે સાત્ત્વિક (સત્ત્વગુણ વર્ધક) માન્યું છે. કેવળ ઇન્દ્રિયને પ્રિય લાગે તે રાજસ માન્યું છે. અને ખાધા પછી પીડા કરનારૂં અને જે અપવિત્ર હોય તે તામસ માન્યું છે. આવો ભોજ્યમાં ભેદ માન્યો છે. જે જન જાતિ (ડુંગરી આદિક) આશ્રય (ચાંડાળાદિક) અને નિમિત્તથી દુષિત નહિ અને ભગવાનને અર્પણ કરેલા અને લોકમાં નિંદિત નહિ એવા સાત્ત્વિક આહારને કરે છે તે પુરુષ ત્રણ ગુણે રહિત મનાય છે. તેનામાં ગુણનું કાર્ય નથી રહેતું ॥ ૫૦-૫૧ ॥

अनिन्दितं निजं कर्म हर्यर्पणधियाऽऽचरन् ।
भजमानो हरिं शश्वत श्रवणादिभिरादरात् ॥५२ ॥

भक्तिमात्यन्तिकीं तस्य निर्व्याजां फलवेषतः ।
कुर्वाणस्तत्प्रसादात्तु मुच्यते गुणबन्धनैः ॥ ५३ ॥

ભવ બંધનમાંથી કોણ મુક્ત થાય છે તો જે મુમુક્ષુ, લોકમાં નિંદિત નહિ એવાં પોતાનાં વર્ણાશ્રમાનુબન્ધી કર્મોને શ્રીકૃષ્ણાર્પણ બુદ્ધિથી કરે છે અને શ્રવણાદિ નવવિધ ભક્તિએ કરીને ભગવાનને આદરથી ભજે છે અને ફળાનુસંધાન વિના નિષ્કપટ આત્યંતિકી ભક્તિને કરે છે તો ભગવાનની પ્રસન્નતા થતાં ભવબંધનમાંથી મુકાય છે. એમાં આજ એક સારો સુકર ઉપાય છે ॥ ૫૨-૫૩ ॥

रजस्तमश्चाभिजयेत्सत्त्वसंसेवया पुमान् ।
सत्त्वं चाभिजयेद्युक्तो नैरपेक्ष्येण शान्तधीः ॥ ५४ ॥

मायिकैर्गुणसङ्गैस्तु पुमान् वै निर्गुणः शुचिः ।
सज्जमानो निबध्येत कर्मभिस्तु शुभाशुभैः ॥ ५५ ॥

મુમુક્ષુ પુરુષે સત્ત્વગુણના સમ્યક્ સેવનથી રજ ઉપર જય મેળવવો. એ બે ગુણોને પાછા પાડવા. એના વશમાં વર્તવું નહિ. એમ કરીને સંપાદેલા સત્ત્વગુણને પણ શાંત બુદ્ધિથી નિરપેક્ષતાથી (કશી અપેક્ષા રાખવી નહિ) જીતવો. નિર્ગુણ અને પવિત્ર એવો પણ પુરુષ, માયિક વિષયોનો સંબન્ધ કરતાં તેમાં આસક્ત થઈને શુભાશુભ કર્મોના બંધનમાં અવશ્ય આવી જાય છે, માટે માયિક સંગનો ત્યાગ કરે ॥ ૫૪-૫૫ ॥

प्रोक्तं संसरणं ह्येतद्गुणकर्मनिबन्धनम् ।
गुणान् विजित्य शान्तात्मा समत्येति हरिं भजन् ॥ ५६ ॥

निर्गुणं परमात्मानं भजन्ते ये दृढव्रताः ।
तान्निर्गुणांस्तु मायेयं न बध्नाति गुणैः स्वकैः ॥ ५७ ॥

ઉપર જે જન્મ મરણરૂપ સંસરણ વર્ણવ્યું તે ગુણ-કર્મ નિબન્ધન છે. ખરૂં કારણ પોતાના ગુણો અને કર્મોજ છે. મૂળભૂત ગુણોને જીતીને શાંતાત્મા થઈને જે ભગવાનને ભજે છે તે ગુણોને ઉલ્લંઘન કરી જાય છે ॥ જે મુમુક્ષુઓ દઢ વ્રતધારી થઈને નિર્ગુણ પરમાત્માને ભજે છે

તેઓ નિર્ગુણ થાય છે, તેઓને આ ત્રિગુણા માયા પોતાના ગુણોએ કરીને બંધન કરી શકતી નથી. આ અર્થ **'मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते'** આ ગીતાવાક્યમાં વ્યક્ત છે ॥ શિક્ષાપત્રીમાં પણ **'प्रोक्तास्ते निर्गुणा भक्ताः'** આ શ્લોકથી સ્પષ્ટ કહ્યું છે ॥ ૫૬-૫૭ ॥

यथाऽमृताशिनां सर्पो मृत्युभीतिकरो न हि ।
तथा हरिं प्रपन्नानां न माया मृत्युभीतिदा ॥ ५८ ॥

न मायालङ्घनोपायः सम्यङ्ङन्यस्तु विद्यते ।
जनार्दनस्य देवस्य मुकुन्दस्याश्रयं विना ॥ ५९ ॥

જેમ જેઓ અમૃતને જમનારા છે તેઓને સર્પ, મરણભયને કરી શકતો નથી તેમ જ અમૃતમૂર્તિ શ્રીહરિના શરણને પામેલાઓને આ માયા મૃત્યુભયને કરી શકતી નથી. દુસ્તર માયા તરવાનો બીજો કોઈ સુકર સમ્યક્ ઉપાય છે જ નહિ. ભજનારા જનોની પીડાને હરનારા હોવાથી જનાર્દન નામથી નિર્દેશેલા અને મોક્ષને આપનારા હોવાથી મુકુંદ નામથી વ્યપદેશેલા એવા દેવાધિદેવ ભગવાન જ એક સમર્થ છે. તે વિના બીજો કોઈ ઉપાય નથી. આ અર્થ **मामेकं शरणं व्रज । अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः'** આ વચનથી શ્રીમુખે કહ્યો છે ॥ ૫૮-૫૯ ॥

प्रधानजीवात्मपतिं गुणेशं संसारबन्धस्थितिमोक्षकारणम् ।
हरिं प्रपद्येत गुणार्दितो भृशं त्वभक्तभीदं निजभक्तभीहरम् ॥६०॥

इति श्रीमदाध्यात्मिकतत्त्वाख्याने मुनिगण-शतानन्दस्वामिसंवादे ज्ञानप्रकरणे मायिकगुणत्रयप्रपञ्चननामा सप्तदशोऽध्यायः ॥ १७ ॥

ઉપર વર્ણવેલા માયાગુણોએ કરીને અપાર પીડા પામેલો પુરુષ, માયા અને જીવાત્માઓના પતિ અને કારુણ્યાદિ ગુણોએ પૂર્ણ અને સંસારમાં બંધન અને મોક્ષને કરનારા અને અભક્તોને ભય આપનારા અને સ્વભક્તોના ભયને હરનારા એવા શ્રીહરિના શરણને પામે-એમનું જ એક શરણ સ્વીકારી રહે ॥ ૬૦ ॥

ઇતિશ્રી ...શાસ્ત્રી હરિજીવનદાસકૃત ગુર્જરાનુવાદે સત્તરમોઽધ્યાયઃ ॥ ૧૭ ॥

अष्टादशोऽध्यायः ।

शतानन्दमुनिरुवाच—

मायागुणविभागोऽयं भवद्भ्यः परिकीर्तित ।
मायाकार्यविभागोऽथ वर्ण्यते शास्त्रवर्णितः ॥ १ ॥

શતાનંદમુનિ કહે છે—હે મુનિઓ પૂર્વોક્ત પ્રકારે માયાના બંધક સત્ત્વાદિ ગુણોનો વિભાગ તમોને મેં કહ્યો. હવે માયાનાં કાર્યોનો જે વિભાગ શાસ્ત્રવર્ણિત છે તે તમો જીજ્ઞાસુઓને કહું છું ॥ ૧ ॥

माया प्रकृतिरित्युक्ता मायी तु परमेश्वरः ।
विश्वं सृजति मायातः परमात्मा सनातनः ॥ २ ॥

व्यक्तेष्वव्यक्ततापन्नेष्वप्यये सूक्ष्मरूपिणी ।
मायान्तर्गतजीवौघा लीयतेऽक्षरतेजसि ॥ ३ ॥

स्थूलावस्थाप्रहाणाच्चाव्यक्तत्वाल्लय उच्यते ।
न तु स्वरूपनाशोऽस्या नित्यत्वात्पुरुषस्य च ॥ ४ ॥

માયા શબ્દથી પ્રકૃતિ કહી છે. તેણીના અધિષ્ઠાતા હોવથી **માયી** શબ્દથી નિરૂપેલા જે પરમેશ્વર સનાતન પરમાત્મા તે તે માયાથી વિચિત્ર આ વિશ્વને સર્જે છે. આ બાબત, "**अस्मान्मायी सृजते विश्वमेतत् तस्मिंश्चान्यो मायाया सन्निरुद्धः । 'मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम् ॥'** આ શ્રુતિમાં સ્પષ્ટ છે ॥ પ્રલય વેળાએ મહદાદિ વ્યક્ત (સ્થૂલ) તત્ત્વો અવ્યક્ત (સૂક્ષ્મ) પણાને પામી જતાં માયા મૂળ સૂક્ષ્મ રૂપમાં રહે છે. જેમાં કોઈ પણ વિકાર ભાવ હોતો નથી. તે સમયે જેમાં જીવસમૂહો લીન છે એવી માયાને અક્ષર બ્રહ્મના તેજમાં (ચિદાકાશમાં) લીન થઇ જાય છે. કોઇનું નામ કે રૂપ હોતું નથી. સ્થૂલ (કાર્ય) અવસ્થાનો વિલોપ થતાં બધાં તત્ત્વો અવ્યક્ત (સૂક્ષ્મ) ભાવને પામી જાય એનેજ **લય** કહેવામાં આવે છે.

જેમાં નામ રૂપનો અભાવ એ સૂક્ષ્મા અવસ્થા અને જેમાં નામ રૂપનો ભાવ એ સ્થૂલાવસ્થા કહી છે. પરંતુ માયા અને પુરુષવર્ગનો સ્વરૂપથી નાશ થતો નથી. કેમકે '**पुरुषं प्रकृतिं चैव विद्ध्यमनादी उभावपि**'' એમ બન્નેની નિત્યતા ગીતામાં નિરૂપી છે. નિત્ય કહો કે અનાદિ કહો બન્ને એકાર્થ છે. ॥ ૨–૪ ॥

तदा तु भगवानेकः श्रीकृष्णः पुरुषोत्तमः ।
परमात्मा परंब्रह्म विष्णुर्नारायणोऽच्युतः ॥ ५ ॥
ज्योतीरूपोऽक्षरातीतोऽक्षरात्मा च परः पुमान् ।
हरिर्जनार्दनः श्रीमानास धाम्न्यक्षरे प्रभुः ॥ ६ ॥
नित्यैर्मुक्तैश्च संसेव्यमानो दिव्योपचारकैः ।
स्वात्मानन्देन सन्तृप्तो निस्तरङ्गार्णवोपमः ॥ ७ ॥

'**अव्यक्तमक्षरे लीयते अक्षरं तमसि लीयते तमः परे देवे एकीभवति**' આ શ્રુતિમાં વર્ણવ્યા પ્રમાણે આત્યંતિક પ્રલયવેળાએ '**सदेव सोम्येदमग्र आसीत्**' '**नारायण एवाग्र आसीत्**' આ શ્રુતિમાં નિરૂપ્યા પ્રમાણે એક શ્રીકૃષ્ણ પુરુષોત્તમ ભગવાન જ હતા તે જગત્કારણ ભગવાનને પરંબ્રહ્મ, પરમાત્મા, વિષ્ણુ, નારાયણ, અચ્યુત, જ્યોતિરૂપ, અક્ષરાતીત, અક્ષરાત્મા, પરમપુરુષ, હરિ, જનાર્દન, ઇત્યાદિ સાર્થક બહુ નામોથી શ્રુતિ–સ્મૃતિમાં નિરૂપ્યા છે. આવા મહાપ્રભુ ભગવાન્ પ્રિયા લક્ષ્મીજી સાથે અક્ષર ધામમાં દિવ્ય રૂપથી સદા વિરાજમાન હોઈને નિત્યમુક્તોએ દિવ્ય ઉપચારો–છડી છત્ર ચામરાદિક કરીને સારી રીતે સદા સેવાતા થકા, જાણે તરંગ વિનાનો સાગર હોય એમ કેવળ સ્વાત્માનંદથી સંતૃપ્ત રહ્યા હતા. કશી ઉપાધિ ન હતી. ॥ ૫–૭॥

दुर्ज्ञेयाऽन्यैस्तदा माया सह पुंसा परात्मना ।
वेद्या त्वास्ते तनुस्तस्य तमो मृत्युरिति श्रुता ॥ ८ ॥
परिणामस्वभावत्वात् तदा सदृशविक्रिया ।
साम्यावस्थगुणा सेयं द्विपरार्धं तु तिष्ठति ॥ ९ ॥

પ્રલયવેળાએ પુરુષસહિત આ માયા અન્ય કોઈએ ન જાણી શકાય એવી હતી. ફક્ત એક પરમાત્માએ જ જાણી શકાય એવી હતી, તે વખતે પરમાત્માના શરીરભૂત એવી માયા તમ, મૃત્યુ એવા નામથી નિર્દેશાય છે. પરિણામ પામવાનો સ્વભાવ હોવાથી સદા સદશ વિકારોને જ ઉપજાવતી આ માયા, પોતાના ગુણોની સામ્યાવસ્થાથી (ન્યૂન અધિક નહિ) વિના સૃષ્ટિ, દ્વિપારાર્ધ કાળ સુધી રહે છે ॥ ૮-૯ ॥

परमात्मा वासुदेवः श्रीकृष्णश्चेश्वरेश्वरः ।
स्वकृतं कालनियमं स्वानन्दस्थः समीक्षते ॥ १० ॥

द्विपरार्धावसाने च सिसृक्षुर्भगवान् हरिः ।
नानादेवादिभावेन विहर्तुं मतिमादधे ॥ ११ ॥

અક્ષર ધામમાં દિવ્ય રૂપથી નિત્યમુક્તો સાથે વિરાજમાન એવા ઇશ્વરેશ્વર પરમાત્મા વાસુદેવ શ્રીકૃષ્ણ ભગવાન પોતે કરેલા કાલ નિયમને પાળતા થકા સ્વાનંદમાં રહીને સૃષ્ટિ કાળની રાહ જોઈ રહે છે. દ્વિપરાર્ધનો અંત આવતાં સર્જવાની ઇચ્છાવાળા ભગવાન્ શ્રીહરિએ નાનાવિધ દેવાદિભાવથી વિહાર કરવાની મતિ કરી-સંકલ્પ કર્યો ॥ ૧૦-૧૧ ॥

ज्ञानानन्दस्वभावांश्च जडप्रायानवेक्ष्य सः ।
जीवानुद्धर्तुकामस्तु मायामग्नान् कृपावशः ॥१२॥

યદ્યપિ જીવો જ્ઞાનાનંદસ્વભાવવાળા છે, પરંતુ માયામાં મગ્ન થતાં જડપ્રાય થએલા જોઇને, પરમાત્માએ કૃપાવશાત તેઓનો ઉદ્ધાર કરવાની ઇચ્છા કરી ॥ ૧૨ ॥

लीनां मायां पुमांसं च प्राबोधयदवेक्षणात् ।
प्राक्षोभयत्कालशक्त्या तां चाऽऽविश्याक्षरात्मना ॥ १३ ॥

प्रोच्यतेऽयं महाकालो महापुरुष एव च ।
जीवो नरस्तथा ब्रह्माक्षरं पुरुष इत्यपि ॥ १४ ॥

अक्षरो मूलपुरुषः कूटस्थ इति नामभिः ।
अप्रमेयश्चाविकारः प्रोक्तोऽयं प्रकृतेः परः ॥ १५ ॥

પ્રલયવેળાએ લીન જેવી જણાતી માયા અને પુરુષને વાસુદેવે ઈક્ષિણમાત્રથી જગાડી અને કાળ શક્તિએ કરીને તે અક્ષર પુરુષ દ્વારા માયામાં પ્રવેશ કરીને તેને ક્ષોભ પમાડી. દ્વારભૂત પુરુષને મહાકાલ, મહાપુરુષ, જીવ, નર, અક્ષર બ્રહ્મ, પુરુષ, અક્ષર, મૂળ પુરુષ, કૂટસ્થ, ઈત્યાદિ અનેક નામોએ કરીને તેતે શાસ્ત્રમાં યથેચ્છ કહેવામાં આવે છે, એને અપ્રમેય અવિકાર અને પ્રકૃતિને આધીન નહિ હોવાથી પ્રકૃતિથી પર કહ્યો છે. પ્રકૃતિના સંસર્ગમાં રહેવા છતાં સદા અલિપ્ત રહેતો હોવાથી એને કૂટસ્થ કહ્યો છે. ઈક્ષિણ કહ્યું તે સંકલ્પ રૂપનું સમજવું. જે પ્રબોધ (જાગવું) કહ્યો તે સર્ગની અભિમુખતાને અનુગુણ સ્થિતિ સમજવી ॥ ૧૩-૧૫ ॥

हरीच्छया जगत्सृष्टिकर्ताऽयं हर्यधिष्ठितः ।
मन्तव्योऽयं तत्त्वविद्भिर्व्यूहसङ्कर्षणांशकः ॥ १६ ॥

क्षोभिता कालपुंसा सा वासुदेवेच्छया तदा ।
माया व्यक्तिमनुप्राप्ता जीववर्गेण गर्भिता ॥ १७ ॥

पुंसमष्टियुता सेयं श्रूयतेऽक्षरमित्यपि ।
कार्योन्मुखेयमव्यक्तं प्रधानमिति च श्रुता ॥ १८ ॥

શ્રીહરિની ઈચ્છાથી જગત્સૃષ્ટિને કરનારો આ મહાપુરુષ, શ્રીહરિના અધિષ્ઠાનવાળો હોઈને ચતુર્વ્યૂહમાં ગણાતા સંકર્ષણના અંશભૂત છે એમ તત્ત્વજ્ઞોએ માનવા યોગ્ય છે ॥ કાળપુરુષે ક્ષોભ (ત્રણ ગુણોના ઉદ્ભવ અભિભવરૂપ) પમાડેલી આ માયા વાસુદેવની ઈચ્છાથી તે સમયમાં વ્યક્તિપણાને પામી. તે સમયે જીવસમૂહો તેમાં ગર્ભિત હતા ॥ પુરુષ સમષ્ટિએ યુક્ત એવી આ માયાને '**अव्यक्तमक्षरे लीयते अक्षरं तमसि लीयते**' આ શ્રુતિમાં નિરૂપ્યા પ્રમાણે **અક્ષર** શબ્દથી પણ કહી છે. જગત્સૃષ્ટિ રૂપ કાર્યને અભિમુખ એવી એ જ માયાને અવ્યક્ત અને પ્રધાન શબ્દથી પણ કહે છે. '**अव्यक्तमक्षरे लीयते**' આ શ્રુતિમાં પ્રકૃતિની સૂક્ષ્માતિસૂક્ષ્મ અવસ્થાના ભેદથી ચાર અવસ્થાઓ કહી છે ॥ ૧૬-૧૮ ॥

मूलपुंसाऽधिष्ठिता सा पुंसमष्टियुता त्वथ ।
नानाप्रधानपुरुषान् ससर्ज हरिवीक्षणात् ॥ १९ ॥
नानाप्रधानपुरुषैर्नानाब्रह्माण्डकोटयः ।
जायन्त इति तत्त्वज्ञा वर्णयन्ति महर्षयः ॥ २० ॥
हरीच्छयैव सम्भूता ब्रह्माण्डानां च कोटयः ।
कथ्यते तत्र चैकस्य ब्रह्माण्डस्य जनिक्रमः ॥ २१ ॥

મૂળ પુરુષના અધિષ્ઠાનવાળી આ માયા કે જેમાં પુરુષસમષ્ટિ અવ્યક્તપણે રહી છે એવી માયા શ્રીહરિના સંકલ્પરૂપ વીક્ષણથી અનેક પ્રધાન પુરુષોને સર્જે છે ॥ અનેક પ્રધાન પુરુષોના યોગથી બ્રહ્માંડોની કોટિઓ ઉપજે છે એમ તત્ત્વજ્ઞ મહાર્ષિઓ વર્ણવે છે. માયા અનેક પ્રધાન પુરુષોને સર્જે છે એ પ્રધાન પુરુષો અસંખ્યાત બ્રહ્માંડોને સર્જે છે ॥ આમાં મૂળ કારણ શ્રીહરિની ઇચ્છા છે. એમની ઇચ્છાથી આ બધુ વિવિધ વિચિત્ર બને છે ॥ આ રીતે હરિની ઇચ્છાથી અનંતકોટિ બ્રહ્માંડો ઉપજે છે તેમાંથી એક બ્રહ્માંડની ઉત્પત્તિનો ક્રમ કહે છે–તે પ્રમાણે બીજાં બ્રહ્માંડો પણ જાણી લેવાં ॥ ૧૯–૨૧ ॥

समत्रिगुणमव्यक्तं प्रधानं कार्यसन्मुखम् ।
ईश्वरस्य वपुः प्रोक्तमाद्यमव्याकृताभिधम् ॥ २२ ॥
प्रधानपुरुषः प्रोक्तः प्रतिब्रह्माण्डकं तु यः ।
अनादिनिधनो देव ईश्वरेशः स च स्मृतः ॥ २३ ॥
प्रद्युम्नव्यूहकांशोऽयं मन्तव्यः शास्त्रदृष्टिभिः ।
सगुणब्रह्मसंज्ञोऽसौ सिसृक्षुः पुरुषो जगत् ॥ २४ ॥
कालं कर्म स्वभावं च प्राप्नोत्यादौ हरीच्छया ।
पुरुषाधिष्ठितेनाथ प्रधाने त्रिगुणात्मके ॥ २५ ॥
प्राप्नुवन्ति गुणाः क्षोभं कालेनैवादितस्त्रयः ।
स्वभावात्परिणामोऽथ वर्तते कर्मणो जनिः ॥ २६ ॥

જેમાં ત્રણ ગુણો સમ (ન્યૂનાધિક નહિ) છે એવું અવ્યક્ત જ્યારે

કાર્યને સન્મુખ થાય છે ત્યારે જે પ્રધાન કહેવાય છે તે અવ્યાકૃત નામનું ઈશ્વરનું પ્રથમ શરીર કહેવાય છે ॥ પ્રત્યેક બ્રહ્માંડમાં જે પ્રધાન પુરુષને કહ્યા છે તે અનાદિનિધન (સ્વરૂપથી આદિ અને અંત વર્જીત) છે તે આ દેવ, વૈરાજાદિ ઈશ્વરોના ઈશ કહ્યા છે ॥ શાસ્ત્ર દૃષ્ટિએ તો એમને પ્રદ્યુમ્ન નામના જે વ્યૂહ તેના અંશ છે એમ માનવા જોઈએ ॥ સત્ત્વ રજ તમ આ ત્રણ ગુણોનો ક્ષોભક હોવાથી સગુણ બ્રહ્મ સંજ્ઞાથી કહેલો તે આ પુરુષ, જગતને સર્જવાની ઈચ્છા થતાં ભગવાનની ઈચ્છાથી પ્રથમ કાળ, કર્મ અને સ્વભાવને સર્ગના ઉપકરણપણે પામે છે. અનંતર પુરુષના અધિષ્ઠાનવાળા એવા કાળે કરીને ત્રિગુણાત્મક પ્રધાનમાં પ્રથમ ત્રણ ગુણો ક્ષોભને પામે છે. ઉદ્ભવ-અભિભવને ક્ષોભ કહે છે. અનંતર સ્વભાવ શક્તિથી પરિણામ (અવસ્થાંતરની પ્રાપ્તિ) થાય છે અને પછી કર્મ શક્તિથી જન્મ (કાર્યની ઉત્પતિ) થાય છે. એમ કાળ કર્મ અને સ્વભાવ શક્તિને પામે છે ॥ ૨૨-૨૬ ॥

प्रोद्भूतसत्त्वमव्यक्तं हरिसङ्कल्पतस्तदा ।
प्रासूयत महात्तत्त्वं कूटस्थं जगदङ्कुरम् ॥ २७ ॥
सत्त्वोद्रिक्तं विशुद्धं च शान्तं भगवतः पदम् ।
सूत्रमित्युच्यते चेदं सर्वकार्यविधारणात् ॥ २८ ॥
वृत्तिरध्यवसायाख्या कृत्याकृत्यादिके तथा ।
परावरात्मतत्त्वे च चित्तस्यैतदनुग्रहात् ॥ २९ ॥

જેમાં ઉદ્ભૂત સત્ત્વ છે એવું અવ્યક્ત તે સમયે શ્રી હરિના સંકલ્પથી મહત્તત્ત્વને પ્રસવે છે, સર્વ વિકારોને અનુગુણ સાધારણ અવસ્થાના યોગને લીધે તેને કૂટસ્થ કહે છે. એને ભાવિ જગતના અંકુરરૂપ કહ્યું છે. એમાં સત્ત્વગુણની અધિકતા વર્તે છે માટે જ વિશુદ્ધ છે. રાગ દ્વેષાદિ તરંગોનું સ્થાન ન હોવાથી શાંત અને ભગવાન્ વાસુદેવના સાક્ષાતકારના આસ્પદભૂત છે, સર્વ કાર્યોને ધારી રાખનાર હોવાથી એને **સૂત્ર** તરીકે પણ કહે છે. કૃત્ય અકૃત્ય આદિકમાં તેમજ પર અપર તત્ત્વમાં ચિત્તની અધ્યવસાયરૂપ જે વૃત્તિ પ્રવર્તે છે તે પણ મહત્તત્ત્વના અનુગ્રહથી પ્રવર્તે છે ॥ ૨૭-૨૯ ॥

माया-काल-स्वभावैश्च हरीच्छातो विकुर्वतः ।
महतस्तम उद्रेकादहङ्कारो व्यजायत ॥ ३० ॥

सात्त्विको राजसश्चैव तामसश्चेति स त्रिधा ।
वैकारिकस्तैजसश्च भूतादिरिति विश्रुतः ॥ ३१ ॥

માયા કાળ અને સ્વભાવ આ શક્તિઓએ કરીને હરીચ્છાથી વિકારને પામતા, જેમાં તમની અધિકતા વર્તે છે એવા મહત્તત્ત્વથકી અહંકાર ઉત્પન્ન થયો. આને સાત્ત્વિક રાજસ અને તામસ, એમ ત્રણ પ્રકારનો કહ્યો છે. તેમજ વૈકારિક (સાત્ત્વિક) તૈજસ (રાજસ) અને ભૂતાદિ (તામસ) એવા નામથી પણ કહ્યો છે ॥ ૩૦-૩૧ ॥

ज्ञानशक्तिः क्रियाशक्तिर्द्रव्यशक्तिः क्रमादयम् ।
जीवस्य निजदेहेषु तथा तदनुबन्धिषु ॥ ३२ ॥
अहन्ताममतामानकरः सोऽयं मतो बुधैः ।
अभिमानाख्यवृत्त्याऽयं चेतसः सूक्ष्म ईयते ॥ ३३ ॥

ત્રણમાં જે સાત્ત્વિક છે તે જ્ઞાનશક્તિવાળો છે. જે ચક્ષુરાદિ ઇન્દ્રિયો છે તે તેના તેના દેવો વડે તે તે ક્રિયામાં શક્ત થાય છે માટે જ્ઞાનમાં કારણ દેવો હોવાથી દેવો **જ્ઞાન** કહેવાય. તે જ્ઞાનશબ્દ વાચ્ય ઇન્દ્રિયોના દેવતાઓને ઉત્પન્ન કરવાની શક્તિ જેની છે એવો છે. 'સાત્ત્વિક અહંકાર થકી દેવો થાય છે.' એવી સ્મૃતિ છે.જે રાજસ છે તે ક્રિયા શક્તિવાળો છે. એટલે રજનો ચલગ સ્વભાવ છે. અથવા વાગાદિ દશ ઇન્દ્રિયોનું કારણ છે. માટે ક્રિયા શક્તિવાળો કહ્યો છે. જે તામસ છે તે તો તન્માત્રા અને ભૂતોનો આદિ-કારણ હોવાથી દ્રવ્ય શક્તિવાળો કહ્યો છે. એવો આ અહંકાર, જીવોને પોતાના દેહોમાં અને તેની સાથે સંબન્ધ ધરાવનારા સ્ત્રી-પુત્ર, ધન આદિકમાં અહંતા મમતા-માનને કરાવનારો બુધજનોએ માન્યો છે. ચિત્તની અભિમાન નામની વૃત્તિને લીધે તે બહુ સૂક્ષ્મ હોવા થતાં જણાય છે. ॥ ૩૨-૩૩ ॥

त्रिविधोऽयमहङ्कारस्तत्त्वेन महता सह ।
सूत्रामिधं द्वितीयं च वपुरीशस्य कथ्यते ॥ ३४ ॥
सर्वेषामपि जीवानां शरीरे सूक्ष्म-लिङ्गके ।
पञ्चभूतानि चाप्यत्र बीजे वृक्षा इवाभवन् ॥ ३५ ॥
ईश्वरोऽव्याकृतात्मा च वपुषो योगतोऽस्य तु ।
हिरण्यगर्भ इत्याख्यां द्वितीयां विन्दते पुनः ॥ ३६ ॥

આ ત્રણ પ્રકારનો અહંકાર અને મહતત્ત્વ, આ બન્ને ઈશ્વરનું સૂત્ર સંજ્ઞિત બીજું શરીર કહ્યું છે. એમાં સર્વ કોઈ જીવોનાં સૂક્ષ્મ અને કારણ જે શરીરો છે તે તથા પાંચ ભૂતો પણ બીજમાં જેમ વૃક્ષ રહ્યાં છે તેમ રહ્યાં છે ॥ અવ્યાકૃત શરીરાભિમાની જે ઇશ્વર, તે આ સૂત્રાત્મ શરીરના સંબન્ધથી હિરણ્યગર્ભ એવી બીજી સંજ્ઞાને ફરીથી પામે છે ॥ ૩૪-૩૬ ॥

भूतादेश्च विकुर्वाणाद्भगवद्वीर्यचोदितात् ।
तैजसेनानुगृहीताच्छब्दतन्मात्रकं त्वभूत् ॥ ३७ ॥
यथा दुग्धस्य भवति दधिभावमुपेयुषः ।
मध्यमा कलिलावस्था तन्मात्रकमिदं तथा ॥ ३८ ॥
सुसूक्ष्मोस्त्यत्र वै शब्दो नेन्द्रियग्राह्य इष्यते ।
शान्तत्वादिविशेषैस्तु शून्यस्तन्मात्रकं ततः ॥ ३९ ॥

ભગવાનના સંકલ્પ રૂપ વીર્યે પ્રેરેલા હોઈને વિકારને પામતા અને રાજસ અહંકારે સહકારને આપેલા એવા તામસ અહંકાર થકી શબ્દ તન્માત્રા પ્રકટ થઈ ॥ જેમ દૂધનું દહીં થતા પહેલાંની જે મધ્યે કલિલ અવસ્થા (દૂધ નહિ તેમ દહીં પણ નહિ એવી) છે તેવી તન્માત્રા જાણવી. આ અવસ્થામાં અત્યંત સૂક્ષ્મપણે શબ્દ રહ્યો છે પણ તે ઇન્દ્રિય વડે ગ્રાહ્ય થતો નથી ॥ શાંતપણું વિગેરે વિશેષોએ કરીને તે શૂન્ય છે. માટે તેને **તન્માત્રા** કહે છે ॥ ૩૭-૩૯ ॥

शब्दमात्रान्महाभूतमाद्यं खं समपद्यत ।
आकाशात्स्पर्शतन्मात्रं तस्माद्वायुः प्रजायते ॥ ४० ॥
वायोश्च रूपतन्मात्रं तस्मात्तेजः प्रजायते ।
तेजसो रसतन्मात्रं जलं तस्मात्प्रजायते ॥ ४१ ॥
जलतो गन्धतन्मात्रं पृथ्वी तस्मात्प्रजायते ।
भूतेषूक्ता गुणा ग्राह्याः शब्दाद्याः सविशेषकाः ॥ ४२ ॥

શબ્દ તન્માત્રા થકી પ્રથમ મહાભૂત રૂપ **આકાશ** ઉત્પન્ન થયું. આકાશ થકી સ્પર્શ તન્માત્રા ઉત્પન્ન થઈ. તે થકી **વાયુ** ઉત્પન્ન થયો. વાયુ થકી રૂપ તન્માત્રા ઉત્પન્ન થઈ તે થકી **તેજ** ઉત્પન્ન થયું. તેજ થકી રસ તન્માત્રા ઉત્પન્ન થઈ. તે થકી **જળ** ઉત્પન્ન થયું. જળ થકી

ગંધ તન્માત્રા ઉત્પન્ન થઈ. તે થકી પૃથ્વી પ્રકટ થઈ. એમ એકએક તન્માત્રા થકી એકએક ભૂતો અનુક્રમે ઉત્પન્ન થયાં. તે તે ભૂતોને વિષે જે શબ્દાદિ ગુણો કહ્યા છે તે વિશેષ ગુણોએ સહિત સમજવા ॥ ૪૦–૪૨ ॥

प्रोक्तमेकगुणं खं तु शब्दस्पर्शगुणो मरुत् ।
ताभ्यां रूपेण युक्तं च तेजस्तैरन्वितं तथा ॥ ४३ ॥
रसेन च जलं प्रोक्तं पृथ्वी पञ्चगुणा मता ।
रूपवद्व्योम चाभाति पञ्चीकरणतः पुनः ॥ ४४ ॥

આકાશમાં શબ્દ એક જ ગુણ છે. વાયુમાં શબ્દ અને સ્પર્શ આ બે ગુણો છે. તેજમાં શબ્દ સ્પર્શ અને રૂપ આ ત્રણ ગુણો છે. જળમાં શબ્દ સ્પર્શ રૂપ રસ, આ ચાર ગુણો છે. પૃથ્વીમાં શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ આ પાંચ ગુણો વર્તે છે. આકાશમાં જે રૂપ ગુણ જણાય છે તે તો પંચીકરણને લીધે જણાય છે. અસાધારણ ગુણ તો શબ્દ છે ॥ ૪૩–૪૪ ॥

तस्मात्तस्माच्च तन्मात्रात्तत्तद्भूतं प्रचक्षते ।
उत्तरोत्तरतन्मात्रमपि जातं तु केचन ॥ ४५ ॥
सात्त्विकात्तु विकुर्वाणादहङ्कारादजायत ।
वैकारिकान्मनो देवा इन्द्रियाणां तथैव च ॥ ४६ ॥
दिग्वातार्कप्रचेतोश्विवह्नीन्द्रोपेन्द्रमित्रकाः ।
चन्द्रमा इति सम्प्रोक्ताः खदेवा मुनिसत्तमैः ॥ ४७ ॥
राजसात्तैजसाज्जातानीन्द्रियाणि दशैव च ।
श्रोत्रत्वग्घ्राणदृग्जिह्वावाग्दोर्मेढ्राङ्घ्रिपायवः ॥ ४८ ॥

કેટલાક એવું કહે છે કે વિકાર પામતી તે તે તન્માત્રા થકી તે તે ભૂત ઉત્પન્ન થયાં. જ્યારે કેટલાક એમ માને છે કે તે તે તન્માત્રા થકી ઉત્તરોત્તર તે તે તન્માત્રા થાય છે. સાત્ત્વિક અહંકાર થકી મન અને દિગ્, વાયુ સૂર્ય, વરુણ, અશ્વિનીકુમાર, અગ્નિ, ઇન્દ્ર, વિષ્ણુ, મિત્રદેવ પ્રજાપતિ અને ચંદ્રમા, આ ઇન્દ્રિયોના દેવતાઓ ઉત્પન્ન થયા. એમ મુનિઓએ કહ્યું છે. રાજસ–તેજસ અહંકાર થકી દશ ઇન્દ્રિયો થઈ છે. શ્રોત્રત્વક્ ચક્ષુ રસના ઘ્રાણ, આ પાંચ જ્ઞાનેન્દ્રિયો અને વાક્ પાણી પાદ ઉપસ્થ અને પાયુ આ પાંચ કર્મેન્દ્રિયો મળીને દશ ઇન્દ્રિયો જાણવી ॥ ૪૫-૪૮ ॥

मन एकं पुनर्भेदात् वृत्तीनां वर्ण्यते पृथक् ।
मनोबुद्धिरहङ्कारश्चित्तमित्यन्तरात्मकम् ॥ ४९ ॥
सङ्कल्पवृत्तिकं प्रोक्तं मनश्चिन्तनवृत्तिकम् ।
चित्तमध्यवसायाख्यवृत्तिमत् बुद्धिशब्दितम् ॥ ५० ॥
अभिमानाख्यवृत्त्या चाहङ्कार इति च श्रुतम् ।
सङ्कल्पाद्याख्यधीवृत्तिहेतुव्यापारयोगतः ॥ ५१ ॥

યદ્યપિ જે મન છે તે એક જ અંતઃકરણ તત્ત્વ છે: પરંતુ અલગ અલગ તેની વૃત્તિઓના ભેદને લીધે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર, એમ ચાર પ્રકારે કહેવાય છે. આ અંદરનાં જ્ઞાન કરણો છે ॥ મનની વૃત્તિ સંકલ્પ છે. બુદ્ધિની વૃત્તિ અધ્યવસાય (નિશ્ચય) છે. ચિત્તની ચિંતન વૃત્તિ છે અને અહંકારની અભિમાન વૃત્તિ છે. કારણ કે સંકલ્પ આદિક જે વૃત્તિઓ છે તેમાં હેતુ ભૂત જે વ્યાપારો તેનો યોગ મનને થાય છે. સિદ્ધાંતમાં મન એક જ તત્ત્વ સમજવું ॥ ૪૯–૫૧ ॥

चित्तादेर्देवताश्चोक्ताः क्षेत्रज्ञब्रह्मरुद्रकाः ।
अन्ये तु सात्विकादेव राजसेन समन्वितात् ॥ ५२ ॥
इन्द्रियाणां च सर्वेषां जननं सम्प्रचक्षते ।
भूतेन्द्रियसमष्टीनां सृष्टिरेवं समीरिता ॥ ५३ ॥

ચિત્ત બુદ્ધિ અને અહંકારના દેવતાઓ અનુક્રમે ક્ષેત્રજ્ઞ (વાસુદેવ) બ્રહ્મા, અને રુદ્ર કહ્યા છે. બીજા કોઈ તત્ત્વજ્ઞો તો રાજસનો જેમાં સમન્વય (સહકાર) છે એવા સાત્ત્વિક અહંકાર થકીજ સમસ્ત ઇન્દ્રિયોની ઉત્પત્તિને કહે છે. આ રીતે સમષ્ટિભૂત ભૂતો અને ઇન્દ્રિયોની સૃષ્ટિ કહી છે ॥ ૫૨–૫૩ ॥

एवं चतुर्विंशतिकं गणं प्राधानिकं विदुः ।
इन्द्रियाणि दशैकं च पञ्चके भूतमात्रयोः ॥ ५४ ॥
अव्यक्तं च महांश्चैवाहङ्कार इति तद्विदः ।
अष्टौ प्रकृतयः प्रोक्ता विकाराः षोडशात्र तु ॥ ५५ ॥

सूक्ष्मभूतान्यहङ्कारो बुद्धिरव्यक्तमेव च ।
मताः प्रकृतयः, खानि भूतानि च विकारकाः ॥ ५६ ॥

ઉપર પ્રમાણે પ્રધાન પ્રકૃતિનો ચોવીશ तत्त्वगण કહેવાય છે. તેમાં દશ ઇન્દ્રિયો, મન, પાંચ તન્માત્રાઓ પાંચ ભૂતો, અવ્યક્ત, મહત્તત્ત્વ અને અહંકાર, એમ તેને જાણનારાઓ, ચોવીશ તત્ત્વોને કહે છે॥ આમાં આઠ પ્રકૃતિઓ અને સોળ વિકારો કહેવાય છે. તેમાં પાંચ સૂક્ષ્મભૂતો-તન્માત્રાઓ અહંકાર, બુદ્ધિ અને અવ્યક્ત, આ આઠને પ્રકૃતિ કહે છે. કારણ કે તે આઠમાંથી વિકૃતિ રૂપે બીજાં કાર્યો થાય છે. જો કે અવ્યક્ત વિનાનાં સાતનો વિકૃતિમાં સમાવેશ પણ થઈ શકે છે, પરંતુ વિકૃતિ હોવા ઉપરાંત પ્રકૃતિ પણ છે તેથી તેમને પ્રકૃતિ પણ મનાય છે અને અગીયાર ઇન્દ્રિયો તથા પાંચ મહાભૂતો આ સોળ વિકારો કહેવાય છે, કારણ કે આ સોળ તત્ત્વમાંથી બીજા તત્વો ઉત્પન્ન થતાં નથી. માટે તે કેવળ વિકૃતિ જ છે. એમ ચોવીશ તત્ત્વો માન્યાં છે. આ બાબત સાંખ્ય શાસ્ત્ર થકી સવિસ્તર જાણવી ॥ ૫૪-૫૬ ॥

सर्वान्तरात्मा भगवान् वासुदेवः सनातनः ।
पूर्वपूर्वप्रकृत्या वै विशिष्टस्तूत्तरोत्तरम् ॥ ५७ ॥
स्वात्मानं व्याकरोत्तत्त्वं ततोऽभूत्स्वयमेव तु ।
कार्यकारणरूपेण सर्वतत्त्वशरीरकः ॥ ५८ ॥

ચિત્ અચિત્ સર્વમાં અંતરાત્માપણે રહેલા સનાતન ભગવાન્ શ્રીવાસુદેવ, પૂર્વ પૂર્વ પ્રકૃતિ વિશિષ્ટ રૂપથી **'तदैक्षत बहुस्यां'** **'तन्नामरूपाभ्यां व्याक्रियत'** એમાં કહ્યા પ્રમાણે ઉત્તરોત્તર તત્ત્વરૂપે પોતાના સ્વરૂપને વ્યાકૃત કરતા રહે છે. જેથી સર્વ તત્ત્વના શરીરી પોતે કાર્ય કારણ રૂપથી બને છે, અર્થાત્ પ્રલય સમયે સૂક્ષ્મચિદચિદ્વિશિષ્ટ હતા તે સ્થૂળ ચિદચિદ્વિશિષ્ટ થઈ રહ્યા. નામરૂપના અભાવને **સૂક્ષ્મતા** અને નામરૂપના સદ્ભાવને **સ્થૂળતા** કહે છે ॥ ૫૭-૫૮ ॥

यदा चेमानि भूतानि वियुक्तानि पृथक् पृथक् ।
स्थूलमीशस्य वै देहं कर्तुं नाशक्नुवंस्तदा ॥ ५९ ॥
आविश्य हरिरेतानि विभज्य च समार्धकम् ।
अर्धमेकं चतुर्धा च न्यभनक् पुनरेव च ॥ ६० ॥
चतुरश्चाष्टमांशांस्तान् भूतस्यैकैककस्य तु ।
भूतान्तरार्धभागैस्तु समयोजयदीश्वरः ॥ ६१ ॥

संहतिं कारितानीत्थं भूतानि हरिणा तदा ।
लब्ध्वा वीर्यं सृजन्ति स्मैशं ब्रह्माण्डं महद्वपुः ॥ ६२ ॥

જ્યાં સુધી આ બધાં ભૂતો એકબીજાની સાથે નહિ મળેલાં હોઈને જુદાં જુદાં હતાં ત્યાં સુધી ઈશ્વરના સ્થૂળ શરીરને સર્જવા માટે સમર્થ થયાં નહિ. પછી પરમાત્માએ તેમાં પ્રવેશ કરીને પાંચેય ભૂતોના અર્ધા અર્ધા ભાગ કર્યા. પોતપોતાનો અર્ધો ભાગ કાયમ રાખીને જે બીજો અર્ધો અર્ધો ભાગ જુદો કર્યો હતો તે તેના દરેકના ચાર ચાર ભાગો કરીને દરેક અષ્ટમાંશને (અર્ધાનો ચતુર્થાંશ થયો હોવાથી) તે તે ભૂતનો જે અર્ધાંશ કાયમ હતો તેમાં મેળવ્યા. અર્થાત્ અર્ધભાગમાં પૃથ્વી હોય તો તેમાં જળ, તેજ, વાયુ અને આકાશ એ ચારેયના અષ્ટમાંશ મળીને બીજો અર્ધો આવ્યો, એ રીતે પૃથ્વી નામનું ભૂત તૈયાર થયું, એ રીતે બીજાં ભૂતો પણ તૈયાર કર્યાં. એ રીતે મિશ્રીકરણની પદ્ધતિ પંચીકરણ પ્રક્રિયા કહેવાય છે. જેમ કોઈ કારીગર ભીંત આદિકને કરવા જાય પણ જો રેતી સીમેન્ટ જુદાં જુદાં હોય તો કરવાનું કામ કરી શકે નહિ. પરંતુ જો રેતી સીમેન્ટમાં જળને મેળવીને એકપિંડ જેવું કરે તો તેનાથી ભીંત વિગેરે ચણી શકાય તેમ ભગવાને પણ કર્યું: એને પંચીકરણ કહે છે. એમ થતાં પૃથ્વી આદિકમાં જળાદિકના ભાગો આવ્યા છે તથાપિ તે તે ભૂતોનો પોતાનો ભાગ અધિક છે. માટે આ પૃથ્વી છે આ જળ છે એવો વ્યવહાર થઈ શકે છે. જેનું બાહુલ્ય હોય તેના નામથી તે વ્યવહાર થાય. ઉપર પ્રમાણે એક બીજાં સાથે મેળવેલાં ભૂતો, ભગવાનના સામર્થ્યરૂપ વીર્યને પામીને ઈશ્વરના મહા શરીરરૂપ બ્રહ્માંડને સર્જે છે ॥ ૫૯-૬૨ ॥

ब्रह्माण्डं च विशेषाख्यं कोटियोजनमानकम् ।
सकटाहं दशगुणैस्तोयाद्यैर्बहिरावृत्तम् ॥ ६३ ॥
यथोत्तरं प्रधानेन बहिः संवेष्टितैरिदम् ।
स्वर्णगोलकसङ्काशं प्रविश्येशस्तदाऽऽत्मवान् ॥ ६४ ॥

આ બ્રહ્માંડ કે જેનું 'વિશેષ' એવું બીજુ નામ છે અને જેનું કટાહ (પૃથ્વીના આવરણ) સહિત માપ કોટિયોજન છે (ચાર ગાઉને યોજન કહે છે) એવું આ બ્રહ્માંડ બહાર દશ દશ ઘણાં અધિક એવાં અને બહાર છેલ્લું આવરણ જેમને પ્રધાનનું છે એવાં જળાદિક સાત આવરણોએ વેષ્ટિત

છે. પૃથ્વીના આવરણભૂત કટાહ સહિત બ્રહ્માંડની બહાર જળ તેજ વાયુ આકાશ અહંકાર મહતત્ત્વ પ્રધાન, આ સાત આવરણોની સ્થિતિ માની છે. સુવર્ણના ગોળા તુલ્ય એવા આ અંડમાં ભગવાને તેના બ્રહ્માંડની અંદર રહેલા વૈરાજના આત્માપણે પ્રવેશ કર્યો ॥ ૬૩-૬૪ ॥

उत्थापयामास चिरमुदके शायिनं स्वकम् ।
तत्र चान्तः शेत एष स्वसृष्टास्वप्सु वै चिरम् ॥ ६५ ॥
सहस्रोर्वङ्घ्रिबाह्वक्षः सहस्राननशीर्षकः ।
अनिरुद्धांशकः प्रोक्तो वैराजः पुरुषस्त्वयम् ॥ ६६ ॥

જળમાં બહુકાળ સૂઈ રહેલા પોતાના શરીરભૂત વૈરાજને ઉઠાડીને તેમાં પોતે પ્રવેશ કરીને તે દ્વારા પોતે જ સર્જેલા એવા ગર્ભોદક જળમાં બહુકાળ સૂઈ રહ્યા; જેના હજાર સાથળ, ચરણ, બાહુ, ચક્ષુ, મુખ, મસ્તક છે, '**सहस्रशीर्षः पुरुषः**' આ શ્રુતિનું અનુસંધાન છે. એવા એ પુરુષને વ્યૂહભૂત અનિરુદ્ધના અંશ તરીકે કહ્યા છે, એમનેજ વૈરાજ પુરુષ પણ કહે છે ॥ ૬૫-૬૬ ॥

यस्यैवावयवैर्लोकान् कल्पयन्ति मनीषिणः ।
कट्यादिभिरधः सप्त सप्तोर्ध्वं जघनादिभिः ॥ ६७ ॥
पद्भ्यां भूर्नाभितः प्रोक्तो भुवर्लोको हृदा सुवः ।
उरसा च महः कण्ठाज्जनलोकः प्रकीर्तितः ॥ ६८ ॥
स्तनद्वयात्तपोलोको मूर्धभिः सत्यनामकः ।
ऊर्ध्वलोकाः पुण्यकृतां भूः प्रोक्ता मिश्रकर्मणाम् ॥ ६९ ॥

જે વૈરાજ પુરુષના શરીરના અવયવોમાં જ્ઞાની જનો તે તે લોકોની કલ્પનાને કરે છે. કટિ આદિક નીચેનાં અંગોમાં નીચેના સાત લોકોની અને જઘન કટિ પાછળના ભાગ આદિક ઉપરનાં અંગોમાં ઉપરના સાત લોકોની કલ્પના કરે છે. ચરણમાં (જઘનથી ચરણનો આરંભ થતો હોવાથી) ભૂલોકની, નાભિમાં ભુવર્લોકની, હૃદયમાં સ્વર્ગલોકની, ઉરઃસ્થળમાં મહર્લોકની, કંઠમાં જનલોકની, બે સ્તનમાં તપો લોકની અને મસ્તકમાં સત્યલોક (બ્રહ્મલોક) ની કલ્પનાને કરે છે. જે ઊર્ધ્વલોકો છે તે તે પુણ્યકારીઓ માટે છે અને જે ભૂલોક છે તે મિશ્રિત કર્મકારીઓ માટે છે ॥ ૬૭-૬૯ ॥

अतलं तत्कटेः क्लृप्तमूरुभ्यां वितलं तथा ।
जानुभ्यां सुतलं क्लृप्तं जङ्घाभ्यां तु तलातलम् ॥ ७० ॥
महातलं तु गुल्फाभ्यां प्रपदाभ्यां रसातलम् ।
पातालं पादतलतस्तामसाभिमानि तु ॥ ७१ ॥

વૈરાજની કટિમાં અતલલોકની, બે સાથળમાં વિતળલોકની, બે ઢીંચણમાં સુતળલોકની, બે જંઘામાં તલાતલ લોકની, બે ઘુંટીમાં મહાતળ લોકની, બે પેનીમાં રસાતલની અને પાદતલમાં પાતાળ લોકોની કલ્પના કરેલી છે. આ સાત નીચેના લોકો તો તામસી જનોને માટે છે ॥૭૦–૭૧॥

स्थूलरूपस्य योगाच्च वैश्वानर इतीरितः ।
वैराजः पुरुषः सोऽयमीश्वरो धारणाश्रयः ॥ ७२ ॥
अण्डमध्ये शयानस्य स्वसृष्टास्वप्सु तस्य तु ।
उद्भून्नाभिकमलात् ब्रह्मा लोकपितामहः ॥ ७३ ॥

આ વૈરાજ પુરુષ સ્થૂળ રૂપના યોગને લીધે વૈશ્વાનર એવા નામથી કહ્યા છે. આજ ઈશ્વરને ધારણાના આશ્રય તરીકે યોગીઓ માને છે ॥ અંડમધ્યે પોતે સર્જેલા જળસમૂહોમાં સૂઈ ગએલા એ વૈરાજ પુરુષના નાભિકમળથકી લોકોના પિતામહ એવા બ્રહ્મા પ્રકટ થયા ॥ ૭૨–૭૩ ॥

स चास्य मूलमन्विष्यन्नाध्यगच्छत्तु तत्पदम् ।
श्रान्तस्तप तपेत्येवं श्रुत्वाऽऽदेशं तपोऽकरोत् ॥ ७४ ॥
तपसा परिपूतात्मा वैराजं हृदि भावयन् ।
तदनुग्रहतः सोऽयं देवादींस्तु विनिर्ममे ॥ ७५ ॥
वैराजपुरुषेणायं स्वाध्यायान् प्रतिबोधितः ।
तेभ्य एव यथापूर्वं सर्वमेतदकल्पयत् ॥ ७६ ॥

નાભિકમળથકી પ્રગટ થએલા બ્રહ્માએ તે કમળનું મૂળ બહુ વર્ષો સુધી શોધતાં પણ નહિ મળી આવવાથી બહુ થાકી જતાં, 'તપ કરો તપ કરો' એવો ભગવાનનો આદેશ મળતાં તીવ્ર તપ કરવા લાગ્યા. તપથી જેમનું અંતઃકરણ પવિત્ર થયું છે એવા બ્રહ્મા વૈરાજનું હૃદયમાં ધ્યાન ધરતાથકા તેમના અનુગ્રહથી દેવાદિકનું નિર્માણ કરવા લાગ્યા. વૈરાજ પુરુષે સ્વાધ્યાય (વેદો)નો બોધ આપેલા બ્રહ્મા તે વેદોમાંથી પૂર્વ કલ્પની માફક આ સમગ્ર સૃષ્ટિની રચના કરવા લાગ્યા ॥ ૭૪–૭૬ ॥

प्रजापतीन् स्वसदृशान् दक्षादीनसृजन्नव ।
चतुर्मुखो भूतसृष्टिवृद्ध्यर्थं हरिचोदितः ॥ ७७ ॥
तत्प्रजाभिरिदं सर्वं व्याप्तं त्रैलोक्यमेव तु ।
देवतिर्यङ्मनुष्यैश्च स्थावरैरपि सर्वतः ॥ ७८ ॥

શ્રી હરિની પ્રેરણા થતાં બ્રહ્માએ પ્રથમ પોતાતુલ્ય દક્ષાદિ નવ પ્રજાપતિઓને ભૂત સૃષ્ટિની વધુ વૃદ્ધિ માટે સર્જ્યા. નવ પ્રજાપતિઓએ સર્જેલી બીજી પ્રજાઓએ કરીને આ આખી ત્રિલોકી વ્યાપ્ત થઈ ગઈ. જેમાં દેવો, તિર્યક્ (પશુપક્ષિઓ) મનુષ્યો અને સ્થાવરોનો પણ સમાવેશ થયો હતો. ॥ ૭૭-૭૮ ॥

देहं स्थानं च भोग्यं च करणानां च पाटवम् ।
तत्तत्कर्मानुसारेण तस्य तस्यासृजत् प्रभुः ॥ ७९ ॥
भोग्यं दिव्याश्च भौमाश्च शब्दाद्या विषयाः स्मृताः ।
भोगस्थानं तु कथितं भुवनानां चतुर्दश ॥ ८० ॥
भोक्तारो जीववर्गास्तु कथिता वै चतुर्विधाः ।
भोगोपकरणान्येषां करणादीनि चक्षते ॥ ८१ ॥

તે તે તમામ જીવો માટે દેહ, રહેવાનું સ્થાન, ભોગ્ય વિષયો અને ભોગમાં ઉપયોગી એવાં ચક્ષુ આદિક કરણો, તેની કાર્ય કુશળતા, આ સઘળાં સાધનો ભગવાને તેમના તેમના કર્મોને અનુસારે સર્જી આપ્યાં. સ્વર્ગાદિકમાં અને ભૂમિમાં રહેલા શબ્દસ્પર્શાદિ વિષયોને ભોગ્ય કહે છે, ચૌદ ભુવનોને ભોગસ્થાન કહે છે. ભોગોને ભોગવનારા સ્વેદજ, અંડજ, ઉદ્‌ભિજ્જ અને જરાયુજ એ ચાર પ્રકારના જીવો કહ્યા છે, એમને માટેનાં જે ભોગોપકરણો તે તો ચક્ષુ આદિક સમર્થ ઇન્દ્રિયો કહી છે. એમ ભોકતા જીવો માટે ભોગ્ય, ભોગ સ્થાન અને ભોગોપકરણો ભગવાને કર્માનુસારે આપ્યાં. કશુંજ બાકી રાખ્યું નહિ ॥ ૭૯-૮૧ ॥

सुकृतानां तारतम्यात्स्वरादिषु तु तस्थुषाम् ।
देवानामथ चेन्द्रस्य सुरार्यस्य बृहस्पतेः ॥ ८२ ॥
प्रजापतीनां च तथा ब्रह्मणश्चोत्तरोत्तरम् ।
उपर्युपरि लोके तु सुखमभ्यधिकं मतम ॥ ८३ ॥

दिव्यभोग्यादिवैशेष्यात्, मिश्रितं तु सुखं भुवि ।
पापीयसां तु निरयेष्वनन्तं दुःखमेव च ॥ ८४ ॥

ઉપરના સ્વર્ગાદિ લોકોમાં રહેનારા દેવો, દેવેન્દ્ર, દેવોના આચાર્ય એવા બૃહસ્પતિ, પ્રજાપતિઓ તથા તેમના પિતા બ્રહ્મા, એ સર્વેને સુકૃતોના તરતમભાવને લીધે ઉપર ઉપરના લોકોમાં દિવ્ય ભોગ્યાદિકના ભેદને લીધે ઉત્તરોત્તર અધિક સુખ વર્તે છે. મનુષ્યો કરતાં સ્વર્ગવાસી દેવોને, તેના કરતાં, દેવેન્દ્રને, તેના કરતાં બૃહસ્પતિને, તેના કરતાં પ્રજાપતિઓને અને તેના કરતાં બ્રહ્માને સમધિક સુખ વર્તે છે. આ સુખની ન્યૂનાધિકતામાં સુકૃતોની ન્યૂનાધિકતા કારણ છે. આ ભૂમિલોકમાં તો દુઃખમિશ્રિત સુખ વર્તે છે. જે અતિશય પાપીઓ છે તેમને તો નરકોમાં અનંત દુઃખજ વર્તે છે-સુખ લેશ નથી ॥ ૮૨-૮૪ ॥

तत्र तत्र फलं भुक्त्वा रमणीयमथेतरत् ।
भुक्तावशिष्टेन पुनर्भुवि जन्म प्रपद्यते ॥ ८५ ॥
साध्वी षुवाऽप्यसाध्वीषु योनिषु स्वकृतेन वै ।
पापः पापेन भवति पुण्यः पुण्येन कर्मणा ॥ ८६ ॥
अनुपासितगोविन्दाः दिव्यभोगेषु तत्पराः ।
सुरा अपि पुनर्भूमौ पतन्ति सुकृतक्षये ॥ ८७ ॥

તે તે લોકોમાં સારૂં કે નરસું કર્મફળ ભોગવીને, ભોગવતાં બાકી રહેલા કર્મે કરીને ફરીથી આ ભૂમિ ઉપર પોતાના કર્મને અનુસારે સારી નરસી યોનિઓમાં જન્મને પામે છે. આ અર્થ "**रमणीयचरणाः रमणीयां योनिं...कपूयचरणाः कपूयां योनिं**' '**पापः पापेन**' '**साधुकारी साधुर्भवति**' આ શ્રુતિમાં જણાવ્યો છે. દિવ્ય ભોગોમાં તત્પર હોઈને જેમણે ગોવિંદ ભગવાનનું ઉપાસન કર્યું નથી એવા દેવતાઓ પણ "**क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति**" આમાં કહ્યા મુજબ ફરીથી આ ભૂમિ ઉપર પડે છે-જન્મે છે ॥ ૮૫-૮૭ ॥

यां यां तनुमनुप्राप्तो भुवि कर्मानुसारतः ।
तत्रतत्राऽऽत्मबुद्धिं च मायया प्रतिपद्यते ॥ ८८ ॥
मायिकेष्वथ भोग्येषु तत्तद्देहानुरूप्यतः ।
रुचिं प्राप्य तदर्थानि कुर्वन् कर्माणि दुःख्यति ॥ ८९ ॥

समष्टिव्यष्टिरूपेण मायैवं द्विविधा स्थिता ।
मुख्योपकरणं प्रोक्ता सर्जनक्रीडने हरेः ॥ ९० ॥

प्रकृतिश्च पुमांश्चैव कालः कर्म तथैव च ।
चतुर्मुखादयः प्रोक्ताः शक्तिरूपाः परात्मनः ॥ ९१ ॥

પૃથ્વી ઉપર કર્માનુસારે જે જે દેહોમાં જાય છે તે તે દેહોમાં 'હું આત્મા છું' એવી વિપરીત બુદ્ધિને નિત્ય માયા યોગને લીધે પામે છે. અનંતર માયિક ભોગ્ય વિવિધ વિષયોમાં તે તે દેહોને અનુસારે રુચિને પામીને તે તે ક્ષુદ્ર વિષયોને મેળવવા માટે કર્મોને કરતાં કેવળ દુઃખીજ થઈ રહે છે. સુખ લવ પામતો નથી ॥ અને માયા જડ હોવાથી કોઈને પરાણે વળગતી નથી પણ પોતામાં રુચિ ઉપજાવવા દ્વારા બંધનકર્ત્રી બને છે ॥ ઉપર વર્ણવ્યા પ્રમાણે સમષ્ટિ વ્યષ્ટિ રૂપ બે પ્રકારથી રહેલી માયાજ ભગવાને કરાતી સર્જનરૂપ ક્રીડામાં મુખ્ય ઉપકરણભૂત છે. લીલાવ્યાપારમાં માયાનો મુખ્ય ઉપયોગ કરે છે ॥ ઉપર વર્ણવેલી પ્રકૃતિ, પુરુષ, કાળ, કર્મ અને બ્રહ્માદિ સર્વેપણ પરમાત્માની શક્તિરૂપ કહ્યા છે. કાર્યોપયોગી અપૃથક્ સિદ્ધ વિશેષણને શક્તિ કહે છે–અર્થાત્ પરતંત્ર છે ॥ ૮૮-૯૧ ॥

स्रष्टा सृज्य सृष्टिमूलं सहकारि च यत् श्रुतम् ।
सर्वं नारायणो विष्णुर्वासुदेवः सनातनः ॥ ९२ ॥

सर्वान्तरात्मा सर्वेशः कार्यकारणरूपवान् ।
क्रीडते भगवान् विष्णुर्भूतैः क्रीडनकैरिव ॥ ९३ ॥

मायावी मायया लोकान् दर्शयित्वा विचित्रकम् ।
सम्प्रीणयंस्तान् रमते निर्विकारो यथा स्वयम् ॥ ९४ ॥

तत्तत्कर्मानुसारेण सृजन्नर्थांस्तु मायिकान् ।
भोग्यान् जीवस्य नैवैषः परमात्मा तु दुष्यति ॥ ९५ ॥

સ્રષ્ટા, સૃજ્ય, સૃષ્ટિનું મૂળ, સહકારી, વિગેરે જે કાંઈ સર્જનમાં

ઉપયોગી શ્રુતિ સ્મૃતિમાં કહ્યું હોય તે બીજું કોઈ નહિ પણ તે બધુંજ સનાતન વિષ્ણુ નારાયણ વાસુદેવજ છે. જે કહો તે પોતે સર્વવ્યાપક સર્વાત્મા નારાયણજ છે. **'नारायण एवेदं सर्वं'** એવી શ્રુતિ છે. કાર્ય કારણરૂપે રહેલા સર્વાન્તરાત્મા સર્વેશ્વર શ્રી વિષ્ણુ ભગવાન ક્રીડા સાધનોએજ જેમ આ ભૂતો વડેજ ક્રીડા કરે છે. આ અર્થ **'लोकवत्तु लीलाकैवल्यं'** આ સૂત્રમાં વ્યાસે વર્ણવ્યો છે. સ્મૃતિપણ છે. માયાવી ભગવાન, દૈવી માયાએ કરીને લોકોને વિચિત્ર વિચિત્ર બધું બતાવીને તે લોકોને રાજી રાજી કરતા થકા તેઓની સાથે રમે છે. છતાં પોતે યથાપૂર્વ સદા નિર્વિકારજ રહે છે. એમને વિકાર લેશ વળગતો નથી. તે તે જીવોનાં કર્મોને અનુસારે જીવોને માટેજ ભોગ્ય માયિક પદાર્થોને યદ્યપિ સર્જી આપે છે. છતાં તે પોતે પરમાત્માને કશોજ દોષ લાગતો નથી, કેમકે કર્માનુસારે કરે છે. આ અર્થ **'वैषम्य नैर्घृण्ये न सापेक्षत्वात्'** આ સૂત્રમાં વ્યાસે વિવેચ્યો છે ॥ ૯૨-૯૫ ॥

ज्ञात्वेशमायामिति तत्प्रवर्तितां विकुर्वतीं वै बहुरूपकैस्तु ।
देहेन्द्रियार्थैर्भवबन्धकर्त्रीं सद्यो विजेतुं प्रयतेत धीमान् ॥९६॥
मायाख्यजाले त्रिगुणात्मकेऽस्मिन् स्वकर्मणा वै पतितोऽतितान्तः ।
पक्षी त्वनीशः स्वसखायमाशु प्रपद्य मुच्येत निजान्तिकस्थम् ॥९७॥

इति श्रीमदाध्यात्मिकतत्त्वाख्याने मुनिगण-शतानन्दस्वामिसंवादे ज्ञानप्रकरणे सृष्टिक्रमवर्णननामाऽष्टादशोऽध्यायः ॥ १८ ॥

ઉપરોક્ત પ્રકારે તે પરમાત્માએજ લીલાર્થે પ્રવર્તાવેલી અને વિવિધ વિકારોને સર્જતી અને બહુ બહુ પ્રકારના દેહો, ઇન્દ્રિયો અને વિષયોએ કરીને સંસાર બંધનને કરનારી એવી આ માયાને જાણીને તેને જીતવા માટે બુદ્ધિમાને તત્કાળ પ્રયત્ન કરવો જોઈએ ॥ જાળમાં ફસાએલો પક્ષીજ જેમ અસમર્થ થઈ જાય તેમ ત્રિગુણાત્મક આ માયા નામની જાળમાં પોતાનાં કર્મોને લીધે અત્યંત ફસાઈ ગએલો હોઇને તે જાળમાંથી છૂટવા માટે અસમર્થ જીવ, પોતાના સખા કે જે પોતાની પાસેજ રહ્યા છે તેમના તત્કાળ શરણને પામીને બંધનમાંથી છૂટી જાય એ જ માનવકર્તવ્ય છે ॥ ૯૬-૯૭ ॥

ઇતિશ્રી...શાસ્ત્રિહરિજીવનદાસકૃત-ગુર્જરાનુવાદે અષ્ટાદશોઽધ્યાય: ॥ ૧૮ ॥

एकोनविंशतितमोऽध्यायः ।

मुनय ऊचुः—

कोऽयं पक्षी सखा को वा मायाबन्धनमोचकः ।
कथमेष स्वान्तिकस्थो गृह्यते न पृथक्जनैः ॥ १ ॥

कथमेनं प्रपद्येताऽदृश्यमग्राह्यमेव च ।
आचक्ष्व सर्वमेतन्नः शतानन्द महामुने ! ॥ २ ॥

મુનિઓ કહે છે—હે શતાનંદ મહામુને! તમોએ (પૂર્વ અધ્યાયના છેલ્લા શ્લોકમાં) **પક્ષી** કહ્યા તે કોને જાણવા? અને માયાના અભેદ્ય બંધન થકી મુકાવનારા **સખા** કહ્યા તે કોને જાણવા? અને તે સખાને પોતાની સમીપમાં રહ્યા હોવા છતાં મનુષ્યો (જીવો) કેમ જાણી શકતા નથી? અને એવા સખાની પ્રાપ્તિ કેમ થઈ શકે? કેમકે તે તો કોઈના પણ દર્શન ગ્રહણમાં આવતા નથી. આ સઘળી ખાસ સમજવા જેવી બાબતો જીજ્ઞાસુ અમોને કહેવાને યોગ્ય છે. આ રૂપક '**द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते । तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति**'' આ મુંડક શ્રુતિમાં વર્ણવ્યું છે. અર્થ એવો છે કે—આ જે શરીર છે તે વૃક્ષને સ્થાને છે. આ શરીર વૃક્ષનો આશ્રય લઈને આત્મા—પરમાત્મા બન્ને પક્ષીઓ હોય એમ રહ્યા છે. એ બન્ને જણા સુપર્ણ છે—એમની પાંખો સુશોભમાન છે. એ પાંખો જીવને જ્ઞાન અને કર્મ છે અને પરમાત્માને તો પાંખો સંકલ્પ અને શક્તિ છે. એ બને જણા એ પાંખો વડે તેતે સ્થળે ઊડે છે. વળી એ **सयुजा** તે શરીરમાં સાથેજ જોડાએલા છે. **सखाया** વિખુટા રહેતા નહિ હોવાથી સખા જેવા છે, માટે બન્નેને સખા તરીકે કહે છે આ બન્ને એક શરીર નામના વૃક્ષમાં પ્રવિષ્ટ થઈ રહ્યા છે. એમ બન્ને સખા તરીકે સાથે રહે છે પણ તેમાં જે અન્ય—જીવ છે તે સ્વાદુ કર્મ ફળને ખાય છે—જે વૃક્ષમાં પેઠો છે તેનાં કર્મ રૂપ ફળોને પ્રીતિ પ્રર્વક ભોગવે છે. બીજા જે પરમાત્મા છે તે તો કર્મ વશ નહિ હોવાથી કર્મ ફળોને નહિ ખાતા થકા કેવળ પ્રકાશે છે ॥ ૧—૨ ॥

शतानन्दमुनिरुवाच—

जीवात्मा कथितः पक्षी स्वर्णवर्णश्चिदात्मकः ।
पक्षावस्योर्ध्वपतनसाधने ज्ञानकर्मणी ॥ ३ ॥

अयं स्वेच्छाविहारेण सञ्चरन् क्वचिदैक्षत ।
नानावर्णं महाजालं पाशैस्तु प्रियदर्शनैः ॥ ४ ॥

विततं विविधैर्भोग्यकणैरिन्द्रियतर्पकैः ।
पश्यन् मनोऽक्षिहरणमपतद्भोग्यतृष्णया ॥ ५ ॥

જીવાત્માને પક્ષી કહ્યો છે તે પોતે સ્વતઃ સુવર્ણના જેવા શુદ્ધ વર્ણવાળો અને ચિદ્રૂપ છે. ઊર્ધ્વ ઊડવામાં ઉપયોગી પાંખો તો જ્ઞાન અને કર્મ આ બે કહી છે. આ જીવાત્મા પક્ષી સ્વેચ્છા પ્રમાણે વિહાર માટે ફરતાં કોઈ સમયે તેને એક મોટી જાળ જોવામાં આવી. કેવી જાળ તો જેમાં વિવિધ વર્ણો રહ્યા છે. જોવા માત્રમાં પ્રીતિ ઉપજે એવા પાશવાળી અને ચક્ષુઆદિક ઇન્દ્રિયોને તૃપ્ત કરે એવી વિવિધ વિષયરૂપી કણો વડે વ્યાપ્ત તથા જોવા માત્રમાં મન નેત્રને હરનારી આવી મહાજાળને જોઈને જ વિષયોની તૃષ્ણાને લીધે તેમાં એકદમ પડયો. કબૂતરો જેમ ચણ ખાવા માટે જાળમાં પડે છે અને બંધાઈ જાય છે તેમ બંધનનો લેશ માત્ર પણ વિચાર કરવા રહ્યો નહિ ॥ ૩–૫ ॥

स्वान्तिके चरता सख्या निगूढं तु परोक्षके ।
वारितोऽप्यवशो मुग्धो भाव्यनर्थमचिन्तयन् ॥ ६ ॥

अपश्यत्तत्र पतितान् कणलोभादितस्ततः ।
पतमानान् पक्षिणोऽन्यान् बहूनिन्द्रियतर्पकान् ॥ ७ ॥

પોતાની પાસે જ નિગૂઢ રહેલા એવા સાચા સખા પરમાત્માએ પરોક્ષપણે 'પડીશ નહિ' એમ વાર્યો છતાં પણ ભવિષ્યમાં આવવાના અનર્થનો વિચાર નહિ કરીને અગ્નિમાં પતંગીયો પડે છે તેમ મુગ્ધ અને અવશ બનીને એકદમ પડયો. ઉપર વર્ણવ્યા મુજબની મહાજાળમાં પડેલા અને વિષયરૂપ કણોને મેળવવાના લોભથી અહીં તહીં પડતા, ઇન્દ્રિયતર્પણ પરાયણ બીજા પણ પક્ષિઓને બંધાયેલા જોયા. પક્ષિઓને જેમ જુવાર બાજરી વિગેરે કણો (ચણ) ખાવાની છે તેમ આ જીવાત્માને વિવિધ વિષયોરૂપી કણો ખાવાના છે તેનો પણ વિચાર કરવા રહ્યો નહિ ॥ ૬–૭॥

पतित्वा तत्र तांस्तान् वै भुञ्जानो विषयाभिधान् ।
कणानतृप्तस्तत्रैव दारपुत्रादिपाशकैः ॥ ८ ॥

पीडयमानोऽध ऊर्ध्वं च कर्मसूत्रेण कर्षितः
पक्षाभ्यां चेष्टमानोऽत्ति स्वादूनपि कटूनपि ॥ ९ ॥

क्वचित्सुखाभासयुक्तः क्वचिदुःखार्दितो भृशम् ।
क्वचिन्मुग्धः क्वचिद्बुद्धोऽचिन्तयत्स्वां दशां क्वचित् ॥१०॥

વિસ્તૃત જાળમાં પડીને તે તે વિષય નામના કણોને ખાતો થકો પણ તૃપ્તિને પામ્યો નહિ, વધુમાં સ્ત્રીપુત્રાદિરૂપ પાશોએ પીડા પમાડેલો ,ઊંચે નીચે કર્મરૂપ સૂત્રે ખેંચ્યો થકો અને બે જ્ઞાનકર્મરૂપ પાંખો વડે ચેષ્ટાને કરતો થકો સ્વાદુ અને કડવા એવા પણ વિષયકણોને ખાય છે. કદાચિત્ સુખાભાસમાં આસકત તો કદાચિત્ દુઃખથી અત્યંત પીડા પામતો કે કદાચિત્ મુગ્ધ (મૂઢ) દશામાં તો કદાચિત્ બુદ્ધ (જ્ઞાન) દશામાં વર્તતો થકો કોઈ સમયે પોતાની દુર્દશાને વિચારવા લાગ્યો. ક્ષુદ્ર વિષયોને માટે સંસાર જાળમાં પડતાં મારી કેવી દુર્દશા થઈ છે તેનો બહુ દિવસે વિચાર કરવા લાગ્યો ॥ ૮–૧૦ ॥

कोऽहं कथमिमां कष्टामवस्थां प्राप्तवानहो ! ।
मायाजालेन सोऽहं तु विरूपो ग्रथितोऽभवम् ॥ ११ ॥

कथमस्माज्जालबन्धात्प्रमुच्येयाऽसुखाकरात् ।
को वा प्रदर्शयेत्साधु मोचनोपायमञ्जसा ॥ १२ ॥

પોતાની દુર્દશાને દેખીને વિચાર કરવા લાગ્યો કે—હું કોણ ? અને આવી કષ્ટમય અવસ્થાને કેમ પામી ગયો ? અહો આ તો દુરંત દુઃખની વાત છે. હું ચિદ્રુપ હોવા છતાં વિપરીત રૂપને પામી ગયો અને આ માયાની મોહજાળમાં ગૂંચાઈ ગયો. મેં જાતે જ વગર વિચારે મોટી મૂર્ખાઈ કરી. હવે આ જાળબંધન કે જે દુઃખની ખાણરૂપ છે તેમાંથી કેવી રીતે મુકત થાઉં. અને મને દુઃખીને જાળબંધનથકી મુક્ત થાઉં એવો સારો સુકર ઉપાય કોણ બતાવે, એમ મનમાં દીર્ઘ વિચારવા લાગ્યો ॥ ૧૧–૧૨ ॥

इति चिन्तापरः सोऽयं पक्षी मायाविमोहितः ।
कदाचित्खेचरं हंसं श्वेतवर्णमनिन्दितम् ॥ १३ ॥

अमुह्यन्तं स्वैरचारं मायाबन्धविवर्जितम् ।
दृष्टवा विवेकनिपुणं स्वां दशां प्रत्युबूबुधत् ॥ १४ ॥

ઉપર પ્રમાણે ચિંતા પરાયણ, '**समाने वृक्षे पुरुषो निमग्नः अनीशया शोचति मुह्यमानः**' આ શ્રુતિમાં વર્ણવ્યા પ્રમાણે માયાથી મોહિત એવો જીવાત્મા પક્ષી કોઈ સમયે આકાશમાં વિચરનારા, જેનો શ્વેત વર્ણ છે, જેમાં કશુંજ નિન્દિત નથી. વળી પોતે મોહરહિત, યથેચ્છ વિચરનારો, જાતે માયા બંધને વર્જીત અને વિવેકમાં બહુ નિપુણ એવા એક હંસને જોઈને પોતાની બધી જ દુર્દશા જણાવવા લાગ્યો ॥ ૧૩–૧૪ ॥

हंसोऽपि तस्य तद्वाक्यं दीनवर्णस्य मुह्यतः ।
पक्षिणः कटुभक्षस्य श्रुत्वाऽऽह करुणावशः ॥ १५ ॥

हंस उवाच—

त्वया तु कणलोभेन स्वकीयेनैव कर्मणा ।
मायाजालेऽतिमहति प्राप्तो बन्धो न संशयः ॥ १६ ॥

જેને દુઃખનું નિવેદન કર્યું છે એવો હંસ પણ જેનો વર્ણ દીન થઈ

ગયો છે અને મોહને પામી ગએલા એવા વિષ જેવા વિષયરૂપ કણોને ખાધા કરતા એવા જીવાત્મા પક્ષીનું દુઃખ વચન સાંભળીને કૃપાવશાત્ બોલ્યો, કે—તું તો વિષયરૂપ કણોના લોભને લીધે તારાંજ કર્મોએ કરીને (બીજાનો વાંક નથી) અતિ મોટી માયાજાળમાં બંધનને પામ્યો છું, એ બાબતમાં હવે સંશય નથી. આ રૂપક, પુંડક ઉપનિષદમાં વર્ણવ્યું છે. ॥ ૧૫-૧૬ ॥

इदं जालं गुणैः स्वीयैर्मोहयत्यल्पमेधसः ।
अनर्थदेऽप्यर्थबुद्ध्या ममत्वं प्राप्तवान् यतः ॥ १७ ॥

इदं जालं तु विस्तीर्णं त्वादृशानल्पमेधसः ।
निगृहीतुं स्वैरचारान् मायिनैकेन विद्धि भोः ॥ १८ ॥

क्व स्वरूपं निजं ते तु स्वर्णवत् कमनीयकम् ।
क्वायं विपरिवर्तश्च मायाबन्धाद्विषीदतः ॥ १९ ॥

न त्वमेतस्य बन्धस्य युक्तः शोभनपक्षवान् ।
दैवेन सम्प्रसक्तं तु क्षमः को व्यतिवर्तितुम् ॥ २० ॥

मायाबन्धोऽयमन्यैर्न छेत्तुं शक्यः सुपर्ण भोः ।
येनेदं विततं तं तु शरणं व्रज मायिनम् ॥ २१ ॥

सोऽयमत्रैव गूढोऽस्ति त्वद्गतीरवलोकयन् ।
मायापाशैरबद्धस्तु स्वच्छन्दः स्वात्मतृप्तिमान् ॥ २२ ॥

આ જે માયા જાળ છે તે પોતાના સત્ત્વાદિ ગુણોએ કરીને અલ્પ બુદ્ધિવાળા જનોને મોહ પમાડે છે, જે મોહથી અનર્થને આપનારા વિષયોમાં પણ 'માયા કોઈ અર્થ છે' એવી બુદ્ધિથી મમત્વને પામે છે ॥ આ માયાજાળ સ્વલ્પ નથી પણ વધુ વિસ્તૃત છે. તારા જેવા અલ્પ બુદ્ધિવાળા સ્વૈરચારિઓનો નિગ્રહ કરવા માટે જ માયાવી એવા ભગવાનેજ આ જાળ પાથરેલી છે એમ તું જાણ. સુવર્ણના જેવું સુંદર તારૂં શુદ્ધ જ્ઞાનાનંદૈક સ્વરૂપ ક્યાં ? અને માયાના દૃઢ બંધનને લીધે સદા શોકને કર્યા કરતા તારો વિપરીત ભાવ ક્યાં ? જડ ચેતન જેટલો ભેદ પડી ગયો છે. ભલે તું

શોભાયમાન પાંખો (જ્ઞાન કર્મ) વાળો છું પરંતુ આ બંધનમાંથી સ્વયં મુક્ત થાઉં એવી તારી શક્તિ નથી, કેમકે જે બંધન દૈવેજ (પરમાત્મા) પ્રવર્તાવેલું છે તેને ટાળવા માટે કોણ સમર્થ થાય ? કોઈપણ નજ થાય. આ અભેદ્ય માયાબંધન બીજા કોઈથી પણ છેદી શકાય એવું નથી એમ તું સમજી લે. માટે જેણે આ માયા પાશ વિસ્તાર્યો છે તે માયાવીનેજ શરણે તું જા. તે તારૂં યોગક્ષેમ કરશે. આ માયાવી બહુ છેટે નથી પણ આ હૃદયગુહામાં સમીપમાંજ ગૂઢપણે રહ્યા છે. તે તારી બધી અસદ્‌ગતિને જોયાજ કરે છે. તે પોતે તો માયાપાશથી બંધાએલા નથી. અને સ્વતંત્ર અને સ્વાત્માનંદથી તૃપ્તિમાન્ છે. પોતે નિર્બંધ હોવાથી બીજાઓને બંધનથકી છોડાવી શકે છે. માટે એવા સમર્થ ભગવાનને શરણે જા. એથકી બીજો કોઈ સુકર ઉપાય નથી. આ અર્થ "**मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते**' '**मामेकं शरणं व्रज**' એમ ભગવાનેજ ગીતામાં ગાયો છે ॥ ૧૭-૨૨ ॥

शतानन्दमुनिरुवाच—

श्रुत्वेत्थं हंसवाक्यं तु मायाबद्धोऽब्रवीद्वचः ।
चिन्तयन् सः प्रपत्तव्यो मायी गूढः कथं त्विति ॥ २३ ॥

શતાનંદ મુનિ કહેછે—હે મુનિઓ ! ઉપર પ્રમાણેનું હંસનું હિત વચન સાંભળીને, બહુ ચિંતા કરતો માયાબદ્ધ પક્ષી વચન બોલ્યો કે- જે ગૂઢપણે રહેલા માયીની પ્રપત્તિ કરવાની કહી તે કેમ બની શકે ? પ્રકટ હોય તો તે બની શકે ? તે તો કોઈને '**गूढोत्मा न प्रकाशते**' એમાં કહ્યા પ્રમાણે પ્રકાશતા નથી ॥ ૨૩ ॥

पक्ष्युवाच—

योऽयं मायी समादिष्टो भवता बन्धमोक्षकृत् ।
कोऽसौ कथं प्रपत्तव्योऽयं यतो नाक्षगोचरः ॥ २४ ॥

હંસના વાકયને સાંભળીને હવે પક્ષી જીવાત્મા કહે છે-તમોએ જે આ ભવબંધન થકી મોક્ષ કરનારા માયી બતાવ્યા તે કોને જાણવા ? અને તેની પ્રપત્તિ કેવી રીતે કરી શકાય ? કેમકે તેતો ઈન્દ્રિયગોચર થતા નથી. ॥ ૨૪ ॥

हंस उवाच—

मायाजालस्य तु स्वामी मायी सर्वेश्वरो हरिः ।
एष जाले निबध्नाति स्वकीये जीवपक्षिणः ॥ २५ ॥

अश्रद्धान् वचसि स्वीय उच्छृङ्खलविहारिणः ।
मायिकैर्मोहितान् भावैः शान्त-घोर-विमूढकैः ॥ २६ ॥

હંસ કહે છે—ઉપરોક્ત માયા જાળને વિસ્તારનારા સ્વામી માયી તો સર્વેશ્વર શ્રીહરિ છે. એ જ માયામાલિક પોતાની જાળમાં જીવરૂપ પક્ષિઓને બાંધે છે. કેવા પક્ષિઓને ? તો જેઓ પોતાની આજ્ઞારૂપ શ્રુતિ સ્મૃતિઓનાં હિત વચનોમાં શ્રદ્ધા આસ્તાવાળા નહિ હોઈને ઉચ્છૃંખલપણે ગમે તેમ વર્તનારા છે અને શાંત-ઘોર-વિમૂઢ એવા માયિક ત્રિગુણાત્મક ભાવોએ કરીને મોહ પામેલા છે તેવાઓને બાંધે છે. આ બાબત '**अस्मान्मायी सृजते विश्वमेतत् तस्मिंश्चान्यो मायया सन्निरुद्धः । 'मायां तु प्रकृतिं विद्यात् मायिनं तु महेश्वरम्**" આ શ્રુતિ અનુસંધાનથી નિરૂપી છે. ॥ ૨૫-૨૬ ॥

वेदाख्यं शास्त्रमेतस्य मायिनस्तु वचः परम् ।
सर्वार्थसाधकं सर्वानर्थतो विनिवर्तनम् ॥ २७ ॥

सखा तवाप्येष पक्षिन् ! भोग्याभासैर्विमोहितम् ।
स्ववागविहितश्रद्धं शक्तोऽपि त्वामुपेक्षते ॥ २८ ॥

त्वं त्वत्र जाले पक्षाभ्यां चेष्टमानः स्वशक्तितः ।
तत्र तत्र स्थितान् तान् तान् भुङ्क्षे स्वादूंस्तथेतरान् ॥२९॥

જેનું વેદ નામ છે એવું જે શાસ્ત્ર તે તો આ માયીનું પોતાનું પરમ પ્રમાણભૂત વચન છે. '**श्रुतिः स्मृतिर्ममैवाज्ञा**' એમ પોતે જ કહ્યું છે. આ શાસ્ત્ર, ધર્માદિ સર્વ અર્થોને સાધી આપનારું અને સર્વ અનર્થો થકી નિવારણ કરનારૂં છે. એમાં એવું સામર્થ્ય રહેલું છે : હે પક્ષિન્ ! માયી નારાયણ એ જ સખા છે (એક જ ક્રિયા હોય તેને મિત્ર અને સમપ્રાણ હોય તેને સખા કહે છે) એ પોતે બંધન થકી મોક્ષ કરવા સમર્થ છે, પણ

જેમાં ભોગ્યનો આભાસ (કથનમાત્ર) છે એવા વિષયોએ કરીને મોહ પામેલા અને પોતાની હિત વાણીમાં શ્રદ્ધા વિનાના તારી તેઓ ઉપેક્ષા કરે છે. એકતો માયામોહિત બની ગયો છું અને બીજું આજ્ઞારૂપ વેદવાણીમાં આસ્તા શ્રદ્ધા નથી. એ બે કારણથી ઉપેક્ષા રાખી છે. તું તો આ માયા જાળમાં ફસાઈને પોતાની શક્તિથી પાંખો વડે ચેષ્ટા કરતો થકો તેતે સ્થળે રહેલા તેતે સ્વાદુ કે ઇતર–કુસ્વાદુ વિષય ભોગોને જ ભોગવ્યા જ કરે છે. પાછું વળીને જરા જોતો જ નથી ॥ ૨૭–૨૯ ॥

तद्वचोऽतिक्रमात्प्राप्य बन्धनं दुःखसन्ततम् ।
चिराद्विदूयसे त्वं तु कुण्ठस्वैरगतिः शुचा ॥ ३० ॥

यान् कणानुपलब्धोऽसि जालेऽस्मिन् परितः पतन् ।
तेऽप्येतेनैव निर्दिष्टा तव जीवनकाम्यया ॥ ३१ ॥

अन्यथा जीवनं वाऽपि न सिद्ध्येत्तव जालके ।
चिरं बम्भ्रम्यमाणस्य मोक्षोपायमपश्यतः ॥ ३२ ॥

अन्तर्हितोऽपि ते रक्षां विधत्तेऽयं हितेच्छया ।
यैरेव मोहितस्तांस्तान् कामान् ते प्रतिपादयन् ॥ ३३ ॥

તે હિતેચ્છુ ભગવાનના વચનનો અતિક્રમ કરવાથી જેમાં દુઃખની પરંપરા રહેલી છે એવા ભવબંધનને પામીને, બહુ કાળથી મનમાં તું વેદનાને કર્યા કરૂં છું, અને એ શોકને લીધે તારી સ્વૈચ્છિક ગતિ પણ કુંઠિત (સ્ખલિત) થઈ ગઈ છે ॥ આ માયા જાળમાં ચોમેર પડતાં રખડતાં તને જે વિષયકણો મળે છે તેપણ '**तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यस्वित् धन**' આ શ્રુતિમાં કહ્યા મુજબ માયાધિપતિ તે પરમાત્માએ જ તને જીવન આપવાની ઇચ્છાથી આપેલા છે એમ જાણ. એમાં તારો કશો પુરૂષાર્થ ચાલે તેમ નથી. સર્વસ્વના સ્વામી એ માયાવી એકલાજ છે. બધી વાત એમના એકલાના જ હાથની છે. જો એમ ન હોય તો આ વિશાળ જાળમાં અનાદિ કાળથી અહીં તહીં બહુ ભટકયા કરતો અને મોક્ષના ઉપાયોને સમીપ સમયમાં નહિ દેખતો એવો તું તે તારૂં જીવન પણ સિદ્ધ થાય નહિ. જીવન જ સુદુર્લભ થાત. એ પણ એમની દયાનું જ

કાર્ય છે. ભલે તે હૃદયગુહામાં ગૂઢ રહ્યા છે, છતાં પણ હિતની ઇચ્છાથી તારી બધી રક્ષાને એ પરમાત્મા કરી રહ્યા છે. અને જેને વિષે તું મોહ પામી ગયો છું એવા તેતે કામ્યવિષયોને પણ એ જ સંપાદન કરી આપે છે ॥ ૩૦–૩૩ ॥

सखायमेनं विद्धि त्वं प्रत्ययान्मयि साम्प्रतम् ।
कुरु श्रद्धां वचस्यस्य मनसैनं समाश्रय ॥ ३४ ॥

परोक्षस्यापि वागस्य स्फुटं शोश्रूयते किल ।
यदनादरतो बद्धस्त्वं मायिकविलुप्तधीः ॥ ३५ ॥

માટે હે પક્ષિન્! હાલ કાળમાં હિતેચ્છુ મારા વચનમાં વિશ્વાસ રાખીને, "**द्वा सुपर्णा सयुजा सखाया**" આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે સાચા સખા એ ભગવાનને જ જાણ. અને એ ભગવાનના '**मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये**' આ શ્રુતિમાં કહ્યા મુજબના વચનમાં શ્રદ્ધાને રાખીને મનથી એમનો જ એકનો સમાશ્રય સત્વર કર. ભલે એ પરોક્ષ છે તથાપિ તેમની શ્રુતિસ્મૃતિ-રૂપવાણી અથવા '**मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते**' આ હિતવાણી સ્પષ્ટપણે શાસ્ત્રોમાં સાંભળવામાં આવે છે. '**मामेकं शरणं व्रज**' એવી શ્રીમુખની નિશ્ચિત વાણી વર્તે છે જેનો અનાદર કરવાથી તું આ મહા માયા જાળમાં બંધાઇને માયિક વિષયોના સેવનથી બુદ્ધિહીન બની ગયો છું. જેના અનાદરથી આ પારાવાર પીડાને પામ્યો છું. તેમનો જ આદર કરવાથી આ સઘળી પીડા ટળી જશે. એમાં સહેલો સદુપાય એમની શરણાગતિ જ છે ॥ ૩૪–૩૫ ॥

नैष त्वया तु चक्षुर्भ्यां हस्ताभ्यां वा सखा परः ।
द्रष्टुं शक्यो गृहीतुं वा ह्यमूर्तः सूक्ष्मरूपकः ॥ ३६ ॥

मनसाऽपि न गृह्येत सरजस्केन सर्वदा ।
तमसा परिभूतेन कामैः कलुषितेन वा ॥ ३७ ॥

रागद्वेषादिशून्येन शुद्धेन मनसा त्वयम् ।
गृह्येत श्रद्धधानैस्तु महद्भ्यः श्रुततद्गुणैः ॥ ३८ ॥

આ સખા પરમાત્મા, "न चक्षुषा गृह्यते नापि वाचा नान्यैर्देवैः" આ શ્રુતિમાં 'તારાથી ચક્ષુ વડે કે હસ્તાદિ વડે જોઇ શકાય તેમ નથી તેમજ ગ્રહણ થઇ શકાય તેવા નથી. કેમકે તે તો 'दिव्यो ह्यमूर्तः पुरुषः' 'सर्वगतं सुसूक्ष्मं' આ શ્રુતિમાં 'અમૂર્ત' અને સૂક્ષ્મરૂપવાળા વર્ણવ્યા છે એ કોઈ પણ ઇન્દ્રિયોએ ગ્રહણ થઈ શકતા નથી. રજોગુણે યુકત મનથી પણ ગ્રહણ થઇ શકે એવા નથી. તેમજ કામથી કલુષિત અને તમોગુણથી પરાભવ પામેલા એવા મનથી પણ ગ્રહણ થતા નથી–જાણવામાં આવતા નથી. રાગ દ્વેષ આદિક દોષોએ રહિત, માટે જ શુદ્ધ એવા મનથી તો 'मनोमयः' 'मनसा तु विशुद्धेन' આમાં કહ્યા મુજબ જે જનોએ એકાંતિક સત્પુરુષો થકી જેમના કારુણ્ય આદિક સદ્‌ગુણો સાંભળ્યા છે એવા શ્રદ્ધાવાળા જનોથી જ એ ભગવાન્ જાણી શકાય છે. એમાં શ્રદ્ધા અને મનની શુદ્ધિ અને સત્સમાગમની આવશ્વકતા છે ॥૩૬–૩૮॥

तस्मात्त्वमपि शुद्धेन चेतसा तमुपाश्रय ।
आर्तिं रक्षकशून्यत्वं दैन्यं स्वस्य प्रकाशयन् ॥ ३९ ॥

सखे ! मां त्वं मायिकेषु विमोहाद्विहितादरम् ।
कुरुष्व दयया तत्र विगतस्नेहबन्धनम् ॥ ४० ॥

दारपुत्रादिकान् पाशान् दुश्च्छेद्यान् छिन्धि चाधुना ।
पाशाद्विमोच्य दुःखार्तं कुरु मां दुःखवर्जितम् ॥ ४१ ॥

આવી સ્થિતિ હોવાથી તું પણ વિશુદ્ધ મનથી તે દયાળુ ભગવાન આગળ તારી પીડાને નિવેદન કરીને, 'आर्तानां शरणं त्वहम्' 'अकिञ्चनोऽनन्यगतिः' આમાં કહ્યા પ્રમાણે તમારા સિવાય મારો કોઈ પણ રક્ષક નથી એવી પ્રાર્થના સાથે પોતાના દીનપણાને નિવેદન કરવા પૂર્વક આશ્રય કરીલે, અને 'હે સખે ભગવન્! હું કે જે માયિક તુચ્છ વિષયોમાં મોહને લીધે અત્યાદરવાળો થઇ બેઠો છું, તે મને દયા કરીને સાંસારિક દુર્ભેદ્ય બંધને રહિત કરો અને સ્ત્રી પુત્ર વિગેરે ન છેદી શકાય એવા પાશોને હમણાં જ છેદી નાંખો. અને એ પાશથકી છોડાવીને મને દુઃખાતુરને દુઃખરહિત કરી દ્યો' એવી પ્રાર્થના કર ॥૩૯–૪૧॥

एवं सम्प्रार्थितः सोऽपि सुहृद्भूतोऽतिदुःखिनाम् ।
लोलुप्त्वं कणिकास्वादे तवेदं नाशयिष्यति ॥ ४२ ॥

पुत्रदारादिपाशान्विश्लिष्टबन्धान् विधास्यति ।
पुत्रादिममतात्यागी हर्षशोकविवर्जितः ॥ ४३ ॥

शीतोष्णान् विषयांस्तान् भुञ्जानोऽविकृत एव च ।
रसास्वादं परित्यज्य देहयात्रोपयोगतः ॥ ४४ ॥

तमेव मनसा ध्यायन् वाचा तमनुकीर्तयन् ।
तत्प्रसादाज्जालबन्धाद्विमुक्तः खे चरिष्यति ॥ ४५ ॥

ઉપર પ્રમાણે પ્રાર્થના કરેલા, '**रक्षापेक्षां प्रतीक्षते**' આમાં કહ્યા પ્રમાણે ભક્તો થકી 'મારી રક્ષા કરો' એટલી પ્રાર્થના થકી અધિક કાંઇ કરવવા નહિ માગતા અને '**सुहृदं सर्वभूतानां**' એમાં કહ્યા પ્રમાણે અતિ દુઃખિયોના સાચા સુહૃત્ હિતૈષી દયાળુ ભગવાન્ તને જે વિષ જેવા વિષયકણોના સ્વાદમાં લોલુપતા વર્તે છે તેનો નાશ કરશે. અને પુત્ર કલત્ર આદિક જે દઢ પાશો અનાદિના અનુવર્તે છે તેના બંધનોને પણ છોડી નાખશે. એમ થતાં તું હર્ષ શોકથી રહિત થઇને પુત્ર દારાઆદિકની મમતાનો સાચો ત્યાગી થઇશ અને ઠંડા અને ઊના કોમળ કઠિન વિગેરે તેતે વિષયોના રસાસ્વાદનો ત્યાગ કરી ઉપયોગી દેહપોષણ પ્રયોજને ભોગવતો થકો પણ તું તેના વિકારે વર્જીત રહી શકીશ. તે પછી તું શુધ્ધ મનથી તે ધ્યેયમૂર્તિ ભગવાનનું જ ધ્યાન કરતો થકો અને વાણી વડે તેમના મંગલ ગુણો ચરિત્રો અને મધુર નામોનું **કીર્તન** કરતો થકો તે ભગવાનના પ્રસાદે કરીને જાળ બંધન થકી છૂટો થઇને યથાપૂર્વ આકાશમાં વિચરનારો થઇશ. સંસાર બંધન થકી છુટવાનો ઉત્તમોત્તમ ઉપાય આ એક પ્રપતિ જ છે ॥ ૪૨–૪૫ ॥

शतानन्दमुनिरुवाच—

इति श्रुत्वा हंसवाक्यं तमेव सुहृदं पुरः ।
हंसरूपं विभाव्याथाऽऽनर्चैनं परमादरात् ॥ ४६ ॥

यथा हंसोदितं सोऽपि प्रयतः श्रद्धयाऽन्वितः ।
सुहृदं तमनुध्यायन् मुक्तबन्धो बभूव ह ॥ ४७ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! હંસના ઉપરોકત હિત વાકયને સાંભળીને તેને જ સાચા સુહૃદ્ (હંસરૂપ ધારી સખા) ધારીને એમની પરમ આદરથી પૂજા કરી અને હંસે જે રીતે કહ્યું તે પ્રમાણે શ્રદ્ધા યુક્ત તત્પર થઇને પરમ સુહૃદ્‌ને (પરમાત્માને) ચિંતવતો થકો ભવબંધન થકી તે પણ મુકત થઈ ગયો ॥ ૪૬-૪૭ ॥

मुनय ऊचुः—

कोऽयं हंसस्त्वया प्रोक्तो यः सूक्तैः सान्त्वनान्वितैः ।
दीनमत्यन्तनिर्विण्णं लब्धधैर्यं व्यधात् क्षणे ॥ ४८ ॥

મુનિઓ કહે છે—હે શતાનંદમુને ! આપશ્રીએ જે હંસ કહ્યા તે કોને જાણવા ? કે જેમણે સાંત્વના સમન્વિત એવાં સત્ય પ્રિય હિત વચનો કહીને બહુ દીન અને અત્યંત ખેદ પામેલા જીવ પક્ષીને ક્ષણમાં ધૈર્યધારી કરી દીધો ॥ ૪૮ ॥

शतानन्दमुनिरुवाच—

हंसो यो वा मया प्रोक्तः सद्गुरुं तं निबोधत ।
विशुद्धसत्त्वः सोऽयं तु श्वेतवर्ण उदीर्यते ॥ ४९ ॥

नीरक्षीरविभागं तु कर्तुं हंसो यथा क्षमः ।
सारासारविभागं तु कर्तुमेवमयं क्षमः ॥ ५० ॥

खेचरो दहराकाशे परब्रह्मणि रंहणात् ।
न हि तस्मादृतेऽन्यस्तु दुःखिनां सात्वने क्षमः ॥ ५१ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! મેં જે હંસ કહ્યા તે સદ્‌ગુરુને સમજવા. એ સદ્‌ગુરુ પોતે શુદ્ધસત્ત્વ (એમનામાં કેવળ સત્ત્વગુણ વર્તે છે) હોવાથી તેમને શ્વેત વર્ણવાળા તરીકે કહેવામાં આવે છે. જેમ હંસ પક્ષી છે તે મિશ્રિત થએલા નીરક્ષીર (જળદૂધ) નો વિભાગ (જુદા)

કરી આપવા સમર્થ છે તેમ આ સદ્‌ગુરુરૂપ હંસ પણ આ સાર છે અને આ અસાર છે તેનો વિભાગ ઉપર પ્રમાણે કરવા શકત થાય છે, એમ સાધર્મ્યને લીધે સદ્‌ગુરુને હંસ તરીકે સંબોધવામાં આવે છે. **દહરાકાશશબ્દ-વાચ્ય** પરમાત્મામાં સદા રમે છે તેથી તેમને ખેચર કહ્યા છે. ઉપાસકના શરીરમાં કમલાકાર અલ્પ હૃદય નામનું ઘર પરમાત્માને રહેવાનું છે. તેમાં સૂક્ષ્મ એવો જે આકાશ તેને દહરાકાશ કહે છે, સર્વતઃ સ્વયંપ્રકાશ તેને **આકાશ** કહે છે, તેવા તો એક પરમાત્મા છે, તેથી પરમાત્માનેજ દહરાકાશ શબ્દથી નિરૂપ્યા છે. ગુરુરૂપ જે હંસ છે તે પણ ખશબ્દવાચ્ય પરમાત્મામાં અખંડ રહે છે તેથી તેમને ખેચર તરીકે વર્ણવ્યા છે. આ તો એક રૂપક તરીકેનું નિરૂપણ છે. **हंसे गुरौ मयि भक्त्याऽनुवृत्त्या**' એમ ઋષભ દેવે ગુરુને હંસ તરીકે નિરૂપ્યા છે. આવા ગુરુરૂપ હંસ વિના બીજો કોઈપણ દુઃખી જનોને સાંત્વના આપવા માટે સમર્થ થઈ શકતો નથી. માટેજ સાર અસારનો વિવેક કરી બતાવે તેવા ગુરુનો સાથ સહકાર મેળવીને પરમાત્માની શરણાગતિ સાધવી એ જ સર્વોત્તમ ઉપાય છે ॥ ૪૯-૫૧ ॥

गुरूपदिष्टमार्गेण रागद्वेषविवर्जितः ।
सुहृदं सर्वभूतानां यो हरिं भजते नरः ॥ ५२ ॥

तस्य कामाः प्रणश्यन्ति छिद्यन्ते कर्मपाशकाः ।
गृहक्षेत्रादिके मोहा व्यपगच्छन्ति मायिके ॥ ५३ ॥

परोक्षमेतदाख्यानमात्ममोक्षपथानुगम् ।
श्रावितं भूय एवान्यत्किं यूयं श्रोतुमिच्छथ ॥ ५४ ॥

ગુરુએ ઉપદેશ કરેલા સન્માર્ગે ચાલીને, રાગદ્વેષ આદિક દોષોએ રહિત થઈને (તેને ટાળીને) '**निवासः शरणं सुहृत्**' આમાં કહ્યા પ્રમાણે સર્વના સત્ય સુહૃત્ એવા ભગવાન્ શ્રીહરિને જે મુમુક્ષુ નર ભજે છે તેના હૃદયમાં રહેલા સર્વે કામો (વિષયવાસના) નાશ પામી જાય છે અને તેના કર્મરૂપ પાશો પણ છેદાઈ જાય છે અને ઘર ખેતર આદિક માયિક વસ્તુઓમાં જે મોહ વર્તે છે તે પણ ટળી જઈ મોક્ષવિરોધી સમસ્ત દોષોની નિવૃત્તિ થાય છે. આ અર્થ '**भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे 'कामा हृदय्या**

नश्यन्ति' ઇત્યાદિ વચનોમાં વ્યક્ત છે॥ આ તત્ત્વાખ્યાન પરોક્ષપણે કહ્યું છે પરંતુ આત્માના મોક્ષ માર્ગને અનુસરતું સરસ છે તે તમોને કહી સંભળાવ્યું. હવે તમો બીજું શું સાંભળવા ઇચ્છો છો તે કહો? ॥૫૨-૫૪॥

मुनय ऊचुः—

मायां कथं तु जानीयादीश्वरं च कथं बुधः ।
एतत्तत्त्वं समासेन कथयाथ महामुने! ॥ ५५ ॥

મુનિઓ કહે છે—હે મહામુને! મુમુક્ષુ મનુષ્યોએ માયાને કેવી રીતે જાણવી? અને માયાધિપતિ પરમેશ્વરને કેવી રીતે જાણવા? એ તત્ત્વ તમો અમોને સંક્ષેપમાં હાલ કહેવાને યોગ્ય છો ॥ ૫૫ ॥

शतानन्दमुनिरुवाच—

मायां शत्रुं विजानीयादात्मनोऽप्रियकारिणीम् ।
बन्धुं विद्यादीश्वरं तु श्रीहरिं हितकारकम् ॥ ५६ ॥

एवं ज्ञानान्न सज्जेत मायिके तु कदाचन ।
परमात्मनि गोविन्दे सदा सज्येत चाञ्जसा ॥ ५७ ॥

ज्ञातृत्वैकस्वरूपस्याऽज्ञानं भवति देहिनः ।
सुखैकतानस्यानन्तं दुःखं यत्सङ्गतस्तथा ॥ ५८ ॥

रागद्वेषादिमालिन्यमपि यद्गुणयोगतः ।
असत्ये सत्यधीर्दुःखे सुखभ्रान्तिस्तथा यया ॥ ५९ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ! ઉપરના પ્રકરણમાં જે માયા કહી તેને શત્રુ સમાન સમજવી, કેમકે તે જીવાત્માને અત્યંત અપ્રિય કરનારી છે. જે પોતાના આત્માનું અહિત કરે તેને શત્રુ તરીકે માનવામાં આવે છે. આ પ્રકરણમાં જે માયાના અધિષ્ઠાતા તરીકે પરમેશ્વરને કહ્યા તેમને બન્ધુ સમજવા. પ્રિય હિતને કરે તેને બન્ધુ કહેવામાં આવે છે 'त्वमेव बन्धुश्च सखा त्वमेव' એમ ભક્તો ભગવાનની પ્રાર્થના કરે છે. 'छिन्ध्याशु नः सुतकलत्रधनाप्तगेहदेहादिमोहरशनां भवदीयमायाम्'

એમ માયાને બંધક દોરી તરીકે વર્ણવવા પૂર્વક તેના છેદન માટે ભગવાનની પ્રાર્થનાને ભક્ત લોકો કરે છે ॥ આવા વિવેક વિજ્ઞાનવાળો જે મુમુક્ષુ જન છે તે માયિક પદાર્થમાત્રમાં આસક્તિને તે ક્યારેય પણ નજ કરે ॥ હિતેચ્છુ ગોવિંદ પરમાત્માને વિષેજ પરા પ્રીતિને સાચી રીતે કરે ॥ 'હું જાણું છું' એમ જેનું જ્ઞાતાપણું એજ વિલક્ષણ સ્વરૂપ છે તે આત્માને 'હું દેહ છું' એવું અવળું અજ્ઞાન આવી જાય છે અને આત્મા કે જે **'स्वतः सुखी'** એમાં કહ્યા પ્રમાણે સ્વયંસુખૈકતાન છે તેને અત્યંત દુઃખ આવી પડે છે. આ બધું માયાના સંગથીજ આવે છે. વળી કાંચન જેવા શુદ્ધ એવા પણ જ્ઞાનાત્મા ઉપર રાગ દ્વેષ આદિક દોષરૂપ મલિનનતા આવી જાય છે તે પણ એ માયાના સત્ત્વાદિ ગુણોના સંગથી આવે છે તેમજ જે અસત્ય છે તેમાં સત્યપણાની બુદ્ધિ અને દુઃખને વિષે સુખપણાની ભ્રાન્તિ થાય છે તે પણ તે માયાના ત્રિગુણયોગને લીધે થાય છે આ અર્થ ગીતામાં **'सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसम्भवाः। निबध्नन्ति महाबाहो! देहे देहिनमव्ययम् ॥'** આ રીતે ભગવાનેજ ગાયો છે ॥ ૫૬-૫૯ ॥

निर्विकारं सदा शुद्धं स्वप्रकाशं सुखात्मकम् ।
आत्मस्वरूपं संच्छाद्य व्यामोहयति देहिनम् ॥ ६० ॥

येयं यवनिका प्रोक्ता जीवात्मपरमात्मनोः ।
यया विस्मृतवान् नैजमात्मा शर्म परात्मगम् ॥ ६१ ॥

यतोऽनन्तसुखभ्रंशः पातोऽनन्तासुखालये ।
नातोऽन्योऽस्ति तु मायायाः प्रबलो ह्यात्मनो रिपुः ॥ ६२ ॥

આત્મા કે જે સ્વતઃ માયાના સમગ્ર વિકારોએ વર્જીત છે અને તેથીજ સદા શુદ્ધ છે અને 'હું હું' એમ પોતેજ પોતાના સ્વરૂપે સદા પ્રકાશમાન છે અને સુખસ્વરૂપ છે એવા પણ વિલક્ષણ શુદ્ધ આત્મસ્વરૂપને માયા ખૂબ આચ્છાદન કરીને દેહદૈહિકમાં મોહ ઉપજાવે છે. જે માયા જીવાત્મા પરમાત્મા વચ્ચે જવનિકા-પડદારૂપ થઈ છે. બન્ને વચ્ચેના નિકટ સંબંધમાં આવરણ ભૂત બની છે. જેને લીધે આ આત્મા પોતાના અને પરમાત્માના અનુભવસંબંધી અપાર સુખને ભૂલી ગયો છે. વળી તેનેજ લીધે પોતાના અનંત સુખમાંથી ભ્રષ્ટ થઈને અનંત દુઃખાલયમાં પીડાય

છે, માટે આત્માનો જો કોઈ પ્રબળ શત્રુ હોય તો તે માયાજ છે બીજો કોઈ નથી. એમ હોવાથી માયા અને તેનાં કાર્યભૂત ઇન્દ્રિયાદિ સર્વેને શત્રુ તરીકે સર્વે શાસ્ત્રો કહે છે. અનર્થ કરે એને શત્રુ કહે છે ॥ ૬૦-૬૨ ॥

अचित्कल्पस्य जीवानां वर्गस्य प्रलयेऽसतः ।
ज्ञानानन्दविहीनस्य मायायां स्वपतश्चिरम् ॥ ६३ ॥

प्रार्थनानिरपेक्षं यो देहोपकरणानि च ।
भोगस्थानानि भोग्यांश्च निर्ममे वै दयावशात् ॥ ६४ ॥

देहेन्द्रियान्तःकरणैः शक्तिं विज्ञानकर्मणोः ।
समुद्बोधयति स्मेशो जीवानामर्थसिद्धये ॥ ६५ ॥

हितावबोधि वेदाख्यं शास्त्रं लोचनसन्निभम् ।
प्रावर्तयच्च यः श्रेयोविधानाय नृणामिह ॥ ६६ ॥

આ જે જીવવર્ગ છે તે પોતે પ્રલયવેળાએ 'જાણે છે જ નહિ એવી' જડ તુલ્ય દશાને પામીને જ્ઞાનાનંદે રહિત હોઇને માયામાં બહુ કાળ સૂઇ રહ્યો હતો. આવી વિષમ વેળાએ જે ભગવાને દયાવશાત્ પ્રાર્થનાની અપેક્ષા પણ નહિ રાખીને, દેહાદિ ઉપકરણો, ભોગસ્થાનો અને ભોગ્ય વિષયોનું નિર્માણ કરી આપ્યું, એટલું જ નહિ પણ સર્વશક્તિ સર્વેશ્વરે દેહ ઇન્દ્રિયો અંતઃકરણમાં જ્ઞાનશક્તિ અને કાર્યશક્તિ પણ જીવોને તે તે જ્ઞાનકર્મોની સિધ્ધિ કરવા માટે સંપૂર્ણ જાગ્રત કરી આપી. અપેક્ષિત સમસ્ત સાધી આપ્યું. આ બાબત **'बुद्धीन्द्रियमनःप्राणान् जनानाम-सृजत् प्रभुः'** આ વચનમાં વિશદ છે. વધુમાં વેદ નામનું શાસ્ત્ર કે જે હિતનો અવબોધ આપનારૂં હોઇને લોચનતુલ્ય કહ્યું છે તેની પણ પ્રવૃત્તિ આ લોકમાં લોકોનું શ્રેય કરવા માટે કરી. **'श्रुतिस्मृती 'उभे नेत्रे'** એવું વચન છે ॥ ૬૩-૬૬ ॥

मनुराजादिमुखतः पालयत्यपि यः प्रभुः ।
सत्त्वं गुणं समास्थाय श्रीपतिः पुरुषोत्तमः ॥ ६७ ॥

अन्तः प्रविश्याऽविदितो धत्ते यश्च चराचरम् ।
विमुखानामपि श्रेयोऽनुध्यायति हृदा च यः ॥ ६८ ॥

तस्मात् सर्वस्य जगतः पितुः संरक्षकादपि ।
कोऽन्यो बन्धुः सुहृद्भूतो रक्षकश्च भवेन्नृणाम् ॥ ६९ ॥

विमुखत्वेऽपि यो रक्षां विदधाति परोक्षकम् ।
नृणां तमाभिमुख्येन भजेत मतिमान् नरः ॥ ७० ॥

વળી જે મહાપ્રભુ શ્રીપતિ પુરુષોત્તમ એવા ભગવાન્ સત્ત્વગુણનો સમાશ્રય કરીને મનુ પૃથુ આદિક રાજાઓ દ્વારા પણ પ્રજાઓને પાળે છે. વળી જે પોતે સર્વની અંદર પ્રવેશ કરીને, કોઈના જાણવામાં ન આવે એ રીતે આ ચરાચર વિશ્વને ધારી રહ્યા છે. વળી જે દયાળુ ભગવાન્, વિમુખોનું પણ શ્રેય હૃદયથી વિચારે છે. વિમુખો માટે પણ એમનું હૃદય દયાર્દ્ર રહે છે. માટે સમસ્ત જગતના સાચા પિતા અને સંરક્ષક થકી બીજો કોણ બન્ધુ-સુહૃદ્ભૂત રક્ષક, નરો માટે હોઈ શકે. બીજો કોઈ પણ નથી. "**त्वमेव माता च पिता त्वमेव त्वमेव बन्धुश्च सखा त्वमेव**' એમ છે ॥ વિમુખપણામાં પણ જે કૃપાળુ ભગવાન્ પરોક્ષપણે નરોની રક્ષાને કરે છે. માટે તે દયામૂર્તિ ભગવાનને સન્મુખ થઈને મતિમાન્ મનુષ્યે તેમની ભક્તિ કરવી. એ જ મનુષ્ય શરીરે કરીને કરવા યોગ્ય છે ॥ ૬૭-૭૦ ॥

तं स दुःखाब्धितः पारं नित्यानन्दं परं पदम् ।
नयेदित्यत्र का वा स्याद्विचिकित्सा विवेकिनाम् ॥ ७१ ॥

तस्मादेनं सुहृद्भूतं तदाज्ञापरिपालकः ।
ज्ञात्वा नित्यमनुध्यायन् परां शान्तिं निगच्छति ॥ ७२ ॥

અભિમુખ થઈને ભજતા તે ભક્તને તે ભગવાન્ દુઃખ દરીઆ થકી પાર ઉતારીને જેમાં નિત્ય આનંદ રહેલો છે એવા પરંપદે પહોંચાડે, એમાં વિવેકિઓએ વિચારવાનું જ ક્યાં રહે છે? એમાં શંકાને સ્થાન જ નથી ॥ માટે ભગવાનને સાચા સુહૃદ્ સમજીને તેમની આજ્ઞાઓને પાળતો થકો

તેમને યથાર્થ જાણીને તેમનું જે નિત્ય ધ્યાન ભજન કરે છે તે પરા શાંતિને પામે છે એમાં આશંકાને અવકાશ નથી ॥ ૭૧-૭૨ ॥

उत्पत्त्यादिविकारजातरहितं ज्ञानस्वरूपं परं
ज्ञानानन्दगुणैकसारममलं ब्राह्मैर्गुणैरश्चितम् ।
नित्यं श्रीहरिदास्यसौरभयुतं दुःखाद्यनर्हं बुधैः ।
ज्ञेयं वै निजरूपमस्य जनितं दुःखादि चौपाधिकम् ॥ ७३ ॥

પ્રથમ તો નિજાત્માને કેવો સમજવો ? તો જન્મમરણ વગેરે જે વિકારો વર્ણવ્યા છે તેણે તેણે રહિત છે. અને તે કેવળ જ્ઞાનરૂપ છે. ચિદ્રૂપ કહો કે જ્ઞાનરૂપ કહો તે બન્ને એકાર્થ છે. જ્ઞાનસ્વરૂપ આત્મામાં તેના સારભૂત ગુણો જ્ઞાન આનંદ આદિક છે. જ્ઞાનસ્વરૂપ અને જ્ઞાનગુણક છે. કેવળ જ્ઞાન નહિ. જ્ઞાન જ્ઞાતા બન્ને છે. મળે રહિત છે. નિત્ય નિર્દોષ છે. પરમાત્માના '**अपहतपाप्मा... सत्यकामः सत्यसङ्कल्प**' આ શ્રુતિમાં જે આઠ ગુણો કહ્યા છે તેણે પણ તે વ્યાપ્ત છે. વળી આવો પણ આ આત્મા સુવર્ણ જેવો તે પરમાત્માના દાસત્વ રૂપ સૌરભ (સુગંધ)થી યુક્ત છે, તેમાં દાસપણારૂપ સુગંધી આવે એટલે કશી ખામી રહે નહિ. દુઃખાદિ દોષોએ રહિત છે. આવા પોતાના સ્વરૂપને વિષે જે દુઃખાદિ દોષો દેખાય છે તેતો માયાકૃત ઉપાધિને લીધે છે, આત્મામાં સ્વતઃ કોઈપણ દોષ નથી, આ અર્થ શ્રીમુખે **निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणं** આ રીતે અનુગ્રહ્યો છે ॥ ૭૩ ॥

मायेयं किल वैष्णवी गुणमयी नित्या जडा त्वात्मनां
ज्ञानानन्दघनस्वरूपममलं संच्छाद्य दास्यं हरेः ।
शब्दादीन् विषयान् प्रदर्श्य सुभगान् जीवान् विमोह्याऽनिशं
दुःखाढये भवगर्तकेऽस्यति बुधैर्वेद्याऽरितुल्या त्वियम् ॥ ७४ ॥

આ જે વિવિધ વિચિત્રરૂપે વિલસી રહેલી માયા છે તે નિશ્ચે વિષ્ણુદેવેજ પ્રવર્તાવેલી, બંધક સત્ત્વાદિગુણવાળી, એની ઉત્પત્તિ નવી નહિ હોવાથી નિત્યા અને સ્વરૂપથી જડા (અપ્રકાશા) છે. આવી પણ આ માયા, આત્માનું જે જ્ઞાનાનંદઘન નિર્મળ સ્વરૂપ છે તેને અને '**दासभूताः**

स्वतः सर्वे ह्यात्मानः परमात्मनः' એમાં કહ્યા પ્રમાણે આત્માઓ સદા પરમાત્માના દાસ છે તે છતાં તેવા ભાવને સારી રીતે આચ્છાદન કરીને (ઢાંકી દઈને) સારા સારા શબ્દાદિ વિષયોને પ્રદર્શાવીને જીવોને નિરંતર મોહ (વિપરીત ભાવ) ઉપજાવે છે. એમ કરીને જીવોને દુઃખ ભરપુર એવા સંસારરૂપ ખાડામાં ફેંકે છે. એમ અનેકધા અનવધિ અનર્થને માયાજ કરી રહી છે. માટે બુધ જનોએ માયાજ શત્રુતુલ્ય છે એમ સમજીને તેણીના વશમાં આવવું નહિ ॥ ७४ ॥

मायाया वशगं स्वकर्मत इमं कालादनादेर्भवे
सीदन्तं प्रतिरुद्धचित्त्वविभवं देहादिहीनं लये ।

देहादिप्रतिपादनेन निचयं जीवात्मनां यो व्यधा–
दर्हं भोगविमोक्षयोर्हितपरं बन्धुं हरिं तं व्रजेत् ॥ ७५ ॥

इति श्रीमदाध्यात्मिकतत्त्वाख्याने मुनिगण–शतानन्दस्वामिर्मवादे हंस–पक्षिणोः संवादनिरूपणं नाम एकोनविंशतितमोऽध्यायः ॥ १९ ॥

આ દુઃસ્થિતિમાં શું કરવું? તેને કહે છે—પોતે જ કરેલાં કર્મોને લીધે માયાના સાવ વશમાં લપટાઈ ગએલો, માટેજ અનાદિ કાળથી આ સંસારમાં પીડાને ભોગવતો અને પોતાનો વૈભવ જે જ્ઞાનપણારૂપ હતો તે પણ જેનો માયાને લીધે રોકાઈ ગયો છે એવા અને પ્રલય વખતે દેહેન્દ્રિયમન પ્રાણે રહિત થઈ ગયેલા એવા પણ જીવાત્માઓને દેહ ઇન્દ્રિયો મન પ્રાણ વિગેરે સંપાદન કરી આપીને, જે દયાળુ ભગવાને ભોગ અને મોક્ષ માટે યોગ્ય (લાયક) કરી દીધા છે. એવા હિતપરાયણ, સખા બન્ધુ શ્રીહરિના શરણને પામીને મુમુક્ષુ જને તેમની સદા નિષ્કામ ભક્તિ કરવી ॥ ૭૫ ॥

ઇતિશ્રી ...શાસ્ત્રી હરિજીવનદાસકૃત ગુર્જરાનુવાદે ઓગણીસમોઽધ્યાયઃ ॥ ૧૯ ॥

विंशतितमोऽध्यायः ।

मुनय ऊचुः—

"एकमेवाद्वितीयं च ब्रह्मे"त्युपनिषच्छ्रुतिम् ।
प्रमाणयन्तः केचित्तु जगन्मिथ्येति चक्षते ॥ १ ॥

ब्रह्मैकमेवाऽविद्यात आच्छादितनिजप्रभम् ।
अनादेरनृतायास्तु स्वस्मिन् नानाभ्रमान्वितम् ॥ २ ॥

भ्रान्तिसिद्धं हि रजतं शुक्तौ मिथ्या यथा मतम् ।
तथा ब्रह्मणि सर्वोऽपि प्रपञ्चः कल्पितो मृषा ॥ ३ ॥

सर्वं खलु ब्रह्म जगदित्येषा च श्रुतिर्मता ।
बाधार्था स्थाणुरेवैष चोर इत्यादिवाक्यतः ॥ ४ ॥

મુનિઓ કહે છે—હે શતાનંદ મહામુને! "**सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयं**" એવી છાંદોગ્યોપનિષદની શ્રુતિ છે. તેને પ્રમાણપણે પરિગ્રહીને કેટલાક (અદ્વૈતિઓ) તો 'આ જગત્ મિથ્યા છે' એમ કહે છે. 'બ્રહ્મ સત્ય છે અને જગત્ મિથ્યા છે' એવું એમનું મંતવ્ય છે. જે એક બ્રહ્મ છે એજ અનાદિ અને અનૃતા (મિથ્યા) અવિદ્યાના યોગને લીધે પોતાના જ્ઞાનનું આચ્છાદન થતાં, પોતા વિષે 'હું દેવ છું, હું મનુષ્ય છું" એવા ભ્રમને પામીને પોતેજ સંસર્યા કરે છે. પરંબ્રહ્મનેજ અતર્કિત અજ્ઞાન આવતાં ભ્રમને લીધે સંસારી બની ગયા છે ॥ જેમ વસ્તુતાએ છીપ એ રૂપું નથી તથાપિ છીપમાં આ રૂપું છે એવી ભ્રાન્તિ અજ્ઞાને કરીને થાય છે તેમજ આ બધોજ પ્રપંચ બ્રહ્મમાં અવિદ્યાને લીધે કલ્પાએલો હોઈને મિથ્યા છે ॥ વળી '**सर्वं खल्विदं ब्रह्म**' એવી છા० ઉ० શ્રુતિ છે તે બાધાર્થમાં સમજવી. એટલે '**इदं**' શબ્દથી કહેલું જગત એ બાધિત છે અને બ્રહ્મ છે તે સત્ય છે. જેમ કોઈએ સ્થાણુ (સ્થિર પદાર્થ સ્તંભાદિક)ને ખાત્રીપૂર્વક જોઈને 'આ ચોર સ્થાણુ છે' એવું વાક્ય ઉચ્ચાર્યું. તેમાં સ્થાણું એ સત્ય છે અને એમાં આ ચોર એ શબ્દ બાધને

માટે મૂકેલો છે તે કલ્પિત–ખોટો છે. એમ બ્રહ્મ સત્ય છે અને જગત્ ખોટું છે. એ કોઈ સત્ય વસ્તુજ નથી. શશશૃંગવત્ મિથ્યા છે ॥ ૧–૪ ॥

आविद्यव्यष्टिदेहादियोगि चिन्मात्रकं च तत् ।
जीवत्वं प्राप्तवत् ब्रह्म ज्ञानान्मुक्तिं गमिष्यति ॥ ५ ॥

समष्टितत्त्वदेहादियोगि चिन्मात्रकं च तत् ।
ईश्वरत्वं भजत्यद्धा ब्रह्मैवोपाधियोगतः ॥ ६ ॥

કેવળ ચિન્માત્ર જે બ્રહ્મ છે તે અવિદ્યામય એવા વ્યષ્ટિદેહો વિગેરેના યોગને લીધે જીવપણાને પામે છે. તે 'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન થવાથી મુક્તિને પામશે. અને એજ ચિન્માત્ર બ્રહ્મ, સમષ્ટિ તત્ત્વમય જે દેહાદિ કો તેના યોગને લીધે ઈશ્વરભાવને પામે છે. એમ બ્રહ્મજ ઉપાધિના યોગને લીધે જીવભાવ તથા ઈશ્વરભાવને પામે છે. વસ્તુસ્થિતિ વિચારતાં બ્રહ્મજ એક સત્ય છે. બીજું બધું જ કલ્પિત–મિથ્યા છે. બ્રહ્મા સુધીની સૃષ્ટિને સમષ્ટિ કહે છે અને તે પછીની સૃષ્ટિને વ્યષ્ટિ કહે છે. તે કલ્પિત–મિથ્યા છે ॥ ૫–૬ ॥

माया च मायिका भावा जीव ईश्वर एव च ।
ब्रह्मणः परिणामा इत्यन्ये केचिद्वदन्ति तु ॥ ७ ॥

एवं नानाविवादेन व्याक्षिप्तहृदया वयम् ।
कथं निश्चिन्महे तत्त्वमर्थपञ्चक इप्सिते ॥ ८ ॥

शास्त्रज्ञानं बहुक्लेशं बुद्धेश्चलनकारणम् ।
तत्त्वं तत्त्वेन शास्त्रार्थमस्माकं वद साम्प्रतम् ॥ ९ ॥

वेदागमपुराणेषु दर्शनेषु च निष्ठितः ।
श्रीहरेः कृपयाऽसि त्वमज्ञानां ज्ञानदीपकः ॥ १० ॥

માયા, માયામાંથી ઉપજેલા બધા જ પદાર્થો, જીવો અને ઈશ્વર, આ બધા બ્રહ્મના જ પરિણામો છે. બ્રહ્મ જ સ્વૈરવિહાર માટે જીવ ઈશ્વર માયા આદિક વિવિધરૂપે પરિણામ પામ્યું છે. માટે વસ્તુસ્થિતિમાં બધું જ

શુદ્ધ બ્રહ્મ છે. બીજો કોઈ પૃથક્ ભાવ નથી. એમ બીજા કોઈ વાદીઓ (વલ્લભાચાર્ય વિગેરે) કહે છે. આવા વિવિધ વાદોને ચોમેરથી સાંભળીને અમો તો વિક્ષિપ્તહૃદયવાળા બની ગયા છીએ. કશી ગમ પડતી નથી. આ સ્થિતિમાં અમને ઇપ્સિત જે અર્થપંચક છે તેનો કેવી રીતે નિશ્ચય કરી શકીએ. કશો નિર્ણય લઈ શકાતો નથી. જે શાસ્ત્રજ્ઞાન છે તે બહુ કલેશવાળું અને બુદ્ધિને ચલાયમાન કરવામાં કારણભૂત બન્યું છે. બુદ્ધિ ફરી જાય છે. માટે તમો જે (પ્રામાણિકોએ અંગીકાર કરેલો) શાસ્ત્રાર્થ હોય તે અમોને હાલ તત્ત્વથી કહેવાને યોગ્ય છો. તમો વેદો, આગમ (પાંચરાત્રાદિ શાસ્ત્રો) પુરાણો અને સાંખ્ય-યોગાદિ દર્શન શાસ્ત્રોમાં શ્રીહરિની કૃપાથી નિષ્ઠિત છો-એના પારને પામી ગયા છો કશું જ અજાણ્યું નથી. એમ હોવાથી અમારા જેવા અજ્ઞાનિઓ માટે જ્ઞાનરૂપ દીપને પ્રકટાવી શકો છો. બાહ્ય અંધકારને હરવા માટે જેમ તૈલદીપ જોઇએ તેમ આંતર અજ્ઞાન હરવા માટે તો જ્ઞાનદીપ જોઈએ. તેમાં તો તમો પારંગત છો ॥ ૭-૧૦ ॥

अद्भुतानन्दस्वाम्युवाच —

इति श्रुत्वा मुनीनां तु वाक्यं वाक्यार्थकोविदः ।
शतानन्दमुनिः प्राह तांस्तदा विगतस्मयः ॥ ११ ॥

અદ્ભુતાનંદસ્વામી કહે છે—પૂર્વોકત પ્રકારનું મુનિઓનું સુવાકય સાંભળીને વાકયાર્થજ્ઞાનમાં પ્રવીણ અને જેમને જ્ઞાનનો ગર્વલેશ નથી એવા શતાનંદમુનિ તે સમયે તેમના પ્રત્યે બોલ્યા ॥ ૧૧ ॥

शतानन्दमुनिरुवाच—

माया जीवश्चेश्वरश्चाक्षरं ब्रह्म परं तथा ।
पञ्चैते कथिताः सत्याः भेदा अध्यात्मशास्त्रके ॥ १२ ॥
मायाशब्दो न मिथ्यार्थं वक्ति साक्षात्तपोधनाः ! ।
विचित्रार्थक्रियाकारी मायाशब्दार्थ इष्यते ॥ १३ ॥
आसुरास्त्रादिके सत्ये विचित्रार्थक्रियाकरे ।
मायाशब्दः प्रयुक्तस्तु पुराणे तत्र तत्र वै ॥ १४ ॥

શતાનંદમુનિ કહે છે—તપ એજ જેમને ધન છે એવા હે મુનિઓ! માયા, જીવ, ઈશ્વર, અક્ષરબ્રહ્મ અને પરંબ્રહ્મ, આ પાંચ ભેદો, અધ્યાત્મ-શાસ્ત્રોમાં સત્ય કહ્યા છે. એ ભેદો ખોટા નથી. આત્મા પરમાત્માને અધિકાર કરીને જે પ્રવર્ત્યું હોય તેને અધ્યાત્મશાસ્ત્ર કહે છે. એવાં શાસ્ત્રો વેદાદિ આઠ માન્યાં છે ॥ શાસ્ત્રોમાં માયા શબ્દ વપરાયો છે તે સાક્ષાત્ મિથ્યા (ખોટું) અર્થને કહેનારો નથી. 'વિચિત્ર અર્થો અને ક્રિયાઓને કરનારી' એવો **માયાશબ્દનો** અર્થ ઇચ્છિયો છે. એ કોઈ વસ્તુજ નથી એમ મિથ્યા અર્થમાં કહેવાનું તાત્પર્ય નથી ॥ આસુરોનાં અસ્ત્રાદિકો કે જે સત્ય હોઈને વિચિત્ર અર્થ ક્રિયાઓને કરનારાં છે તેમાં **માયાશબ્દનો** પ્રયોગ તે તે પુરાણદિકમાં કર્યો છે. વિ-પુ-માં 'ભગવાને બાળ પ્રહ્લાદની રક્ષા માટે સુદર્શન ચક્ર મુકયું. તેણે શંબરાસુરની હજારો માયાને છેદી નાંખી' એમ કહ્યું છે. જો આ મતે વપરાએલો **માયાશબ્દ** મિથ્યા અર્થમાં હોય તો સુદર્શન ચક્રે કરેલું તેનું છેદન સંભવી શકે નહિ. સુદર્શન ચક્ર અને તેણે કરેલું છેદન સત્યજ છે. વળી **'मायया सततं वेत्ति प्राणिनां च शुभाशुभम्'** આમાં **માયાશબ્દ** જ્ઞાનાર્થમાં લીધો છે. જ્ઞાને કરીને જાણે છે. વળી રામાયણમાં સિતાજીમાં **"देवमायेव निर्मिता"** એમ માયાશબ્દ વાપર્યો છે. સીતાજી કાંઈ મિથ્યા ન હતાં. ગીતામાં **'सम्भवाम्यात्ममायया'** એમ ભગવાને કહ્યું છે. ત્યાં પણ **માયાશબ્દનો** 'સંકલ્પરૂપ જ્ઞાન' એવો અર્થ સંગત કર્યો છે. એટલે માયાશબ્દનો 'મિથ્યા' એવો અર્થ નથી પરંતુ વિચિત્ર ક્રિયાને કરનારી હોવાથી **માયાશબ્દનો** પ્રયોગ કરવામાં આવ્યો છે ॥ ૧૨-૧૪ ॥

स्वप्नार्थस्यापि मायात्वमद्भुतत्वान्निगद्यते ।
यदन्ये नाधिगच्छन्ति पार्श्वस्था अपि तं पुनः ॥ १५ ॥
सूक्ष्मकर्मफलं तत्तत् स्वप्ने राज्यादि तत्क्षणम् ।
जीवेभ्यः प्रददातीशः श्रीहरिः सत्यमेव तु ॥ १६ ॥

સ્વપ્ન દશામાં જે જે પદાર્થો જોવામાં આવે છે તેનું માયાપણું કહેવામાં આવે છે તે તો અદ્ભુતપણાને લીધે, પણ મિથ્યાપણાને લીધે નહિ, કેમકે તે વખતે પાસે રહેલા પણ પુરુષો, તે સ્વપ્નાર્થને જાણી શકતા નથી. જીવોએ જે જે સૂક્ષ્મ કર્મો કર્યાં હોય તેનું તે તે ફળ જે

રાજ્યાદિક તેને તે ક્ષણે જીવોને પરમાત્મા શ્રીહરિ જ આપે છે, માટે સ્વપ્નમાં જે જે જોવામાં આવે છે તે પણ સત્ય જ છે. કેમકે **'सहि कर्ता'** આ શ્રુતિમાં સ્વપ્નદશામાં પરમાત્માનું જ કર્તાપણું કહ્યું છે. એમનું જે કરેલું હોય તેને ખોટું કહી શકાય નહિ. આ અર્થ **'मायामात्रं तु कार्त्स्न्येन'** આ સૂત્રમાં વ્યાસે વર્ણવ્યો છે. તાત્પર્ય એવું છે કે, સ્વપ્ન વેળાએ જે સૃષ્ટિ જણાય છે તે જીવે સર્જેલી નથી, પરંતુ પરમાત્મા જ સર્જી આપે છે. એ સ્વાપ્નિક અર્થો બીજાને જોવામાં આવતા નથી. ફક્ત જેને સ્વપ્ન આવે તેના જ જોવામાં આવે છે અને તે તે સમયને અંતે અવસાન પામી જાય છે. આ અર્થો બધા આશ્ચર્યરૂપના હોવાથી **માયા** શબ્દનો પ્રયોગ કરાય છે. સ્વપ્નસૃષ્ટિના સર્જક શ્રીહરિ હોવાથી સ્વપ્નાર્થોને ખોટા કહી શકાય નહિ. કેટલાંક પુણ્ય પાપ એવાં હોય છે કે તેને થોડો વખતજ ભોગવવાનાં હોય છે. તેને સ્વપ્નમાં થોડી વખત પરમાત્મા ભોગવાવે છે અને તત્ક્ષણ ઉપસંહાર કરી લે છે. સ્વપ્ન દશામાં એવાં બહુ બહુ આશ્ચર્યો જોવામાં આવતાં હોવાથી તેને માયા શબ્દથી કહે છે, પણ તે સ્વાપ્નિક પદાર્થો ખોટા છે એમ નહિ, કેમકે એના સ્રષ્ટા સ્વયં ભગવાન્ છે ૧૫-૧૬

न चापि मिथ्यासर्पादिर्मायेति व्यपदिश्यते ।
मायेति व्यपदिष्टं च सद्वस्त्वद्भुतदर्शनम् ॥ १७॥

જ્યાં સર્પાદિક મિથ્યા હોય ત્યાં 'માયા' એવો વ્યપદેશ થતો નથી. જ્યાં વસ્તુની સત્યતા હોઈને તેમાં અદ્ભુત દર્શન થતાં હોય ત્યાં **માયા** શબ્દનો વ્યપદેશ થાય છે. વસ્તુ જ ન હોય ત્યાં માયા શબ્દનો પ્રયોગ ઘટિત નથી ॥ ૧૭ ॥

प्रकृतिस्त्रिगुणा चेयं स्थूलसूक्ष्मस्वरूपिणी ।
विचित्रसर्गहेतुत्वात् मायेत्युक्ता महर्षिभिः ॥ १८ ॥

न मिथ्यात्वात्तथात्वे हि ज्ञानमात्रान्निवर्तनम् ।
भवेत्तस्याः दुस्तरत्वमुक्तमेवं विरुध्यते ॥ १९ ॥

ઉપર પ્રમાણે વિચારતાં, આ પ્રકૃતિ, ત્રિગુણા હોઇને સ્થૂળ સૂક્ષ્મ સ્વરૂપે સદા રહેનારી છે. તે વિવિધ સૃષ્ટિમાં હેતુ હોવાથી તેને મહર્ષિઓએ **માયા** શબ્દથી વ્યપદેશી છે. એક તો વિચિત્ર કાર્યોને કરે છે અને

પોતામાં જીવોને મોહ ઉપજાવે છે. એ કારણથી એણીને **माया** શબ્દથી કહેવામાં આવી છે. પણ મિથ્યાપણાને લીધે નહિ જ. જો મિથ્યા જ હોય તો જ્ઞાનમાત્રથી જ તેની નિવૃત્તિ થઈ જાય. વળી ગીતામાં '**दुरत्यया**' કહી છે તેમાં પણ વિરોધ આવે છે. મિથ્યાને દુસ્તર કેમ કહેવાય ? સત્ય વસ્તુ હોય તો સુખેથી દુસ્તર કહી શકાય ॥ ૧૭-૧૯ ॥

माया नास्तीति विज्ञानान्माया नैव निवर्तते ।
निवर्तते नैव सर्पो नायं सर्प इति भ्रमात् ॥ २० ॥

परमार्थस्य सर्वस्य यथा दण्डो निवर्तकः ।
तथैव भगवद्भक्तिर्मायाबन्धनिवर्तिका ॥ २१ ॥

'માયા નથી' એવા કેવળ વિજ્ઞાનથી કાંઈ માયા નિવૃત્ત થતી નથી, કારણ કે તે સત્ય છે પણ મિથ્યા નથી, જેમ સાચા સર્પને જોઇ ને આ સર્પ નથી એમ કહેવા માત્રથી સર્પ નિવૃત્ત થતો નથી પરંતુ સાચે સાચા સર્પની નિવૃત્તિતો દંડે કરીનેજ થાય છે-લાકડી મારે તો એની મેળે સર્પ જતો રહે. એમાં 'આ સર્પ નથી' એવા ભ્રમ જ્ઞાનથી કાંઈ સર્પ ટળી જતો નથી. આ ઉદાહરણ પ્રમાણે ભગવાનની જે ભક્તિ છે એજ માયાકૃત બંધનથકી મુકાવનારી છે. માયાબંધનની નિવૃત્તિમાં ભગવદ્-ભક્તિજ ઉપાયભૂત પરમ માની છે ॥ ૨૦-૨૧ ॥

मायायाः कृष्णशक्तेस्तु न नाशो विद्यते सदा ।
किन्तु भक्तेषु सा नैव प्रगल्भा बन्धकर्मणि ॥ २२ ॥

नावा नद्याः प्रतरणं यथा सत्यास्तथा पुनः
मायायास्तरणं चैव प्रोक्तं भगवदाश्रयात् ॥ २३ ॥

सा च जीवं प्रबध्नाति ज्ञानमावृत्य देहिनम् ।
स्वगुणैर्न परात्मानं तस्य शक्तिर्यतोऽस्ति सा ॥ २४ ॥

માયા કે જેને '**कृष्णशक्ति**' એમ ભગવાનની શક્તિ તરીકે કહી છે તેનો સદાય નાશ વર્તતો નથી. વસ્તુ સ્થિતિમાં સદા વર્તેજ છે. પરંતુ જે ભગવદ્ભક્તો હોય તેને ભવબંધન કામમાં પ્રગલ્ભપણું વાપરી શકતી

નથી. પોતાનું સામર્થ્ય ભક્તોમાં વાપરી શકતી નથી. કેમકે ભક્તોને તો ભગવાનનું બળ છે. એ ઉપરથી માયા નાશ થઈ ગઈ એમ ન સમજવું. એ તો કૃષ્ણની શક્તિ હોવાથી સદા સ્થિર નિત્યજ છે ॥ વહાણની સહાયથી નદીનું ઉત્તરણ થાય છે તે નદી સત્યજ છે. તેનુંજ ઉત્તરણ ઘટિત છે. એવીજ રીતે ભગવાનના આશ્રયથી **'मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते'** એમાં કહ્યા મુજબ માયાનું તરણ કહેલું છે. જે માયા છે તે જીવોને બાંધે છે તે તો તેના જ્ઞાનને આવરીને બાંધે છે. તેમાં તેણીને સાધનભૂત ત્રણ ગુણો છે. આ ગુણો બંધક દોરીને ઠેકાણે છે તેણે કરીને જીવોને બાંધી રાખે છે, પરંતુ તે માયા પરમાત્માને બાંધી શકતી નથી, કેમકે તે માયાતો પરમાત્માની શકિતભૂત હોઈને પરમાત્માને પરતંત્ર છે, એટલે જીવોને બાંધે છે પણ પરમાત્માને નહિ. આ અર્થ, **'देवात्मशक्तिं स्वगुणैर्निगूढां'** **'स एवेदं ससर्जाग्रे भगवानात्ममायया। सदसद्रूपया चासौ गुणामय्याऽगुणो विभुः'** આ વચનમાં વ્યક્ત છે. જગતની ઉત્પત્તિ આદિકમાં સાધનપણે સ્વીકારેલી હોવાથી માયાને કૃષ્ણશક્તિ તરીકે કહે છે. ભગવાન તો માયાના અધિષ્ઠતા છે. માયાતો ભગવાનના દર્શનપથમાં ઉભી રહેવા માટે પણ લાજ પામી જાય છે. એવા ભગવાનને માયાવશ કેમ કહેવાય ? ॥૨૩-૨૪॥

अज्ञानमेव मायाख्यं भावरूपं मृषात्मकम् ।
आवृणोति परंब्रह्म स्वप्रकाशं सनातनम् ॥ २५ ॥

इत्येष पक्षो दुष्टोऽतितरामज्ञानमूलकः ।
ब्रह्मणस्तु कुतोऽज्ञानं सच्चितः सर्वसाक्षिणः ॥ २६ ॥

'માયા જેનું અપર નામ છે એવું જે ભાવરૂપ મિથ્યાત્મક અજ્ઞાન છે તે સ્વયંપ્રકાશ સનાતન સચ્ચિદાનંદ પરબ્રહ્મને આવરણ કરે છે' એમ કહેનારાનો જે આ પક્ષ છે તે અત્યંત દુષિત છે. અને તે અજ્ઞાનમૂળક છે—એમાં મૂળ કારણ એમનું અજ્ઞાનજ છે ॥ પરંબ્રહ્મ કે જે **'यः सर्वज्ञः सर्ववित्'** **'चेतनश्चेतनानां'** **'साक्षी चेता'** આ શ્રુતિમાં નિરૂપ્યા પ્રમાણે સર્વજ્ઞ સર્વસાક્ષી છે, સચ્ચિદાનંદ એવા પરંબ્રહ્મમાં અજ્ઞાનનો સંભવ કેમ હોઈ શકે? બીલકુલ કહેવાય નહિ ॥ ૨૫-૨૬ ॥

यथाऽन्धतमसप्राप्तिर्घटते नैव भास्करे ।
तथा ब्रह्मणि नाज्ञानं घटते तु विपश्चिति ॥ २७ ॥

ज्ञानरूपं परंब्रह्म तन्निवर्त्यं मृषात्मकम् ।
अज्ञानं चेत्तिरस्कुर्यात्कः क्षमस्तन्निवर्तने ॥ २८ ॥

જેમ તેજસ્વરૂપ સૂર્યમાં ગાઢ અંધકારની પ્રાપ્તિ ઘટેજ નહિ તેમજ '**सह ब्रह्मणा विपश्चिता**' આ શ્રુતિમાં નિરૂપ્યા પ્રમાણે જે સદા જ્ઞાનાનંદસ્વરૂપ છે તે પરબ્રહ્મમાં અજ્ઞાન આવરણ બીલકુલ ઘટે નહિ. એક તરફથી બ્રહ્મને '**सत्यं ज्ञानं**' એમ જ્ઞાનરૂપ કહેવામાં આવે છે. બીજી તરફથી જો તે જ્ઞાનરૂપ બ્રહ્મને જ્ઞાનથી નાશ પામે એવું અજ્ઞાન પરાભવ પમાડે છે એમ કહેવામાં આવે તો તેવા બ્રહ્મના અજ્ઞાનના નિવારણ માટે કોણ સમર્થ થાય? કોઈ પણ નજ કરી શકે. જ્ઞાનસ્વરૂપ બ્રહ્મને અજ્ઞાન કહેવું એ તો અત્યંત અનુચિત કહેવાય. એટલે સંસાર તો ચાલુજ રહેવાનો ॥ ૨૭-૨૮ ॥

ब्रह्म त्वज्ञानवशगं संसरत्येव सन्ततम् ।
जीवः स्वज्ञानतस्तद्वै मोक्षयिष्यति साम्प्रतम् ॥ २९ ॥

इत्येषा विपरीता तु मायावादिसमादृता ।
वार्ता शास्त्रप्रमाणेन बाधिता तर्कतस्तथा ॥ ३० ॥

यदुपासनया जीवो मायाबन्धात्प्रमुच्यते ।
तदेव मायावशगं ब्रह्मेति न समञ्जसम् ॥ ३१ ॥

અજ્ઞાનના વશમાં આવેલું બ્રહ્મતો નિરંતર સંસર્યા કરે છે, જન્મ મરણને જાતે પામ્યા કરે છે. પણ જે જીવ છે તેતો પોતાના 'હું બ્રહ્મ છું' એવા જ્ઞાનથીજ હવે બ્રહ્મને મુક્ત કરશે. આ જે માયાવાદીઓએ આદર કરેલી વાર્તા છે તે અત્યંત વિપરીત છે. આ ઉટાંગ વાર્તા શાસ્ત્ર પ્રમાણથી અને તર્કથી પણ બાધિત-ખંડિત થાય છે. જે ઉપાસ્ય પરમાત્માની ઉપાસનાથી ઉપાસક જીવો માયાના બંધન થકી મુક્તિને પામે છે એજ મુક્તિદાતા પરંબ્રહ્મ માયાવશ વર્તે છે એમ કહેવું તે સમંજસ નથી-બીલકુલ સારૂ નથી. અત્યંત અવળું છે ॥ ૨૯-૩૧ ॥

ब्रह्मैवाऽविद्यया नानाजीवरूपं बभूव ह ।
इति पक्षे ह्यनन्तानि दुःखान्यस्यैव सम्भवेत् ॥ ३२ ॥

निर्दोषोऽनन्तकल्याणगुण आनन्दरूपकः ।
परंब्रह्म परात्मैव नानाजीवस्वरूपभाक् ॥ ३३ ॥

सदोषो दुःखितश्चेति शास्त्रदण्डहतं मतम् ।
नाना जीवा ब्रह्मभिन्नाः परमार्थाः स्वकर्मणा ॥ ३४ ॥

नानायोनिमनुप्राप्ताः सुखदुःखव्यवस्थिताः ।
बहवः कर्मसंसक्ता नानाभवपथाश्रिताः ॥ ३५ ॥

'પરંબ્રહ્મ પોતે જ અવિદ્યાના યોગથી નાના પ્રકારના જીવરૂપે થાય છે.' એવો એક પક્ષ છે. તેને મતે તો આ જે અનંત સાંસારિક દુઃખો તે બ્રહ્મને માથે જ આવવાનો સંભવ છે. જીવો તો અનંત દુઃખોથી ઘેરાએલા છે ॥ જે ભગવાન્ છે તેતો સમસ્ત દોષોએ રહિત હોઈને અનંત જ્ઞાનાદિ કલ્યાણ ગુણોએ સહિત છે અને આનંદસ્વરૂપ છે. એવા પરંબ્રહ્મ પરત્મા જ વિવિધ જીવ સ્વરૂપને પામનારા કહેવા એ તો તેજને તિમિર કહેવા જેવું અત્યંત અવળું છે ॥ એમ કહેવાથી પરમાત્મા જ દોષવાન્ અને દુઃખવાન્ ઠરે છે. આ માન્યતા તો શાસ્ત્રરૂપ દંડથી જ હણાયેલી છે. સર્વ સચ્છાસ્ત્રો પરમાત્માને નિત્ય નિર્દોષ અને કલ્યાણ જ્ઞાનાનંદૈક સ્વરૂપ કહે છે. નાના પ્રકારના જે જીવો છે તે પરમાત્મા થકી સ્વરૂપ સ્વભાવે કરીને ભિન્ન છે અને સ્વરૂપથી પરમાર્થ છે એ જ જીવો પોતાના કર્મોને અનુસારે નાનાવિધ યોનિઓને પામીને કોઈ સુખી તો કોઈ દુઃખી એવી વ્યવસ્થામાં વર્તે છે. બહુધા સંસારિક કર્મોમાં આસક્ત એવા જીવો અનેક સંસાર માર્ગને આશરી રહ્યા છે. આવા દુરંત દુઃખી દોષપૂર્ણ જીવરૂપે થવાનું પરમાત્માને કહેવું એ તો અત્યંત અવળું અસંભવિત છે ॥ ૩૨-૩૫ ॥

केचित्तु हरिसेवातः युक्ता मोक्षस्य वर्त्मनि ।
ज्ञानिनोऽज्ञानिनां ज्ञानप्रदा दैविकसम्प्रदाम् ॥ ३६ ॥

इत्येष व्यवहारोऽयं सर्वो लौकिकवैदिकः ।
यथार्थ आत्मभेदे तु प्रसिध्येदन्यथा नहि ॥ ३७ ॥

કેટલાક તો શ્રીહરિની સેવામાં જોડાએલા હોઇને મોક્ષમાર્ગ માટે

લાયક પણ બન્યા છે. અને પોતે જ્ઞાનિઓ હોઇને દૈવી સંપદાવાળા અજ્ઞાની જનોને જ્ઞાન આપી શકે એવા પણ છે. કોઈ સુખી કોઈ દુ:ખી કોઈ જ્ઞાની કોઈ અજ્ઞાની એવો આ સર્વ વ્યવહાર લોકમાં અને શાસ્ત્રોમાં અનાદિ પ્રવર્તે છે. આ બધો વ્યવહાર જો આત્માને જુદા જુદા સાચી રીતે માનીએ તો જ સિદ્ધ થાય, નહિ તો સિદ્ધ થાય નહિ. અલગ અલગ આત્માઓ છે. તેઓ તે તે યોનિમાં જન્મને કર્મોને અનુસારે સુખદુ:ખને અનાદિથી ભોગવ્યા કરે છે. આ વ્યવહાર લૌકિક અને શાસ્ત્રીય હોવાથી તેને કોઈ રીતે ખોટો કહી શકાય તેમ નથી. માટે પરમાત્માને અવિદ્યાના યોગથી અનેક જીવરૂપે થવાનું કદાપિ કહેવાય નહિ ।। ૩૬–૩૭ ।।

केचिदज्ञानतो ब्रह्म ह्येको जीवो भवत्यतः ।
अन्ये जीवा अनेनैव कल्पिताः स्वप्नदृश्यवत् ॥ ३८ ॥
अनादिमायासंसुप्त एको जीवः स वै यदा ।
प्रबुध्यते तदा सर्वः प्रपञ्चो लीयते त्वयम् ॥ ३९ ॥
इत्येवं कथयन्त्येव स्वप्रवृत्तिविघातम् ।
तथा सति स्वस्य मोक्षप्रवृत्तिर्निष्फलैव हि ॥ ४० ॥

વળી કેટલાએક એમ કહે છે કે-જે એક બ્રહ્મ તે ફક્ત એક જીવરૂપે થાય છે. પછી બીજા બધા જીવો તો એ એક બ્રહ્મ જીવે જ સ્વપ્ન દૃશ્યવત્ કલ્પેલા છે. જેમ સ્વપ્નમાં ગએલો એક જ જીવ, જુદી જુદી વિચિત્ર વસ્તુઓને જુવે છે અને જાગે છે ત્યારે તે બધું લીન થઈ જાય છે, તેમ જ અનાદિ માયામાં સુઈ રહેલો એ એક જીવ, જ્યારે જાગે છે ત્યારે તો આ સઘળો પ્રપંચ પ્રલીન થઈ જાય છે. આ સંસાર સંકેલાઈ જાય છે. આ રીતે નિધડક થઇને કહે છે. આ તો પોતે જે પ્રવૃત્તિ કરી રહ્યા છે તેને જ વિઘાત કરનારી છે. જો એમ જ હોય તો પોતા માટેની મોક્ષ પ્રવૃત્તિ તો નિષ્ફળ જ જવાની નિશ્ચે થશે ।। ૩૮–૪૦ ।।

एतावताऽपि कालेन न कश्चिद्वस्तुतः पुमान् ।
मुक्त इत्येष वादोऽयं शास्त्रज्ञेषु न शोभते ॥ ४१ ॥

शुको मुक्तो कामदेवो मुक्त इत्येवमादिगीः ।
श्रुतौ श्रुता च भगवद्गीतायां हरिणा स्वयम् ॥ ४२ ॥

बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ।
इति मुक्तबहुत्वं च कीर्तितं पौर्वकालिकम् ॥ ४३ ॥

'આટલો બધો લાંબો કાળ વીતિ ગયો તથાપિ કોઈ પણ પુરુષ વસ્તુતાએ મુક્ત થયો નથી.' આવો જે આ વાદ તે શાસ્ત્રજ્ઞની આગળ બીલકુલ શોભે તેવો નથી. કેવળ કલ્પિત છે ॥ શુકદેવજી મુક્ત થઈ ગયા છે, વામદેવ મુક્ત થયા છે, વિગેરે વાણી શ્રુતિમાં શ્રવણ થાય છે તેમ જ શ્રીકૃષ્ણ ભગવાને પોતે ગીતામાં પણ કહ્યું કે-"જ્ઞાન તપનો અભ્યાસ કરીને પવિત્ર થઈને બહુ જનો મારા સાધર્મ્યને પામી ગયા છે." આ રીતે પૂર્વ કાળમાં મુક્તોનું બાહુલ્ય કહ્યું છે. અનાદિ કાળમાં અનેક મુક્તો થઈ ગયા છે. એ શાસ્ત્રીય બાબતને ખોટી કેમ કહેવાય? ॥ ૪૧-૪૩ ॥

'पृथगात्मान' मित्यत्र श्रुतौ जीवपरात्मनोः ।
भेदस्तु परमार्थो हि मोक्षार्थं ज्ञेय उच्यते ॥ ४४ ॥

'क्षरं प्रधान'मित्यादौ मायाजीवात्मनां सताम् ।
नियन्ता परमात्माऽसौ निर्दिष्टः परमार्थतः ॥ ४५ ॥

'पृथगात्मानं प्रेरितारं च मत्वा जुष्टस्ततस्तेनामृतत्वमेति' આ શ્રુતિમાં જીવાત્મા પરમાત્માનો ભેદ વાસ્તવિક છે એમ સ્પષ્ટ કહેવાપૂર્વક મોક્ષને માટે પરમાત્માને અવશ્ય જાણવાના કહે છે. **'भोक्ता भोग्यं प्रेरितारं च'** આ શ્રુતિ પણ જીવાત્મા પરમાત્માના ભેદને પરમાર્થ કહે છે. **'क्षरं प्रधानममृताक्षरं हरः क्षरात्मानावीशते देव एकः'** ઇત્યાદિ બહુ શ્રુતિઓમાં પરમાર્થ એવા માયા જીવોના પરમાર્થ નિયંતાપણે પરમાત્માને નિર્દેશ્યા છે ॥ ૪૪-૪૫ ॥

जीवात्मानन्यतोक्तिश्च तत्त्वमस्यादिवाक्यतः ।
परस्य ब्रह्मणो विष्णोरन्तरात्मत्वतो भवेत् ॥ ४६ ॥

अन्यश्च राजन् स परस्तथाऽन्यः पञ्चविंशकः ।
तत्स्थत्वात्त्वनुपश्यन्ति चैक एवेति साधवः ॥ ४७ ॥

इत्याह जनकं भूपं ज्ञानिनामुपमापदम् ।
याज्ञवल्क्य मुनिश्रेष्ठो हार्दमैक्यश्रुतेः परम् ॥ ४८ ॥

'तत्त्वमसि' 'अयमात्मा ब्रह्म' ઇત્યાદિ વાક્યોમાં જીવાત્મા પરમાત્માની જે એકતા કહી છે, તે તો પરંબ્રહ્મ વિષ્ણુ નારાયણ સર્વાન્તરાત્મા હોવાથી કહી છે. આ અર્થની સ્પષ્ટતા 'ऐतदात्म्यमिदं सर्वं' આ શ્રુતિએજ પોતે કરી છે. 'वासुदेवात्मकान्याहुः क्षेत्रं क्षेत्रज्ञमेव' એમ પણ સ્પષ્ટતા કરી છે. 'હે રાજન્! પરમાત્મા અન્ય છે અને પચીશમો જીવ અન્યજ છે. જીવોમાં પરમાત્મા આત્માપણે વ્યાપી રહ્યા હોવાથી એકપણે સાધુઓ જુવે છે. વસ્તુતાએ તો પૃથક્ જ છે. આ બાબત, જનક રાજા કે જે જ્ઞાનિઓમાં ઉપમા આપવા યોગ્ય બન્યા છે તેમના પ્રત્યે મુનિવર્ય યાજ્ઞવલ્કયે એકત્વ પ્રતિપાદન કરનારી શ્રુતિનું શું હાર્દ છે તે સમજાવ્યું છે 'सर्वगत्वादनन्तस्य स एवाहमवस्थितः' (પ્રહ્લાદજી) 'सर्वं समाप्नोषि ततोऽसि सर्वः' (ગીતા) એમ પણ સમજાવ્યું છે. આ જોતાં જીવાત્મા પરમાત્માનો ભેદ સુસિદ્ધ સત્ય છે તે ખોટો કદાપિ કહેવાય નહિ ॥ ४९-४८ ॥

ईश्वरा अपि विद्यन्ते परमार्थत एव च ।
देवादिकचतुर्वर्गजीवेभ्योऽधिकभूतयः ॥ ४९ ॥

सर्जने पालने चैव संहृतावपि कर्मणि ।
नियुक्ता वासुदेवेन चाधिकारप्रदस्थिताः ॥ ५० ॥

अधिकारनिवृत्तौ च मायामेतां विसृज्य ते ।
ध्यानसिद्धिबलेनैव हरेर्धाम व्रजन्ति तु ॥ ५१ ॥

अन्येषु चैव कल्पेषु समानाकृतिकास्तथा ।
ईश्वराः प्रभवन्त्येव हरीच्छातोऽधिकारिणः ॥ ५२ ॥

'तमीश्वराणां परम' मिति श्रुत्यां समीरितः ।
ईश्वराणां च परमः श्रीहरिस्तु महेश्वरः ॥ ५३ ॥

જીવો થકી પર ઈશ્વરો પણ પરમાર્થપણે જ વર્તે છે. એ મિથ્યા નથી. દેવ, મનુષ્ય, તિર્યક્ (પશુ પક્ષી) અને સ્થાવર, એ ચારે પ્રકારના

જીવો થકી જે ઇશ્વરો છે તે સમધિક વિભૂતિવાળા કહ્યા છે. જીવો કરતાં અધિક ઐશ્વર્યવાળા હોવાથી એમને ઇશ્વરસંજ્ઞાથી કહે છે. વળી સૃષ્ટિ, પાલન અને સંહાર કર્મમાં પણ પરમેશ્વરે પ્રયોજેલા હોઈને તે તે અધિકારી પદમાં વિરાજે છે ॥ તેઓ જ્યારે અધિકાર પદેથી નિવૃત્ત થાય છે ત્યારે આ ગુણમયી માયાનો ત્યાગ કરીને ભગવદ્ધ્યાનના બળથી જ શ્રીહરિના ધામને પામી જાય છે. એમની અધોગતિ નથી ॥ બીજા કલ્પોમાં પણ એ જ ઇશ્વરો પૂર્વની પેઠે સમાન આકૃતિવાળા હોઇને શ્રીહરિની ઇચ્છાથી ઉદ્ભવે છે અને પૂર્વના અધિકારપદે વિરાજે છે. એમને આધિકારિક દેવો કહેવામાં આવે છે. જીવોની પેઠે જન્મમરણ નથી. એ ઇશ્વરો પણ નિત્ય હોઇને પરમાત્મા થકી તો જુદા જ છે ॥ '**तमीश्वराणां परमं महेश्वरम्**' આ શ્રુતિમાં ઇશ્વરોના પરમ મહેશ્વર તરીકે કહ્યા છે તે તો ભગવાન્ શ્રીહરિને કહેલા સમજવા. મહાન-સર્વથી મોટા હોવાથી મહેશ્વર કહ્યા છે. પણ મહેશ્વર શબ્દથી શિવજીને કહેવાનું તાત્પર્ય નથી ॥ ૪૯-૫૩ ॥

ब्रह्मैव जीवरूपेण तथाऽचेतनरूपतः ।
तथेश्वरस्वरूपेण परिणामं प्रपद्यते ॥ ५४ ॥

इति केचिच्चात्र पक्षे दोषा ब्रह्मणि वै परे ।
प्रसज्यन्ते ब्रह्मशक्तिपरिणामस्त्वयं त्विति ॥ ५५ ॥

पक्षेऽपि शक्तेरैक्यं वा ब्रह्मणा भेद एव वा ।
ऐक्यं चेत्परिणामस्तु ब्रह्मण्येव प्रसज्यते ॥ ५६ ॥

भेदश्चेद्ब्रह्मणाऽस्यैक्यवाचोयुक्तिः कथं भवेत् ।
ब्रह्मभिन्नाः शक्तिरूपाः सूक्ष्मास्तस्य महात्मनः ॥ ५७ ॥

पुमांसः प्रकृतिश्चापि स्थूलरूपा भवन्ति वै ।
तदिच्छयैव, ते तस्य शरीरत्वेन संस्थिताः ॥ ५८ ॥

વળી કોઈ એમ કહે છે કે 'સ્વયં બ્રહ્મ જ ચેતન જીવરૂપે, અચેતન માયારૂપે અને ઇશ્વરરૂપે પરિણામને પામે છે.' બ્રહ્મના સ્વરૂપનો જ આ બધો પરિણામ છે. આ પક્ષમાં તો બધા જ દુઃખ

જડાદિ દોષો પરંબ્રહ્મમાં જ આવે છે. કેમકે બ્રહ્મ જ માયા, જીવ, ઈશ્વરરૂપે પરિણમે છે. 'બ્રહ્મનો પરિણામ થતો નથી પણ બ્રહ્મની શક્તિનો પરિણામ થાય છે' એમ કહેવા જાય તો તે પક્ષમાં પણ શક્તિનું બ્રહ્મની સાથે એકપણું છે કે ભેદ છે? જો બ્રહ્મની સાથે શક્તિનું ઐક્ય કહેવામાં આવે તો પરિણામનો પ્રસંગ તો બ્રહ્મમાં જ આવશે. કેમકે શક્તિ શક્તિમાનનું ઐક્ય છે. જો 'શક્તિનું બ્રહ્મની સાથે ભિન્નપણું છે' એમ કહેવામાં આવે તો બ્રહ્મનું જીવ-ઈશ્વર અને જડની સાથે ઐક્ય કહેવામાં આવે છે તે શી રીતે ઘટશે? કારણ તે તો બ્રહ્મનો નહિ પણ શક્તિનો પરિણામ થયો, માટે તે કોઈ રીતે બંધબેસતું આવતું નથી. તે પરમાત્માથી (બ્રહ્મથી) ભિન્ન અને તેમની શક્તિરૂપ સૂક્ષ્મ એવા જે પ્રકૃતિ પુરુષો છે તે ભગવદિચ્છાથી સ્થૂળરૂપ બની જાય છે. કે જે પ્રકૃતિ-પુરુષો, પરમાત્માના શરીરપણે રહ્યા છે ॥ ૫૪-૫૮ ॥

आत्मत्वेन स सर्वेषां वर्तते सर्वदैव च ।
शरीरात्मस्वभावेन जगतश्च परात्मनः ॥ ५९ ॥
ब्रह्मात्मकमिदं सर्वं ब्रह्मेत्यैक्येन कीर्त्यते ।
नतु स्वरूपतस्त्वैक्यं विदचिद्ब्रह्मणां मतम् ॥ ६० ॥
परमेश्वरतश्चान्यत्परं ब्रह्म न विद्यते ।
'नारायणः परंब्रह्म'त्यादिश्रुतिगणाः पुनः ॥ ६१ ॥
स्वामिनं सर्वजगतां हरिं कृष्णं परात्परम् ।
नारायणं वासुदेवं परंब्रह्म प्रचक्षते ॥ ६२ ॥

અને તે પરમાત્મા સર્વેના આત્માપણે સદાકાળ વર્તે છે. માટે આત્મા અને પરમાત્મા વચ્ચે શરીરાત્મભાવ હોવાથી (આત્માઓ શરીર છે અને પરમાત્મા શરીરી આત્મા છે. એ કારણથી) 'આ સઘળું બ્રહ્માત્મક છે' એમ એકપણે કહેવામાં આવે છે. વસ્તુતાએ ચિત્ અચિત્ અને પરમાત્મા, ત્રણેય તત્ત્વો સ્વરૂપ સ્વભાવ આદિક સર્વ કોઈ પ્રકારે અલગ અલગ છે તેમ જ પરમેશ્વર થકી પર બીજુ કોઈ બ્રહ્મ પૃથક નથી. **'नारायणः परंब्रह्म'** ઇત્યાદિ શ્રુતિ ગણો તો સર્વ જગતના સ્વામિ એવા હરિ, કૃષ્ણ, પરાત્પર, વાસુદેવ, નારાયણને જ પરંબ્રહ્મ કહે છે ॥ ૫૯-૬૨ ॥

अक्षरब्रह्मसंज्ञं तु धामाऽस्य परमार्थतः ।
'तदक्षरे परमेव्योम्नी' त्यादिश्रुतीरितम् ॥ ६३ ॥

रहितं मायिकगुणैः शान्तमृद्धमनन्तकम् ।
तेजोमयं स्वयंज्योतिर्ब्रह्मानन्दविवर्धनम् ॥ ६४ ॥

'અક્ષરબ્રહ્મ' સંજ્ઞાથી જે કહ્યું છે તે તો તે દિવ્યમૂર્તિ પરમાત્માને રહેવાનું પરમ ધામ (સ્થાન) પરમાર્થપણે છે. આ બાબત, '**तदक्षरे परमे व्योमन्**' ઇત્યાદિ બહુ શ્રુતિઓમાં કહેલી છે. એ પરમ ધામ, માયાના સત્ત્વાદિ ગુણોએ રહિત હોવાથી નિર્ગુણ, શાંત, સકળ સમૃદ્ધિવાળું, એનો અંત-અવધિ નથી, તેજોમય, સ્વયંપ્રકાશ અને બ્રહ્માનંદને વધારનારૂં છે ॥ ૬૩-૬૪ ॥

तथैवाक्षरसंज्ञं च मुक्तवृन्दं समूर्तिकम् ।
ब्रह्म ब्राह्मगुणैर्योगादपि ज्ञानबृहत्त्वतः ॥ ६५ ॥

हरेर्गुणविभूत्यादिप्रत्यक्षानुभवान्वितम् ।
आनन्दपूर्णं तत्रास्ते हरिस्तुतिकृतादरम् ॥ ६६ ॥

'तद्विष्णो' रिति मन्त्रे हि निर्दिष्टा नित्यसूरयः ।
बहवः पारमार्थ्येन हरिदास्ये व्यस्थिताः ॥ ६७ ॥

'જેમ અક્ષર બ્રહ્મ' સંજ્ઞાથી અક્ષર ધામ કહ્યું છે. તેમજ 'અક્ષર' સંજ્ઞાથી સમૂર્તિ (સાકાર) મુક્તવૃંદને પણ કહ્યા છે. પરમાત્માના જે '**अपहत-पाप्मा...सत्यकामः सत्यसङ्कल्पः**' આ શ્રુતિમાં આઠ ગુણો કહ્યા તે ગુણોનો યોગ પણ મુક્તોમાં વર્તતો હોવાથી તેમજ જ્ઞાનથી મોટાપણું વર્તતું હોવાથી મુક્તોને **બ્રહ્મ**શબ્દથી નિર્દેશ્યા છે. ભગવાનના ગુણો અને વિભૂતિ આદિકનો અનુભવ એ મુક્તોને પ્રત્યક્ષ વર્તે છે. વળી તેઓ સદા આનંદ-પૂર્ણ અને ભગવાનની સ્તુતિમાં અત્યાદર ભાવવાળા વર્તે છે. આવા મુક્તો તે ધામમાં સદા રહે છે. '**तद्विष्णोः परमं पदं, सदा पश्यन्ति सूरयः**' આ મંત્રમાં એ પરાત્પર ધામ અને તેમાં રહેલા નિત્યમુક્તોનો નિર્દેશ સ્પષ્ટ શબ્દોમાં કર્યો છે. આ બધા મુક્તો એક નહિ પણ બહુ છે અને

તે ધામમાં વ્યવસ્થાથી શ્રીહરિની દાસભાવથી સેવામાં સદા વર્તે છે. આ ધામ અને તત્સ્થ મુક્તો પરમાર્થપણે વર્તે છે, એમને ખોટા કહેવાય તેમ નથી ॥ ૬૫-૬૭ ॥

केचिन्मुक्तात्मनामैक्यं ब्रह्मणा परमेण तु ।
कथयन्ति न तद्युक्तमैक्यं स्वस्वामिनो कथम् ? ॥ ६८ ॥
एष सर्वेश्वरस्त्वेष सर्वस्य पतिरित्यपि ।
नित्यमुक्तात्मनां स्वामी हरिर्नारायणः श्रुतः ॥ ६९ ॥
स्वोपासकानतिप्रीत्या स्वसमानसुखान्वितान् ।
कृत्वा मुक्तान् मोदतेऽयं धाम्नि दिव्येऽक्षरे परे ॥ ७० ॥

કેટલાક મુકતાત્માઓનું પરબ્રહ્મ સાથે એકપણું કહે છે તે યોગ્ય નથી. સ્વ-સ્વામિનું એકપણું શી રીતે ઘટે ? '**स्वत्वमात्मनि सञ्जातं स्वामित्वं ब्रह्मणि स्थितम्**' આમાં કહ્યા પ્રમાણે જે આત્માઓ છે તે પરમાત્માનું સ્વ (ધન) છે અને પરમાત્મા છે તે સ્વામી (ધણી) છે એમ કહે છે. સ્વામી સેવકનું તુલ્યપણું કોઈ રીતે સંભવે નહિ '**एष सर्वेश्वरः**' '**पतिं विश्वस्य आत्मेश्वरम्**' ઈત્યાદિ બહુ શ્રુતિઓ નિત્ય મુકતાત્માઓના સ્વામી તરીકે નારાયણ શ્રીહરિને કહે છે. '**एक एव हरिः स्वामी**' '**आत्मदास्यं हरेः स्वाम्यम्**' એમ સ્મૃતિઓ પણ કહે છે. આ જોતાં આત્મા પરમાત્માનું ઐકય કોઈ રીતે સંભવતું નથી ॥ પોતાના ઉપાસક મુકતોને અતિશય પ્રીતિથી પોતાને સમાન સુખવાળા કરીને તેમની સાથે દિવ્ય પરાત્પર અક્ષર ધામમાં ભગવાન આનંદથી વિરાજે છે ॥ ૬૮-૭૦ ॥

ख्यातो नामसहस्रे च मुक्तानां परमा गतिः ।
इति मुक्तात्मनां स्वामी प्राप्यः सेव्यश्च माधवः ॥ ७१ ॥

अत्यन्तसाम्यादैक्योक्तिर्मुक्तानां हरिणा सह ।
पुरोहितोऽयं राजेति साम्यादैक्यवचो यथा ॥ ७२ ॥

इति मायेशजीवानां बह्मणः परमात्मनः ।
परमार्थतया भेदः शास्त्रदृष्टोऽत्र कीर्तितः ॥ ७३ ॥

વળી વિષ્ણુનામસહસ્રનામના સ્તોત્રમાં **'मुक्तानां परमा गतिः'** આ એક વિષ્ણુ ભગવાનનું નામ આવે છે. આમાં મુકત આત્માઓના સ્વામી, પ્રાપ્ય, ધ્યેય શ્રીપતિ શ્રીહરિને કહ્યા છે. મુકતોની પરમા ગતિ તરીકે કહ્યા છે. મુકતોની પરમ ગતિ તરીકે કહ્યા હોવાથી એમની બેની વચ્ચે પ્રાપ્ય પ્રાપક ભાવ આવે છે. ગતિશબ્દનો 'પ્રાપ્ય' એવો અર્થ છે. જેમ કોઈ વિષયમાં (સુખ-માન-આજ્ઞા વિગેરે) સમતાને લીધે રાજ પુરોહિતને 'આ રાજા' છે. એમ એકતાથી કહેવાય છે તેમ **'परमं साम्यमुवैति'** આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે રૂપ ગુણ વિભૂતિ વિગેરે વડે અત્યંત સામ્ય હોવાથી ભગવાન સાથે મુકતોની સમાનતા તો કહી શકાય. પરંતુ વસ્તુતાએ સમતા કહી શકાય નહિ ॥ માટે માયા જીવ ઇશ્વર બ્રહ્મ પરબ્રહ્મનો ભેદ પારમાર્થિક છે. આ બાબતમાં શાસ્ત્રોનાં બહુ વચનો પ્રમાણ છે ॥૭૧-૭૩॥

मायाया लक्षणं तत्र कालेन परिणामिता ।
त्रिगुणत्वं सकार्याया भोक्तृभोगार्हता तथा ॥ ७४ ॥

लये मायाविलीनत्वं सर्गे देवादिरूपतः ।
योगः कर्मफलानां च भोगो जीवस्य लक्षणम् ॥ ७५ ॥

समष्टिदेहयोगश्च तथा सर्गादिकर्तृता ।
लयेऽक्षरे च सम्पत्तिर्मतमीश्वरलक्षणम् ॥ ७६ ॥

ઉપર જીવાદિ પાંચ ભેદો અનાદિ કહ્યા, તેમાં માયાનું લક્ષણ એ છે કે-કાળે કરીને પરિણામ પામવાપણું, ત્રિગુણાત્માપણું, (એનાં કાર્યોનું પણ ત્રિગુણાત્માપણું જાણવું) ભોકતા એવા જીવોના ભોગોને સંપાદન કરી આપવાની યોગ્યતા, આ માયાનું સંક્ષેપમાં લક્ષણ છે. લય થતાં માયામાં લીન થવાપણું, સૃષ્ટિ થતાં દેવ મનુષ્યાદિરૂપે થવાપણું અને કર્મ ફળોને ભોગવવાપણું એ જીવનું લક્ષણ ટુંકામાં છે. સમષ્ટિ (બ્રહ્માદિ) દેહનો યોગ, સર્ગાદિકને કરવાપણું, પ્રલય વેળાએ અક્ષરમાં લય પામવાપણું, એ ઇશ્વરનું લક્ષણ છે. આ રીતે માયા જીવ અને ઇશ્વરનું ટુંકું લક્ષણ છે ॥૭૪-૭૬॥

अकालकाल्यत्वमेव श्रीहरेर्धामरूपता ।
अमूर्तब्रह्मणो लक्ष्म जीवानां मुक्तिदेशता ॥ ७७ ॥

आविर्भूतस्वरूपत्वं दिव्यरूपेण सर्वदा ।
हरिदास्ये स्थितिश्चैव लक्ष्म मूर्ताऽक्षरस्य तु ॥ ७८ ॥

કાળે કરીને નહિ પરિણામ પામવાપણું, શ્રીહરિના નિવાસસ્થાનપણે રહેવાપણું, મુક્ત જીવો માટે મુક્તિના દેશ તરીકે રહેવાપણું, એ અમૂર્ત (નિરાકાર) બ્રહ્મનું લક્ષણ છે. અપહતપાપ્મા...સત્યકામ આદિક અષ્ટ ગુણોનો આવિર્ભાવ પામવાપણું, દિવ્યરૂપથી સદા રહેવાપણું અને શ્રીહરિની દાસત્વ-ભક્તિમાં વર્તવાપણું, એ મૂર્ત (સાકાર) અક્ષરનું લક્ષણ છે. નિરાકાર–સાકાર અક્ષરનું આ લક્ષણ **द्वेधोक्तमक्षरं धाम मूर्तं चामूर्तमेव च**" આ વાક્યમાં વ્યક્ત છે ॥ ૭૭–૭૮ ॥

मायाजीवेश्वरब्रह्मनियन्तृत्वं सदैव तु ।
समस्तजगतामेकहेतुता सर्वशक्तिता ॥ ७९ ॥

सर्वान्तरात्मता सर्वस्वामित्वं ध्येयता सदा ।
ब्रह्मात्मभिः सेव्यता च लक्षणं परमात्मनः ॥ ८० ॥

માયા, જીવ, ઈશ્વર, બ્રહ્મ, એ સર્વેનું સદાય નિયંતાપણું, સમસ્ત જગતનું એક કારણપણું, સમસ્ત શક્તિવાળાપણું, સર્વાન્તરાત્માપણું, સર્વ-સ્વામિપણું, મોક્ષ માટે સર્વધ્યેયપણું, બ્રહ્મરૂપ મુક્તોએ સદાસેવ્યપણું, ઈત્યાદિ પરમાત્માનું લક્ષણ છે ॥ ૭૯–૮૦ ॥

जगज्जन्मादिहेतुत्वं लक्ष्म तस्य प्रकीर्तितम् ।
वेदान्तेषु च तस्यैव मुमुक्षुध्येयता तथा ॥ ८१ ॥

स तु नारायणः स्वामी महोपनिषदि श्रुतः ।
श्वेताश्वतरकाद्येषु ध्येयः स पुरुषोत्तमः ॥ ८२ ॥

'यतो वा इमानि भूतानि जायन्ते' 'जन्माद्यस्य यतः' ઈત્યાદિ વેદાંત વાક્યોમાં પરમાત્માનું જે જગત્ જન્માદિકના કારણપણારૂપ

અસાધારણ લક્ષણ કર્યું છે. તેમજ 'कारणं तु ध्येयः' એમ પરમકારણ પરબ્રહ્મની મુમુક્ષુધ્યેયતા કહી છે. (જે જગતની ઉત્પત્તિ સ્થિતિ પ્રલય કરનારા છે એજ કારણનું ધ્યાન કરવું) એવા કારણ તો સર્વના સ્વામી નારાયણ છે એમ મહોપનિષદમાં પ્રતિપાદ્યા છે. શ્વેતાશ્વતર વિગેરે ઉપનિષદોમાં એ પુરુષોત્તમની જ ધ્યેયતા નિરૂપણ કરી છે. અર્થાત્ 'नारायणात् ब्रह्मा जायते नारायणात् रुद्रो ऽभिजायते' ઈત્યાદિ શ્રુતિઓના અનુસંધાને નારાયણજ પરમકારણ હોવાથી એમની જ એક ધ્યેયતા સમર્થન કરી છે બીજા કોઈ અવરની નહિ. આ બાબત कृष्णस्तदवताराश्च આ શિક્ષાપત્રી શ્લોકમાં સ્પષ્ટ છે ॥ ૮૧-૮૨ ॥

'न सन्न नचासच्छिव एव केवलः' 'ध्येयः स शम्भुर्वियतीति च श्रुतेः'
शिवं परेशं प्रथयन्ति केचन नारायणं नैव परं वदन्ति ते ॥८३॥

महान् प्रभुर्यः पुरुषः श्रुतो वै विशुद्धसत्त्वस्य प्रवर्तकश्च ।
दिव्योऽरविन्दाक्ष उरुक्रमोऽसौ शिवः सदा मङ्गलमूर्तिरुक्तः ॥ ८४ ॥

स्रष्टा विधातुर्निजशासनाख्यवेदप्रदः शाश्वतधर्मगोप्ता ।
प्रोक्तः शरण्यो जगतां पतिर्वै नारायणो देववरश्च शम्भुः ॥ ८५ ॥

यस्येक्षयाऽन्यस्य मतं शिवत्वं शम्भुत्वमप्युत्तमपुरुषस्य ।
श्रियः पतेस्तस्य विभूतिभूता ब्रह्मेन्द्ररुद्राः परमाः कथं स्युः ॥८६॥

'न सन्न शिव एव केवलः' 'शम्भुराकाशमध्ये ध्येयः' આ શ્રુતિઓનું આલંબન લઈને કેટલાક શિવને પરમેશ્વરપણે કહે છે. નારાયણને પરાત્પરપણે કહેતા નથી. એ ખરૂં નથી, કારણ કે 'महान् प्रभुर्वै पुरुषः सत्वस्यैष प्रवर्तकः' આ શ્રુતિમાં કહેલા નરો વિષે વિશુદ્ધ સત્ત્વ ગુણને પ્રવર્તાવનારા તો મહાન્ પ્રભુ અને પુરુષ– શબ્દથી વાચ્ય નારાયણ જ છે. દિવ્યપણે તેમજ કમળલોચનપણે ઉરુવિક્રમ પણે પ્રસિદ્ધ પણ શ્રીનારાયણ જ છે. તેજ નારાયણ પોતે સદા મંગલમૂર્તિ હોવાથી તેમને 'शाश्वतं शिवमच्युतम्' એમ શિવ સંજ્ઞાથી સંબોધ્યા છે. વળી 'यो वै ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति तस्मै' આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે બ્રહ્માને સર્જીને તેને પોતાની આજ્ઞારૂપ વેદને આપનારા

પણ શ્રીનારાયણ છે. શાશ્વતધર્મગોપ્તાપણે તેમજ જગત્પતિ શરણ્યપણે પણ એમનેજ નિરૂપ્યા છે. દેવોમાં શ્રેષ્ઠ એવા તે નારાયણને જ સુખ-માત્રના એક કારણ હોવાથી શંભુશબ્દથી પણ વ્યપદેશ્યા છે. કૃપાદૃષ્ટિથી બીજાઓનું શિવપણું (મંગલપણું) અને શંભુપણું (સુખના નિધિપણું) માન્યું છે, તે પુરુષોત્તમ શ્રીપતિના વિભૂતિભૂત બ્રહ્મા, ઈન્દ્ર, રુદ્રને પરમ (પરતત્વ) કેમ કહેવાય? જે પર છે તેને અપર કહેવા અને બ્રહ્મા રુદ્ર અપર છે તેને પર કહેવા તે કોઈ રીતે ઘટિત નથી. શ્રીપતિ નારાયણજ પરાત્પર છે ॥ ૮૩-૮૬ ॥

शिवादिशब्दाः परमे तु पुंसि नारायणे मुख्यतया प्रयुक्ताः ।
व्यासादिभिर्विष्णुसहस्रनामस्तुत्यादिषु क्षेमनिदानमङ्गले ॥ ८७ ॥

शम्भुर्यदाहात्मन एव विश्वरूपत्वमेतत्परमात्मदृष्टया ।
यथा हि कायाधव आह विश्वं स्वं चापि विष्णवात्मकमीक्षमाणः ॥ ८८ ॥

वेदापहारेण विनष्टदृष्टिः ब्रह्मा, कपाली च शिवोऽवसीदन् ।
इन्द्रश्च दैत्यैः परिपीडितो यं प्रपद्य जाताः सुखिनः परः सः ॥८९॥

स एष कृष्णो हरिरेव शम्भुः शिवो महेशः पुरुषोऽग्निरिन्द्रः ।
प्रजापतिश्चाक्षर एवमादिनाम्ना श्रुतोऽनन्तविभूतिरच्युतः ॥ ९० ॥

શિવ શંભુ આદિક શબ્દો, વ્યાસ વિગેરે મુનિવરોએ વિષ્ણુનામ-સહસ્ર આદિક સ્તુતિ ભાગોમાં ક્ષેમ મંગળ આદિક ગુણયોગને લીધે મુખ્યપણે પરમ પુરુષ શ્રી નારાયણને વિષે પ્રયોજ્યા છે. શિવ શંભુ આદિક શબ્દોથી શ્રી નારાયણને નિરૂપ્યા છે ॥ વિ. સ. માં **'सर्वः शर्वः शिवः'** **'स्वयंभूः शम्भुः'** **'रुद्रो बहुशिरो'** આ રીતે શિવ શંભુ રુદ્ર આદિક શબ્દોનો પણ પ્રયોગ કર્યો છે. મંગળ કરે તેને શિવ કહેવાય. સંસાર રોગને વિનાશ કહે તેને રુદ્ર કહેવાય. શં.-સુખને સંપાદે તેને શંભુ કહેવાય. શ્રી પતિના આ શિવત્વ ગુણનો ઉપયોગ પ્રથમ મહાદેવે કરેલો. તે **'यच्छौचनिसृतःसरित्प्रवरोदकेन तीर्थेन मूर्ध्नि विधृतेन शिवः शिवोऽभूत्'** આ (ભાગ.) માં સ્પષ્ટ છે. **'शाश्वतं शिव मच्युतं'** (**तै. ना.**) **'ज्ञात्वा शिवं'** (श्वे. उ.) **'शिवाय हरये नमः'** (**भा. शां**) **कृष्णः साक्षा-**

त्स्वयं शिवः' (भार. स.) 'शिवो नारायण स्मृतः' (वाराहे) 'शम्भु-र्नारायणोऽव्ययः' (હરિવંશે) 'इति नारायणः शम्भुः' (भार. स.) એ રીતે શ્રીપતિ નારાયણમાં શિવ શંભુ રુદ્ર આદિક શબ્દનો પ્રયોગ કર્યો છે. 'शृणु मे वचनं शम्भोः' આ વચનમાં તો પિતામહ બ્રહ્મામાં પણ શંભુ શબ્દનો પ્રયોગ કર્યો છે ।। મહાદેવે જે પોતાનું વિશ્વરૂપપણું કહ્યું છે તે તો પરમાત્મદૃષ્ટિથી કહ્યું છે. સ્વતઃ નહિ. જેમ પ્રહ્લાદજીએ 'सर्वगत्वादनन्तस्य स एवाहमहं स्थितः' એમ સર્વાત્માપણું કહ્યું છે, તેની પેઠે સમજવું ઘટે. વિશ્વને અને પોતાને પણ વિશ્વાત્મક દૃષ્ટિથી પ્રહ્લાદજી જોતા હતા ।। જ્યારે વેદોને દૈત્યો હરી ગયા ત્યારે બ્રહ્માજી બહુ દુઃખી થતાં ભગવાને વેદો લાવી આપીને સુખી કર્યા હતા. વળી કપાલીને વૃકાસુર થકી દુઃખ આવતાં ભગવાને રક્ષા કરી હતી. વળી દૈત્યોએ પીડા પમાડતાં ઇન્દ્રની ભગવાન વિષ્ણુએ રક્ષા કરી હતી. અને સુખી કર્યા હતા. એવા તો અનેક દાખલાઓ પુરાણોમાં વર્તે છે. માટે જેને શરણે જઇને તે બધા દેવો સુખી થયા તેજ દેવને પરમાત્મા ગણાય. માટે શ્રી વિષ્ણુને પરાત્પરપણે સમજવા ઘટે ।। એ જે શ્રી વિષ્ણુનારાયણ કહ્યા એ જ શ્રીકૃષ્ણ શ્રીહરિ છે, એમને જ ગુણ યોગને લીધે શંભુ, શિવ, મહેશ, પુરુષ, અગ્નિ, ઇન્દ્ર, પ્રજાપતિ, અક્ષર એ આદિક નામો વડે સાર્થક નિરૂપ્યા છે. વસ્તુ સ્થિતિમાં બ્રહ્મા, રુદ્ર વિગેરે ભગવાનની વિભૂતિઓ છે. વિભૂતિમાન્ તો પોતે એક ભગવાન શ્રીપતિ શ્રીહરિ છે ।। ૮૭–૯૦ ।।

इति विविधमजस्य यस्य रूपं प्रकृतिपुमादि महेश्वरस्य विष्णोः ।
स दिशतु हरिरक्षराधिपो नः व्यपगतजन्मजरादिकां समृद्धिम् ।।९१।।

इति श्रीमदाध्यात्मिकतत्त्वाख्याने मुनिगणशतानन्दस्वामिसंवादे ज्ञान-प्रकरणे मायाजीवेश्वरब्रह्मपरब्रह्मस्वरूपयाथात्म्यप्रतिपादनं नाम विंशतितमोऽध्याय ॥ २० ॥

ઉપર પ્રમાણે 'अजोऽपि सन्' 'अजः सर्वेश्वरः' આમાં કહ્યા પ્રમાણે સદા જન્મે રહિત હોવાથી **અજ** શબ્દથી સંબોધેલા અને 'परमं महेश्वरम्' એમ મહેશ્વરપણે નિરૂપેલા એવા શ્રીવિષ્ણુ ભગવાનનું પ્રકૃતિ, પુરુષ,

ઈશ્વર, બ્રહ્મ, વિગેરે વિવિધ રૂપ છે. એ અક્ષરાધિપતિ શ્રીહરિ અમોને જેમાં જન્મ, જરા, મરણ વિગેરે કશીજ ઉપાધિ ન હોય એવી અક્ષર સમૃદ્ધિને આપો. એમ અમો માગીએ છીએ ॥ ૯૧ ॥

ઇતિશ્રી...શાસ્ત્રી હરિજીવનદાસકૃતગુર્જરાનુવાદે વિંશતિતમોધ્યાય ॥ ૨૦ ॥

एकविंशतितमोऽध्यायः ।

मुनय ऊचुः—

मुमुक्षुभिरुपास्यो यः परंब्रह्म परात्परः ।
तत्स्वरूपं गुणादींश्च विस्तरेण वदाधुना ॥ १ ॥

स्वरूपमस्य किं प्रोक्तं स्वभावाः कीदृशास्तथा ।
किमाकारः किंविभूतिरयं प्रोक्तो मनीषिभिः ॥ २ ॥

મુનિઓ કહે છે—હે શતાનંદ મહામુને ! મુમુક્ષુ માનવોએ અવશ્ય ઉપાસના કરવા યોગ્ય જે પરંબ્રહ્મ પરાત્પર પરમાત્માને સચ્છાસ્ત્રોમાં પ્રતિપાદ્યા છે તેમનું સ્વરૂપ અને તેમના ગુણાદિકને હાલમાં વિસ્તારથી કહો ॥ તત્ત્વવેત્તાઓએ તેમનું સ્વરૂપ કેવું કહ્યું છે તેમજ તેમના સ્વભાવો કેવા કહ્યા છે તેમજ તેમનો આકાર કેવો કહ્યો છે અને તેમની વિભૂતિ કેવી કહી છે તેનું યથાર્થ સ્વરૂપ કહેવાને યોગ્ય છો. અર્થાત્ સ્વરૂપ, રૂપ, ગુણો અને વિભૂતિને વિસ્તારથી કહી સંભળાવો ॥ ૧-૨ ॥

अद्भुतानन्दस्वाम्युवाच—

मुनीनां प्रश्नमेतं तु परमात्मविवित्सया ।
प्रवृत्तं समुपश्रुत्य शतानन्द उवाच ह ॥ ३ ॥

અદ્ભુતાનંદસ્વામી કહે છે—હે શોભારામ શાસ્ત્રિ ! પરમાત્માના સ્વરૂપ, સ્વભાવાદિકને સમજવા માટે મુનિઓનો ઉપરોકત તત્ત્વપ્રશ્ન સાંભળીને શતાનંદ સ્વામી સ્પષ્ટ બોલ્યા ॥ ૩ ॥

शतानन्दमुनिरुवाच —

भवद्भिर्यः कृतः प्रश्नः परमात्मबुभुत्सया ।
सर्वश्रेयस्करः प्रोक्तः सोऽयं प्राज्ञाभिनन्दितः ॥ ४ ॥

यद्वेदनमृते ज्ञानं परिपूर्णं न सिध्यति ।
प्रतीकमात्रविषयं स्वनिष्ठत्वभ्रमावहम् ॥ ५ ॥

यद्वेदनमृते जीवमसन्तं वक्ति वै श्रुतिः ।
यद्वेदनमृते सर्वं कर्म क्षयिफलं तथा ॥ ६ ॥

यद्वेदनं तु भवति भवभीतिविनाशनम् ।
अनन्ताक्षय्यसुखदमिहामुत्र शुभावहम् ॥ ७ ॥

શતાનંદમુનિ કહે છે—હે મુનિઓ! તમોએ પરમાત્માના સ્વરૂપ સ્વભાવ આદિકને જાણવા માટે જે પ્રશ્ન કર્યો તે સર્વકોઈ જનોના સર્વ પ્રકારના શ્રેયને કરનારો અને પ્રાજ્ઞ પુરુષોએ પ્રશંસા કરેલો પરમ છે. જેના જ્ઞાન વિનાનું બીજું બધું જ્ઞાન પરિપૂર્ણ પણે સિદ્ધ થાય નહિ. બીજાં જ્ઞાનો સાધ્યાં હોય પણ જો આ જ્ઞાન સાધ્યું ન હોય તો બધાં જ્ઞાનો અપૂર્ણ રહી જાય. આ તત્ત્વજ્ઞાન, જો સધાય તો બધાં જ્ઞાનો સંપૂર્ણ સધાઈ ગએલાં થાય એવું આ જ્ઞાનનું માહાત્મ્ય છે. બીજું જ્ઞાન તો પ્રતીક-માત્ર વિષયવાળું અર્થાત્ પરબ્રહ્મનું સંપૂર્ણ નહિ પણ તેના એક અંશનું જ્ઞાન હોવા છતાં સંપૂર્ણ સ્વરૂપના વિષયવાળું હોવાનો ભ્રમ કરનારું છે. વળી જે વિજ્ઞાન વિના તો શ્રુતિ, જીવને અસત્પ્રાય કહે છે. આ અર્થ **'असन्नेव स भवति असद्ब्रह्मेतिचेद्वेद । अस्ति ब्रह्मेति चेद्वेद सन्तमेनं ततो विदुः'** (तै. आ.) આ શ્રુતિમાં જણાવ્યો છે. આ શ્રુતિમાં આત્માનો સદ્ભાવ અને અસદ્ભાવ નિરૂપ્યો છે. પરંબ્રહ્મને જાણે તો આત્મસત્તાને પામે અને ન જાણે તો આત્મનાશને પામે છે એવો તાત્પર્યાર્થ છે, જીવાત્મા જો પરમાત્માને ન જાણે તો આત્માપણાનો કશો અર્થ નથી. નિરર્થક છે ॥ વળી જે પરમાત્માના વેદન વિના તો બધાં કર્મો યજ્ઞાદિ કર્યા હોય તે પણ નાશવંત ફળને આપનારાં થાય છે. પરમાત્માને યથા-સ્થિત જાણીને કરે તો તે કર્યાની સફળતા થાય છે. જેમનું તત્ત્વતઃ જ્ઞાનતો સંસારભયને ટાળનારૂ અને અનંત અક્ષય્ય મહાસુખને આ લોક પરલોકમાં

સર્વ રીતે સંપાદનારૂં થાય છે (આ બાબત વા.મા.માં સવિસ્તર વર્ણવી છે) ॥ ૪–૭ ॥

तज्ज्ञानं भगवतत्त्वविषयं प्रतिपादये ।
सच्छास्त्रानुगतं पुण्यं पारम्पर्यक्रमागतम् ॥ ८ ॥

सुसूक्ष्ममेतत्कथितं तत्त्वं तु परमात्मनः ।
नावसेयमिदं तर्कैः स्वबुद्ध्या वा कदाचन ॥ ९ ॥

क्षुरस्य धारा निशिता यथाहि दुरतिक्रमा ।
स्वल्पेनापि प्रमादेन पुंसोऽनर्थकरी मता ॥ १० ॥

तथैव भगवत्तत्त्वं दुर्गम्यं वक्ति वै श्रुतिः ।
अनन्यभक्तैरेतत्त ज्ञातव्यं नान्यथा नृभिः ॥ ११ ॥

હે મુનિઓ ! ઉપર્યુક્ત મહા મહિમાવાળું તે જ્ઞાન કે જેમાં ભગવત્તત્ત્વનો જ વિષય છે તેને હું હવે પ્રતિપાદન કરૂં છું. જે જ્ઞાન, સચ્છાસ્ત્રોને અનુસરનારૂ હોઈને પરમ પવિત્ર અને ગુરુપરંપરાથી પ્રાપ્ત પરમ છે. પરમાત્માનું તત્ત્વજ્ઞાન તો અત્યંત સૂક્ષ્મ (ન સમજાય એવું) કહ્યું છે. આ જે જ્ઞાન તે શુષ્ક તર્કો વડે કે પોતાની મનસ્વી બુદ્ધિથી જાણી શકાય એવું સહેલું નથી. આમાં તો સચ્છાસ્ત્રોનો અને શુદ્ધ ગુરુનો આશ્રય લેવો પડે છે. **'शास्त्रयोनित्वात्' 'तर्काप्रतिष्ठानात'** એમ વ્યાસજી સ્વસૂત્રોમાં કહે છે॥ આ જ્ઞાન માટે તો **'दृश्यते त्वग्यया बुद्धया सूक्ष्मया सूक्ष्मदर्शिभिः'** એમ સૂક્ષ્મબુદ્ધિનો પ્રયોગ કરવો પડે છે. જેમ છરાની ધારા બહુ તીક્ષ્ણ હોવાથી દુરત્યયા છે અને તેથી તે અશિક્ષિત અને અસાવધ પુરુષને થોડો પણ પ્રમાદ થતાં નુકસાન કરનારી થાય છે, તેવી જ રીતે ભગવત્તત્વ બહુ દુર્ગમ્ય છે એમ શ્રુતિમાં કહ્યું છે. સ્વમનઃકલ્પિત તર્કો વડે આ જ્ઞાન પ્રાપ્ય નથી. આ અર્થ **'क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गपथस्तत्कवयो वदन्ति'** આ શ્રુતિમાં સમજાવ્યો છે. દૃષ્ટાંતમાં કહ્યા મુજબ જે ભગવતત્ત્વજ્ઞાન છે તે એકદમ જાણી શકાય તેમ નથી. આ જ્ઞાન તો ભગવાન વિષે જેમને અનન્ય ભક્તિ હોય તેમનાથીજ સમજી શકાય છે, બીજા નરોથી નહિજ. આ જ્ઞાનનો આવો મોટો મહિમા છે ॥ ૮–૧૧ ॥

न चक्षुषा गृह्यतेऽयं परमात्मा सुसूक्ष्मकः ।
चक्षुरन्यत्तु गृह्णाति ह्येतेनाहितशक्तिकम् ॥ १२ ॥

त्वक् चैनं नैव गृह्णाति ह्यमूर्तं विभु सर्वगम् ।
अन्यन्मूर्तं तु गृह्णाति मितमेतदनुग्रहात् ॥ १३ ॥

घ्राणं जिघ्रति नैवेनमन्यं प्राकृतकं पुनः ।
येनाहितवीर्यं तु गन्धं जिघ्रति वै मितम् ॥ १४ ॥

रसनैन न रसयत्यत आहितवीर्यका ।
रसमन्यं प्राकृतकं रसयत्यल्पमेव हि ॥ १५ ॥

श्रोत्रं शृणोति नैवेनमनेनाहितशक्तिकम् ।
अन्यान् शब्दान् प्राकृतांश्च गृह्णात्येव मितानिमान् ॥ १६ ॥

मन एनं न मनुते कामादिकलुषं तथा ।
एतेन आहितसामर्थ्यं कामादि मनुते पुनः ॥ १७ ॥

આ પરમાત્મા, અત્યંત સૂક્ષ્મ હોવાથી ચક્ષુ ઇન્દ્રિયથી ગ્રહણ થતા નથી. ચક્ષુ, અન્ય વિષયને ગ્રહણ કરે છે તે પરમાત્માએ એમાં પોતાની શકિતનો પ્રવેશ કરાવેલો હોવાથી ગ્રહણ કરે છે. પણ પોતાની શક્તિથી અન્ય વિષયોને પણ ગ્રહણ કરી શકતું નથી. એ જ રીતે ત્વચા પણ પરમાત્માને ગ્રહણ કરી શકતી નથી. કેમકે પરમાત્મા તો **'दिव्यो ह्यमूर्तः'** એમાં કહ્યા મુજબ માયિક આકારથી રહિત અમૂર્ત હોઇને **'नित्यं विभुं सर्वगतं सूक्ष्मं'** આ શ્રુતિમાં કહ્યા મુજબ વિભુ સર્વ વ્યાપક છે. ત્વચા સ્વસ્પર્શ વિષયને ભલે ગ્રહણ કરે છે પરંતુ તે પણ પરમાત્માના અનુગ્રહને લીધે છે. પોતાની સ્વતઃ શક્તિ નથી. ઘ્રાણ ઇન્દ્રિય પણ પરમાત્માને ગ્રહણ કરી શકતી નથી. અન્ય પ્રાકૃત વિષયભૂત ગંધને ગ્રહણ કરે છે તે પણ પરમાત્માએ આરોપેલી શક્તિને લીધે પરિમિતને ગ્રહણ કરે. રસના ઇન્દ્રિય પણ પરમાત્માને ગ્રહણ કરી શકતી નથી. પરમાત્માની શક્તિનો આવેશ થતાં જ પ્રાકૃત સર્વવિષયને ગ્રહણ કરે છે તે પણ અલ્પને ગ્રહણ કરે છે. શ્રોત્ર ઇન્દ્રિય પરમાત્માને સૂણી

શકતી નથી. પણ પરમાત્માની શક્તિના પ્રવેશથી પોતાના અલ્પ પ્રાકૃત વિષયોને જ ગ્રહણ કરે છે. સ્વતઃ શક્તિ નથી. મન પણ પરમાત્માનું મનન કરી શકતું નથી. કેમકે કામ ક્રોધાદિ દોષથી કલુષિત (ડોળાઈ ગયેલું) છે. પરમાત્માનું સામર્થ્ય એમાં આવિષ્ટ થતાં જ કામાદિ વિષયોનું મનન કરે છે. સ્વતઃ એમાં એ શક્તિ નથી ॥ આ તત્ત્વાર્થ કેનોપનિષદમાં તત્ત્વ આખ્યાયિકા સાથે વર્ણવ્યો છે તે થકી જાણવો ॥ ૧૨–૧૭ ॥

न तर्क एनं गृह्णाति पुरुधा वादिविप्लुतः ।
प्रवर्तन्ते पुनस्तर्का वादिनामेतदिच्छया ॥ १८ ॥
लोकिकाश्च तथा शब्दाः परिछिन्नमिदं पुनः ।
दर्शयन्तो नेशतेऽस्यापरिच्छिन्नस्य बोधने ॥ १९ ॥

જે તર્ક કહેવામાં આવે છે તે પણ પરમાત્માને ગ્રહણ કરી શકતો નથી, કેમકે તેમાં બહુવાદિઓની તાંણાતાંણી પુષ્કળ પ્રમાણમાં પૃથક્ પૃથક્ છે. કોઈએ એક તર્ક કર્યો, તો તેની ઉપર બીજાઓ તર્કો કરે. એક બીજાને જીતવા માટે તર્કની પરંપરા ચાલુ રહે. એટલે જ અંતે કશું જ સિદ્ધ થાય નહિ. માટેજ વ્યાસજી '**तर्काप्रतिष्ठानात्**' આ સૂત્રથી તર્કને અપ્રતિષ્ઠિત ઠરાવીને તેનાથી બ્રહ્મ પ્રતિપાદનને નકારે છે. તેમજ જે લૌકિક શબ્દો છે તે પણ પરિચ્છિન્ન બાબતને પ્રદર્શાવી શકે છે. પરમાત્મા તો અપરિચ્છિન્ન હોવાથી તેમના બોધમાં સમર્થ થતા નથી. લૌકિક શબ્દોની અલૌકિક બ્રહ્મના નિરૂપણમાં ગતિ ઘટતી નથી. પરમાત્મતત્ત્વના નિરૂપણમાં કોઈ પણ ઇન્દ્રિયોની કે તર્કની કે લૌકિક શબ્દોની ગતિ નથી, એ તત્ત્વ છે ॥ ૧૮–૧૯ ॥

अपौरुषेयवाक्याद्वै अनन्तोऽयं तु गम्यते ।
अस्तीति ब्रुवतस्तस्मादन्यतोऽस्य गतिः कुतः ॥ २० ॥
शास्त्रैकमानकं तस्मात् तत्त्वं वै परमात्मनः ।
सूत्रकारेण निर्दिष्टं श्रुत्या चैव प्रदर्शितम् ॥ २१ ॥

'तं त्वौपनिषदं पुरुषं पृच्छामी''ति हि श्रुतिः ।
वेदान्तोपनिषद्गम्यमाह श्रीपुरुषोत्तमम् ॥ २२ ॥

तस्माद्वेदान्ततो ज्ञेयं स्वरूपाद्यस्य सत्तमैः ।
कपोलकल्पना त्वस्मिन् न प्रगल्भा कदाचन ॥ २३ ॥

સ્વરૂપ રૂપ ગુણાદિકથી અનંત એવા આ જે પરમાત્મા છે તે અપૌરુષ વાકય જે વેદ તે વડેજ વિજ્ઞેય છે અને તે વેદ પણ તેમનું અસ્તિત્વ માત્રજ પ્રતિપાદન કરી શકે છે. કારણ કે અનંત મહિમાવાળા પરમાત્માને સંપૂર્ણ વર્ણન કરવાની વેદની શકિત કયાંથી હોય? વેદ નિત્ય છે પણ ભગવાન કે બીજા કોઈપણ પુરુષે રચેલા નહિ હોવાથી એને અપૌરુષેય કહે છે, તેથીજ તેને સ્વતઃ પ્રમાણ કહે છે. એને બીજા કોઈ પણ પ્રમાણની અપેક્ષા નથી. કઠોપનિનિષદમાં **'नैव वाचा न मनसा प्राप्तुं शक्यो न चक्षुषा। अस्तीति ब्रुवतोऽन्यत्र कथं तदुपलभ्यते'** (આ પરમાત્મા ચક્ષુથી કે કેવળ તર્કકુશળ મનથી કે કેવળ વાદવિચક્ષણ વાણીથી નિશ્ચય કરી શકાતા નથી. ફકત 'બ્રહ્મ છે' એમ જણાવતા વૈદિક વાકય વિના તે શી રીતે જાણી શકાય. 'બ્રહ્મ છે' આ જે વૈદિક બ્રહ્માસ્તિવાદ છે તેમાં જો અપ્રામાણ્યની આશંકા આવી તો તો કોઈ રીતે બ્રહ્મની સિદ્ધિ થતી નથી, માટે વેદ સિવાય બીજી કોઈ ગતિ નથી. પરમાત્મ તત્ત્વ સમજવામાં શાસ્ત્રીય એક પરમ પ્રમાણ છે. આ બાબત સૂત્રકાર વ્યાસજીએજ **'शास्त्रयोनित्वात'** આ સૂત્રથી સ્પષ્ટ નિર્દેશી છે. બીજી ઘણી શ્રુતિઓએ આ બાબત સમર્થન કરી છે. **'तं त्वोपनिषद'** આ શ્રુતિ તો પરમાત્માને એક ઉપનિષદ્ જે વેદાંત તે વડે જ સ્પષ્ટ વેદ્ય કહે છે. **'वेदैश्च सर्वैरहमेव वेद्यः' वेदान्तकृत् 'विदविदेव चाह'** એમ શ્રીકૃષ્ણ ભગવાન્ પોતાના પુરુષોતમ સ્વરૂપને એક વેદાંત વાકયો વડેજ વેદ્ય કહે છે. માટે પરમાત્માનું સ્વરૂપ રૂપ ગુણ વિભૂતિ વિગેરે બધીજ બાબતો સત્તમોએ વેદાંત વાકયો વડેજ સમજવી. માટે કયાંય કલ્પનાનું પ્રગલ્ભપણું ઉપયોગનું નથી. એમાં એનો ઉપયોગ કયારેયપણે પણ કરવાનો નથી ॥ ૨૦–૨૩ ॥

'सत्यं ज्ञानमनन्तं ब्रह्मे'ति वै श्रूयते श्रुतिः ।
'आनन्दो ब्रह्म' 'निरवद्यं निरञ्जन' मित्यपि ॥ २४ ॥

सततैकस्वरूपं तु सत्यमित्युच्यते बुधैः ।
स्वयंप्रकाशमजडं ज्ञानमित्यभिधीयते ॥ २६ ॥

सर्वदेशव्यापकं यत्सर्वकालेष्ववस्थितम् ।

सर्वरूपमनन्तं तत्कीर्त्यते मुख्यवृत्तितः ॥ २७ ॥

'**सत्यं ज्ञानमनन्तं ब्रह्म**' આ શ્રુતિમાં બ્રહ્મને સત્ય, જ્ઞાન અને અનંતપણે નિરૂપ્યું છે. '**आनन्दो ब्रह्म**' આ શ્રુતિમાં બ્રહ્મને આનંદપણે પ્રતિપાદ્યું છે. '**निरवद्यं निरञ्जनम्**' આ શ્રુતિમાં બ્રહ્મને નિરવદ્ય નિરંજન-પણે પણ નિરૂપ્યું છે. અર્થ એવો છે કે-જે બ્રહ્મ છે તે સતત એક સ્વરૂપ છે. એનું સ્વરૂપ કદાપિ બદલાતું નથી. કશો ફેરફાર થતો નથી. એ કારણથી તેને બુધજનો **સત્ય** કહે છે. "**सत्यस्य सत्यं प्राणा वै सत्यं**" આ શ્રુતિમાં **પ્રાણ** શબ્દવાચ્ય જીવો સત્ય છે. તેની અપેક્ષાએ પરમાત્મા તો પરમ સત્ય છે. 'હું હું' એમ સ્વાત્મસ્વરૂપને સદા પ્રકાશે છે, આવા પ્રકાશમાં અન્યની અપેક્ષા પડતી નથી. તેથી તેને સ્વયં-પ્રકાશ કહે છે. અને અજડ શબ્દથી જડભિન્ન ચિત કહેવાય છે. પર બ્રહ્મ સ્વયંપ્રકાશ અને ચિત્ છે તેથી તેમને **જ્ઞાન** શબ્દથી કહે છે. અર્થાત્ સ્વયંપ્રકાશ હોઈને જે અજડ હોય તે જ્ઞાન કહેવાય. સર્વ દેશમાં અને સર્વ કાળમાં વ્યાપક હોઈને સર્વ રૂપે હોવાથી બ્રહ્મને અનંત નામથી કહ્યા છે. બીજી વૃત્તિથી નહિ પણ મુખ્ય વૃત્તિથી. આ અર્થ છે-દેશ કાળ અને વસ્તુ પરિચ્છેદે રહિતપણું એ એનો તત્વાર્થ છે. આપણે એક દેશમાં છીએ તો બીજા દેશમાં નથી, એક કાળમાં છીએ તો બીજા કાળમાં નથી. આપણે એક છીએ તે બીજા કહેવાઈએ નહિ એમ પરમાત્માને નહિ. એતો સર્વ દેશમાં, સર્વ કાળમાં અને સર્વ વસ્તુ વાચ્ય હોઈ શકે છે. આવાજ પ્રકારની સર્વ વિલક્ષણતા **અનંત**પદથી કહેવા ઇચ્છી છે. પરિચ્છેદ એટલે માપ જાણવું. પરમાત્માનો કોઈ રીતે માપ નથી. બીજી બધી જ વસ્તુઓ જગતમાં માપેલી હોય છે, એક પરમાત્મા નહિ ॥ ૨૪-૨૭ ॥

प्रकाशमानं यद्वस्तु त्वानुकूल्यरसं सदा ।

प्रकाशते तदाहुश्च प्राज्ञा आनन्दसंज्ञितम् ॥ २८ ॥

कामक्रोधादिरहितं निरवद्यं प्रकीर्त्यते ।

अनासक्तं कर्मफलैर्निरञ्जनमुदीर्यते ॥ २९ ॥

જે વસ્તુ સ્વયંપ્રકાશમાન હોઈને સદા અનુકૂળરસપણે પ્રકાશે તેને પ્રાજ્ઞ પુરુષો આનંદસંજ્ઞાથી કહે છે. જ્ઞાન થકી આનંદ એ પૃથક્ પદાર્થ નથી. માટેજ 'જ્ઞાન-આનંદ' એમ એક સાથે સંબોધવામાં આવે છે. પરમાત્માનું સ્વરૂપ કેવું ? તો 'જ્ઞાનાનંદ' એમ બન્ને વિશેષણો પરમાત્માને લાગુ થાય છે. જ્ઞાન પ્રથમ છે અને આનંદ પછીથી છે. એવું જ્ઞાન સદા અનુકૂળ હોવાથી એમને આનંદપદથી કહે છે. કામ, ક્રોધ આદિક દોષોએ રહિતપણું એને નિરવદ્યપણું કહે છે. **અવિદ્ય** શબ્દ દોષ વાચક છે. અર્થાત્ નિર્દોષ. કર્મો કરવા છતાં તેના ફળોમાં અનાસકતપણું એને નિરંજનપણું કહે છે. **'न मां कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा'** એની પેઠે જાણવું. અર્થાત્ ભગવાન નિત્ય નિર્દોષ અને નિર્લેપ છે. તેથીજ એમને નિરંજન કહે છે. ભગવાનમાં તે દોષ હોઇ શકે નહિ ॥ ૨૮-૨૯ ॥

एवंभूतं परंब्रह्म जडजीवविलक्षणम् ।
नारायणो वासुदेवः श्रीहरिः पुरुषोत्तमः ॥ ३० ॥

આવાં વિશેષણોએ વિશિષ્ટ જે પરંબ્રહ્મ છે તે ઉકત પ્રકારે જડ-માયા અને જીવો થકી અત્યંત વિલક્ષણ (જુદા) છે. (એમનું ઐકય કોઇ પણ પ્રકારે કહી શકાય નહિ) એ બીજા કોઈ નહિ, પણ જેમને નારાયણ વાસુદેવ પુરુષોત્તમ શ્રીહરિ, ઈત્યાદિ અનંત અર્થવત્ નામોથી નિરૂપ્યા છે તેજ છે ॥ ૩૦ ॥

यत्तु कालान्तरेणापि संज्ञामन्यामुपैति वै ।
परिणामादिसम्भूतां तदसत्यं श्रुतेर्मतम् ॥ ३१ ॥

मायायाः कृष्णशक्तेस्तु परिणामान्वयात् सदा ।
सकार्याया असत्यत्वं वर्ण्यतेऽतो महर्षिभिः ॥ ३२ ॥

नाऽपारमार्थ्यात्कृष्णस्य शक्तिरूपा यतोऽस्ति सा ।
अनाद्यनन्ता भूतानां भावयित्री श्रुतीरिता ॥ ३३ ॥

જે કાળાંતરેપણ પરિણામ વૃદ્ધિ વિગેરેના યોગથી આવતી બીજી સંજ્ઞાને અવશ્ય પામે તે અસત્ય કહેવાય છે એવો શ્રુતિનો મત છે. માયા કે જે કૃષ્ણની શકિત તરીકે વર્ણવી છે તેમાં પરિણામ વૃદ્ધિ વિગેરેનો સદા

સમન્વય હોવાથી કાર્ય સાથે તેણીનું અસત્યપણું મહર્ષિઓએ તેતે પ્રસંગે વર્ણવ્યું છે. પરંતુ માયા એ કોઈ પરમાર્થપણે વસ્તુજ નથી એવા અભિપ્રાયથી અસત્ય કહી નથી, કેમકે માયાને ભગવાનની શક્તિ તરીકે સમર્થી છે એને મિથ્યા કહી શકાયજ કેમ? વળી એ માયાને અનાદિ અને અનંતા કહી છે. એનો આદિ અંત નથી. નિત્ય છે અને એનો અવધિ નથી. વળી એ માયાને ભૂતોની ભાવયિત્રી (જનયિત્રી) તરીકે શ્રુતિમાં વર્ણવી છે. આવા લક્ષણવાળી માયાને કોઈ રીતે અસત્ય નજ કહેવાય. ફક્ત એમાં પરિણામ વૃદ્ધિ વિગેરે વિકારો ક્ષણેક્ષણે થતા હોવાથી તેની જે અવસ્થાઓ તેના અસત્યપણાને લીધે માયાને અસત્ય કહે છે ॥ ૩૧–૩૩ ॥

सत्यत्वमेकरूपत्वमसङ्कोचात्स्वरूपतः ।
स्वभावतश्च विज्ञेयं परस्य ब्रह्मणो बुधैः ॥ ३४ ॥
जीवात्मनां तु सत्यत्वमेकरूपस्वरूपिणाम् ।
वर्तते न स्वभावेन तथात्वं तेषु सम्मतम् ॥ ३५ ॥
क्षणे ज्ञानी क्षणेऽज्ञानी क्षणे दुःखी क्षणे सुखी ।
क्षणे रुष्टः क्षणे तुष्टो जीवो नैकस्वभाववान् ॥ ३६ ॥

સદા એકરૂપે રહેવાપણું એ સત્યપણું છે. સ્વરૂપથી અને સ્વભાવથી એમ બન્ને પ્રકારથી સંકોચને નહિ પામતાં એક રૂપેજ રહેતું હોવાથી પરબ્રહ્મનું સત્યત્વ બુધ જનોએ જાણવું. પરમાત્માનું સત્યત્વ સ્વરૂપથી છે અને સ્વભાવથી પણ છે. બન્ને પ્રકારે એ સત્ય છે. એકરૂપ જીવાત્માઓનું સત્યત્વતો સ્વરૂપથી છે. એમનું સ્વરૂપ સદા સત્ય વર્તે છે. સ્વભાવથી સત્યપણું જીવાત્માઓ વિષે સંમત નથી. એના સ્વભાવોમાં ફેરફારો થયા કરે છે. કેવી રીતે? એક ક્ષણમાં જ્ઞાની તો બીજા ક્ષણમાં અજ્ઞાની, એક ક્ષણમાં દુઃખી તો બીજા ક્ષણમાં સુખી. એક ક્ષણમાં રોષી તો બીજા ક્ષણમાં તોષી થાય છે. આ જોતાં જીવો સદા એક જ સ્વભાવવાળા રહેતા નથી. સ્વભાવમાં પરિવર્તન થયાજ કરે છે બદ્ધ જીવોને માટે એમજ કહેવું યોગ્ય છે ॥ ૩૪–૩૬ ॥

तन्मुख्यतः सत्यमेको हरिरेव निगद्यते ।
मायातत्कार्यतो भिन्नो भिन्नो बद्धात्मवर्गतः ॥ ३७ ॥

सदाऽसङ्कुचितज्ञानत्वं स्वरूपस्वभावतः ।
ज्ञानत्वमस्य विज्ञेयं श्रुत्युक्तं परमात्मनः ॥ ३८ ॥

नित्यासङ्कुचितज्ञानः सर्वज्ञः सर्वदा स्वतः ।
प्रोक्तो ज्ञानघनः ज्ञानस्वरूपो ज्ञानमित्यसौ ॥ ३९ ॥

ઉપર પ્રમાણે વિમર્શ કરતાં, મુખ્યપણે સત્યતો એક શ્રીહરિ પરમાત્માનેજ કહી શકાય. માટેજ શ્રુતિ '**सत्य**' '**सदेव**' એમ **सत्य**શબ્દથી નિરૂપે છે અને એ રીતે માયા અને તેનાં કાર્યોથકી તથા બદ્ધ એવા આત્મવર્ગથી પરમાત્મા વિલક્ષણ–ભિન્ન છે. સ્વરૂપ, સ્વભાવ, બન્ને પ્રકારથી વિલક્ષણતા સમજવી ॥ પરમાત્માનું જે જ્ઞાન છે તે સદા સ્વરૂપથી અને સ્વભાવથી અસંકુચિત છે, એમાં જ્ઞાનનો સંકોચ કોઈ પણ અવસ્થામાં નથી. શ્રુતિમાં જે જ્ઞાનત્વ પરમાત્માનું કહ્યું છે તે આવા પ્રકારનું સમજવું ઘટે. એમ હોવાથીજ પરમાત્માને નિત્ય અસંકુચિત જ્ઞાનવાળા, '**यो वेत्ति युगपत्सर्वं प्रत्यक्षेण सदा स्वत**' એમાં કહ્યા પ્રમાણે સ્વતઃ સર્વદા સર્વજ્ઞ, જ્ઞાનઘન, જ્ઞાનસ્વરૂપી, જ્ઞાન, એમ એમને બહુધા સંબોધવામાં આવે છે ॥૩૭–૩૯॥

सदाऽसङ्कुचितज्ञानस्वभावत्वं न च स्वतः ।
मुक्तात्मवर्गे बन्धेऽभूत् ज्ञानह्रासो यतोऽस्य वै ॥ ४० ॥
अतो मुक्तात्मनो भूयो वैलक्षण्यं परात्मनः ।
ज्ञानशब्देन सम्प्रोक्तं जडव्यावृत्तिरेव च ॥ ४१ ॥

જે મુક્તાત્મ વર્ગ અલગ કહેવાય છે, તેમાં પણ સ્વતઃ અસંકુચિત જ્ઞાન સ્વભાવવાળાપણું નથી. કારણ કે જ્યારે બદ્ધ દશામાં હતો ત્યારે તેના જ્ઞાનનો હ્રાસ (સંકોચ) હતો એટલે સદા અસંકુચિત જ્ઞાનવાળા એમને કહેવાય નહિ. બંધનમાં આવેલા અને પછીથી પરમાત્માની ઉપાસના કરીને બંધનમાંથી છુટેલા, એટલોજ વિશેષ છે. માટે મુક્તાત્મ વર્ગ થકી પરમાત્માની વિલક્ષણતા બહુધા **જ્ઞાન**શબ્દથી જ કહી છે. અને એજ જ્ઞાનશબ્દથી જડ–માયાથકી પણ વિલક્ષણતા કહી છે. એમ માયા અને જીવોથકી વિલક્ષણતા સાધી છે ॥ ૪૦–૪૧ ॥

नित्यमुक्ताः सदा सन्ति ह्येकरूपस्वभावकाः ।
नित्यासङ्कुचितज्ञाना हरिसेवारताः सदा ॥ ४२ ॥

तद्वैलक्षण्यज्ञापनायाऽनन्तत्वं श्रीहरेः श्रुतम् ।
अन्तो नाम परिच्छेदः स चायं त्रिविधो मतः ॥ ४३ ॥

જેઓને નિત્યમુક્તો તરીકે કહેવામાં આવે છે તેઓ યદ્યપિ સદા સ્વરૂપથી અને સ્વભાવથી અસંકુચિત જ્ઞાનવાળા વર્તે છે અને તેઓ સદા શ્રીહરિની સેવામાં તત્પર રહે છે. તેમના થકી પરમાત્માની વિલક્ષણતા જણાવવા માટે પરમાત્માનું અનંતપણું શ્રુતિમાં નિરૂપ્યું છે. **અનંત** શબ્દમાં જે **અંત** શબ્દ છે તે પરિચ્છેદ (માપ) ને કહેનારો છે. આ જે પરિચ્છેદ તે ત્રણ પ્રકારનો માન્યો છે. ત્રણ પ્રકારથી પ્રત્યેક વસ્તુનું માપ થાય છે. વસ્તુ થઈ એટલે એનું માપ પણ હોય જ ॥ ૪૨-૪૩ ॥

देशतः कालतो वाऽपि वस्तुतो वेति साधुभिः ।
एकस्मिन्नेव देशे यो वर्ततेऽन्यत्र नास्ति यः ॥ ४४ ॥

स देशतः परिच्छिन्नो घटादिः समुदाहृतः ।
एकस्मिन्नेव काले यो वर्तते नान्यदा तु यः ॥ ४५ ॥

सोऽनित्यः कथितः कालपरिच्छिन्नो मनीषिभिः ।
यस्यास्ति सदृशं त्वन्यदधिकं वा यतोऽस्ति तत् ॥ ४६ ॥

वस्तुतः स्यात्परिच्छिन्नमिति सन्तः प्रचक्षते ।
यत्स्यादल्पगुणं चाल्पस्वरूपं तत्तथाविधम् ॥ ४७ ॥

દેશથી, કાળથી અને વસ્તુથી એમ ત્રણ પ્રકારનો પરિચ્છેદ સાધુ લોકોએ માન્યો છે. એનાં ટુંકમાં લક્ષણોને કહે છે–'આ એક જ દેશમાં છે અને આ બીજા દેશમાં નથી' એને **દેશ** પરિચ્છેદ કહે છે. જેમ ઘટ-પટાદિ પદાર્થો એક દેશમાં વર્તે છે તો બીજા દેશમાં વર્તતા નથી એમ દેશથી તેનો પરિચ્છેદ આપોઆપ થઈ જાય છે. 'આ કાળમાં છે અને આ કાળમાં નથી' એને **કાળપરિચ્છેદ** કહે છે. એટલે અનિત્ય છે. એમ

તત્ત્વવેત્તાઓ કહે છે. જેમ ઘટાપટાદિ પદાર્થો આ કાળમાં છે તો બીજા કાળમાં નથી એ ઉદાહરણ છે. જેને તુલ્ય કે અધિક બીજું કોઈ હોય તેને વસ્તુ પરિચ્છેદ તરીકે સંતો કહે છે. જે વસ્તુ અલ્પગુણવાળું અને સ્વલ્પ સ્વરૂપવાળું હોય તે તેવું સમજી લેવું. પરમાત્માને 'આ દેશમાં છે અને આ દેશમાં નથી' એમ કદાપિ કહેવાય નહિ, કેમકે '**जले विष्णुः स्थळे विष्णु**' એમ સર્વ દેશમાં સમ્બદ્ધ છે. 'આ કાળમાં છે અને આ કાળમાં' નથી એમ પણ કહેવાય નહિ, કેમકે સર્વ કાળમાં નિત્ય વર્તે છે. એમને તુલ્ય કે અધિક કોઈ નહિ હોવાથી વસ્તુ પરિચ્છિન્ન પણ નથી. જો બીજી વસ્તુ તેના તુલ્ય હોય તો વસ્તુથી મપાઈ ગયા કહેવાય, તેમનાથી બીજી વસ્તુ અધિક હોય તો પણ તેમનું માપ તે વસ્તુની દૃષ્ટિએ થઈ જાય. અથવા કોઈ પણ વસ્તુથી જે જુદો હોય (વાચ્ય ન હોય) તેને વસ્તુ પરિચ્છિન્ન કહેવાય અને કોઈપણ વસ્તુથી જે વાચ્ય હોય તેને વસ્તુ પરિચ્છેદ રહિત કહેવાય. પરબ્રહ્મને વસ્તુ પરિચ્છિન્ન ન કહેવાય, કારણ કે દરેક વસ્તુને 'આ બ્રહ્મ છે' એમ કહી શકાય. 'આ બ્રહ્મ છે' એમ કહી શકાય નહિ. '**सर्वं खल्विदं ब्रह्म**' આ શ્રુતિમાં નિરૂપ્યા પ્રમાણે યત્કિંચિત્ સર્વને બ્રહ્મ કહી શકાય. આને જ વસ્તુ પરિચ્છેદે રહિતપણું કહે છે. આ અર્થ '**नित्यं विभु**' **सर्वगतं**' '**विश्वमेवेदं पुरुषः**' '**नारायण एवेदं सर्वं**' '**इदं हि विश्वं भगवान्**' ઇત્યાદિ શ્રુતિ સ્મૃતિમાં વર્ણવ્યો છે ॥ ४४–४७ ॥

सर्वत्र सर्वदा सर्ववस्तुष्वन्वीय वर्तते ।
अतोऽनन्तो वासुदेवो विष्णुर्नारायणः स्मृतः ॥ ४८ ॥

बहिरन्तरिदं विष्णुर्वेवेष्टीति निगद्यते ।
सर्वत्रासौ समस्तं च वसत्यत्रेति वै बुधाः ॥ ४९ ॥

वासुदेवं विदुः कृष्णं सर्वव्यापिनमव्ययम् ।
सर्वत्रावस्थितं सर्वाधारं सूत्रं मणेरिव ॥ ५० ॥

જે પરંબ્રહ્મ ભગવાન છે તે સર્વ દેશમાં સર્વ કાળમાં અને સર્વ વસ્તુઓમાં આત્મસ્વરૂપથી અન્વય પામીને રહે છે, તે કારણથી તેમને '**अनन्त**' નામથી સાર્થક નિરૂપ્યા છે, એ બીજા કોઈ નહિ પણ જેમને

વિષ્ણુ, વાસુદેવ, નારાયણ, નામથી શ્રુતિ–સ્મૃતિમાં પ્રતિપાદ્યા છે. સ્વવિભૂતિભૂત ચિદચિદાત્મક સમસ્ત વિશ્વમાં અંદર બહાર આત્મ સ્વરૂપથી સદા વ્યાપી રહેલા હોવાથી **વિષ્ણુ** નામથી સાર્થક સંબોધ્યા છે. '**विश प्रवेशने**' આ ધાતુ ઉપર **क्नु**' પ્રત્યય લગાવતાં **વિષ્ણુ** શબ્દની સિદ્ધિ થાય છે. '**व्याप्य सर्वानिमान् लोकान् स्थितः सर्वत्र केशवः। ततश्च विष्णुनामाऽसि विशेर्धातोः प्रवेशनात्**' (**हरिवंशे**) એવી નિરુક્તિ કરી છે. ભગવાનની સર્વત્ર વ્યાપ્તિમાં '**विवेश भूतानि चराचराणि**' '**येन सर्वमिदं प्रोतं**' '**सर्वव्यापी स भगवान्**' '**मया ततमिदं सर्वं**' ઇત્યાદિ અનેક પ્રમાણો પ્રવર્ત્યા છે. આ પ્રકારની તત્ત્વ સ્થિતિ હોવાથી પરમાત્માને વિષ્ણુ શબ્દથી બહુધા સંબોધ્યા છે. '**तद्विष्णोः परमं पदम्**' '**तन्नो विष्णुः प्रचोदयात्**' '**वन्दे विष्णुं भवभयहरं**' '**विष्णुः सर्वत्र गीयते**' '**विष्णुनामा स वेदेषु वेदान्तेषु च गीयते**' '**विष्णोः सकाशादुद्भूतं**' '**स त्वं साक्षात् विष्णुरध्यात्मदीपः**' ઇત્યાદિ બહુ પ્રમાણો છે. વચનામૃતમાં 'જેને વાસુદેવ કહે છે, નારાયણ કહે છે, વિષ્ણુ કહે છે' **વાસુદેવ** નામનો અર્થ એવો છે કે–'**वस निवासे**' આ ધાતુને "**उण**' પ્રત્યય લાવીને ઉપધાને વૃદ્ધિ થતાં '**वासु**' શબ્દ થાય. '**दिवु क्रीडायां**' આ ધાતુને '**अच्**' પ્રત્યય લાવીને ઉપધાને ગુણ થતાં '**देव**' શબ્દ સિદ્ધ થાય. પછી '**वासुश्चासौ देवश्च**' એમ કર્મધારય સમાસ કરતાં **વાસુદેવ** શબ્દ સિદ્ધ થાય છે. અર્થ એવો અન્વર્થ છે કે, નિવાસાર્થ '**वस**' ધાતુને લઇને 'સર્વ ભૂતોમાં પોતે વસે છે અને પોતા વિષે સર્વ ભૂતોને વાસે છે' માટે વાસુ કહેવાય. ક્રીડાર્થ **दिवु** ધાતુને લઇને 'સૃષ્ટિ આદિક ક્રીડાને કરે' તે **દેવ** કહેવાય. વાસુ એવા દેવ તે વાસુદેવ કહેવાય. આ અપેક્ષિત અર્થમાં "**सर्वत्रासौ समस्तं च वसत्यत्रेति वै यतः। ततः स वासुदेवेति विद्वद्भिः परिपठ्यते**" (વિ. પુ.) આ નિરુક્તિ છે. '**ॐ' नमो भगवते वासुदेवाय**' આ દ્વાદશાક્ષર મહામંત્રમાં તેમજ '**नारायणाय विद्महे वासुदेवाय धीमहि**' આ વિષ્ણુગાયત્રી મંત્રમાં વાસુદેવ મંગળ નામ આવે છે. નારાયણ નામ જેવોજ વાસુદેવ નામનો મહિમા હોવાથી શ્રુતિ–સ્મૃતિમાં એ નામથી બહુધા વ્યવહાર થયો છે. '**सहस्रं वासुदेवस्य नाम्नां**' '**वासुदेवाश्रयो मर्त्यो वासुदेवपरायणः**' '**द्यौः...वासुदेवस्य वीर्येण विधृतानि**' '**इन्द्रियाणि...वासुदेवात्मकान्याहुः क्षेत्रं क्षेत्रज्ञमेव च**' '**सर्वभूतनिवासोऽसि वासुदेव नमोऽस्तु ते**' '**वासुदेवः सर्वमिति**' '**एकाग्रः प्रयतो भूत्वा इमं मन्त्रमुदीरयेत्**' '**ॐ नमो भगवते वासुदेवाय**

इत्ययम्' 'न वासुदेवात्परमस्ति मङ्गलं' 'वासुदेवं शरणं प्रपद्ये' 'वासुदेव-परा वेदाः' 'एकं सदैकं परमं परेशः स वासुदेवो न यतोऽन्यदस्ति' ઇત્યાદિ. વાસુદેવ નામનો મહિમા પણ 'वासुदेवप्रतापेन मुच्यन्ते ते त्वयैवतः' 'क्व जपो वासुदेवेति मुक्तिबीजमनुत्तमम्' ઇત્યાદિ બહુ છે. એ વાસુદેવ તે બીજા કોઈ નહિ પણ સર્વત્ર વ્યાપી રહેલા સર્વાધાર અવ્યય શ્રીકૃષ્ણ છે ॥ ૪૯–૫૦ ॥

न रीयन्त इति प्रोक्ता नरा नित्यपदार्थकाः ।
तेषां समूहो नारं तदयनं यस्य तं बुधाः ॥ ५१ ॥
नारायण इति प्राहुः सर्वव्यापिनमीश्वरम् ।
नाराणामयनं चैनं सर्वाधारं प्रचक्षते ॥ ५२ ॥
अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः ।
इति श्रुतिः प्रभोराह व्याप्तिं सर्वत्र सर्वथा ॥ ५३ ॥
यथा तिलेषु तैलं स्यात्तथाऽन्तर्व्याप्य वर्तते ।
वेद्मामग्निरिव प्रोक्तः सर्वस्य बहिरप्यसौ ॥ ५४ ॥

'रि हिंसायां' આ ધાતુને ड પ્રત્યય લાવીને टिનો લોપ કરતાં 'र' થાય. પછી नञ् समास કરતાં नर શબ્દ સિદ્ધ થાય. પછી 'नराणां समूहो नारं' એમ સમૂહાર્થમાં अण् પ્રત્યય લાવતાં नार શબ્દ સિદ્ધ થાય. 'इण गतौ' અથવા 'इ गतौ' આ ધાતુને અધિકરણમાં 'ल्युट्' પ્રત્યય લાવીને 'यु' નો अन અને ધાતુને ગુણ અને 'अय्' આદેશ થતાં 'अयन' શબ્દ સિદ્ધ થાય. પછી 'नार' અને 'अयन' આ બન્ને શબ્દો વચ્ચે 'नारं अयनं यस्य' એમ બહુવ્રીહિ કે 'नारस्य अयनं' એમ તત્પુરુષ સમાસ કરતાં 'नारायन' શબ્દ સિદ્ધ થાય. પછી 'पूर्वपदात्संज्ञायामगः' આ સૂત્રથી न નો ण થતાં આખો 'नारायण' શબ્દ સિદ્ધ થાય છે. આ રીતે नारायण શબ્દની વ્યુત્પત્તિ છે.

અર્થ એવો છે કે–જેનો ક્ષય થાય તે र કહેવાય. જેનો સ્વરૂપથી કે પ્રવાહથી ક્ષય ન થાય તે नर કહેવાય, અર્થાત્ ચિત્ અચિત્ નિત્ય વસ્તુઓ. 'प्रकृतिं पुरुषं चापि विद्ध्यनादी उभावपि' આમાં કહ્યા પ્રમાણે એ બન્ને નિત્ય તત્વો છે. તેનો જે સમૂહ તે नार કહેવાય, તે नार अयन–આશ્રય જેમને છે (એટલે નારનો

વ્યાપકપણે આશ્રય કરી રહેલા) અથવા **नार** ના **अयन**–આશ્રય (એટલે તેના અંતરાત્માપણે વ્યાપી રહેલા) તે **નારાયણ** કહેવાય. આ રીતે નારાયણ શબ્દનો અવયવાર્થ છે.

તાત્પર્ય એ છે કે–બન્ને સમાસથી અંદર બહાર વ્યાપ્તિ સમજવી. 'સર્વવસ્તુઓમાં વ્યાપક અને 'સર્વનો આધાર' એવો ભાવાર્થ છે. ભગવાન વાસુદેવમાં યોગરૂઢ આ **નારાયણ** શબ્દ અન્યગામી હોઈ શકે નહિ–બીજાને કહેવાય નહિ '**पूर्वपदात**' આ સૂત્ર, સંજ્ઞામાંજ '**ण**' થવાનું વિધાન કરે છે. સંજ્ઞા એટલે રૂઢી જાણવી. આતો વાસુદેવમાંજ સમજવી. જો વિષ્ણુમાં લઇએ તોજ '**ण**' થાય, બીજા ભવ બ્રહ્માદિકમાં લઈએ તો '**ण**' ન થાય. નારાયનજ રહે. આ પણ એક મુદ્દો ખાસ સમજવા જેવો છે. **નારાયણ** એટલે '**નારાયણ** નામ ધારી' એવો અર્થ અવશ્ય સમજવો.

ભગવાનનાં નામો અસંખ્યેય છે તેમાં વ્યાપક અને અવ્યાપક એવા બે પ્રકાર છે. ભગવાનના ગુણો કર્મોને કહેનારાં જે નામો તે અવ્યાપક જાણવાં અને સ્વરૂપથી વ્યાપ્તિને પ્રતિપાદનારાં જે નામો તે વ્યાપક જાણવાં. અવ્યાપક નામોની અપેક્ષાએ વ્યાપક નામોની શ્રેષ્ઠતા '**नारायणाय विद्महे वासुदेवाय धीमहि, तन्नो विष्णुः प्रचोदयात्**' આ વિષ્ણુગાયત્રી મંત્રમાં ત્રણ નામોના કીર્તનથી સિદ્ધ થાય છે. (ત્રણેય નામોનો 'વ્યાપક' એવો અર્થ થાય છે) તેમાં પણ વિષ્ણુ, વાસુદેવ, આ બે નામોને વ્યાપ્ય પદના અધ્યાહારની અપેક્ષા હોવાથી (શેમાં વ્યાપે છે) તેની અપેક્ષાએ નારાયણ નામ કે જેને તેની અપેક્ષા નહિ હોઈને (વ્યાપ્ય વસ્તુ નાર નામમાંજ આવે છે) અર્થપૌષ્કલ્યશાળી છે. (એમાં અર્થ અત્યધિક આવે છે) તેથી તેની શ્રેષ્ઠતા '**नारायणाय विद्महे**' એમ પ્રથમ કહેલા નિર્દેશથી સુસિદ્ધ થાય છે. હજાર નામોના જે અર્થો છે તે પણ નારાયણ નામના અર્થમાં જે તે રીતે અંતર્ગત છે. એજ મુખ્યાર્થમાં સમાવેશ છે. એ કારણથીજ શ્રુતિ–સ્મૃતિઓએ પરંબ્રહ્મનો મંગળમય નારાયણ નામથી બહુધા નિર્દેશ કર્યો છે. નારાયણ નામનું શ્રુત્યુક્ત નિરુક્ત '**यच्च किञ्चिज्जगत्यस्मिन् दृश्यते श्रूयतेऽपि वा। अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः**'' આ રીતે સમ્યક્ છે. 'સમસ્ત જગતની અંદર બહાર વ્યાપીને રહે તે નારાયણ કહેવાય. એટલે હવે એમાં સંશયલેશને સ્થાન નથી.

તાત્પર્યાર્થ એવો છે કે—'**वेदैश्च सर्वैरहमेव वेद्यः**' એમ 'સર્વ વેદો વડે જાણવા યોગ્ય એક નારાયણ જ છે' એમ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે.

'नारायणपरा वेदाः' (भाग-२) એમ બધા જ વૈદિકો માને છે. સર્વ
સંપ્રદાયવાળા શ્રીનારાયણજીને ગુરુપરંપરામાં આદિ તરીકે માને છે 'नाराणाय
विद्महे' (तै. ना.) 'नारायणपरं तत्त्वं तत्त्वं नारायणः परः' तै ना.)
ઈત્યાદિ જે નારાયણાનુવાક છે તે સર્વ પરા વિદ્યા વડે વેદ્ય એક નારાયણ
જ છે' એમ સ્પષ્ટપણે કહે છે. એવો નિર્ધાર કરી આપનારો નારાયણાનુ-
વાક છે. એવો નિર્ણય ભગવાન્ વેદ વ્યાસે બ્રહ્મમીમાંસામાં 'लिङ्गभूयस्त्व'
અધિકરણમાં કર્યો છે. 'एको ह वै नारायण आसीत् न ब्रह्मा नेशानः'
'एष सर्वभूतान्तरात्माऽपहतपाप्मा दिव्यो देव एको नारायणः' (सु.बा.उ.)
આ શ્રુતિઓ નારાયણનું જ સર્વાન્તરાત્મપણું, દિવ્યપણું, અદ્વિતીયદેવતાપણું
સુસ્પષ્ટ સુષ્ઠુ કહે છે. ઉક્તગુણવિશિષ્ટ પરમાત્માનું ભવ બ્રહ્મા વિગેરે અન્ય
સમગ્ર દેવો થકી નિવારણ કરનારૂં અસાધારણ નામ **નારાયણ** છે. ઉક્ત
ગુણવિશિષ્ટ વરિષ્ઠ અન્ય કોઈ ભવ બ્રહ્માદિક નહિ પણ નારાયણ જ છે
એમ કહેવાનો પરમ મુદ્દો છે. આ દિવ્ય નામ વેદની સમગ્ર શાખાઓમાં
પરબ્રહ્મનું સુપ્રસિદ્ધ સરસ છે. જેમ તમામ વસ્તુઓનું જે કોઈ એક
નામ હોય છે તેમ જગત્કર્તા જગદીશ પરમાત્માનું નામધેય અસાધારણ
(બીજા કોઈનું હોઈ શકે નહિ.) નારાયણ જ પ્રમુખ્ય છે. 'नारायणाभिधानस्य
ब्रह्मणः परमात्मनः' (भाग-११) એમ પરંબ્રહ્મનું નારાયણ નામધેય
અસાધારણ નક્કી કર્યું છે. 'अहं नारायणो नाम शंखचक्रगदाधरः'
(भार. वन) એમ વટપત્રશાયી બાલમુકુંદ ભગવાને પોતાનું નામ નારાયણ
જાહેર કહ્યું છે. શિવાદિ શબ્દો તો યૌગિક હોઈને સામાન્ય છે. તે
યોગાર્થની પુષ્કળતાને લીધે નારાયણ વિષે જ મુખ્યવૃત્તિથી 'शाश्वतं
शिवमच्युत" એમ તે તે શ્રુતિ સ્મૃતિમાં પ્રયોજ્યા છે. મોટા સ્મૃતિકારોએ
પણ પરંબ્રહ્મનો **નારાયણ** નામથી બહુધા નિર્દેશ કર્યો છે—'आपो नारा
इति प्रोक्ता आपो वै नरसूनवः। अयनं तस्य ताः पूर्वं तेन नारायणः
स्मृतः' (मनुः) 'ध्यायेत् नारायणं देवं स्नानादिषु च कर्मसु' (दक्षः)
'आलोडय सर्वशास्त्राणि विचार्य च पुनः पुनः। इदमेकं सुनिष्पन्नं
ध्येयो नारायणः सदा' (नृसिंहे) 'यदेतत्परमं ब्रह्म वेदवादेषु पठ्यते।
स देवः पुण्डरीकाक्षः स्वयं नारायण परः' (वाराहे) 'नारायणत्परो देवो
न भूतो न भविष्यति। एतद्रहस्यं वेदानां पुराणानां च सत्तम' (वाराहे)
'तत्त्वं जिज्ञासमानानां हेतुभिः सर्वतोमुखैः। तत्वमेको महायोगी
हरिर्नारायणः परः' (भार.) ઇત્યાદિ અનવધિક છે. કિં બહુના-

'नराणामयनं ख्यातमहमेकः सनातनः। आपो नारा इति प्रोक्ता आपो वै नरसूनवः। अयनं मम ताः पूर्वमतो नारायणोऽस्म्यहम्' એમ નારાયણે પોતે જ પોતાના નામની નિરુક્તિ કરી છે. આવા મહામહિમાશાળી નારાયણ નામના ઉચ્ચારણથી નામ સહસ્રના કીર્તનનું ફળ થાય છે.

વળી નારાયણ નામનો નિરતિશય મહિમા શ્રુતિ–સ્મૃતિમાં સુપ્રસિદ્ધ છે. 'किं तस्य बहुभिर्मन्त्रैः किं तस्य बहुभिर्व्रतैः। नमो नारायणायेति मन्त्रः सर्वार्थसाधकः॥ 'सङ्कीर्त्य नारायणशब्दमात्रं विमुक्तदुःखाः सुखिनो भवन्ति' ઇત્યાદિ બહુ વાક્યો છે. કિં બહુના 'विक्रुश्य पुत्रमघवान् यद्नामिलोऽपि नारायणेति म्रियमाण इयाय मुक्तिम्' (ભાગ–૬) આ એકજ અજામિલોપખ્યાન પ્રભાવાતિશયને માટે પર્યાપ્ત છે. હવે વધુ કહેવાની જરૂર રહેતી નથી ॥ નરસમૂહોમાં આત્માપણે વ્યાપી રહેલા હોવાથી નારાયણ નામથી નિર્દેશ્યા છે. આમાં સર્વ વ્યાપકપણું અને સર્વાધારપણું આવી જાય છે. હવે શંકાને સ્થાન નથી. જેમ તિલોમાં તૈલ હોય છે તેમ પરમાત્મા એ સર્વ જગતમાં વ્યાપીને રહ્યા છે. જેમ વેદી ઉપર અગ્નિ રહ્યો છે તેમ સર્વની બહાર પણ પરમાત્મા રહ્યા છે. નિરુક્તિ પણ નિરુત્થાન શ્રુતિએજ એવી કરી છે 'अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः' જેથી હવે આમાં લેશ શંકાને સ્થાન નથી ॥ ५१–५४ ॥

अतस्त्रय्यन्तवाक्येषु परमात्मा सनातनः ।
'अणोरणीयान् महतो महीया' निति विश्रुत : ॥ ५५ ॥

यथाऽऽकाशं भवदपि पृथ्व्यादिभ्यो महत्तरम् ।
सूक्ष्मत्वेन ततोऽन्तस्तु व्याप्तं भ्वादिचतुष्टये ॥ ५६ ॥

तथा महत्तमो देवः सर्वमावृत्य तिष्ठति ।
सुसूक्ष्मत्वात्तथा सर्वस्यान्तर्व्याप्यापि वर्तते ॥ ५७ ॥

'नित्यं विभुं सर्वगतं सुसूक्ष्म'मिति मुण्डके ।
श्रूयते त्रिविधं चैतदानन्त्यं परमात्मनः ॥ ५८ ॥

ઉપર પ્રમાણેની પરિસ્થિતિ સર્વોત્કૃષ્ટ હોવાથી વેદાંત વાક્યોમાં સનાતન પરમાત્માને 'अणोरणीयान् महतो महीयान्' આ શ્રુતિ,

અણુથકી અણું અને મોટા થકી મોટાપણે નિરૂપે છે. અણુનો અર્થ પરિમાણ નહિ પણ સૂક્ષ્મતારૂપનો સમજવો. એટલે વ્યાપ્ય પદાર્થો વ્યાપ્તમાં અટકાવ કરી શકે નહિ. પારાવાર પાતળો પદાર્થ છે કે સર્વમાં પ્રવેશી શકે. મોટા તરીકે કહેવાતા તમામની અપેક્ષાએ પરમાત્મા મોટા છે. આ તો માપથી સમજવું. પરમાત્માને તુલ્ય કોઈ પણ માપમાં મોટું નથી. આ બાબતને દૃષ્ટાંતથી સમજાવે છે—જેમ આકાશ છે તે પૃથિવ્યાદિ ભૂતો કરતાં મોટો છે અને તે બીજાં ભૂતોની અપેક્ષાએ સૂક્ષ્મ છે. એ કારણથીજ ચારેય ભૂતોની અંદર વ્યાપી શકે છે. પૃથ્વી આદિક ભૂતો કરતાં આકાશ મોટો છે અને બહુ સૂક્ષ્મ છે. એજ રીતે જે નારાયણ વાસુદેવ વિષ્ણુ દેવ છે તે પરિમાણમાં મહત્તમ હોવાથી સર્વને આવરીને રહ્યા છે અને સુસૂક્ષ્મ હોવાથી સર્વની અંદર પણ વ્યાપીને વર્તે છે. આ બાબતને સમજવા માટે **'आकाशवत्सर्वगतः'** એવી અભિયુક્તિ પ્રવર્તી છે. એનું અનુસંધાન શ્રુતિ-સ્મૃતિમાં બહુ છે. **'नित्यं विभुं सर्वगतं सुसूक्ष्मं'** આ મુંડક શ્રુતિમાં આ ત્રણ પ્રકારથી આનન્ત્ય (દેશ કાળ વસ્તુથી માપ નહિ) પરમાત્માનું સ્પષ્ટ નિરૂપ્યું છે. શ્રુતિનો અર્થ એમ છે-નિત્ય પદથી સર્વ કાળમાં વિદ્યમાન હોવાથી કાળથી અપરિછિન્નપણું, વિભુપદથી સર્વ દેશમાં વર્તમાન હોવાથી દેશથી અપરિછિન્નપણું અને **સર્વગત** પદથી બહાર જ જેમ એમ સર્વની અંદર પણ પ્રવેશીને રહેવાપણું. સૂક્ષ્મ વસ્તુઓની અંદર પ્રવેશ કેમ ઘટે ? તો સુસૂક્ષ્મ છે. સૂક્ષ્મ થકી પણ સૂક્ષ્મતર છે. એટલે અંતઃપ્રવેશ સંઘટે. અમુક દેશમાં કે અમુક કાળમાં છે એમ પરમાત્માને કદાપિ કહી શકાય નહિ. કેમકે સર્વ દેશમાં અને સર્વ કાળમાં સર્વેમાં અંતઃ પ્રવેશ કરીને રહ્યા છે. એક પરમાત્મા સિવાય અન્ય તમામને 'આ દેશ કાળમાં છે અને આ દેશ કાળમાં નથી' એમ કહી શકાય. સૂક્ષ્મ થકી સૂક્ષ્મપણું અને મોટાથકી મોટાપણું આ અર્થ આ વચનોમાં વિશદ છે. **'यस्मान्नाणीयो न ज्यायोऽस्ति कश्चित्' 'बृहच्च तद्दिव्यमचिन्त्यरूपं सूक्ष्माच्च तत्सूक्ष्मतरं विभाति' 'एष मे आत्माऽन्तर्हृदयेऽणीयान्... पृथिव्या ज्यायानन्तरिक्षात् ज्यायान्दिवो ज्यायानेभ्यो लोकेभ्यः' (छां. उ.) 'यत्परंब्रह्म विश्वात्मा विश्वस्यायतनं महत्। सूक्ष्मात्सूक्ष्मतरं नित्यं (कै. उ.) 'परात्परं यन्महतो महान्त" (तै. उ.) 'अतो ज्यायांश्च पुरुषः' (पु. सू.)** ઇત્યાદિ ॥ ૫૫-૫૮ ॥

स्वरूपं नित्यमुक्तानां मुक्तानामपि सम्मतम् ।
अणुप्रमाणमानन्त्यं ज्ञानशक्त्यादितः पुनः ॥ ५९ ॥

स्वरूपतः स्वभावैश्च महत्त्वं परमात्मनः ।
नान्यस्य कस्यचित्तस्मात्परंब्रह्मैकमेव तु ॥ ६० ॥

नित्यमुक्ताश्च मुक्ताश्च बहवः शास्त्रसम्मताः ।
अन्योन्यसदृशाः सर्वे सर्वदा सर्वदर्शिनः ॥ ६१ ॥

परमात्मवशाः सर्वे तत्सेवावृत्तित·पराः ।
प्रोक्ता वस्तुपरिच्छेदवन्तोऽतस्तत्त्वदर्शिभिः ॥ ६२ ॥

निःसमाभ्यधिको ह्येकः परमात्मा सनातनः ।
समस्तकल्याणगुणः सर्वात्माऽनन्त इष्यते ॥ ६३ ॥

નિત્ય મુક્તો અને મુક્તોનું સ્વરૂપ પણ અણુપરિમાણ શાસ્ત્રસંમત છે. **'एषोऽणुरात्मा चेतसा वेदितव्यः'** એવી શ્રુતિ છે. સ્વરૂપથી અણુ પરિમાણ આત્માનું **'स चानन्त्याय कल्पते'** આ શ્રુતિમાં જે આનંત્ય કહ્યું છે તે જ્ઞાનશક્તિ આદિક ગુણોને લઇને કહ્યું છે. સ્વરૂપથી તો અણું જ છે. અહમર્થ આત્માસ્વરૂપથી અને તેના જ્ઞાનાદિ સ્વભાવથી મહત્વ કહ્યું છે તે તો એક પરમાત્માનું જ છે. બીજા કોઈનું પણ નથી. તેવા તો એક પરમાત્મા શ્રી નારાયણ છે. એવાં પ્રમાણો પુષ્કળ છે. નિત્ય મુક્તો અને મુક્તો બહુ સંખ્યામાં છે. **'तद्विष्णोः परमं पदं, सदा पश्यन्ति सूरयः'** **'बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः'** આ શ્રુતિ સ્મૃતિ શાસ્ત્રમાં બહુપણું જણાવ્યું છે. આ સમગ્ર મુક્તો પરસ્પર સ્વરૂપ ગુણાદિકે કરીને સદૃશ છે, એમાં તારતમ્ય નથી. સર્વદા સર્વદર્શી છે. ફક્ત પરમાત્મા પરવશ હોઈને તેમની સેવાવૃત્તિ પરાયણ છે. સેવાને જ મુક્તિ માને છે. આ કારણથી સર્વે વસ્તુ પરિચ્છેદવાળા છે એમ તત્ત્વદર્શીઓ દર્શાવે છે. જેમને કોઈ પણ સમાન કે અધિક નથી એવા તો એક સનાતન પરમાત્મા છે. એ પોતે સર્વાત્મા હોઇને જ્ઞાનાદિ સમગ્ર ગુણ સંપૂર્ણ છે, એથી જ એમને અનંતપણે નિરૂપ્યા છે. આ તાત્પર્ય **'अथैतस्यैवान्तो नास्ति यद्ब्रह्म'** (य. ७ का. ३-४) **'नास्त्यन्तो विस्तरस्य मे'** **'अनन्तमूर्तये'** (मंत्रवर्ण)

'नान्तोऽस्ति मम दिव्यानां विभूतीनां' ઇત્યાદિમાં તત્ત્વતઃ છે. આના અનુસંધાનથી 'देशतः कालतो वापि गुणतो वस्तुतोऽपि वा । अवधिर्यस्य नास्तीति सोऽनन्तः समुदाहृतः' એવી પૂર્ણ નિરુક્તિ પ્રવર્તી છે. ॥ ૫૯–૬૩ ॥

यस्मिन् सुखस्वरूपे तु ज्ञायमाने परात्मनि ।
अन्यत्सुखं नैव भायात् सर्वान्तर्भावतोऽत्र तु ॥ ६४ ॥

स भूमसुखरूपोऽयमानन्द इति कथ्यते ।
'यद्वा व कं तदेव खं यदेव खं तदेव कम्' ॥ ६५ ॥

'रसो वै सः' इति प्राज्ञानन्तानन्दस्वरूपकम् ।
परंब्रह्म परात्मानं श्रीकृष्णं पुरुषोत्तमम् ॥ ६६ ॥

જે સુખૈકસ્વરૂપ પરમાત્માને ઓળખતાં, બીજાં બધાં સુખો ભાવે જ નહિ. કાકવિષ્ટા તુલ્ય તુચ્છ થઈ જાય. કેમકે પરમાત્માના સુખમાં સમસ્ત સુખોનો સમાવેશ છે. જેમ મધમાં અશેષ રસો રહ્યા છે તેમ પરમાત્મામાં સર્વવિધ રસો રહ્યા છે. જે આ નિરવધિકાતિશય સુખ સ્વરૂપ કહ્યા એમને જ 'आनन्दो ब्रह्म' એમ આનંદ નામથી કહ્યા છે. છા. ઉ. માં 'જે कं, એ જ खं, જે खं એજ कं' એમ કહ્યું છે. कं શબ્દ સુખનો વાચક છે. ख શબ્દ આકાશ વાચક છે. આકાશ જેમ અપરિચ્છિન્ન છે તેમ कं શબ્દથી કહેલું સુખ અપરિચ્છિન્ન છે. અર્થાત્ બ્રહ્મ નિરતિશય સુખ સ્વરૂપ છે. સુખ કહો કે આનંદ કહો બન્ને એક અર્થમાં છે. પરમાત્મા આનંદસ્વરૂપ હોવાથી 'आनन्दो ब्रह्म' 'यदेष आकाश आनन्दो न स्यात्' 'कं ब्रह्म खं ब्रह्म' એમ આનંદ શબ્દથી વ્યવહરે છે. જે આનંદ છે તે પરબ્રહ્મનો સારભૂત પ્રધાન ગુણ પણ છે. આ અર્થ પણ 'स एको ब्रह्मण आनन्दः' 'आनन्दं ब्रह्मणो विद्वान्' 'अन्योऽन्तर आत्मा आनन्दमयः' ઇત્યાદિ શ્રુતિઓએ સંવર્ણ્યો છે. એટલે પરમાત્મા આનંદસ્વરૂપ છે અને આનંદગુણ પણ છે. આ અર્થની સ્પષ્ટતા 'आनन्दमयोऽभ्यासात्' આ સૂત્રમાં વ્યાસે કરી છે. આનંદમય હોવાથી પરમાત્માને रस શબ્દથી સંબોધ્યા છે. એ રસસ્વરૂપ પરમાત્માને પામીને જીવાત્મા આનંદી થાય છે એમ પણ કહેવામાં આવ્યું છે. પરમાત્મા જેમ જ્ઞાનસ્વરૂપ છે તેમ

આનંદસ્વરૂપ છે. તેથી જ એક સાથે જ્ઞાનાનંદૈકસ્વરૂપ એમ કહે છે. આ અર્થને **'विज्ञानघन एवायमानन्दमयः** આ શ્રુતિ જ કહે છે. જે આનંદમય કહ્યા તે બીજા કોઈ નહિ, પણ પરંબ્રહ્મ ભગવાન્ શ્રીકૃષ્ણ પુરુષોત્તમને જાણવા ॥ ૬૪-૬૬ ॥

योगिनां रमणं यत्र नित्यानन्दस्वरूपके ।
राम इत्युच्यते सोऽयं व्युपत्त्या शास्त्रदृष्टया ॥ ६७ ॥

सदानन्दस्वरूपोऽयं परमात्मा सनातनः ।
जगत्सर्गादिकैकान्तलीलारससुनिर्वृतः ॥ ६८ ॥

कृष्ण इत्युच्यते कृष्णत्वाच्च नूत्नघनप्रभः ।
स्वरूप गुण-भूत्याद्यैरानन्दोऽनुपमोऽस्य च ॥ ६९ ॥

स्वाभाविक इति प्रोक्तः सहजानन्द इत्यसौ ।
एवमानन्दघनता रामाद्याख्याभिरस्य वै ॥ ७० ॥

જે નિત્યાનંદસ્વરૂપ પરમાત્મામાં યોગિજનો મનથી રમે છે, જેમાં મનને અવિચ્છિન્ન રાખે છે તે **રામ** નામથી સાર્થક કહ્યા છે. આ વ્યુત્પત્તિ શાસ્ત્રદૃષ્ટિની છે. **'रमन्ते योगिनो यस्मिन् नित्यानन्दे चिदात्मनि । अतो वै रामशब्देन परंब्रह्माभिधीयते'** (पद्म पु०) એવી નિરુક્તિ છે. જે સનાતન પરમાત્મા છે તે સદા આનંદસ્વરૂપ છે. જગત્સર્ગાદિરૂપ જે એક એકાંત લીલારસ, તેમાં સદા નિર્વૃત (સુખી) હોવાથી **કૃષ્ણ** નામથી નિરૂપ્યા છે. અથવા **'नवीनजीमूतसमानवर्णे'** એમાં કહ્યા મુજબ દિવ્યમૂર્તિનો વર્ણ, નવીન મેઘ સમાન શ્યામ સુંદર હોવાથી **કૃષ્ણ** નામથી કહેવાય છે. બીજા પણ અર્થો તત્ત્વજ્ઞાતાઓએ કર્યા છે. **'कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः । कृष्णस्तद्भावयोगाच्च'** (भार-उद्यो) એવી નિરુક્તિ છે. સુખની ભૂમિ એવો અર્થ થયો. **'कृष'** ધાતુ વિલેખન અર્થમાં છે. વિલેખન એટલે ખેડવું. જેમ ખેડુત ધાન્ય નિપજાવીને તેનાથી સુખ લેવા માટે જમીનને ખેડીને વાવે છે તેમ પરમાત્મા પણ લીલારસ માટે વિવિધ વિચિત્ર વિશ્વને ઉપજાવીને આનંદની લહેરને લીધા કરે છે, એવો કૃષ્ણ નામમાં આવેલા ધાતુ પ્રત્યયનો નિષ્કર્ષાર્થ છે. **'कृष्णो वर्णश्च मे यस्मा-**

त्तस्मात्कृष्णोऽहमर्जुन' એવી શ્રીમુખે નિરુક્તિ કરી છે. કૃષ્ણ નામ કેવળ અવતાર અર્થમાં નથી. પરંતુ '**अन्योऽन्तर आत्मा आनन्दमयः**' ઇત્યાદિ શ્રુતિમાં કહ્યા પ્રમાણે આનંદમય અર્થમાં છે. '**आनन्दमयोऽभ्यासात्**' આ સૂત્રમાં વ્યાસે વર્ણવ્યો છે. આનંદમયૈક સ્વરૂપ સ્વભાવ હોવાથી સર્વેનાં મનને પોતા વિષે આકર્ષે છે તેથી પણ **कृष्ण** કહેવાય છે. '**कर्षतीति कृष्णः**' એવી વ્યુત્પત્તિ છે. લીલારસના ભોગ માટે જગદ્વ્યાપર સ્વયં પ્રવર્તાવ્યો છે. સ્વરૂપ ગુણ વિભૂતિ વિગેરે સર્વ પ્રકારોથી અનુપમ. સ્વાભાવિક આનંદ અખંડ અનુવર્તે છે તેથી **સહજાનંદ** નામથી પણ નિરૂપ્યા છે. સહજ–સ્વાભાવિક આનંદ જેમનામાં છે તે સહજાનંદ એવી વ્યુત્પત્તિ છે. કૃષ્ણ અને સહજાનંદ બન્ને નામના અર્થમાં એકરૂપતા છે. આ રીતે **રામ કૃષ્ણ સહજાનંદ** ઇત્યાદિ મંગળ નામો વડે પરમાત્માની સ્વરૂપથી અને ગુણથી આનંદઘનતા શાસ્ત્રોએ સંવર્ણવી છે ॥ ६७–७० ॥

अनन्तानन्दगुणकोऽनन्तानन्दस्वरूपकः ।
प्रोक्तोऽयं तैत्तिरीये च ह्यात्मानन्दमयो हरिः ॥ ७१ ॥
प्रोच्यते सच्चिदानन्दरूपोऽयं मुख्यतो बुधैः ।
अन्यत्राऽतस्तु विज्ञेयं गौणमेतत्प्रकीर्तितम् ॥ ७२ ॥

તૈત્તિરીયોપનિષદ્‌ની આનંદ વલ્લીમાં પરમાત્માને અનંત આનંદ ગુણપણે અને અનંત આનંદ સ્વરૂપપણે '**सैषा आनन्दस्य मीमांसा भवति**' એવો આરંભ કરીને '**यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह**' '**आनन्दं ब्रह्मणो विद्वान्**' '**आनन्दमयः**' '**आनन्दो ब्रह्म**' '**यदेष आकाश आनन्दो न स्यात्**' ઇત્યાદિ વચનો વડે વર્ણવ્યો છે. માટે પરંબ્રહ્મ પરમાત્મા શ્રીહરિજ એક આનંદમય કહેવાય. આવા તાત્પર્યાર્થને લીધેજ બુધજનો મુખ્યપણે પરમાત્માને **सच्चिदानंद** બહુધા વર્ણવે છે. સત્ શબ્દનો અર્થ ઉપર આવી ગયો છે. ચિત્ એટલે જ્ઞાન જાણવું. બીજામાં આ શબ્દો વપરાયા હશે તેતો ગૌણ સમજવા. કોઈ અલ્પગુણ યોગને લીધે ઉપચારથી પ્રવર્તેલા સમજવા–ખરી રીતે નહિ ॥ ७१–७२ ॥

निरवद्यश्रुतिः सर्वदोषराहित्यतत्परा ।
परमात्मानमेकं तु सदा निर्दोषकं जगौ ॥ ७३ ॥

मायायाः परिणामादिदोषोऽवद्यमुदीर्यते ।
जीवानामज्ञतादि स्यान्मुक्तानां परतन्त्रता ॥ ७४ ॥

निर्दोषकं सदा सर्वव्यापि नित्यैकरूपकम् ।
ज्ञानानन्दघनं त्वित्थं स्वरूपं कथितं हरेः ॥ ७५ ॥

'निरवद्यं निरञ्जनम्' આ જે શ્રુતિ છે તે સર્વ દોષે રહિતપણાને પ્રતિપાદવા તત્પર રહી છે. તે બીજા કોઈને નહિ પણ એક પરમાત્માનેજ નિત્ય નિર્દોષપણે ગાય છે, એજ કામને એ નિરંતર કર્યા કરે છે ॥ માયાના જે પરિણામ વૃદ્ધિ વિગેરે દોષો એને **અવદ્ય** શબ્દથી કહે છે. જીવોમાં અજ્ઞપણું દુઃખીપણું વિગેરે દોષો વર્તે છે અને મુક્તોમાં પરતંત્રપણું વિગેરે દોષો છે. માયા, જીવો, મુક્તો, એ કોઈ નિર્દોષ નથી. એક શ્રીહરિના સ્વરૂપનેજ નિત્ય નિર્દોષપણે, સદા સર્વવ્યાપિપણે, નિત્ય એકરૂપપણે, જ્ઞાન આનંદઘનપણે પૂર્વોક્ત પ્રકારે કહે છે **'अपहतपाप्मा विजरो विमृत्यु' 'निरस्तकुहकं सत्यं परं' 'समस्तहेयरहितं'** ઇત્યાદિ પુષ્કળ પ્રમાણો નિર્દોષતામાં વર્તે છે ॥ ૭૩-૭૫ ॥

वेदान्तेषु परंब्रह्म श्रुतं यत्सर्वकारणम् ।
नारायणो वासुदेवः कृष्ण एव स नेतरः ॥ ७६ ॥

ब्रह्मत्वं तु बृहत्त्वं स्यात् सर्वातिशयितं परम् ।
जगज्जन्मस्थितिध्वंसहेतोरस्य महात्मनः ॥ ७७ ॥

વેદાંત શાસ્ત્રમાં સર્વ કારણપણે જે પરંબ્રહ્મ વાસુદેવ વિષ્ણુ નારાયણને નિરૂપ્યા છે તે બીજા કોઈ નહિ, પણ શ્રીકૃષ્ણ ભગવાનનેજ કહ્યા છે. આ તત્ત્વાર્થ **'स श्रीकृष्णः परंब्रह्म'...उपास्य इष्टदेवो नः'** આ શ્લોકથી શ્રીમુખે કહ્યો છે. **'साक्षात् गूढं परंब्रह्म मनुष्यलिङ्गम्' 'यन्मित्रं परमानन्दं पूर्णं ब्रह्म सनातनम्' 'कृष्णस्तु भगवान् स्वयम्' 'श्रुत्वा कृष्णं परंब्रह्म पार्थः परमविस्मितः' 'परंब्रह्म परंधाम पवित्रं परमं भवान्' 'मत्तः 'परतरं नान्यत्'** ઇત્યાદિ બહુ છે ॥ જે બ્રહ્મ શબ્દથી બૃહત્પણું (સર્વથી મોટાપણું) કહ્યું છે તે સર્વના કરતાં નિરતિશયવાળું પરમ જાણવું. અને તે બૃહત્પણું જગતના જન્મ સ્થિતિ અને નાશના કારણ એવા

મહાત્મા શ્રીકૃષ્ણનું છે. આ અર્થ 'अथातो ब्रह्मजिज्ञासा' 'जन्माद्यस्य यतः' આ સૂત્રમાં વ્યાસે વર્ણવ્યો છે. આમાં 'यतो वा इमानि भूतानि... तद्विजिज्ञासस्व तद्ब्रह्मेति' આ શ્રુતિઓ પ્રમાણપણે લીધી છે. શ્રીભાષ્યમાં એનો અર્થ 'ब्रह्म शब्देन च स्वभावतो निरस्तनिखिलदोषोऽनवधिकातिशयासङ्ख्येयकल्याणगुणगणः पुरुषोत्तमोऽभिधीयते । सर्वत्र बृहत्वगुणयोगेन हि ब्रह्म शब्दः' बृहत्त्वं च स्वरूपेण गुणैश्च यत्रानवधिकातिशयं सोऽस्य मुख्यार्थः । स च सर्वेश्वर एव । अतो ब्रह्मशब्दस्तत्रैव मुख्यवृत्तः । तस्मादन्यत्र तद्गुणलेशयोगादौपचारिकः' આ રીતે અનુગ્રહ્યો છે. સર્વથી મોટું હોય તે બ્રહ્મ કહેવાય. बृंहति बृंहयति तस्मादुच्यते परंब्रह्म' 'बृहत्वात् बृंहणत्वाश्च ब्रह्मेति परिपठ्यते' એવી સ્મૃતિ છે. આના અનુરોધથી 'रूपैः स्वरूपेण गुणैर्विभवैश्च स्वयं मुहुः । ब्रह्मेति सतु ब्रह्म' એવી નિરુક્તિ કરી છે. જે સ્વરૂપ રૂપ આદિક સર્વ પ્રકારો વડે નિરતિશય મોટા હોઈને આશ્રિતોને પણ મોટા બનાવી દે તે બ્રહ્મ કહેવાય એવો નિર્ગલિતાર્થ છે. સ્વરૂપથી મોટા હોય એ જ સર્વની સાથે સંબન્ધ ધરાવી શકે. અલ્પથી એ બની શકે નહિ. સર્વની સાથે અંદર બહાર સંબન્ધ ધરાવવો એને જ વ્યાપકપણું કહે છે. એમ બ્રહ્મ શબ્દથી સર્વ વ્યાપકતારૂપ વિભૂતિ સિદ્ધ થાય છે॥ પરંબ્રહ્મ નારાયણ વાસુદેવ આદિક શબ્દોથી પ્રતિપાદેલા જે છે તે શ્રીકૃષ્ણ જ છે એવો ઉપસંહાર કરવામાં આવ્યો છે. આવા અખિલ અનુસંધાને 'वेदे भूरिप्रयोगाश्च गुणयोगाश्च शार्ङ्गिणि । तस्मिन्नेव ब्रह्म शब्दो मुख्यवृत्तो महामुने ! ॥ यस्मिन् प्रयुज्यमाने तु गुणयोगः सुपुष्कलः । तत्रैव मुख्यवृत्तोऽयमन्यत्र ह्युपचारतः' (गारुडे) એવી નિરુક્તિ કરી છે. બ્રહ્મ શબ્દનો પ્રયોગ અન્યત્ર આવે છે. તેના નિવારણ માટે 'परब्रह्म' એમ પણ કહેવામાં આવ્યું છે. 'अक्षरात्परतः परः' 'योऽक्षरे सञ्चरन्' 'क्षराक्षरेभ्यश्च परस्त्वं ब्रह्म परमं हरे !' 'मत्तः परतरं नान्यत्' 'यं केचिदाहुः परमात्मसंज्ञं केचित्परंब्रह्म परात्परं च' ઇત્યાદિ ॥ ૭૬-૭૭ ॥

कारणं कार्यतः सूक्ष्मं महच्च श्रुतिसम्मतम् ।
पृथ्व्या महज्जलं सूक्ष्मं ततस्तेजस्ततो मरुत् ॥ ७८ ॥

ततः खं कारणं सूक्ष्मं महत्तस्मादहङ्कृतिः ।
ततो महान् ततोऽव्यक्तं मूलप्रकृतिरप्यतः ॥ ७९ ॥

ततोऽक्षरं परं प्रोक्तं सुसूक्ष्मं तु ततो महान् ।

सुसूक्ष्मश्च परंब्रह्म वासुदेवः प्रकीर्तितः ॥ ८० ॥

કાર્યની અપેક્ષાએ જે કારણ હોય તે સૂક્ષ્મ અને મોટું હોય, એ બાબત શ્રુતિસમંત છે. જેમકે—પૃથ્વી કરતાં તેનું કારણ જે **જળ** તે મોટું અને સૂક્ષ્મ છે. જળ કરતાં તેનું કારણ જે **તેજ** તે મોટું અને સૂક્ષ્મ છે. તેજ કરતાં તેનું કારણ જે **વાયુ** તે સૂક્ષ્મ અને મોટો છે. વાયુ કરતાં તેનું કારણ જે **આકાશ** તે મોટું અને બહુ સૂક્ષ્મ છે. આકાશ કરતાં તેનું કારણ જે **અહંકાર** તે મોટો અને સૂક્ષ્મ છે. અહંકાર કરતાં તેનું કારણ જે **મહત્તત્વ** તે મોટું અને સૂક્ષ્મ છે. તેની અપેક્ષાએ તેનું કારણ જે **અવ્યક્ત** (માયા) તે મોટું અને સૂક્ષ્મ છે. અવ્યક્તની અપેક્ષાએ તેનું કારણ જે **મૂળ પ્રકૃતિ** તે મોટી અને સૂક્ષ્મ છે. જડા મૂળ પ્રકૃતિની અપેક્ષાએ **અક્ષરબ્રહ્મ** તે પર હોઈને મોટું અને સૂક્ષ્મ છે. પર અક્ષર થકી પર એવા પરંબ્રહ્મ **શ્રી** વાસુદેવ **ભગવાન્** તે સર્વથી સ્વરૂપ ગુણ વિભૂતિ વિગેરે સર્વપ્રકારે નિરતિશય મોટા અને સૂક્ષ્મ છે. એમ શ્રુતિ સ્મૃતિમાં કહેવામાં આવ્યું છે. '**अणोरणीयान् महतो महीयान्**' આ શ્રુતિમાં જ એ બાબત સુસ્પષ્ટ છે. વચનામૃતમાં આ વાત વિશદ છે. અનંત નામનું આ સ્પષ્ટ વિવરણ છે. સ્વરૂપ–સ્વભાવ વિગેરે સર્વ પ્રકારથી પરંબ્રહ્મની મોટાઇ સમજવી. વ્યાપન ક્રિયામાં વ્યાપ્ય કોઇ પણ અટકાવી શકે નહિ એ સૂક્ષ્મતા સમજવી. પૃથ્વી કરતાં જળ, જળ કરતાં તેજ, તેજ કરતાં વાયુ, અને વાયુ કરતાં આકાશ અતિ સૂક્ષ્મ છે. જેથી સર્વ ભૂતોમાં વ્યાપી શકે છે અને પરિમાણમાં પણ મોટો છે. પરમાત્માતો સ્વરૂપ રૂપ ગુણ વિભૂતિ વિગેરે સમસ્ત પ્રકારે મોટા અને સૂક્ષ્મ છે. સર્વમાં સર્વ પ્રકારે વ્યાપી શકે છે. એમને કોઈ પણ અવરો અવરોધ કરી શકે નહિ એમ જાણી લેવું ॥ ૭૮–૮૦ ॥

मुनय ऊचुः—

ज्ञानमात्रं परंब्रह्म सत्तामात्रमलक्षणम् ।

निर्गुणं निर्विशेषं च वदन्त्येके निराकृति ॥ ८१ ॥

'एकमेवाद्वितीयं' 'केवलो निर्गुण इत्यपि ।

'निष्कलं निष्क्रियं चे' ति श्रुतिवाक्यान्युपाश्रिताः ॥ ८२ ॥

कथं विज्ञेयमस्माभिरेतत्तत्त्वं महामुने ! ।
शतानन्द महाप्राज्ञ ! श्रीहरेः करुणाश्रय ! ॥ ८३ ॥

મુનિઓ કહે છે—હે શતાનંદ મહામુને ! સોએસો ભગવદ્‌ભક્તોને આનંદ આપનારા તમારા થકી ત્રણ તાત્વિક તત્ત્વોનું જ્ઞાન સાંભળ્યું. પરંતુ કેટલાએક તો પરમાત્માને જ્ઞાનમાત્ર, (જ્ઞાતા નહિ) સત્તામાત્ર (જ્ઞાન-સત્તામાત્ર) અલક્ષણ (સત્તામાત્ર હોવાથી જેમનું કાંઈ લક્ષણ નથી) નિર્ગુણ (જ્ઞાનાદિ ગુણોએ રહિત) નિર્વિશેષ (સજાતીય, વિજાતીય, સ્વગત ભેદે શૂન્ય) અને નિરાકાર કહે છે. આ મનઃકલ્પનાની સિદ્ધિ માટે **'एकमेवाद्वितीयं ब्रह्म' 'केवलो निर्गुणश्च' 'निष्कलं निष्क्रियं शान्तं'** ઇત્યાદિ શ્રુતિ વાકયોનો ઉપાશ્રય લે છે. તો અમારે આ પરમાત્મ તત્ત્વ કેવી રીતે સમજવું ? તે તત્ત્વથી કહો. તમો સ્વયં મહાપ્રાજ્ઞ અને વળી સર્વજ્ઞ શ્રીહરિની કૃપાના પ્રથમ પાત્ર છો, એટલે કશું અજાણ્યું નથી અને અશકય નથી ॥૮૧–૮૩॥

शतानन्दमुनिरुवाच—

पूर्वापरानुसन्धानविधुरास्तु यथाश्रुतम् ।
निर्गुणं निर्विशेषं च ब्रह्मतत्त्वं प्रचक्षते ॥ ८४ ॥

त्रय्यन्तवृद्धा आचार्या स्त्वनवद्य सदा स्वतः ।
अनन्तकल्याणगुणं वासुदेवं प्रचक्षते ॥ ८५ ॥

महागुणत्वात्प्राहुर्यमनन्तं तु महर्षयः ।
निर्गुणत्वं कथं तस्य सम्भवेत्परमात्मनः ॥ ८६ ॥

बृहत्त्वं च स्वरूपेण गुणैश्चाप्यतिशायिताम् ।
यास्कोऽवोचन्निरुक्ते तु तन्महागुणकस्तु सः ॥ ८७ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! જેઓ બ્રહ્મતત્ત્વને નિર્વિશેષ નિર્ગુણ નિરાકાર કહે છે તેઓ પૂર્વાપરનું અનુસંધાન નહિ રાખીને શ્રુતિઓના કેવલ શબ્દો પ્રમાણે થતા અર્થને ગ્રહણ કરીને કહે છે. વાકયાર્થના નિર્ણયમાં પૂર્વાપર ભાગના અનુસંધાનની ખાસ જરૂર છે, કેમકે પૂર્વાપરના પરામર્શ વિનાનો શબ્દ અન્યથા મતિને ઉપજાવે છે, માટેજ **'पूर्वापराऽपरामृष्टः शब्दोऽन्यां कुरुते मतिम्'** એવી અભિયુકિત પ્રવર્તે છે. વેદાંત

વિષયમાં જેઓ વૃદ્ધ આચાર્યો છે તે તો પરમાત્માને સદા સ્વતઃ સર્વથા નિત્ય નિર્દોષપણે અને કલ્યાણગુણ પરિપૂર્ણપણે શ્રીવાસુદેવને નિરૂપે છે. **'महद्गुणत्वाद्यमनन्तमाहुः' 'तेनाहं गुणपात्रेण श्रीनिवासेन' 'धातुनामिव शैलेन्द्रो गुणानामाकरो महान्'** આ વચનો ભગવાનને મહાન્ ગુણાકર ગુણપાત્ર કહેવા પૂર્વક ગુણોની મહત્તાને લીધે અનંત નામથી નિરૂપે છે. જેમ સ્વરૂપથી અવધિ નથી તેમ ગુણોથી પણ અવધિ નથી. **'त्वमेव त्वां वेत्थ योऽसि सोऽसि' 'सो अङ्ग वेद यदि वा न वेद' 'न ते विष्णो! जायमानो न जातो देव! महिम्नः परमन्तमाप' 'नान्तं गुणानां गच्छन्ति तेनानन्तोऽयमुच्यते'** ઈત્યાદિ બહુ વચનો ગુણોની અનંતતાને નિરૂપે છે. આવા કલ્યાણ ગુણનિધિ ભગવાનને નિર્ગુણ (ગુણ શૂન્ય) કહેવા તે કેમ સંભવે? કોઈ રીતે સંભવે નહિ. બ્રહ્મશબ્દથી જે બૃહત્પણું નિરૂપ્યું છે તે સ્વરૂપ અને ગુણોના નિરવધિકાતિશયથી નિરૂપ્યું છે. સ્વરૂપથી જેમ મહાન્ છે તેમ ગુણોથી પણ મહાન્ છે. આ મહાગુણ બાબત યાસ્ક નામના ઋષિએ **'ब्रह्म परिवृढं सर्वतः'** એવી નિરુક્તિ બ્રહ્મશબ્દની કરી છે. સર્વથી બહુ મોટાને પરિવૃઢ કહે છે. માટે કલ્યાણ ગુણનિધિ તો એક શ્રીકૃષ્ણ નારાયણ છે ॥ ૮૪-૮૭ ॥

'प्रधानक्षेत्रज्ञपतिर्गुणेशः' 'ज्ञः कालकालो गुणी सर्वविद्यः'।
इत्याह देवं परमं पुमांसमनन्तकल्याणगुणाश्रयं श्रुतिः ॥ ८८ ॥

'पराऽस्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च'।
स्वाभाविकं ज्ञानबलक्रियादि प्रकृष्टमाहेति परस्य पुंसः ॥ ८९ ॥

પ્રધાન-માયા, ક્ષેત્રજ્ઞ-જીવો, તેના પતિ. ગુણોના ઈશ. જ્ઞઃ-જ્ઞાતા, કાળના નિયંતા, ગુણી-ગુણાશ્રય, સર્વવિત્ જે છે. આ શ્રુતિ દેવાધિદેવ પરમ પુરુષને અનંત કલ્યાણ જ્ઞાનાદિ ગુણોના આશ્રયપણે કહે છે. નિર્ગુણતાનો ગંધપણ નથી. વળી આ પરમાત્માની શક્તિ સર્વપરા અને વિવિધ પ્રકારની સંભળાય છે. એમનું જે જ્ઞાન, બળ અને ક્રિયા વિગેરે વર્તે છે તે બહુ પ્રકૃષ્ટ અને સ્વભાવસિદ્ધ છે. એમ શ્રુતિજ કહે છે. જ્ઞાન બળ ક્રિયા શક્તિ વિગેરેની સ્વાભાવિકતા કહે છે. એટલે નિર્ગુણતાનો ગંધપણ નથી ॥ ૮૮-૮૯ ॥

श्रुत्युक्तं गुणजातं च मायाकल्पितमीश्वरे ।
इति केचिद्वदन्तस्तु श्रुतिदण्डनिवारिताः ॥ ९० ॥

काम्यमाना गुणाः सर्वे सत्या इत्याह च श्रुतिः ।
अनन्योपाधिकाश्चापि नित्याः प्रोक्तास्तु ते हरेः ॥ ९१ ॥

'શ્રુતિઓમાં જે ગુણગણો કહ્યા છે તે પરમેશ્વરમાં માયાએ કલ્પેલા છે, વસ્તુતાએ એ ગુણો એમાં નથી એ તો નિર્ગુણ છે' એમ કેટલાક મનઃકલ્પિત કહે છે, તેઓનું નિવારણ તો શ્રુતિરૂપ દંડથી બરાબર જોઈએ તેટલું થાય છે. અર્થાત્ શ્રુતિઓજ એ કપોળકલ્પનાને નિવારે છે ॥ **'त इमाः सत्याः कामाः' 'एतांश्च सत्यान् कामान्'** આ શ્રુતિ પરમાત્મામાં રહેલા કામશબ્દ વાચ્ય સત્યકામ સત્યસંકલ્પ વિગેરે ગુણો સત્ય-નિત્ય છે અને તે અન્ય માયાદિ ઉપાધિને અધીન નથી, એટલે આગંતુક નહિ પણ નિત્ય વર્તે છે ॥ ९०–९१ ॥

पृथ्वी गोरूपिणीं चेयं धर्मदेवं वृषात्मकम् ।
नित्यत्वं प्राह कृष्णस्य गुणानां महतामपि ॥ ९२ ॥

सत्यं शौचं दया क्षान्तिस्त्यागः सन्तोष आर्जवम् ।
शमो दमस्तपः साम्यं तितिक्षोपरतिः श्रुतम् ॥ ९३ ॥

ज्ञानं विरक्तिरैश्वर्यं शौर्यं तेजो बलं स्मृतिः ।
स्वातन्त्र्यं कौशलं कान्तिर्धैर्यं मार्दवमेव च ॥ ९४ ॥

प्रागल्भ्यं प्रश्रयः शीलं सह ओजो बलं भगः ।
गाम्भीर्यं स्थैर्यमास्तिक्यं कीर्तिर्मानोऽनहङ्कृतिः ॥ ९५ ॥

एते चान्ये च भगवन्नित्या यत्र महागुणाः ।
प्रार्थ्या महत्त्वमिच्छद्भिर्न वियन्ति सदेति वै ॥ ९६ ॥

ગોરૂપધારી પૃથ્વીએ વૃષભરૂપધારી ધર્મના પ્રતિ ભગવાનના

મહાગુણોનું નિત્યત્વ સ્પષ્ટ નિરૂપ્યું છે. (ભાગ ૧-૧૬) **सत्यं**-'**सर्वभूतहिते रतम्**' **यद्भूतहितमत्यन्तं तद्धि सत्यं प्रचक्षते**' આમાં કહ્યા પ્રમાણે સર્વ પ્રાણિનું હિત કરવાપણું અથવા વાણીથી યથાર્થ ભાષણ કરવાપણું. **शौच**-'**शुद्धमपापविद्धं**' '**समस्तहेयरहितम्**' આમાં કહ્યા મુજબ સમસ્ત હેયે રહિતપણું અથવા બાહ્ય આંતર શુદ્ધિવાળાપણું **दया**-પરદુઃખનું અસહનપણું અથવા-પરદુઃખે દુઃખીથવાપણું. **क्षान्ति**-પરના અપરાધોને સહન કરવાપણું અથવા ક્રોધની પ્રાપ્તિમાં ચિત્તનું સંયમપણું **त्याग**-'**अवाक्यनादरः**' આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે પૂર્ણકામ હોવાથી કોઈનો પણ આદર નહિ કરવાપણું અથવા '**य आत्मदा बलदाः**' આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે સ્વાત્મપર્યંત દાતાપણું. **सन्तोष**-નિરતિશય આનંદામૃત તૃપ્ત હોવાથી અન્યત્ર અલંબુદ્ધિપણું અથવા સર્વદા કલેશે રહિતપણું. **आर्जव**-મન વાણી કાયની એકરૂપતારૂપ સરલપણું અર્થાત્-વક્રતારૂપ કુટિલતાએ રહિતપણું. **शम**-મનનો નિગ્રહ અથવા 'આ પ્રિય છે આ અપ્રિય છે' એવી બુદ્ધિએ વર્જીતપણું. **दम**-બાહ્ય ઇન્દ્રિયોનો નિગ્રહ અથવા શત્રુઓના નિગ્રહરૂપ દમન કરવાપણું. **तप**-'**स तपोऽतप्यत, स तपस्तप्त्वा इदं सर्वमसृजत**' આ શ્રુતિમાં કહ્યા મુજબ જગદ્વ્યાપારમાં ઉપયોગી આલોચન કરવાપણું, અથવા કૃચ્છ્રચાંદ્રાયણાદિ ઉપવાસનો નિયમ. **साम्य**-'**समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः**' આમાં કહ્યા પ્રમાણે વિષમ એવાં પણ ભૂતોમાં સમાનમતિપણું. **तितिक्षा**-સુખ દુઃખાદિ દ્વન્દ્વોથી નહિ પરાભવ પામવાપણું, અથવા જેમ ભૃગુઋષિનો પાદ પ્રહારરૂપ મહાઅપરાધ સહન કર્યો હતો તેમ અપરાધોને સહન કરવાપણું. **उपरति**-સ્વયં કૃતકૃત્ય હોવાથી વ્યર્થ સર્વ વ્યાપારો થકી વિરામ પામવાપણું અથવા લાભ પ્રાપ્તિમાં ઉદાસીનપણું. **श्रुत**-'**सहस्राक्षः सहस्रपात्**' '**श्रोत्रस्य श्रोत्रं**' '**सर्वतः श्रुतिमत्**' આમાં કહ્યા પ્રમાણે સર્વત્ર શ્રવણ શકિતવાળાપણું અથવા સમગ્ર શાસ્ત્રોના અર્થોને યથાર્થપણે જાણવારૂપ. '**ज्ञान**-**सत्यं ज्ञानं**' '**यःसर्वज्ञः सर्ववित्**' આ શ્રુતિમાં નિરૂપ્યા પ્રમાણે સર્વજ્ઞપણું અથવા આશ્રિતોના અનિષ્ટનો પરિહાર અને ઇષ્ટની પ્રાપ્તિ કરી આપવામાં ઉપયોગી જ્ઞાતાપણું. **विरक्ति**-વિષયોમાં સ્પૃહાએ રહિતપણું અથવા વિષયોથી ચિત્તનું આકર્ષણ નહિ થવા દેવાપણું. **ऐश्वर्य**-સમગ્ર જગતને નિયમમાં કરવાનું સામર્થ્ય

અથવા અણિમાદિ ઐશ્વર્યે સંપન્નપણું. **शौर्य**-યુદ્ધમાં પ્રવેશીને પાછું નહિ વળવાપણું. **तेज**-પરને પરાભવ કરવાનું સામર્થ્ય. **बल**-'**एष सेतुर्विधृतिः**' આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે સર્વને અલગ અલગ ધારી રાખવાનું સામર્થ્ય અથવા સર્વની પ્રાણવૃત્તિને સ્વવશમાં રાખવાનું સામર્થ્ય. સ્મૃતિ-ત્રણેય કાળમાં વર્તતી સર્વ વસ્તુઓનું કદાપિ ભૂલી ન જવું. અથવા ભક્તોના મહા અપરાધો હોવા છતાં તેને નહિ ગણીને અલ્પ પણ તેના ઉપકારનું જ સંભારી રાખવાપણું. સ્વાતંત્ર્ય-કાર્યમાં અન્યની અપેક્ષાએ રહિતપણું. **कौशलं**-સર્વ કાર્યોમાં વિચિત્રતા લાવવાની નિપુણતા. **कान्ति**-શારીરિક સૌન્દર્ય અથવા '**न तत्र सूर्यो भाति**' આમાં નિરૂપ્યા પ્રમાણે દિવ્ય દેહ સંબન્ધી દીપ્તિ. **धैर्य**-વિકારના હેતુઓ હોવા છતાં પણ વ્યાકુળતાએ રહિતપણું અથવા સ્વગૃહમાં જ જેમ એમ યુદ્ધમાં પ્રવેશવું. **मार्दव**-ક્રૂરતાએ વર્જીતપણું અથવા ભક્તો વિષે કોમળ પ્રેમાર્દ્ર હૃદયપણું. **प्रागल्भ्य**-સભામાં પ્રગલ્ભપણું અથવા બુદ્ધિ-પ્રતિભાનો અતિશય. **प्रश्रय**-મોટાઓ વિષે વિનયભાવ. **शील**-સારો સ્વભાવ. **सह**-પ્રાણનું સ્વાભાવિક સામર્થ્ય. અથવા સહનશક્તિ. **ओज**-અન્નાદિ જન્ય સામર્થ્ય. **बल**-શરીરાદિ ધારણ સામર્થ્ય. અથવા સહ-મનનું સામર્થ્ય. **ओज**-જ્ઞાનેન્દ્રિયોનું સમગ્ર શ્રવણાદિ સામર્થ્ય. **बलं**-કર્મેન્દ્રિયોનું સમગ્ર વકતૃત્વ વિગેરે સામર્થ્ય. **भग**-જ્ઞાન આદિક છ ગુણોનો સમુત્કર્ષ અથવા સૌભાગ્યના આસ્પદપણું. **गाम्भीर्य**-કોઈથી પણ અભિપ્રાય જાણી શકાય નહિ તે અથવા કોઈથી પણ ક્ષોભ પામી શકાય નહિ તે. **स्थैर्य**-ક્રોધનું નિમિત્ત છતાં વિકાર ન થવા દેવાપણું અથવા ચંચળતાએ રહિતપણું. **आस्तिक्य**-શાસ્ત્રાર્થમાં દૃઢ વિશ્વાસ અથવા ગુરુવચનમાં શ્રદ્ધા. **कीर्ति**-સદ્‌ગુણ જન્ય ખ્યાતિ યશ. **मान**-સર્વ પૂજા યોગ્યતા અથવા બીજાઓને યથાયોગ્ય માન આપવું. **अनहंकृति**-સર્વેશ્વર છતાં તેના ગર્વે રહિત અથવા દેહાભિમાન રહિતતા. આ સત્યાદિ ગુણો તથા બીજા પણ સત્યસંકલ્પત્વ, બ્રહ્મણ્યત્વ, શરણ્યત્વ, આશ્રિતવત્સલત્વ, આદિક અનેક મહાગુણો જે ભગવત્સ્વરૂપમાં નિત્ય વર્તે છે. લોકમાં મોટાઈ મેળવવાની ઇચ્છાવાળા જનોએ પ્રાર્થના કર્યા છતાં પણ જે આ ગુણો ભગવાન થકી ક્યારેય પણ નિત્ય સાહજીક હોવાથી વ્યય-ક્ષીણ થતા નથી. મોટા મોટાઓ આ ગુણોને

ઇચ્છે છે અને મેળવે છે તથાપિ તે ભગવાનમાંથી ખૂટી જતા નથી. આથી ભગવાનના આ ગુણોનું અનંતપણું, નિત્યપણું અને અક્ષયપણું નિરૂપ્યું છે ॥ ૯૨-૯ ॥

समस्तकल्याणगुणपूर्णत्वात् पुरुषः स्मृतः ।
परमात्मा वासुदेवः हरिकृष्णः परात्परः ॥ ९७ ॥

यस्योपासनयाऽन्येषां जायते सुगुणान्वयः ।
स वासुदेवः श्रीकृष्णो निर्गुणस्त्विवति नोचितम् ॥ ९८ ॥

यथा रत्नानि जलधेरसङ्ख्येयानि सन्ति वै ।
तथा गुणास्त्वनन्तस्यानन्ताः सन्ति जगत्पतेः ॥ ९९ ॥

સમસ્ત કલ્યાણ ગુણોએ પૂર્ણ હોવાથી પુરુષ નામથી પણ નિરૂપ્યા છે. પરમાત્મા વાસુદેવ હરિકૃષ્ણ પરાત્પર આ બધા શબ્દોનો અવયવાર્થ કરીએ તો કલ્યાણ ગુણોને જ પ્રકાશ કરનાર છે. જે પરંબ્રહ્મની ઉપાસના કરવાથી અન્ય ઉપાસકોને શુભ સમસ્ત સદ્ગુણોની સંપત્તિ થાય છે તે વાસુદેવ શ્રીહરિ કૃષ્ણને ગુણ શૂન્ય કહેવા એતો કિંચિત્ પણ ઉચિત નથી. આ વિપરીત બાબત હસવા નિંદવા જેવી ગણાય ॥ જેમ રત્નાકરમાં અસંખ્ય રત્નો રહ્યાં છે તેમ અનંત નામથી નિરૂપેલા જગત્પતિ ભગવાનમાં અનંત ગુણો રહ્યા છે. જેની સંખ્યા નથી અને તેની અવધિ નથી. **'समस्तकल्याणगुणैकराशिः'** **'समस्तकल्याणगुणात्मकोऽसौ'** એવી સ્મૃતિ છે ॥ ૯૭-૯૯ ॥

गुणा अनन्ताः परमस्य पुंसो मातुं न शक्या विधिशारदाद्यैः ।
शक्यान्यपि स्युस्तु रजांसि भूमेर्ज्योतिर्गणा वा दिवि भासमानाः ॥१००॥

'सो अङ्ग वेद यदि वा न तु वेद कृत्स्नमित्याह वेदवचनं परमस्य पुंसः ।
नाथस्य च स्वगुणजातमहार्णवान्तविज्ञात्यभावमितरस्य तु का कथात्र ॥ १०१ ॥

પરમાત્માના કલ્યાણ ગુણો અનંત છે. તેનું માપ કરવા માટે ભવ બ્રહ્મા શારદા શેષ વિગેરે દેવજાતિઓ પણ સમર્થ થતા નથી. થાકીને ગણનાને પડી મૂકે છે. પૃથ્વીના રજ:કણોને વા આકાશમાં પ્રકાશતા નક્ષત્ર તારા ગણોને કોઈ ગણનાચતુરો બહુ કાળે કરીને ગણી શકે પરંતુ તમારા ગુણોને તો 'આટલી સંખ્યામાં કે આટલી અવધિમાં છે' એમ ગણી શકે નહિ. આ બાબતમાં બહુ પ્રમાણો શાસ્ત્રોમાં છે. વિસ્તાર ભયથી લખ્યાં નથી ॥ સમગ્રપણે એવી પરિસ્થિતિ છે. એમ પોતે '**सो अङ्ग**' આ વેદ વચનો પોતે સર્વશ્રી ભગવાન્ પણ પોતાના ગુણગણરૂપ મહાસાગરના અંતને પાર પામતા નથી તો બીજા અલ્પજ્ઞોની તો વાત જ શી કહેવી? એમ કહે છે. ઉપર્યુક્ત અર્થ '**गन्धर्वोऽप्सरसः सिद्धाः किन्नरोरगचारणाः । नान्तं गुणानां गच्छन्ति तेनाऽनन्तोऽयमुच्यते**' આ વચનમાં વિશદ છે ॥ ૧૦૦-૧૦૧ ॥

यदेकैकगुणांशस्य वर्णनात् श्रुतयः पुनः ।
श्रान्ता निवृत्ता अप्राप्य पारमित्थंगुणो हरिः ॥ १०२ ॥

आत्मारामाश्च मुनयो विगतग्रन्थयो हरौ ।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थम्भूतगुणो हरिः ॥ १०३ ॥

જ્યારે એક એક ગુણના અંશનું ભાવ વર્ણન કરતાં તો શ્રુતિઓ કે જે પરમાત્માના પ્રતિપાદનમાં જ પ્રવર્તી છે તે પણ તેનો પાર નહિ પામતાં થાકીને નિવૃત્ત થઈ જાય છે. એવા અગણિત અનવધિ ગુણવાળા ભગવાન્ શ્રીહરિ છે. આત્મામાં અખંડ આરામવાળા અને જેમની રાગ દ્વેષાદિ દુર્ભેદ્ય ગ્રંથિઓ છૂટી ગઈ છે એવા મહામુનિઓ પણ શ્રીહરિની ફળાનુસંધાન વિના એકાંતિકી ભક્તિને કર્યા કરે છે. એવા દિવ્ય ગુણ ગણવાળા ભગવાન્ શ્રીકૃષ્ણ છે. આવા સુગુણ સાગર શ્રીહરિને નિર્ગુણ કહેવાય જ કેમ? ॥ ૧૦૨-૧૦૩ ॥

वचांस्यतो निवर्तन्ते मनसा सहितानि च ।
इति श्रुतिबलात्केचिन्निर्विशेषपरं विदुः ॥ १०४ ॥

सविशेषे हि वाग् गच्छेत् सत्प्रवृत्तिनिमित्ततः ।
निर्विशेषे गतिस्त्वस्मिन् न वाचो मनसोऽप्यतः ॥ १०५ ॥

एतन्मतमयुक्तं तु निर्विशेषे विवक्षिते ।
ब्रह्मापि तत्कथं शक्यं वक्तुं निर्धर्मकं यतः ॥ १०६ ॥

न प्रमाणं भवेयुश्च त्रय्यन्ताः परमात्मनि ।
शास्त्रैकमानकत्वं च सौत्रं तर्हि विरुध्यते ॥ १०७ ॥

'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह' (જે પરમાત્મ થકી મને સહિત વાણી તેમને નહિ પામીને પાછી વળી જાય છે. અર્થાત્ મન વાણી પરમાત્માને વર્ણન કરી શકતી નથી) આ શ્રુતિનું બળ (પ્રધાન-પણું) લઇને કેટલાક તો એ શ્રુતિને નિર્વિશેષ પર સમજે છે. જો બ્રહ્મ સવિશેષ હોય તો સત્ય પ્રવૃત્તિનું નિમિત્ત મળતાં તેમાં વાણી પહોંચે જ. માટે નિર્વિશેષ આ બ્રહ્મમાં મનવાણીની ગતિ આવી શકતી નથી એટલે બ્રહ્મને નિર્વિશેષ કહેવું એજ યોગ્ય છે. બ્રહ્મમાં વિશેષો હોય તો મન વાણી કેમ ન પહોંચે ? પહોંચતાં નથી માટે જ બ્રહ્મમાં કશો વિશેષ નથી. એવો ઉટાંગ અભિપ્રાય કેટલાક તારવી કાઢે છે. આ જે મત છે તે અયોગ્ય છે. જો એ શ્રુતિવાકયને બ્રહ્મને નિર્વિશેષ કહેવાની ઇચ્છા હોય તો જેમાં કશો વિશેષ (ધર્મ) નથી એવા બ્રહ્મને પણ કેમ કહી શકે ? કંઈ પણ ધર્મ હોય તો 'આવું બ્રહ્મ છે' એમ કહી શકે, જ્યારે એમાં કશો ધર્મ જ નથી તો પછી તેને કહેવું શું ? જો કાંઈ પણ નિરૂપણ કરવું હોય તો ધર્મને આગળ કરીને જ નિરૂપણ થાય છે. ધર્મ વિના ધર્મીનું નિરૂ-પણ જ ઘટતું નથી. એવો જ આગ્રહ કરવામાં આવે તો પછી વેદાંતો પરમાત્માના પ્રતિપાદનમાં પ્રમાણભૂત હોઈ શકે જ નહિ. વેદાંતોનું એમાં સામર્થ્ય આવતું નથી. નકામા થઈ રહે છે. એમ થતાં **'अथातो ब्रह्मजिज्ञासा'** એમ બ્રહ્મને જાણવાનો વિધિ કરીને તે બ્રહ્મ કયા પ્રમાણથી જાણવું ? તો તેમાં પ્રત્યક્ષ અનુમાનાદિ પ્રમાણની ગતિ નહિ કહીને **'शास्त्रयोनित्वात्'** એમ એક શાસ્ત્ર પ્રમાણથી જ વેદ્ય કહે છે. આ સૂત્રનો અસમાધેય

વિરોધ આવશે. આ તો અત્યંત અનુચિત કહેવાય. બ્રહ્મના નિરૂપણ માટે જ ખાસ પ્રવર્તેલા શાસ્ત્રોની નિરર્થકતા આવી જાય છે. આ જોવાની પહેલી જરૂર છે ॥ ૧૦૪-૧૦૭ ॥

अपरिच्छिन्नगुणके स्वरूपे परमात्मनः ।
कार्त्स्न्येन संप्रवृत्तिस्तु वाचां श्रुत्या निषिध्यते ॥ १०८ ॥

ब्रह्मस्वरूपं च गुणान्निरूप्य कतिचित्पुनः ।
अपरिच्छिन्नमेवैनं निरूप्य श्राम्यति श्रुतिः ॥ १०९ ॥

कार्त्स्न्येन वक्तुं ज्ञातुं वा न शक्यस्तु परात्परः ।
वासुदेवः परंब्रह्माऽपरिच्छिन्नस्वभावकः ॥ ११० ॥

પરમાત્માનું જ્ઞાનાનંદૈક સ્વરૂપ કે જે અપરિછિન્ન (અમાપ) ગુણશાળી વર્તે છે. તેમાં સમગ્રપણે, વાણી પ્રવર્તતી નથી એમ અવધારીને **'यतो वाचो निवर्तंते'** એમ શ્રુતિ વાણીની ગતિનો નિષેધ કરે છે. પ્રથમ બ્રહ્મના સ્વરૂપને અને તેમના ગુણોને કિંચિત્ અંશથી નિરૂપણ કરીને અંતે બ્રહ્મ તો સ્વરૂપ ગુણોથી અમાપ છે. એમ કહીને અંતે શ્રુતિ વિશ્રામ લે છે. ઉપર પ્રમાણે જેનું સ્વરૂપ અને સ્વભાવો અમાપ છે એવા પરાત્પર પરંબ્રહ્મ વાસુદેવ ભગવાન્ સમગ્રપણે વાણીથી વર્ણવી કે બુદ્ધિથી જાણી શકાતા નથી એ સિદ્ધાંત વાત છે. પણ એમાં કાંઈ વિશેષ શબ્દવાચ્ય ગુણો નથી એમ માનીને શ્રુતિઓ નિવૃત્તિ પામતી નથી ॥ ૧૦૮-૧૧૦ ॥

'अविज्ञातं विजानतां विज्ञातमविजानताम्' ।
इति श्रुतिरपि ब्रूतेऽपरिच्छेद्यगुणं हरिम् ॥ १११ ॥

षड्भावविक्रियाशून्यः परमात्मा सनातनः ।
सततैकस्वरूपः सन् सत्तामात्रं निगद्यते ॥ ११२ ॥

स्वयंप्रकाशचैतन्यघनतां वक्ति वै विभोः ।
ज्ञानश्रुतिः स्वल्पभागेऽप्यप्रकाशविवर्जिताम् ॥ ११३ ॥
एतावता गुणानां तु निषेधो नैव सिध्यति ।
ज्ञानद्रव्ये सति ब्रह्मण्यानन्दादिगुणान्वयात् ॥ ११४ ॥

'यस्य मतं तस्य मतं मतं यस्य न वेद सः । अविज्ञातं विजानताम्' આ શ્રુતિ પણ બ્રહ્મને અપરિમિત ગુણશાળી તરીકે કહે છે. અર્થ એવો છે કે, જે બુધજન, 'હું બ્રહ્મને સમગ્રપણે જાણતો નથી' એમ મનમાં માને છે તે જ તે બ્રહ્મ જાણે છે. ને એમ માને છે કે હું બ્રહ્મને સમગ્રપણે જાણું છું તો તેણે બ્રહ્મ જાણ્યું જ નથી. ગુરુ શિષ્ય ભાવના સંકેતને પડી મૂકીને શ્રુતિ પોતે જ કહે છે. બ્રહ્મને હું સમ્યક્ સમજું છું એમ માનનારાઓને મતે બ્રહ્મસ્વરૂપ અવિજ્ઞાત છે. હું બ્રહ્મને સમગ્રપણે જાણતો નથી એમ માનનારાઓને મતે બ્રહ્મ સ્વરૂપ વિજ્ઞાત છે. પરોક્ષ અને અપરોક્ષ એવા ભેદથી જ્ઞાનમાં બે પ્રકાર છે જેથી પુનરુક્તિ દોષ નથી. જો બ્રહ્મને મેં સમ્યક્ જાણ્યું છે એમ કહે તો તેણે તે બ્રહ્મ પરિછિન્ન જ જાણ્યું. જે અપરિછિન્ન પદાર્થ હોય તે હસ્તામલકવત્ સમગ્રપણે સુસ્પષ્ટ જણાય નહિ. તો મેં બ્રહ્મ સ્વરૂપ સારી રીતે જાણ્યું એમ કહે તો તેણે પરિચ્છિન્ન (થોડુંક જ) જાણ્યું એટલે ન જાણ્યા જેવું જ છે. બ્રહ્મ અમાપ હોવાથી તે સમગ્રપણે જાણી શકાતું જ નથી. એવો અભિપ્રાય છે॥ **'अस्ति, जायते, वर्धते, परिणमते, क्षीयते, नश्यति'** આ જે છ ભાવ વિકારો કહ્યા છે તેણે શૂન્ય પરમાત્મા સનાતન છે. એમનું સ્વરૂપ સતત એક જ રૂપ હોવાથી તેમને સત્તામાત્ર કહેવામાં આવે છે એ ઉપરથી કોઈ વિશેષ નથી એમ સાબીત થાય નહિ. **'विज्ञानघनः विज्ञानमयः'** આ શ્રુતિ, પરમાત્માને સ્વયં પ્રકાશ ચૈતન્ય ઘન છે એમ કહે છે. એનું કારણ તો એ છે કે સ્વલ્પ ભાગમાં પણ અપ્રકાશ નથી. સર્વાંશે 'હું હું' એમ સર્વદા સ્વયં પ્રકાશે છે. જ્ઞાનઘનનો અર્થ એ કે એક પણ અંશમાં જડતા નથી. જ્ઞાનસત્તામાત્ર કહ્યા એટલા માત્રથી ગુણો બીલકુલ છે જ નહિ એમ સિદ્ધ થતું નથી. એમ કેમ ? તો જે બ્રહ્મ છે તે જ્ઞાન દ્રવ્ય છે. જેમ પ્રકૃતિ એ જડ દ્રવ્ય છે તેમ જ. એટલે એમાં જ્ઞાન આનંદ આદિક સુગુણોનો સમન્વય આપોઆપ

આવે જ. દ્રવ્ય હોય તેમાં ગુણ પણ હોય જ. ગુણગુણી કહો કે ધર્મ-ધર્મી કહો બન્ને એક છે. નિર્ધર્મક કોઈ દ્રવ્ય નથી ॥ ૧૧૧-૧૧૪ ॥

भक्तिं लब्धवतः साधोः किमन्यदवशिष्यते ।
मय्यनन्तगुणे ब्रह्मण्यानन्दानुभवात्मनि ॥ ११५ ॥

इत्याह भगवान् साक्षात् स्वभक्तं चोद्धवं प्रति ।
ज्ञानानन्दस्वरूपस्य स्वस्यानन्तगुणान्वयम् ॥ ११६ ॥

यथाऽग्न्यादि भवेत्तेजस्तेजोरूपप्रभाश्रयः ।
तथा चिदानन्दरूपश्चिदानन्दादिधर्मकः ॥ ११७ ॥

સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાને અનન્ય ભકત ઉધ્ધવ પ્રત્યે કહ્યું છે કે જે સાધુને મારે વિષે અનન્ય ભકિત વર્તે છે તેને કોઈ પણ પુરુષાર્થ બાકી રહેતો નથી. સમગ્ર પુરુષાર્થોની પ્રાપ્તિ થાય છે. હું કેવો ? કે અનંત ગુણવાળો અને જ્ઞાનાનંદ અનુભવ વાળો છું. આ રીતે જ્ઞાનાનંદ સ્વરૂપવાળા પોતાને અનંત જ્ઞાન આનંદ આદિક ગુણવાળા પણ કહે છે. સ્વરૂપથી જ્ઞાન અને ગુણથી પણ જ્ઞાનાનંદ કહે છે ॥ સૂક્ષ્મ સ્પષ્ટ આ અતિ ઝીણી બાબતને દૃષ્ટ દૃષ્ટાંતથી સ્પષ્ટ સમજાવે છે. જેમ અગ્નિ સૂર્ય મણિ આદિક પોતે તેજઃસ્વરૂપ હોઈને તેજોરૂપ પ્રભાના આશ્રય પણ છે. તેજ અને તેજસ્વી એમ બન્ને પ્રકારે કહેવાય છે તેમ પરંબ્રહ્મ ભગવાનને ચિદાનંદસ્વરૂપ કહેવાય અને ચિદાનંદાદિ ગુણવાળા પણ કહેવાય. જ્ઞાન જ્ઞાતા બન્ને રીતે કહેવાય. એમાં કશો બાધ આવતો નથી ॥ ૧૧૫-૧૧૭ ॥

जीवात्मनां गुणास्तु स्युर्दोषगन्धसमन्विताः ।
हरेर्गुणास्तु निर्दोषा हेयगन्धविवर्जिताः ॥ ११८ ॥

निर्गुणत्वश्रुतिर्हेयगुणराहित्यतत्परा ।
परमात्मनि गोविन्दे निर्दोषगुणसागरे ॥ ११९ ॥

જીવાત્માઓમાં જે જ્ઞાનાદિ ગુણો રહ્યા છે તે તો અજ્ઞાનાદિ દોષોના ગંધના સમ્યક્ સંબન્ધવાળા છે. ગુણો છે અને દોષોપણ છે. પરમાત્મામાં જે જ્ઞાન સુખાદિ ગુણો છે તે તો ત્યાજ્ય અજ્ઞાન દુઃખ આદિક દોષોના ગંધે પણ વિવર્જીત છે. દોષના ગંધ વિનાના કેવળ ગુણો છે એવો બન્ને વચ્ચે અત્યંત ભેદ છે **'निर्गुण'** આ જે શ્રુતિ છે તે ગોવિંદ પરમાત્માને નિર્ગુણ કહીને માયિક હેય ગુણો અજ્ઞાન દુઃખાદિક પરમાત્મામાં નથી અને નિર્દોષ ગુણસાગર છે એમ પ્રતિપાદન કરવા તત્પર રહે છે. હેય ગુણોનો નિષેધ કરવા પૂર્વક કલ્યાણ ગુણોને પ્રતિપાદે છે ॥ ૧૧૮-૧૧૯ ॥

क्लेशकर्मविपाकैश्चाशयैरपि विवर्जितः ।
योगेश्वरो हरिः कृष्णो योगशास्त्रे समीरितः ॥ १२० ॥

सत्त्वादिमायिकगुणैः संयुक्ताः सगुणा मताः ।
जीवा गुणवशाः सङ्गात् साध्वसाधुक्रियाकराः ॥ १२१ ॥

भोक्तारः सुखदुःखानां सदोषाः कथिता इमे ।
सत्त्वादिमायिकगुणै रहितः सङ्गवर्जितः ॥ १२२ ॥

યોગ શાસ્ત્રમાં યોગેશ્વર શ્રીકૃષ્ણ શ્રીહરિને અવિદ્યા-અસ્મિતા-રાગ-દ્વેષ-અભિનિવેશ વિગેરે **ક્લેશો**, પુણ્યપાપ રૂપ **કર્મ**, જાતિ આયુષ ભોગ વિગેરે **વિપાકો**, વાસના જે સંસ્કારરૂપ **આશય**, ઈત્યાદિ સમગ્ર દોષોએ રહિત છે એમ કહ્યા છે, દોષનો ગંધ પણ નથી, **'परः पराणां सकला न यत्र क्लेशादयः सन्ति परावरेशे' 'सत्त्वादयो न सन्तीशे यत्र च प्राकृता गुणाः। स शुद्धः सर्वशुद्धेभ्यः'** (वि. पु.) **'यत्र त्रिसर्गो मृषा'** (भाग) વિગેરે વાક્યો એજ અર્થને અનુમોદે છે ॥ માયાના સત્ત્વાદિ બંધક ગુણોએ યુક્ત હોય તેને સગુણ કહ્યા છે તે તો જીવો છે. તેઓ તો ગુણવશ હોઈને ગુણસંગને લીધે સાધુ અસાધુ ક્રિયાઓને કરનારા દૂષિત છે ॥ તેઓ કર્મપરવશ હોઈને સુખ દુઃખાદિકના ભોક્તા છે, તેથી સદોષ

કહ્યા છે. માયાના સત્ત્વાદિ ગુણોએ રહિત હોઈને તેના સબન્ધે રહિતતો એક પરમાત્મા છે. જીવો સદોષ અને પરમાત્મા નિર્દોષ એવો અત્યંત ભેદ છે ॥ ૧૨૦--૧૨૨ ॥

जगत्सृष्ट्यादिकर्माणि कुर्वन्नपि न लिप्यते ।
असङ्गत्वात्केवलोऽयं साङ्ख्ये प्रोक्तो हरिः परः ॥ १२३ ॥

निष्क्रियो निरवद्यश्च निरञ्जन इति प्रभुः ।
श्वेताश्वतरके चेशः श्रुतः श्रीपुरुषोत्तमः ॥ १२४ ॥

વિવિધ વિચિત્ર વિશ્વની સૃષ્ટિ વિગેરે કર્મો કરવા છતાં પણ પરમાત્મા નિર્લેપ છે એનો એમને લવલેશ લેપ નથી. પરમાત્મા એ બાબતમાં અસંગ હોવાથી એમને કેવળ નામથી સાંખ્ય શાસ્ત્રમાં નિરૂપ્યા છે '**तस्य कर्तारमपि मां विद्ध्यकर्तारमव्ययम्**' (ગીતા) '**पश्य देवस्य माहात्म्यं महिमानं च नारद। शुभाशुभैः कर्मभिर्यो न लिप्यति कदाचन**' (भार. शा.) '**न मां कर्माणि लिम्पन्ति**' એમ પોતે જ ગીતામાં ગાય છે. શ્વેતાશ્વતર ઉપનિષદમાં સર્વેશ્વર મહાપ્રભુ શ્રીપુરુષોત્તમ ભગવાનને નિષ્ક્રિય (ક્રિયાએ રહિત-કૃત કૃત્ય) નિરવદ્ય (નિર્દોષ) નિરંજન (સ્વભાવથીજ અસંગ) કહે છે ॥ ૧૨૩–૧૨૪ ॥

सर्गादयो यस्य भवन्ति लीला सङ्कल्पमात्रप्रभवा रमापतेः ।
प्रोक्तः स पुण्येतरकर्मशून्यश्चावाप्तकामः स्वत एव निष्क्रियः ॥१२५॥

जीवाधिकत्वं परमस्य पुंसो दिव्यस्य देवस्य परस्य वक्ति ।
नारायणस्येत्थमचिन्त्यभूम्नः श्रुतिस्तु नैर्गुण्यमुखप्रपञ्चात् ॥१२६॥

સંકલ્પ માત્રથી સમુદ્ભવતા જે જગદુત્પત્યાદિક તે તો રમાપતિની લીલા રૂપ (રમતગમત) છે. (આ લીલામાં એમને સંકલ્પ સિવાય કશો પ્રયાસ કરવો પડતો નથી) સંકલ્પ ઊઠયો કે તત્ક્ષણ તેતે બધીજ બાબતો

બની જાય છે. એ ભગવાન્ પુણ્ય અને પાપરૂપ કર્મમાત્રે રહિત છે અને પ્રાપ્ત સમસ્ત કામ (પૂર્ણકામ) છે અને સ્વયં નિષ્ક્રિય–કૃત કૃત્ય છે ॥ આ અર્થ વ્યાસમુનિએ **लीलाकैवल्यं** આ સૂત્રમાં અનુગ્રહ્યો છે ॥ આ રીતે શ્રુતિ તો કોઇના ચિંતનમાં ન આવે એવો મહામહિમા જેમનો છે એવા દિવ્યદેવ પરમપુરુષ શ્રી નારાયણનું નિર્ગુણ આદિ શબ્દો વાપરીને જીવો થકી અત્યંત પાર્થક્ય કહેવાપૂર્વક અધિકતાને કહે છે ॥ ૧૨૫–૧૨૬ ॥

अशनायापिपासाभ्यां वर्जितः शोकमोहतः ।
जरा–मृत्युविहीनश्च पाप्मसम्बन्धवर्जितः ॥ १२७ ॥
स्वाश्रितानां चोर्मिषटकप्रध्वंसनकृतादरः ।
सर्वज्ञः सर्वबित् सत्यसङ्कल्पः सर्वकामवान् ॥ १२८ ॥
स्वाश्रितानां च कल्याणगुणान् संविदधत्स्वयम् ।
भगेशः पापनुच्छुद्धः श्रीहरिः पुरुषोत्तमः ॥ १२९ ॥

જે સ્વયં ભગવાન્ છે તે અશનાયા (ખાવું) પિપાસા (પીવું) શોક, મોહ, જરા, મૃત્યુ આ છ ઊર્મિઓએ વર્જીત છે. તેમ પાપ્મ સંબન્ધે રહિત છે. એમ હોઈને આશ્રિતો વિષે વળગેલી ઉકત છ ઊર્મિઓના નિવારણ માટે બહુ આદરવાળા રહે છે. ઊર્મિઓ ટાળવામાં સતત ઉદ્યમી રહે છે. '**यः सर्वज्ञः सर्ववित्**' '**सत्यकामः सत्यसङ्कल्पः**' આ શ્રુતિમાં પરમાત્માને સર્વજ્ઞપણે, સર્વવિતપણે, સત્યકામપણે અને સત્યસંકલ્પપણે નિરૂપ્યા છે. પોતાના આશ્રિતોને આ કલ્યાણ ગુણો સંપાદન કરી આપવામાં તત્પર રહે છે. એમ કરીને ગુણોમાં પોતા જેવા કરવા માગે છે. એવા શ્રીહરિ પુરુષોત્તમ તે ભગ કહેતાં જે ઐશ્વર્યો તેના ઇશ છે. અને પાપને ટાળનારા અને સર્વથા શુદ્ધ છે. ॥ ૧૨૭–૧૨૯ ॥

हरकृष्णसमाख्याऽपि हरेरेतद्गुणान्वयात् ।
हरिणात्सर्वपापानां भक्तस्य हरिरीर्यते ॥ १३० ॥
स्वयमानन्दरूपस्त्वानन्दादिगुणकृत् स्वके ।
कृष्ण इत्युच्यते चायं परमात्मा महर्षिभिः ॥ १३१ ॥

य एव स्वाश्रितानां तु हेयदोषनिरासकः ।
कल्याणगुणदाता च हरिः कृष्णो महाप्रभुः ॥ १३२ ॥
निर्दोषत्वं च सकलकल्याणगुणयोगिता ।
तस्याऽस्तीत्यत्र का शङ्का भगवत्यम्बुजेक्षणे ॥ १३३ ॥

પૂર્વોક્ત ગુણોના સંબન્ધને લીધે **હરિ–કૃષ્ણ** નામની નિરુક્તિ પણ એવા જ પ્રકારની કરી છે કે–ભક્તોનાં સમસ્ત પાપોને હરે તે **'હરિ'** એમ કહેવાય છે. **'हरिर्हरति पापानि दुष्टचित्तैरपि स्मृतः' 'हराम्यघं हि स्मर्तॄणां' 'हरणात्सर्वदुःखानां हरिरित्यभिधीयते'** એવું સંગત નિરુક્ત છે ॥ પોતે પરમાત્મા આનંદસ્વરૂપ હોઈને ભક્તોને આનંદાદિ ગુણશાલી કરી દે છે તેથી મહર્ષિઓએ તેમને મંગલ **કૃષ્ણ** નામથી નિર્દેશ્યા છે. **'कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः कृष्णस्तद्भावयोगाच्च'** એવી નિરુક્તિ છે. **'एष ह्येव आनन्दयाति'** એ શ્રુતિ, ભગવાનને આનંદદાતા તરીકે કહે છે ॥ જે પોતેજ (વિના પ્રેરણા) આશ્રિતોનાં હેય દોષોને નિવારનારા છે અને કલ્યાણ ગુણોને આપનારા છે તેજ મહાપ્રભુ હરિકૃષ્ણ નામથી કહેલા છે ॥ જે સામાને ક્ષણમાં નિર્દોષ અને ગુણી કરી દે છે તે કમલનયન ભગવાનના નિર્દોષપણામાં અને કલ્યાણ ગુણના પરિપૂર્ણપણામાં શી શંકા કરવી ? શંકાની સંભાવનાજ નથી. ॥ ૧૩૦–૧૩૩ ॥

भगवानिति शब्दोऽपि हरौ कृष्णे तु वर्तते ।
स्वतो हेयप्रतिभटे कल्याणगुणसागरे ॥ १३४ ॥
शुध्धे महाविभूत्याख्ये परे ब्रह्मणि शब्द्यते ।
मैत्रेय ! भगवच्छब्दः सर्वकारणकारणे ॥ १३५ ॥

'ભગવાન્' આ પૂજ્ય મુખ્ય શબ્દ, સ્વતઃ નિત્ય નિર્દોષ અને કલ્યાણ ગુણ સાગર એવા શ્રીહરિ કૃષ્ણમાં ખરી રીતે પ્રવર્તે છે. વિ. પુ. અં. ૧ અ. ૫ માં **ભગવાન્** શબ્દનો અક્ષરશઃ અને સમુદાયશઃ વિસ્તૃત તથ્ય અર્થ કરતાં છ ગુણોનું પ્રાધાન્ય પ્રદર્શાવવા પૂર્વક આ રીતે આરંભ કર્યો છે. ભગવાન્ પરાશર, મૈત્રેય મુનિ પ્રત્યે કહે છે કે હે મૈત્રેય ! સદા

શુદ્ધ, મહાવિભૂતિ જેમનું નામ છે, સર્વ કારણોના મૂળ કારણ એવા પર બ્રહ્મમાં ભગવાન્ શબ્દ મુખ્યપણે પ્રવર્તે છે. જેમાં પ્રવૃત્તિના નિમિત્તનું પૌષ્કલ્ય હોય તેમાં જ મુખ્ય કહેવાય, ઇતરમાં નહિ. પ્રવૃત્તિ નિમિત્તનું બાહુલ્ય હોવાથી શુદ્ધ મહાવિભૂત્યાખ્ય સર્વ કારણ સર્વેશ્વરમાં જ એ શબ્દ પ્રવર્તે પણ બીજા મુક્તાત્મા આદિકમાં નહિ. માટે જ અહીં એવાં અસાધારણ વિશેષણો પરમાત્માને આપ્યાં છે. આ વિશેષણો મુક્તાત્મામાં લેશ પણાથી ઘટી શકે નહિ. તો તેઓને **ભગવાન્** શબ્દથી કદાપિ કહેવાય નહિ. જ્યારે મુક્તાત્મામાં એ વિશેષણો ઘટે નહિ ત્યારે બીજાની તો વાત જ શી કરવી ? ॥ ૧૩૪-૧૩૫ ॥

सम्भर्तेति तथा भर्ता भकारोऽर्थद्वयान्वितः ।
नेता गमयिता स्रष्टा गकारार्थस्तथा मुने ! ॥ १३६ ॥

ऐश्वर्यस्य समग्रस्य वीर्यस्य यशसः श्रियः ।
ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणा ॥ १३७ ॥

वसन्ति तत्र भूतानि भूतात्मन्यखिलात्मनि ।
स च भूतेष्वशेषेषु वकाराऽर्थस्ततोऽव्ययः ॥ १३८ ॥

ज्ञानशक्ति-बलैश्वर्य-वीर्य-तेजांस्यशेषतः ।
भगवच्छब्दवाच्यानि विना हेयैर्गुणादिभिः ॥ १३९ ॥

एवमेष महाशब्दो मैत्रेय ! भगवानिति ।
परमब्रह्मभूतस्य वासुदेवस्य नान्यगः ॥ १४० ॥

तत्र पूज्यपदार्थोक्तिपरिभाषासमन्वितः ।
शब्दोऽयं नोपचारेण त्वन्यत्र ह्युपचारतः ॥ १४१ ॥

इत्याह स्म हि मैत्रेयं भगवांश्च पराशरः ।
मुख्यतो भगवच्छब्दवृत्तिं राधारमापतौ ॥ १४२ ॥

આમાં ભગવાન્ શબ્દનો સદર્થ કરતાં આ શ્લોકથી પ્રથમ ભકાર

ગકારનો અર્થ કરે છે-**ભ-ગ-વ-અન્** એમ મળીને ભગવાન્ શબ્દ છે તેમાં **ભ** નો એક અર્થ **सम्भर्ता** અને બીજો અર્થ **भर्ता** છે. પ્રકૃતિ-પુરુષ-કાળ વિગેરેને કાર્યોત્પત્તિને લાયક કરી આપવું અથવા મહદાદિ સૃષ્ટિને અંડરૂપ કાર્યોત્પત્તિમાં ઉપયોગી કરી આપવું તે **સંભર્તા** શબ્દનો અર્થ છે. **भर्ता** શબ્દનો **'સ્વામી'** એવો અર્થ છે. **ભર્તા** શબ્દનો ધારણ-પોષણરુપ અર્થ પણ થઈ શકે છે, પણ તે આગળ વકાર ગકાર શબ્દથી અર્થાત્ કહેવામાં આવનાર હોવાથી આ સ્થળે 'સ્વામી' એવો અર્થ કર્યો છે તે વ્યાજબી છે.

ભર્તા શબ્દના સ્વામી અર્થમાં પણ પ્રયોગો પ્રચુર છે. આ રીતે **ભકારના** બે અર્થ થયા એટલે ભકારની પ્રવૃત્તિનું નિમિત્ત સંભર્તૃત્વ અને ભર્તૃત્વ આ બે છે. **ગકારનો** અર્થ-**नेता-गमयिता-स्रष्टा**, આ ત્રણ છે. **નેતા**-સ્થિતિકર્તા, **ગમયિતા**-સંહારકર્તા, **સ્રષ્ટા**-ઉત્પત્તિકર્તા એવો તાત્પર્યાર્થ છે ॥ ભકાર-ગકારનો સમુદાયશઃ અર્થ એ છે કે-સમગ્ર ઐશ્વર્ય, વીર્ય, યશ, (ગુણવાનપણારૂપ કીર્તિ) શ્રી (ભાગ્યસંપત્તિરૂપ) સર્વજ્ઞતારૂપ જ્ઞાન, વૈરાગ્ય (પરિપૂર્ણ હોવાથી અન્યના અનાદરરૂપ વિરક્તિ) આ છ **ભગ** શબ્દથી કહેવાય છે. આ છ ગુણો જેમાં હોય તે **ભગવાન્** કહેવાય ॥ ઉપર પ્રમાણે **ભ** અને **ગ** આ બે શબ્દોનો અર્થ કરીને હવે વકારનો અર્થ કરે છે-સમસ્ત ભૂતોના આત્મા અને સમસ્ત ભૂતો જેમનું શરીર છે એવા પરમ આત્મામાં સર્વ ભૂતો વસે છે (આથી જગતના આધારપણું જણાવ્યું) અને સર્વભૂતોમાં સ્વયં વસે છે (આથી અંતરાત્મા-પણું જણાવ્યું) આ વકારનો અર્થ છે ॥ ઉપર પ્રમાણે ભ-ગ-વ આ ત્રણ શબ્દનો અર્થ કરીને, હવે સમુદાયશક્તિવિષયવાળો અર્થ કહેવાની સાથે અવશિષ્ટ **અન્** શબ્દના અર્થને પણ કહે છે. જ્ઞાન, શક્તિ, બળ, ઐશ્વર્ય, વીર્ય, તેજ, આ છ ગુણો પ્રવૃત્તિ નિમિત્તપણે **ભગવાન્** શબ્દ વાચ્ય છે. અર્થાત્ **ભગવાન્** શબ્દની પ્રવૃત્તિના નિમિત્તભૂત આ છ ગુણો છે, આ છ ગુણો જેમાં સમુદાયથી હોય તે સાર્થક ભગવાન્ કહેવાય. **अशेष**-શબ્દથી છ ગુણોના અવાંતર ભેદરૂપ બીજા કારુણ્ય સૌશીલ્ય આદિક ગુણોપણ જાણી લેવા. **'विना हेयैर्गुणादिभिः'** આ વાક્યથી અન્ શબ્દનો અર્થ વર્ણવ્યો છે. **'कश्यपः पश्यको भवति'** આ ન્યાયે **અન્** પદથી **'ન'** એવો તાત્પર્યાર્થ થાય છે. નકારથી નિષેધ કરવા યોગ્ય તો હેય ગુણો છે, તેતો

સત્ત્વાદિ માયિક ગુણો તથા તેના કાર્યભૂત ક્લેશાદિ છ દોષો છે. શ્લોકમાં જે **વિના** શબ્દ છે તે નિષેધ અર્થમાં છે, સમગ્ર હેય દોષોએ રહિતપણું એ **અન્** શબ્દનો તાત્પર્યાર્થ નીકળે છે, એમ બન્ને અર્થો **ભગવન્** શબ્દથી બોધ્ય થાય છે. **ભગવાન્** શબ્દનો સમુદિત સત્યાર્થ એ થયો કે-સકળ પ્રાકૃત ત્યાજ્ય ગુણોએ રહિતપણું અને સમગ્ર કલ્યાણ ગુણોએ સહિતપણું. આ રીતે ભગવાન્ શબ્દની પ્રવૃત્તિનું ખરૂ નિમિત્ત ઉભય (બન્ને) હોવાથી પરંબ્રહ્મને ઉભય લિંગ તરીકે કહેવાય છે. આ સદર્થ '**न स्थानतोऽपि परस्योभयलिङ्गं हि सर्वत्र**' આ સૂત્રથી વેદવ્યાસે વર્ણવ્યો છે ॥ હે મૈત્રેય ! પૂર્વોક્ત પ્રકારે અવયવાર્થયોગને લીધે '**भगवान्**' આ મહા શબ્દ, પરબ્રહ્મભૂત વાસુદેવ નારાયણનોજ મુખ્ય વાચક છે. પણ બીજા કોઈનો નહિ. જેમાં ઉક્ત પ્રવૃત્તિ નિમિત્તનું પૌષ્કલ્ય હોય તેમાંજ આ મંગળ શબ્દ મુખ્યપણે પ્રવર્તે. આવો મહાન્ અર્થ અંદર રહેલો હોવાથી 'ભગવાન્' શબ્દને **મહા** એવું વર વિશેષણ આપ્યું છે. આ પ્રમાણેના અર્થથી મોટામાં મોટો **ભગવાન્** શબ્દ છે અને તે પરંબ્રહ્મ વાસુદેવનોજ મુખ્ય વાચક છે ॥ 'આ શબ્દ, પરમાત્મામાંજ પ્રમુખ્યપણે પ્રવર્તે છે એમ કેમ કહેવાય ? બીજામાં પણ તેનો પ્રયોગ પ્રતીત થાય છે ? આ શંકાનું હવે સમાધાન કરે છે—**પૂજ્યપદાર્થોક્તિ**-પૂજ્ય અવયવાર્થોની ઉક્તિ અને **પરિભાષા**-રૂઢિ, આ બે એ **સમન્વિત**-વિશિષ્ટ એવો ભગવાન્ શબ્દ છે. માટે પરંબ્રહ્મમાં ઉપચારથી નહિ પણ મુખ્યપણે પ્રવર્તે છે. અવયવાર્થ શક્તિથીજ જેમ એમ રૂઢિ શક્તિથી પણ પરબ્રહ્મ વિષેજ પ્રધાનપણે પ્રવર્તે છે. પરમાત્મા વાસુદેવથકી બીજા મુક્તાત્મા અક્ષરાદિકમાં તો ભગવાન્ શબ્દ ઉપચારથી વર્તે પણ મુખ્યપણે નહિજ. જેમાં ઉક્ત જ્ઞાન શક્તિ આદિક ગુણો નિરુપાધિક નિરંકુશ હોય તેમાંજ મુખ્યપણે ભગવાન્ શબ્દનો ખરી રીતે પ્રયોગ થાય. બીજામાંતો જ્ઞાનાદિ ગુણોના લેશયોગને લીધે ઉપચારથી ગૌણપણે પ્રયોગ થાય. આ રીતે સર્વ સચ્છાસ્ત્રોમાં અને સુજન લોકમાં નિરતિશય પ્રસિદ્ધિને પામેલા ભગવાન્ શબ્દનો **અન્વર્થ** અર્થ છે. પરંબ્રહ્મથકી ઇતર મુક્તાદિ જીવવિશેષમાં પણ ભગવાન્ શબ્દની ઉપચારથી પણ પ્રવૃત્તિનું નિમિત્તતો જ્ઞાનવિશેષ છે. આ અર્થપણ પરાશરેજ '**उत्पत्तिं प्रलयं चैव भूतानामागतिं गतिम् । वेत्ति विद्यामविद्यां च स वाच्यो भगवानिति**' આ પાશ્ચાત્ય વાક્યથી કહ્યો છે. (ભગવાને કરેલી

જગદુત્પતિ, પ્રલય, તથા ભૂતોની આગતિને ગતિ તથા વિદ્યા અવિદ્યાને જાણે તે ભગવાન્ કહેવાય) જેનામાં આવું જ્ઞાન હોય તેને ઉપચારથી ભગવાન્ શબ્દથી વ્યવહરાય, પરંતુ આ અમુખ્ય અર્થ છે. મુખ્ય અર્થ પ્રથમ કહ્યો એજ ખરો છે. આ બાબતતો 'अन्यत्र उपचारतः' આ પૂર્વ પ્રસંગથી કહી છે. ભગવાન્ શબ્દનો જે પ્રથમ અન્વર્થ અર્થ કર્યો તેમાં આ બાબત ખાસ ઉપયોગી પણ નથી. માટેજ શ્રીભાષ્યમાં ભગવાન્ શબ્દનો શુદ્ધ અર્થ કરવા માટે ગ્રહણ કરેલાં વાકયો સાથે આ શ્લોક લીધો નથી એ મુદ્દો છે. ઉત્પત્યાદિકને કરે તે સાચા ભગવાન મનાય પણ જાણે તેને ભગવાન્ ન કહેવાય. ભગવાનની કૃપાથી મુક્તોપણ જાણી શકે છે. એટલે ઉપર અર્થ કર્યો એજ ઉપપત્તિપૂર્ણ છે ॥ ઉપર પ્રમાણે ભગવાન્ પરાશરે મૈત્રયમુનિ પ્રતિ ભગવાન્ શબ્દની મુખ્યપણે વૃત્તિ, રાધા રમા પત્નીઓના પતિ શ્રીકૃષ્ણ ભગવાનને વિષે સમર્થી છે. આ અર્થ 'वामे यस्य' 'स राधया' આ શિ. શ્લોકમાં શ્રીમુખે સંનિરૂપી છે. ॥ ૧૩૯-૧૪૨ ॥

एक एवास्ति भगवान् स्वतो हेयविवर्जितः ।
समस्तकल्याणगुणो दययाऽस्येतरे पुनः ॥ १४३ ॥
अतो नास्य समो वान्योऽधिको वा वर्तते सदा ।
प्रोक्तस्ततस्त्वद्वितीयः परमात्मा सनातनः ॥ १४४ ॥
एनं सत्यगुणं सत्यस्वरूपं श्रीहरिं विभुम् ।
भक्त्या नित्यमनुध्यायन् तत्सायुज्यं तु विन्दते ॥ १४५ ॥

સ્વતઃ સર્વદા સમસ્ત હેય દોષોએ રહિત અને સમસ્ત કલ્યાણ ગુણોએ સહિતતો એકજ ભગવાન્ છે. એમની પરમ કૃપાથી બીજા પણ સાધર્મ્યને પામતાં તેમના જેવા નિર્દોષ અને ગુણવાન્ થાય છે. માટે ભગવાનને સમાન કે અધિક બીજો કોઈ પણ વિશ્વમાં વર્તતો નથી. આ કારણથીજ 'एकमेवाद्वितीयम्' આ શ્રુતિ સનાતન પરમાત્માને અદ્વિતીય-પણે કહે છે. જેને કોઈ સમાન કે અધિક ન હોય તેનેજ એકમેવ અદ્વિતીય કહી શકાય. આ અર્થ 'न त्वत्समश्चाभ्यधिकश्च दृश्यते (श्वे. उ.) 'तेनार्हति ब्रह्मणा स्पर्धितुं कः' 'तेन कोऽर्हति स्पर्धितुं'

'न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यः' (गीता) **'नास्ति नारायणसमः'** ઇત્યાદિ પ્રબળ પ્રમાણુ પ્રસિદ્ધ છે ॥ ઉપર પ્રમાણે ભગવાન્ શ્રીહરિને સત્ય સ્વરૂપવાન્ અને સત્ય ગુણવાન્ અને સર્વવ્યાપક સમજવા પૂર્વક અનન્ય ભક્તિથી તેમનું અખંડ ધ્યાન કરનારો ભક્ત, તેમના સાયુજ્યને પામે છે. સાયુજ્ય કહો કે સાધર્મ્ય કહો બન્ને એકાર્થ છે, **'युज्यते इति युक्'** જોડાય તે 'યુક્' કહેવાય, આવી વ્યુત્પત્તિથી 'યુક્' શબ્દ ગુણપર છે. જે ગુણ છે તે ગુણિની સાથે જોડાય છે, સમાન યુક્ જેનો છે. તે સયુક્ કહેવાય ? સયુક્નો ભાવ તે **'सायुज्य'** કહેવાય, એટલે **साधर्म्य** એવો અર્થ સિદ્ધ થયો. ગુણશબ્દ ધર્મપર છે. **'निरञ्जनः परमं साम्यमुपैति' 'मम साधर्म्यमागताः'** આ શ્રુતિ સ્મૃતિમાં જે સામ્ય સાધર્મ્ય કહ્યું તેજ સાયુજ્ય સમજવું. **'सायुज्यं प्रतिपन्ना ये तीव्रभक्तास्तपस्विनः। किंकरा मम ते नित्यं भवन्ति निरुपद्रवाः'** (परमसंहिता) આ રીતે બધા શબ્દોની એકાર્થતા છે. મુક્તિમાં અલગ અલગ ભેદો પ્રમાણપ્રતિપન્ન નથી એ તત્ત્વ છે ॥ ૧૪૩–૧૪૫ ॥

यदाह सर्गस्थितिसंयमानामेकं हि हेतुं परमं बृहच्छ्रुतिः ।
सदैकरूपं निरवद्यसद्गुणं विभुं प्रभुं तं हरिकृष्णमीडे ॥ १४६ ॥

इति श्रीमदाध्यात्मिकतत्त्वाख्याने मुनिगणशतानन्दस्वामिसंवादे ज्ञान-प्रकरणे परमात्मस्वरूपवैलक्षण्यनिरूपणं नाम एकविंशति-तमोऽध्यायः ॥ २१ ॥

જેને ભગવતી શ્રુતિ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના પરમ કારણ પરબ્રહ્મપણે તેમજ સદૈક સ્વરૂપપણે અને નિર્દોષ સદ્ગુણીપણે અને વિભુ વ્યાપકપણે કહે છે તે શ્રીહરિ કૃષ્ણની હું સ્તુતિ કરું છું ॥ ૧૪૬ ॥

ઇતિશ્રી...શાસ્ત્રી હરિજીવનદાસકૃતગુર્જરાનુવાદે એકવિંશતિતમોધ્યાયઃ ॥ ૨૧ ॥

द्वाविंशतिमोऽध्यायः ।

मुनय ऊचु :—

अनन्ताः श्रीहरेः प्रोक्ता गुणा दिव्या महात्मनः ।
कथं कात्स्न्र्येन तान् ज्ञातुं ध्यातुं वा प्रभवो वयम् ॥ १ ॥

के चैव तेषु मुख्यास्तु गुणास्तान् वद साम्प्रतम् ।
यद्वेदिनां हरौ निष्ठा प्रभवत्यचला मुने ! ॥ २ ॥

મુનિઓ કહે છે—હે શતાનંદ મુને ! મહાત્મા શ્રીહરિના જ્ઞાનાનંદ સ્વરૂપમાં અનંત દિવ્ય ગુણો અખંડ વર્તે છે. આ મહાગુણોને અમો સમગ્રપણે કેવી રીતે જાણીને ધ્યાન કરવા સમર્થ થઈએ. ભગવાનના સ્વરૂપમાં સદ્ગુણોનો સદ્ભાવ, **'सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चित्ता'** કામ શબ્દનું કલ્યાણ ગુણ પર વ્યાખ્યાન કર્યું છે. **'अस्मिन् कामाः समाहिताः' 'सत्यकामः सत्यसङ्कल्पः' 'गुणी सर्वविद्यः' 'गुणेशः' 'गुणैकराशिः' 'मां भजन्ति गुणाः सर्वे निर्गुणं निरपेक्षकम्' 'समस्त-कल्याणगुणात्मकोऽसौ'** ઇત્યાદિ શ્રુતિ-સ્મૃતિમાં વર્ણવ્યો છે. આ ગુણોની અનંતતા-**'यथा रत्नानि जलधेरसंख्येयानि पुत्रक । तथा गुणा ह्यनन्तस्य असंख्येया महात्मनः ॥' 'महद्गुणत्वाद्यदनन्तमाहुः' 'धातुनामिव शैलेन्द्रो गुणानामाकरो महान्'** ઇત્યાદિ વચનો વર્ણવે છે. આ દિવ્ય ગુણોને પોતે તેમ જ બીજા કોઈ પણ સમગ્રપણે જાણી શકતા નથી. એ બાબત-**'त्वमेव त्वां वेत्थ योऽसि सोऽसि' सोऽङ्ग वेद यदि वा न वेद' 'नान्तं गुणानां गच्छन्ति तेनानन्तोऽयमुच्यते' 'चतुर्मुखायुर्यदि कोटिवक्त्रो भवेन्नरः कोऽपि विशुद्धचेताः । स ते गुणानामयुतैकमंशं वदेन्न वा देववर प्रसीद'** આ વચનોમાં વિસ્પષ્ટ છે ॥ આ અનંત ગુણો મધ્યે મુખ્ય ગુણો કયા માન્યા છે ? તે તમો હાલ જીજ્ઞાસુ અમોને કહો. જે ગુણોને જાણનારા જનોને શ્રીહરિને વિષે ભક્તિનિષ્ઠા દૃઢ થાય અને તે અચળ રહે તે મુખ્ય ગુણોને પ્રથમ કહેવાને યોગ્ય છો ॥ ૧-૨ ॥

शतानन्दमुनिरुवाच—

सत्यं सर्वे गुणा ज्ञातुं न शक्याः परमात्मनः ।
यथामति तु ते ज्ञेया मतिसाफल्यकाङ्क्षिभिः ॥ ३ ॥

इषुक्षयान्निवर्तन्ते नान्तरिक्षक्षितिक्षयात् ।
मतिक्षयान्निवर्तन्ते न हरेर्गुणसङ्क्षयात् ॥ ४ ॥

षाड्गुण्यमेषु मुख्यं तु वासुदेवस्य कीर्तितम् ।
तत्कुक्षौ गर्भिता ह्यन्ये गुणा देवे यथा जगत् ॥ ५ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! પરમાત્મામાં રહેલા સમગ્ર ગુણો કોઇથી પણ જાણી શકાતા નથી, એ બાબત સત્ય છે. એમ હોવાથી બુદ્ધિની સફળતા ઇચ્છતા મુમુક્ષુ જનોએ પોતાની બુદ્ધિ મુજબ તો ગુણો જરૂરથી જાણવા ॥ જેમ બાણને ફેંકનારા માણસો બાણો ખૂટી જવાથી નિવૃત્ત થાય છે, પણ કાંઈ આકાશ કે પૃથ્વી ખૂટી જવાથી નહિ. આકાશ પૃથ્વી તો કદાપિ ખૂટી જતી નથી. એમ બુદ્ધિમાન જનો બુદ્ધિ નહિ પહોંચતાં ભગવાનના ગુણોને ગણતાં પાછા પડી જાય છે. પણ ભગવાનના ગુણો ખૂટી જવાથી નહિ. કેમકે એમના ગુણો તો અનંત અપાર હોવાથી કદાપિ ખૂટી જતા નથી. ॥ ગુણનિધિ ભગવાનના અનંત ગુણોને મધ્યે છ ગુણો મુખ્યપણે માન્યા છે. એની અંદર બીજા ગુણો ગર્ભિત રહ્યા છે. જેમ પરમાત્મામાં સઘળું જગત રહ્યું છે તેમ. આ પ્રધાન છ ગુણો **'तेजोबलैश्वर्यमहावबोधसुवीर्यशक्त्यादिगुणैकराशिः'** એમ નામવાર જણાવ્યા છે. રામાનુજાચાર્યે ગુણો કહેતાં **'स्वाभाविकानवधिकातिशयज्ञानबलैश्वर्यवीर्यशक्तितेजःप्रभृत्यसंख्येयकल्याणगुणगणमहोदधिः'** એમ છ ગુણોનું પ્રાધાન્ય પ્રદર્શાવીને, બીજા ગુણોની અસંખ્યતા કહી છે ॥ ૩–૫ ॥

प्रकृष्टं विज्ञानं बलमतुलमैश्वर्यमधिकं तथा वीर्यं भूरि प्रथितमतुलां शक्तिमपि च ।
परं भूयस्तेजः प्रवरगुणषट्कं भगवतो हरेर्नित्यं शुद्धं निरुपधि समाम्नासिषुरिदम् ॥ ६ ॥

પ્રકૃષ્ટ **જ્ઞાન**, અતુલ **બળ**, અધિક **ઐશ્વર્ય**, બહુ પ્રખ્યાત **વીર્ય**, અતુલ **શક્તિ** અને અધિક **તેજ**, આ છ પ્રવર ગુણો ભગવાન શ્રીહરિમાં સદા વર્તે છે. આ ગુણો નિત્ય, શુદ્ધ, નિરુપધિ છે એમ વેદાદિ શાસ્ત્રો કહે છે. આ રીતે છ ગુણોનું પ્રાધાન્ય પ્રતિપાદ્યું છે. બીજા જે ગુણો છે તે જ્ઞાનાદિ ગુણોના વિસ્તારરૂપ છે. આ છ ગુણોમાં સર્વ ગુણોનો સમાવેશ છે. આ બાબત **'तवानन्तगुणस्यापि षडेव प्रथमे गुणाः । यस्त्वयैव जगत्कुक्षौ अन्येऽप्यन्तर्निवेशिताः'** આ વચનમાં વિશદ છે. ભગવાનને જગત્સર્ગ આદિકમાં ઉપયોગી હોવાથી છ ગુણોનું પ્રાધાન્ય માન્યું છે ॥ ૬ ॥

यतः सर्वं सर्वथा च सर्वदा प्रेक्षते स्वतः ।

ज्ञानं नाम गुणः सोऽयं श्रीहरेः सर्वसाक्षिणः ॥ ७ ॥

ज्ञानमैशं न करणापेक्षप्रसरणं मतम् ।

किन्तु स्वभावतः सर्वसाक्षात्करणलक्षणम् ॥ ८ ॥

सर्वदा सर्वरूपाणामीक्षणात् सर्वतोदृशिः ।

सर्वत्र सर्वशब्दानां श्रुतेर्वै सर्वतःश्रवाः ॥ ९ ॥

सर्वं चाभिमुखं तस्य ह्यतोऽयं सर्वतोमुखः ।

एतज्ज्ञानांशकांशस्तु मुक्तादौ सम्प्रवर्तते ॥ १० ॥

य एव स्वप्रकाशं च धर्माणां च प्रकाशनम् ।

वेदशास्त्रादितो दत्ते हरिः सोऽयमुदारधीः ॥ ११ ॥

માં પણ મુખ્ય **જ્ઞાન** ગુણને કહે છે—**'यो वेत्ति युगपत्सर्वं प्रत्यक्षेण सदा स्वतः'** આ વાકયમાં નિરૂપ્યા મુજબ યત્કિંચિત્ સર્વને, સર્વ પ્રકારે, સર્વ કાળમાં સ્વતઃ પ્રત્યક્ષવત્ જાણવું તેને સર્વસાક્ષી શ્રીહરિનો **જ્ઞાન** નામનો મહા ગુણ કહ્યો છે. જાણવું એને જ્ઞાન કહે છે. સાક્ષાત્ જાણવું તેને સાક્ષી કહે છે. આ જ્ઞાન ગુણનું નિરૂપણ **'स्वाभाविकी ज्ञानबलक्रिया च'** **'यः सर्वज्ञः सर्ववित्'** **'ब्रह्मणा विपश्चिता'** **'ज्ञः कालकालः'** **'योऽस्याध्यक्षः'** **'प्राज्ञेनात्मना सम्परिष्वक्तः'** **'सर्वदृक् सर्ववेत्ता'** **'सर्वज्ञता तृप्तिरनादिबोधः'** ઇત્યાદિ શ્રુતિ–સ્મૃતિમાં કર્યું છે: જ્ઞાનસ્વરૂપ

પરમાત્મામાં રહેલા ધર્મભૂત જ્ઞાનના પ્રકર્ષને સંપાદનારા તેના **વિશેષો**—એક સાથે જાણવાપણું, સર્વને જાણવાપણું, પ્રત્યક્ષવત્ જાણવાપણું, સદાકાળ જાણવાપણું, સ્વતઃ જાણવાપણું, યથાર્થ જાણવાપણું વિગેરે ઘણા વર્ણવ્યા છે. આ બાબત શ્રુતિ-સ્મૃતિમાં સ્પષ્ટ છે. આ ઉપરથી આપણા જ્ઞાનગુણ કરતાં પરમાત્માના ગુણનો સમુત્કર્ષ સાબીત થાય છે. પરમાત્મામાં નિત્ય સ્વતઃ વર્તતું આ સર્વજ્ઞપણા રૂપ જ્ઞાન છે તે ઇન્દ્રિયોને અધીન પ્રસરણ-વાળું નથી. કિંતુ સ્વભાવથી જ સર્વ વસ્તુઓના સાક્ષાત્કરણ રૂપ છે. હાથમાં રહેલા જળના ટીપાને કે આમળાને જુવે તેમ પ્રત્યક્ષ છે. એમને આપણી પેઠે સાક્ષાત્કરણમાં ઇન્દ્રિયોની અપેક્ષા નથી. સર્વદા સર્વ રૂપોનું સમીક્ષણ સ્વતઃ હોવાથી એમને '**सर्वदृक**' એમ કહે છે. એમની દૃષ્ટિ સર્વતઃ છે. સર્વત્ર સર્વશબ્દને સાંભળતા હોવાથી એમને સર્વતઃકર્ણ કહેવાય છે. એમના કર્ણ સર્વતઃ છે. પરમાત્માને યત્કિંચિત્ સર્વપણ અભિમુખ હોવાથી એમને સર્વતોમુખ કહે છે. એમ જ્ઞાન પ્રસરણમાં ઇન્દ્રિયોની અધીનતા નથી. આ બાબતમાં પ્રમાણ '**सर्वतः श्रुतिमांश्चासौ यथा दृक्चक्षावकोरगः**' બદ્ધોને જે જ્ઞાન વર્તે છે તે સર્વ વસ્તુ વિષયવાળું નથી. મુક્તોને જે જ્ઞાન છે તે સર્વ વિષયક છે. પણ તે નિત્ય નથી. કેમકે પૂર્વે એની વૃત્તિ સંકુચિત હતી. અનાદિ મુક્તોમાં નિત્ય અને સર્વ વિષય જ્ઞાન છે પણ તે નિરુપાધિક નથી. કેમકે તે તો ભગવાનના નિત્ય સંકલ્પને અધીન છે માટે ભગવાનનું જ્ઞાન છે તે જીવ જ્ઞાન થકી અત્યંત વિલક્ષણ છે. '**अहं बहु स्यां तदैक्षत**' આ શ્રુતિમાં જે ઇક્ષણરૂપ વિપશ્ચિત શબ્દથી કહેલું જ્ઞાન છે તેતો એક ભગવાનનેજ અસાધારણ છે. મુક્તોને પણ આવું જ્ઞાન નથી. આ બાબત '**नेतरोऽनुपपत्तेः**' '**जगद्व्यापारवर्ज्जं**' આ સૂત્રમાં સ્પષ્ટ છે. ભગવાને ગીતામાં પોતાનું સર્વજ્ઞપણું '**वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन । भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन**' '**वेदान्तकृद्वेदविदेव चाहम्**' આ રીતે શ્રીમુખે કહ્યું છે. ભગવાનના જ્ઞાનનો એક અંશ અને તેનો એક અંશ મુક્તાદિકને વિષે વર્તે છે. કેમકે ભગવાનનું જે જ્ઞાન છે તે સ્વયં પ્રકાશ હોઈને સર્વ ધર્મોને પ્રકાશ કરી આપનારૂ છે. વેદશાસ્ત્રાદિ દ્વારા એ જ્ઞાનને ભગવાન્જ આપનારા હોવાથી એમને '**उदारधी**' એ નામથી વિષ્ણુનામસહસ્રમાં નિરૂપ્યા છે. '**प्रज्ञा च तस्मात् प्रसृता पुराणी**' '**मत्तः स्मृति र्ज्ञानमपोहनं च**' ઈત્યાદિ શ્રુતિ સ્મૃતિઓ સર્વ જીવોને જ્ઞાન પ્રસાર કરી આપનારા ઇન્દ્રિયેશ સ્વયં ભગવાન છે એમ કહે છે ભગવાનના તો સર્વજ્ઞ છે,

પણામાં શંકાજ નથી. વિષ્ણુનામસહસ્રમાં 'महाबुद्धिः' આ એક નામ આવે છે તેના વ્યાખ્યાનમાં ભગવાનના જ્ઞાનના ઘણા વિલક્ષણ વિશેષો વર્ણવ્યા છે તે થકી જાણવા. મુખ્ય છ ગુણોમાં પણ જ્ઞાન ગુણ તો જ્ઞાન સ્વરૂપ પરમાત્માના સ્વરૂપાનુબન્ધિ હોઈને સ્વરૂપને નિરૂપનાર હોવાથી મુખ્ય છે. માટે જ તેને સર્વત્ર પ્રથમ પદ આપવામાં આવે છે. જગદુત્પત્યાદિ સમસ્ત પ્રવૃત્તિનું મૂળ કારણ પણ જ્ઞાનજ છે, જ્ઞાન હોય તોજ કાર્ય કરી શકે. જેનો જ્ઞાનમાં સમાવેશ છે એવા ચૈતન્યપર્યાય જ્ઞાનગુણનું આ સંક્ષિપ્ત વિવેચન છે. વચનામૃતમાં 'સર્વજ્ઞ છે' 'सत्यसङ्कल्प' એવા ભગવાન્' 'અને બદ્ધ જીવ તથા મુક્ત જીવ એ એના હૃદયમાં સાક્ષીરૂપ થકા રહ્યા છે' 'જેને દ્રષ્ટા કહે છે' એ ભગવાન તો અનંત કોટિ બ્રહ્માંડને વિષે રહ્યા એવા જે જીવ અને ઈશ્વર તેને જેમ હથેલીમાં જળનું ટીપું હોય ને તેને દેખે તેમ દેખે છે' 'એવી રીતે ભગવાનને વિષે જ્ઞાનશક્તિ ક્રિયા શક્તિ અને ઈચ્છાશક્તિ રહી છે ।। આ રીતે જાણવારૂપ જ્ઞાનના પ્રત્યક્ષાદિ વિશેષો દર્શાવ્યા છે. વિશેષ અન્યત્રથી જાણવો ।। ૭–૧૧ ।।

महती शक्तिरेतस्य विचित्रा विविधा श्रुता ।
यया त्वघटितं सर्वं घटयत्यन्यदुष्करम् ।। १२ ।।

अविकारस्वरूपस्य जगत्प्रकृतिताऽस्य तु ।
सर्वात्मत्वं सर्वतो वैलक्षण्यं चास्य सत्पतेः ।। १३ ।।

भक्षयित्वा जगत्सर्वं मुग्धबालस्वरूपतः ।
शयनं च दले मुग्धे सद्योजाते वटस्य वै ।। १४ ।।

स्वल्पे स्वास्ये प्रपञ्चस्य विस्तृतस्य प्रदर्शनम् ।
इत्याद्या शक्तिरेतस्याऽचिन्त्या सङ्ख्याविवर्जिता ।। १५ ।।

एतच्छक्त्येकदेशस्तु प्रकृत्यादौ प्रवर्तते ।
यतोऽचिन्त्यं विचित्रं च नानाशक्ति जगद्विभौ ।। १६ ।।

શક્તિ ગુણને કહે છે 'पराऽस्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी' આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે પરમાત્મામાં શક્તિ નામનો મહાગુણ બહુ પરા

અને વિવિધ છે. જે ગુણે કરીને બ્રહ્માદિ મુકતાદિ કોઇથી પણ ન જ બની શકે એવી અને ન જાણી શકે એવી આ વિવિધ વિચિત્ર વિશ્વની રચનાને કર્યા જ જાય છે. અઘટિત ઘટના સામર્થ્યને **શકિત** કહે છે. કોઈ પ્રકારે કોઇથી પણ ન જ કરી શકાય એવું વિચિત્ર વિવિધ વિસ્તૃત વિશ્વ રચવાનું જે ચાતુર્ય એ જ એનો ભાવાર્થ છે. **'सर्वशक्त्यात्मने'** એવો મંત્રવર્ણ છે. અનંતશકિત પરમાત્માની કેટલીક આશ્ચર્ય શકિતઓનું દિગ્દર્શન **"मेघोदयः सागरसन्निवृत्तिरिन्दोर्विभागः स्फुरितानि वायोः । विद्युद्विभङ्गो गतिरुष्णरश्मेर्विष्णोर्विचित्राः प्रभवन्ति मायाः"** આ અભિયુકિતમાં કરાવ્યું છે. **માયા** શબ્દનો આશ્ચર્યરૂપ અર્થ સમજવો પણ મિથ્યાર્થ નહિ. ઇશાવાસ્ય ઉપનિષદમાં **"अनेजदेकं मनसो जवीयः । तदेजति तन्नैजति"** આ શ્રુતિઓએ વિરોધાભાસ મુખથી ભગવાનમાં વિચિત્ર વિવિધ શકિતનો યોગ વર્ણવ્યો છે. જળમાં પૃથ્વી ઓગળી નહિ જતાં પિંડરૂપે રહે છે, ભારવાળા પણ સ્વર્ગાદિ લોકો નીચે નહિ પડી જતાં નિરાલંબન આકાશમાં સ્થિર રહે છે, આ સઘળું કાર્ય અઘટિત ઘટના સમર્થ ભગવાનનું સંકલ્પકૃત છે. નૃસિંહાદિરૂપનો પરિગ્રહપણ અઘટિત ઘટના શકિતકૃત છે. શ્રીકૃષ્ણના ઉદરમાં બ્રહ્માંડને જોઈને આશ્ચર્ય પામેલાં યશોદાજી **"किं स्वप्न एतदुत देवमाया किं वा मदीयो बत बुद्धिमोहः । अथो अमुष्यैव ममार्भकस्य यः कश्चनौत्पत्तिक आत्मयोगः"** એમ અનેક તર્કો કરીને છેવટે 'આ તો મારા પુત્રની જ કોઈ સ્વભાવિકી શકિત છે' એમ નિર્ણય પર આવ્યાં હતાં. યમુનાના ધરામાં અંદર અને બહાર રથમાં બે રૂપે આશ્ચર્યમૂર્તિ શ્રીકૃષ્ણનાં દર્શન કરીને અત્યાશ્ચર્ય પામેલા અક્રુરજીએ **'जगदेतन्महाश्चर्यरूपः । तेनाश्चर्यपरेणाहं भवता कृष्ण सङ्गतः'** એમ સ્તુતિ કરીને આશ્ચર્યશકિત સૂચવી છે. વળી વટપત્રશાયી ભગવાને અત્યલ્પ સુંદર બાળરૂપે હોવા છતાં અપરિમિત જગતને ભક્ષણ કરી જવું, નિરાલંબન જળમાં એક વટપત્રની ઉપર શયન કરવું, અલ્પ મુખમાં વિસ્તૃત જગત બતાવવું, વિગેરે અનેક આશ્ચર્યો એક સાથે બતાવ્યાં છે. આ બાબત અમદાવાદ વચનામૃતમાં વર્ણવી છે. ઇત્યાદિ શકિતઓ પરમાત્માની કોઇના પણ ચિંતનમાં ન આવે એવી અસંખ્યાત છે. અનન્ય ભકતોએ તેવાં તેવાં અદ્‌ભુત આશ્ચર્યો પ્રત્યક્ષ જોયાં છે. **'न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम्' 'सर्वाश्चर्यमयं देवं'** (ગીતા) **'समस्ताः शक्तयश्चैता नृप ! यत्र प्रतिष्ठिताः'**

'समस्तशक्तिरूपाणि' **'समस्तशक्तिः परमेश्वराख्यः'** **'स्वशक्तिलेशात् धृतभूतसर्गः'** **'अनन्तशक्तिश्च विभुः'** વિગેરે વચનો ઉપરના અર્થને અનુમોદે છે.

શક્તિનો બીજો પ્રકાર એ છે કે–પોતે સ્વરૂપથી વિકારને નહિ પામીને આ જગતના પ્રત્યે ઉપાદાન કારણરૂપ પ્રકૃતિ ભાવને પામે છે. સર્વાત્માપણું હોવા છતાં સર્વવિલક્ષણપણું સાબીત રહે છે. કશો વિકાર સ્વરૂપમાં આવતો નથી. એમાં **'जगत्प्रकृतिभावो यः सा शक्तिः परिकीर्तिता'** આ અભિયુક્તિ પ્રમાણ છે. વિષ્ણુનામ સહસ્રમાં આવેલા **'महाशक्तिः'** આ નામનો અર્થ ભાષ્યમાં આ રીતે કર્યો છે–મોટી શકિત જેમની છે તે મહાશકિત કહેવાય. આતો કાળ માયા આદિક સમગ્ર સાધનોનો વિનિયોગ કરવારૂપ તથા કાળાદિ સામગ્રી હોય કે ન હોય તથાપિ સર્વ અર્થોને સંપાદન કરવારૂપ તથા પોતાના શરીરના એક દેશમાં પ્રકૃતિ પરિણામ રૂપ સમજવી. આ રીતે શકિતમાં મહત્ત્વ રહ્યું છે. પરમાત્મા પોતે વિલક્ષણ શકિત હોવાથી સ્વયં ઉપાદાન થઈ શકે છે અને સર્વજ્ઞ હોવાથી નિમિત્ત કારણ પણ થઈ શકે છે, કરોળિઓ કે જે પોતે ક્ષુદ્ર કીટ જાતિ છે છતાં પોતે તંતુજાળને સર્જવામાં નિમિત્ત કારણ હોઈને પણ શરીરદ્વારા ઉપાદાન શકિતને પણ ધરાવે છે. જ્યારે ક્ષુદ્ર કીટમાં એવી શકિત છે તો સર્વ વસ્તુ થકી વિલક્ષણ પરમાત્માની એવી શકિતમાં શંકાને સ્થાન નથી. પરમાત્માને ઉપાદાન કહીએ તો વિકારીપણાનો પ્રસંગ આવે, એવી શંકાનું સમાધાન પણ **'यथोर्णनाभिः सृजते गृह्णते च'** આ શ્રુતિએજ કર્યું છે. આ અર્થ બ્રહ્મસૂત્રમાં પ્રકૃત્યધિકરણમાં **'प्रकृतिश्च'** ઈત્યાદિ છ સૂત્રોથી શંકા સમાધાન સાથે વર્ણવ્યો છે. એમ કરીને પ્રકૃતિ ભાવ છતાં પણ વિકારનો અભાવ પ્રતિપાદ્યો છે. આવા અનેક વિશેષોને લીધે પરમાત્માને નિરૂપવા પ્રવર્તેલાં શાસ્ત્રો, અનંતશકિત, અદ્ભુત શકિત, અચિંત્યશકિત, અઘટિત ઘટના શકિત, વિચિત્રશકિત, વિવિધશકિત, વિલક્ષણશકિત, દિવ્યશકિત, નિરંકુશ શકિત, સમસ્તશકિત, આશ્ચર્યશકિત, ઇત્યાદિ અનેક અનેકાર્થસૂચક મંગળ નામોથી વર્ણવે છે. ઉપરનો શકિતશબ્દનો અર્થ, વચ. પ્ર–૨૭ પ્ર. ૭૨ કા. ૮ લોયા ૨.૪–૧૮ પં. ૭ મધ્ય ૬૪ અંત્ય ૩૯ ઈત્યાદિકમાં સવિસ્તર વર્ણવ્યો છે. તે થકી જાણવો. શકિતગુણનું લક્ષણ **'कार्योपयोगि अपृथक्सिद्धविशेषणं'** એ રીતે કર્યું છે. પરમાત્મામાં જે શકિત ગુણ છે તે

શકત ગુણી સ્વરૂપનું વિશેષણ છે અને કાર્યોપયોગિ પણ છે માટે આ લક્ષણ સુસંગત છે ॥

ઉપર વર્ણવેલી શક્તિનો એક અલ્પાંશ, પ્રકૃતિ અને તેનાં તમામ કાર્યોમાં વર્તે છે. એથી જ આ સઘળું જગત્ અચિંત્ય વિચિત્ર વિવિધ શક્તિવાળું શોભે છે. સર્વ પદાર્થોમાં તેના તેના કાર્ય ઉપરથી જાણવા યોગ્ય શક્તિ નામનો ગુણ હોય છે. એની સિદ્ધિ તર્કથી અને શાસ્ત્રથી પણ થાય છે. '**शक्तयः सर्वभावानामचिन्त्यभावगोचराः । यतोऽतो ब्रह्मणस्तास्तु सर्गाद्या भावशक्तयः ॥ भवन्ति तपतांश्रेष्ठ ! पावकस्य यथोष्णता**' (વિ. પુ.) એમ અગ્નિના દૃષ્ટાંતથી સર્વ વસ્તુઓમાં શક્તિનો સદ્ભાવ સાધીને બ્રહ્મમાં પણ અચિંત્ય શક્તિની સિદ્ધિ કરી છે. પ્રકૃતિ અને તેનાં તમામ કાર્યોમાં જે કાંઈક શક્તિ જણાય છે તે પરમાત્મ પ્રદત્ત છે. સ્વતઃ નથી. આ રીતે શક્તિગુણનું વર્ણન છે ॥ ૧૨-૧૬ ॥

श्रमहानिस्तु या तस्य सततं व्यापृतस्य च ।
बलनामा गुणः प्रोक्तो गुणतत्त्वविचिन्तकैः ॥ १७ ॥
यथा जीवः स्वदेहं तु बिभर्ति श्रमवर्जितः ।
तथा सर्वं बिभर्ति श्रीहरिस्तु सचराचरम् ॥ १८ ॥
एतेन स्वबलांशस्तु मह्यादौ विहितोऽल्पकः ।
यतो विश्वंभरा प्रोक्ता मेदिनी विश्वधारिणी ॥ १९ ॥

બળ ગુણને કહે છે—ગુણતત્વ વિવેચકો શ્રમનો અભાવ એને બળ ગુણ કહે છે. પરમાત્મા અનાદિ કાળથી વિવિધ વિચિત્ર અનંત અંડોની ઉત્પત્તિ સ્થિતિ પ્રલયને નિરંતર કર્યા જ જાય છે તથાપિ કદાપિ પરિશ્રમ પામતા નથી. જો થાકી જાય તો કંટાળીને જગદ્ વ્યાપારને છોડી દે. એમ થાય તો જે આ વિશ્વની એક વ્યવસ્થા જોવામાં આવે છે તે રહે જ નહિ. બહુ ગરબડ ગોટાળો અનિચ્છનીય થઈ જાય. માટે શ્રમના અભાવ રૂપ બળની ખાસ જરૂર છે. જેમ જીવ પોતાના દેહને પ્રયાસ વિના ધારે છે તેમ ભગવાન્ સચરાચર આ વિશ્વને વિના શ્રમે ધારે છે. ધારવામાં કશો થાક લાગતો નથી. પોતાના બળનો એક અંશ પૃથ્વી

આદિકમાં એ પરમાત્માએ અર્પેલો છે. જેથી પૃથ્વીને 'વિશ્વંભરા' અને "વિશ્વધારિણી" એમ કહેવામાં આવે છે. ધારણ સામર્થ્યને **બળ** કહે છે. સર્વ વ્યાપક આત્મસ્વરૂપથી જ જેમ એમ બળગુણથી પણ વિશ્વને ધારી રહ્યા છે. પોતાની સર્વજ્ઞતામાં સહકાર આપનારી મહાશક્તિથી વિવિધ વિચિત્ર વિશ્વ તો વિરચ્યું, પણ તેને તેવાને તેવા રૂપમાં ધારી ન રાખે તો અત્યારે જે ચિત્ અચિત્ સ્વરૂપ વિભાગથી, જ્ઞ અજ્ઞ એવા ગુણ વિભાગથી, સત્ અસત્ એવા વિવેકથી અને સ્વર્ગ પાતાળાદિ સ્થાન વિભાગથી અલગ અલગ વર્તે છે તે વર્તે નહિ. પ્રચ્યુતિ પામીને સેળભેળ થઈ જાય અને રચવાનો સઘળો દાખડો નિષ્ફળ બની જાય. માટે જગતને યથાપૂર્વ ધારી રાખવાની ખાસ જરૂર છે. જે અત્યારે એક સ્થિતિ બદ્ધ વિશ્વ વ્યવસ્થા વર્તતી જોવામાં આવે છે તે પરમાત્માના ધારણ સામર્થ્યરૂપ મહાબળનો પ્રત્યક્ષ પ્રતાપ પ્રબળ છે. માટે જ પરમાત્માને સર્વાધાર માનવામાં અત્યાદર દર્શાવ્યો છે.

આ જે ધારકપણું કહ્યું તે રાષ્ટ્ર પ્રત્યે રાજાનું જેમ ઉપરથી છે તેમ નહિ. કિંતુ અંતરાત્માપણે છે. એટલે આત્મા જેમ શરીરને ધારે છે તેમ સમજવું. વળી જેમ આકાશ ભૂતોને પ્રશાસન વિના કેવળ ધારે છે તેમ નહિ પરંતુ પ્રશાસન સાથેનું છે. તાત્પર્ય એ આવ્યું કે-પ્રશાસન સાથે આત્માપણે સર્વની અંદર રહીને સર્વેને ધારે છે. વળી બીજાઓની પેઠે અન્યને અધીન નહિ પણ સ્વતંત્રપણે ધારે છે. વળી જેમ સર્વેને કોઈ કોઈ ઉપરી આધાર હોય છે તેમ પરમાત્માને નથી. પોતે જ પોતાના આધાર છે. માટે જ **'स्वे महिम्नि प्रतिष्ठितः' 'आत्माधारोऽखिलाश्रयः' 'नाहं कञ्चिदुपाश्रितः'** એમ આત્માધાર અનન્યાધાર કહે છે. આ રીતે ધારકપણામાં પણ ઘણા વિશેષો વર્તે છે.

ઉપરોક્ત સમગ્ર અર્થ શ્રુતિ-સ્મૃતિઓએ રમ્ય રીતે વર્ણવ્યો છે. **'तस्मिन्नपो मातरिश्वा दधाति' 'यस्मिन् द्यौः पृथिवी चान्तरिक्षमोतं मनःसह प्राणैश्च सर्वैः। तमेवैकं जानथात्मानं' 'अथ य आत्मा स तुसेवर्धृतिरेषां लोकानामसंभेदाय' 'ब्रह्माध्यतिष्ठत् भुवनानि धारयन्' 'विश्वं बिभर्ति भुवनस्य नाभिः' 'विष्णुना विधृते भूमी' 'एतस्य अक्षरस्य प्रशासने गार्गि सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः' 'द्यौः सचन्द्रार्कनक्षत्रा खं दिशो भूर्महोदधिः। वासुदेवस्य वीर्येण विधृतानि महात्मनः'**

'गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा' 'यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः' 'परमात्मा च सर्वेषामाधारः परमेश्वरः' ઇત્યાદિ.

પ્રાણવાયુમાં શરીરને ધારવારૂપ બળ છે, વાયુમાં સ્વર્ગાદિ લોકોને ધારવારૂપ બળ છે, પર્વતમાં વૃક્ષાદિકને ધારવારૂપ બળ છે, પૃથ્વીમાં ભૂતોને ધારવારૂપ બળ છે, એ રીતે સર્વેમાં પણ જે કાંઈ બળ છે તે સર્વાધાર પરમાત્માના બળનો એક બિન્દુ છે. 'य आत्मदाः बलदाः' એવી શ્રુતિ છે. 'बलं बलवतां चाहं' એમ સ્વયં ભગવાન કહે છે. આ અર્થને સમર્થનારી સમજવા જેવી એક આખ્યાયિકા કેનોપનિષદ્‌માં છે તે તે થકી જાણવી. આ રીતે આત્માધાર સર્વાધાર ભગવાનમાં સમસ્ત જગતને યથાવિભાગ ધારવારૂપ તથા અનંત જગદુત્પત્ત્યાદિક કાર્યોને અહર્નિશ કરવા છતાં પણ પરિશ્રમના અભાવરૂપ બળ કહેવામાં આવ્યું છે. આ રહસ્યાર્થ વચ. પ્ર. ૩૪ પ્ર. ૫૨ પ્ર. ૭૨ પ્ર. ૭૮ લોયા ૭–૧૩ મધ્ય ૧૭ મધ્ય ૨૧ મધ્ય ૫૩ આમાં વિસ્પષ્ટ છે આ રીતે બળ ગુણનું બહોળું વિવેચન તે તે સ્થળે સુંદર કર્યું છે. ॥ ૧૭–૧૯ ॥

कर्तृत्वमस्य स्वातन्त्र्यादनपेक्ष्येतरत् पुनः ।
ऐश्वर्यं कथितं सद्भिः स्वाधीनस्य सदा प्रभोः ॥ २० ॥
नियन्तृत्वं च जीवादेर्बहिरन्तरनारतम् ।
अन्तर्यामिस्वरूपेण चेश्वरादिमुखादपि ॥ २१ ॥
ऐश्वर्यमस्य विख्यातं नित्यमव्याहतं स्वतः ।
अक्षरादिष्वपि यतः शास्तिरस्य प्रतिष्ठिता ॥ २२ ॥
एतदंशांशकांशस्तु वर्तते चेश्वरादिके ।
अणिमाद्या अपिप्रोक्ता योगिष्वस्यैव बिन्दवः ॥ २३ ॥

ઐશ્વર્ય ગુણને કહે છે—બીજા કોઈની પણ અપેક્ષા નહિ રાખીને સ્વતંત્રપણે આ જગતનું જે કર્તાપણું એ સ્વાધીન મહાપ્રભુનું **ઐશ્વર્ય** છે. એમ સંતો કહે છે. નિયમન સામર્થ્યને પણ **ઐશ્વર્ય** કહે છે. જીવાદિ ઉપર પ્રવર્તતું આ નિયંતૃત્વ ઐશ્વર્ય, બહાર અને આંતર એમ બે પ્રકારે

પ્રવર્તે છે. એક અંતર્યામિ સ્વરૂપથી અને બીજુ બ્રહ્માદિ ઈશ્વરો દ્વારથી પ્રવર્તે છે અને આજ્ઞારૂપ શ્રુતિ સ્મૃતિથી પણ પ્રવર્તે છે. પરમાત્માનું આવું ઐશ્વર્ય નિત્ય છે અને એમાં કોઈ આડે આવે એમ નહિ હોવાથી સ્વતંત્ર છે. આ બાબત શ્રુતિસ્મૃતિમાં વિખ્યાત છે. મોટાપણે મનાતા જે અક્ષરાદિક છે તેમાં પણ પરમાત્માનું પ્રશાસન પ્રવર્તે છે. પરમાત્માના ઐશ્વર્યનો એક અંશ અને એનો પણ એક અંશ બ્રહ્માદિ ઇશ્વરોમાં વર્તે છે. પરમાત્માએ આપેલું ઐશ્વર્ય એમને વિષે વર્તે છે સ્વતઃ નથી. યોગિઓમાં જે અણિમા આદિક ઐશ્વર્ય વર્તે છે એ પણ પરમાત્માના ઐશ્વર્યના અલ્પ બિંદુઓ છે. જેમાં જેમાં કંઈ પણ ઐશ્વર્ય વર્તે છે તે પરમાત્માએ આપેલું હોઈને તદધીન છે.

આ ઐશ્વર્યગુણનું ગૌરવ ગ્રંથોમાં ઘણું વર્ણવ્યું છે. આ જડચિદાત્મક જગત તો વિવિધ વિચિત્ર અપરિમિત છે. તેમાં પ્રત્યેકના સ્વરૂપ સ્વભાવ પ્રકાર પરિણામ આદિકપણ જુદા જુદા છે. આ તમામની એક વ્યવસ્થા સાચવવા માટે નિયમન સામર્થ્યરૂપ ઐશ્વર્યની અત્યંત આવશ્યકતા છે. જો આ ન હોય તો આખુ જગત્ સ્વચ્છંદ વૃત્તિવાળું ઉચ્છૃંખળ અનર્ગળ થઈ જાય અને કરેલી સર્વની સુવ્યવસ્થા છિન્નભિન્ન થઈ જાય. આ બાબત રાજ્યબંધારણમાં સ્પષ્ટ છે. પરમાત્માના ઐશ્વર્યમાં રાજા થકી વિશેષ એ છે કે–સર્વની અંદર પ્રવેશીને સર્વનું નિયમન કરે છે. માટેજ ભગવાનને અંતર્યામી, અંતરાત્મા, અંતઃપ્રવિષ્ટ, ઇત્યાદિ વિશેષ અર્થ સૂચક શબ્દોથી કહેછે.આ અર્થમાં'**अन्तःप्रविष्टः शास्ता जनानां सर्वात्मा**'આ શ્રુતિ જ પરમ પ્રમાણ છે.આપણા શરીરાત્મા જેવો નિયામ્ય નિયામક ભાવ જાણવો. ઉકતલક્ષણ ઐશ્વર્ય બીજા કોઇને પણ અધીન કે ઉપરીના અંકુશવાળું નહિ હોવાથી સ્વાભાવિક છે. એથી જ પરમાત્માને અનન્યેશ્વર સ્વતંત્ર ઇશ્વર, પરમેશ્વર, પરેશ, આત્મેશ્વર, મહેશ્વર, ઈશ્વરેશ્વર, ઇશેશ ઇત્યાદિ ગુણાનુગુણ નામોથી કહે છે. આ અર્થ '**एकमेवाद्वितीयं**' '**आत्मेश्वरं**' '**न तस्य कश्चित्पतिरस्ति लोके न चेशिता**' '**न तस्येशे कश्चन**' '**एकः शास्ता न द्वितीयोऽस्ति कश्चित्**' ઇત્યાદિ શ્રુતિઓમાં સ્પષ્ટ છે.

આ સમગ્ર અર્થ શ્રુતિ–સ્મૃતિઓએ મુક્ત કંઠે વર્ણવ્યો છે. '**ईशावास्यमिदं सर्वं**' '**ईशानं भूतभव्यस्य**' '**एको वशी सर्वभूतान्तरात्मा**' '**भीषाऽस्माद्वातः पवते भीषोदेति सूर्यः। भीषाऽस्मादग्निश्चेन्द्रश्च मृत्यु-**

र्धावति पञ्चमः' 'एष सर्वेश्वर एष अन्तर्यामी' 'सर्वेषां भूतानां राजा' 'य आत्मानमन्तरो यमयति' 'पतिं विश्वस्यात्मेश्वरम्' 'पृथगात्मानं प्रेरितारं च मत्वा' 'क्षरात्मानावीशते देव एकः' 'तमीश्वराणां परमं महेश्वरम्' 'भूतानामीश्वरोऽपि सन्' 'सर्वलोकमहेश्वरम्' ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति' 'स्थितिसंयमकर्ताऽसौ' ऐश्वर्यस्य समग्रस्य' 'ज्ञेयः स्वतन्त्र ईशोऽसौ' ઇત્યાદિ બહુ છે. તે તે સ્થળે આવતા નિયમન સંયમ પ્રશાસન આજ્ઞાપન પ્રેરણ પ્રવર્તન શિક્ષણ દમન વિગેરે શબ્દો એકાર્થ છે. આવા ગુણ યોગને લીધે ભગવાનને નિયંતા નિયામક પ્રશાસક પ્રશાસ્તા ઇશિ ઇશિતા, ઇશ્વિર ઇશાન, શિક્ષક, પ્રેરક, સર્વેશ્વર પરમેશ્વર અંતર્યામી પ્રભુ સ્વામી આદિક શબ્દોથી વર્ણવ્યા છે. એમ ઐશ્વર્યના પ્રકારો અનેક વર્ણવ્યા છે.

આ રહસ્યાર્થ વચ. ઉપો. 'ઇશ્વિર કહે છે. પરમેશ્વર કહે છે. સર્વના નિયંતા છે, સર્વના અંતર્યામી છે, સ્વતંત્ર છે, પ્રકૃતિ કાળ આદિક શક્તિઓના પ્રેરક છે, અનંત કોટી બ્રહ્માંડના રાજાધિરાજ છે' આ સઘળા શબ્દોથી નિયમન રૂપ સ્વતંત્ર ઐશ્વર્ય કહ્યું છે. પ્ર. ૩૭ પ્ર. ૬૪ લોયા ૧-૧૨-૧૩-૧૬-૧૭-૧૮ પં. ૪ મધ્ય ૨૧-૬૬ અંત્ય ૩૨-૩૭-૩૮ માં વિવરણ છે. આ રીતે નિયમનરૂપ ઐશ્વર્યનું ઉપપાદન છે ॥ ૨૦-૨૩ ॥

विकारहेतोः सत्त्वेऽपि विकारविरहो हि यः ।
वीर्यं नामा गुणस्तस्य महावीर्यस्य कथ्यते ॥ २४ ॥

रामचन्द्रस्य वीर्यं हि ख्यातं भगवतोऽतुलम् ।
श्रीकृष्णस्यापि विख्यातं वीर्यमव्याहतं परम् ॥ २५ ॥

योऽयं योषासहस्रैश्च क्रीडन्नपि न विक्रियाम् ।
उपागमत्तु कस्तस्माद्भवेद्वै वीर्यवत्तमः ॥ २६ ॥

नरनारायणश्चायं प्रेषिताः शतमन्युना ।
सुरनारीर्विलोक्यापि नाक्षुभ्यत्काममोहिनीः ॥ २७ ॥

ताभ्योऽप्यभ्यधिकाकाररूपसौन्दर्यशालिनीम् ।
दिव्यां योषां सम्प्रदर्श्य मदं तासां च योऽहरत् ॥ २८ ॥

तस्मात्कोऽन्यो भवेद्देवात् वीर्याणां वीर्यवत्तमः ।
इत्याह साक्षाद्भगवान् श्रीहरिः प्रकटो भुवि ॥ २९ ॥

अस्य चापि महद्वीर्यं प्रत्यक्षमभिवीक्षितम् ।
यः सेवितो जयाद्याभिः रहस्यप्यच्युतोऽभवत् ॥ ३० ॥

यस्य वीर्यं महद्वीक्ष्य धर्माचार्यधुरां स्विकाम् ।
प्रसन्नमानसः स्वामी रामानन्दोऽर्पयद्गुरौ ॥ ३१ ॥

एवमेते गुणाः प्रोक्ता वक्ष्यमाणाश्च दुर्लभाः ।
स्वभावसिद्धाः प्रकटाः प्रादुर्भावेष्वपि प्रभोः ॥ ३२ ॥

एतद्वीर्यलवांशस्तु योगीन्द्रेषु विजृम्भते ।
महत्याऽपि विपत्त्या ते ह्यक्षोभ्यमनसोऽभवन् ॥ ३३ ॥

વીર્ય ગુણને વર્ણવે છે—વિકારના હેતુઓ સમીપમાં હોવા છતાં પણ વિકાર થાય નહિ એ મહાવીર્ય ભગવાનનો **વીર્ય** ગુણ કહ્યો છે. વિકાર થવાના હેતુઓ ન હોય તો વિકાર થાય નહિ એવા તો ઘણા હોય છે. પણ વિકારના હેતુઓ હોવા છતાં વિકારને પામે નહિ એવા કોઈ વિરલ હોય છે. માટે જ **'विकारहेतौ सति विक्रियन्ते येषां न चेतांसि त एव धीरा'** એવી અભ્યુક્તિ પ્રવર્તે છે. એવા તો એક મહાવીર્ય ભગવાન જ છે. એ બાબત **'ऋषिं नारायणमृते'** આ વચનથી કહી છે. રામચંદ્ર ભગવાનનો આવો અતુલ વીર્ય ગુણ રામાયણાદિકમાં સુપ્રસિદ્ધ છે. શ્રીકૃષ્ણ ભગવાનનો પણ આવો કોઈથી પણ પરાભવ ન પામે એવો પરમ વીર્ય ગુણ ભાગવતાદિકમાં પ્રસિદ્ધ છે ॥ જે આ ભગવાન્ હજારો હજાર સ્ત્રીઓ સાથે જ ક્રીડા કરતા થકા પણ લેશ વિકારને પામ્યા નહિ. તો આથી બીજો કોણ વીર્યવત્તમ હોઇ શકે ? એજ એક છે ॥

(આ બાબત ગોપીઓ અને દુર્વાસાના સંવાદથી વર્ણવી છે) નરનારાયણ ભગવાનના પરાભવ માટે ઈન્દ્રે કામમોહિની અનેક અપસરાઓ (આ બાબત ભાગવતમાં પ્રસિદ્ધ છે.) મોકલી હતી. તેને જોઈને પણ પોતે ક્ષોભ પામ્યા ન હતા. ઉલટું ઈન્દ્રે મોકલેલી અપસરાઓ કરતાં પણ અધિક રૂપ સૌન્દર્યવાળી દિવ્ય અપસરા ઉર્વશી તત્કાળ સજીને બતાવીને તેણીઓના મદને હરી લીધો હતો. માટે નરનારાયણ દેવથકી બીજો કોણ વીર્યવત્તમ છે ? વીરોને મધ્યે એ જ એક વીર્યવત્તમ છે. આ બાબત ભાગ. સ્કંધ ૧૧ માં વર્ણવી છે. આ બાબત ભૂમિ ઉપર પ્રકટ થએલા સાક્ષાત્ ભગવાન્ શ્રીહરિએ શ્રીમુખે (વચનામૃત) કહી છે. આ પ્રકટ ભગવાન્ શ્રીહરિનું પણ મહત્ વીર્ય સર્વ સુજનોના પ્રત્યક્ષમાં આવ્યું છે. જે પોતે જયા આદિક નારીઓએ એકાંતમાં સેવ્યાથકા પણ અચ્યુત રહ્યા હતા. ભગવાન્ શ્રીહરિના મહાવીર્ય ગુણને જોઈ જાણીને જ મનમાં મહા પ્રસન્ન થએલા ગુરુ રામાનંદ સ્વામીએ પોતાની ધર્માચાર્ય ધુરા શ્રીહરિમાં સમર્પણ કરી છે. આ બાબત સ. પ્ર. ૧ માં પ્રસિદ્ધ છે. આ રીતે આ કહ્યા એ અને કહેવામાં આવશે એવા સુદુર્લભ શુભ ગુણો મહાપ્રભુના પ્રાદુર્ભાવોમાં પણ સ્વભાવસિદ્ધ પ્રત્યક્ષ જોવામાં આવ્યા છે, તે તત્પર શાસ્ત્રોમાં સમ્યક્ વર્ણવ્યા છે ॥ આ વીર્ય ગુણનો લવલેશ યોગીન્દ્રો વિષે જોવામાં આવે છે. તે ગુણને લીધે તેઓ મહા આપત્તિમાં પણ મનમાં ક્ષોભ પામ્યા ન હતા. આ ભગવાનના વીર્ય ગુણનો પ્રખ્યાત પ્રતાપ છે ॥

આ એક વીર્ય ગુણનો પ્રકાર છે. બીજા પ્રકારથી પણ વીર્ય ગુણ વર્ણવ્યો છે. તાત્પર્ય તો એક જ છે. જગત્પ્રત્યે ઉપાદાન થવારૂપ હેતુ થતાં પણ કરોળીયાની પેઠે સ્વરૂપ સ્વભાવથી પ્રચ્યુતિ નહિ પામવારૂપ અથવા દોષાસ્પદ જડાજડમાં આત્મસ્વરૂપથી સતત રહેવા છતાં પણ આકાશની પેઠે **અદોષત્વરૂપ** અથવા અનંત કાર્યોને ખંતથી કરવા છતાં પણ **નિર્લેપત્વ રૂપ** અથવા અનંત જગતના ધારણ નિયમનમાં **અશિથિલતારૂપ** એમ અનેક પ્રકારે વીર્ય ગુણ વર્ણવ્યો છે. એમ કરીને ભગવાનની લોક વિલક્ષણતા સમર્થી છે.

તાત્પર્ય એ છે કે—લોકમાં કાર્ય પ્રત્યે જે કોઈ ઉપાદાન કારણ થાય તેમાં કોઇ ને કોઇપણ વિકાર અવશ્ય આવે જ છે. વિકાર પામે

તો જ ઉપાદાન કારણ થાય છે (જેમ મૃતિકા ઘટાદિરૂપે થાય છે) પરમાત્મા તો સ્વયં જગત્પ્રત્યે ઉપાદાન થાય તો પણ સ્વરૂપ સ્વભાવથી કદાપિ વિકારને પામતા **નથી.** એજ એમનામાં વિલક્ષણ વીર્ય છે. વિષ્ણુનામ સહસ્રમાં આવેલા '**મહાવીર્ય**' નામની નિરુક્તિ, '**हेतौ सति विकारस्याऽप्यविकारित्वलक्षणम्। महद्धि वीर्यं यस्येति महावीर्यः स वै स्मृतः॥**' આ રીતે યથાર્થ કહી છે. આ અર્થ '**शाश्वतं शिवमच्युतं**' આ શ્રુતિ અચ્યુત શબ્દથી નિરૂપે છે.

લોકમાં જે કોઈ દૂષિત સ્થાનમાં રહે તેને તેનો દોષ લાગ્યા વિના રહેતો નથી. પરમાત્મા તો દોષસ્થાન જડ અજડમાં અખંડ અંતરાત્મા પણે વસ્તુતઃ રહ્યા છે તથાપિ તેમને તેનો દોષ લેશ અડતો નથી. આ પણ એક વીર્ય ગુણનો પ્રબળ પ્રતાપ છે. આ બાબત સૂર્ય અને આકાશના દૃષ્ટાંતથી શ્રુતિએ જ સમજાવી છે. વ્યાસે '**न स्थानतोऽपि**' આ સૂત્રથી સ્પષ્ટ સમજાવી છે.

લોકમાં કોઈ, કાર્ય પ્રત્યે કર્તા થાય તને તેનો દોષ લાગ્યા વિના રહેતો નથી. પરમાત્મા તો સર્વ કાર્યો પ્રત્યે સ્વતંત્ર કર્તા થાય છે તો પણ તેનો દોષ લેશ તેમને અડતો નથી. આ બાબત '**तस्य कर्तारमपि मां विद्ध्यकर्तारमव्ययम्**' એમ પોતે ગીતામાં કહી છે. આ રીતે કર્તા થકા પણ અકર્તારૂપ વીર્ય ગુણ કહ્યો.

લોકમાં રાજા વિગેરે કાર્યવાહકો ધારણ નિયમન વિગેરે કાર્યને કરે છે ખરા, પણ તેમાં તેઓને શિથિલ થઈ જતા જોઈએ છીએ. થાકી કંટાળીને ઉદાસીન થઇને છેવટે તે કાર્યને પડતું પણ મૂકે છે. ગમે તેવો વીર્ય પરાક્રમવાળો હોય પણ છેવટે નિર્વેદ પામીને આળસુ શિથિલ બની જ જાય છે. પરમાત્મા તો અનાદિ કાળથી અનંત વિશ્વની ઉત્પત્તિ કરીને તેનું ધારણ નિયમનાદિ અપરિમિત કાર્યને કર્યા જ જાય છે. તથાપિ કદાપિ શિથિલ કે આળસુ થયા જોયા નથી. પોતાના કર્તવ્ય કાર્યમાં વૈરાગ્ય પામીને કંટાળીને શિથિલ ન થતાં સદા જાગરુક રહે છે. એથી જ '**अव्युच्छिन्नास्ततस्त्वेते सर्गस्थित्यन्तसंयमाः**' (વિ. પુ.) આમાં કહ્યા પ્રમાણે અનાદિ કાળથી જગદુત્પત્યાદિરૂપ વ્યાપાર અવિચ્છિન્ન અચળ ચાલ્યા જ કરે છે. જો જરા પણ ગાફલાઈ રાખે કે કંટાળે કે આળસ શિથિલતા રાખે તો બધો જ જગદ્વ્યાપાર ઉચ્છિન્ન (હતો ન હતો) થઈ

જાય. માટે સર્વકર્તા પરમાત્માને પણ અશિથિલતા રૂપ અનિર્વિણ્ણતાની વીર્યની ખાસ જરૂર છે. આ બાબત લોકમાં પણ પ્રસિદ્ધ છે. આવા કારણથીજ પરમાત્માને વિષ્ણુનામસહસ્રમાં **'अनिर्विण्णः'** એ નામથી નિરૂપ્યા છે. **'अनन्तवीर्य' 'अमितवीर्यामितविक्रमस्त्व'** એમ ગીતામાં વીર્યગુણની અપરિમિતતા કહી છે. ઉપર પ્રમાણે વિવિધ પ્રકારે વર્ણવેલા વીર્યગુણને લીધે પરમાત્માને અવિકારી અચ્યુત અવ્યય અક્ષોભ્ય અક્ષર અદોષ, અલેપ, અસંગ, અકર્તા ઇત્યાદિ સાર્થક નામથી નિરૂપ્યા છે. આ રીતે વીર્યગુણના વિશેષો વર્ણવ્યા છે. ઉપરનો તત્ત્વાર્થ વચ. પ્ર. ૪૧–૫૨–૬૨. સા. ૧૧. લોયા ૧૨–૧૩. મધ્ય ૫૭. વર. ૭ ઇત્યાદિ વચનામૃતોમાં સ્પષ્ટ છે. આ રીતે વિખ્યાત વીર્ય ગુણનું વિવરણ છે ॥ ૨૮–૩૩ ॥

पराभिभवसामर्थ्यं तेजश्चास्य महच्छ्रुतम् ।
यद्बाह्यमान्तरं चैव तमो विध्वंसयत्यहो ! ॥ ३४ ॥
अभक्तानां भीषणं यद् भक्तानामतिभूषणम् ।
प्रकाशते यदेकांशो द्युमण्यादिषु दीप्यते ॥ ३५ ॥
यस्यैव तेजसा भीता द्रवन्ति स्म दिशो दश ।
यातुधानाश्च रक्षांसि भूगर्तान्याश्रयंस्तथा ॥ ३६ ॥
यस्यैव तेजसा दग्धा पूतना कृत्यकादयः ।
यस्यैव तेजसि तथा कंसाद्याः शलभायिताः ॥ ३७ ॥
यस्यात्र प्रकटस्याद्य हरिकृष्णस्य वै तथा ।
कौलेयकाद्या दुर्वादिगणा नष्टाश्च तेजसि ॥ ३८ ॥
कोऽन्यस्तस्माद्भवेत्तेजस्वी सदा नृहरेर्हरेः ।
सूर्याद्याः समयं स्वं नोल्लङ्घन्ते चास्य वै भयात् ॥ ३९ ॥

તેજ ગુણને નિરૂપે છે—ભગવાનમાં છઠ્ઠો મહાગુણ તેજ વર્તે છે. પરાભિભવ સામર્થ્યને તેજ કહે છે. તેજને પ્રતાપ શબ્દથી પણ કહે છે. જે

તેજ બાહ્ય અંધકાર અને આંતર અજ્ઞાનરૂપ અંધકારને નાશ કરે છે. એમાં એવું આશ્ચર્ય રહ્યું છે. આ તેજ બાહ્ય આંતર તમમાં વિરોધી હોવાથી ભક્તોને આહ્લાદકારી અને અભક્તોને ભયંકર થાય છે. જે તેજનો એક અંશ સૂર્ય મણિ માણિક્ય આદિકમાં ભગવાને આપેલો હોઈને તેમને અધીનપણે પ્રકાશે છે. આ અર્થ **'तस्य भासा सर्वमिदं विभाति'** આ શ્રુતિમાં વર્ણવ્યો છે ॥ જે ભગવાનના તેજથી ભય પામીને યાતુધાનો અને રાક્ષસો દશ દિશાઓમાં દોડી જઈને ભૂગર્તોનો આશ્રય લે છે. સંતાઈ જાય છે ॥ જેના તેજથી પૂતના કૃત્યકા આદિક દગ્ધ થઈ ગઈ છે, જેના તે તેજમાં કંસાદિક રાજાઓ તીડની પેઠે પડીને બળીને ભસ્મસાત્ થઈ ગયા છે ॥ આ લોકમાં હાલ પ્રકટ થએલા જે શ્રીહરિકૃષ્ણ ભગવાનના તેજમાં કૌલપંથી આદિક દુષ્ટ વાદીગણો નષ્ટ થઈ ગયા છે ॥ આ નરહરિરૂપ શ્રીહરિથકી બીજો કોણ તેજસ્વી હોઈ શકે એજ એક છે. તેજસ્વી સૂર્યાદિકો પણ એ ભગવાનના તેજો વૈભવને લીધે પોતપોતાની મર્યાદાને જેના ભયથી ઉલ્લંઘન કરી શકતા નથી. આ બધો તેજનો પ્રથિત પ્રતાપ છે. **'तेजोबलैश्वर्य'** આ વચનમાં તેજ ગુણને પ્રથમ નંબરે લીધેલો હોવાથી તેનું ગૌરવ ઘણું કહેવાય. સહકારી સાધનની અપેક્ષા રાખ્યા વિના કાર્ય કરવું એને પણ **તેજ** શબ્દથી કહે છે. આ **તેજ** ભૌતિક પ્રભા પર્યાય નહિ પણ આ તો આત્માના ગુણભૂત જાણવું. લોકમાં તો કાર્યકર્તા સર્વેને સહકારી સાધનની અપેક્ષા પડે છે. પરમાત્મા તો અનાદિ કાળથી અનંત અઘટિત ઘટનાને ઘટાવ્યા જાય છે પણ સહકારીની અપેક્ષા પડતી નથી, કારણ કે સ્વયં મહાતેજસ્વી છે. લોકમાં જેટલું જેનામાં તેજ હોય તેટલો તે પોતે પરથી પરાભવ નહિ પામતાં બીજાઓને પરાભવે છે. દબાવી દે છે. ભગવાન તો મહા તેજસ્વી હોવાથી બ્રહ્માદિ કોઈથી પણ કદાપિ પરાભવ નહિ પામતાં બીજા સર્વેને પરાભવ પમાડી દે છે. જો આ તેજ ગુણ ન હોય તો કાયા નગરમાં નાદાર જીવને જ જેમ, વચ. મધ્ય.૧૨માં નાદાર રાજાના દૃષ્ટાંતથી કહેલો અનર્થ જેવો અનર્થ વિશ્વભરમાં થાય. એમ થતાં અત્યારે જે વિશ્વ વ્યવસ્થા એકરૂપ અદલ ચાલે છે તે ન જ રહે. અંત્ય. ૩૯ માં કહ્યા મુજબનો અતિ અનર્થ થાય **'नश्यन्ति बहुनायकाः'** આ તો પોતાના તેજથી સર્વેને એવા દબાવી દીધા છે કે કોઈપણ કદાપિ

ઊંચું માથું કરી શકેજ નહિ. ઉચ્છૃંખલ જગતને દબાવી દેવામાં તેજ ગુણની અવશ્ય અપેક્ષા છે. ભગવાને ગીતામાં **'स्वतेजसा विश्वमिदं तपन्तम्'** **'तेजस्तेजस्विनामहं'** આ વચનથી આવું તેજ વર્ણવ્યું છે. **'यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा तत्तदेवावगच्छ त्वं मम तेजोंशसम्भवम्'** એમ તેજના અલ્પ અંશથીજ સર્વકાર્યની સિદ્ધિ થવાની કહીને તેજની મહત્તા કહી છે. વિષ્ણુનામ સહસ્રમાં આવેલા **'महाद्युतिः'** આ નામનો અર્થ **'तेजोऽनपेक्षरूपं स्वं महद्यस्य महाद्युतिः'** એમ સહકારીની અનપેક્ષતારૂપ દ્યુતિ કહી છે. દ્યુતિ કહો કે તેજ કહો બન્ને એકાર્થ છે. **'तेजः'** આ નામનો અર્થ **'पराभिभवसामर्थ्यं तेजश्च परिपठ्यते'** એમ કર્યો છે. એમ તેજના બે અર્થો અન્વર્થ કર્યા છે. આ અર્થ વચ-પ્ર-૧૮-૫૬-૬૩ લોયા ૧૩ પં. ૭ ઇત્યાદિકમાં વર્ણવ્યો છે.

આ રીતે ગુણસાગર પરમાત્મામાં ભગવચ્છબ્દની પ્રવૃત્તિના નિમિત્તભૂત જ્ઞાન, શક્તિ, બળ, ઐશ્વર્ય, વીર્ય, તેજ, આ છ મુખ્ય ગુણોનું નિરૂપણ તત્પર શાસ્ત્રોને અનુસારે અહીં કરવામાં આવ્યું છે. આ છ ગુણોમાં ખાસ અનુક્રમ જણાતો નથી **'ज्ञानशक्तिबलैश्वर्यवीर्यतेजांस्यशेषतः'** આ ભગવચ્છબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત કહેવાને પ્રસંગે આવો અનુક્રમ કર્યો છે તેને આધારે આ ગુણોનું વર્ણન એ અનુકરણથી કર્યું છે. આ ગુણો અપરિમિત અગાધ શક્તિવાળા હોઈને પોતપોતાને કરવાનાં પર અવર યાવત્કાર્યોને **'विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत'** આમાં કહ્યા પ્રમાણે અલ્પાંશથીજ કરી દઈને, બીજા અવશિષ્ટ અનુપયોગી બહુ અંશોને અનુગુણ કાર્ય કરવાનું સ્થાન કે વિષય બહાર નહિ મળવાથી મહાસાગરમાં મહા તરંગોજ જેમ એમ અનંત ભગવત્સ્વરૂપમાં પર્યાપ્ત સ્થાન મેળવીને સમાઈ રહે છે. એક એક ગુણમાં સ્વકાર્ય કરવાની જેટલી શક્તિ છે તેટલીનો સમગ્રનો ઉપયોગ તો કદાપિ થતો નથી. જેમ અગ્નિમાં સર્વને બાળી દેવાની મોટી શક્તિ છે, તેના અલ્પાંશથીજ બાળી દેવાનું કાર્ય કરી દે છે. બીજી બધી શક્તિનો ઉપયોગ કરવો પડતો નથી. બીજી વધારાની શક્તિ તો પોતામાં કાર્ય કર્યા વગરની અનુપયોગી પડી રહે છે. તેમ પરમાત્માના ગુણોમાં સમજી લેવું. આવા ગુણોનો નિરવધિકાતિશય ઉત્કર્ષ હોવાથીજ ભગવાનને ગુણનિધિ, ગુણરત્નાકર

ગુણાકર, ગુણભૃત્, મહોદધિ, ષાડ્ગુણ્યનિધિ, એવા સાર્થક નામથી સંબોધવામાં આવે છે. આ પ્રકારે ભગવાનમાં રહેલા જે ગુણો તે નિત્ય, નિઃસીમ, અસંખ્ય, નિરુપાધિક, નિર્દોષ અને નિઃસમાધિક વર્તે છે. સ્વરૂપથીજ જેમ ગુણોથી પણ ભગવાનની અનંતતા નિરૂપી છે ॥૩૪-૩૯॥

एवं षाड्गुण्यसम्पन्नं वासुदेवं परात्परम् ।
निर्दोषं मुक्तभोग्यं तु मुक्तिदं सम्प्रचक्षते ॥ ४० ॥

षाड्गुण्यस्य विकासाश्च सद्गुणाः सन्ति कोटिशः ।
निर्दोषा भक्तिभावस्य वर्धका रसवत्तमाः ॥ ४१ ॥

હે મુનિઓ! આ રીતે પરાત્પર વાસુદેવ ભગવાનને જ્ઞાનાદિ છ ગુણોએ સંપન્ન, નિત્ય નિર્દોષ, મુક્તોએ ભોગ્ય અને આત્યંતિકી મુક્તિને આપનારા કહ્યા છે. ઉપરોક્ત છ ગુણોના વિકાસરૂપ બીજા કારુણ્યાદિ સદ્ગુણો ભગવાનમાં કોટિશઃ વર્તે છે. આ ગુણો, હેય દોષોએ રહિત હોઈને ભગવાનમાં ભક્તિભાવને વધારનારા અને અત્યંત રસાસ્વાદને ઉપજાવનારા છે. આનંદ કહો કે રસ કહો બન્ને એકાર્થ છે॥ ૪૦-૪૧ ॥

मुनय ऊचुः —

शतानन्द महाप्राज्ञ ! भगवत्सद्गुणामृतम् ।
भूयः पायय नः स्वामिन् ! तृप्तिर्नो पिबतामिदम् ॥ ४२ ॥

મુનિઓ કહે છે—હે મહાપ્રાજ્ઞ શતાનંદ સ્વામિન્! ભગવાનના સદ્ગુણરૂપ અમૃતને ફરીને અમોને પાન કરાવો એ ગુણોનું પાન કરતાં અમોને તૃપ્તિ થતી નથી. તમો મહાપ્રાજ્ઞ હોવાથી એ ગુણોને યથાસ્થિત જાણો છો, તો અમોને કહો ॥ ૪૨ ॥

शतानन्दमुनिरुवाच —

षाड्गुण्यप्रसवा देवेऽनन्ता सन्ति हरौ गुणाः ।
त्रेधा ते संविभक्तास्तु गुणतत्त्वविचिन्तकैः ॥ ४३ ॥

नृणां भजनसौकर्यकारकाः श्रीहरेस्तथा ।
भक्ताभीष्टकरास्त्वन्ये चान्ये प्रत्ययहेतवः ॥ ४४ ॥
येषां हरिगुणानां तु परामर्शेन देहिनाम् ।
हरेर्भजनसौकर्यबुद्धिस्ते प्रथमे मताः ॥ ४५ ॥
सम्पदां च समाहारं विपदां विनिवर्तनम् ।
मुक्तिं भुक्तिं हरिर्यैः साधयत्येते द्वितीयकाः ॥ ४६ ॥
भक्तान् निजाश्रितान् श्रीशः पालयिष्यत्यसंशयम् ।
इति विश्वासजनका गुणाः प्रत्ययहेतवः ॥ ४७ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! દેવાધિદેવ શ્રીહરિમાં જ્ઞાનાદિ છ ગુણોમાંથી પ્રસવને પામેલા કારુણ્યાદિ અનંત ગુણો અખંડ વર્તે છે. કોઈ જ્ઞાનમાંથી તો કોઈ શક્તિ વગેરેમાંથી પ્રસવેલા ગુણો છે. જ્ઞાન શક્તિની અવસ્થા રૂપ છે. અંતે તો સર્વેનો જ્ઞાનમાં સમાવેશ છે. આ ગુણોમાં ગુણ તત્ત્વના વિચિંતક મહાજનોએ ત્રણ વિભાગો તાત્પર્યવશાત્ માન્યા છે. મુમુક્ષુ નરોને ભજન કરવાની સુકરતાને સંપાદનારા જે શ્રીહરિના ગુણો તે પ્રથમ વિભાગમાં છે. ભક્તોને અભીષ્ટ સંપાદન કરી આપનારા જે ગુણો તે બીજા વિભાગમાં છે. ભગવાનમાં વિશ્વાસને સંપાદનારા જે ગુણો તે ત્રીજા વિભાગમાં છે ॥ શ્રીહરિના જે ગુણોનો સુવિચાર કરવાથી મુમુક્ષુ મનુષ્યોને સુખેથી ભજન કરવા બુદ્ધિ ઉપજે તે પ્રથમ નંબરના ગુણો જાણવા. ભગવાન્ પોતે જે ગુણોએ કરીને સંપદાઓની સંપ્રાપ્તિ કરી આપે અને વિપત્તિઓની નિવૃત્તિ કરી આપે અને આ લોકમાં ભકિત અને પરલોકમાં મુકિતને સાધી આપે એ ગુણો બીજા નંબરના જાણવા. નિજાશ્રિત ભકતોને ભગવાન્ પોતે અસંશય પાળશેજ એવા વિશ્વાસને ઉપજાવનારા જે ગુણો તે ત્રીજા નંબરના જાણવા. આ રીતે ગુણોમાં ભિન્ન તાત્પર્ય વશાત્ ભેદ સમજવો. આ રીતે ગુણોનો ઉપયોગ થાય છે. જ્ઞાનાદિ જે છ ગુણો કહ્યા એતો જગતની સૃષ્ટિ આદિકમાં ઉપયોગમાં આવતા છે ॥ ૪૭ ॥

सौलभ्यं चैव सौशील्यं वात्सल्यं चामितं हरेः ।
इत्याद्या भजनोद्युक्तनॄणां सौकर्यधीकराः ॥ ४८ ॥

સુલભતા, સુશીલતા, વત્સલતા, ઈત્યાદિ ગુણો ભગવાનમાં વર્તે છે તે ભજનોદ્યમી મનુષ્યોને ભજનની સુકરતા બુદ્ધિને ઉપજાવનારા છે ભગવાનના આ ગુણોને જાણે તો સુખેથી ભગવાન ભજવાની બુદ્ધિ ઉપજે. 'इत्थंभूतगुणो हरिः' એમાં કહ્યા પ્રમાણે ભગવાનમાં એવા ગુણો છે કે ભક્તો એમની ભક્તિ કરવા લાગીજ જાય ॥ ૪૮ ॥

क्वाहमत्यन्तदुर्बुद्धिः क्वाचासावक्षराधिपः ।
इति चिन्ताविषघ्नं तु सौशील्यं परमं हरेः ॥ ४९ ॥

महतोऽपि च संश्लेषो नैरन्ध्र्येणाल्पकैः सह ।
सौशील्यमस्य परमं प्रादुर्भावेषु चेक्षितम् ॥ ५० ॥

सख्यभावेन यो व्याधकपिगोपादिभिर्हरिः ।
संश्लिष्टोऽदान्महानन्दं स्वं दिव्यं शीलवान् स हि ॥ ५१ ॥

यः स्वभक्तैः सहितोरासक्रीडाद्याचरत् प्रभुः ।
हरिकृष्णश्च भगवान् शीलमस्य महाद्भुतम् ॥ ५२ ॥

સૌશીલ્ય ગુણને કહે છે—અત્યંત દુર્બુદ્ધિ હું ક્યાં ? અને અક્ષરાધિપતિ ભગવાન્ ક્યાં? એમનો મેળાપ તો મને કીડી કુંજરના મેળાપ જેવો અત્યંત દુર્લભ છે. એવું ચિંતારૂપ વિષ મુમુક્ષુના મનમાં પ્રસરે છે પરંતુ જ્યારે ભગવાનના પરમ સૌશીલ્યનો વિચાર કરે છે ત્યારે તે ચિંતાવિષ ઉતરી જાય છે ॥ સૌશીલ્ય કેને કહે છે ? તો પોતાની ગમે તેવી સર્વોપરી મોટાઈ હોય તે આડી આવે નહિ અને મંદ તુચ્છોની સાથે પણ કપટલેશ રાખ્યા વિના નિરંતર મેળાપમાં રસ આવે એવો ઉચ્ચ સ્વભાવ તેને **સૌશીલ્ય** ગુણ કહે છે. પોતાની મહત્તાને આગળ રાખીને કે અંતરાય

રાખીને તુચ્છો સાથે મેળાપ રાખનારા મોટાઓ તો ઘણા મળી આવે પરંતુ આવા લક્ષણવાળો સુશીલ તો કોઈ વિરલોજ મળી આવે. લોકમાં રાજા કે અધિકારી કે બીજો હરકોઈ મોટો માણસ હોય તે પોતાની મોટાઈનું અભિમાન નહિ રાખીને કોઈ ગરીબ રાંક જેવો ક્ષુદ્ર માણસ હોય તેની સાથે પણ કશોય અંતરાય રાખ્યા વિના સદાય એકમેક મેળાપ રાખે એ બહુ કઠિન છે. મોટાઓને ક્ષુદ્રના ઘરમાં અતિથિ થવું, તેણે આપેલું જે તે જમવું, તેની સાથે સમાન યોગ ક્ષેમ રાખવું, આ બધુ દૂષણરૂપ નથી પણ ભૂષણરૂપ છે. માટેજ **'शीलं परं भूषण'** એવી અભિયુક્તિ પ્રવર્તે છે. આવા સૌશીલ્ય ગુણથી લોકો સ્વવશ થાય છે એ લોક પ્રસિદ્ધ બાબત છે. પરમાત્મા પોતે સ્વરૂપ, રૂપ, ગુણ, વિભૂતિ વગેરે વડે સર્વોપરી મોટા છે અને સર્વને અગોચર છે તથાપિ ચર્મ ચક્ષુવાળાઓને પણ પ્રત્યક્ષ યોગ્ય થાય છે તેમજ વિવિધ વિચિત્ર નીચ યોનિમાં અવતાર ધારીને પોતાની મોટાઈને કિંચિત્ પણ નહિ ગણીને, ગરીબ ભક્તોની સાથે કપટલેશ રાખ્યા વિના સર્વ પ્રકારનો મેળાપ તેની સાથે રાખે છે આજ એમનો શૌશીલ્ય મહાગુણ મનાય છે. આ પરમ સૌશીલ્ય ગુણ રામકૃષ્ણાદિ અવતારોમાં પણ પ્રત્યક્ષ જોવામાં આવ્યો છે. શ્રીરામે સખા ભાવથી વ્યાધ વાનર શબરી આદિક તુચ્છોની સાથે સંશ્લેષ કર્યો હતો. શ્રીકૃષ્ણે ગાયો ગોપ ગોપીઓ માળી સુદામા કુબ્જા આદિક સાથે સંશ્લેષ સાધ્યો હતો. અને સ્વભક્તો સાથે શ્રીહરિકૃષ્ણ પ્રભુએ પણ રાસાદિ લીલા કરી હતી. તથા કોળી કાઠી કણબી આહીર આદિક સાથે મેળાપ રાખ્યો હતો. એમ કરીને તે તે ભક્તોને પોતાનો દિવ્ય આનંદ આપ્યો હતો. આ કથાઓ જોતાં ભગવાન્ સુશીલ છે એમ સાબીત થાય છે. પ્રકટ થએલા ભગવાન શ્રીહરિનું સૌશીલ્ય મહાઅદ્ભુત છે. તે પોતે વચ. અંત્ય ૨૧ માં બહુ વિવેચનથી જણાવ્યું છે.

વિષ્ણુનામ સહસ્રના ભાષ્યાદિકમાં આ ગુણનું વિવેચન છે. સ્વયં ભગવાન્ દિવ્ય મહિષી લક્ષ્મીજીને લીધે અને મહાવિભૂતિને લીધે કોઇની પણ સ્પૃહા વિનાના છે. તથાપિ સુશીલ ગુણશાળી હોવાથી પ્રેમી ભક્તોએ એમનું મન વશ કરી લીધું છે. એ બાબત ભગવાને પોતે **'अहं भक्तपरा-**

धीनो ह्यस्वतन्त्र इव द्विज। साधुभिर्ग्रस्तहृदयो भक्तैर्भक्तजनप्रियः' "विसृजति हृदयं न यस्य साक्षात् प्रणय... ...धृताङ्घ्रिपद्मः' એમ કહ્યું છે. બીજા ગુણોથી બહુ નહિ પણ સૌશીલ્ય ગુણથી તો ભગવાને મોટી કીર્તિ મેળવેલી શાસ્ત્રપ્રસિદ્ધ છે. ભગવાન્ સુજ્ઞાન હશે કે દુર્જ્ઞાન હશે? સુખસાધ્ય હશે કે દુઃખસાધ્ય હશે? સુલભ હશે કે દુર્લભ હશે? ઇત્યાદિ જે ભક્તશંકાઓ તે પણ સૌશીલ્ય ગુણથી ટાળી નાખી છે. આ ગુણથી ભક્તોની આગળ કશું માન અહંકાર નહિ રાખીને અર્જુનના સારથી થયા, ઉગ્રસેનને રાજા બનાવ્યો, પાંડવોનું દૂતપણું કર્યું, વગેરે પ્રકારથી તેમને બહુ માન આપ્યું છે. આ બાબત પણ પોતે જ 'ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम्' 'ताः सर्वाः शिरसा देवः प्रतिगृह्णाति वै स्वयम्' 'पत्रं पुष्पं...अश्नामि प्रयतात्मनः' આ રીતે સૌશીલ્ય ગુણનું સ્વરૂપ અને તેનાં કાર્યો ગ્રંથોમાં ઘણાં જણાવ્યાં છે. સારલ્ય અને સૌજન્ય પણ આવાજ લક્ષણવાળું જાણવું ॥ ४९-५२ ॥

सौलभ्यमस्य परमं भक्तिसौकर्यकारकम् ।
सुलभः सुलाभाराध्यः पत्रपुष्पादिनाऽपि च ॥ ५३ ॥

सूनृतेनैव सूक्तेन यः प्रतुष्यति केशवः ।
सोऽयमञ्जलिबद्धाय दास्यं यच्छति दुर्लभम् ॥ ५४ ॥

यः केवलं भावशुद्धया प्रतुष्यति जनार्दनः ।
भूयप्यभक्त्योपहृतं यस्य तुष्टयै न कल्पते ॥ ५५ ॥

अन्वेष्टव्यः श्रुतिगणैर्योगाञ्चितधिया च यः ।
प्रादुर्भूतोऽत्र जगति दिव्यो देवः परात्परः ॥ ५६ ॥

स्वयं चान्विष्य भक्तान् स्वान् तेभ्यो यश्च स्वदर्शनम् ।
ददात्यव्याहतैश्वर्यः कस्तस्मात्सुलभोऽपरः ॥ ५७ ॥

भक्तोपकल्पितं किञ्चिद्रूपं मूर्तिं स्विकां च सः ।
सङ्गृह्य षाड्गुण्यमूर्तिः सन्निधत्ते हरिः किल ॥ ५८ ॥
एवं सौलभ्यमधिकं ज्ञात्वा कृष्णे हरौ नरः ।
दौर्लभ्यचिन्तां सन्त्यज्य सेवेत सुखतस्तु तम् ॥ ५९ ॥

સૌલભ્ય ગુણને કહે છે—સુદુર્લભ છતાં સુલભ થવામાં ઉપયોગી ગુણ વિશેષને **સૌલભ્ય** કહે છે. આ ગુણ ભગવાનમાં સર્વાધિક છે. ભક્તોને સુખેથી ભક્તિ કરવામાં બહુ ઉપયોગી છે. સુલભ હોય તેની ભક્તિ સુખેથી થઈ શકે. જેનો મેળાપ જ દુર્લભ હોય તેની ભક્તિ થઈ શકે નહિ. ભગવાન્ સ્વતઃ સુલભ હોવાથી અત્યલ્પ પત્ર, પુષ્પ, ફળ, જળાદિકથી પણ તેમનું આરાધન સુખેથી થઈ શકે છે. કેવળ સત્ય, પ્રિય મધુર વાક્યથી પણ ભગવાન બહુજ પ્રતોષને પામે છે. વળી કેવળ ભાવથી હાથ જોડવાથી પણ પ્રસન્ન થઈને તે ભક્તને પોતાનું દાસ્ય કે જે સુદુર્લભ માન્યું છે તેને પણ આપે છે. કિં બહુના કેવળ ભાવશુદ્ધિથી જનાર્દન ભગવાન્ પ્રસન્ન થાય છે. ભક્તિ વિના ભલે ઘણું અર્પણ કરે તો પણ તેની ઉપર પ્રસન્ન થતા નથી. **'भक्त्या तुतोष भगवान् गजयूथपाय'** એમ છે. જે ભગવાન્ શ્રુતિ ગણોએ અને યોગ શુદ્ધ બુદ્ધિ વડે શોધવા યોગ્ય છે તે પરાત્પર દિવ્ય દેવ નારાયણ આ જગતમાં અનેક અવતારોને ધારીને, પોતે અવ્યાહત ઐશ્વર્ય (સમગ્ર ઐશ્વર્યે સહિત) હોવા છતાં નિજ ભક્તોને ખોળી કાઢીને તેમને પોતાનું દર્શન આપે છે. એવા એ ભગવાન્ થકી બીજો કોણ સુલભ છે? કોઈપણ નથી. વળી ભક્તોએ યથા તથા કલ્પેલા હરકોઈ રૂપને તથા તેણે માનેલી પોતાની મૂર્તિ સ્વીકારી લઈને તેમાં જ્ઞાનાદિ ષડ્ગુણે સંપન્નપણે સન્નિધિ આપે છે. આ સઘળું સૌલભ્ય ગુણને શોભાડનારું સમાચરણ છે. આ રીતે ભગવાનના સૌલભ્યને સમધિક સમજીને શ્રીકૃષ્ણ શ્રીહરિને મુમુક્ષુ નર ભગવાનના દુર્લભપણાની ચિંતાને છોડીને સુખેથી સેવન કરે ॥

તાત્પર્ય એ છે કે—ભગવાન તો મન વાણીને અગોચર, અપરિચ્છિન્ન જ્ઞાનાનંદૈકસ્વરૂપ આત્મારામ પૂર્ણકામ અવાકી અનાદર હોવાથી એમને કશી પ્રવૃત્તિની જરૂર નથી. તથાપિ દિવ્યમૂર્તિ વિશેષથી મુક્તોને આનંદ આપવા પરરૂપે પરધામમાં સદા વિરાજે છે. વળી દોષાસ્પદ હૃદયમાં મુમુક્ષુઓને ઉપાસન કરાવવા અંગુષ્ઠ પરિમિત મૂર્તિ વિશેષથી સન્નિધિ આપી રહ્યા છે. વળી વાસુદેવાદિ વ્યૂહરૂપે પ્રત્યેક બ્રહ્માંડોમાં ભક્તો માટે નિજમૂર્તિમાંથી પ્રકાશે છે. વળી આ પ્રાકૃત પૃથ્વી ઉપર પણ કૃષ્ણાદિ અનંત અવતારરૂપે અને જે તે સ્થળે અર્ચાવતાર રૂપે પણ નિજભક્તો માટે વિરાજે છે. આ સઘળો પ્રભાવ ભગવાનના સૌલભ્ય ગુણનો પ્રત્યક્ષ છે. છે. વળી પોતે પૂર્ણકામ સત્યકામ સત્યસંકલ્પ મહાવિભૂતિમાન્ લક્ષ્મીપતિ હોવા છતાં ભક્તોએ ભાવથી અર્પેલા અતિક્ષુદ્ર પત્ર પુષ્પાદિકને પણ સાપેક્ષવત્ સ્વયં સ્વીકારે છે. વળી ચર્મચક્ષુ કોઈ ભક્તને પુત્રરૂપે, તો કોઇને પતિરૂપે, તો કોઇને સારથિરૂપે, તો કોઇને દૂતરૂપે, તો કોઇને નિકૃષ્ટ એવા નરસિંહ વરાહ મત્સ્ય કૂર્માદિ અવતારરૂપે ભક્તેચ્છાનુસારે પ્રકાશમાં આવે છે.

આ અર્થ સર્વ શાસ્ત્રોમાં ત્યાં ત્યાં વિસ્પષ્ટ વર્ણવ્યો છે. **'यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम्'** **'तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः'** **'ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्'** **'जगदुपकृतिमर्त्यः'** **'जगतामुपकाराय'** ઇત્યાદિ. શબરી ભીલડીને મળીને તેની પૂજા સ્વીકારી. ભીલ ગુહરાજાને મળ્યા, ભરદ્વાજના આશ્રમમાં પધાર્યા, વિભીષણને સ્વસમાગમ આપ્યો ઈત્યાદિકથી શ્રીરામનું સૌલભ્ય સૂચવ્યું છે. માળીની પૂજા સ્વીકારી. કુબ્જાને ઘેર આવવાનું કહ્યું. **'अहो भाग्यं'** એમ નંદગોપ અને વ્રજવાસિઓના મિત્ર થઈ રહ્યા. ઇત્યાદિ પ્રકારથી શ્રીકૃષ્ણનું સૌલભ્ય જણાવ્યું છે. શ્રીહરિનું સૌલભ્ય તે તે ભક્તાખ્યાનોમાં અનુસ્યૂત છે. આ બાબત પ્ર. ૭૮ માં સુસ્પષ્ટ વર્ણવી છે. આ સુલભ થવા રૂપ, ગુણ, ઉપાસનમાં બહુ ઉપયોગી હોવાથી કવિઓએ 'દુર્લભ સુલભ થયા આજ' એમ સ્વકાવ્યમાં ગાયું છે. આ રીતે સુલભ ગુણનું વિવરણ છે ॥ ૫૩–૫૯ ॥

अपराधसहस्राणां चिन्तनात् बिभ्यतां सताम् ।
हस्तावलम्बं कुरुते हरेर्वात्सल्यमुत्तमम् ॥ ६० ॥

मित्रभावेन सम्प्राप्तं न त्यजेयं कथञ्चन ।
दोषो यद्यपि तस्य स्यात्' इत्यस्यास्ति महाव्रतम् ॥ ६१ ॥

निजाश्रितानां भयमुत्कटं हरिर्निवारयन् वा अभयाख्यमुद्रया ।
तान् सान्त्वयन् मन्दशुचिस्मितेन ख्यातस्तु वात्सल्यगुणामृताब्धिः ॥ ६२ ॥

अतिप्रीत्या भक्तजने हरिर्दोषानुपेक्षते ।
इति ज्ञात्वा प्रवर्तेत निर्भयो भजने नरः ॥ ६३ ॥

વાત્સલ્ય ગુણને કહે છે—મેં હજારો હજાર અપરાધો કર્યા છે તો મારું રક્ષણ ભગવાન કેમ કરશે ? એવી ચિંતાથી ભયભીત બનેલા ભક્તોને ભગવાન્ હસ્તાવલંબન સ્વયં આપે છે. ભગવાનનું આ ઉત્તમ વાત્સલ્ય માન્યું છે ॥ મિત્ર ભાવથી પ્રાપ્ત થએલા એવા કોઈને પણ હું કોઈ પણ પ્રકારે ત્યાગ કરીશ નહિ, ભલે એમનો દોષ હોય. ભગવાનનું આવું મહાવ્રત છે. ભાવાર્થ એવો છે કે હનુમાન સુગ્રીવાદિકે શરણાગત વિભીષણના બહુ બહુ દોષો કહ્યા, પણ શ્રીરામે પ્રતિપક્ષી થઈને દૃઢતાપૂર્વક તેની રક્ષા કરી હતી. આ ઉપરથી 'ભકતોના દોષમાં પણ ગુણપણાની બુદ્ધિ અથવા ભકતોના દોષો જોવા નહિ' એ વાત્સલ્ય ગુણનું લક્ષણ સમજાય છે. સ્નેહાતિશયનું આ કાર્ય હોવાથી નિરતિશય સ્નેહને પણ વાત્સલ્ય કહે છે. **'रिपूणामपि वत्सलः' 'विदितः स हि धर्मज्ञः शरणागतवत्सलः'** એમ શ્રીરામને શત્રુ મિત્ર ભકત સર્વમાં વત્સલતાવાળા વર્ણવ્યા છે. **'प्रीतिमान् पुण्डरीकाक्षः शरणागतवत्सलः' 'नारायणेति यस्यास्ये वर्तते नाम मङ्गलम् । नारायणस्तमन्वास्ते वत्सं गौरिव वत्सला'** એવાં પણ વચનો છે. વત્સલતામાં વત્સવત્સલ ગાયનું અને માતાપિતાનું દૃષ્ટાંત દેવામાં આવે છે. ગાય પોતાના વત્સના દોષને અને માતાપિતા પોતાના પુત્રના દોષને જોતા નથી. ઉલટું દોષને પણ ગુણ તરીકે માને છે. વત્સલતામાં આ બન્ને બાબતો આ દૃષ્ટાંત દૃષ્ટ છે. વિષ્ણુનામ સહસ્રમાં આવેલા **'वत्सलः'** આ નામનો અનુગુણ અર્થ તેના ભાષ્યમાં કર્યો છે તે થકી જાણવો. આ અર્થ પ્ર-૬૧ મધ્ય ૧૮-૨૮ પં-૩ માં સ્પષ્ટ વર્ણવ્યો છે ॥ નિજાશ્રિતોના ઉત્કટ

ભયને સ્વયં ભગવાન્ પોતાની અભયસૂચક હસ્ત મુદ્રાથી નિવારે છે અને મંદ શુચિ હાસથી તે ભક્તોની સાંત્વના કરે છે. માટે ભગવાન વાત્સલ્ય-ગુણામૃતાબ્ધિ તરીકે પ્રસિદ્ધિને પામ્યા છે. વાત્સલ્યગુણરૂપ અમૃતના સમુદ્રરૂપ ભગવાન છે. યામુનાચાર્યે ભગવાનને '**निरवधिकवात्सल्यजलधे**' એમ સંબોધ્યા છે. શ્રીહરિ ભક્તવત્સલ હોવાથી ભક્તોને પણ '**सर्वैरपि यथाशक्ति भाव्यं दीनेषु वत्सलैः**' એવો ઉપદેશ આપે છે. '**मम प्राणाः हि पाण्डवाः**' '**प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः**' **ज्ञानी त्वात्मैव मे मतम्**' '**न तस्यान्यः प्रियतरः प्रतिबुद्धैर्महात्मभिः**' આ રીતે શ્રીમુખે જણાવેલી ભક્તો ઉપરની અતિ પ્રીતિને વશ થઇને ભક્તોમાં સ્થિત દોષોની પણ ઉપેક્ષા કરે છે. ગણતરીમાં લેતા નથી. એમ દઢ સમજીને ભક્તજને નિર્ભય થઇને ભજનમાં તત્પર રહેવું. પાપભયથી પાછું પડવું નહિ. '**अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः**' એમ શ્રીમુખે પ્રતિજ્ઞા કરીને કહે છે. આ રીતે વાત્સલ્ય ગુણનું વિવરણ છે ॥ ૬૦-૬૩ ॥

स्वामित्वं चैव सौहार्दं तथा कारुण्यमार्जवम् ।
इत्यादयो गुणाः प्रोक्ता हरेः प्रत्ययहेतवः ॥ ६४ ॥

સ્વામિપણું, સુહૃદ્પણું, કારુણ્ય, આર્જવ ઇત્યાદિ ભગવાન્નિષ્ઠ ગુણો, ભગવાનમાં સુદઢ વિશ્વાસ લાવવામાં કારણભૂત કહ્યા છે. આ ગુણોને સમજે તો ભગવાનમાં વિશ્વાસ આવે કે મારૂં અવશ્ય રક્ષણ કરશે જ ॥ ૬૪ ॥

अस्माकं यदनिष्टं तदवश्यं नाशयिष्यति ।
श्रीहरिः परमप्रीत इष्टमद्धा विधास्यति ॥ ६५ ॥
स्वत्वं ह्यात्मनि सञ्जातं स्वामित्वं श्रीहरौ स्थितम् ।
स्वभूतस्य च संरक्षा स्वामिनो भर एव च ॥ ६६ ॥
यतो नारायणस्त्वेषोऽन्तरात्मा सर्वधारकः ।
अतः स्वामी च सर्वस्य हरिकृष्णः सदा स्मृतः ॥ ६७ ॥

स्वामित्वमस्य नोपाधेः कादाचित्कं मतंविभोः ।
किन्तु स्वतः सार्वत्रिकं हरेः सर्वान्तरात्मनः ॥ ६८ ॥
शरीरभूतं सर्वं हि क्षरं चाक्षरमेव च ।
यच्चापि चिच्च जडं ईशानीशादिकं तथा ॥ ६९ ॥
सर्वान्तरात्मा सर्वस्य नियन्ताऽऽधार एव च ।
सदा पतिश्च सर्वेषां देवो नारायणो हरिः ॥ ७० ॥
स एव श्रीहरिः कृष्णः प्रादुर्भूतः कलाविह ।
नाम्ना च श्रीहरिकृष्णः स्वामिनारायणस्तथा ॥ ७१ ॥

સ્વામિપણાને નિરૂપે છે—પરમ ભક્તો વિષે પરમ પ્રીતિમાન્ ભગવાન શ્રીહરિ અમારા અનિષ્ટને અવશ્ય નિવારશે અને ઇષ્ટને જરૂરથી સંપાદન કરી આપશે. કેમકે આત્માઓમાં દાસપણું અને ભગવાનમાં સ્વામિપણું સ્થિત છે. બન્ને વચ્ચે સ્વામી સેવક ભાવ '**दासभूताः स्वतः सर्वे ह्यात्मानः परमात्मनः**' ઇત્યાદિ શાસ્ત્ર સિદ્ધ છે. 'હું દાસ છું અને શ્રીહરિ મારા સ્વામી છે' એવી સ્મૃતિ સદા રાખવી ઘટે. સ્વભૂત (સેવક ભૂત) ભક્તોનું સંરક્ષણ કરવું એ સ્વામીને શિરે ભાર છે. સ્વતઃ સ્વામીએ સ્વનું રક્ષણ કરવું જ જોઇએ એ ન્યાયની વાત છે. સેવકનો બધો ભાર વહન કરવો પડે છે, પ્રજાઓનો ભાર રાજા ઉપર છે, શિષ્યોનો ભાર ગુરુ ઉપર છે. સ્ત્રીનો ભાર પતિ ઉપર છે એમ શાસ્ત્રો કહે છે. ભગવાન જ સ્વામી શાથી ? તો પોતે નારાયણ નામધારી હોઇને સર્વાન્તરાત્મા અને સર્વાધાર છે. આ કારણથી સર્વના સ્વામી શ્રીહરિ કૃષ્ણને કહ્યા છે, સર્વ વ્યાપક ભગવાનનું આ સ્વામિપણું બીજાઓની પેઠે ઔપાધિક કાદાચિત્ક નથી. પરંતુ સ્વતઃ હોઇને સાર્વત્રિક છે. કેમકે '**एष सर्वान्तरात्मा**' આ શ્રુતિમાં કહ્યા મુજબ સર્વાન્તરાત્મા છે. ક્ષર અક્ષર આદિક સર્વ પણ પરમાત્માના શરીરભૂત છે. જે કંઈ ચિત્ અને જડ તેમ જ ઇશ–અનિશપણે કહ્યું છે તે બધું જ '**यस्य प्रकृतिः शरीरं**' '**यस्यात्मा शरीरं**' '**यस्याक्षरं शरीरं**'

આ શ્રુતિમાં કહ્યા મુજબ પરમાત્માના શરીર ભૂત છે. જ્યારે યત્કિંચિત્ સર્વે પરમાત્માના શરીરભૂત છે. તો તેની અપેક્ષાએ સર્વના અંતરાત્મા સર્વેના નિયંતા સર્વના આધાર અને સર્વના પતિ '**दिव्यो देव एको नारायणः**' '**पतिं विश्वस्य**' આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે એક દિવ્ય દેવ નારાયણ શ્રીહરિ જ છે. બીજા કોઈ નહિ. જે સર્વાન્તરાત્મા સર્વનિયંતા સર્વાધાર શ્રીહરિ, શ્રીકૃષ્ણ, શ્રીનારાયણ કહ્યા એજ શ્રીહરિકૃષ્ણ તથા સ્વામિનારાયણ નામથી આ કળિયુગમાં પ્રાદુર્ભવ્યા છે ॥ ૬૫-૭૧ ॥

नारा अयनमस्येति सर्वान्तर्व्याप्तिरुच्यते ।
नराणामयनं चेति सर्वाधारत्वमुच्यते ॥ ७२ ॥

स्वामीति सर्व शेषित्वमुक्तं सर्वान्तरात्मनोऽस्य च ।
नररूपस्य धर्मस्यापत्यं नारायणस्तथा ॥ ७३ ॥

कर्मधारयवृत्त्याऽयं स्वामिनारायणेति वै ।
मन्त्रः सर्वान्तरात्मानं सर्वाधारं पतिं तथा ॥ ७४ ॥

सर्वस्य सर्वदा दिव्यगोलोकस्थाक्षराधिपम् ।
धर्मापत्यतया प्रादुर्भूतं कृष्णं हरिं जगौ ॥ ७५ ॥

एवं नाम्नो निरुक्तं यो जानातीह समाहितः ।
स्वनिष्ठत्वभ्रमं स्वात्मात्मीयवर्गे व्यपोह्य सः ॥ ७६ ॥

विच्छिन्नसंशयः पूतमना विगतकल्मषः ।
हरौ दास्यं विनिश्चित्य भक्तः स्यात् भक्तिधर्मजे ॥ ७७ ॥

यथा देहस्य संरक्षाभरोऽस्त्येवात्मनस्तथा ।
स्वभूतस्य ममायं तु प्रपन्नस्य विधास्यति ॥ ७८ ॥

रक्षणं श्रीहरिः कृष्णः स्वामिनारायणः प्रभुः ।
इति स्वामित्वविज्ञानात्प्रत्ययो जायते हरौ ॥ ७९ ॥

પ્રસંગાત્ સ્વામિનારાયણ નામનો અન્વર્થ અર્થ કરે છે—'**नारा अयनमस्य**', એમ બહુવ્રીહિ સમાસ કરતાં સર્વાન્તર્વ્યાપ્તિ આવે છે. '**नाराणामयनं**' એમ તત્પુરુષ સમાસ કરતાં સર્વધારપણું આવે છે. 'સર્વ વસ્તુઓમાં વ્યાપક અને સર્વાધાર' એવો અર્થ નીકળે છે. જેનો ક્ષય થાય તે **र** કહેવાય. જેનો સ્વરૂપથી કે પ્રવાહથી ક્ષય ન થાય તે **नर** કહેવાય. ચિત્ અચિતનો ક્ષય નહિ હોવાથી તેને **नर** શબ્દથી કહેવાય. નરનો સમુદાય તે **नार** કહેવાય. આવી નિરુક્તિ '**अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः**' આ શ્રુતિએ જ કરી છે અને '**स्वामी**' શબ્દથી સર્વવ્યાપક સર્વાધાર શ્રીનારાયણનું શેષિત્વ કહ્યું છે. કારણ કે જડચિદાત્મક સર્વ જગત તેમનું શેષ છે. અથવા નરરૂપ જે ધર્મદેવ તેના પુત્રને નારાયણ કહેવાય. સ્વામી અને નારાયણ આ બન્ને નામો વચ્ચે "**स्वामी चासौ नारायणः स्वामिनारायणः**' એમ કર્મધારય સમાસ સમજવો. એટલે બન્ને અર્થો એક જ વ્યક્તિમાં આવે. સર્વના પતિ તે સ્વામી કહેવાય. '**स्वमैश्वर्यं**' આવો અર્થ હોવાથી 'સર્વૈશ્વર્ય સંપન્ન' એવો અર્થ થાય છે. બન્ને શબ્દો મળીને "સર્વ ઐશ્વર્ય સંપન્ન, સર્વશેષી, સર્વાન્તર્યામી, સર્વાધાર" એવો અર્થ નિશ્ચિત થાય છે. તાત્પર્યાતિશય હોવાથી સર્વમંગળસ્તોત્રમાં 'સ્વામી' નામનો પ્રથમ નંબરે નિવેશ કર્યો છે. '**त्वमेवैकः स्वामी सकलजगताम्**' એવું વચન છે. આ એક ષડક્ષર મંત્ર હોવાથી એ નામથી શ્રીહરિનો બહુધા વ્યવહાર તે તે સ્થળે કર્યો છે. આ દૃષ્ટિએ દેખતાં આ મંત્ર, સર્વાન્તરાત્મા, સર્વાધાર, સર્વપતિ, સર્વદા દિવ્ય ગોલોકસ્થ અક્ષરધામના અધિપતિ, ધર્મના પુત્રપણે પૃથ્વી ઉપર પ્રકટ થએલા ભગવાન્ શ્રીહરિકૃષ્ણને કહેનારો થાય છે ॥ આ રીતે સ્વામિનારાયણ નામનો અન્વર્થ અર્થ સમજીને, સાવધ થઈને, આત્મા-દેહ તથા આત્મીય (સ્ત્રી પુત્રાદિક તથા ધનક્ષેત્રાદિક) પ્રત્યે, હું સ્વામી છું એવોજે સ્વતંત્રપણાનો ભ્રમ છે તેને ટાળી નાખીને, સર્વ સંશયોને છેદીને અને અશેષ કલ્મષે રહિત થઈને, 'હું શ્રીહરિનો દાસ છું' એવો દૃઢ નિશ્ચય કરીને મુમુક્ષુ નર, ભક્તિધર્મના આત્મજમાં ભક્તિમાન્ થાય.

ભગવાનમાં સ્વામીપણું અને પોતામાં દાસપણું સમજીને ભગવાનમાં ભક્તિ નિષ્ઠાવાળો થાય. એટલું તાત્પર્ય છે ॥ જેમ દેહના સંરક્ષણનો બધો ભાર જીવાત્માને માથે છે. એમ આત્માજ દેહનું રક્ષણ કરે છે. તેમ દાસભૂત શરણાગત મારૂં રક્ષણ, શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુ શ્રીસ્વામિનારાયણ કરશે જ. આ રીતે ભગવાનમાં સ્વામિપણાનું વિજ્ઞાન થતાં શ્રીહરિમાં દૃઢ વિશ્વાસ બંધાય છે. આ રીતે સ્વામિપણાનું જ્ઞાન વિશ્વાસમાં કારણ થાય છે ત્યારે જ "विश्वास्यः पुरुषोत्तमः' એમ કહે છે ॥ ૭૨–૭૯ ॥

योऽनिशं जगतां योगक्षेमचिन्तां तनोति वै ।
योगतल्पे, तपो यश्च विशालायां तपोवने ॥ ८० ॥

लोकक्षेमार्थमत्युग्रं नरनारायणो प्रभुः ।
आस्थितो, यश्च सौहार्दाद्विद्विषोऽपि न मुञ्चति ॥ ८१ ॥

सर्वान्तरात्मा, विमुखानपि यः स्वेक्षणामृतात् ।
सौहार्दाद्धरिकृष्णः स्वान् विधत्ते भक्तसत्तमान् ॥ ८२ ॥

सौहार्दमित्थं जीवेषु हरेर्नित्यं विभावयन् ।
नरोऽस्मिन् निश्चलां श्रद्धां विन्दते नात्र संशयः ॥ ८३ ॥

સૌહાર્દ ગુણને કહે છે—'અમુકે મારો ઉપકાર પૂર્વે કર્યો છે, અમુક મારો ઉપકાર કરશે' એવી અપેક્ષા નહિ રાખીને, ઉપકારી વિષેજ જેમ એમ અપકારી વિષે પણ 'આ બિચારાનું શું થશે ? એને માટે હું શું કરું' એવો જે સર્વદા શુભ હિત ચિંતનનો નૈસર્ગિક સ્વભાવ તે **સૌહાર્દ** કહેવાય. ઉપકારી વિષે સૌહાર્દ રાખવું એ લોકોપકારી ગુણ તરીકે વસ્તુતઃ ન ગણાય, અપકારી વિષે પણ સૌહાર્દ રાખવું એજ ખરા ગુણ તરીકે ગણાય, માટેજ **'उपकारिषु यः साधुः साधुत्वे तस्य को गुण । अपकारिषु यः साधुः स साधुः सद्भिरुच्यते'** એવી અભ્યુક્તિ પ્રવર્તે છે. જે સ્વભાવતઃ સુહૃદ્ હોય એજ પરોપકાર વ્યસની હોય. ભગવાન્ તો સર્વેના સાચા સ્વતઃ સુહૃદ્ છે. પોતે પૂર્ણકામ મહા સમર્થ હોવાથી કોઈનો પણ ઉપકારની એમને અપેક્ષા નથી, તેમજ સર્વેના નિરુપાધિક માતા પિતા બંધુ હોવાથી તેમનું સૌહાર્દ

સર્વ વિષે સ્વભાવિક કહેવાય. આવો અભિપ્રાય હોવાથી વિષ્ણુનામ સહસ્રમાં '**सुहृत्**' નામથી સંબોધ્યા છે.આવા અભિપ્રાયથીજ શાસ્ત્રો પરમાત્માને '**सर्वस्य प्रभुमीशानं सर्वस्य शरणं सुहृत्**' '**सुहृदं सर्वभूतानां**' **निवासः शरणं सुहृत्**' '**यदेष सर्वभूतानां प्रिय आत्मेश्वरः सुहृद्**' સર્વના સાચા સુહૃદ્પણે વર્ણવે છે. ભગવાનમાં આવું સુહૃદ્પણું નિઃસીમ વર્તતુ હોવાથી જે યોગેશ્વર ભગવાન્ ક્ષીરસાગરમાં યોગશય્યામાં વિરાજીને જગતના યોગક્ષેમનો વિચાર નિરંતર કરે છે. વળી જે નરનારાયણ ભગવાન્ બદરિકાશ્રમ તપોવનમાં વિરાજીને જગતના મોક્ષ અને ક્ષેમ માટે અતિ ઉગ્ર તપને કરે છે. સ્વાભાવિક સુહૃદ્ ભાવને લીધે વિદ્વેષિઓને પણ તે લાભથી વંચિત રાખતા નથી, સહુના હિતને કરે છે. જે શ્રીહરિ કૃષ્ણ ભગવાન્ વિમુખોને પણ પોતાનું દર્શનામૃત આપે છે અને સૌહાર્દથી નિજ જનોને ભક્તોત્તમ બનાવી દે છે. આ રીતે ભગવાનના જીવો વિષે નિત્ય વર્તતા સૌહાર્દ ગુણને જે મુમુક્ષુ નર સમજે છે તે ભગવાનને વિષે નિશ્ચય શ્રદ્ધાને પામે એમાં સંશય નથી. આ ગુણ 'હું સર્વદા અશુભ ચિંતન કરનારો દુષ્ટ હૃદય વાળો છું' એમ માનનારાને બહુ ઉપયોગનો છે. ॥ ૮૦-૮૩ ॥

दयाऽस्य भूयसी प्रोक्ता परदुःखासहिष्णुता ।
यया सम्प्रेरितो देवो जगत्सृजति चावति ॥ ८४ ॥

अपि वध्यं प्रपन्नं तु जयन्तं वासवात्मजम् ।
वायसं कृपयाऽरक्षत् सीताजानिरयं पुरा ॥ ८५ ॥

आशीविषं च कालीयं स्वात्मबन्धनकारिणम् ।
अरक्षद्वध्यमपि तु श्रीकृष्णोऽयं कृपावशः ॥ ८६ ॥

योऽयं स्ववामहस्ताग्राङ्गुलिना सप्तवासरान् ।
धृत्वा गिरिं महासारात् कृपयाऽरक्षदाश्रितान् ॥ ८७ ॥

गोगोपगोपिकादीन् स्वान् वर्षासारप्रपीडितान् ।
यश्चायं दौत्यसारथ्यमुखतः पाण्डवान् प्रभुः ॥ ८८ ॥

स्वाश्रयान् स्वैकनाथांश्च कृपया जयिनो व्यधात् ।
यत्प्रसादाच्च दुर्गाणि समुत्तीर्णाः सुखेन ते ॥ ८९ ॥

દયા ગુણને નિરૂપે છે ભગવાનમાં અત્યધિક દયા વર્તે છે. પારકું દુઃખ દેખીને તે સહન કરી શકાય નહિ એ દયાનું લક્ષણ છે. સ્વાર્થની અપેક્ષા નહિ રાખીને પરદુઃખના નિવારણની ઇચ્છાને પણ દયા કહે છે. સ્વાર્થ વિના પરોપકાર માટે થાય તે ખરી દયા કહેવાય. કરુણા કૃપા એ શબ્દો એકાર્થ છે. ભગવાન તો પૂર્ણકામ હોવાથી તેમને કશા સ્વાર્થની અપેક્ષા નથી, માટે તેમની દયાને નિરુપધિ, નિષ્કારણ નિર્હેતુક નિર્વ્યાજ નિષ્કપટ આદિક સાર્થક વિશેષણો અપાય છે. વળી પરમાત્મા તો સ્વરૂપ સ્વભાવથી અપરિમિત હોવાથી તેમની દયાને પણ અનવધિક અસીમ અમર્યાદ અપાર અનંત વિગેરે વિશેષણો અપાય છે અને ભગવાનને કૃપાપારાવાર, દયા. સાગર, કરુણાસિંધુ એવી સાર્થક સંજ્ઞાથી સંબોધાય છે. વળી ભગવાન તો સર્વજ્ઞ હોવાથી સર્વના દુઃખને જાણે છે અને સર્વશક્તિ હોવાથી દુઃખને ટાળી શકે છે. આ રીતે ભગવાનની દયા તો લોકવિલક્ષણ સર્વ લોકોપકારી અનવધિકાતિશય છે. આ દયારૂપ ગુણની પ્રેરણાથી જ ભગવાન્ આ જગતને સર્જે છે અને રક્ષણ કરે છે. (આ બાબત વચનામૃતમાં શ્રીમુખે જ જણાવી છે) આવો દયાગુણ અવતારોમાં આદર્શ દર્શાવ્યો છે. પૂર્વે સીતા જેમની જાયા છે એવા શ્રીરામચંદ્રે ઇન્દ્રનો પુત્ર જયંત કે જે સીતાપરાધ કરવાથી વધ કરવા યોગ્ય હતો પરંતુ શરણે આવેલા એ કાકની કૃપાવશાત્ રક્ષા કરી હતી. આ બાબત રામાયણમાં **'स तं निपतितं भूमौ शरण्यः शरणागतम्। वधार्हमपि काकुत्स्थः कृपया पर्यपालयत्'** આ રીતે વર્ણવી છે. આથી ભગવાન્ શ્રીરામની દયાની પરમાવધિ જણાવી.

કાળીનાગ કે જેની દાઢમાં અસહ્ય વિષ હતું અને પોતાને બંધન કરનારો હતો. તથાપિ ભગવાન્ શ્રીકૃષ્ણે કૃપાવશાત્ તેનું રક્ષણ કર્યું હતું. વળી જે શ્રીકૃષ્ણ ભગવાને પોતાના ડાબા હસ્તની એક આંગળી ઉપર ગોવર્ધનગિરિને ધારીને ઇન્દ્રે કરેલી વાયુ સાથેની વૃષ્ટિધારાથી બહુ પીડા પામેલા એવા સ્વભક્ત ગાયો, ગોપ ગોપિકા આદિકની કૃપાવશાત્ રક્ષા કરી હતી. આ બાબત ભાગવત દશમમાં પ્રસિદ્ધ છે. વળી જે મહાપ્રભુ

શ્રીકૃષ્ણે પોતાનો જ એક આશ્રય જેમને છે અને પોતે જ એકનાથ જેમના છે એવા પાંડવોને નીચ દૂતપણું અને સારથિપણું કરીને પણ કરુણાવશાત્ વિજયવાળા કર્યા હતા અને જેમના પ્રસાદથી તેઓ સર્વ દુઃખોને સુખેથી સારી રીતે તરી ગયા હતા. આ કૃપાનું કાર્ય છે ॥ આવી તો બહુ કૃષ્ણ કથાઓ કૃપાને જણાવનારી ગ્રંથમાં ગ્રંથિત છે ॥ ૮૪-૮૯ ॥

स एव भूयो हरिकृष्णरूपः प्रादुर्बभूवाखिलसत्त्वजातम् ।
घोरेण दग्धं कलिनाऽघनाम्ना ह्युज्जीवयिष्यन् कृपया महत्या ॥९०॥

यो धर्मभक्ती कलिनेह नाशिते ह्युद्वृत्तगुर्वादिमिषेण वै निजे ।
उज्जीवयामास कृपाकरः पुनः धाम्ना निजेन प्रतिपन्नसत्त्वकः ॥९१॥

हिंसाप्रवृत्तिं प्रशमय्य विष्वग् व्याप्तामहिंसां प्रथयन् परेशः ।
यज्ञैरहिंस्रैरिह वैष्णवैर्यः कल्याणमार्गं जन आदिशद्धरिः ॥ ९२ ॥

योऽयं हि दीनेषु दयावशः सन् दत्ते स्म भूरि द्रविणादि तेभ्यः ।
यश्चार्धरात्रौ स्वयमार्तनादं श्रुत्वाऽऽशयद्दुर्गपुरे बुभुक्षुम् ॥ ९३ ॥

सपोष्यवर्गां भृशदुःखितां यो ह्यवग्रहालब्धधनादिजीविकाम् ।
दृष्ट्वा प्रपन्नां जरतीं गृहेऽस्याः कुसूलग्रामन्नेन भृतं व्यधात् प्रभुः ॥ ९४ ॥

संसारदावाग्निविदग्धजीवान् शुभाक्षिवीक्षामृतसेकतो यः ।
कृत्वा विशोकांश्च हितोपदेशसत्सङ्गमाद्यैरनयत् स्वधाम ॥ ९५ ॥

यश्चातिकारुण्यवशंवदः सन् वरं वृणोति स्म गुरोः सकाशात् ।
मा भून्निजानामिह भूरिदुःखं ममैव भूयात्तु तदित्युदारः ॥ ९६ ॥

तस्येति दीनार्तिविनाशनस्य दीनैः शरण्यस्य सदा हरेर्विभोः ।
दीनाधिनाथस्य दयामपारां कार्त्स्न्येन चेष्टे क इह प्रवक्तुम् ॥९७॥

कारुण्याद्देवदेवोऽयं हरिकृष्णः प्रतापवान् ।
रक्षिष्यत्याश्रितान् दीनानिति प्रत्ययवान् भवेत् ॥ ९८ ॥

શ્રીહરિની દયાને જણાવે છે—એજ શ્રીકૃષ્ણ ભગવાન્ ફરીથી અઘ જેનું ખરું નામ છે એવા ઘોર કળિએ દગ્ધ કરેલા સમગ્ર જીવોના ઉજ્જીવન માટે હરિકૃષ્ણરૂપથી મહા કૃપા કરીને પ્રગટ થયા છે ॥ પ્રકટતામાં કૃપાજ પરમ કારણ છે. '**अन्योऽपि धर्मरक्षायै देहः संभ्रियते मया**' આ અનુસંધાનથી આ અર્થ છે. પ્રકટ થએલા જે દિવ્યમૂર્તિ શ્રીહરિએ હાલમાં કલિએ ઉદ્ધત નૃપ ગુરુ વિગેરેના મિષથી નષ્ટ પ્રાય કરેલા સ્વાભિમત ધર્મ અને ભક્તિને કૃપા કરીને પોતાના પ્રતાપથી નવજીવન આપીને શુદ્ધ ધર્મ ભક્તિની પ્રવૃત્તિ કરી છે ॥ વળી જે શ્રીહરિએ વિશ્વમાં ચોમેર પ્રવર્તેલી હિંસા પ્રવૃત્તિને શમાવવા પૂર્વક પરમ અહિંસામય વૈષ્ણવ યાગોના કલ્યાણ માર્ગનો ઉપદેશ જનોને આપ્યો છે. (શિક્ષાપત્રીમાં સ્પષ્ટ છે) વળી દીનજનો વિષે વર્તતી દયાને પરવશ થઈને તેવા જનોને ઘણું દ્રવ્યાદિ આપીને તેની દીનતા નિવારી છે. વળી દુર્ગપુરમાં અર્ધ રાત્રિએ કોઈ બહુ ભૂખ્યાનો દુઃખીનાદ સાંભળીને તેને જમાડીને તેનું દુઃખ નિવાર્યું હતું. વળી જે પ્રભુએ દુષ્કાળને લીધે જેણીને ધનાદિ જીવિકા મળી નથી, માટેજ પોષ્ય વર્ગ સાથે બહુજ દુઃખી, માટેજ શરણે આવેલી એવી કોઈ વૃદ્ધા બાઈને જોઇને તેણીના ઘરમાં કોઠીને ધાન્ય ભરેલી કરીને તેનું દુષ્કાળ દુઃખ નિવાર્યું હતું ॥ એટલું જ નહિ પણ સંસાર દાવાનળથી દગ્ધ થએલા જીવોને શુભ કૃપામય અમૃત દૃષ્ટિના સિંચનથી શોકે રહિત કરીને, સદુપદેશ સત્સમાગમ આદિક સાધને કરીને પોતાના પરમ ધામને પમાડયા છે. વળી પ્રસન્ન ગુરુ રામાનંદ સ્વામીએ વર માગવાનું કહેતાં કૃપા પરવશ શ્રીહરિએ પ્રારબ્ધ વશાત્ આવનારું દુઃખ આશ્રિતોને ન જ આવે અને એ દુઃખ ભલે મને આવે એવો વર માગ્યો હતો એમ આ દયાની પરમાવધિ જણાવી છે ॥ (સ. પ્ર. ૧) આ રીતે દીન જનોની પીડાને હરનારા અને દીન જનોએ સદા શરણ સ્વીકારવા યોગ્ય અને દીનજનોના એક નાથ (રક્ષક) એવા મહા સમર્થ શ્રીહરિની અપાર કૃપાને 'આટલી છે' એમ જગતમાં કોણ કહેવા માટે સમર્થ થાય? કોઈ પણ કહી શકે નહિ એવી અપાર કૃપા છે. **'स हि नारायणः स्वामी धाम्नः स्वादक्षरात्परात् । आविर्बभूव भूलोके प्राकृतिः श्रेयसे नृणाम् ॥ रक्षार्थं च स्वाश्रययोर्दुष्टेभ्यो भक्तिधर्मयोः ।**

जातस्य तस्य कारुण्यं को वा वक्तुं नरः क्षमः ॥ (स-प्र-४) '**कथंकारं मे स्याद्यदि न पुरुकारुण्यपदवीं श्रयेथा नाथ त्वं त्वयि हि तदिदं केवलमहो' 'तदपि यस्त्वं दृशिगतो न जाने तद्धेतुं त्वदतितरकारुण्यत ऋते'** (स. प्र. ૩) એમ શ્રીકૃષ્ણ અને શ્રીહરિની પરમાવધિ કરુણામાં વર્ણવી છે. 'પરદુ:ખ દુ:ખિત્વ' આ જે લક્ષણ દયાનું કર્યું છે તે ભગવાનમાં સંઘટે છે. ભગવાન્ પણ ભક્તોનાં સુખદુ:ખ દેખીને હર્ષ, શોકરૂપ વિકારને પામતા હોવાથી તેમને '**विकर्ता**' નામથી સંબોધ્યા છે. આ ગુણ પરાર્થે હોવાથી દોષને માટે નથી. આ બાબત '**व्यसनेषु मनुष्याणां भृशं भवति दुःखितः । उत्सवेषु च सर्वेषु पितेव परितुष्यति**' એમ શ્રીરામચરિત્રમાં જણાવી છે.

આ દયાગુણ શ્રીહરિ વિષે વચ. ઉપો. બન્ને લક્ષણોથી વર્ણવ્યો છે. પ્ર. ૭૦. પં. ૩-૬. મધ્ય ૨૮. અંત્ય ૩૫. વર. ૭માં પણ વર્ણવ્યો છે. સર્વ ધર્મો મધ્યે દયાને પ્રધાન ગુણ તરીકે વર્ણવ્યો છે. આ રીતે દયા ગુણનું નિરૂપણ છે ॥ માટે 'દેવાધિદેવ મહા પ્રતાપી ભગવાન્ શ્રીહરિકૃષ્ણ કરુણા કરીને દીન આશ્રિતોનું રક્ષણ કરશે જ' એવા વિશ્વાસવાળો થઈ રહે ॥ '**रक्षिष्यतीति विश्वासः**' એવું વચન છે. **प्रत्यय** શબ્દ વિશ્વાસ અર્થને કહેનારો છે ॥ ૯૦-૯૮ ॥

अनृजूनपि भक्तान् स्वान् पालयत्यार्जवादयम् ।
श्रीहरिर्भक्तलोकेषु करणत्रयतो हितः ॥ ९९ ॥

આર્જવ ગુણને કહે છે—ભગવાન તો પૂર્ણકામ આશ્રિતવત્સલ સર્વ સુહૃદ્ હોવાથી આર્જવ ગુણથી કુટિલ એવા પણ ભક્તોનું પ્રતિપાલન કરે છે. ભક્ત લોકો ઉપર ભગવાન્ મન, વચન, કાય આ ત્રણ કરણથી હિતને કરનારા છે. આશ્રિતો વિષે મન, વાણી, કાયની એકરૂપતા હોવાથી કુટિલતાએ રહિતપણું એ જ આર્જવ કહેવાય. '**मनस्येकं वचस्येकं कार्येष्वेकं महात्मने**' એમાં કહ્યા પ્રમાણે જેવું મનમાં હોય એવુંજ વચન બોલે અને એવી જ ક્રિયાને કરે તેને મહાત્મા કહે છે. આવી જે ત્રણ કરણની એકરૂપતા તેને સરળતા કહે છે. ભગવાન્ સરળ સ્વભાવવાળા હોવાથી સર્વ કોઈએ વિશ્વાસ કરવા યોગ્ય થાય છે. માટે જ સર્વ કોઈ એમને વિશ્વાસે રહ્યા છે. આ બાબત '**भूयोभूयोऽपि ते ब्रह्मन विश्वास्यः**

पुरुषोत्तमः' આ વચનમાં વ્યક્ત છે. એમ હોવાથી જ વિષ્ણુનામ સહસ્રમાં ભગવાનને **'प्रत्यय'** નામથી નિરૂપ્યા છે. **'न त्यजेयं कथञ्चन' 'न मे भक्तः प्रणश्यति' 'न स पुनरावर्तते'** ઇત્યાદિ અનેક વિશ્વાસ વચનો પણ વર્તે છે. આ બાબત અં.ત્ય. ૧૪. 'વિશ્વાસી એજ શ્રેષ્ઠ છે. તે રામ કથામાં રામચંદ્રજીએ કહ્યું છે. જે, જે મારે દૃઢ વિશ્વાસે રહે તેની માતા જેમ બાળકની રક્ષા કરે છે તેમ હું રક્ષા કરૂં છું" આવા શબ્દમાં કહી છે. અથવા આશ્રિતોની ઇચ્છાને અનુસારે રહેવું તે **આર્જવ** કહેવાય. આ અર્થ પણ **'ये यथा मां प्रपद्यन्ते स्तांस्तथैव भजाम्यहम्'** એમ શ્રીમુખે ગીતામાં કહ્યો છે. આ બાબત વચ. કા. ૫ માં શ્રીમુખે સુંદર રીતે વર્ણવી છે. આ ગુણ ભક્તોપયોગી હોવાથી તેનું ઘણું ગૌરવ ગ્રંથમાં ગાયું છે. આર્જવ, સરળતા, અકુટિલતા, આ શબ્દો એકાર્થ છે ॥ ૯૯ ॥

एवं हरेः समुद्दिष्टा गुणाः प्रत्ययकारिणः ।
गुणान् वक्ष्येऽथ कृष्णस्य भक्ताभीष्टप्रसाधकान् ॥ १०० ॥
ज्ञानं शक्तिः प्राप्तिपूर्ती इत्याद्याः कार्यसाधकाः ।
गुणा हरेः कीर्तितास्तु गुणतत्त्वविशारदैः ॥ १०१ ॥
ज्ञानेन चायं भक्तानां तत्तदिष्टस्य साधनम् ।
अनिष्टं यत्तन्निवृत्तावुपायं वेद कार्त्स्न्यतः ॥ १०२ ॥

शक्त्याऽनिष्टं नाशयति तत्तदिष्टं ददाति च ।
अपूर्वं च पदं तेभ्यः सङ्कल्पात्सृजति ह्ययम् ॥ १०३ ॥

ઉપર પ્રમાણે ભગવાનમાં વિશ્વાસ લાવનારા સદ્‌ગુણો કહ્યા. હવે ભક્તોના અભીષ્ટને સાધી આપનારા ગુણોને કહું છું તેને સાંભળો ॥ ભગવાનના **જ્ઞાન, શક્તિ, પ્રાપ્તિ, પૂર્તિ** ઇત્યાદિ જે ગુણો તે ભક્તોના કાર્યને સાધી આપનારા છે એમ ગુણતત્ત્વ વિશારદો કહે છે. ભગવાનના આ ગુણોને કારણે ભક્તોનું કાર્ય સિદ્ધ થાય છે. આ ગુણોમાં કાર્ય સાધવાનું સામર્થ્ય રહ્યું છે ॥ ભગવાન્ પોતાના જ્ઞાનગુણથી ભક્તોના તે તે ઇષ્ટના સાધનને અને જે અનિષ્ટ હોય તેની નિવૃત્તિના ઉપાયને સમગ્રપણે

યથાર્થ જાણે છે ॥ અને શક્તિગુણથી ભક્તોના અનિષ્ટને નાશ કરે છે અને તે તે ઇષ્ટને સંપાદન કરી આપે છે. અને વળી ભક્તો માટે અપૂર્વ પદ પણ સંકલ્પમાત્રથી સર્જી આપે છે. જેમ ભક્ત ધ્રુવને માટે અપૂર્વ પદ સર્જી આપ્યું હતું ॥ આ રીતે આ બે ભગવન્નિષ્ટ ગુણોનો ઉપયોગ ભક્તોનાં કાર્યોને સાધી આપવામાં સ્વયં કરે છે ॥ ૧૦૦-૧૦૩ ॥

भक्तरक्षणकार्यत्वावश्यम्भावप्रयोजकः ।
प्राप्तिः स्याद्गाढसम्बन्धश्चेतनेषु परात्मनः ॥ १०४ ॥
पत्न्यां पत्युर्यथा शिष्ये पुत्रे चैव गुरोर्यथा ।
स्वामिनो गर्भदासे वा तथैयं प्रथिता हरेः ॥ १०५ ॥
यतः पालनसामर्थ्यं हरावेव निरन्तरम् ।
स्थितौ स्थिते जगन्नाथे सत्त्वधाम्नि परात्परे ॥ १०६ ॥
अतोऽप्यस्यैव सा प्राप्तिः मुख्या प्रोक्ता मनीषिभिः ।
अन्यल्लोके रक्षकं स्यादेतदाहितसत्त्वकम् ॥ १०७ ॥

પ્રાપ્તિ ગુણને કહે છે—ભક્તોનું રક્ષણ અવશ્ય કરવું જ પડે, એવા ભાવમાં પ્રયોજક એવો જે ચેતનો સાથે પરમાત્માનો ગાઢ સંબંધ તેને **પ્રાપ્તિ** કહે છે. બન્ને વચ્ચેનો જે સંબન્ધ છે તે ગાઢ હોવાથી અનિવાર્ય છે. જેમ પત્ની સાથે પતિનો, શિષ્ય સાથે ગુરુનો, પુત્ર સાથે પિતાનો અને ગર્ભદાસ સાથે સ્વામિનો ગાઢ સંબન્ધ છે. તેમ પરમાત્માની આત્મા સાથે એકમેક અભેદ્ય અનિવાર્ય ગાઢ સંબન્ધ રૂપ પ્રાપ્તિ નિત્ય છે. આ બાબત ભાગવતમાં પ્રસિદ્ધ છે. એમ કેમ ? તો પાલન કરવાનું જે સામર્થ્ય છે તે સ્થિતિ (પાલન)માં રહેલા જગન્નાથ- સત્ત્વમૂર્તિ પરાત્પર શ્રીહરિ વિષે જ નિરંતર રહેલું છે. 'પાલન સામર્થ્ય, વિષ્ણુમાં વર્ણવ્યું છે.' આ રીતે આત્મા પરમાત્મા વચ્ચે પાલ્ય પાલક ભાવ નિરંતર વર્તે છે. આ કારણથી પણ આ ભગવાનમાં **પ્રાપ્તિ** નામનો ગુણ મહર્ષિઓએ મુખ્ય પણે માન્યો છે. આ અર્થ **'रक्षने भगवान् विष्णुर्भक्तानामशरीरवत्'** **'रक्षकः सर्वसिद्धान्ते वेदान्तेष्वपि गीयते'** ઇત્યાદિ વચનોમાં વ્યક્ત છે.

લોકમાં બીજા કોઇ રક્ષક કહેવાય છે તે તો તે પરમાત્માએ આરોપેલી શક્તિના લેશથી છે. સ્વતઃ એ શકિત બીજામાં નથી ॥ ૧૦૭ ॥

अपूर्णो न भवेद्दातुं प्रभुः कामांस्तु सर्वशः ।
भक्तेच्छापूरकस्यातः पूर्तिः स्यात् परितो हरेः ॥ १०८ ॥

ततोऽन्या देवताः प्रोक्ता अपूर्णत्वान्महर्षिभिः ।
एकैकफललाभाय, सर्वलाभाय वै हरिः ॥ १०९ ॥

सर्वमाङ्गल्यलाभाय सर्वमङ्गलसिद्धये ।
सर्वसम्पत्तिभाग्याय देवाद्या यामुपासते ॥ ११० ॥

सा श्रीर्नित्यं महालक्ष्मीर्यस्य वक्षसि विद्यते ।
तस्य पूर्तिः सदा सर्वप्रकारेण हरेर्भवेत् ॥ १११ ॥

एवं हरेर्गुणाः प्रोक्ता भक्ताभीष्टप्रपूरकाः ।
अन्यांश्च मुख्यान् वो वच्मि परत्वादिसमन्वितान् ॥ ११२ ॥

પૂર્તિ ગુણને કહે છે— જે કોઈ અપૂર્ણ હોય તે સર્વ કામોને આપવા સમર્થ થાય નહિ. પૂર્ણકામ ભગવાન તો ભક્તોની યાવત્ ઇચ્છાને પૂરનારા હોવાથી તેમની તો ચોમેરની પૂર્તિ હોઈ શકે. ભક્તના સમગ્ર મનોરથોને પૂરી શકે છે. બીજા જે ભવ બ્રહ્માદિ દેવો છે તે પોતે અપૂર્ણ હોવાથી મહર્ષિઓએ એક એક અલ્પ ફળના લાભને આપનારા છે એમ એમને કહ્યા છે. ભગવાન તો પૂર્ણકામ હોવાથી ભક્તોના સમગ્ર મનોરથોને પૂર્ણ કરી શકે છે. '**सकलफलप्रदो हि विष्णुः**' એવું વચન છે ॥ સમગ્ર માંગલ્યના લાભાર્થે અને સર્વ મંગળની સિદ્ધિ માટે અને સમગ્ર સંપત્તિના સદ્ભાગ્ય માટે જે દેવીને બ્રહ્માદિ સર્વે પણ ઉપાસે છે. એવી મહાલક્ષ્મી શ્રી, '**श्रीश्चयस्यास्ति वक्षसि**' એમાં કહ્યા મુજબ જેમના વક્ષઃસ્થળમાં નિત્ય વિરાજે છે ॥ આ જોતાં ભગવાન શ્રીહરિની પૂર્તિ, સર્વદા અને સર્વ પ્રકારે સંભવે છે, માટે જ આશીષ આપવા જેવી અલ્પ બાબતમાં પણ '**श्रीमन्नारायणस्मृत्या**' એમ કહેવામાં

આવ્યું છે. આ જોતાં આ જે ગુણો, જ્ઞાન, શકિત, પ્રાપ્તિ, પૂર્તિ કહ્યા તે ભકતોના અપેક્ષિત અખિલ અભીષ્ટને પરિપૂરણ કરનારા માન્યા છે. હવે ભગવાનના પરત્વાદિકે સહિત બીજા મુખ્ય ગુણોને કહું છું તેને સાંભળો ॥ ૧૦૮-૧૧૨ ॥

वशित्वं स्ववशे विश्वस्थापकस्य हरेर्मतम् ।
भक्तेषु पारवश्यं वा कृष्णस्याक्लिष्टकर्मणः ॥ ११३ ॥

अम्बरीषे पारवश्यं भक्ते स्वस्य प्रदर्शितम् ।
रामचन्द्रेण देवेन कौशिकादिमहर्षिषु ॥ ११४ ॥

यशोदादौ पारतन्त्र्यं स्वं प्राचीकशदच्युतः ।
बद्धो यया तु दाम्ना यः नाशक्नोदात्ममोचने ॥ ११५ ॥

हरिकृष्णेन देवेन प्रत्यक्षं च निदर्शितम् ।
भक्तवश्यत्वमस्मभ्यं तत्र तत्र स्थले बहु ॥ ११६ ॥

વશી ગુણને કહે **છે—'एको वशी सर्वभूतान्तरात्मा' 'सर्वस्य वशी सर्वस्येशानः'** આ શ્રુતિમાં નિરૂપ્યા મુજબનું જે સર્વને સ્વેચ્છાનુસારે સ્વ વશમાં સ્થાપવા રૂપ ઐશ્વર્ય તેને વશિપણું કહ્યું છે. આ તો પરત્વ પ્રતિપાદક છે. અથવા સર્વ કર્મોને વિના કલેશે કરનારા ભગવાનનું જે ભક્તપરવશપણું તે વશિત્વ જાણવું. આ ભક્ત પરવશપણું આત્મનિવેદી ભક્તરાજ અંબરીષરાજાને બતાવ્યું છે. રક્ષા માટે રાજ્યમાં સુદર્શન ચક્ર સ્થાપ્યું હતું અને પોતે દુર્વાસા પ્રત્યે **'अहं भक्तपराधीनः'** એમ કહ્યું હતું. વળી શ્રી રામચંદ્ર દેવે વિશ્વામિત્રાદિ મહર્ષિઓ વિષે જણાવ્યું છે. આ બાબત **'इमौ स्म मुनिशार्दूलकिङ्करौ समुपस्थितौ । आज्ञापय यथेच्छं वै शासनं करवाव किम्'** આ વચન સિદ્ધ છે. ભગવાન શ્રીકૃષ્ણે માતા યશોદા પાસે પારતંત્ર્ય પ્રકાશ્યું છે. યશોદાજીએ દામણાથી બાંધ્યા ત્યારે તે બંધનમાંથી પોતે છૂટી શકયા નહિ. એમ ભક્તપરવશતા જણાવી. શ્રીહરિકૃષ્ણ દેવે તે તે સ્થળમાં આપણને ભક્તપરવશપણું

પ્રત્યક્ષપણે બહુ પ્રદર્શાવું છે. પાંડવોનું દૂતપણું કર્યું વગેરે બાબતો ભક્ત પરવશતાને પ્રદર્શાવનારી છે ॥ ૧૧૩-૧૧૬ ॥

औदार्यं दानशीलत्वं विख्यातं परमात्मानः ।
आत्मपर्यन्तदातृत्वमस्यौदार्यं प्रकीर्त्यते ११७ ॥
अन्ये कल्पद्रुमाद्यास्तु नात्मानं दातुमीशिरे ।
अयं तु परमोदारः भक्तेभ्यः सर्वमेव तु ॥ ११८ ॥
ऐहलौकिकमैश्वर्यं स्वर्गाद्यं पारलौकिकम् ।
कैवल्यमात्मसायुज्यमपि यच्छति केशवः ॥ ११९ ॥

ઔદાર્ય ગુણને કહે છે—પ્રિય બોલવા પૂર્વક દાનશીલપણું કે જેને વદાન્યપણું કહે છે તે જાણવું. આ બાબત '**उदाराः सर्व एवैते**' '**स सर्वानर्थिनो दृष्ट्वा समेत्य प्रतिनन्द्य च**' આ વચન સિદ્ધ છે. આત્મા પર્યંત સર્વસ્વના દાતાપણારૂપ જે ઔદાર્ય તે એક ભગવાનમાં જ વિખ્યાત પણે કહેવામાં આવ્યું છે. આ બાબત '**य आत्मदा बलदा**' '**तस्मात्त्वमपि विपेन्द्र नारायणपरो भव । तदन्यः को महोदारः प्रार्थितं दातुमीश्वरम्**' ઇત્યાદિ શ્રુતિ-સ્મૃતિ સિદ્ધ છે. આત્મા પર્યંત સર્વસ્વ આપીને પણ તૃપ્તિ નહિ પામવારૂપ જે ઉદાર સ્વભાવ તે તો એક ભગવાન્ વિષેજ સંભવે છે. ગોપ-ગોપિકા આદિકને સ્વાત્મ સમર્પણ કર્યું તથાપિ તેમને મેં કશું જ આપ્યું નહિ એવી અતૃપ્તિપણાની ભાવના '**न पारयेऽहं निरवद्य-संयुजां स्वसाधुकृत्यं विबुधायुषापि वः । या माभजन् दुर्जरगेह शृङ्खलाः संवृश्च्य तद्वः प्रतियातु साधुना**' આ રીતે કહી છે. વસ્ત્રાકર્ષણ વિપત્તિમાં સ્મૃતિમાત્રથી દ્રૌપદીજીને વસ્ત્રોની પૂર્તિ કરી તથાપિ મેં કશું જ આપ્યું નહિ એવી અતૃપ્તિ '**गोविन्देति यदाक्रन्दत्कृष्णा मां दूरवासिनम् । ऋणं प्रवृद्धमिव मे हृदयान्नापसर्पति**' આ રીતે શ્રીકૃષ્ણે જણાવી છે. આ રીતે સર્વસ્વ આપીને પણ નહિ તૃપ્તિ પામવારૂપ ઔદાર્ય તે એક ભગવાન વિષે જ ઘટે છે. આ અર્થ વિષ્ણુનામ સહસ્રમાં આવેલા '**पुरुषः**' '**स्थाणुः**' '**मुकुन्दः**' '**प्राणदः**' ઇત્યાદિ નામોનો ભાષ્યમાં અર્થ કરતાં બહુ સારો વર્ણવ્યો છે. તે તે થકી જાણવો ॥ બીજા જે કલ્પદ્રૂમ કામદુઘા

ચિંતામણિ વગેરે છે તે આત્માને આપી દેવા સમર્થ થતા નથી. આ પરમાત્મા તો પરમોદાર હોવાથી પ્રિય ભક્તોને બધુ જ આપે છે. કશું જ બાકી મૂકતા નથી. એવો વિશેષ છે. આ લોકનું સમગ્ર ઐશ્વર્ય રાજ્યાદિ, પરલોકનું સ્વર્ગાદિ અને કૈવલ્ય તેમજ આત્મ સાયુજ્યનેપણ આપે છે. સાયુજ્ય શબ્દથી સાધર્મ્ય સમજવું. ઉક્તલક્ષણ પરમૌદાર્ય, વચ. ઉપોદ્ઘાતમાં તથા કા. ૬ માં શ્રીહરિ વિષે વર્ણવ્યું છે ॥ ૧૧૬-૧૧૯ ॥

पावनत्वं च परमं विद्यते श्रीहरौ परे ।
तीर्थक्षेत्रादि चास्यैव सम्बन्धात्पावनं स्मृतम् ॥ १२० ॥
अविद्या--काम–कर्मादिदोषजातनिवर्तने ।
तीर्थक्षेत्रादिकं नैव क्षमं तं केशवं विना ॥ १२१ ॥
पावनः सर्वलोकानां ख्यातः श्रीरघुनन्दनः ।
पवित्राणां च गोविन्दः पवित्रं परमं मतम् ॥ १२२ ॥
प्रत्यक्षमीक्षितं चैव साक्षात् भगवतो हरेः ।
शुचित्वं यद्दृष्टिपूताः पापिनोऽपि गताः शुभम् ॥ १२३ ॥
शुचित्वं न स्वतोऽन्यत्र विना तं पुष्करेक्षणम् ।
तस्मान्मुमुक्षुभिर्ध्येय एको नारायणो हरिः ॥ १२४ ॥

પાવન ગુણને વર્ણવે છે—પાવન કરવા પણા રૂપ જે પરમ ગુણ, તે એક ભગવાન શ્રીહરિ વિષે જ ખરી રીતે વર્તે છે. ગંગાદિ તીર્થો અને બદરિકાશ્રમ વિગેરે ક્ષેત્રોમાં જે પવિત્ર કરવારૂપ ગુણ વર્તે છે તે પણ આ ભગવાનના હરકોઇ સંબન્ધને લીધે છે સ્વતઃ નથી. અવિદ્યા–અજ્ઞાન–કામ–વાસના તથા અનાદિ શુભાશુભ કર્મો એ આદિક જે દોષો જીવો વિષે છે તેની આત્યંતિક નિવૃત્તિમાં ભગવાન વિના કેવળ તીર્થ ક્ષેત્રાદિક સમર્થ થતાં નથી. આ બાબત, '**पावनः सर्वभूतानां त्वमेव रघुनन्दन**' એમ શ્રીરામને વિષે વિખ્યાતપણે વર્ણવી છે. '**पवित्राणां हि गोविन्दः पवित्रं परमुच्यते**' '**पवित्राणां पवित्रं यो मङ्गलानां च**

मङ्गलम्' 'शुचिर्भवति संस्मृत्य स्नातो भवति दर्शनात् । प्रणिपातेन पूतात्मा त्रयः कृष्णे महागुणाः' આ રીતે શ્રીકૃષ્ણમાં વર્ણવી છે. પ્રગટ ભગવાન શ્રીહરિ વિષે આ ગુણ, સર્વેએ પ્રત્યક્ષ જોયો છે. જેમની દૃષ્ટિ માત્રથી પાપિઓ પણ પાવન થઈને શુભ ગતિને પામ્યા છે. આ બાબત 'किरात...शुद्ध्यन्ति तस्मै प्रभविष्णवे नमः' આ વચનમાં વિશદ છે. શુચિપણું કે પવિત્રપણું બન્ને એકાર્થ છે. સદા સ્વતઃ શુદ્ધ સ્વભાવપણું તે શુચિતા કહેવાય. આ તત્ત્વાર્થ 'शुद्धमपापविद्धं' 'अपहत पाप्मा' 'स सर्वेभ्यः पाप्मभ्यः उदितः' 'स शुद्धः सर्वशुद्धेभ्यः' ઇત્યાદિ શ્રુતિ–સ્મૃતિ સિદ્ધ છે. વચ. પ્ર. ૪૭ માં ભગવાનને સર્વથી પર અતિ શુદ્ધ સ્વરૂપ સમજે' એમ કહે છે. આ પણ એક શુચિતાનો પ્રકાર છે. અથવા આશ્રિતોના પરિરક્ષણમાં પ્રત્યુપકારાદિકની અપેક્ષા નહિ રાખવારૂપ ભાવ શુદ્ધિ પણું તે શુચિતા કહેવાય. અથવા 'पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति' 'भक्तैरण्वप्युपानीतं प्रेम्णा भूर्येव मे भवेत्' એમાં કહ્યા પ્રમાણે પદાર્થની તરતમતાનો અનાદર કરીને કેવળ 'भक्त्याऽहमेकया ग्राह्यः' 'भक्त्या लभ्यस्त्वनन्यया' 'भक्त्यैकलभ्यो पुरुषोत्तमोऽसौ' ઇત્યાદિમાં કહ્યા પ્રમાણે ભક્તિથી જ પ્રસન્ન થવારૂપ તે શુચિપણું કહેવાય. આ રીતે બહુ પ્રકારે શુચિતા વર્ણવી છે. આ અપેક્ષિત અખિલ અર્થ વિષ્ણુનામ સહસ્રમાં આવેલાં 'शुचिः' 'पवित्रं' 'मङ्गलं' 'परम्' 'पुरुष' 'प्रसन्नात्मा' 'पूतात्मा' આ નામોનું નિર્વચન કરતાં બહુ સારો વર્ણવ્યો છે. શુચિ પવિત્ર મંગળ-પાવન આ શબ્દો એકાર્થ છે. આવા પ્રકારનું શુચિપણું કમળ નયન ભગવાન સિવાય બીજા કોઈમાં નહિ વર્તતું હોવાથી પરમ પવિત્ર એક શ્રીનારાયણ શ્રીહરિ જ મુમુક્ષુ જનોએ ધ્યાન–આરાધન કરવા યોગ્ય છે. આ અર્થ 'आब्रह्मस्तम्बपर्यन्ता अशुद्धास्ते' આ વચનથી બ્રહ્માદિ સર્વ પ્રાણિઓની અશુદ્ધતા વર્ણવીને એક ભગવાનની જ શુદ્ધતા વર્ણવીને એમની જ ધ્યેયતા પ્રતિપાદી છે. આ ગુણ પોતાને બહુ અશુચિ માનનારા ભક્તને બહુ ઉપયોગનો છે ॥ ૧૨૦–૧૨૪ ॥

मार्दवं मृदुचित्तत्वं श्रीहरेः प्रथितं तथा ।
सापराधैरपि यतः शक्यमाश्रयितुं सुखम् ॥ १२५ ॥

भक्तविश्लेषभीरुत्वमथवा मार्दवं हरेः ।
यतोऽनन्यं निजं भक्तमनुगच्छत्ययं श्रिया ॥ १२६ ॥

માર્દવ ગુણને કહે છે—મહાપરાધિઓ પણ સુખેથી આશ્રય કરી શકે એવા-મૃદુ-કોમળ સ્વભાવપણું તે મૃદુતા કહેવાય. લોકમાં કોમળ સ્વભાવવાળાનો આશ્રય સર્વ કોઈ સુખેથી કરી શકે છે. પણ કઠોર કુટિલ સ્વભાવવાળાનો નહિ એ જાણીતી વાત છે. ભગવાન તો સમધિક કોમળ સ્વભાવવાળા હોવાથી તેમનો આશ્રય મહાપરાધિઓ પણ **અસંશય**-અસંકોચ કરી રહ્યા છે એ પ્રત્યક્ષ છે. આ અર્થ **'विदितःसहि धर्मज्ञः शरणागतवत्सलः। तेन मैत्री भवतु ते यदि जीवितुमिच्छसि'** આ રાવણ પ્રત્યેના સીતાદેવીના વચનમાં વ્યક્ત છે. અથવા અનન્ય આશ્રિતોનો વિયોગ સહન કરી શકાય નહિ એવો જે સ્વભાવ તે મૃદુતા જાણવી. જેથી પોતાના અનન્ય ભક્તની પાછળ લક્ષ્મી સાથે સંચર્યા કરે છે. **'साधुनां परित्राणाय'** આમાં કહ્યા પ્રમાણે પોતાની મૂર્તિ આદિકના અનુભવનો વિચ્છેદ ન થાય એ રીતે સદાય સંશ્લેષ આપે છે. વિખુટા રહેતા નથી. આ બાબત **'ज्ञानी त्वात्मैव मे मतम्' 'नारायणस्त्वमन्वास्ते वत्सं गौरिव वत्सला' 'वसन्ति वैष्णवा यत्र तत्र-सन्निहितो हरिः' 'अनुयामि श्रिया सार्कं तानहं परवानिव। 'यत्र यत्र च ते सन्ति तत्र तत्राहमस्मि हि'** વિગેરે વાકયોમાં વ્યકત છે. આ અર્થનું વિવેચન વચ. કા. ૧૧ 'જેમ એ ભકતને ભગવાન્ વિના રહેવાતું નથી તેમજ ભગવાનને પણ એ ભકત વિના રહેવાતું નથી.' અને એ ભકતના હૃદયમાંથી આંખ્યનું મટકુ ભરીએ એટલી વાર છેટે રહેતા નથી.' આ રીતે કર્યું છે, અથવા કઠોર નહિ બોલતાં પ્રેમ પ્રિય વચન બોલવું એ પણ મૃદુતા કહેવાય. આ ગુણ **'स च नित्यं प्रशान्तात्मा मृदु पूर्वं च भाषते'** આ રીતે રામચંદ્ર વિષે વર્ણવ્યો છે. આ રીતે મૃદુતા ગુણ વર્ણવ્યો છે. આ ગુણ વિયોગભીરુ ભકતોના ભારે કામનો છે ॥૧૨૫-૧૨૬॥

स्थैर्यं स्थिरप्रतिज्ञत्वं प्रोक्तं भगवतो हरेः।
यतो दोषान् स्वभक्तेषु स्वकीयोक्तानुपेक्षते ॥ १२७ ॥

अनादृत्य स्वकोक्तीस्तु सद्यो गृह्णाति चाश्रितम् ।
यथाऽनादृत्य सुग्रीवाद्युक्ती रामो बिभीषणम् ॥ १२८ ॥

સ્થૈર્ય ગુણને કહે છે—આશ્રિતોના અપરાધોને પોતે તો જુવે

નહિ, કોઇ સૂચક બીજાઓ અપરાધોને બતાવે અને પોતે જાણે તો પણ તેના પ્રતિપક્ષી બનીને દઢતાપૂર્વક રક્ષણ કરવાનો જે સ્વભાવ તે **સ્થિરતા** કહેવાય. અર્થાત્ સ્થિર પ્રતિજ્ઞાપણું. આ ગુણ ભગવાન વિષે વર્તે છે. જેમ સુગ્રીવ આદિકે શરણાગત વિભીષણના બહુ બહુ દોષો કહ્યા પણ તેને નહિ ગણીને શ્રીરામે પ્રતિપક્ષી થઈને દઢતાપૂર્વક વિભીષણની રક્ષા કરી હતી. આ પ્રસંગે સ્થિર પ્રતિજ્ઞ શ્રીરામે તેઓના પ્રત્યે કરેલાં અર્થસૂચક વચનો–'**मित्रभावेन सम्प्राप्तं न त्यजेयं कथञ्चन । दोषो यद्यपि तस्य स्यात् सतामेतदगर्हितम् ॥ सकृदेव प्रपन्नाय तवास्मीति च याचते । अभयं सर्वभूतेभ्यो ददाम्येतत् व्रतं मम ॥ आनयैनं हरिश्रेष्ठ दत्तमस्याभयं मया । विभीषणो वा सुग्रीव यदि वा रावणः स्वयम् । तस्मात्क्षिप्रं सहास्माभिस्तुल्यो भवतु राघव । विभीषणो महाप्राज्ञः सखित्वं चाभ्युपैतु नः**' આ રીતનાં છે. આ સ્થૈર્ય ગુણ દોષવાન્ ભક્તોના બહુ ઉપયોગનો છે ॥ ૧૨૭–૧૨૮ ॥

क्षमा नाम गुणः श्लाघ्यो विदितो धरणीधृतः ।
शरणोक्त्यैव भक्तानां क्षमतेऽनन्तपापकम् ॥ १२९ ॥

ક્ષમા ગુણને કહે છે—ક્ષમા નામનો ગુણ કે જે પૃથ્વીએ ધારેલો જાણીતો છે તે ધરણીધર પરમાત્મામાં બહુ જ શ્લાઘ્ય માન્યો છે. આ ગુણની પ્રશંસા બહુ જ કરી છે. '**श्रीकृष्णदेवं शरणं प्रपन्नोऽस्मि स पातु मां**' આ શરણમંત્રમાં કહ્યા મુજબ 'હું તારે શરણે છું' એમ એક જ વાર પ્રાર્થના કરવા માત્રથી ભક્તોના અનંત જન્મના અનંત પાપોની માફી કરી દે છે. એવા ભગવાન્ ક્ષમાશીલ છે. પરના અપરાધને સહન કરવાનો જે સ્વભાવ તેને **ક્ષમા** કહે છે. ક્ષમા આગળ કોઈ પણ અપરાધ ઉભો રહી શકતો નથી. આ બાબત, '**रघुवीर यदभूस्त्वं तदृशो वायसस्यप्रणत इति दयालुर्यच्च चैद्यस्य कृष्ण: । प्रतिभवमपराद्धुर्मुग्ध सायुज्यदोऽभूर्वद किमपदमागस्तस्य तेऽस्ति क्षमाया: ।** એમ સ્તોત્રરત્નમાં કાકના અપરાધોની ક્ષમા કરનારા શ્રીરામ અને કંસ શિશુપાલના અપરાધોની ક્ષમાને

કરનારા શ્રીકૃષ્ણના દૃષ્ટાંતથી કરી છે. ભગવાન્ જો દયા ક્ષમા ન કરે તો ભક્તોના અપરાધોનો નિસ્તાર કદાપિ ન જ આવે. માટે જ ભક્તો **'अपराधसहस्राणि ..क्षमस्व पुरुषोत्तम।** એમ અપરાધ ક્ષમાની નિત્ય પ્રાર્થના કરે છે. દાસના અપરાધો સ્વામીએ ક્ષમા કરવા જ જોઇએ એ સ્વસ્વામિ ભાવ સંબન્ધ સિદ્ધ છે. પરમાત્માથી બીજો કોઈ મોટો ક્ષમાશીલ નહિ હોવાથી તેમને વિષ્ણુનામ સહસ્રમાં **'क्षमिणां वरः'** એ નામથી નિરૂપ્યા છે અપરાધોને ક્ષમા કરે છે એટલું જ નહિ, પણ તે અપરાધોને જાણવાનો વિચાર સરખો પણ નહિ કરતા હોવાથી **'अविज्ञाता'** નામથી નિરૂપ્યા છે. ભગવાનની ક્ષમાને **'क्षमया पृथिवी समः।** એમ પૃથ્વીની ઉપમા આપી છે. આવો ક્ષમા ગુણ 'હું અપરાધી છું' એમ માનનારા ભક્તને બહુ ઉપયોગનો છે. આવો ક્ષમાગુણ શ્રીહરિએ તે તે સ્થળે બહુધા બતાવ્યો છે અને તેનો બોધ પણ ભક્તોને **'गालीदान'...क्षन्तव्यमेव'** એમ આપ્યો છે ॥ ૧૨૯ ॥

दाक्षिण्यमस्य दक्षत्वं भक्ताभीष्टप्रपूरणे ।
दृष्टं प्रह्लादनागेन्द्रार्जुनादिषु हरेरिदम् ॥ १३० ॥

દાક્ષિણ્ય ગુણને કહે છે—'दीर्घसूत्री विनश्यति' એવી નીતિ હોવાથી ભક્તોનાં કાર્યોને તો વિના વિલંબે શીઘ્ર જલદી કરી દેવાનો જે સ્વભાવ તે દાક્ષિણ્ય કહેવાય. **'क्षिप्रकारी जनार्दनः'** આ વચન, ભગવાનને 'જલદી કામ કરી દેનારા' એમ કહે છે. દક્ષ કહો કે દક્ષિણ કહો બન્ને એકાર્થ છે. આ ગુણ, ભગવાને પ્રહ્લાદ ગજેન્દ્ર દ્રૌપદી અર્જુન આદિક ભક્તોના અભીષ્ટ પૂરણમાં ઉઘાડો દેખાડ્યો છે. આ અર્થ વિષ્ણુ-નામ સહસ્રમાં **'दक्ष'** આ નામની નિરુક્તિમાં જણાવ્યો છે. અથવા કાર્ય કરવાની કુશળતા કે જેને ભાષામાં 'ડહાપણ' કહે છે એ અર્થ લેવો. આ અર્થ તો પ્રસિદ્ધ છે. આ ગુણ તો ભક્તોનાં કાર્યો કરવામાં બહુ ઉપયોગનો છે. શ્રીહરિ વિષે વર્તતો આ ગુણ. વચ. ઉપોદ્ઘાતમાં 'અને ભક્તિ ધર્મ સંબન્ધી જે જે કાર્યનો આરંભ કરે છે તેને સંપૂર્ણ કરવામાં પોતાને શીઘ્રપણું ઘણું છે' આ રીતે જણાવ્યો છે ॥ ૧૩૦ ॥

साम्यं च परमं प्रोक्तं हरेः कृष्णस्य सत्तमैः ।
शरण्यः सर्वलोकानां यतः शास्त्रेष्वयं स्मृतः ॥ १३१ ॥
देवानां चासुराणां च तिरश्चां च नृणामपि ।
सम आश्रयणीयत्वे भक्तिभावेन वै हरिः ॥ ॥ १३२ ॥
स्त्रियो वैश्यास्तथा शूद्रा येऽपि स्युः पापयोनयः ।
भजनीयो यथार्हं तैरपि सर्वसमो हरिः ॥ १३३ ॥
न जात्यादिकृतोत्कर्षः भगवत्प्रीतिकारकः ।
न जात्याद्यपकर्षो वा भगवद्द्वेष्यतामियात् ॥ १३४ ॥
अनन्यभावतो भक्तो यो भजेत निरन्तरम् ।
स एव भक्तिभूम्नाऽस्य प्रियो भवति नेतरः ॥ १३५ ॥

સામ્ય ગુણને કહે છે—સમપણાનો ભાવ તે **સામ્ય** કહેવાય. આ ગુણ ભગવાનમાં જ સર્વાધિક વર્તે છે એમ સદ્‌ભક્તો કહે છે. ભગવાન છે એ જ સર્વ લોકોના શરણ્ય છે. એમ એમને સર્વ શાસ્ત્રોમાં કહ્યા છે. દેવો, અસુરો, પશુ-પક્ષીઓ, મનુષ્યો, એ સર્વેને ભક્તિભાવથી સમાશ્રય કરવામાં ભગવાન તો સમ છે. વિષમ નથી. આ અર્થ **देवोऽसुरो मनुष्यो वा यक्षो गन्धर्व एव च। भजन् मुकुन्दचरणं स्वस्तिमान् स्याद्यथा वयम् ॥' (भागवत)** આમાં સ્પષ્ટ છે. સ્ત્રિયો હોય કે શૂદ્રો હોય કે વૈશ્યો હોય કે પછી ભલે પાપ યોનિવાળા હોય એ સર્વેએ પણ યથાયોગ્ય ભજન કરી શકાય છે. કારણ કે ભગવાન તો સર્વેને સમાન છે. જાતિ ગુણ આદિકથી મનાતો જે ઉત્કર્ષ છે તે ભગવાનની પ્રસન્નતા કરનારો નથી. તેમ જાતિ ગુણાદિકથી મનાતો અપકર્ષ તે ભગવાનના દ્વેષ ભાવને ઉપજાવનારો નથી ॥ આ બધી બાબત **'अपि चेत् सुदुराचारो भजते मामनन्यभाक्। साधुरेव स मन्तव्यः सम्यग् व्यवसितो हि सः ॥' 'मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः। स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥'** આ ગીતા વાક્યમાં વ્યક્ત છે. જે ભક્ત અનન્ય ભાવથી ભક્તિપ્રિય ભગવાનને નિરંતર ભજે છે એજ

ભક્ત ભક્તિની સમધિકતાને લીધે ભગવાનને પ્રિય થાય છે. બીજો કોઇ પ્રિય થતો નથી. આની વધુ સ્પષ્ટતા શ્રીમુખે **'समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः'** એમ કરી છે. તાત્પર્ય એ છે કે દેવ, પશુ–પક્ષી, મનુષ્ય સ્થાવર રૂપે રહેલાં સર્વ ભૂતો કે જે દેવત્વ મનુષ્યત્વ વિપ્રત્વ સ્રીત્વ પુંસ્ત્વ આદિક જાતિથી, સાત્વિક રાજસ આદિક સ્વભાવથી અને જ્ઞાનથી પણ અત્યંત ઉત્કૃષ્ટ કનિષ્ઠરૂપે વર્તે છે. તે સર્વેમાં હું તો સમાશ્રયણીયપણામાં સમ છું જાત્યાદિકના ઉત્કર્ષથી મને કોઈ પ્રિય નથી અને જાત્યાદિકના અપકર્ષથી મને દ્વેષ્ય ત્યાજ્ય નથી. આનું જ નામ સામ્યગુણ સમજવો. આવો સામ્ય સ્વભાવ તો એક ભગવાન વિષેજ સંભવિત છે, માટેજ ભગવાનને વિષ્ણુનામ સહસ્રમાં **'समात्मा' 'समः'** એવા નામથી નિર્દેશ્યા છે. આવો ઉચ્ચ અભિપ્રાય હોવાથી શ્રીરામાનુજાચાર્યે **'अनालोचित विशेषाशेषलोकशरण्याय'** એવું ભગવાનને વિશેષણ આપ્યું છે 'જાતિ વર્ણ વિદ્યા વૃત્ત ગુણ સંસ્કાર અને ભૂતભાવિ ઉપકાર વિગેરે વિશેષનો વિચાર કર્યા વિનાજ સર્વ લોકોના શરણ્ય–રક્ષક ઉપાય થનારા એવો અર્થ છે. આ સામ્ય ગુણ, જાતિ વર્ણ વિદ્યા વૃત્ત વિગેરેથી કનિષ્ઠ મનાતા આશ્રિતોના બહુ ઉપયોગનો છે. આ ગુણ શ્રીહરિરૂપ પોતા વિષે વચ. પ્ર. ૭૩ માં 'અને અમને કોઈ પોતાનું પણ નથી અને પારકું પણ નથી' આ રીતે જણાવ્યો છે ॥ ૧૩૧–૧૩૫ ॥

भक्ताभीष्टं प्रपूर्यैष आत्मानं कृतकृत्यकम् ।
मन्वानः कथितः कृष्णः कृती लोकोपकारकः ॥ १३६ ॥

કૃતી ગુણને કહે છે—ભક્તોના અભીષ્ટને પરિપૂરણ કરીને જ પોતાને કૃતકૃત્ય માનવાપણું એને **કૃતી** કહે છે ભગવાનમાં રહેલો આ ગુણ લોકોને બહુ ઉપકારક છે. આ ગુણ શ્રીરામે **'अभिषिच्य च लङ्कायां राक्षसेन्द्रं विभीषणम । कृतकृत्यस्तदा रामो विज्वरः प्रमुमोद ह'** આ વચનથી જણાવ્યો છે. ભક્તોના મનોરથોને પૂરીનેજ કૃતાર્થ માનવાપણું એ કૃતીરૂપ ગુણ મનાય છે ॥ અથવા લોકોપકારાર્થેજ કર્મોનું કરવાપણું એ કૃતી કહેવાય. આ બાબત **'न मे पार्थाऽस्ति कर्तव्यं त्रिषु लोकेषु किञ्चन । नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि'** આ વચનમાં જણાવી છે ॥ ૧૩૬ ॥

कृतज्ञत्वं महानस्य गुणो यद्भक्तकल्पितम् ।
स्वल्पमप्यानुकूल्यं तु चिरं स्मरति वै हरिः ॥ १३७ ॥

न स्मरत्यपराधानां शतमप्यात्मवत्तया ।
किञ्चित्तु सुकृतं दृष्ट्वा भृशं तुष्यत्ययं निजे ॥ १३८ ॥

કૃતજ્ઞ ગુણને કહે છે—કર્યા કૃતને જાણવાપણું. આ ગુણ ભગવાન વિષે મહાન્ વર્તે છે. જે ગુણથી ભક્તોએ યત્કિંચિત્ સ્વલ્પપણ અનુકૂળતા કરી હોય તેને બહુ માનીને તેને સંભાર્યા કરે છે. ભૂલી જતા નથી. આ અર્થ '**कथञ्चिदुपकारेण कृतेनैकेन तुष्यति। न स्मरत्यपकाराणां शतमप्यात्मवत्तया** (रामा. अयो.) આમાં સ્પષ્ટ છે. તાત્પર્ય એવું છે કે **કથંચિત્—'यथा तथा वाऽपि सकृत्कृतोऽञ्जलिः'** આમાં કહેલી રીતિથી યાદૃચ્છિક પ્રાસંગિકપણે કરેલા કે પ્રયોજનાન્તરપણે કરેલા કે મન વિના કરેલા, કે પત્ર પુષ્પાદિ મધ્યે હરકોઈથી કરેલા, કે પોતા થકી કિંચિત્ ફળલાભ માટે કરેલા, કે '**साङ्केत्यं पारिहास्यं वा स्तोभं हेलनमेव वा**' આમાં કહેલી રીતિએ કરેલા એકપણ અલ્પપણ ઉપકારથી ભગવાન્ શ્રીરામ સદા પ્રીતિને પામે છે. ઉપકારથી પ્રસન્ન થતા હોય તો અપકારથી કોપ પણ પામવા જોઈએ ? તો તેમ નથી. સોએ સો સારી રીતે કરેલા અપકારોને સ્મૃતિમાંજ લેતા નથી, એમાં કારણ શું ? તો પોતે વશીકૃત મન છે. જેનું મન વશ હોય તે તેમ કરી શકે એમાં નવાઈ નથી. અથવા '**उदाराः सर्वे एवैते**' '**न कश्चिन्नापराध्यति**' આવા નિશ્ચયવાળા પોતે હોવાથી તેમ કરી શકે છે. આ રીતે શ્રીરામની કૃતજ્ઞતા જણાવી છે. શ્રી કૃષ્ણે પણ, વસ્ત્રાહરણ વિપત્તિમાં આવેલાં દ્રૌપદીએ દૂરવાસી મારા પ્રત્યે 'હે ગોવિંદ રક્ષા કરો' એવું દીન આક્રંદન કરવાથી વસ્ત્રોની પૂર્તિ કરીને તે આપત્તિને ટાળી નાંખી તથાપિ આક્રંદનના બદલામાં મારે બહુ ઉપકાર કરવો જોઈતો હતો તે હું કરી શકયો નથી તેનું ઋણ ટાળવાનું બાકી રહી ગયું છે તે કયારે ટાળીશ એમ હૃદયમાં ઊંડું ખૂંચ્યાજ કરે છે' એમ જણાવી છે. ભગવાન્ શ્રીહરિ વિષે પણ '**शरणागतपापपर्वतं गणयित्वा न तदीय सद्गुणम् । अणुमप्यतुलं हि मन्यते सहजानन्दगुरुं भजे सदा**' આ સ્તુતિથી સૂચવી છે. કૃતજ્ઞતાનો અન્ય પ્રકારે પણ અર્થ કર્યો છે-કદાચિત્

કોઈ આશ્રિતની પ્રાર્થના પરિપૂર્ણ ન કરી હોય, તેને અવસર આવતાં તેનું અપેક્ષિત પૂર્ણ કરવા માટે 'અરેરે! આનું કામ મેં ન કર્યું' એમ પશ્ચાત્તાપ સાથે જાણવાપણું તે કૃતજ્ઞતા કહેવાય. આ બાબત '**शिरसा याचतस्तस्य न कृतं वचनं मया**' આ ભ્રાતા ભરતજીના સંબન્ધમાં ઉચ્ચારેલા શ્રીરામ વચનમાં વ્યકત છે. આ ગુણનો આવો અતિશય હોવાથી વિષ્ણુનામ સહસ્રમાં ભગવાનને '**कृतज्ञः**' નામથી નિરૂપ્યા છે. આ ગુણ અલ્પગુણ અપરાધિના બહુ ઉપયોગનો છે ॥ ૧૩૭-૧૩૮ ॥

चातुर्यं भक्तदोषाणां हरेर्गूहनचातुरी ।
विचित्रानन्तरचनासामर्थ्यमपि च प्रभोः ॥ १३९ ॥

ચાતુર્ય ગુણને કહે છે—જેમ ગૃહી પુરુષ, પોતાની પત્ની પુત્ર આદિકના દોષોને જોવા જાણવા છતાં પણ તેને હૃદયથી નહિ સ્મરણ કરીને, તે દોષોને ઢાંકે છે તેમ આશ્રિતોના દોષોને જાણવા છતાં તેનું હૃદયથી નહિ સ્મરણ કરીને તેને ઢાંકી દેવાની જે નિપુણતા તેને **ચાતુર્ય** ગુણ જાણવો. આશ્રિતોને આવા જ રૂપનું ચાતુર્ય ઉપયોગી છે. અનંત વિવિધ વિચિત્ર વિશ્વ રચવાનું જે ડહાપણ તેને પણ ચાતુર્ય કહેવાય છે ॥ ૧૩૯ ॥

गाम्भीर्यमस्य परमं हरेरम्भोनिधेरिव ।
अक्षोभ्यत्वं तथाऽज्ञेयगभीराशययोगिता ॥ १४० ॥

ગાંભીર્ય ગુણને કહે છે—ભક્તો ઉપર અનુગ્રહ કરવો કે દાતાપણું વાપરવું, વિગેરે જે ભગવાનનો આશય તે મૂળથીજ કોઈથી પણ જાણી શકાય નહિ એવો છે તેને ગાંભીર્ય ગુણ જાણવો અથવા સમુદ્રની પેઠે કયારેય પણ ક્ષોભ નહિ પામવાપણું તે ગાંભીર્ય કહેવાય. આવું ગાંભીર્ય ભગવાન વિષે પરમાવધિ વર્તે છે. આ અર્થ '**मनोमय...अवाक्यनादरः**' '**गम्भीरः परमो देवः**' '**गाम्भीर्यात् सागरोपमः**' '**महोदधिमिवाक्षोभ्यम्**' આ વચનોમાં વિસ્પષ્ટ છે. આ ગુણયોગથીજ ભગવાનને વિષ્ણુનામ સહસ્રમાં '**गम्भीरः**' '**गभीरात्मा**' આ નામથી સંબોધ્યા છે ॥ ૧૪૦ ॥

शौर्यं पराक्रमश्चैव विख्याते परमात्मनः ।
असुरादीन् सन्निरस्यन् यतोऽयं त्वपराजितः ॥ १४१ ॥

શૌર્ય—પરાક્રમને કહે છે—પરમાત્માના શૌર્ય અને પરાક્રમ આ બે ગુણો અસુર આદિક સાથે થએલાં મહાયુદ્ધોમાં તેઓના પરાભવથી પ્રસિદ્ધિમાં આવ્યા છે. તેમાં પોતે વિજય મેળવીને તેમનાથી અપરાજીત રહ્યા હતા. કદાપિ પરાજયને પામ્યા નથી. શત્રુ સૈન્યમાં નિર્ભયપણે પ્રવેશવાનું જે સામર્થ્ય તે **શૌર્ય** કહેવાય. અસુરોનું નિરાકરણ તે પરાક્રમ કહેવાય. **'रामं सत्यपराक्रमम्'** એમ રામના પરાક્રમની સત્યતા કહી છે ॥ ૧૪૧ ॥

माधुर्यमस्य परमं भक्तानां यद्धरी रसः ।
सदाऽनुभूयमानोऽपि नवो नव इवेयते ॥ १४२ ॥

માધુર્ય ગુણને કહે છે—ભગવાનમાં પરમ માધુર્ય ગુણ વર્તે છે, જેથી ભકતોને ભગવાન્ રસરૂપ–આનંદમય મનાય છે. જે નિરતિશય આનંદ રસને સદા અનુભવ કરવા છતાં પણ ભકતોને નવોને નવોજ જણાય છે તૃપ્તિને પામતા નથી. આ અર્થ **'रसो वै सः' 'आनन्दो ब्रह्म' 'शान्तिसमृद्धममृतम'** ઈત્યાદિકમાં વર્ણવ્યો છે. પોતે આનંદસ્વરૂપ હોવાથી ઉપાય દશામાં પણ **'प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः' 'कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च' 'क्व जपो वासुदेवस्य मुक्तिबीजमनुत्तमम्'** આમાં કહ્યા મુજબ મધુરપણું તે માધુર્ય જાણવું. અભિપ્રાય એવો ફલિત થાય છે કે–જેમ ઉપેય ભગવાન્ મધુર મધુવત્ મધુરસ્વરૂપ છે તેમજ પોતાની પ્રાપ્તિના ઉપાયભૂત થાય છે તેમાં પણ મધુરજ રહે છે. ઉપેય ભગવાન્ અને ભક્તિ આદિક ઉપાયો બન્ને પણ મિષ્ટ છે. **'मधुरमधुरमेतत'** એમ ભગવાનના નામને પણ નિરતિશય મધુર કહે છે અથવા–અનાદિ કાળથી અનુભવાતા પણ સર્વ વિષયો ભૂલી જવાય એવું જે સર્વદા ભોગ્યપણું તે માધુર્ય કહેવાય. આનંદસ્વરૂપ ભગવાનમાં એવો મધુર સ્વાદ છે કે તેનો અનુભવ કરનારા ભકતો બીજા બધા વિષયસ્વાદોને ભૂલીજ જાય છે. પુનઃ સ્મરણજ થતું નથી. આ રીતે નિરતિશય મધુર હોવાથીજ પરમાત્માને **'अमृतस्यैष सेतुः' 'तस्य छायाऽमृतम्' 'अन्तर्यामिय-**

मृतः' 'स खल्वमृतोऽमः' ઈત્યાદિકમાં નિરુપાધિક અમૃતપણે નિરૂપ્યા છે. લોકપ્રસિદ્ધ અમૃતમાં મધુરતારૂપ અમૃતત્વ પરમાત્મા પ્રદત્ત વર્તે છે. સ્વતઃ નથી, અથવા વાણી સંબન્ધી માધુર્ય જાણવું 'प्रियवादी च भूतानां सत्यवादी च राघवः' 'स च नित्यं प्रसन्नात्मा मृदुपूर्वं च भाषते' એમ શ્રીરામને વિષે વર્ણવ્યું છે. દિવ્ય મૂર્તિ સંબન્ધી પણ માધુર્ય વર્ણવ્યું છે. એમ ભગવાનનું સ્વરૂપ રૂપ ગુણ વિગેરે બધુંજ મધુર છે. આ બાબત શ્રીમુખે વચ. અંત્ય. ૩૭, મધ્ય ૧, સા. ૧૮, પં-૩-૪ માં રમ્ય રીતે વર્ણવી છે તે તે થકી જાણવી ॥ ૧૪૨ ॥

एते चान्ये च बहवो गुणाः ख्याता महात्मनः ।
रस्या ध्येया भक्तवर्गैर्भक्तिभावविवर्धनाः ॥ १४३ ॥

ઉપર કહ્યા એ અને બીજા ધૈર્ય સ્થૈર્ય વિગેરે બહુ ગુણો મહાત્મા પરમાત્મામાં વર્તે છે. આ ગુણો રસદાયી હોવાથી ભગવાનમાં ભક્તિ ભાવને વધારતા હોવાથી ભક્ત વર્ગે સદા ધ્યાન-ચિંતન કરવા યોગ્ય છે. જેમ ભગવાન્ ધ્યેય છે તેમ તેમના ગુણોપણ ધ્યાન કરવા યોગ્ય છે ॥ ૧૪૩ ॥

हरेर्विश्वस्य भरणं महाबलनिबन्धनम् ।
ऐश्वर्यगुणतो विश्वप्रशासनमुदीरितम् ॥ १४४ ॥

तत एव च सर्वेषां शेषित्वमपि विश्रुतम् ।
सर्वकर्माराध्यतास्य स्वामित्वान्निरुपाधिकात् ॥ १४५ ॥

ज्ञानशक्त्यादितः सर्वफलदत्वादि सिध्यति ।
समस्तचिदचिद्वस्तुशरीरत्वं श्रुतं च यत् ॥ १४६ ॥

अंशाच्छक्तेस्ततस्तेजःसम्भिन्नादस्य सम्भवेत् ।
अशेषजगतामेकहेतुता या श्रुता हरेः ॥ १४७ ॥

यस्त्वसङ्गस्वभावोऽस्य कुर्वतोऽप्यखिलात्मनः ।
महावीर्यगुणेनास्य प्रयुक्तः कथितो बुधैः ॥ १४८ ॥

मुमुक्षूपास्यता चास्य पावनत्वात्प्रसिद्ध्यति ।
सदा मुक्तानुभाव्यत्वं माधुर्यादमिताद्धरेः ॥ १४९ ॥

કેટલાક ગુણોના કાર્યભૂત ધર્મોને કહે છે—ભગવાન્ આ સમગ્ર વિશ્વનું ભરણ, (ધારણ) કરે છે તે મહાબળ કારણથી છે. મહાબળ ગુણથી વિશ્વને ધારે છે ॥ આ જે વિશ્વનું પ્રશાસન (નિયમન) કરે છે તે ઐશ્વર્ય ગુણથી કરે છે ॥ સર્વના પ્રશાસ્તા હોવાથી શેષિપણું પણ એમનું જ સાબીત છે. સર્વેના નિરુપાધિક સ્વામી હોવાથી સર્વ કર્મો વડે ભગવાનનું જ આરાધ્યપણું સિદ્ધ થાય છે. ભગવાનમાં જ્ઞાન, શકિત આદિક ગુણો રહેલા હોવાથી સર્વ ફળને આપવાપણું સિદ્ધ થાય છે. જેમાં જ્ઞાન, શકિત હોય એજ સર્વ ફળને આપી શકે. સમસ્ત ચિત્ અચિત્ વસ્તુઓ, પરમાત્માના શરીરભૂત છે એમ જે શ્રુતિમાં કહ્યું છે તે શકિતના અંશથી છે એમ જાણવું. સમસ્ત જગતનું એક કારણપણું જે ભગવાનમાં વર્ણવ્યું છે તે પણ તેજ રૂપ ગુણથી યુકત શકિતના અંશથી છે ॥ અંતરાત્માપણે રહીને સમગ્ર જગતને સર્જવા છતાં તેમાં નિર્લેપ સ્વભાવથી જે રહેવાપણું એ મહાવીર્ય ગુણને લીધે છે. મહાવીર્ય ગુણથી નિર્લેપ રહે છે ॥ પરમાત્મામાં પાવનપણારૂપ ગુણ હોવાથી મુમુક્ષુ મનુષ્યોએ એમની ઉપાસ્યતા સિદ્ધ થાય છે. પાવનની ઉપાસના થાય. ભગવાનમાં અમિત માધુર્ય ગુણ વર્તતો હોવાથી મુકતોએ સદા અનુભવ કરવાપણું સિદ્ધ થાય છે ॥ ૧૪૪–૧૪૯ ॥

इति शुभगुणजातमप्रमेयं निरुपधि नित्यमुदीरितं हरेर्वै ।
प्रयत इह शृणोति वक्ति वा यः स हि परमां रतिमेति रस्यमूर्तौ ॥१५०॥

इति श्रीमदाध्यात्मिकतत्त्वाख्याने मुनिगणशतानन्दस्वामिसंवादे ज्ञान-प्रकरणे भगवद्गुणगणवर्णनं नाम द्वात्रिंशतितमोऽध्यायः ॥ २२ ॥

ઉપર પ્રમાણે ભગવાન શ્રીહરિમાં વર્તતા નિરુપધિ નિત્ય અપરિમિત કલ્યાણકારી ગુણ ગણો લક્ષણોથી યથાસ્થિત કહ્યા. આ શુભ ગુણોને જે મુમુક્ષુ નર, નિયમ તત્પર થઈને આ લોકમાં સાંભળે અથવા કહે તેજ આનંદમૂર્તિ ભગવાનમાં પરમ પ્રીતિને પામે છે. ગુણાનુવાદથી ભગવાનમાં પ્રેમારૂપા ભકિતને પામે છે ॥ ૧૫૦ ॥

ઇતિશ્રી...શાસ્ત્રી હરિજીવનદાસકૃતગુર્જરાનુવાદે બાવીસમો અધ્યાયઃ ॥ ૨૨ ॥

त्रयोविंशतिमोऽध्यायः ।

मुनय ऊचु :—

रस्या मूर्तिर्भगवतः कथिता परमात्मनः ।
किमाकारा किंस्वभावा मुने ! चेयं किमात्मिका ॥ १ ॥

बहु विप्रतिपद्यन्ते मूर्तौ भगवतो हरेः ।
केचिदेनां न मन्यन्ते परे ब्रह्मणि माधवे ॥ २ ॥

केचित्तु मायिकं प्राहू रूपं सर्वेश्वरस्य वै ।
अमूर्तं निष्कलं ब्रह्म मायाभिः पुरुरूपकम् ॥ ३ ॥

ईयते चेत्यादिवेदवादा बहुविधाः श्रुताः ।
तत्त्वं नो गमयाद्य त्वं शतानन्द महामुने ! ॥ ४ ॥

મુનિઓ કહે છે—હે શતાનંદ મહામુને ! પરમાત્મા ભગવાનની જે મૂર્તિ, તે 'सर्वरसः' આ શ્રુતિમાં કહ્યા મુજબ સર્વ રસરૂપ કહી છે. રસ શબ્દથી આનંદ સમજવો. આ મૂર્તિનો આકાર કેવો છે? એનો સ્વભાવ કેવો છે? એ મૂર્તિ કયા દ્રવ્યની છે ? આ ભગવાન્ શ્રીહરિની મૂર્તિ બાબતમાં વાદિઓ બહુધા જુદુ જુદુ કહે છે. કોઈ તો પરંબ્રહ્મ શ્રીપતિની મૂર્તિને મૂળથી જ માનતા નથી. નિરાકાર કહે છે. કોઈ તો સર્વેશ્વરના રૂપને માનીને પણ આપણા જેવું માયિક કહે છે. એમાં **'अमूर्तं' 'निष्कलं ब्रह्म' 'इन्द्रो मायाभिः पुरुरूपमीयते'** આ પ્રમાણોને વગર વિચારે અડાવે છે. આ રીતના વેદવાદો બહુવિધ પ્રવર્તે છે. એથી અમોને શંકા રહ્યા કરે છે. એમાં જે તત્ત્વ-પ્રમાણ પ્રતિપન્ન હોય તે અમો જીજ્ઞાસુને હાલ જણાવો ॥ ૧-૪ ॥

शतानन्दमुनिरुवाच—

मूर्तिर्भगवतो ह्यस्ति विश्वरूपविलक्षणी ।
नित्यसिद्धा पुमाकारा दिव्या द्योतनधर्मिणी ॥ ५ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! ભગવાનની જે મૂર્તિ છે તે **'समस्ताः शक्तयश्चैता नृप यत्र प्रतिष्ठिताः । तद्विश्वरूपवैरूप्यं रूपमन्यद्धरेर्महत्'** (વિ–પુ) આમાં કહ્યા મુજબ આ જે પ્રાકૃત વિશ્વનું રૂપ (જડ) છે તે થકી અત્યંત વિલક્ષણી (જુદી) દિવ્ય છે. વળી આ મૂર્તિ, નિત્ય સિદ્ધા છે. આ અર્થ **'नित्यालिङ्गा स्वभावसंसिद्धिः'** **'नित्यसिध्धे तदाकारे'** વિગેરે શાસ્ત્ર વચનોમાં સ્પષ્ટ છે, સ્વભાવસિદ્ધ હોવાથી મૂર્તિનું નિત્યપણું સિદ્ધ થાય છે. કૃત્રિમ હોય તો નિત્યપણું ન ઘટે. આ મૂર્તિ, બીજા કોઈ આકારવાળી નહિ પણ પુરુષાકાર છે, જે પ્રમાણોથી રૂપનો સ્વીકાર કરાય છે એ જ પ્રમાણો પુરુષાકારને પ્રતિપાદે છે. **'पुरुषविधः'** આ શ્રુતિ, પુરુષના જેવા જ વિધા–પ્રકારને કહે છે. **'हिरण्मयः पुरुषो दृश्यते हिरण्यश्मश्रुर्हिरण्यकेश आप्रणखात्सर्व एव सुवर्णः तस्य यथा कप्यासं पुण्डरीकमेवमक्षिणी'** આ શ્રુતિ, શ્મશ્રુ (પુરુષાકારની પ્રતીતિ કરાવનારા દાઢી–મુંછના કેશો) કેશ, નખ, આદિક જેમાં છે એવા મસ્તક કર ચરણાદિ અવયવોને વર્ણવવા પૂર્વક રૂપની પુરુષાકારતાને પ્રતિપાદે છે. શ્રીરામાનુજે વેદાંતસારમાં **'पुरुषाकारः परमात्मैव'** એમ સાક્ષાત્ શબ્દ લખીને પુરુષાકારતા સમર્થી છે. શિક્ષાપત્રી શ્લોક ૧૦૮ ની ટીકામાં **'पुरुषाकारत्वात्पुरुषः'** એમ પુરુષ શબ્દનો અર્થ કરીને પુરુષાકારતા પ્રતિપાદી છે. વચ. લોયા ૧૪ **'નારાયણ** તો સદા મનુષ્યાકૃતિ છે' એમ મનુષ્યાકારને કહે છે. આથી સિદ્ધ થાય છે કે ભગવાનનો આકાર પુરુષના જેવો હસ્તપાદાદિ અવયવવાળો છે ॥ વળી આ મૂર્તિ પ્રાકૃત નહિ પણ દિવ્ય છે. આ અર્થ **'भगवान् दिव्यविग्रहः'** **'अप्राकृततनुर्देवो नित्याकृतिधरो युवा'** **'न तस्य प्राकृता मूर्तिः'** વિગેરે વચનોમાં વર્ણવ્યો છે વળી આ મૂર્તિ, **'भारूपः'** **'आदित्यवर्ण तमसः परस्तात्'** । ઇત્યાદિકમાં દ્યોતન પ્રકાશ ધર્મવાળી વર્ણવી છે. આ અખિલ અર્થ હરિવાક્ય સુધાસિંધુમાં **'मायिकाकारतः कृष्णाकृतिरस्ति विलक्षणा ! अतीव रमणीयाङ्गा सर्वसौन्दर्यसङ्ग्रहा । दिव्या नित्याऽकालगुणा सर्वेषां च मनोहरा'** આ રીતે સંગ્રહ્યો છે ॥ ૫ ॥

अस्या योगेन सर्वत्र व्याप्तस्यापि महात्मनः ।

स्थितिरप्राकृते धाम्नि नित्ये श्रुतिभिरीरिता ॥ ६ ॥

प्रशासितुरखण्डस्य मण्डलस्य भुवो यथा ।
प्रधाननगरे स्वीये स्थिती रूपेण वर्तते ॥ ७ ॥

विशेषस्त्वयमेवास्ति स्वाज्ञया केवलं क्षमः ।
व्याप्तुं सर्वं नृपात्मा न स्वरूपेणाणुभावतः ॥ ८ ॥

स्वरूपतः स्वाज्ञया च शक्त्या चैव परात्परः ।
परमात्मा वासुदेवः सर्वं व्याप्नोति वै विभुः ॥ ९ ॥

આવી મૂર્તિના યોગને લીધે જ ચિત્ અચિત્ સર્વમાં અહમર્થ આત્મ-સ્વરૂપથી વ્યાપી રહેલા પણ મહાત્મા પરમાત્માની સ્થિતિ, અપ્રાકૃત નિત્ય ધામમાં શ્રુતિસ્મૃતિઓએ વર્ણવી છે તે ઘટતી આવે છે. આ અર્થ **'तदक्षरे परमे व्योमन्' 'दिव्ये ब्रह्मपुरे ह्येष व्योमन्यात्मा प्रतिष्ठितः' 'वैकुण्ठे तु परे लोके' 'गोलोको धाम चेप्सितम्'** ઇત્યાદિકમાં વ્યક્ત વર્ણવ્યો છે. **शि. श्लों.** ૨૯ ની ટીકામાં **'अन्तर्यामिभावेन सर्वत्र सम्बद्धस्य ज्ञानानन्दैकस्वरूपस्य देशविशेषे मुक्तोपभोग्यस्वासाधारणदिव्यरूपेण सद्भावो नापरिच्छिन्नतां निरुन्ध्यात्, श्रूयते चास्य स्थानविशेषः श्रुतिषु'** આવાં વાકયો લખીને બન્ને બાબતની સ્પષ્ટતા કરી છે. (સર્વત્ર સ્વરૂપથી વ્યાપ્તિ અને રૂપથી ધામમાં સ્થિતિ) આ બાબતને દૃષ્ટાંતથી દૃઢ કરી આપે છે. જેમ અખંડ ભૂમંડળના પ્રશાસ્તા રાજાની સ્થિતિ, પોતાના પ્રધાન નગરમાં (રાજધાની) રૂપથી વર્તે છે તેમ, વિશેષ એટલો છે કે–જે રાજા છે તે કેવળ આજ્ઞામાત્રથી રાજ્યમાં વ્યાપવા સમર્થ છે, પણ નૃપનો જે અહમર્થ આત્મા તે અણુ સ્વરૂપ હોવાથી સર્વમાં સ્વરૂપથી વ્યાપવા સમર્થ થતો નથી ॥ પરાત્પર પરમાત્મા વાસુદેવ તો અહમર્થ સ્વરૂપથી વિભુ (વ્યાપક) હોવાથી આત્મસ્વરૂપથી, સ્વાજ્ઞાથી અને સ્વ-શક્તિથી પણ સર્વમાં વ્યાપવા સમર્થ છે. પરમાત્મા વાસુદેવ શબ્દનો 'સર્વ વ્યાપક' એવો અર્થ છે ॥ ૬–૯ ॥

व्याप्तः स्वरूपतो नायं व्यापिका शक्तिरस्य तु ।
इत्यादिकल्पनाऽपार्था श्रुतिगम्ये परात्परे ॥ १० ॥

स्वरूपतः सर्वगस्य निर्दोषत्वे निदर्शनम् ।
गगनादि विनिर्दिष्टं श्रुतौ भगवतो हरेः ॥ ११ ॥

કોઈ એવી કલ્પના કરે છે કે 'પરમાત્મા અહમર્થ સ્વરૂપથી સર્વમાં વ્યાપી રહ્યા નથી, પણ શક્તિથી વ્યાપી રહ્યા છે.' શ્રુતિથી જ એક જાણવા યોગ્ય અતીન્દ્રિય અચિન્ત્ય મહિમા શાલી પરાત્પર પરમાત્મામાં એવી કલ્પના કરવી તે તદ્દન ખોટી છે. સ્વરૂપ રૂપ આદિકની વ્યવસ્થા તો શ્રુતિમાં કહ્યા પ્રમાણે જ માનવી ઘટે. ભગવાન્ શ્રીહરિ સ્વરૂપથી સર્વત્ર વ્યાપ્ત છે છતાં પણ જગતના દોષનો એમને સ્પર્શ નથી. એ બાબતમાં શ્રુતિ વિષે આકાશ, સૂર્ય આદિકનાં દૃષ્ટાંતો આપવામાં આવ્યાં છે. એમ કરીને સ્વતઃ સર્વ વ્યાપક છતાં નિત્ય નિર્દોષતા નિરૂપી છે ॥ ૧૦-૧૧ ॥

अन्तः प्रविश्य विश्वस्य नियन्तृत्वैकलक्षणा ।
श्रुता शक्तिर्हरावेवाऽन्तर्यामी चोदितस्ततः ॥ १२ ॥
अयमेवान्वयः प्रोक्तस्तत्तद्भूतशरीरिणः ।
परात्मनः परेशस्य तत्तद्भूतानुकारिणः ॥ १३ ॥
अप्राकृतेऽक्षरे धाम्नि दिव्यरूपेण तु स्थितिः ।
नित्यं ब्रह्मात्मसेव्यस्य व्यतिरेकोऽस्य कथ्यते ॥ १४ ॥

સર્વ વિશ્વની અંદર આત્મસ્વરૂપથી પ્રવેશીને, સર્વ ભૂતોનું નિયમન કરવા રૂપ જે શક્તિ છે તે એક પરમાત્મા શ્રીહરિને વિષે જ જોવામાં આવે છે. એથી જ '**अन्तः प्रविष्टः शास्ता जनानां सर्वात्मा**' '**आत्मानमन्तरो यमयति अन्तर्याम्यमृतः**' આ શ્રુતિઓ પરમાત્માને અંતર્યામિપણે નિરૂપે છે. '**अन्तर्यामितया स्थितः**' એમ શિક્ષાપત્રી કહે છે. તે તે ભૂતો જેમનું શરીર છે એવા સર્વ શરીરી અને તે તે ભૂતોને અનુસરી રહેલા એવા પરમાત્મા પરમેશ્વરનો જે અન્વય કહ્યો છે તે આ રીતની અવિચ્છિન્ન

વ્યાપ્તિરૂપનો સમજવો. અન્વય કહો કે વ્યાપ્તિ કહો બન્ને બહુધા એકાર્થ છે. અપ્રાકૃત અક્ષરધામમાં દિવ્યરૂપથી જે સ્થિતિ છે તે બ્રહ્મરૂપ મુક્તોએ સેવનીય એવા ભગવાનનો વ્યતિરેક કહ્યો છે. આત્મસ્વરૂપથી અન્વય અને દિવ્યરૂપથી વ્યતિરેક સમજવો. આ અર્થ વ. પ્ર. ૭, 'અક્ષર બ્રહ્મ જીવ ઈશ્વર માયા અને માયાનાં કાર્ય જે બ્રહ્માંડ એમને વિષે જે શ્રીકૃષ્ણ ભગવાનને અંતર્યામિપણે કહેવા અને નિયંતાપણે કહેવા તે એ ભગવાનનું અન્વયપણું છે અને એ સર્વેથી પૃથક્પણે કરીને પોતાના ગોલોકધામને વિષે જે બ્રહ્મજ્યોતિ તેને વિષે રહ્યા છે એમ જે કહેવું તે ભગવાનનું વ્યતિરેકપણું છે' આ રીતે કહ્યો છે. નિર્દોષપણામાં પણ વ્યતિરેકપણું ક્વચિત્ કહ્યું છે ॥ ૧૨-૧૪ ॥

दिव्यरूपमिदं प्रोक्तं सच्चिदानन्दलक्षणम् ।
निर्गुणं नित्यसिद्धं च राधा–लक्ष्म्यादिसेवितम् ॥ १५ ॥
नित्यत्वात सदिति प्रोक्तं चिदिति द्योतनात् सदा ।
अनुकूलप्रकाशत्वादानन्द इति शब्दितम् ॥ १६ ॥

આ જે દિવ્ય રૂપ, તે સચ્ચિદાનંદ લક્ષણ કહ્યું છે. પ્રાકૃત સત્ત્વાદિ ગુણે રહિત હોવાથી '**निर्गुण**' એમ નિર્ગુણપણે કહ્યું છે. ભગવાનની નિત્ય ઇચ્છા સ્વીકૃત હોવાથી નિત્ય સિદ્ધ માન્યું છે. આવા દિવ્ય રૂપની સેવા, રાધા લક્ષ્મી આદિકે નિરંતર કરાય છે ॥ નિત્ય હોવાથી સત અને પ્રકાશમય અજડ હોવાથી ચિત્ અને અનુકૂળ પ્રકાશ હોવાથી આનંદ એવા શબ્દથી કહેવાય છે. આ ગુણોથી પરમાત્માના અહમર્થ સ્વરૂપનેજ જેમ એમ રૂપને પણ સચ્ચિદાનંદ લક્ષણ કહેવાય છે ॥ ૧૫-૧૬ ॥

ज्ञानशक्तिबलैश्वर्यवीर्यतेजःप्रकाशकम् ।
श्रीहरेर्वासुदेवस्य प्रोक्तं षाड्गुण्यमित्यतः ॥ १७ ॥
मायिकं जडरूपं तु जीवानां कर्महेतुकम् ।
विकारि सततं दुःखभयाज्ञानविवृद्धिकृत् ॥ १८ ॥

नित्येच्छासिद्धमेतत्तु मूर्तं रूपं प्रियं हरेः ।
किशोरवयसा रम्यं ज्ञानानन्दादिवर्धनम् ॥ १९ ॥

જ્ઞાન, શકિત, બળ, ઐશ્વર્ય, વીર્ય, તેજ, આ પરમાત્મ સ્વરૂપના જે ગુણો તેને પ્રકાશ કરનારું હોવાથી વાસુદેવ શ્રીહરિના દિવ્ય રૂપને **'षाड्गुण्यविग्रहं'** એમ ષાડગુણ્ય કહેવામાં આવે છે. વસ્તુતાએ આ ગુણો સ્વરૂપ નિષ્ઠ છે. છતાં આ રૂપ, સ્વરૂપના જ્ઞાનાદિ ગુણોને આચ્છાદન નહિ કરતાં એ ગુણોને બહાર પ્રકાશમાં લાવનાર હોવાથી રૂપને 'પણ ષાડ્ગુણ કહે છે ।। જીવોનું જે શરીર છે તે માયિક જડરૂપ છે. અને તે કર્મકારણથી મળેલું છે. એમ હોવાથી તે શરીર સતત વિકાર પામનારૂ અને દુઃખ ભય અજ્ઞાન એ આદિક દોષોને વધારનારૂં છે. પરમાત્માનું મૂર્તરૂપતો નિત્યેચ્છાસિદ્ધ દિવ્ય હોઈને શ્રીહરિને પણ બહુ પ્રિય છે. **'मूर्तं ब्रह्म ततोऽपि तत्प्रियतरं रूपं यदत्यद्भुतम्'** એમ સ્વરૂપ કરતાં પણ રૂપની અભિપ્રિયતા કહી છે. કિશોરવયને લીધે અતિરમ્ય હોઇને જ્ઞાન આનંદાદિ ગુણોને વધારનારૂં છે. અંતઃસ્થ જ્ઞાનાદિ ગુણોને આવરણ નહિ કરતાં બહાર પ્રકાશમાં લાવનારૂં છે. એમ જીવાત્માના રૂપ કરતાં પરમાત્માના રૂપની અતિ વિલક્ષણતા છે. સોળ વર્ષની વયને કિશોર વય કહે છે. કિશોર કહો કે યૌવન કહો કે તરુણ કહો એ સર્વે બહુધા એકાર્થ છે. કુમાર વય પછી જણાતો જે કાંઈક રમણીય રૂપસ્વભાવ તેને યૌવન કહે છે. જેમ આપણા શરીરમાં કાળક્રમથી અવસ્થાઓ ભિન્નભિન્ન આવે છે તેમ ભગવાનના શરીરમાં નથી. એમાં તો એકજ યૌવન વય છે. શરીર નિત્ય હોવાથી એમાં રહેલી અવસ્થાપણ નિત્ય છે. કદાપિ બદલાય નહિ. દેવાદિ યોનિમાં પણ કેટલાકની ઉત્પત્તિ, બાલ્યાદિ ક્રમથી નહિ પણ યુવા વયથીજ એકદમ થાય છે તો દેવાધિદેવ ભગવાનના શરીરમાં એવું નિત્ય યૌવન હોય એમાં શંકાને સ્થાન નથી આ બાબત **'नित्याकृतियुवा'** **'युवा कुमारः'** **'अत्यद्भुताचिन्त्यनित्ययौवनः'** એમ યૌવનને નિત્ય અચિંત્ય અદ્ભુત એવાં વિશેષણ આપીને તેનો ઉત્કર્ષ જણાવે છે. શરીર કહ્યું એટલે એની કોઈ અવસ્થા કહેવી પડે તો તે યુવા છે. **'सदा किशोरो**

वयसाऽतिरम्यः' 'किशोरवयसं प्रभुम्' 'सदैव तरुणः' (સત્સંગિજીવન) વચ. મધ્ય. ૧૩ 'એ મૂર્તિ તો અતિ સૌમ્ય છે ને કિશોર છે. ઉપો. 'સદા કિશોર મૂર્તિ છે' એમ વર્ણન છે. કિશોર વય અને યૌવન વયમાં બહુ ફરક નથી. આ વય દરેક ભકતને અતિ આકર્ષક ભોગ્ય છે ॥ ૧૭-૧૯ ॥

सत्त्वादिमायिकगुणैर्वर्जितं सत्त्वमूर्जितम् ।
दिव्यगन्धं दिव्यरसं दिव्यसर्वाङ्गकं परम् ॥ २० ॥
कर्मणा ह्यङ्गवैकल्यं जीवानां जायते क्वचित् ।
वैकल्यस्य कथा का वा हरिरूपे त्वकर्मजे ॥ २१ ॥

ભગવાનનું જે દિવ્ય રૂપ છે તે માયિક સત્ત્વાદિ ગુણોએ રહિત છે. કેવળ અપ્રાકૃત સત્ત્વમય છે '**सर्वगन्धः सर्वरसः**' આ શ્રુતિમાં કહ્યા મુજબ સર્વવિધ ગન્ધવાળું અને સર્વવિધ રસવાળું છે. આ રૂપ સર્વાંગ સંપૂર્ણ છે, જીવોના અંગમાં જે કવચિત્ વિકળતા (ખોટ) આવે છે તે સ્વકર્મને લીધે છે, ભગવાનનું જે રૂપ છે તે કર્મ જન્ય નહિ હોઈને કેવળ ઇચ્છા કૃત દિવ્ય હોવાથી વિકળતાની શંકાનો અવકાશજ નથી આ અર્થમાં '**बुद्धिमनोऽङ्गप्रत्यङ्गवत्तां भगवति लक्षयामहे शास्त्रशब्देभ्यः**' એવું વિષ્ણુનામ સહસ્ર ભાષ્યમાં વચન છે. ભાગવતમાં '**ध्यायेद्देवं समग्राङ्गं यावन्न च्यवते मनः**' એમ સર્વાવયવ સંપૂર્ણતા કહી છે. આ અર્થની સ્પષ્ટતા વચ. વર. ૨. 'ભગવાન છે તે કર ચરણાદિક સમગ્ર અંગે કરીને સંપૂર્ણ છે અને લેશમાત્ર પણ કોઈ અંગે વિકળ નથી' એમ શ્રીમુખે કરી છે ॥

અખંડ આનંદને ઉપજાવનાર હોવાથી **સર્વરસપણું** કહ્યું છે. ચંદન કસ્તુરી કેસર આદિક સુગન્ધિ પદાર્થોની અપેક્ષા રાખ્યા વિના સ્વતઃસુગન્ધ-પણું અને પોતાના સંબંધમાં જે જે આવે તે સર્વેને પણ સુગન્ધિમાન્ કરવાપણું એ **સૌગન્ધ્ય** સમજવું, મૂર્તિમાં રહેલો જે ગંધ તે અનુકૂળ અને નિરવશેષ હોવાથી સુગન્ધ કહેવાય. ચંદન, અત્તર આદિકમાં રહેલો ગંધતો સર્વરસમય મૂર્તિના સુગંધ આગળ કશા લેખમાં નથી. '**सर्वगन्धः**' આ

શ્રુતિને અનુલક્ષીને '**तस्याननं पद्मसमानगन्धि**' (રામા) '**पुण्यगन्धवासितानन्तदिगन्तरालः**' (વેદાર્થ સંગ્રહ) '**दिक्प्रसरत्सुगन्धः**' (સ. પ્ર. ૪. અ. ૭૨) ઇત્યાદિ વચનો પ્રવર્ત્યાં છે. વચ. પં ૩ 'અને જેવો ભગવાનમાં સુગન્ધ છે તેવો બીજે નથી.' પં. ૪ 'અને એ ભગવાનનો જેવો સુગન્ધ છે તેવો આ બ્રહ્માંડમાં કોઈનો નથી, જે જેની એને ઉપમા દઈએ' ઇત્યાદિ ॥ ૨૦-૨૧ ॥

अत्युज्ज्वलं च नित्यानां मुक्तानां चापि रूपतः ।
अत्यन्तसुकुमारं च लावण्यैकनिकेतनम् ॥ २२ ॥

समं समविभक्ताङ्गं घनश्यामं सितप्रभम् ।
तेजोमण्डलमध्यस्थमभक्तैर्दुग्रहं सदा ॥ २३ ॥

दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता ।
यदि भाः सदृशी सा स्याद्भासो रूपस्य वै हरेः ॥ २४ ॥

कमनीयप्रेक्षणं तदापादतलमस्तकम् ।
पुमाकारं श्मश्रुरम्यं सर्वेशत्वे व्यवस्थितम् ॥ २५ ॥

ભગવાનનું જે રૂપ છે તે નિત્ય અને મુક્તોના રૂપ કરતાં અત્યંત ઉજ્જવલ છે અને અત્યંત સુકુમાર છે અને લાવણ્યના એક ધામભૂત છે. એમ ઔજ્જવલ્ય સૌકુમાર્ય અને લાવણ્ય આ ત્રણ ગુણો રૂપના ઉત્કર્ષને જણાવનારા છે. '**आदित्यवर्णं**' '**रुक्मवर्णं**' એમ એક સૂર્યસદૃશ અને બીજો સુવર્ણસદૃશ વર્ણ વિગ્રહમાં વર્ણવ્યો છે. જેને તેજ કાંતિ દીપ્તિ ભા આદિક શબ્દથી કહે છે. આવા ઉજ્જવળ રૂપમાંથી પ્રભા કે કિરણરૂપ તેજની ધારાઓ ચોમેર છૂટે છે. આ બાબત '**दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता । यदि भाः सदृशी सा स्यात् भासस्तस्य महात्मनः**' (ગીતા) '**युगपदुदितदिनकरसहस्रसदृशतेजसि**' (ગીતા ભાષ્ય) ઇત્યાદિકમાં વ્યક્ત વર્ણવી છે. આકાશમાં એક સાથે ઉદય પામેલા સહસ્રસૂર્યની જેવી પ્રભા છે તેવી પ્રભા ભગવાનના રૂપની છે. આ સર્વનો અભિપ્રાય ઉજ્જવળતામાં

છે. કોમળતા કહો કે મૃદુતા કહો બન્ને એકાર્થમાં છે. મહા બળવાન્ છતાં પણ **'पुष्पहाससुकुमारः'** (વેદાર્થ સંગ્રહ) આમાં કહ્યા મુજબ પુષ્પહાસ-પર્યાય મૃદુતાને **સૌકુમાર્ય** કહે છે. આ અર્થ **'सौकुमार्यं सुवेशताम्** (રામા) **'मार्दवस्य कणिका किमु लेभे पद्मकोशनवनीत-शिरीषैः'** (સ. પ્ર. ૧ અ. ૫૩) ઇત્યાદિકમાં વર્ણવ્યો છે. આ શરીરની સુકુમારતા સમજવી. સમુદાય શોભાને લાવણ્ય ગુણ કહે છે. એનું લક્ષણ અહિર્બુધ્ન્ય સંહિતામાં **'भूयिष्ठं तेज एवाद्भिर्बहुलाभिर्मृदूकृतम् । चक्षुरानन्दजनकं तल्लावण्यमिहोच्यते'** આ રીતે કર્યું છે. અર્થ એવો છે કે-ઘણુંક તેજ હોય અને એની અંદર ઘણાક જળને મેળવીને બહુ મૃદુ કરવામાં આવ્યું હોય અને તે જેવું શોભે તેવી શોભાવાળો જે ચક્ષુને અત્યંત આનંદ ઉપજાવનારો શાંત શીતળ તેજોવિશેષ તે લાવણ્ય જાણવું. આ અર્થની વિશદતા **'विश्वमाप्याययन् कान्त्या पूर्णेन्द्वयुततुल्यया'** (સાત્વ સં) **'वपुषा सुन्दरेणैव दिव्येनाविकृतेन च । मुञ्चन्तमनिशं देहादालोकं ज्ञानलक्षणम्'** (पौ. सं) વિગેરે વચનોમાં કરી છે. વેદાર્થ સંગ્રહમાં દિવ્યમૂર્તિને **'लावण्यामृतपूरिताशेषचराचरभूतजातः'** ગીતા ભાષ્યમાં-**'लावण्यामृतमहोदधौ'** એવાં વિશેષણો આપ્યાં છે. **'कोटिकन्दर्पलावण्यं'** (સ. પ્ર. ૧ અ. ૩૭) **'सच्चिदानन्दरूपोऽतिलावण्यो दिव्यविग्रहः'** (સુધાસિંધુ) એવાં વિશેષણો આપ્યાં છે ॥ આ લાવણ્ય ગુણનું લક્ષણ છે. વળી આ રૂપ **સમ** છે-પુરુષમાં કોઈ ટૂંકો કે લાંબો હોય છે તેવું નથી, આતો હ્રસ્વત્વ આદિક દોષે રહિત છે. રામાયણમાં રૂપવર્ણન પ્રસંગે **'समः'** એવું વિશેષણ આપીને અતિદીર્ઘ નહિ તેમ અતિ ટૂંકું નહિ અર્થાત્ શોભે એવી ઉચિત ઉન્નતતાએ યુકત છે એમ કહ્યું છે. સામુદ્રિકમાં ૯૬ આંગળ ઊંચાઈની સુલક્ષણતા કહી છે. વળી આ રૂપ **'समविभक्ताङ्गः'** છે. રૂપમાં રહેલા સમગ્ર અવયવો ન્યૂન કે અધિક માપવાળા નહિ પણ સમ માપવાળા છે અને વળી વિભક્ત-એક બીજા સાથે કોઈ અંશે નહિ મળી ગએલા જુદા જુદા છે. આ વાકય રામાયણમાં છે. સ. પ્ર. ૧ અ. ૨૨ માં સર્વાંગ સુંદર દિવ્ય રૂપને વર્ણવીને છેવટે **'महापुरुषलक्षणलक्षितम्'** વા. સુ. મા. માં **'रूपानुरूपसंपूर्णदिव्यावयवलक्षितम्'** એમ 'રૂપને અનુરૂપ સંપૂર્ણ દિવ્ય અવયવોએ સંપન્ન' એમ રૂપને વર્ણવ્યું છે. આ રીતે **'सम'** અને **'समविभक्ताङ्गः'** એનો અર્થ સમજવો. વળી આ રૂપ **'नवीननीलतोयदमध्यस्था विद्युल्लेखेव भास्वरा'** આ શ્રુતિ અને **'कृष्णो वर्णश्च मे यस्मात्तेन कृष्णोऽ-**

हमर्जुन' આ સ્મૃતિમાં કહ્યા મુજબ શરીરનો વર્ણ ઘન જે મેઘ તે સદૃશ શ્યામ હોવાથી '**घनश्याम**' અને તેજો વિશેષને લીધે '**सितप्रभं**' એમ કહેવાય છે. આ બન્ને બાબત '**नवीनजीमूतसमानवर्णं**' '**निजाङ्गनिर्यत्सित भूरितेजश्छयावृतत्वात् सितवर्णमुक्तम्**' આ વચનમાં વ્યકત છે. આ બન્ને બાબતો '**श्यामं सितं**' (સ. પ્ર. ૫) વચ. મધ્ય ૧૩ 'અને તે મૂર્તિ ઘનશ્યામ છે તો પણ અતિશય તેજે કરીને શ્યામ નથી જણાતી અતિશય શ્વેત જણાય છે' આવા શબ્દોથી જણાવી છે. એમ રૂપમાં બન્ને વર્ણો ઘટાવ્યા છે આ મૂર્તિ '**तेजोमण्डलमध्यस्थो गोलोके यः स एव सः**' (સ. પ્ર. ૪ અ. ૨૫) આમાં કહ્યા મુજબ તેજો મંડળના મધ્યમાં રહેલી હોવાથી અભક્તોના ગ્રહણમાં આવતી નથી. એમ હોવાથી આ રૂપ મસ્તકને આરંભીને પાદતળ પર્યંત સર્વાંગ સુંદર હોવાથી સર્વેએ દર્શન કરવા યોગ્ય છે. કર ચરણ મુખ મસ્તક આદિક સમસ્ત અવયવોની સમુચિત શોભાને **सौन्दर्य** કહે છે. જે ગુણથી '**साक्षान्मन्मथमन्मथः**' (ભાગ.) એમ ભગવાનને બ્રહ્માદિ સર્વેના મનને મથનારા કામદેવના પણ મનને મથન કરનારા કહ્યા છે. '**रूपौदार्यगुणैः पुंसां दृष्टिचित्तापहारिणम्**' (રામા) એમ સૌન્દર્યાદિ રૂપ ગુણો અને ઔદાર્યાદિ આત્મગુણોએ કરીને સર્વની દૃષ્ટિ અને ચિત્તને હરિ લેનારા શ્રીરામને કહ્યા છે. આ અર્થમાં '**अनवधिकातिशयसौन्दर्या-हृताशेषमनोदृष्टिचित्तः**' (વેદાર્થ સંગ્રહ) '**स देवदेवोऽस्ति हिरण्यवर्णः अशेषसौन्दर्यनिकेतमूर्तिः**' (સ. પ્ર. ૪ અ. ૬૨) **स्वमूर्तेर्दिव्यतैश्वर्यं चाप्यदीदृशत्**' (સ. પ્ર. ૩ અ. ૯) ઈત્યાદિ પ્રમાણો છે. આ ગુણ વચ. લો. ૧૩–૧૮ ઉપોદ્‌ઘાતમાં શ્રીહરિ વિષે વર્ણવ્યો છે ।। રામાનુજાચાર્યે ગી. ભા. ઉપોદ્‌ઘાતમાં '**निरतिशयौज्ज्वल्यसौन्दर्यसौगन्ध्यसौकुमार्यलावण्य-यौवनाद्यनन्तगुणनिधिः**' એમ રૂપને અનંત ગુણોના નિધિરૂપ કહેવાપૂર્વક ઔજ્જવલ્ય, સૌન્દર્ય સૌગન્ધ્ય, સૌકુમાર્ય, લાવણ્ય, યૌવન, આ છ ગુણોનો નામથી નિર્દેશ કર્યો છે. '**भारूपः सर्वगन्धः सर्वरसः**' આ શ્રુતિએ ઔજ-જ્વલ્ય, સૌગન્ધ્ય અને માધુર્ય આ ત્રણ ગુણો અને '**रूपसंहननं लक्ष्मीं सौकुमार्यं**' આ વચને સૌન્દર્ય લાવણ્ય અને સૌકુમાર્ય આ ત્રણ ગુણો મળીને છ ગુણો નિરૂપ્યા છે. આ ગુણો આત્માકર્ષક હોઇને રૂપના શુભા-શ્રયપણામાં અને ભેગ્યપણામાં ભક્તોને બહુ ઉપયોગી છે. આ ગુણોનું વિવરણ તે તે સ્થળે સુંદર કર્યું છે. આ રૂપ બીજા કોઈ આકારવાળું નહિ, પણ પુરુષાકાર છે. અને પુરુષાકારની પ્રતીતિ કરાવનારા દાઢી–મુંછના કેશોએ

કરીને રમણીય છે, આ અર્થ 'हिरण्यश्मश्रुः' આ શ્રુતિસિદ્ધ છે. પુરુષાકાર હોવાથી તેને શોભા આપનારા દાઢી–મૂછના કેશો હોવા જ જોઇએ. આ રૂપ જે સર્વેશ હોય એમાં જ સંભવિત છે. આવું રૂપ બીજા કોઇનું પણ હોઈ શકે નહિ ॥ ૨૨–૨૫ ॥

सर्वेश्वरत्वचिन्हैश्च रञ्जितं कौस्तुभादिभिः ।
सिद्धिभिश्च भगैर्वेदैर्मूर्तिमद्भिरुपाश्रितम् ॥ २६ ॥

शङ्खचक्रगदापद्मैरायुधैः परिसेवितम् ।
परत्वचिन्हभूतानि प्रोक्तान्येतानि वै हरेः ॥ २७ ॥

વળી આ દિવ્ય રૂપ, કૌસ્તુભ, વૈજયંતીમાળા, આદિક જે સર્વેશ્વર પણાનાં ચિન્હો છે તેનાથી અલંકૃત છે. અને અણિમાદિક સિદ્ધિઓ તથા છ ભગો અને મૂર્તિમાન્ ચાર વેદોએ સ્તુતિ કરેલું છે. જે સર્વેશ્વર હોય એનાં જ આ બધો ચિન્હો અસાધારણ છે ॥ વળી શંખ, ચક્ર, ગદા, પદ્મ, જે ચાર અચિંત્ય શક્તિ આયુધો તેણે સદા સેવાતું છે. આ આયુધો સામાન્ય નથી પણ દિવ્યમૂર્તિ પરાત્પર પરમાત્માનાં અસાધારણ ચિન્હો છે. આ ચિન્હો જેમાં હોય એ જ પરાત્પર પરમેશ્વર કહેવાય ॥ ૨૬–૨૭ ॥

सृष्टौ पद्मं स्थितौ चक्रं संहृतौ च गदा स्मृता ।
विमुक्तौ पाञ्चजन्यं च हरेः कृष्णस्य सात्त्विकैः ॥ २८ ॥

दिव्यास्त्रभूषणैः सर्वतत्त्वाधिष्ठानमुत्तमम् ।
समस्तशक्ति मुक्तात्मसेव्यं मुक्तानुभाव्यकम् ॥ २९ ॥

एवंविधाद्भुताचिन्त्यदिव्यरूपः परात्परः ।
वासुदेवः परंब्रह्म मोदते धाम्नि चाक्षरे ॥ ३० ॥

આ ચાર આયુધો મધ્યે જે પદ્મ છે તે સૃષ્ટિનું બીજ છે, જે ચક્ર છે તે સ્થિતિનું બીજ છે, જે ગદા છે તે સંહારનું બીજ છે ॥ જે પાંચજન્ય શંખ છે તે વિમુક્તિનું બીજ છે. આ ચાર આયુધોનો ઉપયોગ ભગવાન્ જગતની ઉત્પત્તિ, સ્થિતિ, સંહાર અને મુક્તિમાં કરે છે. 'चतुर्भुजं गदापद्मशङ्खचक्रधरं विभुं'

(वा. मा.) '**चतुर्भुजं गदापद्मशङ्खचक्रविभूषितम्**' (સ. પ્ર. ૩ અ. ૩૨) વચ. ઉપો. 'અને મૂર્તિમાન્ એવાં જે સુદર્શનાદિક આયુધ તેમણે સેવ્યાં છે' લોયા ૨૮, 'તે ઉપર શંખચક્ર ગદા પદ્મ...ઇત્યાદિ ચિન્હે સહિત ભગવાનની મૂર્તિને લખે છે,' ઇત્યાદિમાં સ્ફુટ છે.

શ્રીરામાનુજાચાર્યે ગી. ઉપો. પ્રથમ સ્વરૂપ, રૂપ અને તેના ગુણો વર્ણવ્યા પછી રૂપાશ્રિત ભૂષણોને વર્ણવીને પછીથી '**स्वानुरूपासंख्येयाचिन्त्यशक्तिनित्यनिरतिशयकल्याणदिव्यायुधः**' એમ આયુધોને વર્ણવ્યાં છે. આમાં આયુધોને સ્વાનુરૂપ, અસંખ્યેય, અચિંત્ય શક્તિ, નિત્ય, નિરવદ્ય નિરતિશય કલ્યાણ, દિવ્ય, એવાં વિશેષણો આપીને સર્વાધિક ઉત્કર્ષ સમર્થ્યો છે. 'આ આયુધો પણ ભૂષણભૂત હોવાથી '**अस्त्रभूषणभूषितः**'એમ ભૂષણો સાથે અસ્ત્રોને લઇને તેનાથી પણ '**भूषितः**' એમ કહે છે. આયુધોનો આશ્રયતો બાહુઓ છે. મુખ્ય ઉપયોગ તો આશ્રિતોના અનુભાવાર્થે અને વિરોધિઓના વિનાશનપૂર્વક આશ્રિતોના રક્ષણાર્થે છે. આ અર્થ '**त्वं भक्तसङ्गमवितुं स्वकमासुरेभ्यो दोर्भिर्दधद्दरगदासिसरोरुहाणि**' (સ. પ્ર. ૪ અ. ૩૧) આમાં સ્પષ્ટ છે. અંબરીષ રાજાની રક્ષા માટે તેને ત્યાં સુદર્શન ચક્ર રાખ્યું હતું. એવી તો બહુ કથાઓ છે. ભગવાને પોતાનું જે સ્વરૂપ સામર્થ્ય તે આયુધો દ્વારા બહુધા બહાર પ્રદર્શાવ્યું છે. વિષ્ણુનામ સહસ્રમાં ભગવાનને '**शङ्खभृत्**' '**चक्री**' '**गदाधरः**' '**पद्मी**' '**नन्दकी**' '**शार्ङ्गधन्वा**' '**हलायुधः**' ઇત્યાદિ નામનિર્દેશથી વર્ણવીને છેવટે '**सर्वप्रहरणायुधः**' એમ અનેક આયુધધારીપણે વર્ણવ્યા છે. આવો મહિમા હોવાથી જ તપાવેલાં તે સુદર્શનાદિક આયુધોના ધારણનો પણ મહા મહિમા વૈષ્ણવ શાસ્ત્રોમાં વિશેષતઃ વર્ણવ્યો છે. અને દીક્ષા વિધિમાં સર્વેને તેના ધારણની અત્યાવશ્યકતા જણાવી છે. ભાગ. સ્કં. ૬ માં ભગવાનને અષ્ટ ભુજપણે વર્ણવતા પર્વક અષ્ટ ભુજોમાં ધારેલાં અષ્ટ આયુધોને વર્ણવ્યાં છે. આ રીતે સાત્વિક દિવ્ય અસ્ત્રો અને ભૂષણોરૂપે સર્વ તત્ત્વોના અધિષ્ઠાન ભૂત ઉત્તમ રૂપ છે. આમાં '**समस्ताः शक्तयश्चैताः**' એમાં કહ્યા મુજબ સમગ્ર શક્તિઓ રહી છે. આ રૂપ મુક્તાત્માએ સદા સેવ્ય અને મુક્તાનુભાવ્ય છે. આ દિવ્ય રૂપનું સેવન અને અનુભવ મુક્તાત્માઓને જ છે. બીજાના અનુભવમાં નથી. આવા અદ્ભૂત અચિંત્ય

દિવ્ય રૂપધારી પરાત્પર વાસુદેવ પરંબ્રહ્મ ભગવાન્ અક્ષરધામમાં નિત્ય વિરાજે છે ॥ ૨૮-૩૦ ॥

स प्रभुर्दिव्यवसनो दिव्यालङ्कारशोभनः ।
राधारमादिभिः स्वाभिः शक्तिभिः परिसेवितः ॥ ३१ ॥
श्रीदामविष्वक्सेनाद्यैः पार्षदैर्दिव्यविग्रहैः ।
सेव्यमानश्च सच्छत्रचामरव्यजनादिभिः ॥ ३२ ॥
असङ्ख्यैश्च महामुक्तैर्दिव्यसुन्दरविग्रहैः ।
दिव्यैरनेकोपचारैः पूजितश्चन्दनादिभिः ॥ ३३ ॥

આવા દિવ્યરૂપધારી મહાપ્રભુ, દિવ્ય પીતાંબર વિગેરે વસ્ત્રોને ધારી રહેલા છે. અને દિવ્ય આભૂષણો વડે શોભાયમાન છે. અને રાધા લક્ષ્મી આદિક જે પોતાની પત્નીઓ તેમણે સદા સેવા કરાતા છે. વળી દિવ્ય વિગ્રહને ધારી રહેલા શ્રીદામા, વિશ્વકસેન, ગરુડ, શેષ, આદિક નિત્ય પાર્ષદોએ દિવ્ય છત્ર ચામર વીંઝણો વગેરે ઉપચારો વડે સદા સેવાતા તે સ્વયં ભગવાન્ છે. વળી દિવ્ય સુંદર શરીરને ધારી રહેલા અસંખ્ય મહામુક્તોએ દિવ્ય અનેક ચંદનાદિ ઉપચારો વડે પૂજા કરાય છે. આ રીતે દિવ્યરૂપમાં દિવ્ય વસ્ત્રો અને વિભૂષણોને ધારી રહેલા અને રાધા રમા આદિક શક્તિઓએ સેવાતા અને અનેક મહામુક્તોએ દિવ્ય ચન્દનાદિ ઉપચારો વડે પૂજા કરાતા સ્વયં ભગવાન છે ॥ ૩૦-૩૩ ॥

अप्राकृताङ्गकत्वेन निष्कलः स उदीरितः ।
दिव्यमूर्तिरमूर्तो मायिकमूर्तिविवर्जितः ॥ ३४ ॥
स चाक्षरस्थो भगवान् नानेच्छाभिः स्वदर्शनम् ।
भक्तेभ्यो प्रदादत्येष भक्तकामानुसारतः ॥ ३५ ॥
केचिच्चतुर्भुजं त्वेनमष्टबाहुं तथाऽपरे ।
सहस्रभुजमन्ये च प्रपश्यन्ति बृहत्पुरे ॥ ३६ ॥

मायाभिः पुरुरूपोऽयमिति श्रुतिरिदं परा ।
ज्ञानवाची हि सङ्कल्पं मायाशब्दो हरेर्वदेत् ॥ ३७ ॥

કેટલીક શંકાઓનું સમાધાન કરે છે—ભગવાન્ અપ્રાકૃત અંગવાળા હોવાથી શ્રુતિમાં 'निष्कलः' એમ કહ્યા છે. એ ઉપરથી એમનું કોઈ અંગ નથી એમ ન સમજવું. ભગવાન્ દિવ્યમૂર્તિ હોઈને માયિક મૂર્તિએ રહિત હોવાથી એમને 'अमूर्तः' એમ કહ્યા છે. એ ઉપરથી એમની મૂર્તિ નથી એમ ન સમજવું ॥ દિવ્યમૂર્તિથી અક્ષરધામમાં વિરાજમાન ભગવાન્ નાનાવિધ ઈચ્છાથી પોતાનું દર્શન, નિજ ભક્તોને તેતે ભક્તની ઇચ્છા પ્રમાણે આપે છે. એ ભગવાનને કોઈ ચતુર્ભુજ, તો કોઈ અષ્ટભુજ, તો કોઈ સહસ્રભુજપણે પણ જુવે છે. ભક્તોની જ્યાં ઇચ્છા આવી ત્યાં ભગવાનને કાંઈ જોવાનું નથી. ઈચ્છાને પૂર્ણ જ કરે છે. આ બાબત સ. પ્ર. ૩ અ. ૪૧ માં પ્રતિપાદી છે. "मायाभिः पुरुरूप ईयते" આ શ્રુતિનો અર્થ ઉક્ત અભિપ્રાય પર છે. 'माया वयुनं ज्ञानं' આમાં કહ્યા પ્રમાણે માયા શબ્દ, જ્ઞાનવાચી છે. આ જ્ઞાન સંકલ્પરૂપ સમજવું. સંકલ્પે કરીને બહુ રૂપે થાય છે. આ અર્થ–'इच्छागृहीताभिमतोरुदेहः' આમાં અન્વર્થ છે, રામા–ગીતા ભાષ્યમાં 'सम्भवाम्यात्ममायया' આ સ્થળે માયા શબ્દ આવે છે એનો એવો સદર્થ કર્યો છે. ભગવાનનું બહુરૂપે થવું એ સ્વસંકલ્પકૃત છે. એ બાબત બહુ પ્રમાણ સિદ્ધ છે એટલે શંકાને સ્થાન નથી. માયા શબ્દનો 'કૃપા' એવો પણ અર્થ કર્યો છે. એ પણ બંધ બેસતો છે. ॥ ૩૪–૩૭ ॥

आदित्यवर्णः पुरुषो महान् धाम्नि तमःपरे ।
श्रुतः पुरुषसूक्ते च दिव्यरूपो हरिः परः ॥ ३८ ॥

अत्युज्ज्वलातिलावण्यदिव्यकल्याणरूपकः ।
सर्वेश्वरो हरिः कृष्ण ईशावास्येऽपि विश्रुतः ॥ ३९ ॥

मुण्डके रुक्मवर्णश्च दिवि देवोऽभिविश्रुतः ।
उत्तमः पुरुषो मुक्तप्राप्यश्चैवाक्षराधिपः ॥ ४० ॥

नवीननीरदश्याम एष कृष्णो हरिः प्रभुः ।
दिव्यभूषाम्बरप्रख्यप्रभाभी रुक्मवर्णकः ॥ ४१ ॥

'श्यामं प्रपद्य' इत्येवं कृष्णश्छान्दोग्यविश्रुतः ।
बृहदारण्यके दिव्यरूपश्च पुरुषोत्तमः ॥ ४२ ॥

દિવ્ય **રૂપની સિદ્ધિને કહે છે**—'**वेदाहमेतं पुरुषं महान्तं आदित्यवर्णं तमसः परस्तात्**' આ પુરુષસૂકતમાં મહાપુરુષપણે પ્રતિપાદેલા પરમાત્માને સૂર્યના જેવા વર્ણવાળા અને તમઃ શબ્દવાચ્ય મૂળ પ્રકૃતિ થકી પર વર્તતા નિત્યધામમાં વિરાજમાન કહ્યા છે. આ ઉપરથી પરાત્પર પરમાત્મા દિવ્ય રૂપવાન છે એમ સિદ્ધ થાય છે. સૂર્યના જેવો દેદીપ્યમાન ઉજ્જ્વલ વર્ણ વર્ણવ્યો છે અને તમઃ પર ધામમાં સ્થિતિ વર્ણવી છે તે અહમર્થ આત્મસ્વરૂપમાં નહિ ઘટતી હોવાથી રૂપ દ્વારા જ ઘટાવવી યોગ્ય હોવાથી દિવ્ય રૂપની સિદ્ધિ થાય છે. ભાષ્યમાં '**आदित्यवर्ण–तमसः परस्तात्**' આ બન્ને પદનો ભેગો અર્થ '**अप्राकृतस्वासाधारणदिव्यरूपं**' એમ કર્યો છે. '**व्यूह रश्मीन् समूह तेजो यत्ते कल्याणतमं रूपं तत्ते पश्यामि**' આ ઈશાવાસ્ય શ્રુતિમાં પણ સર્વેશ્વર શ્રીહરિ કૃષ્ણને અતિ ઉજ્જ્વળ અતિલાવણ્યાદિ કલ્યાણ રૂપવાળા વર્ણવ્યા છે. કિરણોને ઉપસંહરો, શાંત તેજને ભેગું કરી આપો, આ બાબત સ્વરૂપમાં અઘટિત હોવાથી રૂપમાં જ ઘટાવવી પડે. એમ કરતાં રૂપની સિદ્ધિ થાય છે. વળી સાક્ષાત્ રૂપ શબ્દ પણ છે. વળી '**ते रूपं**' એમ વ્યતિરેક નિર્દેશ કર્યો હોવાથી સ્વરૂપ–રૂપ વચ્ચે ભેદ પણ સિદ્ધ થાય છે. આ રૂપને '**कल्याणतम**' એવું વિશેષણ આપેલું હોવાથી સૌન્દર્ય લાવણ્ય આદિક અતિભોગ્ય ગુણોની પણ સિદ્ધિ થાય છે. એમ થતાં ઔજ્જ્વલ્ય સૌન્દર્ય લાવણ્યાદિ ગુણોના નિધિરૂપ નિત્ય દિવ્ય રૂપની સિદ્ધિ થાય છે. આ મંત્ર સર્વાંશે દિવ્ય રૂપના પ્રતિપાદન પર છે ॥ મું. ઉ. માં '**यदा पश्यः पश्यते रुक्मवर्णं**' '**दिव्ये ब्रह्मपुरे ह्येष व्योमन्यात्मा प्रतिष्ठितः**' '**तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम्**' આ રીતે દિવ્ય બ્રહ્મપુરમાં મુકત પ્રાપ્ય ઉત્તમ પુરુષને અક્ષરાધિપતિ રુકમવર્ણપણે વર્ણવ્યા છે. સુવર્ણના જેવો વર્ણ વર્ણવ્યો છે તે સ્વરૂપમાં નહિ ઘટિત હોવાથી દિવ્ય રૂપમાં જ ઘટિત છે. વળી દિવ્ય બ્રહ્મપુર ધામમાં સ્થિતિ છે. વળી સાક્ષાત્

તનુ શબ્દ વાપર્યો છે એથી સ્વરૂપથકી પૃથક્ દિવ્ય રૂપની સિદ્ધિ થાય છે ॥ યદ્યપિ શ્રીહરિ કૃષ્ણ મહાપ્રભુ નવીન મેઘ સરખા શ્યામ છે તથાપિ દિવ્ય ઘરેણાં અને વસ્ત્રોના જેવી ઉજ્જવલ પ્રભાને લીધે સુવર્ણના વર્ણ જેવા જણાય છે. છાં. ઉ. માં '**श्यामं प्रपद्ये**' એમ પરમાત્માના દિવ્ય રૂપનો રંગ શ્યામ વર્ણવ્યો છે. આ રીતે બન્ને વર્ણો ભગવાનના દિવ્ય રૂપમાંજ ઘટિત હોવાથી રૂપની સિદ્ધિ થાય છે ॥ આમાં હવે સંશયને સ્થાન નથી. બૃહદારણ્યકમાં પણ '**तस्य हैतस्य पुरुषस्य रूपं यथा महारजनं वासो यथा वा पाण्डवाविकं यथेन्द्रगोपो यथाऽग्न्यर्चिर्यथा पुण्करीकं यथा सकृद्विद्युतम्**' આ રીતે અતિ ઉજ્જવળ 'રૂપ સૌન્દર્ય સૌગન્ધ્ય સૌકુમાર્ય આદિકને અનેક દૃષ્ટાંતો દેવાપૂર્વક ભગવાનનેજ અસાધારણ એવું મૂર્તામૂર્ત પ્રપંચ થકી વિલક્ષણ દિવ્ય રૂપનો પ્રપંચ કર્યો છે. અર્થ એવો છે કે તે આ આદિત્ય મંડળ મધ્યવર્તી પરમ પુરુષનું રૂપ દિવ્ય વિવિધ વર્ણવિરાજીત છે. તેમાં આ દૃષ્ટાંતો છે-જેમ હરિદ્રાથી સમ્યક્ રંગેલું વસ્ત્ર હોય, જેમ ઘેટાના પીળા વાળથી બનાવેલું કામળી આદિક હોય, જેમ ઇન્દ્રગોપ એક જાતનો રાતો કીડો (જેને ઇન્દ્રની ગાય કહે છે) જેમ અગ્નિની અર્ચિ (તેજ) હોય, જેમ રકત કમળ હોય, જેમ વિજળીનો ઝબકારો હોય, એવું એમનું રૂપ છે ॥ ૩૮-૪૨ ॥

अतोऽरूपश्रुतिर्विष्णोर्हरौ कृष्णे तु सर्वदा ।
मायिकाकारराहित्यतत्परा दिव्यरूपके ॥ ४३ ॥
नीरूपत्वे कथं सेवा मुक्तानां घटतेऽञ्जसा ।
सेवाऽर्चनादिरूपा हि हरेर्मूर्त्तौ प्रसिद्ध्यति ॥ ४४ ॥

આ પ્રકારે દિવ્ય રૂપની સિદ્ધિ હોવાથી શ્રુતિમાં '**अरूपं**' એમ જે કહેવામાં આવે છે તે તો સદા દિવ્યરૂપ શ્રીહરિ કૃષ્ણની જે મૂર્તિ છે તે માયિક આકારે રહિત હોવાથી અરૂપ કહે છે. વસ્તુતાએ તેતો દિવ્યરૂપજ છે. આ અર્થ '**अप्राकृताकृतित्वाच्च निराकारः स उच्यते**' (સ. પ્ર. ૩ અ. ૨૯) વચ. પ્ર. ૬૬ 'શાસ્ત્રમાં ભગવાનને અરૂપ કહ્યા છે તે તો માયિક એવાં જે રૂપ તેના નિષેધને અર્થ કહ્યા છે પણ ભગવાન તો નિત્ય દિવ્યમૂર્તિ છે' આ રીતે સ્પષ્ટ છે. જો ભગવાનને રૂપશૂન્ય માનવામાં આવે તો '**कृष्ण-सेवा मुक्तिश्च गम्यताम्**' એમ મુકતો માટે કહેલી જે સેવા તે તત્વતઃ

શી રીતે ઘટે ? જે સેવા છે તે તો અર્ચનાદિરૂપ હોવાથી તેતો શ્રીહરિની હસ્તપાદાદિ અવયવવાળી મૂર્તિમાંજ સિદ્ધ થાય, નિરાકારમાં સિદ્ધ થાય નહિ ॥ ૪૩-૪૪ ॥

'न ते रूपं न चाकारो नायुधानि नचास्पदम्' ।
इत्यादौ प्रतिषेधो रूपादेः स्वार्थत्वतो हरौ ॥ ४५ ॥
न स्वार्थं हरिरादत्ते रूपधामायुधादिकम् ।
किन्तु भक्तानन्दनाय परार्थं तद्धरेर्मतम् ॥ ४६ ॥
तत्र मुक्तानन्दनाय नित्यरूपं हरेर्मतम् ।
नानावताररूपाणि भक्तानां भोगसिद्धये ॥ ४७ ॥
स्वात्मानन्देन तृप्तोऽपि पूर्णकामः स्वतो हरिः ।
भक्तमुक्तोपभोगार्थं नानारूपो बभूव ह ॥ ४८ ॥
'तथापि पुरुषाकारो भक्तानां त्वं प्रकाशसे' ।
भक्तमुक्तानुभोगाय रूपादीति हरेः श्रुतम् ॥ ४९ ॥

'न ते रूपं' આ **'जितं ते पुण्डरीकाक्ष'** આ સ્તોત્રમાં ભગવાનના રૂપ આકાર, આયુધ આસ્પદ આદિકનો જે પ્રતિષેધ કર્યો છે તે સ્વાર્થ હેતુક રૂપાદિકનો જાણવો, પરમાત્મા સ્વાર્થ માટે રૂપ, આયુધ, ધામ આદિકને ધારતા નથી પરંતુ ભકતોના આનંદ માટે ધારતા હોવાથી તે પરાર્થ છે, પર જે ભકતો તેને માટે છે. તેમાં પ્રથમ તો મુકતોને આનંદ આપવા માટે ધામમાં નિત્ય રૂપને ધારી રહ્યા છે, વળી ભકતોના ભોગની સિદ્ધિ માટે નાનાવિધ રામકૃષ્ણાદિ અવતારોને ધારી કહ્યા છે. પોતે સ્વતઃ સ્વાત્માનંદ તૃપ્ત હોઈને પૂર્ણકામ છે છતાં ભકતો અને મુક્તોના ઉપભોગ માટે નાના પ્રકારનાં દિવ્ય રૂપોને ધારી રહે છે. આ બાબત એજ સ્તોત્રમાં રૂપાદિકનો નિષેધ કરીને અનુપદ 'તથાપિ ભકતોને માટે તમો પુરુષાકારે પ્રકાશો છો' એમ કહે છે. આ રીતનો નિષેધ અને વિધિ જોતાં પોતાને માટે ધારતા નથી

પણ ભક્ત મુક્તના ભોગ માટે ધારે છે એવું તાત્પર્ય નીકળે છે. એજ સ્તોત્રમાં દિવ્ય રૂપ આયુધ ધામ અવતારો આદિકને વિસ્તારથી જુદા જુદા પ્રકારે વર્ણવે છે જેથી તે આત્યંતિક પ્રતિષેધ માટે ન કહેવાય ભગવાનનું યત્કિંચિત્ સર્વ પણ **परिजनपरिबर्हाभूषणान्यायुधानि प्रवर-गुणगणाश्च ज्ञानशक्त्यादयस्ते । परमपदमथाण्डान्यात्मदेहस्तथाऽऽत्मा वरद सकलमेतत्संश्रितार्थं चकर्थ'** આ અભિયુક્તિમાં વર્ણવ્યા મુજબ ભક્તો મુક્તો માટે જ છે ॥ ૪૫–૪૯ ॥

न भूतसङ्घसंस्थानं दिव्यं रूपमिदं हरेः ।
पञ्चोपनिषदाख्यातपञ्चशक्तिमयं पुनः ॥ ५० ॥

दिव्याः प्रोक्ताः पाञ्चरात्रे शक्तयः पञ्च वै हरेः ।
परमेष्ठी पुमान् विश्वो निवृत्तिः सर्व एव हि ॥ ५१ ॥

परमेष्ठी स्मृतः शब्दे स्पर्शे चैव पुमान् स्मृतः ।
रूपे विश्वस्तु कथितो निवृत्त्यात्मा रसे स्मृतः ॥ ५२ ॥

सर्वात्मा कथितो गन्धे दिव्याश्चैते गुणा मताः ।
पञ्चशक्तिमयो देवः दिव्यस्तु पुरुषोत्तमः ॥ ५३ ॥

ભગવાનનું જે રૂપ છે તે પાંચ ભૂતોના સંઘાત રૂપ નથી. આપણી પેઠે પાંચ ભૂતોમાંથી બનેલું નથી. પરંતુ દિવ્ય અપ્રાકૃત છે. 'પંચોપનિષત્' શબ્દથી કહેલાં, પાંચ શકિતરૂપ જે અપ્રાકૃત પાંચ ભૂતો તેમાંથી બનેલું હોવાથી 'પંચોપનિષદ્' એમ પાંચરાત્રમાં પ્રતિપાદ્યુ છે. શ્રીહરિના રૂપમાં દિવ્ય પાંચ શકિતઓ વર્ણવી છે. કઇ તે શકિતઓ તો પરમેષ્ઠી, પુમાન્, વિશ્વ, નિવૃત્તિ, સર્વ, આ નામથી કહી છે. પરમેષ્ઠી નામથી શબ્દ જાણવો, પુમાન્ નામથી સ્પર્શ જાણવો, વિશ્વ નામથી રૂપ જાણવું, નિવૃત્તિ નામથી **રસ** જાણવો, સર્વ નામથી ગંધ જાણવો. આ પાંચ ગુણો દિવ્ય માન્યા છે. એમ હોવાથી દિવ્ય દેવ પુરુષોત્તમને **'पञ्चशक्तिमय'** એમ પાંચ શકિતમય કહે છે. આ અર્થ **'पञ्चोपनिषदाम्नातदिव्यमङ्गलविग्रहः'** આ વચનમાં સ્પષ્ટ છે. **'न तस्य प्राकृता**

मूर्तिमाँसमेदोऽस्थिसंभवा' આ વચનની સાથે મળતાપણું આવે છે. ॥ ૫૦–૫૩ ॥

चैतन्यरूपा प्रकृतिर्निर्गुणा तमसः परा ।
पञ्चशक्तिमयी दिव्या चिदाकाशाऽपराभिधा ॥ ५४ ॥

रूपास्त्राभरणाऽऽस्थानपुरलोकादिरूपतः ।
विवर्तते ब्रह्मभूतमुक्तप्राप्याऽर्चिरध्वना ॥ ५५ ॥

एतत्तत्वात्तु मुक्तानां रूपाणीच्छावशाद्धरेः ।
सेवार्थं प्रोद्भवन्त्यर्चासाधनानि च भूरिशः ॥ ५६ ॥

રૂપાદિક સર્વના ઉપાદાન ભૂત એક ચૈતન્ય રૂપ પ્રકૃતિ માની છે. આ પ્રકૃતિ માયાના સત્ત્વાદિ ગુણોએ રહિત હોવાથી નિર્ગુણા કહી છે. આ પ્રકૃતિ ચૈતન્ય પ્રકૃતિ '**तमसः परस्तात्**' આ શ્રુતિમાં કહ્યા મુજબ પ્રકૃતિ મંડળથી પાર ઊર્ધ્વ વર્તનારી છે. આને ઉપર કહ્યા પ્રમાણે પંચ શક્તિમયી કહે છે. અપ્રાકૃત હોવાથી દિવ્ય અને ચિદાકાશ અપર નામથી પણ કહેવાય છે. એને અનેક નામોથી તે તે સ્થળે વર્ણવી છે. એ દિવ્યા પરા પ્રકૃતિ જ રૂપ, આયુધો, આભરણો, મંડપ, પુર, લોક વિગેરે અનેક રૂપથી પરિણમે છે. એમાંથી જ ભોગ્ય ભોગોપકરણ ભોગસ્થાનાદિ નિપજે છે. બ્રહ્મભૂત મુક્તોએ અર્ચિમાર્ગે કરીને જે પામવા યોગ્ય કહી છે એ પણ એજ પ્રકૃતિ છે. એને ગોલોક વૈકુંઠ અક્ષર બ્રહ્મપુર ચિદાકાશ વિગેરે અનેક નામોથી કહે છે. એ જ દિવ્ય તત્ત્વમાંથી શ્રીહરિની ઇચ્છા મુજબ એમની સેવા માટે મુક્તોનાં શરીરો અને સેવાનાં અનેક સાધનો પણ ઊપજે છે. પરમધામ અને એમાં રહેલું યત્કિંચિત્ સર્વેનું એ એક મૂળ નિદાન છે. જેમ આ સમગ્ર બ્રહ્માંડનું નિદાન જડા પ્રકૃતિ છે તેમ પરલોકનું પરાપ્રકૃતિ નિદાન છે ॥ બન્ને પ્રકૃતિઓ સ્વરૂપ સ્વભાવથી અત્યંત જુદી છે. એને ક્ષરાક્ષર વિભૂતિ તરીકે કહે છે. પરાપ્રકૃતિ નિત્ય હોવાથી એને નિત્યવિભૂતિ પણ કહે છે ॥ ૫૪–૫૬ ॥

दिव्यं कृष्णस्य रूपं भवति च सततं तस्य लोकोऽपि दिव्यो
दिव्या भोगाश्च भोग्यान्यपि च भगवतस्तस्य दिव्यानि सन्ति ।
दिव्या वै पार्षदाश्च प्रकटितनृतनोः शक्तयस्तस्य दिव्या
दिव्या भक्ताश्च सर्वे जगति वृषपतेः सन्ति दिव्याः क्रियाश्च ॥५७॥

નરતનુને પ્રકટપણે ધારી રહેલા ભગવાન શ્રીહરિકૃષ્ણનું જે રૂપ તે નિત્ય દિવ્ય છે, તેમના ધામરૂપ લોકપણ દિવ્ય છે. તે ધામમાં રહેલા બધા ભોગો અને ભોગ્ય વસ્તુઓ પણ દિવ્ય છે, ને ધામમાં રહેલા સમગ્ર પાર્ષદો દિવ્ય છે, તેમની શકિતભૂત રાધારમાદિ પત્નીઓ પણ દિવ્ય છે, 'તેમના સર્વ' ભક્તો દિવ્ય છે. તેમની સઘળી ક્રિયાઓ પણ દિવ્ય છે. આ રીતે એમનું બધું જ દિવ્ય–અપ્રાકૃત છે. માયિક નથી ॥ ૫૭ ॥

मुनय ऊचुः —

यत्साङ्गं तदनित्यं तु तार्किका अभिमन्वते ।
नित्यं सर्वाङ्गसम्पन्नं हरे रूपं कथं ततः ॥ ५८ ॥
एतन्नः संशयं छिन्धि शतानन्द महामुने ! ।
त्वं हि सर्वार्थविच्छ्रेष्ठो हरिकृष्णप्रसादतः ॥ ५९ ॥

ઉપરના દિવ્ય રૂપના વર્ણનમાં શંકા આવતાં તેના નિવારણ માટે મુનિઓ પૂછે છે—હે શતાનંદ મહામુને ! 'જે હસ્તપાદાદિ અંગવાળું હોય તે અનિત્ય જ હોઈ શકે' એમ તાર્કિકો અભિમાને છે. તો પછી ભગવાનનું રૂપ નિત્ય અને સર્વાંગ સંપન્ન કેમ હોઈ શકે ? જે અંગવાળું હોય તે જગતમાં અનિત્યપણે જ જોવામાં આવે છે. આ અમારા સંશયને નિવારો. કેમકે તમો ભગવાન્ શ્રીહરિકૃષ્ણના પ્રસાદથી સર્વ અર્થોને જાણનારાઓમાં શ્રેષ્ઠ છો. માટે બધુ જ જાણો છો ॥ ૫૮–૫૯ ॥

शतानन्दमुनिरुवाच —

शास्त्रैकगम्ये बाधस्तु तर्कनैव प्रगल्भते ।
प्रत्यक्षदर्शनैश्चापि नान्यथा नयनं श्रुतेः ॥ ६० ॥

देह एव सुखी ज्ञाता पामरैर्हि समीक्ष्यते ।
ततो देहादिभिन्नस्य बाधो जीवात्मनः कथम् ॥ ६१ ॥

दुःखमिश्रं सुखं सर्वमस्मिन् लोके प्रदृश्यते ।
निर्दुःखं तु सुखं स्वर्गः शास्त्रेणैव हि गम्यते ॥ ६२ ॥

कर्ताऽन्यः प्रकृतिश्चान्या दृश्यते तु घटादिके ।
उपादानं च कर्ता च विश्वस्यैको हरिः श्रुतः ॥ ६३ ॥

नित्याऽलिङ्गा स्वेच्छया तु सिद्धा सर्वाङ्गसुन्दरा ।
तथा मूर्तिर्हरेर्दिव्या श्रुता शास्त्रेषु सत्सु वै ॥ ६४ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ! **'शास्त्रयोनित्वात्'** આ વ્યાસ સૂત્રમાં નિરૂપ્યા મુજબ જે બાબતો એક શાસ્ત્રથી જ જાણવા માનવા યોગ્ય છે તેનો કેવળ તર્કો વડે બાધ થઈ શકે નહિ. કેમકે એ વ્યાસે જ **'तर्काप्रतिष्ठानात्'** આ સૂત્રથી તર્કને પ્રતિષ્ઠા હીન પ્રતિપાદ્યો છે, શાસ્ત્ર આગળ તર્કનું પ્રગલ્ભપણું આવી શકે નહિ. કોઈ બાબતો પ્રત્યક્ષપણે જોવાતી હોય તો તેણે કરીને પણ શ્રુત્યર્થનું અન્યથા નયન થઈ શકે નહિ. પ્રત્યક્ષ કરતાં શ્રુતિનું પ્રાબલ્ય **'श्रुतेस्तु शब्दमूलत्वात्'** આ સૂત્રથી કહ્યું છે. પામર લોકો દેહ જ સુખી જ્ઞાતા એમ પ્રત્યક્ષ જુએ છે. તેથી કરીને દેહાદિક થકી ભિન્ન એવા જીવાત્માનો બાધ થઈ શકે નહિ. આ લોકમાં વર્તતું સમગ્ર સુખ, દુઃખ મિશ્રિત જોવામાં આવે છે. દુઃખ વિનાનું સુખ તો સ્વર્ગલોકમાં છે એમ શાસ્ત્રથી જ જાણી શકાય છે. ઘટાદિના નિર્માણમાં કર્તા કુલાલ જુદો અને પ્રકૃતિ મૃત્તિકા જુદી એમ જોવામાં આવે છે. આ સમગ્ર વિશ્વના ઉપાદાન અને કર્તા એક જ (અભિન્ન) શ્રીહરિ છે એમ શાસ્ત્રો કહે છે. એજ રીતે શ્રીહરિની મૂર્તિ, નિત્યા, અલિંગા, સ્વેચ્છા-સિદ્ધા, સર્વાંગ સુંદરા અને દિવ્યા છે. આ બાબત સચ્છાસ્ત્રોમાં બહુ આદરથી નિઃશંક પ્રતિપાદી છે. માટે એમાં કુશંકાને સ્થાન નથી ॥૬૦-૬૪॥

'नित्यं नित्याकृतिधरं तेजसा सूर्यवर्चसम्' ।
नित्यसिद्धे तदाकारे तत्परत्वे च पौष्कर ॥ ६५ ॥

यस्यास्ति सत्ता हृदये तस्यासौ सन्निधिं व्रजेत् !'
इति श्रीपाञ्चरात्रेषु नित्यं रूपं हरेः स्मृतम् ॥ ६६ ॥
नित्यं हि नास्ति जगति भूतं स्थावरजङ्गमम् ।
ऋते तमेकं पुरुषं वासुदेवं सनातनम् ॥ ६७ ॥
'नास्ति विष्णोः परं तत्त्वं तस्य कालात्परा तनुः ।'
'अविकाराय शुद्धाय नित्याय परमात्मने ॥ ६८ ॥
सदैकरूपरूपाय विष्णवे सर्वजिष्णवे ।'
'यद्रूपं ध्रुवमकृत' मित्यादौ परमर्षयः ॥ ६९ ॥
पराशरव्यास–शुक–ब्रह्माद्याः परमात्मनः ।
कृष्णस्य वासुदेवस्य रूपं नित्यं स्मरन्ति वै ॥ ७० ॥

રૂપની નિત્યતાને નિરૂપે છે—જે પરંબ્રહ્મ છે તે સ્વરૂપથી નિત્ય હોઈને નિત્ય આકૃતિને ધારી રહ્યા છે અને સૂર્યના જેવા તેજસ્વી છે. ભગવાનના નિત્ય સિદ્ધ આકારમાં અને તેમના પરપણામાં જે મુમુક્ષુના હૃદયમાં શ્રદ્ધા આસ્તા છે તેની સન્નિધિને ભગવાન્ સ્વયં પામે છે. આ રીતે પંચરાત્રમાં શ્રીહરિનું નિત્યરૂપ નિરૂપ્યું છે ॥ જગતમાં સ્થાવર જંગમ જે કાંઈ છે તેમાં કોઈ પણ નિત્ય નથી (નાશવંત છે) એક દિવ્ય મૂર્તિ પરમાત્માજ સનાતન છે ॥ વિષ્ણુથકી બીજુ કોઈ પરતત્ત્વ નથી. એજ એક પરતત્ત્વ છે. તેમની જે તનુ છે તે કાળ થકી પર છે એમાં કાળની ગતિ નહિ હોવાથી નિત્ય છે ॥ વિકારે રહિત, સ્વતઃ શુદ્ધ, નિત્ય, જેમનું રૂપ સદાય એકરૂપ છે (કદાપિ બદલાય નહિ) સર્વને જીતી રહેલા, એવા વિષ્ણુ પરમાત્માને નમસ્કાર છે. આમાં પરમાત્માના સ્વરૂપ રૂપાદિ સર્વેની નિત્યતા નિરૂપી છે 'જેનું રૂપ ધ્રુવ (નિત્ય) છે કોઈ ભૂતાદિકે કરેલું નથી ॥ ઈત્યાદિ વચનોમાં પરાશર વ્યાસ શુક બ્રહ્મા આદિક પરમર્ષિઓ વાસુદેવ શ્રીકૃષ્ણના રૂપને નિત્યપણે નિરૂપેછે. જેમ સ્વરૂપ નિત્ય છે તેમ રૂપ પણ નિત્ય છે. દિવ્યરૂપની નિત્યતા વચ. પ્ર. ૬૬ લોયા ૧૮ અંત્ય ૩૬–૩૮ માં શ્રીમુખે નિરૂપી છે. નિત્ય સત્ય અનાદિ આ શબ્દો એકાર્થ છે ॥૬૫–૭૦॥

यज्जन्यं तदनित्यं तु प्रसिद्ध्येद्युक्तितः पुनः ।
नित्यसङ्घातरूपं तु नानित्यं भवति ध्रुवम् ॥ ७१ ॥

गुणानां नित्यसंघातं प्रधानं नित्यमूचिरे ।
साङ्ख्याः विभ्वोश्च सङ्घातं नित्यं केचित्तु तार्किकाः ॥ ७२ ॥

ततो दिव्याद्भुताङ्गानां नित्यसंहतिलक्षणम् ।
रूपं हरेर्नित्यमेव नित्यधाम्नि व्यवस्थितम् ॥ ७३ ॥

જે જન્ય હોય તે અનિત્યજ હોઈ શકે, એમ યુક્તિથી સિદ્ધ કરી શકાય છે. પરંતુ જે નિત્યસંઘાતરૂપ હોય તે અનિત્ય સાધી શકાય નહિ. સાંખ્યો, સત્ત્વાદિ ગુણોના સંઘાતરૂપ પ્રધાનને નિત્ય માને છે. કેટલાક તાર્કિકો બે વિભુ પદાર્થોના સંઘાતને નિત્ય માને છે ॥ માટે નિત્ય અદ્‌ભુત કર ચરણ મુખ મસ્તક આદિક અંગોના નિત્ય સંઘાતરૂપ જે શ્રીહરિનું દિવ્ય રૂપ તે નિત્યજ છે અને તે નિત્ય ધામમાં નિત્ય વિરાજમાન છે. એમાં શંકાને સ્થાન નથી ॥ ૭૧-૭૩ ॥

मुनय ऊचुः—

नित्यानन्ताद्भुतानन्दस्वरूपस्य परात्मनः ।
रूपादावादरे नौन्यं स्वरूपानन्द आपतेत् ॥ ७४ ॥

स्वरूपतोऽपरिच्छिन्नानन्दश्चेत्परमः पुमान् ।
स्वात्मानन्देन तृप्तस्यास्य रूपाद्यादरेण किम् ॥ ७५ ॥

एतं नः संशयं विद्वन् ! शतानन्द ! महामुने ! ।
छिन्धि संशयविच्छेत्ता नान्यस्त्वत्तो निरीक्ष्यते ॥ ७६ ॥

મુનિઓ કહે છે—હે શતાનંદ મહામુને ! જે પરંબ્રહ્મ પરમાત્મા

છે તે સ્વતઃ નિત્ય અનંત અદ્ભુત આનંદ સ્વરૂપવાળા વર્તે છે. એવા એમને જો રૂપાદિકમાં આદર આવે તો સ્વરૂપાનંદમાં ન્યૂનતા આવી જાય. કેમકે સ્વરૂપમાં કાંઈક ન્યૂનતા રહેતી હોય તો જ રૂપની અપેક્ષા રાખવી પડે. જો પરમ પુરુષ, આત્મસ્વરૂપથી અપરિચ્છિન્ન આનંદવાળા હોય તો પછી સ્વાત્માનંદથી નિત્ય તૃપ્ત એવા ભગવાનને રૂપાદિકમાં આદર રાખવાની જરૂર શી ? સ્વરૂપાનંદતૃપ્તને રૂપાદિકમાં આદર ઘટે નહિ અને તેમને તેની જરૂર પણ નથી. હે વિદ્વન્ ! આ અમારા મહા સંશયને તમો નિવારો. કેમકે તમારા થકી બીજો કોઈ અમારા સંશયને છેદી શકે એવો જોવામાં આવતો નથી ॥ ७४–७६ ॥

शतानन्दमुनिरुवाच—

आनन्दस्त्रिविधः प्रोक्तः स्वरूपेण च भोगतः ।
लीलातश्चेति तत्त्वज्ञैः पूर्णानन्दस्ततो भवेत् ॥ ७७ ॥
यथा नीरोगदेहस्य स्वरूपानन्द इष्यते ।
नानाभोग्योपभोगैस्तु भोगानन्दः प्रकीर्त्यते ॥ ७८ ॥
कन्दुकादिक्रीडया च क्रीडानन्द उदीर्यते ।
तथा च वासुदेवोऽयं त्रिविधानन्दवान् श्रुतः ॥ ७९ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! પરમાત્માને ત્રણ પ્રકારનો આનંદ વર્તે છે, એક સ્વરૂપાનંદ, બીજો ભોગાનંદ અને ત્રીજો લીલાનંદ, એમ તત્વજ્ઞો કહે છે. એથી જ પરમાત્મા પૂર્ણાનંદ સિદ્ધ થાય છે. આ જો ન હોય તો પૂર્ણાનંદ ન કહેવાય. જેમ નિરોગી શરીરવાળાને એક સ્વરૂપાનંદ વર્તે છે. બીજો પુષ્પ ચંદનાદિક નાનાવિધ ભોગ્યોના ઉપભોગથી ભોગાનંદ વર્તે છે. ત્રીજો પાસા દડો આદિક ક્રીડાએ કરીને ક્રીડાનંદ વર્તે છે. આ ત્રણ આનંદો જીવોને વર્તે છે તેમ વાસુદેવ ભગવાન્ ત્રણ પ્રકારના નિત્ય આનંદવાળા વર્તે છે. આ બાબત શાસ્ત્રસિદ્ધ છે ॥ ७७–७९ ॥

मङ्गलानां हि परमं मङ्गलं श्रीहरिर्विभुः ।
पूर्णस्वरूपानन्दोऽयं निर्दोषगुणसागरः ॥ ८० ॥

अप्राकृतस्थानभोग्यदिव्यरूपाक्षरात्मभिः ।
भोगानन्दो महानस्य श्रीकृष्णस्याक्षरेशितुः ॥ ८१ ॥

सृष्टयादिलीलाव्यापारात् लीलानन्दो महांस्तथा ।
कर्तुर्हर्तुः परित्रातुः कृष्णस्याक्लिष्टकर्मणः ॥ ८२ ॥

त्रिविधानन्दयुक्तेऽस्मिन् हरौ कृष्णे परात्परे ।
अनन्तमक्षयं सौख्यं मुक्तभोग्यं निरन्तरम् ॥ ८३ ॥

સર્વ વ્યાપક ભગવાન્ શ્રીહરિ, મંગળોના મંગળ છે અને નિર્દોષ ગુણોના સાગર છે. જેથી તે પોતે પૂર્ણ સ્વરૂપાનંદ માન્યા છે. આનંદમય સ્વસ્વરૂપનો આનંદ તે સ્વરૂપાનંદ કહેવાય છે ॥ અપ્રાકૃત સ્થાન (ધામ) તત્સ્થ અક્ષર મુક્તો અને દિવ્ય રૂપાદિકનો યોગ હોવાથી અક્ષરાધિપતિ શ્રીકૃષ્ણને મહાન્ ભોગાનંદ વર્તે છે. સૃષ્ટિ આદિક લીલા વ્યાપાર હોવાથી મહાન્ લીલાનંદ વર્તે છે. આ અર્થ '**लोकवत्तु लीलाकैवल्य**' 'આ સૂત્રમાં નિરૂપ્યો છે. આ રીતે સર્વના કર્તા હર્તા રક્ષિતા ભગવાનના ત્રણ પ્રકારના આનંદો વર્તે છે. આવા ત્રણ પ્રકારના આનંદયુક્ત એવા પરમાત્મા શ્રીહરિકૃષ્ણમાં અનંત અક્ષય સુખ નિરંતર વર્તે છે. તેના ભોક્તા અનંત મુક્તો છે. આ રીતે પરમાત્માને એક સ્વરૂપાનંદ, બીજો, ભોગાનંદ અને ત્રીજો લીલાનંદ વર્તે છે ॥ ૮૦–૮૩ ॥

यतो यतः समादद्यात्पातुं वै शर्करोदकम् ।
ततस्ततः सुमधुरं रस्यमस्ति यथा तथा ॥ ८४ ॥
स्वरूपेण गुणैर्दिव्यरसरूपेण भूतिभिः ।
विभाव्यमानोऽतिरसो हरिः कृष्णः प्रतीयते ॥ ८५ ॥

स्वकीयचरणाम्भोजसेवारससमृद्धये ।
प्रेष्ठं तु परमं दिव्यरूपमस्ति हरेर्निजम् ॥ ८६ ॥

उपासकानां भक्तानामपि चेतःसमाधये ।
दिव्यं रूपं तथा प्रेष्ठं श्रीहरेः शुभलक्षणम् ॥ ८७ ॥

સાકરના પાણીને જ્યાં જ્યાંથી પીવા માટે ગ્રહણ કરે ત્યા ત્યાં સર્વત્ર સુમધુર રસમયજ લાગે છે. કોઈ અંશ હોય કે અમધુર લાગતો નથી. તેમ જ દિવ્ય આનંદમય આત્મસ્વરૂપથી, જ્ઞાનાદિ કારુણ્યાદિ કલ્યાણ ગુણોથી, રસમય દિવ્ય રૂપથી અને અક્ષરાદિ વિભૂતિથી પણ અનુભવ કરતાં તાદ્વશિષ્ટ શ્રીહરિકૃષ્ણ ભગવાન્ અતિરસમય અનુભવાય છે. સર્વ પ્રકારથી આનંદમયજ થાય છે. દિવ્ય જ્ઞાનાનંદૈક આત્મસ્વરૂપ કરતાં પણ હસ્ત પાદાદિ અવયવોવાળું, વસ્ત્ર વિભૂષણો આયુધો વડે શોભાયમાન, રાધાલક્ષ્મી તથા નિત્ય પાર્ષદોએ સેવાતું દિવ્ય રૂપ છે તે અત્યંત પ્રિય છે. **'मूर्तं ब्रह्म ततोऽपि तत्प्रियतरं रूपं यदत्यद्भुतम्'** એમ યામુનાચાર્ય સ્તોત્રમાં કહે છે. આ દિવ્ય રૂપનો સ્વીકાર પોતાના ચરણ કમળની સેવાની સમૃદ્ધિ માટે અને ઉપાસક ભક્તોના પણ ચિત્તના આલંબન માટે છે. વ્યાપક સ્વરૂપ તો ભકતોના ચિત્તને આલંબન થઈ શકતું નથી, દિવ્યરૂપજ આલંબન થાય છે, જેથી શ્રીહરિનું જે શુભ લક્ષણોવાળું દિવ્ય રૂપ એજ પરમ પ્રિય થાય છે. યતીન્દ્રમત-દીપિકામાં–**'शरीरादिपरिग्रहो भगवतोऽपि स्वभोगाय स्वशेषभूतनित्य-मुक्तानन्दाय मुमुक्षूपास्यत्वसिद्धये'** આ રીતે રૂપાદિ ગ્રહણનાં ત્રણ કારણો જણાવ્યાં છે. તેમાં બીજાં બે કારણો પરાર્થે કહ્યાં છે તેતો ઠીક છે પરંતુ 'ભગવાનને સ્વભોગ માટે છે' એ ઠીક લાગતું નથી. એમ કહેતાં સ્વતઃસિદ્ધ સ્વરૂપાનંદમાં ન્યૂનતા આવે છે. આ શંકાનું સમાધાન, સૂત્ર ભાષ્યની ટીકામાં–**'करणानपेक्षज्ञानक्रियस्य परस्य भोगार्थे विग्रहः, निरतिशयानन्दस्यापि तस्य प्रीतिविशेषापेक्षा घटते, प्रभूतानन्दानामपि आनन्दान्तरापेक्षादर्शनात्'** એમ કર્યું છે. બીજા જે ભોગાનંદ અને લીલાનંદો છે તે સ્વરૂપાનંદમી ન્યૂનતા કરનારા નથી. તે તો તેની પુષ્કળતાને સંપાદનારા છે, જેમ કસ્તુરી કેસર અત્તર આદિક સુગન્ધી પદાર્થો પોતાના સંબન્ધમાં આવનારા અન્ય પદાર્થોને પણ સુગન્ધિમાન્ કરે છે, એ ઉપરથી

તેના પોતાના સુગન્ધની લેશથીપણ ન્યૂનતા આવતી નથી પરંતુ પુષ્કળતાજ આવે છે તેમ. આ દૃષ્ટાંત પ્રમાણે ભગવાનને ભોગાનંદ અને લીલાનંદ કહીએ તેથી સ્વરૂપાનંદમાં કશી ન્યૂનતા આવતી નથી, એથીજ ભગવાનની પૂર્ણકામતા પરિપૂર્ણ થાય છે॥ 'જ્ઞાનાનંદ સ્વરૂપ ઉપર બીજુ રૂપ આવે તો સ્વરૂપને આચ્છાદન કરનારૂ થાય!' એવી એક શંકા આવે છે તેનું પણ સમાધાન તત્ત્વત્રય ગ્રંથમાં કર્યુ છે. જેમ માણિકયમયપાત્રની અંદર સુવર્ણને સ્થાપ્યું હોય, તે પાત્ર સુવર્ણને આચ્છાદન કરનારૂ થતું નથી. તેમ દિવ્ય રૂપ સ્વરૂપને આચ્છાદન નહિ કરતાં તે સ્વરૂપને પ્રકાશ કહે છે, માણિકયપાત્રને સ્થાને દિવ્યરૂપ સમજવું અને સુવર્ણને સ્થાને દિવ્ય આત્મસ્વરૂપને સમજવું. એમ રૂપની બાબતમાં આવતી સઘળી શંકાઓનું સમાધાન સરસ કર્યુ છે તે તે થકી જાણવું ॥ ૮૪-૮૭ ॥

मुनय ऊचु :—

सर्वतत्त्वानि रूपं तु हरेर्दिव्यं बिभर्त्यदः ।
भूषास्त्राद्यैरिति प्रोक्तं तद्व्याचक्ष्व मुनेऽधुना ॥८८ ॥

મુનિઓ કહે છે—હે શતાનંદમુને! ભગવાન્ શ્રીહરિનું જે આ દિવ્ય રૂપ ઉપર વર્ણવ્યું તે ભૂષણો અસ્ત્રો આદિક રૂપથી સર્વ તત્વોને પોતામાં ધારી રહ્યું છે એમ (વિ. પુ.) કહે છે. તો તે અમોને હાલ કહેવાને યોગ્ય છો ॥ ૮૮ ॥

शतानन्दमुनिरुवाच—

पराशराद्याः मुनयः परयाथात्म्यवेदिनः ।
तत्त्वानामाश्रयं रूपं हरेर्दिव्यं प्रचक्षते ॥ ८९ ॥
तत्प्रकारं समासेन कीर्तयाम्यद्य सद्व्रताः ।
यद्विज्ञानाद्धरे रूपे रक्तिः स्यादतुला नृणाम् ॥ ९० ॥

શતાનંદમુનિ કહે છે—હે મુનિઓ! પરમાત્માના યથાસ્થિત તત્વોને જાણનારા પરાશર આદિક મુનિઓ, ભગવાનના દિવ્ય રૂપને તત્વોના આશ્રય-

પણે કહે છે. સમગ્ર તત્વો ભગવદ્રૂપમાં રહ્યાં છે એમ કહીને મહામહિમાને કહે છે. હેસદ્‌વ્રતા ! તે તત્વો રૂપમાં કેવી રીતે રહ્યાં છે તેનો પ્રકાર હવે હું હાલમાં સંક્ષેપથી કહું છું, જેના વિજ્ઞાનથી મુમુક્ષુઓને ભગવાનની દિવ્ય મૂર્તિમાં અપાર પ્રીતિ ઉપજે છે ॥ ૮૯–૯૦ ॥

नित्यं शुद्धं तु चैतन्यमात्रमात्मानमव्ययम् ।
विभर्ति कौस्तुभमणिस्वरूपं मूर्तिरूर्जिता ॥ ९१ ॥

प्रधानं श्रीवत्ससंस्थानकं बुद्धिं गदां तथा ।
वैकारिकं च भूतादिं शङ्खशार्ङ्गात्मना तथा ॥ ९२ ॥

मनोऽत्यन्तजवं चक्रं भूतमात्रां तथा पुनः ।
वैजयन्तीं पञ्चरत्नमालां खानि दशाऽपि तु ॥ ९३ ॥

शररूपाणि धत्तेऽसिरत्नं विद्यामयं तथा ।
अविद्यां तत्कोशरूपां वासश्छन्दोमयं पुनः ॥ ९४ ॥

बिभर्ति साङ्ख्यं योगं च तथा मकरकुण्डले ।
बिभर्ति च तथा लक्ष्मीं वक्षसैश्वर्यसम्पदम् ॥ ९५ ॥

सर्वतत्त्वाधारमेवं हरिरूपं परात्परम् ।
धाम्नि दिव्ये विदीप्तं तु मुक्तभोग्यं प्रकीर्तितम् ॥ ९६ ॥

દિવ્ય રૂપમાં કેવી રીતે તત્વો રહ્યાં છે તેને કહે છે–આત્મા કે જે નિત્ય શુદ્ધ ચૈતન્યમાત્ર અવ્યય છે તેને કૌસ્તુભ મણિરૂપે પોતાની દિવ્ય મૂર્તિમાં ભગવાન્ ધારે છે. પ્રધાન જે પ્રકૃતિ તેને શ્રીવત્સરૂપે મૂર્તિમાં ધારે છે. બુદ્ધિ જે મહત્તત્ત્વ તેને ગદારૂપથી ધારે છે. સાત્ત્વિક અહંકારને શંખરૂપે અને તામસ અહંકારને શાર્ઙ્ગ ધનુષ્ય રૂપે શરીરમાં ધારે છે. મનને અત્યંત વેગવાળા ચક્રરૂપે હાથમાં ધારે છે. પાંચ સૂક્ષ્મસ્થૂળ ભૂતોને પંચરત્નમયી વૈજયંતી માળારૂપે દેહમાં ધારે છે. જ્ઞાને-

ન્દ્રિયો તથા કર્મેન્દ્રિયોને બાણરૂપે, વિદ્યા જે જ્ઞાન તેને ખડ્ગરૂપે, અવિદ્યાને ખડ્ગના કોશ-મ્યાનરૂપે, છંદોને વસ્ત્રોરૂપે, સાંખ્ય તથા યોગને મકરાકાર કુંડળરૂપે, ઐશ્વર્ય સંપત્તિરૂપ લક્ષ્મીને વક્ષ-સ્થળમાં ધારે છે. આ રીતે પરાત્પર શ્રીહરિનું રૂપ સર્વ તત્ત્વોના આધારરૂપ છે. સર્વ તત્વો રૂપમાં તે તે આકારે રહ્યાં છે. આ રૂપ, દિવ્ય અક્ષરધામમાં નિત્ય વિરાજે છે. આ રૂપ મુકતોના ઉપભોગમાં આવનારૂં કહ્યું છે. આ રીતે પણ રૂપનો મહા મહિમા વિ. પુ. માં વર્ણવ્યો છે. વિસ્તાર ત્યાં થકી જાણવો ॥ ૯૧-૯૬ ॥

मुनय ऊचु :—

रूपे स्वरूपे च हरेर्व्यतिरेकोऽस्ति वा न वा ।
भेदश्चेत् साकृतित्वं तु हरेरिष्टं कथं भवेत् ॥ ९७ ॥

મુનિઓ કહે **છે**—હે મુને ! તમોએ જે સ્વરૂપ અને રૂપ વર્ણવ્યું તેમાં વ્યતિરેક-ભેદ છે કે નથી ? જો ભેદ હોય તો શ્રીહરિનું સાકારપણું જે ઇચ્છેલું (માનેલું) છે તે કેવી રીતે ઘટી શકે ? એવી અમને એમાં આશંકા આવે છે તેનું સમાધાન કરી આપો ॥ ૯૭ ॥

शतानन्दमुनिरुवाच—

सुसूक्ष्मविषयः प्रश्नो युष्माभिः पृष्ट ईदृशः ।
मुह्यन्ति बहवो ह्यत्र ज्ञानिनोऽपि बृहद्व्रताः ॥ ९८ ॥
स्वरूपं निष्कलं व्याप्तं ज्ञानशक्त्यादिधर्मकम् ।
सर्वज्ञं सत्यसङ्कल्पं सर्वान्तर्यामि वै हरेः ॥ ९९ ॥
रूपं त्वक्षरधामस्थं दिव्यगन्धादिमच्छुभम् ।
कमनीयाखिलाङ्गं तु भूषास्त्रादिविभूषितम् ॥ १०० ॥
परमात्मानुबन्धेन पारमैश्वर्यनिष्ठितम् ।
तद्विशिष्टो हरिः कृष्णः पुरुषोत्तम उच्यते ॥ १०१ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ! તમોએ જે આ પ્રશ્ન પૂછયો તે બહુ સૂક્ષ્મ વિષયવાળો છે. એમાં બૃહદ્વ્રતધારી બહુ તત્ત્વજ્ઞાનિઓ પણ બહુ મોહ પામે છે. કેમકે બહુ સૂક્ષ્મ છે ॥ પરમાત્મા શ્રીહરિનું સ્વરૂપતો નિષ્કલ, (નિરવયવ) સર્વવ્યાપી, જ્ઞાન શક્તિ બળ ઐશ્વર્ય વીર્ય તેજ આદિક ગુણવાળુ, સર્વજ્ઞ, સત્યસંકલ્પ અને સર્વાન્તર્યામિ કહ્યું છે. 'હું જાણું છું' એમ જે જ્ઞાનાદિ ક્રિયાના વ્યવહારમાં કર્તા રૂપે છે તે સ્વરૂપ સમજવું. તેના ગુણો જ્ઞાનાદિ જાણવા. આતો ચિત્ અચિત્ સર્વમાં વ્યાપિ રહ્યું છે એટલે જે સર્વવ્યાપી હોય તે સ્વરૂપ સમજવું ॥ જે રૂપ છે તે તો એક દેશ અક્ષરધામમાં રહેલું છે; દિવ્ય ગંધાદિ ગુણોવાળુ, રમણીય કર ચરણ મુખ મસ્તક આદિક અખિલ અવયવોવાળું, વસ્ત્રો આભરણો આયુધાદિકથી અલંકૃત છે. જેમાં આ બધી વસ્તુઓ રહેલી છે તે રૂપ જાણવું. આ રીતે સ્વરૂપ રૂપ બન્ને પણ વસ્તુતઃ ભિન્ન છે. શ્રુતિ સ્મૃતિમાં બન્નેના ભિન્નપણાના બહુ નિર્દેશો સ્પષ્ટ હોવાથી કદાપિ એક કહેવાય નહિ ॥ અહમર્થભૂત સર્વવ્યાપી સર્વગુણી પરમાત્મસ્વરૂપના સંબન્ધથીજ રૂપમાં પારમૈશ્વર્યનો વ્યપદેશ થાય છે. બન્નેનો સહસંબંધ નિકટનો હોવાથી સ્વરૂપના ઐશ્વર્યનો રૂપમાં વ્યપદેશ થાય એ સહજ છે. આવા દિવ્ય રૂપથી વિશિષ્ટ ભગવાન્ શ્રીહરિકૃષ્ણ **પુરુષોત્તમ** સાર્થક સંજ્ઞાથી સંબોધ્યા છે ॥૯૮-૧૦૧॥

परात्मना विना रूपं न स एतद्विना न च ।
सदैव दिव्यसाकारमूर्तिः साकार उच्यते ॥ १०२ ॥

आकारश्च शरीरं च वपुर्वर्ष्माऽऽकृतिस्तथा ।
समानार्था विनिर्दिष्टाः शब्दाः शब्दार्थवेदिभिः ॥ १०३ ॥

अविनाभावसम्बन्धादभेदो रूपरूपिणोः ।
प्रकीर्त्यते तत्र तत्र हरेर्दिव्याकृतेः सदा ॥ १०४ ॥

પરમાત્મા વિના રૂપ નથી અને રૂપ વિના પરમાત્મા નથી. પરમાત્મા સદૈવ દિવ્ય સાકારમૂર્તિ હોવાથી **'સાકાર'** એમ કહેવાય છે આકારે સહિત તે સાકાર કહેવાય. એવું તો પરમાત્મસ્વરૂપ કહેવાય. આકાર એ વિશેષણ છે અને આકારે સહિત પરમાત્મા એ વિશેષ્ય છે. બન્ને વચ્ચે

વિશેષણ-વિશેષ્યભાવ નિશ્ચિત છે ॥ આકાર, આકૃતિ, શરીર રૂપ મૂર્તિ વપુ વર્ષ્મ, વિગ્રહ, આ બધા શબ્દો, શબ્દાર્થ વેદિઓએ એકાર્થપણે નિર્દેશ્યા છે. રૂપ અને સ્વરૂપનો અવિનાભાવ (જુદું પડે જ નહિ) સંબન્ધ હોવાથી બન્નેનો અભેદ કહી શકાય છે. શ્રીહરિની દિવ્યાકૃતિનો અભેદ તે તે સ્થળે કહેવામાં આવ્યો છે. જેમ શરીર અને આત્માનો સ્વતઃભેદ હોવા છતાં બન્નેનો જીવિત અવસ્થામાં અવિનાભાવ હોવાથી અભેદ કહેવાય છે. આ દૃષ્ટાંત મુજબ સર્વત્ર સમજી લેવું ॥ ૧૦૨-૧૦૪ ॥

उपास्यत्वं च भोग्यत्वं तुल्यं वै रूपरूपिणोः ।
न जीवरूपवद्रूपे दिव्ये हेयो मनागपि ॥ १०५ ॥
यथा च भुज्यमानं हि नालिकेरफलादिकम् ।
बहिरन्तश्चैकरसं हरिः साकृतिकस्तथा ॥ १०६ ॥
अनुकूलप्रकाशत्वात् स्वरूपं रूपमेव च ।
हरेर्भिन्नमभेदेन वर्णितं साम्यतः पुनः ॥ १०७ ॥
गुणानां हरिनिष्ठानां हरेरपि यथामतम् ।
भेदः, साम्यादभेदोक्तिस्तथा रूपेऽपि भाव्यताम् ॥ १०८ ॥

રૂપ અને રૂપી બન્નેનું ઉપાસ્યપણું અને ભોગ્યપણું તુલ્ય છે. બન્ને ઉપાસ્ય અને ભોગ્ય છે. જીવના રૂપની પેઠે દિવ્ય રૂપમાં અલ્પપણ હેય (ત્યાજ્ય) ભાગ નથી. જેમ નાળીયેર ફળ આદિકને જમતાં અંદર અને બહાર એકરસ જણાય છે. તેમ સાકૃતિ શ્રીહરિ અંદર બહાર એકરસ છે. રસમાં કશી ભિન્નતા નથી ॥ આત્મસ્વરૂપ અને દિવ્ય રૂપ બન્ને અનુકૂળ પ્રકાશવાળા હોવાથી શ્રીહરિથકી સ્વરૂપ રૂપની ભિન્નતા છતાં આવી સમતાને લીધે અભેદપણે પણ વર્ણવ્યું છે. શ્રુતિ સ્મૃતિમાં બન્નેનું સાથેજ વર્ણન આવે છે ॥ જેમ ભગવાનમાં રહેલા જ્ઞાનાદિ ગુણ અને ગુણી ભગવાનનો ભેદ માન્યો છે અને સમપણાને લીધે અભેદ પણ કહ્યો છે. ગુણ ગુણી વચ્ચે ભેદ અભેદ બન્ને કહેવાય છે. તેમ રૂપ રૂપી વચ્ચે પણ ભેદ અને અભેદ પણ સમજો. એમાં કશો શાસ્ત્રબાધ આવતો નથી ॥ ૧૦૫-૧૦૮ ॥

निराकृतिगुणं कृष्णं ये वदन्ति परं बृहत् ।
तन्मतस्य निरासाय प्राधान्येन निरूपितम् ॥ १०९ ॥
तस्य रूपं परत्वेन हरिणा तत्र तत्र वै ।
नैतावता स्वतस्त्वैक्यं साम्यादैक्यवचो यथा ॥ ११० ॥
नोपास्यं तु विना रूपं परमात्मस्वरूपकम् ।
न च तेन विना रूपं केवलं तु निरात्मकम् ॥ १११ ॥
तन्मङ्गलगुणाद्यैस्तु विशिष्टो दिव्यरूपवान् ।
हरिरेकोऽनिशं ध्येयः सेव्यश्च पुरुषोत्तमः ॥ ११२ ॥
इदं ज्ञानं हरेर्दिव्यमूर्तिगोचरमुत्तमम् ।
पारम्पर्यक्रमप्राप्तं प्रकटस्य हरेर्मतम् ॥ ११३ ॥

જેઓ સાકાર સગુણ પરંબ્રહ્મ શ્રીકૃષ્ણને પણ નિરાકાર નિર્ગુણપણે કહે છે તેના મતના ખંડન માટે તે દિવ્ય રૂપને પરપણે શ્રીહરિએ તે તે સ્વગ્રંથમાં પ્રધાનપણે નિરૂપ્યું છે. એટલા માત્રથી અહમર્થ આત્મસ્વરૂપ અને દિવ્ય રૂપનું સ્વતઃ ઐકય સમજવાનું નથી. કેટલીક બાબતોમાં સમતા હોવાથી એકપણાનાં વચનો પ્રવર્ત્યાં છે. વસ્તુ વિચાર કરતાં સ્વરૂપ સ્વભાવથી બન્ને ભિન્ન તત્વ છે॥ રૂપ વિના પરમાત્મ સ્વરૂપ કેવળ ઉપાસ્ય નથી. તેમ પરમાત્મા વિના કેવળ રૂપ ઉપાસ્ય નથી. માટે મુમુક્ષુઓએ મંગળ ગુણાદિકે વિશિષ્ટ અને દિવ્યરૂપ વિશિષ્ટ એવા એક પુરુષોત્તમ શ્રીહરિજ નિરંતર ધ્યેય અને સેવ્ય સમજવા. સગુણ સાકાર પરમાત્માનું સદા ધ્યાન સેવન કરવું એટલું તત્ત્વ છે ॥ આવું જે દિવ્ય મૂર્તિના સંબન્ધવાળું જ્ઞાન, એજ સર્વોત્તમ માન્યું છે. પ્રકટ શ્રીહરિનું જે આ જ્ઞાન, તે જ્યાંથી ત્યાંથી નહિ પણ ગુરુ પરંપરા પ્રાપ્ત છે. આ જ્ઞાનનો આવો મહિમા છે.

આ દિવ્યાકાર ભગવાનનું જ્ઞાન ગુરુ પરંપરા પ્રાપ્ત કહે છે, ગુરુપરંપરામાં શ્રીરામાનુજાચાર્યને પ્રાચાર્ય તરીકે સ્વીકાર્યા છે. તેમનો વિશિષ્ટાદ્વૈત મત સ્વમત તરીકે સ્વીકાર્યો છે. તેમના સૂત્રભાષ્ય અને ગીતાભાષ્યને

અધ્યાત્મ શાસ્ત્ર તરીકે સ્વીકાર્યાં છે. સંપ્રદાયમાં જે મુખ્ય સાકારત્વનું જ્ઞાન છે તે તેમના થકીજ પ્રાપ્ત થયું છે એ બાબત સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. તેમણે અને તેમના વિદ્વાનોએ પોતાના ગ્રંથોમાં સ્વરૂપ રૂપનો વસ્તુતઃ ભેદ સ્વીકારીને બન્નેનું સરસ ઉપપાદન શાસ્ત્ર પદ્ધતિએ કર્યું છે. શ્રીહરિ અને તેમના મહા સંતોએ પણ એજ પ્રણાલિકા સ્વકૃત ગ્રંથોમાં સ્વીકારી છે એટલે એજ રીતે સાકારત્વ સ્વીકારવું એ સર્વ રીતે સમ્યક્ છે. કાંઈ અન્યથા જેવું ઉપરથી જણાતું હોય તો પણ ઉપરના સત્યાર્થને અનુસરીને જ ઘટાવવું યોગ્ય છે. આનો વિસ્તાર રામાનુજ સંપ્રદાયના ગ્રંથો થકી તેમજ તે તે સાંપ્રદાયિક ગ્રંથો થકી જાણવો. વિશેષના જીજ્ઞાસુઓએ માનમેયપ્રકાશિકા તથા વચનામૃતની ભૂમિકાથકી આ વિષય સંપૂર્ણ સમજવો ઘટે, વિસ્તાર ભયથી અહીં વિવેચન કર્યું નથી ॥ ૧૦૯–૧૧૩ ॥

योऽसावक्षरदिव्यधामनिलयः कृष्णो हरिः शाश्वतः
तेजोमण्डलमध्यगातिरुचिरप्रख्यामलश्रीवपुः
सद्योजातघनप्रभः सितमहादिव्याम्बराभूषणो
मुक्तानन्दविधायकः स भगवान् भूयान्ममानन्ददः ॥११४॥

इतिश्रीमदाध्यात्मिकतत्त्वाख्याने मुनिगणशतानन्दस्वामिसंवादे ज्ञानप्रकरणे श्रीहरेर्दिव्यरूपानुवर्णननामा त्रयोविंशतितमोऽध्यायः ॥ २३ ॥

જે ભગવાન્ અક્ષર દિવ્ય ધામમાં નિત્ય વિરાજમાન, તેજો મંડળના મધ્યમાં વર્તતી હોવાથી અતિસુંદર જણાતી નિર્મલ શોભાએ યુક્ત આકૃતિ (રૂપ) વાળા, નવીન મેઘ સમાન શ્યામ વર્ણવાળા, તેમજ તેજને લીધે શ્વેત વર્ણવાળા, દિવ્ય પીતાંબરાદિ વસ્ત્રો અને કટકાદિ આભૂષણોને ધારી રહેલા, અને મુક્તોને આનંદ આપનારા છે, એવા ભગવાન્ શ્રીહરિકૃષ્ણ મને આનંદ આપનારા થાવ ॥ ૧૧૪ ॥

ઇતિશ્રી...શાસ્ત્રિહરિજીવનદાસકૃત–ગુર્જરાનુવાદે ત્રેવિશમોઽધ્યાયઃ ॥ ૨૩ ॥

આ અધ્યાયમાં પુરુષોત્તમ નારાયણના સ્વરૂપને લખ્યા વાત છે માટે ધ્યાનથી વાંચો

चतुर्विंशातितमोऽध्यायः ।

मुनय ऊचुः—

अनन्तरूपी भगवान् श्रीहरिः पुरुषोत्तमः ।
शास्त्रेषु कथ्यते सत्सु तत्प्रकारं वदाधुना ॥ १ ॥

મુનિઓ કહે છે—હે શતાનંદ મુને! ભગવાન્ પુરુષોત્તમ શ્રીહરિનાં 'अनन्तमूर्तये' આમાં કહ્યા મુજબ અનંત રૂપો સચ્છાસ્ત્રોમાં કહ્યાં છે તેનો પ્રકાર હાલમાં અમોને તમો કહો ॥ ૧ ॥

शतानन्दमुनिरुवाच—

विभोरनन्तस्य गुणा ह्यनन्ताः कर्माणि रूपाणिण्यभिधानकानि ।
प्रोक्तान्यनन्तानि तथेश्वरस्य हरेर्विशुद्धामितसत्त्वधाम्नः ॥ २ ॥

यैरेव रूपैर्जगतां विसृष्टिं स्थानं लयं चार्तिविनाशनं च ।
समीहितार्थांश्च हरिर्विधत्ते भक्तानुकम्पी भगवान् मुकुन्दः ॥ ३ ॥

न तानि सङ्ख्यातुमलं ह्यनन्तब्रह्मादिभिर्वा शिवशारदादिभिः ।
अकर्ममूलानि हरेर्निजेच्छया क्लृप्तानि लोकत्रयभावनानि ॥ ४ ॥

શતાનંદમુનિ કહે છે—હે મુનિઓ! જેમના સ્વરૂપ, રૂપ, ગુણ, વિભૂતિ વિગેરેનો અન્ત (અવધિ) નહિ હોવાથી **અનંત** નામથી નિરૂપ્યા છે એવા સર્વવ્યાપી ભગવાનના ગુણો અનંત કહ્યા છે તેમજ વિશુદ્ધ અપરિમિત સત્ત્વના ધામભૂત એવા તે સર્વેશ્વરનાં દિવ્ય કર્મો, (ચરિત્રો) દિવ્ય રૂપો અને મંગળ નામો પણ અનંત કહ્યાં છે. ગુણો, રૂપો, ચરિત્રો, નામોની ગણના થઈ શકે તેમ નથી ॥ જે રૂપોએ કરીને આ જગતની સૃષ્ટિ સ્થિતિ અને પ્રલયને કરે છે અને જગતની પીડાને પણ હરે છે. તેમજ એ ભકતાનુકંપી મુકુંદ શ્રીહરિ ભકતોના ઈચ્છિત મનો-

સ્થાને પૂર્ણ કરે છે. એમ અનુકંપાવશાત્ તે તે રૂપોને ધારીને જગદુપયોગી સર્વ કાર્યોને કરે છે ॥ તે રૂપાદિકની ગણના કરવા માટે અનંત બ્રહ્મા શિવ શારદાદિકોપણ સમર્થ થતા નથી. આ જે અનંત રૂપોને ધારે છે તે આપણી પેઠે કર્મ કારણે નહિ, પણ પોતાની ઇચ્છાથી ત્રણ લોકોની સંભાવના માટેજ ધારે છે. એમને કશો સ્વાર્થ નથી. કેવળ પરાર્થ છે. આ બાબત વચ. પ્ર. ૭૮ 'પ્રભુની સર્વે ક્રિયા કલ્યાણને અર્થે છે' આ રીતે કહી છે. કા. ૧ માં પણ કહી છે. ભગવાનના ગુણો, રૂપો, ચરિત્રો અને નામોની અને વિભૂતિની અનંતતા **'नान्तं गुणानां गच्छन्ति तेनानन्तोऽयमुच्यते' 'कृष्णरूपाण्यनन्तानि' 'नामकर्मस्वरूपाणि न परिच्छेद्गोचरः। यस्याखिलप्रमाणानि स विष्णुर्गर्भगस्तव'** (वि. पु.) **'नान्तोऽस्ति मम दिव्यानां विभूतीनां परन्तप'** (ગીતા) આ રીતે નિરૂપી છે. ॥ ૨-૪ ॥

अनन्तान्यपि रूपाणि शास्त्रकारैर्महर्षिभिः ।
पञ्चधा सङ्गृहीतानि पाञ्चरात्रानुसारतः ॥ ५ ॥
परत्वं व्यूहविभवावन्तर्यामित्वमेव च ।
अर्चेति हरिमूर्तौ तु विभेदः पञ्चधा ह्यसौ ॥ ६ ॥

શાસ્ત્રકાર પરાશર વ્યાસ વિગેરે મહર્ષિઓએ **'अनन्तमूर्तये'** એમાં કહ્યા મુજબ ભગવાનનાં અનંત રૂપો પ્રતિપાદ્યાં છે. એ સર્વેનો સમાવેશ પાંચ પ્રકારથી પાંચરાત્ર શાસ્ત્રમાં કર્યો છે. પર, વ્યૂહ, વિભવ, (અવતાર) અંતર્યામિ, અર્ચા, આ પાંચ નામો છે. ભગવાનની મૂર્તિઓમાં આ રીતે પાંચ પ્રકારનો ભેદ છે. યદ્યપિ **'एकोऽहं'** આ શ્રુતિમાં કહ્યા મુજબ અહમર્થ પરમાત્મ સ્વરૂપથી તો એકજ છે. અને એકજ સ્વરૂપમાં પંચધા સ્થિતિ અસંભવિત છે, તો આ જે ભેદ કહ્યો તે દિવ્ય રૂપમાં સમજવો ઘટે. આ બાબત પાંચરાત્રમાં **'मम प्रकाराः पञ्चेति प्राहुर्वेदान्तपारगाः। परो व्यूहश्च विभवो नियन्ता सर्वदेहिनाम् । अर्चावतारश्च तथा दयालुः पुरुषाकृतिः'** (वि. सं.) આ રીતે સંગ્રહી છે. આ ભેદ સ્વરૂપમાં નહિ પણ રૂપમાં છે. એ અર્થ **'पुरुषाकृतिः'** આ પદથી જણાવ્યો છે. પાંચ

પ્રકારે રહેવાનું પ્રયોજન તો લોકો ઉપર કેવળ કૃપા છે. આ અર્થ પણ 'दयालु' આ પદથી સૂચવ્યો છે. આ પાંચ પ્રકારો '**अम्भस्य पारे भुवनस्य मध्ये नाकस्य पृष्ठे महतो महीयान्। शुक्रेण ज्योतींषि समनुप्रविष्टः प्रजापतिश्चरति गर्भे अन्तः**' (**तै. ना**) આ શ્રુતિમાં જણાવ્યા છે. '**अम्भस्य पारे**' આ પદથી ત્રિલોકીને ઉપસંહારીને પ્રલય પયોધિમાં પોઢેલા પદ્મનાભ વ્યૂહનો, '**भुवनस्य मध्ये**' આથી સૂર્યમંડળ મધ્યવર્તિ વિષ્ણુનામના અવતારનો, '**नाकस्य पृष्ठे**' આથી નાકશબ્દ વાચ્ય પર ધામમાં વિરાજમાન પર દિવ્યરૂપનો, '**शुक्रेण ज्योतींषि समनुप्रविष्टः**' આથી **શુક્ર**શબ્દ વાચ્ય અત્યુજ્જવલ દિવ્ય રૂપથી જ્યોતિશબ્દવાચ્ય સુવર્ણાદિ ધાતુમય મૂર્તિમાં રહેલા અર્ચાવતાર અને '**प्रजापतिश्चरति गर्भे अन्तः**' આથી અંતર્યામિનો વ્યપદેશ કર્યો છે. આ પાંચેય પ્રકારો વા. મા. માં સ્પષ્ટ વર્ણવ્યા છે. શિક્ષાપત્રી તથા સત્સંગિજીવનમાં તે તે સ્થળે આ પાંચેય પ્રકારો વર્ણવ્યા છે. વચનામૃતમાં પ્ર. ૧૩. 'જીવ જીવ પ્રત્યે અંતર્યામિ રૂપે રહ્યા છે' પ્ર. ૫૨ 'એક જે પુરુષોત્તમ નારાયણ છે તેજ વાસુદેવ સંકર્ષણ અનિરુદ્ધ પ્રદ્યુમ્ન એ ચતુર્વ્યૂહરૂપે થાય છે ને પૃથ્વીને વિષે અવતારને ધારણ કરે છે' પ્ર. ૬૮. 'અને ભગવાને તો શ્રીમુખે એમ કહ્યું છે જે 'મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું' ॥ આ રીતે રૂપમાં પાંચ પ્રકારો શાસ્ત્રાનુસારે જણાવ્યા છે. અહમર્થ આત્મસ્વરૂપથી એકપણું અને રૂપથી અનેકપણું સમજવાનું છે ॥ ૫–૬ ॥

परेऽक्षरे पदे दिव्ये सेव्यते ब्रह्मकोटिभिः।
सदा प्रोद्भूतषाड्गुण्यप्रकाशो दिव्यविग्रहः ॥ ७ ॥

પર રૂપ કેને કહે છે? તો જે પરાત્પર અક્ષર દિવ્ય ધામમાં દિવ્ય વિગ્રહથી વિરાજમાન હોઇને કોટિ મુક્તોએ સદા સેવા કરાય છે અને જેમાં જ્ઞાન શક્તિ બળ ઐશ્વર્ય વીર્ય તેજ, આ છ ગુણો સર્વ રીતે સર્વદા પ્રકાશે છે તે દિવ્યરૂપ જાણવું. આ રૂપ, હસ્ત પાદ મુખ મસ્તકાદિ અવયવવાળું હોઇને વસ્ત્ર વિભૂષણ આયુધો વડે આભૂષિત છે અને રાધા-

લક્ષ્મી વિશિષ્ટ છે અને અવતાર મૂળ છે. આ દિવ્ય રૂપ અર્ચિમાર્ગે કરીને પ્રાપ્ય છે. યદ્યપિ જે છ ગુણો કહ્યા તે સ્વરૂપાનુબન્ધી છે પરંતુ તેનો પ્રકાશ રૂપદ્વારા થતો હોવાથી તેમાં પણ એ ગુણોનો વ્યપદેશ થાય છે ॥ ૭ ॥

यथा वृन्दावने कृष्णो रासेश्वर्या मनोहरः।
द्विभुजो, द्वारवत्यां रुक्मिण्या युक्तश्चतुर्भुजः ॥ ८ ॥

परस्तथा वासुदेवः स्वेच्छातो वै द्विरूपकः ।
गोलोके सोऽक्षरे धाम्नि द्विभुजो राधिकापतिः ॥ ९ ॥

महावैकुण्ठलोके च रमेशः स चतुर्भुजः ।
वासुदेवात्परादस्मात् स व्यूहादिः समुद्भवौ ॥ १० ॥

જેમ વૃંદાવનમાં રાસેશ્વરી રાધાના મનને હરનારા શ્રીકૃષ્ણ ભગવાન્ દ્વિભુજ હતા. એજ શ્રીકૃષ્ણ, રુકિમણીરૂપ લક્ષ્મીએ યુકત ચતુર્ભજ હતા. એજ રીતે જે પર વાસુદેવ છે તે સ્વેચ્છાથી બે રૂપોને ધારી રહ્યા છે. ગોલોકવર્તિ અક્ષરધામમાં રાધિકાપતિ શ્રીકૃષ્ણ દ્વિભુજ છે. એજ શ્રીકૃષ્ણ મહા વૈકુંઠ લોકમાં લક્ષ્મીપતિ તરીકે ચતુર્ભુજ રહ્યા છે. આ પર વાસુદેવ થકી તે વ્યૂહાદિ પ્રકટ થાય છે ॥ ૮–૧૦ ॥

तस्मात्सङ्कर्षणः प्रादुर्भूतः सङ्कर्षणादपि ।
प्रद्युम्नः प्रोद्भवौ तस्मादनिरुद्धः समुद्भवौ ॥ ११ ॥

अनन्तकोटिब्राह्मण्डलयजन्मावनं यतः ।
मुक्तानन्दप्रदानं च त एते व्यूहसंज्ञकाः ॥ १२ ॥

षाड्गुण्यपूर्णोऽपि सदा यद्यन्मूर्तौ हरिः स्वयम् ।
युग युगमुपादत्ते गुणानां कार्यहेतवे ॥ १३ ॥

विशेषतः समुद्भूतं ततो व्यूहाभिधो हरिः ।
त्रिगयुश्च हरिः प्रोक्तो व्यूहरूपविभेदतः ॥ १४ ॥

તે આ પર વાસુદેવ થકી સંકર્ષણ અને સંકર્ષણ થકી પ્રદ્યુમ્ન અને પ્રદ્યુમ્ન થકી અનિરુદ્ધ પ્રાદુર્ભવે છે. આવો ક્રમ છે. વ્યૂહ નામથી કહેવાતાં આ ત્રણ રૂપો જગતની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયને કરે છે અને મુક્તોને આનંદ આપે છે. આ કાર્યને તેઓ કર્યા કરે છે. ભગવાન્ તો સદા ષડ્ગુણ પૂર્ણ છે તથાપિ જે જે મૂર્તિમાં કોઈ કાર્ય કારણે બે બે ગુણોને ગ્રહણ કરીને તે બે ગુણોને વિશેષપણે જણાવે છે. તેથી જ ભગવાન્ વ્યૂહ નામથી કહેવાય છે. વ્યૂહ રૂપોના ભેદને લીધે ભગવાનને 'ત્રિયુગ' એમ પણ કહેવાય છે.

તેમાં સંકર્ષણમાં જ્ઞાન બળનો, પ્રદ્યુમ્નમાં ઐશ્વર્ય વીર્યનો અને અનિરુદ્ધમાં શક્તિ તેજનો પ્રકાશ છે. બીજા ચારનો અપ્રકાશ છે. વાસુદેવમાં તો છ એ ગુણોનો પ્રકાશ છે. જ્યારે મનુષ્યાદિકને સજાતીય હોવાની શંકાનો સંભવ છે એવા અવતારોમાં પણ છ ગુણો વર્તે છે તો વ્યૂહોમાં હોય એમાં કહેવું જ શું? હોય જ. આ અર્થ **'निगूहनं चतुष्काणां द्वन्द्वानां च प्रकाशनम्'** આમાં વ્યક્ત છે. **'तत्र ज्ञानबल-द्वन्द्वात्'** (વિ. સં.) ઇત્યાદિ વચનથી ગુણ ભેદને લીધે કાર્યભેદ પણ જણાવ્યો છે ॥ ૧૨-૧૪ ॥

तत्र ज्ञानबलाभ्यां युक्तः सङ्कर्षणः कुरुते ।
संहारं बलतोऽयं ज्ञानाच्छास्त्रप्रवर्तनं चापि ॥ १५ ॥

प्रद्युम्नस्त्वैश्वर्यात्समष्टिसृष्टिं करोति कामात्मा ।
वीर्यगुणेन तथाऽयं प्रवर्तनं चापि धर्मसेतूनाम् ॥ १६ ॥

अनिरुद्धमूर्तिरेषः शक्त्या भुवनानि धारयत्यनिशम् ।
प्रतिपक्षनिरासं वै भक्तानामेष तेजसा कुरुते ॥ १७ ॥

व्यष्टीनां सृष्टिश्च प्रभवत्यस्माच्चतुर्मुखद्वारात् ।
तत्त्वानां प्रतिबोधस्तथाऽस्य तेजोगुणाद्धरेः प्रोक्तः ॥ १८ ॥

प्रद्युम्नो विष्णुरूपश्च लोकान् पाति सपालकान् ।
सङ्कर्षणो रुद्ररूपी जगत्संहरति प्रभुः ॥ १९ ॥

તેમાં જ્ઞાન-બળ ગુણોએ યુક્ત એવા સંકર્ષણ, બળગુણથી સંહારને અને જ્ઞાનગુણથી શાસ્ત્ર પ્રવર્તનને કરે છે. કામમૂર્તિ પ્રદ્યુમ્ન તો ઐશ્વર્ય ગુણથી સમષ્ટિ સૃષ્ટિને કરે છે અને વીર્ય ગુણથી ધર્મ મર્યાદાની પ્રવૃત્તિ કરે છે. અનિરુદ્ધ મૂર્તિ ભગવાન્ શક્તિ ગુણથી આ સમસ્ત ભુવનોને નિરંતર ધારી રાખે છે અને તેજોગુણથી ભક્તોના પ્રતિપક્ષીઓનો નાશ કરે છે. વળી આ અનિરુદ્ધ થકી જ વ્યષ્ટિઓની સૃષ્ટિ ચતુર્મુખ બ્રહ્મા દ્વારથી થાય છે અને એમના તેજોગુણથી તત્ત્વોનો બોધ થાય છે. એમ કહ્યું છે. પ્રદ્યુમ્ન, વિષ્ણુ રૂપથી લોકપાલોએ સહિત આ લોકોને પાળે છે અને સંકર્ષણ, રુદ્રરૂપથી આ જગતનો સંહાર કરે છે॥ આ ત્રણ વ્યૂહો જ બ્રહ્માદિ ત્રણ દેવો દ્વારથી જગતની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયને કરે છે. વાસુદેવ સંકર્ષણ પ્રદ્યુમ્ન અનિરુદ્ધ એમ વાસુદેવને સાથે લેતાં ચતુર્વ્યૂહ કહે છે. આમાં આદિવ્યૂહ વાસુદેવનું ષાડ્ગુણ્યપણે અનુસંધાન કરવાનું હોવાથી તેમનો પરરૂપ સાથે અભેદ કહેવાની ઇચ્છાથી કોઈ સ્થળે **त्रिव्यूहो देवः**' એમ ત્રિવ્યૂહો પણ કહે છે. એમ કહેવામાં કશો વિરોધ આવતો નથી. તેમાં જે સંકર્ષણ છે તે સુવર્ણવર્ણ છે, પ્રદ્યુમ્ન છે તે ઇન્દ્રનીલ મણિવર્ણ છે, જે અનિરુદ્ધ છે તે મેઘવર્ણ છે. એમ વર્ણભેદ પણ વર્ણવ્યો છે. '**तदेकान्तवपुर्धरः**। (વિ. સ.) એવું વ્યૂહોને વિશેષણ આપેલું હોવાથી તેઓ અસાધારણ અપ્રાકૃત વપુવાળા છે એમ સિદ્ધ થાય છે ॥ ૧૫-૧૯ ॥

मायायास्त्रींश्च गुणानधितिष्ठन्तो मतास्त्विमे सगुणाः ।
सृष्ट्यादिकार्यहेतोर्निर्गुणकास्तु स्वभावतो दिव्याः ॥ २० ॥

जाग्रत्स्वप्नसुषुप्तितुरीयसंज्ञान् दशाविशेषांश्च ।
जीवानां हरिरेको चातुर्व्यूहेण निर्वहत्यनिशम् ॥ २१ ॥

नित्यं दीक्षायुक्तैर्ध्येयान्येतानि चोर्ध्वपुण्ड्रेषु ।
व्यूहाभिधानकानि श्रीहरिरूपाणि संप्रदायेऽस्मिन् ॥ २२ ॥
एकैकस्माद् व्यूहात्तथैव मूर्त्यन्तराणि भूतानि ।
त्रीणि त्रीणि यथा वै दीपाद्दीपान्तराणि सम्भान्ति ॥ २३ ॥

જગતની સૃષ્ટિ આદિક કાર્ય કરવાને કારણે માયાના સત્ત્વાદિ ત્રણ ગુણોનું અધિષ્ઠાન કરી રહેલા હોવાથી આ વ્યૂહોને સગુણ તરીકે કહ્યા છે. વસ્તુવિચાર કરતાં તો તેઓ સ્વભાવથી નિર્ગુણ અને દિવ્ય છે. માયા ગુણોનો લેપ નથી ॥ જીવોની જાગ્રત્ સ્વપ્ન સુષુપ્તિ અને મુક્તિ, આ ચાર અવસ્થાઓને ચાર રૂપોથી નિરંતર નિર્વાહ કરનારા ભગવાન્ છે તેથી તે દ્વારા વિશ્વ, તૈજસ પ્રાજ્ઞ અને તુરીય આ જીવનાં જે ચાર નામો છે તેને ભજવાપણું કહ્યું છે. ત્રણ અવસ્થાને વશ વર્તનારા જીવોએ તે તે અવસ્થાની નિવૃત્તિ માટે આ ચાર વ્યૂહ મૂર્તિઓ ઉપાસ્યપણે કહી છે. આ અર્થ 'जाग्रत्स्वप्नान्यलसतुरीयप्रायध्यातृक्रमवदुपास्यः । स्वामिंस्तत्तत्सह-परिबर्हश्चातुर्व्यूहं वहसि चतुर्धा' આ અભિયુકિતમાં વ્યકત છે. આ અર્થની સ્પષ્ટતા ભાગવતમાં 'वासुदेवः सकर्षणः प्रद्युम्नः पुरुषः स्वयम् । अनिरुद्ध इति ब्रह्मन् ! मूर्तिभेदोऽभिधीयते ॥ स विश्वस्तैजसः प्राज्ञस्तुरीय इति वृत्तिभिः । अर्थेन्द्रियाशयज्ञानैर्भगवान् परिभाव्यते ॥ अङ्गोपाङ्गायुधा-कल्पैर्भगवान् तच्चतुष्टयम् । विभर्ति स चतुर्मूर्तिर्भगवान् हरिरीश्वरः' આ રીતે કરી છે. આમાં વ્યૂહોનું પરમાત્માથકી અનન્યપણું જણાવ્યું છે. આ ઔદ્ધવ સંપ્રદાયમાં વાસુદેવી દીક્ષાને પામેલા ત્યાગિ સત્સંગીઓએ ઊર્ધ્વ-પુંડ્ર તિલકમાં વ્યૂહ જેમનું નામ છે અને જેઓ શ્રીહરિના સ્વરૂપભૂત છે એવા વાસુદેવ સંકર્ષણ પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધનું નિત્ય ધ્યાન ધરવાનું કહ્યું છે ॥ આ બાબત 'वासुदेवं स्मरेद्भाले हृदि सङ्कर्षणं तथा । प्रद्युम्न-मनिरुद्धं च दक्षे वामे च दोषणि' (સ. પ્ર. ૩. અ. ૨૮.) આમાં સ્પષ્ટ છે. સ. પ્ર. ૩. અ. ૫૫ માં મુનિ વિગેરેએ ભગવાનની સ્તુતિ કરતાં આ ચાર વ્યૂહોનાં નામો જણાવીને તેના અર્થો પણ કરીને પરંબ્રહ્મ ભગવાન સાથે તેમનો અભેદ જણાવ્યો છે. પર પછી વ્યૂહ આવે છે. જેથી તેમનો બીજો નંબર આવે છે ॥ અવતારો અને અર્ચાઓ પછી આવે છે

એજ રીતિએ, જેમ એક દીપ થકી બીજા દીપો પ્રગટાવવામાં આવે છે તેમ એક એક વ્યૂહ થકી બીજી ત્રણ ત્રણ મૂર્તિઓ થાય છે. મળીને બાર વ્યૂહ મૂર્તિઓ થાય છે. જેમ એક દીપ થકી થયેલા બધા જ દીપો તેજસ્વરૂપ અને તેજોગુણથી તુલ્ય સ્વરૂપ સ્વભાવવાળા અન્યૂન અભિન્ન છે તેમજ બધા જ પરબ્રહ્મ રૂપ જ છે. એ સર્વ રૂપોમાં અહમર્થ ચેતન આત્મા તો એક જ છે. ફક્ત રૂપ ભેદ ઐચ્છિક છે. એતો સ્વરૂપ ભેદમાં પ્રયોજક નથી ॥ ૨૦-૨૩ ॥

वासुदेवात्केशवाख्यस्तथा नारायणाभिधः ।
माधवश्चेति सम्प्रोक्ता मूर्तयः श्रीहरेः शुभाः ॥ २४ ॥
सङ्कर्षणात्तु गोविन्दो विष्णुश्च मधुसूदनः ।
त्रिविक्रमश्च प्रद्युम्नाद्वामनः श्रीधरस्तथा ॥ २५ ॥
अनिरुद्धाद्ध् हृषीकेशः पद्मनाभस्तथैव च ।
दामोदर इति प्रादुर्भूता द्वादश कीर्तिताः ॥ २६ ॥
एते केशवमुख्यास्तु व्यूहा द्वादश कीर्तिताः ।
मार्गशीर्षादिमासानां सितैकादश्यधीश्वराः ॥ २७ ॥

બાર વ્યૂહોના પ્રાદુર્ભાવનો ક્રમ કહે છે—પ્રથમ વ્યૂહ વાસુદેવ થકી કેશવ, નારાયણ અને માધવ આ નામની ત્રણ શુભ વ્યૂહ મૂર્તિઓ પ્રાદુર્ભવી છે. પ્રથમ વ્યૂહ સંકર્ષણ થકી ગોવિંદ, વિષ્ણુ અને મધુસૂદન આ નામની ત્રણ વ્યૂહમૂર્તિઓ પ્રકટી છે. પ્રથમ વ્યૂહ પ્રદ્યુમ્ન થકી ત્રિવિક્રમ, વામન અને શ્રીધર આ નામની ત્રણ વ્યૂહ મૂર્તિઓ પ્રકટી છે. પ્રથમ વ્યૂહ અનિરુદ્ધ થકી હૃષીકેશ, પદ્મનાભ અને દામોદર આ ત્રણ વ્યૂહમૂર્તિઓ પ્રાદુર્ભવી છે. આ રીતે કેશવાદિ બાર વ્યૂહો કહ્યા છે. આ બાર વ્યૂહો, માગશર આદિક માસોની શુકલપક્ષની એકાદશીઓના અધીશ્વર માન્યા છે ॥ ૨૪-૨૭ ॥

चातुर्व्यूहात्पुनश्चाविरभूवन् द्वादशापरे ।
तेषां नामानि रूपाणां श्रीहरेः कथयामि वः ॥ २८ ॥
वासुदेवाद्वासुदेवोऽपरः सङ्कर्षणादपि ।
तथा सङ्कर्षणोऽन्यस्तु प्रद्युम्नाच्च तथाऽपरः ॥ २९ ॥
प्रद्युम्नश्चानिरुद्धात्तु तन्नाम्ना ह्यपरः स्मृतः ।
एतेभ्यो वै चतुर्भ्यश्च चत्वारो ह्यभवंस्तथा ॥ ३० ॥
पुरुषश्चाधोक्षजश्च नृसिंहश्च तथाऽच्युतः ।
एतेभ्यश्च चतुर्भ्यो वै चत्वारो ह्यभवंस्तथा ॥ ३१ ॥
जनार्दन उपेन्द्रश्च हरिः कृष्णः इति प्रभुः ।
एते तु वासुदेवाद्या द्वादशाभिमता बुधैः ॥ ३२ ॥
मार्गशीर्षादिमासानां कृष्णैकादश्यधीश्वराः ।
एतल्लक्ष्माणि सत्सङ्गिजीवने कीर्तितानि च ॥ ३३ ॥

ફરીથી ઉક્ત ચાર વ્યૂહો થકી બીજા બાર વ્યૂહો પ્રાદુર્ભવ્યા છે. શ્રી હરિનાં તે રૂપોનાં નામો તમોને કહું છું. પ્રથમ વ્યૂહ વાસુદેવ થકી અપર વાસુદેવ,પ્રથમ વ્યૂહ સંકર્ષણ થકી બીજા સંકર્ષણ. પ્રથમ વ્યૂહ પ્રદ્યુમ્ન થકી બીજા પ્રદ્યુમ્ન. પ્રથમ વ્યૂહ અનિરુદ્ધ થકી બીજા અનિરુદ્ધ પ્રકટે છે. આ ચાર વ્યૂહો થકી બીજા ચાર વ્યૂહો થયા છે. કયા ? તો પુરુષ, અધોક્ષજ, નૃસિંહ અને અચ્યુત. વળી આ ચાર વ્યૂહો થકી બીજા ચાર વ્યૂહો થયા છે. કયા ? તો જનાર્દન, ઉપેન્દ્ર, હરિ અને કૃષ્ણ પ્રભુ. આ વાસુદેવાદિક બાર વ્યૂહો બુધોએ માન્યા છે ।। આ બાર વ્યૂહો માગશર આદિક માસોની કૃષ્ણ પક્ષની જે એકાદશીઓ તેના અધીશ્વરો માન્યા છે. આ ચોવીશ મૂર્તિઓનાં લક્ષણો સત્સંગિજીવન પ્ર. ૩ અ. ૩૫ માં કહ્યાં છે. આ બધા જ વ્યૂહો ચતુર્ભુજ છે અને શંખ, ચક્ર, ગદા પદ્મને ધરી રહ્યા છે. આ પૂજ્ય વ્યૂહોની સાથે અલગ અલગ દિવ્ય પત્નીઓનો યોગ પણ પ્ર. ૩ અ. ૩૩ માં

વર્ણવ્યો છે. શંખ, ચક્ર, ગદા, પદ્મના સ્થાન ભેદથી ધારણને લીધે ચોવીશ નામો આવ્યાં છે. પ્રથમના જે ચાર વ્યૂહો કહ્યા છે તે તો આ ચોવીશ થકી જુદા જાણવા આમાં-**'चतुर्विंशतिरूपिण्या एकादश्याः प्रियाय सः । चतुर्विंशतिमेकोऽपि विष्णुर्मूर्तीर्दधाति वै'** (૩૫-૩) એમ કહેલું હોવાથી ચોવીશેય મૂર્તિઓમાં એકજ અહમર્થ ચેતન આત્મસ્વરૂપ વ્યાપક છે એમ નિશ્ચિત થાય છે. ફક્ત રૂપાદિકથી જ ભેદ છે. તે તત્ત્વભેદમાં પ્રયોજક ન કહેવાય. **'व्यूह्यात्मानं चतुर्धा च वासुदेवादिमूर्तिभिः । सृष्ट्यादीन् प्रकरोत्येष विशुद्धात्मा जनार्दनः'** (વિ. પુ.) એમ ચતુર્વ્યૂહ એક જ પરમાત્માની સૃષ્ટિ, સ્થિતિ, લય, મોક્ષની નિર્વાહકતા નિરૂપી છે. વિષ્ણુનામ સહસ્રમાં **'चतुरात्मा चतुर्व्यूहः'** આ નામથી એક જ પરમાત્માની ચાર રૂપતા વાસુદેવાદિ ભેદથી કહી છે. વિશેષ અર્થ તેના ભાષ્ય થકી જાણવો ॥ ૨૮-૩૩ ॥

नानावर्णभुजाभूषाहेतिवाहनधामकाः ।
स्वेच्छासिद्धाः भगवतो मता वै व्यूहमूर्तयः ॥ ३४ ॥
याभिस्त्वधिष्ठाय हरिरीश्वरानाधिकारिकान् ।
ब्रह्माण्डकोटितन्त्राणि निर्वहत्येव सन्ततम् ॥ ३५ ॥
कालचक्रं जगच्चक्रं युगचक्रं च केशवः ।
निर्वहत्यनिशं व्यूहमूर्तिरेषोऽक्षराधिपः ॥ ३६ ॥

ભગવાનની આ બધી વ્યૂહ મૂર્તિઓ સ્વેચ્છાસિદ્ધ છે (એમાં કોઈ કર્માદિ કારણ નથી) આ મૂર્તિઓ વિવિધ વર્ણવાળી, નાનાવિધ ભુજધારી, વિવિધ વિભૂષણ ધારી, અનેકવિધ આયુધ ધારી, અનેક વાહનધારી અને અનેક ધામ ધારી છે. એમ બધી જ રીતે વિચિત્રતા છે. જુદી જુદી સંહિતામાં 'અમુક વ્યૂહથકી અમુક વ્યૂહ થયા છે' એ બાબતમાં બહુધા વિપરીતપણું તથા વર્ણ ભુજ આયુધ કાર્ય આદિકમાં પણ બહુધા વિષમપણું જણાય છે. તેનો નિર્વાહ કલ્પ ભેદથી સમજવો ઘટે. આ બાબત તત્ત્વમુક્તાકલાપમાં શંકા સમાધાન સાથે બે શ્લોકથી વર્ણવી છે. ચાર મૂર્તિઓનાં ધામો વાત્સ્ય વરદ ગુરુએ **"आमोदे भुवने प्रमोद उत सम्मोदे च सङ्कर्षणं प्रद्युम्नं च तथाऽनिरुद्धमपि तान् सृष्टिस्थिती चाप्ययम् । कुर्वाणान् मति-**

मुख्यषड्गुणवर्यैर्युक्तांस्त्रियुग्मात्मकैर्व्यूहाधिष्ठितवासुदेवमपि तं क्षीराब्धिनाथं भजे' એમ વાસુદેવનો શ્વેતદ્વીપધામમાં અને સંકર્ષણાદિકનો આમોદ પ્રમોદ સંમોદ ભુવનમાં નિવાસ વર્ણવ્યો છે. પરમાત્માને વ્યૂહરૂપે રહેવાનું પ્રયોજન તો '**उपासकानुग्रहार्थं जगतो रक्षणाय च**' આમાં કહ્યા મુજબ ઉપાસકો ઉપર અનુગ્રહ અને જગતનું રક્ષણાદિ કાર્ય છે. સંસારિઓનું સંરક્ષણ એ એમનું જ કૃપા કૃત્ય છે ॥ ભગવાન્ જે મૂર્તિઓએ કરીને બ્રહ્માદિ અધિકારી ઇશ્વિરોનું અધિષ્ઠાન કરીને અનેક કોટિ બ્રહ્માંડના તંત્રોનું નિરંતર નિર્વહન કરે છે. તે આ વ્યૂહ મૂર્તિઓ સ્વેચ્છાસિદ્ધ છે. અક્ષરાધિપતિ વ્યૂહમૂર્તિ સ્વયં ભગવાનજ કાળચક્ર, જગચ્ચક્ર અને યુગચક્રને નિરંતર ચલાવે છે ॥ ૩૪-૩૬ ॥

ईश्वराणामीश्वरोऽयं भगवान् पुरुषोत्तमः ।
वेदशास्त्रं पाञ्चरात्रं व्यूहमूर्तिर्हरिः प्रभुः ॥ ३७ ॥
प्रवर्तयन् जीवहितं कुरुते लोकशं सदा ।
परव्यूहमूर्तयोऽस्य शास्त्रगम्या अतीन्द्रियाः ॥ ३८ ॥
श्वेतमुक्तैर्नित्यमुक्तैः सिद्धैर्गम्या इमाः पुनः ।
चेतसा तु विशुद्धेन गृह्यन्ते योगिसत्तमैः ॥ ३९ ॥
परोक्षरूपो भगवान् नित्यं लोकहितं बहु ।
परोक्षं शास्त्रतः कुर्वन् ध्येयः प्रोक्तस्तु योगिभिः ॥ ४० ॥

ઇશ્વિરોના ઇશ્વિર એવા મહા પ્રભુ પુરુષોત્તમ ભગવાન્ જીવોના હિત માટે વેદશાસ્ત્ર તથા પાંચરાત્રને પ્રવર્તાવતા થકા લોકોના સુખને સદા કર્યા કરે છે ॥ આ ભગવાનની જે વ્યૂહમૂર્તિઓ છે તે ઇન્દ્રિયગોચર નહિ હોવાથી એક શાસ્ત્રથીજ જાણી શકાય છે. શ્વેત મુક્તો અને નિત્ય મુક્તો અને સિદ્ધોએજ આ મૂર્તિઓ જાણી શકાય છે. બીજા કોઈ જાણી શકતા નથી. જે યોગિવર્યો છે તે વિશુદ્ધ ચિત્તથી એ મૂર્તિઓને જાણીને ઉપાસે છે. આ ભગવાન્ પરોક્ષ રૂપથી નિરંતર લોકોના બહુ હિતને શાસ્ત્રદ્વારથી પરોક્ષપણે કરતા હોવાથી યોગિઓએ ધ્યાન કરવા યોગ્ય માની છે ॥

ઉપરનો સમગ્ર અર્થ સંપ્રદાય પ્રબન્ધોમાં સ્પષ્ટ છે. શિક્ષાપત્રીમાં '**सर्वाविर्भावकारण**' આ પદનું વ્યાખ્યાન '**सर्वेषामाविर्भावाणां वासुदेवादिकेशवादिव्यूहानां कारणं**' એમ કર્યું છે. '**वासुदेवादयो यस्माद् व्यूहाः प्रादुर्भवन्ति च। चत्वारः केशवाद्याश्च चतुर्विंशतिरीशितुः**' (સ. પ્ર. ૧ અ. ૧) (આથી ચાર અને ચોવીશ વ્યૂહોનો સાક્ષાત્ સંબધ મૂળ પરંબ્રહ્મ સાથે જણાવ્યો) વચ. ઉપો. 'અને વાસુદેવાદિક જે ચતુર્વ્યૂહ તથા કેશવાદિક જે ચોવીશ મૂર્તિઓ એ સર્વેના ધરનારા છે' પ્ર. ૫૨, પ્ર. ૭૮ લોયા ૭ પં ૨ વર-૧૮ માં પણ એજ બાબત છે ॥ એમ શાસ્ત્રો સાથે એકાર્થતા છે. આ રીતે વ્યૂહોનુ નિરૂપણ છે ॥ ૩૭-૪૦ ॥

अथावताररूपाणि कथयामि शुभानि वः ।
ध्येयानि चार्चनीयानि सेव्यानीह मुमुक्षुभिः ॥ ४१ ॥

હે મુનિઓ ! હવે શુભ અવતાર રૂપો તમોને કહું છું, જે રૂપો મુમુક્ષુઓએ ધ્યાન કરવા યોગ્ય તથા પૂજવા યોગ્ય તથા સેવવા યોગ્ય છે ॥ ૪૧ ॥

यदि सुरमनुजानां लीलया तुल्यवृत्ति-
र्हरिरुरुकृपयाऽस्यां नावतीर्णो जगत्याम् ।
कथमिव घटते वै भक्तिरर्चादिरस्मिन्
सकलकरणजातागोचरोद्दामभूम्नि ॥ ४२ ॥

नहि जनिरिह लोके देवदेवस्य जिष्णोः
प्रथितशुभगुणाब्धेर्नित्यनिर्दोषकस्य ।
जनिरिव मनुजादेः प्रोच्यते कर्ममूला
त्रिगुणजपुरुदोषाऽज्ञानदुःखानुबन्धा ॥ ४३ ॥

निजाश्रितान् दैवजनान् प्रपातुमधर्मसर्गासुरनिग्रहाय ।
जातो हि देवः पुरुषोत्तमस्तु निजेच्छयोपात्तपुरुस्वरूपः ॥ ४४ ॥

જો ભગવાન્ શ્રીહરિ, લીલાએ કરીને દેવ મનુષ્યોને સજાતીય વર્તનવાળા થઈને બહુ કૃપાથી આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે નહિ તો તેમને વિષે અર્ચનાદિ ભક્તિ શી રીતે ઘટે ? કેમકે દિવ્યરૂપ પરમાત્મા અક્ષરસ્થ તો સમગ્ર ઈન્દ્રિયોને અગોચર હોઈને ઉદ્દામ ભૂમા-નિરતિશય સુખ સ્વરૂપ છે. દેવ મનુષ્યોનાં ઇન્દ્રિયોને ગોચર નહિ થતા હોવાથી તેમનું ધ્યાન આરાધન શી રીતે કરી શકે ? આ બાબત "**यस्यावताररूपाणि समर्चन्ति दिवौकसः । अपश्यन्तः परंरूपं नमस्तस्मै परात्मने ॥**' '**ध्यानाराधनाद्यगोचर**' આમાં સ્પષ્ટ છે. સ્વયં ભગવાન્ કે જે દિવાધિદેવ સર્વત્ર વિજયી, જ્ઞાનાદિ મંગળ ગુણનિધિ અને નિત્ય નિર્દોષ છે તેમનો જે આ લોકમાં જન્મ છે તે જેમ મનુષ્યાદિકનો જન્મ કર્મ મૂળથી હોઇને માયાના ત્રણ ગુણના સંબન્ધથી ઉપજનારા અજ્ઞાન દુઃખ આદિક દોષોના સંબન્ધવાળો છે તેવો નથી. આ બાબત-'**जगतामुपकाराय न सा कर्मनिमित्तजा**' આમાં વ્યક્ત છે. પ્રાકૃત પુરુષોના જન્મ થકી ભગવાનના જન્મની બહુ રીતે વિલક્ષણતા ગીતામાં '**बहूनि मे व्यतीतानि**' ઇત્યાદિ પાંચ શ્લોકોથી શ્રીમુખે કહી છે ॥ નિજાશ્રિત દૈવી જનોના રક્ષણ માટે અને અધર્મસર્ગ તથા અસુરોના નિગ્રહ માટે સ્વેચ્છાથી અનંત રૂપોને ધરનારા સ્વયં શ્રીપુરુષોત્તમ દેવ પ્રકટ થાય છે. આ અર્થ '**परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्**' આ ગીતા વચનમાં વ્યક્ત છે ॥૪૨-૪૪॥

नृत्वं देवत्वमप्यस्य तिर्यक्त्वं च निजेच्छया ।
इष्टकार्यप्रसिद्ध्यर्थं नावद्याय कथञ्चन ॥ ४५ ॥

नानेव भूमिका धृत्वा रञ्जयित्वा सभागतान् ।
पुनः स्वकीयरूपेण यथा भवति वै नटः ॥ ४६ ॥

तथा हरिर्निजं दिव्यं रूपं वै तत्तदाकृति ।
विदधद्भक्तकार्याणि साधयित्वा स्वतोऽभवत् ॥ ४७ ॥

साक्षाद्भगवतोऽत्रार्थे सहजानन्दस्वामिनः ।
वचांसि सुबहून्येषु कानिचिद्वर्णयामि वः ॥ ४८ ॥

'**अजायमानो बहुधा विजायते**' '**अजोऽपि सन्नव्ययात्मा**' આમાં

કહ્યા પ્રમાણે પરમાત્મા પોતે સ્વરૂપથી અજન્મા છે, છતાં પોતાની ઈચ્છાથી ઇપ્સિત કાર્યની સિદ્ધિ માટે નર દેવ પશુ પક્ષી આદિક રૂપથી પ્રકટ થાય છે. એમને માટે એ દોષાર્થે નથી. આ બાબત **'सुरेष्वृषिष्वीश तथैव नृष्वपि तिर्यक्षु यादःस्वपि तेऽजनस्य । जन्मासतां दुर्मदनिग्रहाय प्रभो विधातः सदनुग्रहाय च'** આમાં સ્પષ્ટ છે ॥ જેમ નર, વિવિધ વેષોને ધારીને સભામાં આવેલા જનોને રંજન કરીને પછીથી પોતાના અસલ રૂપથી થઈ રહે છે. તેમજ શ્રીહરિ પણ પોતાના દિવ્ય રૂપથી તેતે નરાદિ અને મત્સયાદિ આકૃતિઓને ધારીને ભક્તોનાં ઇષ્ટ કાર્યોને સાધીને પછીથી પોતાના અસલરૂપે થઈ રહે છે. ભગવાન તો નિત્ય નિર્દોષ હોવાથી એમને માટે આ વિચિત્ર અવતારોનું ધારણ દોષલેશ માટે નથી. **'जन्म कर्म च मे दिव्यं'** એમ શ્રીમુખે કહે છે. આ બાબતની પ્રમાણુતા માટે સાક્ષાત્ ભગવાન્ શ્રીસહજાનંદ સ્વામીનાં શાસ્ત્રાનુસારી બહુ વચનો વર્તે છે. તેમાંથી ઉપયોગી કેટલાંક વચનોને વર્ણવું છું ॥ ૪૫-૪૮ ॥

उक्तस्ते सम्प्रदायोऽथ श्रीकृष्णोऽस्तीष्टदेवता ।
परमात्मा परंब्रह्म सर्वकारणकारणम् ॥ ४९ ॥

श्रीवासुदेवप्रमुखाश्चतस्रस्तस्य मूर्तयः ।
चतुर्विंशतिसङ्ख्याकाः केशवप्रमुखास्तथा ॥ ५० ॥

पद्मनाभवराहाद्या भगवन्मूर्तयोऽपि च ।
श्रीकृष्णस्यावतारत्वात् मान्याः सन्त्येव नोऽखिलाः ॥ ५१ ॥

હે શિવરામ વિપ્ર! ઉપર પ્રમાણે અમારો ઉદ્ધવ સંપ્રદાય કહ્યો. (સ. પ્ર. ૨ અ. ૩૭) અમારા ઇષ્ટદેવ તો પરંબ્રહ્મ પરમાત્મા સર્વકારણકારણ શ્રીકૃષ્ણ છે. તે શ્રીકૃષ્ણની વાસુદેવ સંકર્ષણ પ્રદ્યુમ્ન અનિરુદ્ધ આ નામની ચાર વ્યૂહ મૂર્તિઓ તથા કેશવ મુખ્ય જેમાં છે એવી બીજી ચોવીશ વ્યૂહ મૂર્તિઓ તથા પદ્મનાભ વરાહ વિગેરે ભગવન્મૂર્તિઓ છે. આ સર્વે પણ શ્રીકૃષ્ણના અવતારરૂપ હોવાથી અમોને માન્ય-પૂજ્ય છે ॥ ૪૯-૫૧ ॥

निःश्रेयसाय जीवानां श्रीविष्णुर्भगवान् स्वयम् ।
आविर्भवति भूलोके स्वतन्त्रः करुणानिधिः ॥ ५२ ॥

नरनारायणो दत्त ऋषभः कपिलादयः ।
रामकृष्णादयश्चास्यावताराः सन्ति भूरिशः ॥ ५३ ॥

ते निहन्त्यासुरान् दुष्टान् धर्मसाधुसुरद्रुहः ।
धर्मं प्रवर्तयन्त्यत्र सेव्याऽस्ते मोक्षकाङ्क्षिभिः ॥ ५४ ॥

प्रवृत्तिमार्गमाश्रित्य भगवान् यर्हि वर्तते ।
रामकृष्णादिरूपेण तदा तान् हन्ति हेतिभिः ॥ ५५ ॥

क्वचित्क्वचिच्च तन्निष्ठान् कामादीनान्तरासुरान् ।
ज्ञानोपदेशखड्गेन स हन्ति न तु तत्तनूः ॥ ५६ ॥

निवृत्तिमार्गमाश्रित्य भगवान् यर्हि वर्तते ।
नारायणादिरूपेण तदा हन्त्यान्तरान् रिपून् ॥ ५७ ॥

स्वाभाविकान् हन्ति दोषान् कामादीनसुरस्थितान् ।
सांसर्गिकांश्च देवस्थान् न तु तेषां तनूः क्वचित् ॥ ५८ ॥

स एव भगवान् पुम्भिर्धृतमानुषविग्रहः ।
उपासनीयः श्रेयोऽर्थमज्ञानतिमिरापहः ॥ ५९ ॥

સ્વયં ભગવાન્ શ્રી વિષ્ણુ પરમાત્મા, આ ભૂલોકમાં જીવોનાં કલ્યાણ કરવા માટે સ્વતંત્રપણે અપાર કૃપાવશાત્ અવતારોને ધારણ કરે છે ॥ એ શ્રીવિષ્ણુના નરનારાયણ દત્તાત્રેય ઋષભ કપિલ આદિક અને રામ કૃષ્ણ આદિક અનેક અવતારો થયા છે. બીજા પણ ઘણા અવતારો થયા છે. તે અવતાર સ્વરૂપને કોઈ પણ જાણી શકતું નથી. તેમના કૃપાપાત્ર કોઈ વિરલાજ જાણે છે ॥ તે અવતારો ધર્મ સાધુ અને દેવોનો દ્રોહ કરનારા, માટેજ દુષ્ટ એવા અસુરોને હણીને ભૂતળમાં ધર્મને પ્રવર્તાવે છે. આ અવતારો મોક્ષની આકાંક્ષાવાળા જનોએ સાક્ષાત્ ઉપાસના કરવા યોગ્ય છે ॥ જ્યારે ભગવાન્ રામ કૃષ્ણાદિરૂપથી પ્રવૃત્તિમાર્ગને અનુસરીને વર્તે છે

ત્યારે તે અસુરોને ચક્રાદિ આયુધો વડે હણે છે ॥ પ્રવૃત્તિમાર્ગને આશરેલા એજ ભગવાન્ કયારેક કયારેક અસુરોમાં રહેલા, આંતર અસુરો (અસુરોની જીવિકારૂપ) કામાદિ દોષોને જ્ઞાનોપદેશ રૂપ તલવારથી હણે છે પરંતુ સ્વાભાવિક આસુર સંપત્તિવાળા અને સાંસર્ગિક આસુર સંપત્તિવાળા અસુરોના દેહોને હણતા નથી ॥ જ્યારે ભગવાન્ નરનારાયણાદિ સાધુરૂપથી નિવૃત્તિમાર્ગને આશરીને વર્તે છે ત્યારે આંતર-અસુરોની અંદર પ્રવેશ કરી રહેલા, તેમની જીવિકારૂપ કામાદિ શત્રુઓને નાશ કરે છે ॥ અસુરોમાં રહેલા સ્વાભાવિક કામાદિ દોષોને અને અસુર સંપદાવિષ્ટજનોના સંબન્ધથી આવેલા દૈવી જનોમાં રહેલા કામાદિ દોષોને હણે છે. પરંતુ કયારેય પણ તે અસુરોના દેહોને હણતા નથી ॥ કૃપાથી મનુષ્ય શરીરને ધારણ કરી રહેલા અને જીવગત અનાદિ અજ્ઞાનરૂપ અંધકારને હરનારા એવા બંને રૂપધારી ભગવાનજ મુમુક્ષુ જનોએ પોતાના કલ્યાણ માટે સધર્મ ભક્તિથી ભજવા યોગ્ય છે ॥ ૫૨-૫૯ ॥

अतितेजोमये स्वीये धाम्नि ब्रह्मपुरे सदा ।
कृष्णोऽक्षरादिभिर्मुक्तैरास्ते सेवितपत्कजः ॥ ६० ॥

तत्रस्थ एव कृष्णस्तु प्रतिब्रह्माण्डमात्मनः ।
योगेश्वर्येण रूपैः स्वैरास्ते कार्यस्य सिद्धये ॥ ६१ ॥

यथैव रासलीलायामेकोऽपि स निजेच्छया ।
भिन्नभिन्नस्वरूपेण प्रतिगोपि बभूव ह ॥ ६२ ॥

यथोपयोगमत्रापि स तथैवाखिलेश्वरः ।
स्वभक्तसुखदानार्थमास्ते रूपैरनेकधा ॥ ६३ ॥

પોતાના અતિ તેજોમય બ્રહ્મપુર ધામમાં શ્રીકૃષ્ણ ભગવાન્ અક્ષરાદિ મુક્તોએ સેવાતાં છે ચરણકમળ જેમનાં એવા થકા સદા વિરાજે છે ॥ એજ શ્રીકૃષ્ણ ભગવાન્ એ ધામમાં દિવ્યરૂપથી વિરાજમાન હોઈનેજ પ્રત્યેક બ્રહ્માંડમાં યોગૈશ્વર્યોથી પોતાનાં અનેક રૂપો ધારીને કાર્યની સિદ્ધિ માટે વિરાજે છે ॥ જેમ એકજ શ્રીકૃષ્ણ, રાસલીલામાં પોતાની

ઇચ્છાથી પ્રત્યેક ગોપી સાથે ભિન્ન ભિન્ન રૂપથી થઈ રહ્યા હતા. તેમ જ સર્વેશ્વર ભગવાન્ ઉપયોગને અનુસારે પોતાના ભક્તોને સુખ આપવા માટે અનેકરૂપે વિરાજે છે (હ. વા. સુ. મ. ૪૨) ॥ ૬૦-૬૩ ॥

स एव हि वराहादि रूपं रामादि चेच्छया ।
तत्तत्कार्याय धत्ते स्वं सकलैश्वर्यमत्यजन् ॥ ६४ ॥

यथोपयोगं स्वैश्वर्यं तत्र तत्र निजेच्छया ।
आविष्कृत्य पुनः स्वस्मिन् तत्तिरोधापयत्यसौ ॥ ६५ ॥

અક્ષરધામાધિપતિ શ્રી કૃષ્ણજી વરાહાદિ અને રામાદિ રૂપને લોયા ૧૮ માં કહ્યા મુજબ સ્વેચ્છાથી તે તે કાર્યોને કરવા માટે ધારણ કરે છે. ધારેલા અવતાર ભાવમાં પણ પોતાનાં સમગ્ર ઐશ્વર્યો અસાધારણ છે તેનો ત્યાગ કરતા નથી. સમગ્ર ઐશ્વર્ય સાથે જ અવતારને ધારે છે. તે તે અવતાર ભાવમાં જેટલી જરૂર હોય એટલાં જ પોતાનાં ઐશ્વર્યોને સ્વેચ્છાથી પ્રદર્શાવીને ફરીથી તે ઐશ્વર્ય પોતામાં તિરોહિત કરી દે છે. એ ઉપરથી એમાં ઐશ્વર્ય ન હતું કે અલ્પ હતું એમ કહેવાય નહિ ॥ ૬૪-૬૫ ॥

यदाहुरक्षरं ब्रह्मानन्तं कृष्णस्य धाम च ।
अस्ति तत्र स्वयं साक्षात् भगवान् पुरुषोत्तमः ॥ ६६ ॥

अवतारा भवन्त्यत्र तस्मादेवाखिला अपि ।
नटो वेषान्तरमिव लोकान् दर्शयते प्रभुः ॥ ६७ ॥

यादृशं तु भवेत्कार्यं स धृत्वा तादृशं वपुः ।
तद्विधाय पुनः स्वेन रूपेणास्ते विहाय तत् ॥ ६८ ॥

જેને અનંત અક્ષર બ્રહ્મ કહે છે તે શ્રીકૃષ્ણનું ધામ છે. તે ધામમાં સ્વયં સાક્ષાત્ શ્રીપુરુષોત્તમ ભગવાન્ નિત્ય વિરાજે છે. તે ભગવાન્ થકી જ સમગ્ર અવતારો આ લોકમાં થાય છે. જેમ નટ વેષાંતરને પ્રદર્શાવે છે તેમ મહાપ્રભુ લોકોને પોતાનાં રૂપોને દર્શાવે છે. જેવું કાર્ય કરવાનું હોય તેવા

વપુને ધારીને તે કાર્યને પૂર્ણ કરીને તેનો ત્યાગ કરીને ફરીથી પોતાના અસાધારણ રૂપથી થઈ રહે છે ॥ ૬૬-૬૮ ॥

ब्रह्मरूपो हि तद्देहो दृश्यते भौतिको यथा ।
न त्वसौ भौतिकः किन्तु दिव्य इत्यवधार्यताम् ॥ ६९ ॥
भेदस्तु सर्वथा नास्ति मूलैतद्रूपयोर्हरेः ।
सकलैश्वर्ययुक्तत्वे तथा निःश्रेयसप्रदौः ॥ ७० ॥

તે ભગવાનનો દેહ ભૌતિક જેવો જણાય છે પણ તે બ્રહ્મરૂપ છે. એમનો દેહ '**न तस्य प्राकृता मूर्तिः**' એમાં કહ્યા પ્રમાણે ભૌતિક નથી. પરંતુ '**जन्म कर्म च मे दिव्यं**' એમાં કહ્યા પ્રમાણે દિવ્ય છે એમ જાણો ॥ અક્ષરસ્થ મૂળરૂપ અને ભૂમિસ્થ અવતાર રૂપમાં સર્વથા ભેદ નથી. બન્ને રૂપો સકલ ઐશ્વર્ય સંયુક્ત છે અને આશ્રિતોનાં કલ્યાણ કરનારાં છે ॥ ૬૯-૭૦ ॥

अवतारा भगवतो जायन्ते भुवि ये हरेः ।
नरोत्तमस्य कृष्णस्याक्षरधाम्नो जगत्पतेः ॥ ७१ ॥
धर्मसंस्थापनार्थास्ते सन्त्यधर्मच्छिदस्तथा ।
स्वधर्मज्ञानवैराग्यभक्तिमद्रक्षणाय च ॥ ७२ ॥
यथा सीता रघुपतौ साध्वी निष्ठां दृढां व्यधात् ।
तथैव तेषु सा कार्या वर्तमाने विशेषतः ॥ ७३ ॥
कृष्णस्यैवेह कर्तव्या सदा भक्तिर्मुमुक्षुणा ।
नह्यन्यदेवतायास्तु साध्वीधर्मच्युतिर्यतः ॥ ७४ ॥

આ ભૂમિ ઉપર અક્ષરધામી જગત્પતિ પુરુષોત્તમ શ્રીહરિકૃષ્ણના જે જે અવતારો થાય છે તે ધર્મના સ્થાપન માટે અને અધર્મના ઉચ્છેદ માટે થાય છે તેમ જ સ્વધર્મ જ્ઞાન વૈરાગ્યે યુક્ત એવી ભક્તિને કરનારા એકાંતિક જનોનાં '**साधूनां परित्राणाय**' એમાં કહ્યાં મુજબ રક્ષણ માટે થાય છે ॥

જેમ પતિવ્રતા સીતાજીએ રઘુપતિ શ્રી રામમાં દૃઢ નિષ્ઠા રાખી હતી. તેમ જ તે અવતારોને વિષે પતિવ્રતવત્ દૃઢ નિષ્ઠા રાખવી. તેમાં પણ વર્તમાન અવતારને વિષે તો વિશેષપણે દૃઢ નિષ્ઠા રાખવી. મુમુક્ષુ જનોએ આ લોકમાં કૃષ્ણની જ ભક્તિ સદા કરવી. બીજા દેવની ભક્તિ કરવી નહિ, કેમકે એથી પતિવ્રત ધર્મ થકી ચ્યુતિ થાય છે ॥ ૭૧-૭૪ ॥

कृष्णस्तदवताराश्च ध्येयास्तत्प्रतिमाऽपि च ।
न तु जीवा नृदेवाद्या भक्ता ब्रह्मविदोऽपि च ॥ ७५ ॥

કૃષ્ણ સાક્ષાત્ ભગવાન્, તેમના રામકૃષ્ણાદિ અવતારો અને તેમની પ્રતિમાઓ ધ્યાન કરવા યોગ્ય છે. બીજા નર દેવાદિ જીવો તથા ભક્તો તથા બ્રહ્મવિદો પણ ધ્યાન કરવા યોગ્ય નથી. કેમકે તેઓ જીવો હોઈને અશુભ છે. આ અર્થ શ્રીભાષ્યમાં શ્રીરામાનુજાચાર્યે વિસ્તારથી વર્ણવ્યો છે ॥ ૭૫ ॥

यदेतत्परमं धाम श्रीकृष्णस्योदितं जनाः ।
अतर्क्यं तदगम्यं च सदानन्दरसात्मकम् ॥ ७६ ॥
तदीया येऽवताराः स्युस्तेषामेव ह्युपासया ।
भक्तः स्वधर्मनिरतैस्तत्प्रसादात्तदाप्यते ॥ ७७ ॥

શ્રીહરિ કહે છે—હે જનો! શ્રીકૃષ્ણનું નિરંતર આનંદ રસાત્મક જે આ બ્રહ્મપુર નામનું પરમધામ કહ્યું તે કોઈના તર્ક-વિચારમાં આવે તેવું નથી. તેમ કોઈએ પણ ગમ્ય-પ્રાપ્ય નથી. તેને પામવાનો ઉપાય એ છે કે એ શ્રીકૃષ્ણના જે અવતારો હોય તેમની ઉપાસના કરવાથી સ્વધર્મ નિષ્ઠ ભક્તોએ તે અવતારોના અનુગ્રહથી તે બ્રહ્મધામ મેળવી શકાય છે. આ અધ્યાયમાં વર્ણવેલા ગોલોકાંતવર્તિ અક્ષરધામની પ્રાપ્તિ, ભગવાનના અવતારોની ઉપાસનાથી જણાવી છે. એ વિના બીજા કોઈ ઉપાયથી એ ધામની પ્રાપ્તિ થતી નથી ॥ ૭૬-૭૭ ॥

इति श्रीसहजानन्दः प्रकटः पुरुषोत्तमः ।
परस्य ब्रह्मणो विष्णोः श्रीकृष्णस्याक्षरेशितुः ॥ ७८ ॥

नानावतारधर्तृत्वमेषामैश्वर्यजुष्टताम् ।
दिव्यत्वं च मुमुक्षूणामुपास्यत्वं तथा पुनः ॥ ७९ ॥
धामाक्षरप्रापकत्वं स्वामी नः प्रत्यपादयत् ।
असूसुचच्च व्यङ्ग्योक्त्या पुरुषोत्तमतां स्विकाम् ॥ ८० ॥

ઉપર પ્રમાણે પ્રકટ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી, પરબ્રહ્મ અક્ષરાધિપતિ વિષ્ણુ શ્રીકૃષ્ણ ભગવાનનું નાના અવતારોને ધરવાપણું, અવતારોનું સમગ્ર ઐશ્વર્યે સંપૂર્ણપણું, દિવ્યપણું, મુમુક્ષુઓએ ઉપાસ્યપણું અને અક્ષરધામને પમાડવાપણું પ્રતિપાદન કર્યું છે. તેમજ વ્યંગ્ય ઉક્તિથી પોતાનું પુરુષોત્તમપણું પણ સૂચવ્યું છે. જેથી હવે આમાં લેશ શંકાને સ્થાન રહેતું નથી ॥ ૭૯-૮૦ ॥

अवतारि भवेन्मूलं रूपमक्षरधामगम् ।
अवतारा नृलोकादौ रूपाणि प्रकटानि तु ॥ ८१ ॥
प्रादुर्भावा हरेरेते कथ्यन्ते विभवा अपि ।
यतो विभूतिजीवादिसदृशाकारचेष्टिताः ॥ ८२ ॥

અક્ષરધામમાં રહેલું જે મૂળ રૂપ છે તે અવતારી કહેવાય. કેમકે એમાંથી જ બધા જ અવતારો થાય છે. નર દેવાદિ લોકમાં પ્રકટ થએલાં જે રૂપો તેને અવતારો કહે છે. ભગવાનના જે આ પ્રાદુર્ભાવો તેમને 'વિભવ' એવા નામથી પણ કહેવાય છે. કેમકે એમના આકારો અને ચેષ્ટિતો છે તે વિભૂતિભૂત જે જીવાદિ તેને તુલ્ય છે. મનુષ્યોને સજાતીય હોવાથી વિભવ કહે છે ॥ ૮૧-૮૨ ॥

नह्यस्य करुणां मुक्त्वा पश्यामः कारणं परम् ।
श्रीहरेर्देवदेवस्य ग्राह्यत्वे मांसचक्षुषा ॥ ८३ ॥
'नाकारणात्कारणाद्वा कारणाकारणान्न च ।
शरीरग्रहणं विष्णोर्धर्मत्राणाय केवलम् ॥ ८४ ॥"

દેવદેવ શ્રી હરિનું માંસ ચક્ષુથી ગ્રહણ થાય છે તેમાં એમની કરુણા સિવાય બીજું કોઈ કારણ નથી. કેવળ કરુણાજ કારણ છે. એ બાબત 'स हि नारायणः स्वामी धाम्नः स्वादक्षरात्परात्। आविर्बभूव भूलोके ब्राकृतिः श्रेयसे नृणाम् ॥ रक्षार्थं च स्वाश्रययो र्दुष्टेभ्यो भक्तिधर्मयोः। जातस्य तस्य कारुण्यं को वा वक्तुं क्षमो भवेत्' 'तदपि यस्त्वं दृशिगतो न जाने तद्धेतुं त्वदतितरकारण्यत ऋते' આમાં સ્પષ્ટ છે.

ભગવાનને અવતાર ધરવામાં કોઈ પ્રાપક પાપ નથી, તેમજ પ્રાપક પુણ્ય નથી. તેમજ પાપ પુણ્ય મિશ્રિત કર્મ નથી. જેમ આપણ વગેરેને પુણ્ય પાપ અને મિશ્ર કર્મોને અનુસારે જન્મ છે તેમ નથી. કેવળ ધર્મના રક્ષણ માટે છે. એમના જન્મમાં કર્મ કારણ નથી. પણ કેવળ ઇચ્છા જ કારણ છે ॥ ૮૩-૮૪ ॥

'समस्ताः शक्तयश्चैता नृप यत्र प्रतिष्ठिताः ।
तद्विश्वरूपवैरूप्यं रूपमन्यद्धरेर्महत् ॥ ८५ ॥
समस्तशक्तिरूपाणि तत्करोति जनेश्वर ! ।
देवतिर्यङ्मनुष्याख्याचेष्टावन्ति स्वलीलया ॥ ८६ ॥
जगतामुपकाराय न सा कर्मनिमित्तजा ।"
इत्याह भगवान् व्यासजनकस्तु पराशरः ॥ ८७ ॥

હે રાજન્! જેને વિષે પરમેશ્વરપણાની સમસ્ત શક્તિઓ રહી છે એવું ભગવાનનું મહત્ રૂપ છે. તે આ વિશ્વના રૂપથી વિલક્ષણ દિવ્ય છે. હે જનેશ્વર! એ દિવ્ય નિત્ય રૂપમાંથી જ દેવ પશુ પક્ષી મનુષ્ય નામ ચેષ્ટાવાળાં, સમગ્ર શક્તિઓએ સંપન્ન એવાં અવતાર રૂપોને સ્વેચ્છાથી ધારે છે. અવતારોનું મૂળ દિવ્ય રૂપ છે. અને તે અવતારો સમગ્ર ઐશ્વર્ય સંપૂર્ણ છે. અવતાર ધારણમાં જગતનો ઉપકાર કરવો એજ પ્રયોજન છે. આપણી પેઠે કર્મ નિમિત્તથી અવતાર ધારણ નથી. આ બાબતને વ્યાસના પિતા ભગવાન્ પરાશર કહે છે. (વિ. પુ.) ॥ ૮૫-૮૭ ॥

अवतारस्वरूपाणां श्रीहरेर्जगतः पितुः ।
अकर्मजत्वं दिव्यत्वं सद्धर्माद्यवनार्थताम् ॥ ८८ ॥
अनन्यचित्तभक्तानां तत्तदिष्टप्रपूरणम् ।
तद्द्रुहां च निरासः स्वाराधनेषु प्रवर्तनम् ॥ ८९ ॥
अवतारफलं ज्ञेयं तत्त्वज्ञानोपदेशनम् ।
एकान्तिकस्य धर्मस्य स्वीयस्य स्थापनं तथा ॥ ९० ॥
न चास्य कालनियमोऽवताराणां तु विद्यते ।
धर्मग्लान्यादिकाले तु हरिः प्रादुर्भवत्यहो ॥ ९१ ॥

જગત્પિતા શ્રીહરિનાં જે અવતાર રૂપો છે તેનું અકર્મ જન્યપણું, દિવ્યપણું, સદ્ધર્મ આદિકના રક્ષણાર્થપણું, ભગવાન વિષેજ જેનું ચિત્ત છે એવા ભક્તોના તેતે મનોરથોને પૂરણ કરવાપણું, ભક્ત દ્રોહિઓનું નિકંદન કરવાપણું અને પોતાના આરાધનમાં પ્રવર્તાવવાપણું, તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપવાપણું અને પોતાના એકાંતિક ધર્મનું સ્થાપન કરવાપણું, ઇત્યાદિ અવતાર ધારણનું પ્રયોજન જાણવું. આ સ્વતંત્ર ભગવાનને અવતાર ધારણમાં 'આ કાળમાં જન્મવું' એવો કાળ નિયમ નથી. જ્યારે જ્યારે ધર્મગ્લાનિ વિગેરે થાય છે ત્યારે પોતે પ્રાદુર્ભવે છે. આ બાબત **'यदा यदा हि'** આ શ્લોકથી શ્રીમુખે કહી છે ॥ ૮૮-૯૧ ॥

सर्वज्ञः सत्यसङ्कल्पः सर्वशक्तिः परः पुमान् ।
साधुधर्मद्रुहो नाशयितुं स्वीयेच्छया क्षमः ॥ ९२ ॥
नानावताररूपैस्तु तान्निहन्ति पराक्रमैः ।
येषां सङ्कीर्तनाच्चैव श्रवणाद्वा भवेत्तु शम् ॥ ९३ ॥
इति बुद्ध्या हरिःकृष्णो लोकशर्मविधित्सया ।
चक्रे लीलाश्च बहुधा स्मर्त्रादीनां शुभावहाः ॥ ९४ ॥

પરમ પુરુષ પરમાત્મા, સર્વજ્ઞ સત્યસંકલ્પ સર્વશક્તિ હોઇને સાધુ-ધર્મના દ્રોહીઓનો નાશ કરવા સ્વેચ્છાથી સમર્થ છે. કર્તુમકર્તુ-મન્યથા કર્તું સમર્થ છે. નાના પ્રકારના અવતાર રૂપોએ કરીને તો અસુરોને પોતાના અદ્ભુત પરાક્રમો વડે હણે છે. જે પરાક્રમોના શ્રવણ કીર્તન માત્રથી પણ કરનારાઓને સુખ શાંતિ થઈ જાય ॥ આવી શુભબુદ્ધિથી શ્રીહરિકૃષ્ણ ભગવાને લોકોને સુખ આપવાની ઇચ્છાથી સ્મર્તા વક્તા આદિકને મંગળ કરનારી બહુ બહુ લીલાઓ કરી છે ॥ ૯૨-૯૪ ॥

कृष्णो मे स्यात्पतिः पुत्रः सखा गुरुरिति ध्रुवम् ।
नृणां प्रार्थयमानानां भक्तानामिष्टसिद्धये ॥ ९५ ॥
प्रादुर्भवत्ययं भक्तपराधीनः स्वतन्त्रकः ।
नानालीलाचरित्रैस्तान् रञ्जयत्यात्मजीवनम् ॥ ९६ ॥
आराध्यस्य स्वरूपस्य पुरुधा च प्रकाशनात् ।
धर्मस्यैकान्तिकस्येह स्थापनं भक्तरक्षणम् ॥ ९७ ॥
अवतारस्य मुख्यं तु प्रयोजनमुदीरितम् ।
आसुरादिविनाशश्च नान्तरीयक उच्यते ॥ ९८ ॥

શ્રીકૃષ્ણ મારા પતિ થાય, પુત્ર થાય, સખા થાય, ગુરુ થાય, એ રીતે પ્રાર્થના કરનારા અનન્ય ભક્તોની તે તે ઇચ્છાની સિદ્ધિ માટે પોતે સ્વતંત્ર છતાં ભક્તોને પરાધીન થઈને આ લોકમાં પ્રાદુર્ભાવે છે. પ્રાદુર્ભાવીને નાનાવિધ લીલા ચરિત્રો કરીને પોતે જ જેમને જીવન છે એવા ભક્તોને રાજી કરે છે. આરાધ્ય જે સ્વરૂપ તેનું બહુધા પ્રકાશન કરવું, એકાંતિક ધર્મની સ્થાપના કરવી, ભક્તોની રક્ષા કરવી, આ અવતાર ધારણનું મુખ્ય પ્રયોજન છે. આસુર આદિકનો વિનાશ તો અવાંતર પ્રયોજન છે ॥ ૯૫-૯૮ ॥

ग्राहग्रस्तो गजेन्द्रो हि करस्थं कमलं विभोः ।
हरेश्चरणयोरर्पयितुं तं त्वाह्वयच्छुचा ॥ ९९ ॥
गजार्तिनादं श्रुत्वा य सपद्येव रमासखः ।
त्वरया सरसस्तीरमाव्रजत्करिणः कृते ॥ १०० ॥

सग्राहं तीरमाकृष्य चक्रेण शितनेमिना ।
ग्राहं विदार्य कृपया गजेन्द्रेष्टमपूरयत् ॥ १०१ ॥

ગ્રાહે પગમાંથી પકડેલા ગજેન્દ્રે સમર્થ શ્રીહરિના ચરણમાં સૂંઢથી ધારેલું કમળ અર્પણ કરવા માટે બહુ શોકથી બોલાવ્યા. ગજેન્દ્રનો દુઃખી દીર્ઘ નાદ સાંભળીને તત્ક્ષણ જ લક્ષ્મીજીને સાથે લઇને ત્વરાથી ગજેન્દ્રની રક્ષા માટે સરોવરને તીરે પધારીને, ગ્રાહે સહિત ગજેન્દ્રને તીર ઉપર ખેંચી લાવીને તીક્ષ્ણ ધારાવાળા સુદર્શન ચક્રથી ગ્રાહને વિદારીને, કૃપાથી ગજેન્દ્રની ઇચ્છા પૂર્ણ કરી હતી. આ બાબત ભાગવતાદિ બહુ ગ્રંથોમાં પ્રસિદ્ધ છે ॥ ૯૯–૧૦૧ ॥

भक्तवर्यं च दितिजापत्यं प्रह्लादमात्मनः ।
सर्वत्र व्यापकं श्रीशं वदन्तं पितुरग्रतः ॥ १०२ ॥

पित्रा हिरण्यकशिपुदैत्येनार्दितमञ्जसा ।
रक्षितु भक्तवचनं तथा सत्यापयन् हरिः ॥ १०३ ॥

स्तम्भे प्रादुरभूद्रूपं नृकेसरि महाद्भुतम् ।
आस्थाय दैत्यवक्षश्च विभिद्यामेद्यसंस्थिति ॥ १०४ ॥

भक्तस्येष्टं व्यधात्तूर्णं भगवान् भक्तवत्सलः ।
व्यक्तीचकार च तथा सर्वव्यापित्वमात्मनः ॥ १०५ ॥

દૈત્યના પુત્ર છતાં પોતાના ભક્તવર્ય તરીકે મનાતા પ્રહ્લાદજીએ પિતા હિરણ્યકશિપુની આગળ 'પરમાત્મા તો સર્વત્ર વ્યાપક છે' એમ બોલતાં તેમને હિરણ્યકશિપુએ બહુ બહુ આકરી પીડા પમાડતાં તેમની રક્ષા માટે અને ભક્તરાજે બ્રહ્માએ આપેલા વરોને સાચા રાખવા માટે, નહિ નરમાં અને નહિ સિંહમાં એવું મહા અદ્ભુત રૂપ સ્તંભમાંથી પ્રકટ કરીને તે દૈત્યના અભેદ્ય વક્ષઃસ્થળને ભેદીને, અભેદ્ય મર્યાદાવાળા ભક્તવત્સલ ભગવાને ભક્ત પ્રહ્લાદજીના ઇષ્ટને પૂર્ણ કરીને, પોતાની સર્વ વ્યાપકતા જાહેરમાં જણાવી ॥ ૧૦૨–૧૦૫ ॥

तथा वराहरूपस्तु यज्ञाङ्गावयवः परः ।
प्रलयार्णवसम्मग्नामुद्धार वसुन्धराम् ॥ १०६ ॥

संसारार्णवमग्नानामुद्धारं प्रथयन्निव ।
हिरण्याक्षं जघानाशु मृधे लोकप्रपीडकम् ॥ १०७ ॥

એ જ રીતે યજ્ઞનાં જે અંગો એ અવયવો જેના છે એવા પરમ પુરુષ, વરાહ રૂપને ધારીને, પ્રલય સમયના સમુદ્રમાં ડૂબી ગએલી એવી પૃથ્વીનો ઉદ્ધાર કરતાં, જાણે સંસાર સાગરમાં સંમગ્ન એવા જીવોના ઉદ્ધારને પ્રસિદ્ધ કરતા હોય ને શું ? એમ જણાવતા થકા હિરણ્યાક્ષ નામનો અસુર કે જે લોકોને બહુ પીડા કરનારો હતો તેને યુદ્ધમાં તત્ક્ષણ હણીને પોતાની ભગવત્તાને જાહેરમાં લાવ્યા હતા ॥ ૧૦૬-૧૦૭ ॥

मन्दराद्रिं दधानश्च स्वपृष्ठे कमठाकृतिः ।
सुधामपाययद्देवान् स्वयं लक्ष्मीमविन्दत ॥ १०८ ॥

વળી સમુદ્રમંથન કરતાં, નીચે ડૂબી જતા મંદરાચળને કાચબાનું મોટું રૂપ સ્વીકારીને પોતાના બરડા ઉપર તેને ધારીને સમુદ્રમાંથી નીકળેલું અમૃત દેવોને પાયું અને પોતે લક્ષ્મીજીને પામ્યા ॥ ૧૦૮ ॥

वेदाख्यं ब्रह्मणश्चक्षुर्मधुकैटभसंहृतम् ।
अयच्छन्मीनरूपस्तु कृष्णः कमललोचनः ॥ १०९ ॥

કમળલોચન જે ભગવાને મત્સ્યનું મોટું રૂપ ધારીને, બ્રહ્માના ચક્ષુભૂત વેદોને હરિ જનારા મધુ-કૈટભ દૈત્યને હણીને વેદો પાછા લાવી આપ્યા હતા ॥ ૧૦૯ ॥

देवेन्द्रं च विनिर्जित्य त्रिलोक्यां ममतां पराम् ।
वहन्तं वामनो भूत्वा महोदारं महाबलिम् ॥ ११० ॥

भिक्षित्वा त्रीन् पदान् भुवः त्रिविक्रम उदारधीः ।
बबन्धैनं महाविष्णुः परस्वे स्वत्वमानिनम् ॥ १११ ॥

મહાવિષ્ણુ જે ભગવાને વામન રૂપ ધારીને, દેવેન્દ્રને જીતીને ત્રિલોકમાં મોટી મમતાને બાંધી બેઠેલા મહા ઉદાર બલિરાજા પાસે ત્રણ પગલાં પૃથ્વી માગીને, પછીથી તે પગલાંને આખી ત્રિલોકીમાં વિસ્તારીને, જે રાજ્ય પોતાનું નથી એમાં પોતાપણાના અભિમાનવાળા બલિરાજાને બાંધીને ત્રિલોકીનું રાજ્ય ઇન્દ્રને પાછું આપીને વિજય પામ્યા હતા ॥ ૧૧૦-૧૧૧ ॥

त्रिःसप्तकृत्वो राजन्यजातमुच्छृङ्खलेहितम् ।
भूत्वा पर्शुधरो रामः कण्टकायितमच्छिनत् ॥ ११२ ॥

જે ભગવાને જમદગ્નિના પુત્ર પરશુરામરૂપે પ્રકટીને, હાથમાં પરશીને ધારીને, ઉચ્છૃંખલ ચેષ્ટાવાળા ક્ષત્રિઓ કે જે જગતના કાંટારૂપ હતા તેમનો એકવીશ વાર સર્વત્ર ફરીને ઉચ્છેદ કર્યો હતો ॥ ૧૧૨ ॥

देवैरभ्यर्चितो भूयः रावणेन प्रपीडितैः ।
देवदेवश्चतुर्धा च प्रादुर्भूतः परात्परः ॥ ११३ ॥

सीताजानिरयं हत्वा रावणं लोकरावणम् ।
सबान्धवपरिच्छेदं लोकं निष्कण्टकं व्यधात् ॥ ११४ ॥

मर्यादानां च धर्मस्य व्यवस्थापक ईश्वरः ।
श्रीरामचन्द्रः प्रथितो मर्यादापुरुषोत्तमः ॥ ११५ ॥

विभीषणं च सुग्रीवं गुहं च शबरीं तथा ।
अन्वगृह्णान्निजान् भक्ताननयद्धाम शाश्वतम् ॥ ११६ ॥

રાવણે અપાર પીડા પમાડેલા દેવોની પ્રાર્થનાથી પરાત્પર દેવદેવ ભગવાન્ ચાર રૂપે પ્રકટ થયા. પ્રકટ થયેલા તે સીતાપતિ શ્રીરામે લોકોને રડાવનારા રાવણને તેના બન્ધુજનો સાથે હણીને લોકોને નિષ્કંટક કર્યા. શ્રી રામચંદ્ર નામથી પ્રખ્યાત થઈને ધર્મની મર્યાદાને સ્થાપન કર્તા પોતે 'મર્યાદા પુરુષોત્તમ' શુભ સંજ્ઞાથી પ્રસિદ્ધ થયા અને ભક્ત વિભીષણ સુગ્રીવ ગુહ શબરી આદિકની ઉપર અપૂર્વ અનુગ્રહ કરીને, અંતે નિજ ભક્તોને શાશ્વત ધામે પહોચાડયા ॥ ૧૧૩-૧૧૬ ॥

क्रूरस्वभावानसुरान् मोहयामास वै हरिः ।
वेदश्रद्धावतो बुद्धो मा भूल्लोकक्षयस्त्विति ॥ ११७ ॥

आसुरान् प्रक्षिपन्नेवं वैदिके धर्मवर्त्मनि ।
कण्टकान् दैवसम्पन्नानक्षत् कृपया प्रभुः ॥ ११८ ॥

જે ભગવાને બોધયોગને લીધે બુદ્ધ નામથી પ્રસિદ્ધ થઈને ક્રૂર સ્વભાવવાળા અને વેદમાં શ્રદ્ધા ધરાવતા એવા અસુરોને લોકનો ક્ષય ન થાય એ દૃષ્ટિએ મોહ પમાડયા હતા. એમ વૈદિક ધર્મ માર્ગમાં કણ્ટકરૂપ અસુરોને દૂર કરીને દૈવી સંપત્તિએ યુક્ત જનોની કૃપાએ કરીને રક્ષા કરી હતી ॥ ૧૧૭-૧૧૮ ॥

पुत्रार्थिनोस्तथा पूर्वं देवकीवसुदेवयोः ।
जन्मत्रये पुत्रभावं प्राप्य तावन्वमोदयत् ॥ ११९ ॥

कामाद्द्वेषाद्भयाद्वापि सम्बन्धाद्भक्तिभावतः ।
मैत्र्या चैनं भावयन्तः सदा तद्भावमागताः ॥ १२० ॥

भूमारक्षपणव्याजादवतीर्येह भूतले ।
व्यतानीदमलां कीर्तिं महाश्चर्यविचेष्टितैः ॥ १२१ ॥

अन्येषां स्वस्वरूपाणां भावा ये तेऽखिला अपि ।
अत्र सन्दर्शितास्तेन श्रीकृष्णेन महात्मना ॥ १२२ ॥

अतोऽवतारास्त्वन्ये तु कृष्णस्तु भगवान् स्वयम् ।
अवतारी मतः साक्षाद्गोलोकाक्षरधामपः ॥ १२३ ॥

व्यासादीनां महर्षीणां मतमेतत् महाव्रताः ! ।
साक्षाद्भगवता त्वत्र प्रकटेनाभिमानितम् ॥ १२४ ॥

એજ રીતે પૂર્વે પુત્રની પ્રબળ ઇચ્છાવાળાં દેવકી વસુદેવના પુત્ર-

ભાવને ત્રણ જન્મમાં પામીને, તેમનો મનોરથ પૂર્ણ કરવા કૃષ્ણરૂપથી પ્રકટ થયા. પ્રકટતાને પામેલા શ્રીકૃષ્ણ ભગવાન વિષે કામભાવ, દ્વેષભાવ, ભયભાવ, સંબંધભાવ, ભક્તિભાવ, મૈત્રીભાવ, ઈત્યાદિ જે કોઈ ભાવથી એ ભગવાનનો આશ્રય કર્યો તે સર્વે તેમના સાધર્મ્યપણાને અનાયાસથી પામી ગયા. મુક્તિને પામ્યા. ભૂમિનો ભાર ઉતારવાના મિષથી આ ભૂતળ ઉપર અવતરીને મહા આશ્ચર્યમય દિવ્ય ચરિત્રોએ કરીને પોતાની નિર્મળ કીર્તિનો વિસ્તાર કર્યો. વળી પોતાનાં જે જે બીજાં સ્વરૂપો હતાં તેના પણ સમગ્ર ભાવો પોતાની મૂર્તિમાં તે તે સમયે તે તે ભક્તોને મહાત્મા શ્રી કૃષ્ણે બતાવ્યા હતા. આ કારણથી બીજા બધા અવતારો છે અને શ્રીકૃષ્ણ તો સ્વયં ભગવાન્ અવતારી સાક્ષાત્ ગોલોકાક્ષર ધામાધિપતિ માન્યા છે ॥ હે મહા વ્રતધારી મુનિઓ ! વ્યાસ વિગેરે મહર્ષિઓનો એવોજ મત છે. આ લોકમાં પ્રકટ થએલા સાક્ષાત્ ભગવાન્ શ્રીહરિએ પણ આ મત માન્ય રાખ્યો છે. આ બાબત સંપ્રદાયના પ્રબન્ધોમાં સુપ્રસિદ્ધ છે ॥ ૧૧૯-૧૨૪ ॥

स देवदेवः पुरुषः पुराणो गोलोकधामाधिपतिः परेशः ।
कृष्णस्तनूजस्त्विह भक्तिधर्मयोः प्रकामपूर्त्यै कृपयाऽऽविरासीत् ॥१२५॥

अधर्मसर्गान् विनिवर्त्य भूयसो मांसासवाढयानुपधर्मकान् बहून् ।
विजित्य कौतस्कुतकासुरौघं हरिर्व्यधात् लोकसुखं प्रकामम् ॥१२६॥

जीवात्मदोषानमृतस्रवन्त्या दृष्टया कृपाशीतलया निरस्य ।
गोलोकधामादिगमीश्वरत्वमदीदृशच्चैतसि वै नृणां स्वयम् ॥१२७॥

कलौ विलुप्तं त्विह सात्वतं विधिं धर्मं परं स्वाचरणोपदेशैः ।
वितत्य लोके भविनो भवाब्धेः पारं परं प्रापयदीश्वरेशः ॥१२८॥

विधाप्य चैवातिमनोहराणि हर्म्याणि राधारमणेष्टदैवतः ।
स्वेष्टस्य देवस्य पुरु प्रचारं भक्तेर्निजायाः प्रथयाम्बभूव ॥ १२९ ॥

એજ દેવદેવ પુરાણ પુરુષ ગોલોકાધિપતિ પરમેશ્વર શ્રીકૃષ્ણ, આ લોકમાં કલિકાળમાં માતા પિતા ભક્તિ ધર્મના મનોરથને પૂર્ણ કરવા

માટે કૃપાથી તેમના પુત્રરૂપે પ્રકટ થયા છે. અને તેમણે માંસ મદ્ય આદિક અભક્ષ્યની પ્રવૃત્તિવાળા ઉપધર્મમાં પ્રવર્તેલા અનેક અસુરસર્ગોને નિવારીને જ્યાંથી ત્યાંથી આસુર સંઘને જીતીને મુમુક્ષુ લોકોને બહુ સુખી કરી દીધા. જીવાત્માઓમાં અનાદિ કાળથી રહેલા દોષોને અમૃતસ્રાવી કૃપામય શીતળ દૃષ્ટિથી ટાળીને ગોલોકાદિ ધામોમાં રહેલું પોતાનું પારમૈશ્વર્ય લોકોના ચિત્તમાં પ્રદર્શાવ્યું અને એ રીતે કલિકાળમાં લુપ્તપ્રાય થએલા સાત્વત (ભગવત્‌પૂજનાદિકના) વિધિને અને પરમ ધર્મને (ભાગવત ધર્મને) પોતાના શુભ આચરણો તથા અમૃતોપદેશોવડે લોકોમાં વિસ્તારીને, પોતાના ઐશ્વર્યથી મુમુક્ષુ જનોને સંસાર સાગરના પરંપારે પહોંચાડયા ॥ વળી રાધારમણને ઇષ્ટ દેવપણે માનનારા આ શ્રીહરિએ પોતાના ઇષ્ટદેવનાં અતિમનોહર મહામંદિરો તેતે દેશમાં કરાવીને પોતાની ભક્તિનો ઘણો પ્રચાર તે તે સ્થળે વિસ્તાર્યો ॥ ૧૨૫-૧૨૯ ॥

यः साक्षाद्भगवान् क्षराक्षरपरः कृष्णः स एव स्वयम्
भक्तौ धर्मत आविरास कृपया श्रीस्वामिनारायणः ।
मानुष्यं भुवि नाटयन्निजजनाचार्यत्वधर्मे स्थितः ।
कृष्णं प्राह परोक्षवन्न तु ततोऽन्यः सोऽस्ति यत्स स्वयम् ॥१३०॥

'स श्रीकृष्णः परंब्रह्म' આ શ્લોકમાં કહ્યા મુજબ જે સાક્ષાત્ ક્ષરાક્ષર પર શ્રીકૃષ્ણ પરંબ્રહ્મ ભગવાન્ કહ્યા એજ પોતે ધર્મદેવ થકી ભક્તિ દેવીમાં કૃપાથી પ્રકટ થઇને સ્વામિનારાયણ મંગળ નામથી પ્રસિદ્ધ થયા છે. ધારેલા મનુષ્ય નાટયને લોકમાં ભજવવા માટે ભલે નિજજનોના આચાર્યપણાના ધર્મમાં રહીને શ્રીકૃષ્ણને પરોક્ષપણે કહેછે પરંતુ તે પોતે તેથકી જુદા નથી. એજ પોતે સ્વયં છે. (શિક્ષાપત્રી શ્લોક ૧૦૮ ની શતાનંદટીકામાં આ શ્લોક છે) ॥ ૧૩૦ ॥

वर्णिवेषरमणीयदर्शनमाश्रिताभयदपाणिपङ्कजम् ।
दर्शितस्वविभवं दयावशं धर्मभक्तितनयं नमामि तम् ॥ १३१ ॥
वैराग्यपूर्वं निजभक्तियोगं विस्तारयन् देशिकवेषरम्यः ।
ऐश्वर्यमुख्यैश्च गुणैः सुपूर्णः श्रीस्वामिनारायण एष नोऽव्यात् ॥१३२॥

વર્ણિવેષ વડે રમણીય દર્શન જેમનું છે, આશ્રિતોને અભય આપનારા કરકમળ જેના છે, દયાવશાત્ દર્શાવ્યો છે પોતાનો વૈભવ જેમણે, એવા ભક્તિ ધર્મના પુત્ર શ્રીહરિને હું નમસ્કાર કરૂં છું ॥ આચાર્ય વેષમાં રમણીય લાગતા અને વૈરાગ્ય સાથે ભક્તિ યોગનો વિસ્તાર કરનારા તથા ઐશ્વર્ય આદિક ગુણોએ સંપૂર્ણ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન્ અમારૂં રક્ષણ કરો ॥ ૧૩૧-૧૩૨ ॥

प्रादुर्भावस्वरूपैस्तु बहीरक्षां व्यधाद्धरिः ।
आन्तरीं तु विधत्तेऽसावन्तर्यामिस्वरूपतः ॥ १३३ ॥

अङ्गुष्ठपरिमाणोऽसावन्तर्यामी हृदि स्थितः ।
नराणां दिव्यरूपोऽसौ सर्वकर्मफलप्रदः ॥ १३४ ॥

सर्वस्य प्रेरकः सर्वसाक्षी सर्वप्रकाशकः ।
सर्वाधारः सरूपोऽसौ सर्वव्यापी परात्परः ॥ १३५ ॥

अभक्तानामप्रकाशो भक्तानां तु प्रकाशते ।
योगोन्मीलितया ह्यन्तर्दृष्टया भक्तिसनाथया ॥ १३६ ॥

यथा दारुगतो वह्निर्बाह्यवन्हेस्तु योगतः ।
प्रकाशते तथा ह्येष हरितद्भक्तसङ्गमात् ॥ १३७ ॥

अन्तर्यामी हि भगवान् कमनीयस्वरूपकः ।
योगिनां कल्मषं हन्ति ध्यानसिद्धिं च यच्छति ॥ १३८ ॥

अनन्ता हरयः प्रोक्ता अन्तर्यामिस्वरूपकाः ।
पुरुषाश्चेति विख्याताः शयनात्पूर्षु वर्ष्मसु ॥ १३९ ॥

અંતર્યામિ રૂપને કહે છે—ભગવાન્ પ્રાદુર્ભાવ રૂપોથી બાહ્ય રક્ષાને અને અંતર્યામિ રૂપોથી આંતર રક્ષાને કરે છે. એમ બન્ને રૂપોથી લોકોપકારને કરે છે. ભગવાનને સન્મુખ થઇને ભક્તિયોગમાં પ્રવર્તેલાઓના અનુગ્રહાર્થે હૃદય કમળમાં રૂપથી પણ સન્નિધિ આપીને, ધ્યેય રૂપનો

પ્રકાશ કરી આપે છે એ અંતર્યામી રૂપ જાણવું. આ રૂપ અંગુષ્ટ–પરિમાણ છે. આ અર્થ 'अङ्गुष्ठमात्रः पुरुषोऽन्तरात्मा सदा जनानां हृदये सन्निविष्टः' આ શ્રુતિસિદ્ધ છે. યદ્યપિ ભગવાનતો અપરિછિન્ન સ્વરૂપ છે પરંતુ હૃદયનું અંગુષ્ઠ માપ હોવાથી રૂપની અંગુષ્ઠમાપતા કહેવાય છે. સર્વ કર્મોના ફળને આપનારા પણ એજ અંતર્યામી રૂપ છે. સર્વના પ્રેરક, સર્વના સાક્ષી, સર્વના પ્રકાશક, સર્વના આધાર, સર્વવ્યાપી પરાત્પર એજ અંતર્યામી રૂપ છે. ગોપાલાનંદ મુનિએ 'तं दुर्दर्शं गूढमनुप्रविष्टं गुहाहितं गह्वरेष्ठं पुराणम्' 'स एषोऽन्तश्चरते बहुधा जायमानः' (कठ. उ.) આ મંત્રના ભાષ્યમાં સવિગ્રહ અને અવિગ્રહ એમ બે પ્રકારના અંતર્યામી જણાવ્યા છે. અર્થપંચકમાં 'विश्वनियन्ता द्विविधः–सविग्रहाविग्रहभेदात्' એમ સવિગ્રહ અવિગ્રહ બે પ્રકારના અંતર્યામી નિરૂપ્યા છે. આ દિવ્ય રૂપ તો અભક્તોના પ્રકાશમાં આવતું નથી. ભક્તોને તો યોગાભ્યાસથી ઉઘડેલી ભક્તિભરપુર અંતર્દષ્ટિથી પ્રકાશે છે. જેમ કાષ્ઠની અંદર રહેલો અગ્નિ, બાહ્ય અગ્નિનો યોગ થતાં પ્રકાશે છે તેમ જ આ અંતર્યામી રૂપ, ભગવાન્ અને ભક્તોનો સમાગમ કરવાથી પ્રકાશે છે. અંતર્યામી જે ભગવાન છે તે રમણીય રૂપવાળા છે. તે હૃદયમાં રહીને યોગિઓના દોષોને હણે છે અને ધ્યાનસિદ્ધિને કરી આપે છે. આ અર્થ 'यथाग्निरुद्धतशिखः कक्षं दहति सानिलः। तथा चित्तस्थितो विष्णुर्योगिनां सर्वकिल्बिषम्' (વિ. પુ.) આમાં સ્પષ્ટ છે. આ અંતર્યામી સ્વરૂપનાં અનંત રૂપો કહ્યાં છે. શરીરરૂપ પુરમાં શયન કરવાથી પુરુષ નામથી વિખ્યાત છે. આ અર્થ 'रूपं रूपं प्रतिरूपो बभूव तदस्य रूपं प्रतिचक्षणाय। इन्द्रो मायाभिः पुरुरूप ईयते युक्ता ह्यस्य हरयः शता दशेति...तदेतद्ब्रह्मेति' આ શ્રુતિમાં સ્પષ્ટ છે. શ્રુત્યર્થ ભાષ્ય થકી જાણવો, 'हरयः शता दश' આ વાક્યથી 'અંતર્યામી વિગ્રહો અનંત છે' એમ જણાવ્યું છે. આ રૂપનું ઉપાસન 'हृदये वामनमासीनं विश्वे देवा उपासते' આ શ્રુતિમાં કહ્યા મુજબ વિશ્વ દેવતાઓ કરે છે. 'हृद्ययमिति तस्मात् हृदयम्' હૃદયમાં પરમાત્મા રહેલા હોવાથી એને હૃદય શબ્દથી કહે છે. એમ હોવાથી જ પરમાત્માનું હૃદયમાં ધ્યાન કરવાનું કહે છે. આ રૂપ તો ખાસ ઉપાસકોના અનુગ્રહાર્થે કૃપાથી ધારેલું છે. આ પ્રકારે અંતર્યામી રૂપ જાણવું ॥ ૧૩૩–૧૩૯ ॥

अतः परं वर्णयामि ह्यर्चारूपस्य वैभवम् ।
देशकालादिनियमो न ह्यस्यास्ति परादिवत् ॥ १४० ॥
सर्वैरर्च्यत्वयोगाच्च कथितोऽर्चेति खल्वयम् ।
सुलभः सुखसंराध्यः सर्वेषां बान्धवो विभुः ॥ १४१ ॥
प्रत्यक्षो भगवान् यर्हि न भवेद्भुवि तर्हि तु ।
प्रतिमा तस्य सम्पूज्येत्येवं श्रीहरिशासनम् ॥ १४२ ॥
प्रतिष्ठाविधिना मूर्तौ सन्निधिं दिव्यरूपकः ।
कुरुते श्रीहरिः सर्वशक्तिः पुरुकृपावशः ॥ १४३ ॥
सर्वातिशायि षाड्गुण्यं संस्थितं मन्त्रबिम्बयोः ।
मन्त्रे वाच्यात्मना बिम्बे कृपया समुपस्थितम् ॥ १४४ ॥
तेनार्च्यो भगवान् कृष्णो मूर्तिषु श्रीहरिः परः ।
मुख्यत्वेनैव सम्पूज्यो नोपचारधिया पुनः ॥ १४५ ॥

હવે અર્ચારૂપ ભગવાનના વૈભવને વર્ણવું છું. જેમ પર રૂપને અક્ષર ધામ દેશ છે અને અવતારોને અયોધ્યા મથુરા આદિક દેશ છે તેમ પ્રતિમારૂપને 'આ દેશમાં છે અને આ દેશમાં નથી' એવો દેશ નિયમ નથી. અવતારોની પેઠે કાળ નિયમપણ નથી. સર્વ દેશ સર્વ કાળમાં હોઈ શકે. સર્વ કોઈના અર્ચનમાં આવતા હોવાથી એમને **'અર્ચા'** એવા શુભ નામથી સંબોધે છે. એમ હોવાથીજ ભાગવતમાં **'भगवान् धारणाश्रयः'** **'शुभार्थे धारयेत् धिया'** એમ ભગવદર્ચાને શુભાશ્રય તરીકે પ્રથમ પદ આપ્યું છે. આ પ્રતિમારૂપ જે ભગવાન તે સર્વસુલભ છે. **'सौलभ्यतो जगत्स्वामी सुलभो ह्युत्तरोत्तरः'** એમ અર્ચામાં અનવધિ સૌલભ્ય ગુણ કહ્યો છે. બીજા રૂપો તો સુદુર્લભ છે. વળી સુખસંરાધ્ય છે. પર રૂપ કે વ્યૂહ રૂપ છે તે ચર્મચક્ષુ મુમુક્ષુઓને અગોચર હોવાથી એમના અર્ચનમાં એમનું સામર્થ્ય નથી. અવતાર રૂપો પણ ભિન્નભિન્ન કાળમાં થનાર હોવાથી સર્વ કાળમાં મુમુક્ષુઓને પ્રાપ્ય નથી. અંતર્યામિરૂપ યદ્યપિ હૃદયમાં સમીપેજ રહ્યું છે

પરંતુ અશુદ્ધ મનવાળા મુમુક્ષુને પ્રાપ્ય નથી. એમ જોતાં સુખેથી આરાધન કરી શકાય એવો તો અર્ચાવતાર છે. વળી આતો સર્વેના બંધુરૂપે થઈ રહે છે ॥ 'જ્યારે ભગવાન્ પ્રત્યક્ષ પૃથ્વી ઉપર ન હોય ત્યારે તો તેમની પ્રતિમાની પૂજા જેવા ઉપચારો મળી આવે તે વડે કરવી' એવો શ્રીહરિનો આદેશ છે ॥ ભગવાન્ શ્રીહરિ સર્વશક્તિ કૃપાપરવશ હોવાથી વિશિષ્ટ પ્રતિષ્ઠા વિધિવશાત્ મૂર્તિમાં દિવ્ય રૂપથી પોતાની સન્નિધિને કરે છે. એમ હોવાથી સર્વાતિશાયિ જ્ઞાનાદિ છ ગુણો મંત્રમાં અને પ્રતિમામાં રહ્યા છે એમ સમજવું. મંત્રમાં તો વાચ્યપણે અને પ્રતિમામાં કૃપાથી રહ્યા છે. માટે 'મૂર્તિમાં સ્વયં પરાત્પર ભગવાનજ સર્વગુણ પૂર્ણ વિરાજે છે' એવા ભાવથી પૂજા કરવી પણ ગૌણભાવથી નહિ. એમ હોવાથીજ '**अर्चाविष्णौ शीलाधीः**' ઇત્યાદિ વચનો, અર્ચામાં શીલાદિ બુદ્ધિ કે અન્ય જીવાદિ બુદ્ધિ નહિ રાખતાં સ્વયં ભગવાનનીજ બુદ્ધિ રાખવાની કહે છે ॥ જેમ અવતારોની જ્ઞાન શક્તિ ઐશ્વર્ય આદિક ગુણોથી પરિપૂર્ણતા, અપ્રાકૃતતા, નિત્યનિર્દોષતા અને પર રૂપથી અનન્યતા કહી છે તેમજ અર્ચાવતાર માટે પણ સમજવું ઘટે ॥ ૧૪૦-૧૪૫ ॥

स्वतन्त्रोऽपि जगन्नाथो ह्यर्चारूपः परः पुमान् ।
अस्वतन्त्र इवाऽऽभाति पूजकाधीनवृत्तिकः ॥ १४६ ॥
सर्वशक्तिर्जगद्धाताऽप्यशक्त इव लक्ष्यते ।
सर्वान् कामान् दधत्स्वामी भगवान् भक्तवत्सलः ॥ १४७ ॥
अपराधानभिज्ञः सन् सदैव कुरुते दयाम् ।
इत्यर्चावैभवं प्रोक्तं पञ्चरात्रोदितं महत् ॥ १४८ ॥
सकामानां च भजतां निष्कामानां च वै हरिः ।
अर्चारूपस्तांश्च कामान् सायुज्यं च प्रयच्छति ॥ १४९ ॥

યદ્યપિ પરાત્પર જગન્નાથ ભગવાન્ સ્વતંત્ર છે તથાપિ અર્ચારૂપમાં પૂજકને અધીન સમગ્ર વર્તન હોવાથી જાણે અસ્વતંત્ર હોય એમ જનોને જણાય છે. જગદ્ધાતા સર્વશક્તિ હોવા છતાં જાણે અશક્ત હોય એમ જણાય છે. સર્વના સ્વામી હોવાથી ભક્ત વત્સલતાથી ભક્તોના સર્વ મનોરથોને પૂર્ણ કરે છે. વળી પૂજકોના અપરાધોને જાણવા છતાં જાણે જાણતા

જ નથી એમ માનીને સદૈવ દયાનેજ કરે છે આ બધી બાબત 'अर्चावतारः सर्वेषां बान्धवो भक्तवत्सलः । स्वतन्त्रः स जगन्नाथोऽप्यस्वतन्त्रो यथा तथा । सर्वशक्तिर्जगद्धाताऽप्यशक्त इव चेष्टते । सर्वान् कामान् ददत्स्वा-म्यप्यशक्त इव लक्ष्यते । अपराधानभिज्ञः सन् सदैव कुरुते दयाम्' (वि. सं.) આમાં વ્યક્ત છે. આ રીતે પ્રતિમારૂપમાં પણ સૌલભ્ય સૌશીલ્ય ક્ષમા વાત્સલ્ય આદિક ગુણો પણ સર્વેને પ્રત્યક્ષ જોવામાં આવે છે ॥ આ રીતે પાંચરાત્રમાં કહેલો અર્ચાવતારનો મોટો મહિમા મેં તમોને કહ્યો ॥ અર્ચા-રૂપ શ્રીહરિ, સકામપણે કે નિષ્કામપણે ભજનારા ભક્તોને તે તે કામોને અને અંતે સાયુજ્યને પણ સિદ્ધ કરી આપે છે. શૌનક મુનિએ અર્ચાવતારનો વૈભવ 'सुरूपां प्रतिमां विष्णोः प्रसन्नवदनेक्षणाम् । कृत्वाऽऽत्मनः प्रीतिकरीं सुवर्णरजतादिभिः ॥ तस्यां ब्रह्म समारोप्य मनसा तन्मयो भवेत् । तामर्चयेत्तां प्रणमेत्तां भजेत्तां विचिन्तयेत् ॥ विशत्यपास्त-दोषस्तु तामेव ब्रह्मरूपिणीम् ॥' (વિ. ધ.) આ રીતે કહ્યો છે. અર્ચાવતાર એટલે આશ્રિતોને અભિમત સુવર્ણ રજત કે શીલાદિક જે કોઇ દ્રવ્યને કૃપાવશાત્ આદરથી શરીરપણે સ્વીકારીને, તેમાં યથાવિધિ પ્રતિષ્ઠાવશાત્ ભગવાનનું દિવ્ય રૂપથી પ્રકટ થઈને વિરાજમાનપણું તે જાણવું. આ તો સ્નાન ભોજન આસન શયન આદિકમાં પૂજકને પરાધીન સ્થિતિવાળા થઈને સમસ્ત અપરાધોને સહન કરતા થકા ઘર ગામ નગર પર્વત વિગેરેમાં વિરાજે છે. આ રીતે તે તે સ્થળે વિરાજમાન અર્ચાવતાર સર્વગુણ-સંપન્ન હોઈને યથારુચિ સમગ્ર પુરુષાર્થને આપનાર અને જીવોની ઉપર અનુગ્રહ કરવા તત્પર રહે છે. આ સમગ્ર અર્થ શિક્ષાપત્રી, સત્સંગિ-જીવન, વચનામૃતમાં અતિ સ્પષ્ટ છે. વિસ્તાર તેથકી જાણવો ॥૧૪૬-૧૪૯॥

इति हरिरखिलाश्रयः परात्मा ह्यगणितदिव्यगुणः शुभाश्रयश्च ।
सकलजनहिताय बद्धदीक्षो नृभिरखिलैः समुपास्य इष्टसिद्ध्यै ॥१५०॥

इति श्रीमदाध्यात्मिकतत्त्वाख्याने ज्ञानप्रकरणे मुनिगणशतानन्द स्वामि-संवादे भगवतः श्रीहरेःपरत्वादिपञ्चकप्रकारकीर्तनं नाम चतुर्विं-शतितमोऽध्यायः ॥ २४ ॥

આ પ્રકારે સર્વના આશ્રયભૂત પરમાત્મા શ્રીહરિ કે જે અગણિત શુભ દિવ્ય ગુણોથી યુક્ત અને શુભાશ્રય છે તથા સવ જનોનું હિત કરવાનું જ એક વ્રતધારી રહ્યા છે તેમની અખિલ મુમુક્ષુ મનુષ્યોએ આ લોકમાં

ઇચ્છિતની સિદ્ધિ માટે ઉપાસના કરવી એ સિદ્ધાંત વાર્તા છે. ઉપર પ્રમાણે પરમાત્માનાં પાંચ રૂપોનું નિરૂપણ છે. સ્વયં ભગવાન, સર્વ રૂપોમાં પણ સર્વ સદ્ગુણ સંપૂર્ણ છે. આ અર્થ '**इदं पूर्णमदः पूर्णं पूर्णात्पूर्णमुदच्यते । पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते सर्वं पूर्णं सहोम्**' આ શ્રુતિમાં વર્ણવ્યો છે. '**इदं**' શબ્દથી સૂચવેલું જે અંતર્યામિ રૂપ તે ગુણગણથી પૂર્ણ છે. '**अदः**' શબ્દથી કહેલું જે પર રૂપ તે પણ પૂર્ણજ છે. '**पूर्णात्पूर्णमुदच्यते**' પર રૂપ થકી પ્રકટેલું જે વ્યૂહરૂપ તે પણ ગુણપૂર્ણ છે. **पूर्णस्य पूर्णमादाय पूर्णं**' પૂર્ણ વ્યૂહ રૂપને ગ્રહણ કરીને જે અવતાર રૂપ છે તે પણ કલ્યાણ ગુણ પૂર્ણ અધિક છે. '**सर्वं पूर्णं सहोम्**' સર્વ જે અર્ચાવતાર રૂપ છે તે પણ પૂર્વોક્તની સાથે ગુણ પૂર્ણજ છે. આ પાંચેય પ્રકારનું પૂર્ણ વસ્તુ, ઓંકાર શબ્દ વાચ્ય પરબ્રહ્મ જ છે. આવો શ્રુત્યર્થ સમુપયોગી સમજવો. આ તાત્પર્યાર્થ શ્રીવત્સાંકમિશ્રે '**परो वा व्यूहो वा विभव उत वार्चावतरणो भवन् वान्तर्यामी वरवरद यो यो भवसि वै । स स त्वं सन्नैशान् वरवरगुणान् बिभ्रदखिलान् भजद्भ्यो भास्येवं सततमितरेभ्यस्त्वितरथा ॥**' આ રીતે સંગ્રહ્યો છે. જ્યારે સર્વ રૂપો સર્વગુણ સંપન્ન છે તો તે સર્વગુણ સંપન્ન દેખાતા કેમ નથી ? તો ભક્તોને સર્વગુણ સંપન્નપણે જણાય છે. અને અભક્તોને અન્યથાપણે જણાય છે એ મુદ્દો છે.

આ સ્થળે એટલું સમજવું ઘટે-ઉપાસકને પ્રથમ અર્ચાવતારના, તે પછી અવતારના, તે પછી વ્યૂહના, તે પછી પરના, તે પછી અંતર્યામિના ઉપાસનમાં અધિકાર થાય છે આ રહસ્યાર્થ '**उपासकानुरोधेन भजते मूर्तिपञ्चकम् । तदर्चाविभवव्यूहसूक्ष्मान्तर्यामिसंज्ञकम् ॥ यदाश्रित्यैव चिद्वर्गस्तत्तज्ज्ञेयं प्रपद्यते । पूर्वपूर्वोदितोपास्तिविशेषक्षीणकल्मषः ॥ उत्तरोत्तरमूर्तिनामुपास्त्यधिकृतो भवेत्** 'આ અભ્યુક્તિમાં વ્યક્ત છે. આ રીતે પાંચેય રૂપોનો ઉપયોગ અનુક્રમથી છે. તાત્પર્ય એ છે કે, અર્ચારૂપોને ભજવાથી તદાકાર અવતારનું જ્ઞાન થાય, તે પછી વ્યૂહોને ભજવાથી તન્મૂળ પર રૂપનું જ્ઞાન થાય, તે પછી પર રૂપને ભજવાથી એજ રૂપ પોતાના હૃદયમાં અંતર્યામિરૂપે પ્રકાશે અને ભજવાથી પરમ મોક્ષ થાય. એમ બુદ્ધિ ક્રમને અનુસારે આવો ક્રમ કહ્યો છે. આ પ્રકારે પરમાત્માના રૂપોની પંચ પ્રકારતા પ્રમાણસિદ્ધ છે ॥ ૧૫૦ ॥

ઇતિશ્રી...શાસ્ત્રિહરિજીવનદાસકૃત-ગુર્જરાનુવાદે ચોવીશમોઽધ્યાયઃ ॥ ૨૫ ॥

पञ्चविंशतितमोऽध्यायः ।

मुनय ऊचु :—

शतानन्द ! महाप्राज्ञ ! सतामानन्दवर्धन ! ।
भगवत्सहजानन्दपादपद्मरतामलः ! ॥ १ ॥

મુનિઓ કહે છે—સોએ સો સંતોને આનંદને વધારનારા હોવાથી શતાનંદ નામથી વિખ્યાતિને પામેલા હે મહાબુદ્ધિ મહામુને ! તમો ભગવાન્ શ્રીસહજાનંદ સ્વામિના ચરણારવિંદમાં ગાઢ પ્રીતિવાળા અને તેથીજ નિર્મળ મનવાળા મહા સમર્થ છો ॥ ૧ ॥

भगवान् दिव्यसाकारः शुभामलगुणाकरः ।
नारायणः परंब्रह्म परमात्माऽक्षराधिपः ॥ २ ॥
सतां नृणां सद्धर्माणां रक्षणाय तथाऽसताम् ।
धृतानन्तावतारश्च विनाशाय जगत्पतिः ॥ ३ ॥
वर्णितो भवता सम्यक् शास्त्रदृष्टेन वर्त्मना ।
यतो विनिश्चयं प्राप्ताः श्रीहरौ पुरुषोत्तमे ॥ ४ ॥
सर्वे नः संशयाश्छिन्ना भवद्वाक्यासिना मुने ! ।
मायावादादिभिर्भूयो न प्राप्स्यामो विमोहनम् ॥ ५ ॥

જે અક્ષરાધામાધિપતિ પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રી નારાયણ છે તે દિવ્ય સાકાર છે અને અમળ શુભ ગુણોના આકર (ખાણ) છે અર્થાત્ નિરાકાર નિર્ગુણ નહિ પણ સાકાર સગુણ છે ॥ જગત્પતિ એજ ભગવાન્ સંતો તથા સદ્ધર્મોના સંરક્ષણ માટે અને તદ્વિરોધિ અસુરોના વિનાશ માટે અનંત અવતારોને ધારણ કરે છે ॥ એ ભગવાનનું વર્ણન, તમોએ સચ્છાસ્ત્રોક્ત માર્ગને અનુસરીને સમ્યક્ કર્યું, જેના શ્રવણથી અમો પુરુષોત્તમ શ્રીહરિમાં દૃઢ નિશ્ચયને પામ્યા છીએ ॥ હે મુને ! તમારા વચનરૂપ તલવારથી અમારા સર્વે સંશયો સંછિન્ન થઈ ગયા, જેથી

ભગવાનને નિર્ગુણ નિરાકાર કહેનારા માયાવાદીઓનાં એવાં વચનોથી ફરીથી અમો મોહને પામીશું નહિ. એ બાબત તો નિશ્ચિત જ છે ॥૨-૫॥

उपासनाप्रकारं तु भवबन्धविमोचनम् ।
श्रीहरौ वासुदेवेऽद्य बुभुत्सामो महामुने ! ॥ ६ ॥
उपासनां वदन्त्येके स्वाभेदेन परात्मनः ।
तत्त्वमस्यादिवाक्यानामापातश्रुतिमात्रतः ॥ ७ ॥
उपासना कथं कार्या शास्त्रदृष्टेन वर्त्मना ।
कृपया तत्प्रकारं तु वदास्मभ्यं मुनीश्वर ! ॥ ८ ॥

હે મહામુને! હવે ભવ બંધન થકી મુકાવનારી એવી વાસુદેવ શ્રીહરિની ઉપાસના કેવી રીતે કરવી તેનો પ્રકાર અમો જાણવા ઇચ્છીએ છીએ. કોઇ તો **'तत्त्वमसि'** ઇત્યાદિ વાક્યોનો પૂર્વાપરનો પરામર્શ કર્યા વિના તેના આપાતતઃ (ઉપલક) શ્રવણમાત્રથી આત્મા પરમાત્માની અભેદ પણે ઉપાસના કરવાની કહે છે. એ બાબત અમોને અંશથી પણ મનાતી નથી. માટે હે મુનીશ્વર! ભગવાનની ઉપાસના કેવી રીતે કરવી? તેનો શુદ્ધ પ્રકાર શાસ્ત્રીય માર્ગને અનુસારે કૃપા કરીને અમોને કહો ॥ ૬-૮ ॥

अद्भुतानन्दस्वाम्युवाच—

इति श्रुत्वा मुनीनां तु मोक्षोपायबुभुत्सया ।
प्रश्नवाक्यं निशम्याह शतानन्दो महामुनिः ॥ ९ ॥

અદ્‌ભુતાનંદ સ્વામી કહે છે—મોક્ષના શુદ્ધ ઉપાયને જાણવા ઇચ્છતા મુનિઓના ઉકત પ્રકારના પ્રશ્ન વાક્યને સાંભળીને મહામુનિ શતાનંદજી બોલ્યા ॥ ૯ ॥

शतानन्दमुनिरुवाच—

साधुरेष कृतः प्रश्नो भवद्भिः शुद्धसात्विकैः ।
बुधा अपि विमुह्यन्ति ह्यत्र निःश्रेयसाध्वनि ॥ १० ॥

तत्त्वमस्यादिवाक्योत्थादहंब्रह्मेति बोधतः ।
विमुक्ता वयमित्येके विकत्थन्ते हि वादिनः ॥ ११ ॥

वाक्यजन्यज्ञानमात्रात् यदि मुक्ता भवन्ति वै ।
तदा ध्यानविधीनां तु वैयर्थ्यं सम्प्रसज्यते ॥ १२ ॥

आशापाशशतैश्चापि कृष्यमाणा इतस्ततः ।
धावन्तश्च प्रदृश्यन्तेऽहंब्रह्मास्मीतिवादिनः ॥ १३ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! શુદ્ધ સાત્ત્વિક એવા તમોએ જે આ પ્રશ્ન કર્યો તે બહુ સારો છે. બુધજનો પણ આ મોક્ષમાર્ગમાં મોહ પામી રહ્યા છે. બરોબર સૂઝ પડતી નથી ॥ કોઈ વાદિઓ '**तत्त्वमसि**' (તે તું છું) ઈત્યાદિ વાકયથી ઉપજેલા 'હું બ્રહ્મ છું' એવા કેવળ જ્ઞાનમાત્રથી 'અમો મુક્ત થઈ ગયા છીએ' એમ લવરી કરે છે. જો '**तत्त्वमसि**' '**अहंब्रह्मास्मि**' આ વાકયથી ઉપજતા જ્ઞાનમાત્રે કરીને મુકત થઇ જવાતું હોય તો '**ओमित्यात्मानं ध्यायथ**' '**आत्मा वारे द्रष्टव्यः निदिध्यासितव्यः**' '**आत्मानमेव लोकमुपासीत**' ઇત્યાદિ જે ધ્યાનાદિ વિધિઓ શાસ્ત્રોમાં મોક્ષ માટે કહ્યા છે તેની વ્યર્થતા થવાનો પૂરો પ્રસંગ આવે છે ॥ 'હું બ્રહ્મ છું' એમ મુખથી કહેનારા ઘણા લોકો સોએ સો આશાપાશોએ અહીં તહીં આકર્ષણ કર્યાથકા જ્યાં ત્યાં ઘોડા કરતા જોવામાં આવે. છે એમાંથી કોઇ મુક્ત થયા જણાતા નથી ॥ ૧૦–૧૩ ॥

सोऽहंब्रह्मेति निध्यानाच्छ्रवणान्मननादनु ।
अनादिरूढभेदार्थवासनानां निरासतः ॥ १४ ॥

तत्त्वमस्यादिवाक्येन साक्षात्कारः प्रजायते ।
ततो निवृत्ताविद्यास्तु ब्रह्मभूता इति त्वसत् ॥ १५ ॥

अल्पकालचिताभेदवासनातो मुमुक्षताम् ।
निरासोऽनादिभेदार्थवासनानां कथं भवेत् ॥ १६ ॥

परमात्मप्रसादेन निरासश्चेद्भविष्यति ।
तत एव भवेन्मोक्षो ज्ञानमात्रान्न वै भवेत् ॥ १७ ॥

कर्मणा बन्ध एषोऽस्ति परमार्थो न वै मृषा ।
नायं सर्प इति ज्ञानात् सन् सर्पो न निवर्तते ॥ १८ ॥

'હું બ્રહ્મ છું' એમ ધ્યાન કે શ્રવણ મનન કરવાથી અનાદિ કાળથી આરૂઢ થયેલી ભેદ વાસનાની નિવૃત્તિ થાય છે. પછી **'तत्त्वमसि'** ઇત્યાદિ વાક્યથી સાક્ષાત્કાર થાય છે. પછી અવિદ્યાની નિવૃત્તિ થતાં બ્રહ્મભૂત (મુક્ત) થાય છે. આ જે માન્યતા તે તદ્દન અસત્ છે. કેમકે હું બ્રહ્મ છું એવી જે અભેદ વાસના તે અલ્પકાળની છે તેણે કરીને અનાદિકાળથી અનુવર્તતી ભેદ વાસનાઓની નિવૃત્તિ મુમુક્ષુઓની કેમ થાય ? નજ થાય. ભેદ વાસના અનાદિ કાળથી અનુવર્તે છે. 'હું બ્રહ્મ છું' એવી વાસના તો અલ્પ કાળની છે, અલ્પ કાળની વાસનાથી અનાદિ કાળની વાસનાની નિવૃત્તિ નજ થાય ॥ જો પરમાત્માના પ્રસાદે કરીને (પ્રસન્નતાથી) ભેદ વાસનાની નિવૃત્તિ થશે એમ જો કહેવામાં કે માનવામાં આવે તો મોક્ષ પણ પરમાત્માની પ્રસન્નતાથી જ થશે. જ્ઞાનમાત્રથી ભેદ વાસનાની નિવૃત્તિ અને તેથી મોક્ષ થશે એમ માનવાપણું રહેતું જ નથી. વાક્યાર્થ જ્ઞાન માત્રથી મોક્ષની આશા નિષ્ફળ છે, કારણ કે જીવોને માથે જે આ કર્મબંધન તે પરમાર્થ છે. ખોટું નથી. 'આ સર્પ નથી' એવા જ્ઞાન માત્રથી સાચા સર્પની નિવૃત્તિ થતી નથી. પરંતુ લગુડ પ્રહારાદિક અન્ય વિધિની જરૂર પડે છે ॥ ૧૪-૧૮ ॥

यथा, तथाऽन्यद्वाक्यार्थविज्ञाननिश्चयोत्तरम् ।
निध्यानं श्रीहरेः प्रोक्तं सत्यबन्धविमोचकम् ॥ २० ॥

न कोऽपि लभते जन्तुः परंब्रह्मस्वरूपताम् ।
तत्साम्यं तु भजित्वा तं तत्प्रसादात् प्रपद्यते ॥ २० ॥

તેવીજ રીતે વાક્યાર્થ વિજ્ઞાનના નિશ્ચય પછી પણ તેનાથી જુદું એવું ભગવાનનું ધ્યાનજ સત્ય બંધનની નિવૃત્તિ માટે થાય છે. સાચા ભવબંધન થકી નિવૃત્તિનો ઉપાય એક શ્રીહરિધ્યાનજ છે 'હું બ્રહ્મ છું' એવા જ્ઞાનમાત્રથી કોઈપણ જીવ, પરમાત્મા થઇ જતો નથી. પરમાત્માને ભજીને તો તેમના પ્રસાદે કરીને **'निरञ्जन परमं साम्यमुपैति'** **'मम**

साधर्म्यमागताः' આ શ્રુતિ સ્મૃતિમાં કહ્યા મુજબના સાધર્મ્યને પામે છે. સ્વરૂપથી સધર્મતા કદાપિ આવતી નથી પણ ગુણથી આવે છે. આત્મા પરમાત્માનો ભેદ નિત્ય હોવાથી તે કદાપિ ટળી જતો નથી ॥ ૧૯-૨૦ ॥

शरीरात्मत्वविज्ञानान्निजात्मपरमात्मनोः ।
अहं ब्रह्मेति निध्यानं विशिष्टब्रह्मगोचरम् ॥ २१ ॥

कुर्वन्ति वेदवेदान्तहार्दज्ञास्तु विचक्षणाः ।
अहंबुद्धिः पामराणां देह एवोपजायते ॥ २२ ॥

स्वतन्त्रे देहतो भिन्ने स्वात्मन्येषा विवेकिनाम् ।
स्वस्यापि पारतन्त्र्यं च नियतं परमात्मनि ॥ २३ ॥

जानतां त्वहमित्येषा स्वान्तर्याम्येकगोचरा ।
स्वात्मप्रकारकं ब्रह्म परमं ते ह्युपासते ॥ २४ ॥

'यस्यात्मा शरीरं य आत्मानमन्तरो यमयति स त आत्माऽन्तर्याम्यमृतः' આ શ્રુતિમાં નિરૂપ્યા પ્રમાણે જ્યારે પોતામાં પરમાત્માના શરીર તરીકે અને પરમાત્માને પોતાના શરીરી આત્મા અંતર્યામી તરીકે સમજે છે ત્યારે 'હું બ્રહ્મ છું' એવું ધ્યાન, વિશિષ્ટ (આત્મારૂપ શરીરથી વિશિષ્ટ એવા) બ્રહ્મ વિષયવાળું થાય છે. એવું ધ્યાન (ચિંતન) વેદ વેદાંતના હાર્દને જાણનારા વિચક્ષણો કહે છે જેમ પામરોને અહંબુદ્ધિ, પોતાના દેહમાંજ થાય છે અને જે વિવેકી છે તેમને તો દેહથકી ભિન્ન સ્વતંત્ર એવા આત્મામાંજ થાય છે. જ્યારે પોતાના આત્માને પણ પરમાત્માના નિયત પરતંત્રપણે સમજે છે ॥ ('હું પરમાત્માને નિત્ય પરતંત્ર છું') ત્યારે અહંપણાની બુદ્ધિ પોતાના એક અંતર્યામિ જે પરમાત્મા તેના વિષયવાળી થાય છે. અહંશબ્દ વિશિષ્ટ પરમાત્માનોજ વાચક છે એમ માને છે. એવું વિજ્ઞાન થતાં, જીવાત્મા જેના પ્રકાર (વિશેષણભૂત) છે એવા પરમાત્માને

પ્રકારી (વિશિષ્ટ)પણે ઉપાસે છે. તાત્પર્ય એવું છે કે જેમ ઉપાસક જીવાત્મા પોતાના શરીરનો પોતે આત્મા છે તેમ જ પોતાના આત્માના પણ પરંબ્રહ્મ આત્મા છે એમ જ ઉપાસના કરવી, કેમકે પૂર્વે જે ઉપાસક વામદેવ પ્રહ્લાદ વિગેરે થયા છે તે '**त्वं वा अहमस्मि भगवो देवते अहं वै त्वमसि भगवो देवते**' '**सर्वगत्वादनन्तस्य स एवाहमवस्थितः**' એમજ આત્માપણે પરમાત્માને ઉપાસે છે. જેમ 'હું મનુષ્ય છુ' આ જે મનુષ્ય શરીર છે તે આત્માના જ એક વિશેષણ તરીકે રહેવાના સ્વભાવ-વાળું હોવાથી તેનાથી વિશિષ્ઠ એવા સ્વાત્મામાં જ અહં શબ્દ અને અહં બુદ્ધિનું પર્યવસાન છે. તેમજ જે સ્વાત્મા છે તે પણ પરમાત્માના શરીર તરીકે હોવાથી તેના વિશેષણ તરીકે જ રહેવાનો તેનો સ્વભાવ હોવાથી અહં શબ્દ અને અહં બુદ્ધિનું પરમાત્મામાં પર્યવસાન થાય છે. માટે 'હું બ્રહ્મ છું' એટલે બ્રહ્માત્મક છું એમજ ધ્યાન ઉપાસન કરવું તે યોગ્ય છે. આ રહસ્ય બાબત '**आत्मेति तूपगच्छन्ति ग्राहयन्ति च**' આ સૂત્રના શ્રીભાષ્યમાં સ્પષ્ટ પ્રતિપાદી છે તે થકી સવિસ્તર સમજવી '**तत्त्वमसि**' આ શ્રુતિની પાછળ '**ऐतदात्म्यमिदं सर्वं**' એમ સર્વ જગતની ભગવદા-ત્મકતા કહે છે. આ સર્વ ચિત્ અચિત્ જગતના આત્મા પરમાત્મા છે એમ જાણવાનું કહે છે ॥ ૨૧–૨૪ ॥

शरीरात्मभावोऽयं वस्तुनोर्भेदको मतः ।
तस्माद्भेदेन वै ध्यानं श्रीहरेः शास्त्रसम्मतम् ॥ २५ ॥
घातयन्ति च राजानो राजाऽहमिति वादिनः ।
स्वदास्यं कुर्वतो ह्यद्धा प्राप्तकामान् प्रकुर्वते ॥ २६ ॥
तस्मात्स्वस्वामिभावेन भावनं परमात्मनः ।
तत्प्रसादकरं शास्त्रसम्मतं मुक्तिदायकम् ॥ २७ ॥

આત્મા પરમાત્મા વચ્ચે જે આ શરીરાત્મભાવ કહ્યો તે બન્ને વસ્તુના ભેદને સાબીત કરનારો માન્યો છે. એકને શરીર અને એકને આત્મા કહે છે. એ ઉપરથી બન્ને ભિન્ન પદાર્થ છે એમ આપોઆપ સિદ્ધ થાય છે. એમાં કાંઈ કહેવાપણું રહેતું નથી. માટે પરમાત્માને પોતા થકી ભિન્ન સમજીને તેમનું ધ્યાન કરવું એ શાસ્ત્રસંમત છે. પોતાના

થકી પરમાત્માને જુદા ન સમજે તો ઉપાસન કોઈ રીતે ઘટે નહિ. પોતે રાજા નથી છતાં 'હું રાજા છું' એમ માનનારાને રાજાઓ હણી નાંખે છે. અને પોતાનું દાસપણું કરનારાના સમગ્ર મનોરથોને નિશ્ચે પૂર્ણ કરે છે ।। આવી સ્થિતિ હોવાથી હું સ્વ-સેવક છું અને પરમાત્મા મારા સ્વામી છે એવી ભાવના કરવી એજ એમની પ્રસન્નતા કરનાર હોઇને મુક્તિને આપનારી છે. આ બાબત કલ્પિત નહિ પણ શાસ્ત્રસંમત છે ।।૨૫-૨૭।।

स्वत्वं चैव शरीरत्वं शेषत्वं दास्यमेव च ।
आधेयत्वं विधेयत्वं व्याप्यत्वं रक्ष्यताऽपि च ।। २८ ।।
जीवात्मनां समाना वै धर्मा एते सदा मताः ।
स्वामित्वं च शरीरित्वं शेषित्वं सेव्यता तथा ।। २९ ।।
आधारत्वं नियन्तृत्वं व्यापित्वमवितृत्वकम् ।
धर्मा एते सदा विष्णोः हरे कृष्णस्य सम्मताः ।। ३० ।।

સ્વપણું, શરીરપણું, શેષપણું, દાસપણું, ધાર્યપણું, વશવર્તીપણું, વ્યાપ્યપણું, રક્ષ્યપણું, આ સઘળા ધર્મો જીવાત્માઓ માટે નિત્ય સમાન માન્યા છે. તમામ આત્માઓમાં આ ધર્મો તુલ્યપણે વર્તે છે, એમાં કોઈ પણ સ્વતંત્ર નથી- સ્વામિપણું, શરીરિપણું, શેષિપણું સેવ્યપણું, આધારપણું, નિયંતાપણું, વ્યાપિપણું અને રક્ષકપણું, આ ધર્મો, વિષ્ણુ શ્રીહરિ કૃષ્ણના નિત્ય માન્યા છે. આ જોતાં આત્મા પરમાત્મા વચ્ચે સ્વસ્વામિભાવ, શરીર-શરીરિભાવ, શેષશેષિભાવ, સેવકસેવ્યભાવ, ધાર્યધારકભાવ, વશ્યવશિભાવ, વ્યાપ્યવ્યાપકભાવ, રક્ષ્યરક્ષકભાવ, નિયામ્ય નિયામક ભાવ, ઈત્યાદિ ભાવો શાસ્ત્રમાં વર્ણવ્યા છે. આ ધર્મોથીજ આત્મા પરમાત્માની સ્વરૂપ સ્વભાવ આદિક સર્વ પ્રકારથી ભિન્નતા સાબીત થાય છે, માટે આત્મા પરમાત્માનું ઐક્ય કદાપિ કહેવાય નહિ ।। ૨૮-૩૦ ।।

यथेष्टविनियोगार्हं यत्तत् स्वमित्यभिधीयते ।
यथा लोके गृहंक्षेत्रमुखं स्वं परिकीर्तितम् ।। ३१ ।।

तथा श्रीहरिणा सर्वं चेतनाचेतनात्मकम् ।
विनियुक्तं यथेच्छं तु स्वभूतं तस्य सर्वदा ॥ ३२ ॥
'स्वत्वमात्मनि सञ्जातं स्वामित्वं ब्रह्मणि स्थितम् ।
उभयोरेष सम्बन्धो न परोऽभिमतो मम' ॥ ३३ ॥
एक एव हरिः स्वामिशब्दवाच्योऽस्ति सर्वथा ।
अन्यस्तु तदुपास्त्याप्तगुणयोगात्तथोच्यते' ॥ ३४ ॥
इति स्वत्वं चेतनेषु स्वामित्वं पुरुषोत्तमे ।
विनिश्चिक्युर्महात्मानस्तत्त्वज्ञाः परमर्षयः ॥ ३५ ॥

જે વસ્તુનો ઉપયોગ ઇચ્છા મુજબ કરી શકાતો હોય તે '**स्व**' એમ કહેવાય છે. જેમ લોકમાં ગૃહ ક્ષેત્ર ધન આદિક વસ્તુઓ 'સ્વ' કહેવાય છે, એનો જે ઉપયોગકર્તા તે સ્વામી (ધણી માલીક) કહેવાય છે, તેમજ પરમાત્માએ ચેતન અચેતન સમગ્રનો ઉપયોગ સ્વેચ્છા મુજબ કરાય છે, જેથી તે પરમાત્માના સ્વભૂત મનાય છે અને તેના સ્વામી પરમાત્મા કહેવાય છે. આ બાબત શાસ્ત્રોમાં ઉદ્‌ઘોષીને ઉઘાડી વર્ણવી છે. આત્માને વિષે સ્વપણું અને પરમાત્માને વિષે સ્વામિપણું સદા રહ્યું છે. એમના બન્નેના વચ્ચે આ સ્વસ્વામિભાવજ નિયત છે. એ થકી બીજો કોઈ ઐકયાદિ સંબંધ અમને અભિમત નથી ॥ સ્વામિ શબ્દથી ખરી રીતે કહેવા યોગ્ય તો એક શ્રીહરિજ છે. આ અર્થનું અનુસંધાન મેળવતાં બીજા કોઈને પણ સ્વામિ શબ્દથી કહી શકાય નહિ. બીજાને એ શબ્દથી કહેવામાં આવે છે તે તો તે પરમાત્માની ઉપાસના કરવાથી પ્રાપ્ત થએલા સદ્‌ગુણો તેને લીધે કહેવાય છે, વસ્તુતાએ નહિ ॥ આ રીતે પુરુષ ચેતનો વિષે સ્વપણું અને પુરુષોત્તમ વિષે સ્વામિપણું તત્વજ્ઞ મહાત્મા મહર્ષિઓએ વિનિશ્ચિત કર્યું છે, એવો નિશ્ચય કરીનેજ શાસ્ત્રોમાં ધ્યાનાદિ વિધિઓને કહે છે ॥ ૩૧-૩૫ ॥

चेतनस्यापृथक्भूतप्रकारं द्रव्यमेव च ।
शरीरमिति विज्ञातं नृदेहादि यथाऽऽत्मनाम् ॥ ३६ ॥

माया विकारास्तस्या ये कालश्च पुरुषास्तथा ।
यच्च दृष्टं श्रुतं वाऽपि नानाब्रह्माण्डकोशके ॥ ३७ ॥

यच्चापि दिव्यधामाऽक्षरं नित्याश्चैव मुक्तकाः ।
सर्वं तत् वासुदेवस्य श्रीहरेः परमात्मनः ॥ ३८ ॥
प्रकारभूतं नियतं शरीरमिति कथ्यते ।
अन्तर्यामिब्राह्मणादौ वेदान्ते विश्रुतं त्विदम् ॥ ३९ ॥

ચેતનનું જે અપૃથક્સિદ્ધ (જુદુ પડે નહિ) પ્રકારભૂત દ્રવ્ય તે 'શરીર' સમજવું. જેમ આત્માઓનું નર શરીરાદિક છે તે આત્માથકી શરીર કદાપિ પૃથક્ પડતું નથી ॥ માયા, તેના વિકારો, કાળ, પુરુષો અને અનેક બ્રહ્માંડ કોશમાં જે કાંઈ જોવા સાંભળવામાં આવે છે તે તે તમામ, વળી જે દિવ્યધામ અક્ષર, નિત્ય મુક્તો વિગેરે, આ સર્વ પણ પરમાત્મા વાસુદેવ શ્રીહરિના નિયત પ્રકારભૂત (વિશેષણ) હોવાથી પરમાત્માના શરીર તરીકે કહેવામાં આવે છે. જેમ જીવે ધારેલું નિયમેલું શેવભૂત શરીર, જીવથકી પૃથક્ નથી તેમ '**शारीर आत्मा**' આમાં કહ્યા પ્રમાણે પરમાત્મા સર્વ શરીરી હોવાથી તેમણે ધારેલું નિયમેલું શેષભૂત ક્ષરાક્ષર જગત્ પરમાત્મા થકી જુદુ નથી. આ તત્વાર્થ '**न तदस्ति विना यत्स्यात् मया भूतं चराचरम्**' આ ગીતા વાકયમાં સ્પષ્ટ છે. આવો અભિપ્રાય હોવાથીજ '**विष्णुः स्यादविनाभावात् व्याप्यव्यापकभावतः**' આ રીતે વિષ્ણુનામની નિરુક્તિ કરી છે. આ બધી બાબત અંતર્યામિ બ્રાહ્મણાદિકમાં તથા વેદાંતમાં પણ વર્ણવી છે ॥ ૩૬–૩૯ ॥

येन भूतान्यात्मवन्ति नायमन्येव केनचित् ।
आत्मवान् श्रीहरिस्तस्मात्परमात्मेति कीर्तितः ॥ ४० ॥

शरीरमात्मवन्तं हि चेष्टते न स्वतन्त्रतः ।
एवं श्रीहरितन्त्रं तु विश्वं वै चेष्टतेऽखिलम् ॥ ४१ ॥

परातिशयनिष्पत्तिहेतोः क्लृप्तं स्वरूपकम् ।
यस्य, तच्छेषभूतं तु कथ्यते शास्त्रवेदिभिः ॥ ४२ ॥
यथा भोक्त्रर्थमाक्लृप्तं स्रक्चन्दनफलादिकम् ।
शेषत्वमश्नुते भोक्तुर्यथा पत्युः सती मता ॥ ४३ ॥
तथेदमखिलं विश्वं क्षरं चाक्षरमेव च ।
श्रीकृष्णार्थं समुदितं तद्भोगैकप्रयोजनम् ॥ ४४ ॥

પરમાત્મા નામનો અર્થ એવો છે કે-જે પરમાત્માને લીધે સર્વ ભૂતો આત્માવાળાં કહેવાય છે તેમ પરમાત્મા કોઈપિણ ભૂતને લીધે આત્માવાળા કહેવાતા નથી. માટે તેમને 'પરમાત્મા' નામથી નિરૂપ્યા છે. જેનાથી કોઈ **પર** (ઉત્કૃષ્ટ ઉપરી) **મા** ન હોય તે **'પરમ'** (અનવધિકાતિશય ઉત્કૃષ્ટ) કહેવાય. પરમ એવા આત્મા તે પરમાત્મા કહેવાય. તાત્પર્યાર્થ એ છે કે-જેમ સર્વ ભૂતોના આત્મા-વ્યાપક ધારક નિયામક શેષી પરંબ્રહ્મ ભગવાન છે તેમ તેમનો અન્ય કોઈ ઉપરી આત્મા-વ્યાપક ધારક નિયામક શેષી નથી. માટે 'પરમાત્મા'આવા સાર્થક મંગળ નામથી નિરૂપ્યા છે. અર્થાત્ અનન્યેશ્વર આત્મેશ્વર છે. એમનો કોઈ ઉપરી ઈશ્વર નથી. પોતેજ પોતાના ઈશ્વર છે. એવો અત્યુત્તમ અભિપ્રાય હોવાથી પરંબ્રહ્મને પરમાત્મા, અનન્યાત્મા આત્મેશ્વર અનન્યેશ્વર, પરમેશ્વર, ઈત્યાદિ સાર્થક સંજ્ઞાથી સંબોધવામાં આવ્યા છે. ભગવાન્ સમસ્ત ચિત્ અચિત્‌ના અંતરાત્મા છે તો તેમનો પણ બીજો કોઈ ઉપરી આત્મા હશે કે કેમ? આ શંકાનું નિવારણ આ રીતે કર્યું છે. જેમાં આત્મા વિદ્યમાન છે એવુંજ શરીર ચેષ્ટાને કરી શકે છે પણ સ્વતંત્ર પણે કાંઈપિણ ચેષ્ટાને કરી શકતું નથી. તેમજ આ સમગ્ર વિશ્વ, ભગવાનના પરતંત્રપણેજ ચેષ્ટાને કરી શકે છે પણ સ્વતંત્રપણે નહિ. જેનું સ્વરૂપ, પર (બીજા કોઇ)ના અતિશયની સિદ્ધિ માટેજ કલ્પાએલું હોય તે તેનું શેષભૂત છે એમ શાસ્ત્રવેત્તાઓ કહે છે, જેમ પુષ્પ ચંદન ફળ આદિક પદાર્થ, ભોક્તા જે જીવો તેના માટેજ કલ્પાએલું હોવાથી તેના શેષપણાને પામી રહે છે. જેમ સતીનું સ્વરૂપ પતિના ભોગ માટે જ હોવાથી પતિના શેષભૂત કહેવાય ॥ એજ રીતે ક્ષરાક્ષર સમગ્ર વિશ્વ, પરમાત્માના જ એક

ભોગ પ્રયોજન માટે કલ્પાએલું હોવાથી પરમાત્માના શેષભૂત કહેવાય. આ રીતે જગત્ અને જગદીશ્વર વચ્ચે શેષશેષિભાવ સર્વત્ર સમજવો ॥ ૪૦-૪૪ ॥

'कृष्ण एव हि लोकानामुत्पत्तिरपि चाप्ययः ।
कृष्णस्य च कृते विश्वमिदं भूतं चराचरम् ॥ ४५ ॥'
इत्याहुर्मुनयः कृष्णशेषत्वमखिलस्य च ।
तत्त्वमित्थं विचार्यैव कृष्णार्थं प्रयतेत ना ॥ ४६ ॥
दास्यं तु सेवकत्वं स्याद्धरौ निश्छद्मवृत्तिना ।
सेव्यस्तु जगतामेको हरिरेव विनिश्चितः ॥ ४७ ॥
सर्वज्ञः सर्वसङ्कल्पः सर्वकामफलप्रदः ।
सर्वशक्तिर्जगद्धाता सुलभाराध्य एव च ॥ ४८ ॥
पूर्णकामो महोदारोऽक्षरेशः पुरुषोत्तमः ।
यस्त्वञ्जलिं सकृत्कुर्वते ददाति परं पदम् ॥ ४९ ॥

આ લોકોની ઉત્પતિ, સ્થિતિ અને પ્રલયને કરનાર સ્વયં ભગવાન્ શ્રીકૃષ્ણજ છે. આ ચરાચર સમગ્ર વિશ્વ, કૃષ્ણ માટે જ છે એટલે તે તેમના ભોગ માટે હોવાથી તેમના શેષભૂત છે ॥ આ રીતે 'સર્વ વિશ્વ, પરમાત્માના શેષભૂત છે' એમ મુનિઓ કહે છે. આ તત્વાર્થને વિચારીને જ મનુષ્યે ભગવાનને માટે જ પ્રયત્ન કરવો ॥ દાસપણું કે સેવકપણું, બન્ને એક જ છે. તે નિષ્કપટ વર્તન રાખીને એક ભગવાન્ વિષે જ કરવું. કેમકે સમસ્ત જગતે 'એક શ્રીહરિ જ સેવ્ય છે' એવો શાસ્ત્રોએ નિર્ણય કર્યો છે. **'कृष्ण एकः स्वतन्त्रोऽस्ति सर्वसेव्यस्ततस्तु सः'** એવી અભિયુક્તિ છે. જે ભગવાન છે તે તો સર્વજ્ઞ, સત્યસંકલ્પ, સર્વ-કર્મફળપ્રદ, સર્વશક્તિ, જગદ્ધાતા, સુખેથી આરાધ્ય, પૂર્ણકામ, મહોદાર, અક્ષરાધિપતિ પુરુષોત્તમ છે. આ રીતે સર્વ સામર્થ્યવાળા હોવાથી

એમને કોઈ એકવાર હાથ જોડે તો તેટલામાત્રથી પણ પરંપદને આપે છે. આથી અધિકની અપેક્ષા રાખતા નથી. આ અર્થ 'अञ्जलिः परमा मुद्रा' આ અભિયુક્તિમાં વ્યક્ત છે ॥ ૪૫-૪૯ ॥

अन्येष्वपूर्णकामेषु क्षुद्रकामप्रदेषु तु ।
सेवाऽत्यायाससाध्या चानर्थदा क्षुद्रकामदा ॥ ५० ॥

निहीनानां तथा सेवां श्ववृत्तिं परिचक्षते ।
तां न कुर्वीत मतिमान् विना तु हरिसेवनम् ॥ ५१ ॥

બીજા જે અપૂર્ણકામ, ક્ષુદ્ર ફળપ્રદ દેવાદિકો છે તેમની સેવાતો બહુ પ્રયાસથી સાધ્ય છે અને અનર્થને આપનારી અને ક્ષુદ્ર ફળને આપનારી થાય છે. અધિક પ્રયાસ કરવો પડે અને ફળ તો ક્ષુદ્ર નાશવંત મળે. અંતે તો અનર્થ છે. પોતે પૂર્ણકામ નહિ હોવાથી સેવકોના મનોરથોને પૂર્ણ કરી શકે નહિ ॥ જેઓ નિહીન છે તેની સેવા તો 'શ્વવૃત્તિ' (શ્વાનના જેવી વૃત્તિ) કહેવાય છે, માટે તે દેવોની સેવાને મતિમાન્ મનુષ્ય ન જ કરે. એક ભગવાન્ શ્રીહરિની જ સેવાને કરે ॥ ૫૦-૫૧ ॥

सेवामेव हरौ नित्यं याचेत मतिमांस्तथा ।
न तस्मात्फलमन्यत्तु स्वस्वरूपच्युतियतः ॥ ५२ ॥

'स्वोज्जीवनेच्छा यदि ते स्वसत्तायां स्पृहा यदि ।
आत्मदास्यं हरेः स्वाम्यं स्वभावं च सदा स्मर' ॥ ५३ ॥

इत्याहुर्मुनयो दास्यं श्रीहरौ निरुपाधिकम् ।
विष्णुधर्मे च भगवान् शौनकोऽपि तथाऽस्मरत् ॥ ५४ ॥

માટે મતિમાન્ માનવે ભગવાનની સેવાની જ સદા માગણી કરવી યોગ્ય છે. સેવા સિવાય બીજા કોઈપણ ફળની માગણી કરવી નહિ. કેમકે બીજુ ફળ માગવાથી દાસભૂત સ્વસ્વરૂપ થકી ચ્યુતિ થાય છે ॥ આત્મસ્વરૂપ સંલગ્ન દાસપણાનો ભંગ થાય છે ॥ જો તને પોતાના આત્માના ઉજ્જી-

વનની ઇચ્છા હોય અને જો અસાધારણ આત્મસત્તાની સ્પૃહા હોય તો 'હું પરમાત્માનો દાસ છું' અને પરમાત્મા મારા સ્વામી છે' એવા નિત્ય નિકટ સ્વભાવને સદા સ્મરણ કર્યા. એમ કરવાથી આત્માનો ઉદ્ધાર થશે અને આત્મસત્તાની લબ્ધિ થશે. આજ ઉત્તમ ઉપાય છે. આ રીતે મુનિઓ ભગવાનમાં સ્વાભાવિક દાસપણું કરવાનું કહે છે. વિષ્ણુધર્મમાં ભગવાન્ શૌનક મુનિ પણ એમ જ કહે છે ॥ ૫૨–૫૪ ॥

'मत्सेवया प्रतीतं च सालोक्यादिचतुष्टयम् ।
नेच्छन्ति सेवया पूर्णाः कुतोऽन्यत्कालाविप्लतम् ॥ ५५ ॥'
'सालोक्यसार्ष्टिसारूप्यसामीप्यैकत्वमप्युत ।
दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं बुधाः ॥ ५६ ॥'
इत्याह भगवान् साक्षात्प्रधानपुरुषेश्वरः ।
भयाभयकरः कृष्णो भक्तानां दास्यनिर्वृतिम् ॥ ५७ ॥'

મારા અનન્ય ભક્તો મારી સેવાથી પ્રાપ્ત થતી એવી સાલોક્ય, સાર્ષ્ટિ, સારૂપ્ય, સામીપ્ય, આ ચતુર્ધા મુક્તિને ઇચ્છતા નથી. તો બીજી કાલનાશ્ય વસ્તુને ન ઇચ્છે એમાં કહેવુંજ શું ? કેમકે એવા ભકતો તો ભગવાનની સેવાથીજ પૂર્ણપણું માનનારા છે. તે બીજા કશાને ઇચ્છેજ નહિ ॥ જે બુધ જનો છે તે મારી સેવા વિના, સાલોક્ય, સાર્ષ્ટિ, સારૂપ્ય, સામીપ્ય અને એકત્વ મુક્તિને ભગવાન આપે તો તેને પણ ઇચ્છતા નથી. એક સેવાનેજ ઇચ્છે છે. આ રીતે ભગવાન્ શ્રીકૃષ્ણ કે જે પ્રધાન–પુરુષના ઇશ્વર છે અને ભક્તોને અભય અને અભક્તોને ભય કરનારા છે તે શ્રીમુખે (ભાગવતમાં) કહે છે. ભગવાન્ ભક્તોને દાસપણાના સમધિક સુખને આપે છે ॥ ૫૫-૫૭ ॥

'दासभूताः स्वतः सर्वे ह्यात्मानः परमात्मनः ।
नान्यथालक्षणं तेषां बन्धे मोक्षे तथैव च' ॥ ५८ ॥
इति ब्रह्मात्मनां मुक्तावपि दास्यानुवर्तनम् ।
प्राहुः श्रीकृष्णसेवा च मुक्तौ श्रीहरिसम्मता ॥ ५९ ॥

સર્વે આત્માઓ, પરમાત્માના સ્વતઃ દાસભૂત છે. તે આત્માઓનું બન્ધન દશામાં કે મોક્ષદશામાં બીજુ કોઈ લક્ષણ નથી. આ રીતે બ્રહ્માત્માઓને પણ મુક્તિ દશામાં પણ દાસપણું નિરંતર અનુવર્તે છે એમ મુનિઓ કહે છે. મુક્તિ દશામાં નિવૃત્ત થતું નથી, કેમકે સ્વતઃ દાસપણું છે. માટેજ ભગવાન્ શ્રીહરિ '**ब्रह्माहं कृष्णदासोऽस्मि**' આ મહામંત્રમાં સાધનદશામાં કૃષ્ણના દાસપણાનું અનુસંધાન રાખવાનું કહેવાપૂર્વક '**कृष्णसेवा मुक्तिश्च गम्यताम्**' એમ કૃષ્ણસેવાનેજ મુક્તિ માનેછે ॥ ૫૮–૫૯ ॥

सेवाऽऽनन्दमयी ह्येषा परमानन्दमाधवे ।
तद् गुणानुभावाह्लादप्रीतिभूमप्रकारिता ॥ ६० ॥
यथाऽभिमतदारादिविषये विषयात्मनाम् ।
सेवा रतिकरी दृष्टा तथा श्रीहरिसेवनम् ॥ ६१ ॥

પરમાનંદ માધવ ભગવાનમાં ભક્તોએ કરાતી આ સેવા તો આત્માનંદકારી થાય છે. દુઃખરૂપ થતી નથી. ભગવાનના કારુણ્યાદિ ગુણોનો જેમ જેમ અનુભવ થતો જાય છે તેમ તેમ નિરતિશય આહ્લાદ અને પ્રીતિને ઉપજાવે છે. '**इत्थंभूतगुणो हरिः**' ભગવાનમાં એવા ગુણો વાત્સલ્યાદિ રહ્યા છે. જેમ વિષયોમાં વ્યાસક્ત મનવાળા જીવોને પોતાને પ્રિય પત્ની પુત્રાદિકમાં કરાતી સેવા, પ્રીતિ કરનારી જોવામાં આવે છે તેમ જ શ્રીહરિની સેવા પ્રીતિ કરનારી થાય છે ॥ ૬૦–૬૧ ॥

सर्वेषां हर्यधीनाऽस्ति स्थितिरर्थक्रिया तथा ।
विना तदिच्छां यः कोऽपि सत्ताभाक् नैव सम्भवेत् ॥ ६२ ॥
प्राणस्य प्राण इत्युक्तस्ततोऽसौ श्रीहरिः परः ।
सर्वेश्वरः सर्वपतिः व्याप्तः सर्वत्र सर्वथा ॥ ६३ ॥
बहिःकालादिरूपोऽसावन्तरात्मान्तरेव च ।
नियच्छति यथेच्छं वै सर्वेशः सर्वमप्युत ॥ ६४ ॥

लोकेश्वरा अपि यतो भीताः स्वेस्वेऽवधानतः ।
प्रवर्तन्ते तदाऽन्येषांकां कथाऽनीशदेहिनाम् ॥ ६५ ॥

સર્વ કોઈની સ્થિતિ અને બીજી બધી જ ક્રિયાઓ, શ્રીહરિના અધીનમાં છે. તેમની ઇચ્છા વિના કોઈપણ સત્તાધારી થઈ શકે નહિ. સર્વ સત્તાધારી એક ભગવાન જ છે. એમ હોવાથી પરાત્પર શ્રીહરિને '**प्राणस्य प्राणः**' એમ શ્રુતિમાં કહ્યાં છે. પ્રાણમાં પણ શક્તિ આપનારા પ્રાણેશ શ્રીહરિ છે. સર્વેશ્વર, સર્વપતિ અને સર્વત્ર સર્વ પ્રકારે વ્યાપક એક ભગવાન છે, તે બહાર કાલાદિ રૂપથી અને અંદર અંતરાત્મા રૂપથી યત્કિંચિત્ સર્વને પણ ઇચ્છા મુજબ નિયમમાં કરેછે. વચ. ૭૮ 'ભગવાનના ડોલાવ્યા વિના એક તૃણ પણ ડોલવા સમર્થ નથી.' એમ ચેતનાચેતન સર્વેની ક્રિયાને પરમાત્માધીન કહે છે ॥ જે લોકેશ્વરો કહેવાય છે તે પણ ભગવાનના ભયથકી જ પોત પોતાના કર્તવ્ય કાર્યમાં સાવધાનપણે વર્તે છે. તો બીજા અસમર્થ જીવોની તો વાત જ શી ? ॥ ૬૨–૬૫ ॥

सर्वेशश्चेष्टयन् सर्वं तत्तत्कर्मानुसारतः ।
उच्चावचानि भूतानि नियुङ्क्ते तत्फलप्रदः ॥ ६६ ॥

इष्टाधिगमनं चापि तथाऽनिष्टनिवारणम् ।
अयमेव विधत्ते वै तत्तद्रूपेण देहिनाम् ॥ ६७ ॥

रक्ष्यरक्षकभावोऽयं जीवात्मपरमात्मनोः ।
स्वाभाविको बिनिर्दिष्टो लोकेष्वौपाधिको मतः ॥ ६८ ॥

न पिता रक्षको दृष्टः प्रह्लादे न पतिस्तथा ।
द्रौपद्यां नापि वै भ्राता रक्षकश्च विभीषणे ॥ ६९ ॥

अहन्ताममतामानाद्रक्षकत्वधुरं निजे ।
समारोप्यावसीदन्ति नराः (संर) क्षणाक्षमाः ॥ ७० ॥

સર્વના ઈશિ એવા ભગવાન્ યત્કિંચિત્ સર્વેને તેમના તેમના કર્મોને અનુસારે દેહાનુસારે ચેષ્ટાને કરાવતા થકા, ઉચ્ચ નીચ સર્વ ભૂતોને યથેચ્છ નિયમમાં કરે છે અને તે તે કર્મોના ફળને આપે છે ॥ દેહિઓને ઈષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટની નિવૃત્તિને પણ એજ ભગવાન્ તે તે પરત્વાદિ રૂપથી કરે છે. બધી બાબત એમનાજ હાથમાં છે. જીવાત્મા પરમાત્મા વચ્ચે જે રક્ષ્ય રક્ષકભાવ છે તે શાસ્ત્રોમાં સ્વાભાવિકપણે નિર્દેશ્યો છે. લોકમાંતો આ ભાવ ઔપાધિક (કોઈની અપેક્ષાવાળો) વર્તે છે. આ અર્થ **'एष लोकपालः' 'एष भूतपालः' 'लक्ष्म्या सह हृषीकेशो देव्या कारुण्यरूपया । रक्षकः सर्वसिद्धान्ते वेदान्तेष्वपि गीयते'** ઈત્યાદિ શ્રુતિ સ્મૃતિમાં સ્પષ્ટ છે ॥ પિતા હોવા છતાં પુત્ર પ્રહ્લાદનો રક્ષક હિરણ્યકશિપુ થયો નહિ. પતિ હોવા છતાં પત્ની દ્રૌપદીનો રક્ષક પાંડવો થયા નહિ. ભ્રાતા છતાં વિભીષણનો રક્ષક રાવણ થયો નહિ. આ બાબત સર્વેની દૃષ્ટિગોચર વર્તે છે ॥ અહંતા મમતા અને માનને લીધે પોતાના પરિવારમાં 'આ મારા રક્ષક છે' એવો ભાર સોંપીને ઘણા નરો દુઃખીયા વર્તે છે, કારણ કે નરો-જીવો રક્ષણમાં સમર્થ થતા નથી ॥ ૬૯-૭૦ ॥

यदा हरिं बिजानाति जगतां पितरं पतिम् ।
रक्षणाधिकृतं स्वेषां साक्षाल्लक्ष्मीपतिं प्रभुम् ॥ ७१ ॥

तदा स्वातन्त्र्यमुत्सृज्य आत्मात्मीयावने धुरम् ।
श्रीहरौ निक्षिपत्यद्धा तमेव स्वगतिं विदन् ॥ ७२ ॥

एवंभूतं प्रपन्नं तु निजाधीनाखिलस्थितिम् ।
भजमानं नरं कृष्णोऽवति स्वीयशरीरवत् ॥ ७३ ॥

જ્યારે જગતના સાચા પિતા અને પતિપણે એક શ્રીહરિનેજ સમજે છે અને આશ્રિતોના રક્ષણનો અધિકાર પણ સાક્ષાત્ લક્ષ્મીપતિ મહાપ્રભુનો છે એમ જાણે છે ત્યારે સ્વતંત્રતાનો ત્યાગ કરીને આત્મા તથા આત્મીય સર્વના રક્ષણનો ભાર ભગવાનને સોંપી દે છે. **'श्रीकृष्ण त्वं गतिर्मम'** આમાં કહ્યા પ્રમાણે ભગવાનનેજ પોતાની ગતિ તરીકે સમજે અને **'अकिञ्चनोऽनन्यगतिः शरण्य त्वत्पादमूलं शरणं प्रपद्ये'** આમાં કહ્યા

પ્રમાણે શરણને પામે ત્યારે પરમાત્માને અધીન છે સમગ્ર સ્થિતિ જેની અને પોતાને ભજનારા એવા નરની ભગવાન્ પોતાના શરીરની પેઠે રક્ષા કરે છે. આ અર્થ 'रक्षति भगवान् विष्णुर्भक्तानात्मशरीरवत्' આ વચનમાં વ્યક્ત છે ॥ ७१-७३ ॥

स्वातन्त्र्याभिमतिर्यावद्वर्तते मानसे नृणाम् ।
तावदेतानुपेक्षेत स कल्पद्रुमवृत्तिकः ॥ ७४ ॥

कल्पद्रुमो हि भजतां कामान् सम्पूरयत्यहो ।
न त्वेवाभजतां तद्वत् श्रीहरिः पुरुषोत्तमः ॥ ७५ ॥

कल्पद्रुमो मितान् कामान्कल्पयत्यात्मवर्जितान् ।
हरिस्तु तुष्टः सर्वांश्च कामानात्मानमेव च ॥ ७६ ॥

इति श्रीहरिमाहात्म्यं सर्वस्वाम्यं च संविदन् ।
तं भजेद्दास्यभावेन नरो निःश्रेयसाय वै ॥ ७७ ॥

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
कृष्णदासं विदित्वा तं भजेत्सर्वेश्वरेश्वरम् ॥ ७८ ॥

જ્યાં સુધી મનુષ્યોના મનમાં 'હું સ્વતંત્ર છું' એવું અભિમાન વર્તે છે, ત્યાં સુધી તે નરોની ભગવાન્ ઉપેક્ષા કરે છે. તેનું કશું કામ કરતા નથી. ભગવાન તો કલ્પવૃક્ષના જેવા વર્તનવાળા છે. કલ્પવૃક્ષ છે તે પોતાને જે ભજનારા છે તેના મનોરથોને પૂર્ણ કરે છે પણ નહિ ભજનારાના મનોરથને પૂર્ણ કરતો નથી. તેની પેઠે પુરુષોત્તમ શ્રીહરિ પણ વર્તે છે. જે કલ્પવૃક્ષ છે તે તો પરિમિત કામોને પૂર્ણ કરે છે. પોતાના આત્માને આપતો નથી. પ્રસન્ન શ્રીહરિ તો સમગ્ર મનોરથોને અને પોતાના આત્માને પણ આપી દે છે. કલ્પવૃક્ષ થકી ભગવાનનો આવો વિશેષ છે. પર વર્ણવ્યા મુજબનું શ્રીહરિનું માહાત્મ્ય સમજીને 'સર્વના સ્વામી એક

શ્રીહરિ છે' એમ પણ સમજીને, જે નર ભગવાનને દાસભાવથી ભજે છે તે આત્યંતિક કલ્યાણને પામે છે ॥ માટે પોતાના જીવાત્માને ત્રણ દેહ થકી વિલક્ષણ, માટે જ બ્રહ્મરૂપ (શુદ્ધ) અને 'ब्रह्माऽहं कृष्णदासोऽस्मि' એમાં કહ્યા મુજબ ભગવાનના દાસપણે સર્વ ઈશ્વરોના ઈશ્વર એવા શ્રીહરિની ભક્તિને કરે. એટલું તાત્પર્ય છે ॥ ૭૪-૭૮ ॥

निजात्मत्वेन सर्वैश्वर्ययोगेन तथा हरेः ।
दिव्यनित्यस्वरूपस्योपासनं मोक्षकृन्मतम् ॥ ७९ ॥
उपासनं च भजनं सेवनं चेति कीर्तितम् ।
मोक्षसाधनमेकं तु नानाशब्दैर्महर्षिभिः ॥ ८० ॥
मानसं ध्यानमित्युक्तं वाचिकं स्तवनं मतम् ।
अर्चनादि विनिर्दिष्टं कायिकं भजनं हरेः ॥ ८१ ॥
प्रेमपूर्वं कृतं ध्यानं स्तवनं चार्चनं तथा ।
भक्तिरित्युदितं सद्भिः श्रीहरौ पुरुषोत्तमे ॥ ८२ ॥

દિવ્ય નિત્ય સ્વરૂપ જેમનું છે એવા શ્રીહરિનું પોતાના આત્માપણે તથા સર્વ ઐશ્વર્યે સંપન્નપણે કરાતું જે ઉપાસન તે મોક્ષને આપનારૂં માન્યું છે ॥ મોક્ષનું સાધન મહર્ષિઓએ ઉપાસન ભજન સેવન એવા અનેક શબ્દોથી કહ્યું છે, પણ વસ્તુતાએ તે શબ્દો એક જ અર્થને કહેનારા છે. તેમાં જે ધ્યાન છે તે માનસ (મન વડે સાધ્ય) છે, જે સ્તવન છે તે વાચિક છે. જે શ્રીહરિનું પૂજનાદિ છે તે કાયિક ભજન કહ્યું છે ॥ પુરુષોત્તમ શ્રીહરિમાં પ્રેમપૂર્વક કરાતું ધ્યાન, સ્તવન અને પૂજન, તે 'ભક્તિ છે' એમ સંતો કહે છે. 'प्रेमपूर्वमनुध्यानं भक्तिरित्यभिधीयते' એવું વચન છે ॥ ૭૯-૮૨ ॥

उपासनाश्च बहुधा वेदान्तेषु प्रकीर्तिताः ।
मोक्षसाधनरूपास्तु ध्रुवानुस्मृतिलक्षणाः ॥ ८३ ॥
यत्रैकां समुपासीनो परं विन्दति वै पदम् ।
निर्गुणं त्वभयस्थानं परमानन्दकारकम् ॥ ८४ ॥
तदेतत् श्रीहरेर्ध्यानमेकधारं निरन्तरम् ।
परिपाकात् दृष्टिरूपं भक्तिभावाद्रसात्मकम् ॥ ८५ ॥
अनेककालसंसाध्यं तपोज्ञानार्चनादिना ।
योगाङ्गसेवया लभ्यं परविद्येति विश्रुतम् ॥ ८६ ॥

વેદાંતમાં ઉપાસનાના બહુ પ્રકારો (બત્રીશ) કહ્યા છે. મોક્ષના સાધનભૂત જે ઉપાસનાઓ છે તે તો **'उपासनं स्यात् ध्रुवा स्मृतिः'** આમાં કહ્યા મુજબ અખંડ સ્મૃતિરૂપ સમજવું ઘટે. જેમાંથી હરકોઈ ઉપાસનને કરનારો મનુષ્ય, માયાના સત્વાદિ ગુણે રહિત, જેમાં કાળ માયા આદિકનો ભય નથી અને પરમાનંદને કરનાર છે એવા સ્થાનભૂત પરં પદને પામે છે. શ્રીહરિનું જે આ ધ્યાન કહ્યું તે તૈલધારાવત્ અવિચ્છિન્ન નિરંતર કરવું. (બીજો કોઈ સંકલ્પ વચ્ચે આવે નહિ) ધ્યાનની પરિપકવ દશા થતાં તે ધ્યાન, દર્શન સમાકાર થાય છે અને ભક્તિભાવવાળું હોવાથી રસાત્મક થાય છે. આવું ધ્યાન તો તપ જ્ઞાન પૂજનાદિ વડે અનેક કાળ સાધ્ય છે. સ્વલ્પ કાળમાં સાધી શકાતું નથી. યોગના અંગભૂત યમાદિકના સેવનથી એવા ધ્યાનની સિદ્ધિ થાય છે. જેની 'પરાવિદ્યા' એવા નામથી વિખ્યાતિ છે ॥

આ પ્રકરણમાં આટલું અવશ્ય સમજવું ઘટે—પરમાત્માની પ્રાપ્તિના ઉપાયોમાં ભક્તિજ મુખ્ય માની છે. **'तमेव विदित्वा' 'ऋते ज्ञानान्न मुक्तिः'** આ શ્રુતિએ મુક્તિના હેતુપણે કહેલું જે જ્ઞાન તે કેવળ વાકયાર્થ જ્ઞાનરૂપ નહિ, પણ તેથી જુદુજ છે. જે **'ओमित्यात्मानं ध्यायथ' 'आत्मानमेव लोकमुपासीत'** ઇત્યાદિ શ્રુતિએ ધ્યાન ઉપાસન શબ્દથી કહેલું છે. શ્રુતિમાં કોઈ સ્થળે જ્ઞાન શબ્દથી ઉપક્રમ કરીને ઉપાસન શબ્દથી

ઉપસંહાર કરે છે. અને કોઈ સ્થળે ઉપાસન શબ્દથી ઉપક્રમ કરીને જ્ઞાન શબ્દથી ઉપસંહાર કરે છે. આ જોતાં જ્ઞાન કે ઉપાસન એકાર્થમાં છે. એવી સ્થિતિ હોવાથી વૃત્તિકાર '**वेदनमुपासनं स्यात्**' એમ વેદનને ઉપાસન કહે છે. '**ध्यायथ**' શબ્દથી જે ધ્યાન કહ્યું તે '**ध्रुवा स्मृतिः**' આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે તૈલધારાવત્ અવિચ્છિન્ન સ્મૃતિસંતતિરૂપ સમજવું. આ અર્થપણ '**उपासनं स्यात् ध्रुवानुस्मृतिः**' એમ વૃત્તિકારે જણાવ્યો છે. મોક્ષના ઉપાયપણે કહેલી આ અખંડિત સ્મૃતિપણ દર્શનસમાનાકાર (પ્રત્યક્ષ દર્શન જેવી) કરવાની જાણવી. અતિશય ભાવનાને લીધે સ્મૃતિની દર્શન–રૂપતા '**तस्मिन् दृष्टे परावरे**' '**आत्मा वाऽरे द्रष्टव्य...निदिध्यासितव्यः**' આ શ્રુતિએ કહી છે. આ રીતે પ્રત્યક્ષતાને પામેલી અખંડિત સ્મૃતિપણ કેવળ શુષ્ક નહિ પણ પ્રીતિપણાને પામેલી કરવાની જાણવી '**प्रेमपूर्वमनुध्यानं भक्तिरित्यभिधीयते**' આમાં પ્રેમપૂર્વકના ધ્યાનને **ભક્તિ**શબ્દથી કહી છે, માટેજ ગીતામાં '**भजतां प्रीतिपूर्वकं**' '**प्रियो हि ज्ञानिनोऽत्यर्थं**' એમ ભગવાન્ કહે છે. સેવાનો પણ એમાંજ સમાવેશ સમજવો. માટેજ '**भजधातोऽस्तु सेवार्थः प्रेम क्तिन् प्रत्ययस्यस्य च । स्नेहेन भगवत्सेवा भक्तिरित्युच्यते बुधैः**' એમ શ્રીહરિએ ભક્તિનું લક્ષણ કર્યું છે. એવી વ્યવસ્થા હોવાથી '**भजते सेवते उपासते**' એમ ગીતાભાષ્યમાં ત્રણેય શબ્દોને પર્યાય તરીકે કહે છે. તે સાક્ષાત્કાર રૂપની પ્રીતિરૂપ બનેલી જે ધ્રુવાનુ–સ્મૃતિ તે ભક્તિશબ્દથી કહેલી જાણવી. આ રીતે સામાન્ય વિશેષ ન્યાયથી જ્ઞાન કેવું ? તો ઉપાસનરૂપનું, ઉપાસન કેવું ? તો સ્મૃતિરૂપનું, સ્મૃતિ કેવી ? તો પ્રીતિપૂર્વકની, એમ જ્ઞાન ઉપાસન ધ્યાન સ્મૃતિ દર્શન આદિક શબ્દોની પ્રીતિપર્યાય ભક્તિમાં વિશ્રાંતિ છે. પ્રીતિ પ્રેમ સ્નેહ હેત અનુરાગ આસક્તિ આદિક શબ્દો ભકિતનાજ પર્યાયો છે. એમ સંગતિ કરવાથી જ્ઞાન ધ્યાન ઉપાસન સ્મૃતિ દર્શન સેવા પ્રીતિ ભકિત આદિકને મોક્ષોપાયપણે કહેનારી ભિન્ન ભિન્ન શ્રુતિ–સ્મૃતિઓની વિના વિરોધે એકાર્થતા થાય છે. આ અર્થ '**वेदनं ध्यानविश्रान्तं ध्यानं श्रान्तं ध्रुवास्मृतौ । सा च दृष्टित्वमभ्येति दृष्टिर्भक्तित्वमृच्छति**' આ અભિવ્યકિતમાં વ્યકત છે. એમ હોવાથીજ શ્રીહરિએ '**तस्यैव सर्वथा भक्तिः कर्तव्या मनुजैर्भुवि । निःश्रेयसकरं किञ्चित्ततोऽन्यन्नेति दृश्यताम्**' એમ અન્ય ઉપાયોની નિઃશ્રેયસ કરતાનો પ્રતિષેધ કરવાપૂર્વક એક ભકિતનીજ નિઃશ્રેયસકરતા નિરૂપીછે. આ રીતે

પરમાત્માની પ્રાપ્તિમાં ભક્તિજ મુખ્ય ઉપાય નિશ્ચિત થાય છે ॥ '**भक्त्या सञ्जातया भक्त्या**' આ ભાગવત વચનથી બે પ્રકારની ભક્તિ પ્રતીત થાય છે તે તો સાધ્ય-સાધન ભેદથી સમજવી પડે. '**श्रवणं कीर्तनं विष्णोः**' આ વચનથી કહેલા જે શ્રવણાદિ નવ પ્રકારો તે ભક્તિને સાધી આપનારા હોવાથી તેને સાધન ભક્તિ કહે છે. આ સાધન ભક્તિથી સિદ્ધ કરાતી જે નિરતિશય પ્રેમલક્ષણા તે સાધ્ય ભક્તિ કહેવાય છે. આ તો બહુધા ગોપિજનોમાં વર્ણવી છે. ખરી રીતે ભક્તિ તો પ્રેમ લક્ષણા છે. શ્રવણાદિક તો તેનાં સાધનો છે. ક્રિયાત્મિકા ભક્તિ હોઈ શકે નહિ. સાધનમાં જે ભક્તિ શબ્દનો પ્રયોગ છે તે ઉપચારથી સમજવો ઘટે. આ પ્રેમલક્ષણા ભક્તિ એકાંતિકી અને આત્યંતિકી કરવાની જાણવી. ભગવાન થકી અન્ય દેવમાં કે ફળમાં પ્રેમાનુબન્ધ બાંધ્યા વિના એક ભગવાનમાં જ અનન્ય ભાવથી પ્રવર્તતી ભક્તિને એકાંતિકી કહે છે. ફળ દશામાં પણ નહિ નિવૃત્તિ પામનારી ભક્તિને આત્યંતિકી કહે છે. આવી ભક્તિને જણાવનારા નિત્યયુક્ત, એકભક્તિ, એકાંતિક, અનન્યદૈવત, અહૈતુકી ઇત્યાદિ શબ્દો શાસ્ત્રોમાં મુકયા છે. આનેજ પતિવ્રતા ભક્તિ કહે છે. આવી ભક્તિ થકી ભાગવત ધર્મ કે એકાંતિક ધર્મ જુદો નથી. આવી ભક્તિની સિદ્ધિ માટે ધર્મ, આત્મજ્ઞાન, વૈરાગ્ય, માહાત્મ્ય જ્ઞાન વિગેરે સાધનો વર્ણવ્યાં છે. આ બધાં જ સાધનો પ્રાપ્ય પરમાત્માની પ્રાપ્તિના ઉપાયો છે ॥ ८૩-८૬ ॥

मुनय ऊचुः—

योगस्याङ्गानि कतिधा कीर्तितानि महर्षिभिः ।
किञ्चैव लक्षणं तेषां महायोगिन् ! वदाद्य नः ॥ ८७ ॥

મુનિઓ કહે છે—હે મહાયોગિન્ શતાનંદ મુને! ધ્યાન સિદ્ધિને કરી આપનારાં યોગાંગોનું સેવન કરવાનું કહ્યું, તો તે અંગો કેટલાં મહર્ષિઓએ કહ્યાં છે અને એનાં લક્ષણો શાં છે? તે તમો અમને હવે કહો ॥ ८૭ ॥

शतानन्दमुनिरुवाच—

भगवन्तमुपासीनो हरिकृष्णं कृपाकरम् ।
योगेश्वरेश्वरं योगगम्यं योगिनमुत्तमम् ॥ ८८ ॥

योगमर्मविदं योगिसिद्धिदं योगकारकम् ।
समापृच्छमहं योगस्वरूपं साङ्गलक्षणम् ॥ ८९ ॥

स च श्रीसहजानन्दस्वामी योगकलाकरः ।
भगवान् कृपया मह्यं योगं विस्तरशोऽवदत् ॥ ९० ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! કૃપાનિધિ ભગવાન્ શ્રીહરિના ઉપાસક એવા મેં યોગેશ્વરોના ઈશ્વિર, યોગ વડે ગમ્ય, યોગના રહસ્યને જાણનારા, યોગિઓને સિદ્ધિ આપનારા, યોગના પ્રવર્તક, સર્વોત્તમ યોગી, એવા શ્રીહરિના પ્રત્યે યમાદિ અંગોએ સહિત એવા યોગનું સ્વરૂપ પૂછ્યું હતું. એ ઉપરથી યોગકળાના નિધિભૂત એવા ભગવાન્ શ્રી સહજાનંદ સ્વામીએ કૃપા કરીને મને યોગનું સ્વરૂપ વિસ્તારથી કહ્યું હતું ॥૮૮-૯૦॥

तदङ्गानि समासेन वक्ष्ये वः साधुसत्तमाः ! ।
भक्तिर्ज्ञानं च योगेन सिद्धिमाप्नोति सद्व्रताः ॥ ९१ ॥

कृष्णे समाधिश्चित्तस्य योग इत्यभिधीयते ।
ततः कृष्णेतरस्मिन् वै वृत्तिरोधः प्रजायते ॥ ९२ ॥

अस्याङ्गान्यष्टधा प्रोक्तान्यागमज्ञैर्महर्षिभिः ।
यमाश्च नियमाश्चासनानि प्राणस्य संयमः ॥ ९३ ॥

प्रत्याहारो धारणा ध्यानं समाधिरिति स्फुटम् ।
मुख्या समाधिरन्ये तु मतास्तदुपकारकाः ॥ ९४ ॥

હે સાધુવર્યાઃ ! તે યોગનાં અંગો સદ્વ્રતવાળા તમોને સંક્ષેપથી કહું છું, જે યોગથી ભક્તિ તથા જ્ઞાનની સિદ્ધિ થાય છે. ભગવાનમાં ચિત્તવૃત્તિના નિરોધરૂપ જે સમાધિ તેને યોગ કહે છે. એમ થતાં ભગવાન સિવાયનાં સમસ્ત પદાર્થોમાં ચિત્તવૃત્તિનાં પ્રસર અટકી જાય છે. આ યોગનાં આઠ અંગો, યોગાશાસ્ત્રજ્ઞ મહર્ષિઓએ કહ્યાં છે. યમ, નિયમ,

આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ, આ આઠ અંગો નામવાર જાણવાં. તેમાં મુખ્ય સમાધિ છે. બીજાં તો તેને ઉપકાર કરનારાં માન્યાં છે. સમાધિની સિદ્ધિ કરી આપનારાં સાધનો છે ॥ ૯૧-૯૪ ॥

हिंसादिपापकर्मभ्यः साधकं योग एव ये ।
स्वाश्रितं यमयन्त्यत्र ते यमाः परिकीर्तिताः ॥ ९५ ॥

अहिंसा सत्यमस्तेयं ब्रह्मचर्यं तथैव च ।
अपरिग्रह इत्येवं यमाः पञ्च प्रकीर्तिताः ॥ ९६ ॥

અનુષ્ઠાન કરેલા જેઓ યોગસાધક પુરુષને હિંસાદિ પાપકર્મો થકી પાછો વાળીને યોગમાં જ **યમયતિ**—સ્થિર કરી દે તે આ પ્રકરણમાં **યમો** કહ્યા છે ॥ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, આ નામના પાંચ **યમો** કહ્યા છે. કાય વાણી મનથી ક્યારેય પણ કોઇપણ દેશમાં કોઈ પણ સમયમાં કોઇપણ પ્રાણીને પીડા ન કરવી તે **અહિંસા** સમજવી. ધર્મ અધર્મના જ્ઞાન પૂર્વકજ સર્વેના હિત કરનારૂ યથાર્થ વચન બોલવું તે **સત્ય** સમજવું. ધણીએ નહિ આપેલા પારકા પદાર્થનું પરોક્ષમાં કે અપરોક્ષમાં હરણ ન કરવું તે **અસ્તેય** જાણવું. સ્રીસંગનો શ્રવણાદિ અષ્ટ પ્રકારે જે ત્યાગ તે **બ્રહ્મચર્ય** જાણવું. દેહ પોષણ માત્રમાં ઉપયોગી પદાર્થો થકી અન્ય પદાર્થનો પરિત્યાગ કરવો તે **અપરિગ્રહ** જાણવો ॥૯૫-૯૬ ॥

निषिद्धेभ्यो निवृत्तिस्तु सङ्क्षेपाद्यमलक्षणम् ।
निवर्त्य काम्यधर्मेभ्यो मोक्षधर्मेषु मानवम् ॥ ९७ ॥

ये वै नियमयन्त्यत्र नियमास्तेऽपि पञ्चधा ।
शौचं तपश्च सन्तोषः स्वाध्यायश्चेश्वरार्चनम् ॥ ९८ ॥

हर्यर्पणधिया धर्मप्रवृत्तिर्नियमस्य वै ।
लक्ष्म सङ्क्षेपतो ज्ञेयमासनं बहुधा स्मृतम् ॥ ९९ ॥

तत्रैकं सुकरं ग्राह्यमात्मनो योगसिद्धये ।
प्राणशब्देन तु तथा शारीरो वायुरुच्यते ॥ १०० ॥

आयामो निग्रहस्तस्य प्राणायामस्ततः स्मृतः ।
यतोयतो बहिर्धावतीन्द्रियं बाह्यमेव च ॥ १०१ ॥

ततस्ततः समाकृष्य मनस्येव नियोजयेत् ।
प्रत्याहारस्त्वयं ज्ञेयः क्षेपाभावो यतो भवेत् ॥ १०२ ॥

નિષિદ્ધથકી નિવૃત્તિ પામવી એ સંક્ષેપમાં યમોનું લક્ષણ છે. અનુષ્ઠાન કરેલા જેઓ ત્રૈવર્ગિક કામના વિષય ધર્મોથકી યોગિજનને પાછો વાળીને મોક્ષોપયોગી ધર્મોમાં **नियमन्ति**–અવસ્થાપે છે તે આ પ્રકરણમાં **નિયમો** કહ્યા છે. એ શૌચ, તપ, સંતોષ સ્વાધ્યાય, ઈશ્વિરાર્ચન, આ રીતે પાંચ પ્રકારના માન્યા છે. તેમાં શૌચ બાહ્ય આંતર એવા ભેદથી બે પ્રકારનું માન્યું છે, તેમાં મૃત્તિકા જળ વડે કરાય તે બાહ્ય અને અસૂયાદિ મનોમળે રહિતપણું તે **આંતર** જાણવું. કૃચ્છ્ર ચાંદ્રાણાદિ વ્રતો વડે શરીરનું શોષણ તે **તપ** માન્યું છે. તથા '**मनसश्चेन्द्रियाणां च ऐकाग्र्यं परमं तपः**' આમાં કહ્યા પ્રમાણે ઇન્દ્રિયો મનનું જે એકાગ્રપણું–આત્મસન્મુખ મનના અવિરોધથી ઇન્દ્રિયોની સ્થિતિ તે પણ **પરમ તપ** માન્યું છે. ઈશ્વિરેચ્છાથી મળેલા અન્ન વસ્ત્રાદિકથી જે તુષ્ટિ તે **સંતોષ** કહ્યો છે. ભગવાનમાં ભક્તિ પૂર્વક ઉપનિષદોનો કે બીજા ભક્તિ શાસ્ત્રનો યથાશક્તિ પાઠ કરવો તે **સ્વાધ્યાય** કહ્યો છે. પ્રીતિયુક્ત મનથી શ્રીહરિનું નિત્ય ચિંતન તથા વચનથી તેમના ગુણોની સ્તુતિ તથા શરીરથી, પુષ્પાદિ વડે તેમની પૂજા, આ સઘળું **ઈશ્વિરાર્ચન** માન્યું છે. આ રીતે પાંચ નિયમોનું લક્ષણ છે. સર્વ ક્રિયાઓનું પરમેશ્વરમાં ફળાનુસંધાન રહિત જે સમર્પણ ને નિયમનું સંક્ષિપ્ત લક્ષણ જાણવું. આસનો તો ૮૪, તેમાં પણ ૩૦, તેમાં પણ ૧૪, એમ બહુ પ્રકારનાં માન્યાં છે. તેમાંથી પોતાથી સુખેથી કરી શકાય એવું હરકોઈ આસન યોગસિદ્ધિ માટે ગ્રહણ કરવું. યોગિજને યોગસિદ્ધિ માટે જે વસ્ત્ર મૃગચર્મ

આદિક ઉપર બેસીએ અથવા જે સ્વસ્તિકાદિકથી બેસીએ તે **આસન** માન્યું છે. પ્રાણ શબ્દથી તો શરીરની અંદર સંચરતો વાયુ કહ્યો છે. તેનો જે નિગ્રહ તે આયામ કહ્યો છે. મળીને **પ્રાણાયામ** કહ્યો છે. આ પ્રાણાયામ, સગર્ભ અગર્ભ એવા ભેદથી બે પ્રકારનો કહ્યો છે. તેમાં પ્રણવાદિ મંત્ર અને ભગવદ્ ધ્યાને સહિત તે **સગર્ભ** અને તે બન્નેએ રહિત તે **અગર્ભ** જાણવો. અગર્ભ કરતાં સગર્ભ શ્રેષ્ઠ માન્યો છે. શ્રોત્રાદિ સર્વ ઇન્દ્રિયો, જે જે પોતાના શ્રવણાદિ બાહ્ય વિષયોમાં જતાં રહે તેને ત્યાંથી ત્યાંથી ખેંચી લાવીને આત્માભિમુખ મનમાં જોડવાં તે **પ્રત્યાહાર** જાણવો. એમ કરવાથી ઇન્દ્રિયોનો ક્ષોભ મટી જાય છે. એ પ્રત્યાહારનું ફળ છે ॥ ૯૭-૧૦૨ ॥

चित्तस्य धारणं रूपे श्रीहरेर्मङ्गलास्पदे ।
धारणा कथिता सेयं ध्यानसिद्धिर्यतो भवेत् ॥ १०३ ॥
ध्यानं च श्रीहरेरेकधारं सम्यक् विचिन्तनम् ।
षडङ्गाभ्यासतः क्षीणदोषे स्वान्ते समुद्भवेत् ॥ १०४ ॥

શ્રીહરિના મંગળાસ્પદ રૂપમાં ચિત્તને સ્થિર ધારી રાખવું તેને **ધારણા** કહે છે. આવી ધારણા કરવાથી ધ્યાનની સિદ્ધિ થાય છે. એ ધારણાનું ફળ માન્યું છે. શ્રીહરિની મૂર્તિનું તૈલ ધારાવત્ અવિચ્છિન્ન સમ્યક્ ચિંતન કરવું તે **ધ્યાન** કહ્યું છે. આવું ધ્યાન, ઉકત યમાદિ છ અંગોનો અભ્યાસ કરવાથી મનને મલિન કરનારા દોષો ક્ષીણ થતાં પોતાના મનમાં સિદ્ધ થાય છે ॥ ૧૦૩-૧૦૪ ॥

भास्वत्कोटिसमप्रभं सुवदनं सत्पद्मपत्रेक्षणं
श्रीवत्साङ्कितवक्षसं सुवसनं पद्माङ्घ्रिपाणिं शुभम् ।
सर्वालङ्कृतिभूषणं सुमुकुटं कर्णोल्लसत्कुण्डलं
ध्यायेच्छ्र्यादिसमग्रशक्तिसहितं श्रीवासुदेवं हृदि ॥ १०५ ॥

ધ્યાનનો પ્રકાર કહે છે—કોટિ સૂર્યસમાન પ્રભાવાળા, પ્રસન્ન મુખારવિંદવાળા, પ્રફુલ્લિત કમળપત્ર તુલ્ય લોચનવાળા, શ્રીવત્સ ચિહ્નથી

સમલંકૃત વક્ષઃસ્થળવાળા, પીતાંબરને ધારી રહેલા, કમળ કોમળ ચરણ હસ્તવાળા, સમસ્ત આભૂષણો વડે સમલંકૃત, મુકુટ વડે ઉજ્જવ મસ્તકવાળા, મકરાકાર કુંડળથી અલંકૃત કર્ણવાળા, લક્ષ્મી રાધા આદિક સમગ્ર શક્તિઓએ સેવાતા, આવા શુભાશ્રય શ્રીવાસુદેવનું હૃદયમાં ધ્યાન કરવું ॥ ૧૦૫ ॥

अवतारस्वरूपाणि यानि जातानि तस्य वा ।
तदेकतरमर्चां वा यथादृष्टां विभावयेत् ॥ १०६ ॥
सर्वैश्वर्ययुतं धामस्थितरूपैक्यभावतः ।
रूपं हरेस्तु यत्किञ्चित् ध्यायन् बन्धात्प्रमुच्यते ॥ १०७ ॥

તે તે ભગવાન્ વાસુદેવનાં જે અવતાર રૂપો પૃથ્વી ઉપર પ્રકટ થયાં હોય તેમાંથી હરકોઈ એકને અથવા જેનાં દર્શન કર્યાં હોય એવી પ્રતિમાનું ધ્યાન કરે. ધામમાં રહેલા દિવ્ય રૂપની સાથે એકતા સમજીને તથા સર્વ ઐશ્વર્યે સંપન્નપણે સમજીને (અપરરૂપને પણ પર રૂપ સમજીને) શ્રીહરિના યત્કિંચિત્ રૂપનું પણ ધ્યાન કરે તો ભવબંધન થકી પ્રમુક્ત થાય છે ॥ ૧૦૬-૧૦૭ ॥

ध्यानस्य परिपाकस्तु समाधिरिति कथ्यते ।
न भाति यत्र ज्ञात्रादिर्भाति वै ज्ञेयमात्रकम् ॥ १०८ ॥

અખંડિત સ્મૃતિ સંતતિરૂપ પ્રેમપૂર્વકનું જે ધ્યાન તેની જે પરિપકવ દશા તેને 'સમાધિ' એમ કહેવામાં આવે છે. જે સમાધિમાં જ્ઞાતા 'હું' એનું ભાન રહેતું નથી (અર્થાત્ ધ્યાતા જે આત્મસ્વરૂપ તેનું પણ ભાન હોતું નથી) ફક્ત જ્ઞેય જે પરમાત્મા તેનું જ ભાન રહે છે. યોગનાં આઠ અંગો આ રીતે જાણવાં ॥ ૧૦૮ ॥

एवं समाधिसिद्धो वै सर्वत्र हरिमीक्षते ।
देहान्ते च परं धामाक्षरं वै प्रतिपद्यते ॥ १०९ ॥

अभ्यसन् योगमेवं तु प्रत्यहं चिन्तयन् हरिम् ।
परमां भक्तिमापन्नो भवबन्धात् प्रमुच्यते ॥ ११० ॥

इत्येवं कथितो योगः साङ्गो वस्तु समासतः ।
उध्धृत्य योगतन्त्राद्यो मह्यं श्रीहरिवर्णितः ॥ १११ ॥

જેને સમાધિની સિદ્ધિ થઈ છે એવો યોગી, સર્વત્ર શ્રીહરિને જ જુવે છે. બીજું કાંઈ બાહ્યને જોતો નથી. અને દેહને અંતે પરધામ અક્ષરને નિશ્ચે પામે છે. ઉપર્યુક્ત પ્રકારે યોગનો અભ્યાસકર્તા અને પ્રતિદિન શ્રીહરિનું ધ્યાન કર્તા યોગી શ્રીહરિમાં પરમા ભક્તિને પામતાં અનાદિ ભવ બંધનથી પ્રમુક્ત થાય છે. હે મુનિઓ! યોગ શાસ્ત્રમાંથી ઉદ્ધાર કરીને મારા પ્રત્યે શ્રીહરિએ વિસ્તારથી વર્ણવેલો સાંગ યોગ, ઉપર પ્રમાણે મેં તમોને સંક્ષેપમાં કહ્યો (સ. પ્ર. ૫) ॥૧૦૯-૧૧૧ ॥

यः साक्षात्परमः पुमान् शुभगुणस्त्रय्यन्तसंविश्रुतः
नित्यानन्तमहाविभूतिरमलः सृष्टयादिलीलो वशी ।
यं स्वान्ते निजधर्मपावित उरुप्रेम्णाऽञ्जसा पश्यति
ध्याता, तं हरिकृष्णमीश्वरमहं ध्यायामि मुक्तिप्रदम् ॥११२॥

इति श्रीमदाध्यात्मिकतत्त्वाख्याने भक्तिप्रकरणे हर्युपासनायोग निरूपणं नाम पञ्चविंशतितमोऽध्यायः ॥ २५ ॥

જે ભગવાન્ સાક્ષાત્ પરમ પુરુષ હોઇને, જ્ઞાનાદિ તથા કારુણ્યાદિ સર્વ શુભ ગુણોએ સંપન્ન, વેદાંતમાં અતિ વિખ્યાત, નિત્ય અનંત વિભૂતિવાળા, જગત્‌ની ઉત્પત્તિ સ્થિતિ લય લીલાવાળા, સર્વના નિયતા અને નિત્ય નિર્દોષ છે. જેમને સ્વધર્મથી પરમ પવિત્ર એવો ધ્યાતા જન, નિરતિશય પ્રેમથી તત્વતઃ અંતરમાં અખંડ જુવે છે. એવા મુક્તિદાતા સર્વેશ્વર શ્રીહરિકૃષ્ણનું હું ધ્યાન કરું છું ॥ ૧૧૨ ॥

ઇતિશ્રી...શાસ્ત્રી હરિજીવનદાસકૃતગુર્જરાનુવાદે પચીસમો અધ્યાયઃ ॥ ૨૫ ॥

षड्विंशातितमोऽध्यायः ।

मुनय ऊचु :—

उपास्तिभेदस्त्वय्यन्तश्रुतो योगाङ्गसिद्धितः ।
सम्पाद्यो दुष्करो ह्येष कथितो भवता मुने ! ॥ १ ॥
जितेन्द्रियैरयं योगः सुकरो मुनिसत्तम ! ।
इतस्ततः प्रधावद्भिरिन्द्रियैः साध्यते कथम् ॥ २ ॥
कथञ्चिन्निगृहीतेऽपि बाह्येन्द्रियगणे मुने ! ।
स्वान्तं वियषसङ्गयेतदुर्ग्रहं ह्यतिचञ्चलम् ॥ ३ ॥
जितेन्द्रियाणां मुख्योऽपि मध्यमः पाण्डवोऽर्जुनः ।
मनो दुर्निग्रहं प्राह परेषां का कथा मुने ! ॥ ४ ॥
तस्मात्सुकरमन्यं तु मोक्षोपायं वदाधुना ।
यतो युज्यते सर्वोऽपि नरो निःश्रेयसाध्वनि ॥ ५ ॥

મુનિઓ કહે છે—હે શતાનંદ મુને ! યોગનાં યમાદિ અંગોને સિદ્ધ કરીને હરકોઈ વેદાંતવિખ્યાત ઉપાસના સંપાદન કરવી એમ તમોએ કહ્યું. પરંતુ આતો દુષ્કર જણાય છે. હે મુનિવર્ય ! જીતેન્દ્રિય જનોએ આ યોગ સુખેથી સાધી શકાય. પરંતુ જેનાં ઇન્દ્રિયો અહીં તહીં વિષયો પ્રત્યે દોડયા કરતાં હોય એવા જનોથી એ યોગ કેમ સાધી શકાય ? ન જ સાધી શકાય ॥ મહા મહેનતે કોઈ પ્રકારે ચક્ષુરાદિ બાહ્ય ઇન્દ્રિયગણને વશ કરે પરંતુ વિષયોમાં અનાદિ કાળથી વ્યાસકત એવું મન તો અતિ ચંચળ હોવાથી વશ કરી શકાય એવું નથી. જીતેન્દ્રિય જનોમાં મુખ્ય મનાતા એવા પણ મધ્યમ પાંડવ અર્જુન, 'चञ्चलं हि मनः कृष्ण ! प्रमाथि बलवत् दृढम् । तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम्' એમ મનને દુર્નિગ્રહ કહે છે. તો બીજાની સામાન્યની તો વાત જ શી કરવી ! આવી

દુષ્કર સ્થિતિ હોવાથી સુખેથી સાધી શકાય એવો બીજો કોઈ મોક્ષોપાય હમણાં અમોને કહો, જેથી જે કોઈ સામાન્ય મનુષ્ય પણ મોક્ષના માર્ગમાં સુખેથી જોડાય. પાછો પડે નહિ ॥ ૧-૫ ॥

शतानन्दमुनिरुवाच—

वेदान्ते प्रथितो मोक्षमार्गः सत्यं सुदुष्करः ।
समाधिसिद्धिः कालेन महता कस्यचिद्भवेत् ॥ ६ ॥

अस्माकं गुरुरूपेण प्रकटः पुरुषोत्तमः ।
भगवान् सहजानन्दस्वामी योगेश्वरेश्वरः ॥ ७ ॥

असंसाधितयोगाङ्गानपि नानाविधान् जनान् ।
अकरोत्तु समाधिस्थान् कृपया परया विभुः ॥ ८ ॥

स्वैश्वर्यातिशयज्ञप्तिहेतवे भविनां पुनः ।
शोचतां भ्रमतामत्र स्वाश्रयस्य चिकीर्षया ॥ ९ ॥

संसारबन्धः सुदृढो नोच्छिद्येत कदाचन ।
समाश्रयाद्विना साक्षात् श्रीहरेः स्वस्य हीति वै ॥ १० ॥

समाधौ श्रीहरेर्दिव्यं माहात्म्यमधिकं पुनः ।
दृष्ट्वा ज्ञात्वा परेशं तमाश्रयन् मोक्षहेतवे ॥ ११ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! વેદાંતમાં પ્રસિદ્ધિપણે કહેલો જે મોક્ષમાર્ગ છે તે અત્યંત દુષ્કર છે એ બાબત સાચી છે. સમાધિની સિદ્ધિ તો બહુ કાળે કરીને કોઈક વિરલાનેજ થાય. જેને તેને થાય એવી સુકર નથી. આપણા ગુરુરૂપથી વિરાજમાન પ્રકટ પુરુષોત્તમ ભગવાન્ શ્રીસહજાનંદસ્વામી યોગેશ્વરોના ઈશ્વર છે તેમણે તો યોગનાં અંગોની અસિદ્ધિવાળા પણ નાનાવિધ જનોને પરમ કૃપાથી સમાધિનિષ્ઠ કરતા હતા. આ સંસારમાં શોચતા ભ્રમતા પુણ્યશાળી જનોને પોતાના નિરતિશય ઐશ્વર્યનું

જ્ઞાન કરાવીને પોતાનો આશ્રય કરાવવાની ઇચ્છાથી સમાધિ કરાવતા હતા. કારણ કે સાક્ષાત્ શ્રીહરિ એવા પોતાના આશ્રય વિના, સુદૃઢ સંસાર બંધનનો ઉચ્છેદ કદાપિ થાય નહિ એમ પોતે જાણતા હતા અને સમાધિમાં શ્રીહરિના દિવ્ય અધિક માહાત્મ્યને જોઈ જાણીને પરમેશ્વર એવા શ્રીહરિનો મોક્ષ માટે ઘણા જનોએ સમાશ્રય કર્યો પણ હતો ॥ ૯--૧૧ ॥

केचिदेनं चिदाकाशे प्राकृतात्तमसः परे ।
राधालक्ष्मीयुतं कृष्णं समैक्षन्त बृहत्पुरे ॥ १२ ॥
केचिदेनं समाधौ तु महावैकुण्ठधामनि ।
लक्ष्मीनारायणं देवमैक्षन्त् कृपयाऽस्य वै ॥ १३ ॥
अनेकभूतिसञ्जुष्टे गोलोके राधिकेश्वरम् ।
कृष्णमेनं परेऽपश्यन् रासमाण्डलभूषणम् ॥ १४ ॥
अव्याकृताख्ये धाम्न्येनं भूमानं पुरुषं परम् ।
ऐक्षन्ताष्टभुजं केचिद्दिव्यायुधसुशोभितम् ॥ १५ ॥
केचिदेनं रमायुक्तं विष्णुमैक्षन्त वै हरिम् ।
वैकुण्ठभवने तार्क्ष्यविश्वक्सेनादिसेवितम् ॥ १६ ॥
केचिदेनं महःपुञ्जे श्वेतद्वीपे महेश्वरम् ।
युक्तं मुक्तैर्निरन्नाख्यैर्वासुदेवं व्यलोकयन् ॥ १७ ॥

કોઈ જનોએ સમાધિમાં પ્રાકૃત તમથકી પાર વર્તતા ચિદાકાશ બ્રહ્મપુરમાં રાધા લક્ષ્મી વિશિષ્ટ શ્રીકૃષ્ણરૂપે શ્રીહરિને નિરખ્યા. કોઈએ તો સમાધિમાં મહા વૈકુંઠ ધામમાં લક્ષ્મીનારાયણ દેવરૂપે શ્રીહરિને એમની કૃપાથી જોયા ॥ કોઈએ અનેક વિભૂતિઓએ વિશિષ્ટ એવા ગોલોક ધામમાં રાધિકાપતિ, રાસમંડલભૂષણ શ્રીકૃષ્ણરૂપે શ્રીહરિને દેખ્યા. કોઈએ તો અવ્યાકૃત નામના ધામમાં અષ્ટભુજધારી, દિવ્ય આયુધો વડે શોભિત એવા

ભૂમા પુરુષરૂપે શ્રીહરિને ભાળ્યા. કોઈએ તો આ શ્રીહરિને વૈકુંઠ ભવનમાં ગરુડ વિશ્વક્શેન શેષ આદિક પાર્ષદોએ સેવાતા લક્ષ્મીયુકત વિષ્ણુરૂપે નિહાળ્યા. કોઈએ તો તેજઃપુંજમાં શ્વેતદ્વીપ ધામમાં નિરન્ન મુક્તોએ સેવાતા પરમેશ્વર શ્રીવાસુદેવરૂપે શ્રીહરિને અવલોકયા ॥ ૧૨-૧૭ ॥

क्षीराब्धौ शेषपर्यङ्के श्रीसेवितपदाम्बुजम् ।
योगनिद्रां वितन्वानमैक्षन्तैनं तथाऽपरे ॥ १८ ॥
ऋषिमाद्यं तथाऽन्ये तु पावने बदरीवने ।
नरनारायणं देवमपश्यन् हरिमव्ययम् ॥ १९ ॥
अपरे यज्ञपुरुषं समैक्षन्ताग्निमण्डले ।
भगवन्तं हरिं त्वेनं स्रुक्स्रुवाद्युपलक्षितम् ॥ २० ॥
नारायणमुनिं त्वेनमपरे रविमण्डले ।
हिरण्यवर्णं पुरुषमैक्षन्त कमलेक्षणम् ॥ २१ ॥

બીજા કોઈએ ક્ષીર સાગરમાં શેષશય્યા ઉપર લક્ષ્મીએ સેવાતા ચરણ કમળ જેનાં છે એવા અને યોગનિદ્રાને સ્વીકારી રહેલા એવા રૂપે શ્રીહરિને દેખ્યા ॥ બીજા કોઈએ તો પવિત્ર બદરીકાશ્રમમાં વિરાજમાન આદ્ય ઋષિ નરનારાયણ દેવરૂપે અવ્યય શ્રીહરિને જોયા ॥ વળી બીજાએ તો અગ્નિમંડળમાં સ્રુક્ સ્રુવ આદિકથી ઓળખાતા ભગવાન યજ્ઞપુરુષરૂપે શ્રીહરિને જોયા ॥ બીજા કોઈએ સૂર્યમંડળમાં કમળના જેવા નેત્રો જેનાં છે એવા હિરણ્યમય પુરુષરૂપે શ્રીનારાયણમુનિને નિરખ્યા ॥ ૧૮-૨૧ ॥

विमुखानामपि तथा तत्तद्देवस्वरूपतः ।
समाधौ कारयामास योगेशः स्वस्य दर्शनम् ॥ २२ ॥
स्वकीयमखिलैश्वर्यं तत्तद्धामगतं परम् ।
यज्ञसंराध्यभावं च सर्वस्यापि प्रकाशनम् ॥ २३ ॥

विभूतिमेवं सन्दर्श्य भगवान् प्रकटो हरिः ।
सर्वान् मुमुक्षुजीवांस्तु निजाश्रयमकारयन् ॥ २४ ॥
निजाश्रयं कारयित्वा हरिभक्तांश्च कोटिशः ।
भक्तिं विस्तार्य तेष्वद्धा मुक्तबन्धान् चकार तान् ॥ २५ ॥

એજ રીતે વિમુખોને પણ સમાધિમાં તેમના ઈષ્ટદેવ રૂપે યોગેશ્વર શ્રીહરિએ પોતાનાં દર્શન કરાવ્યાં ॥ તે તે ગોલોકાદિ ધામોમાં રહેલું પોતાનું પારમેશ્વર્ય પ્રદર્શાવ્યું અને સર્વ યજ્ઞોમાં આરાધ્ય આ એક શ્રી હરિજ છે એવો પણ ભાવ સર્વની આગળ પ્રકાશ કર્યો ॥ પ્રકટ ભગવાન્ શ્રીહરિએ ઉપર પ્રમાણે પોતાની દિવ્ય વિભૂતિ બતાવીને સર્વ મુમુક્ષુ જીવોને પોતાનો સમાશ્રય કરાવ્યો ॥ લાખો હરિભક્તોને પોતાનો દૃઢ આશ્રય કરાવીને તેઓમાં પોતાની એકાંતિકી ભક્તિને પ્રવર્તાવીને તેઓને સંસારબન્ધને રહિત મુક્ત કર્યા ॥ ૨૨–૨૫ ॥

आश्रयश्च प्रपत्तिश्च शरणागतिरित्यपि ।
पर्यायशब्दा एते तु शास्त्रविद्भिर्निरूपिताः ॥ २६ ॥
हर्याश्रयणमेवैकं सुकरं मुक्तिसाधनम् ।
न योगा न तपांस्यद्धा सिद्ध्यन्तीह कलौ नृणाम् ॥ २७ ॥
कृतान्यनेन सर्वाणि तपांसि, नियमास्तथा ।
सर्वे तीर्थाः सर्वयज्ञाः, सर्वदानानि च क्षणात् ॥ २८ ॥
कृतान्यनेन, मोक्षश्च करस्थो यो हरिं श्रयेत् ।
आत्मनो हरिशेषत्वपारतन्त्र्यस्वरूपवित् ॥ २९ ॥

આશ્રય કહો, કે પ્રપતિ કહો, કે શરણાગતિ કહો, આ બધા શબ્દો પર્યાયવાચી છે એમ શાસ્ત્રવિદોએ નિરૂપ્યું છે. ગીતામાં **'मां हि पार्थ व्यपाश्रित्य' 'मामेव ये प्रपद्यन्ते' मामेकं शरणं व्रज'** એ ત્રણ શબ્દો એકાર્થમાં લીધા છે ॥ શાસ્ત્રોમાં મુકિતનાં સાધનો અનેક પ્રકારનાં વર્ણવ્યાં

છે. તેમાં શ્રીહરિનો સમાશ્રય એજ એક સુખેથી સાધી શકાય એવું મુક્તિસાધન છે ॥ યોગ, તપ એ આદિક સાધનો મુક્તિ માટે કહ્યાં છે પરંતુ તે સાધનો આ ઘોર કલિયુગમાં નરોથી સાધી શકાય તેમ નથી. જેણે ભગવાનનો સમાશ્રય કર્યો છે તેણે સર્વ તપો, નિયમો, સર્વ તીર્થો અને સર્વ યજ્ઞો અને સર્વ દાનો કર્યાં જાણવાં. આ સાધનો શરણવરણમાં આપોઆપ આવી જાય છે. 'હું પરમાત્માનો સ્વતઃ દાસ છું અને તેમને સર્વથા પરતંત્ર છુ" એમ સમજીને જે શ્રીહરિના શરણને પામ્યો છે તેના હાથમાં મોક્ષ પણ આવી ગયો છે. પૃથક્ કરવાનો રહેતો નથી. આ અર્થ '**मुख्योऽयं सर्वसिद्धिकृत्**' આ વાકયમાં સ્ફુટ છે ॥ ૨૬–૨૯ ॥

यद्येन कामकामेन न साध्यं साधनान्तरैः
मुमुक्षुणा यत् सांख्येन योगेन न च भक्तितः ॥ ३० ॥
तेन तेनाप्यते तत्तत्प्रपत्त्यैव हरौ सकृत् ।
परमात्मा च तेनैव प्राप्यते पुरुषोत्तमः ॥ ३१ ॥

જે કોઈ સકામી ભક્તે અન્ય સાધનોએ સાધી શકાય તેમ ન હોય તેમજ મુમુક્ષુએ સાંખ્ય કે યોગથી કે ભક્તિથી પ્રાપ્ત કરી શકાય તેમ ન હોય તે તે સઘળું તે તે જનથી શ્રીહરિની એકવાર પ્રપત્તિ કરવાથી જ પ્રાપ્ત કરાય છે. કિં બહુના પરમાત્મા પુરુષોત્તમપણ પ્રપન્ન જનેજ પ્રાપ્ત કરી શકાય છે. સર્વ ફળની પ્રાપ્તિમાં પ્રપત્તિજ પરમ સાધન છે ॥ ૩૦–૩૧ ॥

अहमस्मि तवैवेति प्रपन्नाय सकृत्स्वयम् ।
देवो नारायणः स्वामी ददात्यभयमुत्सुकः ॥ ३२ ॥
"सकृदेव प्रपन्नाय तवास्मीति च याचते ।
अभयं सर्वभूतेभ्यो ददाम्येतद्व्रतं मम " ॥ ३३ ॥
इत्याहाभयदातृत्वव्रतमात्मन उत्तमम् ।
पुरा लोकहितार्थायावतीर्णो राघवात्मना ॥ ३४ ॥

'હું તમારો જ છું" એમ એક જ વાર સ્વશરણને પામેલા ભકતને સ્વયં સ્વામી નારાયણ દેવ, ઉત્સાહથી 'તું ભય પામીશ નહિં' એમ અભયને આપે છે ॥ એક જ વાર શરણને પામેલા અને 'હું 'તમારો છું" એમ પ્રાર્થના કરતા ભકતને સર્વ ભૂતો થકી અભય આપું છું. આવું મારૂં દૃઢ વ્રત છે. આ રીતે પૂર્વે લોકહિતાર્થે શ્રી રામચંદ્રરૂપે પ્રાદુર્ભવેલા ભગવાને પોતાનું ઉત્તમ અભય આપવારૂપ વ્રત કહ્યું છે ॥૩૨-૩૪॥

'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ ३५ ॥
इत्याह भगवान् साक्षात् श्रीकृष्णः पुरुषोत्तमः ।
निजाश्रयणमेवैकं भवभीतिविनाशनम् ॥ ३६ ॥

હે અર્જુન! સર્વ ધર્મોનો ત્યાગ કરીને તું મારા એક શરણને જ પામ્ય. હું તને સર્વ પાપો થકી મુકાવીશ. તું કાંઈ શોક કરીશ નહિ ॥ આ રીતે સાક્ષાત્ પુરુષોત્તમ શ્રીકૃષ્ણે પોતાનો આશ્રય જ એક ભવભીતિને નિવારનારો છે એમ ગીતામાં અંતે કહ્યું છે ॥ ૩૫-૩૬ ॥

'आश्रयोऽति दृढः स्याच्चेत् श्रीकृष्णस्य नृणामिह ।
तेनैकेनैव भगवान् सम्प्रसीदति निश्चितम् ॥ ३७ ॥
कृष्णप्रसादहेतुभ्यः सर्वेभ्योऽपि महत्तरम् ।
एतद्धि साधनमिति ज्ञातव्यं श्रेय इच्छता ॥ ३८ ॥
'श्रेय आत्यन्तिकं यत्तद्धरेः साक्षात्समाश्रयात् ।
भवतीत्येव जानीदि नास्तीदृक् साधनान्तरम् ॥ ३९ ॥
इति श्रीसहजानन्दस्वामी च भगवान् स्वयम् ।
कृष्णाश्रयस्य माहात्म्यं बहुधाऽवर्णयत्प्रभुः ॥ ४० ॥

આ લોકમાં જો નરોને ભગવાનનો અતિ દૃઢ આશ્રય હોય તો તે

એક જ સાધને કરીને ભગવાન્ નિશ્ચે પ્રસન્ન થાય છે. ભગવાનને પ્રસન્ન કરવાનાં અનેક સાધનો કહ્યાં છે તે સર્વેથી મોટામાં મોટું સાધન ભગવાનનો આશ્રય છે એમ શ્રેયની ઇચ્છાવાળાએ સમજવું ।। શાસ્ત્રોમાં આત્યંતિક કલ્યાણ જે કહ્યું છે તે સાક્ષાત્ શ્રીહરિના સમાશ્રય થકી થાય છે એમ જ તમો નિશ્ચયથી જાણો. આશ્રય જેવું બીજું કોઈ સાધન નથી ।। આ પ્રકારે સ્વયં ભગવાન્ શ્રી સહજાનંદ સ્વામીએ ભગવાનના આશ્રયનો મહિમા બહુધા વર્ણવ્યો છે. આ બાબત વચ. પ્ર. ૩૩ તથા મધ્ય ૬૬ માં સ્પષ્ટ છે. **'मामेव ये प्रपद्यन्ते' 'मामेकं शरणं व्रज'** આ ગીતા શ્લોકને પ્રમાણપણે પરિગ્રહીને આશ્રયનું નિરૂપણ તે તે સ્થળે બહુધા કર્યું છે. જેથી ત્રણેય શબ્દોની એકાર્થતા છે. એમ ભગવાન્ શ્રીરામ, શ્રીકૃષ્ણ અને શ્રીહરિના વચનની એકાર્થતા છે ।। ૩૭–૪૦ ।।

नायं प्रपत्तियोगस्तु देशकालावपेक्षते ।

स एष देशः कालश्च यदेच्छा हरिसंश्रये ।। ४१ ।।

सर्वाधिकारिकः सोऽयं देहान्ते मुक्तिदायकः ।

सकृदेव तु कर्तव्यो दृढविश्वास शालिना ।। ४२ ।।

આ પ્રપત્તિયોગને માટે દેશકાળની અપેક્ષા નથી. બીજાં સાધનોમાં તો આ દેશમાં આ કાળમાં કરવાં એવો નિયમ છે. આમાં તો જ્યારે શ્રીહરિનો આશ્રય કરવાની ઇચ્છા થાય એજ દેશ કાળ કહ્યો છે. બીજાં સાધનોમાં અધિકારિનિમય છે. આમાં તો સર્વ કોઈને અધિકાર છે. દેહને અંતે આ યોગ મુક્તિને આપનારો થાય છે. બીજાં સાધનો દેહને અંતે મોક્ષ આપનારાં થતાં નથી. બીજાં સાધનો તો વારેવારે સાધવાં પડે છે. આ તો દૃઢ વિશ્વાસશાળી મુમુક્ષુએ એક વાર જ કરવો પડે છે. પ્રપત્તિમાં આ બધા વિશેષો માન્યા છે ।। આ બાબત **'प्राप्तुमिच्छन् परां सिद्धिं जनः सर्वो ह्यकिञ्चनः । श्रद्धया परया युक्तो हरिं शरणमाश्रयेत् ।। ब्रह्मक्षत्रविशः शूद्राः स्त्रियश्चान्तरजास्तथा । सर्व एव प्रपद्येरन् सर्वधातारमव्ययम्' 'न जातिभेदं न कुलं न लिङ्गं न गुणक्रियाः । न देशकालौ नावस्थां योगो ह्ययमपेक्षते ।।'** ઇત્યાદિ વચનોમાં વ્યક્ત છે ।। ૪૧–૪૨ ।।

अप्यपराधसहस्रेन पूर्णोऽशुद्धोऽघकर्मवान् ।
समाश्रयेदादिदेवं श्रद्धया शरणं यदि ॥ ४३ ॥
निर्दोष एव स ज्ञेयः प्रभावात्परमात्मानः ।
अकिञ्चनोऽनन्यगतिरपराधगणान्वितः ॥ ४४ ॥
स्वदोषाविष्कारपूर्वं सानुतापेन चेतसा ।
न मेऽस्ति धर्मनिष्ठा वै न च ज्ञानं न वा तव ॥ ४५ ॥
उपासनाऽस्ति त्वत्प्राप्तौ विहिता शास्त्रतस्तु या ।
नान्योऽस्ति रक्षकश्चापि संसारोद्धरणक्षमः ॥ ४६ ॥
त्वमेव पाहि मां विष्णो श्रीकृष्ण पुरुषोत्तम! ।
भक्तिधर्माऽऽनन्दन ! श्रीहरे ! त्वां शरणं गतम् ॥ ४७ ॥

ભલે હજારો હજાર અપરાધોએ પૂર્ણ, અશુદ્ધ, પાપ કર્મવાળો હોય પરંતુ જો આદિદેવ શ્રીહરિના શરણને શ્રદ્ધાથી સ્વીકારે તો તેને પરમાત્માના પ્રભાવને લીધે નિર્દોષજ સમજવો ॥ 'હું અકિંચન, અનન્યગતિ અને અપરાધમાત્રના સ્થાનભૂત છું' એ રીતે પોતાના દોષોને જણાવવા પૂર્વક અનુતાપવાળા ચિત્તથી 'મારામાં ધર્મનિષ્ઠા નથી, તમારૂ જ્ઞાન નથી, તમારી પ્રાપ્તિ માટે શાસ્ત્રોએ કહેલી ઉપાસના નથી' સંસાર સાગર થકી ઉદ્ધાર કરવા સમર્થ એવો બીજો કોઈ રક્ષક નથી. માટે હે વિષ્ણો શ્રીકૃષ્ણ પુરુષોત્તમ, હે ભક્તિધર્માનંદન શ્રીહરે! આપને શરણે આવેલો હું તે મારી રક્ષા તમોજ કરો. બીજો કોઈ કરે તેમ નથી. આ રીતે પ્રાર્થના કરે. આ અર્થ **'कालमायापापकर्म-यमदूतभयादहम् । श्रीकृष्णदेवं शरणं प्रपन्नोऽस्मि स पातु माम्'** આ શરણ મંત્રમાં સંગ્રહ્યો છે ॥ ૪૩-૪૭ ॥

शरणागतपाशमोचनं परमं त्वां करुणानिधिं हरिम् ।
अपहाय गतिर्न विद्यते भवसिन्धौ पतितस्य मेऽद्य वै ॥४८॥

अपराधगणान् मया कृतान् कृपया क्षन्तुमिहार्हसि प्रभो ! ।
अपराधिजनावने हरे ! प्रथिताः स्युः किल सद्गुणास्तव ॥४९॥
शरणागतवत्सल प्रभो ! कृपया छिन्धि हरे ! ममाद्य वै ।
जनिमृत्युभयार्तिदायकं भवबन्धं सुदृढं दुरुच्छिदम् ॥ ५० ॥
न पुनस्तव पादपद्मतस्त्वपरं किञ्चन वेद्मि साधनम् ।
त्वमतः स्वयमेव साम्प्रतं कृपया पाहि जनं त्विमं हरे ! ॥५१॥

શરણાગતોને સંસારપાશથકી મૂકાવનારા, પરમ કરુણાનિધિ શ્રીહરિ આપનો ત્યાગ કરીને, સંસારસિંધુમાં પડેલા મને હાલમાં બીજી કોઈ ગતિ (ઉપાય) નથી. આપજ એક ઉપાય છો ॥ હે પ્રભો ! મેં કરેલા અપરાધ ગણોને કૃપા કરીને ક્ષમા કરવા યોગ્ય છો ॥ હે હરે ! અપરાધિ જનોના રક્ષણ માટે તમારા કારુણ્ય, વાત્સલ્ય, ક્ષમા આદિક સદ્‌ગુણો પ્રખ્યાત છે ॥ શરણાગત વત્સલ હે પ્રભો ! વારેવારે જન્મ મરણના ભયની પીડા કરનારા અને ન છેદી શકાય એવા સુદૃઢ ભવ બંધને તમો મારી ઉપર કૃપા કરીને હમણાંજ છેદી નાંખો ॥ આપના ચરણ કમળથકી બીજુ કોઈપણ સાધન નથી એમ હું જાણું છું. એક ચરણકમળનો આશ્રયજ પરમસાધન છે. માટે હે હરે ! તમો પોતેજ હાલમાં કૃપા કરીને આ દીન જનનું રક્ષણ કરો એવી પ્રાર્થના છે ॥ ૪૮–૫૧ ॥

आकिञ्चन्यादिकं त्वित्थं प्रकटीकृत्य वै स्वकम् ।
हरिं कृष्णं प्रपद्येत शरण्यं शरणं प्रभुम् ॥ ५२ ॥
'अहमस्म्यपराधानामालयोऽकिञ्चनो गतिः ।
त्वमेवोपायभूतो मे भवेति प्रार्थना मतिः' ॥ ५३ ॥
शरणागतिरित्युक्ता प्रपत्तेर्लक्षणं बुधैः ।
षड्विधेयं समुद्दिष्टा पाञ्चरात्रे विशेषतः ॥ ५४ ॥

'आनुकूल्यस्य सङ्कल्पः प्रातिकूल्यस्य वर्जनम् ।
रक्षिष्यतीति विश्वासो गोप्तृत्ववरणं तथा ॥ ५५ ॥

आत्मनिक्षेपकार्पण्ये, इत्येषा शरणागतिः ।
आत्मात्मीयभरन्यासो ह्यात्मनिक्षेप उच्यते ॥ ५६ ॥

ઉપર પ્રમાણે પોતાનું અકિંચનપણું અનન્યગતિપણું વિગેરે મહાપ્રભુ પાસે પ્રકાશ કરીને, શરણાગતરક્ષક કૃષ્ણ હરિના શરણને પામે ॥ હું અપરાધમાત્રનો સ્થાન છુ, અકિંચન અને અગતિ છું. માટે મને 'તમો જ ઉપાયભૂત થાવ' એવી પ્રાર્થના કરવી તે શરણાગતિ કહી છે. આ રીતે પ્રપત્તિનું લક્ષણ બુધ જનોએ કર્યું છે. આ શરણાગતિ છ પ્રકારની માની છે. એટલે એનાં છ અંગો છે એમ પાંચરાત્રમાં વિશેષપણે કહી છે. જેને ઉપાયપણે વર્યા છે તે ભગવાનની અનુવૃત્તિપણે વર્તવું તે આનુકૂલ્ય સંકલ્પ કહેવાય. ભગવાનને જે અભિમત ન હોય તે થકી નિવૃત્તિ લેવી તે પ્રાતિકૂલ્ય વર્જન કહેવાય. 'મારૂ રક્ષણ કરશેજ' એવો દૃઢ વિશ્વાસ રાખવો. 'તમોજ ઉપાયભૂત થાવ' એવી પ્રાર્થના તે ગોપ્તૃત્વવરણ કહેવાય. આત્મા આત્મીય સર્વનો ભાર ભગવાનને સોંપી દેવો એને આત્મનિક્ષેપ કહે છે. કાર્પણ્ય એટલે દીનપણું, જેને અકિંચનપણું કહે છે. આ રીતે છ પ્રકારની શરણાગતિ કહી છે ॥ ૫૨-૫૬ ॥

गुरूपदिष्टमन्त्रेण हरिं शरणमाव्रजेत् ।
सामान्यदीक्षया प्राप्तो मनुरष्टाक्षरो ह्ययम् ॥ ५७ ॥

शरणागतिमेवाद्धा श्रीकृष्णे प्रतिपादयेत् ।
गतिशब्दोऽत्र मन्त्रे तु शरणप्रतिपादकः ॥ ५८ ॥

त्वं शब्दस्तु शरण्यस्य वासुदेवस्य वाचकः ।
सौशील्यकरुणाक्षान्तिवात्सल्यप्रमुखा गुणाः ॥ ५९ ॥

सौलभ्य-स्वामिता-प्राप्ति-पूर्ति-शक्त्यवबोधकाः ।
शरण्यत्वोपयुक्ताश्च त्वंशब्देन विवक्षिताः ॥ ६० ॥

ગુરુએ ઉપદેશેલા **'श्रीकृष्णदेवं शरणं'** આ મંત્રથી શ્રીહરિના શરણુને પામે. સામાન્ય દીક્ષામાં પ્રાપ્ત થતો મંત્ર, **'श्रीकृष्ण त्वं गतिर्मम'** એવો અષ્ટાક્ષર છે. આ મંત્રથી ભગવાનની શરણુાગતિને જરૂરથી સ્વીકારે ॥ 'હે શ્રી કૃષ્ણુ! તમો મારી ગતિ-શરણુ છો' એવો મંત્રનો અર્થ છે. આ મંત્રમાં જે **गति** શબ્દ છે તે શરણુાગત રક્ષક વાસુદેવ ભગવાનનો વાચક છે. સૌશીલ્ય, કારુણ્ય, ક્ષમા, વાત્સલ્ય, વિગેરે ગુણો કે જે સુલભતા, સ્વામિતા, પ્રાપ્તિ, પૂર્તિ, શકિતને જણાવનારા છે. આ શરણ્યપણામાં ઉપયોગી આ ગુણો પણ **त्वं** શબ્દથી કહેવા ઇચ્છિયા છે. અર્થાત્ પરમાત્મા અને તેમના ગુણો **त्वं** શબ્દથી કહ્યા છે ॥ ૫૭-૬૦ ॥

ममशब्दो वाचकस्तु प्रपन्नस्याधिकारिणः ।
महाविश्वासशालित्वं श्रीहरौ पुरुषोत्तमे ॥ ६१ ॥

कृष्णानुकूलवृत्तिश्च हर्याज्ञापरिपालनम् ।
कृष्णतद्भक्तसेवासु तत्परत्वं तथैव च ॥ ६२ ॥

प्रातिकूल्यनिवृत्तिश्च निषिद्धपरिवर्जनम् ।
हरितद्भक्तनिन्दादिकातरत्वं तथा पुनः ॥ ६३ ॥

कार्पण्यं दैन्ययुक्तत्वं दासत्वप्रमितिस्तथा ।
इत्येते सहजाकाराः ममेत्यत्र विवक्षिताः ॥ ६४ ॥

મંત્રમાં જે **मम** શબ્દ છે તે શરણુાગત અધિકારીનો વાચક છે. પુરુષોત્તમ શ્રીહરિમાં મહાવિશ્વાસ શાલીપણું, શ્રીહરિની આજ્ઞાનું પરિપાલન કરવારૂપ તેમજ ભગવાન્ અને તેમના ભકતોની સેવામાં તત્પરતારૂપ અનુકૂળ વૃત્તિપણું, નિષિદ્ધના પરિત્યાગરૂપ તેમજ ભગવાન્ અને તેમના ભક્તોની નિંદામાં ભય પામવા પણા રૂપ પ્રતિકૂળ નિવૃત્તિ, દીનતા દાખવવા-રૂપ કાર્પણ્ય, દાસપણાનું જ્ઞાન, આ બધા સહજ આકારો **मम** શબ્દથી કહેવા ઇચ્છયા છે. આ બધી બાબતો મમ શબ્દવાચ્ય શરણુાગત સાથે સંબન્ધ ધરાવનારી છે ॥ ૬૧-૬૪ ॥

रक्षकत्वं तु सम्प्रार्थ्य श्रीहरौ शरणागतः ।
आत्मात्मीयावनभरं तस्मिन् न्यस्येत्प्रसन्नधीः ॥ ६५ ॥

शरण्यं परमात्मानं सम्बुद्धिर्विशिनष्टि वै ।
कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः ॥ ६६ ॥

सदानन्दस्वरूपोऽयं हरिः कृष्ण इतीर्यते ।
सर्जनादिकृषिं प्राह धातुर्णो निर्वृतिं तथा ॥ ६७ ॥

सृष्टयादिलीलारसतो निर्वृतः कृष्ण उच्यते ।
कारणं खलु संसेव्यं भवबन्धविमोचकम् ॥ ६८ ॥

कृषिर्वक्ति तथा पापकर्षणं हरिसंश्रिते ।
मोक्षानन्दप्रदातृत्वं णशब्दो वक्ति वै तथा ॥ ६९ ॥

श्रिया योगं तथा वक्ति श्रीशब्दोऽस्य परस्य तु ।
यया कारुण्यमूर्त्याऽयं रक्षको भवति ध्रुवम् ॥ ७० ॥

પૂર્ણકામ આત્મારામ ભગવાન્ પ્રીતિપાત્ર ભક્તથકી અધિકની અપેક્ષા રાખતા નથી. પરંતુ '**रक्षापेक्षामपेक्षते**' એમાં કહ્યા મુજબ 'મારી રક્ષા કરો' એટલી ફક્ત પ્રાર્થનાની અપેક્ષા રાખે છે. તો 'તમોજ મારા રક્ષક છો' એમ શ્રીહરિની સંપ્રાર્થના કરીને શરણાગતે નિર્મળ મનથી આત્મા અને આત્મીયના રક્ષણનો ભાર ભગવાનને શિરે સોંપી દેવો. આ ભાર સોંપી દેતાં ભક્ત નિર્ભય થઈ જાય છે ॥ મંત્રમાં હે શ્રીકૃષ્ણ! આ જે સંબોધન વિભક્તિ છે તે શરણાગતરક્ષક ભગવાનને સંબોધનાર છે ॥ કૃષ્ણ શબ્દમાં **कृष** ધાતુ છે તે ભૂ-પૃથ્વીને કહેનારો છે. અને **ण** શબ્દ છે તે નિર્વૃતિ જે આનંદ તેને કહેનારો છે, એમ સુખના સ્થાનભૂત, અર્થાત્ સદા આનંદ સ્વરૂપ હોવાથી શ્રીહરિને કૃષ્ણ નામથી નિરૂપ્યા છે. 'સહજાનંદ' એવો તાત્પર્યાર્થ છે. અથવા **કૃષ** ધાતુ છે તે જગત્સૃષ્ટિઆદિ કૃષિ (ખેતી) ને કહેનારો છે અને **ण** શબ્દ છે તે સુખને કહેનારો છે. સૃષ્ટિ

આદિક લીલારસથી સદા સુખી–આનંદી વર્તે છે. જેથી કૃષ્ણ નામથી કહ્યા છે. જગતનો જે સર્ગાદિ વ્યાપાર તે ભગવાનની લીલા તરીકે કહેવાય છે તેનો આનંદ લેનારા છે. '**कारण तु ध्येयः**' આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે જે જગત્કારણ હોય એમનુંજ ધ્યેયપણું માન્યું છે. તો ભગવાનજ એક ધ્યેય સેવ્ય છે એ અર્થ પણ નીકળે છે. આવું જ્ઞાન તે ભવબન્ધનથકી મુકાવનાર છે. અથવા કૃષ્ ધાતુનો પાપકર્ષણ એવો અર્થ જાણવો. ભગવાન્ નિજાશ્રિતોના પાપને ટાળી નાંખે છે, એ બાબત પ્રસિદ્ધ છે. પાપને ટાળીને મોક્ષાનંદને આપે છે. પાપની નિવૃત્તિ અને મોક્ષાનંદની પ્રાપ્તિ એ **ण** શબ્દનો અર્થ છે. પ્રાપ્તિ કરી આપતા હોવાથી કૃષ્ણનામથી નિરૂપ્યા છે. કૃષ્ણનામની પૂર્વે જે શ્રી શબ્દ છે તે પરાત્પર પરમાત્મા સાથે લક્ષ્મીજીનો નિત્ય યોગ જણાવે છે. શિક્ષાપત્રીના પ્રથમજ શ્લોકમાં આ બાબત જણાવી છે. કારુણ્યમૂર્તિ લક્ષ્મીજીને લીધે આ ભગવાન્ કૃષ્ણનું રક્ષકપણું મનાય છે ॥ ૬૫–૭૦ ॥

उपायत्वप्रार्थनायां मन्त्रोऽयं सम्प्रवर्तते ।
विशेषदीक्षामन्त्रस्तु सेवासंप्रार्थनात्मकः ॥ ७१ ॥

देहेन्द्रियमनःप्राणबुद्धिभ्योऽन्यः स्वयंप्रभः ।
ज्ञाताऽऽत्मा सुखरूपोऽयमहंशब्देन कीर्तितः ॥ ७२ ॥

'**श्रीकृष्ण त्वं गतिर्मम**' આ મંત્ર, 'તમોજ ઉપાયભૂત થાવ' એવી પ્રાર્થનામાં પ્રવર્તે છે. '**ब्रह्माहं कृष्णदासोऽस्मि**' આ વિશેષદીક્ષામંત્ર તો '**कृष्णसेवा मुक्तिश्च गम्यताम्**' આમાં કહ્યા પ્રમાણે સેવામુક્તિની પ્રાર્થનામાં પ્રવર્તે છે. દેહ, ઇન્દ્રિયો, મન, પ્રાણ અને બુદ્ધિથી અત્યંત જુદો, સ્વયંપ્રકાશ, જ્ઞાનસ્વરૂપ, જ્ઞાતા, સુખરૂપ, આત્મા '**अहं**' શબ્દથી કહ્યો છે. '**अहमर्थ आत्मा**' એમ આત્માનું લક્ષણ કર્યું છે ॥ ૭૧–૭૨ ॥

ब्राह्मा गुणा ये प्रथिता विपाप्मत्वादयः श्रुतौ ।
मुक्तौ तद्भावभावित्वात् ब्रह्मेति कथितस्त्वयम् ॥ ७३ ॥

बन्धे हि ज्ञानसङ्कोचः कर्मणाऽसत्यकामता ।
सर्वकर्मविनिर्मोके बृहत्त्वं ज्ञानतोऽस्य च ॥ ७४ ॥
मायाबन्धविनिर्मोको ब्रह्मशब्दे विवक्षितः ।
अक्षरा ये नित्यमुक्तास्तत्साधर्म्यमिहोच्यते ॥ ७५ ॥

'अपहतपाप्मा...सत्यकामः सत्यसङ्कल्पः' આ શ્રુતિમાં કહેલા જે આઠ બ્રહ્મ ગુણો, તેનો આવિર્ભાવ મુક્તિદશામાં થનાર હોવાથી આત્માને બ્રહ્મ શબ્દથી કહ્યો છે. બદ્ધ દશામાં કર્મે કરીને જ્ઞાનનો સંકોચ હતો અને અસત્ય કામતા હતી. જ્યારે સર્વ કર્મોની નિવૃત્તિ થાય છે ત્યારે જ્ઞાનથી બહત્પણું આત્મામાં આવે છે. જ્ઞાનથી બ્રહત્ત્વ–વ્યાપકતા મળે છે. માટે માયા બન્ધન થકી નિવૃત્તિ એ બ્રહ્મ શબ્દથી કહેવા ઇચ્છી છે. અક્ષર ધામમાં રહેલા જે નિત્ય મુક્તો તેમની સાથે સાધર્મ્ય તે અહીં બ્રહ્મ શબ્દથી કહ્યું છે ॥ ૭૩–૭૫ ॥

स्वरूपेण गुणैश्चापि दिव्याभिर्निजभूतिभिः ।
पूर्णानन्दः परंब्रह्म भगवान् पुरुषोत्तमः ॥ ७६ ॥
सर्वान्तरात्मा सर्वेश आनन्दमयशब्दितः ।
कृष्णोऽक्षराधिपः प्रोक्तः कृष्णशब्देन वै प्रभुः ॥ ७७ ॥

આત્મ સ્વરૂપથી, જ્ઞાનાદિ ગુણોથી અને દિવ્ય એવી અક્ષરાદિ વિભૂતિથી જે પૂર્ણાનંદ છે. જેમને પરંબ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમ, સર્વાન્તરાત્મા, સર્વેશ્વર આનંદમય કૃષ્ણ અક્ષરાધિપતિ કહ્યા છે તે મહાપ્રભુને આ મંત્રમાં कृष्ण શબ્દથી કહ્યા છે ॥ ૭૬–૭૭ ॥

सर्वावस्थोचिताशेषशेषवृत्तिं हरौ परे ।
तस्मिन् तद्गुणसंपूर्णानुभवप्रीतिकारिताम् ॥ ७८ ॥
सेवां मुक्तौ वदत्येष दासशब्दोऽक्षरात्मनाम् ।
अस्मीति दास्यलाभेन सत्तामाहात्मनां सदा ॥ ७९ ॥

कालमायाकर्मपाशयमदूतभयातिगः ।
आविर्भूतस्वरूपोऽहं दिव्ये त्वक्षरधामनि ॥ ८० ॥

हरेः कृष्णस्य सेवायामखण्डं वर्तिषीय वै ।
इति सेवाप्रार्थनां तु वक्ति मन्त्रोत्तमस्त्वयम् ॥ ८१ ॥

પરાત્પર શ્રીહરિ પ્રત્યે સર્વ અવસ્થામાં ઉચિત એવી સમગ્ર શેષ વૃત્તિને, (હું પરમાત્માનો દાસ છું). તથા અક્ષરાત્મક મુક્તોને મુક્તિ દશામાં શ્રીહરિને વિષે તેમના કારુણ્યાદિ ગુણોના સંપૂર્ણ અનુભવ જન્ય પ્રીતિને કારણે કરાતી સેવાને **દાસ** શબ્દ કહે છે. '**अस्मि**' શબ્દથી દાસપણાનો લાભ થતાં આત્માઓને જે આત્મસત્તા સાર્વકાલિક મળે છે તે જાણવી. જેને પૂર્ણપણું કહે છે. કાળ, માયા, કર્મપાશ અને યમદૂતોના ભયની નિવૃત્તિ પામેલો અને સ્વરૂપના આવિર્ભાવને પામેલો હું દિવ્ય અક્ષરધામમાં શ્રીહરિ કૃષ્ણની સેવામાં અખંડ નિશ્ચે વર્તીશ એવી જે સેવા પ્રાર્થના તેને આ વિશેષ મંત્ર કહે છે. સામાન્ય મંત્ર, ઉપાયપણાની પ્રાર્થનામાં અને વિશેષ મંત્ર સેવા મુક્તિની પ્રાર્થનામાં ઉપયોગના છે ॥ ७८–८१ ॥

इति मन्त्रार्थविज्ञानं रहस्यं परमं शुभम् ।
विज्ञायैतत्कृतार्थस्तु भवेन्ना कृष्णसंश्रितः ॥ ८२ ॥

न चास्य करणादर्थो नानर्थोऽकरणादपि ।
अथापि हरिसेवात्मसर्वधर्मकरो भवेत् ॥ ८३ ॥

सर्वात्मना हरिं कृष्णं प्रपन्नो यो यथाविधि ।
स्वयं प्रीत्या स कुर्वीत भक्तिं नवविधां सदा ॥ ८४ ॥

ઉપર પ્રમાણે આ જે મંત્રાર્થનું જ્ઞાન તે રહસ્ય હોઇને પરમ શુભ છે. તેને જાણનારો શરણાગત જન, કૃતાર્થ થઈ જાય છે. યદ્યપિ આને '**नैव तस्य कृतेनार्थः**' એમાં કહ્યા પ્રમાણે કર્મ કરવાથી કશો અર્થ

સાધવાનો નથી અને કર્મોને ન કરે તેથી કશો અનર્થ નથી તથાપિ કર્મોને 'स्वकर्मणा तमभ्यर्च्य' એમાં કહ્યાં પ્રમાણે હરિ સેવા રૂપ સમજીને સર્વ ધર્મોને પાળનારો થાય ॥ જે નર, શ્રીહરિકૃષ્ણના સર્વ પ્રકારે શરણને પામે, તે ભગવાનની પ્રસન્નતાના ઉદ્દેશથી નવ પ્રકારની ભક્તિને યથાવિધિ સદા કરે. ભક્તિ વિના ક્ષણ પણ કાળ વ્યર્થ નિર્ગમે નહિ ॥ ૮૨–૮૪ ॥

अध्यात्मशास्त्रस्य परं तु हार्दं ज्ञात्वेति सम्प्रोक्तमनन्यचेताः ।
हरिं गुरुं कृष्णमिह प्रपन्नः प्राप्नोति धामास्य परं प्रसादात् ॥८५॥

इतिश्रीमदाध्यात्मिकतत्त्वाख्याने भक्तिप्रकरणे हरिसमाश्रयणप्रभाववर्णनं नाम षड्विंशतितमोऽध्यायः ॥ २६ ॥

આ મેં કહેલા અધ્યાત્મશાસ્ત્રના પરમ હાર્દને યથાસ્થિત જાણીને, જે જન, અનન્ય મનવાળો થઇને ગુરુરૂપ શ્રીહરિકૃષ્ણના શરણને પામે છે તે પરમાત્માના પ્રસાદથી એમના પરમ ધામને પામે છે. એમાં સંશય નથી ॥ ૮૫ ॥

ઇતિશ્રી...શાસ્ત્રિહરિજીવનદાસકૃત–ગુર્જરાનુવાદે છવીશમોઽધ્યાયઃ ॥ ૨૬ ॥

सप्तविंशतितमोऽध्यायः

मुनय ऊचुः —

भक्तिर्या नवधा प्रोक्ता तां वदाद्य महामुने ! ।
प्रसीदति यया नित्यं भगवान् भक्तिनन्दनः ॥ १ ॥

મુનિઓ કહે છે—હે મહામુને ! તમોએ નવ પ્રકારની ભક્તિ કહી તેને હવે કહો. જે ભક્તિ કરવાથી ભક્તિનંદન ભગવાન્ નિત્ય પ્રસન્ન થાય છે ॥ ૧ ॥

शतानन्दमुनिरुवाच —

हरेस्तु माहात्म्यविबोधपूर्वं स्वभावतो वृत्तिरविच्युता या ।
सप्रेम तस्मिन् सकलेन्द्रियाणां सा भक्तिरिष्टा नवधाऽस्ति साऽपि ॥२॥

हरेः कथाविश्रुतिरस्य कीर्तनं स्मृतिश्च तस्याङ्घ्रिनिषेवणं तथा ।
अर्चाऽऽनतिर्दास्यमनेन सख्यमात्मावगार्पणमप्यमुष्मिन् ॥ ३ ॥

ભગવાનના યથાર્થ અક્ષરપરત્વાદિ માહાત્મ્ય જ્ઞાનપૂર્વક પ્રેમ-ગર્ભિત જે મન આદિક સર્વ ઇન્દ્રિયોની સ્વભાવથી તૈલધારાવત્ અવિચ્છિન્નપણે ભગવાનમાં અનુવૃત્તિ તે **ભક્તિ** કહી છે. સમસ્ત ઇન્દ્રિયોનું સહજપણે પ્રેમપૂર્વક ભગવાનમાં અવિચ્છિન્નપણે અનુવર્તન એ ભક્તિ માની છે. ભક્તિમાં માહાત્મ્ય જ્ઞાનની આવશ્યકતા '**माहात्म्यज्ञानयुक् भूरिस्नेहो भक्तिश्च माधवे**' એમ શ્રીમુખે કહી છે. '**प्रेमपूर्वमनुध्यानं भक्तिरित्यभिधीयते**' '**या प्रीतिरविवेकानां विषयेष्वनपायिनी । त्वामनुस्मरतः सा मे हृदयान्माऽपसर्पतु**' આ વચનમાં પ્રેમની આવશ્યકતા કહી છે. વૃત્તિની અવિચ્છિન્નતાની પણ આવશ્યકતા '**मद्गुणश्रुतिमात्रेण मयि सर्वगुहाशये । मनोगतिरविच्छिन्ना यथा गङ्गाम्भसोऽम्बुधौ । लक्षणं भक्तियोगस्य निर्गुणस्य ह्युदाहृतम् ॥**' આ ભાગવત વચનમાં કહી છે. આ ભક્તિ નવ પ્રકારની કહી છે ॥ ૨ ॥

ભક્તિના નવ ભેદોને કહે છે—જેમ પત્ની, પતિના ગુણોનું શ્રવણ કરે તેમ ભગવાનની કથાઓનું મન દઈને પ્રીતિથી **શ્રવણ** કરવું. (૧) ભગવાનના ગુણોનું **કીર્તન** કે જે અમૃતપાનની પેઠે સ્વાદ લેતાં આનંદ આપનારૂં થાય છે તે પરાનુરક્તિ ગર્ભિત કરવું. (૨) ભગવાનના ગુણોનું સ્મરણ ગાઢાનુરાગ ગર્ભિત કરવું. (૩) ભગવાનનાં પ્રેમથી **દાસ્યાનુરૂપ** ચરણારવિંદ ચાંપવા. (૪) ભગવાનનું સ્વામિપણાના અનુસંધાન સાથે પરમપ્રેમથી યથાવિધિ **પૂજન** કરવું. (૫) ભગવાનને પ્રેમથી વારંવાર **પ્રણામ** કરવા. (૬) સર્વ દેશ કાળ-અવસ્થામાં આત્માને અસાધારણ એવી **દાસ્ય** વૃત્તિમાં દૃઢ નિષ્ઠા કરવી. (૭) ભગવાનની સાથે **સખાપણું**-મહા વિશ્વાસને સંપાદનારો સ્નેહાતિશય રાખવો. (૮) ભગવાનને આત્મા આત્મીયનો સમગ્ર **ભાર** સમર્પણ કરવો. (૯) આ રીતે ભક્તિના નવધા ભેદો છે. આ ભક્તિ ભેદો છે. આ ભક્તિ ભેદોએ કરીને ભગવાનને યથાશક્તિ ભજવા એ તાત્પર્ય છે. આ નવધા ભક્તિ '**श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् । अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम्**' ભાગવતમાં આ રીતે કહી છે ॥ ૩ ॥

कथामृतं हन्ति मनोमलानि शुचिश्रवोविक्रमयुक्निषेवितम् ।
ज्ञानं च विज्ञानयुतं तनोति प्रशान्तिमप्याशु परां च भक्तिम् ॥४॥

सा च श्रुतिर्या शृणुयाद्धरेर्वै गिरांपतेर्ब्रह्मपतेः सतांपतेः ।
उदारकीर्तेर्बलपौरुषाढया उदारचेष्टाललिताः कथास्तु ॥ ५ ॥

निजायुषः शेषमवेत्य वै पुरा सप्ताहमात्रावधिमस्तसङ्गः ।
श्रुत्वा शुभां भागवतीं परीक्षित् विमुक्तिमापाशु शुकेरितां कथाम् ॥६॥

પવિત્ર કીર્તિ જેમની છે એવા ભગવાનનાં વિક્રમો-ચરિત્રોના સંબંધવાળું જે કથામૃત છે તેનું સેવન કરવાથી મનના કામાદિ મલોને નાશ કરે છે એટલું જ નહિ પણ વિજ્ઞાનયુકત જ્ઞાનને ઉપજાવે છે અને ચિત્તશાંતિને કરે છે તથા પરા ભક્તિને પણ સંપાદે છે ॥ આ બધા ગુણો કથામૃતપાનમાં રહ્યા છે ॥ **'तव कथामृतं तप्तजीवनं'** આ શ્લોકથી ગોપીઓએ કથામૃતનો મહિમા ગાયો છે ॥ **'कथा त्वदीया भवपाशमोचनी सुधैव तापत्रयतप्तदेहिनाम् । अनेकजन्माघचयापहारिणी तनोति भक्तिं चयुनं तवाञ्जसा'** એમ કથા શ્રવણનું ગૌરવ વાસુદેવમાહાત્મ્યમાં ગાયું છે ॥ જે કર્ણેન્દ્રિય, વાણીપતિ, બ્રહ્મપતિ, સતાંપતિ, ઉદાર કીર્તિ ભગવાનની બળ પૌરુષના વર્ણનવાળી, ઉદાર ચેષ્ટાથી લલિત એવી કથાઓને સાંભળે તેજ કર્ણેન્દ્રિય કહ્યું છે. અર્થાત્ કાનથી ભગવત્કથાને સાંભળે તો તેના કાનની સફળતા છે નહિતો તે સર્પને રહેવાના રાફડા તુલ્ય નિરર્થક છે ॥ આ બાબતને દૃષ્ટાંતથી સમર્થન કરે છે. પૂર્વે પોતાનું આયુષ ફકત સાત દિવસ જ બાકી છે એમ જાણીને અસાર સંસારનો સંગમાત્ર છોડીને શુકદેવજીએ કહેલી ભગવાન્ શ્રીકૃષ્ણ સંબંધી અમૃતકથાને સાંભળીને તત્કાળ *પરીક્ષિત રાજા મુક્તિને પામ્યા હતા. આ રીતે અમૃતકથાના શ્રવણનો મહિમા સુપ્રસિદ્ધ છે ॥ ૪-૬ ॥

व्यपेतलज्जो गतभूरिमानो नामानि लोकत्रयपावनानि ।
हरेर्मुकुन्दस्य जगत्पतेर्मुदा सङ्कीर्तयेत्तद्गताचित्तवृत्तिः ॥ ७ ॥

प्रीत्या हरेर्दिव्यशुभस्वरूपगुणैश्वरीजन्मचरित्रवाचि ।
गृणन् स्तुवीत प्रथितं पवित्रं श्रीनामजातं पुरुषोत्तमस्य ॥८॥

લાજનો ત્યાગ કરીને, મહામાનને મુકીને અને ભગવાનમાં ચિત્ત વૃત્તિને પરોવીને જગત્પતિ મુકુંદ શ્રીહરિનાં ત્રિલોકીપાવનકારી મંગળ નામોનું **સંકીર્તન** ઉત્સાહથી કરે. શુભ નામોને વાણીથી ઉચ્ચારે ॥ ભગવાનનું દિવ્ય મંગળ સ્વરૂપ તથા તેમના ગુણો તથા ઈશ્વરના જન્મ ચારિત્રોને વિગેરેને કહેનારાં જે પવિત્ર પ્રખ્યાત ભગવન્નામો તેને પ્રીતિથી ઉચ્ચારતો થકો સ્તુતિને કરે. અર્થાત્ ભગવાનનાં મંગળ નામોનું વાણીથી ઉચ્ચારણ કરે. ભગવાનનાં નામોનું શ્રવણ કીર્તન સ્મરણ આદિકનો મહિમા વચ. અંત્ય. પાંચમાં '**यन्नामधेयश्रवणात्**' ઇત્યાદિ ભાગવતના બે શ્લોકોને પ્રમાણપણે લઈને શ્રીમુખે બહુ વર્ણવ્યો છે. ભગવાનનાં નામો ગુણ કર્મના સંબન્ધવાળાં હોવાથી અર્થે સહિતજ કીર્તન કરે ॥ ૭-૮ ॥

श्रीस्वामिनारायण ! वासुदेव ! विष्णो ! हरे ! कृष्ण ! परावरेश ! ।
अनन्त ! चिद्रूप ! महाविभूते ! चानन्दमूर्ते ! भगवन्नमस्ते ॥९॥

सदा किशोराकृतिरम्यरूप ! नवीनजीमूतसमानवर्ण ! ।
सितप्रभामण्डलराजमान ! राधारमेशाखिलशक्तिनेतः ॥ १० ॥

सर्वज्ञ ! सर्वेश्वर ! सर्वधातः ! सर्वस्य शेषिन् ! परमात्मभूत ! ।
अचिन्त्यशक्तेऽतुलसत्प्रताप ! निर्दोष ! नित्यं श्रितदोषहारिन् ! ॥११॥

रजस्तमोगन्धविदूर ! दिव्यशुभाक्षरस्थानविराजमान ! ।
ब्रह्मात्मभूतैः परिचर्यमाणपादारविन्दद्वय ! पद्मनेत्र ! ॥ १२ ॥

गोलोकवैकुण्ठबृहत्पुरादिस्थानेषु तैस्तैः परिसेव्यमान ! ।
अनन्तरूप ! द्विभुजाष्टबाहो ! चतुर्भुजानन्तभुजा प्रमेय ! ॥१३॥

ગુણકર્માનુસારી કેટલાંક નામોને કહે છે—સર્વવ્યાપક સર્વાધાર સર્વસ્વામી હોવાથી **સ્વામિનારાયણ** અસાધારણનામથી સંબોધાતા, સર્વમાં

વસતા અને સર્વને પોતામાં વાસતા હોવાથી **વાસુદેવ** નામથી નિરૂપેલા, સર્વમાં સ્વરૂપથી વ્યાપક હોવાથી **વિષ્ણુ** નામથી નિર્દેશેલા, આનંદમય હોવાથી અથવા કૃષ્ણવર્ણ હોવાથી **કૃષ્ણ**નામથી વિખ્યાત, પર-બ્રહ્માદિ અને અપર મનુષ્યાદિ સર્વેના **ઈશ**, સ્વરૂપ રૂપ ગુણ વિભૂતિ વિગેરેથી જેનો અંત-માપ નહિ હોવાથી **અનંત**નામથી નિરૂપેલા, જ્ઞાનાનંદૈક સ્વરૂપ હોવાથી **ચિદ્રૂપ**પણે નિરૂપેલા, ક્ષરાક્ષર વિભૂતિવાળા હોવાથી **મહાવિભૂતિ** તરીકે કહેવાતા, આનંદદાયિ મૂર્તિ હોવાથી **આનંદમૂર્તિ**નામથી વર્ણવેલા, એવા હે ભગવન્! તમોને નમસ્કાર છે ।। સદા કિશોરવય આકૃતિને લીધે રમણીય રૂપ જેમનું છે, નવીન મેઘ સમાન શરીરવર્ણ જેમનો છે અર્થાત્ **ઘનશ્યામ** નામથી પ્રસિદ્ધ, શ્વેત પ્રભામંડળમાં વિરાજમાન, પત્નીભૂત રાધા રમાના પતિ હોવાથી **રાધેશ** અને રમેશ નામથી વિખ્યાત, કાળ માયા આદિક સમગ્ર શક્તિઓના નેતા, સર્વજ્ઞ સર્વેશ્વર સર્વધાતા સર્વશેષિપણે શ્રુતિસ્મૃતિમાં પ્રતિપાદેલા, સર્વ આત્માઓના પરમ આત્મા હોવાથી **પરમાત્મ**ભૂતના કોઈ, ચિંતનમાં ન આવે એવી વિવિધ વિચિત્ર શક્તિવાળા, જેમનો પ્રતાપ કોઈને પણ તુલ્ય નથી, નિત્યનિર્દોષ, આશ્રિતોના સર્વ દોષોને હરનારા, માયાના રજ તમ આદિક દોષોથી બહુ દૂર રહેનારા, દિવ્ય શુભ અક્ષર સ્થાનમાં નિત્ય વિરાજમાન, બ્રહ્માત્મભૂત મુક્તોએ પરિચર્યા કરાતાં છે ચરણકમળ યુગલ જેમનાં, કમળના પત્ર જેવાં નેત્ર જેમનાં છે, ગોલોક વૈકુંઠ બ્રહ્મપુર આદિક ધામોમાં તે તે મુક્તોએ રાજોપચારથી સેવા કરાતા, અનંત રૂપોને ધરનારા, કયારેક દ્વિભુજ, કયારેક ચતુર્ભુજ, કયારેક અષ્ટભુજ અને કયારેક અનંત ભુજોને ધરનારા, માટે જેમનું સ્વરૂપ અપ્રમેયપણે નિરૂપ્યું છે એવા ।। ૯–૧૩ ।।

षाड्गुण्यपूर्णाखिलसद्गुणाढय ! निरस्तभक्ताघ ! सदाऽनवद्य ! ।
ब्रह्माण्डसर्गस्थितिसंयमैस्तु क्रीडाकर ! व्यूहचतुःस्वरूप ! ॥ १४ ॥
निजेक्षयोत्थापितमूलपुंस्क ! स्वशक्तिमायापरिबोधकारिन् !
मायातिदूरस्थ ! तथैव मायिन् ! मायागुणाच्छन्ननिजप्रताप ! ॥१५॥
दूरस्थ ! मायावशगासुराणां सदान्तिकस्थामलसत्वभाजाम् ।
सर्वाशयस्थान ! तथैव सर्वबाह्य ! प्रभोऽबोधविबोधरूप ! ॥ १६ ॥

सर्वेष्टिसंराध्य ! सुरादिरूप ! सर्वस्य सर्वेष्टफलप्रदातः ! ।
संसारबन्धस्थितिमोक्षहेतो ! भयाभयस्थान ! सुरासुराणाम् ॥ १७॥
अतीन्द्रियाकार ! समस्तलोकदृश्याकृते ! शीलदयाम्बुराशे ! ।
अकर्मजन्मन् ! बहुजन्मधारिन् ! निजेच्छया लोकहिताखिलेह ! ॥१८॥
अधर्मसर्गासुरमूलघातिन् ! सद्धर्मसर्गामरसौख्यकारिन् !
स्वपादपद्मार्पितसर्वचेष्टस्वानन्यभक्तावनशील! नित्यम् ॥ १९ ॥

સ્વરૂપાનુબન્ધી જ્ઞાનાદિ છ ગુણોએ સંપૂર્ણ, ભક્તોપયોગી કારુણ્યાદિ સર્વ ગુણોએ સંપન્ન, ભક્તોના પાપોને નિવારનારા, સદા નિર્દોષ, બ્રહ્માંડની ઉત્પત્તિ સ્થિતિ પ્રલયરૂપ લીલાને કરનારા, વાસુદેવાદિ ચાર વ્યૂહમૂર્તિઓને ધરનારા, પોતાના ઈક્ષણ માત્રથી મૂળ પુરુષને ઉઠાડનારા, પોતાની શક્તિભૂત માયાને જગાડનારા, છતાં માયાથી બહુ દૂર રહેલા, માયાના અધિષ્ઠાતા, માયા ગુણોએ કરીને પોતાના પ્રતાપને પ્રચ્છન્ન રાખનારા, માયાવશવર્તી અસુરો થકી બહુ દૂર રહેનારા, શુદ્ધ સત્વ ગુણવાળાઓને તો સદા સમીપે રહેનારા, સર્વ ભૂતોના આશયમાં સ્થાન કરી રહેલા, તેમજ સર્વ થકી બાહ્ય પણ રહેનારા, શરીરાત્મભાવથી અજ્ઞ અને વિજ્ઞ જીવો રૂપે રહેલા, એવા હે પ્રભો ! તમોને નમસ્કાર છે ॥ સર્વ યજ્ઞોમાં આરાધના કરવા યોગ્ય, દેવાદિ સ્વરૂપે રહેલા સર્વકોઈને સર્વ ઈષ્ટ ફળને આપનારા, સંસાર બંધન સ્થિતિ અને મોક્ષમાં કારણ, અસુરોને ભય અને સુરોને અભય આપનારા, જેમની મૂર્તિ ઇન્દ્રિયોને ગોચર નહિ હોવાથી અતીન્દ્રિયાકારપણે વર્ણવેલા, છતાં સર્વ લોકોના દર્શનમાં આવે એવી આકૃતિને ધરનારા, સૌશીલ્ય દયાના સમુદ્રરૂપ, **'बहूनि मे व्यतीतानि' 'अजोऽपि सन्' 'जन्म कर्म च मे दिव्य'** એમાં કહ્યા પ્રમાણે જેમનો જન્મ આપણી પેઠે કર્મજન્ય નથી. અજન્મા છતાં બહુ જન્મોને સ્વેચ્છાથી ધરનારા, લોકના હિત માટે જ છે સમગ્ર ક્રિયાઓ જેમની, અધર્મસર્ગ અને અસુરોનો મૂળથી ઘાત કરનારા, સદ્ધર્મસર્ગ અને દેવોને સુખ કરનારા, પોતાના ચરણારવિંદમાં અર્પણ કરી છે સર્વ ક્રિયાઓ જેમણે એવા જે પોતાના અનન્ય ભક્તો તેમનું

રક્ષણ કરવાના સદા સ્વભાવવાળા, એવા હે ભગવન્! તમોને નમસ્કાર છે ॥ ૧૪-૧૯ ॥

स्वामिन् ! महामीन ! महावराह ! श्रीकूर्म ! भक्तावननारसिंह ! ।
त्रिविक्रमक्रान्तसमग्रलोक ! श्रीवामनात्मन् ! परशुप्रहार ! ॥ २० ॥

रामाऽभिरामाखिललोकराम ! प्रोद्यामरक्षःकुलधूमकेतो ! ।
सुरर्षिसङ्घाश्रयणीयपाद ! शरण्य ! साकेतनिकेतनेडय ! ॥ २१ ॥

श्रीकृष्ण ! नारायण ! वासुदेव ! गोगोपगोपीप्रियकारिचेष्ट ! ।
वृन्दावनेन्दो ! मुरलीविभूष ! रासेश्वरीरञ्जक ! योगियोगिन् ॥२२॥

दामोदर ! श्रीरमणाप्रमेय ! स्वभक्तपार्थप्रतिबोधकारिन् ! ।
कृष्णेष्टसंपूरक ! पार्थसूत ! भूभारसंहारक ! देवदेव ! ॥ २३ ॥

धर्मस्य भक्त्यां प्रकटस्वरूप ! सद्धर्मवंशप्रतिबोधकारिन् ! ।
विनाशिताशेषनिषिद्धवर्त्मन् ! सद्धर्मभक्तिप्रियभक्तबन्धो ! ॥ २४ ॥

प्रदर्शितापारनिजैश्वर ! श्रीहरे ! गुरो ! सर्वपतेऽक्षरेश ! ।
स्वामिन् ! कृपाब्धे ! हरिकृष्ण देव ! दीनं प्रपन्नं परिपाहि नित्यम् ॥२५॥

सदार्च्यमूर्त्यां प्रकटस्वरूप ! नानास्वरूपाखिलजीववन्द्य ! ।
भक्तेष्टसंराधक ! भक्तवश्य ! हरे ! गुरो ! त्वां प्रणमामि नित्यम् ॥२६॥

હે સ્વામિન્! મહામત્સ્ય, મહાવરાહ, શ્રીકૂર્મ, ભક્તરક્ષાર્થો નારસિંહ, સમગ્ર લોકોને ત્રણ પગલાંથી આક્રમણ કરનારા શ્રીવામન, પરશીધારી પરશુરામ, ઈત્યાદિ અવતારોને ધરનારા યોગિઓના રમણરૂપ હોવાથી રામનામથી વિખ્યાતિને પામેલા, સર્વ કોઈને પ્રિય, સર્વલોકોને રંજન કરનારા, ઉદ્ધત રાક્ષસકુળનો નાશ કરવામાં ધૂમકેતુરૂપ, સુરસંઘો તથા ઋષિસંઘોએ આશ્રય કરવા યોગ્ય છે ચરણ જેમનાં, શરણાગત રક્ષક, અયોધ્યાનિવાસિ જનોએ સ્મૃતિ કરવા યોગ્ય, એવા શ્રીરામને નમસ્કાર

છે ॥ શ્રીકૃષ્ણ નારાયણ, વાસુદેવ સાર્થક મંગળ નામો જેમનાં છે, ગાયો ગોપો ગોપીઓનું પ્રિય કરનારા, વૃંદાવનને ચંદ્રમાની પેઠે આલ્હાદ આપનારા, પ્રિય મુરલીને ભૂષણ તરીકે ધારી રહેલા, રાસેશ્વરી રાધાને રંજન કરનારા તથાપિ યોગિઓના યોગી તરીકે કહેવાતા, માતા યશોદાજીએ ઉદરમાં દામણાથી બાંધ્યા હોવાથી દામોદર નામથી સંબોધાતા, શ્રીલક્ષ્મીજીના રમણભૂત, જેના સ્વરૂપાદિકનું માપ થઈ શકે નહિ એવા, પોતાના ભકત અર્જુનને ગીતાદ્વારા અવબોધ આપનારા, દ્રૌપદીની ઈચ્છા પૂરણ કરનારા, અર્જુનના સારથી થએલા, ભૂભારને હરનારા, સર્વ દેવોના દેવ એવા તમોને નમસ્કાર છે. ધર્મદેવની પત્ની ભક્તિદેવીમાં આત્મરૂપથી પ્રકટ થએલા, સદ્ધર્મના વંશનો જનોને અવબોધ આપનારા, સમગ્ર નિષિદ્ધ-માર્ગનો નાશ કરનારા, સદ્ધર્મ અને ભક્તિ જેમને પ્રિય છે એવા ભક્તોના સાચા બન્ધુભૂત, પોતાના અપાર ઐશ્વર્યને પ્રદર્શાવનારા, એવા હે હરે! હે ગુરો! હે સર્વપતે! હે અક્ષરેશ!' હે સ્વામિન્ હે કૃપાસિન્ધો! હે હરિકૃષ્ણ દેવ! તમો દીન પ્રપન્ન જનનું નિત્ય રક્ષણ કરો ॥ પૂજ્ય પ્રતિ-માઓમાં સદા પ્રકટ સ્વરૂપે રહેલા, નાના રૂપોને ધરનારા, સર્વ જીવોએ વંદનીય, ભક્તોના ઇષ્ટને સિદ્ધ કરી આપનારા, ભકતોને વશ્યપણે વર્તનારા, એવા હે હરે! હે ગુરો! તમોને નિત્ય પ્રણામ કરૂં છું ॥ ૨૦-૨૬ ॥

इत्यादिरूपं बहुधा च नाम्नां सङ्कीर्तनं श्रीपुरुषोत्तमस्य ।
सर्वाघविच्छेदकरं पवित्रं कार्यं सदा यद्रसना च सार्था ॥२७॥

साङ्केतिकं स्तोभकमप्यधोक्षजस्यामलं नाम शुभं विधत्ते ।
अजामिलोऽप्याप परां हि सिद्धिं नारायणेत्यात्मजनाम गृह्णन् ॥२८॥

ઉપર વર્ણવેલાં શ્રી પુરુષોત્તમનાં બહુ રૂપો અને તેમનાં મંગળ નામોનું સંકીર્તન કે જે સર્વ પાપોને નાશ કરનારૂં અને પવિત્ર કરનારૂ છે તે સર્વદા કરવું. જે કરવાથી જીહ્વાની સાર્થકતા થાય, નહિ તો દેડકાની જીહ્વાની પેઠે નિરર્થક છે ॥ ભગવાનનું નિર્મળ નામ, સંકેતથી કે હાંસીમાં પણ ઉચ્ચારણ કર્યું હોય તો પણ શુભને કરે છે. પુત્રમાં ઉપચાર કરેલું પણ 'નારાયણ' એવું નામ ઉચ્ચારવાથી પાપમૂર્તિ અજા-મિલપણ પરા સિદ્ધિને પામી ગયો. આ વાત ભાગવતમાં સુપ્રસિદ્ધ છે ॥ ૨૭-૨૮ ॥

गच्छन् स्थितो वाप्युपविष्ट ईशं स्मरेद्धरिं कृष्णमनुप्रपन्नः ।
दिव्यं च रूपाद्यनुसन्दधीत स्वान्तेन यत्स्वान्तमलप्रहाणम् ॥२९॥

हरिं स्मरच्चित्तमभीक्ष्णमद्धा ह्यपास्तशब्दारुचि प्रशान्तम् ।
नैर्गुण्यसम्पादकमात्मनां वै शब्दाद्यभिध्यायदनर्थकारि ॥ ३० ॥

स्वान्ते हरिं चिन्तयतो नितान्तं महार्तिशान्तिः परमं च शर्म ।
एकः क्षणो वाच्युतचिन्तयोज्झितः हानिः परा छिद्रमसद्ग्रहाणाम् ॥३१॥

જે મુમુક્ષુ જન, ભગવાનનું શરણ સ્વીકારીને, જતાં આવતાં, બેસતાં, ઉઠતાં, ખાતાં-પિતાં સર્વ ક્રિયામાં પોતાના સ્વામિશ્રી હરિકૃષ્ણને સંભાર્યા કરે તેમ જ હૃદયથી ભગવાનનાં દિવ્ય રૂપાદિકનું અનુસંધાન કર્યા કરે તેના અંતરના કામાદિ મલોની નિવૃત્તિ થાય છે ॥ ભગવાનની નિરંતર સ્મૃત્તિને કરતું જે ચિત્ત તે શબ્દાદિ વિષયોની રુચિએ રહિત થઈને બહુ શાંત થઈ જાય છે. અને આત્માઓની નિર્ગુણતાને સંપાદન કરનારૂં થાય છે. જો શબ્દાદિ વિષયો પ્રત્યે દોડે છે તો તે અનર્થકારી થાય છે. '**मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः । बन्धाय विषयासक्ति मुक्त्यै निर्विषयं मनः**' એવી અભિયુક્તિ છે. અંતરમાં શ્રીહરિનું અખંડ ચિંતન કરનારા જનને સંસાર મહા પીડાની શાંતિ થાય છે અને પરમ સુખ થાય છે. ભગવાનના ચિંતન વિના એક ક્ષણ પણ કાળ જાય તો તેને તે મહા હાનિ રૂપ થાય છે. અને અસદ્ વિષયોને પેસવાનું મોટું છિદ્ર મળે છે. આ બાબત, '**यन्मुहूर्तं क्षणं वापि वासुदेवो न चिन्त्यते । सा हानिस्तन्महच्छिद्रं सा भ्रान्तिः साविक्रिया**' આ વચનમાં સ્પષ્ટ છે ॥ ૨૯-૩૧ ॥

यत्पादपद्मप्रणताः सुरेशाः लोकेशतां लोकेसमर्च्यभावम् ।
सृष्ट्यादिसामर्थ्यमवापुरन्वयाद्यस्य त्रिलोकीं प्रपुनाति गङ्गा ॥३२॥

ध्यात्वा च यत्पादसरोजयुग्मं जहुर्मुहुः स्वान्तमलं मुनीन्द्राः ।
संश्रित्य यत्कालभयोज्झितं तु स्थानं परं प्रापुरपास्तबन्धाः ॥३३ ॥

सेवेत तत्पादसरोजयुग्मं ब्रह्मात्मनां मूर्धविभूषणं तु ।
सप्रेम राधाकमलादिसेवितं संवाहनाद्यैः प्रतिमासु चास्य ॥ ३४ ॥

જે ભગવાનના ચરણકમળમાં પ્રણામને કરતા દેવેશો, લોકોના ઈશિભાવને અને લોકોના પૂજ્યભાવને અને સૃષ્ટિ આદિકના સામર્થ્યને પામ્યા છે. તેમજ જેના ચરણ સ્પર્શના સ્વલ્પ સંબંધમાત્રથી ગંગાજી ત્રિલોકીને પવિત્ર કરે છે. આ બધો ચરણસેવનનો પ્રભૂત પ્રતાપ છે ॥ મુનીન્દ્રો, જેમના ચરણ કમળ યુગલનું નિરંતર ધ્યાન કરીને અંતરના કામાદિ મલોને ત્યાગ કરી ગયા અને ચરણનો સમાશ્રય કરીને સમસ્ત સંસાર બંધને રહિત થઈને જેમાં કાળ માયાનો ભય નથી એવા પરમ સ્થાનને પામી ગયા ॥ બ્રહ્મભૂત મુક્તોના મસ્તકના આભૂષણભૂત અને રાધાલક્ષ્મી આદિકે સપ્રેમ સેવાતા એવા ચરણ કમળનું ચરણ ચાંપવા વિગેરે વડે તેમની પ્રતિમામાં સેવન કરે ॥ ૩૨-૩૪ ॥

मूर्तिं हरेर्मङ्गललक्षणान्वितामिष्टां गुरोः प्राप्य समर्चयेत्ताम् ।
महोपचारैर्विधिना तु षोडशैः सर्वेष्टयोऽनेन कृता भवेयुः ॥ ३५ ॥

ભગવાનની મંગળ લક્ષણવાળી પ્રિય મૂર્તિને ગુરુથકી મેળવીને, તેનું પૂજન, યથાવિધિ સોળ મહોપચારો વડે કરે. એમ કરે તો તેણે સર્વ યજ્ઞો કર્યા થાય છે. પૂજનમાં સર્વ યજ્ઞો આવી જાય છે ॥ ૩૫ ॥

मानं परित्यज्य पुरो हरेस्तु वन्देत साष्टाङ्गमपास्तलज्जः ।
भक्तान् प्रियानस्य तथा समानमेत् पञ्चाङ्गमेतत्कथितं तु नार्याः ॥३६॥

कृष्णाङ्घ्रिसंस्पृष्टपवित्रितासु स्थलीषु गात्रं परिलुण्ठयेच्च ।
कृष्णाङ्घ्रिसंस्पृष्टरजांसि मूर्ध्ना धार्याश्च तद्भक्तवराङ्घ्रिपांसवः ॥३७॥

ભગવાનની આગળ માનને મુકીને તેમજ લજ્જાને છોડીને સાષ્ટાંગ પ્રણામને કરે. તેમજ ભગવત્પ્રિય ભકતોને પ્રણામ કરે. સ્ત્રિયો તો પંચાંગ પ્રણામને કરે ॥ ભગવાનના ચરણના સ્પર્શથી પવિત્ર બનેલાં સ્થળોમાં શરીરથી અક્રૂરજીની પેઠે આલોટન કરે અને ભગવાનના ચરણના સ્પર્શવાળી રજને મસ્તકે ચઢાવે અને તેમના ભકતવરોની ચરણરજને પણ મસ્તકે ચઢાવે ॥ ૩૭ ॥

स्वयं च कृष्णस्य समानयेत्तु पूजार्थपुष्पादिकमस्तमानः ।
सङ्घर्षयेद्गन्धममुष्य वै प्रभोः पाकं विदध्याद्रुचिरं तथाऽस्य ॥३८॥

संवीजयेत्कृष्णमनन्यचेताः कुर्यात्स्वयं मन्दिरमार्जनादि ।
भृत्या यथा स्वामिनमेवमेनं दास्येन सेवते विभुं परेशम् ॥३९॥

ભક્ત પોતેજ માન મૂકીને, ભગવાનની પૂજામાં ઉપયોગી પુષ્પાદિકને લાવે. ભગવાનને માટે ચંદનને ઘસે અને શુદ્ધ સ્વાદુ રસોઇ ને પણ પોતેજ કરે. વળી અનન્ય મનવાળો થઈને ભગવાનની ઉપર વીંજણો ઢાળે અને મંદિરમાં વાળવું લિપવું વગેરેને પોતેજ કરે. જેમ ભૃત્યો પોતાના સ્વામીનું દાસપણું કરે છે તેમજ દાસભાવે પરેશ ભગવાનની સમગ્ર સેવાને કરે. ॥ ૩૮-૩૯ ॥

सख्यं च कृष्णे परमं विधेयं स्नेहोऽधिकोऽप्यत्र तथा सुतादेः ।
मानुष्यनाटयं दधतः क्रियासु न दोषदृष्टिं विदधीत चास्य ॥४०॥

कृष्णात्परां भूतिमवाप सख्यभावेन भक्तः प्रथितः सुदामा ।
राज्यं च निष्कण्टकमापुरस्य सख्येन निश्छद्मकृतेन पार्थाः ॥ ४१ ॥

ભગવાનને વિષે પરમ સખાપણું કરવું. અને પુત્ર દારા આદિક કરતાં ભગવાનને વિષે સર્વાધિક સ્નેહ કરવો તેમજ માનુષ્ય નાટયને ધારી રહેલા ભગવાનની ક્રિયાઓમાં દોષ દૃષ્ટિ કદાપિ ન કરવી. સખાભાવ રાખવા વડે શ્રીકૃષ્ણથકી ભકતવર્ય સુદામા, પરા વિભૂતિને પામ્યા એ બાબત સુપ્રસિદ્ધ છે વળી નિષ્કપટ ભાવથી રાખેલા સખાભાવ વડે ભકતરાજ પાંડવો નિષ્કંટક રાજ્યને પામ્યા એ બાબત પણ પ્રસિદ્ધ છે ॥ ૪૦-૪૧ ॥

आत्मानमात्मीयसमस्तवर्गं कृष्णस्य शेषं परिकल्पयेत्तु ।
तद्भक्तिविघ्नावहसर्वसङ्गं धृत्या त्यजेन्नित्यतदर्थचेष्टः ॥ ४२ ॥

स्वेष्टानि कृष्णस्य निवेदयेच्च गन्धांशुकादीनि महार्घभूषाः ।
पत्रं च पुष्पं च फलं च तोयं तदर्पितं चैव निधारयेत्तु ॥४३॥

यज्ञानहिंस्रानिह वैष्णवांश्च अर्चां तथा वैष्णवसज्जनानाम् ।
तपोव्रतादीनि तथा हरेस्तु प्रसन्नतायै विदधीत शश्वत् ॥ ४४ ॥

પોતાનો આત્મા તથા આત્મીય સમગ્ર વર્ગને ભગવાનના શેષપણે (તેમને માટે જ છે) એમ પરિકલ્પના કરે. તેમની ભક્તિમાં અંતરાય કરનારા સર્વસંગને ધૈર્યથી જીતે અને ભગવદર્થેજ સમગ્ર ક્રિયાને કરે. પોતાને જે જે પ્રિય ચંદન વસ્ત્ર મહામૂલ્ય વિભૂષણો વિગેરે હોય તે ભગવાનને નિવેદન કરે. પત્ર પુષ્પ ફળ જળ આદિક જે કાંઈ વસ્તુ તે ભગવાનને અર્પણ કરીનેજ તેનો ઉપયોગ કરે. અહિંસામય વૈષ્ણવ યાગોને કરે તેમજ વૈષ્ણવ જનોની પૂજાને કરે. તપ વ્રત વિગેરે જે કોઈ કર્મ કરે તે નિરંતર ભગવાનની પ્રસન્નતા માટેજ કરે. સ્વાર્થના ઉદ્દેશથી ન કરે ॥ ૪૨-૪૪ ॥

तन्नामग्रहणे तु वाचमनिशं तद्दर्शने चेक्षणं
तत्पादाब्जसमर्पितस्य तुलसीपुष्पादिकस्यानिशम् ।
घ्राणे घ्राणममुष्य दिव्यवपुषः संस्पर्शने स्पर्शनं
एतद्वीर्यकथाश्रुतौ श्रुतिमदःप्रासादिभक्षे रसम् ॥ ४५ ॥
हस्तौ तत्परिचारकर्मणि सदा तत्स्थानसंसर्पणे
पादौ तस्य हरेः प्रदक्षिणविधावङ्घ्री समायोजयेत् ।
बुद्धिं तस्य विनिश्चये मतिमदःसङ्कल्पने दास्यके-
ऽहन्तां चित्तममुष्य चिन्तनविधौ कृष्णार्पितात्मा पुमान् ॥ ४६ ॥

ભગવાનને અર્પણ કર્યો છે આત્મા જેણે એવો પુરુષ, પોતાની સમગ્ર ઇન્દ્રિયોને ભગવાન સંબંધિ ક્રિયામાં જોડી રાખે. તેમાં વાણીને ભગવાનનાં મંગળ નામોના ઉચ્ચારણમાં નિરંતર જોડી રાખે. નેત્રોને ભગવાનનાં દર્શન કરવામાં જોડી રાખે. ઘ્રાણ ઇન્દ્રિયને ભગવાનના ચરણાર વિંદમાં અર્પેલા તુલસી પુષ્પાદિકનો ગંધ લેવામાં નિરંતર રાખે. ત્વચાને ભગવાનની દિવ્યમૂર્તિના સ્પર્શમાં જોડી રાખે. કર્ણોને ભગવાનના વીર્ય પરાક્રમવાળી કથાઓના શ્રવણમાં જોડી રાખે. રસનાને ભગવાનને નિવેદન કરેલા હોવાથી પ્રસાદભૂત અન્નાદિકના ભક્ષણમાં રાખે. હસ્તોને ભગવાનના પરિચર્યાકર્મમાં અને પાદોને ભગવાનના મંદિર તીર્થક્ષેત્ર આદિક સ્થાનોમાં જવા માટે જોડી રાખે. તેમજ ચરણોને ભગવાનને પ્રદક્ષિણા કરવામાં રાખે. બુદ્ધિને ભગવાનના નિશ્ચયમાં રાખે મતિ-મનને ભગવાનના સંકલ્પ કરવામાં રાખે. અહંકારને 'હું ભગવાનનો દાસ છું' એવા ભાવમાં રાખે. અને ચિત્તને

ભગવાનનું ચિંતન કરવામાં જોડી દે. એમ સમગ્ર ઇન્દ્રિયોએ કરીને ભગવાન્ સંબન્ધીજ ક્રિયાઓને કરે ॥ ૪૫-૪૬ ॥

निजार्पितात्मसर्वस्वं भक्तवर्यममुं हरिः ।
संरक्षति सदा कृष्णो ह्यम्बरीषमिवादरात् ॥ ४७ ॥

अम्बरीषो महीपालः पालयन्नपि मेदिनीम् ।
उद्विग्न एव द्वन्द्वेभ्यो गोविन्दाद् द्वन्द्वसंक्षयम् ॥ ४८ ॥

अभीप्सुस्तु तपस्तेपे निराहारो जितेन्द्रियः ।
तुतोष भगवानस्य तपसा भूयसा हरिः ॥ ४९ ॥

वरमिष्टं प्रदातुं च दृढां निष्ठां परीक्षितुम् ।
ऐन्द्रमास्थाय रूपं तु हरिरस्याग्रतो बभौ ॥ ५० ॥

उवाच चैनं नृपतिं मेघगम्भीरया गिरा ।
एरावतगतः श्रीमान् भगवान् भक्तवत्सलः ॥ ५१ ॥

જેણે ભગવાનને આત્મા આત્મીય સર્વસ્વનું સમર્પણ કર્યું છે એવા આ ભક્તવર્યની શ્રી હરિકૃષ્ણ ભગવાન્, અંબરીષ રાજાની જ એમ આદરથી સર્વથા રક્ષા કરે છે ॥ એક અંબરીષ નામના મહારાજા, આખી પૃથ્વીનું પાલન કરવા છતાં પણ સુખદુઃખ આદિક દ્વંદ્વો થકી ઉદ્વેગ પામીને ભગવાન થકી જ તે દ્વંદ્વોનો ક્ષય કરવાની ઇચ્છાથી નિરાહાર જીતેન્દ્રિય થઈને તીવ્ર તપને કરવા લાગ્યા ॥ આ રાજાના તીવ્ર તપથી ભગવાન શ્રીહરિ બહુ પ્રસન્ન થયા. અને ઇચ્છિત વર આપવા અને તેમની નિષ્ઠાની દૃઢતાની પરીક્ષા કરવા માટે ઇન્દ્રનું રૂપ ધારીને રાજાની આગળ વિરાજમાન થયા ॥ ઐરાવત હાથી ઉપર બેસીને આવેલા શ્રીમાન્ ભક્તવત્સલ ભગવાન્ મેઘ સરખી ગંભીર વાણીથી અંબરીષ રાજા પ્રત્યે બોલ્યા ॥ ૪૭-૫૧ ॥

इन्द्ररूपो भगवानुवाच—

राजर्षे ! वद यत्कार्यं मया साध्यं तवेप्सितम् ।
वरदोऽहमनुप्राप्तो वरं वरय सुव्रत ! ॥ ५२ ॥

ઈન્દ્રરૂપ ભગવાન્ કહે છે—હે રાજર્ષે ! તમોએ ઇચ્છેલું, મારાથી સાધ્ય જે કાર્ય હોય તે મને સુખેથી કહો. પ્રસન્ન થયેલો હું તમોને વર આપવા અહીં આવ્યો છું તો હે સુવ્રત! ઇપ્સિત વરને માગો ॥ ૫૨ ॥

शतानन्दमुनिरुवाच—

इति श्रुत्वा हरेर्वाक्यमिन्द्ररूपस्य भूमिपः ।
विलोक्य तं च तरसा स्वागताद्यैरपूजयत् ॥ ५३ ॥

नाहमाराधयामि त्वां तव बद्धोऽयमञ्जलिः ।
वरार्थिनां तु वरद ! प्रयच्छ त्वं वरं मतम् ॥ ५४ ॥

न वरार्थं मया यत्नस्त्वत्तो देवपते ! कृतः ।
कृष्णस्याराधनार्थाय विद्धि मां त्वं कृतोद्यमम् ॥ ५५ ॥

इति राजवचः श्रुत्वा पुनरिन्द्रोऽभ्यभाषत ।
अहं हि सर्वदेवानां त्रैलोक्यस्य तथेश्वरः ॥ ५६

पालयन्ति ममैवाज्ञामादित्याद्यास्तथा परे ।
कुर्वन्ति च ममैवाज्ञां विश्वेदेवा महर्षयः ॥ ५७ ॥

अधिकोऽन्योऽस्ति को वा तत्प्रतिगृह्णीष्व वाञ्छितम् ।
इति शक्रेण निर्दिष्टः राजैनं समभाषत ॥ ५८ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ! ઉપર પ્રમાણે ઇન્દ્રરૂપ શ્રીહરિનું વચન સાંભળીને અંબરીષ રાજાએ તેમને જોઇને વેગથી સ્વાગતાદિ વડે યથાવિધિ પૂજા કરી ॥ પછી કહ્યું કે, હું તમારૂં આરાધન કરતો નથી હું તમોને હાથ જોડું છું. હે વરદ! જે વરની ઇચ્છાવાળા હોય તેમને તમે અભિમત વર આપો ॥ હે દેવેશ! મેં તમારા થકી વર મેળવવા માટે કાંઈ પ્રયત્ન કર્યો નથી. મેં જે આ તપનો ઉદ્યમ કર્યો છે તે ભગવાનના આરાધન માટે છે એમ તમો નિશ્ચયથી જાણો ॥ આવું અંબરીષ રાજાનું વચન સાંભળીને ફરીથી ઇન્દ્રરાજા બોલ્યા ॥ હું તો સર્વ દેવોનો અને આખી ત્રિલોકીનો પણ ઈશ્વર છું ॥ મારી આજ્ઞાને તો સૂર્યાદિ તેમજ બીજા બધા દેવો પાળે છે. અને મારી આજ્ઞામાં વિશ્વેદેવો અને મહર્ષિઓ પણ વર્તે છે. મારી આજ્ઞાને કોઇપણ ઉલ્લંઘતું નથી. મારાથકી અધિક

બીજો કોઈ પણ નથી. તો મારાથકી ઇપ્સિત વરને ગ્રહણ કરો. આ રીતે ઇન્દ્રરાજાએ કહેલા અંબરીષ રાજા ઇન્દ્રપ્રત્યે બોલ્યા ॥ ૫૩-૫૮ ॥

अम्बरीष उवाच —

त्वमिन्द्रः सत्यमेवैतत् देवस्त्रिभुवनेश्वरः ।
त्वयाऽपि प्राप्तमैश्वर्यं यतस्तं तोषयाम्यहम् ॥ ५९ ॥

त्रैलोक्यं तव देवेश ! वशे यस्य महात्मनः ।
यस्योदरेशया लोकास्तं हरिं तोषयाम्यहम् ॥ ६० ॥

निमेषो यस्य वै रात्रिरुन्मेषो यस्य वासरः ।
तमीशमीड्यमजरं प्रणतोऽस्मि जनार्दनम् ॥ ६१ ॥

उत्पत्तिस्थितिसंहारान् त्वन्मुखाखिलदेहिनाम् ।
यः करोति त्रिमूर्तिस्तं हरिं कृष्णं भजाम्यहम् ॥ ६२ ॥

हिरण्यकशिपुः पूर्वं हरिण्याक्षश्च ते रिपुः ।
हतौ त्वय्यनुकम्पातो येन विष्णुं भजामि तम् ॥ ६३ ॥

बलिनाऽपहृतं शक्र ! दत्तं येन पुरा च ते ।
त्रैलोक्यराज्यं तं बद्ध्वा तं वन्दे केशवं हरिम् ॥ ६४ ॥

प्रसीद शक्र ! गच्छत्वमहमप्यत्र संस्थितः ।
तपस्तप्स्ये जगन्नाथं द्रष्टुं नारायणं हरिम् ॥ ६५ ॥

અંબરીષ રાજા કહે છે—તમો ઇન્દ્રદેવ છો અને ત્રિભુવનના ઇશ્વર છો એ બાબત સાચી છે. પરંતુ હું તો તમોએ જેના પ્રતાપથી ઐશ્વર્ય મેળવ્યું છે તે ભગવાનનું આરાધન કરૂં છું ॥ હે દેવેશ ! આ તમારી ત્રિલોકીપણ જે મહાત્મા શ્રીહરિના વશમાં સદા વર્તે છે. વળી આ સમગ્ર લોકો જેના ઉદરમાં અવકાશ મેળવીને રહ્યા છે તે શ્રીહરિને હું સંતોષવા ઇચ્છું છું. મને બીજી કોઈ ઇચ્છા નથી. જેનો નિમેષ (આંખ મીચવી) તે રાત્રિ છે. અને જેનો ઉન્મેષ (આંખ ઉઘાડવી) તે દિવસ છે. આંખ મીચી જાય તો રાત્રિ થઈ જાય અને આંખ ઉઘાડે તો દિવસ થઈ જાય આ બાબત જેના આંખના મટકામાં રહી છે. એવા સર્વસ્તુત્ય સર્વેશ

અજર જનાર્દનને હું પ્રણામકર્તા છું ॥ તમો મુખ્ય જેમાં છો એવા સમગ્ર દેહિઓની ઉત્પત્તિ સ્થિતિ સંહારને બ્રહ્મા વિષ્ણુ શિવ આ ત્રણ મૂર્તિઓ દ્વારા જે કરે છે તે કૃષ્ણ હરિનું હું ભજન કરૂં છું ॥ પૂર્વે હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ, આ બન્ને દૈત્યો તમારા મહા શત્રુઓ હતા. તમારી ઉપર અનુકંપા કરીને જેણે તે શત્રુઓને હણી નાંખ્યા તે વિષ્ણુને હું ભજું છું ॥ હે ઇન્દ્ર ! પૂર્વે બલિરાજાએ બળાત્ ત્રિલોકીનું રાજ્ય હરિ લીધું હતું તે બળિને બાંધીને તે રાજ્ય તમોને જેણે પાછું આપ્યું તે કેશવ શ્રીહરિને હું વંદન કરૂં છું ॥ હે ઇન્દ્ર ! હવે તમો પ્રસન્ન થઇને અહીંથી જાવ. હું પણ અહીં રહીને જગન્નાથ નારાયણ શ્રીહરિનાં સાક્ષાત્ દર્શન માટે તપને કરીશ. હવે હું બીજુ કાંઇ કહેવા માગતો નથી ॥ ૫૯-૬૫ ॥

शतानन्द उवाच—

इति तस्याम्बरीषस्य हरिभक्तस्य वै वचः ।
श्रुत्वाऽनादरगर्भं तत् क्रुद्धः शक्रस्तमब्रवीत् ॥ ६६ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! હરિભક્ત અંબરીષ રાજાનું ઉપરોક્ત અનાદર ગર્ભિત વચનને સાંભળીને ક્રોધને પામેલો ઇન્દ્ર, રાજા પ્રત્યે બોલ્યો ॥ ૬૬ ॥

इन्द्र उवाच—

यदि मद्वचनादद्य नृपते ! त्वं महत्तपः ।
न त्यक्षसि तदा त्वां तु प्रहरिष्यामि वज्रतः ॥ ६७ ॥

ઇન્દ્ર કહે છે—હે નૃપતે ! જો તું મારું વચન માનીને હાલમાં આ મહા તપનો ત્યાગ નહિ કરીશ, તો હું તને મારા વજ્ર આયુધથી હણી નાંખીશ. એમ જરૂર જાણજે ॥ ૬૭ ॥

शतानन्द उवाच—

इति श्रुत्वेन्द्रवाक्यं तु हरिनिष्ठो दृढव्रतः ।
निर्भीको ह्यचलः प्राह राजा शक्रमरिन्दमम् ॥ ६८ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! ઇન્દ્રનું ઉપરોક્ત કઠોર વચન

સાંભળીને, શ્રીહરિમાં દૃઢ નિષ્ઠાવાળા અંબરીષ રાજા, નિર્ભય અચળ હોઇને આયુધોથી દમનકર્તા ઇન્દ્રના પ્રત્યે બોલ્યા ॥ ૬૮ ॥

अम्बरीष उवाच—

नाल्पमप्यपराधं ते करोमि त्रिदशेश्वर ! ।
तथापि वधयोग्यं मां मन्यसे चेत्क्षिपाऽऽयुधम् ॥ ६९ ॥

श्रूयते किल गोविन्दे भक्तिमुद्वहतां नृणाम् ।
संसारन्यूनताभीतास्त्रिदशाः परिपन्थिनः ॥ ७० ॥

तापसोऽहं क्व निःसङ्गः क्व च कोपस्तवेदृशः ।
विज्ञातमेतद्गोविन्दभक्तिविघ्नोपपादितम् ॥ ७१ ॥

भवन्ति बहवो विघ्ना नरे श्रेयःपरायणे ।
गोविन्दभक्त्यधिकं श्रेयश्चान्यन्न विद्यते ॥ ७२ ॥

स त्वं प्रहर वा मा वा मयि वज्रं पुरन्दर ! ।
नाहमुत्सृज्य तं विष्णुमन्यमाराधयामि भो ! ॥ ७३ ॥

न चापि वज्रं वज्री वा त्वं न चापि सुरासुराः ।
शक्ता निहन्तुं मामीशे हृदयस्थे जनार्दने ॥ ७४ ॥

किन्तु मे बहुनोक्तेन नाहं वक्ष्याम्यतः परम् ।
यथेप्सितं कुरुष्व त्वं करिष्येऽहं निजेप्सितम् ॥ ७५ ॥

અંબરીષ રાજા કહે છે—હે ત્રિદશેશ્વર ! તમારો હું અલ્પ પણ અપરાધ કરતો નથી. તથાપિ જો મને વધ કરવા યોગ્ય માનતા હો, તો વજ્ર આયુધને હમણાં જ મારા ઉપર ફેંકો ॥ એવી વાત સાંભળવામાં આવે છે કે ભગવાનની ભક્તિને કરનારા નરોને સંસારમાં ન્યૂનતા થાય એમ જાણતાં ભય પામેલા દેવતાઓ શત્રુભૂત થાય છે. જે ભક્તો છે તે તો અમારા સ્થાન સ્વર્ગને ઉલ્લંઘીને ઊર્ધ્વ સ્થાનમાં જાય છે. જેથી આ સંસારમાં તો બહુ ન્યૂનતા થશે. એમ સમજીને ભક્તોને વિઘ્ન કરવા માગે છે ॥ હું તપસ્વી અને નિઃસંગ ક્યાં ? અને તમારો આવો કોપ ક્યાં ? બન્નેનો મેળ ખાતો નથી. ભગવદ્ભક્તિમાં વિઘ્ન કરવાના ઇરાદાથી આ બધું

કરવામાં આવે છે એમ મારા જાણવામાં આવે છે. 'श्रेयांसि बहुविघ्नानि' એ કહેવત પ્રમાણે શ્રેયઃપરાયણ નરને માટે બહુ વિઘ્નો ઉપસ્થિત થાય છે ॥ હું તો ભગવદ્ભક્તિ થકી અધિક કોઈપણ શ્રેય નથી એમ નિશ્ચયથી માનું છું. તો હે ઈન્દ્ર! તમો મને વજ્રથી પ્રહાર કરો કે ન કરો. પરંતુ હું તે ભગવાનને પડ્યા મૂકીને બીજા કોઈનું આરાધન કરવા ઇચ્છતો નથી. આ વજ્ર કે વજ્રને ધારનારા તમો કે આ સુરો અસુરો કોઈ પણ મને હણવા માટે શક્તિમાન્ નથી. કારણ કે મારા હૃદયમાં તો રક્ષક સર્વેશ્વર જનાર્દન ભગવાન અખંડ રહ્યા છે ॥ किं बहुना હવે બહુ કહેવાથી શું ? અતઃ પર હું કાંઈપણ કહેવા માગતો નથી. ઇચ્છામાં આવે તેમ તમો કરો. મને ઇચ્છામાં આવે એમ હું કરીશ. હવે વિવાદ કરવો નથી ॥ ६९–७५ ॥

शतानन्द उवाच—

एवमुक्त्वा सुरपतिं पार्थिवः स पुनस्तपः ।
चचार मौनमास्थाय तेनातुष्यत्तु केशवः ॥ ७६ ॥
सन्दर्शयामास ततः स्वं रूपं कैटभार्दनः ।
चतुर्भुजमुदाराङ्गं शङ्खचक्रगदाब्जधृत् ॥ ७७ ॥
किरीटस्रग्धरं स्पष्टनीलोत्पलदलच्छवि ।
पीताम्बरधरं दिव्यरत्नभूषणभूषितम् ॥ ७८ ॥
ऐरावतश्च सहसा गरुडः समदृश्यत ।
गरुडस्थं हरिं दृष्ट्वा त्वरितो नृपतिस्तदा ॥ ७९ ॥
प्रणम्य दण्डवद्भूम्यामस्तौषीद्भक्तिपूर्वकम् ।
स्तोत्रेण तत्कृतेनाथ प्रसन्नो हरिरब्रवीत् ॥ ८० ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ, ઉપર પ્રમાણે દેવેન્દ્રને કહીને, રાજા તો ફરીથી મૌન વ્રત ધારીને તપ કરવા લાગ્યા ॥ તે તપશ્ચર્યા જોઈને ભગવાન પ્રસન્ન થયા ॥ તે પછી મધુ કૈટભ અસુરને હણનારા ભગવાને પોતાનું અસાધારણ દિવ્ય રૂપ પ્રદર્શાવ્યું. કેવું રૂપ ? તો ચતુર્ભુજ, ઉદાર સુંદર અંગવાળું, શંખ, ચક્ર, ગદા, પદ્મ આ ચાર આયુધોને ચાર

હાથમાં ધરી રહેલું, મસ્તકે મુકુટ અને કંઠમાં પુષ્પહારોને ધારી રહેલું. પ્રફુલ્લ નીલ કમળદળ જેવી શ્યામ કાંતિવાળું, પીતાંબરને ધારી રહેલું, રત્નજડિત દિવ્ય ભૂષણો વડે શોભાયમાન, આવું રમણીય રૂપ બતાવ્યું ॥ જે ઐરાવત હાથી હતો તે તો એકદમ ગરુડ રૂપે જોવામાં આવ્યો. બધી જ પ્રક્રિયા બદલાઈ ગઈ. વાહનરૂપ ગરુડ ઉપર વિરાજમાન ભગવાનનાં દર્શન કરીને, રાજા બહુ ત્વરાથી ભગવાનને ભૂમિ ઉપર દંડની પેઠે પડીને પ્રણામ કરીને પ્રીતિપૂર્વક સ્તુતિ કરવા લાગ્યા. અનંતર કરેલી સ્તુતિથી બહુ પ્રસન્ન થએલા ભગવાન્ બોલ્યા ॥ ૭૯-૮ ॥

श्रीभगवानुवाच—

अम्बरीष महाप्राज्ञ ! मयि निश्चलभक्तिक ! ।
दृष्टवा मयि दृढां निष्ठां प्रसन्नस्त्वयि भूपते ! ॥ ८१ ॥
मय्येकान्तमनाः क्वापि दुःखैर्न प्रतिहन्यते ।
अप्यन्तरायोपहतो ह्यासारैर्हिमवानिव ॥ ८२ ॥
मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
मय्यर्पितेहितप्राणो मामेवैष्यस्यसंशयम् ॥ ८३ ॥
क्रियायोगेन मामिष्टवा सात्त्वताख्यविधानतः ।
भजन्नित्यं च नवधा भक्तिभेदेन मां नृप ! ॥ ८४ ॥
असक्तः कुरु सर्वत्र धरायाः परिपालनम् ।
विक्षेपो भविता नैव चित्ते ते शासतो धराम् ॥ ८५ ॥
मया च तव रक्षार्थं प्रहितं चक्रमुत्तमम् ।
आयुधप्रवरं कुर्याद्विपद्भ्यो रक्षणं तव ॥ ८६ ॥
क्रियायोगं भागवतं वसिष्ठस्तव वै गुरुः ।
उपदेक्ष्यति तेनाद्धा भजन्मां शान्तिमेष्यसि ॥ ८७ ॥

શ્રી ભગવાન્ કહે છે—હે મહાપ્રાજ્ઞ અંબરીષ ! તમો મારા વિષે

નિશ્ચળ ભક્તિવાળા છો. હે ભૂપતે! મારે વિષે દૃઢ નિષ્ઠાને જોઈને તમારી ઉપર હું બહુજ પ્રસન્ન થયો છું ॥ મારે વિષે અનન્ય મનવાળો ભક્ત, ભલે અનંત અંતરાયો વડે પીડાય તથાપિ તે દુઃખોએ કરીને હણાતો નથી. જેમ વર્ષાદની અનંત ધારાઓ મોટી પડે તો પણ હિમાદ્રિ હણાતો નથી. નિશ્ચળ રહે છે ॥ તો હવે તમે મારે વિષેજ મનને જોડીદ્યો અને મારે વિષેજ બુદ્ધિને ધારી રાખો. એમ મારે વિષે સર્વ ક્રિયાઓ અને પ્રાણને અર્પણ કરતાં મનેજ પામશો એમાં સંશય નથી. પાંચરાત્રમાં કહેલા વિધિને અનુસારે ક્રિયાયોગથી મારૂ યજન કરો અને હે નૃપ! નવ પ્રકારના ભક્તિ ભેદોએ કરીને મારૂ નિત્ય ભજન કરો ॥ રાજ્યાદિ સર્વમાંથી આસક્તિને છોડીને પૃથ્વીનું પરિપાલન કરો. પૃથ્વીનું પાલન કરતાં તમારા ચિત્તમાં કોઇપણ વિક્ષેપ આવશે નહિ એવું મારૂં વરદાન છે ॥ વળી મેં તમારી રક્ષા માટે આયુધોમાં શ્રેષ્ઠ મનાતું ઉત્તમ સુદર્શન ચક્ર રાજ્યમાં સ્થાપ્યું છે, તે આવતી વિપત્તિઓ થકી તમારું રક્ષણ કરશે. ભગવાન સંબન્ધી જે ક્રિયાયોગ છે તેનોતો ઉપદેશ તમારા ગુરુ વસિષ્ઠ મુનિજી કરશે, તેના અનુસંધાનથી મને ભજતા તમો નિશ્ચે પરમ શાંતિને પામશો ॥ ૮૧-૮૭ ॥

शतानन्द उवाच—

इति तस्मै वरं दत्वा भगवान् भक्तवत्सलः ।
अन्तर्हितस्तु तरसा घने विद्युल्लता यथा ॥ ८८ ॥
सोऽपि भक्तवरो राजा तपसा हरिमेधसम् ।
दृष्ट्वा प्राप्य वरं क्षोणीं शासद्भागवतोत्तमः ॥ ८९ ॥
चक्रेण सर्वथाऽऽपद्भ्यो रक्ष्यमाणो महायशाः ।
कृष्णसायुज्यमापान्ते सदा कृष्णपरायणः ॥ ९० ॥
अम्बरीषनृपाख्यानं पठेद्यः पावनं त्विदम् ।
शृणुयाद्वास्य निष्ठा तु हरौ सिध्यति वै दृढा ॥ ९१ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ! ઉપર પ્રમાણે રાજાને વરદાન

આપીને, ભકતવત્સલ ભગવાન્ મેઘઘટામાં વિજળીલતાની જેમ વેગથી અંતર્ધાન થઈ ગયા અને ભકતવર્ય રાજાપણ તપ વડે આરાધન કરતાં ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન અને વરને પામીને પૃથ્વીનું પ્રશાસન કરવા લાગ્યા. ભાગવતોત્તમ આ રાજા ચક્રે સર્વ વિપત્તિઓ થકી સર્વથા રક્ષણ કરાતા થકા મહાયશસ્વી થયા. આ રીતે સદા ભગવત્પરાયણ અંબરીષ રાજા દેહને અંતે ભગવાનના સાયુજ્યને પામ્યા. જે કોઈ જન આ અંબરીષ રાજાના પવિત્ર આખ્યાનનો પાઠ કરે કે સાંભળે તેની ભગવાનમાં દૃઢ નિષ્ઠા સિદ્ધ થાય છે ॥ ૮૮–૯૧ ॥

एवं नवविधां भक्तिं कुर्वाणा अन्वहं नराः ।
परां भक्तिं हरौ कृष्णे विन्देयुर्गोपिका इव ॥ ९२ ॥
परां भक्तिमनुप्राप्ताः श्रीहरौ पुरुषोत्तमे ।
तदीयसङ्गरहिता क्षणं वा जीवनाक्षमाः ॥ ९३ ॥
तच्चित्तास्तद्गतप्राणा बोधयन्तः परस्परम् ।
कथयन्तश्च तं नित्यं तुष्यन्ति रमयन्ति च ॥ ९४ ॥
एवं सततयुक्तानां भजतां प्रेमभावतः ।
श्रीहरिर्भगवान् योगक्षेमं निर्वहति प्रभुः ॥ ९५ ॥

ઉપર કહ્યા પ્રમાણે પ્રતિદિન નવ પ્રકારની ભક્તિને કરનારા નરો, ભગવાન્ શ્રીહરિ કૃષ્ણને વિષે ગોપીઓની પેઠે પ્રેમલક્ષણા ભક્તિને પામે છે ॥ પુરુષોત્તમ શ્રીહરિને વિષે પરા ભક્તિને પામેલા નરોને જો એક ક્ષણ પણ ભગવાનનો સંબન્ધ ન રહે તો તેઓ જીવવા માટે પણ સમર્થ રહે નહિ, તેવા ભક્તો મારા વિષે મનને પરોવીને, મારા વિના આત્મ ધારણને નહિ પામીને, તે તે ભક્તોએ અનુભવેલા મારા ગુણોનો પરસ્પર બોધ કરતા થકા અને મારાં દિવ્ય ચરિત્રોને કહેતા થકા પોતે વક્તાઓ બહુ રાજી રહે છે અને શ્રોતાઓને રંજન કરે છે. આ પ્રકારે મારી સાથે સદા સંબન્ધ ધરાવતા અને પ્રેમ ભાવથી મને ભજતા નરોનો મહાપ્રભુ ભગવાન્ શ્રીહરિ, ભગવાનની પ્રાપ્તિરૂપ યોગ અને અપુનરાવૃત્તિરૂપ ક્ષેમને આપે

છે. અલબ્ધનો લાભ કરી આપવો તે યોગ કહેવાય. અને મળેલાનું રક્ષણ કરવું તે **ક્ષેમ** કહેવાય ॥ ૯૨-૯૫ ॥

विना तद्दास्यरसिकां सिद्धीर्मुक्तिं च दुर्लभाम् ।
नेच्छन्ति भगवानेव तेषां सर्वं यतोऽस्ति तु ॥ ९६ ॥
एवंविधा भक्तवराः परमैकान्तिकाभिधाः ।
कृष्णादेवाखिलं सौख्यं यान्ति धाम्न्यक्षरे सदा ॥ ९७ ॥
सकामा इह ये भक्ता भजन्ति हरिमन्वहम् ।
तेभ्योऽपि कामान् मोक्षं च ददात्यच्युत आत्मवान् ॥९८॥
सकामा हरिनिष्ठा वै एकान्तिन उदाहृताः ।
प्रेष्ठा हरेस्तु पूर्वोक्ता यतस्ते हृदयं मताः ॥ ९९ ॥

નિષ્કામ ભકતો છે તે ભગવાનના દાસ્યરસરહિત એવી દુર્લભ મુકિત તથા અષ્ટ સિદ્ધિઓને પણ ઇચ્છતા નથી. એક સેવા મુકિતને જ ઇચ્છે છે. કારણ કે તેમને મન તો '**वासुदेव: सर्वमिति**' '**त्वमेव माता च पिता त्वमेव**' એમાં કહ્યા પ્રમાણે પ્રાપ્ય, પ્રાપક અને બીજુ પણ જે મનોરથ-વર્તિ તે તમામ ભગવાન જ છે ॥ આવા જે ભક્તવરો છે તે 'પરમ એકાંતિક' નામથી કહેવાય છે. તેઓ અક્ષરધામમાં ભગવાન થકી જ સર્વ સુખને સદા પામી રહે છે ॥ આ લોકમાં જે સકામ ભક્તો હોઈને ભગવાનને જ એક નિષ્ઠાથી પ્રતિદિન ભજે છે તેઓને પણ ઇચ્છિત કામો અને મોક્ષને પણ અચ્યુત આત્મવાન્ ભગવાન્ આપે છે. હરિમાં જ નિષ્ઠાવાળા જે સકામ ભક્તો છે તેમને 'એકાંતિક' એમ કહેવામાં આવે છે. તેમાં જે પૂર્વોક્ત પરમૈકાંતિક તે ભગવાનને બહુ પ્રિય છે. કેમકે ભગવાને તેમને '**ज्ञानी त्वात्मैव मे मतम्**' '**साधूनां हृदयं त्वहम्**' એમ પોતાના હૃદય તુલ્ય માન્યા છે ॥ ૯૬-૯૯ ॥

यदीच्छेज्जन्मसाफल्यं भक्तिं कुर्वीत सत्वरम् ।
ततः श्रेयस्करं नान्यद्वर्तते भविनां यतः ॥ १०० ॥

श्रेयसे न विलम्बेत यतो जीवितमस्थिरम् ।
दुर्लभं मानुषं प्राप्य भजेद्यावन्न शीर्यते ॥ १०१ ॥
श्वः कार्यमद्य कुर्वीत पूर्वाह्णे चापराह्णिकम् ।
नहि प्रतीक्षते मृत्युः कृतमस्य न वा कृतम् ॥ १०२ ॥
को हि जानाति कस्याद्य मृत्युकालो भवेदिति ।
युवैव धर्मशीलः स्यादित्याहुर्नीतिवित्तमाः ॥ १०३ ॥

જે નર જન્મની સફળતાને ઇચ્છતા હોય તેમણે સત્વર હરિભક્તિને કરી લેવી જોઈએ. કેમકે ભક્તિ થકી બીજું કાંઈપણ જનો માટે કલ્યાણકારી નથી. એક ભકિત જ છે. આ બાબત '**तस्यैव सर्वथा भक्तिः**' આ શિક્ષાપત્રી શ્લોકમાં સ્પષ્ટપણે કહી છે. શ્રેયના કાર્યમાં જરા પણ વિલંબ કરવો નહિ, કેમકે જે જીવિત છે તે અત્યંત અસ્થિર છે, ક્ષણ પણ સ્થિર સ્થિતિ નથી. દુર્લભ મનુષ્ય શરીરને પામીને તે જેટલાકમાં વિશીર્ણ ન થઈ જાય તેટલાકમાં ભગવાનને ભજી લેવા ॥ આવતી કાલે કરવા ધારેલા કાર્યને આજ જ કરી લેવું. સાંજના કરવા ધારેલું કાર્ય સવારમાં જ કરી લેવું. કેમકે 'આણે આ કામ કર્યું છે અને આને આ કામ કરવાનું બાકી છે' એમ મૃત્યુકાળ રાહ જોતો નથી ॥ 'કોનો આજરોજ મૃત્યુ કાળ આવશે' એમ કોઈપણ જાણતો નથી. માટે દુર્લભ મનુષ્ય જન્મને પામેલા નરે યુવા વયમાંથી જ ધર્મશીલ થવું' એમ ઉત્તમ નીતિવિદો કહે છે, એમાં શંકા કરવા જેવું જરા પણ નથી. ભગવાને સ્વમુખે '**एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम्**' '**अनित्यमसुखमिमं लोकं प्राप्य भजस्वमाम्**' એમ ગીતામાં કહ્યું છે ॥ ૧૦૦–૧૦૩ ॥

नृजातिमिह सम्प्राप्ता भक्तिसाधनसम्भृताम् ।
न भजन्ति हरिं ये तु ते मता ह्यात्मवञ्चकाः ॥ १०४ ॥
धर्मः सत्यदयोपेतो विद्या च तपसाऽन्विता ।
हरिभक्तिविहीनं तु न सम्यक् प्रपुनाति वै ॥ १०५ ॥
विष्णुभक्तिविहीनस्य शमाद्या अखिला गुणाः
शवालङ्कारतुल्याश्च विधवालङ्क्रियासमाः ॥ १०६ ॥

ભક્તિ કરવામાં ઉપયોગમાં આવે એવાં સમગ્ર સાધનોથી ભરપુર એવી નર જાતિને આ પવિત્ર ભરતખંડમાં પામીને, જેઓ ભગવાનને ભજતા નથી તેઓ પોતાના આત્માનેજ છેતરનારા માન્યા છે ॥ સત્ય દયા આદિક ગુણોએ યુકત ધર્મ હોય અને તપે યુકત વિદ્યા હોય, પરંતુ તે ગુણો ભક્તિએ રહિત એવા જનને સારી રીતે પવિત્ર કરી શકતા નથી. ભગવદ્‌ભકિતએ રહિત એવા પુરુષમાં ભલે શમ દમ ક્ષમા આદિક સમગ્ર ગુણો હોય પરંતુ શબને તેમજ વિધવાને ધરાવેલા અલંકારોને તુલ્ય છે. શબને તેમ જ વિધવાને અલંકારો શોભે નહિ તેમ જ ભક્તિ વિનાના બીજા ગુણો શોભતા નથી. આ બાબત **'गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत्परं फलम् । कृष्णेभक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽव्ययः'** આમાં સ્પષ્ટ છે ॥ ૧૦૪–૧૦૬ ॥

न धनेनेह महता नाभिजात्यश्रुतादिभिः ।
तपसा तेजसा वाऽपि बलपौरुषयोगतः ॥ १०७ ॥

प्रीतो भवेद्धरिः कृष्णो पूर्णः श्रीपुरुषोत्तमः ।
केवलं भक्तिभावेन तुष्यत्येष सतांगतिः ॥ १०८ ॥

पत्रं पुष्पं फलं वाऽपि यस्य तोषाय कल्पते ।
प्रेम्णाऽर्पितं, न भूर्यद्वा प्रेमभावविवर्जितम् ॥ १०९ ॥

सुलभं सुलभाराध्यं भावबन्धेन केवलम् ।
हरिं भजेत मतिमान् अन्यत्सर्वं विडम्बनम् ॥ ११० ॥

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન્ શ્રીહરિકૃષ્ણ, બહુ ધનથી કે ઉચા કુળમાં જન્મથી કે શાસ્ત્રાધ્યયન આદિક ગુણોથી કે તપથી કે તેજથી કે બળ પૌરુષના યોગથી પ્રસન્ન થતા નથી. સંતોના ગતિરૂપ આ ભગવાનતો કેવળ ભક્તિભાવથીજ પ્રસન્ન થાય છે ॥ પ્રેમથી અર્પણ કરેલું અલ્પપણ પત્ર પુષ્પ ફળ જળાદિક ભગવાનની પ્રસન્નતા માટે થાય છે. પ્રેમભાવ વિના ભલે ઘણું સારૂ અર્પણ કર્યું હોય પણ તે ભગવાનની પ્રસન્નતા માટે

થતું નથી આ અર્થ ભગવાને **'पत्रं पुष्पं फलं तोयं'** આ શ્લોકમાં સ્પષ્ટ જણાવ્યો છે. **'पत्रेषु पुष्पेषु फलेषु चैव ह्यक्रीतलभ्येषु सदैव सत्सु । भक्त्येकलभ्यः पुरुषोत्तमोऽसौ मुक्त्यै किमर्थं क्रियते न यत्नः'** એમ વિશેષણ કહ્યો છે. માટે સર્વ પ્રકારે સુલભ અને જેનું કેવળ ભાવ બન્ધથી થતું આરાધન પણ સુલભ છે એવા ભક્તિપ્રિય ભગવાનને બુદ્ધિમાન્ નરે સદા ભજવા જોઈએ. ગજેન્દ્ર ઉપર ભગવાન કેવળ ભક્તિથીજ પ્રસન્ન થયા હતા ॥ બીજું બધું તો કેવળ વિડંબન—અનુકરણ છે ॥ ૧૦૭-૧૧૦ ॥

को न्वाचारः किरातस्य ध्रुवस्य च कियद्वयः ।
कुब्जायाः किं पुना रूपं सुदाम्नश्च धनं कियत् ॥१११॥
वंशः को विदुरस्योग्रसेनस्य च बलं कियत् ।
एते तु केवलं भक्त्या ह्यगमन् प्रेष्ठतां हरेः ॥११२॥

ભીલ્લ જાતિ ગુહનો શો સારો આચાર હતો? ધ્રુવજીની શી મોટી અવસ્થા હતી? કુબ્જાનું શું સુંદર રૂપ હતું, સુદામાની પાસે શું મોટું ધન હતું? વિદુરજીનો શો સારો વંશ હતો? ઉગ્રસેનનું શું અધિક બળ હતું? આ ગણ્યા એમાં કશુંજ શુભ ન હતું. પરંતુ ભગવાનમાં કેવળ ભક્તિ ભાવ રાખવાથી ભગવાનની પ્રીતિના પાત્રભૂત પૂર્વે થઇ ગયા છે ॥ ૧૧૧-૧૧૨ ॥

भक्त्येकलभ्यं परमं पुमांसं श्रीवासुदेवं त्विह भक्तिसूनुम् ।
भजन्ति ये वै सततं भवन्ति ते कालमायायमभीतिबाह्याः ॥ ११३ ॥

इतिश्रीमदाध्यात्मिकतत्त्वाख्याने भक्तिप्रकरणे नवविधभक्ति-निरूपणं नाम सप्तविंशतितमोऽध्यायः ॥ २७ ॥

જેઓ એક ભક્તિથીજ પ્રાપ્ત થનારા એવા ભક્તિપુત્ર પરમપુરુષ શ્રીવાસુદેવને આ લોકમાં નિરંતર ભજે છે તેઓ કાળ, માયા અને યમ દૂતોના ભયે રહિત થઇ જાય છે, તેમને માથેથી કાળ માયા યમાદિકનો ભય ટળી જાય છે ॥ ૧૧૩ ॥

ઇતિશ્રી...શાસ્ત્રી હરિજીવનદાસકૃતગુર્જરાનુવાદે સત્તાવીસમો અધ્યાયઃ ॥ ૨૭ ॥

अष्टाविंशतितमोऽध्यायः ।

शतानन्दमुनिरुवाच—

भक्तिरेषा मयोद्दिष्टा हरौ कृष्णे परात्परे ।
तन्माहात्म्यावबोधेन विरक्तस्याभिवर्धते ॥ १ ॥
यथा यथा च माहात्म्यमधिकं ज्ञायते हरेः ।
तथा तथा भक्तिरस्मिन् विवृद्धा जायते नृणाम् ॥ २ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! મેં જે પૂર્વે પરાત્પર શ્રી હરિકૃષ્ણમાં ભકિત કરવાની કહી તે તેમના માહાત્મ્ય જ્ઞાને કરીને વૈરાગ્યે યુકત ભકતમાં વૃદ્ધિ પામે છે ।। મુમુક્ષુ નરોને જેમ જેમ ભગવાનનું માહાત્મ્ય અધિકાધિક સમજાતું જાય તેમ તેમ ભગવાનમાં ભકિત વધતી જાય છે. ભકિતની વૃદ્ધિમાં અને તેની સ્થિરતામાં ખરું કારણ માહાત્મ્ય જ્ઞાન છે. માહાત્મ્ય જ્ઞાન તો એક તરફથી વૈરાગ્યને ઉપજાવે છે અને બીજી તરફથી ભકિતને વધારે છે, એમ વચ્ચે રહીને બે મહત્ કાર્યોને કરે છે. જેથી ધર્માદિ કરતાં માહાત્મ્યનો વિશેષ વર્ણવ્યો છે. આ અર્થ ગીતામાં **'एतां विभूतिं योगं च' 'त्वत्तः कमलपत्राक्ष माहात्म्यमपि चाव्ययम्'** આ રીતે જણાવ્યો છે. ભકિત માર્ગના પ્રવર્તક શ્રીમાન્ વલ્લભાચાર્યે પણ **'माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः । सर्वतोऽधिकः स्नेहो भक्तिरिति प्रोक्त स्तया मुक्तिर्न चान्यथा'** એમ મુકિતના હેતુભૂત ભકિતની વૃદ્ધિમાં માહાત્મ્ય જ્ઞાનની હેતુતા કહી છે. એજ અભિપ્રાય શ્રીહરિએ શિક્ષાપત્રીમાં સ્વીકાર્યો છે અને બીજા ગ્રંથોમાં વિવેચ્યો છે. ભગવાનના પ્રતાપનું સચ્છાસ્ત્ર અને સજ્જનો થકી જે સમ્યક્ જ્ઞાન તેને માહાત્મ્યજ્ઞાન કહે છે. આ જ્ઞાન ભગવાનના સ્વરૂપ રૂપ *ગુણ વિભૂતિ વિગેરેના અત્યુત્કર્ષ વિષયનું વિવિધ પ્રકારનું છે. આ જ્ઞાન જ આખરે તો ભક્તિમાં જ પરિણામ પામનારૂં હોવાથી એનો ભક્તિમાંજ સમાવેશ છે. ભગવાનના નિશ્ચયનું સ્વરૂપ પણ માહાત્મ્ય જ્ઞાનને મળતું જ હોવાથી તેનો પણ ભક્તિમાં સમાવેશ છે,

કેમકે ભક્તિની વૃદ્ધિમાં નિશ્ચયનું પણ હેતપણું કહ્યું છે. આવું તાત્પર્ય સમજવું ।। ૧-૨ ।।

गोलोके ब्रह्मधाम्न्यस्य महावैकुण्ठधामनि ।
अव्याकृतादिषु तथा महैश्वर्यं विराजते ॥ ३ ॥
अधर्मसर्गनाशाय धर्मसर्गविवृद्धये ।
प्रादुर्भूतस्य तस्यास्यानेकधाऽस्ति महत्त्वकम् ॥ ४ ॥
मनुष्यभावतस्तस्मिन् प्रकटे पुरुषोत्तमे ।
दिव्यैश्वर्यं च तत्सर्वं जानतो वर्धते रतिः ॥ ५ ॥
अनेककोटिब्रह्माण्डसृष्टिपालनसंहृतीः ।
अस्यैव लीला सच्चेष्टा जानतो वर्धते रतिः ॥ ६ ॥
ईश्वराणां च सर्वेषामक्षरब्रह्मणां तथा ।
एतदाज्ञाऽनुवर्तित्वज्ञानाद् भक्तिः प्रवर्धते ॥ ७ ॥

ભક્તિવર્ધક માહાત્મ્યજ્ઞાનના પ્રકારોને કહે છે—ગોલોક, બ્રહ્મધામ, મહાવૈકુંઠ, અવ્યાકૃત આદિક દિવ્ય ધામોમાં જે મોટું નિરતિશય ઐશ્વર્ય સચ્છાસ્ત્રોમાં વર્ણવ્યું છે. અધર્મસર્ગના નાશ માટે અને ધર્મસર્ગની વૃદ્ધિ માટે પૃથ્વી ઉપર મનુષ્ય ભાવથી પ્રકટ થએલા પુરુષોત્તમમાં તે બધુંજ દિવ્ય ઐશ્વર્ય અન્યૂનપણે વર્તે છે. એમ અનેક પ્રકારના મહત્ત્વને જાણતા નરને ભગવાનમાં પ્રીતિ વધતી જાય છે ।। અનેક કોટિ બ્રહ્માંડોની જે ઉત્પત્તિ સ્થિતિ પ્રલય અનાદિથી થયા કરે છે તેતો આ ભગવાનની એક પ્રકારની લીલા ચેષ્ટા છે એમ જાણનારાને પણ ભગવાનમાં પ્રીતિ વધતી જાય છે. આ અર્થ 'लोकवत्तु लीलाकैवल्यं' આ સૂત્રમાં વ્યાસે વર્ણવ્યો છે ।। વળી બ્રહ્માદિ સમગ્ર ઈશ્વરો તથા અક્ષરબ્રહ્મશબ્દવાચ્ય મુક્તવૃન્દો અક્ષરધામ અક્ષરપુરુષાદિક સર્વે પણ આ ભગવાનની આજ્ઞામાં અખંડ

સભય વર્તે છે. એમની આજ્ઞાને કોઈપણ ઉલ્લંઘન કરી શકતા નથી. એમ જાણવાથી પણ ભગવાનમાં ભકિતની વૃદ્ધિ થાય છે ॥ ૩-૭ ॥

परोक्षं यद्दूरे रूपं ब्रह्मधाम्नि विराजते ।
प्रत्यक्षं चापि यद्रूपं तदैक्यज्ञानतस्तथा ॥ ८ ॥
यथा लोके रतिः पुंसि गुणज्ञानात्प्रवर्तते ।
विभवानां तदीयानां ज्ञानात्सा च प्रवर्धते ॥ ९ ॥
तथा हरौ भवेत्पुंसां निर्दोषगुणबोधतः ।
भक्तिरेतद्विभूतीनां ज्ञानात्सा च प्रवर्धते ॥ १० ॥
विभूतयो नियाम्यास्तु स्वभूताः परिकीर्तिताः ।
विभूतिभूतं तत्सर्वं हरेः स्थावरजङ्गमम् ॥ ११ ॥
ये चैव सात्त्विका भावा राजसास्तामसाश्च ये ।
ये चापि निर्गुणा भावा हरेरेता विभूतयः ॥ १२ ॥

ભગવાનનું જે દિવ્ય રૂપ પરોક્ષપણે બ્રહ્મધામમાં નિત્ય વિરાજે છે અને જે રૂપ અવતાર ભાવથી પૃથ્વી ઉપર પ્રત્યક્ષપણે વિરાજે છે એ બન્ને સ્વરૂપ સ્વભાવાદિ સર્વ પ્રકારે એકજ છે, એમાં કશો ભેદ નથી એમ સમજે છે તેને ભગવાનમાં ભકિતની અભિવૃદ્ધિ થાય છે. પર ધામમાં રહેલું રૂપ તે પરોક્ષ (આપણને લોચનગોચર નહિ હોવાથી) અને આ લોકમાં આપણને ગોચર થતું હોવાથી અવતારરૂપને પ્રત્યક્ષ કહે છે. આ તત્ત્વાર્થ. ह, वा. सु.માં (વરતાલ ૧૮) **'इष्टदेवस्तु भगवान् श्रीकृष्णो राधिकापतिः । प्रत्यक्षं च परोक्षं च ज्ञेयं रूपं यदस्य तत्'** એમ શ્રીકૃષ્ણનાં પરોક્ષ પ્રત્યક્ષ રૂપ જાણવાનાં કહીને, **'परोक्षं ब्रह्मधामस्थं गोलोके द्विभुजं सदा । राधया च श्रिया जुष्ट'** એમ પરોક્ષ રૂપને વર્ણવીને, **'प्रत्यक्षं च नराकारं वर्तमानं धरातले'** એમ પ્રત્યક્ષ રૂપ કહ્યું છે. એમ બન્ને રૂપની એકતત્વતા જણાવી છે. સ. પ્ર. ૩ અ. ૨૯ માં આ બાબત સવિસ્તર વર્ણવી છે. આ પ્રકારનું ઐકય જ્ઞાન થતાં

અવતાર રૂપોમાં ભક્તિ ઉપજે છે ॥ જેમ લોકમાં ગુણી પુરુષના કારુણ્યાદિ ગુણોનું જ્ઞાન થતાં તેમાં પ્રીતિ ઉપજે છે. અને તેના વૈભવોનું જ્ઞાન ઉપજતાં તે પ્રીતિ પ્રતિદિન વધતી જાય છે. તેમજ ગુણનિધિ ભગવાનના નિર્દોષપણું વિગેરે ગુણોનું વિજ્ઞાન થતાં જ્ઞાતા પુરુષમાં ભક્તિ ઉપજે છે. અને તેમની વિભૂતિઓનું વિજ્ઞાન થતાં તો તે ભક્તિ પ્રતિદિન પ્રવૃદ્ધિ પામતી જાય છે. વધે છે અને તે દૃઢ રહે છે. ગૌણ પડતી નથી ॥ વિભૂતિઓ કોને કહેવાય ? તો જે નિયામ્ય હોઈને શેષભૂત હોય તેને વિભૂતિ કહે છે. એ વિભૂતિના જે નિયામક હોય તેને વિભૂતિમાન્ કહે છે. આ જે સ્થાવર જંગમ રૂપમાં રહેલું સમગ્ર જગત્ છે તે ભગવાનની વિભૂતિભૂત છે. લોકમાં જે કોઈ સાત્ત્વિક ભાવો છે, રાજસ તામસ ભાવો છે અને જે નિર્ગુણ ભાવો છે તે સર્વે પણ ભગવાનની વિભૂતિઓ છે. આ અર્થ **'ब्रह्मा दक्षादयः कालस्तथैवाखिलजन्तवः। विभूतयो हरेरेता जगतः सृष्टिहेतवः'** એમ સર્વ ભાવોની વિભૂતિતા કહી છે. ગીતાના વિભૂતિ અધ્યાયમાં આ વિભૂતિઓ સવિસ્તર વર્ણવી છે. ભગવાન્ અને જગત્ વચ્ચે વિભૂતિ-વિભૂતિમાન્ સંબન્ધ નિયામ્ય-નિયામકરૂપનો છે. એમ વિભૂતિઓના વિજ્ઞાનથી તેના નિયંતા ભગવાનમાં ભક્તિ ઉપજે છે. આ પણ એક પ્રકારનું માહાત્મ્ય જ્ઞાન છે ॥ ૮-૧૨ ॥

विभूतिस्तु हरेर्द्वेधा क्षराक्षरविभेदतः ।
शास्त्रेषु कथिता पादस्त्रिपाच्चेयं यथाक्रमम् ॥ १३ ॥

ये चैव मायिका भावा माया जीवास्तथैव च ।
ईश्वराश्च तथाऽनन्ताः क्षररूपा विभूतयः ॥ १४ ॥

सर्जनाप्ययकर्मत्वं क्षरत्वं परिभाष्यते ।
स्वरूपनाशो नैवेषां जीवादीनां भवेत्सदा ॥ १५ ॥

यच्च दिव्यं चिदाकाशं दिव्यलोकाश्च तत्र ये ।
ये च ब्रह्मगणास्तत्र मता ह्येतेऽक्षरा इति ॥ १६ ॥

क्षराक्षरपतिर्यस्तु क्षराक्षरविलक्षणः ।
स श्रीहरिः परंब्रह्म पुरुषोत्तम उच्यते ॥ १७ ॥

ભગવાનની ક્ષર અક્ષર એવા ભેદથી બે પ્રકારની વિભૂતિ સચ્છાસ્ત્રોમાં કહી છે. '**पादोऽस्य विश्वा भूतानि त्रिपादस्यामृतं दिवि**' આ શ્રુતિમાં તથા પદ્મપુરાણના ઉત્તરખંડમાં '**त्रिपाद्व्याप्तिः परंधाम पादोऽस्येहाभवत्पुनः । त्रिपाद्विभूतिर्नित्या स्यादनित्यं पदमैश्वरम्**' એમ ક્ષર અક્ષર બે વિભૂતિઓ પ્રતિપાદી છે. આ સમગ્ર ભૂતો તે એકપાદ છે અને અક્ષર અમૃત એ ત્રિપાત્ છે, એક પાદની અપેક્ષાએ ત્રિપાદનું મહત્ત્વ હોય એમાં કાંઈ કહેવાનું જ નથી ॥ માયા, માયિક બધા ભાવો અનંત જીવો ઈશ્વરો આ બધી ક્ષરરૂપ વિભૂતિ માની છે. જે સૃષ્ટિ સંહારમાં આવતું હોય તેને ક્ષર કહેવાની પરિભાષા છે. આ જીવાદિકનો સ્વરૂપથી નાશ તો કયારેય પણ નથી. '**नित्यो नित्यानां**' '**न जायते म्रियते वा कश्चित्**' એમ જીવોનું નિત્યત્વ કહ્યું છે, જે દિવ્ય ચિદાકાશ છે અને તેમાં જે દિવ્ય લોકો છે તથા તેમાં રહેલા જે મુકતો છે આ બધાને અક્ષર વિભૂતિ તરીકે કહ્યા છે. મોક્ષધર્મમાં '**अव्यक्तादि विशेषान्तं परिणामर्धिसंयुतम । क्रीडा हरेरिदं सर्वं क्षरमित्यवधार्यताम्**' એમ પ્રકૃતિ મંડળને લીલા વિભૂતિ પણ કહીને, '**अक्षरं तत्परं ब्रह्म**' વિગેરે વચનથી નિત્ય વિભૂતિ કહી છે. અર્થાત્–જેની ઉપર ભગવાનનું નિયમન પ્રવર્તે છે એવા પ્રધાન પુરુષ, પરમ ધામ અને નિત્ય મુક્તોને પણ વિભૂતિ શબ્દથી કહે છે. તેમાં જે પ્રકૃતિ મંડળ છે તે ભગવાનની જે સૃષ્ટિસંહારાદિ લીલા તેમાં ઉપકરણ હોવાથી લીલા વિભૂતિ કહે છે અને પરમ ધામ તો સૃષ્ટિસંહારને ગોચર નહિ હોવાથી નિત્ય છે અને ભગવાનનું અસાધારણ દિવ્ય ભોગોપકરણ છે અને નિત્યમુકતોને અવિચ્છિન્ન ભગવદનુભવસેવાનું મહાસ્થાન છે માટે તેને નિત્યવિભૂતિ કે અક્ષરધામ કે ભોગભૂમિ એમ પણ વ્યપદેશાય છે. આ રીતે ક્ષર અક્ષર બે વિભૂતિઓ શાસ્ત્રમાં ભિન્ન ભિન્નપણે વર્ણવી છે. આ બન્ને વિભૂતિઓના પતિ–સ્વામી જે છે તે ક્ષર અક્ષર થકી સ્વરૂપ સ્વભાવ આદિક સર્વ પ્રકારે વિલક્ષણ છે તે પરંબ્રહ્મ પુરુષોત્તમ શ્રીહરિ ભગવાન છે ॥ ૧૩–૧૭ ॥

उत्कृष्टश्चोत्कृष्टतर उत्कृष्टतम इत्यपि ।
वर्ण्यते शास्त्रतत्त्वज्ञैरुत्कृष्टे त्रैधमञ्जसा ॥ १८ ॥

प्रथिता जडवर्गात्तु जीवाश्चैतन्यरूपिणः ।
उत्कृष्टा जीवराशिभ्यो मायाबद्धेभ्य एव च ॥ १९ ॥

ब्रह्मात्मभूताः प्रोद्भूतानन्तसार्वज्ञ्यसंपदः ।
उत्कृष्टतरतां प्राप्ता उत्कृष्टतम एककः ॥ २० ॥

हरिः कृष्णो विनिर्दिष्टः पुरुषोत्तम इत्यसौ ।
ब्रह्मात्मनां यतः सौख्यमनन्तं धाम्नि जायते ॥ २१ ॥

इमां निरुक्तिं यो वेद पुरुषोत्तमशब्दगाम् ।
परां भक्तिं स विन्देत प्रकटे पुरुषोत्तमे ॥ २२ ॥

પુરુષોત્તમ પદની નિરુક્તિ કરે છે—ઉત્કૃષ્ટ, ઉત્કૃષ્ટતર અને ઉત્કૃષ્ટતમ, એમ ઉત્કૃષ્ટપણામાં ત્રણ પ્રકારો શાસ્ત્ર તત્ત્વજ્ઞોએ વર્ણવ્યા છે ॥ જડ વર્ગ જે માયાઆદિક છે તે થકી સ્વતઃ ચૈતન્ય સ્વરૂપ હોવાથી જે જીવો છે તે ઉત્કૃષ્ટ માન્યા છે. માયાવેષ્ટિત જીવ વર્ગથકી બ્રહ્માત્મભૂત જે મુક્તો છે તેમને તે મુક્તિ દશામાં સર્વજ્ઞપણાની સંપત્તિનો પ્રાદુર્ભાવ થતો હોવાથી તેઓ ઉત્કૃષ્ટતરપણાને પામ્યા છે. તે મુક્તો થકી ઉત્કૃષ્ટતમ તો એક ભગવાન્ શ્રીહરિકૃષ્ણ છે. જેમને 'પુરુષોત્તમ' એવી સાર્થક સંજ્ઞાથી નિરૂપ્યા છે. કેમકે બ્રહ્માત્મ મુક્તોને અનંત ઘણું સુખ અક્ષર ધામમાં તે ભગવાન્ થકીજ મળે છે. અર્થાત્ મુક્તોને અનંત ઘણું સુખ આપનારા સ્વયં પુરુષોત્તમ હોવાથી તેમને ઉત્કૃષ્ટતમ તરીકે કહ્યા છે. આ રીતે ભેદ છે.ગીતામાં **'द्वाविमौ पुरुषौ लोके'** એમ બે ક્ષર અક્ષર પુરુષને કહીને, તેમનાં લક્ષણ કહીને, તેમના થકી ઉત્તમ પુરુષ પરમાત્માને પૃથક્ પણે નિરૂપીને **'यस्मात्क्षरमतीतोहमक्षरादपि चोत्तमः । अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः'** આ રીતે ક્ષર અક્ષર પુરુષથકી સ્વરૂપ સ્વભાવ આદિક સર્વ પ્રકારે વિલક્ષણતા જણાવવા બે પુરુષો થકી ઉત્તમ તે 'પુરુષો-

ત્તમ' એમ પુરુષોત્તમ પદની નિરુક્તિ કરી છે. એમ ઉત્કૃષ્ટતમતા નિરૂપી છે. આ પુરુષોત્તમ શબ્દની નિરુક્તિ (યથાર્થ અર્થ) ને જે મુમુક્ષુ જન જાણે તે પ્રકટ પુરુષોત્તમ ભગવાન વિષે પરા ભક્તિને પામે છે. પરાભક્તિની પ્રાપ્તિમાં આ પરમ ઉપાય છે. આ તત્ત્વાર્થ ગીતામાં '**यो मामेवमसम्मूढो जानाति पुरुषोत्तमम्। स सर्वविद्भजति मां सर्वभावेन भारत॥**' આ શ્લોકથી કહ્યો છે ॥ ૧૮-૨૨ ॥

विना तु पुंसां वैराग्यं मायिके वस्तुमात्रके ।
भक्तिरेषा हरौ कृष्णे दृढा नैव प्रजायते ॥ २३ ॥

रतिर्वैषयिके भोगे यस्य चेतसि वर्तते ।
न तस्य श्रीहरौ भक्तिर्दृढा स्याद्विषयात्मनः ॥ २४ ॥

देहापत्यकलत्रादौ गृहक्षेत्रधनादिके ।
सक्तिर्यस्य हरौ कृष्णे तस्य सक्तिः कथं भवेत् ? ॥ २५ ॥

अहन्ताममतामानाद्देहगेहादिवस्तुषु ।
तद्रक्षणार्थनानेहः कथं कृष्णं स्मरेदहो ? ॥ २६ ॥

यं यं देहं प्रपद्येत देही कर्मवशङ्गतः ।
तत्र तत्र निमग्नोऽयं हरिमायाविमोहितः ॥ २७ ॥

अविवेकाख्यसंगाढतमसा प्रापितो नरः ।
दिङ्मोहं, सद्गतिं विद्यात्कथं नारायणं परम् ? ॥ २८ ॥

ભક્તિમાં વૈરાગ્યની ઉપયોગિતાને કહે છે—જ્યાં સુધી પુરુષોને માયિક વસ્તુ માત્રમાં વૈરાગ્ય ન ઉપજે ત્યાં સુધી આ ભક્તિ ભજનીય હરિકૃષ્ણમાં દૃઢ ન જ થાય. ભક્તિની દૃઢતામાં વૈરાગ્યની જરૂર છે ॥ જેના ચિત્તમાં વૈષયિક ભોગ વિષે પ્રીતિ વર્તે છે, વિષયમાં મનવાળા તે જનને ભગવાનમાં દૃઢ પ્રીતિ ન જ થાય એ નિર્ણય છે. દેહ, કલત્ર, પુત્ર મિત્ર

આદિકમાં તેમજ ઘર ખેતર ધન આદિકમાં જેને આસક્તિ વર્તે છે તેને શ્રીહરિને વિષે આસક્તિ કેમ થાય ? ન જ થાય ॥ આ બાબત '**परमात्मनि यो रक्तो विरक्तोऽपरमात्मनि**' '**विषयतो विरतिश्च हरौ रतिः**' '**विषयाविष्टचित्तानां विष्णवावेशः सुदुष्करः**' ઇત્યાદિ પ્રમાણ સિદ્ધ છે॥ જ્યાં સુધી દેહ તથા દૈહિકમાં અહંતા-મમતાનું માન છે અને તે દેહ દૈહિકના રક્ષણ માટે વિવિધ ક્રિયાઓ કરવામાં આવે છે એવા જનને ભગવાનનું સ્મરણ કેમ રહે ? ન જ રહે એ સત્ય બાબત છે ॥ આ જીવ, કર્મવશતાને લીધે જે જે દેહને પામે છે તેમાં તેમાં શ્રીહરિની માયાથી વિમોહિત હોઇને ગાઢ નિમગ્ન રહેલો અને અવિવેક જેનું અપર નામ છે એવા ગાઢ અંધકારે દિગ્મોહ (દિશાભ્રમ)ને પમાડ્યો છે તે નર સદ્ગતિ રૂપ પરાત્પર શ્રી નારાયણને ક્યાંથી સમજી શકે ? ન જ સમજે એ નિર્ણય છે ॥૨૩-૨૮॥

यदाचाध्यात्मशास्त्रार्थसारं सद्गुरुवाक्यतः ।
शृणुयात् सत्त्वसंपन्नो धार्मिकस्तु पुनः पुनः ॥ २९ ॥
तदाऽविवेको नश्येत्तु भवबन्धनकारकः ।
उद्घाटितं भवेच्चक्षुरान्तरं चास्य भद्रदम् ॥ ३० ॥
सञ्जातसद्धीरात्मानमवमन्येत नित्यदा ।
पूर्ववृत्तं स्वेन कृत संस्मृत्याध्यात्मचेतसा ॥ ३१ ॥

જ્યારે સત્વગુણે સંપન્ન અને પરમ ધાર્મિક હોઈને અધ્યાત્મ શાસ્ત્રના સારભૂત અર્થને સદ્ગુરુના વાક્યથી વારેવારે સાંભળે ત્યારે તેનો અવિવેક કે જે સંસાર બંધનને કરનારો છે તે નષ્ટ થઈ જાય છે. અને એનું આંતર ચક્ષુ કે જે મંગળને કરનારૂં છે તે ઊઘડી જાય છે. અવિવેક ટળતાં જ્ઞાનચક્ષુ ઉઘડે છે. એમ સદ્બુદ્ધિ ઉપજતાં પોતે પૂર્વે જે જે કર્યું હોય તેને સંભારીને આત્મ વિષયવાળા ચિત્તથી નિરંતર પોતાની જ ગર્હાને કરે છે ॥ ૨૯- ૧ ॥

क्वाहमत्यन्तशुद्धस्तु सच्चिदानन्दरुपकः ।
जन्ममृत्युजराव्याधिरोगशोकातिगः स्वतः ॥ ३२ ॥

स्वयंप्रकाशकोऽनन्तानन्दानुभवयोगवान् ।
सर्वज्ञो हरिदासश्च स्वतोऽक्षरसधर्मकः ॥ ३३ ॥

અત્યંત શુદ્ધ, સત્ ચિત્ આનંદ સ્વરૂપવાળો, સ્વતઃ જન્મ મરણ જરા વ્યાધિ રોગ શોક એ આદિક દોષે રહિત, સ્વયં પ્રકાશ, અનંત આનંદાનુભવના યોગવાળો, સર્વજ્ઞ, હરિદાસ અને સ્વતઃ અક્ષરના જેવા ધર્મવાળો એવો હું આત્મા ક્યાં ? ॥ ૩૨-૩૩ ॥

क्वेदं शरीरमत्यन्तहेयं रोगाकरं सदा ।
जडं जातं निन्यमेव मृतं शोकविवर्धनम् ॥ ३४ ॥

यत्राहमात्मबुद्धिं तु कुर्वाणो दुःखितोऽभवम् ।
इन्द्रियाधीनवृत्तिश्च तत्तर्पणपरायणः ॥ ३५ ॥

लोलुपो विषयास्वादे ह्यात्माधःपातनेऽनिशम् ।
विस्मृत्य श्रीहरेर्दास्यमनीशस्येशमानिनः ॥ ३६ ॥

सेवां श्ववृत्तिं कुर्वाणो देहदैहिकपोषकः ।
बम्भ्रमीमि च संसारमण्डले चोर्ध्वमप्यधः ॥ ३७ ॥

स्वकर्मणैव स्वात्मानं नरके पातयन्त्वहम् ।
कलत्रादिषु विश्वासं कुर्वन् स्वार्थपरेषु च ॥ ३८ ॥

અને આ શરીર ક્યાં ? કે જે શરીર, અત્યંત હેય, તુચ્છ ત્યાજ્ય, સદા રોગોના મંદિર રૂપ, સ્વતઃ જડ, નિત્ય જન્મ મરણને પામનારૂં, શોકને વધારનારૂં છે. એવા શરીરમાં આત્મબુદ્ધિ કરવાથી હું બહુ દુઃખીઓ થઈ ગયો. ઇન્દ્રિયોને અધીન વૃત્તિવાળો, ઇન્દ્રિયોને તૃપ્ત કરવા પરાયણ, અને વિષ તુલ્ય વિષયોના સ્વાદમાં લોલુપતાવાળો અને આત્માના અધઃપાતનમાં નિરંતર તત્પર થઈ રહ્યો. શ્રીહરિનું સ્વતઃ દાસપણું ભૂલીને જે ઇશ્વર નથી છતાં 'અમો ઇશ્વર છીએ' એવા અભિમાનવાળાઓની

સેવા કે જેને શાસ્ત્રો શ્વાનના જેવી વૃત્તિ કહે છે તેને કરતો થકો દેહ દૈહિકના પોષણ પરાયણ થઈ રહ્યો. અને વળી સંસાર મંડળમાં ક્યારેક ઊર્ધ્વ સ્વર્ગાદિ અને ક્યારેક પાતળ નરકાદિ નીચે વારેવારે ભટક્યા કરતો હું તે મેં મારાં કર્મોએ કરીને જ આત્માને નરકમાં નાખી દીધો. એમ હું કેવળ આત્મઘાતી જ થઈ ગયો. કશો જ વિચાર કર્યો નહિ. કેવળ સ્વાર્થપરાયણ સ્ત્રી પુત્ર આદિકમાં આત્મીયપણાનો વિશ્વાસ કરતાં આ અનર્થ મેં સ્વાત્માને કર્યો એ અત્યંત શોચનીય છે ॥ ૩૪-૩૮ ॥

दुःखोदर्कं दुःखलभ्यं दुःखमिश्रं सुखं त्वसत् ।
खद्योतकल्पकमुद्दिश्य पापाचाररतोऽभवम् ॥ ३९ ॥

कर्माधीनेषु देहेषु नास्ति सो यो मयाऽधृतः ।
तत्र तत्र सुखभ्रान्त्या भुक्तं दुःखमनन्तकम् ॥ ४० ॥

प्रपायामिव जन्तूनां सङ्गमो जायते क्षणम् ।
कदाचिद्वियुज्यमानेषु सङ्गं कुर्यात्कथं दृढम् ॥ ४१ ॥

मयि नष्टे मत्सुताद्याः किं कुर्युरिति दुःखितः ।
मृतस्यात्मन आगामिदुर्गतिं नाविचारयम् ॥ ४२ ॥

तस्यायं परिपाकोऽभून्नारकोऽजितचेतसः ।
अनन्तपारकोऽसह्यः शोकमोहविवर्धनः ॥ ४३ ॥

इति निर्वेदमापन्नविवेकः स्वात्मनि स्वयम् ।
आप्नुयाद्देहिकेष्वद्धा ह्यनासक्तिस्ततो भवेत् ॥ ४४ ॥

ઉત્તર કાળમાં જેમાં દુઃખજ રહ્યું છે અને વળી જે દુઃખથીજ મેળવાય છે અને જે દુઃખ મિશ્રિતજ છે એવું જે સુખ તે તો અસત્પ્રાય છે. એવા ખદ્યોત (આગીઓ નામનું ઊડતું જંતુ જેની પાંખમાંથી ઊડે ત્યારે ક્યારેક ક્યારેક તેજ ઝબુકે છે) તુલ્ય સુખને ઉદ્દેશીને હું તો પાપા-

ચાર પરાયણ થઈ રહ્યો આ અર્થ 'असारे खलु संसारे सुखभ्रान्तिः शरीरिणाम्। लालापानमिवाङ्गुष्ठे बालानां स्तन्यविभ्रमः' 'दिनमेकं शशी पूर्णः क्षीणस्तु बहु वासरान्। सुखाद् दुःखं सुराणामप्यधिकं का कथा नृणाम्।' આ અભિયુક્તિમાં વ્યક્ત છે, કર્માધીનપણે તેતે સમયે પ્રાપ્ત થનારા દેહોમાં મેં ન ધાર્યો હોય એવો કોઈ પણ દેહ નથી, બધાજ દેહો ધારી ચૂકયો છું તે તે દેહોમાં સુખની ભ્રાન્તિથી અનંત દુઃખો ભોગવ્યાં છે ॥ જેમ પાણીની પરબે પાણી પીવા માટે મનુષ્યો ક્ષણમાત્ર ભેળા થાય છે અને વળી બધાજ જુદા જુદા પડી જાય છે. એમાં કોઈનો પણ સંબન્ધ સ્થિર રહેતો નથી. સંસારમાં પણ કર્મ સંબન્ધ હોય ત્યાં સુધી ભેળા થઈ રહે અને કર્મસંબન્ધ તૂટી જતાં જુદા જુદા થઈ જાય છે. એમ કયારેકજ ભેગા થતા કુટુંબી જનોમાં દૃઢ સંગ શા માટે કરવો જોઈએ? હું મરણ પામતાં, મારા પુત્ર સ્ત્રી આદિક શું કરશે? એવી એમની ચિંતાએ કરીને દુખી થયો થકો પોતાના આત્માની ભવિષ્યમાં દુર્ગતિ થશે તેનો તો કશોજ વિચાર રાખ્યો નહિ. કુટુંબનો વિચાર કર્યો પણ આત્માનો વિચાર લેશ પણ કર્યો નહિ એનો જ આ બધો પરિપાક મનને પરવશ વર્તતા મને મળ્યો છે કે જે અંત કે પાર વિનાનો અસહ્ય અને શોક મોહાદિકને વધારનારો નરકસંબન્ધ છે. અંતે હું નરકગામી નીવડયો ॥ ઉપર પ્રમાણે જેને દેહ આત્માનો વિવેક ચોખ્ખો પ્રાપ્ત થાય તેને નિર્વેદ આવે છે અને તેથી દૈહિકમાં જરૂરથી અનાસક્તિરૂપ વૈરાગ્ય ઉપજે છે, વૈરાગ્યની ઉત્પત્તિમાં દેહ આત્માના સ્વરૂપ સ્વભાવ આદિક સર્વ પ્રકારોથી પૃથક્પણારૂપ વિવેકની જરૂર છે ॥ ૩૯-૪૪ ॥

बहूनि वर्षवृन्दानि रममाणः पुरा नृपः ।
ऐलनामाऽऽप निर्वेदमुर्वश्याऽऽकृष्टचेतनः ॥ ४५ ॥
ततः प्राप्तविवेकोऽयमसङ्गः कामवर्त्मनि ।
आत्मानमात्मना सम्यक् नियम्याभूत्प्रशान्तधीः ॥ ४६ ॥
आवन्त्यश्च द्विजः कश्चित् पूर्वमाढ्यतमः श्रिया ।
वार्तावृत्तिः कदर्यस्तु कामी लुब्धोऽतिकोपनः ॥ ४७ ॥

धनान्धोऽसाधुकारी च बन्धुवर्गापकारकः ।
दैवाद्विनष्टे तु धने चोरजात्यादिरूपिणः ॥ ४८ ॥
निर्वेदं परमं प्राप्तो मुक्तसङ्गश्चचार गाम् ।
एवमन्येऽपि निर्वेदाद्वैराग्यं प्रापुरञ्जसा ॥ ४९ ॥

એમ વૈરાગ્ય ન ઉપજે એમ પણ નથી, પૂર્વે એક ઐલ નામનો રાજા થઈ ગયો. ઉર્વશી નામની વેશ્યાએ તેનું ચિત્ત આકર્ષણ કરવાથી તેણી સાથે તે રાજા બહુ વર્ષ પર્યંત રમીને પણ અંતે નિર્વેદને પામ્યો હતો. તેથી વિવેકને પામેલો આ રાજા કામમાર્ગમાં સંગે રહિત થઈને પોતેજ પોતાના મનને સમ્યક્ નિયમમાં કરીને પ્રશાંત બુદ્ધિવાળો થઈ ગયો હતો ॥ વળી અવંતી નગરીમાં કોઇ દ્વિજ બહુ ધનાઢય હતો. વાર્તા વૃત્તિને કરતો આ દ્વિજ બહુ કદર્ય હતો, એટલું જ નહિ પણ બહુ કામી લોભી અને અતિક્રોધી હતો, તે ધનાન્ધ હોઇને અસાધુ કર્મોને કરનારો અને બન્ધુવર્ગનું પણ અપમાન કરનારો થયો. ચોર, જાતિ (પોતાની જ્ઞાતિના જનો) રાજા વિગેરે રૂપથી દૈવે તેનું સમગ્ર ધન નષ્ટ કર્યું, ધન નષ્ટ થતાં બહુ દુઃખી થએલો આ દ્વિજ પરમ નિર્વેદને પામ્યો અને સંસારનો સમગ્ર સંગ છોડીને પૃથ્વીમાં એકાકી વિચરવા લાગ્યો. એ રીતે બીજા બહુ જનો નિર્વેદને પામતાં સાચા વૈરાગ્યને પામ્યા છે ॥ ૪૫-૪૯ ॥

अनासक्तिश्च वैराग्यं श्रीहरीतरवस्तुषु ।
कथ्यते शास्त्रतत्त्वज्ञैर्मायिकेष्वखिलेष्वपि ॥ ५० ॥
आसक्त्या वाह्यमानस्य सर्वा दुःखमया दिशः ।
असक्तस्य प्रशान्तस्य सर्वाः सुखमया दिशः ॥ ५१ ॥
सदा दोषान् मायिकेषु जन्मादिषु च जानतः ।
वैराग्यं सुदृढं सिध्येत् सर्वस्मिन् शान्तिशर्मदम् ॥ ५२ ॥

શ્રીહરિથકી ભિન્ન માયિક સમગ્ર વસ્તુઓમાં આસક્તિએ રહિતપણું તેને શાસ્ત્રતત્ત્વજ્ઞો વૈરાગ્ય કહે છે. શિક્ષાપત્રીમાં 'वैराग्यं ज्ञेयमप्रीतिः श्री-

कृष्णेतरवस्तुषु' એમ વૈરાગ્યનું લક્ષણ કર્યું છે તે મળતું છે. રાગે રહિતપણું એ વૈરાગ્યનો અર્થ છે. અપ્રીતિ અરુચિ અનાસક્તિ વૈરાગ્ય વિરક્તિ રાગાભાવ આ બધા શબ્દો એકાર્થમાં છે ॥ આસક્તિએ આકર્ષણ કરાતા જનને સમગ્ર દિશાઓ દુઃખમય થાય છે. જ્યાં જુવે ત્યાં તેને દુઃખજ હોય છે. જે આસક્તિએ રહિત અને પ્રશાંત છે તેને તો બધીજ દિશાઓ સુખમય થાય છે. જ્યાં જુવે ત્યાં તેને સુખજ હોય છે, એમ આસક્તિ અનાસક્તિમાં દુઃખદ સુખદ ભેદ પ્રત્યક્ષ છે ॥ જન્મ મરણાદિ સમગ્ર ભાવોમાં તથા માયિક પદાર્થોમાં નિરંતર દુઃખરૂપ દોષોને દેખનારા જનને સુદૃઢ વૈરાગ્યની સિદ્ધિ થાય છે. જેણે કરીને તેને સદા સુખ શાંતિ રહ્યા કરે છે ॥ આ બાબત ગીતામાં 'इन्द्रियार्थेषु वैराग्य' 'असक्तिरनभिष्वङ्गः पुत्रदारगृहादिषु' એ બે શ્લોકમાં સ્પષ્ટ જણાવી છે. સર્વેમાં દુઃખરૂપ દોષનું દર્શન કરવાથી વૈરાગ્ય ઉપજે છે ॥ ૫૦-૫૨ ॥

गर्भकाले महद्दुःखं जन्मकाले तथैव हि ।
बाल्ये च यौवने चापि वार्धक्ये मरणे तथा ॥ ५३ ॥

नरके यन्महद्दुःखं जायते पापकर्मतः ।
अविषह्यं दुर्वचं तत् स्मरतोऽपि महद्भयम् ॥

रोगादिदुःखमध्यात्मं, दन्दशूकादिजं च तत् ।
आधिभूतमनावृष्टिवज्रपातादि दैविकम् ॥ ५५ ॥

शैशवं दुःखबहुलमस्वातन्त्र्यरुजाकरम् ।
वार्धकं च तथा सर्वगर्ह्यं मानापहारकम् ॥ ५६ ॥

वृद्धं वातादिरोगेन पीडितं चाप्रभुं स्वके ।
दाराः पुत्राः स्नुषाद्याश्च भर्त्सयन्ति हि निर्घृणम् ॥ ५७ ॥

यौवनं दुःखबहुलमपि भोगलवास्पदम् ।
कुटुम्बभरणक्लेशमोहितस्यार्थमीप्सतः ॥ ५८ ॥

ગર્ભ સમયે, જન્મ સમયે, તેમ જ બાલ્ય, યૌવન અને વૃદ્ધ વયમાં તેમજ મરણ સમયે જીવોને મહાદુઃખ થાય છે તે સર્વેને પ્રત્યક્ષ છે ॥ પાપકર્મના કારણે નરકમાં જે મહાદુઃખ ભોગવવું પડે છે તે તો સહન ન થાય એવું અને મુખથી ન વર્ણવી શકાય એવું છે. જો તેને સંભારે તો મહા ભયને ઉપજાવનાર થાય છે. અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ, આ ત્રણ પ્રકારનાં દુઃખો વર્ણવ્યાં છે. તેમાં નાનાવિધ રોગોનું જે દુઃખ તે અધ્યાત્મ કહેવાય છે. દન્દશુકાદિજન્ય (સર્પાદિ ઝેરી જંતુઓ થકી આવેલું) તે અધિભૂત કહેવાય છે અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ તથા વજ્રપાતાદિ તે આધિદૈવિક દુઃખ કહેવાય છે. શરીરમાં થાય તે અધ્યાત્મ, બીજાં ભૂતો થકી આવે તે અધિભૂત અને દેવો થકી આવે તે આધિદૈવિક સમજવું. આ દુઃખો પણ કાંઈ થોડાં નથી. બાળ વયમાં પણ બહુ દુઃખો અસ્વતંત્રપણું રોગગ્રસ્તપણું વિગેરે વર્તે છે. વૃદ્ધ વયમાં વિવિધ રોગોએ કરીને પીડા થાય છે. વળી પોતાની શરીરક્રિયામાં અસમર્થ થાય છે. અને વૃદ્ધાવસ્થામાં કોઈ માન પણ જાળવતું નથી. સ્ત્રીઓ, પુત્રો, પુત્રવધૂઓ નિર્દયપણે તિરસ્કાર કરે વિગેરે બહુ દુઃખો સર્વગર્હ્ય વર્તે છે ॥ જે યૌવન વય છે તે પણ દુઃખ બહુલ છે, ભોગ તો એક લવ માત્ર છે, પણ કુટુંબ ભરણનો મોટો કલેશ અને ભરણ માટે ધનની તૃષ્ણા વિગેરેથી મોહિત થયેલા જીવને પણ બહુ દુઃખો રહેલાં છે. એમ બધી બાબતોમાં કેવળ દુઃખ જ વર્તે છે ॥ ૫૩–૫૮ ॥

अर्थानामर्जने दुःखमर्जितस्य च रक्षणे ।
नाशे भोगे तथा दुःखमनर्थो ह्यर्थनामकः ॥ ५९ ॥
न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥ ६० ॥

અર્થ જે ધન તેના સંપાદનમાં દુઃખ રહેલું છે. કદાચિત્ શ્રમથી મેળવ્યું તો તેને સાચવી રાખવામાં દુઃખ બીજું છે. એમ છતાં નાશ થઈ જાય કે ભોગવવામાં વપરાઈ જાય તો તેમાં પણ બહુ દુઃખ થાય છે. એમ

ધનમાં બધી રીતે દુ:ખ રહ્યું છે. એનું અર્થ એવું નામ સારું છે પણ સુવિચાર કરતાં મૂર્તિમાન્ અનર્થ છે. માટે જ **'अर्थमनर्थं भावय नित्यं'** એમ અર્થ ને અનર્થ તરીકે સમજવાનું કહે છે. અર્થની આ અવદશા છે. જે કામ છે તે કામ જે વિષયો તેના ઉપભોગથી શમી જતો નથી. જેમ હવિષ (ઘી) હોમવાથી અગ્નિ ફરીથી વધતો જાય છે તેમ ઉલટો તે કામ વધતો જાય છે પણ શમી તો જતો જ નથી. કામમાં પણ એ મહાદોષ રહેલો પ્રત્યક્ષ છે ॥ ૫૯-૬૦ ॥

धर्मश्चापि हि नाकादौ कामभोगप्रसाधकः ।
सकामो भयहेतुस्तु दुःखोदर्क उदाहृतः ॥ ६१ ॥
स्वर्गेऽपि पातभीतस्य क्षयिष्णोर्नास्ति निर्वृतिः ।
असन्तोषश्च भवति दृष्ट्वाऽन्यान् दीप्तरूपिणः ॥ ६२ ॥
त्रिवर्गनिष्ठं दोषं च पश्येत्सूक्ष्मदृशा त्विति ।
तथैव क्षरतामस्य कालगत्या विभावयेत् ॥ ६३ ॥
नित्यं दैनन्दिनं चापि प्राकृतं प्रलयं तथा ।
विजानतः क्षरे भावे नानुबध्नाति वै मनः ॥ ६४ ॥

સકામ જે ધર્મ છે તે પણ સ્વર્ગાદિ લોકોમાં કામ ભોગોને સાધી આપનારો છે એ પણ ભયમાં હેતુભૂત હોઈને ઉત્તર કાળમાં તો દુઃખમય કહ્યો છે. **'क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति'** એમાં કહ્યા પ્રમાણે સ્વર્ગમાં પણ 'હવે પડી જઇશ અને ક્ષય પામી જઇશ' એવો ભય કાયમનો વર્તતો હોવાથી સ્વર્ગમાં રહેલાને પણ સુખ આવતું નથી. એક પાત દોષ અને બીજો ક્ષયિષ્ણુ દોષ જ્યાં હોય ત્યાં સુખ ક્યાંથી આવે? પાત અને ક્ષયની ચિંતા રહ્યા કરે. વળી બીજા જે કોઈ પોતા કરતાં તેજસ્વીરૂપવાળા હોય તેમને દેખીને સદા અસંતોષ રહ્યા કરે એ પણ દોષ છે. તેથી સ્વર્ગાદિ લોકમાં સુખ આવે નહિ ॥ આ રીતે ધર્મ અર્થ કામ કે જેને ત્રિવર્ગ તરીકે કહે છે તેમાં રહેલા દુઃખ દોષોને સૂક્ષ્મદૃષ્ટિથી મુમુક્ષુ જન જુવે

અને વૈરાગ્યને પામે ॥ વિષયોમાં દુઃખ દર્શન કરવાથી તેનો ત્યાગ સુખેથી થઈ શકે છે. સાગર તરણ-રાજસેવા આદિકમાં શરીરના નાશ પર્યંતના ધન સંપાદનમાં દોષો છે. હજાર કિલ્લાથી રક્ષિત અંદર ઘરમાં ધનાદિ વસ્તુઓ સાચવી રાખવા મૂકી હોય પણ રાજા, અગ્નિ, ચોર, ઉંદર આદિકના નિવારણ કલેશો વિગેરે રક્ષણ દોષો છે. સ્વર્ગમાં પણ ભય ક્ષય દોષો છે. વિષયોમાં પણ રોગાદિ પ્રબળ અનર્થમાં હેતુભૂત અયોગ્ય વિષયોમાં પ્રવૃત્તિરૂપ ભોગ દોષો રહ્યા છે ઘણું કરીને પરહિંસા ગર્ભિત હોવાથી તેને અધીનપણે આ લોક પરલોકમાં ભોગવવા પડે એવા હિંસા દોષો પણ રહેલા છે. આ પાંચ દોષો પ્રત્યક્ષાદિ સિદ્ધ છે. આ દોષો ભલે પ્રાકૃત છે અને અનાદિકાળથી પ્રવર્તતા છે તથાપિ તેનો ત્યાગ થઈ શકે છે ॥ તેજ રીતે કાળગતિએ કરીને આ સમગ્ર જગતનો નાશ થાય છે તેનો પણ વિચાર કરે. નિત્ય દૈનંદિન અને પ્રાકૃત, આ ત્રણ પ્રકારના પ્રલયોને જાણનારા જનનું મન તે ક્ષર ભાવમાં બંધાય જ નહિ. ઉદાસીન રહે. આ પણ એક વૈરાગ્યનો હેતુ છે ॥ ૬૧-૬૪ ॥

अहन्यहनि भूतानि प्रविशन्ति यमालयम् ।
शेषाः स्थिरत्वमिच्छन्ति ह्यहो मोहपराक्रमः ॥ ६५ ॥

कलाकाष्ठामुहूर्ताहोरात्रपक्षादिरूपिणः ।
कालात्सर्वं पच्यमानं विनाशमुपयाति हि ॥ ६६ ॥

कल्पान्तं चैव विख्यातं त्रैलोक्यमिदमस्थिरम् ।
द्विपरार्धावसानं च ब्रह्माण्डैश्वर्यमप्यहो ॥ ६७ ॥

प्रलये समनुप्राप्ते वातार्कानलवृष्टिभिः ।
स्थूलेषु सम्प्रणष्टेषु प्रातिलोम्यक्रमेण वै ॥ ६८ ॥

महादि तत्त्वं प्रकृतौ लीयते नष्टरूपकम् ।
मूलप्रकृतिरप्यद्धा लीयतेऽक्षरतेजसि ॥ ६९ ॥

કેટલાય મનુષ્યો, દિને દિને યમાલયમાં પાપકર્મોનાં ફળ ભોગવવા જતા દેખાય છે છતાં બીજા બાકી રહ્યા તે પોતાની સ્થિરતાને ઇચ્છે છે. આપણે પણ જવાનું છે એમ જાણતા નથી. એવો મોહનો પરાક્રમ તો બહુ મોટો આશ્ચર્યકારી છે, વિપરીત ભાવને મોહ કહે છે. કાષ્ઠા, (પંદર નિમેષ) કલા (ત્રિશ કાષ્ઠા) મુહૂર્ત (ત્રિશ કલા) અહોરાત્ર (દિવસ રાત્રિ) પક્ષ (પંદર દિવસ) ઇત્યાદિ રૂપો જેનાં છે એવા કાળે પરિણામ પમાડતાં આ સમસ્ત જગત વિનાશને પામે છે. એમાં કાંઇ બચતું નથી. કલ્પાંત કાળ તો વિખ્યાત છે. એમાં ત્રિલોકીની સ્થિતિ રહેતી નથી. કલ્પને અંતે ત્રિલોકીનો નાશ થાય છે. જે આ બ્રહ્માંડનું ઐશ્વર્ય છે તે દ્વિપરાર્ધને અંતે નાશ થાય છે. પ્રલયવેળા આવતાં, વાયુ સૂર્ય અગ્નિ વૃષ્ટિ વિગેરે વડે સ્થૂળ કાર્યનો નાશ થતાં જેમ ઉત્પન્ન થયાં છે એ[illegible]પ્રતિલોમ ક્રમથી પૃથિવ્યાદિ તત્ત્વો (પૃથ્વી જળમાં જળ વાયુમાં, વાયુ તેજમાં, તેજ આકાશમાં એમ ક્રમે ક્રમે) પ્રકૃતિમાં લીન થઇ જાય છે. એટલે એમનાં નામ રૂપો નષ્ટ થાય છે. મૂળ પ્રકૃતિ પણ અક્ષરના તેજમાં લીન જેવી થઇ રહે છે. એનું કશું કાર્ય હોતુ નથી. એમ સર્વ કાર્યનો નાશ થાય છે ॥ ૬૫-૬૯ ॥

लीनाश्च मूलप्रकृतौ जीवा हर्यनुपासकाः ।
ये तु श्रीहरिसन्निष्ठाः पूर्वमासन् विवेकिनः ॥ ७० ॥

ते तु श्रीहरिसायुज्यं प्राप्ताः सीदन्ति नाप्यये ।
सर्गेऽपि ते न जायन्ते, बद्धात्मानः पुनः पुनः ॥ ७१ ॥

सर्गकाले प्रजायन्ते सुखं दुःखं च भुञ्जते ।
पुनश्च प्रलये लीना नष्टप्राया भवन्ति वै ॥ ७२ ॥

ભગવાનનું ઉપાસન નહિ કરનારા જીવો તો મૂળ પ્રકૃતિમાં લીન જેવા રહે છે; જેઓ તો પ્રથમથી પૂર્વોકત પ્રકારના વિવેકવાળા હોઈને ભગવાનને વિષે દૃઢ નિષ્ઠાવાળા છે તેતો શ્રીહરિના સાધર્મ્યને પામી જાય છે; જેથી તેઓને પ્રલય પીડા નડતી નથી. તેઓ ફરીથી સૃષ્ટિ થતાં તેમાં

પણ આવતા નથી. આ તત્ત્વાર્થ 'इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः। सर्गेऽपिनोपजायन्ते प्रलये न व्यथन्ति च' આમાં સ્પષ્ટ છે. જે બદ્ધ આત્માઓ છે તે તો 'पुनरपि जननं पुनरपि मरणं' એ ન્યાયે વારેવારે જન્મ મરણને પામ્યા કરે છે અને સુખ દુઃખને ભોગવ્યા કરે છે. ફરીથી પણ પ્રલયમાં પ્રલીન થતાં નષ્ટપ્રાય થઈ રહે છે, અલ્પપણ વિશ્રાંતિ કે શાંતિ સુખ નથી ॥ ૭૦–૭૨ ॥

विषपानोपमं दुःखं सुखं वैषयिकं पुनः ।
विषमिश्रपयःपानतुल्यमस्ति विनाशनम् ॥ ७३ ॥

यत्तु सौख्यमनाद्यन्तं श्रीहरौ विद्यते परम् ।
सुधापानसमं तत्तु भवरोगविनाशनम् ॥ ७४ ॥

एवं दृष्ट्वा गुणान् दोषान् हरौ चाप्यन्यवस्तुषु ।
हरौ रज्येत मतिमान् विरज्येतान्यवस्तुषु ॥ ७५ ॥

ज्ञात्वाऽपि हरिनिष्ठं वै सुखं ये त्वन्यलोलुपाः ।
विमूढास्ते तु विज्ञेया इहामुत्र च दुःखिनः ॥ ७६ ॥

જે દુઃખ છે તે વિષપાનની ઉપમાને યોગ્ય છે. જ્યારે વિષયસંબન્ધી સુખ છે તે વિષમિશ્રિત પયઃપાનને તુલ્ય હોઈને નાશને કરનારું છે. અર્થાત્ બન્ને મૃત્યુ તો કરે છે પણ એક પીતાં દુખદાયી છે અને બીજુ પીતી વખતે સુખ આપે છે એટલોજ ફેર છે. **'विषयान् विषवत् त्यजेत्' 'विषयेन्द्रियसंयोगात्' 'परिणामे विषमिव'** એમ વિષયોને વિષની ઉપમા આપવા પૂર્વક વિષવત્ તેનો ત્યાગ કરવાનો કહે છે. પ્રસિદ્ધ વિષ તો પાનથી અનર્થ કરે છે. વિષય વિષતો દર્શનમાત્રથી અનર્થ કરે છે. ભલે દૂધ હોય પણ તેમાં વિષ મિશ્રિત થયું હોય તો તે અનર્થ કરનારું થાય જ, તેથીજ વિષયસુખને વિષમિશ્રિત દૂધપાનની ઉપમા આપી છે. વિષમિશ્ર દૂધના પાનથી મૃત્યુ થાય છે તેમ એવા વિષયોથી અનર્થ થાયજ એમાં શંકા

નથી ॥ સુખનિધિ પરમાત્મામાં જે સુખ વર્તે છે તેતો આદિ અંતે રહિત હોઈને પરમ છે. એ સુખને તો અમૃતપાનની ઉપમા અપાય છે. એતો સંસારરોગને નિવારનારું થાય છે. એવો વિશેષ છે ॥ આ રીતે ભગવાનના ગુણોને અને એ થકી અન્ય માયિક વિષયોમાં રહેલા દોષોને જોઈને તેનું તારતમ્ય સમજીને મતિમાન્ નર ભગવાનમાં જ પ્રીતિમાન્ થાય અને અન્ય વસ્તુઓમાં વૈરાગ્યવાન્ થાય. અર્થાત્ અન્ય વસ્તુઓ થકી વૈરાગ્યને પામીને ભગવાનમાં અનુરાગવાન્ થાય. જગતમાંથી વિરાગવાન્ થાય, તો જ ભગવાનમાં રાગવાન્ થાય એવો નિયમ છે. જ્યાં સુધી વસ્તુઓ થકી વિરક્તિને ન પામે ત્યાં સુધી પરમાત્મામાં રક્તિ ન થાય માટે જ **'विषयतो विरतिश्च हरौ रतिः' 'भक्तिर्न वर्धते पुंसां वैराग्येण विना द्रुतम्। मायिकेषु विरक्तानां पदार्थेषु विवर्धते। कृष्णेऽनुरागो जननि! तेन यान्ति परां गतिम्'** (સ. પ્ર. ૧ અ. ૩૨) એમ તત્ત્વ કહ્યું છે॥ સુખસાગર ભગવાનમાં રહેલા નિરવધિ સુખને જાણીને પણ જેઓ અન્ય પ્રાકૃત વિષયોમાં લોભાઈ રહે છે તેઓને તો વિમૂઢ સમજવા. તેઓ તો આ લોક પરલોકમાં સદા દુઃખીયાજ રહે છે. સુખલેશને પામતા નથી ॥ ૭૩-૭૬ ॥

सतां सङ्गात्तु पूर्वोक्तविवेकं प्राप्य मानवः ।
कश्चित्सुकृतभूम्ना तु हरावेव रतिं व्रजेत् ॥ ७७ ॥

स्वधर्मज्ञानवैराग्यजुष्टां भक्तिं हरौ तु ये ।
कुर्वन्त्यहैतुकीं ते तु हरेरत्यन्तवल्लभाः ॥ ७८ ॥

स्वधर्मज्ञानवैराग्यजुष्टा भक्तिरियं पुनः ।
धर्म एकान्तिकः प्रोक्तस्तथा भागवताभिधः ॥ ७९ ॥

જે કોઈ માનવ પૂર્વના પુણ્યના અતિશયને લીધે સંતોનો સમાગમ કરીને પૂર્વોક્ત વિવેકને પામીને શ્રીહરિને વિષે જ પ્રીતિને પામે. એ જ મોક્ષનું સાધન છે. ઉક્ત વિવેકની અને માહાત્મ્ય જ્ઞાનની પ્રાપ્તિમાં સંતોના સમાગમની હેતુતા **'माहात्म्यातिशयज्ञानं विना कृष्णस्य सर्वथा। प्रीतिर्नस्यादतो नित्यं सेव्याः सन्तस्तदाप्तये'** (તરંગ ૨૧) **'नित्यं सतां प्रसङ्गेन तन्माहात्म्यावबोधनम्' 'साक्षाद्भगवतः सङ्गात्तद्भक्तानां च वेदशाम्'**

धर्मो ह्येकान्तिकः पुम्भिः प्राप्यते नान्यथा क्वचित्' 'एतेषामेव सङ्गेन साङ्गा भक्तिर्मुमुक्षुभिः। कृष्णस्य प्राप्यते नूनं माहात्म्यज्ञानपूर्विका ॥' આ રીતે કહી છે. આ સઘળો અર્થ 'धर्मस्त्याज्यो न कैश्चित्...तन्माहात्म्याय सेव्याः' આ શ્લોકમાં સ્પષ્ટપણે શ્રીમુખે જ જણાવ્યો છે ॥ સ્વધર્મ, જ્ઞાન, અને વૈરાગ્યે યુક્ત એવી અનન્ય ભક્તિને નિષ્કામપણે ભગવાનમાં કરે છે એ જ નરો ભગવાનને અત્યંત વહાલા છે. 'प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः' ज्ञानी त्वात्मैव मे मतम्' એમ શ્રીમુખે કહ્યું છે. સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત એવી જે ભક્તિ, એને જ એકાંતિક ધર્મ તથા 'ભાગવત ધર્મ' એમ પણ કહેવામાં આવે છે. ત્રણેયની એકાર્થતા છે. આ અર્થ 'स्वधर्मज्ञानवैराग्यैः सह लक्ष्मीवदीश्वरे। तस्मिन्ननन्या भक्तिर्या धर्म एकान्तिक स वै। त्रिभिः स्वधर्मप्रमुखैर्युक्ता भक्तिरियं मुने। 'धर्म एकान्तिक इति प्रोक्तो भागवतश्च यः' (बा. मा.) આ રીતે કહ્યો છે, આવા ધર્મને જે ધરનારા છે તેમને એકાંતિક કહે છે. આ અર્થ રામાનુજાચાર્યે ગીતાભાષ્યના આરંભમાં જ 'स्वधर्मज्ञानवैराग्यसाध्यभक्त्येकगोचरः। नारायणः परंब्रह्म गीताशास्त्रे समीरितः॥' આ રીતે અનુગ્રહ્યો છે ॥ ૭૭–૭૯ ॥

मायामात्रमसन्तमसुखं बुद्ध्वाऽखिलं क्षरं भावम् ।
मुक्त्वा सङ्गं सततं भजन् हरिं वै विमुच्यते भवतः ॥८०॥

इति श्रीमदाध्यात्मिकतत्त्वाख्याने वैराग्यप्रतिपादनं नामाष्टाविंशतितमोऽध्यायः ॥ २८ ॥

અખિલ ક્ષર પદાર્થો માયિક વસ્તુ છે અને અસત–નાશવંત તથા દુઃખદાયી છે એમ જાણીને માયિક વસ્તુમાત્રના સંગને છોડીને ભગવાનને જે નર નિરંતર ભજે છે તે જ આ ભવ થકી વિમુક્તિને પામે છે. બીજા તો ભવાટવીમાં ભટકયા કરે છે. કયારેય નિસ્તાર આવતો નથી. ધર્માદિ અંગે સહિત નિષ્કામ ભક્તિ કરવાથી ભવનો પાર આવે છે ॥૮૦॥

ઇતિશ્રી...શાસ્ત્રી હરિજીવનદાસકૃત ગુર્જરાનુવાદે અઠ્ઠાવીસમો અધ્યાયઃ ॥ ૨૮ ॥

एकोनत्रिंशत्तमोऽध्यायः ।

मुनय ऊचुः—

परमैकान्तभक्तानां लक्षणं वद साम्प्रतम् ।
धर्मान् भागवतांश्चापि शतानन्द महामुने ! ॥ १ ॥

મુનિઓ કહે છે—હે શતાનંદ મહામુને ! તમોએ પરમ એકાંતિક ભક્તોની શ્રેષ્ઠતા કહી. તો તેમનાં લક્ષણો અને ભાગવત ધર્મોને પણ હમણાં કહો. આ બે બાબતો અવશ્ય જાણવા અનુસરવા જેવી છે ॥ ૧ ॥

शतानन्दमुनिरुवाच—

शृण्वन्तु मुनयः सर्वे लक्ष्म भागवतस्य तु ।
पुण्यान् धर्मान् तदीयांश्च वक्ष्यमाणमशेषतः ॥ २ ॥

हरिभक्तेषु वात्सल्यं हरिपूजानुमोदनम् ।
श्रीहरेरर्चनं भक्त्या दम्भलोभादिवर्जनम् ॥ ३ ॥

नित्यं हरिकथानां च श्रवणौत्सुक्यमादरात् ।
हर्षगद्गदकण्ठेन तन्नाम्नां च प्रकीर्तनम् ॥ ४ ॥

हरितद्भक्तवीक्षादौ स्वरनेत्राङ्गविक्रिया ।
हरिध्यानैकनिष्ठत्वं स्वार्थानभ्यर्थनं हरौ ॥ ५ ॥

इत्येतल्लक्षणं प्रोक्तं परमैकान्तभक्तगम् ।
सम्पूज्यो हरिवन्नित्यं पावनः सर्वदेहिनाम् ॥ ६ ॥

શતાનંદ મુનિ કહે છે—હે સર્વે મુનિઓ ! તમારા પૂછવાથી હવે પરમ એકાંતિક ભક્તનું લક્ષણ તેમજ પવિત્ર ભાગવત ધર્મોને સમગ્રપણે કહું છું, તેને એકાગ્ર મનથી સાંભળો ॥ સ્વયંભગવાને કહેલા હોઈને તેમના સંબંધવાળા ધર્મોને ભાગવત ધર્મો કહે છે. હરિભક્તો ઉપર વત્સલભાવ

રાખવો, (સ્નેહાતિશયને વાત્સલ્ય કહે છે) શ્રીહરિની પૂજામાં અનુમોદન આપવું, શ્રીહરિનું ભક્તિથી પૂજન કરવું, દંભ, લોભ, માન, આદિક દોષોનો ત્યાગ કરવો, નિત્ય ભગવત્કથાના શ્રવણમાં ઉત્સાહ આદર રાખવો, હર્ષગદ્ ગદકંઠથી ભગવાનનાં નામોનું ઉચ્ચારણ કરવું, ભગવાન્ અને તેમના ભક્તોનાં દર્શન વિગેરેમાં સ્વર નેત્ર અને અંગમાં વિક્રિયા આવવી, (સ્વરમાં ગદ્‌ગદ-પણું, નેત્રમાં હર્ષનાં આંસુ અને અંગમાં રૂવાડાં ઊભાં થવાં વિગેરે) શ્રી હરિના ધ્યાનમાં એક નિષ્ઠા રાખવી, સ્વાર્થને માટે ભગવાન પાસે કશી પ્રાર્થના ન કરવી, આ શુભ લક્ષણો પરમ એકાંતિક ભક્તોનાં કહ્યાં છે. ભક્તિ જ્ઞાનથકી બીજા કોઈ પણ ફળને ભગવાન થકી પણ ઇચ્છે નહિ તે પરમ એકાંતિક જાણવો. આ મુખ્ય લક્ષણ છે. આ લક્ષણથી એકાંતિકની પરમતા કહી છે. જેનાથી કોઈ પર નહિ તે પરમ કહેવાય. એક ભગવાનને વિષે જ જેનો અંત હોય તે એકાંતિક કહેવાય ભગવાનથકી અન્ય દેવમાં કે અન્ય ફળમાં પ્રેમાનુબંધ બાંધ્યા વિના, એક ભગવાન વિષેજ અનન્ય ભાવથી પ્રવર્તતી ભક્તિને એકાંતિકી કહેવાય. એવી ભક્તિમાં નિષ્ઠાવાળાને એકાંતિક કહેવાય. અર્થાત્ ભગવાનજ મારે પ્રાપ્ય ફળ છે અને ભગવાનજ મને પ્રાપક (સાધન) છે એમ માનનારા-ફળ સાધનને જુદું નહિ માનનારા આવા જે પરમ એકાંતિકો તે ભગવાનની પેઠે નિત્ય પૂજનીય છે, કેમકે સર્વ દેહિઓને પવિત્ર કરનારા છે ।। ૨-૬ ।।

न चलत्येव यो धर्माद्भयाज्ञारूपकाद्भिया ।
न किञ्चित् हन्ति हरति न च भागवतः स तु ।। ७ ।।
स्वकः परश्चेति बुद्धिर्वित्तात्मादौ न यस्य च ।
सर्वभूतसमः शान्तः स वै भागवतोत्तमः ।। ८ ।।
जन्मना कर्मणा वापि धर्मज्ञानादिनाऽपि यः ।
नाऽहन्तां कुरुते नित्यं स वै भागवत्तोत्तमः ।। ९ ।।
कामकर्मप्ररोहाणां सम्भवो न च यद्धृदि ।
वासुदेवः सर्वमिति ज्ञानी भागवतोत्तमः ।। १० ।।

ભગવાનની આજ્ઞારૂપ શ્રુતિ-સ્મૃતિના ધર્મોથકી જાણીને ક્યારેય પણ ચલિત ન થાય. યથાસ્થિત પાળે અને કોઈને પણ હણે નહિ તેમજ કોઈનું પણ ધનાદિ હરે નહિ એને પરમ ભાગવત કહે છે. આ અર્થ '**न चलति निजवर्णधर्मतो यः सममतिरात्मसुहृद्विपक्षपक्षे। न हरति न च हन्ति किञ्चिदुच्चैः सितमनसं तमवेहि विष्णुभक्तम्**' (વિ. પુ) એમ ભક્ત લક્ષણમાં નિજધર્મના પાલનની આવશ્યકતા જણાવી છે. શ્રીહરિ પણ '**धर्मस्त्याज्यो न कैश्चित् स्वनिगमविहितः**' એમ કહે છે. ધર્મને ભક્તિના પ્રથમ અંગ તરીકે માન્યો છે ॥ જેને વિત્ત આત્મા આદિકમાં (વિત્તમાં સ્વકીય બુદ્ધિ અને કોઇ જીવ પ્રત્યે પરકીય બુદ્ધિ) સ્વકીય પરકીય એવી ભેદ બુદ્ધિ ન હોય અને જે સર્વ ભૂતોમાં સમદૃષ્ટિવાળો હોય અને શાંત હોય તે ભાગવતોત્તમ માન્યો છે ॥ ઉચ્ચ કુળમાં જન્મ, શુભ કર્મો, ધર્મ જ્ઞાનાદિ ગુણોનો ઉત્કર્ષ, ઇત્યાદિકમાં જે અહંતા (ગર્વ) ને કરતો નથી તે ઉત્તમ ભાગવત જાણવો ॥ જેના ચિત્તમાં કામ્ય કર્મનો અંકુર પણ ઊઠતો ન હોય અને '**त्वमेव माता च पिता त्वमेव**' એમાં કહ્યા પ્રમાણે વાસુદેવને સર્વસ્વપણે માનતો હોય એવા જ્ઞાનીને ભાગવતોત્તમ કહેવાય. ॥ ૭-૧૦ ॥

संसारधर्मैः क्षुन्मोहभयतर्षादिभिस्तु यः ।
न विमुह्यति सच्चित्तसः वै भागवतोत्तमः ॥ ११ ॥

गृहीत्वापीन्द्रियैरर्थान् यो न द्वेष्टि न काङ्क्षति ।
विष्णोर्मायामयं पश्यन् स वै भागवतोत्तमः ॥ १२ ॥

कर्मणा मनसा वाचा स्वभावेन करोति यत् ।
तत्सर्वमर्पयन् कृष्णे मतो भागवतोत्तमः ॥ १३ ॥

सर्वं च विश्वं भगवद्रूपं ज्ञात्वा नमेत्तु यः ।
भूतमात्रं स वै ज्ञानी मतो भागवतोत्तमः ॥ १४ ॥

हरिभक्त्या समाविष्टो नृत्येदुन्मत्तवत्त यः ।
गायेच्च द्रुतचित्तोऽह्रीः स वै भागवतोत्तमः ॥ १५ ॥

अपि त्रैलोक्यविभवहेतोर्यो न चलेत्पदम्।
हरिपादाब्जयुगलात् स वै भागवतोत्तमः ॥ १६ ॥

દેહ ઇન્દ્રિયો પ્રાણ મન બુદ્ધિના જે જન્મ મરણ ક્ષુધા તૃષા ભય કૃચ્છ્ર આદિક સાંસારિક ધર્મો તેણે કરીને ભગવાનમાં મગ્ન મન હોવાથી વિમોહને પામતો નથી તે ભાગવતોત્તમ સમજવો ॥ તે તે ઇન્દ્રિયોએ કરીને તે તે વિષયોને ગ્રહણ કરવા છતાં પણ જે દ્વેષને કે આકાંક્ષાને કરતો નથી. હર્ષ શોકને પામતો નથી. અને આ વિશ્વને ભગવાનની માયામય તરીકે જુએ છે તેને ભાગવતોત્તમ કહેવાય ॥ કાયથી કે વાણીથી કે મનથી કે સ્વભાવથી જે કોઈ ક્રિયાને કરે તે તે તમામ ભગવાનને અર્પણ કરે તે ભાગવતોત્તમ કહેવાય. આ અર્થ **'कायेन वाचा मनसैन्द्रियैर्वा बुद्ध्यात्मना वानुसृतस्वभावात्। करोति यद्यत्सकलं परस्मै नारायणायेति समर्पयेत्तत् ॥'** (ભા. ૧૧) આમાં વ્યક્ત છે ॥ આ સર્વ વિશ્વને **'तानि सर्वाणि तद्वपुः'** આમાં કહ્યા પ્રમાણે ભગવાનનું રૂપ છે એમ માનીને સર્વેને નમસ્કાર કરે. કોઇની પણ અવજ્ઞા કરે નહિ. એવો જે જ્ઞાની તે ભાગવતોત્તમ જાણવો ॥ ભગવદ્ ભક્તિમાં સદા પ્રવિષ્ટ ચિત્તવાળો હોઇને કયારેક ઉન્મત્તની પેઠે નાચ કરે અને કયારેક વિહ્વળ ચિત્તવાળો હોઇને લાજ મૂકીને ગુણકીર્તનને કરે. તે ઉત્તમ ભાગવત માન્યો છે. ત્રિલોકીનો વૈભવ મળતો હોય તો તેને માટે પણ જેનું ચિત્ત ભગવાનના ચરણકમળ યુગલ થકી એક ક્ષણ પણ ચલિત થાય નહિ તે ભાગવતોત્તમ માન્યો છે. આ રીતે ભાગવતોનું લક્ષણ જાણવું ॥ ૧૧-૧૬ ॥

अथ भागवतं धर्मं प्रवक्ष्यामि समासतः ।
पाञ्चरात्रे य उद्दिष्टो नारदादिप्रवर्तितः ॥ १७ ॥
सात्त्विको मोक्षकामस्तु भजन् वै श्रीहरिं परम् ।
प्राप्नुयात् कृष्णदीक्षां तु धर्मवंश्यगुरोर्वरात् ॥ १८ ॥
अदीक्षितस्य यज्ञादि निरर्थकमुशन्ति तु ।
दीक्षितस्य कृतार्थत्वं भक्तस्य मुनयो विदुः ॥ १९ ॥

दीयते विमलं ज्ञानं क्षीयते कर्मवासना ।
तस्माद्दीक्षेति सम्प्रोक्ता मुनिभिस्तन्त्रवेदिभिः ॥ २० ॥

હવે ભાગવત ધર્મને સંક્ષેપમાં કહું છું. જે ધર્મ, પાંચરાત્રમાં વર્ણવ્યો છે અને નારદાદિ મુનિઓએ પ્રવર્તાવેલો છે. એમ એનું પ્રામાણ્ય છે ॥ જે સાત્ત્વિક હોઇને મોક્ષની આકાંક્ષાવાળો હોય અને તેથી જ પરમાત્મા શ્રીહરિને ભજવા માગતો હોય તે મુમુક્ષુ, ધર્મવંશી શ્રેષ્ઠ ગુરુ થકી કૃષ્ણ દીક્ષાને ગ્રહણ કરે ॥ દીક્ષા ધાર્યા વિના જે યજ્ઞાદિ કર્મ તે નિષ્ફળ થાય છે અને દીક્ષા ધારીને જે સુકૃત કર્મને કરે તે સફળ થાય છે. એમ મુનિઓ કહે છે ॥ દીક્ષા શબ્દમાં 'દી' અને 'ક્ષા' આ બે અક્ષર છે. તેમાં નિર્મળ જ્ઞાનને આપે તે 'દી' કહેવાય અને કર્મવાસનાનો ક્ષય કરે તે 'ક્ષા' કહેવાય. આ કારણથી તંત્રવેદી મુનિઓ એને 'દીક્ષા' એવા શુભ નામથી સાર્થક કહે છે. દીક્ષા ધારવાથી ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય છે. અને કર્મ વાસના કે જે મોક્ષમાં વિરોધી છે તેની નિવૃત્તિ થાય છે. એમ બંનેનો લાભ થાય છે. એથી જ દીક્ષાનું માહાત્મ્ય સંપ્રદાયોમાં શાસ્ત્રસિદ્ધ પ્રવર્ત્યું છે ॥ ૧૭-૨૦ ॥

सा वैष्णवी समुद्दिष्टा पञ्चाङ्गा मोक्षकारिका ।
तापः पुण्ड्रस्तथा नाम मन्त्रो यागस्तु पञ्चमः ॥ २१ ॥
हर्यायुधानां तप्तानां धारणं ताप उच्यते ।
हरिसम्बन्धिनाम्नो वै धारणं नाम कीर्तितम् ॥ २२ ॥
आचार्येणोपदिष्टस्तु मन्त्रो मन्त्र उदीर्यते ।
स एव सिद्धिदः स्वेन गृहीतोऽनर्थकारकः ॥ २३ ॥
आचार्येण विनिर्दिष्टां हरेर्मूर्तिं मनःप्रियाम् ।
यथाविधि समभ्यर्चेद् यागो नाम स ईरितः ॥ २४ ॥

दीक्षावता सदा धार्ये तुलसीकाष्ठमालिके ।
राधाकृष्णोपासकत्वसूचिके वैष्णवेन तु ॥ २५ ॥
गोपीचन्दनतः कार्यं राधाकृष्णप्रसादिना ।
ऊर्ध्वपुण्ड्रं चन्द्रकश्च कुङ्कुमेन यथास्थलम् ॥ २६ ॥

આ દીક્ષા બીજી કોઈ નહિ પણ વૈષ્ણવી (વિષ્ણુ સંબંધી) ધારવી. એનાં પાંચ અંગો મોક્ષકારી કહ્યાં છે ॥ તાપ, પુંડ્ર, નામ, મંત્ર, યાગ, આ પાંચ અંગો જાણવાં. એને સંસ્કારો કહે છે એનાથી જે સમલંકૃત થાય તે વૈષ્ણવ કહેવાય ॥ ભગવાનનાં જે શંખ ચક્ર ગદા પદ્મ, આ તપાવેલાં ચાર આયુધો યથાસ્થળ ધારવાં તેને **તાપ** નામથી કહે છે. અર્થાત્ તપ્ત મુદ્રાનું ધારણ. નારાયણ વિષ્ણુ વાસુદેવ હરિકૃષ્ણ, ઈત્યાદિ ભગવન્નામોના સંબન્ધવાળું પોતાનું નામ (નારાયણદાસ વિગેરે) ધારવું તે **નામ** કહ્યું છે ॥ આચાર્યે ઉપદેશેલો જે મંત્ર તે **મંત્ર** કહ્યો છે. એજ મંત્ર, સિદ્ધિને આપનારો થાય. પોતાની મેળે લીધેલો અનર્થકારક થાય. માટે ગુરુથકી મંત્ર ગ્રહણ કરવો ॥ આચાર્યે નિર્દેશેલી મનઃપ્રિય શીલાદિકની શ્રીહરિમૂર્તિની યથાવિધિ પૂજા કરવી તેને **યાગ** નામથી કહે છે. દીક્ષાધારી વૈષ્ણવે તુલસી કાષ્ઠની માળા બેવડી (કંઠી) કે જે 'આ રાધાકૃષ્ણનો ઉપાસક છે' એમ સૂચવનારી છે તે ગળામાં ધારવી. ગોપી ચંદનથી ઊર્દ્ધ્વપુંડ્ર તિલક લલાટમાં કરવું તેમજ તેના મધ્યમાં યથાસ્થળે રાધાકૃષ્ણના પ્રસાદભૂત કુંકુમથી ચાંદલો કરવો. આ રીતે આ પાંચ સંસ્કારવાળી દીક્ષા વિષ્ણુ ભક્તોએ અવશ્ય ગ્રહણ કરવી. જેમ સધવાને વલયાદિકનું ધારણ નિત્ય છે તેમ વૈષ્ણવોને આ ચિહ્નોનું ધારણ નિત્ય છે. આ વૈષ્ણવોનું અસાધારણ ચિહ્ન છે. આ ચિહ્નોથી એમનું ઓળખાણ છે ॥ ૨૧-૨૬ ॥

नित्यं नैमित्तिकं चैव सर्वं कुर्याद् यथाविधि ।
यतस्त्वकरणे तेषां प्रत्यवायो निगद्यते ॥ २७ ॥
तथा कृष्णजयन्तीनामेकादश्याश्च सर्वशः ।
उपवासो वैष्णवेन कर्त्तव्यो भक्तिभावतः ॥ २८ ॥

आपद्यपि महत्यां वै वर्म नारायणात्मकम् ।
जप्यं च हनुमन्मन्त्रो जप्यो न क्षुद्रमन्त्रकः ॥ २९ ॥
चातुर्मास्ये विशेषेण धारणीयं व्रतं हरेः ।
भक्तैरशक्तैरेकस्मिन् श्रावणे वा यथाविधि ॥ ३० ॥
कर्तव्या तीर्थयात्रा च यथाशक्ति यथाविधि ।
हरिभक्तैस्तथा नित्यं भाव्यं दीनेषु वत्सलैः ॥ ३१ ॥

નિત્ય નૈમિત્તિક જે કર્મો કરવાનાં કહ્યાં છે તેને સર્વેને આજ્ઞારૂપ માનીને યથાવિધિ કરે. કેમકે એને નહિ કરવામાં દોષ કહ્યો છે ॥ એજ રીતે જન્માષ્ટમી રામનવમી વિગેરે વ્રત દિવસો તથા સર્વ એકાદશીઓ તેનો ઉપવાસ વૈષ્ણવોએ ભક્તિભાવથી કરવો. એમાં ભગવાનનો જ સંબન્ધ છે ॥ મહા આપત્તિમાં પણ નારાયણ કવચનો અને હનુમાન મંત્રનો જપ કરવો. પણ બીજા ક્ષુદ્ર દેવના મંત્રનો જપ કરવો નહિ. વળી વિષ્ણુ ભક્તોએ ચાતુર્માસમાં વિશેષ વ્રત નિયમો ધારણ કરવા. અશક્તોએ તો શ્રાવણ માસમાં તે વ્રત નિયમો યથાવિધિ ધારવા. કેમકે તે ભગવાનની પ્રસન્નતાનાં સાધનો છે ॥ વળી હરિભક્તોએ દ્વારકા આદિક તીર્થોની યાત્રા યથાવિધિ, યથાશક્તિ કરવી. પવિત્રતાનું કારણ છે. તેમજ સર્વેએ દીનજનો ઉપર વત્સલતાવાળું થવું. એ મોટું પુણ્ય છે ॥ ૨૭-૩૧ ॥

बुद्धिपूर्वं न कस्यापि हिंसा कार्या कदाचन ।
यज्ञादावपि सा नैव कर्तव्या हरिसंश्रितैः ॥ ३२ ॥
असच्छास्त्राण्यसद्धर्मानसतोऽसद्गुरूंस्तथा ।
नोपाश्रयेत्कदाप्यद्धा स्वनिष्ठाया विघातकान् ॥ ३३ ॥
सच्छास्त्राण्यपि सद्धर्मान् सतश्चापि च सद्गुरून् ।
सेवेत वै यथाशक्ति स्वनिष्ठापरिपोषकान् ॥ ३४ ॥

વળી હરિના આશ્રિતોએ કોઇપિણ જન્તુની હિંસા કયારે પણ જાણી જોઈને કરવી નહિ. આ સર્વ વર્ણનો મોટો ધર્મ છે. યજ્ઞાદિકમાં પણ તે ન કરવી. અસત્ શાસ્ત્રો, અસત્ ધર્મો, અસત્ય મનુષ્યોનો અને અસદ્ ગુરુઓનો આશ્રય (સેવા સમાગમાદિ) કદાપિ ન કરે. કેમકે એવાઓનો આશ્રય કરવાથી પોતાની નિષ્ઠાનો ઘાત થાય છે. એના સંગનો દૂરથી ત્યાગ કરે ॥ સચ્છાસ્ત્રો, સદ્ધર્મો, સત્ પુરુષો અને સદ્ગુરુઓનું સેવન યથાશક્તિ કરે, કેમકે પોતાની નિષ્ઠાને પરિપોષણ આપનારા છે. સત્નો સંગ અને અસત્નો ત્યાગ એજ હિતાવહ છે ॥ ૩૨-૩૪ ॥

असत्यभाषणाद्भीतस्तथा चैव विधर्मतः ।
लोकापवादतो भीतः वर्तेतानिन्द्यवृत्तिकः ॥ ३५ ॥
परापवादे मूकः स्यात् परस्त्रीषु नपुंसकः ।
परवित्तेषु चाप्यन्धो नरो भागवतः सदा ॥ ३६ ॥
धर्मेण सहितां भक्तिं हरौ कृष्णे परात्परे ।
विदधीत च निश्छद्मवृत्तिमान् हरिसंश्रितः ॥ ३७ ॥

અસત્ય ભાષણ થકી તેમજ વિધર્મો થકી ભય પામનારો થાય. લોકાપવાદ થકી ભય પામીને અનિંદિત વૃત્તિવાળો થઈ રહે. લોકો અપવાદ આપે કે નિંદા કરે એવું વર્તન વર્જી મૂકે. પરને અપવાદ આપવામાં મૂંગો થાય. પરસ્ત્રીમાં નપુંસક થાય. પરધનમાં અંધ થાય. કોઈને મિથ્યા અપવાદ આપે નહિ. પરસ્ત્રીનો પ્રસંગ કરે નહિ. પરધનને ચોરે નહિ. આ ભાગવત નરને માટે વિશેષ આવશ્યક છે. પરાત્પર શ્રીહરિકૃષ્ણની ભક્તિને ધર્મે સહિત જ કરે. ધર્મનો ત્યાગ કરે નહિ. અને સદા નિષ્કપટ વૃત્તિવાળો થાય ॥ ૩૫-૩૭ ॥

भक्तस्य चर्यां श्रीकृष्णः स्वभक्तायोद्धवाय तु ।
अवर्णयद्धरिश्चापि स्वभक्तेभ्यः सविस्तरम् ॥ ३८ ॥

ततः सर्वं विस्तरेण ज्ञातव्यं मुनिसत्तमाः ! ।
समासेनैव सोद्दिष्टा मया त्वत्र प्रधानतः ॥ ३९ ॥

હે મુનિસતમાઃ ! આ ભક્ત ચર્યા, ભગવાન્ શ્રીકૃષ્ણે અનન્ય ભક્ત ઉદ્ધવજી પ્રત્યે (સ્કંધ ૧૧) વર્ણવી છે. શ્રીહરિએ પણ પોતાના ભક્તો પ્રત્યે સવિસ્તર વર્ણવી છે. ભક્તોએ આચરવા યોગ્ય એ બધા ધર્મો તે થકી વિસ્તારથી જાણીને તે પ્રમાણે પાળવા. મેં તો અહીં જે પ્રધાન ધર્મો હતા તે વિસ્તાર ભયને લીધે સંક્ષેપમાં કહ્યા છે ॥ ૩૮-૩૯ ॥

भक्तस्तु मन्दिरे विष्णोः सेकसम्मार्जनादिकम् ।
कुर्याद्विगतमानस्तु विलज्जो दासवत्तथा ॥ ४० ॥
उद्यानोपवनाक्रीडमन्दिराणि तथा हरेः ।
मूर्तीश्च धनिको भक्तः स्थापयेच्छ्रेय इच्छया ॥ ४१ ॥
स्थापितेषु च रूपेषु श्रीहरेर्मन्दिरेषु च
पूजाप्रवाहसिद्ध्यर्थं धनं दद्यात्तथा पुनः ॥ ४२ ॥
एते भागवता धर्मा मया प्रोक्ता हरीरिताः ।
वर्णाश्रमादिधर्माश्च पाल्या भक्तैरकामतः ॥ ४३ ॥
एवं धर्मान् भागवतान् कुर्वन्तस्तु भजन्ति ये ।
भगवन्तं हरिं कृष्णं ते तद्धामाप्नुवन्ति हि ॥ ४४ ॥

જે હરિભક્ત હોય તે હરિમંદિરમાં જળ છાંટવું, વાળવું, લિંપવું વિગેરે સેવાને દાસની પેઠે માન મૂકીને અને લાજ છોડીને નિરંતર કરે. જે ધનાઢય ભક્ત હોય તે ભગવાનને માટે મંદિર, બાગ, બગીચા, ક્રીડા સ્થળ આદિકને કરે અને તે મંદિરોમાં હરિમૂર્તિઓને શ્રેયની ઇચ્છાથી સ્થાપન કરે, તેમજ તે મૂર્તિઓનો પૂજા પ્રવાહ ચાલુ રહે તેને માટે ઘણું ધન આપે ॥ શ્રીહરિએ જે ભાગવત ધર્મો કહ્યા છે તે મેં તમોને સંક્ષેપમાં

કહ્યા. જે વર્ણાશ્રમાદિ ધર્મો કહ્યા છે તે પણ ભક્તોએ નિષ્કામપણે પાળવા. આ રીતે ભાગવત ધર્મોને પાળતા થકા જેઓ ભગવાન્ શ્રીહરિકૃષ્ણને પ્રેમથી ભજે છે તેઓ તેમના ધામને નિશ્ચે પામે છે ॥ ૩૯-૪૪ ॥

मुनय ऊचुः—

> मन्दिरादिप्रतिष्ठायां तथा पूजानुवर्तने ।
> सम्मार्जनादिके चैव यत्फलं ब्रूहि तन्मुने ! ॥ ४५ ॥

મુનિઓ કહે છે—હે શતાનંદ મુને ! મંદિર, બાગ બગીચા, મૂર્તિ પ્રતિષ્ઠા, પૂજાનુવૃત્તિ, સંમાર્જન, આદિક સેવાને કરનારા ભક્તને જે ફળ મળતું હોય તેને વિવેચનથી કહો ॥ ૪૫ ॥

शतानन्दमुनिरुवाच—

> एवमेष महाप्रश्नः प्रह्लादस्य तु सन्निधौ ।
> बलिराजेन सम्प्रष्टस्तत्र यद्वर्णितं पुरा ॥ ४६ ॥
> प्रतीकेनाखिलसतां प्रह्लादेन महात्मना ।
> तदहं कथयिष्यामि विष्णुधर्मे मया श्रुतम् ॥ ४७ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! પૂર્વે આવો જ મહાપ્રશ્ન, પ્રહ્લાદજીની પાસે બલિરાજાએ પૂછ્યો હતો. તેમાં સમગ્ર સત્પુરુષોના પ્રતિક રૂપ (આદર્શ સત્પુરુષ) એવા મહાત્મા પ્રહ્લાદજીએ જે ઉત્તર આપ્યો છે તે વિષ્ણુધર્મ ગ્રંથમાંથી મેં જેમ સાંભળ્યું છે તેમ કહું છું ॥ ૪૬-૪૭ ॥

प्रह्लाद उवाच—

> "यस्तु देवालयं लोहशिलादारुविलेखनैः ।
> कारयेन्मृण्मयं वाऽपि शृणु तस्य महाफलम् ॥ ४८ ॥
> अहन्यहनि यज्ञेन यजतो यन्महाफलम् ।
> प्राप्नोति तत्फलं विष्णोर्यः कारयति मन्दिरम् ॥ ४९ ॥

सप्तजन्मकृतं पापमल्पं वा यदि वा बहु ।
विष्णोरालयाविन्यासप्रारम्भादेव नश्यति ॥ ५० ॥
सप्तलोकमयो विष्णुस्तस्य यः कुरुते गृहम् ।
प्रतिष्ठां समवाप्नोति स नरः साप्तलौकिकीम् ॥ ५१ ॥
प्रशस्तदेशभूभागे यस्तात ! भवनं हरेः ।
कारयत्यक्षयान् लोकान् स नरः प्रतिपद्यते" ॥ ५२ ॥

પ્રહ્લાદજી કહે છે—હે બલિરાજન્ ! જે જન, લોખંડ, પથ્થર, કાષ્ઠ, વિલેખન (ચિત્ર) અથવા મૃતિકા વિગેરે વસ્તુઓએ કરીને દેવાલયને કરાવે તેને જે મહા ફળ મળે છે તેને સાંભળો ॥ દિને દિને યજ્ઞથી વિષ્ણુનું યજન કરવાથી જે ફળ મળે છે તે ફળ, વિષ્ણુનું મંદિર કરાવનારને મળે છે ॥ સપ્ત જન્મમાં કરેલું પાપ અલ્પ હોય કે બહુ હોય તે પાપ, વિષ્ણુ મંદિરની સ્થાપનાના પ્રારંભથી જ નાશ થઈ જાય છે. આરંભ કરે એટલા માત્રથી નાશ થઈ જાય. જે વિષ્ણુ છે તે સાત લોકમય કહ્યા છે. તેનું જે મંદિર કરાવે છે તે નર સાત લોકમાં પ્રતિષ્ઠાને પામે છે, સાતેય લોકમાં તેની પ્રતિષ્ઠા–કીર્તિ પ્રવર્તે છે ॥ શ્રેષ્ઠ દેશના ભૂભાગમાં જે ભગવાનનું મંદિર કરાવે છે તે નર, જેનો ક્ષય નથી એવા લોકને પામે છે. આ મંદિર નિર્માણનું ફળ છે ॥ ૪૮–૫૨ ॥

"प्रतिमां लक्षणवती यः कारयति मानवः ।
केशवस्य स तल्लोकमक्षयं प्रतिपद्यते ॥ ५३ ॥"
"प्रतिष्ठाप्य हरेरर्चां सुप्रशस्ते निवेशने ।
पुरुषः कृतकृत्यः स्यात् नैनं श्वो मरणं तपेत् ॥ ५४ ॥
ये भविष्यन्ति ये भूता आकल्पाः पुरुषाः कुले ।
तान् तारयति संस्थाप्य देवस्य प्रतिमां हरेः ॥ ५५ ॥

હે રાજન્! જે માનવ, ભગવાનની શુભ લક્ષણવાળી પ્રતિમાને કરાવે છે તે ભગવાનના અક્ષય લોકને પામે છે ॥ જે પુરુષ, સુંદર મંદિરમાં ભગવાનની પ્રતિમાની પ્રતિષ્ઠાને કરાવે છે તે પુરુષ કૃતકૃત્ય થાય છે, એને માથેથી મરણ ભય (કાલેજ મરણ આવશે તો શું થશે એવો) મટી જાય છે એટલુંજ નહિ પણ તેના કુળમાં જે કલ્પપર્યંત થઈ ગયા છે અને થશે તે સર્વેને તારનારો થાય છે. ભગવાનની પ્રતિમા સ્થાપનારાને આ ફળ મળે છે ॥ ૫૩-૫૫ ॥

"स्थापितां प्रतिमां विष्णोः सम्यक् सम्पूज्य मानवः ।
यं यं कामयते कामं तं तमाप्नोत्यसंशयम् ॥ ५६ ॥
गव्येन हविषा विष्णोः स्नापनं भक्तिपूर्वकम् ।
द्वादश्यां पौर्णमास्यां च महापातकनाशनम् ॥ ५७ ॥
सर्वयज्ञमयो विष्णुर्गव्यानां परमः स्मृतः ।
तं स्नापयति दुग्धेन यो नरो भक्तिपूर्वकम् ॥ ५८ ॥
येषु क्षीरवहा नद्यः हृदाः पायसकर्दमाः ।
तान् लोकान् समवाप्नोति क्षीरस्नानविधापकः ॥ ५९ ॥
चन्दनागुरुकर्पूरकुङ्कुमोशीरपद्मकैः ।
अवलिप्तो हरिर्भक्त्या परान् भोगान् प्रयच्छति ॥ ६० ॥
आहारा दयिता येन पवित्राश्च निवेदिताः ।
त्रैलोक्यकर्त्रे कृष्णाय तस्य तृप्तिरनुत्तमा" ॥ ६१ ॥

કોઈએ સ્થાપેલી વિષ્ણુમૂર્તિની જે જન યથાવિધિ પૂજા કરે તે જે જે મનોરથને કરે તેને તેને પામે છે. એમાં સંશય નથી ॥ દ્વાદશીએ અને પૂર્ણિમાએ યજ્ઞમાં હવિઃ રૂપ ગણાતા ગાયના ઘી દુધથી વિષ્ણુને ભક્તિપૂર્વક સ્નાન કરાવે છે તો તે સ્નાન મહાપાપને નાશ કરનાર થાય

છે ॥ વિષ્ણુ છે તે સર્વયજ્ઞમય છે અને ગવ્ય તેમને અત્યંત પ્રિય છે. એવા વિષ્ણુને ગાયના દૂધથી ભક્તિપૂર્વક જે નર સ્નાન કરાવે છે તેને સ્નાન કર્તા ભગવાન્ જે લોકમાં દૂધપૂર્ણ નદીઓ હોય અને દૂધપાકના કાદવો હોય એવા પુણ્ય લોકો પ્રત્યે પહોંચાડે છે. એટલું ફળ થાય છે ॥ ચંદન અગુરુ, કપૂર, કુંકુમ, વીરણના વાળા, કમલચૂર્ણ ઈત્યાદિ વડે ભગવાનને ભક્તિથી જે નર લેપ કરે છે તેને પ્રસન્ન ભગવાન્ શ્રેષ્ઠ ભોગોને આપે છે ॥ જેણે ત્રિલોકી કર્તા ભગવાનને પોતાને પ્રિય અને પવિત્ર એવા ભોગો નિવેદન કર્યા છે તેને અનુત્તમ તૃપ્તિ પ્રાપ્ત થાય છે. ભગવાન્ તૃપ્ત થતાં તે પણ તૃપ્ત થાય છે ॥ ૫૯-૬૧ ॥

चक्रवर्ती महावीर्यो मान्धाता युवनाश्वजः ।
सर्वर्धिसहितश्चासीद् देवविस्मयकारकः ॥ ६२ ॥

सिंहासनवरे भार्यासहितः शुशुभेतराम् ।
सुधर्मायां शचीदेव्या देवेन्द्र इव विश्रुतः ॥ ६३ ॥

तस्यर्धेर्विभवस्यापि पूर्वजन्मकृतं महत् ।
पुण्यं हेतुरभूद्विष्णोर्मन्दिरस्योपसेवनम् ॥ ६४ ॥

યુવનાશ્વ રાજાનો પુત્ર માંધાતા નામનો રાજા મહાવીર્યવાળો ચક્રવર્તી થયો હતો. આ રાજા, સમગ્ર સમૃદ્ધિએ સંપૂર્ણ હોઈને દેવોને પણ વિસ્મય પમાડનારો હતો ॥ સુધર્મા નામની સભામાં દેવી ઇન્દ્રાણી સાથે દેવેન્દ્રજ જેમ એમ રાજસિંહાસનમાં ભાર્યાસાથે અતિશય શોભતો હતો ॥ આ રાજાને આવી જે સમૃદ્ધિ અને વૈભવ હતો તેમાં પૂર્વ જન્મમાં તેણે વિષ્ણુના મંદિરની બહુ સેવા શ્રદ્ધાથી કરી હતી તેનું મહાપુણ્ય એ કારણ હતું ॥ ૬૨-૬૪ ॥

निहीनकुलवृत्तोऽपि पूर्वजन्मनि सोऽघवान् ।
सहभार्यो वृत्तिहीनो न्यवसद्धरिमन्दिरे ॥ ६५ ॥

कृतं सम्मार्जनं तत्र नित्यं चैवानुलेपनम् ।
विष्णोरायतने तस्मिन् परिव्राड्ब्रह्मचारिणाम् ॥ ६६ ॥
सेवा च सहभार्येण तेनाकारि दिवानिशम् ।
एवं प्रकुर्वतस्तस्य पापहानिरजायत ॥ ६७ ॥
स्वाश्रयस्य तथा विष्णोर्मन्दिरस्य परिष्क्रिया ।
विहिता तेन तेनाऽऽप्तं सार्वभौमं पदं महत् ॥ ६८ ॥

આ રાજા, પૂર્વ જન્મમાં નીચકુળમાં જન્મેલો હોઈને તે મહા-પાપવાન્ હતો. જીવિકાવૃત્તિએ વિહીન હોવાથી ભાર્યા સાથે એક હરિ-મંદિરમાં રહ્યો હતો. તે વિષ્ણુ મંદિરમાં નિત્ય વાળવું, લીંપવું વિગેરે સેવાને કરતો હતો. તેમ જ સંન્યાસી, બ્રહ્મચારીઓની પણ સમુચિત સેવાને ભાર્યા સાથે રાત્રિ-દિવસ કરતો હતો. એમ હરિસેવા અને હરિભક્તોની સેવા કરવાથી તેનાં બધાં પાપો નષ્ટ થઈ ગયાં. જેને આશ્રયે રહ્યો હતો તે મંદિરની અને વિષ્ણુની ઉક્ત પ્રકારે શ્રદ્ધાથી તેણે સેવા કરી હતી. તે પુણ્યના પ્રતાપે તેને સાર્વભૌમ મહા પદની પ્રાપ્તિ થઈ હતી ॥૬૫-૬૮॥

तत्रैवावसथे दीपः प्रशान्तः स्नेहसङ्क्षयात् ।
निजभोजनतैलेन तेन प्रज्ज्वालितः पुनः ॥ ६९ ॥
ततः कान्तिं निरुपमामाप्तवान् नृपतिः स्वयम् ।
हरिकेतनतद्भक्तसेवातस्तन्मयत्वतः ॥ ७० ॥
एवं प्राप्तं महैश्वर्यं मान्धात्रा लोकवन्दितम् ।
वासोभिर्विविधैर्धूपैः पुष्पस्रग्भूषणादिभिः ॥ ७१ ॥
अन्नोपहारैर्विविधैर्घृतक्षीराभिषेचनैः ।
गीतवादित्रनृत्ताद्यैः पुण्यरात्रिषु सर्वथा ॥ ७२ ॥
गानैर्जागरणैश्चापि तोषयेदच्युतं हरिम् ।

एवं सन्तोषितो विष्णुर्भगवान् भवभङ्गकृत् ॥ ७३ ॥
येषां न वित्तं तैर्भक्त्या मार्जनाद्युपलेपनैः ।
तोषितोऽभिमतं विष्णुः प्रयच्छति न संशयः ॥ ७४ ॥
नैष वित्तैर्न रत्नौघैः पुष्पधूपानुलेपनैः ।
सद्भावेनैव गोविन्दस्तोषमायाति माधवः ॥ ७५ ॥

જે મંદિરમાં રહેતો હતો તેમાં તેલ ખુટી જવાથી દીવો ઠરી ગયો. આ રાજાએ પોતાને ખાવાના તેલથી ફરીથી તે પ્રકટાવ્યો, તેથી આ રાજા કોઈની પણ ઉપમા ન અપાય એવી શરીર કાંતિને પામ્યો ॥ હરિમંદિર અને હરિભકતોની સેવામાં તન્મય થઈ રહેવાથી માંધાતા રાજા, લોકો જેને ઇચ્છે, વંદે એવા મહા ઐશ્વર્યને પામ્યો હતો ॥ નાના પ્રકારનાં વસ્ત્રો, ધૂપો, પુષ્પહારો, ભૂષણો, વિવિધ મિષ્ટાન્ન ભોજનો, ઘી દૂધના અભિષેકો, ગીત વાજીંત્ર નૃત્ય વિગેરે તેમજ પુણ્ય રાત્રિઓમાં ગાન અને જાગરણો વિગેરે વડે અચ્યુત ભગવાનને સંતોષ પમાડે. એ રીતે સંતોષ પમાડેલા વિષ્ણુ ભગવાન્ ભકતોના ભવભયને ભંગ કરનારા થાય છે ॥ જેની પાસે વિત્ત ન હોય તેમણે તો ભકિતથી મંદિરમાં વાળવું લીપવું જળ છાંટવું વિગેરે સેવા કરવી. તેનાથી પ્રસન્ન થએલા ભગવાન્ ભકતની ઇચ્છાને પૂર્ણ કરે છે. એમાં સંશય નથી. ભક્તવત્સલ ભગવાન્ ઘણા ધનના અર્પણથી, રત્નરાશિના અર્પણથી, પુષ્કળ પુષ્પ ધૂપ લેપન આદિકના અર્પણથી પ્રસન્ન થતા નથી. ગોવિંદ માધવ ભગવાન તો સદ્‌ભાવથીજ પ્રસન્ન થાય છે. ગજેન્દ્ર ઉપર ભક્તિથીજ પ્રસન્ન થયા હતા, એમને તો ભકિતજ પ્રિય છે ॥ ૬૯–૭૫ ॥

शतानन्दमुनिरुवाच—

प्रह्लाद इत्थं तु पुरा महाभागवतोत्तमः ।
बलयेऽवर्णयत्सर्वं फलं श्रीविष्णुकर्मणाम् ॥ ७६ ॥
हरितद्भक्तपूजायां वित्तशाठ्यं परित्यजेत् ।
यथाशक्ति हरेः कर्म कुर्याद्भक्तस्त्वतन्द्रितः ॥ ७७ ॥

एवं निश्छद्म भजतां भक्तानां प्रेमपूर्वकम् ।
न मृत्योस्तु भयं किञ्चित् मृत्युरेभ्यो बिभेति वै ॥ ७८ ॥
एवंविधानां भक्तानां नरो निश्छद्मसेवया ।
ज्ञानभक्त्यादिहीनोऽपि मोक्षमाप्नोत्यसंशयम् ॥ ७९ ॥
प्रीतिरभ्यधिका ज्ञेया हरेर्भक्तस्य सेवके ।
परमैकान्तसद्भक्तं ततो सेवेत नित्यशः ॥ ८० ॥
इति भागवतानां तु लक्ष्मचर्यानुवर्णनम् ।
यः पठेच्छृणुयाद्वापि स हरेरतिवल्लभः ॥ ८१ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ ! ઉપર પ્રમાણે મહા ભાગવતોત્તમ પ્રહ્લાદજીએ પૂર્વે બલિરાજા પાસે ભગવાનની પૂજા આદિક કર્મોનું સર્વફળ વર્ણવ્યું હતું તે મેં તમોને કહ્યું. શ્રીહરિ અને તેમના ભકતોની પૂજામાં વિત્ત શાઠય ન કરવું. ઉદારતા રાખવી. હરિભકત આળસનો ત્યાગ કરીને શ્રીહરિસંબન્ધિ પૂજાકર્મને યથાશકિત કરે ॥ આ રીતે નિષ્કપટ થઈને ભગવાનને પ્રેમપૂર્વક ભજનારા જનોને મૃત્યુનો જરાપણ ભય રહેતો નથી. ઉલટુ મૃત્યુ ભકતોથકી ભય પામતું રહે છે ॥ આવા ભકતોની નિષ્પકટ ભાવથી સેવા કરનારો નર ભલે જ્ઞાન ભકિત આદિક ગુણોએ રહિત હોય તો પણ મોક્ષને પામે છે એમાં સંશય નથી. પોતાના ભકતની સેવા કરનારા ઉપર ભગવાનની અત્યધિક પ્રીતિ વર્તે છે. માટે પરમ એકાંતિક ભકતની સેવાને નિરંતર કરે ॥ હે મુનિઓ ! આ પ્રકારે ભાગવતોનું લક્ષણ અને ચર્યાનું (આચરણનું) વર્ણન સંક્ષેપમાં મેં કહ્યું ॥ એને જે કોઈ ભણે કે સાંભળે તે ભગવાનને અત્યંત પ્રિય થાય છે ॥૭૯-૮૧॥

प्रकृति-पुरुष-कालक्षोभकः सर्वधाता
जनिपथपरिवृत्तिश्रान्तविश्रान्तिशाखी ।
सकलजननियन्ता सर्वकामप्रदोऽयं
हरिरनुभजतां नः प्रीयतां भक्तवश्यः ॥ ८२ ॥

પ્રકૃતિ, પુરુષ, કાળને સૃષ્ટિ સમયે ક્ષોભ પમાડનારા, સર્વના સ્રષ્ટા, વારંવાર જન્મ મરણના ફેરાથી થાકી ગએલા જનોને વિશ્રાંતિ આપવામાં વૃક્ષરૂપ. વૃક્ષ જેમ પરિશ્રમથી થાકેલા જનોને છાયાથી શાંતિ આપે છે તેમ શાંતિને આપનારા. સર્વ જનોના નિયંતા, સર્વ મનોરથોને સંપાદનારા એવા ભક્તવશ્ય ભગવાન્ શ્રીહરિ ભજનારા અમો ઉપર પ્રસન્ન થાય એવી પ્રાર્થના છે ॥ ૮૨ ॥

इति श्री स. पु. घनश्यामचरणदासविरचिते श्रीमदाध्यात्मिकतत्त्वाख्याने भागवतधर्मवैभवप्रतिपादनं नाम एकोनत्रिंशत्तमोऽध्यायः ॥ २९ ॥

ઈતિશ્રી....શાસ્ત્રી હરિજીવનદાસકૃત ગુર્જરાનુવાદે ઓગણત્રીસમો અધ્યાય ॥ ૨૯ ॥

त्रिंशत्तमोऽध्यायः ।

मुनय ऊचुः—

अक्षरं धाम परमं मुक्तप्राप्यं सनातनम् ।
यद्ब्रह्मपुरमित्याहुस्तद्वदाद्य महामुने ! ॥ १ ॥

परमैकान्तिनो भक्ताः श्रीहरेरत्र निर्मलाः ।
यद्धामाभिप्रपद्यन्ते देहान्ते मुक्तबन्धनाः ॥ २ ॥

મુનિઓ કહે છે—હે શતાનંદ મહામુને ! **'तदक्षरे परमे व्योमन्'** આ શ્રુતિમાં **અક્ષર** શબ્દથી કહેલું, **'स वेदैतत्परमं ब्रह्मधाम' 'यद्गत्वा न निवर्तन्ते तद्धाम परम मम'** આ શ્રુતિ–સ્મૃતિમાં પરમધામ શબ્દથી કહેલું, જે સંસાર બંધનથી સર્વ પ્રકારે મૂકાઈ ગયા હોય એવા એક મુક્તોએ જ પ્રાપ્ય અને સનાતન–નિત્ય છે. જેને **'दिव्ये ब्रह्मपुरे ह्येष' 'एतत्सत्यं ब्रह्मपुरम्' 'प्राप्यावध्यं ब्रह्मपुरं' 'यद्ब्रह्मपुरमित्याहुर्भगवद्धाम सात्वताः'** ઇત્યાદિ શ્રુતિ-સ્મૃતિમાં **'બ્રહ્મપુર'** નામથી કહ્યું છે॥ એ ધામને ભગવાનના જે રાગાદિ મળે રહિત પરમ એકાંતિક ભક્તો છે તેઓ બધા બંધનો થકી મુક્ત થઈને દેહને અંતે પામે છે. આ ઉપરથી આ ધામ આ લોકમાં પ્રાપ્ય નથી એમ સિદ્ધ થાય છે. એવા પ્રાપ્ય ધામને હવે કહો ॥ ૧–૨ ॥

शतानन्दमुनिरुवाच—

अर्चिरादिगतिप्राप्यं बृहद्धाम हरेर्मतम् ।
अनाद्यनन्तमगुणं ज्योतीरूपमनुत्तमम् ॥ ३ ॥

त्रिविधा गतिराख्याता नृणां शास्त्रेषु सत्सु वै ।
नारकी पितृयाणाख्या देवयानाभिधाना तथा ॥ ४ ॥

आद्या तु पापभोगार्थाऽनन्तरा पुण्यकर्मणाम् ।
द्युलोकप्रापिका प्रोक्ता पुनरावृत्तिलक्षणा ॥ ५ ॥

उपासकानां भक्तानां हरेर्मोक्षैककाङ्क्षिणाम् ।
अर्चिराद्या गतिः प्रोक्ता देवयानाभिधा परा ॥ ६ ॥

सेयं गतिर्ब्रह्मधामप्रापिका मोक्षवर्त्म तु ।
यया गतो न चावर्ततेऽस्मिन् संसारमण्डले ॥ ७ ॥

देहान्तकाले स्वं भक्तं श्रीहरिः पुरुषोत्तमः ।
प्रसादपरमो धाम स्वं नयत्यर्चिरध्वना ॥ ८ ॥

શ્રીહરિમાન્ય જે બૃહત્ ધામ છે તે આદિ અંતે રહિત, (નિત્ય) માયાના સત્ત્વાદિ ગુણોએ રહિત, જ્યોતિરૂપ અને એનાથી કોઈ ઉત્તમ નહિ હોવાથી અનુત્તમ છે. આ ધામ અહીં પ્રાપ્ય નથી, પરંતુ અર્ચિ માર્ગે કરીને જ પ્રાપ્ય છે ॥ એ ધામે જવાના માર્ગને અર્ચિમાર્ગ કહે છે. મનુષ્યોને માટે સચ્છાસ્ત્રોમાં ત્રણ પ્રકારની ગતિ કહી છે. તેમાં એક **નારકી** છે કે જે પાપ કર્મોનાં ફળ ભોગવવા માટે જ છે. જેને **યમપુરી** કહે છે. બીજી ગતિ **પિતૃયાન** નામની છે. તે તો પુણ્ય કર્મિઓને સ્વર્ગાદિ લોકો પ્રત્યે પહોંચાડનારી છે. આ ગતિતો પુનરાવત્તિ લક્ષણવાળી છે. આ માર્ગે જાય તે આ લોકમાં પાછા આવે છે. મોક્ષની આકાંક્ષાવાળા જે શ્રીહરિ-ભક્ત ઉપાસકો છે તેમને માટે ત્રીજી **અર્ચિરાદિ** ગતિ પણ કહી છે. એને **દેવયાન** નામથી કહી છે. આ ગતિજ બ્રહ્મ ધામને પમાડનારી

હોઈને એને મોક્ષમાર્ગ તરીકે કહે છે. જે માર્ગે ગએલો ભકતજન, આ સંસાર મંડળમાં પાછો આવતો નથી. પુરુષોત્તમ શ્રીહરિ કે જે પ્રસાદ-પરમ છે તે પોતાના ભકતને દેહાન્ત કાળે પોતાના ધામ પ્રત્યે અર્ચિ માર્ગે કરીને લઈ જાય છે ॥ નારકી ગતિ તો પુરાણોમાં પ્રસિદ્ધ છે. ગીતામાં '**शुक्लकृष्णे गती ह्येते जगतः शाश्वते मते । एकया यात्यनावृत्तिमन्ययाऽऽवर्तते पुनः**' આ શ્લોકથી બે ગતિ કહી છે. જે શુકલ ગતિએ જાય તે પાછો આવે નહિ અને કૃષ્ણ ગતિએ જાય તે પાછો આવે છે. અર્ચિરાદિ ગતિને શુદ્ધ હોવાથી **શુકલ** શબ્દથી અને ધૂમાદિ ગતિને અશુદ્ધ હોવાથી **કૃષ્ણ** શબ્દથી ઉપચારથી કહેછે. એમ એક ધૂમમાર્ગ અને બીજો અર્ચિમાર્ગ કહ્યો છે. '**न च पुनरावर्तते**' '**यद्गत्वा न निवर्तन्ते**' '**अनावृत्तिः शब्दात्**' આ શ્રુતિ-સ્મૃતિ સૂત્રમાં અર્ચિરાદિ ગતિને અપુનરાવૃત્તિ કહે છે. ભગવાન્ પોતે જ '**मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् । नाप्नुवन्ति महात्मानः संसिद्धिं परमां गताः ॥ आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन । मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते ॥**' આ રીતે ભકતની અપુનરાવૃત્તિને કહે છે. '**वेत्थ पथोर्देवयानस्य पितृयाणस्य च व्यावर्तना**' આ શ્રુતિમાં દેવયાન અને પિતૃયાણ એમ બે માર્ગ કહ્યા છે. '**स एनान् ब्रह्म गमयति एष देवपथो ब्रह्मपथः । एतेन प्रतिपद्यमाना... नावर्तन्ते**' આ શ્રુતિમાં અર્ચિમાર્ગને દેવપથ અને બ્રહ્મપથ શબ્દથી કહે છે. આતિવાહિક દેવોએ આ પમાડાતો હોવાથી **દેવપથ** અને બ્રહ્મને પમાડનારો હોવાથી **બ્રહ્મપથ** શબ્દથી પણ કહે છે. એમ અર્ચિમાર્ગને દેવયાન, દેવપથ, બ્રહ્મપથ, એમ અનેક શબ્દોથી કહે છે. ગીતામાં '**अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् । तत्र प्रयाता गच्छन्ति ब्रह्म ब्रह्मविदो जनाः ॥**' એમ આ મોક્ષ માર્ગને સંક્ષેપમાં કહે છે. (અગ્નિ શબ્દથી જ્યોતિજ જાણવી) અર્ચિ માર્ગે કરીને ભગવદ્ધામની પ્રાપ્તિને શ્રીમુખે વચ. પ્ર. ૨૧ માં 'એવો જે એકાંતિક ભકત તે દેહનો ત્યાગ કરીને સર્વે માયાના ભાવથી મુકત થઈને અર્ચિમાર્ગે કરીને ભગવાનના ધામને પામે છે." આવા શુદ્ધ સ્પષ્ટ શબ્દોમાં કહે છે ॥ ૩-૮ ॥

अर्चिराद्या देवतास्तु व्रजतां मोक्षवर्त्मनि ।

भक्तानामर्चनार्थाय हरिणा स्थापिताः पथि ॥ ९ ॥

अर्चिर्दिनं शुक्लपक्षः षण्मासा उत्तरायणम् ।
अब्द इत्यर्चिरादीनां देवताः परिकीर्तिताः ॥ १० ॥

अर्चिरादीन् वत्सरान्तान् देवानुक्तक्रमेण च ।
ततो वायुं रविं सोमं वैद्युतं वरुणं तथा ॥ ११ ॥

इन्द्रं प्रजापतिं चापि क्रमात्प्राप्यार्चितश्च तैः ।
अतिक्रम्य च तान् मुक्तो मह्याद्यावरणानि च ॥ १२ ॥

सूक्ष्मं तमो विनिर्भिद्य धाम गच्छति शाश्वतम् ।
तत्स्वरूपं वर्णयामि हरिवर्णितरीतितः ॥ १३ ॥

મોક્ષમાર્ગે જનારા ભકતોના પૂજન માટે એ માર્ગમાં ભગવાને અર્ચિઆદિક દેવતાઓ સ્થાપેલા છે. મોક્ષ માર્ગે જનારનો સત્કાર કરવો, એક સ્થાનેથી બીજે અગ્ર સ્થાને પહોંચાડવા વિગેરે વ્યવસ્થા માટે કૃપાળુ ભગવાને અદૃશ્ય દેવતાઓ રાખ્યા છે. તેઓ તે વ્યવસ્થાને કર્યા કરે છે. આ માર્ગમાં પ્રથમ પર્વમાં અર્ચિ આવે છે, જેથી તેનું **'અર્ચિમાર્ગ'** એવું નામ આપ્યું છે. પ્રથમ અર્ચિ, (જયોતિ) અહઃ, (દિવસ) શુકલપક્ષ, ષણ્માસો ઉત્તરાયણ, સંવત્સર, આ અર્ચિરાદિ શબ્દોથી તેતે સ્થાનોમાં રહેલા તેના તેના અભિમાની દેવતાઓ જાણવા. તેમને 'આતિવાહિક' કહે છે. એટલે ધામપ્રત્યે જનારને એક સ્થાનેથી બીજે સ્થાને પહોચાડનારા કહે છે. અર્ચિઆદિ જેમાં છે અને વત્સર અંતે જેમાં છે એવા દેવતાઓને ક્રમથી ઉલ્લંઘીને પછી વાયુ, સૂર્ય, ચંદ્ર, વિદ્યુત, વરુણ, ઈન્દ્ર, પ્રજાપતિ આ દેવોને ક્રમથી પામીને તેમણે પૂજા કર્યા થકા તેમને ઉલ્લંઘીને આગળ જાય છે આ બાબત **'अर्चिमार्गाधिष्ठितदैवैश्च नियन्ता मुक्तानां वै ब्रह्मगतिं प्रापयितासि** (સ. ૭.) આમાં સ્પષ્ટ છે આ આતિવાહિક દેવોને **'अर्चिरहःसितपक्षानुदगयनाब्दमरुदर्केन्दून् । अपि वैद्युतवरुणेन्द्र प्रजापतीनातिवाहिकानाहुः'** આ રીતે એક સાથે ક્રમથી ગોઠવ્યા છે. આ માર્ગનો વિચાર **'अर्चिरादिना तत्प्रथितेः'** **'आतिवाहिकास्तल्लिङ्गात्'** આ સૂત્રોમાં વ્યાસે કર્યો છે. તે થકી વિસ્તાર જાણવો. આ દેવોને ઉલ્લંઘન કર્યા પછી પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્ત્વ, આ સાત

આવરણોને ઉલ્લંઘીને પછીથી પ્રકૃતિ નામનું સૂક્ષ્મ તમરૂપ મહા આવરણને ઉલ્લંઘીને ભગવાનના **'स्थानं प्राप्स्यसि शाश्वतम्'** આમાં કહ્યા મુજબ શાશ્વત ધામને પામે છે. આ રીતે મુકિતને પામનારો જન, જે અક્ષર પરમ ધામને પામે છે તેનું સ્વરૂપ હવે શ્રીહરિએ સ્વમુખે વર્ણવ્યા મુજબનું કહું છું (સ. પ્ર. ૩–અ. ૪૧ માં)

આ પ્રસંગે આટલું અવશ્ય જાણવું. ભકિતથી પ્રસન્ન થએલા ભગવાનના અનુગ્રહ બળથી **'तेन प्रद्योतितेनैष आत्मा निष्क्रामति'** આ શ્રુતિમાં કહ્યા મુજબ અંતકાળે ભગવાને નિકળવાના દ્વારનું જ્ઞાન આપતાં, **'तयोर्ध्वमायन्नमृतत्वमेति'** આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે મોક્ષના દ્વારભૂત સુષુમ્ણા નાડીથી બહાર નીકળીને, **'तेऽर्चिषमभिसम्भवन्ति'** આ શ્રુતિમાં કહ્યા મુજબ અર્ચિમાર્ગે ચાલે છે. અર્ચિમાર્ગના તે તે દેવોએ સત્કાર સાથે વળાવતાં છેવટે પ્રજાપતિને ઉલ્લંઘતાં, **'तत्पुरुषोऽमानवः स एनान् ब्रह्म गमयति'** આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે ભગવાને ધામ થકી સન્મુખ મોકલેલા દિવ્ય પુરુષની સાથે આગળ આવતાં, આવરણભૂત પ્રકૃતિમંડળને ઉલ્લંઘીને, **'स आगच्छति विरजां'** આમાં કહ્યા પ્રમાણે પ્રકૃતિ મંડળ અને પરમ ધામના સીમાભૂત વિરજા નદીને પામતાં, તેમાં સ્નાન કરવાથી સૂક્ષ્મ દેહની નિવૃત્તિ થતાં મુકતના હસ્તસ્પર્શથી દિવ્ય દેહની પ્રાપ્તિ થાય છે. તે પછી દિવ્ય અપસરા રૂપ પાંચસો દેવીગણો, તે મુક્તને બ્રહ્માલંકારથી અલંકૃત કહે છે. પછી દિવ્ય દ્વારપાલોની આજ્ઞા લઈને, પરમાત્માના સભા મંડપને પામતાં, સ્વયં ભગવાન દિવ્ય પર્યંક ઉપર ખોળામાં બેસાડીને પ્રશ્નોત્તરો કરે છે. એથી અત્યંત આનંદિત થાય છેઃ ભગવાનના કૃપા કટાક્ષ-મૃતથી અભિષેક પામતાં, પોતાના નિત્યદાસપણામાં નિયોગ કરતાં, આ મુકત અપરિછિન્ન દિવ્યમૂર્તિ પરંબ્રહ્મ નારાયણના અનુભવ સાથેની સેવા મુક્તિરૂપી મોક્ષ સામ્રાજ્યથી સંપૂર્ણ થાય છે. આ પ્રક્રિયા ઉપનિષદાદિ શાસ્ત્રસિદ્ધ હોઈને શ્રીહરિમાન્ય છે.

જેમ મોક્ષમાં આત્મજ્ઞાન તથા પરમાત્મજ્ઞાનની જરૂર છે તેમ જ પોતાને જવાના માર્ગના જ્ઞાનની પણ જરૂર છે, માટે જ ગીતામાં **'नैते सृती पार्थ जानन् योगी मुह्यति कश्चन'** એમ માર્ગના જ્ઞાનની પણ આવશ્યકતા શ્રીમુખે કહે છે ।। આથી જીવન્ મુક્તિની વાત તો નિરસ્ત થાય છે ।। ૯–૧૩ ।।

अव्यक्तात्तमसः पारे चिदाकाशं सनातनम् ।
अस्ति ज्योतिर्मयं शुभ्रमनन्तं ब्रह्मणः पदम् ॥ १४ ॥
कोटिचन्द्रार्कवह्नीनां सङ्गतं यन्महन्महः ।
तस्यैकदेशतेजोऽग्रे याति खद्योततां तु तत् ॥ १५ ॥
सच्चिदानन्दरूपं तन्मायात्रैगुण्यवर्जितम् ।
अकालकाल्यं चानन्तं विशुद्धसत्त्वमूर्जितम् ॥ १६ ॥
पराप्रकृतिरित्येत् कथितं यन्मयं ध्रुवम् ।
दिव्यलोकादि भोगादि मुक्तरूपादि धामनि ॥ १७ ॥
नित्यत्वात्सदिति प्रोक्तं ज्योतिष्ट्वाच्चिदिति त्विदम् ।
अनुकूलतया भानादानन्द इति शब्दितम् ॥ १८ ॥
मुक्तस्य भगवज्ज्ञानानुभवानन्दवर्धनात् ।
सच्चिदानन्दरूपं तत्सर्गप्रलयवर्जनात् ॥ १९ ॥

હવે પ્રાપ્ય પરમ ધામને કહે છે—**'आदित्यवर्णं तमसः परस्तात्' 'रजसः परार्के'** આ શ્રુતિમાં વર્ણવ્યા પ્રમાણે સૂક્ષ્મ માયાતમ થકી પાર (ઊર્ધ્વ) ચિદાકાશ સનાતન ધામ વર્તે છે. સ્વયંપ્રકાશ હોવાથી ચિદાકાશ અને નિત્ય હોવાથી સનાતન કહે છે. એ ધામ જ્યોતિર્મય, અત્યુજ્જ્વલ, અનંત (દેશથી અને કાળથી અપરિછિન્ન) અને પરબ્રહ્મના પદ તરીકે છે. જે પામવા યોગ્ય હોય તેને **પદશબ્દથી** કહે છે ॥ આ ધામના એક દેશના તેજની આગળ, એક સાથે ઉદય પામેલા કોટિ ચંદ્ર, સૂર્ય, અગ્નિનું એક સ્થળે ભેગું કરેલું મહા તેજ પણ ખદ્યોતપણાને પામે છે. એવું એ તેજોમય ધામ છે. **'न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः'** એવી શ્રુતિ છે. આગીયા જીવડાને ખદ્યોત કહે છે ॥ આ તેજ, પ્રસિદ્ધ તેજથકી વિલક્ષણ શીતળ શાંત છે, એને ઓજ્જ્વલ્ય કહે છે તત્ત્વગુણ પ્રધાન હોવાથી

તેજ: શબ્દથી વ્યપદેશાય છે. પણ તે કેવળ કોઈના ગુણભૂત તેજોમાત્ર નહિ. આ તો તેજના આશ્રયભૂત એક દિવ્ય દ્રવ્ય છે. એમાંથી જ ભોગ્યો. ભોગોપકરણો, ભોગ સ્થાનો વિગેરે સઘળું બને છે. માટે જ તેને 'તેજોમય' કહે છે. કેવળ ગુણભૂત તેજમાંથી ભોગ્યાદિ કશું જ બને નહિ. તે આ ધામ સચ્ચિદાનંદરૂપ, માયાના ત્રણ ગુણોએ વર્જીત, **'न कालस्तत्र वै प्रभुः'** એમાં કહ્યા પ્રમાણે જેમાં કાળનું કોઈ કાર્ય પરિણામાદિ નથી. માપ નહિ હોવાથી જેને અનંત કહે છે અને એમાં વિશુદ્ધ સત્ત્વગુણ વર્તે છે. રજ તમનો સ્પર્શ નહિ હોવાથી વિશુદ્ધ કહે છે. ફકત સત્ત્વની જ વિવૃદ્ધિ છે. એ પણ એક દ્રવ્ય હોવાથી શુદ્ધસત્ત્વ કહી શકાય છે. માટેજ એનું લક્ષણ **'स्वसत्ताभासकं सत्त्वं गुणसत्त्वाद्विलक्षणम्'** એમ કર્યું છે આમાં **'विशुद्धसत्त्वं तव धाम शान्तं तपोमयं ध्वस्तरजस्तमस्कम्'** **'शुद्धसत्त्वमयं दिव्यमक्षरं ब्रह्मणः पदम् अनेककोटिसाहस्राग्निवर्चभुत्रमव्ययम् च सर्ववेदमयं शुभ्रं सर्गप्रलयवर्जितम्'** પ્રમાણે પણ છે **'सत्त्वं यद्ब्रह्मदर्शनम्**; **'सत्त्वं सुखे सञ्जयति'** **'सत्त्वात्सञ्जायते ज्ञानम्'** એમાં કહ્યા પ્રમાણે જ્ઞાન સુખને ઉપજાવવાનો જે સ્વભાવ તેને સત્ત્વ કહે છે. આવા ગુણને સ્વીકારવામાં કશો બાધ કે દોષ નથી. માયાનો કોઈ ગુણ નહિ હોવાથી દોષને સ્થાન નથી. એને **પરાપ્રકૃતિ** નામથી પણ કહે છે. આ અર્થ **'कृष्णेच्छयाऽथ दिव्योऽस्य पराप्रकृतितो मुने' 'आविर्भवति देहो वै तेन संयुज्यते च सः'** (હ. વા. સુ. મધ્ય ૬૬) આ વચનમાં સ્પષ્ટ છે. એને જ અક્ષર બ્રહ્માત્મક' અપર નામથી પણ કહે છે. એનેજ ચૈતન્ય પ્રકૃતિ કહે છે. એમાં જે દિવ્ય લોકાદિ, દિવ્ય ભોગાદિ અને મુકત શરીરાદિ થાય છે તે સર્વે નિત્ય છે. એ પ્રકૃતિ ભોગ્ય ભોગોપકરણ ભોગસ્થાન તરીકે થઈ રહે છે. એમાંથીજ એ સઘળું ઉપજે છે ।। માટેજ એને 'ચતુર્વિંશતિતત્ત્વાત્મિકા' કહેવી પડે છે. એ સઘળું નિત્ય હોવાથી એને **'સત્'** એમ કહેવાય છે. જ્યોતિરૂપ હોવાથી **'ચિત્'** એમ કહેવાય છે અને મુકતોને અનુકૂળપણે જણાતું હોવાથી **'આનંદ'** એમ કહેવાય છે. મુકતોને ભગવાનના જ્ઞાનાનુભવ આનંદને વધારનાર હોવાથી તેને 'સચ્ચિદાનંદ' કહેવામાં આવે છે. એમાં સર્ગ પ્રલય નથી. ઉત્પત્તિ નાશ રહિત છે ।। **'सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च'** એમ ભગવાન કહે છે. એથીજ એને આદિ અંતે રહિત કહેછે ।। ૧૪-૧૯ ।।

अन्तरा च चिदाकाशमाययोर्विरजा नदी ।
वेदाङ्गस्वेदजनिततोयैर्विस्राविता नदी ॥ २० ॥

अच्छोदका महानन्दकारिणी तापहारिणी ।
सुधासिन्धुरिति ख्याता मलप्रक्षयकृन्मता ॥ २१ ॥

ચિદાકાશ અને માયાના મધ્યમાં વિરજા નામની નદી વર્તે છે. આ નદી વેદાંગોના પરશેવા જન્ય જળને પ્રસવનારી છે. સ્વચ્છ જળવાળી અને આનંદને કરનારી અને તાપને હરનારી અને મળને ક્ષીણ કરનારી છે. એ સુધાના સિંધુરૂપ હોવાથી 'સુધાસિંધુ' એવા નામથી પણ કહે છે ।। આ બાબત **'स आगच्छति विरजां नदीं तां मनसाऽत्येति' 'गच्छन् ददर्श वितताभगाधां विरजां नदीं ॥'** આ શ્રુતિ-સ્મૃતિ સિદ્ધ હોવાથી શંકાને સ્થાન નથી પાદ્મપુરાણોત્તર ખંડમાં **'प्रधानपरमव्योम्नोरन्तरे विरजा नदी । वेदाङ्गस्वेदजनिततो यैर्विस्राविता नदी ॥ तस्याः पारे परे व्योम्नि त्रिपाद्भूतिः सनातनी । अमृतं शाश्वतं नित्यमनन्तं परमं पदम् ॥** આ રીતે વિરજા વગેરેનું વર્ણન છે ।। ૨૦-૨૧ ।।

तन्मध्येऽस्ति महान् द्वीपो नित्यो ज्योतिर्मयः शुभः ।
पशुपक्ष्यादिभिर्दिव्यैश्चारुरूपैः सुखाकरैः ॥ २२ ॥

पारिजातादिभिर्वृक्षैर्वल्लीभिर्मल्लिकादिभिः ।
नानाविधैरुपवनैः समृद्धफलपुष्पकैः ॥ २३ ॥

नदीभिश्च सरोभिश्च वापीभिर्मणिपर्वतैः ।
नित्यश्रीमान् परिवृतः स हि द्वीपो विराजते ॥ २४ ॥

તે આ મહા નદીના મધ્યમાં (તેનાથી ચોમેર વિંટાએલો) મોટો શુભ દ્વીપ (બેટ) વર્તે છે. આ દ્વીપ નિત્ય અને પ્રકાશમય છે. આ દ્વીપ દિવ્ય સુંદર રૂપવાળા, દર્શન માત્રથી સુખ ઉપજે એવા કામધેનુ વગેરે પશુઓ અને એવા જ વિવિધ પક્ષીઓ વિગેરે વડે વિરાજમાન છે. વળી પારિજાતાદિ દિવ્ય વૃક્ષો તથા મોગરા આદિક વેલીઓ, જેમાં સમૃદ્ધ ફળ

પુષ્પો છે એવા નાનાવિધ ઉપવનો (બાગ બગીચા) નદીઓ, સરોવરો, વાવ્યો અને મણિમય પર્વતો વડે વિંટાએલો હોઈને નિત્ય શ્રીમાન્ પણે સદા વિરાજે છે. આ બધી જ વસ્તુઓ અપ્રાકૃત તેજોમય અને સુખરૂપ હોઈને અલૌકિક છે ॥ ૨૨-૨૪ ॥

अस्ति तत्र बृहद्दुर्गं शतशृङ्गचलाभिधम् ।
महद्भिर्गोपुरै रम्यं चतुर्भिश्च चतुर्दिशम् ॥ २५ ॥
सुरक्षितं प्रतीहारैः सुबलप्रबलादिभिः ।
सुदर्शनादिभिर्दिव्यैः शस्त्रवर्यैश्च सन्ततम् ॥ २६ ॥

ઉપર વર્ણવ્યા મુજબના મહા દ્વીપમાં શતશૃંગાચલ નામનું એક મોટું દુર્ગ (કીલ્લો-કોટ) વર્તે છે. આ મહાદુર્ગ, ચાર મોટા દરવાજાઓએ કરીને ચારેય દિશાઓમાં સુશોભિત અને સુબળ પ્રબળ આદિક દ્વારપાળોએ સુરક્ષિત અને સર્વોત્તમ મૂર્તિમાન્ દિવ્ય સુદર્શનાદિ આયુધો વડે નિરંતર સેવાતું છે ॥ ૨૫-૨૬ ॥

तस्यान्तर्वर्तते दिव्या भूमिस्तेजोमयी शुभा ।
उपमानं क्वचित्तस्या ब्रह्माण्डे नहि विद्यते ॥ २७ ॥
तदेतत्सुमहद्धाम श्रीकृष्णस्य हरेर्विभोः ।
गोलोक इति यत्प्राहुर्गोपगोपीगणावृतम् ॥ २८ ॥
गावश्च वृषभास्तत्र दिव्याः सन्ति तु कोटिशः ।
दिव्यं वृन्दावनं चास्ति रासमण्डलभूषणम् ॥ २९ ॥
दर्शनीयतमं तच्च तेजोरूपमलौकिकम् ।
अनन्तानन्दजनकं मुक्तानां तद्विराजते ॥ ३० ॥

ઉપર વર્ણવ્યા મુજબના મહાદુર્ગની અંદર દિવ્યા, અત્યંત તેજોમયી, શુભ ભૂમિ વર્તે છે. આ ભૂમિ તો કોઈપણ દૃષ્ટાંતથી નિરૂપણ કરી શકાય એવી નથી. કારણ કે આ બ્રહ્માંડમાં કોઈપણ તેને તુલ્ય લેશથી

પણ નથી, જેથી 'આ અશાંશથી તેને તુલ્ય છે.' એમ આપણાથી દૃષ્ટાંત આપી શકાય. એથી એ ધામને અનુપમ કહેવામાં આવે છે ॥ તે આ મહાધામ, સમર્થ શ્રીકૃષ્ણ શ્રીહરિનું છે. જેને ગોપ–ગોપીઓના ગણોથી વિંટાએલું 'ગોલોક' નામથી કહે છે. જેમાં દિવ્ય કોટિ ગાયો તથા વૃષભો વર્તે છે ॥ તેમાં રાસમંડળને શોભાડે એવું દિવ્ય **વૃન્દાવન** વર્તે છે. આ ધામ, અત્યંત દર્શનીય, તેજોરૂપ અને અલૌકિક હોઈને ત્યાંના મુકતોને અનંત આનંદને ઉપજાવનારૂ સર્વોપરી વિરાજે છે. આથી પર કાંઈ નથી ॥ ૨૭–૩૦ ॥

मुक्तानां तत्र पुंसां च योषितामपि कोटिशः ।
अलौकिकानि भास्वन्ति मन्दिराणि भवन्ति वै ॥ ३१ ॥

गावो रश्मय इत्युक्तास्ते वा अत्यन्तविस्तृताः ।
अत्यन्तमुन्नताश्चैवाऽनन्ता लोकेऽत्र वै हरेः ॥ ३२ ॥

अतो 'गोलोक' नाम्नाऽयं कथ्यते लोक उत्तमः ।
विकुण्ठस्य हरेर्धाम चेदं वैकुण्ठशब्दितम् ॥ ३३ ॥

यत्र स्थितानां मुक्तानामपि ज्ञानगतेः क्वचित् ।
प्रतिरोधो नास्ति तद्वै हरेर्वैकण्ठ उच्यते ॥ ३४ ॥

मुक्तानां परमं प्राप्यमस्ति तत्परमं पदम् ।
प्रोच्यते ब्रह्मधामत्वात् ब्रह्मेत्यपि पदंत्विदम् ॥ ३५ ॥

सदैकरूपकत्वाच्च क्षरणाभावतोऽपि च ।
प्रोच्यते त्वक्षरमिति धाम तेजोमयत्वतः ॥ ३६ ॥

એ ધામમાં શ્રીકૃષ્ણ પરિચર્યાપરાયણ મુકત સ્ત્રી પુરુષોનાં કોટિ દિવ્યમંદિરો (રહેવાની હવેલીઓ) પ્રકાશક સ્વભાવવાળાં અલૌકિક વર્તે છે ॥ ગોલોક **નામની** નિરુકિત કરે છે. આમાં 'गो' અને '**लोक**' આ બે શબ્દો છે. **गो** શબ્દથી રશ્મિ જે કિરણો તે કહી છે. આ કિરણો અત્યંત

ઉન્નત અને અત્યંત વિસ્તૃત છે. આવી નિરતિશય દીપ્તિએ યુકત એવો લોક તે ગોલોક કહેવાય. આથી આવા ઉત્તમ લોકને ગોલોક નામથી કહેવામાં આવે છે. શિક્ષાપત્રી **'गोलोको धाम चेप्सितम्'** એમ ઇપ્સિત ધામ તરીકે ગોલોકને કહે છે. આની પ્રમાણુતા માટે તેના ભાષ્યમાં **'यत्र गावो भूरिशृङ्गा अयासः' 'अत्राह तदुरुगायस्य कृष्णस्य परमं पदमवभाति भूरि'** આ શ્રુતિ લીધી છે. એનો અર્થ પણ ભાષ્યમાં આ પ્રમાણેજ કર્યો છે ।। શિક્ષાપત્રી ટીકામાં–ગોલોકનું સ્વરૂપ બ્રહ્મવૈવર્તસ્થ શ્રીકૃષ્ણ જન્મખંડ થકી અને સ્કંદ પુરાણસ્થ વાસુદેવમાહાત્મ્ય થકી જાણવાનું કહે છે. વાસુદેવ માહાત્મ્યમાં **'भूम्यप्तेजोऽनिलाकाशाहंमहत्प्रकृतीःक्रमात्। क्रान्त्वा दशोत्तरगुणाः प्राप गोलोकमुत्तमम्। धाम तेजोमयं तद्धि प्राप्यमेकान्तिकैर्हरेः'** આ રીતે એકાંતિક પ્રાપ્ય ગોલોકને કહ્યું છે આ ગ્રંથને 'આ જેવો કોઈ ગ્રંથ નથી.' 'અમારા સંપ્રદાયનું મૂળ છે' એમ શ્રીમુખે વખાણ્યો છે. એનાજ અનુસંધાનથી સ. પ્ર. ૩. અ. ૪૧ માં એનું વર્ણન સુંદર કર્યું છે. એનાજ અનુસંધાનથી ભકતચિંતામણિ પ્ર. ૧૫૯ માં વર્ણન છે. 'એમ સર્વેની સંગતિ છે. વર્ણનમાં સમાસ વ્યાસ હોય કે શબ્દફેર હોય તેતો સંગતિથી સમાધેય છો વૈકુંઠ નામની નિરુકિત કહે છે—વિકુંઠ શબ્દથી ભગવાનને કહ્યા છે તેમનું ધામ તે વૈકુંઠ શબ્દથી કહેવાય. જેમાં રહેલા મુક્તોને પણ જ્ઞાન ગતિનો કયારેયપણ પ્રતિરોધ અટકાવ થતો નથી તેથી તે ધામને વૈકુંઠ-કહે છે. **'लोकं विकुण्ठमुपनेष्यति गोकुलं स्म'** આની ગોપાળાનંદ-મુનિકૃત ટીકામાં–**'विगतः कुण्ठः–कालमायाजन्यो रोधो यस्मात् तस्मिन् अक्षरब्रह्माभिधे लोके ब्रह्मपुरे'** એવો વિકુંઠ શબ્દનો અવયવાર્થ કરીને અક્ષરધામ પર અર્થ ઘટાવ્યો છે. સ. પ્ર. ૩ અ. ૪૧માં **'नामान्तरेण'** આ મૂળ પદનું બન્ને ટીકામાં–**'वैकुण्ठगोलोकादिनाम्ना'** એવું વ્યાખ્યાન કરીને બન્નેની એકાર્થતા સાધી છે. શિક્ષાપત્રી ટીકામાં–**'एतदेव धाम वैकुण्ठशब्देनाप्युक्तम्'** એમ અક્ષર વૈકુંઠ શબ્દની એકાર્થતા પ્રતિપાદી છે. સ. પ્ર. ૩ .અ. ૨૯ **'पुनर्वैकुण्ठलोकेऽसौ'** આ શ્લોકની ટીકામાં **'वैकुण्ठापरपर्यायेऽक्षरधामनि'** એમ અક્ષરધામપર અર્થ કર્યો છે. આવો અર્થ કરવાનું કારણ એ જણાય છે કે–લોયા ૧૮ માં વ્રજના ગોપોને શ્રીકૃષ્ણે અક્ષરધામ બતાવ્યાની વાત કરી છે. સ. પ્ર. ૧ અ. ૩૯ **'गोलोके सोऽक्षरे धाम्नि वैकुण्ठे चापि भक्तराट्। कृष्णस्य वर्ततेऽखण्डं सेवायां सर्ववन्दितः'** એમ બધા શબ્દોને એકાર્થમાં ઘટાવ્યા છે.

જેનું અધ્યાત્મજ્ઞાન સ્વમતે સ્વીકારવાનું કહે છે તે શ્રીરામાનુજાચાર્ય **'तदक्षरे परमे व्योमन्'** આ શ્રુતિને પ્રમાણપણે લઈને **'अक्षरपरमव्योमनिलयः'** આ ગીતાભાષ્યમાં કહે છે. **वैकुण्ठे तु परे लोके श्रिया सार्धं जगत्पतिः'** એમ વૈકુંઠને પર ધામ તરીકે કહે છે અને એમાં શ્રીનું સાન્નિધ્ય પણ છે.

મુકતોને પરમ પ્રાપ્ય હોવાથી **'तद्विष्णोः परमं पद'** એમ **પરમ પદ** તરીકે કહે છે. બ્રહ્મનું ધામ હોવાથી આ પદને 'બ્રહ્મ' એમ પણ કહેછે. સદૈવ એકરૂપ રહે છે અને ક્ષરણ ભાવે રહિત છે માટે **'तदक्षरे परमे व्योमन्'** એમ શ્રુતિમાં **અક્ષર** શબ્દથી કહે છે. અને તેજોમય હોવાથી **ધામ** શબ્દથી પણ કહે છે. એમ અર્થવાળી વ્યુત્પત્તિ કરીને બધા શબ્દોથી એકાર્થતા નિરૂપી છે ॥ ૩૧-૩૬ ॥

गोलोक एव मध्येऽस्ति महत्तेजोऽतिभासुरम् ।
मनोहरमतिश्वेतं दुष्प्रेक्ष्यं देवदानवैः ॥ ३७ ॥

यदाहुरक्षरं ब्रह्म स्वयंज्योतिः सनातनम् ।
सच्चिदानन्दरूपं च परमानन्दकारकम् ॥ ३८ ॥

तद्ब्रह्माख्यं पुरं धाम हरेरत्युत्तमं महत् ।
न यत्र कालमायादिभयगन्धोऽपि विद्यते ॥ ३९ ॥

'अपराजित' नाम्नेदमयोध्येति च विश्रुतम् ।
श्रुत्यन्तेषु हरेर्धाम परमे व्योम्नि संस्थितम् ॥ ४० ॥

એ ગોલોક ધામના મધ્યમાં—અતિ ઉજ્જવળ મહાતેજ વર્તે છે. તે તેજ અતિ મનોહર અને અતિશ્વેત અને દેવદાનવ આદિક કોઈએ પણ જોઈ શકાય નહિ એવું છે. જેને 'અક્ષર બ્રહ્મ' કહે છે. જે સ્વસત્તાથી પ્રકાશમાન હોવાથી-સ્વયંજ્યોતિ અને નિત્ય હોવાથી સનાતન કહે છે. સચ્ચિદાનંદરૂપ અત્યુત્તમ અતિમહત્ કહે છે. જેમાં કાળ માયા આદિકના ભયનો ગંધ પણ નથી. વળી **'अपराजिता पूर्ब्रह्मणः' 'देवानां पूरयोध्या तस्यां हिरण्मयः कोशः'** આ શ્રુતિના અનુસંધાનથી અપરાજીતા

તથા અયોધ્યા નામથી પણ કહે છે. આ રીતે વેદાંતમાં પરમાકાશમાં રહેલા ધામને અનેક નામોથી કહે છે ॥ ૩૭-૪૦ ॥

तत्राश्चर्यमयं दिव्यं मन्दिरं वर्तते हरेः ।
कोटिसूर्यप्रतीकाशरत्नस्तम्भादिभासुरम् ॥ ४१ ॥

ऋद्धिभिः सकलाभिश्च सञ्जुष्टं सर्वशक्तिभिः ।
हिरण्मयः परो कोश इति यत् ख्यायते श्रुतौ ॥ ४२ ॥

एकान्तिकानां मुक्तानां कोटिभिस्तत् परिश्रितम् ।
योषाभिः कृष्णभक्ताभिर्मुक्ताभिश्चापि कोटिशः ॥ ४३ ॥

આ અક્ષર બ્રહ્મધામના મધ્યમાં શ્રીહરિનું આશ્ચર્યમય દિવ્ય મહા મંદિર વર્તે છે. તેનું સૌન્દર્ય તો કોઈથી પણ વર્ણવી શકાય એવું નથી. આ મંદિર કોટી સૂર્ય સમાન દેદીપ્યમાન દિવ્ય રત્નસ્તંભો વડે સમલંકૃત અને દિવ્ય સમગ્ર સમૃદ્ધિઓ તથા સર્વ શક્તિઓએ સંપૂર્ણ છે. આ મંદિર, '**हिरण्यमयः परो कोशः**' આ શ્રુતિમાં વિખ્યાત છે. **કોશ** શબ્દથી મંદિર કહ્યું છે. વળી એકાંતિક કોટી મુક્ત પુરુષો તથા કોટી હરિભક્ત મુક્ત નારીઓ વડે વિરાજીત છે ॥ ૪૧-૪૩ ॥

सिंहासनं तत्र मणीन्द्रसारै रत्नेन्द्रसारैश्च विराजमानम् ।
आश्चर्यकृत् प्रेक्षकमानसानां धर्मादिपीठं वरिवर्ति मध्ये ॥ ४४ ॥

तत्रास्ति कृष्णो पुरुषोत्तमोऽसौ नारायणो निर्गुण ईश्वरेशः ।
सर्वज्ञ आद्यः परदैवतं च विष्णुः परंब्रह्म परात्परो वै ॥ ४५ ॥

कन्दर्पसाहस्रमनोहराङ्गः सदा किशोरो द्विभुजः कृपेक्षः ।
अतिप्रशान्ताकृतिदर्शनीयः क्षराक्षरेभ्यश्च परः स्वतन्त्रः ॥ ४६ ॥

नैकाण्डसर्गस्थितिनाशलीलाविधायकापाङ्गनिरीक्षणोऽसौ ।
अनेककोटयण्डमहाधिराजः सर्वस्य शेषी परमः पुमांश्च ॥ ४७ ॥

अनर्घदिव्योत्तमपीतवासा अनेकसद्रत्नविभूषणाढ्यः ।
नवीनजीमूतसमानवर्णः मीनाभसत्कुण्डलशोभिकर्णः ॥ ४८ ॥

निजाङ्गनिर्यत्सितभूरितेजश्चयावृतत्वात् सितवर्णदृश्यः ।
सद्रत्नसारोज्ज्वलसत्किरीटः शरत्सरोजच्छदचारुनेत्रः ॥ ४९ ॥

ઉપર વર્ણવેલા મંદિરના મધ્યમાં દિવ્ય સિંહાસન વર્તે છે. કેવું ? તો સારભૂત સર્વોત્તમ મણીઓ અને એવાં જ રત્નો વડે વિરાજમાન છે. એમ હોવાથી પ્રેક્ષક મુકતોના મનને પણ 'અહો અહો' એમ આશ્ચર્યને ઉપજાવનારૂં છે. તે સિંહાસનના મધ્યમાં ધર્માદિ પીઠ વર્તે છે. તેમાં ભગવાન્ દિવ્યરૂપ શ્રીકૃષ્ણ વિરાજે છે. કેવા ? તો જેમને પુરુષોત્તમ, નારાયણ, નિર્ગુણ, ઈશ્વિરેશ્વર, સર્વજ્ઞ, આદિભૂત, પરમદૈવત, વિષ્ણુ, પરંબ્રહ્મ, પરાત્પર, ઇત્યાદિ સાર્થક નામોથી શ્રુતિસ્મૃતિમાં વર્ણવ્યા છે. વળી કેવા ? તો હજાર કામદેવોના મનને હરનારા કર ચરણાદિ દિવ્ય અવયવવાળા, સદાય કિશોર વયમાં વર્તતા, બે ભુજાવાળા, કૃપામય દૃષ્ટિવાળા, અતિશાંત આકૃતિ હોવાથી સર્વેએ સદા દર્શનીય, ક્ષરઅક્ષર થકી સ્વરૂપ સ્વભાવાદિ સર્વ પ્રકારે પર, કાળ માયા પુરુષ આદિક કોઈને પણ પરતંત્ર નહિ હોવાથી સ્વતંત્ર, જેમના વક્ર ભ્રૂકુટિના નિરીક્ષણ માત્રથી જ અસંખ્ય બ્રહ્માંડોની ઉત્પત્તિ સ્થિતિ પ્રલયરૂપ લીલાઓ અનાયાસથી અનાદિથી થયા જ કરે છે, માટે જ અનેક કોટિ બ્રહ્માંડોના મહારાજાધિરાજ, માટે જ સર્વસ્વામી પરમ પુરુષ તરીકે વર્ણવ્યા છે ॥ વળી કેવા ? તો અમૂલ્ય દિવ્ય ઉત્તમ પીતાંબરને પહેરી રહેલા, રત્નજડિત અનેક કટકાદિ આભૂષણોને તેતે સ્થાને ધારી રહેલા, નવીન મેઘ સરખો શ્યામ શરીર વર્ણ જેમનો છે, કાનમાં ઉજ્જવળ મકરાકાર સુંદર કુંડળોને ધારી રહેલા ॥ વળી કેવા ? તો પોતાનાં ચરણારવિંદ આદિક અંગો થકી

નિસરતા શ્વેત સમધિક તેજસમૂહને લીધે સાહજીક શ્યામ વર્ણનું આચ્છાદન થતું હોવાથી શ્વેત વર્ણપણે પણ દશ્ય થતા, શોભન ઉત્તમ રત્નોએ જડિત હોવાથી બહુ ઉજ્જલ શોભાયમાન મુકુટને મસ્તકે ધારી રહેલા, શરદ ઋતુના કમળનાં જે પત્ર તે સરખાં સુંદર શાંત વિશાળ નેત્રો જેમનાં છે ॥ ૪૪–૪૯ ॥

सुगन्धिसच्चन्दनचर्चिताङ्गः श्रीवत्सलक्ष्माङ्कितहृत्कपाटः ।
सद्रत्नसाराङ्गदशोभिबाहुः सन्नूपुरादिस्फुरिताब्जपादः ॥ ५० ॥
जयासुशीलाललितामुखानां वृन्दैः सखीनां सहराधया च ।
समर्च्यमाणो रमया च भामाकलिन्दजाजाम्बवतीमुखानाम् ॥ ५१ ॥
मूर्त्या च शान्त्या दयया च सेवितः पुष्ट्या च तुष्टया ह्यथ मेधया च ।
श्रद्धाक्रियाह्रयुन्नतिभिश्च मैत्र्या तथा तितिक्षास्मृतिबुद्धिभिश्च ॥५२॥
धर्मेण वेदैर्निखिलैर्भगैश्च ज्ञानादिभिः संयतपाणियुग्मैः ।
निषेव्यमाणश्च सुदर्शनाद्यैरुपास्यमानो गरुडेन चाग्रतः ॥ ५३ ॥

વળી કેવા ? તો સુગન્ધિ શ્રેષ્ઠ ચંદનથી ચર્ચેલાં અંગો જેમનાં છે, શ્રીવત્સના ચિન્હથી ચિન્હિત અને કપાટ જેવું વિશાળ હૃદય જેમનું છે. બે બાહુમાં શ્રેષ્ઠ રત્નજડિત બાજુબંધને ધારી રહેલા અને ચરણકમળમાં શ્રેષ્ઠ નૂપુર આદિકને ધારી રહેલા છે. આવી સઘળી દિવ્ય શોભાએ વિરાજમાન છે ॥ વળી જયા સુશીલા લલિતા પ્રમુખ સખીઓનાં વૃંદોથી વિંટાએલાં રાધિકાજીએ અને સત્યભામા કાલિંદી જામ્બવતી વિગેરેનાં વૃંદોથી વિંટાએલાં લક્ષ્મીજીએ ચંદન પુષ્પાદિ રાજોપચારથી સદા પૂજા કરાતા છે ॥ વળી કેવા ? તો મૂર્તિ, શાંતિ, દયા, પુષ્ટિ, તુષ્ટિ, મેધા, શ્રદ્ધા, ક્રિયા, હ્રી, ઉન્નતિ, મૈત્રી, તિતિક્ષા, સ્મૃતિ, બુદ્ધિ ઈત્યાદિ ગુણભૂત શકિતઓએ સદા સેવન કરાતા છે ॥ વળી બે હાથ જોડી રહેલા મૂર્તિમાન્, ધર્મદેવ, એવા જ મૂર્તિમાન્ ચાર વેદો, એવા જ જ્ઞાનાદિ છ ભગો (ઐશ્વર્યો) અને એવાં જ પોતાનાં મૂર્તિમાન્ સુદર્શનાદિ અનેક આયુધોએ

યથોચિત સેવા કરાતા છે અને આગળ સામા ગરુડજીએ પણ સેવા કરાતા છે ॥ ૫૦–૫૩ ॥

तत्र सिंहासने ह्येवं श्रीहरिः पुरुषोत्तमः ।
श्रीदामनन्दप्रमुखैर्नित्यमुक्तैरनेकशः ॥ ५४ ॥
मुक्तैरन्यैश्चार्च्यमानो दिव्यपूजोपहारकैः ।
आस्ते राजाधिराजश्रीः स्वामिनारायणः प्रभुः ॥ ५५॥

ઉપર વર્ણવેલા સિંહાસનમાં ઉપર વર્ણવેલા પુરુષોત્તમ શ્રીહરિ, શ્રીદામા નંદ મુખ્ય જેમાં છે એવા અનેક નિત્યમુકતોએ અને બીજા પણ મુકતોએ દિવ્ય ચંદન પુષ્પહારો વિગેરે ઉપચારો વડે પૂજાતા થકા, રાજાધિરાજની શોભાથી સદા વિરાજે છે. તે મહાપ્રભુ શ્રીસ્વામિનારાયણ છે એમ જાણો ॥ ૫૪–૫૫ ॥

तस्यास्य प्रकटस्यापि धर्मभक्त्योर्महीतले ।
नान्तरं विद्यते किञ्चित् स एवास्ति स्वयं यतः ॥ ५६ ॥
हरेर्मुक्तानन्दमुनेर्नित्यानन्दमुनेस्तथा ।
गोपालानन्दमुख्यानां सद्गुरूणां मतं त्विदम् ॥ ५७ ॥
प्रत्यक्षं हरिरूपं तत् भजित्वा नरनाटयधृत् ।
धामैतत्प्रतिपद्यन्ते हरेः कृष्णस्य सज्जनाः ॥ ५८ ॥
धाम्नि राधादयः साक्षात्सेवन्ते श्रीहरिं सदा ।
क्वचित्कार्यवशादेते लीनाः सन्ति तदङ्के ॥ ५९ ॥
धामैतत्प्रतिपन्नांश्च स्वीयामलदृशा हरिः ।
संसारतापमखिलं व्यपोह्य सुखयत्यलम् ॥ ६० ॥

ઉપર પ્રમાણે અનેક પ્રકારે વર્ણવેલા શ્રીકૃષ્ણ અને ધર્મ ભક્તિ થકી પૃથ્વી ઉપર પ્રકટ થએલા શ્રીહરિ વચ્ચે કોઈ પ્રકારનું અંતર (ભેદ) નથી. વર્ણવેલા શ્રીકૃષ્ણ જ સ્વયં શ્રીહરિ છે. શ્રીહરિનો અને સદ્‌ગુરુઓ જે મુક્તાનંદમુનિ નિત્યાનંદમુનિ અને ગોપાલાનંદ આદિક છે તેમનો પણ એ જ મત છે તે તેમના ગ્રંથોનાં વાક્યો ઉપરથી જાણી શકાય છે. '**अन्योऽपि धर्मरक्षायै**' આ ભાગવત વાક્યને પ્રમાણ તરીકે લઈને સાબીત કર્યું છે. એટલે શંકાને સ્થાન નથી ॥ નરનાટ્યને ધારી રહેલા પ્રત્યક્ષ શ્રીહરિરૂપને ભજીને સજ્જનો, તે હરિકૃષ્ણના આ ધામને પામે છે ॥ એ ધામમાં રાધા વિગેરે જે શક્તિઓ રહી છે તે સદા શ્રીહરિને સેવે છે. ક્યારેક કાર્યવશાત્ તેમના અંગમાં લીન જેવી રહે છે ॥ આ ધામને જેઓ પામ્યા છે તેમને ભગવાન્ શ્રીહરિ, પોતાની અમૃતમય અભય દૃષ્ટિથી સમગ્ર સંસાર સંતાપોને નિવારીને અત્યંત સુખને આપે છે, દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિને કરે છે ॥ ૫૯-૬૦ ॥

पुंरूपग्रहणे तत्र स्त्रीरूपग्रहणे तथा ।
इच्छैव हेतुः सेवार्थं न कर्मास्ति तु तत्र वै ॥ ६१ ॥
पुरुषाणां तथा स्त्रीणां तत्र धाम्नि परस्परम् ।
न कामस्य प्रसङ्गस्तु कृष्णादेव सुखेप्सुनाम् ॥ ६२ ॥

स्वभक्तान् समुपासीनान् प्रापय्य स्वसमानताम् ।
सेवायां स्थापयत्येव तत्र श्रीहरिरीश्वरः ॥ ६३ ॥

ભગવત્સેવાર્થે પુરુષરૂપ ગ્રહણમાં તથા સ્ત્રીરૂપ ગ્રહણમાં કેવળ ઇચ્છાજ કારણ છે. આ ધામમાં કોઈ કર્માદિ કારણ નથી. કર્માદિ કારણ હોય તો તેને અનુસારે રૂપની પ્રાપ્તિ થાય તેતો છેજ નહિ ॥ સ્ત્રીરૂપ કે પુરુષ રૂપથી તે ધામમાં રહેલા મુક્તોને પરસ્પર કામ વાસનાનો પ્રસંગ નથી, કેમકે તેઓ તો ભગવાન થકીજ સુખની ઇચ્છાવાળા છે. આ પ્રમાણે વર્ણવેલા અક્ષરધામમાં રાધા લક્ષ્મી અને તેમની રાખીઓનું વર્ણન આવે

છે. એમને સ્ત્રીભાવથીજ વર્ણવ્યાં છે. એમનો વેષ પણ સ્ત્રીરૂપનો વર્ણવ્યો છે ॥ મુક્તોમાં પણ સ્ત્રીરૂપતા સંવર્ણવી છે. એમ સ્ત્રીરૂપતાને સ્વીકારતાં તેમાં આવતા કામ પ્રસંગને પણ નિવારીને તેના વધુ ઉપપાદન માટે **'विलोक्य मातरं स्वस्य स्वसारं वापि कन्यकाम्। सुरूपामपि नोदेति विक्रिया मनसि क्वचित् ॥ इयं मातेत्यादिबुद्धेर्दाढर्यात्तत्रान्यथा मतिः। यथा न जायते पुंसः कामुकस्यापि कर्हिचित् तथैव भगवद्भक्तसुन्दरीष्वपि सर्वदा। जगन्मात्रादिबुद्धयैव नोदियात् विक्रिया क्वचित्'** (સુ. સિ. મધ્ય–૩) આ રીતે માતા કન્યા બહેનનું સુંદર દૃષ્ટાંત આપ્યું છે. હવે આમાં શંકાને સ્થાન નથી ॥ ૬૧–૬૩ ॥

मुक्तानां तत्र धाम्न्येषां दिदृक्षा स्याद्यथा यथा ।
तथा तथा स्वयं तेभ्यो दर्शनं प्रददाति च ॥ ६४ ॥

मुक्तानुभावनार्थाय नानाधामसु स प्रभुः ।
दिव्येषु परमाकाशे नानारूपो विराजते ॥ ६५ ॥

यथेच्छं तत्र तत्रैते हरिं कृष्णं परात्परम् ।
परंब्रह्मानुभूयाद्वा नित्यमानन्दनिर्वृताः ॥ ६६ ॥

આ ધામમાં રહેલા મુક્તોને જેવા જેવા રૂપનાં (ચતુર્ભુજ અષ્ટભુજ) દર્શન કરવાની ઇચ્છા થાય તેવા તેવા રૂપથી તેતે મુક્તોને પોતાનાં દર્શન આપે છે. ઇચ્છા ઉપર આધાર છે ॥ વળી એજ મહાપ્રભુ મુક્તોને અનુભવ કરાવવા માટે પરમાકાશમાં રહેલાં નાનાવિધ દિવ્ય ધામોમાં નાનાવિધ રૂપોથી વિરાજે છે. સર્વશક્તિ, અનંતમૂર્તિ ભગવાનને એ સુશક છે ॥ તે આ મુક્તો તે તે ધામોમાં વિરાજમાન પરાત્પર શ્રીહરિ કૃષ્ણ ભગવાનનો ઇચ્છા મુજબ અનુભવ કરીને નિત્ય આનંદ સાગરમાં નિમગ્ન રહે છે ॥ એ ધામમાં સ્વાત્માનો, પરમાત્માનો અને તેમના દિવ્ય ધામનો એમ ત્રણ પ્રકારના આનંદો અવિચ્છિન્ન વર્તે છે. આ આનંદમાં ન્યૂનાધિકતા નથી.

આ બાબત 'सुखं समं हि सर्वेभ्यो ददाति स च सर्वदा। रूपं समृद्धिरैश्वर्यं स्थानं भोगाः सुखानि च। समान्येतानि सर्वेषां सच्चिदानन्दरूपिणाम्' 'न्यूनत्वे चाधिकत्वे वा भोगादेस्तत्र सर्वथा। इच्छैवैकाऽस्ति भोक्तॄणां हेतुर्नान्यस्तु कर्हिचित्॥' એમ તમામ મુક્તોને સર્વવિધ ભોગમાં સમાનતાને પ્રતિપાદે છે. ન્યૂનાધિકતામાં ઇચ્છાનેજ કારણ કહીને બીજા કર્માદિક કારણને નકારે છે ॥ જો કોઈ કર્મો ભોગવવાનાં અવશેષ રહ્યાં હોય તો એવો ભેદ કલ્પી શકાય પરંતુ કર્મો તો નિરવશેષ નષ્ટ થઈ ગયાં છે. જો ભોગવવાનાં કર્મો બાકી રહ્યાં છે એમ કહે તો તે મુક્તિજ નથી. એ તો એક પ્રકારની આ લોકના જેવી ભુક્તિજ કહેવાય, એવી સ્થિતિ હોવાથી મુખ્ય મુક્તિમાં કોઈ અંશથી ન્યૂનાધિકતા કહી શકાય નહિ એ તત્ત્વ છે ॥ ૬૪-૬૬ ॥

एवंविधं हरेर्धाम शास्त्रसिद्धमनुत्तमम् ।
हरेस्तदवताराणां भजनादेव लभ्यते ॥ ६७ ॥
हरेस्तदवताराणामभावे मूर्तयोऽस्य याः ।
तदुपासनया चैव तद्धाम प्राप्नुवन्ति ते ॥ ६८ ॥
गोलोकमध्यवर्त्येतत् धाम ब्रह्मपुरं हरेः ।
क्वचिद् गोलोक इत्येव कीर्तितं तत्स्थितत्वतः ॥ ६९ ॥

ઉપર વર્ણવેલા શાસ્ત્રસિદ્ધ અનુત્તમ અક્ષરધામની પ્રાપ્તિ તો ભગવાન્ અને તેમના અવતારોની ભક્તિરૂપાપન્ન ઉપાસનાથી થાય છે ॥ તે તે સ્થળે ભગવાન અને તેમના અવતારોના અભાવમાં તેમની જે પ્રતિમાઓ મંદિરોમાં વર્તે છે તેમની ઉપાસનાથી તેમના ધામને પામે છે. આની પ્રાપ્તિ માટે બીજા કોઈ જીવાદિકનું ઉપાસન નથી. આ બાબત 'कृष्णस्तदवताराश्च ध्येयास्तत्प्रतिमापि च' આના અનુસંધાને સમજવી ॥

આ બ્રહ્મપુર ધામ, કોઈએ નૂતન શોધી કાઢેલું ખાનગી નહિ હોવાથી તેને શાસ્ત્રસિદ્ધ કહે છે. એથી જ એની સિદ્ધિ માટે

છાંદોગ્યાદિ ઉપનિષદો, ભારતનો મોક્ષધર્મ, સ્કાંદાદિ પુરાણો, વિગેરેનાં પ્રમાણોનો ઉપન્યાસ, તેતે સ્થળે પુષ્કળ કરવામાં આવ્યો છે. તેતે શાસ્ત્રોમાં **સમાસથી** જે કહ્યું છે તેને અહીં વિસ્તારથી કહે છે. તેથી જ એ ધામની અનુત્તમતા મનાય છે ॥ અવતારો અને તેમની પ્રતિમાઓ ભગવાન થકી અભિન્ન તત્ત્વ હોવાથી તેમની ઉપાસ્યતા સ્વીકારી છે. ભિન્નતા માનવામાં આવે તો ઉપાસ્યતા ઘટે નહિ એ પણ સમજવા જેવી બાબત છે ॥ આ શ્રીહરિના બ્રહ્મપુર ધામને અહીં ગોલોકમધ્યવર્તિ તરીકે બહુધા વર્ણવ્યું છે. **'गोलोको धाम चेप्सितम्'** **'स्वभक्तगोलोकस्य'** **'गोलोकाधिपतिर्यो हि स एवास्त्यत्र नेतरः'** એમ બહુ સ્થળે એકલા 'ગોલોક' શબ્દથી કહે છે તે તો તેની અંદર વર્તતું હોવાથી કહી શકાય છે. સ. પ્ર-૪ અ. ૬૭ માં **'गोलोकं धाम यान्ति हि'** એવું મૂળ પદ છે. એનું વ્યાખ્યાન, ટીકામાં **'तात्स्थ्यात्ताच्छाब्द्यम्'** 'તેની અંદર રહેલું હોવાથી તે શબ્દથી તેને કહી શકાય' એવો ન્યાય લગાવીને કર્યું છે : જેમકે નગરનિવાસી જનોને નગર શબ્દથી લેવાય છે તેમ. એવા પ્રયોગો બહુ આવે છે. આ ન્યાયે જ્યાં એકલો ગોલોક શબ્દ આવે ત્યાં પણ તેની અંદર વર્તતું અક્ષરધામ અકામે પણ સમજી લેવું ઘટે. એ જ ન્યાયે જ્યાં એકલો અક્ષર ધામ શબ્દ આવે ત્યાં પણ ગોલોકની અંદર વર્તતું હોવાથી ગોલોક સાથે સંબન્ધ ધરાવતું જ સમજી લેવું. પણ તદ્દન જુદું બીજું નહિ. એમ થતાં બન્ને જુદી જુદી વ્યક્તિઓ નથી એમ નક્કી થાય છે. આ ન્યાયથી પૂર્વ વૃદ્ધોએજ બન્ને બાબતોનો નિર્ણય કર્યો હોવાથી હવે કુશંકાને સ્થાન રહેતું નથી ॥

स्वधर्मवैराग्यविबोधयुक्तां भक्तिं हरौ यो विदधात्यभीक्ष्णम् ।
त्यक्त्वा स देहं धृतदिव्यरूपो हरेः पदं दिव्यमुपैति शान्तम् ॥७०॥

न यत्र माया न च कालविभ्रमो न यत्र मृत्युर्न च दुःखसन्ततिः ।
तद्धाम दिव्यं परमस्य पुंसो भात्यक्षरं ब्रह्म हरेर्वरिष्ठम् ॥ ७१ ॥

इति स. पु. घनश्यामचरणदासविरचिते श्रीमदाध्यात्मिकतत्त्वाख्याने ब्रह्मपुरधामवर्णनं नाम त्रिंशत्तमोऽध्याय ॥ ३० ॥

જે મુમુક્ષુ સ્વધર્મ, આત્મજ્ઞાન અને વૈરાગ્યે યુકત એવી શ્રીહરિમાં ભક્તિને નિરંતર કરે છે તે વર્તમાન પ્રાકૃત દેહનો ત્યાગ કરીને, દિવ્યરૂપધારી થઈને શ્રીહરિના અપ્રાકૃત શાંત ધામને પામે છે ।। જે ધામમાં આ જડા ત્રિગુણાત્મિક માયા નથી, પરિણામ હેતુ કાલ નથી; ભયજનક મૃત્યુ નથી, એ કારણથી જેમાં દુઃખ સંતતિ નથી. એવા કાળ માયા મૃત્યુ દુઃખના ભયે રહિત પરમપુરુષ શ્રીહરિના વરિષ્ઠ અક્ષર ધામને પામે છે ।। ૭૦–૭૧ ।।

ઇતિશ્રી શાસ્ત્રી હરિજીવનદાસકૃત ગુર્જરાનુવાદે ત્રીસમો અધ્યાયઃ ।। ૩૦ ।।

एकत्रिंशोऽध्यायः ।

शतानन्दमुनिरुवाच—

इत्येत्कथितं सर्वं यद्वय् पर्यपृच्छत ।
कच्चिद्वः संशयो नष्टः शृण्वतां मद्वचः सताम् ॥ १ ॥

શતાનંદ મુનિ કહે છે—હે મુનિઓ! તમોએ જે જે પૂછ્યું તે તમામ તમોને સર્વે સંતો સાંભળે તેમ ઉપર પ્રમાણે કહ્યું. મારું તત્ત્વ વચન સાંભળતાં તમારા સંશયો નષ્ટ થયા કે નહિ? (વિપરીત કે અન્યથા જ્ઞાન સાથે) તે કહો ।।૧।।

मुनय ऊचुः—

स्वामिन् सद्गुरुवर्य श्रीशतानन्द महामुने ! ।
शृण्वतां भवतां वाचमध्यात्मज्ञानसंयुताम् ॥ २ ॥

अस्माकं संशयो नष्टः कृत्स्नोऽप्यध्यात्मगोचरः ।
सुपेशलैः शब्दबन्धैः श्रवणानन्दकारिणीम् ॥ ३ ॥

महामुने ! भवद्वाक्यसुधां मुक्तिप्रदामिमाम् ।
पिबतां श्रोत्रपुटतो न तृप्तिरुपजायते ॥ ४ ॥

भवता ज्ञानदीपोऽयं हृदयेषु प्रदीपितः ।
यतो हरिं शयानं तु गूढमीक्षामहे हृदि ॥ ५ ॥

મુનિઓ કહે છે—હે મહામુને સદ્ગુરુવર્ય શ્રી શતાનંદ સ્વામિન્ઃ તમારી અધ્યાત્મજ્ઞાનના વિષયવાળી વાણીને સૂણતાં અમારા અધ્યાત્મજ્ઞાન વિષયના સમગ્ર સંશયો નિવૃત્ત થયા છે, કોઈ સંશય અવશેષ રહ્યો નથી ॥ હે મહામુને ! સુમધુર શબ્દ બંધોથી શ્રવણને આનંદ કરનારી અને મુક્તિને આપનારી આપના વચનરૂપ સુધાનું કર્ણપુટથી પાન કરતાં અમોને તૃપ્તિજ થતી નથી ॥ તમોએ જે આ જ્ઞાનરૂપ પ્રદીપ્ત દીવો અમારા હૃદયોમાં પ્રકટાવ્યો તેણે કરીને અજ્ઞાન અંધકાર દૂર થતાં હૃદયમાં ગૂઢપણે રહેલા પણ શ્રીહરિને અમો પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ, એ જ્ઞાનદીપનો પ્રતાપ છે ॥ ૨–૫ ॥

सच्छास्त्राणां समुद्धृत्य सारमध्यात्मसंज्ञितम् ।
ज्ञानमेतदुदीर्णं तु भवताऽज्ञाननाशनम् ॥ ६ ॥

भवतो वचनेष्वेषु न मिथ्यां लक्षयामहे ।
यच्छ्रीहरिप्रसादेन भवान् सर्वार्थदर्शकः ॥ ७ ॥

हरिकृष्णे भगवति दृढां भक्तिं तथैव च ।
विरक्तिमितरेष्वद्धा प्राप्तास्त्वद्वचनाद्गुरोः ॥ ८ ॥

धर्मान् भागवतानां च ज्ञातवन्तो वयं शुभान् ।
पुरुषोत्तममाहात्म्यमपि भक्तिविवर्धनम् ॥ ९ ॥

સચ્છાસ્ત્રોમાંથી સારને સારી રીતે ઉદ્ધારીને જે આ અધ્યાત્મ સંજ્ઞાવાળું જ્ઞાન કે જે અજ્ઞાનને નાશ કરનારું છે તે તમોએ પ્રજ્ઞાપિત કર્યું છે. તમોએ ઉપદેશેલું જ્ઞાન આધ્યાત્મિક સર્વ શાસ્ત્રસાર છે ॥ તમોએ કહેલાં તત્ત્વ વચનોમાં અમો કાંઈપણ મિથ્યા માનતા નથી-સત્યજ માનીએ છીએ. કેમકે ભગવાન શ્રીહરિની પ્રસન્નતાથી તમે સર્વ અર્થને સર્વથા યથાસ્થિત જાણનારા થયા છો ॥ હે સદ્ગુરો! તમારા સત્ય વચનથી ભગવાન્ શ્રીહરિમાં દૃઢ ભકિતને તેમજ શ્રીહરિથકી ઈતર માયિક વિષયોમાં સાચા વૈરાગ્યને અમો પામ્યા છીએ. વળી ભાગવતોના શુભ ધર્મોને પણ અમો જાણતા થયા છીએ. ભકિતને વધારનારું જે પુરુષોત્તમ માહાત્મ્ય તે પણ પામ્યા છીએ ॥ ૬-૯ ॥

वयं सदुपदेशेन प्रोद्धृता भवसिन्धुतः ।
ज्ञातज्ञातव्यवर्गाश्च प्रसादाद्भवतोऽधुना ॥ १० ॥
येन ज्ञानं प्रदत्तं तु निःश्रेयसकरं शुभम् ।
कृत्स्ना वा पृथिवी दत्ता न तुल्याऽस्य प्रतिक्रिया ॥ ११ ॥
अकिञ्चना वयं सन्तः स्तुतिसेवाप्रणामतः ।
भवन्तं पूजयामोऽद्य प्रशान्तं निरपेक्षकम् ॥ १२ ॥

અમો આપના સદ્ઉપદેશથી દુસ્તર સંસાર સિંધુ થકી પાર ઉતરી ગયા છીએ. હવે અમોને કશી ચિંતા રહી નથી. તમારા અનુગ્રહ બળથી જે જે જાણવા જેવું તત્ત્વ હતું તે બધુંજ જાણવામાં આવી ગયું છે, કશું જ બાકી રહ્યું નથી ॥ જે ગુરુએ કલ્યાણકારી શુભ જ્ઞાન આપ્યું છે તેમને શિષ્યો સમગ્ર પૃથ્વી દાનમાં આપી દે તો પણ તેને તુલ્ય થાય નહિ. એટલા દાનથી જ્ઞાનદાનનો બદલો વાળી શકાતો નથી. એવું આ જ્ઞાનદાનનું

માહાત્મ્ય છે. અમો સંતો અકિંચન છીએ, માટે સ્તુતિ-સેવા પ્રણામથી હાલમાં આપની પૂજા કરીએ છીએ. એટલા માત્રથી પણ તમો તો રાજી થશોજ, કારણ કે તમો તો પ્રશાંત અને નિરપેક્ષ છો, તમારે કશી અપેક્ષા નથી ॥ ૧૦-૧૨ ॥

अद्भुतानन्दस्वाम्युवाच—

एवमुक्त्वा तु मुनयः शतानन्दं महामुनिम् ।
आनर्चुरर्च्यं विविधैः पुष्पहारांशुकादिभिः ॥ १३ ॥

पवित्रमिदमाख्यानमज्ञानतिमिरापहम् ।
धर्मज्ञानविरक्तीनां हरिभक्तेश्च बर्धनम् ॥ १४ ॥

शोभाराम महाबुद्धे ! भवते परिकीर्तितम् ।
सच्छास्त्रसाररूपं तु नानासंवादगर्भितम् ॥ १५ ॥

અદ્દભુતાનંદ સ્વામી કહે છે—હે મહાબુદ્ધિ શોભારામ ! ઉપર પ્રમાણે કહીને મુનિઓ પૂજનીય શતાનંદ મહામુનિની વિવિધ પુષ્પહારો વસ્ત્રો વિગેરે વડે પૂજા કરીને કૃતાર્થ થઈ ગયા ॥ હે શોભારામ ! અજ્ઞાનરૂપ અંધકારને હરનારું આ પવિત્ર તત્ત્વાખ્યાન છે તે ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને હરિમાં ભક્તિને વધારનારું છે. સચ્છાસ્ત્રોના સારરૂપ અને જેમાં નાનાવિધ સંવાદો છે એવું આ આખ્યાન જીજ્ઞાસુ તમોને કહ્યું. ॥ ૧૩-૧૫ ॥

भूय एव महाप्राज्ञ ! शृणु मे परमं वचः ।
सात्त्विकाऽऽत्मगुणोपेत ! सत्सङ्गविहितादर ! ॥ १६ ॥

अस्माकं यो गुरुः स्वामी हरिर्नारायणो मुनिः ।
अखण्डितार्षमर्याद औद्धवाध्वप्रवर्तकः ॥ १७ ॥

विद्ध्येनमक्षराधीशं साक्षाद्वै पुरुषोत्तमम् ।
प्रकटं भक्तितो धर्मात् साधुधर्मावने स्थितम् ॥ १८ ॥
गोपालानन्दमुख्यास्तु योगिवर्या निरन्तरम् ।
योगेनैनं प्रपश्यन्ति परमात्मानमव्ययम् ॥ १९ ॥
अलौकिकं निजं दिव्यमैश्वर्यमखिलं त्वसौ ।
समाधौ दर्शयामास नृणां योगेश्वरेश्वरः ॥ २० ॥

હે મહાપ્રાજ્ઞ! ફરીથી મારૂં પરમ વચન તમો સાંભળો. તમો સાત્વિક હોઈને આત્માના જ્ઞાનાદિ ગુણોએ સંપન્ન છો અને સત્સંગમાં બહુ આદર ભાવવાળા છો. અમારા ગુરુ સ્વામી જે શ્રીહરિ નારાયણ મુનિ છે તે આર્ષ (ધર્મશાસ્ત્રની) મર્યાદાને નહિ ખંડન કરનારા (પાળનારા) અને ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામીએ પ્રવર્તાવેલા સંપ્રદાયને પ્રવર્તાવનારા છે. તે પોતે સાધુધર્મોના પ્રવર્તનમાં (સાધુ રૂપે) હતા તથાપિ તેમને સાક્ષાત્ અક્ષરાધીશ પુરુષોત્તમ જાણો. આ લોકમાં ધર્મદેવ થકી ભકિતદેવીમાં આત્મીય ઐશ્વર્યો સાથે પ્રકટ થયેલા તે શ્રહરિને યોગિવર્ય જે શતાનંદ ગોપાલાનંદ પ્રમુખ સંતો છે તેઓ યોગે કરીને એ અવ્યય પરમાત્માને પ્રત્યક્ષ જુએ છે ॥ યોગેશ્વરોના ઇશ્વર એવા એ શ્રીહરિએ સામાન્ય માનવોને પણ પોતાનું સમગ્ર દિવ્ય ઐશ્વર્ય સમાધિમાં બતાવ્યું હતું ॥ ૧૯-૨૦ ॥

योगसिद्धिकृतान्मानादस्मयालुं तथा पुनः ।
मेघजिन्नामकं चासौ विमानमकरोत्प्रभुः ॥ २१ ॥
शैवशाक्तादयोऽप्यस्य हरिकृष्णस्य तेजसि ।
पतङ्गत्वमुपाजग्मुर्मद्यमांसादितत्पराः ॥ २२ ॥
अनन्तान् जीवराशींश्च भवबन्धादमोचयत् ।
स्वाश्रयं कारयित्वा तु संस्थाप्यैकान्तिके वृषे ॥ २३ ॥

कलौ पापेऽपि सोऽनेकानखण्डितबृहद्व्रतान् ।
स्वैश्वर्यस्य प्रभावेन व्यधात् सन्त्यक्तसङ्गकान् ॥ २४ ॥
उपदेशाख्यखड्गेन रागद्वेषादिपाशकान् ।
आच्छिनच्च नृणां हृत्स्थं सर्वं भावं तथाऽऽसुरम् ॥ २५ ॥
अहन् विनापि शस्त्रेण कालीदत्तादिकृत्यकाः ।
मनसैव तथा स्वस्मिन् विमुखान् धर्मविद्रुहः ॥ २६ ॥

વળી યોગ સિદ્ધિના અભિમાનથી શ્રીહરિ ઉપર અસૂયાને કરતા મેઘજીત નામના વાણિકને આ મહા પ્રભુએ ક્ષણમાં અભિમાને રહિત કરીને પોતાનો આશ્રિત કરી દીધો હતો ॥ વળી શૈવ શાકત આદિક જે કોઈ મદ્ય માંસાદિકના ભક્ષણ કરનારા અધર્મી હતા તે તો આ શ્રીહરિકૃષ્ણના તેજમાં અગ્નિમાં પતંગીયાજ જેમ નષ્ટ થઈ ગયા હતા ॥ વળી અનંત જીવ-રાશીઓને પોતાનો આશ્રય કરાવીને, એકાંતિક ધર્મમાં સ્થાપીને જન્મ મરણરૂપ ભવ બંધન થકી મુકત કર્યા છે ॥ પાપમય કલિયુગમાં પણ અનેક જનોને પોતાના ઐશ્વર્ય પ્રભાવથીજ માયિક સંગનો ત્યાગ કરાવીને અખંડિત બ્રહ્મચર્ય વ્રતવાળા કરી દીધા છે ॥ વળી ઉપદેશરૂપ ખડ્ગથી નરોના રાગ દ્વેષાદિ રૂપ પાશોને છેદી નાંખ્યા છે તેમજ નરોમાં રહેલો જે આસુર ભાવ તેનો પણ ઉચ્છેદ કર્યો છે. વળી શસ્ત્રધારણ વિનાજ કાલીદત્તાદિ કૃત્યાઓને મનથીજ હણી નાંખ્યા છે. તેમજ પોતા થકી વિમુખ હોઈને ધર્મનો દ્રોહ કરનારા ઘણાને મનથીજ હણી નાખ્યા હતા ॥ ૨૧–૨૬ ॥

विधाप्य श्रीमन्दिराणि दिव्यानि विविधानि च ।
प्रतिष्ठाप्य स्विका मूर्तीः स्वयं तत्राविरास च ॥ २७ ॥
अचिन्त्यदिव्यलीलं तं लीलया नरनाट्यकम् ।
ज्ञानशक्तिबलैश्वर्यवीर्यतेजोनिधिं परम् ॥ २८ ॥

वयं त्वनन्यभावेन भजामः प्रकटं हरिम् ।
प्रकटस्य प्रभावेन सद्यो बन्धात्प्रमुच्यते ॥ २९ ॥

सद्भाग्यसञ्चयात्प्राप्तं प्रकटं पुरुषोत्तमम् ।
त्वमप्येनं भजानन्यभावेन दृढनिश्चयः ॥ ३० ॥

વળી તેતે દેશમાં વિવિધ દિવ્ય મંદિરો કરાવીને તેમાં પોતાની પૂજ્ય પ્રતિમાઓને પધરાવીને તેમાં પોતે પ્રકટ વિરાજમાન થઈ રહ્યા છે ॥ લીલાવશાત્ નરનાટયને ધારી રહેલા, અચિંત્ય દિવ્ય લીલાઓ જેમની છે જ્ઞાન શકિત બળ ઐશ્વર્ય વીર્ય તેજ, આ સ્વરૂપાનુબંધી ગુણોના નિધિરૂપ એવા પ્રકટ શ્રીહરિને અમો તો અનન્ય ભાવથી ભજીએ છીએ ॥ પ્રકટના પ્રભાવથી તત્કાળ ભવબન્ધથકી મુકિત મળે છે. તો તમો પણ પૂર્વના સંચિત સદ્‌ભાગ્યવશાત્ પ્રાપ્ત થએલા પ્રકટ પુરુષોત્તમ શ્રીહરિને દૃઢ નિશ્ચયવાળા થઈને અનન્ય ભાવથી ભજો, તમારું આત્યંતિક કલ્યાણ અનાયાસથી થશે ॥ ૨૭-૩૦ ॥

सप्रेमविज्ञानविरक्तियुक्तां भक्तिं निजे सम्प्रथयाम्बभूव ।
क्षराक्षरेभ्यः पर आत्मतन्त्रे तं देवदेवं हरिकृष्णमीडे ॥ ३१ ॥

વળી '**अक्षरात्परतःपरः**' આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે પર અક્ષરથકી પર માટેજ સ્વતંત્ર એવા જે શ્રીહરિએ પોતાના સ્વરૂપમાં સપ્રેમ વિજ્ઞાન વિરકિતએ યુકત એવી ભકિત પ્રવર્તાવી છે. તે દેવદેવ શ્રીહરિકૃષ્ણની સ્તુતિ કરુ છું ॥ ૩૧ ॥

श्रुत्वाऽद्भुतानन्दमुनेः स्वामिनः सद्गुरोर्वरात् ।
आख्यानमेतद्धर्म्यं च वचो हृष्टोऽब्रवीत्स तम् ॥ ३२ ॥

સદ્‌ગુરુમાં શ્રેષ્ઠ એવા સ્વામિશ્રી અદ્‌ભુતાનંદમુનિ થકી આ ધર્માદિના સંબન્ધવાળું આધ્યાત્મિક તત્વાખ્યાન સાંભળીને હર્ષને પામેલા શોભારામ શાસ્ત્રી તે મુનિ પ્રત્યે આ પ્રકારે બોલ્યા ॥ ૩૨ ॥

शोभारामशास्त्र्युवाच—

सद्गुरो भवता स्वामिन् ! श्रीहरेः कथिता कथा ।
शृण्वतां पापशोकघ्ना ब्रह्मानन्दफलप्रदा ॥ ३३ ॥
गहना अपि शास्त्रार्था अपि कोमलचेतसाम् ।
सुज्ञेयाः कथिता अत्र कथारूपेण सद्व्रत ! ॥ ३४ ॥
वयं विज्ञाततत्त्वार्था कृतार्था अभवाम च ।
मानुष्यस्य फलं ह्येतत् ज्ञानलाभः सतां मुखात् ॥ ३५ ॥
प्रकटस्य हरेर्योक्ता भक्तिर्लोकहितावहा ।
तामेवानुचरिष्यामि स्वामिन् ! साधुजनप्रियाम् ॥ ३६ ॥
इति तं स्तुतिगर्भैस्तु प्रशस्य मुनिमादरात् ।
सुनृतैर्वचनैः पूजामकरोत्तुष्टमानसः ॥ ३७ ॥

શોભારામ શાસ્ત્રી કહે છે—હે સદ્ગુરુ સ્વામિન્ ! તમોએ શ્રી હરિની જે કથા કહી તે સાંભળનારા જનોના પાપ-શોકને નાશ કરનારી અને બ્રહ્માનંદ ફળને આપનારી બહુ ચમત્કારી છે ॥ હે સદ્વર્તનશાલી મુને ! આમાં જે શાસ્ત્રાર્થો કહ્યા છે તે અતિગહન છે તથાપિ કોમળ ચિત્તવાળા એ પણ સુખેથી સમજી શકાય એમ કથારૂપથી કહ્યા છે ॥

અમો તો તત્ત્વાર્થને જાણીને કૃતાર્થ થઈ ગયા છીએ. દુર્લભ મનુષ્ય જન્મનું પરમ ફળ એ જ છે કે સંતોના મુખ થકી તત્ત્વ જ્ઞાનનો લાભ થાય ॥ તમારા મુખ થકી તત્ત્વ જ્ઞાનને પામીને હવે તો અમો, હે સ્વામિન્ ! પ્રકટ શ્રીહરિની જે લોક કલ્યાણકારી ભક્તિ કહી, તે સાધુજન પ્રિય ભક્તિને જ કરીશું ॥ આ પ્રમાણે સ્તુતિ ગર્ભિત સત્ય પ્રિય વચનો વડે આદરથી અદ્ભુતાનંદ મુનિની પ્રશંસા કરીને, મનમાં બહુ પ્રસન્ન થઈને તેમની પૂજા કરી ॥ ૩૩-૩૭ ॥

शोभारामः शास्त्रिवरो मुनिमामन्त्र्य सोऽप्यथ ।
भगवद्दर्शनज्ञाननिर्वृतः प्रययौ गृहम् ॥ ३८ ॥

इमां कथामुपाश्रुत्याद्भुतानन्दमुनीरिताम् ।
अभूत्प्रहृष्टो भगवत्प्रसादाख्यो महागुरुः ॥ ३९ ॥

सर्वे च त्यागिनो भक्ता हरिभक्ताश्च सङ्गताः ।
श्रुतवन्तः कथामेतां प्रहृष्टा अभवंस्तथा ॥ ४० ॥

અનંતર શાસ્ત્રીવર્ય શોભારામ પણ, મુનિની રજા મેળવીને ભગવાનના દર્શન અને જ્ઞાનથી બહુ આનંદિત થઈને પોતાને ગૃહે ગયા ॥ અદ્ભુતાનંદ મુનિએ કહેલી આ કથાને સાંભળીને, શ્રીભગવત્પ્રસાદ નામના મહા ગુરુ આચાર્યશ્રી બહુ હર્ષને પામ્યા ॥ તેમ જ સભામાં મળેલા સમસ્ત ત્યાગિઓ તથા હરિભક્તો, આ શુભ અદ્ભુત કથાને સાંભળીને બહુ હર્ષને પામ્યા ॥ ૩૮-૪૦ ॥

पवित्रमिदमाख्यानं शृण्वतां ज्ञानवर्धनम् ।
श्रोतव्यं पठितव्यं च सात्त्विकैर्नित्यदा मतम् ॥ ४१ ॥

नित्यमस्य श्रुतौ येषामवकाशो न लभ्यते ।
तैस्तु पुण्ये श्रावणादौ श्रोतव्यमिदमादरात् ॥ ४२ ॥

य इमां कथयेद्वाऽपि शृणुयाद्वा कथां शुभाम् ।
ज्ञानयज्ञेन तेनेष्टः हरिः कृष्णः प्रसीदति ॥ ४३ ॥

આ પવિત્ર તત્ત્વાખ્યાન, સાંભળનારા જનોને જ્ઞાન વધારનારું હોવાથી સાત્ત્વિકોએ તેનું શ્રવણ પઠન આદરથી નિત્ય કરવું ॥ જેઓને નિત્ય શ્રવણનો અવકાશ ન મળે તેમણે તો પવિત્ર શ્રાવણાદિ માસોમાં આદરથી શ્રવણ કરવું ॥ આ શુભ જ્ઞાનકથાને જે કોઈ આદરથી શ્રોતા આગળ કહે કે પોતે સાંભળે તો તેણે આ જ્ઞાનયજ્ઞથી પૂજન કરેલા શ્રીહરિ કૃષ્ણ બહુ પ્રસન્ન થાય છે ॥ ૪૧-૪૩ ॥

यज्ञाध्ययनदानानामन्तवत्तु फलं भवेत् ।
ज्ञानस्य तु फलं त्वेतज्ज्ञस्यानन्तफलं मतम् ॥ ४४ ॥

हरेर्नामसहस्रस्य फलमेतस्य कीर्तनात् ।
आदावन्ते च मध्ये च ह्यत्र श्रीहरिरीरितः ॥ ४५ ॥
न वाच्यमिदमाख्यानं नास्तिकेभ्यः कदाचन ।
न चाशुश्रूषवे वाच्यं नाभक्ताय च सर्वदा ॥ ४६ ॥
सात्त्विकाय हरौ कृष्णे भक्तायेदं समीरयेत् ।
सर्वान्तरात्मा भगवान् ततः कृष्णः प्रसीदति ॥ ४७ ॥

કોઈ યજ્ઞ અધ્યયન દાન આદિકને કરે પણ તેનું ફળ તો અલ્પ નાશવંત મળે છે. પણ આ શાસ્ત્રથી થયેલા જ્ઞાનનું જે ફળ તે તો અનંત ઘણું અવિનાશી છે. એવો તફાવત છે ॥ આ તત્વાખ્યાનની (થોડી પણ) કથા કરવાથી તો શ્રીહરિનાં હજાર નામોના પાઠથી જે ફળ મળે તેટલું તેને મળે છે, કારણ કે આ કથામાં આદિ અંત મધ્યમાં શ્રીહરિનેજ સારી રીતે વર્ણવ્યા છે ॥ આ આખ્યાન નાસ્તિકોને કયારેય કહેવું નહિ, જે સાંભળવા ઈચ્છતા ન હોય એવા અભક્તોને પણ કહેવું નહિ ॥ જે સાત્ત્વિક હોઈને શ્રીહરિકૃષ્ણ ભગવાન વિષે ભક્તિવાળા હોય તેને કહેવું, તેથી સર્વાન્તરાત્મા ભગવાન્ શ્રીહરિકૃષ્ણની પ્રસન્નતા થાય છે. માટે અવશ્ય કહેવું ॥ ૪૪–૪૭ ॥

धन्या कथेयं भवपाशमोचनी सुधैव तापत्रयतप्तदेहिनाम् ।
अनेकजन्माघचयापहारिणी तनोति भक्तिं वयुनं तथा हरौ ॥४८॥

આ કથા (નામો ગુણો ચારિત્રોનું કીર્તન) ધન્યા–ભાગ્ય શાળીનેજ મળે એમ છે. સંસારરૂપ અનાદિ દુર્ભેદ્ય પાશ થકી મુકાવનારી, અધ્યાત્મ આદિક ત્રણ તાપોથી તપી ગએલા જીવોને તો અમૃત તુલ્ય છે. વળી અનેક જન્મના સંચિત પાપસમૂહને હરનારી છે. એટલું જ નહિ પણ શ્રીહરિને વિષે જ્ઞાન ભક્તિને પણ ઉપજાવનારી છે. એવો આ કથાનો મહિમા છે ॥ ૪૮ ॥

प्रकाशिता येन जगन्ति भूयः प्रकाशयन्त्येव रवीन्दुमुख्याः ।
स्वकप्रकाशप्रदमीशितारं तं वै भजामो हरिकृष्णदेवम् ॥ ४९ ॥
निजेक्षया प्रोद्धृतजीववर्गं स्वतेजसा क्षिप्तसमस्तमायम् ।
नित्यं विभुं सर्वगमात्मतन्त्रमानन्दरूपं हरिमाश्रयामः ॥ ५० ॥

જે ભગવાને પ્રકાશ કરેલા સૂર્ય અગ્નિ ચંદ્ર આદિકો આ જગતને પ્રકાશિત કરે છે. તેઓ સ્વતઃ પ્રકાશવાળા નથી. **'यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम्। यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम्'** એમાં કહ્યા પ્રમાણે એ દેવોને સ્વયંપ્રકાશ પોતાનું તેજ આપનારા અને સર્વ જગતના નિયંતા એવા દેવદેવ શ્રીહરિ કૃષ્ણને અમો ભજીએ છીએ ॥ પોતાની ઇચ્છાથી જીવ વર્ગનો ઉદ્ધાર કરનારા, પોતાના તેજથી સમસ્ત માયિક ભાવને પરાભવ કરનારા, **'नित्यं विभुं सर्वगत'** આ શ્રુતિમાં નિત્ય વિભુ સર્વગતપણે નિરૂપેલા, સ્વતંત્ર આનંદસ્વરૂપ એવા શ્રીહરિનો અમે આશ્રય કરીએ છીએ ॥ ૪૯–૫૦ ॥

सत्यस्वरूपं प्रियसत्यरूपं सत्यात्मभिः सेवितपत्कजञ्च ।
सत्येऽक्षरे धाम्नि विदीप्यमानं सत्यस्य सत्यं हरिकृष्णमीडे ॥५१॥
ब्रह्माण्डकोट्यप्ययसर्गलीलं स्वशक्तिकालादिविबोधकारम् ।
सर्वस्य चान्तर्बहिरावृतं वै सर्वान्तरं श्रीहरिमाश्रयामः ॥ ५२ ॥

જેમનું સ્વરૂપ **'सत्यं ज्ञानं'** આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે સત્ય છે. જેમાં સત્યગુણ સમધિક રહ્યો છે. સત્ય આત્માઓએ સેવાતાં છે ચરણ કમળ જેનાં, સત્ય અક્ષર ધામમાં નિત્ય વિરાજમાન, **'सत्यस्य सत्यं'** આ શ્રુતિમાં કહ્યા મુજબ સત્ય શબ્દવાચ્ય જીવો કરતાં પણ સત્ય એવા શ્રીહરિકૃષ્ણની સ્તુતિ કરીએ છીએ ॥ કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ સ્થિતિ પ્રલયરૂપ લીલા જેમની છે, પોતાની શકિતભૂત માયા કાળ આદિકને સૃષ્ટિ સમયે પ્રબોધ આપનારા, સર્વની અંદર બહાર રહેલા, સર્વથી પર સર્વાન્તરાત્મા એવા શ્રીહરિનો અમે આશ્રય કરીએ છીએ ॥ ૫૧–૫૨ ॥

सर्वस्य धातारमचिन्त्यरूपं सर्वस्वरूपं परमं समेभ्यः ।
सर्वेश्वरं सर्वफलप्रदं वा इज्याभिरिज्यं हरिमानताः स्मः ॥५३॥
सुदूरगं त्वासुरराक्षसानां नेदिष्ठमीशं त्विह भक्तिभाजाम् ।
नानावतारग्रहणेन सौख्यं तन्वानमाद्यं हरिकृष्णमीडे ॥५४॥

સર્વના સ્રષ્ટા, જેનું રૂપ વિજાતીય હોવાથી કોઈના ચિંતનમાં આવે
નહિ એવા સર્વ સ્વરૂપે રહેલા, સર્વથી પર, સર્વના ઈશ્વર, સર્વ ફળને
આપનારા, સર્વ યજ્ઞો વડે પૂજ્ય એવા શ્રીહરિને અમો નમન કરીએ
છીએ ॥ અસુર રાક્ષસોને તો બહુ દૂર રહેનારા, ભક્તિભાવ વાળાઓને તો
બહુ સમીપે રહેનારા, નાના અવતારોને ધારીને ભક્તોને ઘણું સુખ
આપનારા, એવા આદિભૂત શ્રીહરિની અમો સ્તુતિ કરીએ છીએ ॥૫૩-૫૪॥

वर्णीन्द्रवेषो नटवर्यवेषकः शुक्लाम्बरो मञ्जुलपीतवस्त्रकः ।
देवः स एष द्विभुजश्चतुर्भुजः कृष्णो हरिर्नः कृपयाऽभिरक्षतात् ॥५५॥

मतं हि यस्य स्मरणं सुमङ्गलं कीर्तन्यकीर्तेः श्रवणं च मङ्गलम् ।
कथा च भद्रश्रवसःसुमङ्गलं तनोतु कृष्णो हरिरेष मङ्गलम् ॥५६॥

વર્ણિરૂપમાં-વર્ણીન્દ્ર વેષને ધરનારા, કૃષ્ણરૂપમાં-નટવરના જેવા
વેષને ધરનારા, વર્ણિરૂપમાં-શ્વેત વસ્ત્રોને ધરનારા, કૃષ્ણરૂપમાં-સુંદર
પીતાંબરને ધરનારા, એવા આ દ્વિભુજ ચતુર્ભુજ દેવદેવ શ્રીહરિ શ્રીકૃષ્ણ
કૃપા કરીને અમારી રક્ષાને કરો ॥ જેમનું સ્મરણ અત્યંત મંગળકર માન્યું
છે, જેની કીર્તિ ગાવા યોગ્ય છે એવા જે ભગવાન્ તેમનું શ્રવણ પણ
મંગળકારી છે. તથા મંગળ કીર્તિવાળા ભગવાનની કથા પણ અતિશય
મંગળકારી છે. એવા મંગળમૂર્તિ ભગવાન્ શ્રીહરિકૃષ્ણ અમારું મંગળ
વિસ્તારો ॥ ૫૫-૫૬ ॥

इति श्रीसद्गुरुपुराणिघनश्यामचरणदासविरचिते श्रीमदाध्यात्मिकतत्त्वाख्यान आख्यानफलप्रशंसानिरूपणं नाम एकत्रिंशोऽध्यायः ॥ ३१ ॥

ઇતિશ્રી...શાસ્ત્રી હરિજીવનદાસ કૃત ગુર્જરાનુવાદે એકત્રિંશમોઽધ્યાય ॥ ૩૧ ॥

समाप्तं चेदमाध्यात्मिकतत्त्वाख्यानम् ।



॥ श्री हरिः ॥

सप्रेमविज्ञानविरक्तियुक्तां भक्तिं निजे सम्प्रथयाम्बभूव ।
क्षराक्षरेभ्यः पर आत्मतन्त्रे तं देवदेवं हरिकृष्णमीडे ॥ १ ॥

"**આધ્યાત્મિક તત્ત્વાખ્યાન**" નામનો આ નિબન્ધ કે જેમાં પરમાત્મા, જીવાત્મા, માયા, તત્ત્વ, હિત, પુરુષાર્થ, આ ૭ તત્ત્વ વિષયોનો સમાવેશ આખ્યાન રૂપથી કરવામાં આવ્યો છે. તેના મુદ્રાપણમાં આર્થિક સહાય આપનારા ધન્ય પુણ્ય સત્સંગિઓનાં **નામો—**

સુરત

૧૦૦૦) રાણા રણછોડદાસ ચુનીલાલ. તેમના સત્પુત્રો ભગવાનદાસ છોટાલાલ ચંપકલાલ કાંતિલાલના પુણ્યાર્થે.

૧૦૦૦) રાણા શાંતિલાલ તથા રમેશભાઈ મોતીલાલભાઈ

૪૦૦) રાણા ચીમનભાઈ દયારામભાઈ

૧૦૧) મોઢ મોતીલાલ કુબેરભાઈ. હા. ગંગારામ પસ્તાકીયા

૫૧) ત્રિવેદી વેદાંત શાસ્ત્રી નવીનચંદ્ર જમીયતરામ ડોકટર

૫૧) પા. નટવરલાલ જેઠાલાલ

૫૦) મોઢ જેકીશનદાસ મગનલાલ કાપડીયા

૫૦) રાણા પ્રાણજીવનદાસ વનમાળીદાસ. હા. જમનાદાસ.

ગોધરા

૩૫૧) કા. પા. મંગળદાસ મોહનલાલની કંપની

૨૫૧) કા. પા લક્ષ્મીદાસ દલસુખભાઈ પીતાંબર

૨૫૧) ,, ,, નાનાલાલ કુબેરદાસ. હા. વાડીલાલભાઈ

૨૫૧) ,, ,, મોહનભાઈ બાપુજીભાઈ

૨૫૧) ,, ,, કાંતિલાલ ડાહ્યાભાઈ

૨૦૧) ,, ,, શંકરલાલ ગોરધનદાસની કંપની

૧૦૧) ,, ,, વિઠ્ઠલદાસ સોમાભાઈ ગાંધી

૧૦૧) ,, ,, હીંમતલાલ ગોવિંદભાઈ

૧૦૧) ,, ,, અંબાલાલ મનસુખલાલ માસ્તર

૧૦૧) ,, ,, મૂળજીભાઈ કેવળભાઈ

૧૦૧) ,, ,, અંબાલાલ પુનમચંદની કંપની

૫૧) ,, ,, નાનાલાલ શંકરલાલની કંપની

૫૧) ,, ,, મોતીલાલ કિશોરભાઈ

૫૧) ,, ,, પુરુષોત્તમભાઈ પૂંજાભાઈ કાપડીયા

૫૧) કા. પા. ગોરધનભાઇ રણછોડભાઇ
૫૧) મીસ્ત્રી વિઠ્ઠલભાઈ ગોવિંદભાઈ
૫૧) એક સત્સંગી ભાઈ

સાવલી

૫૧) કો. પા. ડાહ્યાભાઈ કિશોરભાઈ
૧૫૧) પા. રામભાઈ ઈશ્વરભાઈ
૧૦૧) પા. અંબાલાલ કિશોરભાઈ ભગત
૧૦૧) પા. ખુશાલભાઈ રણછોડભાઇ
૫૧) પા. વાઘજીભાઈ ધર્મદાસ
૨૫) પા. નાગજીભાઈ બકોરભાઈ

કણઝરી (હાલોલ)

૧૦૧) શાહ શાંતિલાલ નાનાલાલ ઈન્દોર
૧૦૧) ,, રમણલાલ કેશવલાલ. હા. વલ્લભભાઈ

શીમળીઆ

૧૦૦) પા. મગનભાઈ છીતાભાઈ મેંબર
૧૦૦) ,, નારાયણભાઈ છીતાભાઈ
૧૦૦) ,, ભગવાનભાઈ કેસુરભાઈ

આણંદ

૩૦૧) ઠક્કર ચુનીલાલભાઈ ત્રિભુવનભાઈ
૩૦૧) ,, મણીભાઈ રઘુનાથભાઈની કંપની
૧૦૧) પા. ડાહ્યાભાઈ કાળીદાસ (ડી. કે.)
૧૦૧) પા. છગનભાઈ કાળીદાસ (ડી.કે.)
૧૦૧) પા. મણીભાઈ શ્યામલભાઈ
૧૦૧) પા. મણીભાઈ નારાયણભાઈ
૫૦) પા. હરિભાઈ દાદાભાઈ

૫૦) દવે નાથાલાલ વેણીરામ
૫૦) નરસીભાઈ મગનલાલ (કરમસદવાળા)
૫૦) છોટાભકત ઈશ્વર ભકતના. હનુમાનજીના સેવક
૧૫૦) ત્રિવેદી ભોગીલાલ મણીલાલ **પીજવાળા** અમદાવાદ
૨૦૦) ત્રિવેદી ગિરજાશંકરભાઈ ચુનીલાલભાઈ **વાડાસિનોરવાળા** અમદાવાદ
૧૦૦) પા. છોટાભાઈ વલ્લભભાઈ **આમણગામવાળા** મુંબઈ
૧૦૦) પંડ્યા લાભશંકર પ્રભાશંકરભાઈ **(પુના)**
૨૦૦) પા. મણીભાઈ ભાઈલાલભાઈ **કરમસદવાળા** વિદ્યાનગર
૧૫૧) **મુંબઈના** ઠક્કર મણીલાલ છગનલાલ દુધારીવાળા તરફથી. હા. ગંગા સ્વરૂપ દેવુ બા, અ. સૌ. નલીની બ્હેન તથા ઉદયભાઈ કમળભાઈ
૧૦૦) **કંડારીના** પા. રણછોડભાઈ મકનજી
૫૧) **ધરમપુરના** પા. પુરુષોત્તમભાઇ લાલજીભાઈ તા. કડી. (અદ્ભુતાનંદસ્વામીના વંશના ચોથી પેઢીએ)
૫૧) **વારણા** સ્વા. ના. મંદિર, હા. કો. મોહનલાલભાઈ

૫૦) **મહુધા** પા. કો. મણીભાઈ દેસાઈભાઈ
૫૦) **નડીયાદ** પા. ગોરધનભાઈ દેસાઈભાઈ. પાઠશાળા દવાખાનાના સેક્રેટરી
૨૦૦) સ. કો. પુરુષોત્તમચરણદાસજી પુ. ઉત્તમચરણદાસજીના. **વડતાલ**
૧૦૦) ગઢડા સ. પુ. દેવનંદનદાસજી
૧૦૧) ,, પાળા નાનજી ભકત પોળીયા
૫૧) ,, સ. શાસ્ત્રી હરિ પ્રસાદદાસજી
૧૨૫) **જુનાગઢ** સ્વામી હરિકૃષ્ણદાસજી જોગી

ધોલેરા

૧૫૦) સ. કો. હરિજીવનદાસજી, (કો હરિપ્રિયદાસના)
૧૫૦) સ. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી (સ્વામી માધવપ્રિયદાસના)
૧૫૦) સ્વામી ધર્મસ્વરૂપદાસજી
૧૦૧) સ્વામી કો. દેવપ્રસાદદાસજી (શા. હરિજી. ના) **વડતાલ**
૧૦૦) સ. પુ. ગોપાળચરણદાસજી (શા. હરિજી.ના)
૫૧) સાધુ નારાયણ પ્રસાદદાસજી (શા. હરિજી.ના)

स्वरूपेण च रूपेण तथा गुणविभूतिभिः ।
पूर्णं सर्वत्र वन्देऽहं स्वामिनारायणं विभुम् ॥ १ ॥

अहमर्थः स्वरूपं तद्गुणा ज्ञानदयादयः ।
रूपं दिव्यं वपुश्चैव लावण्याद्याश्च तद्गुणाः ॥
विभूतिश्च द्विधा प्रोक्ता क्षराक्षरेति भेदतः ।
परिपूर्णं चतुर्धैवं स्मरामि त्र्याकृतिं हरिम् ॥

ललितवृत्तम्

श्रीहरिना स्वरूप, रूप, गुण, विभूति, चरित्र विगेरेना वर्णनरूप स्तोत्र

चिदचिदात्मकं चेतनं विभुं सकलशासकं धारकं प्रभुम् ।
निखिलशेषिणं दिव्यवेषिणं सकलपालकं श्रीहरिं श्रये ॥ १ ॥

पुरुशुचित्वधैर्यार्जवक्षमाश्रुतदयातितिक्षादिसद्गुणम् ।
सकलशास्त्रसंवेद्यकं परं परतरं परंब्रह्म निर्गुणम् ॥ २ ॥

जलदमेचकं भक्तिसेचकं प्रणतपालकं श्रीनिवासकम् ।
परमधामगं दिव्यवाससं परमपूरुषं दिव्यभूषणम् ॥ ३ ॥

जलधिजार्चितं राधिकार्चितं विधिभवार्चितं मुक्तकार्चितम् ।
श्रितजनोर्जितं हेयवर्जितं वरदमात्मदं श्रीवरं भजे ॥ ४ ॥

सदनुयायिनं ज्ञानदायिनं भुजगशायिनं मायिमायिनम् ।
अमृतदायिनं श्रीसहायिनं सुभगदायिनं श्रीपतिं दधे ॥ ५ ॥

विभवकारणं धर्मधारणं दुरितदारणं विश्वधारणम् ।
भयनिवारणं मारमारणं मधुरभाषिणं सर्वसाक्षिणम् ॥ ६ ॥

श्रितमनोहरं हृत्तमोहरं ह्यसुरमोहनं शास्त्रदोहनम् ।
कलिमलापहं शान्तविग्रहं कमललोचनं चिन्तये मुदा ॥ ७ ॥

परमपावनं तीर्थधावनं हरिजनावनं सद्विभावनम् ।
असुररोदनं मुक्तमोदनं प्रहसिताननं धार्मिकं श्रये ॥ ८ ॥

श्रवणमङ्गलं सर्वमङ्गलं सुकृतनन्दनं भक्तिनन्दनम् ।
प्रियतपोवनं वर्णिवेषकं जनहितेहकं श्रीहरिं भजे ॥ ९ ॥

निखिलकारणं नित्यसाकृतिं निगमबोधितं निर्विकारकम् ।
परमपूरुषं स्वप्रकाशकं सुहृदमीश्वरं स्वामिनं श्रये ॥ १० ॥

स्रग्विणीवृत्तम्

सर्वभूतात्मकं व्यापकं धारकं, शासकं शेषिकं सेव्यकं रक्षकम् ।
सृष्टिसंहारकं स्थेमसल्लीलकं, सद्गुणाधारकं वासुदेवं दधे ॥१॥
मानुषाकारकं दिव्यसद्रूपकं, मेघवत्श्यामकं दिव्यभूषास्त्रकम् ।
पद्मया राधयाऽखण्डसंसेव्यकं, मुक्तसंराध्यकं कृष्णमीडे मुदा ॥२॥
नित्यगोलोकसद्धामकं शोभकं, पश्चधारूपकं साधुसंत्राणकम् ।
धर्मसंस्थापकं दुष्कृतां नाशकं, लोकसंधारकं रामकृष्णं श्रये ॥३॥
भक्तिधर्मात्मजत्वेन विख्यातकं, कृष्णरूपैकसंरूपकं दिव्यकम् ।
बाललीलामनोरञ्जकं कर्षकं, छुप्पयोवासकं नीलकण्ठं भजे ॥४॥
तीर्थसद्यात्रिकं दिव्यचारित्र्यकं, उद्धवेक्षोत्सुकं भक्तवन्द्याङ्घ्रिकम् ।
औद्धवीयाध्वसंस्थापकं देशिकं, भक्तिसंपोषकं श्रीहरिं संश्रये ॥५॥
व्याससिद्धान्तसंबोधकं शुद्धकं, शास्त्रसंस्थापकं शास्त्रसंवेद्यकम् ।
मान्यरामानुजीयाध्वसिद्धान्तकं, ब्रह्मरुद्राधिकं स्वामिनं संदधे ॥६॥
पत्रिकाबोधकं स्थापिताचार्यकं, स्वीयदिव्याकृतिस्थापकं तारकम् ।
भूरियागोत्सवाऽऽयोजकं रञ्जकं, स्वेष्टराधेशकं द्वारिकेशं भजे ॥७॥
गोपिकानाथकं श्रीरमानाथकं, मर्त्यनाटयोपसंहारकं तत्त्वकम् ।
रामनारायणं कृष्णनारायणं, स्वामिनारायणं नौमि नारायणम् ॥८॥
श्रीधवं केशवं वासुदेवं शिवं, यादवं सर्वदेवाधिदेवं धवम् ।
सर्वविश्वोद्भवं सर्वरक्षाभवं, धर्मदेवोद्भवं कृष्णदेवं दधे ॥१॥
श्रीपतिं दिव्यगोलोकधाम्नःपतिं, राधिकायाः पतिं गोपगोपीपतिम् ।
गोपतिं भूपतिं मुक्तकानां पतिं, स्वामिनारायणं श्रीहरिं संभजे ॥१॥
जीवमायापतिं देवतानां पतिं, वेदवाणीपतिं वैदिकानां पतिम् ।
सात्त्विकानां पतिं नैष्ठिकानां पतिं, वासुदेवं हरिं कृष्णमीडे मुदा ॥२॥

शुद्धाशुद्धपत्रम् ।

पृष्ट	पंक्ति	अशुद्ध	शुद्ध	पृष्ट	पंक्ति	अशुद्ध	शुद्ध
૧૩	૨૦	प्रणम्या	प्रणम्य	૬૦	૧૪	समश्रुते	समश्नुते
૧૪	૧	सङ्क्षपात्	सङ्क्षेपात्	૬૦	૨૨	નિષેદમાં	નિષદોમાં
૧૫	૨૭	गोप्य	गोप्यं	૬૧	૮	વિજ્ઞતા	વિજ્ઞાતા
૧૬	૨૨	शातानन्दा	शातानन्द	૬૨	૧૮	કયુ' છે	કર્યું છે
૧૮	૨૫	सद्दृष्टै	सद्वृत्तै	૬૩	૨	પણ	પણું
૨૫	૧૪	तद्च्छ्त्वा	तच्छ्रुत्वा	૬૩	૧૦	स्तिश्रो	स्तिस्रो
૩૩	૫	પાપણ	પ્રાપણ	૬૩	૧૧	षावेभ्य	पापेभ्य
૩૫	૨૬	त्वां	त्वं	૬૫	૫	देवगुह्य	वेदगुह्यं
૩૭	૫	त्रि=°स्तु	त्रिवर्गस्तु	૬૬	૧૦	शतान्द	शतानन्द
૩૭	૧૭	અપરચ્છિન્ન	અપરિચ્છિન્ન	૬૭	૨૨	यद्वैद	यद्वेद
૩૮	૨૪	नामिमन्यते	नाभिमन्वते	૬૭	૨૩	બ્રહ્મના	બ્રહ્મન્
૪૧	૨૧	પ્રમાણે	પ્રમાણુ	૬૮	૧૦	શકારા	શકોરા
૪૩	૧	व्यापया	व्याप्त्या	૬૯	૨૫	આણરૂપ	ખાંણરૂપ
૪૩	૨	व्यापया	व्याप्त्या	૭૦	૩	તાત્પયર્યાર્થે	તાત્પર્યાર્થે
૪૩	૧૫	મળી	મળો	૭૬	૧૨	જીવાત્મૌ	જીવાત્મા
૪૩	૧૫	રહ્યો છે	રહ્યા છે	૭૮	૨૪	निप्पधते	निष्पद्यते
૪૪	૧૭	अभुत्कैव	अभुक्त्वैव	૭૯	૨૧	इद	इदं
૪૫	૧૩	ध यत्कर्म	द्यद्यत्कर्म	૮૦	૩	प्राङ्क्मुदंप	प्राप मुदं
૪૫	૨૫	कर्मयोग	कर्मभोग	૮૦	૧૧	शतान्द	शतानन्द
૪૭	૬	जीवो:	जीवो	૮૧	૧	શ્લો. ૬	શ્લો. ૪
૫૦	૨૦	पङ्गुच्छेदे	पङ्गुश्छेदे	૮૨	૧	શ્લો. ૧૨	૧૩
૫૧	૨૦	संम्भुक्ते	सम्भुङ्क्ते	૮૪	૧૨	પ્રયન્ત	પ્રયત્ન
૫૧	૨૫	सन्धन्ते	सन्धत्ते	૮૮	૯	દારા	દાસ
૫૨	૧	अत्राय	अत्रायं	૮૮	૧૯	स्वाभ्य'	स्वाम्यं
૫૪	૬	शतथा	शतधा	૯૦	૮	कृत	कृतं
૫૫	૨૧	देवो	दैवी	૯૨	૧૮	झटिति	झटिति
૫૭	૧૩	मदर्श	नादर्शं				
૬૦	૭	मयर्	मयट्	૯૨	૧૯	दग्रे	दग्रे
૬૦	૮	પ્રાણમય	મનોમયે	૯૭	૧૯	राजा	राज्ञा

પૃષ્ઠ	पंक्ति	अशुद्ध	शुद्ध	पृष्ठ	पंक्ति	अशुद्ध	शुद्ध
૯૭	૨૫	ह्यधः	हृद्यः	૧૪૭	૧	૩૩	૩૪
૯૭	૨૫	द्विणो	विष्णोः	૧૪૮	૧૬	प्रणीत	प्रणीतं
૯૮	૧	શ્લોક ૬	૧૨	૧૪૯	૨૩	तिष्ठाः	निष्ठाः
૯૮	૨૫	वृतिं	वृत्तिं	૧૫૧	૩	मिचा	भिचा
૯૯	૧૩	दुःश्चेद्यं	दुश्छेद्यं	૧૫૩	૧	त्वङ्गो	त्यङ्गो
૧૦૪	૨૫	तत	तत्त	૧૫૩	૩	सक्षेपा	सङ्क्षेपा
૧૦૮	૧	૯૨	૯૩	૧૫૫	૮	ત્મય	ત્મ્ય
૧૦૮	૧૪	षुत्राः	पुत्राः	૧૫૫	૨૫	સ્મૃત્તિ	સ્મૃતિ
૧૧૧	૧૯	स्या	स्यात्	૧૫૬	૩	વત	વ્રત
૧૧૧	૨૧	सङ्गे	सङ्गो	૧૫૭	૧૪	वावयात्ति	वाक्यानि
૧૧૨	૨	दशाकः	दर्शकः	૧૫૯	૧૯	त्मनाम्	त्मताम्
૧૨૧	૧૨	सङ्गे	सङ्गो	૧૬૦	૨૭	હેવી	હૈવી
૧૨૧	૧૯	સ્ભવાવથી	સ્વભાવથી	૧૬૧	૨૩	ચિંત	ચિંતિત
૧૨૩	૧૬	दशा	दृशा	૧૬૩	૨૩	न्यस्थ	न्यस्य
૧૨૬	૧૨	थदीय	यदीय	૧૬૫	૧૮	दधात्	दद्यात्
૧૨૭	૭	कृष्णः	कृष्णो	૧૬૭	૪	कृष्णात्मेंव	कृष्णवर्त्मेव
૧૨૮	૩	मूर्त्या	मूर्त्यां	૧૬૮	૧૮	धातकः	घातकः
૧૨૮	૨૭	दघे	दधे	૧૭૩	૨	न्त्यनो	न्त्यजो
૧૨૯	૨૫	दुलभा	दुर्लभा	૧૭૬	૧૦	द्धा हरि	द्धरि
૧૩૨	૮	सत्सगः	सत्संगः	૧૮૫	૨૦	धर्ते	धत्ते
૧૩૨	૧૯	भीशे	मीशे	૧૯૬	૨૩	गोलाक	गोलोक
૧૩૨	૨૪	वानह	वानाह	૨૦૧	૨૩	कर्णे	कर्ण
૧૩૩	૨	मज्जंताम्	मज्जताम्	૨૧૪	૧	સાંખ્યા	સંખ્યા
૧૩૫	૧૫	ભ્રષ્ઠ	ભ્રષ્ટ	૨૧૫	૧૬	सेवा	सेव
૧૩૮	૧૯	श्रतिः	श्रुतिः	૨૧૫	૧	૧૭–૧૮–૧૯ શ્લોકો સાથે	વાંચવા
૧૩૯	૫	ह ब्रेति	दूब्रह्मेति				
૧૪૦	૨	निमि	नैमि	૨૧૮	૧૮		૨૮
૧૪૧	૯	॥ ૭ ॥	॥ ૯ ॥	૨૧૮	૧૬	ઇશાવત્સ્ય	ઇશાવાસ્ય
૧૪૨	૧૮	मुमुक्ष	मुमुक्षु	૨૧૮	૨૦	નિષયદ	નિષદ
૧૪૪	૨૩	ए वै	ये वै	૨૨૮	૧૬	महार्षय	महर्षयः

पृष्ठ	पंक्ति	अशुद्ध	शुद्ध
२३१	५	ચાર	પાંચ
२३२	१८	दि	हि
२३७	४	ઉજાવવા	ઉપજાવવા
२३९	१०	यद्गात्वा	यद्गत्वा
२३९	२३	रूपेणामिनि	रूपेणाभिनि
२४२	२३	तद्रद्रव्यं	तद्वद्र
२४५	५	षा गुण्य	षाड्गुण्य
२४६	१४	गृह्णाति	गृह्णन्ति
२४७	१७	કુઠિત	કુંઠિત
२४९	११	નમી	નથી
२५०	१०	मुनिरुवाच	मुनय ऊचुः
२५२	१४	श्चेतन	चेतन
२५४	१४	स्त्रो	स्त्रो
२५७	२१	૨તર	તર
२५८	१०	गम	गमा
२६०	१	જ્ઞાનસ્વરૂપમાં	જ્ઞાનસ્વરૂપ
२६२	१३	श्नेनरवे	स्वेन
२६२	१४	मिनिः	जैमिनिः
२६३	१०	पाय	पायं
२६५	११	આંમા જે	આમાં
,,	२६	शफुराः	स्फुटाः
२६६	२४	કરી નથી	કરીને નથી
२६८	२४	विवक्षितः	बिवक्षितम्
२६९	२३	द्विर्षशट	द्विशिष्ट
२७०	१४	,,	शतानन्दमुनि
२७१	१५	રહે છે	કહે છે
२७२	४	પહેલા	પડેલા
२७३	४	વરુધા	વસ્થા
,,	७	णीः	णी
,,	१३	चैपा	चैषा

पृष्ठ	पंक्ति	अशुद्ध	शुद्ध
२७७	२	प्रकुवते	प्रकुर्वते
२७८	१३	दभ	दम
,,	२७	વિગેરે	વગેરે રજના
२७९	१८	च	चैव
,,	२५	यद्व	यद्ब्रह्म
२८३	१३	રજ ઉપર	રજ અને તમ ઉપર
२८४	७	सम्रङ्ग	सम्यङ्
२८५	१६	मायाया	मायया
,,	१६	निद्धः	निरुद्धः
२८७		श्वरेश्वर	श्वे श्वरेश्वर
२८९	१०	મહાર્ષિ	મહર્ષિ
२९०	१५	महार्षि	महर्षि
२९७	१४	शीषः	शीर्षा
२९८	४	सा भिमानि	सानाभिमानि
३००	१३	भृवि	भुवि
३०४	५	दर्शनैः	दर्शनैः
३०७	५	પુંડક	મુંડક
३११	१४	દરૂપ	રૂપ
१२	१२	વશ્યક	વસ્યક
३१३	८	च रिष्यति	चरिष्यसि
३१४	२१	सात्वत्ते	सान्त्वने
३१७	९	મલિનનતા	મલિનતા
३१९	१	धर्ते	धत्ते
३२७	८	सर्वस्य	सर्पस्य
३३२	१	कामदेवो	वामदेवो
३३३	२	वल्कय	वल्कयो
३३५	१६	विद	चिद
३३७	३	मैवर्थं	मैक्यं
३३८	७	प्राव्य	प्राप्य

पृष्ठ	पंक्ति	अशुद्ध	शुद्ध
,,	૯	मुवैति	मुपैति
૩૩૯	૩	विमूर्त	विर्भूत
,,	૭	स यत्काम	सत्यकाम
૩૪૧	૨૩	કહે	કરે
૩૪૩	૧૩	विवत्सया	विवित्सया
૩૪૪	૨૦	चेद्वेद	वेद चेत्
૩૪૫	૩	तत्त्व	त्तत्त्व
૩૪૬	૬	येनाहित	यतेनाहित
૩૪૬	૧૦	निमानू	निमान्
૩૪૮	૧૦	शक्तो	शक्यो
૩૫૦	૭	अविद्य	अवद्य
,,	૭	कर्माण	कर्माणि
,,	,,	નિલેપ	નિર્લેપ
૩૫૨	૧૭	त्वतो	त्मनो
૩૫૪	૧	विष्णुत्रे	विष्णुर्वै
૩૫૫	૧	૫૧–૫૩	૪૮–૫૦
૩૫૮	૨૪	सुनवः	सूनवः
૩૬૬	૫	सङ्गये	सङ्ख्ये
,,	૭	सर्घे	सर्वे
૩૬૭	૪	પૃટ્વી	પૃથ્વી
૩૭૦	૧૪	रूपिर्णी	रूपिणी
૩૮૧	૨૪	हरिणा	हरणा
૩૯૦	૧૯	માં	આમાં
૩૯૧	૩૧	ભગવાનના	ભગવાન્
૩૯૩	૩૧	शाक्तय	शक्तय
૩૯૬	૨૭	तु सेवर्धृतिं	सेतुर्विधृति
૪૦૯	૧૫	શૌશીલ્ય	સૌશીલ્ય
૪૧૦	૧૫	सुलाभा	सुलभा
૪૧૬		सर्वान्तरात्मनो	सर्वात्मनो
૪૧૯	૧	શ્લો. ૮૮–૪૮	૮૪–૮૮
૪૧૯	૧	निष्णु	विष्णु
,,	૩	सर्वे	सर्वे
૪૨૧	૭	घोरेण	घोरेण
૪૨૧	૧૫	कुसूलघ्ना	कुसूलम
૪૨૧	૧૧	जन आ	जनमा
૪૨૩	૨૪	श्वैकं	श्वेकं
૪૨૪	૪	છો	છે
૪૨૫	૯	तथैयं	तथेयं
૪૨૮	૪	कीत्यते	कीर्त्यते
,,	૧૮	निरवद्य	निरवद्य
૪૩૨	૬	કરેલાં	કહેલાં
૪૪૪	૧૨	श्रूता	श्रुता
૪૪૬	૧૩	अभिप्रि	अतिप्रि
૪૪૭	૫	वर्जिते	वर्जितं
૪૫૦	૨૮	आत्माकर्ष	अत्याकर्ष
૪૫૨	૧૩	अनुभावा	अनुभवा
૪૬૦	૨૩	तकर्नैव	तर्को नैव
૪૬૭	૮	કહે	કરે
૪૭૬	૪	श्वर ति	श्वरति
૪૮૦	૧૪	श्वातु	श्वातु
૪૯૧	૬	प्रदौः	प्रदौ
૪૯૨	૧૫	ताशः	तारा
૫૦૭	૪	भिज्ञः	भिज्ञः
૫૦૮	૧૦	પૂર્વાકત	પૂર્વોક્ત
૫૦૯	૨	मलः	मल !
૫૧૧	૫	कृष्प	कृष्ण
૫૧૨	૨૦	૨૦	૧૯
૫૧૩	૪	नाम्नि	न्नि
૫૧૭	૧૩	શેવ	શેષ
૫૧૯	૨	શોષિ	શેષિ

पृष्ठ	पंक्ति	अशुद्ध	शुद्ध	पृष्ठ	पंक्ति	अशुद्ध	शुद्ध
५२०	१६	यतः	यंतः	५५८	१५	जीवन्ध	जीववन्ध
५२१	८	लाविप्लुत	लविप्लुत	५५९	२०	भलं	मलं
५२३	२	कां	का	५६०	२०	सा विक्रिया	सा च विक्रिया
,,	२४	(संर)	संरक्षणु				
५२४	८	मूतया	भूतया	५६०	२२	लोके	लोक
५२६	३	कृष्णःदा	कृष्णदास	५६२	४	सेवते	सेवेत
५२७	१०	धुवा	ध्रुवा	६१५	२२	उत्तरायनम्	उत्तराणयनम्
५२८	२७	अभिव्यक्ति	अभ्युक्ति	६१७	१९	કહે છે	કરે છે
५३०	१२	सद्धताः	सद्व्रताः	६१९	१३	च	०
५३८	९	मैक्षन्तृ	मैक्षन्त	६२०	१२	तो यै	तोयै
५३८	११	रासमा	रासम	६२७	१३	चाग्रतः	चाग्रे
५४२	२०	जानीदि	जानीहि	६३३	१३	यद्यू	यद्यूयं
५४४	११	सहस्रेन	सहस्रेण	६३७	१४	શ્રહરિને	શ્રીહરિને
५४९	९	दीशा	दीक्षा	६४०	११	त्तष्ट	तुष्ट
५५१	१	दूतं	दूत			विज्ञापनमां—	
५५३	२	मातमाव	मात्मात्मव	२	२	मुक्तश्वर	मुक्तेश्वरं
५५६	१४	ભૂતના કોઈ	ભૂત, કોઈના			घ-जी-मां-पृष्ठ ६	
५५८	११	सद्धर्मसंव	सद्धर्मवं			પુરાણશ્રી	પુરાણીશ્રી